जैन साईट

JAINSITE.com

જૈનમ્ જયતિ શાસનમ્

# JAINSITE E-BOOKS LITERATURE

## JAIN HISTORY • JAIN GRANTH • JAIN SUTRA
## JAIN VIDHI • JAIN STORY • JAIN ASTROLOGY

And Many More Books in Gujarati, Hindi & English

જૈનસાઇટ ઈ-બુક્સ લિટરેચર ના સંપુર્ણ લાભાર્થી

## શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ,
(જુના નાગરદાસ રોડ), અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.





www.jainsite.com

Blessings : P. P. PANYAS SHREE NIPUNCHANDRA VIJAYJI M. S.

Inspired by : MUNI BHAGYACHANDRA VIJAYJI M. S.

Created by : nikhil sambhav NEVER STOP

E-mail: info@jainsite.com • Tel.: 09867711171

।। ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

## જૈન ઈ-બુક્સ ના સંપુર્ણ લાભાર્થી

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)



॥ ॐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

ટ્રસ્ટની નોંધણી નં. F-4210 (BOM)
સોસાયટીની નોંધણી નં. Bombay 381/1976 G.B.B.S.D.

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ, (જુના નાગરદાસ રોડ),
અંધેરી (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૬૯.

## પ્રસ્તાવના

અનેક પરમોપકારક આચાર્ય દેવ જ્ઞાની, તપસ્વી મુનિરાજ, સેવાભાવી સાધ્વીજી ભગવંતોના અદ્વિતિય-અદ્ભૂત-અવર્ણનીય આશિર્વાદથી તથા મહાપવિત્ર મંત્રોચ્ચાર અને વિધિ વિધાન દ્વારા સ્થાપિત આકર્ષક અલૌકિક અનેરૂ અને મનમોહક ૨૩મા ભગવાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી મનોરમ્ય, નેત્ર દિપક લાવણ્યમય પ્રતિમાજીને મૂળનાયક તરીકે બિરાજમાન કરેલ દેવવિમાન તુલ્ય તીર્થસમ જિનાલય એટલે મારું-તમારું અને આપણા સહુનુ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીનું શિખરબંધી જિનાલય તથા ધીર-વીર-ગંભીર-સરળ-ભક્તિ-ધાર્મિક પાપભીરૂ દાનવીર અને ઉત્તમોત્તમ શ્રાવક-શ્રાવિકાઓથી બનેલો ૨૫મા તીર્થંકર તરીકે ઓળખાતો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ, અંધેરી (પૂર્વ) એટલે અમારો શ્રી અને સરસ્વતીથી સભર બનેલો વિનયી-વિવેકી અને ગુરૂભગવંતોનો કૃપાપાત્ર બનેલ ચારે તરફ એ દશે દિશાઓમાં જૈનમ્ જયતિ શાસનમ્ ની યશોગાથા નો વિજયઘોષ ૧૪ રાજલોકમાં ગુંજતો કરનાર એટલે અમારો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ અંધેરી (પૂર્વ) અનેક નાના મોટા ધાર્મિક અનુષ્ઠાનો કરનાર શ્રી સંઘોને મદદરૂપ બનનાર, અનેક પાંજરાપોળોને સહાયભૂત થનારો અનેક સાધુ-સાધ્વીજી ભગવંતોના વૈયાવચ્ચમાં સદાય અગ્રેસર, ગૃહ જિનાલયમાંથી શરૂ થયેલ આજે ઉત્તુંગ ગગનચુંબી આકર્ષક શિખરબદ્ધ જિનાલય જેમાં દેવ-દેવીઓની દેવકુલિકાઓ શોભી રહી છે. શ્રી સંઘમાં કાયમી આયંબિલ ખાતુ-બે બે પાઠશાળાઓ, જ્ઞાનભંડાર એટલે શ્રી સંઘ શક્તિનું નમૂનેદાર નજરાણું કહેવાય.

યુગદિવાકર પ. પૂ. ઉપકારી ગચ્છના નાયક આ. ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ. સા. ની શુભ પ્રેરણા માર્ગદર્શક તથા તેમની શુભ નિશ્રામાં નિર્મિત અને સ્થાપિત શ્રી જિનાલય તથા પ. પૂ. શતાવધાની આ. ભ. શ્રી જયાનંદસૂરીજીની પ્રેરણાથી તા. ૪-૪-૧૯૭૬ માં શ્રી સંઘની સ્થાપનાના સુંદર વિચારોનું બીજ આજે ઘેઘુરો ઘટાદાર વૃક્ષ સમાન બન્યો છે. ચમત્કારી અને અલૌકિક મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરીને જૈન-જૈનતરોની ઇચ્છાઓ ફળીભૂત થઈ છે.

નિસહાય-અબોલ બનેલા ઢોરોની અને પાંજરાપોળોને અમારા શ્રી સંઘે ઉદાર હાથે મદદ કરી છે તથા હાલમાં કેળવણી ક્ષેત્રે, મેડીકલ ક્ષેત્રે, સાધર્મિક ક્ષેત્રે, અનુકંપા ક્ષેત્રે પણ શ્રી સંઘની જ એક શાખા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ફાઉન્ડેશન દ્વારા આર્થિક સહાય ચાલુ છે.

**શ્રી શ્વે. મૂ. જૈન સંઘ વતી**


પ્રમુખ

नमो नमो निम्मल दंसणस्स

# આગમદીપ

## ૪૫ આગમ ગુર્જર છાયાઃ–

ज्योतिषाचार्य
मुनिराज श्री जयप्रभविजयजी 'श्रमण'
श्री मोहनखेडा तीर्थ
पोस्ट : राजगढ़ (धार) पिन : 454116 (म.प्र.)



जैन साईट
JAINSITE.com

**આગમ :- ૧૬ થી ૨૩**

**સૂરપન્નત્તિ, ચંદપન્નત્તિ, જંબુદ્વીવપન્નત્તિ, નિરયાવલિયાણં, કપ્પવડિંસિયાણં, પુપ્ફિયાણં, પુપ્ફચૂલિયાણં, વણ્હિદસાણં**

-: ગુર્જર છાયા કર્તા :-

## મુનિ દીપરત્ન-સાગર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાલ બ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

नमो नमो निम्मल दंसणस्स | ह्रीँ पद्मावती देव्यै नमः

શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# આગમ-દીપ

વિભાગ પાંચમો આગમ-૧૬ થી ૨૩ - ગુર્જરછાયા

## સૂરપન્નત્તિ, ચંદપન્નત્તિ, જંબુદ્દીવપન્નત્તિ, નિરયાવલિયાણં, કપ્પવડીંસિયાણં, પુપ્ફિયાણં, પુપ્ફચૂલિયાણં, વણ્હિદસાણં

JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

-: ગુર્જર છાયા કર્તા :-

મુનિ દીપરત્નસાગર

તા. ૩૧/૩/૯૭ સોમવાર ૨૦૫૩ ફા. વ. ૭

૪૫ આગમ - ગુર્જર છાયાનું મૂલ્ય રૂ. ૨૦૦૦/-

આગમ દીપ પ્રકાશન



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ॐ ह्रीँ अर्हं श्री पार्श्वनाथाय नमः
ॐ नमो अभिनव नाणस्स

मुद्रक
**નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ**
ઘીકાંટા રોડ, અમદાવાદ

કમ્પોઝ
**શ્રી ગ્રાફિક્સ** ૨૧, સુભાષનગર,
ગિરધરનગર, શાહિબાગ, અમદાવાદ.

**-: આ આગમદીપ-સંપુટના મુખ્ય દ્રવ્ય સહાયક :-**

**શ્રી પાર્શ્વ પદ્માવતી જૈન સંઘ**
**પારૂલનગર, ભૂયંગદેવ**
**અમદાવાદ**

जैन साईट JAINSITE .com जयति शासनम्

**★ ૪૫ આગમદીપ-ગુર્જર છાયા - પ્રાપ્તિ સ્થાન ★**

| | |
|---|---|
| શ્રી ડી.કે. ઠક્કર<br>૧૬, અલકાનગર, પ્રિયલક્ષ્મી મિલ્સ પાસે<br>એલેમ્બિક રોડ, વડોદરા. | શ્રી જગદીશભાઈ એમ. શાહ<br>૧, અલકનંદા સોસાયટી, આઝાદ સ્વીટ<br>સામે, આશ્રમરોડ, વાડજ, અમદાવાદ. |
| શ્રીમતી નયનાબેન રમેશચંદ્ર શાહ<br>૨૦, ગૌતમનગર સોસાયટી,<br>રેસકોર્સ સર્કલ પાસે, વડોદરા | ડૉ. પિનાકીન એન. શાહ<br>૨૧, સુભાષનગર, ગિરધરનગર,<br>શાહીબાગ, અમદાવાદ. |

**નોંધ :-** ૪૫ આગમ - "ગુર્જર છાયા" માટે આગમ દીપ પ્રકાશન અમદાવાદનો રૂા. ૨૦૦૦/-ની કિંમતનો ડ્રાફ્ટ આપીને જ સેટ મેળવી શકાશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# આગમદીપ - વિભાગ-૫ - અનુક્રમ

## ૧૬ સૂરપન્નત્તિ - પાંચમું ઉપાંગસૂત્ર - ગુર્જરછાયા

| પાહુડ | અનુક્રમ | પૃષ્ઠાંક | પાહુડ | અનુક્રમ | પૃષ્ઠાંક |
|---|---|---|---|---|---|
| ૧ | ૧-૩૦ | ૯-૨૪ | ૧૧ | ૯૮- | ૬૪-૬૬ |
| ૨ | ૩૧-૩૩ | ૨૪-૨૯ | ૧૨ | ૯૯-૧૦૬ | ૬૬-૭૩ |
| ૩ | ૩૪- | ૨૯-૩૦ | ૧૩ | ૧૦૭-૧૦૯ | ૭૩-૭૮ |
| ૪ | ૩૫- | ૩૦-૩૩ | ૧૪ | ૧૧૦- | ૭૮-૭૯ |
| ૫ | ૩૬- | ૩૩- | ૧૫ | ૧૧૧-૧૧૪ | ૭૯-૮૨ |
| ૬ | ૩૭- | ૩૩-૩૬ | ૧૬ | ૧૧૫- | ૮૨- |
| ૭ | ૩૮- | ૩૬- | ૧૭ | ૧૧૬- | ૮૨- |
| ૮ | ૩૯- | ૩૬-૪૦ | ૧૮ | ૧૧૭-૧૨૮ | ૮૩-૮૭ |
| ૯ | ૪૦-૪૧ | ૪૦-૪૩ | ૧૯ | ૧૨૯-૧૯૩ | ૮૭-૯૩ |
| ૧૦ | ૪૨-૯૭ | ૪૩-૬૪ | ૨૦ | ૧૯૪-૨૧૪ | ૯૪-૯૯ |

## ૧૭ ચંદપન્નત્તિ - છઠ્ઠું ઉપાંગસૂત્ર - ગુર્જરછાયા

પાહુડ - ૧ થી ૧૦ અનુક્રમ - ૧ થી ૨૧૪ પૃષ્ઠાંક - ૧૦૦

## ૧૮ જંબુદ્વીપપન્નત્તિ - સાતમું ઉપાંગસૂત્ર - ગુર્જરછાયા

| વક્ખારો | અનુક્રમ | પૃષ્ઠાંક | વક્ખારો | અનુક્રમ | પૃષ્ઠાંક |
|---|---|---|---|---|---|
| ૧ | ૧-૨૧ | ૧૦૧-૧૧૦ | ૫ | ૨૧૨-૨૪૪ | ૨૧૬-૨૩૩ |
| ૨ | ૨૨-૫૩ | ૧૧૦-૧૩૩ | ૬ | ૨૪૫-૨૪૯ | ૨૩૩-૨૩૬ |
| ૩ | ૫૪-૧૨૬ | ૧૩૩-૧૭૨ | ૭ | ૨૫૦-૩૬૫ | ૨૩૬-૨૬૭ |
| ૪ | ૧૨૭-૨૧૧ | ૧૭૨-૨૧૬ | — | — | — |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૧૯ નિરયાવલિયાણં - આઠમું ઉપાંગસૂત્ર - ગુર્જરછાયા

| ક્રમ | અધ્યયન | અનુક્રમ | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૧ | કાળ | ૧-૧૯ | ૨૬૮-૨૮૨ |
| ૨ | સુકાળ | ૨૦- | ૨૮૨-૨૮૩ |
| ૩-૧૦ | ત્રીજા થી દશમું | ૨૧- | ૨૮૩- |

## ૨૦ કપ્પવડિંસિયાણં - નવમું ઉપાંગસૂત્ર - ગુર્જરછાયા

| ક્રમ | અધ્યયન | અનુક્રમ | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૧ | પદ્મ | ૧- | ૨૮૪-૨૮૫ |
| ૨ | મહાપદ્મ | ૨- | ૨૮૫- |
| ૩-૧૦ | ત્રીજા થી દશમું | ૩-૫ | ૨૮૫-૨૮૬ |

## ૨૧ પુપ્ફિયાણં - દસમું ઉપાંગસૂત્ર - ગુર્જરછાયા

| અધ્યયન | અનુક્રમ | પૃષ્ઠાંક | અધ્યયન | અનુક્રમ | પૃષ્ઠાંક |
|---|---|---|---|---|---|
| ચંદ્ર | ૧-૩ | ૨૮૭-૨૮૮ | બહુપુત્રિકા | ૮- | ૨૯૪-૩૦૨ |
| સૂર્ય | ૪- | ૨૮૮-૨૮૯ | પૂર્ણભદ્ર | ૯- | ૩૦૨-૩૦૩ |
| શુક્ર | ૫-૭ | ૨૮૯-૨૯૪ | માણિભદ્ર | ૧૦- | ૩૦૩- |
| અધ્યયન - સાત થી દશ - અનુક્રમ-૧૧ - પૃષ્ઠાંક - ૩૦૩ | | | | | |

## ૨૨ પુપ્ફચૂલિયાણં - અગીયારમું ઉપાંગસૂત્ર - ગુર્જરછાયા

અધ્યયન - ૧ થી ૧૦ - અનુક્રમ ૧ થી ૩ - પૃષ્ઠાંક - ૩૦૪-૩૦૬

## ૨૩ વહ્નિદસાણં - બારમું ઉપાંગસૂત્ર - ગુર્જરછાયા

| | | | |
|---|---|---|---|
| અધ્યયન-૧ "નિષધ | અનુક્રમ - ૧-૩ | પૃષ્ઠાંક | ૩૦૭-૩૧૧ |
| અધ્યયન-૨ થી ૧૨ | અનુક્રમ - ૪-૫ | પૃષ્ઠાંક | ૩૧૨- |

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# આર્થિક અનુદાતા

## આગમ-દીપ-સંપુટના મુખ્ય દ્રવ્યસહાયકો

ભાગ - ૧ સમ્યગ્ શ્રુતાનુરાગી શ્રમણોપાસિકા
શ્રીમતી નયનાબેન રમેશચંદ્ર શાહ - પરિવાર, વડોદરા

ભાગ - ૨ રત્નત્રયારાધકા સાધ્વીશ્રી સૌમ્યગુણાશ્રીજીની પ્રેરણાથી પૂ. ગુરુમાતા રત્નત્રયાશ્રીજી મ.સા.ની તૃતીય પુન્યતિથિ નિમિત્તે
(૧) શાંતાબેન મનસુખલાલ બાબરીયા, અમદાવાદ
(૨) શાંતાબેન શાંતિલાલ પી. દામાણી, મુંબઈ
(૩) મંજુલાબેન ગુણવંતલાલ વોરા. હ.નીતીનભાઈ, અમદાવાદ

ભાગ - ૩ સ્વનામધન્યા સાધ્વીશ્રી સૌમ્યગુણાશ્રીજીના શિષ્યા તપસ્વીરત્ના સાધ્વી શ્રી.સમજ્ઞાશ્રીજીના ભદ્રતપનિમિત્તે તથા સંવત ૨૦૫૨ના ચાતુર્માસની સ્મૃતિમાં શ્રીશંખેશ્વર-પાર્શ્વનાથ જૈનસંઘ, તુલશીશ્યામ, નવાવાડજ અમદાવાદ.

ભાગ - ૪ (૧) શ્રી ખાનપુર જૈન શ્વે. મૂ. સંઘ, અમદાવાદ
(૨) શ્રી ગગન વિહાર શ્વે. મૂ.જૈન.દે. ટ્રસ્ટ, અમદાવાદ

ભાગ - ૫ શ્રી ભીડભંજન પાર્શ્વનાથ શ્વે.મૂર્તિ. સંઘ, પારૂલનગર શોલારોડ, અમદાવાદ

ભાગ - ૬ તથા ભાગ - ૭ સમ્યગ્ શ્રુતાનુરાગી શ્રમણોપાસિકા
શ્રીમતી નયનાબેન રમેશચંદ્ર શાહ. પરિવાર, વડોદરા

જૈનમ્ જયતિ શાસનમ્

# કોઈ એક આગમના મુખ્ય દ્રવ્ય સહાયક

| | | |
|---|---|---|
| (૧) આયારો<br>(૨) સૂયગડો | | વ્યાખ્યાન વાચસ્પતિ **પ.પૂ.આ. દેવશ્રી મહાયશ સાગરસૂરીશ્વરજી મ.સા.**ની પુનિત પ્રેરણાથી શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જૈન શ્વે.મૂર્તિ. સંઘ. ગોદાવરીનગર. વાસણા. અમદાવાદ |
| (૧) ઠાણં<br>(૨) સમવાઓ | | ક્રિયાનુરાગી **સા.શ્રી રત્નત્રયાશ્રીજી મ.**ની તૃતીય પુન્યતિથિ નિમિત્તે તેમના શિષ્યરત્ના તપસ્વીની **સા.શ્રી મોક્ષરત્ના શ્રીજી** ની પ્રેરણાથી **શાહ ખીમચંદ છગનલાલ** પરિવાર-ખેરવાવાળા હસ્તે **મંજુલાબેન**. |
| (૧) જંબુદ્દીવપન્નત્તિ<br>(૨) સૂરપન્નત્તિ | | અ.સૌ. **સુમિત્રાબેન હસમુખભાઈ સંઘવી**, ઈન્દ્રોડાવાળા. |
| (૧) નિસીહ<br>(૨) મહાનિસીહ | | **ચંદુબેન કેશવલાલ હરગોવનદાસ વારૈયા** પરિવાર-કોરડાવાળા. |
| (૧) નાયાધમ્મકહા :- | | મૃદુભાષી **સાધ્વી શ્રી સૌમ્યગુણાશ્રીજી**ની પ્રેરણાથી **ડો. પ્રદીપકુમાર રસિકલાલ કામદાર** હસ્તે **પ્રજ્ઞાબેન પ્રદીપકુમાર કામદાર**, કલકત્તા |
| (૧) પણ્હાવાગરણં :- | | **સ્વ.પૂ.આગમોદ્ધારકશ્રી આનંદસાગર સૂરીશ્વરજી મ.સા.** ના આજ્ઞાવર્તી **સ્વ. પૂ. પદ્મલતાશ્રીજી** તથા **સ્વ. પૂ. મયણાશ્રી** ની સ્મૃતિ નિમિત્તે શતાવધાની **સા.શ્રી અમિતગુણાશ્રીજી**ની પ્રેરણાથી શેઠ **શ્રી ઘેલાભાઈ કરમચંદ** ટ્રસ્ટ, પાર્લા વેસ્ટ, મુંબઈ |
| (૧) વિવાગસૂયં :- | | કાર્યદક્ષા સા. પૂ. **મલયાશ્રીજી મ.**ના પ્રશિષ્યા, **સા. ભવ્યાનંદશ્રીજી**ના શિ. મીલનસાર. **સા.પૂર્ણપ્રજ્ઞાશ્રીજી** તથા કોકીલકંઠી **સા.કૈરવપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી- મેહૂલજૈન ઉપાશ્રય. જ્ઞાનખાનું |

**શેષ રકમ આગમ સુત્તાણિ ના સેટના બદલામાં મળી છે.**

જૈન સાઇટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

## -: અ-મા-રા - પ્ર-કા-શનો :-

[૧] अभिनव हेम लघुप्रक्रिया - १ - सप्ताङ्ग विवरणम्
[૨] अभिनव हेम लघुप्रक्रिया - २ - सप्ताङ्ग विवरणम्
[૩] अभिनव हेम लघुप्रक्रिया - ३ - सप्ताङ्ग विवरणम्
[૪] अभिनव हेम लघुप्रक्रिया - ४ - सप्ताङ्ग विवरणम्
[૫] कृदन्तमाला
[૬] चैत्यवन्दन पर्वमाला
[૭] चैत्यवन्दन सङ्ग्रह - तीर्थजिनविशेष
[૮] चैत्यवन्दन चोविशी
[૯] शत्रुञ्जय भक्ति आवृत्ति-दो
[૧૦] अभिनव जैन पञ्चाङ्ग - २०४६
[૧૧] અભિનવ ઉપદેશ પ્રાસાદ - ૧. શ્રાવક કર્તવ્ય - ૧ થી ૧૧
[૧૨] અભિનવ ઉપદેશ પ્રાસાદ - ૨. શ્રાવક કર્તવ્ય - ૧૨ થી ૧૫
[૧૩] અભિનવ ઉપદેશ પ્રાસાદ - ૩. શ્રાવક કર્તવ્ય - ૧૬ થી ૩૬
[૧૪] નવપદ - શ્રીપાલ (શાશ્વતી ઓળીના વ્યાખ્યાન રૂપે)
[૧૫] સમાધિ મરણ [વિધિ - સૂત્ર - પદ્ય - આરાધના - મરણભેદ સંગ્રહ]
[૧૬] ચૈત્યવંદન માળા [૭૭૯ ચૈત્યવંદનોનો સંગ્રહ]
[૧૭] તત્ત્વાર્થ સૂત્ર પ્રબોધટીકા [અધ્યાય-૧]
[૧૮] તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો
[૧૯] સિદ્ધાચલનો સાથી [આવૃત્તિ - બે]
[૨૦] ચૈત્ય પરિપાટી
[૨૧] અમદાવાદ જિનમંદિર ઉપાશ્રય આદિ ડિરેક્ટરી
[૨૨] શત્રુંજય ભક્તિ [આવૃત્તિ - બે]
[૨૩] શ્રી નવકારમંત્ર નવલાખ જાપ નોંધપોથી
[૨૪] શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી
[૨૫] શ્રી બારવ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો - [આવૃત્તિ - ચાર]
[૨૬] અભિનવ જૈન પંચાંગ - ૨૦૪૨ [સર્વપ્રથમ ૧૩ વિભાગોમાં]
[૨૭] શ્રી જ્ઞાનપદ પૂજા
[૨૮] અંતિમ આરાધના તથા સાધુ સાધ્વી કાળધર્મ વિધિ
[૨૯] શ્રાવક અંતિમ આરાધના [આવૃત્તિ ત્રણ]
[૩૦] વીતરાગ સ્તુતિ સંચય [૧૧૫૧ ભાવવાહી સ્તુતિઓ]
[૩૧] (પૂજ્ય આગમોદ્ધારક શ્રી ના સમુદાયના) કાયમી સંપર્ક સ્થળો
[૩૨] તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા - અધ્યાય-૧
[૩૩] તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા - અધ્યાય-૨
[૩૪] તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા - અધ્યાય-૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૩૫] તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા - અધ્યાય-૪
[૩૬] તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા - અધ્યાય-૫
[૩૭] તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા - અધ્યાય-૬
[૩૮] તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા - અધ્યાય-૭
[૩૯] તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા - અધ્યાય-૮
[૪૦] તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા - અધ્યાય-૯
[૪૧] તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા - અધ્યાય-૧૦

o——x——o——x——o

| | | | |
|---|---|---|---|
| [४२] | आयारो | [आगमसुत्ताणि-१ ] | पढमं अंगसुत्तं |
| [४३] | सूयगडो | [आगमसुत्ताणि-२ ] | बीअं अंगसुत्तं |
| [४४] | ठाणं | [आगमसुत्ताणि-३ ] | तइयं अंगसुत्तं |
| [४५] | समवाओ | [आगमसुत्ताणि-४ ] | चउत्थं अंगसुत्तं |
| [४६] | विवाहपन्नति | [आगमसुत्ताणि-५ ] | पंचमं अंगसुत्तं |
| [४७] | नायाधम्मकहाओ | [आगमसुत्ताणि-६ ] | छठ्ठं अंगसुत्तं |
| [४८] | उवासगदसाओ | [आगमसुत्ताणि-७ ] | सत्तमं अंगसुत्तं |
| [४९] | अंतगडदसाओ | [आगमसुत्ताणि-८ ] | अठ्ठमं अंगसुत्तं |
| [५०] | अनुत्तरोववाइयदसाओ | [आगमसुत्ताणि-९ ] | नवमं अंगसुत्तं |
| [५१] | पण्हावागरणं | [आगमसुत्ताणि-१० ] | दसमं अंगसुत्तं |
| [५२] | विवागसूयं | [आगमसुत्ताणि-११ ] | एक्कारसमं अंगसुत्तं |
| [५३] | उववाइयं | [आगमसुत्ताणि-१२ ] | पढमं उवंगसुत्तं |
| [५४] | रायप्पसेणियं | [आगमसुत्ताणि-१३ ] | बीअं उवंगसुत्तं |
| [५५] | जीवाजीवाभिगमं | [आगमसुत्ताणि-१४ ] | तइयं उवंगसुत्तं |
| [५६] | पन्नवणासुत्तं | [आगमसुत्ताणि-१५ ] | चउत्थं उवंगसुत्तं |
| [५७] | सूरपन्नति | [आगमसुत्ताणि-१६ ] | पंचमं उवंगसुत्तं |
| [५८] | चंदपन्नत्ति | [आगमसुत्ताणि-१७ ] | छठ्ठं उवंगसुत्तं |
| [५९] | जंबूद्दीवपन्नति | [आगमसुत्ताणि-१८ ] | सातमं उवंगसुत्तं |
| [६०] | निरयावलियाणं | [आगमसुत्ताणि-१९ ] | अठ्ठमं उवंगसुत्तं |
| [६१] | कप्पवडिंसियाणं | [आगमसुत्ताणि-२० ] | नवमं उवंगसुत्तं |
| [६२] | पुप्फियाणं | [आगमसुत्ताणि-२१ ] | दसमं उवंगसुत्तं |
| [६३] | पुप्फचूलियाणं | [आगमसुत्ताणि-२२ ] | एक्कारसमं उवंगसुत्तं |
| [६४] | वण्हिदसाणं | [आगमसुत्ताणि-२३ ] | बारसमं उवंगसुत्तं |
| [६५] | चउसरणं | [आगमसुत्ताणि-२४ ] | पढमं पईण्णगं |
| [६६] | आउरपच्चक्खाणं | [आगमसुत्ताणि-२५ ] | बीअं पईण्णगं |
| [६७] | महापच्चक्खाणं | [आगमसुत्ताणि-२६ ] | तीइयं पईण्णगं |
| [६८] | भत्तपरिण्णा | [आगमसुत्ताणि-२७ ] | चउत्थं पईण्णगं |
| [६९] | तंदुलवेयालियं | [आगमसुत्ताणि-२८ ] | पंचमं पईण्णगं |

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | | |
|---|---|---|---|
| [७०] | संथारगं | [आगमसुत्ताणि-२९ ] | छट्ठं पईण्णगं |
| [७१] | गच्छायार | [आगमसुत्ताणि-३० ] | सत्तमं पईण्णगं-१ |
| [७२] | चंदावेज्झयं | [आगमसुत्ताणि-३० ] | सतमं पईण्णगं-२ |
| [७३] | गणिविज्ञा | [आगमसुत्ताणि-३१ ] | अठ्ठमं पईण्णगं |
| [७४] | देविंदत्थओ | [आगमसुत्ताणि-३२ ] | नवमं पईण्णगं |
| [७५] | मरणसमाहि | [आगमसुत्ताणि-३३ ] | दसमं पईण्णगं-१ |
| [७६] | वीरत्थव | [आगमसुत्ताणि-३३ ] | दसमं पईण्णगं-२ |
| [७७] | निसीह | [आगमसुत्ताणि-३४ ] | पढमं छेयसुत्तं |
| [७८] | बुहत्कप्पो | [आगमसुत्ताणि-३५ ] | बीअं छेयसुत्तं |
| [७९] | ववहार | [आगमसुत्ताणि-३६ ] | तइयं छेयसुत्तं |
| [८०] | दसासुयक्खंधं | [आगमसुत्ताणि-३७ ] | चउत्थं छेयसुत्तं |
| [८१] | जीयकप्पो | [आगमसुत्ताणि-३८ ] | पंचमं छेयसुत्तं-१ |
| [८२] | पंचकप्पभास | [आगमसुत्ताणि-३८ ] | पंचमं छेयसुत्तं-२ |
| [८३] | महानिसीहं | [आगमसुत्ताणि-३९ ] | छठ्ठं छेयसुत्तं |
| [८४] | आवसस्सयं | [आगमसुत्ताणि-४० ] | पढमं मूलसुत्तं |
| [८५] | ओहनिज्जुत्ति | [आगमसुत्ताणि-४१ ] | बीअं मूलसुत्तं-१ |
| [८६] | पिंडनिज्जुत्ति | [आगमसुत्ताणि-४१ ] | बीअं मूलसुत्तं-२ |
| [८७] | दसवेयालियं | [आगमसुत्ताणि-४२ ] | तइयं मुलसुत्तं |
| [८८] | उतरज्झयणं | [आगमसुत्ताणि-४३ ] | चउत्थं मूलसुत्तं |
| [८९] | नंदीसूयं | [आगमसुत्ताणि-४४ ] | पढमा चूलिया |
| [९०] | अणुओगदारं | [आगमसुत्ताणि-४५ ] | बितिया चूलिया |

o———x———o———x———o

| | | | | |
|---|---|---|---|---|
| [૯૧] | આયારો - | ગુર્જરછાયા | [ આગમદીપ-૧ ] | પહેલું અંગસૂત્ર |
| [૯૨] | સૂયગડો - | ગુર્જર છાયા | [ આગમદીપ-૨ ] | બીજું અંગસૂત્ર |
| [૯૩] | ઠાણં - | ગુર્જર છાયા | [ આગમદીપ-૩ ] | ત્રીજું અંગસૂત્ર |
| [૯૪] | સમવાઓ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૪ ] | ચોથું અંગસૂત્ર |
| [૯૫] | વિવાહપન્નત્તિ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૫ ] | પાંચમું અંગસૂત્ર |
| [૯૬] | નાયાધમ્મકહાઓ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૬ ] | છઠ્ઠું અંગસૂત્ર |
| [૯૭] | ઉવાસગદસાઓ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૭ ] | સાતમું અંગસૂત્ર |
| [૯૮] | અંતગડદસાઓ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૮ ] | આઠમું અંગસૂત્ર |
| [૯૯] | અનુત્તરોવવાઈયદસાઓ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૯ ] | નવમું અંગસૂત્ર |
| [૧૦૦] | પણ્હાવાગરણં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૧૦ ] | દશમું અંગસૂત્ર |
| [૧૦૧] | વિવાગસૂયં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૧૧ ] | અગિયારમું અંગસૂત્ર |
| [૧૦૨] | ઉવવાઈયં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૧૨ ] | પહેલું ઉપાંગસૂત્ર |
| [૧૦૩] | રાયપ્પસેણિયં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૧૩ ] | બીજું ઉપાંગસૂત્ર |
| [૧૦૪] | જીવાજીવાભિગમં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૧૪ ] | ત્રીજું ઉપાંગસૂત્ર |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | | |
|---|---|---|---|
| [૧૦૫] પન્નવણા સુત્તં- | ગુર્જરછાયા | [ આગમદીપ-૧૫ ] | ચોથું ઉપાંગસૂત્ર |
| [૧૦૬] સૂરપન્નત્તિ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૧૬ ] | પાંચમું ઉપાંગસૂત્ર |
| [૧૦૭] ચંદપન્નતિ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૧૭ ] | છઠ્ઠું ઉપાંગસૂત્ર |
| [૧૦૮] જંબુદ્દીવપન્નતિ- | ગુર્જરછાયા | [ આગમદીપ-૧૮ ] | સાતમું ઉપાંગસૂત્ર |
| [૧૦૯] નિરયાવલિયાણં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૧૯ ] | આઠમું ઉપાગંસૂત્ર |
| [૧૧૦] કપ્પવડિંસિયાણં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૨૦ ] | નવમું ઉપાગંસૂત્ર |
| [૧૧૧] પુપ્ફિયાણં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૨૧ ] | દશમું ઉપાંગસૂત્ર |
| [૧૧૨] પુપ્ફચૂલિયાણં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૨૨ ] | અગિયારમું ઉપાંગસૂત્ર |
| [૧૧૩] વણ્હિદસાણં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૨૩ ] | બારમું ઉપાંગસૂત્ર |
| [૧૧૪] ચઉસરણં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૨૪ ] | પહેલો પયન્નો |
| [૧૧૫] આઉરપચ્ચક્ખાણં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૨૫ ] | બીજો પયન્નો |
| [૧૧૬] મહાપચ્ચક્ખાણં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૨૬ ] | ત્રીજો પયન્નો |
| [૧૧૭] ભત્તપરિણ્ણા - | ગુર્જરછાયા | [ આગમદીપ-૨૭ ] | ચોથો પયન્નો |
| [૧૧૮] તંદુલવેયાલિયં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૨૮ ] | પાંચમો પયન્નો |
| [૧૧૯] સંથારગં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૨૯ ] | છઠ્ઠો પયન્નો |
| [૧૨૦] ગચ્છાયાર - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૦ ] | સાતમો પયન્નો-૧ |
| [૧૨૧] ચંદાવેજ્ઝયં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૦ ] | સાતમો પયન્નો-૨ |
| [૧૨૨] ગણિવિજ્જા - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૧ ] | આઠમો પયન્નો |
| [૧૨૩] દેવિંદત્થઓ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૨ ] | નવમો પયન્નો |
| [૧૨૪] વીરત્થવ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૩ ] | દશમો પયન્નો |
| [૧૨૫] નિસીહં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૪ ] | પહેલું છેદસૂત્ર |
| [૧૨૬] બુહતકપ્પો - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૫ ] | બીજું છેદસૂત્ર |
| [૧૨૭] વવહાર - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૬ ] | ત્રીજું છેદસૂત્ર |
| [૧૨૮] દસાસુયક્ખંધં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૭ ] | ચોથું છેદસૂત્ર |
| [૧૨૯] જીયકપ્પો - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૮ ] | પાંચમું છેદસૂત્ર |
| [૧૩૦] મહાનિસીહં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૯ ] | છઠ્ઠું છેદસૂત્ર |
| [૧૩૧] આવસ્સયં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૪૦ ] | પહેલું મૂલસુત્ર |
| [૧૩૨] ઓહનિજ્જુત્તિ- | ગુર્જરછાયા | [ આગમદીપ-૪૧ ] | બીજું મૂલસુત્ર-૧ |
| [૧૩૩] પિંડનિજ્જુત્તિ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૪૧ ] | બીજું મૂલસુત્ર-૨ |
| [૧૩૪] દસવેયાલિયં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૪૨ ] | ત્રીજું મૂલસુત્ર |
| [૧૩૫] ઉત્તરજ્ઝયણં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૪૩ ] | ચોથું મૂલસુત્ર |
| [૧૩૬] નંદીસુત્તં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૪૪ ] | પહેલી ચૂલિકા |
| [૧૩૭] અનુયોગદ્દારાઈં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૪૫ ] | બીજી ચૂલિકા |

o——x——o——x——o

**નોંધ :-** **પ્રકાશન ૧ થી ૩૧ અભિનવ શ્રુત પ્રકાશને પ્રગટ કરેલ છે.**
**પ્રકાશન ૪૨ થી ૯૦ આગમશ્રુત પ્રકાશને પ્રગટ કરેલ છે.**
**પ્રકાશન ૯૧ થી ૧૩૭ આગમદીપ પ્રકાશને પ્રગટ કરે છે.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નમો નમો નિમ્મલ દંસણસ્સ

પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામિને નમઃ

# ૧૬ સૂરપન્નત્તી

## ઉવંગ-૫-ગુર્જરછાયા

### પાહુડ-૧

### -: પાહુડ-પાહુડ-૧ :-

[૧] અરિહંતોને નમસ્કાર થાઓ. તે કાળે-તે સમયે મિથિલા નામની નગરી હતી... ઋદ્ધિ સંપન્ન અને સમૃદ્ધ એવા પ્રમુદિત લોકો ત્યાં રહેતા હતા... યાવત્... પ્રસન્નતાને ઉત્પન્ન કરવાવાળા, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ હતા. એ મિથિલા નગરીની બહાર ઈશાન ખૂણામાં એક મણિભદ્રનામનું ચૈત્ય હતું. તે મિથિલા નગરીમાં જિતશત્રુ નામે રાજા હતો. ધારીણી દેવી રાણી હતા. તે કાળે-તે સમયે તે મણિભદ્ર ચૈત્યમાં શ્રમણ ભગવાન મહાવીર સમવસર્યા... પર્ષદા નીકળી... ધર્મ કહ્યો... યાવત્ રાજા જે દિશાથી આવ્યો હતો તે દિશામાં પાછો ગયો.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

[૨] એ કાળે અને એ સમયે શ્રમણ ભગવાન્ મહાવીર સ્વામીના જ્યેષ્ઠ શિષ્ય એવા કે જેનું નામ ઈન્દ્રભૂતિ હતું તથા ગૌતમ ગોત્રમાં જેમનો જન્મ હતો તેઓની ઉંચાઈ સાત હાથ જેટલી હતી તે સમચતુરસ્ર સંસ્થાન સંસ્થિત હતા. વજ્રઋષભ નારાચ સંહનનવાળા હતા. યાવત્ પ્રભુને આ પ્રમાણે કહ્યું-

[૩-૭] સૂર્ય એક વર્ષમાં કેટલા મંડળમાં જાય છે ? તિર્યક્ ગતિ કેવી રીતે કરે છે ? ચંદ્રસૂર્ય કેટલા ક્ષેત્રને પ્રકાશિત કરે છે ? પ્રકાશની કેવા પ્રકારની મર્યાદા છે ? લેશ્યા ક્યાં પ્રતિહત થાય છે ? પ્રકાશની સંસ્થિતિ-વ્યવસ્થા કેવી રીતે થાય છે ? તેનું વરણ કોણ કરે છે ? ઉદયાવસ્થા કઈ રીતે થાય છે ? પૌરૂષી છાયા કેવા પ્રમાણની છે ? 'યોગ' એ કઈ વસ્તુને કહે છે ? સંવત્સરનો આદિ કાળ કયો છે ? સંવત્સરો કેટલા છે ? ચંદ્રમાની વૃદ્ધિ કેવી રીતે થાય છે?ચંદ્રમાનો પ્રકાશ ક્યારે વધારે થાય છે?શીઘ્રગતિવાળા કોણ છે ? પ્રકાશનું લક્ષણ શું છે ? ચંદ્રાદિનું ચ્યવન અને ઉત્પત્તિ થાય છે ? કેટલી ઉંચાઈ છે ? સૂર્યો કેટલા છે ? અનુભાવ કઈ રીતનો છે ? આ વીસ પ્રશ્ન રૂપ વીસ પ્રાભૃતો થાય છે.

[૮-૯] મુહૂર્તોની વૃદ્ધિ અને અપવૃદ્ધિ કેવી રીતે થાય છે ? પ્રત્યેક દિવસરાત્રીમાં અર્ધમંડલ સંસ્થિતિ કેવી રીતે થાય છે ? કયો બીજા વ્યાપ્ત ક્ષેત્રમાં સંચરણ કરે છે ? કેટલા પ્રમાણવાળા અંતરથી સંચરણ કરે છે ? કેટલા પ્રમાણવાળા દ્વીપ અને સમુદ્રમાં અવગાહન કરીને ગતિ કરે છે ? એક એક રાત્રિદિવસમાં કેટલા પ્રમાણવાળા ક્ષેત્રને છોડીને ગતિ કરે છે ? મંડળોનું સંસ્થાન કઈ રીતે થાય એ મંડળોનો વિષ્કંભ કેટલો છે ? આ રીતે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આઠ પ્રાભૃત પ્રાભૃતો પહેલા પ્રાભૃતમાં અર્થાધિકાર સહિત થાય છે.

[૧૦-૧૩] હવે પહેલા પ્રાભૃતમાં વહેંચેલા ચાર પ્રાભૃતપ્રાભૃતોમાં ક્રમાનુસાર આ પરમત રૂપ પ્રતિપત્તિયો છે, જેમ કે ચોથા પ્રાભૃતપ્રાભૃતમાં છ પ્રતિપત્તિયો છે. પાંચમામાં પાંચ, છઠ્ઠામાં છ, સાતમમાં આઠ, અને આઠમાંમાં ત્રણ પ્રતિપત્તીયો છે. આ રીતે પહેલા પ્રાભૃતપ્રાભૃતમાં બધી મળીને ઓગણત્રીસ પ્રતિપત્તીયો થાયછે. બીજા પ્રાભૃતના પહેલા પ્રાભૃત પ્રાભૃતમાં ઉદયકાળમાં અને અસ્તમન કાળમાં કેટલી પ્રતિ પત્તિયો છે ? ઘાતરૂપ અર્થાત્ પરમત કથન રૂપ બે જ પ્રતિપત્તિયો થાય છે. પરંતુ ત્રીજા પ્રાભૃત પ્રાભૃતમાં મુહૂર્તગતિમાં ચાર પ્રતિપત્તિયો છે. સર્વાભ્યન્તર મંડળથી બહાર ગમન સૂર્ય યથોત્તર મંડળમાં સંક્રમણ કરતા સૂર્યની ગતિ શીઘ્રતર હોય છે. અને સર્વ બાહ્ય મંડળમાંથી આભ્યંતર મંડળના ક્રમથી ગમન કરતો દરેક મંડળના ક્રમથી મંદગતિ વાળો હોય છે. સૂર્યના એકસો ચોર્યાશી મંડળો છે, એ મંડળોના સંબંધમાં પ્રતિમુહૂર્તમાં સૂર્યની ગતિના પરિમાણના વિચારથી પુરૂષોની પ્રતિપત્તિયો અર્થાત્ એકસોચોરાશી મતાન્તર રૂપભેદો છે. પહેલા પ્રાભૃત પ્રાભૃતમાં સૂર્યોદયના સમયે તીર્થંકર અને ગણ ધરોએ આઠ પ્રતિપત્તીયો કહેલ છે. બીજા પ્રાભૃત પ્રાભૃતમાં ભેદઘાતના સંબંધમાં પરમતની વક્તવ્યતા રૂપ બે જ પ્રતિપત્તીયો થાય છે. તથા ત્રીજા પ્રાભૃત-પ્રાભૃતમાં મુહૂર્તગતિના સંબંધમાં ચાર પ્રતિપત્તીયો થાય છે.

[૧૪-૧૭] પહેલા પ્રાભૃત પ્રાભૃતમાં નક્ષત્રોની આવલિકા, બીજામાં મુહૂર્તાગ્ર ત્રીજામાં પૂર્વ અને પશ્ચિમાદિ વિભાગ, ચોથામાં યોગની, પાંચમામાં કુલ અને છઠ્ઠામાં પૂર્ણિમા, સાતમામાં 'સન્નિપાત', આઠમામાં સંસ્થિતિ, નવમામાં તારાઓનું પરિમાણ દસમામાં નેતાનું, અગીયારમામાં ચંદ્રમાર્ગ, બારમા પ્રાભૃતમાં અધિપતિ દેવતાઓનું, તેરમામાં મુહૂર્તોનું, ચૌદમામાં દિવસ અને રાતનું, પંદરમામાં તિથિયોના નામો, સોળ મામાં નક્ષત્રોની ઉત્પત્તિ સ્થાનરૂપ ગોત્ર,સત્તરમામાં નક્ષત્રોનું ભોજન, અઢારમામાં સૂર્યની ચાર ગતિનું, ઓગણીસમામાં માસ, વીસમામાં સંવત્સર, એકવીસમામાં નક્ષત્રોના દ્વારોનું, બાવીસમામાં નક્ષત્રોનો વિચય- આ રીતે પ્રાભૃતપ્રાભૃતની સંખ્યા અને તેનો અર્થાધિકાર કહેવામાં આવેલ છે.

[૧૮] આપના અભિપ્રાયથી મુહૂર્તની ક્ષય અને વૃદ્ધિ કેવી રીતે છે ? તાવત્ આઠસો ઓગણીસ મુહૂર્ત તથા એક મુહૂર્તનો ૨૭ ભાંગ્યા ૬૭ કહ્યા છે.

[૧૯-૨૧] જે સમયમાં સૂર્ય સર્વાભ્યન્તર મુહૂર્તમાંથી નીકળીને પ્રતિદિન એક એક મંડલચારથી યાવત્ સર્વબાહ્ય મંડળમાં જઈને ગતિ કરે છે. તથા સર્વબાહ્ય મંડળથી અપસરણ કરીને યાવત્ સર્વાભ્યન્તર મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે. આ સમય કેટલા રાતદિવસના પ્રમાણથી કહ્યા છે ? આ કાળ ત્રણસો છાસઠ રાતદિવસનો કહેલ છે. તાવત્ ત્રણસો છાસઠ દિવસરાતના પ્રમાણવાળા કાળપ્રમાણથી સૂર્ય કેટલા મંડળમાં ગતિ કરે છે ? કેટલા મંડળમાં બે વાર ગમન કરે છે ? સામાન્યપણાથી એકસોચોર્યાસી મંડળમાં સૂર્ય ગતિ કરે છે. એકસોબાસી મંડળમાં બે વાર ગતિ કરે છે. સર્વાભ્યંતર મંડળથી બહાર નીકળતો અને સર્વબાહ્ય મંડળમાં પ્રવેશ કરતો સૂર્ય સર્વાભ્યંતર અને સર્વબાહ્ય એ બે મંડળમાં એક વાર ગમન કરે છે.એ આદિત્યના ત્રણસો છાસઠ રાત્રિ દિવસના પરિમાણવાળા કાળમાં એકસો બ્યાસી મંડળમાં બે વાર ગમન કરે છે અને બે

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

મંડળમાં એકવાર જ ગમન કરે છે તથા સંવત્સરમાં એકવાર અઢાર મુહૂર્ત પ્રમાણવાળો દિવસ થાય છે. અને એકવાર અઢારમુહૂર્તવાળી રાત હોય છે. તથા એકવાર બાર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે. તેમજ બાર મુહૂર્ત પ્રમાણવાળી રાત્રી થાય છે. તેમાં પણ પહેલા છ માસમાં અઢાર મુહૂર્તની રાત હોય છે. એ જ રીતે એ જ પ્રથમ છ માસમાં બાર મુહૂર્તનો દિવસ હોય છે. તથા બીજા છ માસમાં અઢાર મુહૂર્તનો દિવસ હોય છે. અને બાર મુહૂર્તની રાત હોય છે. તથા પહેલા કે બીજા છ માસમાં પંદર મુહૂર્તનો દિવસ હોય છે. તથા પંદર મુહૂર્તની રાત હોય છે. તેમાં એ રીતે વસ્તુતત્વનો બોધ થવામાં શું હેતુ છે ? એ મને સમજાવો.

આ જંબૂદ્વીપ નામનો દ્વીપ સર્વદ્વીપસમુદ્રોમાં યાવત્ પરિક્ષેપથી વિશેષાધિક કહેલ છે. જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડળ પ્રાપ્ત કરીને ગતિ કરે છે, ત્યારે પરમપ્રકર્ષને પ્રાપ્ત ઉત્કૃષ્ટ-સર્વાધિક અઢાર મુહૂર્તનો દિવસ થાય છે. એજ સર્વાભ્યન્તર મંડળમાં સૂર્યગતિ કરે છે ત્યારે જઘન્ય ઓછામાં ઓછી બાર મુહૂર્તની રાત્રી હોય છે. તે પછી એ સૂર્ય સર્વાભ્યન્તર મંડળમાંથી નીકળીને નવા સૂર્ય સંવત્સરને પ્રવર્તાવીને પહેલાં અહો રાત્રમાં સર્વાભ્યન્તર મંડળની પછીના મંડળમાં સંક્રમણ કરીને ગતિ કરે છે, ત્યારે સૌથી મોટો અઢાર મુહૂર્તનો દિવસ એકસઠીયા બે ભાગ ન્યૂન હોય છે. તથા એકસઠિયા બે મુહૂર્તભાગ વધારે બાર મુહૂર્તની રાત્રિ હોય છે.અહીંયાં એક મંડળ એક અહોરાત્રિથી બે સૂર્યો દ્વારા સમાપ્ત કરવામાં આવે છે. એક એક સૂર્ય પ્રત્યેક અહોરાત્રિથી બે સૂર્યો દ્વારા સમાપ્ત કરવામાં આવે છે. એક એક સૂર્ય પ્રત્યેક અહોરાત્રિમાં મંડળના ૧૮૩૦ ભાગો ની કલ્પના કરીને એક દિવસક્ષેત્રના અથવા રાત્રિક્ષેત્રના યથાયોગ્ય રીતે ઓછા કરવા વાળા અથવા વધારવાળા હોય છે, તે એક મંડળગત ૧૮૩૦ વાળો ભાગ એકસઠીયા બે ભાગ વાળા મુહૂર્તથી ગમન કરે છે, તથા એ મંડળ ૧૮૩૦ ભાગોને બે સૂર્યોથી અહોરાત્ર દ્વારા ગમન કરાય છે. અહોરાત્રી ત્રીસ મુહૂર્ત પ્રમાણ વાળી છે. તેથી બે સૂર્યની અપેક્ષાથી સાઈઠ મુહૂર્ત લભ્ય થાય છે. ઈત્યાદિ જ્યારે સર્વા ભ્યન્તરમંડળની અપેક્ષાથી એ ત્રીજા મંડળમાં સંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે ત્યાં ચાર મુહૂર્તના એકસઠીયા ભાગ હીન અઢારમુહૂર્ત પ્રમાણનો દિવસ થાય છે. તથા ચાર મુહૂર્તના એકસઠિયા ભાગ વધારે બાર મુહૂર્તની રાત હોય છે.

પૂર્વોક્ત કથિત પ્રકારથી પ્રત્યેક મંડળમાં દિવસ રાત સંબંધી મુહૂર્તના એકસ ઠિયા બે ભાગ ન્યૂનાધિક રૂપથી નીકળીને મંડળના પરિભ્રમણ ગતિથી ધીરે ધીરે દક્ષિણ દિશા તરફ ગમન કરતો સૂર્ય એ વિવક્ષિત પછીના મંડળમાં સંક્રમણ કરીને એક એક મંડળમાં મુહૂર્તના બે બે એકસઠિયા ભાગ દિવસક્ષેત્રને ઓછા કરીને તથા રાત્રિક્ષેત્રના પ્રતિમંડળમાં વધતા વધતા એકસોત્ર્યાશીમાં અહોરાત્રિમાં અથવા પહેલા છ માસની સમાપ્તિરૂપ કાળમાં સર્વબાહ્યમંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. જ્યારે અહોરાત્ર રૂપ એ કાળમાં સર્વાભ્યન્તર મંડળથી ધીરે ધીરે નીકળીને સર્વબાહ્ય મંડળમાં જઈને ગતિ કરે છે. ત્યારે સર્વાભ્યન્તર મંડળને મર્યાદા કરીને અર્થાત્ બીજા મંડળથી આરંભ કરીને ઈત્યાદિ એકસોત્ર્યાશી રાતદિવસથી મુહૂર્તના એકસો છાસઠ ભાગ રૂપ દિવસક્ષેત્રને કરીને રાત્રિક્ષેત્રના એજ ત્રણ મૂહૂર્તના એકસો એકસઠમો ભાગ એકસો છાસઠ અધિક ની વૃદ્ધિ કરીને ગતિ કરે છે ત્યારે પરમપ્રકર્ષ પ્રાપ્ત ઉત્કૃષ્ટ અર્થાત્ અઢાર મુહૂર્તની રાત્રી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થાય છે. અને જઘન્ય બારમુહૂર્તનો દિવસ થાય છે. સર્વબાહ્યમંડળથી અભ્યંતર મંડળ માં પ્રવેશ કરતો સૂર્ય બીજા છ માસને પ્રાપ્ત થતો બીજા છ માસના પહેલા અહોરાત્રમાં સર્વબાહ્ય મંડળથી પછીના બીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. તેમાં જ્યારે સૂર્ય સર્વબાહ્ય મંડળમાંથી બીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે એક સઠિયા બે ભાગ મુહૂર્ત અધિક બાર મુહૂર્ત પ્રમાણવાળો દિવસ થાય છે. તે પછી તેનાથી પણ બીજા મંડળથી અભ્યંતર મંડળમાં પ્રવેશ કરતો સૂર્ય બીજા છ માસના બીજા અહો રાત્રમાં સર્વબાહ્ય મંડળથી પહેલાના ત્રીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. તત્પશ્ચાત્ જ્યારે સૂર્ય સર્વબાહ્ય મંડળથી ત્રીજા મંડળમાં સંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે અઢાર મુહૂર્તની રાત એકસઠિયા ચાર ભાગ ન્યૂન હોય છે, તથા એકસઠિયા ચાર મુહૂર્ત ભાગ વધારે બાર મુહૂર્ત પ્રમાણનો દિવસ હોય છે. એ રીતે આ પૂર્વોક્ત પ્રતિપાદન કરેલ ઉપાયથી દરેક મંડળમાં દિવસ રાત સંબંધી મુહૂર્તના એકસઠિયા બે ભાગ અર્થાત્ ન્યનૂનાધિક રૂપે પ્રવેશ કરીને મંડળની પરિભ્રમણ ગતિથી ધીરે ધીરે ઉત્તર દિશા તરફ જતાં જતાં એ વિવક્ષિત બીજા મંડળમાં ગમન કરતાં કરતાં એક એક મંડળમાં મુહૂર્તમાં બબ્બે એકસઠિયા ભાગ વધતા વધતા એકસો ત્ર્યાશીમાં અહોરાત્રમાં કે જે બીજા છ માસનો છેલ્લો દિવસ છે. એ કાળમાં સર્વાભ્યન્તર મંડળમાં સંક્રમણ કરીને ગતિ કરે છે.

તે પછી જે સમયે સૂર્ય સર્વબાહ્ય મંડળથી પરિભ્રમણ ગતિથી ધીરે ધીરે અભ્યન્તર મંડળમાં પ્રવેશ કરીને સર્વાભ્યન્તર મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે. ત્યારે સર્વ બાહ્ય મંડળને મર્યાદા કરીને એકસોત્ર્યાશી રાત્રિ દિવસથી ત્રણસો છાસઠિયા એકસઠ ભાગ મુહૂર્ત રાત્રિ ક્ષેત્રના કમ કરીને તથા દિવસ ક્ષેત્રમાં વધારીને ગતિ કરે છે.ત્યારે ઉત્કૃષ્ટ વધારેમાં વધારે અઢાર મુહૂર્તનો દિવસ હોય છે. તથા જઘન્ય નાનામા નાની બાર મુહૂર્તની રાત્રી હોય છે. આ રીતે બીજા છ માસ કહેલ છે. આ પ્રમાણે આદિત્ય સંવત્સર એટલે કે સૌરવર્ષ થાય છે. આજ ત્રણસો છાસઠમો અહોરાત્ર બીજા છ માસના અન્ત રૂપ છે. આ પ્રમાણે આ આદિત્ય સંવત્સરમાં એક જ વાર અઢાર મુહૂર્તનો દિવસ થાય છે. તયા એક જ વાર બાર મુહૂર્તની રાત હોય છે, પહેલા છ માસમાં અઢાર મુહૂર્તની રાત હોય છે. બાર મુહૂર્તનો દિવસ હોય છે. તે રાત દિવસના વૃદ્ધી ક્ષય કેવી રીતે થાય છે ? પંદર મુહૂર્તની વધઘટથી ત્રૈરાશિક ગણિતના પ્રમાણાનુસાર ગતિથી પંદર મુહૂર્તનો દિવસ અને પંદર મુહૂર્તની રાત હોતા નથી. પરંતુ અનુપાત ગતિથી તો એ થાય જ છે. એકસો ત્ર્યાશીમાં મંડળમાં વૃદ્ધિ કે હાનીમાં છ મુહૂર્ત લભ્ય હોય તો તેનાથી પહેલાં તેની અર્ધગતિમાં ત્રણ મુહૂર્ત થાય છે. એ એકાણું મંડળ પુરા થાય અને બાણુનું મંડળ અર્ધુ થાય ત્યારે પંદર મુહૂર્ત થાય છે. તે પછી રાત્રીની કલ્પના કરવાથી પંદર મુહૂર્તનો દિવસ હોય છે અને પંદર મુહૂર્તની રાત હોય છે.

**પાહુડ - ૧/૧ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

**પાહુડપાહુડ - ૨**

[૨૨] એક એક સૂર્યની દરેક અહોરાત્રિમાં એક એક અર્ધમંડળમાં પરિભ્રમણની વ્યવસ્થા કઈ રીતે થાય છે ? આ અર્ધમંડળની વ્યવસ્થાના સંબંધમાં નિશ્ચયથી આ બે અર્દ્ધમંડળ સંસ્થિતિ-વ્યવસ્થા મેં કહી છે. તે આ પ્રમાણે છે. એક દક્ષિણદિગ્ભાવી સૂર્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંબંધી અને બીજી ઉત્તર દિગ્ભાવી સૂર્ય સંબંધી-આપે દક્ષિણદિગ્ભાવી સૂર્ય સંબંધી અર્ધમંડળની વ્યવસ્થા કેવી કહી છે ? જ્યારે સૂર્ય સર્વાભ્યન્તર દક્ષિણાર્દ્ધમંડળ વ્યવસ્થા માં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે ત્યારે ઉત્કૃષ્ટથી અઢાર મુહૂર્તનો દિવસ હોય છે, જઘન્ય સૌથી નાની બાર મુહૂર્તની રાત હોય છે. તે નિષ્ક્રમણ કરતો સૂર્ય સંવત્સરનો પ્રાપ્ત કરીને પહેલા અહોરાત્રમાં દક્ષિણની પછીના ભાગથી તેના આદિપ્રદેશની અંદર અર્દ્ધમંડળસંસ્થિતિને પ્રાપ્ત કરીને ગતિ કરે છે. એવો તે સૂર્ય સર્વાભ્યન્તરગત પ્રથમ ક્ષણ પછી ધીરે ધીરે નિષ્ક્રમણ કરીને અહોરાત્રિ સમાપ્ત થયા પછી નવા સંવત્સરને પ્રાપ્ત કરીને નવા પ્રથમ અહોરાત્રિમાં દક્ષિણ દિગ્ભાવી સર્વાભ્યન્તર મંડળગત ૪૮ યોજનના એકસઠિયા ભાગ અધિક બે યોજન પ્રમાણવાળા અપાન્તરાલમાંથી નીકળીને ઉત્તરાર્દ્ધ મંડળના આદિ પ્રદેશનો આશ્રય કરીને સર્વાભ્યન્તરાનન્તર ઉત્તરાર્દ્ધ મંડળ સંસ્થિતિને પ્રાપ્ત કરીને ગતિ કરે છે, ત્યારે દિવસ એકસઠિયા બે ભાગ ન્યૂન અઢાર મુહૂર્તનો હોય છે તથા રાત એકસઠિયા બે ભાગ વધારે બાર મુહૂર્તની નાની હોય છે. તે પછી દક્ષિણ દિશાસંબંધી ત્રીજા અર્ધમંડળના આદિ પ્રદેશનો આશ્રય કરીને સર્વા ભ્યન્તર પ્રદેશની અપેક્ષા કરીને દક્ષિણ દિશાની ત્રીજી અર્ધમંડળ વ્યવસ્થામાં ઉપસં ક્રમણ કરીને ગતિ કરે છે. તત્પશ્ચાત્ જ્યારે સૂર્ય સર્વાભ્યન્તર મંડળથી ત્રીજા દક્ષિણ દિશા સંબંધી અર્ધમંડળ સંસ્થિતિને પ્રાપ્ત કરીને ગતિ કરે છે ત્યારે એકસઠિયા ચાર મુહૂર્ત ન્યૂન અઢાર મુહૂર્તનો દિવસ હોય છે તથા એકસઠિયા ચાર મુહૂર્ત અધિક બાર મુહૂર્તની રાત હોય છે. એ કહેલ રીતથી પ્રત્યેક અહોરાત્ર એક યોજનના એકસઠિયા અડતાલીસ ભાગ અધિક બે યોજન વિકમ્પ રૂપથી નીકળતો સૂર્ય તદન્તરના અર્ધમંડળ થી તદન્તરના એ એ પ્રદેશોમાં દક્ષિણપૂર્વ ભાગમાં અથવા ઉત્તરપશ્ચિમભાગમાં એ એ અર્દ્ધમંડળસંસ્થિતિને સંક્રમણ કરીને એકસો બાવીસમાં અહોરાત્રીની નજીક જાય ત્યારે દક્ષિણ દિગ્ભાગના અંતરથી ૧૮માં મંડળમાં જઈને યોજનના એકસઠિયા અડતા લીસમા ભાગથી કંઈક વધારે તે પછીના બે યોજન પ્રમાણવાળા અપાન્તર રૂપ ભાગથી ઈત્યાદિ એ સર્વબાહ્યમંડળગત ઉત્તર દિશાના અર્ધમંડળાદિ પ્રદેશનો આશ્રય કરીને સર્વબાહ્ય ઉત્તરાર્દ્ધમંડળની સંસ્થિતિને પ્રાપ્ત કરીને ગતિ કરે છે.

તે પછી જ્યારે સૂર્ય સર્વબાહ્ય ઉત્તરવર્તી અર્દ્ધમંડળ સંસ્થિતિને પ્રાપ્ત કરીને ગતિ કરે છે. ત્યાં પરમ ઉત્કૃષ્ટથી અઢાર મુહૂર્તની રાત હોય છે. તથા જઘન્ય સૌથી નાનો બાર મુહૂર્તનો દિવસ થાય છે. તે સૂર્ય સર્વબાહ્ય ઉત્તરાર્ધ મંડળના આદિ પ્રવેશથી ઉપરથી ધીરે ધીરે સર્વબાહ્ય અનંતર બીજા દક્ષિણાર્ધ મંડલાભિમુખ સંક્રમણ કરીને તે અહોરાત્ર સમાપ્ત થાય ત્યારે અભ્યન્તર મંડળમાં પ્રવેશ કરીને બીજા છ માસના પહેલા અહો રાત્રમાં ઉત્તર દિશા સંબંધી સર્વબાહ્ય મંડળાન્તર્ગત સર્વબાહ્ય મંડળના અનન્તરાર્દ્ધ મંગળગત યોજનના એકસઠિયા ભાગ તદન્તરના સમીપવર્તિ બે યોજન પ્રમાણવાળા અપાન્તરાલ રૂપ ભાગથી દક્ષિણ દિગ્ભાવિ સર્વબાહ્યાભ્યન્તર દક્ષિણાર્ધ મંડળના આદિ પ્રદેશનો આશ્રય કરીને સર્વ બાહ્યમંડળની પછીના આભ્યન્તર દક્ષિણાર્ધ મંડળ ની સંસ્થિતિમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. જેથી અહોરાત્રીના પર્યન્તભાગમાં સર્વબાહ્યમંડળના અભ્યન્તર ત્રીજા અર્ધમંડળની સીમામાં થાય છે, તે પછી જ્યારે સૂર્ય સર્વબાહ્ય મંડળની પછી દક્ષિણની અર્ધમંડળસંસ્થિતિને પ્રાપ્ત કરીને ગતિ કરે છે, ત્યારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બે મુહૂર્તના એકસઠ ભાગ વધારે બાર મુહૂર્ત પ્રમાણનો દિવસ થાય છે. ઈત્યાદિ તે પછી એ અહોરાત્ર સમાપ્ત થઈ જાય ત્યારે સૂર્ય અભ્યન્તરમાં પ્રવેશ કરીને બીજા છ માસના બીજા અહોરાત્રમાં દક્ષિણ ભાગથી દક્ષિણદિગ્ભાવી સર્વબાહ્યાનન્તર બીજા મંડળગત અડતાલીસ યોજનના એકસઠિયા ભાગથી વધારે તે પછીના સમીપવર્તિ બે યોજન પ્રમાણવાળા અપાન્તરાલ રૂપ ભાગથી નીકળીને જે સર્વબાહ્યાભ્યન્તરના ત્રીજા ઉત્ત રાર્ધ મંડળના આદિ પ્રવેશથી ત્રીજા સર્વબાહ્ય અર્ધમંડળ સંસ્થિતિની ત્રીજી પછીની અર્ધમંડળસંસ્થિતિમાં ઉપસં ક્રમણ કરીને ગતિ કરે છે. આ રીતના ઉપાયથી દરેક અહો રાત્રના અભ્યન્તર એક સઠિયા અડતાલીસ ભાગથી બે યોજનના વિકમ્પન રીતે ધીરે ધીરે અભ્યન્તર મંડળમાં પ્રવેશ કરીને સૂર્ય તે પછીના અર્ધમંડળથી તે પછીના એ એ દક્ષિણપૂર્વભાગ રૂપ પ્રદેશમાં અથવા ઉત્તરપશ્ચિમ રૂપ ભાગમાં તે તે અર્ધમંડળ સંસ્થિતિનું સંક્રમણ કરતાં કરતાં બીજા છ માસના ૧૮૨માં અહોરાત્રના અંતભાગમાં જાય ત્યારે ઉત્તર દિશાના અંતરથી સર્વબાહ્ય મંડળની અપેક્ષા કરીને જો ૧૮૨મું મંડળ તેની અંદરના યોજનના એકસઠિયા અડતાલીસ ભાગ વધારે તદનન્તરના અભ્યન્તર બે યોજન પ્રમાણ અપાન્તરાલ રૂપ ભાગથી સર્વાભ્યન્તર મંડળની અંદરના દક્ષિણાર્ધ આદિ પ્રદેશનો આશ્રય કરીને સર્વાભ્યન્તર દક્ષિણની અર્ધમંડળની સંસ્થિતિનું ઉપસં ક્રમણ કરીને ગતિ કરે છે. ત્યાં જ્યારે સૂર્ય સર્વાભ્યન્ત રની દક્ષિણ અર્ધમંડળ સંસ્થિતિનું ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે ત્યાં ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ હોય છે. તથા જઘન્ય બાર મુહૂર્તની રાત હોય છે. આ રીતે બીજા છ માસ થાય છે,

[૨૩] હે ભગવન્ ! ઉત્તરદિશા સંબંધી અર્ધમંડળસંસ્થિતિ કઈ રીતે કહી છે તે મને કહો. જે પ્રમાણે દક્ષિણાર્ધમંડળની વ્યવસ્થા પહેલાં કહી છે, એજ પ્રમાણે ઉત્તરાર્ધ મંડળની સંસ્થિતિ પણ સમજી લેવી, એ પ્રમાણે આ ઉપાયથી યાવત્ સર્વબાહ્ય દક્ષિણ ધર્મંડળની સંસ્થિતિને પ્રાપ્ત કરીને યાવત્ દક્ષિણદિશા સંબંધી સર્વબાહ્ય મંડળની પછી ઉત્તરાર્ધમંડળસંસ્થિતિને પ્રાપ્ત કરે છે. અને ઉત્તરથી સર્વબાહ્ય ત્રીજી દક્ષિણાર્ધમંડ ળસંસ્થિતિમાં ગમન કરે છે. તે પછી ત્રીજા મંડળથી દક્ષિણના ક્રમથી જ અર્ધમંડળ સંસ્થિતિનું ઉપસંક્રમણ કરતા કરતા યાવત્ સર્વાભ્યન્તરમંડળને પ્રાપ્ત કરે છે ત્યારે બીજા છ માસ થાય છે. આ પ્રમાણે બીજા છ માસનો અંત થાય છે,

**પાહુડ ૧/૨ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પાહુડ પાહુડ : ૩

[૨૪] કયો સૂર્ય બીજા સૂર્યે ચીર્ણ કરેલ-ભોગવેલ ક્ષેત્રનું પ્રતિચરણ કરે છે ? આ મધ્યજંબૂદ્વીપમાં ભારતીય સૂર્ય અને ઐરવતીય સૂર્ય એમ બે સૂર્યો કહ્યા છે, એ બે સૂર્યો દરેક સૂર્ય અલગ અલગ પોતપોતાના સ્વતંત્રપણાથી ત્રીસ ત્રીસ મૂહૂર્ત પ્રમાણથી એક એક અર્દ્ધમંડળમાં સંચરણ કરે છે. એકસો ચોર્યાશી સૂર્યના મંડળ હોય છે. એ મંડળોમાં સંચરણ કરતા બે સૂર્ય પૈકી એક એક સૂર્ય નક્ષત્ર સંબંધી સાઈઠ ઘટિ કાત્મક કાળથી એક એક અર્ધા મંડળમાં સંચરણ નામ ગતિ કરે છે. સાઠ સાઠ મુહૂર્તો માંથી એટલે કે બે અહો રાત્રથી સંપૂર્ણ એક એક મંડળનો સંઘાત કરે છે. ભરતક્ષેત્રમાંથી નિષ્ક્રમણ કરતો ભાર તીય અને ઐરવતીય એ બેઉ સૂર્ય એક બીજાથી ચીર્ણ ભોગવેલ ક્ષેત્રનું સંચરણ કરતા

નથી, એકસોચોર્યાશી સંખ્યક મંડળોની દક્ષિણ અને ઉત્તર ગોળાર્ધના ક્રમથી જો સ્થાપના કરવામાં આવે તો મકરાદિમંડળ સર્વાભ્યન્તર અને કર્કાદિમંડળ સર્વબાહ્ય થાય છે. તથા મંડળોમાં ૧૪૪ સરખા ભાગ થાય છે, સર્વબાહ્ય મંડળથી અંદરની તરફ પ્રવેશ કરતા આ બન્ને સૂર્ય પરસ્પર એક બીજાએ ભોગવેલ ક્ષેત્રને પુનઃ સ્પૃષ્ટ કરે છે. એ ભાગોના બન્ને સૂર્યસમદાયનો વિચાર કરતાં દરેક મંડળમાં પરસ્પરથી ચીર્ણ અને પ્રતિચીર્ણત્વ પ્રાપ્ત થાય છે, આ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રનો સૂર્ય મધ્યજંબૂદ્વીપના પૂર્વપશ્ચિમ દિશાથી વિસ્તારવાળી અને ઉત્તરદક્ષિણ દિશા તરફ લાંબી જીવા ભોગવીને દક્ષિણ પૂર્વની મધ્યમાં તે તે મંડળના ચોથા ભાગમાં બાણુ સંખ્યાવાળા મંડળોમાં તે તે ગતિ વિશેષથી પૂર્ણ થયેલ જે મંડળો છે, એ મંડળોમાં ફરીથી સંચાર કરે છે. જંબૂદ્વીપની મધ્યમાં સર્વબાહ્યમંડળની દક્ષિણદિશાના અર્ધમંડળમાં જે ગતિ કરવાનો આરંભ કરે છે તે ભરતક્ષેત્રને પ્રકાશિત કરનાર હોવાથી ભારતીય સૂર્ય કહેવાય છે. જે બીજો સૂર્ય છે તે ઐરવતીય સૂર્ય કહેવાય છે. એ બન્ને સૂર્યોમાં આ પ્રત્યક્ષ દેખતો જંબૂદ્વીપ સંબંધી ભારતીય સૂર્ય જે જે મંડળમાં ભ્રમણ કરે છે, એ એ મંડળનો૧૨૪ થી વિભાગ કરીને પૂર્વપશ્ચિમ તથા ઉત્તરદક્ષિણામાં લંબાયમાન પ્રત્યંચાએ મંડળોના ચાર ભાગ કરીને અગ્નિખૂણામાં એ એ મંડળના ચોથા ભાગમાં સૂર્યસંવત્સરના બીજા છ માસમાં ૯૨ બાણુ મંડળોને સ્વયં સૂર્ય વ્યાપ્ત કરે છે, ઉત્તરપશ્ચિમ યાને વાયવ્યખૂણામાં મંડળના ચોથા ભાગમાં જે જે એકાણુ ૯૧ મંડળો છે તે મંડળોને ભારતવર્ષીય સૂર્ય પોતે ચીર્ણ કરે છે. જંબૂદ્વીપમાં આ પ્રત્યક્ષ રૂપે દેખાતો ભારતવર્ષનો સૂર્ય ઐરવત ક્ષેત્રમાં પ્રકાશ કરવાવાળા સૂર્યના મંડળોને મધ્યજંબૂદ્વીપ પૂર્વપશ્ચિમ અને ઉત્તરદક્ષિણવર્તિ પ્રત્યંચા સ્વચાર મંડળને એકસો ચોવીસની સંખ્યાવાળા ભાગથી બાણુમાંસૂર્યમંડળોને બીજાએ ભોગવેલને ફરીથી ઉપભુક્ત કરે છે. પોતપોતાના મંડળના ૧૨૪-૧૮ ભાગપ્રમાણ એ અઢાર અઢાર ભાગ સઘળા દેશમાં કે સઘળા મંડળોમાં નિયતરૂપથી હોતા નથી, પરંતુ પ્રતિનિયત દેશમાં અથવા પ્રતિનિયતમંડળોમાં એ દેશ અને મંડળો નિશ્ચિત છે. દક્ષિણપૂર્વ રૂપ ચતુર્ભાગ મધ્યના દેશ અને મંડળોમાં પ્રતિનિયત છે. એજ પ્રમાણે ઉત્તરના ચતુર્ભાગ મંડળમાં પણ અઢાર અઢાર ભાગ પ્રમાણ સમજી લેવા.

એ ભારતીય સૂર્ય જ એ બીજા છ માસમાં પ્રતિનિયિયતગતિથી મંડળોમાં ભ્રમણ કરે છે. ઉત્તરપશ્ચિમ મંડળના ચતુર્ભાગમાં ૯૧મંડળોને પોતપોતાના મંડળમાં આવેલ ૧૨૪૧૮ પ્રમાણ વાળા જે મંડળો છે એ મંડળોને સૂર્ય પહેલાં સર્વાભ્યન્તર મંડળમાંથી નિકળતાં ભોગ વેલને ફરીથી પ્રતિચરિત કરે છે તથા ભુક્ત પ્રતિભુક્તની પ્રક્રિયાથી તે મંડળ અઢાર અઢાર ભાગના ક્રમથી વ્યવસ્થિત હોય છે. દક્ષિણ પશ્ચિમ દિગ્ભાગની મધ્યમાં ચતુર્ભાગમાં ૯૧ની સંખ્યાવાળા જે જે સૂર્યમંડળો છે. એ મંડળોને ભરતક્ષેત્રનો સૂર્ય ઐરવત ક્ષેત્રના સૂર્યે ભોગવેલ ક્ષેત્રનો પરિચિત કરે છે. એ જંબૂદ્વીપમાં આ પ્રત્યક્ષ દેખાતો ઐરવત ક્ષેત્રને પ્રકાશિત કરવાવાળો સૂર્ય મધ્ય જંબૂદ્વીપના પૂર્વ પશ્ચિમમાં લાંબી અને ઉત્તરદક્ષિણ તરફ વિસ્તારવાળી પ્રત્યંચા જીવાથી સૂર્યના ભ્રમણ માટે નક્કી કરેલ વૃત્ત નામ ગોળ મંડળને એકસોચોવીસ સંખ્યાવાળા ભાગથી અલગ કરીને ઉત્તરપૂર્વ દિગ્વિભાગની મધ્યમાં અર્થાત્ ઈશાનખૂણાના મંડળના ચોથા ભાગમાં ૯૨ સંખ્યક જે સૂર્યમંડળો હોય છે, એ મંડળોને ઐરવત ક્ષેત્રવર્તિ સૂર્ય પોતે ચીર્ણ કરેલને ફરીથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રતિચરણ કરે છે. એ જ પ્રમાણે દક્ષિણપૂર્વ દિશાની મધ્યમાં મંડળના ચતુ ર્થાંશમાં જે એકાણુ સૂર્યના ભ્રમણ મંડળો છે. એ મંડળોને ફરીથી પ્રતિચરિત કરે છે, ત્યાં પણ ઉત્તર દક્ષિણ ગોળાર્ધના ક્રમથી બે છ માસ થાય છે. તેમાં પહેલાના છ માસમાં ઉત્તર દક્ષિણા ર્ધના મધ્યના મંડળને બે વાર ભોગવે છે અને બીજા છ માસમાં બધી દિશાઓમાં દરેક મંડળોનું એક સૂર્ય પરિભ્રમણ કરે છે. બીજા મંડળનું બીજો સૂર્ય પરિભ્રમણ કરે છે. આ રીતે યાવત્ સર્વાન્તિમ મંડળ પરિપૂર્ણ થાય છે. એ જંબૂદ્વીપમાં નિશ્ચય રૂપથી આ પ્રકાર ના ક્રમથી ઐરવત ક્ષેત્રને પ્રકાશિત કરવાવાળો સૂર્ય ભરતક્ષેત્રને પ્રકાશિત કરવાવાળા સૂર્યના મંડળને, જંબૂદ્વીપમાં લાંબી અને ઉત્તરદક્ષિણ તરફ વિસ્તારવાળી જીવીકા નામ દોરીથી એકસોચોવીસ ભાગ કરીને દક્ષિણપશ્ચિમ મધ્યમાં ચતુર્થભાગમાં જે ૯૨ સૂર્ય મંડળો છે. એ મંડળોને ઐરવત સૂર્ય ભોગવેલ મંડળોને પ્રતિચરિત કરે છે. ઉત્તરપૂર્વ દિશાની મધ્યમાં મંડળના ચતુર્થાંશમાં એકાણુ જે સૂર્યમંડળો છે, એ મંડળોને ભારતનો સૂર્ય ઐરવત ક્ષેત્રના સૂર્યે ચીર્ણ કરેલ ને ફરીથી પ્રતિચરિત કરે છે. એ ભારતનો સૂર્ય અને ઐરવત ક્ષેત્રનો સૂર્ય એમ બેઉ સૂર્યો સર્વાભ્યન્તર મંડળથી બહાર નીકળતાં પરસ્પર ચીર્ણ ક્ષેત્રનું પ્રતિચરણ કરતા નથી. પરંતુ સર્વબાહ્યમંડળથી અનન્તરાભિમુખ એ બેઉ સૂર્ય પરસ્પરના ચીર્ણક્ષેત્રને પ્રતિચરિત કરે છે.

**પાહુડ ૧/૩ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પાહુડ પાહુડ : ૪

[૨૫] આ ભરતક્ષેત્રનો અને ઐરવત ક્ષેત્રનો એમ આ બે સૂર્ય જ્યારે જંબૂદ્વીપમાં જાય છે. ત્યારે એક બીજા કેટલા પ્રમાણનું અંતર કરીને ગતિ કરે છે ? બન્ને સૂર્યોના એક બીજાના અંતર સંબંધી વિચારણામાં વક્ષ્યમાણ આ છ પ્રતિપત્તીયો પોતપોતાની રૂચી અનુસાર વસ્તુતત્વને નિર્ણય કરવાવાળી અને તીર્થંકરો દ્વારા પ્રતિપાદિત કરવામાં આવેલ છે. એ છ અન્ય તીર્થિકોમાં કોઈ એક આ પ્રમાણેનું કથન કરે છે. એ બન્ને સૂર્યો જ્યારે જંબૂદ્વીપમાં જાય છે. ત્યારે બેઉ સૂર્યનું એક હજાર યોજનનું અંતર કહેલ છે. તથા બીજું એકસો તેત્રીસ યોજનનું અંતર કરીને ગતિ કરે છે. બીજા પ્રકારના અન્યતીર્થિક કહે છે, ભરતક્ષેત્રનો અને ઐરવત ક્ષેત્રનો એમ એ બેઉ સૂર્યો જ્યારે જંબૂદ્વીપમાં ગમન કરે છે, ત્યારે દિવસ અને રાત્રિના ફેરફારથી બે પ્રકારનું તેમનું અંતર થાય છે, તે પૈકી એક અંતર એક હજાર યોજનનું છે અને બીજું અંતર ૧૩૪ યોજન માત્રનું કહેલ છે. કોઈ ત્રીજા પ્રકારના અન્ય તીર્થિકો એવું કહે છે. દિવસ રાતની વ્યવસ્થાથી પોતપોતાના માર્ગમાં સંચરણ કરતા બે સૂર્યોનું બે પ્રકારનું પરસ્પરનું અંતર કહ્યું છે. તેમાં અંતર એક હજાર યોજનનું અને બીજું અંતર ૧૩૫ યોજનનું છે, કોઈ ચોથા મતાવલમ્બી આ પ્રમાણે કહે છે. બે અંતર પૈકી એક બીજા એક સમુદ્રનું જ અંતર કરીને ગતિ કરે છે. કોઈ પાંચમો મતવાદી આ રીતે કહે છે- બે દ્વીપો અને બે સમુદ્રોનું પરસ્પરનું અંતર કરીને પોતાનું ભ્રમણ કરે છે. છઠ્ઠો મતવાદી કહે છે કે, બે અંતરોમાં એક અંતરમાં ત્રણ દ્વીપો અને બીજા અંતરમાં ત્રણ સમુદ્રોનું પરસ્પરમાં અંતર કરીને બેઉ સૂર્યો ગતિ કરે છે. ભગવાન કહે છે- હું કહું છું કે, સૂર્યની ગતિ એક પ્રકારની હોતી નથી. તેમજ તેમના મંડળ એક પ્રકારના હોતા નથી જ્યારે બન્ને સૂર્યો સર્વાભ્યન્તર મંડળમાંથી બહાર નીકળે છે ત્યારે દરેક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મંડળોમાં પાંચ પાંચ યોજન તથા એક યોજનના પાંત્રીસ એકસઠિયા ભાગ પૂર્વ મંડળ-ગત અંતર પ્રમાણમાં દરેક મંડળમાં વધારતા વધારતા બાહ્યમંડળથી આભ્યંતર મંડળ માં પ્રવેશ કરતા આ બન્ને સૂર્યો દરેક મંડળમાં પાંચ પાંચ યોજન અને એક યોજનના પાંત્રીસ એકસઠિયા ભાગ પૂર્વ પૂર્વ મંડળગત અંતર પરિમાણથી ઓછું કરતાં કરતાં ગતિ કરે છે.

આ જંબૂદ્વીપ નામનો દ્વીપ યાવત્ પરીક્ષેપથી કહેલ છે. જ્યારે આ બન્ને સૂર્યો સર્વાભ્યન્તર મંડળમાં જઈને ગતિ કરે છે, તો બન્ને સૂર્ય જ્યારે સર્વાભ્યન્તરમાં પ્રવેશ કરે છે, ત્યારે એક પ્રકારથી ૯૯૦૦૦ યોજન પરસ્પરનું અંતર થાય છે. અને બીજું અંતર એકસો છેંતાલીસ યોજન જેટલું છે. જો એક જ અંતરનો સ્વીકાર કરવામાં આવે તો ૬૪૦ યોજનનું અંતર થાય છે. એક લાખ યોજનના વિષ્કંભ વાળો જંબૂદ્વીપ કહેલ છે આ જંબૂદ્વીપમાં એ બન્ને સૂર્ય એકસોએંસી યોજનના અંતરથી એકબીજા સન્મુખ થઈને ગતિ કરતા થકા આનંદિત થાય છે. ૧૮૦ ને બે થી ગુણવાથી ૩૬૦ થાય છે આને લાખ યોજનની સાથે વ્યાસમાનથી વિશોધિત કરવાથી ૯૯૬૪૦ રહી જાય છે. ત્યારે સર્વાભ્યન્તર મંડળમાં બેઉ સૂર્યના ચરણ કાળમાં પરમપ્રકર્ષ પ્રાપ્ત ઉત્કૃષ્ટથી અઢાર મુહૂર્ત અને છત્રીસ ઘડીનો દિવસ હોય છે. તથા જઘન્ય બાર મુહૂર્ત અને ચોવીસ ઘડીની રાત્રી હોય છે, એ સર્વાભ્યન્તર મંડળમાંથી નીકળતા બન્ને સૂર્યો નૂતન સંવત્સરના પહેલા અહોરાત્રમાં સર્વાભ્યન્તર મંડલની પછીના બીજા મંડલમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે ત્યારે પ્રથમ મંડળના સંચરણકાળની પછી જ્યારે એ બન્ને સૂર્યો સર્વાભ્યન્તર મંડળની પછીના બીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે ત્યારે ૯૯૬૪૫ યોજન અને એક યોજનના પાંત્રીસ એકસઠિયા ભાગ આટલા પ્રમાણનું અંતર કરીને ભરતક્ષેત્ર વર્તી અને ઐરવતક્ષેત્રવર્તી બેઉ સૂર્ય ગતિ કરે છે.અહીયાં એક સૂર્ય સર્વાભ્યન્તર મંડળમાં રહીને અડતાલીસ યોજન અને એક યોજનના એકસઠીયા એક ભાગ તથા બીજા વિષ્કંભના બે યોજન આટલા યોજન સર્વાભ્યન્તર મંડળની પછીના બીજા મંડળમાં ગતિ કરે છે. એજ પ્રમાણે બીજો સૂર્ય પણ ગતિ કરે છે, તેથી બે યોજનને અડતાલીસ અને એક યોજનના એક એકસઠિયા ભાગને બે થી ગુણવામાં આવે તો પાંચ યોજન અને એક યોજનના છત્રીસ એકસઠિયા ભાગ થાય છે. પૂર્વ પૂર્વ મંડળગત પરિમાણ આટલું વધારે અંતર થાય છે. સર્વાભ્યન્તર મંડળથી બીજા બીજા મંડળમાં સંચરણ કરવાના સમયે મુહૂર્તના ક્રમથી દિવસ રાતની વ્યવસ્થા આ રીતે થાય છે. એકસઠિયા બે ભાગ મુહૂર્તથી ન્યૂન અઢાર મુહૂર્ત પ્રમાણવાળો દિવસ હોય છે. તથા મુહૂર્તના એકસઠિયા બે ભાગ અધિક બાર મુહૂર્તની રાત્રી હોય છે. ત્યારે નિષ્ક્રમણ કરતા બેઉ સૂર્ય બીજા અહોરાત્રમાં અભ્યન્તરના ત્રીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે, ત્યારે ૯૯૬૫૧ તથા એક યોજનના એકસઠિયા નવ ભાગનું અંતર કરીને ગતિ કરતા કહ્યા છે. ત્યારે સર્વાભ્યંતર મંડળમાંથી ત્રીજા મંડળના સંચરણ સમયે ૯૯૬૫૧ તથા એક યોજનના એકસઠિયા નવ ભાગનું પરસ્પરમાં અંતર જેમ કરીને ગતિ કરતા કહ્યા છે.

જે અહીયાં એક સૂર્ય સર્વાભ્યન્તરના બીજા મંડળના અડતાલીસ યોજન તથા એક યોજનના એકસઠ ભાગ તથા વિષ્કંભના બે યોજનની ગતિ કરે છે. એ જ પ્રમાણે



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બીજા સૂર્યની ગતિ પણ થાય છે. આનો ગણિતપ્રકાર બે યોજન તથા એક યોજનના એકસઠિયા અડતાલીસ ભાગને બેથી આ રીતે યથોક્ત અંતર પરિમાણ થાય છે, ત્યારે અઢાર મુહૂર્તનો દિવસ થાય છે. એકસઠિયા ચાર મુહૂર્ત ભાગ ઓછા તથા એકસઠિયા ચાર મુહૂર્ત અધિક બાર મુહૂર્તની રાત્રી હોય છે. આ રીતના ઉપાયથી નિષ્ક્રમણ કરતા એવા બન્ને સૂર્યો પછીના મંડળથી તેના પછીના મંડળમાં સંક્રમણ કરતા કરતા પાંચ પાંચ યોજન તથા એક યોજનના એકસઠિયા પાંત્રીસ ભાગ એક એક મંડળમાં એક બીજાના અંતરને વધારતા વધારતા સર્વબાહ્યમંડળને ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે એક લાખ છસો સાઈઠ યોજનનું પરસ્પરમાં અંતર કરીને ગતિ કરે છે. અહીંયા દરેક મંડળમાં પાંચ યોજન તથા એક યોજનના એકસઠિયા પાંત્રીસ ભાગનું અંતર થાય છે. આ રીતના અંતર પરિમાણની વિચારણા કરતાં અભિર્દ્ધિત જણાઈ આવે છે. તેથી સર્વાભ્યન્તર મંડળમાંથી સર્વબાહ્ય મંડળ એકસો ત્યાસી યોજન બરોબર થાય છે. તો જો પાંચ યોજનને એકસો ત્યાસીથી ગુણવામાં આવે તો નવસોપંદર યોજન થાય છે. તથા એક સઠિયા પાંત્રીસની સંખ્યાને જો એકસો એંશી ગણી કરવામાં આવે તો ૬૪૦૫ થાય છે. તેને એકસઠથી ભાગવાથી એકસો પાંચ થાય છે. તે એકસો પાંચની સંખ્યાને પહેલાની યોજન સંખ્યામાં ઉમેરવામાં આવે તો એક હજારને વીસ થાય છે. આ સંખ્યાને સર્વાભ્યન્તરના અંતર પરિમાણમાં ઉમેરવાથી એક લાખ છસો સાઈઠ થાય છે. આ રીતે સર્વ બાહ્યમંડળનું યથોક્તપરિમાણ થઈ જાય છે. ત્યારે ઉત્તમકાષ્ઠાપ્રાપ્ત અઢાર મુહૂર્તની રાત્રી થાય છે અને જઘન્ય બાર મુહૂર્તનો દિવસ થાય છે. આ રીતે પ્રથમ છ માસ કહેલ છે, આજ પહેલા છ માસનું પર્યવસાન છે. ત્યારે પ્રવેશ કરતા બન્ને સૂર્યો બીજા છ માસનો આરંભ કરીને પહેલી અહોરાત્રીમાં બાહ્યાનંતર મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. તે પછી જ્યારે એ બન્ને સૂર્યો બાહ્યના પછીનું ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે, ત્યારે એક લાખ છસો ચોપન યોજન તથા એક યોજનના છત્રીસ એકસઠિયા ભાગનું અંતર કરીને એકબીજા ગમન કરે છે. તેમ સમજવું ત્યારે એક લાખ છસો ચોપન યોજન તથા એક યોજનના એકસઠિયા છવ્વીસ ભાગ પરસ્પરમાં આંટલું અંતર કરીને ગતિ કરે છે. ત્યારે એકસઠિયા બે ભાગ મુહૂર્ત ન્યૂન અઢાર મૂહૂર્તની રાત્રી હોય છે. અને એક સઠિયા બે મુહૂર્ત વધારે બાર મુહૂર્તનો દિવસ થાય છે. આ પ્રમાણેના ઉપાયથી પ્રવેશ કરીને એ બન્ને સૂર્યો તે પછીના મંડલથી તે પછીના મંડળમાં સંક્રમણ કરતા કરતા પાંચ પાંચ યોજન અને એકસોયોજનના એકસઠિયા પાંત્રીસ ભાગ એક એક મંડળમાં એકબીજાના અંતરને ઓછું કરતા કરતા સર્વાભ્યન્તર મંડળમાં જઈને ગતિ કરે છે. જ્યારે એ બન્ને સૂર્ય સર્વાભ્યન્તર મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે ૯૯૬૪૦ યોજનનું પરસ્પરમાં અંતર કરીને ગતિ કરે છે. ત્યારે પરમપ્રકૃર્ષ પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ થાય છે. તથા જઘન્ય બાર મુહૂર્તની રાત હોય છે. આ પ્રમાણે બીજા છ માસ સંબંધી કથન કરેલ છે,

**પાહુડ - ૧/૪ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

**પાહુડપાહુડ-૫**

[૨૬] ત્યાં કેટલા દ્વીપો અને સમુદ્રોનું અંતર કરીને સૂર્ય ગતિ કરે છે ? તે આપ મને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહી. તેમાં આ પાંચ પ્રતિપત્તિયો કહેવામાં આવેલ છે. કોઈ એક પરતીર્થિક પોતાના મતનું સ્વરૂપ બતાવે છે, એક હજાર યોજન તથા એકસો તેત્રીસ યોજન દ્વીપ કે સમુદ્રનું અવગાહન કરીને સૂર્ય ગતિ કરે છે. કોઈ એક પરતીર્થિક આ પૂર્વોક્ત મતનું પ્રતિપાદન કરે છે. બીજો કોઈ પરમતવાદી કહે છે, એક ૨૧૩૪ યોજન પરિમિત દ્વીપ અને સમુદ્રોને વ્યાપ્ત કરીને સૂર્ય ગતિ કરે છે. કોઈ એક ત્રીજો અન્ય મતવાદી કહે છે- ૧૧૩૫ યોજન વાળા દ્વીપ અને સમુદ્રને વ્યાપ્ત કરીને સૂર્ય ગતિ કરે છે. કોઈ એક ચોથો મતાવલબમ્બી કહેવા લાગ્યો અર્ધા દ્વીપ અને સમુદ્રને વ્યાપ્ત કરીને સૂર્ય ગતિ કરે છે, કોઈ એક પાંચમો મતવાદીકહે છે ૧૧૩૩ યોજનના પ્રમાણવાળા દ્વીપ સમુદ્રોને વ્યાપ્ત કરીને સૂર્ય ગતિ કરે છે, તેમાં જેઓ એ પ્રમાણે કહે છે કે એક હજાર એકસો તેત્રીસ યોજન દ્વીપ અને સમુદ્રોનું અવગાહન કરીને સૂર્ય ગતિ કરે છે, તેનો તેમ કહેવાનો હેતુ આ પ્રમાણે છે કે જ્યારે સૂર્ય સર્વાભ્યન્તરમંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે ત્યારે જંબૂદ્વીપને ૧૧૩૩ યોજન સૂર્ય પોતાની ગતિ કરે છે. ત્યારે પરમ પ્રકર્ષને પ્રાપ્ત ઉત્કૃષ્ટથી અઢાર મુહૂર્તનો દિવસ હોય છે. તથા બાર મુહૂર્ત પ્રમાણવાળી જઘન્ય એટલે કે રાત્રી હોય છે. ત્યાં જ્યારે સૂર્ય સર્વબાહ્યમંડળનું ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે લવણસમુદ્રને૧૧૩૩ યોજનનું અવગાહન કરીને ગતિ કરે છે. ત્યારે ઉત્કૃષ્ટા અઢાર મુહૂર્તની રાત્રી હોય છે. તથા જઘન્ય બાર મુહૂર્તનો દિવસ હોય છે. આજ પ્રમાણે એકસો ચોત્રીસ યોજનના પ્રમાણ વિષે અને એકસો પાંત્રીસ યોજનના પ્રમાણ સંબંધમાં પણ સમજી લેવું. એકસો પાંત્રીસ યોજનની અવગાહના ક્ષેત્રના પક્ષમાં પણ સૂર્ય સર્વાભ્યન્તરમંડળમાં આવે ત્યારે દિનમાન અઢાર મુહૂર્ત પ્રમાણવાળો હોય છે. તથા રાત્રિમાન કે બાર મુહૂર્તનું હોય છે.

તેઓમાં જેઓ એવું કહે છે કે અપાર્ધ દ્વીપ અને સમુદ્રોનું અવગાહન કરીને સૂર્ય ગતિ કરે છે. તેમના કહેવાનો અભિપ્રાય એ છે કે અર્ધ અર્ધા ભાગથી રહિત સૂર્ય ત્યાં પોતાની ગતિ કરતો દૃષ્ટિગોચર થાય છે. એ અન્યમતવાદિયો નિમ્નોક્ત પ્રકારથી કહે છે જ્યારે સૂર્ય સર્વાભ્યન્તર મંડળનું ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે અર્ધા જંબૂદ્વીપનું અવગાહન કરીને ગતિ કરે છે. ત્યારે ઉત્તમ કાષ્ટા પ્રાપ્ત અઢાર મુહૂર્તનો દિવસ થાય છે. તથા જઘન્યા બાર મુહૂર્તની રાત હોય છે. આજ પ્રમાણે સર્વબાહ્યમંડલના સંબંધમાં પણ સમજી લેવું વિશેષતા એ છે કે લવણ સમુદ્રના અર્ધા ભાગને છોડીને જ્યારે સૂર્ય અવગાહન કરે છે. ત્યારે પણ દિવસરાત્રીની વ્યવસ્થા એ જ પ્રમાણે કહેવામાં આવેલ છે. તેમાં જેઓ એવું કહે છે કે કોઈ પણ દ્વીપ કે સમુદ્રનું અવગાહન કરીને સૂર્ય ગતિ કરતો નથી. તેઓ વક્ષ્યમાણ કથનના પ્રકારથી કહે છે. જ્યારે સૂર્ય સર્વાભ્યન્તર મંડળનું ઉપ સંક્રમણ કરીને ગતિ કરે છે, ત્યારે તે કોઈ પણ દ્વીપ કે સમુદ્રને અવગાહિત કરીને ગતિ કરતો નથી. તો પણ ત્યારે પરમ પ્રકર્ષ પ્રાપ્ત ઉત્કર્ષથી અઢાર મુહૂર્તનો દિવસ હોય છે, તથા જઘન્યા બાર મુહૂર્તની રાત્રી હોય છે, એજ પ્રમાણેનું સઘળું કથન સર્વબાહ્યમંડળના સંબંધમાં પણ કહેલ સમજવું. વિશેષમાં લવણસમુદ્રને અવગાહિત કરીને પણ સૂર્ય ગતિ કરતો નથી તથા રાત્રિ દિવસની વ્યવસ્થા પણ એજ પૂર્વોક્ત પ્રકારના પ્રમાણે જ છે. કોઈ પરમતવાદી એ પ્રમાણે કહે છે.

[૨૭] હે ગૌતમ હું આ સંબંધમાં કહું છું જ્યારે સૂર્ય સર્વાભ્યન્તરમંડળમાં ઉપસંક્રમણ કરીને એટલે જ્યારે સંચાર કરે છે ત્યારે તે મંડળના ભ્રમણકાળમાં એકસો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એંસી યોજન જંબૂદ્વીપને અવગાહિત કરીને અર્થાત્ ગતિ કરે છે. ત્યારે પરમપ્રકર્ષ પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ હોય છે અને જઘન્યા બાર મુહૂર્તની રાત્રી હોય છે. આજ પ્રમાણે સર્વબાહ્યમંડળમાં સૂર્યના ભ્રમણ કાળમાં પણ સમજી લેવું. વિશેષતા કેવળ રાત્રી દિવસના પ્રમાણની વિષમતા એટલે કે ફેરફારવાળી ગતિને લઈને હોય છે, અહીયાં વિશેષતા એ છે કે-લવણ સમુદ્રમાં એકસો તેત્રીસ યોજનનું અવગાહન કરીને સૂર્ય ગતિ કરે છે, ત્યારે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત અઢાર મુહૂર્ત પ્રમાણવાળી રાત્રી હોય છે અને જઘન્ય બાર મુહૂર્તનો દિવસ હોય છે,

**પાહુડ ૧/૫ ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પાહુડપાહુડ - ૬

[૨૮] હે ભગવન્ ! એક એક રાત્રિ દિવસમાં સૂર્ય પ્રવિષ્ટ થઈને ગતિ કરે છે તેમ કહેવામાં આવેલ છે ? આ વિષયના સંબંધમાં સાત પ્રતિપત્તીયો કહેવામાં આવેલ છે. કોઈ એક તીર્થાન્તરીય કહે છે બે યોજન તથા બેંતાલીસનો અર્ધો ભાગ એવં એક યોજનના એકસો ત્ર્યાશી ભાગ ક્ષેત્રનું એક એક રાત દિવસમાં વિકમ્પન કરતો સૂર્ય પોતાની ગતિ કરે છે, કોઈ બીજો પોતાના મતને પ્રગટ કરે છે. અર્ધ તૃતીય યોજન એક એક રાત દિવસમાં વિકમ્પન કરીને સૂર્ય ગતિ કરે છે. ત્રીજો પરમતવાદી કહે છે ત્રણ ભાગ ઓછા ત્રણ યોજન જેટલા ક્ષેત્રનું એક એક રાતદિવસમાં વિકમ્પન કરીને સૂર્ય ગતિ કરે છે. ચોથો મતવાદી કહેવા લાગ્યો, ત્રણ યોજન અને એક યોજનના સુડતાલીસનો અર્ધો ભાગ તથા એક યોજનનો એકસો ત્ર્યાશીમા ભાગ ક્ષેત્રનું એક એક રાત દિવસમાં વિકંપન કરીને સૂર્ય ગતિ કરે છે. પાંચમો કહે છે. અર્ધુ ચોથું યોજન એક એક રાતદિવસમાં વિકંપન કરીને સૂર્ય ગતિ કરે છે. છઠ્ઠો પરમતવાદી ચાર ભાગ ઓછા ચાર યોજન એક એક રાતદિવસમાં વિકંપન કરીને સૂર્ય ગતિ કરે છે. સાતમો અન્યતીર્થિક કહેવા લાગ્યો ચાર યોજન તથા પાંચમુ યોજન અર્ધુ તથા એક યોજનનો૧૮૭મો ભાગ એક એક અહોરાત્રીમાં વિકમ્પન કરીને સૂર્ય ગતિ કરે છે.

વીતરાગ ભગવાન્ મહાવીરસ્વામી કહે છે- બે યોજન તથા એક યોજનના એકસઠિયા એડતાલીસ ભાગ એક એક મંડળ ક્ષેત્રનું એક એક અહોરાત્રમાં વિકમ્પન કરીને સૂર્ય ગતિ કરે છે. આ જંબૂદ્વીપ નામનો દ્વીપ યાવત્ પરીક્ષેપથી કહેલ છે, તેમાં જ્યારે સૂર્ય સર્વાભ્યન્તર મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે ત્યારે પરમ પ્રકર્ષ પ્રાપ્ત ઉત્કૃષ્ટથી અઢાર મુહૂર્તનો દિવસ થાય છે તથા જઘન્યા બાર મુહૂર્તની રાત્રી થાય છે, નિષ્ક્રમણ કરતો સૂર્ય નવા સંવત્સરને પ્રવર્તાવતો પહેલા અહોરાત્રમાં અભ્યંતરની પછીના મંડળમાં પ્રવેશ કરીને એ મંડળમાંથી બહાર જતો સૂર્ય નવા અયનનો પ્રારંભ કરતો નવા સંવત્સરના પહેલા અહોરાત્રમાં સર્વાભ્યન્તર મંડળની પછીના બહારના બીજા મંડળમાં એટલે કે કર્કાન્ત અહોરાત્ર મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. તે પછી જ્યારે સૂર્ય અભ્યંતરની પછીના મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે ત્યારે બે યોજન અને એક યોજનના એકસઠિયા અડતાલીસ ભાગ એક એક અહોરાત્રમાં વિકંપન કરીને ગતિ કરે છે, ત્યારે અઢાર મુહૂર્તનો દિવસ થાય છે. એક મુહૂર્તના એકસઠિયા બે ભાગ ન્યૂન તથા એકસઠિયા બે ભાગ અધિક બાર મુહૂર્તની રાત્રી થાય છે. તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિષ્ક્રમણ કરતો સૂર્ય બીજી અહોરાત્રમાં ત્રીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. જ્યારે સૂર્ય અભ્યંતર મંડળની પછીના ત્રીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે એક યોજનના એકસઠિયા પાંત્રીસ ભાગ બે રાત દિવસથી વિકંપન કરીને સૂર્ય ગતિ કરે છે,એ વિકંપન ક્ષેત્રમાં જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડળથી ત્રીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે એક યોજનના એકસઠિયા પાંત્રીસ ભાગ આટલા પ્રમાણ વાળા ક્ષેત્રનું બે રાતદિવસથી વિકંપન કરીને ગતિ કરે છે. ત્યારે ત્યાં અઢાર મુહૂર્તનો દિવસ થાય છે. એકસઠિયા ચાર ભાગ ન્યૂન તથા એકસઠિયા ચાર ભાગ અધિક બાર મુહૂર્તની રાત્રી થાય છે, આ પ્રમાણે આ પૂર્વોક્ત કથિત ઉપાયથી નિષ્ક્રમણ કરતો સૂર્ય તદનન્તર મંડળથી તદનન્તર મંડળમાં સંક્રમણ કરતો કરતો બે યોજન તથા એક યોજન ના એકસઠિયા અડતાલીસ ભાગ એક એક અહોરાત્રમાં વિકંપન કરીને સર્વબાહ્યમંડળ માં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યાં જ્યારે સૂર્ય સર્વાભ્યન્તર મંડળ માંથી સર્વબાહ્ય મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે ત્યારે સર્વાભ્યંતર મંડળનું પ્રણિ ધાન કરીને એટલે કે અવધિ રૂપ બનાવીનેએકસો ત્ર્યાશી રાત્રિ દિવસમાં એકસો પંદર યોજન વિકંપન કરીને ગતિ કરે છે, ત્યાં પરમ પ્રકર્ષ પ્રાપ્ત ઉત્કર્ષિકા અઢાર મુહૂર્તની રાત્રિ હોય છે. તથાજઘન્યબાર મુહૂર્તનો દિવસ થાય છે. આ રીતે પ્રથમ દક્ષિણાયનના છ માસ થાય છે.

આ રીતે પ્રથમ દક્ષિણયાનના છ માસનું પર્યવસાન થાય છે. આ રીતે પ્રવેશ કરતો સૂર્ય બીજા છ માસને પ્રાપ્ત કરીને તેના પહેલા અહોરાત્રમાં બાહ્યમંડળની પછીના મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યાં જ્યારે સૂર્ય સર્વબાહ્યમંડળની પછીના મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે, ત્યારે બે યોજન અને એક યોજનના એકસઠિયા અડતાલીસ ભાગ એક એક રાતદિવસમાં વિકંપન કરીને ગતિ કરે છે. ત્યારે અઢાર મુહૂર્તની એકસઠિયા બે મુહૂર્ત ભાગ ન્યૂન રાત્રી હોય છે અને એકસઠિયા બે મુહૂર્ત ભાગ અધિક બાર મુહૂર્તનો દિવસ હોય છે. ત્યાં પ્રવેશ કરતો સૂર્ય બીજા અહોરાત્રમાં સર્વ બાહ્યમંડળની પછીના ત્રીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. જ્યારે સૂર્ય બાહ્ય મંડળના ત્રીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ છે. ત્યારે ત્યારે પાંચ યોજન તથા એક યોજનના એકસઠિયા પાંત્રીસ ભાગ બે રાત દિવસમાં વિકંપન કરીને સૂર્ય ગતિ કરે છે. રાત્રિમાન અને દિવસમાન ત્રીજા મંડળના સંચરણ સમયે પહેલાં કહ્યા પ્રમાણે જ છે. તેમ સમજી લેવું. આ પ્રમાણે પૂર્વ કથિત્ત ઉપાયથી પ્રવેશ કરતો સૂર્ય એ અનંતરના મંડળથી તેના પછીના મંડળમાં સંક્રમણ કરતો કરતો બે યોજન તથા એક યોજનના એકસઠિયા અડતાલીસ ભાગ એક એક રાત્રિ દિવસથી વિકંપન કરીને સર્વાભ્યન્તર મંડળનું ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યાં જ્યારે સૂર્ય સર્વબાહ્યમંડળમાંથી સર્વાભ્યંતર મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે સર્વબાહ્યમંડળનું પ્રણિધાન એટલે કે અવધિ કરીને એકસો ત્ર્યાશી રાત્રિ દિવસથી એકસો પંદર યોજનનું વિકંપન કરીને ગતિ કરે છે. ત્યારે ત્યાં પરમ પ્રકર્ષપ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ હોય છે. તથા જઘન્યા બાર મુહૂર્ત પ્રમાણની રાત્રી હોય છે. આ પ્રમાણે આ બીજા છ માસનું પર્યવસાન એટલે કે સમાપ્તિ થાય છે. આ રીતે આ આદિત્યસંવત્સર કહેલ છે.

**પાહુડ ૧/૬ ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પાહુડપાહુડ-૭

[૨૯] મંડલોના સંસ્થાનની વ્યવસ્થા કઈ રીતે કહેવામાં આવેલ છે ? તે આપ મને કહો ,મંડળ સંસ્થિતિના વિષયમાં આઠ પ્રકારની પ્રતિપત્તિ કહેલ છે કોઈ એક કહે છે કે એ બધા મંડળવત્તા સમચતુરસ્ર સંસ્થાનસંસ્થિત બીજો કોઈ એક કહે છે, બધી જ મંડળ વત્તા વિષમ ચતુરસ્ર સંસ્થાનવાળી કહેલ છે. ત્રીજો કોઈ બધી મંડલવત્તા સમચતુષ્કોણ વાળી કહે છે. કોઈ ચોથો કહે છે કે બધી મંડળવત્તા વિષમ ચતુષ્કોણ સંસ્થાનથી સંસ્થિત છે. કોઈ પાંચમો કહે છે- આ બધી મંડલવત્તા સમચક્રવાલ સંસ્થિત કહેલ છે. છઠો કહે છે, એ બધી મંડલવત્તા એટલે કે ચંદ્રાદિ ગ્રહોના વિમાન વિષમચક્રવાલ સંસ્થિત છે. સાતમો એ બધી મંડલવત્તા અર્ધચક્રવાલસંસ્થિત કહે છે. આઠમો એ બધી મંડળવત્તા ઉંચા કરેલ છત્રના આકાર જેવા આકારવાળી કહેલ છે, એ પરમતવાદીયોમાં જેઓ એમ કહે છે કે એ બધી મંડળવત્તા છત્રાકારથી સંસ્થિત કહેલ છે તે મારા મતની તુલ્ય જ દેખાય છે. આ પૂર્વોક્ત આઠમા મતાન્તરવાદીના મતના કથન પ્રમાણે બધા ચંદ્રાદિ વિમાનોનું જ્ઞાન જ્ઞાતવ્ય પ્રકારથી સારી રીતે જાણી લેવું. આ પૂર્વોક્ત નય રૂપ ઉપાય વિશેષથી નિશ્ચિત પ્રકારથી યથાર્થ વસ્તુતત્વનો બોધ થાય છે.

**પાહુડ - ૧/૭ ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પાહુડપાહુડ-૮

[૩૦] હે ભગવન્ બધા મંડળપદ કેટલા બાહલ્યવાળા અને કેટલા આયામ વિષ્કંભવાળા તથા કેટલા પરિક્ષેપવાળા કહેવામાં આવેલ છે, તે આપ મને કહો. હે ગૌતમ ! તમે પ્રશ્ન કરેલ વિષયમાં આ ત્રણ પ્રતિપત્તિયો કહેલ છે. એ ત્રણ પ્રકારના પહેલો પરમતવાદી એ તમામ મંડળપદો બાહલ્યથી એક યોજન તથા એક ૧૧૩૩ યોજન આયામવિષ્કંભથી તથા ૩૩૯૯ યોજન પરિક્ષેપથી કહેલ છે. વિષ્કંભના વર્ગને દસગણા કરવાથી વૃત્તનો પરિચય થાય છે, આ નિયમાનુસાર ત્રણનો વર્ગ નવ થાય છે. કંઈક વધારે ત્રણનો વર્ગ દસ થાય છે. અવય વવાળાનો વર્ગ પૂર્ણાંક થતો નથી પરંતુ સાવયવ જ થાય છે. તેથી સાત વિષ્કંભની સ્થૂલ પરિધિ ૨૨ તથા સૂક્ષ્મ પરિધિ સાધિક ૨૧ થાય છે. બીજો પરતીર્થિક કહેવા છે એ બધા મંડળ પદ બાહલ્યથી એક યોજન ૧૧૩૪ યોજન આયામ વિષ્કંભથી તથા ૩૪૦૨ યોજન પરિક્ષેપ પરિમાણથી કહેલ છે. કોઈ એક ત્રીજા મતવાદી કહેવા લાગ્યો એક યોજન બાહુલ્યથી ૧૧૩૫ યોજન આયામવિષ્કંભથી ૩૪૦૫ યોજન પરિક્ષેપથી કહેલ છે, હવે ભગવાન્ કહે છે- આ બધા મંડળપદો એક યોજનના એકસઠિયા અડતાલીસ ભાગ બાહલ્યથી અનિયતપણાથી આયામવિષ્કંભ અને પરિક્ષેપથી કહેલા છે. તેમ કહેવું.

હે ભગવન્ ! મંડળપદોમાં આયામવિષ્કંભ અને પરિક્ષેપના અનિયતપણાથી હોવામાં શું હેતું છે ? આ જંબૂદ્વીપ નામનો દ્વીપ યાવત્ પરિક્ષેપથી કહેલ છે. જ્યારે સૂર્ય સર્વાભ્યંતરમંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે એ બધા મંડળપદો એક યોજનના એકસઠિયા અડતાલીસ ભાગ બાહુલ્યથી તથા નવ્વાણુ હજાર છસો ચાળીસ યોજન આયામ વિષ્કંભથી અને ત્રણ લાખ પંદર હજાર નેવાસી યોજનથી કંઈક વિશેષા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધિક પરિક્ષેપથી કહેલ છે. ત્યારે પરમપ્રકર્ષ પ્રાપ્ત ઉત્કર્ષ અઢાર મુહૂર્તનો દિવસ થાય છે તથા જઘન્યા બાર મૂહૂર્તની રાત્રી હોય છે. તે નિષ્ક્રમણ કરતો સૂર્ય નવા સંવત્સરને પ્રાપ્ત કરીને પ્રથમ અહોરાત્રમાં અભ્યન્તરાનંતર મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. જ્યારે સૂર્ય આભ્યંતર મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે તે મંડળપદ એક યોજનના એક એકસઠિયા અડતાલીસ ભાગ બાહલ્યથી અને ૯૯૬૫૪ યોજન તથા એક યોજનના એકસઠિયા પાંત્રીસ ભાગો આયામ વિષ્કંભથી તથા ત્રણ લાખ પંદર હજાર એકસો યોજનથી કંઈક વધારે પરિક્ષેપથી થાય છે, બીજા મંડળના ચાર ચરણ સમયમાં દિવસરાત્રી પ્રમાણ પહેલાના કથન પ્રમાણે જ છે. નિષ્ક્રમણ કરતો એ સૂર્ય બીજા અહોરાત્રમાં અભ્યન્તરાન્તરના ત્રીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. જ્યારે સૂર્ય અભ્યંતરના ત્રીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે તે મંડળપદ એક યોજનના અડતાલીસ એકસઠિયા ભાગ બાહલ્યથી થાય છે. તથા ૯૯૬૫૧ યોજન અને એક યોજનના નવ એકસઠિયા ભાગ આયામવિષ્કંભથી અને ૩૧૫૧૨૫ યોજન પરિક્ષેપથી કહેલ છે. ત્યારે દિવસરાતની વ્યવસ્થા પણ એજ પ્રકારથી થઈ જાય છે. આ પ્રકારથી એ ઉપાયથી અર્થાત્ નયથી નિષ્ક્રમણ કરતો સૂર્ય એ પછીના મંડળમાંથી તેના પછીના મંડળમાં એટલે કે એક મંડળમાંથી બીજા મંડળમાં ઉપસંક્રમણ કરતા કરતા પાંચ યોજન અને એક યોજનના એકસઠિયા પાંત્રીસ ભાગ એક એક મંડળમાં વિષ્કંભને વધારતા વધારતા અઢાર અઢાર યોજન પરિરયની વૃદ્ધિ કરતા કરતા સર્વબાહ્ય મંડળમાં જઈને ગતિ કરે છે. જ્યારે સૂર્ય સર્વબાહ્યમંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે એ મંડળપદ એક યોજનના અડતાલીસ એકસઠિયા ભાગો બાહલ્યથી તથા એક લાખ છસો સાઠ યોજન આયામવિષ્કંભથી તથા ત્રણ લાખ અઢાર હજાર ત્રણસો પંદર પરિક્ષેપથી કહેલ છે. ત્યારે ઉત્કૃષ્ટા અઢાર મુહૂર્તની રાત્રી થાય છે અને જઘન્ય બાર મુહૂર્તનો દિવસ થાય છે. આ રીતે પ્રથમ છ માસ કહેલ છે અને આજ પહેલા છ માસની સમાપ્તિનો સમય છે.

આ રીતે પ્રવેશ કરતો સૂર્ય બીજા છ માસને પ્રાપ્ત કરીને પ્રથમ અહોરાત્રમાં બાહ્યાનંતર મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે. જ્યારે સૂર્ય સર્વબાહ્યમંડળની પછીના મંડળમાં ઉપસં ક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે તે મંડળપદ એક યોજનના અડતાલીસ એકસઠિયા ભાગ બાહલ્યથી થાય છે. તથા એક લાખ છસો ચોપન યોજન તથા એક યોજનના છવ્વીસ એકસઠિયા ભાગ આયામ અને વિષ્કંભથી તથા ૩૧૮૨૫૭ પરિક્ષેપથી કહેલ છે. ત્યારે રાત્રિદિવસનું પરિમાણ એજ પ્રમાણે થાય છે. એ પ્રવેશ કરતો સૂર્ય બીજી અહોરાત્રમાં બાહ્યમંડળના ત્રીજા મંડળમાં પ્રવેશ કરીને ગતિ કરે છે. જ્યારે સૂર્ય બાહ્યમંડળના ત્રીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે ત્યારે તે મંડળપદ એક યોજનના અડતાલીસ એકસઠિયા ભાગ બાહલ્યથી થાય છે. તથા એક લાખ છસો અડતાલીસ યોજન તથા એક યોજનના બાવન એકસઠિયા ભાગ આયામવિષ્કંભથી થાય છે. એ ત્રીજા મંડળના સંચરણ સમયમાં રાતદિવસનું પરિમાણ પૂર્વોક્ત કથન પ્રમાણે જ થાય છે, આ પ્રમાણેના ઉપાયથી મંડલાભિમુખ ગતિ કરતો સૂર્ય તેની પછીના મંડળથી તેની પછીના મંડળમાં એટલે કે એક મંડળથી બીજા મંડળમાં ગમન કરતો કરતો પાંચ પાંચ યોજન તથા એક યોજનના પાંત્રીસ એકસઠિયા ભાગ જેટલી એક એક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મંડળમાં વિષ્કંભની વૃદ્ધિ કરતો કરતો તથા પરિધિના પ્રમાણમાં અઢાર અઢાર યોજન પરિરયને વધારતો વધારતો સર્વાભ્યંતર મંડળમાં જઈને ગતિ કરે છે જ્યારે સૂર્ય સર્વાભ્યન્તરમંડળમાં જઈને ગતિ કરે છે ત્યારે એ મંડળસ્થાન એક યોજનના અડતાલીસ બાસઠિયા ભાગ બાહલ્યથી થાય છે. તથા ૯૯૬૪૦૦ યોજન આયમવિષ્કંભથી ૩૧ ૫૦૭૯યોજનથી કંઈક વિશેષાધિક પરિક્ષેપથી કહેલ છે. ત્યારે ઉત્તમકાષ્ઠાપ્રાપ્ત ઉત્કર્ષક અઢાર મુહૂર્તનો દિવસ થાય છે, અને જઘન્યા બાર મુહૂર્તની રાત્રી હોય છે. આ બીજા છ માસનો પર્યવસાનકાળ છે. આજ આદિત્યસંવત્સર છે. અને આજ આદિત્ય સંવત્સરનો પર્યવસાનકાળ છે.

એ બધા મંડળપદો એક યોજનના અડતાલીસ એકસઠિયા ભાગ બાહલ્યથી થાય છે. બધા જ મંડળના અંતરો બે યોજનના વિષ્કંભવાળા કહેલા છે. આ માર્ગ એકસો ત્યાશીથી ગુણવાથી પાંચસો દસ યોજન થાય છે. આ પ્રમાણે ઉપદેશ કરવો આભ્યંતર મંડળથી બાહ્યમંડળપદ અને બાહ્યમંડળપદથી આભ્યંતરત્તરમંડળપદ આ પ્રમાણેનો આ માર્ગ કેટલો કહેલ છે ? તે મને કહો એકસો પંદર યોજન તથા એક યોજનના એકસઠિયા અડતાલીસ ભાગ કહેલ છે. તેમ કહેવું. સર્વાભ્યંતરમંડલપદથી સર્વબાહ્ય મંડળ પદ તથા સર્વબાહ્યમંડળપદથી સર્વાભ્યંતરમંડળપદ રૂપ માર્ગકેટલા પ્રમાણનોકહેલછે ? સર્વાભ્યન્તરમંડળસ્થાનથી સર્વબાહ્યમંડળ સ્થાન અને સર્વબાહ્યમંડળપદથી સર્વભ્યંતરમંડળસ્થાનરૂપ માર્ગ એકસો પંદર યોજન અને એક યોજનના એકસઠિયા તેર ભાગ પ્રમાણનો કહેલ છે. તેમ સમજાવવું.

**પાહુડ - ૧/૮ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

**પાહુડ-૧ - ગુર્જરછાયાપૂર્ણ**

## પાહુડ-૨

### —: પાહુડપાહુડ - ૧ :—

[૩૧] હે ભગવન્ સૂર્યનું તિર્યક્ ગમન કઈ રીતે થાય છે ? આ વિષયના સંબંધમાં આઠ પ્રતિપત્તીયો છે. કોઈ એક પરતીર્થિક કહે છે, પૂર્વ દિશાના લોકાન્તથી પ્રભાત કાલનો સૂર્ય આકાશમાં ઉદિત થાય છે, તે આદિત્ય આ સમગ્ર જગતને તિર્યક્ કરે છે અને તિર્યક્ કરીને પશ્ચિમલોકાન્તમાં સાયંકાળના સમયે રાત્રી થતાં આકાશમાં અસ્ત થાય છે. બીજો અન્યમતવાદી કહેવા લાગ્યો પૂર્વ દિશાના લોકાન્તથી પ્રાતઃકાળમાં સૂર્ય આકાશમાં ઉદિત થાય છે, એ સૂર્ય આ તિર્યક્લોકને તિર્યક્ કરે છે. એટલે કે પ્રકાશિત કરે છે. પ્રકાશિત કરીને પશ્ચિમલોકાન્તમાં આકાશમાં અદૃશ્ય થઈ જાય છે. ત્રીજો મતવાદી પોતાનું મંતવ્ય દર્શાવે છે. આ સૂર્ય પૂર્વ દિશાના લોકાન્તથી પ્રભાત સમયમાં આકાશમાં ઉપરની તરફ જઈને તે આ તિર્યક્લોકને તિર્યક્ કરે છે, અને તિર્યક્ કરીને પશ્ચિમ લોકાન્તમાં સાંજના સમયે નીચે પરાવર્તિત થાય છે. અને નીચેની તરફ આવીને પાછા પૃથ્વીના બીજા ભાગમાં પૂર્વ દિશાના લોકાન્તથી પ્રાતઃકાળ થતાં આકાશમાં ઉદય પામે છે. ચોથો કોઈ એક તીર્થાન્તરીય કહેવા લાગ્યો પૂર્વ દિશાના લોકાન્તથી પ્રાતઃકાળમાં સૂર્ય પૃથ્વીકાયમાં ઉદય પામે છે, તે આ તિર્યક્લોકને તિર્યક્ કરે છે. અને તિર્યક્ કરીને

Jain Site जैनम् जयति शासनम्

પશ્ચિમ દિશાના લોકાન્તમાં સાંજના સમયમાં પૃથ્વીકાયમાં અસ્ત પામે છે. પાંચમા મતવાળો કહેવા લાગ્યો પૂર્વ ભાગના લોકાન્તથી પ્રાતઃકાળમાં સૂર્ય પૃથ્વીકાયમાં ઉદિત થાય છે. તે સૂર્ય આ મનુષ્યલોકને તિર્યક્ કરે છે, તિર્યક્ કરીને પશ્ચિમ દિશાના લોકાન્તમાં સાંજના સમયે અસ્તાચલમાં પ્રવેશ કરીને અધોલોકમાં જાય છે, અધોલોકમાં જઈને ફરીથી ત્યાંથી આવીને પૂર્વલો કાન્તમાં પ્રાતઃકાળમાં સૂર્ય પૃથ્વીકાયમાં ઉદિત થાય છે. કોઈ એક છઠ્ઠો તીર્થાન્તરીય કહેવા લાગ્યો. પૂર્વ દિશાવર્તી લોકાન્તથી સૂર્ય અપ્કાયમાં ઉદિત થાય છે, એ સૂર્ય આ મનુષ્ય લોકને તિર્યક્ કરીને પશ્ચિમ દિશાના લોકાન્તમાં એ સૂર્ય અપ્કાયમાં અદૃશ્ય થાય છે. સાતમો કોઈ એક તીર્થાન્તરીય કહેવા લાગ્યો. પૂર્વ દિશાના લોકાન્તથી પ્રભાતકાળમાં સૂર્ય સમુદ્રમાં ઉદિત થાય છે. એ સૂર્ય આ તિર્યક્લોકને તિર્યક્ કરે છે. અને તિર્યક્ કરીને પશ્ચિમ લોકાન્તમાં સાંજના સમયે સૂર્ય અપ્કાયમાં પ્રવેશ કરે છે. ત્યાં પ્રવેશ કરી અધોલોકથી પાછો વળીને પૃથ્વીના બીજા ભાગમાં પૂર્વદિશાના લોકાન્તથી પ્રભાતકાળમાં અપ્કાય માં ઉદય પામે છે કોઈ એક આઠમો તીર્થાન્તરીય કહે છે કે પૂર્વ દિશાના લોકાન્તથી બહુ યોજન બહુ સેંકડો યોજન બહુ હજારો યોજન અત્યંત દૂર સુધી ઉપર જઈને પ્રભાતનો સૂર્ય આકાશમાં ઉદય પામે છે. એ સૂર્ય આ દક્ષિણાર્દ્ધ લોકને પ્રકાશિત કરે છે. અને પ્રકાશિત કરીને દક્ષિણાર્ધ લોકમાં રાત્રી કરે છે. પૂર્વ દિશાના લોકાન્તથી બહુ યોજન સેંકડો યોજન બહુ હજારો યોજન ઉપર ઉંચે જઈને પ્રાતઃકાળમાં આકાશમાં ઉદિત થાય છે. શ્રી ભગવાન્ કહે છે કે હે ગૌતમ ! હું આ વિષયમાં વસ્તુની યથાર્થતા સમજીને કહું છું. આ જંબૂદ્વીપ નામના દ્વીપને પૂર્વથી પશ્ચિમ તરફ લાંબી અને ઉત્તર દક્ષિણની તરફ પણ લાંબી એવી જીવા નામ દોરીથી મંડળને એકસો ચોવીસ મંડળથી વહેંચીને દક્ષિણ પૂર્વમાં તથા ઉત્તરદક્ષિણ દિશામાં મંડળના ચોથા ભાગમાં આ રત્નપ્રભા પૃથ્વીના બહુ સમરમણીય ભૂભાગથી આઠસો યોજન ઉપર જઈને આ અવકાશ પ્રદેશમાં બે સૂર્ય ઉદિત થાય છે. ત્યારે દક્ષિણોત્તર દિશાનો જંબૂદ્વીપવાળો ભાગ અર્થાત્ બન્ને ભાગોને તિર્યક્ કરે છે. તિર્યક્ કરીને પૂર્વપશ્ચિમના જંબૂદ્વીપના બે ભાગોમાં રાત્રિ કરે છે, જ્યારે આ પૂર્વપશ્ચિમના બે ભાગને તિર્યક્ કરે છે ત્યારે દક્ષિણઉત્તરના જંબૂદ્વીપના બે ભાગોમાં રાત્રિ થાય છે. આ દક્ષિણ ઉત્તર અને પૂર્વપશ્ચિમ રૂપ જંબૂદ્વીપના બે ભાગોને પ્રકાશિત કરે છે અને પ્રકાશિત કરીને જંબૂદ્વીપ નામના દ્વીપની ઉપર પૂર્વપશ્ચિમ તથા ઉત્તરદક્ષિણની તરફ એકસો ચોવીસ ભાગથી વહેંચીને દક્ષિણપશ્ચિમ અને ઉત્તરપશ્ચિમના ચતુર્થ ભાગ મંડળમાં આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમરમણીય ભૂભાગથી આઠસો યોજન ઉપર જઈને પ્રભાત કાળના બેઉ સૂર્યો આકાશમાં ઉદિત થાય છે.

**પાહુડ ૨/૧ ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પાહુડપાહુડ - ૨

[૩૨] હે ભગવન્ એ મંડળથી બીજા મંડળમાં સંક્રમણ કરતો સૂર્ય કેવી રીતે ગતિ કરે છે ? હે ગૌતમ ! આ વિષયના બે પ્રતિપત્તીયો કહેલ છે. એક આ પ્રમાણે કહે છે. એક મંડળમાંથી બીજા મંડળમાં સંક્રમણ કરતો સૂર્ય ભેદઘાતથી સંક્રમણ કરે છે. બીજો એક અન્ય મતવાદી કહે છે. એક મંડળથી બીજા મંડળમાં સંક્રમણ કરતો સૂર્ય કર્ણકલાથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગતિ કરે છે, ભગવાન્ કહે છે. એક મંડળથી બીજા મંડળમાં સંક્રમણ ભેદઘાતથી એટલે કે ગતિ વિશેષથી ગમન કરે છે. જે અંતરથી એક મંડળથી બીજા મંડળમાં ગમન કરતાં કરતાં સૂર્ય ભેદઘાતથી જાય છે, તે પ્રકારનો સમય આગળ નથી. બીજા મંડળ સુધી ગયા વિના જ મંડળનો ભોગકાળ ન્યૂન થઈ જાય છે. મંડળના પરિભ્ર- મણના ભોગકાળના નિર્ણય કરવામાં બીજો તીર્થાન્તરીય કહે છે. એક મંડળમાંથી બીજા મંડળમાં સંક્રમણ કરતો સૂર્ય કર્ણકળાથી છોડે છે, એના કથનમાં આ વિશેષતા છે, જે અંતરથી એક મંડળમાંથી બીજા મંડળમાં સંક્રમણ કરતો સૂર્ય કર્ણકળાથી છોડે છે, એટલા પ્રમાણની અદ્ધા આગળ જાય છે. આગળ જતો સૂર્ય મંડળકાળને ન્યૂન કરતો નથી. એના મતમાં વિશેષપણું છે. તેમાં જે આ પ્રમાણે કહે છે કે-એક મંડળમાંથી બીજા મંડળમાં સંક્રમણ કરતો સૂર્ય કર્ણકળાથી છોડે છે, આ નયથી ગતિ જાણવી .

**પાહુડ ૨/૨ ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પાહુડપાહુડ - ૩

[૩૩] હે ભગવન્ કેટલા ક્ષેત્રમાં સૂર્ય એક એક મુહૂર્તમાં ગમન કરતો કહેલ છે ? આ વિષયના સંબંધમાં ચાર પ્રતિપત્તિયો છે. પહેલો તીર્થાન્તરીય પોતાનો મત દર્શાવે છે. સૂર્ય એક એક મૂહૂર્તમાં છ છ હજાર યોજનમાં ગમન કરે છે. બીજો કોઈ એક કહે છે, પાંચ પાંચ હજાર યોજન સૂર્ય એક એક મુહૂર્તમાં ગમન કરે છે, ત્રીજો પરમતવાદી કહે છે. સૂર્ય ચાર ચાર હજાર યોજન એક એક મુહૂર્તમાં જાય છે. એક ચોથો મતવાદી કહે છે છ, પાંચ, અથવા ચાર, હજાર યોજન સૂર્ય એક એક મુહૂર્તમાં ગમન કરે છે. આ ચારે મતવાદીયોમાં જે આ પ્રમાણે કહે છે કે-છ, છ હજાર યોજન સૂર્ય એક એક મુહૂર્તમાં જાય છે, તેમના કહેવાનો અભિપ્રાય છે કે-મુહૂર્તમાં સંચરણના સંબંધમાં જે વાદી હવે પછી કહેવામાં આવનાર પ્રકારથી સ્વમત ને કહે છે કે-સૂર્ય છ છ હજાર યોજન એક એક મુહૂર્તમાં જાય છે. જ્યારે સૂર્યસર્વાભ્યન્તર મંડળમાં જઈને ગમન કરે છે ત્યારે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ઉત્કર્ષક અઢારમુહૂર્તનો દિવસ હોય છે અને જઘન્યા બારમુહૂર્તની રાત્રી હોય છે, એ દિવસોમાં એક લાખ આઠ હજાર યોજન પ્રમાણનું તાપક્ષેત્ર હોય છે. જ્યારે સૂર્ય સર્વબાહ્યમંડળમાં ગમન કરે છે ત્યારે ઉત્કૃષ્ટતાવાળી અઢારમુહૂર્ત પ્રમાણની રાત્રી હોય છે અને જઘન્ય બાર મુહૂર્તનો દિવસ હોય છે. યોજન પ્રમાણનું તાપક્ષેત્ર કહેલ છે. ત્યારે સૂર્ય એક એક મુહૂર્તમાં છ છ હજાર યોજન જાય છે.

એ અન્યતીર્થિકોમાં જે એવીરીતે કહે છે કે-સૂર્ય એક એક મુહૂર્તમાં પાંચ પાંચ હજાર યોજન ગમન કરે છે. તેમનું કહેવું આરીતે છે-જ્યારે સૂર્ય સર્વાભ્યન્તર મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે તે વખતે રાત્રિદિવસનું પ્રમાણ એજ પ્રકારનું છે. જ્યારે સૂર્ય સર્વબાહ્યમંડળનું ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે, એ સમયે રાતદિવસનું પ્રમાણ એ જ પ્રમાણે થાય છે. એ દિવસમાં સાઠ હજાર યોજનનું તાપક્ષેત્ર હોય છે. ત્યારે પાંચ પાંચ હજાર યોજનમાં સૂર્ય એક એક મુહૂર્તમાં ગમન કરે છે. એમાં જે એવું કહે છે કે-જ્યારે સર્વાભ્યન્તરમંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે રાતદિવસનું પ્રમાણ એ જ પ્રમાણે છે. એ દિવસમાં બોંત્તેર હજાર યોજન પ્રમાણવાળું તાપક્ષેત્ર થાય છે. તથા જ્યારે સૂર્ય સર્વબાહ્યમંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે ત્યારે રાતદિવસનું પ્રમાણ એ જ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રમાણે કહેલ છે. એ દિવસમાં અડતાલીસહજાર યોજન પ્રમાણવાળું તાપક્ષેત્ર કહેલ છે. એ સમયે સૂર્ય ચાર ચાર હજાર યોજન એક એક મુહૂર્તમાં ગમન કરે છે. એમાં જેઓ એમ કહે છે કે-છ, પાંચ અગર ચાર હજાર યોજન એક એક મુહૂર્તમાં સૂર્ય ગમન કરે છે. એ વાદી નીચે જણાવેલ પ્રકારથી પોતાનો મત પ્રગટ કરે છે. સૂર્ય ઉદય કાળના મુહૂર્તમાં અને અસ્તમનકાળના મુહૂર્તમાં શીઘ્રગતિવાળા હોય છે. ત્યારે એક એક મુહૂર્તમાં છ છ હજાર યોજન પ્રમાણ ગમન કરે છે, ચોથો મતવાદી સૂર્યની ગતિના સંબંધમાં આ રીતે પ્રરૂપણા કરે છે, ઉદય કાળમાં અને અસ્તના સમય સૂર્યમાં શીઘ્રગતિશીલ હોય છે. તેથી એક એક મુહૂર્તમાં છ છ હજાર યોજન જાય છે. તે પછી વચલા તાપક્ષેત્રને પ્રાપ્ત કરીને સૂર્ય મધ્યમ ગતિવાળો થાય છે, ત્યારે એક એક મુહૂર્તમાં પાંચ પાંચ હજાર યોજન ગમન કરે છે. મધ્યમ તાપક્ષેત્રને પ્રાપ્ત કરીને સૂર્ય મંદગતિવાળો થઇ જાય છે. ત્યારે એક એક મુહૂર્તમાં ચાર ચાર હજાર યોજન ગમન કરે છે.

હે ભગવન્ ! આ પ્રમાણેની વસ્તુતત્વની વ્યસ્થા થવામાં શું કારણ છે ? આ જંબૂદ્વીપ નામનો દ્વીપ યાવત્ પરિક્ષેપથી કહેલ છે. જ્યારે સૂર્ય સર્વાભ્યન્તરમંડળમાં જઈને ગતિ કરે છે ત્યારે રાત્રિનું પ્રમાણ એ જ પ્રમાણે થાય છે, એ દિવસમાંએકાણુ હજાર યોજનનું તાપક્ષેત્ર કહેલ છે. જ્યારે સૂર્ય સર્વબાહ્યમંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે, ત્યારે રાત્રિ દિવસનું પ્રમાણ એ જ પ્રમાણેનું હોય છે, એ દિવસમાં એકસઠ હજાર યોજનનું તાપક્ષેત્ર કહેલ છે ત્યારે છ, પાંચ ચાર હજાર યોજન એક એક મુહૂર્તમાં ગમન કરે છે. હવે ભગવાન્ પોતાના મતના સંબંધમાં કથન કરે છે. આ પ્રમાણે કહું છું એ સાતિરેક પાંચ પાંચ હજાર યોજન એક એક મુહૂર્તમાં સૂર્ય ગમન કરે છે. તેમાં શું હેતુ છે તે કહો ! આ જંબૂદ્વીપ નામનો દ્વીપ યાવત્ પરિક્ષેપથી કહેલ છે. જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડળમાં ઉપસંક્રમણ કરીને ગમન કરે છે, ત્યારે પાંચ પાંચ હજાર યોજન અને બસો એકાવન યોજન તથા એક યોજનનો સાઠિયા ઓગણત્રીસમો ભાગ આટલા પ્રમાણથી એક એક મુહૂર્તમાં ગમન કરે છે. ત્યારે અહીંયાં રહેલા મનુષ્યોને ૪૭૨૬૩ તથા એક યોજનના એકસઠિયા એકવીસ ભાગ પ્રમાણ થી સૂર્ય શીઘ્ર દૃષ્ટિગોચર થાય છે. ત્યારે રાત દિવસનું પ્રમાણ એ જ પ્રમાણે થાય છે. નિષ્ક્રમણ કરતો સૂર્ય નવીન સંવત્સરને પ્રાપ્ત કરીને પહેલા અહોરાત્રમાં અભ્યન્તરના પછીના મંડળમાં ઉપસંક્રમણ કરીને ગમન કરે છે. એ સૂર્ય સર્વાભ્યંતર મંડળથી પૂર્વકથિત પ્રકારથી બહાર નીકળીને નવા સંવત્સરને પ્રાપ્ત કરીને નવીન સંવત્સરના પહેલા અહોરાત્રમાં સર્વાભ્યંતર મંડળની પછીના બીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. જ્યારે સૂર્ય સમીપસ્થ મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે ૫૨૫૧ યોજન તથા એક યોજનના સાઠિયા સુડતાલીસ ભાગ એક એક મુહૂર્તમાં ગમન કરે છે. ત્યારે ભરતક્ષેત્રમાં રહેલા મનુષ્યોને ૪૭૧૭૯ યોજન તથા એક યોજનના સાઠિયા સતાવન ભાગ તથા સાઠ ભાગને એકસઠથી છેદીને છેદીને ઓગણીસ ચૂર્ણિકા ભાગોથી સૂર્ય શીઘ્ર ચક્ષુગોચર થાય છે. સર્વાભ્યંતરની પછીના બીજા મંડળના સંચરણ સમયમાં દિવસરાત્રીનું પરિમાણ પૂર્વકથિત પ્રકારથી થાય છે.

નિષ્ક્રમણ કરતો સૂર્ય બીજા અહોરાત્રમાં અભ્યંતરના ત્રીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. સર્વાભ્યંતરમંડળની બહાર નીકળીને ત્રીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને એ ત્રીજા મંડળમાં ભ્રમણ કરે છે. જ્યારે સૂર્ય અભ્યંતરના ત્રીજા મંડળમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે પાંચ હજાર બસો બાવન અને એક યોજનના સાઠિયા પાંચ ભાગ એક એક મુહૂર્તમાં ગમન કરે છે. ત્યારે આ મનુષ્યલોકમાં રહેલા ૪૭૦૯૬ યોજન અને એક યોજનના સાઠિયા તેત્રીસ ભાગ તથા સાઠના એક ભાગને એકસાઠથી છેદીને બે ચૂર્ણિકા ભાગથી સૂર્યશીઘ્ર દૃષ્ટિગોચર થાય છે. આ ઉપાયથી નિષ્ક્રમણ કરતો સૂર્ય તેના પછીના મંડળથી તેના પછીના મંડળમાં ગમન કરતા કરતા એક યોજનના સાઠિયા અઢાર અઢાર ભાગ એક એક મંડળમાં મુહૂર્ત ગતિમાં વધારતા વધારતા ચોર્યાશી યોજનોમાં કંઈક ઓછા પુરૂષ છાયાને વધારતા વધારતા સર્વબાહ્યમંડળમં જઈને ગતિ કરે છે. જ્યારે સૂર્ય સર્વબાહ્ય મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે ૫૩૦૫ યોજન અને એક યોજનના સાઠિયા પંદર ભાગ એક એક મુહૂર્તમાં ગમન કરે છે. ત્યારે અહીંયા રહેલા મનુષ્યોને ૩૧૮૩૧ યોજન અને એક યોજ-નના સાઠિયા તીસ ભાગ પ્રમાણથી સૂર્ય શીઘ્ર દૃષ્ટિગોચર થાય છે. ત્યારે ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તની રાત્રી હોય છે અને જઘન્ય બાર મુહૂર્તનો દિવસ થાય છે. આ રીતે આ પહેલા છ માસ થાય છે, અને એજ પહેલા છ માસનું પર્યવસાન છે. તે પ્રવેશ કરતો સૂર્ય બીજા છ માસને પ્રાપ્ત કરીને પહેલા અહોરાત્રમાં બાહ્યાનંતર મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. જ્યારે સૂર્ય સર્વબાહ્યમંડળની પછીના મંડળમાં ઉપસંક્રમણના કરીને ગતિ કરે છે, ત્યારે ૫૩૦૪ યોજન તથા એક યોજનના એકસઠિયા સતાવન ભાગ એક એક મુહૂર્તમાં ગમન કરે છે. ત્યારે આ મનુષ્યલોકમાં રહેલા મનુષ્યોને ૪૧૯૧૬ યોજન તથા એક એક યોજનના સાઠિયા ઓગણચાલીસ ભાગ તથા સાઠના ભાગને એકસાઠથી છેદીને સાઠ ચૂર્ણિકા ભાગોથી સૂર્ય શીઘ્ર ચક્ષુગોચર થાય છે.

એ બીજા મંડળમાં પ્રવેશ કરતો સૂર્ય બીજા અહોરાત્રમાં બાહ્યમંડળની પછીના ત્રીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. જ્યારે સૂર્ય સર્વબાહ્યમંડળના ત્રીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે ૫૩૦૪ તથા એક યોજનના સાઠિયા ઓગણચાલીસ ભાગ પ્રમાણ એક એક મુહૂર્તમાં ગમન કરે છે. ત્યારે આ મનુષ્યલોક માં રહેલા મનુષ્યોને બત્રીસ હજાર એક યોજન તથા એક યોજનના સાઠિયા ઓગણ-પચાસ ભાગ તથા સાઠ ભાગને એકસઠથી ભાગીને તેવીસ ચૂર્ણિકા ભાગ પ્રમાણથી સૂર્ય શીઘ્ર દૃષ્ટિગોચર થાય છે. રાત્રિ દિવસનું પરિમાણ પહેલાં કહેલ પ્રકારથી જ થાય છે. પૂર્વોક્ત પ્રમાણથી અઢાર મુહૂર્તની રાત્રી હોય છે. અને બાર મૂહૂર્ત પ્રમાણનો દિવસ હોય છે. આ કહેલ ઉપાયથી પ્રવેશ કરતો સૂર્ય એના પછીના મંડળમાં સંક્રમણ કરીને એક યોજનના સાઠિયા અઢાર અઢાર ભાગ એક મંડળમાં મુહૂર્તગતિને ન્યૂન કરીને કંઈક વધારે પંચાસી પંચાસી યોજન પુરૂષછાયાને વધારતા વધારતા સર્વાભ્યન્તરમંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે. જ્યારે સૂર્ય સર્વાભ્યંતરમંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે, ત્યારે ૫૨૫૧ યોજન અને એક યોજનના સાઠિયા અડતાલીસ ભાગ એક એક મુહૂર્તમાં ગમન કરે છે, ત્યારે ત્યાં રહેલા મનુષ્યોને ૪૭૨૬૨ તથા એક યોજનના સાઠિયા એકવીસ ભાગથી સૂર્ય શીઘ્ર દૃષ્ટિગોચર થાય છે. ત્યારે ઉત્તમકાષ્ઠાપ્રાપ્ત ઉત્કર્ષક અઢાર મુહૂર્તનો દિવસ હોય છે અને બાર મુહૂર્તપ્રમાણની રાત્રી હોય છે. આ બીજા છ માસ કહેલ છે. આજ બીજા છ માસનું પર્યવસાન કહેલ છે, આ રીતે આજ આદિત્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંવત્સર છે. અને આજ આદિત્ય સંવત્સરનું પર્યવસાન છે.

પાહુડ ૨/૩ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ

પાહુડ-૨-ગુર્જરછાયાપૂર્ણ

## પાહુડ-૩

[૩૪] ચંદ્ર સૂર્ય કેટલા ક્ષેત્રને અવભાસિતકરેછે?ઉદ્યોતિત કરે છે, તાપિત કરે છે ? અને પ્રકાશિત કરે છે ? હે ભગવન્ તે આપ કહો. એ વિષયમાં આ બાર પ્રતિપત્તિઓ કહેવામાં આવેલ છે. કોઈ એક કહે છે ગમન કરતા ચંદ્ર અને સૂર્ય એક દ્વીપ અને એક સમુદ્રને અવભાસિત કરે છે, ઉદ્યોતિત કરે છે. તાપિત કરે છે. અને પ્રકાશિત કરે છે. કોઈ બીજો કથન કરે છે કે- ત્રણ દ્વીપો અને ત્રણ સમુદ્રોને ચંદ્ર સૂર્ય અવભાસિત કરે છે, ઉદ્યોતિત કરે છે, તાપિત કરે છે, અને પ્રકાશિત કરે છે. ત્રીજો કોઈ પોતાનો મત પ્રકટ કરે છે. અર્ધચતુર્થ દ્વીપોને અને અર્ધ ચતુર્થ સમુદ્રોને ચંદ્ર સૂર્ય અવભાસિત કરે છે, ઉદ્યોતિત કરે છે, તાપિત કરે છે, અને પ્રકાશિત કરે છે, કોઈ ચોથો કહે છે- સાત દ્વીપો અને સાત સમુદ્રોને ચંદ્ર સૂર્ય અવભાસિત કરે છે. ઉદ્યોતિત કરે છે, તાપિત કરે છે, અને પ્રકાશિત કરે છે. કોઈ એક કહે છે- દસ દ્વીપો અને દસ સમુદ્રોને સૂર્ય ચંદ્ર અવભાસિત કરે છે, યાવત્ પ્રકાશિત કરે છે. કોઈ એક છટ્ઠો કહેવા લાગ્યો કે- બાર દ્વીપો અને બાર સમુદ્રોને ચંદ્ર સૂર્ય અવભાસિત કરે છે. યાવત્ પ્રકાશિત કરે છે. કોઈ એક સાતમો કહે છે. બેંતાલીસ દ્વીપો અને બેંતાલીસ સમુદ્રોને ચંદસૂર્ય અવભાસિત કરે છે. ઉદ્યોતિત કરે છે, તાપિત કરે છે, અને પ્રકાશિત કરે છે. આઠમો અન્યતીર્થિક કહેવા લાગ્યો બોંતેર દ્વીપો અને બોંતેર સમુદ્રોને ચંદ્ર સૂર્ય અવભાસિત કરે છે, ઉદ્યોતિત કરે છે, તાપિત કરે છે અને પ્રકાશિત કરે છે. નવમો અન્યમતાવલમ્બી એકસો બેંતાલીસ દ્વીપો અને એ કસો બેંતાલીસ સમુદ્રોને ચંદ્ર સૂર્ય અવભાસિત કરે છે, યાવત્ પ્રકાશિત કરે છે, કોઈ દસમો કથન કરે છે. બોંતેર દ્વીપોને સમુદ્રોને ચંદ્ર સૂર્ય અવભાસિત કરે પ્રકાશિત કરે છે. અગ્યારમો મતવાદી કે- દ્વીપોને સમુદ્રોને ચંદ્ર સૂર્ય અવભાસિત કરે છે, ઉદ્યોતિત કરે છે, તાપિત કરે છે, અને પ્રકાશિત કરે છે. બારમો પોતાનો મત દર્શાવે છે.૧૦૭૨ દ્વીપોને અને ૧૦૭૨ સમુદ્રોને ચંદ્ર સૂર્ય અવભાસિત કરે છે, ઉદ્યોતિત કરે છે, તાપિત કરે છે, અને પ્રકાશિત કરે છે. આ તમામ પ્રતિપત્તિયો મિથ્યા છેભગવાન્ આ કથનથી જુદા પ્રકારે કહે છે-

આ જંબૂદ્વીપ સર્વ દ્વીપ અને સમુદ્રોમાં યાવત્ પરિક્ષેપથી કહેલ છે. તે જંબૂદ્વીપ આ પૃથ્વીમાં સર્વ માન્યતાથી નિર્ણિત થયેલ છે, પૂર્વાપર જંબૂદ્વીપ નામનો દ્વીપ ચારે દિક્ષાઓમાં એક લાખ છપ્પન હજાર નદીયોથી યુક્ત કહેલ છે, જેમ જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ નામના સૂત્રમાં સઘળી રીતે સારી રીતે સમ્યકતયા વર્ણવેલ છે. તેનું સઘળું વર્ણન જોઈ લેવું. જંબૂદ્વીપનામનો આ દ્વીપ પાંચ ચક્ર ભાગોથી સંસ્થિત છે. ગૌતમસ્વામી પૂછે છે- જંબૂદ્વીપ નામનો દ્વીપ પાંચ ચક્રવાલ ભાગોથી સંસ્થિત કેવી રીતે કહેલ છે ? જ્યારે આ બેઉ સૂર્યો સર્વાભ્યંતરમંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે, ત્યારે જંબૂદ્વીપ નામના દ્વીપ પાંચીયા ત્રણ ચક્રવાલ ભાગોને અવભાસિત કરે છે, ઉદ્યોતિત કરે છે, તાપિત કરે છે, અને પ્રકાશિત કરે છે, એક સૂર્ય દ્વયર્ધ પાંચ ચક્રવાબ ભાગને અવભાસિત કરે છે. યાવત્ પ્રકાશિત કરે છે. એક સૂર્ય પાંચ ચક્રવાલ ભાગના એક દ્વયર્ધ ભાગને અવભાસિત કરે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. ઉદ્યોતિત કરે છે. તાપિત કરે છે, અને પ્રકાશિત કરે ત્યારે ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત અઢાર મુહૂર્તનો ઉત્કૃષ્ટ દિવસ હોય છે, તથા જઘન્યા બાર મુહૂર્તની રાત્રી હોય છે. જ્યારે આ બન્ને સૂર્યો સર્વબાહ્યમંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે, ત્યારે જંબૂદ્વીપ નામના દ્વીપના બે ચક્રવાલ ભાગને અવભાસિત કરે છે. ઉદ્યોતિત કરે છે, તાપિત કરે છે અને પ્રકાશિત કરે છે. અર્થાત્ એક સૂર્ય એક પંચમ ચક્રવાલ ભાગને અવભાસિત કરે છે, ઉદ્યોતિત કરે છે. તાપિત કરે છે, અને પ્રકાશિત કરે છે. તથા બીજો સૂર્ય બીજા એક પંચમાંશ ચક્રવાલ ભાગને અવભાસિત કરે છે, ઉદ્યોતિત કરે છે, તાપિત કરે છે, અને પ્રકાશિત કરે છે. ત્યારે ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ઠા અઢાર મુહૂર્તપ્રમાણવાળી રાત્રી હોય છે. અને જઘન્ય બાર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે.

**પાહુડ - ૩ ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પાહુડ - ૪

-[૩૫] શ્વેતની સંસ્થિતિ કેવા પ્રકારની કહેલ છે ? તે આપ કહો. એ શ્વેતતાના વિષયમાં બે પ્રકારની સંસ્થિતિ કહી છે. જે આ પ્રમાણે છે- ચંદ્ર સૂર્યની સંસ્થિતિ અને તાપક્ષેત્રની સંસ્થિતિ ચંદ્ર સૂર્યની સંસ્થિતિ કેવા પ્રકારથી થાય છે ? ભગવાન્ કહે છે કે- હે ગૌતમ ! ચંદ્ર સૂર્ય અને તેમના વિમાનોની સંસ્થિતિના સંબંધમાં વિચાર કરતાં આ વક્ષ્યમાણ પ્રકારની સોળ સંખ્યક અન્ય મત રૂપ પ્રતિપત્તિયો છે. કોઈ એક પ્રથમ મતવાદી છે કે સમતુરસ્ર સંસ્થિત ચંદ્ર સૂર્યની સંસ્થિતિ કહી છે. બીજો કોઇ એક કહે છે કે વિષમ ચતુરસ્ર સંસ્થાનવાળી ચંદ્ર સૂર્યની સંસ્થિતિ કહી છે. કોઇ ત્રીજો કહે છે કે સમતુષ્કોણ સંસ્થિત ચંદ્ર સૂર્યની સંસ્થિતિ કહી છે. કોઇ એક ચોથો મતવાદી વિષમ ચતુષ્કોણ સંસ્થિત ચંદ્ર સૂર્યની સંસ્થિતિ કહી છે. કોઈ એક પાંચમો મતાવલમ્બી કહે છે કે-સમચક્રવાલ સંસ્થિત ચન્દ્ર સૂર્યની સંસ્થિતિ કહેલ છે, છઠ્ઠો મતવાદી કહે છે કે-વિષમ ચક્રવાલ સંસ્થિત ચંદ્ર સૂર્યની સંસ્થિતિ કહેલ છે. સાતમો તીર્થાન્તરીય કહે છે કે-ચક્ર એટલે રથાંગ-રથનું પૈડું તેનો જે અર્ધો ભાગ ચક્રવાલના આકારનો તેના જેવું સંસ્થાન જેવું હોય તેવા પ્રકારની સંસ્થિતિવાળા ચંદ્ર સૂર્ય હોય છે, આઠમો મતવાદી કહે છે કે-ચંદ્ર સૂર્યની સંસ્થિતિ છત્રાકારે રૂપે હોય છે. નવમો કહે છે કે-ચંદ્ર સૂર્યની સંસ્થિતિ ગેહાકારથી સંસ્થિત એટલે કે વાસ્તુવિધિ વિધાનથી બનેલા ઘરના જેવા સંસ્થાનવાળી ચંદ્ર સૂર્યની સંસ્થિતિ હોય છે. કોઈ એક એ પ્રમાણે કહે છે કે-પ્રાસાદ સંસ્થિત ચંદ્ર સૂર્યની સંસ્થિતિ કહી છે, કોઇ એક બારમો તીર્થાન્તરીય ગોપુરાકારથી ચંદ્ર સૂર્યની સંસ્થિતિ કહેલ છે તેમ કહે છે. કોઈ એક મતવાદી કહે છે કે સૂર્ય ચંદ્રની સંસ્થિતિ પ્રેક્ષાગૃહની જેમ સંસ્થિત છે, કોઈ એક ચંદ્ર સૂર્યની સંસ્થિતિ વલભી જેવી કહે છે. કોઇ એક કહે છે કે હર્મ્યતલના જેવી ચંદ્ર સૂર્યની સંસ્થિતિ કહેલ છે, કોઈ એક એવું કહે છે કે વાલાગ્ર પોતિકાના જેવા સંસ્થાનથી યુક્ત ચંદ્ર સૂર્યની સંસ્થિતિ કહેલ છે. તેઓમાં જે એમ કહે છે કે-ચંદ્ર સૂર્યની સંસ્થિતિ સમચતુરસ્રાકારથી સંસ્થિત કહેલ છે. આ પહેલા અન્ય મતવાદીનું કથન છે. આ નયથી જાણવું બીજાથી નહીં.

ભગવાન્ તાપક્ષેત્રના સંબંધમાં અન્યતીર્થિકોના મતાન્તરો રૂપ પ્રતિપત્તિયોને બતાવતાં કહે છે- તાપક્ષેત્ર સંસ્થિતિના સંબંધમાં આ વક્ષ્યમાણ સોળ પ્રતિપત્તિયો કહેલ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. એ સોળ પરતીર્થિકોમાં એક પહેલો તીર્થાન્તરીય આ પ્રમાણે ચંદ્ર સૂર્યના તાપક્ષેત્રની સંસ્થિતિના સંબંધમાં કહે છે કે ચંદ્ર સૂર્યના તાપક્ષેત્રની સંસ્થિતિ વાસ્તુવિધિથી કરવામાં આવેલ ઘરના સમાન કહેલ છે. આ પ્રમાણે વાલાગ્રપોતિકાના સંસ્થાન જેવી તાપક્ષેત્રની સંસ્થિતિ કહેલ છે, કોઈ એક બીજો મતાન્તરવાદી આ પ્રમાણે કહે છે કે ગેહાપણ સંસ્થિત તાપક્ષેત્રની સંસ્થિતિ કહેલ છે. કોઇ ત્રીજો અન્યમતવાદી કહે છે કે પ્રાસાદની જેમ સંસ્થિત તાપક્ષેત્રની સંસ્થિતિ કહી છે. કોઈ ચોથો મતાવલંબી કહે છે કે ગોપુરના સંસ્થાન જેવી તાપક્ષેત્રની સંસ્થિતિ કહી છે, છઠ્ઠો કોઈ એક મતવાદી કહે છે કે વલભીના સંસ્થાનની જેમ તાપક્ષેત્રની સંસ્થિતિ કહેલ છે. કોઈ એક સાતમો તીર્થાન્તરીય કહે છે કે હર્મ્યતલના જેવા સંસ્થાનથી સંસ્થિત તાપક્ષેત્રની સંસ્થિતિ કહેલ છે કોઈ કહે છે કે-વાલાગ્રપોતિકાના સંસ્થાનથી સંસ્થિત તાપક્ષેત્રની સંસ્થિતિ કહી છે. કોઈ એક કહે છે કે જેવી રીતે આ જંબૂદ્વીપ સંસ્થિત છે, એવા જ પ્રકારના સંસ્થાનથી તાપક્ષેત્રની સંસ્થિતિ પ્રજ્ઞપ્ત કરેલ છે. કોઈ એમ કહે છે કે જેવા સંસ્થાનથી આ ભારત વર્ષ સંસ્થિત છે એ સંસ્થાનથી તાપક્ષેત્રની સંસ્થિતિ કહેલ છે. કોઈ ઉદ્યાનના સંસ્થાનની જેમ સંસ્થિત જેનું હોય એવા પ્રકારથી તાપક્ષેત્રની સંસ્થિતિ કહેલ છે. કોઈ એક કહે છે કે- નિર્યાણના સંસ્થાનના જેવી તાપક્ષેત્રની સંસ્થિતિ કહેલ છે કોઈ એક મતવાદી કહે છે કે- એકતઃ નિષધ સંસસ્થાનથી સંસ્થિત તાપક્ષેત્રની સંસ્થિતિ કહી છે, કોઈ એક મતવાદી કહે છે કે-રથના બન્ને પાર્શ્વ ભાગોમાં રહેલ નિષધાન જેવા સંસ્થાનથી તાપક્ષેત્રની સંસ્થિતિ કહેલ છે. કોઈ એક કહે છે કે જેવી રીતે શ્યેનક નામના પક્ષિનું સંસ્થાન હોય છે. એ પ્રમાણેની તાપક્ષેત્રની સંસ્થિતિ હોય છે. કોઈ એક કહે છે કે શ્યેનક પક્ષીના પીઠના ભાગ જેવી તાપક્ષેત્રની સંસ્થિતિ હોય છે.

હું આ વિષયના સંબંધમાં આ પ્રમાણે કહું છું ઉર્ધ્વમુખ કલંબુકા પુષ્પના સંસ્થાન જેવી તાપક્ષેત્રની સંસ્થિતિ કહી છે. અંદર સંકુચિત બહારની બાજું વિસ્તૃત અંદર ગોળ તથા બહાર વિસ્તારવાળું અંદર અંક મુખના જેવું સંસ્થિત અને બહાર સ્વસ્તિકના મુખ સરખું સંસ્થિત બન્ને બાજુમાં તેના બે વાહાઓ અવસ્થિત થાય છે, તથા ૪૫-૪૫ હજાર યોજન આયામથી એના બન્ને પડખાઓ અવસ્થિત હોય છે. ભગવાન કદંબના પુષ્પની સંસ્થિતિને બતાવે છે- ૪૫-૪૫ હજાર યોજનનો આયામ છે એ તાપક્ષેત્ર સંસ્થિતિની બે વાહા અવસ્થિત હોય છે તે આવી રીતે છે- જેમ કે એક સર્વાભ્યંતરની અને બીજી સર્વબાહ્ય મંડળની વાહા તો તેવી રીતે એ વાહાઓ હોવાનું શું કારણ છે ? સર્વાભ્યન્તરની વાહા જે મેરૂ સમાન વિષ્કંભને વ્યાપ્ત કરીને જે વાહા હોય છે તે સર્વાભ્યન્તર વાહા કહેવાય છે તે વાહા પદથી, ઝરણાઓના ગમનથી જાણવામાં આવે છે, તથા જે જંબૂદ્વીપના પર્યન્ત ભાગમાં વિષ્કંભને અધિકૃત કરીને લવણ સમુદ્રની દિશામાં જે વાહા એટલે કે અયનગતિ થાય છે. તે સર્વબાહ્ય પદથી ઓળખાય છે. આ જંબૂદ્વીપ નામનો દ્વીપ યાવત્ પરિક્ષેપથી કહેલ છે. તો જ્યારે સૂર્ય સર્વાભ્યંતરમંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે, ત્યારે ઉર્ધ્વમુખ કલંબુક પુષ્પની સંસ્થિતિ જેવી તાપક્ષેત્રની સંસ્થિતિ કહેલ છે, તેમ કહેવું. આ સંસ્થિતિ અંદરની તરફ સંકુચિત બહારની તરફ વિસ્તારવાળી અંદર વૃત્ત બહાર પૃથુલ અંદર અંકમુખની સમાન સંસ્થિત અને બહાર સ્વસ્તિકના મુખની જેમ સંસ્થિત બન્ને પાર્શ્વોમાં તાપક્ષેત્રસંસ્થિતિનું કથન પૂર્વોક્ત પ્રકારથી જ યાવત્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સર્વબાહ્ય વાહા પર્યન્ત કહેવું. એ સર્વાભ્યન્તરમંડળની વાહા મેરૂપર્વતની સમીપ ૯૪૮૬ યોજન તથા એક યોજનના નવ દસ ભાગ પરિધિરૂપે તાપક્ષેત્રની સંસ્થિતિ મેં કહેલ છે, તેથી તમે પણ તમારા શિષ્યોને એ જ પ્રમાણે કહો. એ તાપક્ષેત્ર વિશેષ શા

કારણથી તે પ્રમાણથી યુક્ત કહેલ છે ? ભગવાન્ કહે છે. જે મંદર પર્વતનો, પરિક્ષેપ છે, એ પરિક્ષેપને ત્રણથી ગુણીને દસથી ભાગે તેનો જે ભાગ આવે તે પરિક્ષેપવિશેષનું પરિમાણ થાય છે તેમ કહેવું. તેની સર્વબાહ્ય વાહા લવણસમુદ્રના અંતમાં૯૪૮૬૮ યોજન તથા એક યોજનના ચાર દસ ભાગ થાય છે. એ પ્રમાણે પોતાના શિષ્યોને કહેવું. એ પરિક્ષેપ વિશેષ શા માટે કહેલ છે ? ભગવાન્ કહે છે કે- જંબૂદ્વીપ નામના દ્વીપના પરિક્ષેપને ત્રણથી ગુણીને દસથી છેદ કરવો પછી દસથી ભાગવા એ રીતે પરિક્ષેપવિશેષનું પ્રમાણ કહેલ છે તેમ પોતાના શિષ્યોને કહેવું. એ તાપક્ષેત્ર કેટલા પ્રમાણ આયામવાળું કહેલ છે ? ઉત્તરમાં ભગવાન્ કહે છે૭૮૩૩૩ યોજન અને એક યોજનનો એક દ્વિતીયાંશ યોજન આયામથી એટલે કે દક્ષિણ ઉત્તર દિશાની તરફ લંબાઇવાળું કહેલ છે, તેમ સ્વશિષ્યોને કહેવું. ત્યારે અંધકારસંસ્થિતિ કેવી રીતે સંસ્થિત કહેલ છે, તે આપ કહો ઉત્તર આપતાં ભગવાન્ કહે છે કે ઉંચા મુખવાળા કલંબુકાપુષ્પના સંસ્થાનની જેમ સંસ્થિત યાવત્ બાહ્ય વાહા હોય છે. સર્વાભ્યંતર વાહા મંદર પર્વતના અંતમાં ૬૩૨૪ તથા એક યોજના છ દસ ભાગ યાવત્ પરિધિના પ્રમાણથી કહેલ છે તેમ કહેવું જે મંદર પર્વતનો પરિક્ષેપ વિશેષ છે. એ પરિક્ષેપને બેથી ગુણવાથી પ્રાક્કથિત પ્રકારથી શેષ સમગ્ર કથન સમજી લેવું. એ સર્વબાહ્ય વાહાનો લવણસમુદ્રની અંતમાં ત્રેસઠ હજાર બસો પિસ્તાલીસ યોજન અને એક યોજનના છ દસ ભાગ- પરિક્ષેપ કહેલ છે, એ પરિક્ષેપ વિશેષ આટલા જ પ્રમાણવાળો કેમ કહેલ છે ? તેના ઉત્તરમાં ભગવાન્ કહે છે. જંબૂદ્વીપ નામના દ્વીપનો જે પરિક્ષેપ છે તે પરિક્ષેપને બેથી ગુણીને દસથી છેદ કરીને ફરીથી ભાગ કરવો આટલા પ્રમાણનો પરિક્ષેપ વિશેષ થાય છે. આ પ્રમાણે સ્વશિષ્યોને કહેવું.

આ અંધકાર આયામથી કેટલા પ્રમાણનો કહેલ છે ? ભગવાન્ ઉત્તર આપતાં કહે છે કે- ૭૮૩૨૩ યોજન અને એક યોજનના એક ત્રિભાગ આયામથી કહેલ છે. એમ સ્વશિષ્યોને કહેવું. ત્યારે ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે. તથા જઘન્યા બાર મુહૂર્તપ્રમાણની રાત્રી હોય છે. જ્યારે સૂર્ય સર્વબાહ્યમંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે સૂર્યના તાપક્ષેત્રનું સંસ્થાન કેવા પ્રકારની સંસ્થિતિવાળું કહેલ છે ? ભગવાન્ કહે છે કે- ઉર્ધ્વમુખ કલંબુકાપુષ્પના સંસ્થાન જેવું તાપક્ષેત્રની સંસ્થિતિનું સંસ્થાન કહેલ છે, તેમ કહેવું, તથા જે પ્રમાણે આભ્યંતર મંડળમાં અંધકારની સંસ્થિતિનું પ્રમાણ કહ્યું છે એજ પ્રમાણે બાહ્યમંડળમાં તાપક્ષેત્રની સંસ્થિતિનું પ્રમાણ સમજવું. જે ત્યાં તાપક્ષેત્ર સંસ્થિતિનું પ્રમાણ થાય છે, તે બાહ્યમંડળમાં અંધકારસંસ્થિતિનું પ્રમાણ કહેવું જોઇએ. ત્યારે ઉત્તમકાષ્ઠાપ્રાપ્ત ઉત્કર્ષિકા અઢાર મૂહૂર્તપ્રમાણવાળી રાત્રી હોય છે, તથા જઘન્ય બાર મુહૂર્ત પ્રમાણનો દિવસ હોય છે. જંબૂદ્વીપમાં બન્ને સૂર્યો કેટલા ક્ષેત્રને ઉપરના ભાગમાં પ્રકાશિત કરે છે કેટલા ક્ષેત્રને નીચેની બાજુમાં પ્રકાશ આપે છે. અને કેટલા ક્ષેત્રનાં તિર્યગ્ ભાગને પ્રકાશિત કરે છે ? ઉત્તરમાં ભગવાન્ કહે છે કે- જંબૂદ્વીપ નામના દ્વીપમાં બે સૂર્ય એકસો યોજન ઉપરની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાજુને પ્રકાશિત કરે છે. તથા અઢારસો યોજન નીચેની તરફ પ્રકાશિત કરે છે. તથા ૪૭ ૨૬૩ યોજન અને એક યોજનના સાઠિયા એકવીસ ભાગ તિર્છાક્ષેત્રને પ્રકાશિત કરે છે.

**પાહુડ-૪-ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પાહુડ-૫

[૩૬] તાવત્ સૂર્યની લેશ્યા ક્યાં પ્રતિહત થાય છે ? સૂર્યની લેશ્યાના પ્રતિઘાતના સંબંધમાં વીસ પ્રતિપત્તિયો કોઈ એક એ કહે છે કે- મંદરપર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થતી કહેલ છે. બીજો કોઈ એક કહે છે કે-મેરૂપર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થતી કહેલ છે. કોઈ એક ત્રીજો કહે છે કે-મનોરમ નામના પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થતી કહી છે. કોઈ એક ચોથો કહે છે કે-સુદર્શન નામના પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થતી કહેલ છે, કોઈ એક કહે છે કે-સ્વયંપ્રભ નામના પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થતી કહેલ છે, કોઈ એક કહે છે કે- ગિરિરાજ નામના પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થાય છે. કોઈ એક કહે છે કે-રત્નોચ્ચય નામના પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થાય છે. કોઈ એક કહે છે કે શિલોચ્ચય નામના પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થતી કહી છે. કોઈ એક કહે છે કે લોકમધ્ય નામના પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થતી કહી છે કોઈ એક કહે છે કે લોકનાભી નામના પર્વતમાં સૂર્યનીલેશ્યા પ્રતિહત થતી કહી છે. કોઈ એક કહે છે કે અચ્છ નામના પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થતી કહી છે, કોઈ એક કહે છે કે સૂર્યાવર્ત નામના પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થાય છે. કોઈ એક કહે છે કે-સૂર્યાવરણ પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થાય છે. કોઈ એક કહે છે કે ઉત્તમ નામના પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થાય છે. કોઈ એક કહે છે કે દિગાદિ નામના પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થતી કહેવા માં આવેલ છે. કોઈ એક એવી રીતે કહે છે કે- અવતંસ નામના પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થતી કહેલ છે, કોઈ એક આ પ્રમાણે કહે છે કે ધરણીશ્રૃંગ નામના પર્વતની ઉપર સૂર્યની લેશ્યા પ્રતિહત થતી કહેલ છે, કોઈ એક એવી રીતે કહે છે કે-પર્વતેન્દ્ર નામના પર્વત પર સૂર્યની લેશ્યા પ્રતિહત થાય છે, કોઈ એક એવી રીતે કહે છે કે પર્વતરાજ નામના પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થતી કહેલ છે, હું આ વિષયના સંબંધમાં એવી રીતે કહું છું કે આ લેશ્યા પ્રતિહતિ મંદર પર્વતમાં પણ થાય છે, અને પર્વતરાજમાં પણ થાય છે, જે પુદ્ગલો સૂર્યની લેશ્યાનો સ્પર્શ કરે છે. એજ પુદ્ગલો સૂર્યની લેશ્યાને રૂકાવટ કરે છે. ચરમલેશ્યાના અંતર્ગત પુદ્ગલો પણ સૂર્યની લેશ્યાને પ્રતિહત કરે છે,

**પાહુડ-૫ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પાહુડ-૬

[૩૭] સૂર્યની પ્રકાશસંસ્થિતિ કેવા પ્રકારની કહેવામાં આવેલ છે. તે કહો આ વિષયમાં પચ્ચીસ પ્રતિપત્તિયો કહેલ છે, કોઈ એક કહે છે કે-અનુસમયમાં સૂર્યનો પ્રકાશ જુદા પ્રકારનો દેખાય છે. તથા ભિન્ન પ્રકારથી નાશ પામે છે, કોઈ એક કહે છે કે અનુમુહૂર્તમાં સૂર્યનો પ્રકાશ અન્ય જ ઉત્પન્ન થાય છે અને અન્ય એટલે કે પહેલા ઉત્પન્ન થયેલનો વિનાશ થાય છે. કોઈ એક કહે છે કે રાતદિવસમાં સૂર્યનો ઓજ અન્ય જ ઉત્પન્ન થાય છે અને અન્ય વિનષ્ટ થાય છે. કોઈ એક કહે છે કે-દરેક પક્ષમાં સૂર્યનો પ્રકાશ અન્ય



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ ઉત્પન્ન થાય છે અને અન્ય જ નાશ પામે છે. કોઈ એક કહે છે કે-દરેક મહિને સૂર્યનો પ્રકાશ ભિન્ન પ્રકારથી ઉત્પન્ન થાય છે અને અન્યનો વિનાશ થાય છે. કોઈ એક કહે છે કે-દરેક ઋતુમાં સૂર્યનો ઓજસ અન્ય જ ઉત્પન્ન થાય છે અને અન્ય જ વિનાશ પામે છે, કોઈ એક કહે છે કે-પ્રત્યેક અયનમાં સૂર્યનું ઓજસ અન્ય જ ઉત્પન્ન થાય છે અને અન્ય જ વિનષ્ટ થાય છે. કોઈ એક કહે છે કે- દરેક સંવત્સરમાં સૂર્યનો પ્રકાશ અન્ય જ ઉત્પન્ન થાય છે અને અન્ય જ વિનાશ પામે છે. કોઈ એક કહે છે કે-દરેક યુગમાં સૂર્યનું ઓજસ અન્ય ઉત્પન્ન થાય છે અને અન્ય વિનાશ પામે છે. કોઈ એક એવી રીતે કહે છે કે-દરેક સો વર્ષે સૂર્યનો પ્રકાશ અન્ય ઉત્પન્ન થાય છે. અને અન્ય વિનાશ પામે છે, કોઈ એક કહે છે કે-દરેક હજાર વર્ષે સૂર્યનો પ્રકાશ અન્ય જ ઉત્પન્ન થાય છે અને અન્ય નાશ પામે છે, કોઈ એક જણાવે છે કે- દરેક સો હજાર વર્ષે સૂર્યનો પ્રકાશ ભિન્ન રૂપે ઉત્પન્ન રૂપે ઉત્પન્ન થાય છે અને ભિન્ન રૂપે વિનાશ પામે છે, કોઈ એક રીતે કહે છે કે- અનુપૂર્વમાં જ સૂર્યનું ઓજસ અન્ય ઉત્પન્નથાય છે અને અને અન્ય વિનાશ પામે છે, કોઈ એક કહે છે કે-અનુપૂર્વ સો મુહૂર્તમાં સૂર્યનું ઓજસ અન્ય ઉત્પન્ન થાય છે અને અને અન્યનો વિનાશ થાય છે. કોઈ એક કહે છે કે-અનુપૂર્વ હજાર મુહૂર્તમાં સૂર્યનો પ્રકાશ અન્ય ઉત્પન્ન થાય છે અને અન્ય વિનષ્ટ થાય છે. કોઈ એક કહે છે કે-અનુપૂર્વ સો હજાર મુહૂર્તમાં સૂર્યનો પ્રકાશ અન્ય ઉત્પન્ન થાય છે અને અન્યનો નાશ થાય છે. કોઈ એક જણાવે છે કે અનુપલ્યોપમમાં સૂર્યનો પ્રકાશ અન્ય ઉત્પન્ન થાય છે અને અન્યનો વિનાશ થાય છે,

કોઈ એક કહે છે કે અનુપલ્યોપમશત સમયમાં સૂર્યનો પ્રકાશ અન્ય જ ઉત્પન્ન થાય છે અને અન્યનો વિનાશ થાય છે, કોઈ એક કહે છે કે-અનુપલ્યોપમ સહસ્રકાળમાં સૂર્યનો પ્રકાશ ભિન્ન ઉત્પન્ન થાય છે અને અન્યનો નાશ થાય છે. કોઈ કહે છે કે અનુ-પલ્યોપમશતસહસ્ર સમયમાં સૂર્યનો પ્રકાશ અન્ય ઉત્પન્ન થાય છે, તથા અન્યનો વિનાશ થાય છે, કોઈ એક કહે છે કે-અનુસાગરોપમકાળમાં સૂર્યનો પ્રકાશ અન્ય ઉત્પન્ન થાય છે અને અન્યનો વિનાશ થાય છે, કોઈ એક જણાવે છે કે-અનુસાગરોપમશત સમયમાં સૂર્યનો પ્રકાશ ભિન્ન ઉત્પન્ન થાય છે અને ભિન્ન નાશ થાય પામે છે. કોઈ એક જણાવે છે કે-અનુસાગરોપમસહસ્રકાળમાં સૂર્યનો પ્રકાશ અન્ય ઉત્પન્ન થાય છે અને અન્યનો નાશ થાય છે, કોઈ એક કહે છે કે- અનુસાગરોપ મશતસહસ્રકાળમાં સૂર્યનો પ્રકાશ અન્ય ઉત્પન્ન થાય છે અને અન્યનો નાશ થાય છે. કોઈ એક કહે છે કે- અનુ-ઉત્સર્પિણી અવસર્પિણી કાળમાં સૂર્યનો પ્રકાશ અન્ય ઉત્પન્ન થાય છે. અને અન્યનો નાશ થાય છે. ભગવાન્ કહે છે ત્રીસ ત્રીસ મુહૂર્ત પર્યન્ત સૂર્યનો પ્રકાશ અવસ્તિથ રહે છે. તે પછી સૂર્યનો પ્રકાશ અનવસ્થિત થાય છે. છ માસ પર્યન્ત સૂર્યનો પ્રકાશ ન્યૂન થાય છે. અને છ માસ સૂર્યનો પ્રકાશ વધતો રહે છે, નિષ્ક્રમણ કરતો સૂર્ય દેશભાગને ન્યૂન કરે છે, તથા પ્રવેશ કરતો સૂર્ય દેશભાગને વધારે છે, તેમાં શું કારણ છે ?આ જંબૂદ્વીપ નામનો દ્વીપ બધા દ્વીપ સમુદ્રોમાં યાવત્ પરિક્ષેપથી કહેલ છે, જ્યારે સર્વાભ્યંતરમંડળમાં ઉપ સંક્રમણ કરીને સૂર્ય ગતિ કરે છે. ત્યારે ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત ઉત્કર્ષક અઢાર મુહૂર્તનો દિવસ થાય છે, તથા જઘન્યા બાર મુહૂર્તપ્રમાણવાળી રાત્રી હોય છે, એ પ્રમાણે નિષ્ક્રમણ કરતો સૂર્ય નવા સંવત્સરને પ્રાપ્ત કરીને ગતિ કરે છે. જ્યારે સૂર્ય અભ્યંતરમંડળની પછીના મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે, ત્યારે એક રાત્રિ દિવસથી દિવસ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ક્ષેત્રના પ્રકાશને એક ભાગને ન્યૂન કરીને અને રાત્રિક્ષેત્રના એક ભાગને વધારીને ગતિ કરે છે. ત્યારે એટલે કે સર્વાભ્યંતર મંડળના સંચરણ સમયમાં એકસઠિયા બે મુહૂર્ત ભાગ ન્યૂન અઢાર મુહૂર્તનો દિવસ હોય છે, તથા એકસઠિયા બે મુહૂર્તભાગ અધિક બાર મુહૂર્ત પ્રમાણની રાત્રી હોય છે. બીજા મંડળથી નિષ્ક્રમણ કરતો એ સૂર્ય પહેલા છ માસના બીજી અહોરાત્રીમાં સર્વાભ્યંતર મંડળના ત્રીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. એ સમયે બે રાત દિવસથી દિવસક્ષેત્રના બે ભાગોને કમ કરીને અને રાત્રિ ક્ષેત્રના બે ભાગોને વધારીને ગતિ કરે છે મંડળને અઢાર સો ત્રીસથી ભાગીને ઈત્યાદિ પ્રકારથી પૂર્વોક્ત કથન પ્રમાણે સમજી લેવું.

ત્રીજા મંડળના ભ્રમણ કાળમાં એ પ્રકારના તાપક્ષેત્રમાં દિનમાન એકસઠિયા ચાર મુહૂર્ત ભાગ ન્યૂન અઢાર મુહૂર્તનો દિવસ હોય છે અને એકસઠિયા ચાર મુહૂર્તભાગ અધિક બાર મુહૂર્ત પ્રમાણ વાળી રાત્રી હોય છે. આ પ્રમાણે પૂર્વપ્રતિપાદિત પ્રકારથી નિષ્ક્રમણ કરતો એટલે કે-બીજા મંડળમાંથી બહાર નિકળતો સૂર્ય-ત્રીજા મંડળથી ચોથા મંડળમાં ચોથા મંડળથી પાંચમા મંડળમાં પાંચમા મંડળથી છઠ્ઠા મંડળમાં છઠ્ઠા મંડળથી સાતમા મંડળમાં આ પ્રમાણે ક્રમ ક્રમથી એક મંડળથી બીજા મંડળાન્તરમાં એ એ મંડળ માં સંક્રમણ કરતાં કરતાં એક એક મંડળમાં એક એક રાત દિવસથી એટલે કે અહોરા ત્રીથી પ્રકાશના એક એક ભાગના વિભાગ ક્રમથી પૂર્વપ્રતિ પાદિત પદ્ધતિથી કહેલ દિવસક્ષેત્રના એક એક ભાગને ઓછા કરીને અને રાત્રિ વિભાગના એક એક ભાગને વધારીને સર્વબાહ્યમંડળના એક સો બ્યાશીમાં મંડળમાં જઈને ગતિ કરે છે, સૂર્યના સંચરણ કાળની વિચારણામાં જ્યારે પૂર્વ સર્વાભ્યંતર મંડળ માંથી સર્વબાહ્ય મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે મંડળના સંચરણ સમયમાં સૂર્ય ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત હોય છે. એટલે કે દક્ષિણ દિશામાં પ્રવૃત્ત થાય છે. પૂર્વોક્ત લક્ષણથી યુક્ત જે કાળ હોય છે, તે પહેલા છ માસ છે. તેમાં પણ આ પરમ અધિક રાત્રિમાન અને પરમ અલ્પ દિવસમાન વાળો સમય પહેલા છ માસના અંતનો કાળ હોય છે. એ પ્રવેશ કરતો સૂર્ય સર્વાભ્યંતર મંડળનું ભ્રમણ કરીને બીજા છ માસના પહેલી અહોરાત્રીમાં સર્વબાહ્યમંડળમાંથી તે પછીના બીજા મંડળમાં જઈને ગતિ કરે છે. જે દિવસે સૂર્ય બાહ્યમંડળની અંદરના બીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે, તે દિવસે એક અહોરાત્રમાં પોતાના પ્રકાશથી રાત્રિ ક્ષેત્રના એક ભાગને કમ કરીને તથા દિવસ ક્ષેત્રના એક ભાગને વધારીને ગતિ કરે છે. સર્વાભ્યંતરમંડળના બીજા મંડળમાં એકસઠિયા બે મુહૂર્ત ભાગ ન્યૂન અઢાર મુહૂર્ત પ્રમાણની રાત્રી હોય છે. તથા એકસઠિયા બે મુહૂર્ત ભાગ વધારે બાર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે. સર્વબાહ્યમંડળના ત્રીજા મંડળમાં પ્રવેશ કરતો સૂર્ય અંદરની તરફ ગમન કરીને બીજા છ માસના બીજા અહોરાત્રમાં સર્વબાહ્યમંડળના ત્રીજા મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે જ્યારે સૂર્ય સર્વબાહ્યમંડળના ત્રીજા મંડળમાં જઈને ગતિ કરે છે. ત્યારે બે અહોરાત્રીથી પહેલાં પ્રતિપાદન કરેલ રાત્રિક્ષેત્રના પ્રકાશના બે ભાગને કમ કરીને તથા દિવસક્ષેત્રના પ્રકાશના બે ભાગોને વધારીને ગમન કરે છે. સર્વબાહ્યમંડળના ત્રીજા મંડળના સંચરણકાળમાં એકસઠિયા ચાર મુહૂર્તભાગ ન્યૂન અઢાર મુહૂર્તપ્રમાણ ની રાત્રી હોય છે. અને ૪/૬૧ મુહૂર્તભાગ વધારે બાર મુહૂર્તનો દિવસ હોય છે.

રાતદિવસના હ્રાસ અને વૃદ્ધિક્રમના કહેલા ઉપાયથી મંડળની અંદર પ્રવેશ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરતો સૂર્ય તદનંતરમંડળથી તદનંતરમંડળમાં ક્રમથી એક મંડળથી બીજા મંડળમાં સંક્રમણ કરતો એક એક રાત દિવસથી એક એક ભાગને એ પ્રકારે નિરૂપિત કરેલ રાત્રિ વિભાગના ભાગને કમ કરતા કરતા તથા દિવસક્ષેત્રના પ્રકાશક્ષેત્રના ભાગને વધારતા વધારતા ક્રમ ક્રમથી અંદર જઈને સર્વાભ્યંતરમંડળના એકસો ચોર્યાશી સંખ્યાવાળા મંડળોમાં સર્વાભ્યંતરમંડળમાં ઉપસંક્રમણ કરીને ગમન કરે છે. જ્યારે સૂર્ય સર્વબાહ્ય મંડળથી સર્વાભ્યંતરમંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. એટલા પ્રમાણનાં કાળમાં સર્વબાહ્યમંડળને અવધી રૂપ કરીને અને બહારની તરફ જતી વખતે સર્વાભ્યંતર મંડળ અવધિરૂપ થાય છે, એકસો ત્ર્યાશી રાત્રિ દિવસથી એકસો ત્ર્યાશીના એક ભાગને રાત્રિ વિભાગથી ઓછા કરીને તથા દિવસ વિભાગના પ્રકાશક્ષેત્રને વધારીને ગમન કરે છે. તે વખતે સૂર્ય ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત હોય છે, તેથી ઉત્કર્ષ એટલે કે પરમ અધિક અઢાર મુહૂર્તનો દિવસ હોય છે અને જઘન્યા બાર મુહૂર્તપ્રમાણની રાત્રી હોય છે, આ પ્રમાણેબીજા છ માસ થાય છે, એજ બીજા છ માસનું પર્યવસાન છે, અને એનેજ આદિત્યસવંસ્તર કહે છે, તથા આજ આદિત્યસંવત્સરનું પર્યવસાન હોય છે. ફરીથી અહીંયાં નવ પ્રકારના કાળમાનમાં આ કયો કળ છે ? એ સંદેહની નિવૃત્તિ માટે કહે છે કે-આ આદિત્યસંવત્સર એટલે સંચરણકાળ કહેલ છે,

**પાહુડ - ૬ - નીમુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## પાહુડ-૭

[૩૮] સૂર્યનું વરણ કોણ કરે છે ? આ વિષયમાં વીસ પ્રતિપત્તીયો કહેવામાં આવેલ છે. તેમાં પહેલી આ પ્રમાણે છે.- મંદર પર્વત સૂર્યનું વરણ-સ્વીકાર કરે છે, બીજો કહે છે કે-મેરૂપર્વત સૂર્યનું વરણ કરે છે. આ પ્રમાણેના અભિલાપથી સમજી લેવું યાવત્ પર્વતરાજ પર્વત સૂર્યને પોતાના પ્રકાશક તરીકે સ્વીકારે છે, હું આ વિષયમાં આ પ્રમાણે કહું છું મન્દર પર્વત કહે છે અને યાવત્ પર્વતરાજ પણ કહે છે, અર્થાત્ જે આ પર્વતો સૂર્યને પોતાના પ્રકાશક તરીકે સ્વીકારે છે, તે પ્રમાણે મંદરપર્વત પણ કહે છે, અને મેરૂપર્વત પણ કહે છે, યાવત્ પર્વતરાજપર્ત પણ સૂર્યને પોતાના પ્રકાશક તરીકે કહે છે, જે પુદ્ગલો સૂર્યની લેશ્યાનો સ્પર્શ કરે છે. તે પુદ્ગલો સૂર્યનો સ્વીકાર કરે છે, અદૃષ્ટ પુદ્ગલો પણ સૂર્યનો સ્વીકાર કરે છે. ચરમ લેશ્યાન્તર્ગત પુદ્ગલો પણ સૂર્યને પોતાના પ્રકાશક તરીકે સ્વીકારે છે એ સર્વ પૂર્વોક્ત પ્રકારથી સમજી લેવું.

**પાહુડ - ૭ - નીમુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## પાહુડ-૮

[૩૯] સૂર્યની ઉદયસંસ્થિતિ કેવી રીતની કહેલ છે ? આ વિષયમાં ત્રણ પ્રતિ પત્તિયો છે એક કહે છે-જ્યારે જંબૂદ્વીપના દક્ષિણાર્ધમાં અઢાર મૂહૂર્તનો દિવસ થાય છે. ત્યારે ઉત્તરાર્ધમાં પણ અઢાર મુહૂર્તનો દિવસ થાય છે. જ્યારે જંબૂદ્વીપના ઉત્તર ભાગના અર્ધભાગમાં અઢાર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે ત્યારે જંબૂદ્વીપના દક્ષિણ અર્ધ ભાગમાં પણ અઢાર મુહૂર્તનો દિવસ હોય છે. જ્યારે જંબૂદ્વીપના દક્ષિણાર્ધમાં સત્તર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે, તે વખતે ઉત્તરાર્ધમાં પણ સત્તર મુહૂર્તપ્રમાણનો દિવસ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય છે, જ્યારે જંબૂદ્વીપની ઉત્તર દિશાના અર્ધા ભાગમાં સત્તર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે, ત્યારે દક્ષિણદિશાના અર્ધભાગ માં પણ સત્તર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે. આ પૂર્વોક્ત કથનાનુસાર એક એક મુહૂર્તની ન્યૂનતાના ક્રમથી હ્રાસ એટલે કે ન્યૂનતા સમજી લેવી. જંબૂદ્વીપના ઉત્તર ગોળાર્ધ અને દક્ષિણ ગોળાર્ધ આ રીતના બે વિભાગના અર્ધમાં એક સાથે જ સોળ મુહૂર્ત પ્રમાણનો દિવસ હોય છે. પંદર મુહૂર્ત પ્રમાણનો દિવસ હોય છે. ચૌદ મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે. તેર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે. આ રીતના ક્રમથી ત્યાં સુધી કહેવું કે જ્યાં સુધી જંબૂદ્વીપના દક્ષિણાર્ધમાં બાર મુહૂર્તપ્રમાણ નો દિવસ થાય. એ વખતે ઉત્તરાર્ધમાં પણ બાર મુહૂર્તપ્રમાણનો દિવસ થાય છે. જ્યારે ઉત્તરાર્ધમાં બાર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે, ત્યારે દક્ષિણાર્ધમાં પણ બાર મુહૂર્ત પ્રમાણનો દિવસ હોય છે, અને જ્યારે દક્ષિણાર્ધમાં બાર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે ત્યારે ઉત્તરાર્ધમાં પણ બાર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે. જ્યારે દક્ષિણાર્ધમાં બાર મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતની પૂર્વ અને પશ્ચિમ દિશામાં સદા પંદર મુહૂર્તનો દિવસ હોય છે. અને પંદર મુહૂર્તની રાત હોય છે, ત્યાં રાત્રિ દિવસ અવસ્થિત એટલે કે સ્થિર કહેલ છે.

કોઈ એક બીજો મતવાદી કહેવા લાગ્યો કે જ્યારે જંબૂદ્વીપ નામના દક્ષિણાર્ધમાં એટલે કે દક્ષિણ વિભાગના અર્ધભાગમાં અઢાર મુહૂર્તપ્રમાણમાં કંઈક ઓછા અથવા ન્યૂનતર યાવત્ સત્તર મુહૂર્તથી કંઈક વધારે પ્રમાણનો દિવસ હોય છે. ત્યારે ઉત્તરાર્ધમાં પણ અઢાર મુહૂર્તાનન્તરનો દિવસ હોય છે. અને જ્યારે ઉત્તરાર્ધમાં અઢાર મુહૂર્તાનંતરનો દિવસ હોય છે ત્યારે દક્ષિણાર્ધમાં પણ અઢાર મુહૂર્તાનંતરનો દિવસ હોય છે, જ્યારે જંબૂદ્વીપ નામના દ્વીપના દક્ષિણાર્ધમાં સત્તર મુહૂર્તાનંતરનો દિવસ હોય છે ત્યારે ઉત્તરાર્ધમાં પણ સત્તર મુહૂર્તાનંતરનો દિવસ હોય છે. આ પ્રમાણે એક એક મુહૂર્તની ન્યૂનતાથી બેઉ ગોળ ાર્ધમાં ક્રમથી સોળ મુહૂર્તા નંતરનો દિવસ કહેવો જોઈએ તે પછી પંદર મુહૂર્તાનંતરનો દિવસ કહેવો તે પછી તેર મુહૂર્તાનંતરનો દિવસ કહી લેવો. પૂરેપૂરા અઢાર મુહૂર્તનો દિવસ હોતો નથી. તથા પૂરેપૂરા સત્તર મુહૂર્તનો પણ દિવસ હોતો નથી. આ રીતે બાર મુહૂર્ત પ્રમાણવાળા દિવસના કથન સુધી કથન કરી લેવું. જંબૂદ્વીપ નામના દ્વીપના દક્ષિણાર્ધમાં જ્યારે બાર મુહૂર્તાનંતરનો દિવસ હોય છે, ત્યારે ઉત્તરાર્ધમાં પણ બાર મુહૂર્તાનંતરનો દિવસ હોય છે. અને જ્યારે ઉત્તરાર્ધમાં બાર મુહૂર્તાનંતરનો દિવસ હોય છે ત્યારે દક્ષિણાર્ધમાં પણ એજ પ્રમાણેનો દિવસ હોય છે. અઢાર મુહૂર્તાદિ પ્રમાણના દિવસ કાળમાં જંબૂદ્વીપના મંદરપર્વતના પૂર્વ અને પશ્ચિમ દિશામાં સદાકાળ પંદર મુહૂર્ત પ્રમાણનો દિવસ હોતો નથી. તથા સદાકાળ પંદર મુહૂર્તપ્રમાણની રાત્રી પણ નથી હોતી મંદરપર્વતની પૂર્વપશ્ચિમદિશામાં રાત દિવસનું પ્રમાણ અનિયત પ્રકારનું હોય છે. જ્યારે જંબૂદ્વીપ નામના દ્વીપના દક્ષિણાર્ધમાં અઢાર મુહૂર્તનો દિવસ હોય છે, ત્યારે ઉત્તરાર્ધમાં બાર મુહૂર્તપ્રમાણની રાત્રી હોય છે. અને જ્યારે ઉત્તર વિભાગર્ધમાં અઢાર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે ત્યારે દક્ષિણ વિભાગના અર્ધભાગમાં બાર મુહૂર્ત પ્રમાણની રાત્રી હોય છે. અને જ્યારે દક્ષિણ વિભાગના અર્ધભાગમાં અઢાર મુહૂર્તા નંતર દિવસ હોય છે ત્યારે ઉત્તરવિભાગર્ધમાં બાર મુહૂર્તપ્રમાણની રાત્રી હોય છે, જ્યારે ઉત્તરાર્ધમાં અઢાર મુહૂર્તપ્રમાણની રાત્રી હોય છે, ત્યારે દક્ષિણાર્ધમાં બાર મૂહૂર્ત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રમાણનો દિવસ હોય છે. જ્યારે ઉત્તરાર્ધમાં અઢાર મુહૂર્તનંતરનો દિવસ હોય છે ત્યારે દક્ષિણાર્ધમાં બાર મુહૂર્તપ્રમાણવાળી રાત્રી હોય છે. આ પૂર્વોક્ત પ્રકારથી સમજી લેવું.

આ પ્રકારનું કથન ત્યાં સુધી કહેવું કે જ્યાં સુધી તેર મુહૂર્તાનંતર દિવસનું કથન આવી જાય. એક એક સત્તર સંખ્યા વિશેષ સમગ્ર મુહૂર્તની પછી કંઈક ન્યૂન બબ્બે આલાપકો પ્રગટ કરતાં વાક્યવિશેષ કહી લેવા. જ્યારે જંબૂદ્વીપ નામના દ્વીપના દક્ષિણાર્ધ ભાગમાં સત્તર મુહૂર્તનો દિવસ હોય છે. ત્યારે ઉત્તર દિગ્વિભાગમાં બાર મુહૂર્ત પ્રમાણની રાત્રી હોય છે. અને જ્યારે ઉત્તરાર્ધમાં સત્તર મુહૂર્તનો દિવસ હોય છે, ત્યારે દક્ષિણાર્ધમાં બાર મુહૂર્તપ્રમાણની રાત્રી હોય છે. જ્યારે જંબૂદ્વીપના દક્ષિણાર્ધભાગમાં સત્તરમુહૂર્તા નંતરનો દિવસ હોય છે, ત્યારે ઉત્તરાર્ધમાં બાર મુહૂર્તપ્રમાણની રાત્રી હોય છે. જ્યારે ઉત્તરાર્ધમાં સત્તર મુહૂર્તાનંતરનો દિવસ હોય છે, ત્યારે દક્ષિણાર્ધમાં બાર મુહૂર્ત પ્રમાણની રાત્રી હોય છે, એજ પ્રમાણે બાર મુહૂર્તગત કાળના કથન પર્યન્ત નવ આલા પકો થાય છે. જ્યારે જંબૂદ્વીપ નામકના દ્વીપના દક્ષિણાર્ધમાં બાર મુહૂર્તપ્રમાણની રાત્રી હોય છે અને જ્યારે ઉત્તરાર્ધ ભાગમાં બાર મુહૂર્તાનંતરનો દિવસ હોય છે, એ અવસ્થામાં પણ દક્ષિણાર્ધભાગમાં બાર મુહૂર્તપ્રમાણની રાત્રી હોય છે, અઢાર મુહૂર્તા નંતરાદિ દિવસકાળમાં જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદરપર્વતની પૂર્વે અને પશ્ચિમદિશામાં પૂર્વપ્રતિપાદિત નિયમ નથી, પરંતુ ત્યાં પંદર મુહૂર્તનો દિવસ હોતો નથી તથા બાર મુહૂર્ત પ્રમાણની રાત્રી પણ હોતી નથી, વ્યવચ્છિન્ન એટલે કે સદાકાળ એક રૂપ મંદરપર્વતની પૂર્વપશ્ચિમ દિશામાં રાતદિવસનું પ્રમાણ કહેલ છે, હું આ વિષયમાં આ પ્રમાણે કહું છું કે જંબૂદ્વીપ નામના દ્વીપમાં બન્ને સૂર્યો મંડળ પરિભ્રમણના ક્રમથી યથાયોગ્ય ભ્રમણ કરતા કરતા મેરૂની ઉત્તર પૂર્વ દિશામાં એટલે કે ઈશાન ખુણામાં ઉદિત થાય છે અને ત્યાં ઉદય પામીને પૂર્વ અને દક્ષિણદિશામાં એટલે કે અગ્નિખૂણામાં આવતા દૃષ્ટિગોચર થાય છે, અહીંયાં ભરતાદિ ક્ષેત્રની અપેક્ષાથી પૂર્વ દક્ષિણ દિશામાં ઉદય પામીને દક્ષિણ પશ્ચિમ દિશામાં અર્થાત્ નૈઋત્યકોણમાં આવે છે. અહીંયાં પણ દક્ષિણ પશ્ચિમદિશામાં એટલે કે વાયવ્યદિશામાં આવે છે, અહીયાં પણ ઐરવતાદિ ક્ષેત્રની અપેક્ષાથી ઉદિત થઈને ઉત્તર પૂર્વદિશામાં એટલે કે ઈશાનખુણામાં આ છે. એજ પ્રમાણે પશ્ચિમ ઉત્તર દિશા અર્થાત્ વાયવ્ય દિશામાં ઉદિત થઈને ઉત્તર પૂર્વ એટલે કે ઈશાનકોણમાં આવે છે. સૂર્યના ઉદય વિભાગના વિચારમાં જ્યારે જંબૂદ્વીપમાં દક્ષિણ દિશાના અર્ધ વિભાગમાં દિવસ હોય છે. એ સમયે ઉત્તર દિશાના વિભાગાર્ધમાં પણ દિવસ હોય છે. કારણ જ્યારે ઉત્તરાર્ધમાં પણ દિવસ હોય છે ત્યારે જંબૂદ્વીપમાં મંદર પર્વતની પૂર્વ પશ્ચિમ દિશામાં રાત્રી હોય છે. આ રીતે ત્યાંના રાત્રિદિવસ વિચારમાં જ્યારે જંબૂદ્વીપમાં મંદર પર્વતની પૂર્વ દિશામાં દિવસ હોય છે, ત્યારે પશ્ચિમ દિશામાં પણ દિવસ હોય છે, અને જ્યારે પશ્ચિમદિશામાં દિવસ હોય છે, ત્યારે જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદરપર્વતની ઉત્તર દક્ષિણમાં રાત્રિ હોય છે, એ જંબૂદ્વીપ નામના દ્વીપમાં જ્યારે દક્ષિણ દિશાના અર્ધા વિભાગમાં ઉત્કર્ષ અઢાર મુહૂર્ત પ્રમાણનો દિવસ હોય છે. ત્યારે ઉત્તર વિભાગમાં પણ પરમ પ્રકૃષ્ટ અઢાર મુહૂર્ત પ્રમાણનો દિવસ હોય છે. જ્યારે ઉત્તર વિભાગાર્ધમાં સર્વોત્કૃષ્ટ અઢાર મુહૂર્ત પ્રમાણનો દિવસ હોય છે ત્યારે જંબૂદ્વીપમાં મંદર પર્વતની પૂર્વ પશ્ચિમ દિશામાં જઘન્યાસર્વાલ્પા બાર મુહૂર્ત પ્રમાણની રાત્રી હોય છે. જ્યારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જંબૂદ્વીપમાં મંદર પર્વતની પૂર્વ દિશામાં સર્વાધિક અઢાર મુહૂર્ત પ્રમાણનો દિવસ હોય છે, ત્યારે મંદર પર્વતની પશ્ચિમ દિશામાં પણ પરમોત્કર્ષક અઢાર મુહૂર્ત પ્રમાણનો દિવસ હોય છે, જ્યારે મંદર પર્વતની પૂર્વ પશ્ચિમ દિશામાં પરમોત્કર્ષક અઢાર મુહૂર્ત પ્રમાણનો દિવસ હોય છે ત્યારે જંબૂદ્વીપમાં મંદર પર્વતની ઉત્તર અને દક્ષિણ દિશામાં જઘન્યા બાર મુહૂર્ત પ્રમાણની રાત્રી હોય છે.

આ પૂર્વોક્ત પ્રકારથી એટલે કે બન્ને ગોળાર્ધની ભાવના વિશેષથી વક્ષ્યમાણ ગમથી સમજી લેવું. જ્યારે મંદરપર્વતના દક્ષિણાર્ધ અને ઉત્તરાર્ધમાં અને પૂર્વપશ્ચિમાર્ધ ભાગમાં અઢાર મુહૂર્તાનંતર દિવસ હોય છે, ત્યારે પૂર્વપશ્ચિમ દિશામાં અથવા દક્ષિણ ઉત્તરદિશામાં કંઈક વધારે બાર મુહૂર્તની રાત્રી હોય છે. જ્યારે સત્તર મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે તેર મુહૂર્તની રાત્રી હોય છે. જ્યારે સત્તર મુહૂર્તથી કંઈક ન્યૂન પ્રમાણનો દિવસ હોય, ત્યારે તેર મુહૂર્તની રાત્રી હોય છે. જ્યારે સત્તર મુહૂર્તાનંતરનો દિવસ હોય છે. ત્યારે કંઈક વધારે તેર મુહૂર્તની રાત્રી હોય છે, યાવત્ જઘન્ય બાર મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તની રાત્રી હોય છે. આ પૂર્વોક્ત પ્રકારથી સમજી લેવું જ્યારે જંબૂદ્વીપના દક્ષિણ અર્ધ ભાગમાં વર્ષાકાળનો પ્રથમ સમય હોય છે, એજ વખતે ઉત્તરાર્ધમાં પણ વર્ષાકાળનો આરંભ હોય છે. જ્યારે ઉત્તરાર્ધમાં વર્ષાકાળનો પ્રથમ સમય હોય છે, ત્યારે જંબૂદ્વીપમાં મંદરપર્વતની પૂર્વ અને પશ્ચિમ દિશામાં અનંતર પુરસ્કૃતકાળ સમયમાં એટલે કે વ્યવધાન રહિત જે વર્ષાકાળનો પ્રારંભથાય છે. તેના પછીના બીજા સમયમાં પૂર્વ પશ્ચિમમાં વર્ષાકાળનો પ્રથમ સમય હોય છે. જ્યારે જંબૂદ્વીપમાં મંદર પર્વતની પૂર્વ દિશામાં વર્ષાકાળનો પ્રથમ સમય હોય છે, એ સમયે પશ્ચિમ દિશામાં પણ વર્ષાકાળનો પ્રથમ સમય હોય છે. તથા જ્યારે મંદરપર્વતની પશ્ચિમ દિશામાં વર્ષાકાળ નો પ્રથમ સમય હોય છે, ત્યારે જંબૂદ્વીપમાં મંદરપર્વતની દક્ષિણદિશામાં અને ઉત્તર દિશામાં અનંતરપશ્ચાતકૃતકાલસમયમાં વર્ષાકાળનો પ્રથમ સમય સમાપ્ત થાય છે. જે પ્રમાણે સમયનું કથન કરવામાં આવેલ છે એજ પ્રમાણે સમયથી કંઈક વધારે કાળનો બોધ કરાવનાર આવલિકા, સમજવી, તે પછી આન તે પછી પ્રાણ, યાવત્ ઋતુ સંબંધી આલાપક સમજવો. જ્યારે જંબૂદ્વીપના દક્ષિણાર્ધમાં વર્ષાઋતુની પહેલા આવલિકાનો પ્રારંભ થાય છે ત્યારે ઉત્તરાર્ધમાં પણ એજ વર્ષાઋતુની પહેલી આવલિકાનો પ્રારંભ થાય છે. જ્યારે ઉત્તરાર્ધમાં વર્ષાકાળની પહેલી આવલિકા થાય છે ત્યારે જંબૂદ્વીપમાં મંદર પર્વતની પૂર્વ પશ્ચિમ દિશામાં અનંતર પુરસ્કૃત કાલ સમયમાં વર્ષાકાળની પહેલી આવલિકા હોય છે, જ્યારે જંબૂદ્વીપમાં મંદર પર્વતની પૂર્વ દિશામાં પહેલી આવલિકા હોય છે, ત્યારે પશ્ચિમ દિશામાં પણ પહેલી આવલિકા હોય છે. જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદરપર્વતની ઉત્તરદક્ષિણ દિશામાં અનંતર પશ્ચાત્કૃતકાલ સમયમાં વર્ષાકાળની પહેલી આવલિકા પ્રતિપન્ન થાય છે જ્યારે જંબૂદ્વીપમાં દક્ષિણદિગ્વિભાગના અર્ધમાં પ્રથમ અયન એટલે કે દક્ષિણાયન હોય છે એજ વખતે ઉત્તરાર્ધમાં પણ પ્રથમ અયન હોય છે. જ્યારે ઉત્તરાર્ધમાં પ્રથમ અયન હોય છે ત્યારે જંબૂદ્વીપમાં મંદર પર્વતની પૂર્વ પશ્ચિમદિશામાં અનન્તર પુરસ્કૃત કાળ સમયમાં પહેલું અયન એટલે કે દક્ષિણાયન પ્રાપ્ત થાય છે. જ્યારે જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદરપર્વતની પૂર્વદિશામાં દક્ષિણાયન હોય છે, ત્યારે મંદરપર્વતની પશ્ચિમદિશામાં પણ દક્ષિણાયન હોય છે. જ્યારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મંદર પર્વતની પશ્ચિમદિશામાં દક્ષિણાયન પ્રવર્તે છે એ સમયે ઉત્તર અને દક્ષિણદિશામાં પ્રથમ અયન પૂર્ણ થાય છે,

જે પ્રમાણે અયનના સંબંધમાં આલાપકનો પ્રકાર બતાવેલ છે, એજ પ્રકારના ક્રમથી સંવત્સરના વિષયમાં પણ કહેવું જોઇએ. સંખ્યાવાચક શબ્દોના આલાપકની યોજના કરીને કહી લેવા જોઇએ. જ્યારે ઉત્તરાર્ધમાં ઉત્સર્પિણી પ્રવર્તમાન હોય છે ત્યારે જંબૂદ્વીપમાં મંદર પર્વતની પૂર્વપશ્ચિમ દિશામાં અવસર્પિણી હોતી નથી, તેમજ ઉત્સ ર્પિણી હોતી નથી. આ પ્રમાણે કેમ હોય છે ? પૂર્વપશ્ચિમ દિશામાં અવસ્થિત કાળ હોય છે જ્યારે જંબૂદ્વીપના દક્ષિણાર્ધમાં પ્રથમ ઉત્સર્પિણી હોય છે ત્યારે ઉત્તરાર્ધમાં પણ પહેલી ઉત્સર્પિણી હોય છે. અને જ્યારે ઉત્તરાર્ધમાં પહેલી ઉત્સર્પિણી હોય છે, ત્યારે જંબૂદ્વી પમાં મંદરપર્વતની પૂર્વ પશ્ચિમ દિશામાં અવસર્પિણી હોતી નથી. તથા ઉત્સર્પિણી પણ હોતી નથી જ્યારે લવણ સમુદ્રના દક્ષિણાર્ધમાં દિવસ હોય છે, ત્યારે ઉત્તરાર્ધમાં પણ દિવસ હોય છે. જ્યારે લવણસમુદ્રના ઉત્તરાર્ધમાં દિવસ હોય છે ત્યારે જંબૂદ્વીપમાં મંદર પર્વતની પૂર્વપશ્ચિમ દિશામાં રાત્રી હોય છે, જે પ્રમાણે જંબૂદ્વીપમાં સૂર્યના ઉદયના સંબંધમાં આલાપકો કહ્યા છે, એજ પ્રમાણે લવણસમુદ્રમાં ઉત્સર્પિ ણીના વિષયમાં આલાપકો કહેવા જોઈએ હવે ધાતકી ખંડ નામના દ્વીપમાં જંબૂદ્વીપના જેવી રાત્રિ દિવસ ની વ્યવસ્થા કહેવામાં આવે છે-તે સાંભળો ધાતકીખંડ દ્વીપના દક્ષિણાર્ધમાં દિવસ હોય છે ત્યારે ઉત્તર વિભાગાર્ધમાં પણ દિવસ હોય છે, તથા જ્યારે ઉત્તર વિભાગાર્ધમાં દિવસ હોય છે ત્યારે ધાતકીખંડ દ્વીપમાં મંદર પર્વતની પૂર્વદિશામાં અને પશ્ચિમદિશામાં રાત્રી હોય છે. જે પ્રમાણે જંબૂદ્વીપમાં કથન કરેલ છે. એજ પ્રમાણે યાવત્ ઉત્સર્પિણી પર્યન્ત કહી લેવું. લવણ સમુદ્રમાં જે પ્રમાણે દિવસ રાતનો નિયમ કહ્યો છે, એજ પ્રમાણે કાલોદ નામના સમુદ્રમાં પણ દિવસ રાતની વ્યવસ્થા થાય છે, તેમ ભાગના સમજવી, અભ્યંતર પુષ્કરાર્ધ નામના દ્વીપમાં ભારત વર્ષનો અને એરવતક્ષેત્રવર્તિ એમ બન્ને સૂર્યો જે પ્રમાણે ઉત્તરપૂર્વદિશામાં ઉદિત થાય છે, એજ પ્રમાણે કાલોદધિ સમુદ્ર અને લવણ વિગેરે સમુદ્રમાં ઉદયને પ્રાપ્ત થાય છે. આ પ્રમાણેની ભાવના ભાવિત કરી લેવી. જ્યારે અભ્યંતર પુષ્કરાર્ધના દક્ષિણાર્ધમાં દિવસ હોય છે, ત્યારે ઉત્તરાર્ધમાં પણ દિવસ હોય છે અને ઉત્તરાર્ધમાં દિવસ હોય છે, ત્યારે અભ્યંતરપુષ્કરાર્ધમાં મંદર પર્વતની પૂર્વ પશ્ચિમદિશામાં રાત્રી હોય છે. લવણસમુદ્રની ભાવના કરતી વખતે આ પ્રમાણેકહેવું. તથા ધાતકી ખંડના કથન સમયે એ પ્રમાણે કહેવું, પરંતુ ધાતકીખંડમાં બાર સૂર્યો હોય છે, બાકીનું દ્વીપ સંબંધી કે સમુદ્ર સંબંધી કંઈ પણ કથન કહ્યા વગરનું હોય તે તમામ કથન જંબૂદ્વીપપન્નત્તિ મુજબ જાણવું.

**પાહુડ-૮-ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પાહુડ-૯

[૪૦-૪૧] કેટલા પ્રમાણવાળી પુરુષની છાયાનું સૂર્ય પરિભ્રમણ કરે છે ? પૌરૂષી છાયાના સંબંધમાં તાપક્ષેત્રના વિષયમાં કહેલ ત્રણ પ્રકારની પ્રતિપત્તિયો આવેલ છે, પહેલો તીર્થાન્તરીય કહે છે કે-જે પુદ્ગલો સૂર્યની લેશ્યાનો સ્પર્શ કરે છે, એજ પુદ્ગલો સૂર્યની લેશ્યાની સંસ્પર્શથી સંતાપિત થાય છે. તે પુદ્ગલો સંતાપિત થઈને એટલે કે ઉષ્ણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થઈને તેના પછીના એટલે કે સંતપ્યમાન પુદ્ગલોના અવ્યવધાનથી રહેલા જે પુદ્ગલો છે, એ તદનંતર પુદ્ગલો કહેવાય છે. એવા બહાર રહેલા પુદ્ગલોને સંતાપિત કરે છે. કોઈ એક બીજો કહે છે કે-જે પુદ્ગલો સૂર્યનીલેશ્યાનો સ્પર્શ કરે છે, તે પુદ્ગલો સંતાપિત થતા નથી. તો પીઠ ફલકાદિમાં ઉષ્ણપણું શી રીતે દેખાય છે ? કે-સૂર્યની લેશ્યાના સંસ્પર્શથી જે પીઠ ફલકાદિમાં સંતપ્તપણું દેખાય છે, તે તેમાં આશ્રય ભૂત સૂર્યની લેશ્યાના પુદ્ગલો સ્વરૂપ ભેદથી જણાય છે. પીઠફલકાદિમાં રહેલા પુદ્ગલોનું સંતપ્તપણું નથી, કોઈ એક ત્રીજો કહે છે કે-જે પુદ્ગલો સૂર્યની લેશ્યાનો સ્પર્શ કરે છે એવા કેટલાક પુદ્ગલો હોય છે, કે જે સૂર્યની લેશ્યાના સંસ્પર્શથી સંતાપિત થાય છે, તથા કેટલાક પુદ્ગલો એવા હોય છે કે જે સંતપ્ત થતા નથી, તેમાં જે સંતપ્યમાન પુદ્ગલો હોય છે તે તેઓની પછીના કેટલાક પુદ્ગલોને સંતાપિત કરતા નથી, ભગવાન કહે છે, જે આ પ્રત્યક્ષ દેખાનારા ચંદ્ર દેવોના વિમાનોની લેશ્યા નીકળે છે એજ લેશ્યા બહારના આકાશમાં રહેલ યથોચિત પ્રકાશ ક્ષેત્રને તથા વસ્તુસમૂહને પ્રકાશિત કરે છે. એ લેશ્યા એની પાછળની બીજી છિન્ન લેશ્યાઓ હોય છે, તેથી એ છિન્નલેશ્યા સંમૂચ્છિંત એટલે કે તેની પછીના બાહ્ય પુદ્ ગલોને સંતાપિત કરે છે. આ પ્રમાણેનું એ સૂર્યનું સમિત અર્થાત્ ઉત્પન્ન થયેલ તાપ ક્ષેત્રનો સંભવ ઉત્પત્તિ સમજવો.

કેટલા પ્રમાણના પ્રકર્ષવાળી પૌરૂષી છાયા સૂર્ય નિવર્તિત કરે છે ? પૌરૂષી છાયાના સંબંધમાં લેશ્યાના પ્રકરણમાં કહ્યા પ્રમાણે પ્રતિપત્તિયો છે. કોઈ એક મતાન્તરવાદી પોતાનો મત પ્રગટ કરે છે, અનુસમય એટલે કે પ્રત્યેક ક્ષણમાં સૂર્ય પૌરૂષી છાયા કે પુરૂષની છાયાને ઉત્પન્ન કરે છે, બીજો કોઈ પોતાના મતનું કથન કરે છે કે- પ્રત્યેક મુહૂર્તમાં સૂર્ય પુરૂષ સંબંધી છાયાને નિવર્તિત કરે છે, એ રીતે આ હવે પછી કહેવામાં આવનાર અભિલાપ વિશેષથી બધે જ પાઠનો ક્રમ બનાવીને સમજી લેવું, ઓજસંસ્થિતિના વિષયમાં એટલે કે પ્રકાશની સંસ્થિતિના સંબંધમાં પચ્ચીસ પ્રતિ પત્તિયો કહેલ છે એ બધી જ અહીંયાં પણ કહી લેવી એ પ્રતિપત્તિયો યાવત્ અનુત્સ ર્પિણી પર્યન્ત સૂર્ય પૌરૂષી છાયાને નિવર્તિત કરે છે આ પ્રમાણે ભગવાન્ કહે છે સૂર્યથી ઉત્પન્ન થતી લેશ્યાના ઉચ્ચત્વના સંબંધમાં યથાર્થ રીતે જાણીને છાયોદ્દેશ કહું છું. એ પૌરૂષી છાયાના પરિમાણના સંબંધમાં આ વક્ષ્યમાણ સ્વરૂપવાળી બે પ્રતિપત્તિયો છે, પહેલો પરતીર્થિક કહેવા લાગ્યો કે-એવો દિવસ હોય છે, કે જે દિવસમાં સૂર્ય ઉદયકાળમાં અને અસ્તમન મુહૂર્તમાં ચાર પુરૂષપ્રમાણવાળી છાયાને ઉત્પન્નકરે છે, એવો પણ દિવસ હોય છે કે જે દિવસે સૂર્યના ઉદયના સમયમાં અને અસ્ત થવાના સમયમાં બે પુરૂષ પ્રમાણવાળી છાયા હોય છે. એવો દિવસ હોય છે કે જે દિવસે સંચાર કરતો સૂર્ય ઉદયના સમયમાં અને અસ્તમન સમયમાં બે પુરૂષ પ્રમાણવાળી છાયાને ઉત્પન્ન કરે છે, તથા એવો પણ દિવસ હોય છે કે-જે દિવસે ભ્રમણ કરતો સૂર્ય ઉદયના સમયમાં અને અસ્ત થવાના સમયમાં કોઈ પણ પ્રમાણની પૌરૂષી છાયાને ઉત્પન્ન કરતો નથી. એ બેમાં જે આ પ્રમાણે કહે છે કે-એવો દિવસ હોય છે કે જે દિવસમાં સૂર્ય ચાર પુરૂષપ્રમાણની છાયા ઉત્પન્ન કરે છે. તથા એવો પણ દિવસ હોય છે કે જે દિવસે સૂર્ય બે પુરૂષપ્રમાણની છાયાને ઉત્પન્ન કરે છે, એ વાદી સૂર્ય સર્વાભ્યં તરમંડળ અર્થાત્ મિથુનાન્ત અહોરાત્રવૃત્તમાં ગતિ કરે છે, એ દિવસમાં સૂર્ય ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત હોય છે. તેથી અઢાર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે,

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

તથા જઘન્યા એટલે બાર મુહૂર્તપ્રમાણવાળી રાત્રી હોય છે, તે દિવસમાં ભ્રમણ કરતો સૂર્ય ચાર પુરૂષ પ્રમાણવાળી બધી પ્રકાશ્ય વસ્તુની ચાર ગણી છાયા ઉત્પન્ન કરે છે, તથા ઉદયકાળ અને અસ્તકાળમાં ચાર પુરૂષપ્રમાણવાળી છાયા ઉત્પન્ન કરે છે. તથા લેશ્યાને વધારીને પ્રકાશ્ય વસ્તુની ઉપર ઉપર રહીને દૂર ઘણે દૂર જઈને તેને નિર્વેષ્ટિત કર્યા વિના એટલે કે પ્રકાશ્ય વસ્તુની ઉપર રહીને નજીકની વસ્તુને છોડ્યા વિના જે સમયે પોતાના માર્ગમાં ભ્રમણ કરતો સૂર્ય સર્વબાહ્યમંડળમાં ગતિ કરે છે તે સમયે ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત પરમ દક્ષિણાયનગત સર્વાધિકા અઢાર મુહૂર્તપ્રમાણની રાત્રી હોય છે. તથા સર્વ લઘુ બાર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે એ પરમ દક્ષિણાયનકાળમાં સૂર્ય બે પુરૂષપ્રમાણ વાળી બમણી છાયા ને ઉત્પન્ન કરે છે. તથા તે દિવસે ઉદયકાળમાં અને અસ્તમન કાળમાં લેશ્યાની વૃદ્ધિ કરીને બે પૌરૂષી છાયાને ઉત્પન્ન કરે છે,

આ બે મતાન્તરવાદીયોમાં જે મતાન્તરવાદી આ પ્રમાણે કહે છે કે એવો દિવસ હોય છે, કે જે દિવસે સંચાર કરતો સૂર્ય પુરૂષદ્વય પ્રમાણની કે બમણી છાયા ઉત્પન્ન કરે છે, તથા એવો પણ દિવસ હોય છે કે-જે દિવસે કોઈ પણ પ્રકારની પૌરૂષી છાયાને ઉત્પન્ન કરતો નથી. આ રીતના કથનના સમર્થનમાં કહે છે,- જે દિવસે સૂર્ય સર્વાભ્યતરમંડળમાં ગતિ કરે છે, એ દિવસે પરમ પ્રકર્ષને પ્રાપ્ત કરીને ઉત્તરદક્ષિણમાં હોય છે તેથી એ સમયે પરમઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ હોય છે. તથા તે દિવસમાં જઘન્યા બાર મુહૂર્ત પ્રમાણની રાત્રી હોય છે. એ દિવસે સૂર્ય બે પુરૂષપ્રમાણવાળી એટલે કે બમણી છાયા ઉત્પન્ન કરે છે. જેમ કે ઉદયકાળમાં અને અસ્તમનકાળમાં બમણી છાયા કરે છે. એટલે કે લેશ્યાને વધારીને સૂર્ય પોતાની ગતિ કરે છે, જે સમયે સૂર્ય સર્વબાહ્ય મંડળ અહોરાત્ર માં જઈને ગતિ કરે છે. એ દિવસે ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત સર્વાધિકા અઢાર મુહૂર્ત પ્રમાણવાળો દિવસ હોય છે. એ સર્વબાહ્યમંડળના સંચરણ દિવસમાં ભ્રમણ કરતો સૂર્ય કોઇ પણ પ્રકારની પૌરૂષી છાયાને ઉત્પન્ન કરતો નથી. તથા એ દિવસમાં ઉદયના સમયમાં તથા સૂર્યાસ્તકાળમાં લેશ્યાને વધારતો નથી, હે ભગવાન્ જો પરતીર્થીકોની આવી રીતની માન્યતા છે તો સૂર્ય કેટલા પ્રમાણવાળી પૌરૂષી છાયાને નિવર્તિત કરે છે, તે યથાર્થ સ્થિતિ આપ કહો. એ પ્રકારના દેશ વિભાગથી પ્રતિદિવસે પ્રતિનિયત પ્રમાણવાળી પૌરૂષી છાયાના સંબંધમાં છન્નુ સંખ્યાવાળી મતાન્તર રૂપ પ્રતિપત્તિયો છે,

કોઈ એક કહે છે, એવો પ્રદેશ છે કે જે ભૂભાગમાં પોતાની કક્ષાથી પરિભ્રમણ કરતો સૂર્ય જ્યારે ત્યાં આવે છે ત્યારે ત્યાં આવીને એક પુરૂષપ્રમાણવાળી છાયાને ઉત્પન્ન કરે છે, કોઈ એક બીજો કહે છે, કે-એવો પણ ભૂભાગને પ્રદેશ છે કે જે ભૂભાગમાં ભ્રમણ કરતો સૂર્ય બે પુરૂષપ્રમાણવાળી છાયાને ઉત્પન્ન કરે છે, આ પૂર્વોક્ત પ્રકારથી બાકીની પ્રતિપત્તિયોનું યોજના કરીને કહી લેવું. એ છન્નુ પ્રતિપત્તિયોવાળા જે મતાન્તર વાદી આ પ્રમાણે કહે છે કે- એવો ભૂભાગ છે કે જે પ્રદેશમાં પોતાના માર્ગમાં ભ્રમણ કરતો સૂર્ય એક પુરૂષપ્રમાણવાળી છાયાને ઉત્પન્ન કરે છે. એક પુરૂષપ્રમાણની છાયાનું કથન કરવાવાળા કહે છે કે-સૂર્યના સૌથી નીચેના સ્થાનથી સૂર્યના પ્રતિઘાતથી બહાર નીકળેલ જે લેશ્યા એ લેશ્યાથી તાડિત થતી આ રત્નપ્રભા પૃથ્વીના સમતલ ભૂભાગથી જેટલા પ્રમાણવાળા પ્રદેશમાં સૂર્ય ઉપર વ્યવસ્થિત થાય છે, એટલા પ્રમાણથી સરખા માર્ગથી એક સંખ્યાપ્રમાણવાળા છાયાનુમાન પ્રમાણવાળી પ્રકાશ્ય વસ્તુના પ્રમાણનું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનુમાન જે ઉદ્દેશથી કરવામાં આવે છે. તેનાથી આકાશમાં સૂર્યની સમીપ પ્રકાશ્ય વસ્તુનું પ્રમાણ સાક્ષાત્ કહેવું શક્ય ન હોવાથી અનુમાન પ્રમાણ કહેલ છે, કારણ કે તેજઃપુંજનું અધિક પણું હોવાથી. પરંતુ દેશ વિશેષથી અથવા સ્થાન વિશેષથી અનુમાન થી કહેવું શક્ય થાય છે. તેથી જ છાયાનુમાન પ્રમાણથી તેમ કહેલ છે, અવમિત એટલે કે પરિચ્છિન્ન જે દેશ વિશષ પ્રદેશમાં આવેલ સૂર્ય એક પુરૂષપ્રમાણવાળી છાયાને ઉત્પન્ન કરે છે, આજ પ્રમાણે બધે સમજવું. ભગવાન્ કહે છે- ભ્રમણ કરતો સૂર્ય ઉદયકાળમાં અને અસ્તમન કાળમાં કંઈક વધારે ઓગણસાઢ પુરૂષ પ્રમાણ છાયાને ઉત્પન્ન કરે છે. કે અર્ધ પૌરૂષી છાયા દિવસનો કેટલો ભાગ જાય ત્યારે થાય છે ? ભગવાન્ કહે છે કે-દિવસનો ત્રીજો ભાગ જાય ત્યારે અર્થાત્ ત્યારે અર્ધ પુરૂષ પ્રમાણની છાયા થાય છે, તે પુરૂષ પ્રમાણની છાયા દિવસનો કેટલો ભાગ જાય ત્યારે હોય છે ?ભગવાન કહે છે દિવસ નો ચોથો ભાગ જાય ત્યારે ત્યારે પુરૂષ પ્રમાણની છાયા હોય છે દ્વયર્ધ પુરૂષ પ્રમાણ છાયા દિવસનો કેટલો ભાગ ગયા પછી થાય છે ? દિવસનો પંચમાંશ ભાગ જાય ત્યારે દોઢ પુરૂષ પ્રમાણવાળી છાયા થાય.એદિવસમાંખંભચ્છાયારજ્જુચ્છાયાપ્રાકારછાયા પ્રાસાદચ્છાયા ઉદ્ગમચ્છાયા ઉચ્ચત્વછાયા અનુલોમછાયા આરંભિતા સમાપ્રતિ- હતાખીલચ્છાંયા પક્ષચ્છાયા પૂર્વતઃ ઉદયથી પૂર્વકંઠભાગોપગત પશ્ચિમભાગોપગત છાયાનુવાદિની કિયત્યનુ વાદિની છાયાચ્છાયા ગોલચ્છાયા કિયત્યનુવાદિની અને ગોલચ્છાયાના આઠ ભેદો પ્રત્યેક દિવસમાં અને પ્રત્યેક દેશમાં સૂર્યોદયથી સૂર્યાસ્ત પર્યન્ત સમય ભેદથી તથા પ્રકાશ્યવસ્તુના સ્વરૂપ ભેદથી પચીસ પ્રકારની છાયા થાય છે. તેના બીજા આઠ ભેદો કહેવામાં આવે છે.ગોલચ્છાયા,અપાર્ધગોલચ્છાયા ઘનગોલછાયા અપાર્ધઘનગોલ છાયા, ગોલપુંજછાયા અપાર્ધગોલપુંજ છાયા,

**પાહુડ-૯-ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પાહુડ-૧૦

### -: પાહુડપાહુડ - ૧ :-

[૪૨] યોગ અર્થાત્ નક્ષત્રની યુતિના સંબંધમાં વસ્તુની આવલિકાનિપાત કંઈ રીતે થાય છે ? ભગવાન કહે છે નક્ષત્ર સમુદાયની આવલિકા નિપાતના સંબંધમાં આ વક્ષ્યમાણ પાંચ પ્રતિપત્તીયો છે, પહેલો કહે છે કે-કૃત્તિકા નક્ષત્રથી આરંભીને ભરણી નક્ષત્ર સુધીના બધા નક્ષત્રો કહેલા છે કોઈ એક બીજો કહે છે કે-આવલિકાની સરખા પ્રકાશરૂપ બધા નક્ષત્ર સમૂહ અઠ્યાવીસ હોય છે. મઘા નક્ષત્રથી આરંભ કરીને અશ્લેષા પર્યન્ત હોય છે. કોઈ ત્રીજો નક્ષત્રાવલિ માં ધનિષ્ઠા નક્ષત્રથી લઈને શ્રવણ સુધીના બધા નક્ષત્રો કહેલા છે. કોઈ એક ચોથો કહે છે કે-અશ્વિની નક્ષત્રથી આરંભીને રેવતી સુધીના બધા નક્ષત્રોના ગણના ક્રમથી ગણવામાં આવે છે. કોઈ એક પાંચમો કહે છે કે-નક્ષત્રોનો ગણના ક્રમ ભરણી નક્ષત્રથી આરંભીને અશ્વિની સુધીના ગણવામાં આવે છે. નક્ષત્રના ગણના ક્રમમાં વાસ્તવિક રીત આ પ્રમાણે છે-બધા નક્ષત્રો અભિજીતથી લઈને ઉત્તરાષાઢા પર્યન્તના પ્રતિપાદન કરેલ છે.

**પાહુડ-૧૦/૧ ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પાહુડપાહુડ - ૨

[૪૩-૪૪] હે ભગવાન્ કઈ રીતે પ્રત્યેક નક્ષત્રનું મુહૂર્ત પરિમાણ પ્રતિપાદિત કરેલ છે ? ભગવાન્ કહે છે કે- આ પહેલા પ્રતિપાદન કરેલ અઠ્યાવીસ નક્ષત્રોમાં એવા પણ નક્ષત્રો હોય છે કે જેઓ નવ મુહૂર્ત અને એક મુહૂર્તના સડસઠિયા સત્યાવીસ પર્યન્ત યાવત્ ચંદ્રની સાથે યોગ પ્રાપ્ત કરે છે, આ પરિગણિત અઠ્યાવીસ નક્ષત્રોમાં કયા નક્ષત્રો એવા હોય છે કે જેઓ નવ મુહૂર્ત અને એક મુહૂર્તનો સત્યાવીસ સડસઠિયા ભાગ યાવત્ ચંદ્રની સાથે યોગ પ્રાપ્ત કરે છે. તથા અઠ્યાવીસ નક્ષત્રોમાં કયા નક્ષત્રો એવા છે જે પોતાના ભોગકાળમાં કેવળ ૧૫ મુહૂર્ત યાવત્ ચંદ્રની સાથે યોગ કરે છે ? તેના ઉત્તરમાં કહે છે આ પરિગણિત અઠ્યાવીસ નક્ષત્રોમાં જે નક્ષત્રો સ્વભોગકાળમાં નવ મુહૂર્ત અને એક મુહૂર્તનો સડસઠિયા સત્યાવીસ ભાગ યાવત્ ચંદ્રની સાથે યોગ કરે છે, એવું એક અભિજીત નક્ષત્ર છે, એ અઠ્યાવીસ નક્ષત્રોમાં જે નક્ષત્રો પંદર મુહૂર્ત પર્યન્ત સાથે યોગ કરે છે, એવા છ નક્ષત્રો છે.શતભિષા, ભરણી, આર્દ્રા, આશ્લેષા, સ્વાતી અને જયેષ્ઠા આ અઠ્યાવીસ નક્ષત્રોમાં જે નક્ષત્ર ત્રીસ મુહૂર્ત પર્યન્ત યાવત્ ચંદ્રની સાથે યોગ કરે છે. એવા નક્ષત્રો પંદર છે. શ્રવણ, ધનિષ્ઠા, પૂર્વાભાદ્રપદા, રેવતી અશ્વિની, કૃત્તિકા, મૃગશિરાપુષ્ય, મઘા, પૂર્વફાલ્ગુની, હસ્ત, ચિત્રા અનુરાધા, મૂળ પૂર્વાષાઢા, એ અઠ્યાવીસ નક્ષત્રમાં જે નક્ષત્ર એવા છે કે જે પોતાના ભોગ કાળમાં ચંદ્રની સાથે પિસ્તાલીસ મુહૂર્ત પર્યન્ત યાવત યોગ પ્રાપ્ત કરે છે, એ નક્ષત્રો છ છે, ઉત્તરાભાદ્રપદા, રોહિણી, પુનર્વસુ, ઉત્તરાફાલ્ગુની, વિશાખા, અને ઉત્તરાષાઢા નક્ષત્રોનો સૂર્યની સાથેનો યોગ સાંભળો અઠ્યાવીસ નક્ષત્રો હોય છે કે જે પોતાના ભોગ કાળમાં ચાર અહોરાત્ર અને છ મુહૂર્ત સૂર્યની સાથે યોગ પ્રાપ્ત કરે છે. તથા અઠ્યાવીસ નક્ષત્રોમાં એવા પણ નક્ષત્રો હોય છે જે પોતાના ભોગ કાળમાં છ અહોરાત્ર અને એકવીસ મુહૂર્ત પર્યન્ત સૂર્યની સાથે યોગ પ્રાપ્ત કરે છે. તથા એવા પણ નક્ષત્રો હોય છે જે નક્ષત્ર તેર અહોરાત્ર અને બાર મુહૂર્ત પર્યન્ત સૂર્યની સાથે યોગ કરે છે. તથા એવા પણ નક્ષત્ર હોય છે જેઓ પોતાના સંચરણ સમયમાં વીસ અહોરાત્ર અને ત્રણ મુહૂર્ત પર્યન્ત સૂર્યની સાથે યોગ કરે છે. અઠ્યાવીસ નક્ષત્રોમાં જે નક્ષત્ર ચાર અહોરાત્ર અને છ મુહૂર્ત પર્યન્ત સૂર્યની સાથે યુતિ કરે છે. એવું એક અભિજીત નક્ષત્ર છે. જે નક્ષત્ર પોતાના ભોગકાળમાં સૂર્યની સાથે તેર અહોરાત્ર અને બાર મુહૂર્ત સુધી યોગ કરે છે, એવા પંદર નક્ષત્રો હોય છે. શ્રવણ, ધનિષ્ઠા, પૂર્વાભાદ્ર પદા, રેવતી અશ્વિની કૃત્તિકા, મૃગશિરા પુષ્ય મઘા પૂર્વફાલ્ગુની હસ્ત ચિત્રા અનુરાધા મૂલ અને પૂર્વાષાઢા શ્રવણાદિ પંદર નક્ષત્રો સ્વ ભોગકાળમાં સૂર્યની સાથે તેર અહોરાત્ર અને બાર મુહૂર્ત સુધી યોગ કરે છે. જે નક્ષત્ર વીસ અહોરાત્ર અને ત્રણ મુહૂર્ત યાવત્ પોતાના ભ્રમણ કાળમાં સૂર્યની સાથે યોગ પ્રાપ્ત કરે છે, એવા છ નક્ષત્રો હોય છે. ઉત્તરાભાદ્રપદા, રોહિણી, પુનર્વસુ, ઉત્તરફાલ્ગુની, વિશાખા, ઉત્તરાષાઢા,

**પાહુડ - ૧૦/૨ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## પાહુડપાહુડ - ૩

[૪૫] હે ભગવન અહોરાત્ર ભાગ સંબંધી નક્ષત્રો કહેલા છે ? તે કહો અઠ્યાવીસ નક્ષત્રોમાં એવા નક્ષત્રો છે, કે જે દિવસના પૂર્વ ભાગમાં રહેલા ચંદ્ર યોગના આદિને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અધિકૃત કરીને જે રહે તે પૂર્વ ભાગવાળા નક્ષત્રો કહેવાય છે. તથા સમક્ષેત્ર એટલે પૂર્ણ અહોરાત્ર પ્રમિત ક્ષેત્રને ચંદ્ર યોગને અધિકૃત કરીને રહે તે સમક્ષેત્ર નક્ષત્ર કહેવાય છે. એટલે કે ત્રીસ મુહૂર્ત તુલ્ય અર્થાત્ સંપૂર્ણ અહોરાત્ર રૂપ કહેલા છે. આ નક્ષત્રો પશ્ચાત્ ભાગવત હોય છે, તથા સમક્ષેત્ર એટલે કે ત્રીસ મુહૂર્ત કહેલ છે તથા એવા પણ નક્ષત્રો હોય છે કે જે નક્ષત્ર નક્તંભાગ અર્થાત્ રાત્રિગત એટલા માટે અર્ધમાત્ર ક્ષેત્રવાળા અપાર્ધ ક્ષેત્ર એટલે કે પંદર મુહૂર્ત ચંદ્રયોગને અધિકૃત કરીને પ્રતિપાદિત કરેલ છે. તથા એવા પણ નક્ષત્રો છે. કે જે નક્ષત્ર ઉભય ભાગ અર્થાત્ દોઢ ક્ષેત્ર વ્યાપ્ત એટલે કે પિસ્તાલીસ મુહૂર્ત પ્રજ્ઞપ્ત કરેલ છે. અઠ્યાવીસ નક્ષત્રોમાં રહેલા એવા કેટલા નક્ષત્રો હોય છે કે જે નક્ષત્રો દિવસના પૂર્વ ભાગમાં વ્યાપ્ત રહે છે. સંપૂર્ણ અહોરાત્ર વ્યાપ્ત તેવા છ નક્ષત્રો કહ્યા છે. પૂર્વાપરૌષ્ઠપદા, પૂર્વાભાદ્રપદા, પૂર્વાફાલ્ગુની અને પૂર્વાષાઢા એટલે કે ત્રણ પૂર્વા કૃત્તિકા મઘા અને મૂળ અઠ્યાવીસ નક્ષત્રોમાં જે નક્ષત્ર દિવસના પાછળના ભાગમાં રહેલ હોય તથા ત્રીસ મુહૂર્ત વ્યાપ્ત હોય છે તેવા દસ નક્ષત્રો છે. છે-અભિજીત્ શ્રવણ ધનિષ્ઠા રેવતી અશ્વિની મૃગશિરા પુષ્ય હસ્ત ચિત્રા અને અનુરાધા જે નક્ષત્ર નક્તંભાગ પંદર મુહૂર્ત વ્યાપ્ત કાળ ગત અપાર્ધક્ષેત્રમાં વ્યાપ્ત જે નક્ષત્ર પ્રતિપાદિત કરેલ છે. તેવા નક્ષત્રો છ હોય છે. શતભિષા ભરણી, અશ્લેષા, સ્વાતી તથા જયેષ્ઠા અઠ્યાવીસ નક્ષત્રોમાં આ રીતે જે નક્ષત્રો પ્રતિપાદિત કરેલ છે, કે જે ઉભયભાગ એટલે કે- પિસ્તાલીસ મુહૂર્ત તુલ્યકાળ વ્યાપ્ત જે નક્ષત્ર કરેલ છે. એવા છ નક્ષત્રો હોય છે, ઉત્તરાપ્રૌષ્ઠપદા, ઉત્તરાભાદ્રપદા, ઉત્તરાફાલ્ગુની ઉત્તરાષાઢા આ રીતે પૂર્વા તથા રોહિણી, પુનર્વસુ અને વિશાખા

**પાહુડ-૧૦/૩ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પાહુડપાહુડ-૪

[૪૬] કેવી રીતે નક્ષત્રોનો ચંદ્રની સાથેના યોગનું આદિ પ્રતિપાદત કરેલ છે ? ભગવાન્ કહે છે કે હે ગૌતમ ! અભિજીત્ અને શ્રવણ એ બે નક્ષત્ર એવા છે કે જે નક્ષત્રો દિવસનો પાછળના અર્ધો ભાગ ગયા પછી ચંદ્ર યોગના આદિને અધિકૃત કરીને કંઈક વધારે ઓગણચાલીસ મુહૂર્ત કાળમાં વ્યાપ્ત થઈને રહે છે. આટલો કાળ અર્થાત્ દોઢ દિવસ પ્રમાણ સમય ચંદ્રની સાથે યોગ કરીને તે પછી અનુપરિવર્તન કરે છે. સૂર્યાસ્તની નજીકના ત્રણ ઘડિ યુક્ત કાળમાં ચંદ્ર ઘનિષ્ઠા નક્ષત્રમાં સાંજના સમયે ચંદ્રની સાથે પ્રથમ યોગ કરે છે. તે પછી આત્મસમર્પણ કર્યા પછી ધનિષ્ઠાનક્ષત્ર પશ્ચાત્ ભાગ ચંદ્રની સાથે યોગ પ્રાપ્ત કરે છે. ચંદ્રની સાથે યોગ કરીને તે પછી એકરાત અને એક દિવસ યાવત્ ચંદ્રની સાથે યોગ કરે છે. આ પૂર્વોક્ત પ્રકારથી ધનિષ્ઠા નક્ષત્ર ત્રીસ મુહૂર્ત પ્રમાણવાળું હોવાથી તથા સાંજના સમયથી પ્રવૃત્ત થતું હોવાથી એક અહોરાત ચંદ્રની સાથે યોગ પ્રાપ્ત કરે છે. અને યોગનું અનુપરિવર્તન કરીને સાંજના સમયે દિવસના કેટલાક પાછળના ભાગમાં ચંદ્ર શતભિષક્ નક્ષત્રને પ્રાપ્ત કરે છે. ચંદ્રનો યોગ પ્રાપ્ત થવાથી શતભિષક્ નક્ષત્ર કેવળ રાતના ભાગવર્તિ અહોરાત્રનો કેવળ અર્ધાભાગ ક્ષેત્રને પંદર મુહૂર્ત પરિમિત સમય પ્રથમતઃ કરીને ચંદ્રની સાથે યોગ પ્રાપ્ત કરે છે. શતભિષક્ નક્ષત્રને ચન્દ્રને સમર્પિત કર્યા પછી પૂર્વભાદ્રાપદા નક્ષત્ર પોતાના પ્રવૃત્ત સમયથી આરંભીને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રાતઃકાળમાં જ ચંદ્રની સાથે પ્રથમ યોગથી અહોરાત્રનો પ્રથમ ભાગ ત્રીસ મુહૂર્ત પ્રમાણકાળ વ્યાપ્ત ત્યાંથી પ્રથમ આરંભ થવાથી પ્રાતઃકાળમાં ચંદ્રની સાથે યોગ કરે છે.

પૂર્વાભાદ્રાપદા નક્ષત્ર ત્રીસ મુહૂર્ત પ્રમાણવાળું હોવાથી તથા પ્રાતઃકાળે પ્રવૃત્ત થતું હોવાથી અહોરાત્ર પરિમિત કાળ પર્યન્ત નિવાસ કરે છે. પૂર્વાભાદ્રપદા નક્ષત્રની સાથે ચંદ્રનો યોગ કરીને એ યોગને પરિવર્તિત કરે છે. બીજા દિવસના સૂર્યોદય સમયે ચંદ્રને ઉત્તરાભાદ્રપદા નક્ષત્રને સમર્પિત કરે છે. ઉત્તરાભાદ્રપદા નક્ષત્રનો યોગ થવાથી તેના પ્રારંભ કાળથી દોઢ અહોરાત્ર તુલ્યક્ષેત્ર ગત થઈને રહે છે. પૂર્વોક્ત પ્રકારથી ઉત્તરાભાદ્રપદાનક્ષત્ર પિસ્તાલીસ મુહૂર્ત વ્યાપ્ત હોવાથી બે દિવસ અને એક રાત સુધી ચંદ્રની સાથે વ્યાપ્ત રહે છે. ઉત્તરાભાદ્રપદા નક્ષત્ર બે દિવસ અને એક રાત ચંદ્રની સાથે યોગ કરે છે, આ રીતે યોગ કરીને કંઈક પશ્ચાત્ ભાગમાં ચંદ્રને રેવતી નક્ષત્રને સમર્પિત કરે છે, રેવતી નક્ષત્ર ત્રીસ મુહૂર્ત પરિમિત કાળ વ્યાપ્ત એ યોગના પ્રારંભ કાળ રૂપ સાયંકાળમાં ચંદ્રની સાથે નિવાસ કરે છે. યોગનો વિનિમય કરીને બીજા દિવસના સાંજ ના સમયે ચંદ્રને અશ્વિનીનક્ષત્રને સમર્પિત કરે છે. આ અશ્વિની નક્ષત્ર પણ સાયંકાળમાં ચંદ્રની સાથે યોગ કરે છે. એ નક્ષત્રના યોગના આરંભ કાળથી સાંજના સમયમાં ચંદ્રની સાથે યોગ કરે છે. રાત્રી સમાપ્ત થયા પછી બીજો એક દિવસ ચંદ્રની સથે રહે છે. આ રીતે યોગનો વિનિમય કરીને સાંજના સમયે ચંદ્રને ભરણી નક્ષત્રને સમર્પિત કરે છે. ભરણી નક્ષત્ર કેવળ એક રાત્રી રહેવાવાળું અર્થાત્ મુહૂર્ત પ્રમાણ કાળ વ્યાપી કહેલ છે. તેથી બીજે દિવસે ચંદ્રની સાથે યોગ કરતું નથી. સૂર્યોદયની નજીકના સમયે પોતાની સાથે નિવાસ કરતા એ ચંદ્રને કૃતિકા નક્ષત્રને ભોગને માટે આપી દે છે. કૃત્તિકા નક્ષત્ર પૂર્વાહ્નથી પ્રારંભ થતું હોવાતી અહોરાત્રિના પૂર્વ ભાગવત તથા સંપૂર્ણ અહોરાત્ર કાળ વ્યાપી એ યોગનો વિનિમય કરે છે. પ્રભાત કાળમાં ચંદ્રને રોહિણી નક્ષત્રને સમર્પિત કરે છે. રોહિણી નક્ષત્ર પિસ્તાલીસ મુહૂર્ત પ્રમાણવાળું હોવાથી પ્રભાતકાળમાં ચંદ્રની સાથે યોગ કરે છે. તથા તે પછીની એક રાત અને બીજા દિવસ પર્યન્ત ચંદ્રની સાથે યોગ કરે છે. સાંજના સમયે ચંદ્રને મૃગશીર્ષનક્ષત્રને સમર્પિત કરે છે, આ બધું જ પહેલાં વ્યાખ્યાત થઈ ગયેલ છે, આ રીતે બાહલ્યને અધિકૃત કરીને પૂર્વોક્ત સવિસ્તર પ્રકારથી યથોક્ત સમયમાં અભિજીત વિગેરે બધા નક્ષત્ર ચંદ્રની સાથે યોગ પ્રાપ્ત કરે છે, તેમાં કોઈ પૂર્વભાગવાળા હોય છે અને કોઈ પશ્ચાત્ ભાગવાળા હોય છે. તેમજ કોઈ નક્તંભાગ હોય છે. અને કેટલાક ઉભય ભાગવાળા હોય છે.

**પાહુડ - ૧૦/૪ ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પાહુડપાહુડ - ૫

[૪૭] હે ભગવાન્ ! કેવી રીતે કુલસંજ્ઞક નક્ષત્રો કહેલા છે ? બાર નક્ષત્ર કુલસંજ્ઞક છે, તથા ચાર નક્ષત્રો કુલોપકુલ સંજ્ઞાવાળા કહ્યા છે, આ નીચે બાર નક્ષત્ર કુલસંજ્ઞક હોય છે, ધનિષ્ઠાકુલ, ઉત્તરાભાદ્રપદાકુલ, અશ્વિનીકુલ, કૃત્તિકા,કુલ, સંસ્થાનકુલ, પુષ્યકુલ, મઘાકુલ, ઉત્તરાફાલ્ગુનીકુલ, ચિત્રાકુલ, વિશાખા કુલ, મૂલકુલ, ઉત્તરાષાઢાકુલ, આ બાર નક્ષત્રો ઉપકુલ સંજ્ઞક હોય છે, શ્રવણ ઉપકુલ પૂર્વાપ્રૌષ્ઠપદાઉપકુલ, રેવતીઉપકુલ ભરણીઉપકુલ, પુનર્વસૂઉપકુલ અશ્લેષાઉપકુલ, પૂર્વાફાલ્ગુનીઉપકુલ હસ્તઉપકુલ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વાતીઉપકુલ જ્યેષ્ઠાઉપકુલ પૂર્વાષાઢાઉપકુલ આ ચાર નક્ષત્રો કુલોપકુલ સંજ્ઞક હોય છે, અભિજીત્ ,શતભિષા, આર્દ્રા, અનુરાધા

**પાહુડ-૧૦/૫ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

**પાહુડપાહુડ-૬**

[૪૮-૪૯] પૂર્ણિમા કયા નક્ષત્રોથી સમાપ્ત થતી આપે કહેલ છે ? બાર પૂર્ણિમાઓ તેમજ બાર અમાવાસ્યાઓ કહી છે, તે પૂર્ણમાઓ આ પ્રમાણે જાણવી. ધનિષ્ઠા, અપરનામ શ્રાવિષ્ઠા અર્થાત્ શ્રાવણમાસમાં થવાવાળી પૂર્ણિમા, પ્રૌષ્ઠપદી એટલે કે, ભાદરવા માસમાં થનાર પૂર્ણિમા અશ્વિની અર્થાત્ આસોમાસમાં થવાવાળી પૂર્ણિમા, કાર્તિકી અર્થાત્ કાર્તિક માસ ભાવી પૂર્ણિમા, માર્ગી અર્થાત્ માર્ગશીર્ષમાસ ભાવિની, પૂર્ણિમા પુષ્ય નક્ષત્રમાં થવાવાળી પોષીપૂર્ણિમા મઘા નક્ષત્રમાં થવાવાળી માઘમાસમાં થવાવાળી પૂર્ણિમા, ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં થવાવાળી ફાગણ માસ ભાવિની પુનમ, ચિત્રા નક્ષત્રમાં થનારી ચૈત્રી પુનમ, વિશાખા નક્ષત્રમાં થવાવાળી વૈશાખ માસ બોધિકા પૂર્ણિમા, જ્યેષ્ઠા નક્ષત્રમાં થનારી જ્યેષ્ઠમાસ પ્રતિપાદિકા પુનમ, ઉત્તરાષાઢા નક્ષત્રમાં થનારી અષાઢ માસનો બોધ કરાવનારી પુનમ

શ્રાવણમાસ ભાવીની પૂર્ણિમા કેટલી સંખ્યાવાળા અને કયા કયા નામોવાળા નક્ષત્રોનો યોગ કરે છે ? શ્રાવિષ્ઠિ પૂર્ણિમાને ત્રણ નક્ષત્ર ચંદ્રની સાથે યોગ કરીને સમાપ્ત કરે છે. અભિજીત્, શ્રવણ અને ધનિષ્ઠા ત્રણ નક્ષત્રો ચંદ્રની સાથે યોગ કરીને ભાદરવા માસની પુનમને સમાપ્ત કરે છે. શતભિષા, પૂર્વાપ્રૌષ્ઠપદા અને ઉત્તરાપ્રૌષ્ઠપદા આસો ની પુનમ રેવતી અને અશ્વિની એ બે નક્ષત્રનો યથાયોગ્ય કાળ ચંદ્રની સાથે યોગ કરીને સમાપ્ત થાય છે. ભરણી અને કાર્તિની બે નક્ષત્રોજ કાર્તિક માસની પુનમને ચંદ્રની સાથે યોગ્ય રીતે સંયોગ કરીને સમાપ્ત કરે છે. કેટલા માર્ગશીર્ષ માસની પૂર્ણિમાને રોહિણી અને મૃગશીર એ બે નક્ષત્ર યથાયોગ્ય ચંદ્રની સાથે યોગ કરીને સમાપ્ત કરે છે, આર્દ્રા, પુનર્વસુ, અને પુષ્ય આ ત્રણ નક્ષત્રો પોષ માસની પુનમનો ચંદ્રની સાથે યથાયોગ સંયોગ કરીને સમાપ્ત કરે અશ્લેષા અને મઘા એ બે નક્ષત્ર માઘી પુનમને યથાયોગ ચંદ્રની સાથે યોગ કરીને એ પુનમને સમાપ્ત કરે છે. પૂર્વાફાલ્ગુની અને ઉત્તરાફાલ્ગુની એ બે નક્ષત્ર યથાયોગ્ય ચંદ્રની સાથે યોગ કરીને ફાગણમાસની પુનમને સમાપ્ત કરે છે, હસ્ત નક્ષત્ર અને ચિત્રા નક્ષત્ર એ બે નક્ષત્રો ચૈત્ર માસની પુનમને સમાપ્ત કરે છે, સ્વાતી અને વિશાખાએ બે નક્ષત્રો ચંદ્રની સાથે યથાયોગ યોગ કરીને વૈશાખમાસ ભાવિની પુનમને સમાપ્ત કરે છે, જ્યેષ્ઠામૂલી પૂર્ણિમાને અનુરાધા, જ્યેષ્ઠા અને મૂલ એ ત્રણ નક્ષત્ર યથા યોગ્ય ચંદ્રની સાથે યોગ કરીને સમાપ્ત કરે છે. પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા એ બે નક્ષત્ર અષાઢમાસ ભાવિની પુનમને ચંદ્રની સાથે યથાયોગ્ય યોગ કરીને એ સમાપ્ત કરે છે. કે-

હે ભગવાન શ્રાવણમાસ ભાવિની શ્રાવિષ્ઠી પૂર્ણિમાને શું કુલસંજ્ઞક નક્ષત્ર યોગ કરે છે?અથવા ઉપકુલસંજ્ઞક નક્ષત્ર યોગ કરે છે ? કે કુલોપકુલ સંજ્ઞકનક્ષત્ર યોગ કરે છે ? શ્રાવણ માસની પૂર્ણિમા કુલસંજ્ઞક નક્ષત્રનો યોગ કરે છે. તથા ઉપકુલ સંજ્ઞક નક્ષત્રનો પણ યોગ કરે છે, તેમજ કુલોપકુલ સંજ્ઞાવાળા નક્ષત્રોનો પણ યોગ કરે છે. કુલસંજ્ઞક ઉપકુલસંજ્ઞક અને કુલોપકુલસંજ્ઞક એ પ્રમાણે ત્રણે સંજ્ઞા વાળા નક્ષત્રોનો યથાસંભવ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચંદ્રની સાથે યોગ કરીને એ ભાદરવામાસની પુનમને સમાપ્ત કરે છે. આશ્વિની પૂર્ણિમાનો કુલ સંજ્ઞક અને ઉપકુલ સંજ્ઞક નક્ષત્ર યથાયોગ ચંદ્રની સાથે યોગ કરીને સમાપ્ત કરે છે. તેને કુલોપકુલવાળા નક્ષત્રનો યોગ હોતો નથી. આ પૂર્વોક્ત પ્રકારથી બાકીની બધી જ પૂર્ણિમાઓના સંબંધમાં પાઠક્રમથી કહી આશ્લેષા અને મઘા એ બે નક્ષત્રો શ્રાવિષ્ઠી અમાવાસ્યાનો ચંદ્રની સાથે યોગ કરીને સમાપ્ત કરે છે. હસ્ત અને ચિત્રા એ બે નક્ષત્ર આસો માસની અમાસનો યથાસંભવ ચંદ્રની સાથે યોગ કરીને સમાપ્ત કરે છે, કાર્તિકી અમાસનો સ્વાતી અને વિશાખા નક્ષત્ર યોગ કરે છે, -અનુરાધા, જ્યેષ્ઠા અને મૂળ આ ત્રણ નક્ષત્રો માગશર માસની અમાસનો યોગ કરે છે. પોષ માસની અમાસને પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા નક્ષત્ર સમાપ્ત કરે છે. માઘમાસની અમાસને અભિજીત શ્રવણ અને ધનિષ્ઠા એ ત્રણ નક્ષત્રો સમાપ્ત કરે છે. ફાગણમાસની અમાસને પૂર્વાપ્રોષ્ઠપદા અને ઉત્તરાપ્રૌષ્ઠપદા નક્ષત્ર સમાપ્ત કરે છે. ચૈત્ર માસની અમાસ -ઉત્તરાભાદ્રપદા રેવતી અને અશ્વિની એ ત્રણ નક્ષત્રો સમાપ્ત કરે છે. ભરણી અને કૃત્તિકાનક્ષત્ર વૈશાખ માસની અમાસને સમાપ્ત કરે છે. રોહિણી અને મૃગશિરા એ બે નક્ષત્ર જ્યેષ્ઠ માસની અમાસને સમાપ્ત કરે છે. આર્દ્રા, પુનર્વસુ અને પુષ્ય અષાઢી અમાસને સમાપ્ત કરે છે, માર્ગશીર્ષી, માઘી, અષાઢી અમાસનો યોગ કુલસંજ્ઞક અને ઉપકુલસંજ્ઞાવાળા નક્ષત્રો અને કુલોપકુલવાળા નક્ષત્રો પણ યોગ કરે છે, તે સિવાયની અમાસોમાં કુલોપકુલ નક્ષત્રનો યોગ હોતો નથી. યાવત્ જેઠમાસની અમાસનો કુલસંજ્ઞક ઉપકુલસંજ્ઞકનક્ષત્ર યોગ કરે છે. કુલોપકુલ સંજ્ઞાવાળા નક્ષત્રનો યોગ તેને હોતો નથી.

**પાહુડ ૧૦/૬ ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

**પાહુડપાહુડ - ૭**

[૫૦] હે ભગવાન્ પૂર્ણિમા અને અમાવાસ્યાનો સંનિપાત એટલે કે નક્ષત્રનો યોગ કેવી રીતે કહેલ છે તે આપ મને કહો જ્યારે ધનિષ્ઠા અપર નામવાળી શ્રાવિષ્ઠી પૂર્ણિમા હોય છે, ત્યારે એ પૂર્ણિમાની પછીની અમાસ મઘા નક્ષત્રયુક્ત હોય છે. જ્યારે શ્રાવણી પુનમ ધનિષ્ઠા નક્ષત્ર યુક્ત હોય છે. ત્યારે ધનિષ્ઠા નક્ષત્રની પછીથી પંદરમા મઘાન ક્ષત્રમાં શ્રાવણમાસનીજ અમાસનો સંભવ રહે છે. જ્યારે પ્રૌષ્ઠપદા એટલે કે ઉત્તરા ભાદ્રપદા નક્ષત્રથી યુક્ત પુનમ હોય છે. ત્યારે એજ માસની પછીની અમાસ ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રયુક્ત હોય છે. જ્યારે આશ્વિની નક્ષત્ર યુક્ત આસોમાસની પુનમ થાય છે, ત્યારે ચિત્રા નક્ષત્ર યુક્ત ચૈત્રી નામની અમાસ થાય છે. જ્યારે કાર્તિકી એટલે કે કૃત્તિકા નક્ષત્રથી યુક્ત કાર્તિક માસની પુનમ હોય છે એજ સમયે પછીની અમાસ વૈશાખી અર્થાત્ વિશાખા નક્ષત્રવાળી હોય છે, જ્યારે મૃગશિર નક્ષત્ર યુક્ત પુનમ હોય છે, એજ માસમાં જ્યેષ્ઠા અને મૂળ એ બેમાંથી એકથી યુક્ત જ્યેષ્ઠામૂલી નામની અમાસ થાય છે, જ્યારે પુષ્ય નક્ષત્રથીયુક્ત પોષમાસ બોધિકા પુનમ હોય છે, ત્યારે પછીની પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢામાંથી એક અથવા બન્ને નક્ષત્રોથી યુક્ત અષાઢી નામવાળી અમાસ થાય છે. આ જંબૂદ્વીપ નામના દ્વીપમાં અભિજીતને છોડીને સત્યાવીસ નક્ષત્ર વ્યવહારમાં આવે છે.

**પાહુડ - ૧૦/૨ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

## પાહુડપાહુડ-૮

[૫૧] હે ભગવાન્ અઠ્યાવીસ નક્ષત્રોની સંસ્થિતિ કેવા પ્રકારનો કહેલ છે ? હે ગૌતમ ! અભિજીત્ નક્ષત્રનું સ્વરૂપ આકાર ગોશીર્ષની પંક્તિ જેવો કહેલ છે. શ્રવણ નક્ષત્ર કાહલના જેવા આકારવાળું કહેલ છે. ત્રીજું ધનિષ્ઠા નક્ષત્ર શકુની પલીનકના જેવા આકારવાળું કહેલ છે. ચોથું શતભિષાનક્ષત્ર પુષ્પોપચાર અર્થાત્ પાત્રમાંસજ્જ કરેલ પુષ્પના આકારના સમાન આકારવાળું છે. પાંચમું પૂર્વાભાદ્રપદા નક્ષત્ર અપાર્ધ વાવના જેવા આકારનું કહેલ છે. ભાદ્રપદા નક્ષત્રના સંસ્થાન જેવા સંસ્થાનવાળું છઠ્ઠું ઉત્તરાભાદ્રપદા નક્ષત્રને પણ સમજવું. રેવતી નક્ષત્ર નૌકાના આકાર જેવું કહેલ છે. આઠમું અશ્વિની નક્ષત્ર ઘોડાના ગળાના જેવા આકારવાળું કહેલ છે, નવમું ભરણીનક્ષત્ર ભગસંસ્થિત કહેલ છે. દસમું કૃત્તિકા નક્ષત્ર આકાશમાં અસ્તરાના ઘરના જેવું. જાણવું. રોહિણી નક્ષત્ર ગાડાની ઉધ જેવા આકારથી કહ્યું છે. મૃગશિરા નક્ષત્ર મૃગોના જે મસ્તક તેની જે પંક્તિ તેના જેવા આકારવાળું આર્દ્રા નક્ષત્ર આકાશમાં લોહીના ટીપાના જેવું છે. પુનર્વસુ નક્ષત્ર ત્રાજવાના આકારના જેવું છે. પુષ્ય વર્ધમાન અર્થાત્ સાથિયાના આકાર વાળું કહેલ છે, અશ્લેષા નક્ષત્ર પતાકા સમાન દેખાય છે. મઘાનક્ષત્ર પ્રાકારના જેવા સંસ્થાનવાળું છે, પૂર્વાફાલ્ગુનીનક્ષત્ર અર્ધપલંગના જેવા આકારવાળું કહેલ છે. પૂર્વાફાલ્ગુનીનક્ષત્રના સંસ્થાનના જેવું ઉત્તરાફાલ્ગુનીનક્ષત્રનું સ્વરૂપ જાણવું. હસ્ત નક્ષત્ર હાથના આકારના જેવું જાણવું. ચિત્રા નક્ષત્ર પ્રસન્ન મુખના સરખું હોય છે. સ્વાતી નક્ષત્ર ખીલાના આકાર જેવું છે. વિશાખા નક્ષત્ર દામનીના જેવા આકારવાળું કહેલ છે, અનુરાધા નક્ષત્ર એકાવલી હારના આકાર કહેલ છે. જ્યેષ્ઠા નક્ષત્રનો આકાર હાથીના દાંત જેવો પ્રતિપાદિત કરેલ છે. મૂળ નક્ષત્ર વીંછીના પુંછના જેવા આકારવાળું છે પૂર્વાષાઢા નક્ષત્ર હાથીના કુંભના જેવું છે ઉત્તરાષાઢા નક્ષત્ર સાદિ સંસ્થાનના જેવું છે.

**પાહુડ-૧૦/૮ નીમુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## પાહુડપાહુડ-૯

[૫૨]હે ભગવાન્આપે કેવી રીતે અઠ્યાવીસ તારાઓનું પ્રમાણ કહેલ છે ? અભિજીતનક્ષત્ર ત્રણ તારાઓવાળું કહેલ છે. શ્રવણનક્ષત્ર ત્રણ તારાઓથી યુક્ત છે. ધનિષ્ઠા નક્ષત્ર પાંચ તારાઓવાળું છે. શતભિષા નક્ષત્ર સો તારાઓ વાળું છે, પૂર્વા ભાદ્રપદા નક્ષત્ર બે તારાઓથી યુક્ત છે. ઉત્તરાભાદ્રપદા નક્ષત્ર પણ બે તારાઓવાળું કરેલ છે, રેવતીનક્ષત્ર બત્રીસ તારાઓથી યુક્ત કરેલ છે. અશ્વિની નક્ષત્ર ત્રણ તારા ઓવાળું છે, ભરણીનક્ષત્ર ત્રણ તારાઓવાળું છે. કૃત્તિકાનક્ષત્ર છ તારાઓવાળું છે. રોહિણીનક્ષત્ર પાંચ તારાઓવાળું છે. મૃગશિરાનક્ષત્ર ત્રણ તારાઓવાળું છે. આર્દ્રા નક્ષત્ર એક તારાવાળું છે. પુનર્વસુ નક્ષત્ર પાંચ તારાઓવાળું છે. પુષ્યનક્ષત્ર ત્રણ તારા ઓવાળું છે. અશ્લેષા નક્ષત્ર છ તારાઓવાળું છે. મઘાનક્ષત્ર સાત તારાઓવાળું છે. પૂર્વાફાલ્ગુનીનક્ષત્ર બે તારાવાળું છે. ઉત્તરાફાલ્ગુનીનક્ષત્ર પણ બે તારાવાળું છે. હસ્તનક્ષત્ર પાંચ તારાવાળું છે. ચિત્રાનક્ષત્ર એક તારાવાળું છે. સ્વાતીનક્ષત્ર એક તારાવાળું છે. વિશાખાનક્ષત્રના પાંચતારાઓ છે. અનુરાધાનક્ષત્ર પાંચતારાઓવાળું છે. જ્યેષ્ઠાનક્ષત્ર ત્રણ તારાઓવાળું છે. મૂલનક્ષત્ર એકજ તારાથી છે. પૂર્વાષાઢા અને



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્તરાષાઢા નક્ષત્ર ચાર તારાઓવાળું છે.

**પાહુડ - ૧૦/૯ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

**પાહુડપાહુડ - ૧૦**

[૫૩] સ્વયં અસ્ત થઈને અહોરાત્રને સમાપ્ત કરતા નક્ષત્ર રૂપ નેતા કઈ રીતે કહેલ છે ? તે આપ કહો શ્રાવણમાસને ઉત્તરષાઢા અભિજીત્ શ્રવણ અને ધનિષ્ઠા એ ચાર નક્ષત્રો પોતે અસ્ત થઈને અહોરાત્રીને સમાપ્ત કરીને એ શ્રાવણમાસને પૂર્ણ કરે છે. ઉત્તરાષાઢા નક્ષત્ર પહેલાના ચૌદ અહોરાત્રીના પૂર્ણ કરે છે. અભિજીત્ નક્ષત્ર સાત અહોરાત્રને પૂર્ણ કરે છે. શ્રવણ નક્ષત્ર આઠ અહોરાત્રીને પૂર્ણ કરે છે. બાકીના એક દિવસને ધનિષ્ઠા નક્ષત્ર સ્વયં અસ્ત થઈને અહોરાત્રને સમાપ્ત કરે છે. શ્રાવણમાસમાં ચાર આંગળ પૌરૂષી છાયાથી સૂર્ય દરરોજ પાછો વળે છે. શ્રાવણમાસના છેલ્લા બે પાદ અને ચાર આંગળની પૌરૂષી થાય છે. ધનિષ્ઠા શતભિષા પૂર્વાભાદ્રપદા ઉત્તરા ભાદ્રપદા ભાદરવા માસને પૂર્ણ કરે છે, ધનિષ્ઠા નક્ષત્ર ભાદરવા માસના પહેલાના ચૌદ અહોરાત્રને શતભિષાનક્ષત્ર બીજા વિભાગના સાત અહોરા ત્રને આઠ અહોરાત્રને ત્રીજું પૂર્વાભાદ્રાપદા નક્ષત્ર તે પછી બાકીના એક અહોરાત્રને ઉત્તરાપ્રૌષ્ઠપદા નક્ષત્ર સમાપ્ત કરે છે. ભાદરવામાસમાં આઠ આંગળથી કંઈક વધારે પૌરૂષી છાયાથી સૂર્ય પ્રતિદિવસ પ્રતિનિવૃત્ત એટલે કે પરાવર્તિત થાય છે. ભાદરવા માસના છેલ્લા દિવસમાં આઠ આંગળ અધિક બે પાદ પ્રમાણની પૌરૂષી થાય છે. આસોમાસને ઉત્તરાભાદ્રપદા રેવતી અને અશ્વિની એ ત્રણ નક્ષત્રો સ્વયં અસ્ત થઈને અહોરાત્રને સમાપ્ત કરીને એ આશ્વિનમાસને સમાપ્ત કરે છે. ઉત્તરાભાદ્રપદા નક્ષત્ર આશ્વિનમાસના પહેલાના ચૌદ અહોરાત્રને તે પછી બીજા પંદર અહોરાત્રને રેવતી નક્ષત્ર બાકીના એક અહોરાત્રને અશ્વિની નક્ષત્ર પૂરિત કરે છે, આસો માસમાં બાર આંગળી કંઈક વધારે છાયાથી સૂર્ય દરરોજ પરાવર્તિત થાય છે, અશ્વિની ભરણી અને કૃતિકા એ ત્રણ નક્ષત્ર કાર્તિક માસને પોતાના અસ્તગમન પૂર્વક અહોરાત્રિને સમાપ્ત કરીને પૂરિત કરે છે. અશ્વિની નક્ષત્ર કાર્તિક માસના ચૌદ અહોરાત્રને પંદર અહોરાત્રને બીજું ભરણી નક્ષત્ર તે પછી બાકીના એક અહોરાત્ર ને ત્રીજું કૃત્તિકા નક્ષત્ર સ્વયં અસ્ત થઈને પૂરિત કરે છે. કાર્તિકમાસમાં સોળ આંગળની પૌરૂષછાયથી સૂર્ય દરરોજ પરાવર્તિત થાય છે. કાર્તિકમાસના છેલ્લા દિવસમાં ત્રણપાદ પરિમિત અને ચાર આંગળ પૌરૂષી હોય છે કૃત્તિકા રોહિણી અને મૃગશિરા એ ત્રણ નક્ષત્રો ક્રમથી સ્વયં અસ્ત થઈને અહોરાત્રને સમાપ્ત કરીને હેમન્ત કાળના પહેલા માર્ગશીર્ષ માસને સમાપ્ત કરે છે. કૃતિકા નક્ષત્ર માગશર માસના ચૌદ અહોરાત્રને પંદર અહોરાત્રને બીજું રોહિણી નક્ષત્ર છેલ્લા એક દિવસને મૃગશિરા નક્ષત્ર પૂરિત કરે છે. માર્ગશીર્ષમાસને વીસ આંગળથી કંઈક વધારે પૌરૂષીછાયાથી સૂર્ય દરરોજ પરાવર્તિત થાય છે. માગશર માસના છેલ્લા દિવસમાં આઠ આંગળથી વધારે ત્રિપદા પ્રમાણની પૌરૂષી થાય છે. મૃગશિરા, આર્દ્રા, પુનર્વસુ અને પુષ્ય આ ચાર નક્ષત્રો હેમંતકાળના બીજા પોષમાસને સ્વયં સમાપ્તિ તરફ લઈ જાય છે. મૃગશિરા નક્ષત્ર પોષમાસના પ્રથમ વિભાગના ચૌદ અહોરાત્રીને આર્દ્રા નક્ષત્ર સાત અહોરાત્રને પુનર્વસુ નક્ષત્ર આઠ અહોરાત્રને બાકીના એક દિવસને પુષ્ય નક્ષત્ર પૂરિત કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોષમાસમાં ચોવીસ આંગળથી કંઈક વધારે પૌરૂષી છાયાથી સૂર્ય દરરોજ પરાવર્તિત થાય છે. પોષમાસના અન્તના દિવસમાં રેખાસ્થ પદના અંદરની સીમા ત્યાંથી આરંભ કરીને ચાર પગ તુલ્ય પૌરૂષી થાય છે. પુષ્ય અશ્લેષા અને મઘા એ ત્રણ નક્ષત્ર ત્રીજા માઘમાસમાંસ્વયં અસ્ત થઈને અહોરાત્રને સમાપ્ત કરે છે પુષ્ય નક્ષત્ર માઘમાસના પહેલા વિભાગના ચૌદ અહોરાત્રને આશ્લેષા નક્ષત્ર પંદર અહોરાત્રને છેલ્લા એક દિવસને ત્રીજુ મઘા નક્ષત્ર પોતે પૂરિત કરે છે. માઘમાસમાં વીસ આંગળથી કંઈ વધારે પૌરૂષી છાયાથી સૂર્ય પ્રતિદિન પરાવર્તિત થાય છે, માઘમાસના છેલ્લા દિવસમાં આઠ આંગળ અધિક ત્રિપદા પૌરૂષી હોય છે, મઘા પૂર્વાફાલ્ગુની અને ઉત્તરાફાલ્ગુની એ ત્રણ નક્ષત્રો હેમંત કાળના અન્તિમ ફાગણમાસને સ્વયં અસ્ત થઈને અહોરાત્રને સમાપ્ત કરીને પૂર્ણ કરે છે, મઘા નક્ષત્ર ફાગણમાસના પ્રથમ વિભાગના ચૌદ અહોરાત્રને પૂર્વાફાલ્ગુની નક્ષત્ર પંદર અહોરાત્રને છેલ્લી એક અહોરાત્રીને ઉત્તરફાલ્ગુની નક્ષત્ર સમાપ્ત કરે છે. ફાગણ માસમાં સોળ આંગળથી કંઈક વધારે પૌરૂષી છાયાથી સૂર્ય દરરોજ પરિવર્તિત થાય છે. ફાગણમાસના અન્તિમ દિવસમાં ચાર આંગળ અધિક ત્રણપાદની પૌરૂષી હોય છે, ઉત્તરાફાલ્ગુની હસ્ત અને ચિત્રા એ ત્રણ નક્ષત્રો ચૈત્રમાસને સ્વયં અસ્ત થઈને અહોરાત્રને પરિસમાપ્ત કરીને એ ચૈત્ર માસને સમાપ્તિ તરફ લઈ જાય છે. ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર ગ્રીષ્મકાળના પહેલા ચૌદ અહોરાત્રને હસ્ત નક્ષત્ર બીજા પંદર અહોરાત્રને સ્વયં બાકીના છેલ્લા એક અહોરાત્રને ચિત્રા નક્ષત્ર સમાપ્તિ તરફ લઈ જાય છે. ચૈત્ર માસમાં બાર બાર આંગળથી કંઈક વધારે પૌરૂષી છાયાથી સૂર્ય દરરોજ પરાવર્તિત થાય છે. ચૈત્રમાસના છેલ્લા દિવસમાં ત્રણ પાદ પ્રમાણ પૌરૂષી થાય છે. પહેલું ચિત્રા વૈશાખ માસના પહેલા વિભાગના ચૌદ અહોરાત્રને સ્વાતી નક્ષત્ર બીજા પંદર અહોરાત્રને બાકીના છેલ્લા એક અહોરાત્રને વિશાખા નક્ષત્ર સમાપ્ત કરે છે. એમાસની આઠ આંગળની પૌરૂષી છાયા હોય છે, અંતના દિવસમાં બેપાદ અને આઠ આંગળ પૌરૂષી થાય છે. વિશાખા અનુરાધા અને જયેષ્ઠા આ ત્રણ નક્ષત્રો એ જેઠ માસને પૂરિત કરે છે. વિશાખા નક્ષત્ર જેઠ માસના પહેલા ચૌદ અહોરાત્રને પંદર અહોરાત્રને અનુરાધા નક્ષત્ર છેલ્લા એક અહોરાત્રને જયેષ્ઠા નક્ષત્ર સમાપ્ત કરે છે. જેઠ માસમાં ચાર આંગળ અધિક પૌરૂષી છાયાથી સૂર્ય દરરોજ પરાવર્તિત થાય છે. અંતમાં ચાર આંગળ અધિક દ્વિપદા પૌરૂષી હોય છે. મૂળ, પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા એ ત્રણ નક્ષત્રો ગ્રીષ્મકાળના છેલ્લા અષાઢા માસને સમાપ્ત કરે છે, મૂલનક્ષત્ર અષાઢમાસના પહેલા ચૌદ દિવસોને બીજા પંદર અહોરાત્રીને પૂર્વાષાઢા નક્ષત્ર અને એક દિવસને ત્રીજું ઉત્તરાષાઢા નક્ષત્ર પૂરિત કરે છે. અષાઢ માસમાં વૃત્તાકાર સમતતુરસ્ર ન્યગ્રોધ પરિમંડળ સરખી મંડલાકાર રહેલ વસ્તુ પ્રકાશિકા છાયાથી સૂર્ય પ્રતિદિવસ પરાવર્તિત થાય છે. અષાઢમાસના અન્મિત દિવસમાં દ્વિપાદથી અધિક પૌરૂષી હોય છે.

**પાહુડ-૧૦/૧૦ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પાહુડપાહુડ-૧૧

[૫૪-૫૫] કયા પ્રકારથી ચંદનો ગમનમાર્ગ કહેલ છે ? હે ગૌતમ ! અભિજીત્ વિગેરે અઠ્યાવીસ નક્ષત્રોમાં એવા નક્ષત્રો છે કે જે સર્વદા ચંદની દક્ષિણ દિશામાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વ્યવસ્થિત થઈને યોગ કરે છે, એવા પણ નક્ષત્રો હોય છે કે જેઓ સદા ચંદ્રની ઉત્તર દિશામાં વર્તમાન છે, એવા પણ નક્ષત્રો હોય છે કે જે ચંદ્રની દક્ષિણ દિશામાં અને ઉત્તર દિશામાં વ્યવસ્થિત થઈને યોગ કરે છે, એવા પણ નક્ષત્રો હોય છે કે જે સદા ચંદ્રની દક્ષિણમાં પણ વ્યવસ્થિત થઈને યોગ કરે છે. જે નક્ષત્રો સદા ચંદ્રની દક્ષિણ દિશામાં વ્યવસ્થિત થઈને યોગ કરે છે તે નક્ષત્રો મૃગશિરા આર્દ્રા, પુષ્ય, અશ્લેષા, હસ્ત અને મૂળ છે, જે નક્ષત્રો સદા ચંદ્રની ઉત્તર દિશામાં યોગ કરે છે તેવા નક્ષત્રો અભિજીત્ શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, પૂર્વાભાદ્રપદા, ઉત્તરાભાદ્રપદા રેવતી અશ્વિની, ભરણી પૂર્વા ફાલ્ગુની ઉત્તરાફાલ્ગુની અને સ્વાતી આ પ્રમાણે હોય છે. જે ચંદ્રની દક્ષિણ દિશામાં અને ઉત્તર દિશામાં પ્રમર્દ રૂપ યોગ પણ કરે છે. એવા નક્ષત્રો સાત છે, કૃત્તિકા, રોહિણી પુન ર્વસુ, મઘા, ચિત્રા, વિશાખા અને અનુરાધા પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા આ બે નક્ષત્રો ચંદ્રનીદક્ષિણ દિશામાં પણ યોગ કરે છે. અને પ્રમર્દરૂપ પણ યોગ કરે મૃગશિરા, આર્દ્રા, પુષ્ય, અશ્લેષા, હસ્ત, અને મૂળ આ બાહ્ય મંડળના છ નક્ષત્રો છે. જે બાર નક્ષત્રો ઉત્તર દિશામાં યોગ કરે છે, તે સર્વાભ્યન્તર મંડળમાં ગતિ કરે છે. આ મંડળ ગતિથી પરિભ્રમણ રૂપ ચંદ્રમાર્ગનું પ્રતિપાદનકરેલ છે.

હે ભગવન્ ચંદ્રમંડળ કેટલા કહેલ છે ? હે ચંદ્રમંડળો પંદર પ્રતિપાદિત કરેલ છે. તેમાં પાંચ ચંદ્રમંડળો જંબૂદ્વીપમાં કહેલા છે. બાકીના દસ ચંદ્રમંડળો લવણસમુદ્રમાં હોય છે. જંબૂદ્વીપમાં આઠ હજાર યોજન ગયા પછી ત્યાં પાંચ ચંદ્રમંડળો કહેલા છે લવણ સમુદ્રમાં ૩૦૩૩ યોજન ગયા પછી દસ ચંદ્રમંડળો કહેલા છે. આ પૂર્વોક્ત પંદર ચંદ્ર મંડળોમાં એવા મંડળો હોય છે, કે જે મંડળ સદા નક્ષત્રો વિનાના હોય, પૂર્વપ્રતિપાદિત પંદર ચંદ્રમંડળોમાં એવા પ્રકારના મંડળો હોય છે, કે જે સૂર્ય ચંદ્રના નક્ષત્રોમાં સાધારણ પ્રકારના હોય તથા પંદર મંડળોમાં એવા પણ મંડળો હોય છે, કે જે બે સૂર્યોથી રહિત હોય છે. પંદર ચંદ્રમંડળોમાં એવા પણ મંડળો હોય છે કે જે સદા અભિજીતાદિ નક્ષત્રોથી અવિરહિત રહે છે, એવા નક્ષત્રો આઠ કહ્યા છે, પહેલા ચંદ્રમંડળમાં અભિજીત વિગેરે બાર નક્ષત્રો હોય છે. પંદર ચંદ્રમંડળોમાં કેટલાક ચંદ્રમંડળો એવા હોય છે, કે જે મંડળો સદા નક્ષત્ર યોગથી રહિત હોય છે. એવા મંડળો સાત છે. જેમકે-બીજું, ચંદ્રમંડળ, ચોથું ચંદ્રમંડળ, પાંચમુંચંદ્રમંડળ, નવમું ચંદ્રમંડળ, બારમું ચંદ્રમંડળ, તેરમું ચંદ્રમંડળ, અને ચૌદમું ચંદ્રમંડળ, પંદર ચંદ્રમંડળોમાં કેટલાક ચંદ્રમંડળો એવા હોય છે કે જે ચંદ્ર સૂર્ય નક્ષત્રોમાં સાધારણ હોય છે. પહેલું ચંદ્રમંડળ, બીજું ચંદ્રમંડળ, અગીયારમું ચંદ્રમંડળ, અને પંદરમું ચંદ્રમંડળ, પંદર મંડળોમાં કેટલાક મંડળો એવા હોય છે કે જે સદા બેઉ સૂર્યોથી રહિત હોય આવા પાંચ મંડળો કહેલા છે. જેમકે છઠ્ઠું ચંદ્રમંડળ સાતમું ચંદ્રમંડળ, આઠમું ચંદ્રમંડળ, નવમું ચંદ્રમંડળ, અને દસમું ચંદ્રમંડળ એક સૂર્યમંડળથી બીજા સૂર્યમંડળનું અંતર અબાધથી બે યોજનનું પ્રતિપાદિત કરેલ છે. પાંત્રીસ યોજન તથા એક યોજનના એકસઠિયા ત્રીસભાગ એકસઠના એક ભાગના સાતભાગ કરીને ચાર ચૂર્ણિકાભાગ શેષ રહે એટલું અંતર એક ચંદ્રમંડળથી બીજા ચંદ્રમંડળનું અબાધાથી પ્રતિપાદિત કરેલ છે,

**પાહુડ-૧૦/૧૧ ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પાહુડપાહુડ-૧૨

[૫૬] હે ભગવન્ કઈ રીતે અભિજીત્ વિગેરે વીસ નક્ષત્રોના અધિપતિ દેવોના નામ વિશિષ્ટ નક્ષત્રોના નામોનું પ્રતિપાદન કર્યું છે ? અભિજીત્ નક્ષત્ર બ્રહ્મા નામના દેવતાવાળું કહેલ છે, શ્રવણ નક્ષત્રના સ્વામી વિષ્ણુદેવ છે, ધનિષ્ઠા નક્ષત્રના અધિપતિ વસુદેવ છે, શતભિષા નક્ષત્રના અધિપતિ વરૂણદેવ છે. પૂર્વાભાદ્રપદા નક્ષત્રના સ્વામી એજ છે, સૂર્ય ઉત્તરાભાદ્રપદા નક્ષત્રના સ્વામી કહેલ છે, રેવતી નક્ષત્રના સ્વામી પૂષા નામના દેવ છે અશ્વિની નક્ષત્રના સ્વામી અશ્વિનીકુમાર નામના દેવ કહેલ છે, ભરણીનક્ષત્રના અધિપતિ યમ દેવ છે. કૃત્તિકાનક્ષત્રના અધિપતિદેવ અગ્નિદેવ છે. રોહિણી નક્ષત્રના અધિપતિ પ્રજાપતિ દેવ છે. સોમ નામના દેવ મૃગશિરા નક્ષત્રના અધિપતિ છે, આર્દ્રા નક્ષત્રના અધિપતિ રૂદ્રદેવ છે, પુનર્વસુ નક્ષત્રની અધિષ્ઠાત્રી અદિતિ નામની દેવી છે. પુષ્ય નક્ષત્રના અધિપતિ દેવનું નામ બૃહસ્પતિ છે, અશ્લેષા નક્ષત્રના અધિપતિ સર્પદેવતા છે. મઘાનક્ષત્રના સ્વામી ચંદ્રની ઉપર રહેનારા પિતૃદેવ કહેલ છે. પૂર્વાફાલ્ગુની નક્ષત્રના અધિપતિ ભગ નામના દેવ છે. ઉત્તરાફાલ્ગુની નક્ષત્રના અધિપતિ અર્યમા દેવ છે. હસ્તનક્ષત્રના અધિપતિ સૂર્યદેવ છે. ચિત્રા નક્ષત્રના અધિપતિદેવ તક્ષનામનો સર્પ વિશેષ છે. સ્વાતીનક્ષત્રના સ્વામી વાયુદેવ છે. વિશાખા નક્ષત્રના અધિપતિ ઈન્દ્ર અને અગ્નિ બે છે. અનુરાધા નક્ષત્રના અધિપતિ મિત્ર દેવ છે. જ્યેષ્ઠાનક્ષત્રના અધિપતિ ઈંદ્રદેવ છે. મૂલનક્ષત્રના અધિપતિ નિર્ઋતિ દેવ છે પૂર્વાષાઢા નક્ષત્રના અધિપતિ અપ દેવ છે, ઉત્તરાષાઢા નક્ષત્રના સ્વામી વિશ્વદેવા છે.

**પાહુડ-૧૦/૧૨ નીમુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

જૈન સાઈટ JAINSITE.com જયતિ શાસનમ્

## પાહુડપાહુડ-૧૩

[૫૭-૬૦] હે ભગવાન તે મુહૂર્ત નામ આપે કઈ રીતે કહેલ છે તે કહો-પહેલા મુહૂર્તનું નામ રૂદ્ર છે બીજાનું 'શ્રેયાન્' ત્રીજાનું 'મિત્રા' ચોથાનું નામ 'વાયુ' પાંચમાનું નામ 'સુગ્રીવ' છઠ્ઠાનું 'અભિચંદ્ર' સાતમું 'માહેન્દ્ર' આઠમું 'બલવાન્' નવમાનું નામ 'બ્રહ્મા' દસમું 'બહુસત્ય' અગ્યારમુ 'ઈશાન' બારમું 'ત્વષ્ટા' તેરમું, 'ભાવિતાત્મા' ચૌદમું 'વૈશ્ર વણ પંદરમું' 'વરૂણ સોળમું 'આનંદ' સત્તરમું 'વિજયા' અઢારમું 'વિશ્વસેન' ઓગણી સમું 'પ્રજાપતિ' વીસમું 'ઉપશમ' એકવીસમું 'ગંધર્વ' બાવીસમું 'અગ્નિવેશ્ય' તેવીસમું 'શતવૃષભ' ચોવીસમું 'આતાપ વાન્' પચ્ચીસમું 'અમમ' છવ્વીસમું 'ઋણવાન્' સત્યાવીસમું 'ભૌમ' અઠ્યાવીસમું 'વૃષભ' ઓગણત્રીસમું 'સર્વાર્થ' ત્રીસમું 'રાક્ષસ' આ રીતે ત્રણ ગાથાઓથી ત્રીસ મુહૂર્તોના નામો કહેલ છે.

**પાહુડ-૧૦/૧૩ નીમુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## પાહુડપાહુડ-૧૪

[૬૧-૬૭] હે ભગવાન્ કે કયા ક્રમથી દિવસનો ક્રમ પ્રતિપાદિત કરેલ છે ? શુકલપક્ષ અને કૃષ્ણપક્ષ એ રીતે પ્રત્યેક પક્ષના પંદર પંદર દિવસો પ્રતિપાદિત કરેલ છે,- પ્રતિપદા દ્વિતીયા તૃતીયા ચતુર્થી આ રીતે ક્રમાનુસાર પંદરમાં દિવસ પર્યન્ત કહી લેવું. આ પંદર દિવસના પંદર નામો પ્રજ્ઞપ્ત કરેલ છે, પૂર્વાંગ ૧ સિદ્ધ મનોરમ ૨ મનોહર ૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યશોભદ્ર ૪ યશોધર ૫ સર્વકામ સમૃદ્ધ ૬ ઈંદ્રમૂદ્ધાભિષિક્ત ૭ સૌમનસ ૮ ધનંજય ૯ અર્થસિદ્ધ ૧૦ અભિજાત ૧૧ અત્યાશન ૧૨ શતંજય ૧૩ અગ્નવેશ્મ ૧૪ ઉપશમ ૧૫હે ભગવાન્!રાત્રિયોનો ક્રમ કેવી રીતે પ્રતિપાદિત કરેલ છે ? આપ કહો. શુકલપક્ષ અને કૃષ્ણપક્ષ આ રીતે દરેક પક્ષમાં પંદર પંદર રાત્રિયો કહેલ છે, પ્રતિપદારાત્રી બીજી શરાત્રી ત્રીજી રાત્રી આ રીતે ક્રમથી પંદરમી રાત્રી સુધી સમજી લેવું. આ પૂર્વોક્ત પંદર રાત્રીયોનું ક્રમાનુસાર નામ પ્રરૂપિત કરેલ છે. ઉત્તમા સુનક્ષત્રા એલાપત્યા યશોધરા સૌમસા શ્રીસંભૂતા વિજયા વૈજયંતી જયન્તી અપરાજીતા ઈચ્છા સમાહારા તેજા અતિતેજા દેવાનંદા નામો આ બન્ને પખવાડીયામાં સરખા જ છે.

**પાહુડ-૧૦/૧૪ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પાહુડપાહુડ-૧૫

[૬૮] હે ભગવાન્ ! -કઈ રીતે અને કયા ક્રમથી પંદર તિથિયો કહેલ છે ? તે કહો. બે ભેદવાળી તિથિયો કહેલ છે, દિવસ સંબંધી તિથિ અને રાત્રીસંબંધી તિથી તિથીનો જે પૂર્વાર્ધ ભાગ તે દિવસ તિથી છે. તથા બીજો જે અર્ધ ભાગ છે તે રાત્રિતિથી કહેવાય છે. આ કૃષ્ણપક્ષ અને શુકલપક્ષાત્મક એક એક પક્ષમાં એટલે કે દરેક પક્ષમાં પંદર પંદર દિવસના પૂર્વાર્ધ રૂપ તિથિયો કહેવામાં આવેલ છે, પહેલી તિથીનું નામ નંદા છે, પછી ભદ્રા જયા તુચ્છા પૂર્ણા નંદા જયા તુચ્છા રિક્તા નંદા, ભદ્રા, તુચ્છા પૂર્ણા પૂર્વોક્ત પ્રકાર થી નંદાદિ તિથિયોને ત્રણ ગણી કરવાથી પક્ષના અંદરની બધી દિવસ તિથિયો આવી જાય છે, કૃષ્ણપક્ષ અને શુકલપક્ષ આ રીતે દરેક પક્ષની પંદર પંદર રાત્રિ તિથિયો છે, તેની યથાક્રમ સંજ્ઞા ઉગ્રવતી, ભોગવતી યશોવતી સર્વસિદ્ધા, શુભનામા, ઉગ્રવતી ભોગવતી, યશોવતી સર્વસિદ્ધા શુભનામા, આ પ્રમાણે ત્રણ ગણી તિથિયોના નામો એટલે કે બધી રાત્રી તિથિયોના નામો કહેવામાં આવેલ છે,

**પાહુડ-૧૦/૧૫ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પાહુડપાહુડ-૧૬

[૬૯] હે ભગવાન્ નક્ષત્રોના ગોત્ર કેવી રીતે આપે કહેલ છે ? અભિજીત નક્ષત્રનું ગોત્ર મુદ્ગલાયનસ શ્રવણનક્ષત્રનું ગોત્ર શંખાયનસ ધનિષ્ઠાનું- અગ્રતાપસગોત્ર- શતભિષાનું-કર્ણલોચનસ પૂર્વાભાદ્રપદનું-જાતુકર્ણ ઉત્તરાભાદ્રપદા ધનંજય રેવતીનું પૌષ્યાયનસ અશ્વિનીનું-આશ્વાયનસ ભરણીનું-ભાર્ગવેશ કૃત્તિકાનુ અગ્નિવેશ રોહિણીનું-ગૌતમસ મૃગશિરાનું-ભારદ્વાજ આર્દ્રાનું- લૌહિત્યાયન પુનર્વસુનું-વાસિષ્ઠ પુષ્યનું-કૃષ્યાયનસ આશ્લેષાનું- માંડવ્યાયનસગોત્ર મઘાનક્ષત્રનું-પિંગલાયનસ પૂર્વાફાલ્ગુનીનું- ભિલ્લાયણ ઉત્તરાફાલ્ગુનીનું-કાત્યાયનસ હસ્તનક્ષત્રનું-કૌશિક ચિત્રા- નક્ષત્રનું-દાર્ભિકસ સ્વાતિ નક્ષત્રનું-ભાગરક્ષ વિશાખાનક્ષત્રનું- સુંગ અનુરાધાનક્ષત્ર- નું-કોષ્યાયનસ જયેષ્ઠા નક્ષત્રનું-તિષ્યાયન મૂલન ક્ષત્રનું-કાત્યાયન પૂર્વાષાઢાનું વાત્સ્યાયન ઉત્તરાષાઢાનું-વ્યાઘ્રાયન

**પાહુડ-૧૦/૧૬ ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પાહુડ પાહુડ-૧૭

[૭૦] -નક્ષત્રોનું ભોજન કેવા પ્રકારનું કહેલ છે ? કૃત્તિકા નક્ષત્ર દહીં અને ભાત ખાઈને રોહિણીનક્ષત્રનું ધતુરાના ફળનું ચૂર્ણ ખાઈને મૃગશિરા નક્ષત્ર ઈન્દ્રાવરૂણી ચૂર્ણનું આર્દ્રા નક્ષત્ર માખણ ખાઈને પુનર્વસુ નક્ષત્ર ઘી ખાઈને પુષ્ય નક્ષત્ર ખીર ખાઈને અશ્લેષા નક્ષત્ર અજમો નું ચૂર્ણ ખાઈને મઘાનક્ષત્ર કસ્તુરી ખાઈને પૂર્વાફાલ્ગુનીનક્ષત્ર મંડૂક પર્ણી વનસ્પતિનું ચૂર્ણ ખાઈને ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર વાઘનખી નામની વનસ્પતિનું ચૂર્ણ ખાઈને હસ્તનક્ષત્ર વત્સાનીક અર્થાત્ રાંધેલ ચોખાનું પાણી કાંજી ખાઈને ચિત્રા નક્ષત્ર મગની દાળ ખાઈને સ્વાતી નક્ષત્ર ફળ ખાઈને વિશાખા નક્ષત્ર આસક્તિ વસ્તુ ખાઈને અનુરાધા નક્ષત્ર મિશ્રીકૃત કચ્છ અન્ન જ્યેષ્ઠા નક્ષત્ર બોરનું ચૂર્ણ ખાઈને મૂલનક્ષત્ર શાક ખાઈને પૂર્વાષાઢા નક્ષત્ર આમળાના ફળ ખાઈને ઉત્તરાષાઢા નક્ષત્ર બીલાના ફળ ખાઈને અભિજીત્ નક્ષત્ર પુષ્પ મેળવેલ વસ્તુ ખાઈને શ્રવણનક્ષત્ર ખીર ખાઈને ધનિષ્ઠા નક્ષત્ર ફળ ખાઈને શતભિષાનક્ષત્ર તુવેરની દાળ ખાઈને પૂર્વાપ્રૌષ્ઠપદાનક્ષત્ર કારેલા ખાઈને ઉત્તરાપ્રૌષ્ઠપદા નક્ષત્ર વરાહકંદ વનસ્પતિનું ચૂર્ણ ખાઈને રેવતિનક્ષત્ર જલચર કુંભિકા નામની વનસ્પતિ વિશેષનું ચૂર્ણ ખાઈને કાર્ય સિદ્ધ કરે છે.

**પાહુડ પાહુડ-૧૦/૧૭ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પાહુડ-૧૮

[૭૧] હે ભગવન્ ! કેવી રીતે આપે ચંદ્ર સૂર્યના ગતિભેદ પ્રતિપાદિત કરેલ છે ? ચંદ્ર સૂર્યની ગતિ બે પ્રકારના ગતિભેદે પ્રતિપાદિત કરેલ છે, સૂર્યની ગતિનો ભેદ અને ચંદ્રની ગતિનો ભેદ પાંચ સંવત્સરાત્મક યુગ નામના કાળમાં અભિજીત્ નામનું નક્ષત્ર સડસઠ પ્રકારની ગતિભેદથી ચંદ્રનીયોગ પ્રાપ્ત કરે છે, પાંચ સંવત્સરાત્મક યુગમાં શ્રવણ નક્ષત્ર સડસઠ સંખ્યાત્મક ચાર કરે છે. ઉત્તરાષાઢા નક્ષત્ર યાવત્ બધા નક્ષત્રોની સડસઠ સંખ્યાવાળી ગતિનું પ્રતિપાદન કરેલ છે, ચંદ્રાદિ પાંચ સંવત્સર પ્રમાણવાળા યુગમાં અભિજીત્ નક્ષત્ર પાંચ પ્રકારથી સૂર્યની સાથે યોગ કરે છે, અહીંયાં યોગને લઈને સૂર્યના સમગ્ર નક્ષત્રમંડળના ભ્રમણની સમાપ્તિ એક સૂર્ય સંવત્સરથી થાય છે, સૂર્યના પૂર્તિનો કાળ જ સૌરસંવત્સર પદથી કહેવાય છે. ભગણપૂર્તિમાં એક જ વાર અભિજીત્ નક્ષત્ર આવે છે, એક યુગમાં એવા સંવત્સર પાંચ હોય છે. આ કારણથી દરેક નક્ષત્ર પર્યાયનો એક એક વાર અભિજીત્ નક્ષત્રની સાથે યોગનો સંભવ હોવાથી અભિજીત્ નક્ષત્રની સાથે રહેલ સૂર્ય એક યુગમાં પાંચવાર યોગ કરે છે. આ પૂર્વપ્રતિપાદિક ક્રમથી ઉત્તરાષાઢા નક્ષત્ર યાવત્ દરેક નક્ષત્ર પાંચ પ્રકારથી સૂર્યની સાથે યોગ કરે છે,

**પાહુડ-૧૦/૧૮ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પાહુડ પાહુડ-૧૯

[૭૨-૭૪] હે ભગવન્ ! કઈ રીતે આપે મહિનાઓના નામ પ્રતિપાદિત કરેલ છે ? દરેક વર્ષના બારબાર માસ કહેલ છે, તેના બે પ્રકારના નામો પ્રતિપાદિત છે. લૌકિકમાસ લોકોત્તરમાસ આ રીતે લૌકિક અને લોકોત્તર રૂપથી બે ભેદોમાં લૌકિક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નામો આ પ્રમાણે છે. શ્રાવણ, ભાદ્રપદ, આસો, કાર્તિક, માર્ગશીર્ષ, પોષ, મહા, ફાગણ, ચૈત્ર, વૈશાખ, જેઠ અને અષાઢ લોકોત્તર નામો આ પ્રમાણ છે. પ્રથમ શ્રાવણમાસ રૂપ માસ અભિનંદ નામનો છે. બીજો સુપ્રતિષ્ઠિત નામનો ચોથો માસ છે, આસોમાસના સ્થાને વિજય નામનો ત્રીજો માસ છે. કાર્તિક માસના સ્થાને પ્રીતિવર્ધન નામનો ચોથો માસ છે. માગશર માસનાસ્થાનમાં પાંચમો માસ શ્રેયાન્ નામનો માસ છે, પોષમાસરૂપ છઠ્ઠમાસ શિવ નામનો છે. માઘમાસના સ્થાનમાં સાતમો માસ શિશિર નામનો છે, આઠમા ફાગણ માસના સ્થાનમાં આઠમા માસનું નામ હૈમવાન્ પ્રતિપાદિત કરેલ છે, નવમા ચૈત્રમાસ રૂપ વસન્તમાસ પ્રજ્ઞપ્ત કરેલ છે. વૈશાખમાસના સ્થાનમાં દસમા માસનું નામ કુસુમસંભવ પ્રતિપાદિત કરેલ છે અગ્યારમા જેઠમાસરૂપ નિદાધ નામનો માસ છે, બારમા અષાડ માસરૂપ વનવિરોધિ નામનો માસ પ્રતિપાદિત કરેલ છે.

**પાહુડ - ૧૦/૧૯ ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પાહુડ પાહુડ - ૨૦

[૭૫-૮૫] હે ભગવાન કેવા પ્રમાણવાળા અને ક્યા નામવાળા સંવત્સર પ્રતિ પાદિત કરેલ છે ? હે ગૌતમ ! સંવત્સરો પાંચ પ્રતિપાદિત કરેલા છે, નક્ષત્ર સંવત્સર યુગ સંવત્સર પ્રમાણ સંવત્સર લક્ષણ સંવત્સર શનૈશ્ચર સંવત્સર નક્ષત્ર. સંવત્સર બાર પ્રકારના છે, શ્રાવણ માસ બોધક પ્રથમ ભેદ, ભાદરવા માસ રૂપ બીજો ભેદ, યાવત્ અષાઢમાસ રૂપ બારમો ભેદ છે. બૃહસ્પતિ નામનો મહાગ્રહ જ્યારે પોતાની કક્ષામાં ભ્રમણ કરીને બધા નક્ષત્રમંડળોના ભગણને પૂર્ણ કરે છે, ત્યારે એ ભગણપૂર્તિ કાળ વિશેષ સમયનું નામ બાર્હસ્પત્ય સંવત્સર બાર વર્ષનું પ્રતિપાદિત કરેલ છે, યુગ સંવત્સર પાંચ પ્રકારથી પ્રતિપાદિત કરેલ છે. ચાંદ્ર ચાંદ્ર અભિવર્દ્ધિત છે. ચાંદ્ર સંવત્સર અભિવર્ધિત એ એક યુગમાં પહેલા ચાંદ્ર વર્ષના ચોવીસપર્વો હોય છે, બાર માસનું એક ચાંદ્ર સંવત્સર થાય છે, એક માસમાં અમાસ અને પુનમ આ રીતે બે પર્વો આવે છે. તેથી એક ચાંદ્ર સંવત્સરમાં બધા મળીને ૨૪ ચોવીસ પર્વો થાય છે. બીજા ચંદ્ર સંવત્સરના ચોવીસ પર્વો કહેલ છે, ત્રીજા અભિવર્ધિત સંવત્સરના છવ્વીસ પર્વ કહ્યા છે, ચોથા ચંદ્ર સંવત્સરના ચોવીસ પૂર્વો પ્રતિપાદિત કરેલ છે, પાંચમા અભિવર્ધિત સંવત્સરના છવ્વીસ પર્વો પ્રજ્ઞપ્ત કર્યા છે, પૂર્વોક્ત પ્રકારથી જ અર્થાત્ પહેલાં પ્રતિપાદિત કરેલ ગણિત પદ્ધતિ પ્રમાણે પૂર્વાપર ગણિતનો મેળ કરવાથી પાંચ વર્ષ પ્રમાણ વાળા યુગમાં એકસો ચોવીસ પર્વો થાય છે, આ પ્રમાણ સંવત્સરના પાંચ ભેદો કહ્યા છે. નક્ષત્ર સંવત્સર ચંદ્ર સંવત્સર ઋતુસંવત્સર સૂર્ય સંવત્સર અને અભિવર્ધિત સંવત્સર લક્ષણો થી યુક્ત સંવત્સર પાંચ પ્રકારના કહેલ છે. નક્ષત્ર, ચંદ, ઉડૂ, આદિત્ય, અભિવર્ધિત સઘળા નક્ષત્રમંડળ ચક્રના પરિભ્રમણના પૂર્તિકાળરૂપ જે સંવત્સર તે નક્ષત્રસંવત્સર છે. ચંદ્રના સઘળા નક્ષત્ર પરિભ્રમણથી એક ભગણની પૂર્તિ થાય છે. આ રીતે તેર ભગણ જેટલા સમયાં પૂરા થાય એટલા કાળ વિશેષને ચાંદ્રસંવત્સર કહેવામાં આવે છે. સૂર્ય સ્વ ચક્રના પરિભ્રમણથી વર્ષા, હેમન્ત, અને ગ્રીષ્મ આ રીતે ત્રણ ભેદવાળા ઋતુકાળને જેટલા સમયમાં પૂર્ણ કરે છે, એટલા કાળ વિશેષને ઋતુ સંવત્સર કહેવાય છે. આદિત્ય એટલે સૂર્યનો એક ભગણ ભોગકાળ રૂપકાળ સૌરવર્ષ અથવા આદિત્ય સંવત્સર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહેવાય છે. ચાંદ્રસંવત્સરમાં એક ચાંદ્રમસ અભિવર્ધિત હોય આવા, પ્રકારના લક્ષણ વાળું અને તેર માસના પ્રમાણવાળું સંવત્સર અભિવૃદ્ધિ નામનું સંવત્સર છે. હવે શનિશ્ચર સંવત્સર વિષે કથન કરે છે- શનૈશ્ચર સંવત્સર અઠ્યાવીસ પ્રકારનું પ્રતિપાદિત કરેલ છે, તે ભેદો આ પ્રમાણે છે અભિજીત્ શ્રવણ યાવત્ ઉત્તરાષાઢા

**પાહુડ-૧૦/૨૦ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પાહુડપાહુડ-૨૧

[૮૬] હે ભગવન્ ! કેવી રીતે નક્ષત્રચક્ર મંડળના દ્વારોનું આપે પ્રતિપાદન કર્યું છે ? તે આપ મને કહો. હે ગૌતમ ! નક્ષત્રોના દ્વાર વિષયક વિચારમાં આ પાંચ પ્રતિપત્તિયો કહેલ છે. પહેલો મતવાદી કહે છે-કે કૃત્તિકાદિ સાત નક્ષત્ર પૂર્વદ્વાર વાળા કહ્યા છે. કૃત્તિકા રોહિણી મૃગશિરા આર્દ્રા પુનર્વસુ પુષ્ય અને અશ્લેષા મઘાદિ સાત નક્ષત્રો દક્ષિણ દ્વારવાળા કહ્યા છે મઘા પૂર્વાફાલ્ગુની ઉત્તરાફાલ્ગુની હસ્ત ચિત્રા સ્વાતી અને વિશાખા અનુરાધાદિ સાત નક્ષત્રો પશ્ચિમ દ્વારવાળા કહ્યા છે. અનુરાધા જ્યેષ્ઠા મૂલ પૂર્વાષાઢા ઉત્તરાષાઢા અભિજીત્ અને શ્રવણ. ધનિષ્ઠાદિ સાત નક્ષત્રો ઉત્તર દ્વારવાળા કહ્યા છે. ધનિષ્ઠા શતભિષા પૂર્વાપ્રોષ્ઠપદા ઉત્તરાપ્રોષ્ઠ પદા રેવતી આશ્વિની અને ભરણી હવે બીજા મતવાળાનો મત કહે છે. મઘાદિ સાત નક્ષત્રો પૂર્વદ્વાર વાળા કહ્યા છે. મઘા પૂર્વા ફાલ્ગુની ઉત્તરાફાલ્ગુની હસ્ત ચિત્રા સ્વાતી અને વિશાખા અનુરાધા વિગેરે સાત નક્ષત્ર દક્ષિણ દ્વારવાળા કહ્યા છે ધનિષ્ઠાદિ સાત પશ્ચિમ દ્વારાવાળા કહ્યા છે. કૃત્તિકાદિ સાત નક્ષત્રો ઉત્તર દ્વારવાળા કહ્યા છે. હવે ત્રીજા મતાવલમ્બીનો અભિપ્રાય બતાવે છે : ધનિષ્ઠાદિ સાત નક્ષત્રો પૂર્વ દ્વારવાળા કહ્યા છે. કૃત્તિકા વિગેરે સાત નક્ષત્રો દક્ષિણ દ્વારવાળા કહ્યા છે. મઘાદિ સાત નક્ષત્રોને પશ્ચિમ દ્વારવાળા કહ્યા છે, અનુરાધા વિગેરે સાત નક્ષત્રો ઉત્તરદ્વાર વાળા કહ્યા છે, તેમાં જેઓ એમ કહે છે કે-અશ્વિની વિગેરે સાત નક્ષત્રો પૂર્વ દ્વારવાળા છે, તેમનું કહેવું એવું છે કે અશ્વિની, ભરણી, કૃત્તિકા, રોહિણી, મૃગશિરા, આર્દ્રા અને પુનર્વસુ આ સાત નક્ષત્રો પૂર્વદ્વારવાળા હોય છે, પુષ્ય વિગેરે સાત નક્ષત્રો દક્ષિણ દ્વારવાળા છે,-પુષ્ય, અશ્લેષા મઘા પૂર્વાફાલ્ગુની, હસ્ત અને ચિત્રા સ્વાતી વિગેરે સાત નક્ષત્રો પશ્ચિમ દ્વારવાળા કહ્યા છે, -સ્વાતી વિશાખા, અનુરાધા, જ્યેષ્ઠા, મૂલ પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા.અભિજીત્ વિગેરે સાત નક્ષત્રો ઉત્તર દ્વારવાળા પ્રતિપાદિત કરેલ છે,-અભિજીત્ શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, પૂર્વાભાદ્રપદા, ઉત્તરાભાદ્રપદા અને રેવતી. તેઓમાં જેઓ એમ કહે છે કે ભરણી વિગેરે સાત નક્ષત્રો પૂર્વદ્વારવાળા કહ્યા છે. તેમનું કહેવું એવું છે કે-ભરણી કૃત્તિકા, રોહિણી, મૃગશિરા આર્દ્રા, પુનર્વસુ અને પુષ્ય, અશ્લેષા વિગેરે. સાત નક્ષત્રો દક્ષિણદ્વારાવાળા પ્રતિપાદિત કર્યા છે. અશ્લેષા, મઘા, પૂર્વાફાલ્ગુની, હસ્ત, ચિત્રા અને સ્વાતી, વિશાખા વિગેરે સાત નક્ષત્રો પશ્ચિમદ્વારવાળા કહ્યા છે. વિશાખા, અનુરાધા, જ્યેષ્ઠા, મૂલ, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા, અને અભિજીત્ શ્રવણ વિગેરે સાત નક્ષત્રો ઉત્તરદ્વારવાળા પ્રજ્ઞપ્ત કર્યા છે, શ્રવણ ધનિષ્ઠા, શતભિષા, પૂર્વાપ્રૌષ્ઠપદી, ઉત્તરાપ્રૌષ્ઠપદા, રેવતી અને અશ્વિની હવે ભગવાન્ સ્વતમતનું કથન કરે છે. અભિજીત્ વિગેરે સાત નક્ષત્રો પૂર્વ દ્વારવાળા હોવાનું પ્રજ્ઞપ્ત કરેલ છે, અશ્વિની વિગેરે સાત નક્ષત્રો દક્ષિણદ્વારવાળા પ્રતિપાદિત કર્યા છે, પુષ્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિગેરે સાત નક્ષત્રો પશ્ચિમ દ્વારવાળા પ્રજ્ઞપ્ત કર્યા છે, સ્વાતી વિગેરે સાત સક્ષત્રો ઉત્તર દ્વારવાળા પ્રજ્ઞપ્ત કર્યા છે,

**પાહુડ - ૧૦/૨૧ ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પાહુડપાહુડ - ૨૨

[૮૭-૯૭] હે ભગવન્ ! નક્ષત્રોના સ્વરૂપના વિષયમાં કેવા પ્રકારથી પ્રતિપાદિત કરેલ છે ? તે આપ કહો આ સમીપસ્થ જંબૂદ્વીપ નામનો દ્વીપરાજ બધા દ્વીપો અને સમુદ્રો મા મધ્યવર્તી તથા બધા દ્વીપોને પ્રકાશિત કરવાવાળો હોય છે, આ જંબૂદ્વીપમાં બે ચંદ્રમા પ્રકાશિત થાય છે. પ્રકાશિત થયા હતા અને પ્રકાશિત થશે. તથા એજ પ્રમાણે બે સૂર્યો ભૂતકાળમાં તાપિત થયા હતા વર્તમાનમાં તાપિત થાય છે અને ભવિષ્યમાં તાપિત થશે. છપ્પન નક્ષત્રો એ ચંદ્રાદિ ગ્રહોની સાથે ચાર વશાત્ યોગ કરેલ હતો. કરે છે. અને કરશે બે અભિજીત્ બે શ્રવણ બે ધનિષ્ઠા યાવત્ બે ઉત્તરાષાઢા પૂર્વપ્રતિપાદિત અઠ્યાવીસ નક્ષત્રોને બમણા કરીને અઠ્યાવીસ સંખ્યાથી પ્રતિપાદિત કર્યા છે, એટલે એનાથી કંઈ જુદા નથી. અઠ્યાવીસ નક્ષત્રોને બમણા કરીને કહેલા છપ્પન નક્ષત્રોમાં એવા નક્ષત્રો હોય છે કે જે ચંદ્રની સાથે નવ મુહૂર્ત તથા એક મુહૂર્તના સડસઠિયા સત્યાવીસ ભાગો જેટલા કાળ પર્યન્ત ચંદ્રની સાથે યોગ એવા પણ નક્ષત્રો હોય છે કે જેઓ પંદર મુહૂર્ત પર્યન્ત ચંદ્રની સાથે યોગ કરે છે. એવા પણ નક્ષત્રો હોય છે કે જેઓ ત્રીસ મુહૂર્ત પર્યન્ત અર્થાત્ સંપૂર્ણ ચંદ્રની સાથે યોગ પ્રાપ્ત કરે છે. એવા પણ નક્ષત્રો હોય છે કે જે પિસ્તાલીસ મુહૂર્ત પર્યન્ત ચંદ્રની સાથે નિવાસ કરે છે. જે આ છપ્પન નક્ષત્રો પ્રતિપાદિત કર્યા છે, તેમાં બે અભિજીત્ નક્ષત્ર એવા છે કે જે નવમુહૂર્ત કરે છે બે શતભિષા, બે ભરણી, બે આર્દ્રા બે અશ્લેષા, બે સ્વાતી, તથા બે જયેષ્ઠા આ રીતે આ બાર નક્ષત્રો પંદર મુહૂર્ત ચંદ્રની સાથે યોગ કરે છે. તેના જે નક્ષત્ર ત્રીસ મુહૂર્ત પર્યન્ત ચંદ્રની સાથે યોગ કરે છે. બે શ્રવણ, બે ધનિષ્ઠા, બે પૂર્વાભાદ્રપદા, બે રેવતી, બે અશ્વિની, બે કૃત્તિકા, બે મૃગશીર્ષ, બે પુષ્ય, બે મઘા, બે પૂર્વાફાલ્ગુની, બે હસ્ત, બે ચિત્રા, બે અનુરાધા, બે મૂળ, અને બે પૂર્વાષાઢા બે ઉત્તરાપ્રૌષ્ઠપદા, બે રોહિણી, બે પુનર્વસુ બે ઉત્તરાફાલ્ગુની બે વિશાખા બે ઉત્તરાષાઢા નક્ષત્રોના ચંદ્રયોગ કાળની વિચારણામાં આ પૂર્વોક્ત બાર નક્ષત્રો પિસ્તાલીસ મુહૂર્ત પર્યન્ત ચંદ્રની સાથે નિવાસ કરે છે. ૫૬ છપ્પન નક્ષત્રોમાં એવા પણ કેટલાક નક્ષત્રો હોય છે, કે જેઓ સ્વસંચાર ભોગ ક્રમમાં ચાર અહોરાત્ર અને છ મુહૂર્ત પર્યન્ત સૂર્યની સાથે યોગ કરે છે. આ પૂર્વ પ્રતિપાદિત છપ્પન નક્ષત્રોમાં બે અભિજીત નક્ષત્રો એવા છે કે જેઓ ચાર અહોરાત્ર અને છ મુહૂર્ત કાળ પર્યન્ત સૂર્યની સાથે નિવાસ કરે છે. બે શતભિષા, બે આર્દ્રા બે અશ્લેષા, બે સ્વાતી બે વિશાખા અને બે જયેષ્ઠા આ બાર નક્ષત્રો છ અહોરાત્ર અને એકવીસ મુહૂર્ત પર્યન્ત સૂર્ય ની સાથે યોગ કરે છે. બે શ્રવણ યાવત્ બે પૂર્વાષાઢા અર્થાત્ નક્ષત્રોના ભોગ કાળની વિચારણામાં જે બાવન નક્ષત્રો તેર અહોરાત્ર અને ચાર મુહૂર્ત પર્યન્ત સૂર્યની સાથે યોગ કરે છે છેંતાલીસ, નક્ષત્રો એવા કે જે જેઓ વીસ અહોરાત્ર અને ત્રણ મુહૂર્ત પર્યન્ત સૂર્યની સાથે યોગ કરે છે. તેના બે ઉત્તરાપ્રૌષ્ઠાપદા, યાવત્ બે ઉત્તરાષાઢા

હે ભગવન્ નક્ષત્રોના યોગ પરિમાણની વિચારણામાં કેવા પ્રકારની વિભાગ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંખ્યાથી સીમા વિષ્કંભ અર્થાત્ નક્ષત્રોના ભોગ ક્ષેત્રનો વ્યાસ આપે કહેલ છે ? હે ગૌતમ ! આ પૂર્વપ્રતિ પાદિત નક્ષત્રોમાં કેટલાક નક્ષત્રો એવા છે કે જેનો વિષ્કંભ એટલે કે ક્ષેત્ર વિસ્તારમાન છસ્સો ત્રીસ ભાગ અને સડસઠિયા ત્રીસ ભાગ જેટલો છે, જે નક્ષત્રોનો સીમાવિષ્કંભ ૧૦૦૫ તથા સડસઠિયા ત્રીસ ભાગ આટલા પ્રમાણનું હોય છે એવા પણ નક્ષત્રો પ્રતિપાદિત કરેલા છે, એવા પણ નક્ષત્રો હોય છે, કે નક્ષત્રોના ભોગક્ષેત્ર વિષ્ક ભનું માન ૨૦૧૦ તથા સડસઠિયા ત્રીસ ભાગ જેટલું હોય છે, હોય છે. એવા પણ નક્ષત્રો છે, કે જેઓનું ભોગ ક્ષેત્ર વિષ્કંભમાન ૩૦૧૫ તથા સડસઠિયા ત્રીસ ભાગ હોય છે. સીમાવિષ્કંભપરિમાણની વિચારણામાં પૂર્વપ્રતિપાદિત છપ્પન નક્ષત્રો માં જે નક્ષત્રો એવા છે કે જે નક્ષત્રોનો સીમાવિષ્કંભપરિમાણ છસો તીસ તથા સડસ ઠિયા ત્રીસ ભાગ પ્રમાણનું હોય છે. એવા નક્ષત્રો બે અભિજીત છે, જે નક્ષત્રોનું ૧૦૦૫ તથા અડસઠિયા ત્રીસ ભાગનું વિષ્કંભ પરિમાણ હોય છે, એવા નક્ષત્રો બાર હોય છે. જેમ કે-બે શતભિષા યાવત્ બે જ્યેષ્ઠા, જે નક્ષત્રોનો સીમાવિષ્કંભ ૨૦૧૦ તથા સડસઠિયા ત્રીસ ભાગ પ્રમાણ જેટલો હોય છે એવા નક્ષત્રો ત્રીસ છે. બે શ્રવણ યાવત્ બે પૂર્વાષાઢા જે નક્ષત્રોનો સીમાવિષ્કંભ ૩૦૧૫ તથા સડસઠિયા ત્રીસ ભાગનો થાય છે, એવા નક્ષત્રો બાર છે, બે ઉત્તરા પ્રૌષ્ઠપદા યાવત્ બે ઉત્તરાષાઢા આ નક્ષત્રોના યોગ કાળની વિચારણાના સમયમાં આ પૂર્વપ્રતિપાદિત છપ્પન નક્ષત્રોમાં એવા કોઈ નક્ષત્રો નથી કે જેઓ સદા પ્રાતઃકાળમાંજ ચંદ્રની સાથે યોગ કરીને નિવાસ કરતા હોય તથા એવા પણ કોઈ નક્ષત્રો નથી કે જેઓ સદા સાંજના સમયમાંજ ચંદ્રની સાથે યોગ કરીને આકાશમાં રહેતા હોય આજ પ્રમાણે એવા પણ કોઈ નક્ષત્રો હોતા નથી કે જે નક્ષત્રો કેવળ બન્ને કાળ એટલે કે સાંજ અને સવારના સમયમાંજ આકાશમાં ઉપર આવીને ચંદ્રની સાથે નિવાસ કરીને ગમન કરતા હોય. છપ્પન નક્ષત્રોમાં બે અભિજીત્ નક્ષત્રો પ્રાતઃકાળ ચુંમાલીસમી અમાવાસ્યામાં નિશ્ચિતપણાથી ચંદ્રની સાથે યોગ કરે છે.

હવે અમાવાસ્યા અને પૂર્ણિમાઓના ચંદ્ર સૂર્યના મંડળ પ્રદેશ ભાગનો વિચાર પ્રદર્શિત કરવાના ઉદ્દેશથી એ પાંચ વર્ષવાળા યુગમાં બાસઠ પૂર્ણિમાઓ તથા બાસઠ અમાવાસ્યાઓ પ્રતિપાદિત કરેલ છે. દેશ વિભાગની વિચારણામાં જે પ્રદેશમાં અર્થાત્ જે મંડળમાં ચંદ્ર સર્વાન્તિમ બાસઠમી પૂર્ણિમાનો યોગ કરે છે. એ પૂર્ણિમા સ્થાનથી પછીના મંડળને એકસો ચોવીસથી વિભાગ કરીને તેમાં બત્રીસમાં ભાગને લઈને એ બત્રીસમાં ભાગરૂપ પ્રદેશમાં તે ચંદ્ર પહેલી પૂર્ણિમાનો યોગ કરે છે. એ પૂર્ણિમાવાળા મંડળથી મંડળને એકસો ચોવીસથી ભાગ કરીને તેમાં રહેલ બત્રીસમા ભાગને લઈને આ પ્રદેશમાં ચંદ્ર બીજી એટલે કે યુગના બીજા માસને સમાપ્ત કરવાવાળી એ બીજી પૂર્ણિમાનો યોગ કરે છે, આ પૂર્ણિમાના મંડળ પ્રદેશયોગ વિચાર ણામાં જે મંડળપ્રદેશમાં ચંદ્ર બીજા માસને જણાવનારી પૂર્ણિમાને સમાપ્ત કરે છે. એ પૂર્ણિમાના સ્થાનથી પછીના મંડળને એકસો ચોવીસ વિભાગથી વિભાગ કરીને તેમાં રહેલ બત્રીસ ભાગોને અહીંના મંડળસ્થાનમાં ત્રીજા માસને પૂર્ણ કરવાવાળી પૂર્ણિમાને ચંદ્ર સમાપ્ત કરે છે શ્રી ભગવાન્ તેનો ઉત્તર આપતાં કહે છે જે મંડળપ્રદેશમાં ચંદ્ર ત્રીજી પૂર્ણિમાને સમાપ્ત કરે છે, ત્રીજી પૂર્ણિમાના સમાપ્તિસ્થાનથી પછીના મંડળને એકસો ચોવીસથી છેદ કરીને તેમાં રહેલા બસો અઠ્યાવીસ ભાગોને અહીંયાં ચંદ્ર બારમી પૂર્ણિમાને સમાપ્ત કરે છે. ત્રીજી પૂર્ણી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મા પછીની બારમી પુનમ નવમી થાય છે. અહીંયાં ધ્રુવઅંક બત્રીસ પ્રતિપાદિત કરેલ છે એથી બત્રીસનો નવથી ગુણાકાર કરે. આ રીતે ગુણાકાર કરવાથી બસો અઠ્યાશી થાય છે. આ પૂર્વોક્ત ઉપાયથી પૂર્ણિમાના સમાપ્તિસ્થાનથી પછી ના મંડળને એકસો ચોવી સથી વિભાગ કરીને તે પછી તેમાં રહેલાં બત્રીસ ભાગોને ગ્રહણ કરીને તે તે મંડળ પ્રદેશમાં તે તે પૂર્ણિમાને ચંદ્ર સમાપ્ત કરે છે. અહીં જંબૂદ્વીપ નામના દ્વીપમાં પૂર્વ પશ્ચિમ દિશામં લંબાયમાન ઈશાન તથા ઉત્તર દક્ષિણમાં વિસ્તાર યુક્ત નૈઋત્ય આગ્નેય અને વાયવ્ય પર્યન્ત રેખા કરવાથી પરિધ દંડ સરખી જીવા થાય છે. એ જીવા રૂપરેખાથી પૂર્ણિમા પરિણમનરૂપ મંડળને એકસો ચોવીસથી ભાગીને તે તે ભાગોમાં દોરીથી વિભક્ત કરાયેલ ભાગોમાં દક્ષિણ વિભાગમાં ચતુર્ભાગ મંડળમાં અર્થાત્ એકસો ચોવીસ ભાગોથી ભાગેલા ભાગોને ફરીથી ચારથી ભાગ કરવા. આ રીતે દક્ષિણ દિશાના ચાર ભાગવાળા મંડળમાં ચાર ભાગને લઈને જુદા રાખવા. તે પછી અઠ્યાવીસમા ભાગને વીસથી વિભક્ત કરીને અઢારમા ભાગને ગ્રહણ કરીને લઇને શેષરૂપ ત્રણ ભાગોથી અર્થાત્ પહેલાં પૂર્ણિમા પરિણમનવાળા મંડળના એકસો ચોવીસ ભાગો કર્યા છે. તે એકત્રીસ થયા છે. તેમાંથી સત્યાવીસ ભાગોને લઈને એકબાજુ રાખવા તથા અઠ્યા વીસમા ભાગના વીસ ભાગ કરીને તેમાંથી અઢાર અલગ કરવામાં આવે તેથી અહીં બે જ ભાગ શેષ રહે છે. પહેલાંના ચાર ભાગમાંથી ત્રણ ભાગો રહે છે. તેથી બાકીના ત્રણ ભાગોથી એમ જે કહ્યું છે, તે યુક્તિ પૂર્વક જ છે તેમ જણાય છે. પૂર્વનું શેષ ૨૦-૧૮=૨ વર્તમાન શેષ આથી ત્રણ શેષ ભાગોથી ચોથા ભાગના બેકળાથી પશ્ચાત્સ્થિત અર્થાત્ ઓગણત્રીસમું ચતુર્ભાગ મંડળને પ્રાપ્ત કર્યા વિના અર્થાત્ ઓગણ ત્રીસમા મંડળના ચતુર્થભાગ મંડળમાં બે કળાથી વધારે પ્રદેશમાં ચંદ્ર ગમન કરતા નથી.

આ પૂર્વકથિત ચાંદ્ર, ચાંદ્ર, અભિવર્ધિત, ચાંદ્ર અને અભિવર્ધિત નામના યુગ બોધક પાંચ સંવત્સરોમાં પહેલી પૂર્ણિમાને સૂર્ય કયા મંડળપ્રદેશમાં રહીને યોગ કરે છે ? સૂર્યના પૂર્ણિમાના પરિણમન પ્રદેશની વિચારણામાં એકસો ચોર્યાશી મંડળોમાં જે મંડળ પ્રદેશ માં રહીને યુગના અંતની પાછલા યુગની બાસઠમી પૂર્ણિમાને સમાપ્ત કરે છે ? એ છેલ્લી બાસઠમી પૂર્ણિમાને સમાપ્તિ સ્થાનથી પછીના મંડળને એકસો ચૌવીસથી વિભાગ કરીને તેમાંથી ચોરાણુ ભાગોને ગ્રહણ કરીને આ પ્રદેશમાં તે સૂર્ય જગત્સાક્ષિ પ્રસિદ્ધ સૂર્ય પહેલી યુગની આદિની પહેલા માસની પૂર્ણ બોધક પૂર્ણિમાને યોગ કરે છે જે મંડળ પ્રદેશમાં સૂર્ય પહેલી એટલે કે યુગની આદિ ની પૂર્ણિમાને સમાપ્ત કરે છે, એ પહેલી પૂર્ણિમાના સમાપ્તિ સ્થાનથી અર્થાત્ મંડળથી બીજા મંડળને એકસો ચોવીસથી વિભાગ કરીને તેમાંથી ચોરાણુના બે ભાગોને અર્થાત્ એટલા પ્રમાણવાળા અંશોને ગ્રહણ કરીને આજ મંડળપ્રદેશમાં રહેલ સૂર્ય બીજી પૂર્ણિમાને સમાપ્ત કરે છે. સૂર્યના પૂર્ણિમા પરિણમન મંડળની વિચારણામાં પોતાની કક્ષામાં ગમન કરતો સૂર્ય જે મંડળ પ્રદેશમાં રહીને બીજી પૂર્ણિમાને સમાપ્ત કરે છે, એ બીજી પૂર્ણિમાના સમાપ્તિસ્થાનથી પછીનું જે મંડળ આવે તેના એકસો ચોવીસ વિભાગ કરીને તેમાં રહેલાં ચોરાણુ ભાગોને ગ્રહણ કરીને એ જ પ્રદેશમાં ત્રીજી પૂર્ણિમાને સૂર્ય પણ સમાપ્ત કરે છે. તે ત્રીજી પૂર્ણિમાના સમાપ્તિમંડળ સ્થાનથી પછીનું જે મંડળ હોય તે મંડળને એકસો ચોવીસથી છેદીને તેમાંથી આઠસો છેંતાલીસ ભાગોને ગ્રહણ કરીને એજ પ્રદેશમાં રહીને સૂર્ય યુગની

પ્રથમ વર્ષાન્તબોધિકા પૂર્ણિમાને સમાપ્ત કરે છે. તે તે મંડળપ્રદેશથી તે તે એટલે કે પછી પૂર્ણિ માના સમાપ્તિસ્થાનની પછી રહેલ એકસો ચોવીસ વિભાગ કરીને તે ભાગોમાંથી ચોરાણું ચોરાણું ભાગોને ગ્રહણ કરીને તે તે મંડળપ્રદેશમાં રહીને તે તે પૂર્ણિમાને સૂર્ય સમાપ્ત કરે છે.

પૂર્ણિમાના સમાપક પ્રદેશ વિચારણામાં સમીપસ્થ જંબૂદ્વીપના પૂર્વપશ્ચિમ તરફ લંબાય માન અને ઉત્તરદક્ષિણ તરફ લાંબી રેખાથી વિભક્ત થતા મંડળ પ્રદેશને એકસો ચોવીસ વિભાગ કરીને પછી ચારથી ભાગવા એ રીતે ભાગ કરીને પૂર્વદિશા સંબંધી ચતુર્ભાગ મંડળમાં એ ભાગોમાંથી સત્યાવીસ ભાગોને લઈને તેના પછીના અઠ્યાવી સમા ભાગને વીસ ભાગ કરીને એટલે કે એ વીસખંડોમાંથી અઢાર ભાગોને લઈને પહેલાં કહેલા ચતુ ર્ભાગમંડળના એકત્રીસ ભાગોમાંથી બાકી રહેલા ત્રણ ભાગોમાંથી અન્યત્ર રાખેલ ચાર ભાગના વીસમાની બે કળાથી દક્ષિણ દિશામાં રહેલા બાહ્યમંડળના ચતુ ર્ભાગ મંડળને એ ચતુર્ભાગ મંડળથી પહેલા રહીને આજ પ્રદેશમાં એટલે સૂર્ય સર્વાન્તિમ યુગ પશ્ચાત્વર્તિ બાસઠમી યુગના અંતબોધિકા બાસઠમી પૂર્ણિમાને એજ મંડળ પ્રદેશ માં રહેલ સૂર્ય યોગ કરે છે, અર્થાત્ એ પૂર્ણિમાને સમાપ્ત કરે છે, ચંદ્રમાના અમાવાસ્યા સમા પક મંડળપ્રદેશની વિચારણામાં આ પૂર્વપ્રતિપાદિત પાંચ સંવત્સરોમાં યુગના પહેલા માસની અમાવાસ્યાને ચંદ્ર કયા કયા મંડળપ્રદેશમાં રહીને સમાપ્ત કરે છે ? અમાવાસ્યા પરિસમાપ્તિ પ્રદેશની વિચારણામાં જે મંડળપ્રદેશમાં રહીને ચંદ્ર સર્વા ન્તિમ યુગની અંતમાં આવનારી બાસઠમી યુગના અંતિમ માસની મધ્યવર્તિ અમાવા સ્યાને સમાપ્ત કરે છે તે સમાપ્તિસ્થાનથી અમાવાસ્યાના સમાપ્તિ સ્થાનથી પછીનું જે મંડળપ્રદેશ તેને એકસો ચોવીસથી વિભક્ત કરીને એટલે ભાગોમાંથી બત્રીસ ભાગોને ગ્રહણ કરીને એ મંડળપ્રદેશમાં રહીને તે ચંદ્ર પહેલી અમાવાસ્યાને સમાપ્ત કરે છે. આ પૂર્વોક્ત પ્રકારથી જે અભિલાપ ક્રમથી ચંદ્રમાં સંબંધી પૂર્ણિમાની સમાપ્તિનું પ્રતિપાદન કરેલ છે, તેજ અભિલાપ ક્રમથી ચંદ્ર સંબંધી અમાવાસ્યાની સમાપ્તિનો ક્રમ પણ પ્રતિપાદિત કરી લેવો. સૂર્યની અમાવાસ્યા સમાપ્તિ મંડળપ્રદેશની વિચારણામાં આ પૂર્વોક્ત ચાંદ્રાદિ નામવાળા પાંચ સંવત્સરોમાં જે યુગના આદિ માસની મધ્યમાં રહેલ અમાવાસ્યાને સૂર્ય કયા મંડળપ્રદેશમાં રહીને પહેલી અમાસને સમાપ્ત કરે છે ? અમાવાસ્યા સમાપ્તિ પ્રદેશની વિચારણામાં જે મંડળપ્રદેશમાં રહીને સૂર્ય સર્વાન્તિમ બાસઠમી અમાવાસ્યાને સમાપ્ત કરે છે, એ બાસઠમી અમાવાસ્યા સમાપક મંડળ પ્રદેશની પછી આવેલા મંડળને એકસો ચોવીસ વિભાગ કરીને તે ભાગોમાંથી ચોરાણુ ભાગોને ગ્રહણ કરીને જે સ્થાન નિશ્ચિત હોય એજ મંડળપ્રદેશમાં રહીને એ સૂર્ય યુગના પહેલા માસની મધ્યમાં રહેલ અમાવાસ્યાને સમાપ્ત કરે છે. આ પ્રમાણે અમાવાસ્યા સમાપ્તિ પ્રદેશની વિચારણા કરી અન્ય અમાવાસ્યાઓના સંબંધમાં યુક્તિ કરી લેવી

યુગના ભોગકાળમાં આ પૂર્વોક્ત પાંચ સંવત્સરોમાં અર્થાત્ યુગના પહેલા માસને પૂર્ણકપવાવાળી પૂર્ણિમાને ચંદ્ર કે સૂર્ય કયા નક્ષત્રની સાથે યોગ પ્રાપ્ત કરીને પહેલી પૂર્ણિમાને સમાપ્ત કરે છે ? ધનિષ્ઠા નક્ષત્રની સાથે રહેલ ચંદ્ર યુગની પહેલી પૂર્ણિમાને સમાપ્ત કરે છે. ધનિષ્ઠા નક્ષત્રના ત્રણ મુહૂર્ત પુરા તથા એક મુહૂર્તના બાસઠિયા ઓગણીસ ભાગ આટલું પ્રમાણ તથા બાસ ઠિયા એક ભાગને સડસઠથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિભક્ત કરીને જે ફળ આવે તેના પાંસઠિયા ચૂર્ણિકા ભાગ શેષ રહે છે. જે, સમયે ચંદ્ર ધનિષ્ઠા નક્ષત્રની સાથે યુક્ત થઈને પૂર્વોક્ત પૂર્ણિમાને સમાપ્ત કરે છે. એ સમયે સૂર્ય કયા નક્ષત્રની સાથે રહીને એ પ્રથમ પૂર્ણિમાને સમાપ્ત કરે છે ? સૂર્ય નક્ષત્રના યોગસંબંધી વિચારણામાં પૂર્વાફાલ્ગુની નક્ષત્રના જે સમયે અઠ્યાવીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા આડત્રીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડ સઠ ભાગ કરીને એ વિભાગના બત્રીસ ચુર્ણિકા ભાગ જ્યારે શેષ રહે ત્યારે એ પ્રદેશમાં રહીને સૂર્ય પહેલી પુનમને સમાપ્ત કરે છે. ચંદ્ર સૂર્યના પૂર્ણિમા સમાપક નક્ષત્ર યોગના વિચારમાં યુગ બોધક ચાંદ્ર ચાંદ્ર અભિવર્ધિતાદિ સંજ્ઞાવાળા પાંચ સંવત્સરોમાં સંચાર કરતો ચંદ્ર બીજી પુનમને ક્યા નક્ષત્રમાં રહીને સમાપ્ત કરે છે ? ઉત્તરા પ્રોષ્ટાપદા નક્ષત્રનો યોગ કરીને ચંદ્ર બીજી પૂર્ણિમાને સમાપ્ત કરે છે. નક્ષત્રની સાથે રહીને એ ત્રીજી પૂર્ણિમાને સમાપ્ત અશ્વિની નક્ષત્રની સાથે યુક્ત થઈને એ ત્રીજી પૂર્ણિમાને સમાપ્ત કરે છે, જે સમયે અશ્વિની નક્ષત્ર ચંદ્રની સાથે યુક્ત થઈને ત્રીજી પૂર્ણિમા સમાપ્ત થાય છે. એ સમયે સૂર્ય કયા નક્ષત્રની સાથે યુક્ત થઈને ત્રીજી પૂર્ણિમાને સમાપ્ત કરે છે ? ચિત્રા નક્ષત્ર ની સાથે યોગ કરીને સૂર્ય ત્રીજી પૂર્ણિમાને સમાપ્ત કરે છે. બારમી અષાઢી પૂર્ણિમાને ચંદ્ર કયા નક્ષત્રનો યોગ કરીને સમાપ્ત કરે છે ? ચંદ્ર બારમી પૂર્ણિમાને સમાપ્ત કરે છે, તે સમયે ઉત્તરાષાઢા નક્ષત્ર હોય છે. જે સમયે ચંદ્ર ઉત્તરાષાઢા નક્ષત્રની સાથે રહીને બારમી પૂર્ણિમાને સમાપ્ત કરે છે, તે સમયે સૂર્ય કયા નક્ષત્રની સાથે યોગ કરે છે ? તે સમયે સૂર્ય પુનર્વસુ નક્ષત્રની સાથે યુક્ત હોય છે. છેલ્લા માસની બાસઠમી પૂર્ણિમાને ચંદ્ર કયા નક્ષત્રની સાથે વેગ કરીને એ સમાપ્ત કરે છે ? ચંદ્ર ઉત્તરાષાઢા નક્ષત્રની સાથે રહીને તે અંતિમ બાસઠમી પૂર્ણિમાને સમાપ્ત કરે છે, અંતિમ બાસઠમી પૂર્ણિમાના સમાપ્તિકાળમાં સૂર્ય નક્ષત્રયોગ વિચારણામાં પુષ્ય નક્ષત્રની સાથે રહીને સૂર્ય બાસ ઠમી પૂર્ણિમાને સમાપ્ત કરે છે,

પહેલા માસની અમાવાસ્યાનો ચંદ્ર કયા નક્ષત્રનો યોગ કરીને સમાપ્ત કરે છે ? અશ્લેષા નક્ષત્રની સાથે યુક્ત થયેલા ચંદ્ર પહેલી અમાવાસ્યાને સમાપ્ત કરે છે. જે સમયે અશ્લેષા નક્ષત્ર ચંદ્રની સાથે યોગ કરીને યથોક્ત શેષ રહે તે સમયે પહેલી અમાવાસ્યા સમાપ્ત થાય છે, એ સમયે સૂર્ય કયા નક્ષત્રની સાથે રહીને પહેલી અમાસ્યાને સમાપ્ત કરે છે ? પહેલી અમાસ્યાના સમાપ્તિકાળમાં સૂર્ય અશ્લેષા નક્ષત્રમાં રહે છે, ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રની સાથે યોગ કરીને બીજી અમાવાસ્યાને સમાપ્ત કરે છે. ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનો શેષ વિભાગ જે પ્રમાણે ચંદ્રના યોગ વિષયમાં કહેવામાં આવેલ છે, એજ પ્રમાણે અહીં સૂર્યના નક્ષત્ર યોગના સંબંધમાં પણ કહી લેવું ત્રીજી અમાવાસ્યાના સમાપ્તિ સમયમાં ચંદ્ર હસ્ત નક્ષત્રની સાથે યુક્ત હોય છે, જે પ્રમાણે ચંદ્રનું હસ્ત નક્ષત્ર સંબંધી શેષ કથન પ્રતિપાદિત કરેલ છે. એજ પ્રમાણે સૂર્યના વિષયમાં પણ પ્રતિપાદિત કરી લેવું. આર્દ્રા નક્ષત્રની સાથે યોગ કરીને ચંદ્ર બારમી અમાવાસ્યાને સમાપ્ત કરે છે, તે સમયે સૂર્ય પણ આર્દ્રા નક્ષત્રની સાથેજ રહીને એ બારમી અમાવાસ્યાને સમાપ્ત કરે છે. ચંદ્ર પુનર્વસુ નક્ષત્રની સાથે રહીને છેલ્લી બાસઠ મી અમાવાસ્યાને સમાપ્ત કરે છે, પુનર્વસુ નક્ષત્રની સાથે રહેલ ચંદ્ર છેલ્લી બાસઠથી અમાવાસ્યાને સમાપ્ત કરે છે, તે સમયે પુનર્વસુ નક્ષત્રની સાથે સૂર્યનોયોગ હોય છે. પૂર્વોક્ત નક્ષત્રોની સાથે રહેલ ચંદ્ર આ

આઠસો ઓગણીસ મુહૂર્ત તથા ક મુહૂર્તના બાસ ઠિયા ચોવીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા છાસઠ ભાગ આ રીતે નક્ષત્રોના વિભાગ કરીને ફરીથી એજ ચંદ્ર બીજા સમાન અર્થબોધક નામવાળા નક્ષત્રની સાથે નિવાસ કરે છે. વિવક્ષિત દિવસ માં ચંદ્ર જે નક્ષત્રની સાથે યોગ કરે છે. તથા જે મંડળ પ્રદેશમાં આ રીતે યોગાદિ કાર્ય કરતો ચંદ્ર આ પ્રકારના ૧૬૩૮ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા ઓગણ પચ્ચાસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠ ભાગ કરીને વિભાગ કરવામાં આવેલ એ મંડળ પ્રદેશના પાંસઠ ચૂર્ણિકા ભાગને ગ્રહણ કરીને એટલા પ્રમાણવાળા પ્રદેશનું અતિક્રમણ કરીને ફરીથી ભ્રમણ કરતો ચંદ્ર એજ નક્ષત્રની સાથે યોગ પ્રાપ્ત કરે છે.

આ વિવક્ષિત દિવસમાં જે મંડળ પ્રદેશમાં જે નક્ષત્રની સાથે ચંદ્ર યોગ પ્રાપ્ત કરે છે. એજ મંડળમાં એજ સ્વકક્ષાષામાં ભ્રમણ કરતા ચોપન હજાર નવસો મુહૂર્ત ગ્રહણ કરીને ફરીથી ભ્રમણ કરતો ચંદ્ર બીજા એજ પ્રકારના નક્ષત્રની સાથે એજ મંડળ પ્રદેશમાં યોગ પ્રાપ્ત કરે છે, વિવક્ષિત દિવસમાં જે નક્ષત્રની સાથે જે કોઈ મંડળ પ્રદેશમાં ચંદ્રયોગ કરે છે. ભ્રમણ કરતો એજ ચંદ્ર એક લાખ નવહજાર આઠસો મુહૂર્તને ગ્રહણ કરીને ફરીથી મંડળ પ્રદેશને પૂરિત કરીને એજ ચંદ્ર એ પૂર્વોક્ત નક્ષત્રની સાથે એજ મંડળ પ્રદેશમાં યોગ કરે છે. વિવક્ષિત દિવસમાં જે નક્ષત્રની સાથે સૂર્ય જે મંડળ પ્રદેશમાં યોગ પ્રાપ્ત કરે છે, સ્વમંડળમાં ભ્રમણ કરતો એજ સૂર્ય આ ત્રણસો છાસઠ અહોરાત્રને ગ્રહણ કરીને ફરીથી પરિભ્રમણ કરીને સૂર્ય એજ મંડળ પ્રદેશમાં તેનાજ જેવા બીજા નક્ષત્રોની સાથે યોગ કરે છે. વિવક્ષિત દિવસમાં જે નક્ષત્રની સાથે રહેલ સૂર્ય જે મંડળપ્રદેશમાં યોગ કરે છે. તે પછી ધીરે ધીરે સ્વ કક્ષામાં ભ્રમણ કરતો એજ સૂર્ય એજ નક્ષત્રની સાથે એજ મંડળ પ્રદેશમાં ફરીથી બીજા સૂર્ય સંવત્સરના અંતમાં યોગ પ્રાપ્ત કરે છે તે સમયે અહોરાત્રીની સંખ્યાનું પ્રમાણ જેમકે-સાતસો બત્રીસ અહોરાત્ર સંખ્યા થાય છે, આ વિવક્ષિત દિવસમાં જે નક્ષત્રની સાથે જે મંડળ પ્રદેશમાં સૂર્ય યોગ કરે છે. એજ મંડળ પ્રદેશમસ્વ કક્ષામાં ભ્રમણ કરતો સૂર્ય ૧૮૩૦ અહોરાત્ર પ્રમાણને ગ્રહણ કરીને ફરીથી બીજા યુગારંભ કાળમાં એજ સૂર્ય બીજા નક્ષત્રોની સાથે એજ મંડળપ્રદેશમાં યોગ કરે છે, વિવક્ષિત દિવસમાં જે નક્ષત્રની સાથે સૂર્ય યોગ પ્રાપ્ત કરે છે, એ મંડળ પ્રદેશમાં ૩૬૬૦ રાત્રિ દિવસ પ્રમાણ થાય છે. પ્રમાણને અતિક્રમણ કરીને ફરીથી પણ બીજા યુગના અંતમાં એજ સ્વ કક્ષામાં ભ્રમણ કરતો સૂર્ય એજ નક્ષત્રની સાથે એજ મંડળ પ્રદેશમાં યોગ પ્રાપ્ત કરે છે. જે સમયે આ પ્રત્યક્ષથી ઉપલભ્ય માન ભરતક્ષેત્રને પ્રકા શિત કરતો વિવક્ષિત એક ચંદ્ર વિવક્ષિત મંડળમાં ગમન કરીને ગતિયુક્ત થાય છે. એ સમયે બીજો ચંદ્રમાં ઐરવત ક્ષેત્રને પ્રકાશિત કરીને એજ વિવક્ષિત મંડળમાં ગતિયુક્ત થાય છે, જે સમયે અને જે મંડળ પ્રદેશમાં અન્ય અર્થાત્ ઐરવતક્ષેત્ર પ્રકાશક ચંદ્ર પણ ગતિયુક્ત થાય છે, એ સમયે આ ભરતક્ષેત્ર પ્રકાશક ચંદ્ર પણ વિવક્ષિત કાળમાં અને વિવક્ષિત મંડળ પ્રદેશમાં ગતિ સમાપન્નક થાય છે, કારણકે બેઉ ચંદ્રની મંડળ ગતિ સરખીજ હોય છે. જે કાળે આ પ્રત્યક્ષ દૃશ્યમાન વિવક્ષિત સૂર્ય ભરતક્ષેત્રને પ્રકાશિત કરીને મંડળ પ્રદેશમાં ગતિયુક્ત થાય છે. એજ વિવક્ષિત કાળમાં તથા વિવક્ષિત મંડળ પ્રદેશમાં બીજો ઐરવત ક્ષેત્ર પ્રકાશક અન્ય સૂર્ય પણ ગતિયુક્ત થાય છે, એજ પ્રમાણે વિવક્ષિત કાળમાં જે વિવક્ષિત મંડળ પ્રદેશમાં ઐરવત ક્ષેત્ર પ્રકાશક સૂર્ય પણ ગતિયુક્ત થાય છે. એજ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિવક્ષિત કાળમાં તથા વિવક્ષિત મંડળ પ્રદેશમાં આ પ્રત્યક્ષથી ઉપલભ્ય માન ભરતક્ષેત્ર પ્રકાશક પહેલો સૂર્ય પણ ગતિ સમાપન્નક થાય છે. આ પૂર્વોક્ત પ્રકારથી ગ્રહના વિષયમાં તથા નક્ષત્રના વિષયમાં પણ બે-બે આલાપકો કહી લેવા

**પાહુડ-૧૦/૨૨ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

**પાહુડ-૧૦-ગુર્જરછાયાપૂર્ણ**

## પાહુડ-૧૧

[૯૮] સંવત્સરોનો પ્રારંભ સમય કઈ રીતે પ્રતિપાદિત કરેલ છે ? તે કહો પાંચ સંવત્સરવાળા યુગમાં પાંચ સંવત્સરોના નામ આ પ્રમાણે છે. ચાંદ્ર, ચાંદ્ર, અભિવર્ધિત, ચાંદ્ર અને અભિવર્ધિત ! આ પાંચ સંવત્સરોમાં પહેલા ચાંદ્ર સંવત્સરનો આદિ એટલે કે પ્રારંભ કાળ કયો કહેલ છે ? શ્રીભગવાન્ કહે છે- પાછલા યુગમાં રહેલ ચંદ્રના ભ્રમણ ક્રમથી રહેલ પાંચમા અભિવર્દ્ધિત નામના સંવત્સરના સમાપ્તિ કાળ પછી આગળ રહેલ જે સમયે તેજ સર્વાદિ ચાંદ્ર સંવત્સરનો આદિ થાય છે. પૂર્વપ્રતિપાદિત યુક્તિથીજ વૃત્ત પરિધિમાં ચંદ્રાકારથી રહેલ બીજા ચાંદ્ર સંવત્સરનો જે આરંભ કાળ હોય છે, તેનાથી વગર વ્યવધાનથી જે સમય એજ કાળ પહેલા ચાંદ્ર સંવત્સરનો પ્રથમ સંવત્સરનો સમાપ્તિકાળ હોય છે. અહીં ઉત્તરાષાઢા નક્ષત્ર છે, તેથી પહેલાં ચાંદ્ર સંવત્સરના અંત સમયમાં ચંદ્ર ઉત્તરાષાઢા નક્ષત્રની સાથે યોગ કરે છે. પહેલા ચાંદ્ર સંવત્સરના સમાપ્તિ સમમયાં ચંદ્રની સાથે રહેલ ઉત્તરાષાઢા નક્ષત્રનાછવ્વીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા છવ્વીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા ચોપન ભાગ આટલો ભાગ વીતી ગયા પછી બાકીના ભાગોમાં પહેલું ચાંદ્ર સંવત્સર સમાપ્ત થાય છે, પહેલા ચાંદ્ર સંવત્સરના સમાપ્તિકાળમાં સૂર્ય પુનર્વસુ નક્ષત્રની સાથે યોગ યુક્ત રહે છે, પહેલા ચાંદ્ર સંવત્સરની સમાપ્તિ સમયમાં સૂર્ય પુનર્વસુ નક્ષત્રના સોળ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા આઠ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠ ભાગો કરીને વીસ ચૂર્ણિકા ભાગ શેષ રહે એટલે કે પુનર્વસુ નક્ષત્રના આટલા ભાગ વીતી ગયા બાદ બાકીના ભાગમાં પહેલું ચાંદ્ર સંવત્સર સમાપ્ત થાય છે. જે પહેલા ચાંદ્ર સંવત્સરનો સમાપ્તિકાળ હોય છે એજ બીજા ચાંદ્ર સંવત્સરનો આરંભકાળ હોય છે. સમય પણ એજ અવ્યવહિત હોય છે. અહીં પણ પૂર્વકથન પ્રમાણે પ્રારંભ અને સમાપ્તિકાળ એક જ હોવાથી ત્રીજા અભિવર્ધિત સંવત્સરનો જે પ્રારંભ સમય છે એજ બીજા ચાંદ્ર સંવત્સરનો સમાપ્તિકાળ કહેલ છે, બીજા ચંદ્ર સંવત્સરની સમાપ્તિ કાળમાં ચંદ્ર પૂર્વાષાઢા નક્ષત્રની સાથે યોગ યુક્ત હોય છે. બીજા ચાંદ્ર સંવત્સરના સમાપ્તિકાળમાં ચંદ્રની સાથે રહેલ પૂર્વાષાઢા નક્ષત્રના સાત મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા ત્રેપન ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસ ઠિયા ભાગ કરીને તેના એકતાલીસ ચૂર્ણિકા ભાગ અર્થાત્ બાસઠિયા એક ભાગના સડસઠિયા એકતાલીસ ભાગ શેષ રહે એ સમયે સૂર્ય પુનર્વસુ નક્ષત્રની સાથે યોગ યુક્ત હોય છે. બીજા ચાંદ્ર સંવત્સરના સમાપ્તિ સમયમાં સૂર્યના યોગવાળા પુનર્વસુ નક્ષત્રના બેંતાલીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા સાત ભાગ આટલા ભાગ વીત્યા પછી અને બાકીના ભાગ શેષરૂપ રહે ત્યારે બીજું ચાંદ્રસંવત્સર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમાપ્ત થાય છે. પહેલાં કહેલ યુક્તિ અનુસાર આરંભ અને સમાપ્તિનો સમય એકજ હોવાથી બીજા ચાંદ સંવત્સરનો જે સમાપ્તિ સમય છે એજ ન્યૂનાધિકપણા વગરનો સમય ત્રીજા અભિવર્ધિત સંવત્સ રનો પ્રારંભ કાળ હોય છે. અનંતર પુરસ્કૃત ઉત્તરકાળ રૂપ હોય છે. પ્રારંભ અને સમાપ્તિ સમય એક સાથેજ રહેવાથી ચોથા ચાંદ્ર સંવત્સરનો જે પ્રારંભકાળ હોય છે એજ ત્રીજા અભિવર્દ્ધિત સંવત્સરનો સમાપ્તિ સમય હોય છે,

ત્રીજા અભિવર્ધિત સંવત્સરના સમાપ્તિ સમમયાં ચંદ ઉત્તરાષાઢા નક્ષત્રની સાથે યોગયુક્ત રહે છે. ત્રીજા અભિવર્દ્ધિત સંવત્સરના સમાપ્તિ સમયમાં ચંદ્રથી યુક્ત ઉત્તરા ષાઢા નક્ષત્રના તેર મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા તેર ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા સત્યાવીસ ભાગ વીતી જાય અને બાકીના ચૂર્ણિકા ભાગ શેષ રહે છે. ત્રીજા સંવત્સરના સમાપ્તિ સમયમાં સૂર્ય પુનર્વસુ નક્ષત્રની સાથે યોગ યુક્ત હોય છે. સૂર્યના સાથે યોગ યુક્ત પુનર્વસુ નક્ષત્રના બે મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસ ઠિયા છપ્પન ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠ ભાગ કરીને જે લબ્ધ થાય છે, એટલા ચૂર્ણિકા ભાગવીતી ગયા પછી અવશેષ ચૂર્ણિકાભાગ શેષ રહે છે, ત્રીજા અભિવર્ધિત સંવત્સરનો જે સમાપ્તિકાળ એજ ચોથા ચંદ્ર સંવત્સરના આરંભ કાળ હોય છે. અનંતર પુરસ્કૃત સમય છે, આરંભ અને સમાપ્તિકાળ એકજ સાથે થવાથી જે યુગના અંતમાં રહેલ અભિવર્ધિત સંવત્સરનો આદિ કાળ હોય છે, એજ ચોથા ચાંદ્ર સંવત્સરનો સમાપ્તિ કાળ હોય છે. ચાંદ્રસંવત્સરના સમાપ્તિકાળમાં ચંદ્ર ઉત્તરાષાઢા નક્ષત્રની સાથે યોગ કરીને રહે છે, ચોથા ચાંદ્ર સંવત્સરના અન્તના સમયમાં ચંદ્રની સાથે રહેલ ઉત્તરાષાઢા નક્ષત્રના ચુંમાલીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા ચુંમાલીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા ચોસઠ ભાગ આટલો ભાગ વીતાવીને બાકીનો ભાગ શેષ રહે ત્યારે ચોથા ચાંદ્ર સંવત્સરની સમાપ્તિ થાય છે. એ સમયે સૂર્ય પુનર્વસુ નક્ષત્રની સાથે યોગ યુક્ત હોય છે, પુનર્વસુ નક્ષત્રના ઓગણત્રીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા એકવીસ ભાગ તથા બાસઠિયા એક ભાગ ભાગના સડસ ઠિયા સુડતાલીસ ભાગ આટલા ભાગ વીતાવીને બાકીનો ચૂર્ણિકા ભાગ શેષ રહે એજ સમયે ચોથું ચાંદ્ર સંવત્સર સમાપ્ત થાય છે, વૃત્તપરિધિમાં વિભાગ કરવામાં આવેલ ભાગોમાં પ્રારંભ અને સમાપ્તિનો સમય એક સાથે જ હોવાથી ચોથા ચાંદ્ર સંવત્સરનો જે સમાપ્તિ સમય હોય છે, એ જ ન્યૂનાધિકપણા વગર પાંચમા અભિવર્ધિત સંવત્સરનો પ્રારંભકાળ હોય છે. પૂર્વપ્રતિપાદિત યુક્તિ પ્રમાણે પ્રારંભ અને સમાપ્તિકાળ એક સાથે જ હોવાથી પહેલા ચાંદ્રસંવત્સરનો જે પ્રારંભકાળ હોય છે, એ જ કાળ ન્યૂનાધિકપણા રહિત પાંચમા અભિવર્ધિત સંવત્સરનો સમાપ્તિકાળ હોય છે.

પાંચમા અભિવર્ધિત સંવત્સરના સમાપ્તિ સમયમાં ચંદ ઉત્તરાષાઢા નક્ષત્રની સાથે યોગયુક્ત હોય છે. પાંચમા અભિવર્ધિત સંવત્સરના સમાપ્તિ કાળમાં ચંદ્રયોગ યુક્ત ઉત્તરાષાઢા નક્ષત્રનો અન્તિમ સમય હોય છે, કારણ કે યુગના સમાપ્તિકાળમાં ચંદ્રયુક્ત નક્ષત્રનું વિશેષ હોવું અસંભવિત હોય છે. પાચમા અભિવર્ધિત સંવત્સરના અંતિમસમયમાં સૂર્ય યુક્ત પુષ્ય નક્ષત્રના એકવીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસ ઠિયા તેંતાલીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા તેત્રીસ ભાગો આટલા ભાગ વીત્યા પછી ચૂર્ણિકા ભાગ શેષ રહે ત્યારે પાંચમા અભિવર્ધિત સંવત્સરને સમાપ્ત કરે



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે, બીજા ચાંદ્ર સંવત્સરની સમાપ્તિ ચોવીસમી પૂર્ણિમા સમાપ્ત થાય ત્યારે થાય છે. સૂર્યની સાથે યોગયુક્ત પુનર્વસુ નક્ષત્રના બેંતાલીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા પાંત્રીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા સાત ભાગ શેષ રહે છે. અભિવર્ધિત સંવત્સર તેર મહીનામાં પુરૂં થાય છે, તેથી ત્રીજા અભિવર્ધિત સંવત્સ રની સમાપ્તિ સાડત્રીસ પૂર્ણિમાથી થાય છે, તે સમયે સૂર્યની સાથે યોગયુક્ત પુનર્વસુ નક્ષત્રના બે મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા છપ્પન ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા સાઠ ભાગ શેષ રહે છે. ચોથા ચાંદ્ર સંવત્સરના સમાપ્તિકાળમાં ઓગણપચાસ પુનમો થાય છે. તેથી અહીંયાં ઓગણપચાસ ગુણક હોય છે. હવે તે સમયે સૂર્યની સાથે રહેલ પુનર્વસુ નક્ષત્રના મુહૂર્ત વિભાગના સંબંધમાં કથન છે. ચોથા ચાંદ્રસંવત્સરના સમાપ્તિ સમયમાં સૂર્યની સાથે યોગ યુક્ત પુનર્વસુ નક્ષત્રના ઓગણ ત્રીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા એકવીસ ભાગ તથા બાસઠિયા એક ભાગને સડસઠ ભાગ કરીને તેના સુડતાલીસ ચૂર્ણિકા ભાગ શેષ વધે છે, હવે પાંચમા અભિ વર્ધિત સંવત્સરની સમાપ્તિ બાસઠમી પૂર્ણિમાના સમાપ્તિ કાળમાં થાય છે. તેથી અહીં બાસઠ ગુણક હોય છે. ચંદ્ર નક્ષત્ર યોગ પરિમાણ તથા સૂર્ય નક્ષત્રયોગ પરિમાણ મૂળમાં જે કહેલ છે. એજ પ્રમાણે ન્યૂનાધિક વિના ક્રમથી અહીં પણ સમજી લેવા,

**પાહુડ-૧૧ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પાહુડ-૧૨

[૯૯-૧૦૬] હે ભગવાન્ કેટલા અને કયા નામવાલા સંવત્સરો કહ્યા છે ? પાંચ નામવાળા પાંચ સંવત્સરો પ્રતિપાદિત કરેલ છે. નક્ષત્ર સંવત્સર, ચાંદ્ર સંવસ્તર ઋતુ સંવત્સર, આદિત્ય સંવત્સર અને અભિવર્ધિત સંવત્સર પહેલુ નક્ષત્ર સંવત્સર જે નક્ષત્ર માસ હોય છે. તે તીસ મુહૂર્ત પ્રમાણવાળા અહોરાત્રથી ગણત્રી કરવામાં આવે તો કેટલા અહોરાત્ર પરિણાણવાળા પ્રતિપાદિત કરેલ છે ? રાત્રિ દિવસના પરિમાણ વિષે કહે છે કે સત્યાવીસ અહોરાત્ર તથા એક અહોરાત્રના સડસઠિયા એકવીસ ભાગ આ રીતે સાવયવ રાત દિવસના પ્રમાણથી એક નક્ષત્ર માસ પ્રતિપાદિત કરેલ છે તેમ સ્વશિષ્યોને ઉપદેશ કરવો, પૂર્વોક્ત નક્ષત્ર માસ કેટલા પરિમાણવાળો મુહૂર્તાગ્રંથી પ્રતિ પાદિત કરેલ છે ? આઠસો ઓગણીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના સડસઠિયા સત્યાવીસ ભાગ અર્થાત્ એક નક્ષત્ર માસનું સમગ્ર મુહૂર્તપરિ માણ થાય છે. આ પહેલાં કહેલ નક્ષત્ર માસ સંબંધી મુહૂર્ત પરિમાણ રૂપ અંતરનો બાર થી ગુણાકાર કરવાથી નક્ષત્રસંવત્સરનું પરિમાણ થઈ જાય છે. નક્ષત્ર સંવત્સરનું પરિ માણ ત્રણસો સત્યાવીસ અહોરાત્ર તથા એક અહોરાત્રના બાસઠિયા એકાવન, ભાગ આટલા રાત્રિદિવસથી નક્ષત્ર સંવત્સર પ્રતિપાદિત કરેલ છે, પૂર્વકથિત નક્ષત્ર સંવત્સ રનું પરિમાણ નવ હજાર આઠસો બત્રીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના સડસઠિયા છપ્પન ભાગ આટલા મુહૂર્ત પરિમાણથી એક નક્ષત્ર સંવત્સર પ્રતિપાદિત કરેલ છે. આ મનુષ્ય લોકમાં જંબૂદ્વીપમાં પ્રત્યેક સૂર્ય સંવત્સરમાં અને પ્રત્યેક ચંદ્રસંવત્સરમાં નિશ્ચયરૂપે આ કહેવામાં આવનાર છ ઋતુઓ પ્રતિપાદિત કરેલ છે. પ્રાવૃટ્ વર્ષારાત્ર શરદઋતુ, હેમન્તઋતુ, વસંતઋતુ છઠ્ઠી ગ્રીષ્મઋતુ એક ઋતુ માસ ત્રીસ અહોરાત્ર પ્રમાણનો હોય છે. ત્રીસ અહોરાત્રથી માસ પૂર્ણ થાય છે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ ચાંદ્રમાસ નવસો મૂહૂર્ત પરિમાણવાળો પ્રતિ પાદિત કરેલ છે. પૂર્વોક્ત રાત્રિદિવસના પ્રમાણ અને મુહૂર્તના પ્રમાણરૂપ કાળનો બારથી ગુણાકાર કરે તો ઋતુસંવત્સર થાય છે. ઋતુસંવત્સરના અહોરાત્રનું પરિમાણ ત્રણસોસાઠ રાત્રિ દિવસના પરિમાણવાળું પ્રતિપાદન કરેલ છે. એ ઋતુ સંવત્સરમાં દસ હજાર અને આઠસો મુહૂર્ત પરિમાણ હોય છે. ત્રીસ અહોરાત્ર પૂરા તથા એક રાત્રિદિવસનો અર્ધોભાગ અર્થાત્ સાડી ત્રીસ અહો રાત્રવાળા રાત્રિદિવસના પરિમાણથી એક સૂર્યમાસ અર્થાત્ સૌરમાસ પ્રતિપાદિત કરેલ છે, એક સૂર્યમાસ નવસો પંદર મુહૂર્તપરિમાણવાળો પ્રતિપાદિત કરેલ છે. આ પૂર્વ કથિત રાત્રિ દિવસના પરિમાણવાળા કે મુહૂર્ત પરિમાણવાળા અદ્ધા અર્થાત્ કાળનો બારથી ગુણાકાર કરે તો સૂર્ય સંબંધી સૌર સંવત્સર થાય છે,

ત્રણસો છાસઠ અહોરાત્ર પરિમાણવાળું આદિત્ય સંવત્સર પ્રતિપાદિત કરેલ છે આદિત્યસંવત્સરનું મુહૂર્તપરિમાણ ૧૦૯૮૦ મુહૂર્ત પરિમાણવાળું આદિત્ય સંવત્સર કહેલ છે. એ અભિવર્ધિતમાસનું મુહૂર્ત પરિમાણ એકત્રીસ અહોરાત્ર તથા ઓગણત્રીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા સત્તર ભાગ આટલા પ્રમાણવાળા રાત્રિદિવસના પરિમાણથી યુક્ત પ્રતિપાદિત કરેલ છે, તેમ સ્વશિષ્યોને કહેવું. નવસો ઓગણસાઠ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા સત્તરભાગ વાળો કહેલ છે. અર્થાત્ આ અભિવર્ધિત માસ નવસો ઓગણસાઠ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા સત્તર ભાગ આટલા પરિમાણ વાળો આભિવર્ધિતમાસ પૂર્ણ થતો પ્રતિપાદિત કરેલ છે. આ પ્રમાણે સ્વશિષ્યોને કહેવું. આ પૂર્વ રાત્રિદિવસના પરિમાણવાળી કે મુહૂર્ત પરિમાણ વાળી અદ્ધા અર્થાત્ પરિભાષા રૂપથી સિદ્ધ કાળ વિશેષ નો બારથી ગુણાકાર કરે તો ગુણન ફળ જે આવે એટલા પરિમાણ વાળું અભિ વર્ધિત સંવત્સર કહેલ છે. આ અભિ વર્ધિત સંવત્સર ત્રણસો ત્યાશી અહોરાત્ર તથા એકવીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બા સઠિયા અઢાર ભાગઆટલા રાત્રિ દિવસના પરિમાણવાળું અભિવર્ધિત સંવત્સર પ્રતિપાદિત કરેલ છે. એ અભિવર્ધિતસંવત્સરનું મુહૂર્તપરિમાણ ૧૧૫૧૧ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા અઢાર ભાગ આટલું મૂહૂર્ત પરિમાણ એક અભિવર્ધિત સંવત્સ રનું થાય છે. અથવા બીજી રીતે મુહૂર્ત પરિમાણ કહેવામાં આવે છે. જેમકે અભિવર્ધિત સંવત્સરનું બાસ ઠિયા અઢાર ભાગ થાય છે. ૧૧૫૧૧ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસ ઠિયા અઢાર ભાગ આટલા પ્રમાણવાળા મુહૂર્ત પરિમાણથી અભિવર્ધિત સંવત્સર યથો ક્ત પરિમાણથી પરિપૂર્ણ થાય છે. આ રીતે પાંચે સંવત્સરોનું પરિમાણ કહેવામાં આવેલ છે. હે ભગવન્ ! સઘળા પાંચે સંવત્સરોથી મળેલ સંપૂર્ણ યુગ કેટલા રાત્રિ દિવસના પરિમાણવાળો કહેલ છે ? સંપૂર્ણ યુગનું પરિમાણ સત્તરસો એકાણુ અહોરાત્ર તથા ઓગણીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા સત્તાવન ભાગ થાય છે તથા બાસઠિયા એક ભાગના સડસઠ ભાગ કરીને તેના પંચાવન ચૂર્ણિકા ભાગ અર્થાત્ આટલા સાવયવ અહોરાત્ર પરિમાણથી સંપૂર્ણ એક યુગનું પરિમાણ થાય છે.

પહેલા નાક્ષત્રસંવત્સરનું પરિમાણ ૩૨૭ અહો રાત્ર તથા એક અહોરાત્રના સડસઠિયા એકાવન ભાગ છે. બીજા ચંદ્રસંવત્સરનું પરિમાણ ત્રણસો ચોપન અહોરાત્ર તથા એક રાત્રિદિવસના બાસઠિયા બાર ભાગ આ રીતે ચાંદ્રસંવત્સરનું પરિમાણ ત્રીજા ઋતુ સંવત્સરનું પરિમાણ ત્રણસોસાઠ રાત્રિ દિવસ પરિમાણવાળું કહેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચોથા સૌર સંવત્સરનું પરિમાણ ત્રણસો છાસઠ અહોરાત્ર પ્રમાણનું કહેલ છે. પાંચમાં અભિવર્ધિત સંવત્સરનું પરિમાણ ત્રણસો ત્યાશી અહોરાત્ર તથા એકવીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા અઢાર ભાગ અર્થાત્ આ રીતે પાંચમા અભિવર્ધિત સંવત્સરનું પરિમાણ કહેવામાં આવેલ છે. સંપૂર્ણ યુગનું પરિમાણ મુહૂર્ત પરિમાણથી માપવામાં આવે તો ૫૩૭૪૯ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા સતાવન ભાગ તથા બાસઠિયા એ ભાગના સડસઠિયા પંચાવન ભાગ આટલા પરિણામવાળા સાવયવ મુહૂર્ત પરિ માણથી યુગનું મુહૂર્ત પરિમાણ પ્રતિપાદિત કરેલ છે. તેમ સ્વશિષ્યોને ઉપદેશ કરવો. આડત્રીસ અહો રાત્ર દસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા ચાર ભાગ તથા બાસ ઠિયા એક ભાગના સડસઠિયા બાર ભાગ આટલા સાવયવ અહોરાત્ર પરિમાણ મેળવ-વાથી યુગ પ્રાપ્ત પરિમાણ મળી જાય છે. તેમ સ્વશિષ્યોને કહેવું, એ પ્રક્ષેપ મુહૂર્તપરિ માણથી આ રીતે થાય છે- અગીયારસો પચાસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા ચાર ભાગ તથા બાસ ઠિયા એક ભાગના સડસઠિયા બાર ભાગ ૧૧૫૦ સાવયવ આટલા મુહૂર્ત પરિમાણથી પ્રતિપાદિત કરેલ છે, એ પ્રમાણે સ્વશિષ્યોને ઉપદેશ કરવો, યુગનું પુરેપુરૂં યુગપરિમાણ અઢારસોત્રીસ અહોરાત્ર પરિમાણથી એ પરિપૂર્ણ યુગ પ્રતિ પાદિત કરવામાં આવેલ છે. એ રીતે સ્વશિષ્યોને સમજાવવું પરિપૂર્ણ યુગનું પરિમાણ સૌર મુહૂર્તપરિમાણથી ચોપનહજાર નવસો મુહૂર્તનું થાય છે. અર્થાત્ આટલા પરિમાણ વાળા મુહૂર્તાગ્ર પરિમાણથી તે સંપૂર્ણ યુગ પરિપુર્ણ થાય છે. આ પ્રમાણે પ્રતિપાદિત કરેલ છે. પરિપૂર્ણ યુગના પરિમાણમાં બાસઠિયા ભાગ મુહૂર્તાગ્ર ચોત્રીસ લાખ આડ ત્રીસસો મુહૂર્ત આટલા પ્રમાણવાળા બાસઠિયા ભાગનું મુહૂર્તપરિ માણ થાય છે. આ રીતે પુરેપુરોયુગ આટલા મુહૂર્તાગ્રથી પરિપૂર્ણ થાય છે તેમ પ્રતિપાદન કરેલ છે. પાંચ વર્ષવાળા એક યુગમાં સાઈઠ સૌર માસ થાય છે. અને ચાંદ્રમાસ બાસઠ જેટલા થાય છે. આ પ્રમાણે પહેલાં કહેલ છે અને ભાવિત કરેલ છે.

આ એક યુગાન્તરમાં રહેલ આદિત્ય અને ચાંદ્ર સંવત્સરનાજ થાય છે. આટલા પ્રમાણવાળી અદ્ધા અર્થાત્ સમયનો છથી ગુણાકાર કરવો તે પછી બારથી તેનો ભાગ કરે તો ત્રીસ આદિત્ય સંવત્સર થાય છે. તથા એકત્રીસ પ્રમાણના ચાંદ્રસંવત્સર થાય છે. પાંચ વર્ષના એક યુગ માં સાઠ આદિત્યમાસ હોય છે. એકસઠ ઋતુમાસ હોય છે. બાસઠ ચાંદ્ર માસ હોય છે. સડસઠ નક્ષત્રમાસ હોય છે. આ પ્રમાણે પહેલાં કહ્યું છે. અને ભાવિત કરેલ છે. તેથીજ આ પ્રતિપાદિત કરેલ અદ્ધા તે તે માપવાળી કાળજતિનો બારથી ગુણાકાર કરવો તે પછી તેનો બારથી ભાગ કરવો ત્યારે ગુણક અને ભાગ રાશી ના સરખાપણાથી તેનોભાગ કરે તો સાઠ આદિત્યસંવત્સર થાય છે. તથા એકસઠ ઋતુ સંવત્સર બાસઠ ચાંદ્રસંવત્સર તથા સડસઠ નાક્ષત્રસંવત્સર બાકી રહે છે. આ બધા એકજ યુગમાં રહેવાવાળા કહ્યા છે. સંવત્સર કરવા માટે બારથી ભાગ કર્યો છે. એ પ્રમાણે બધાજ સંવત્સરો બાર યુગ સમાપ્ત થયા પછી થાય છે. તેથી બાર યુગાન્ત કાળમાં જ આ પૂર્વોક્ત આદિત્ય ઋતુ ચાંદ્રનક્ષત્ર સંવત્સરો સાથેજ પ્રારંભ થનારા તથા સાથે જ સમાપ્ત થાય છે. આ પ્રમાણે સ્વશિષ્યોને પ્રતિપાદિત કરીને કહેવું, પાંચ વર્ષના પ્રમાણવાળા એક યુગમાં યુગની અંદરના પાંચ સંવત્સરોના પરિપૂર્ણ માસનું પ્રમાણ પ્રતિપાદિત કર્યું જ છે. જેમકે અભિવર્ધિત સંવત્સરનું યુગના અંતમાં સાવયવ માસ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરિમાણ ૫૭ માસ ૭ અહોરાત્ર અગીયાર મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા તેવીસ અર્થાત્ અભિવર્ધિત સંવત્સરનું માસાદિ પરિમાણ આટલું છે. તથા આદિત્યસં-વત્સરનું માસ પરિમાણ સાઈઠમાસ તથા ઋતુસંવત્સરનું માસપરિમાણ એકસઠમાસ, ચાંદ્રસંવત્સ રનું માસપરિમાણ બાસઠમાસ અને નાક્ષત્રસંવત્સરનું સડસઠમાસ આ તમામ પહેલાં કહીને ભાવિત કરેલ છે. આજ પ્રમાણથી યુક્તિ બતાવવામાં આવે છે- આ પૂર્વકથિત અદ્ધા એકસો છપ્પનથી ગુણીને તથા બારથી ભાગ કરવો ત્યારે સાતસો ચુંમાલીસ અભિવર્ધિત સંવત્સર થાય છે. જેમકે અહીં કહેવામાં આવેલ અભિવર્ધિત સંવત્સરનું પરિમાણ સતાવન માસ, સાત અહોરાત્ર અગીયાર મુહૂર્ત તથા એક મુહૂર્ત ના બાસઠિયા તેવીસ ભાગ થાય છે. આ સંખ્યાનો એકસો છપ્પનથી ગુણાકાર કરવો અને ગુણાકાર કરીને તેનો બારથી ભાગ કરવો સ્થૂલમાસ થવાથી સાવયવ બે માસ છોડી દેવાથી સાતસો ચુંમાલીસ થાય છે. આટલું જ અભિવર્ધિતસંવત્સરનું પ્રમાણ હોય છે.

ધૂલી કર્મથી આદિત્ય માસ સાઈઠ થાય છે તેનો એકસો છપ્પનથી ગુણાકાર કરીને બારથી ભાગ કરવો આ રીતે સાતસોએંસી થાય છે. આ આદિત્યસંવત્સર થાય છે. તે પછી ઋતુમાસની સંખ્યા એકસઠ છે. તેનો એકસો છપ્પનથી ગુણાકાર કરીને બારથી ભાગ કરવો આ રીતે સાતસોત્રાણુ થાય છે. ઋતુમાસ ચાંદ્રમાસની સંખ્યા બાસઠની છે. તેનો એકસો છપ્પનથી ગુણાકાર કરવો ગુણાકાર કરીને બારથી ભાગ કરવો આઠસો છ થાય છે. તે પછી નક્ષત્રમાસ પણ સડસઠ છે તેનો એકસો છપ્પનથી ગુણાકાર કરીને બારથી ભાગ કરવો આઠસો એકોતેર થાય છે. પોતપોતાનું કહેલ પરિપૂર્ણ સંવત્સરપરિ માણની પૂર્તિકાળમાં અર્થાત્ આટલા સંવત્સરોમાં આ સંવત્સરોની અંતમાં અભિવ ર્ધિત આદિત્ય-ઋતુ-ચાંદ્ર-નાક્ષત્ર એ પાંચે સંવત્સરો સમાદિ અને સમપર્યવસાન હોય છે. આ યુગાન્તવર્તિ પાંચે સંવત્સરોની એક સાથેજ પ્રવૃત્તિ અને એકસાથેજ નિવૃત્તિ થાય છે. તેમ પ્રતિપાદન કરેલ છે. વાસ્તવિકપણાથી વિચાર્યમાન અન્ય પરતીર્થિકોના મતાનુ સાર ચાંદ્રસંવત્સર ત્રણસો ચોપન અહોરાત્ર તથા પાંચ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસ ઠિયા પચાસ ભાગ અર્થાત્ અન્ય આચાર્યના મત પ્રમાણે ચાંદ્ર સંવત્સરનું પરિપૂર્ણ પરિ માણ આટલા અહોરાત્રાદિથી યુક્ત પ્રમાણ પ્રતિપાદિત કરેલ છે. એ પ્રમાણે સ્વશિષ્યો ને કહેવું. બીજા આચાર્યના મતથી ચાંદ્રસંવત્સર ત્રણસો ચોપન અહોરાત્ર પાંચ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા પચાસ ભાગ અર્થાત્ અહોરાત્ર બન્નેના કથન પ્રમાણે સરખુંજ છે. આ પ્રમાણે અન્ય પરતીર્થિકોના આચાર્યના મતના સરખાપણાથી સ્વમત નું સમર્થન થાય છે. તેથી સ્વમતની દૃઢતા બતા વતા માટે અન્યના મતને પ્રતિપાદિત કરીને સ્વશિષ્યોને કહી બતાવવો

આ મનુષ્ય લોકમાં જંબૂદ્વીપમાં પ્રત્યેક સૂર્ય સંવત્સર માં અને પ્રત્યેક ચંદ્રસંવત્સરમાં નિશ્ચયરૂપે આ કહેવામાં આવનાર છ ઋતુઓ પ્રતિ પાદિત કરેલ છે. પ્રાવૃડ્ વર્ષારાત્ર શરદઋતુ, હેમન્તતુ, વસંતઋતુ ગ્રીષ્મઋતુ આ રીતે આ પ્રાવૃટ્ વિગેરે બધી રૂતુઓ દરેક જો ચંદ્ર રૂતુ થતી હોય તો એ બધી રૂતુઓમાં બબ્બે માસ સમજવા. જો કે સૂર્ય રૂતુમાં પણ બધે એજ માસ થાય છે. તો પણ અહીંયાં જુદું પ્રતિપાદન કરવાથી માસના પ્રમાણને દૃઢિભૂત કરવા તેમ કહેલ છે. ત્રણસો ચોપન અહોરાત્ર તથા એક

અહોરાત્રના બાસઠિયા બાર ભાગ આ પ્રમાણે સંવત્સર પરિમાણના પરિજ્ઞાનથી અર્થાત્ આ પ્રમાણેના ચાંદ સંવત્સરના પ્રમાણને લઈને ગણવામાં આવતા બે માસ કંઈક વધારે બાસઠિયા બે રાત્રિ દિવસથી કંઈક વધારે ઓગણસાઈઠ અહોરાત્રથી કહેવામા આવેલ છે. તેમ સ્વશિષ્યોને ઉપદેશ કહેવો. કર્મસંવત્સરમાં ચાંદ્રસંવત્સરને અધિકૃત કરીને આ કથ્યમાન સ્વરૂપની છ અવમરાત્ર-ક્ષયતિથિ પ્રતિપાદિત કરેલ છે. એક કર્મસંવત્સરમાં ચોવીસ પર્વ હોય છે. કારણ કે સંવત્સરમાસ માસપ્રમાણનો હોય છે. દરેક માસમાં બે પર્વ અમાવાસ્યા અને પૂર્ણિમારૂપ હોય છે એ ચોવીસ પર્વોમાં ત્રીજા પર્વમાં, અગીયારમાં પર્વમાં પંદરમાં પર્વમાં ઓગણીસમાં પર્વમાં ત્રેવીસમાં પર્વમાં ક્ષય તિથિની સંભાવના હોવાથી છ અવ મરાત્ર-ક્ષય દિવસ કહેલા છે. પરંતુ રૂતુમાસ અર્થાત્ કર્મમાસ અને ચાંદ્રમાસ પરસ્પર વિશ્લેષ અર્થાત્ અંતર કરે તો જે અંશ પરસ્પ-રના અંતરનો ભાગ અર્થાત્ અંતરના અંશ કે જે બાસઠિયા ત્રીસ ભાગરૂપ અંતરાંશ હોય છે. એજ એક માસ પ્રમાણવાળા કાળના અવમરાત્રના ભાગ હોય છે જેમ કે કર્મ માસનું પ્રમાણ પૂરેપૂરા ત્રીસ અહોરાત્ર તુલ્ય હોય છે. ચાંદ્રમાસનું પ્રમાણ ઓગણત્રીસ અહોરાત્ર - તથા એક અહોરાત્રના બાસઠિયા બત્રીસ ભાગ હોય છે, અતએવ ચાંદ્રમાસના પરિમાણનો અને કર્મમાસના પરિમાણનો પરસ્પર વિશ્લેષ કરવામાં આવે છે. આવી રીતે વિશ્લેષ કરવાથી રહેલ અંશ બાસઠિયા ત્રીજ ભાગરૂપ હોય છે. આજ અવમરાત્રના ભાગ હોય છે. આજ પ્રમાણે અવમરાત્રનો માસપૂર્ણ થતા સુધી હોય છે. એક બાસઠિયા ભાગ અવમરાત્ર-ક્ષય તિથિનો દિવસ થાય છે. એક અહોરાત્રમાં જે બે તિથિનો પાત પંચાગમાં દેખાય છે તેમાં પહેલી તિથી હીયમાન હોય છે. એટલે કે ક્ષય થાય છે. તેમ લોકવ્યવહારમાં કહેવાય છે. એજ પ્રમાણે બાસઠ દિવસમાં એક એક દિવસ હીન-ઓછો થાય છે. અતિરાત્રની જીજ્ઞાસા કરવામાં આવે તો એક સંવત્સરમાં આ પ્રકારની છ છ સંખ્યાવાળી અતિરાત્ર એટલે કે વૃદ્ધિનો દિવસ પ્રતિપાદિત કરેલ છે. જે આ પ્રમાણે છે. ચોથું પર્વ વીત્યા પછી પહેલી વૃદ્ધિ તિથિ આવે છે. આઠમું પર્વ પુરૂં થયા પછી બીજી વૃદ્ધિ તિથિ આવે છે. બારમું પર્વ સમાપ્ત થયા પછી ત્રીજી વૃદ્ધિ તિથિ આવે છે. સોળમું પર્વ પુરૂં થયા પછી ચોથી અતિરાત્ર-વૃદ્ધિ તિથિ આવે છે. વીસમું પર્વ વીતી ગયા પછી પાંચમી વૃદ્ધિ તિથિ આવે છે. ચોવીસમું પર્વ વીત્યા પછી છઠ્ઠીવૃદ્ધિ તિથિ આવે છે. અવમરાત્ર-ક્ષયતિથિ બેકર્મમાસની અપેક્ષાથી ચાંદ્રમા સમાં થાય છે. અર્થાત્ અમવરાત્રકર્મમાસની સજાતીય અર્થાત્ સાવન માસરૂપ હોય છે. તેમ સિદ્ધ થાય છે. ચાંદ્ર અને સાવનનું અંતર અવમ હોય છે. આ પ્રમાણે નિયમ કહેલ છે. આ છ અતિરાત્ર-અર્થાત્ અધિક તિથિ એક સંવત્સરમાં પ્રતિપાદિત કરેલ છે. તે સંવત્સર સૌરસંવત્સર છે. સૌર, સાવનના અંતરમાં અવમરાત્ર આવે છે. અહીંયાં પણ ચાંદ્ર માસની અપેક્ષાથી કર્મમાસની વિચારણા ભાવિત કરેલ છે. અતિરાત્ર-વૃદ્ધિ સૌર-સંવત્સરમાં અને અવમરાત્ર ક્ષયતિથિ ચાંદ્રસંવત્સરમાં થાય છે.

સૂર્યની અપેક્ષાથી કર્મમાસની વિચારણામાં પ્રત્યેક વર્ષમાં છ અતિરાત્ર આવે છે. તેમ સમજવું. ચંદ્રમાસને અધિકૃત કરીને કર્મમાસની વિચારણામાં દરેક સંવત્સ રમાં છ અવમરાત્ર-ક્ષય આવે છે. તે પ્રમાણે જાણવું આનાથી એ સિદ્ધ થાય છે કે-જે અતિરાત્ર હોય છે તે સૌર સંવત્સરમાં હોય છે. તથા જે અવમરાત્ર-ક્ષયતિથિ આવે છે તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચાંદ્રસંવત્સરમાં આવે છે. પાંચ વર્ષવાળા યુગમાં આ પ્રકારવાળી પાંચ વર્ષાકાળમાં થનારી અને પાંચ હેમંતકાળ માં થવાવાળી આ પ્રમાણે દસ આવર્તનરૂપ એટલે કે વારં વાર દક્ષિણ ઉત્તરના ગમનરૂપ સંચલન અર્થાત્ અયન રૂપ ગતિ પ્રતિપાદિત કરેલ છે. પાંચ વર્ષવાળા એક યુગમાં સૂર્યની દસ આવૃત્તિયો થાય છે. તથા ચંદ્રની એકસોચોત્રીસ આવૃત્તિયો થાય છે. તેથી અહીંયાં સૂર્યના અને ચંદ્રના જેટલા અયન હોય છે, તેટલી આવૃત્તિ થાય છે. એ નિશ્ચિત છે. એક સંવત્સરમાં ત્રણસોછાસઠ દિવસ હોય છે, તથા એક મંડળભ્રમણનું પરિમાણ એકસો ત્ર્યાશી અહોરાત્ર હોય છે. એક યુગમાં અઢાર સોતીસ દિવસો હોય છે. વિગેરે તમામ પહેલાં પ્રતિપાદિત કરેલ જો સૂર્યની આવૃત્તિમાં તિથિ જાણવી હોય તો વિશેષ તિથિ યુક્ત જે આવૃત્તિ જાણવી હોય એ સંખ્યામાંથી એક કમ કરવો, તે પછી એ સંખ્યાથી એકસો ત્ર્યાશીનો ગુણાકાર કરવો એકસો ત્ર્યાશીમાંથી એક ન્યૂન કરેલ આવૃત્તિથી ગુણાકાર કરવો. ગુણાકાર કરીને જે સંખ્યાથી એકસો ત્ર્યા શીનો ગુણાકાર કરેલ હોય તેને ત્રણગણા કરવા, ગુણાકાર કરીને તેમાં એક ઉમેરવો. પછીજેટલી સંખ્યા થાય તે સંખ્યાને આગળની સંખ્યામાં મેળવવીય તે પછી પંદર થી તેનો ભાગ કરવો. ભાગ કરવાથી જે ફલ આવે એ તિથિમાં એટલી સંખ્યાના પર્વ વીત્યા પછી તે વિવક્ષિત અયનગતિરૂપ આવૃત્તિ પરાવર્તિત થાય છે. અને જે અંશ શેષ રૂપ રહે છે. એટલા દિવસ સમજવા. એટલા દિવસના પછીના દિવસમાં આવૃત્તિ થાય છે,

અહીં આવૃત્તિનો ક્રમ આ પ્રમાણે થાય છે-અહીં યુગમાં પહેલી આવૃત્તિ દક્ષિ ણાયન ચલનરૂપ પ્રવૃત્તિ શ્રાવણ માસમાં થાય છે. બીજી આવૃત્તિ ઉત્તરાયણ ગતિરૂપ માઘમાસ માં થાય છે. ત્રીજી આવૃત્તિ ફરીથી શ્રાવણમાસમાં થાય છે ચોથી આવૃત્તિ ફરીથી માઘમાસમાં પાંચમી આવૃત્તિ ફરીથી શ્રાવણ માસમાં છઠ્ઠી ફરીથી માઘ માસમાં, સાત મી પાછી શ્રાવણ માસમાં આઠમી ફરીથી માઘમાસમાં નવમી આવૃત્તિ ફરીથી શ્રાવણ માસમાં દસમી આવૃત્તિ ફરીથી માઘમાસમાં આ પ્રમાણેદસ આવૃત્તિ થી યુગની સમા પ્તિ થાય છે. તેથી સૂર્યની દસ આવૃત્તિ છે તેમ કહ્યું છે. સૂર્યની પહેલી આવૃત્તિના સમયે ચંદ્ર અભિજીત નક્ષત્રની સાથે યોગ યુક્ત થાય છે. અભિજીત્ નક્ષત્ર ના પહેલા સમયમાં પ્રવર્તમાન ચંદ્ર, સૂર્યની પહેલી આવૃત્તિમાં હોય છે. એ સમયે સૂર્ય પુષ્ય નક્ષત્રની સાથે યોગ કરીને એ પહેલી આવૃત્તિને પ્રવર્તિત કરે છે. પુષ્ય નક્ષત્રના ઓગણત્રીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા તેંતાલીસ ભાગ તથે બાસઠિયા એક ભાગના સડસઠ ભાગ કરીને તેના તેત્રીસ ચૂર્ણિકા ભાગ આટલું પ્રમાણ શેષ રહે ત્યારે સૂર્ય પહેલી વર્ષાકાલભાવિની આવૃત્તને પૂર્ણ કરે છે. સંસ્થાન શબ્દની પ્રસિદ્ધિ પ્રવચના દિમાં મૃગશિરા નક્ષત્રમાં દેખાય છે. તેથી આ પ્રમાણેનો ઉત્તર શ્રીભગવાને સંક્ષેપથી કહેલ છે. તે સમયે મૃગશિરા નક્ષત્રના અગીયાર મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા ઓગણચાલીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા ત્રેપન ચૂર્ણિકા ભાગ શેષ રહે બીજી આવૃત્તિના પ્રવર્તન સમમયાં સૂર્ય પુષ્ય નક્ષત્રની સાથે યોગ કરીને રહે છે. પુષ્ય નક્ષત્રના મુહૂર્ત વિભાગ વિષે જે પ્રમાણે પહેલી વર્ષાકાળની આવૃત્તિના કથન સમયમાં મુહૂર્ત વિભાગનું પ્રતિપાદન કરેલ છે, એજ પ્રમાણે અહીં પણ સમજી લેવું. વિશાખા નક્ષત્રની સાથે રહેલ ચંદ્ર શ્રાવણમાસ ભાવિની ત્રીજી આવૃત્તિને પ્રવર્તિત કરે છે. ચંદ્રની ત્રીજી આવૃત્તિના સમયે વિશાખા નક્ષત્રના તેર મુહૂર્ત પુરા તથા એક મુહૂર્તના

બાસઠિયા ચોપન ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા ચાલીસ ભાગ અર્થાત્ બાસઠિયા એક ભાગના સડસઠ ભાગ કરીને તેના ચાલીસ ચૂર્ણિકા ભાગ શેષ વધે ત્યારે ચંદ્ર ત્રીજી આવૃત્તિ પ્રવર્તિત કરે છે. ત્રીજી આવૃ ત્તિના સમયમાં સૂર્ય પુષ્ય નક્ષત્રની સાથે યોગ યુક્ત હોય છે. પુષ્ય નક્ષત્રના ઓગણીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા તેંતાલીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા તેવીસ ચૂર્ણિકા ભાગ આટલું પ્રમાણ પુષ્ય નક્ષત્રનું શેષ રહે ત્યાં રહીને સૂર્ય શ્રાવણમાસ ભાવિની વર્ષાકાળની ત્રીજી આવૃત્તિને પ્રવર્તિત કરે છે.

રેવતી નક્ષત્રની સાથે યોગ કરીને ચંદ્ર ચોથી આવૃત્તિને પ્રવર્તિત કરે છે. જ્યારે રેવતી નક્ષત્રના પચીસ મુહૂર્ત થયા એક મુહૂર્તના બાસઠ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા બત્રીસ ચૂર્ણિકા ભાગ આટલા પ્રમાણના મુહૂર્તાદિ ચૂર્ણિકાભાગ જ્યારે બાકી રહે ત્યારે ત્યાં રહેલ ચંદ્ર વર્ષાકાળની ચોથી આવૃત્તિને પૂરિત કરે છે. પુષ્ય નક્ષત્રની સાથે યોગ યુક્ત થઈને સૂર્ય તે સમયે રહે છે. પુષ્ય નક્ષત્રનો સમયવિભાગ પણ જે રીતે પહેલાં બીજા અને ત્રીજા પર્યાયમાં પ્રતિપાદિત કરેલ છે. એજ પ્રમાણે અહીંયાં સમજી લેવો. પાંચમી આવૃ ત્તિના પ્રવર્તન કાળમાં ચંદ્ર પૂર્વાફાલ્ગુની નક્ષત્રની સાથે યોગયુક્ત રહે છે. પૂર્વાફાલ્ગુની નક્ષત્રના બાર મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા સુડતાલીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા તેર ચૂર્ણિકા ભાગ જ્યારે શેષ રહે એ સમયે પ્રવર્તમાન ચંદ્ર પાંચમી શ્રાવણ માસ ભાવિની આવૃત્તિને પ્રવર્તિત કરે છે. પાંચમી આવૃત્તિના પ્રવર્તન કાળમાં સૂર્ય પુષ્ય નક્ષત્રની સાથે વર્તમાન રહે છે, તથા પુષ્ય નક્ષત્રનો સમય વિભાગ પણ જે પ્રમાણે પહેલી આવૃત્તિમાં પ્રતિપાદિત કરેલ છે એજ પ્રમાણે અહીંયા પણ સમજી લેવો, આ પૂર્વપ્રતિપાતિ ચાંદ્રાદિ પાંચ સંવત્સરોમાં હેમંતકાળની ભાવિની ઉત્તરાયણ ગતિરૂપ આવૃત્તિને ચંદ્ર કયા નક્ષત્રની સાથે યોગ યુક્ત થઈને પ્રવર્તિત કરે છે ? હસ્ત નક્ષત્રની સાથે રહીને પ્રવર્તિત કરે છે, હસ્ત નક્ષત્રના પાંચ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા પચાસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા સાઈઠ ભાગ આટલા પ્રમાણ હસ્ત નક્ષત્રના મુહૂર્તાદિ જ્યારે અવશિષ્ટ રહે ત્યાં ચંદ્ર વર્તમાન રહીને હેમંતઋતુની પહેલી આવૃત્તિને પ્રવર્તિત કરે છે. પહેલી આવૃત્તિના પ્રવર્તમાનકાળમાં સૂર્ય ઉત્તરાષાઢા નક્ષત્રની સાથે રહે છે, ઉત્તરાષાઢા નક્ષત્રના છેલ્લા સમયમાં જ સ્થિત હોય છે, તે સમયે ચંદ્ર શતભિષા નક્ષત્રની સાથે યોગ યુક્ત રહે છે. શતભિષાનક્ષત્રના બે મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા અઠ્યાવીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા છેંતાલીસભાગ શતભિષા નક્ષત્રના આટલા પ્રમાણ મુહૂર્તાદિભાગ શેષ જ્યાં રહે ત્યાં ચંદ્ર વર્તમાન રહીને બીજી હેમંત કાળ ની આવૃત્તિને પ્રવર્તિત કરે છે. બીજી આવૃત્તિના પ્રવર્તમાનકાળમાં સૂર્ય કયા નક્ષત્રની સાથે વર્તમાન રહે છે ? આ સૂત્રાંશની વ્યાખ્યા અને ગણિતપ્રક્રિયા પહેલી આવૃત્તિના કથન પ્રમાણે છે.

ત્રીજી હેમંતઋતુ ભાવિની આવૃત્તિ કે જે માઘમાસમાં આવે છે ત્યારે ચંદ્ર કયા નક્ષત્રની સાથે યોગ કરીને તેને પ્રવર્તિત કરે છે. પુષ્ય નક્ષત્રની સાથે તે સમયે ચંદ્ર યોગયુક્ત રહે છે. જે સમયે ચંદ્ર ત્રીજી આવૃત્તિને પ્રવર્તિત્ કરે છે. તે સમયે પુષ્ય નક્ષત્રના ઓગણીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા તેંતાલીસ ભાગ તથા બાસઠિયા એક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાગના સડસઠિયા તેત્રીસ ભાગ આટલું પ્રમાણ પુષ્ય નક્ષત્રનું જ્યારે શેષ રહે છે. ત્યાંજ વર્તમાન રહીને ચંદ્ર ત્રીજી આવૃત્તિને પ્રવર્તિત કરે છે. ઉત્તરાષાઢા નક્ષત્રના અન્ત-ભાગમાં વર્તમાન રહીને સૂર્ય ત્રીજી આવૃત્તિને પ્રવર્તિત કરે છે. ચોથી આવૃત્તિના પ્રવર્તન કાળમાં ચંદ્ર મૂળ નક્ષત્રની સાથે રહે છે. ચોથી આવૃત્તિના પ્રવર્તનકાળમાં મૂળનક્ષત્રના છ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા અઠાવન ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા વીસ ભાગ આટલા પ્રમાણના મુહૂર્તાદિ શેષ રહે ત્યારે ચંદ્ર ચોથી આવૃત્તિના પ્રવર્તન કાળમાં ત્યાં વર્તમાન રહે છે. ઉત્તરાષાઢા નક્ષત્રના અંતભાગમાં વર્તમાન રહીને માઘમાસભાવિની હેમન્તકાળની ચોથી આવૃત્તિને સૂર્ય પ્રવર્તિત કરે છે. સંવત્સરોમાં માઘમાસભાવિની હેમંતકાળની પાંચમી આવૃત્તિમાં ચંદ્ર કયા નક્ષત્રની સાથે યોગ કરીને પ્રવર્તિત કરે છે. કૃત્તિકા નક્ષત્રની સાથે ચંદ્રયોગ કરે છે. પાંચમી આવૃત્તિના પ્રવ-ર્તનકાળમાં કૃત્તિકાનક્ષત્રના અઢાર મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા છત્રીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા છ ચૂર્ણિકા ભાગ આટલું મુહૂર્તાદિ પ્રમાણ કૃત્તિકા નક્ષત્રનું જ્યારે શેષ રહે ત્યાં આગળ વર્તમાન રહીને ચંદ્ર માઘમાસભાવિની પાંચમી આવૃત્તિને પ્રવર્તિત કરે છે. પાંચમી આવૃત્તિના પ્રવર્તનકાળમાં ઉત્તરાષાઢા નક્ષત્રના અંતના ભાગમાં સૂર્ય અભિજીત્ વિગેરે નક્ષત્રની સાથે રહે છે. પાંચ વર્ષના પ્રમાણવાળા યુગમાં આ દસ પ્રકારનો યોગ પ્રતિપાદિત કરેલ છે.

વૃષભનું જાત યોગ વેણુકાનુજાત યોગ મંચ યોગ મંચાતિમંચ યોગ છત્ર યોગ છત્રાતિછત્ર યોગ યુગનદ્ધ યોગ ધનસંમર્દ યોગ પ્રીણિત યોગ મંડૂકલ્પયુત યોગ ચંદ્ર સૂર્ય અને નક્ષત્ર પ્રતિનિયત ગતિવાળા હોય છે. અને ગ્રહો અનિયતગતિવાળા હોય છે. પહેલાં કહેલ પાંચ સંવત્સરોમાં જે છત્રાતિછત્ર નામનો છઠ્ઠો યોગ છે તેને ચંદ્ર કયા પ્રદેશ વિશેષમાં રહીને યોગ કરે છે ? જંબૂદ્વીપ નામના દ્વીપના પૂર્વ પશ્ચિમ તથા ઉત્તર દક્ષિણના ક્રમથી લંબાય માન જીવા અર્થાત્ દોરીથી મંડળના એકસો ચોવીસ વિભાગ કરીને દક્ષિણ પશ્ચિમમાં એટલેકે નૈઋત્ય ખુણામાં મંડળના ચતુર્થાંશ પ્રદેશમાં સત્યાવીશ અંશોને ભોગવીને તથા અઠ્યાવીસમા ભાગને વીસથી ભાગીને તેના અઢાર અંશોને ગ્રહણ કરીને તે ત્રણ અંશો અને બે કળાથી નૈઋત્ય કોણને પ્રાપ્ત કર્યા પહેલાં અર્થાત્ નૈઋત્ય કોણની નજીક ચંદ્ર રહે છે, આ પ્રમાણે ભ્રમણ કરતો એ ચંદ્ર છત્રાતિ છત્ર નામના છઠ્ઠા યોગને પૂરિત કરે છે. છત્રાતિછત્ર નામના યોગના ઉત્પત્તિ કાળમાં ચંદ્ર કયા નક્ષત્રની સાથે યોગ કરીને રહે છે ? ચિત્રા નક્ષત્રના અંત ભાગમાં વર્તમાન રહે છે.

**પાહુડ-૧૨-ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પાહુડ-૧૩

[૧૦૭-૧૦૯] હે ભગવન્ આપે કેવા પ્રકારથી ચંદ્રમાની ક્ષયવૃદ્ધિ પ્રતિપાદિત કરેલ છે ? આઠસોપંચાશી મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા ત્રીસ ભાગ ચંદ્રમાનો વૃદ્ધિક્ષય પ્રતિપાદિત કરેલ છે. આ સંપૂર્ણ ચાંદ્રમાસની વ્યવસ્થા કહેલ છે. જ્યોત્સના પક્ષથી અર્થાત્ શુકલપક્ષથી અંધકારપક્ષ એટલેકે કૃષ્ણપક્ષમાં ગમન કરીને ચંદ્ર ચારસો બેંતાલીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા છેંતાલીસ ભાગ યાવત્ અપવૃદ્ધિ-ક્ષય કરે છે. આટલા મુહૂર્ત પ્રમાણમાં ચંદ્ર રાહુના વિમાનની પ્રભાથી રંજીત થાય છે. એક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચાંદ્રમાસમાં બે પક્ષો હોય છે. તેમાં એક પક્ષમાં ચાંદ્રમાસ ની વૃદ્ધિ થાય છે. અને બીજા પક્ષમાં અપવૃદ્ધિ-ક્ષય થાય છે. ચાંદ્રમાસનું પરિમાણ ઓગણત્રીસ અહોરાત્ર સુધીનું હોય છે. એક અહોરાત્રના બાસઠિયા બત્રીસભાગ થાય છે. આ અહોરાત્રના ત્રીસ મુહૂર્ત કરવા માટે ઓગણત્રીસનો ત્રણથી ગુણાકાર કરવાથી આઠસોસીત્તેર મુહૂર્ત થાય છે. તથા જે અહોરાત્રના બાસઠિયા બત્રીસ ભાગ છે. તેનો પણ મુહૂર્તાત્મક ભાગ કરવા માટે ત્રીસથી ગુણા કાર કરવાથી નવસોસાઈઠ આવે છે. તેનો બાસઠથી ભાગાકાર કરવાથી પંદર મુહૂર્ત થાય છે. તથા બાસઠિયા ત્રીસ ભાગ શેષ રહે છે. જે પંદર મુહૂર્ત થાય છે તેને પહેલાં કહેલ આઠસોસિત્તેરની સાથે મેળવાથી આઠસોપંચાસી મુહૂર્ત થાય છે. તથા બાસ ઠિયા ત્રીસભાગ શેષ વધે છે. આ રીતે આઠસોપંચાસી મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસ ઠિયા ત્રીસભાગ થાય છે.

તે પહેલાં એટલેકે પક્ષની આદિ પ્રતિપાદાતિથી સમાપ્ત થાય તો પુરેપુરો પંદરમો ભાગ રક્ત થાય છે. બીજની તિથિ સમાપ્ત થાય તો બીજો પંદરમો ભાગ પુરે પુરો પંદરમો ભાગ રક્ત થાય છે. બીજની તિથિ સમાપ્ત થાય તો બીજો પંદર મો ભાગ પુરેપુરો લાલ થાય છે. ત્રીજ તિથિ સમાપ્ત થાય તો ત્રીજો પંદરમો ભાગ લાલ થાય છે આ પ્રમાણે ક્રમથી યાવત્ પંદરમી તિથિ સમાપ્ત થાય તો પંદરમો ભાગ લાલ થાય છે. આ પંદરમી તિથિના અંતના સમયમાં પંદર ચંદ્ર સર્વાત્મના રાહુ વિમાનની પ્રભાથી લાલ થાય છે. આ પંદરમી તિથિ કૃષ્ણપક્ષમાં અમાવાસ્યા નામની તિથિ હોય છે. કૃષ્ણપક્ષથી શુકલપક્ષમાં ગમન કરતો ચંદ્ર ચારસોબેંતાલીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા છેંતાલીસ ભાગ યાવત્ આટલા કાળ પર્યન્ત ચંદ્ર વધે છે. યથોક્ત સંખ્યાવાળા મુહૂર્તમાં ચંદ્ર ધીમે ધીમે ગમન કરવાથી વિરક્ત એટલે કે પ્રકાશની વૃદ્ધિ કરે છે. પ્રકાશ વૃદ્ધિનો ક્રમ આ પ્રમાણે છે શુકલ પક્ષના આરંભની એકમની તિથિએ પહેલો ભાગ એટલે કે પૂરેપૂરો પંદરમો ભાગ પ્રકા શિત થાય છે, તે પછી બીજને દિવસે બીજો પુરેપુરો પંદરમો ભાગ યાવત્ પ્રકાશિત થાય છે. એજ પ્રમાણે ત્રીજના દિવસે તે તે ભાગના વૃદ્ધિના ક્રમથી લાલ થાય છે, યાવત્ પંદર મી તિથિએ પંદરે ભાગથી યાવત્ ચંદ્ર પ્રકાશિત થાય છે.

પૂર્ણિમા તિથિના અંતના સમયને છોડીને શુકલપક્ષના પ્રથમ સમયથી આરંભ કરીને બાકીના સમયમાં ચંદ્ર લાલ પણ થાય છે અને વિરક્ત પણ થાય છે. એક યુગમાં પહેલાના કથન પ્રમાણે બાસઠ પૂર્ણિમા હોય છે, અને બાસઠ અમાસ હોય છે, ચંદ્રમાના પૂર્વકથિત સંપૂર્ણ વિરાગ એટલે કે રાગનો અભાવ છે, આજ ચંદ્રમાનું પૂર્વકથિત સ્વરૂપાત્મક રાગપણુ કહેવામાં આવેલ છે, બાસઠ અમાવાસ્યાવાળા યુગમાં ચંદ્રનો સમગ્ર દેખાતો ભાગ રાહુ વિમાનથી ઢંકાઈ જવાથી એટલે કે સંપૂર્ણ રાગયુક્ત બાસઠ અમાવાસ્યામાં થાય છે, તથા આ પહેલા કહેલ સ્વરૂપવાળા યુગમાં ચંદ્રમાનું સર્વપ્રકાર નું રાગરહિતપણું બાસઠ પૂર્ણિમામાં હોય છે. અમાસ અને પૂર્ણિમારૂપ પર્વો એકસો ચોવીસ થાય છે. આ પહેલા કહેલ સઘળુ રાગવિરાગનું સ્વરૂપ રક્ત સ્વચ્છયોગ પણ એકસોચોવીસ થાય છે. પાંચ સંવત્સરોનો જેટલી સંખ્યાવાળો સમય અર્થાત્ એકસો ચોવીસ પ્રમાણ સમયથી યાવત્ કાલ ન્યૂન અર્થાત્ એકસોતેવીસથી કંઈક વધારે સમય આટલો પરિમિત સમય અસંખ્યાતા અર્થાત્ અપરિચિત દેશરાગ વિરાગ સમય હોય છે. અમાવાસ્યા અને પૂર્ણિમાનું અંતર ચારસોએ બેંતાલીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાસઠિયા છેંતાલીસ ભાગ થાય છે. અમાવાસ્યાથી અમાવાસ્યા એક શુકલાદિ ચાંદ્રમાસ થાય છે. તેનું પ્રમાણ ઓગણત્રીસ રાતદિવસ તથા એક રાતદિવસના બાસઠિયા બત્રીસભાગ થાય છે. પુનમથી પુનમ પર્યન્તનો સમય પણ કૃષ્ણાદિ ચાંદ્રમાસ હોય છે, તેથી અહીંયા પણ મુહૂર્તપરિમાણ એ જ પ્રમાણે થાય છે, પૂર્વપ્રતિપાદિત મુહૂર્તપરિમાણ આઠસો પંચાશી મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા બત્રીસ ભાગ આટલા મુહૂર્તપ્રમાણનો એક ચાંદ્રમાસ થાય છે.

પહેલાં કહેલ ચાંદ્રમાનો અર્ધો ભાગ અર્થાત્ એક પક્ષમાં ચંદ્ર કેટલા મંડળને પુરે છે. ચૌદ મંડળોમાં ચંદ્ર ગમન કરે છે, ચૌદ મંડળો પુરા અને પંદરમા મંડળના ચોથા ભાગ અર્થાત્ સવા ચૌદ મંડળમાં ભ્રમણ કરે છે. સૌર સંક્રાંતિની અવધિરૂપ અર્ધમાસ પ્રમાણવાળા સમયમાં ચંદ્ર કેટલા મંડળમાં સંચરણ કરે છે ? આદિત્ય અર્ધમાસથી ચંદ્ર સોળ મંડળમાં ભ્રમણ કરે છે. સોળ મંડળચારી એજ ચંદ્રનો ઉદય થાય છે. અને બીજા બે અષ્ટક એકસો ચોવીસભાગ આઠભાગ તુલ્ય કે જેને કોઈ બીજા ચંદ્રે ભોગવેલ હોય એજ ચંદ્ર સ્વયં પ્રવેશ કરીને ગતિ કરે છે. આ બે અષ્ટકો એકસોચોવીસના આઠમાભાગ પ્રમાણને કોઈએ પહેલાં ઉપભોગ ન કરેલમાં ચંદ્ર સ્વયં પ્રવેશિને ગમન કરે છે. એ અષ્ટકના સમયનું પ્રતિપાદન આ પ્રમાણે છે. સર્વાભ્યંતર મંડળથી ધીરેધીરે બહાર નિકળતો ચંદ્ર જ્યારે અમાસના અંતમાં ગમન કરે છે. ત્યારે એક અષ્ટક આ રીતે થાય છે. જેનો પહેલાં કોઈએ ઉપભોગ કરેલ ન હોય ત્યારે ચંદ્ર સ્વયં ત્યાં પ્રવેશ કરીને સંચરણ કરે છે. આ પ્રમાણે બધા બાહ્ય મંડળથી ધીરેધીરે દરની તરફ પ્રવેશ કરીને ચંદ્ર જ્યારે પૂર્ણિમાના અંતમાં આવે છે. ત્યારે કોઈએ ઉપભોગ ન કરેલ હોય એવા બીજા મંડળમાં પ્રવેશ કરીને ગમન કરે છે. આ પ્રમાણે બે અષ્ટકો હોય છે. આ પહેલાં કહેવામાં આવેલ અમાસની અંતમાં તથા પૂર્ણિમાની અંતમાં રહેલા બે અષ્ટકો એવા હોય છેકે-જેને બીજા કોઈએ પહેલા ભોગવેલ ન હોય કે જ્યાં ચંદ્ર પોતે પ્રવેશ કરીને ગતિ કરે છે. પહેલાં અયનમાં પ્રવેશેલ ચંદ્ર દક્ષિણ ભાગથી અભ્યંતર મંડળની તરફ પ્રવેશ કરે ત્યારે સાત અર્ધમંડળો થાય છે. જેને ચંદ્ર દક્ષિણ ભાગથી અભ્યંતરાભિમુખ પ્રવેશ કરીને આક્રમિત કરે છે. એ મંડળમાં ગમન કરે છે. વાસ્તવિક રીતે બે ચંદ્ર એક ચાંદ્રમાસથી ચૌદમંડળો પૂરા કરીને પંદરમા મંડળના એક સોચોવીસીયા બત્રિસિયાભાગને પોત પોતાના ભ્રમણથી પુરિત કરે છે. આ પ્રકારના એજ સાત અર્ધમંડળો હોય છે. કે જેમાં ચંદ્ર અભ્યંતરાભિમુખ ગમન કરીને મંડળોના દક્ષિણભાગથી તેતે મંડળોમાં પ્રવેશ કરીને સંચરણ કરે છે. હવે એજ મંડળોને બતાવે છે.

દક્ષિણ ભાગથી અભ્યંતર મંડલાભિમુખ પ્રવિષ્ટ થયેલ ચંદ્રના એજ સાત અર્ધમંડળો હોય છે. કે જે મંડળોનું અહીં પ્રતિપાદન કરેલ છે. અને યુગ્મ સાત અર્ધ મંડળો હોય છે. બીજું અર્ધમંડળ, ચોથું અર્ધમંડળ છઠ્ઠુ, અર્ધમંડળ આઠમું અર્ધમંડળ દસમું અર્ધમંડળ, બારમું અર્ધમંડળ, અને ચૌદમું અર્ધમંડળ આ પ્રમાણે સાત અર્ધ મંડળો હોય છે. પહેલાં કહેલ બીજું ચોથા ઈત્યાદિ યુગ્મ અર્ધમંડળો સાત થાય છે. જે મંડળોમાં ચંદ્ર સર્વ બાહ્ય નામના પંદરમા મંડળથી આરંભ કરીને અંતરાભિમુખ પ્રવેશ કરીને ગમન કરે છે. પહેલા અયનમાં ગમન કરતો ચંદ્ર પૂર્વોક્ત મંડળોમાં ઉત્તર ભાગથી આરંભ કરીને અંતરાભિમુખ પ્રવેશ કરીને ચંદ્ર વક્ષ્યમાણ પ્રકારના છ અર્ધમંડળ પુરા

JAINSITE

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને સાતમા અર્ધમંડળના સડસઠિયા તેરમા ભાગ જેટલો પ્રદેશ હોય છે. એટલા પ્રદેશમાં ચંદ્ર ઉત્તર ભાગથી અંતરાભિમુખ પ્રવેશ કરીને સંચરણ કરે છે. આ કહેવામાં આવનારા છ પરિપૂર્ણ અર્ધમંડળ તથા સાતમા અર્ધમંડળના સડસઠિયા તેરભાગ જેટલા પ્રદેશોમાં ચંદ્ર પંદરમા સર્વબાહ્ય મંડળમાંથી આરંભ કરીને અંદરની તરફ પ્રવેશ કરીને ઉત્તરભાગથી એ મંડળોમાં પ્રવેશ કરીને ગમન કરે છે. ત્રીજા અર્ધમંડળમાં પાંચમા અર્ધમંડળને, સાતમા અર્ધમંડળમાં નવમાં અર્ધમંડળમાં અગીયારમા અર્ધ મંડળમાં તેરમા અર્ધમંડળમાં તથા પંદરમા અર્ધમંડળના સડસઠિયા તેરભાગમાં ગમન કરે છે. ત્રીજા વિગેરે વિષમ સંખ્યાવાળા છઅર્ધમંડળ પુરા તથા સાતમા અર્ધમંડળના સડસઠિયા તેરભાગ એટલા પ્રદેશોમાં ચંદ્ર સર્વબાહ્ય મંડળથી અભ્યંતરાભિમુખ પ્રવેશ કરીને ઉત્તરભાગથી પ્રવેશીને ગમન કરે છે. આ પહેલાં કહેલ પ્રમાણવાળા સમયમાં ચંદ્રનું પહેલું અયન સમાપ્ત થાય છે. જેટલા પ્રમાણનું નાક્ષત્ર અર્ધમાસ થાય છે, એટલાજ ચાંદ્રમાસ હોતા નથી તથા એક યુગમાં જેટલા ચાંદ્ર અર્ધમાસ હોય છે, એટલાજ નાક્ષત્ર અર્ધમાસ હોતા નથી ચંદ્ર એક ચાંદ્રમાસમાં નાક્ષત્ર અર્ધમાસથી સંપૂર્ણ એક અર્ધમંડળ વધારે ગમન કરે છે, તથા બીજા અર્ધમંડળથી સડસઠિયા ચારભાગ તથા સડસઠિયા એક ભાગના એકત્રીસ ભાગના નવભાગ વધારે જાય છે. આટલું પ્રમાણ વધારે સંચરણ કરે છે. બીજા અયનને પ્રાપ્ત થયેલ એટલેકે પક્ષની સંધીમાં રહેલ ચંદ્ર સર્વાભ્યંતર મંડળના પૂર્વભાગથી બહાર જવા માટે પ્રવૃત્ત થાય છે. અર્થાત્ સર્વાભ્યંતર મંડળના પૂર્વભાગમાં ગમન કરે છે. ત્યાં મંડળના સડસઠિયા ચોપનભાગ મંડળના થાય છે. જેને ચંદ્ર સૂર્યાદિગ્રહોએ ભોગવેલને ફરી ભોગવે છે. એજ ચંદ્ર બીજા અયનમાં ગમન કરે ત્યારે પાશ્ચાત્ય ભાગથી નીકળીને પશ્ચિમ ભાગમાં સંચાર કરે છે. જે પર થી એટલે કે સૂર્યા દિગ્રહોથી ચીર્ણ ભાગ થાય છે. તે ચોપન ભાગના છભાગ થાય છે. અર્થાત્ સૂર્યાદિથી ઉપભુક્ત મંડળને ચંદ્ર ફરીથી ભોગવે છે. તથા છ તેર ભાગને ચંદ્ર સ્વયમેવ ભોગવેલ ને ફરીથી ભોગવે છે, અને જે કોઈ સૂર્યાદિગ્રહ દ્વારા આચીર્ણ કરેલ ન હોય તેને ચંદ્ર પોતેજ ત્યાં પ્રવેશ કરીને ગમન કરે છે. એ બે ક્યા ક્યા છે ? વિશેષ કંઈપણ કહેલ નથી, એક જે તેરમો ભાગ છે તે સર્વાભ્યંતર મંડળમાં થાય છે.

ઉત્તરાભિમુખ ગમનમાં પ્રવેશેલ ચંદ્ર જ્યારે પહેલાં પ્રવર્તમાન યુગની અંતમાં સર્વાભ્યં તર મંડળમાં પ્રથમ ગતિના રોકાઈ જવાથી અન્ય ગતિથી પ્રવર્તિત થાય ત્યારે પહેલો તેરમો ભાગ થાય છે. બીજો તેરમો ભાગ સર્વબાહ્ય મંડળમાં બીજા અયનની દક્ષિણાયન ગતિ સમાપ્ત થવાના સંધી યુગના બીજા પર્વના સમાપ્તિકાળમાં પૂર્ણિમાના અંતમાં એ પર્યન્તવર્તિ થાય છે. આ પૂર્વોક્ત સર્વાભ્યંતર અને સર્વબાહ્ય મંડળગત પક્ષના અંતમાં ઉત્પન્ન થયેલ તે સડસઠિયા તેરના બે ભાગ જેને ચંદ્ર સૂર્યાદિ કોઈપણ ગ્રહોએ નહીં ભોગવેલ હોય તેવાને સ્વયં ત્યાં પ્રવેશ કરીને ગમન કરે છે. આની જેમ પૂર્વ કથિત પ્રમાણવાળા સમયથી બીજા દક્ષિણાભિમુખ ગમનરૂપ સર્વાભ્યંતર મંડળથી બહાર નીકળવારૂપ ચંદ્રાયન એટલે કે ચંદ્ર ચાર સમાપ્ત થાય છે. જો બીજું અયન પણ આટલા પ્રમાણનું છે. તો નાક્ષત્રમાસ હોતા નથી. પરંતુ ચાંદ્રમાસથી નાક્ષત્રમાસ વધારે હોય છે. તો બન્નેના કાળનું સરખાપણું કેવી રીતે થાય છે ? સમય ભેદસ્થળમાં નાક્ષત્રમાસથી ચંદ્ર, ચાંદ્રમાસથી કેટલા પ્રમાણ વધારે ગમન કરે છે ? જે પ્રમાણે બે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અર્ધમંડળમાં પરિપૂર્ણ અધિક હોય છે. તથા ત્રીજા અર્ધમંડળના સડસઠિયા આઠભાગ તથા એક સડસઠિયા ભાગને એકત્રીસથી વિભક્ત કરીને તેના અઢાર ભાગોને વધારે કરે છે. આટલા પ્રમાણતુલ્ય ચંદ્ર, ચાંદ્રમાસમાં નાક્ષત્ર માસથી વધારે ગમન કરે છે. બીજા અયનના અંતમાં ચૌદમા અર્ધમંડળમાં તેની સન્મુખ ગત હોવાથી તે પછી પર્વત પ્રદેશમાં સાક્ષાત્ ચંદ્રમા અર્ધમંડળમાં પ્રવેશ કરીને કેટલોક સમય ત્યાં રહીને ફરીથી બીજીવાર પ્રવેશ કરીને પહેલીક્ષણની પછી સર્વબાહ્યનંતરના સમીપસ્થ બીજા મંડળની સન્મુખ ચંદ્ર ગમન કરે છે. તે પછી એજ સર્વબાહ્ય મંડળના પછીના બીજા અર્ધમંડળમાં ગમન કરતો વિવક્ષિત થાય છે. જે પ્રમાણે ચંદ્ર ત્રીજા અધ્યનમાં ગમન કરે ત્યારે પહેલાં મેરૂની પશ્ચિમ દિશામાં પ્રવેશ કરે છે. તે પછી બાહ્યાનંતર મંડળના વ્યવધાન વિનાના પૂર્વભાગમાં રહીને પાછલા અર્ધમંડળના સડસઠિયા એકતાલીસભાગ થાય છે. જેને ચંદ્રે પોતે કે બીજાએ ભોગવેલાને ફરીથી ઉપભુક્ત કરે છે. કૃષ્ણપક્ષમાં અને શુકલ પક્ષમાં પહેલાં અને પછી એકજ સ્થાનમાં રહીને પંદરમાં મંડળના સડસઠિયા તેરમો ભાગ બન્ને તરફ વર્તમાન હોવાથી પ્રવેશ અને નિર્ગમનના સમયમાં સડસઠિયા તેરમો એક ભાગ-પ્રદેશને બીજાએ ભોગવેલને ફરી ભોગવે છે. તથા બીજા સડસઠિયા તેર ભાગ પ્રદેશને પોતે અથવા બીજાએ વ્યાપ્ત કરેલ ને ફરીથી વ્યાપ્ત કરે છે.

આ પ્રકારના પરિભ્રમણથી સર્વબાહ્ય નામના પંદરમા મંડળની પછીના પશ્ચિમ ભાગમાં રહીને બીજું અર્ધમંડળ સમાપ્ત થાય છે. પશ્ચિમ ભાગ ગત ચાર-ગતિની પછી એજ ત્રીજા અયનમાં રહેલ ચંદ્ર પશ્ચિમભાગનો ઉપભોગ કરીને મેરૂના પૂર્વભાગમાં પ્રવેશ કરે છે. ત્યાં આગળ સર્વબાહ્ય મંડળથી પછીના પૂર્વ ભાગના અર્ધમંડળના જે સડસઠિયા એકતાલીસભાગ હોય છે, કે જેને ચંદ્રે પોતે કે અન્ય કોઈ બીજાએ ભોગવેલને ફરીથી પ્રતિચરિત કરે છે. તે પછી અન્ય જે સડસઠિયા તેરમો ભાગ છે. કે જેને ચંદ્ર અન્યે ભોગવેલને ફરીથી ભોગવે છે. બીજો જે સડસઠિયા તેરમો ભાગ છે. કે જેને ચંદ્રે પોતે ભોગવેલને પ્રતિચરિત કરે છે. આટલા પ્રમાણવાળા કાળથી અર્થાત્ સર્વબાહ્ય મંડળથી પછીનું ત્રીજું પૂર્વભાગનું અર્ધમંડળ સમાપ્ત થાય છે. સડસ ઠિયાભાગ પણ પૂર્ણ થવથી ત્રીજા મંડળનો સંચાર સમાપ્ત થાય છે. પૂર્વ દિશાના ત્રીજા અર્ધમંડળની સમાપ્તિની પછી એજ ત્રીજા અયનમાં ચંદ્રગમન કરે ત્યારે અર્થાત્ પશ્ચિમ દિશામાં પ્રવેશ કરે ત્યારે સર્વબાહ્ય નામના પંદરમા મંડળની પછીના ચોથા પાશ્ચાત્ય અર્ધમંડળના સડસઠિયા આઠ ભાગ તથા સડસઠિયા એકભાગના એકવીસભાગોથી વિભક્ત કરીને તેના અઢાર ભાગો થાય છે. જેને ચંદ્ર પોતે તથા બીજાઓએ ભોગ વેલાનો ફરીથી ઉપભોગ કરે છે. આ રીતે પરિભ્રમણ કરવાથી સર્વબાહ્ય મંડળથી પછી નું ચોથું અર્ધમંડળ સમાપ્ત થાય છે. તથા એક ચાંદ્રમાસ પરિપૂર્ણ થાય છે. પૂર્વકથિત પ્રકારથી ચાંદ્રમાસથી અર્થાત્ યુગસંબંધી ચાંદ્રમાસથી ચોપન ભાગ સંબંધિ તેર ભાગ થાય છે. તથા તેરના બે ભાગો થાય છે. આ પ્રમાણે સર્વસંખ્યાથી પંદર મંડળ થાય છે. આ મંડળોને ચંદ્ર અન્ય દ્વારા ભોગવેલને જ ફરીથી ભોગવે છે.

પાંચ વર્ષવાળા સંપૂર્ણ યુગ સંબંધી પહેલા ચાંદ્રમાસમાં પહેલાં કહેલ સમગ્ર કથન સમજવું એ બતાવવા માટે તેર તેર ભાગવાળા તથા તેર ચોપન ભાગવાળા તેર સડસઠિયા આઠ ભાગ તથા સડસઠિયા એક ભાગના એકવીસ ભાગ કરીને અઢાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાગોમાં મેળવે તો ઓગણચાલીસ ભાગો થાય છે. ત્યારે પણ સાત ચોપન ભાગો પૂર્વદિશામાં થાય છે. તથા જે બીજા અયન ઉપર ચાંદ્રમાસની અવધિ કરીને પછીથી થાય છે. તેમાં એક તેરમો ભાગ પંદરમા સર્વબાહ્ય મંડળથી પછીના બીજા પાશ્ચાત્ય અર્ધ મંડળમાં પૂરિત થાય છે. અને બીજો તેરમો ભાગ મેરૂની પૂર્વદિશામાં સર્વબાહ્ય મંડળની પછીના ત્રીજા અર્ધ મંડળમાં થાય છે. જે તેરભાગ ચંદ્ર સ્વયં પોતે ભોગવેલને ફરીથી ભોગવે છે. એ તમામ ક્ષેત્રો બીજા અયનમાં થાય છે. તેમાં પણ સાતતેર મેરૂની પૂર્વ દિશા માં છ મેરૂની પશ્ચિમ દિશામાં સમજવાં તથા ચુમ્માલીસમાં બોંતેરભાગ તથા સડ સઠિયા આઠભાગ તથા સડસઠિયા એક ભાગ ને એકત્રીસથી વિભક્ત કરીને તેના અઢાર ભાગ આટલા ક્ષેત્રને ચંદ્ર પોતે તથા અન્ય દ્વારા વ્યાપ્ત કરેલને ફરીથી વ્યાપ્ત કરે છે. તેમાં એક એકતાલીસનો અને એક તેરનોભાગ બીજા અયનના સર્વબાહ્ય મંડળની સમીપના બીજા પાશ્ચાત્ય અર્ધમંડળમાં થાય છે. બીજો એકતાલીસિયા ભાગ તથા બીજો તેરમો ભાગ પંદરમાં સર્વબાહ્ય મંડળની પછીના ત્રીજા અર્ધમંડળમાં મેરુની પૂર્વ દિશામાં સમજવા. બાકીના બધા ક્ષેત્રો પાશ્ચાત્ય સર્વબાહ્ય મંડળની પછીના ચોથા અર્ધમંડળમાં સમજવા જોઈએ. પહેલા કહેલ પ્રકારની ચંદ્રની સંસ્થિતિ હોય છે. સર્વ અવસ્થાન થાય છે. તે બતાવે છે. અભિગમન સર્વબાહ્ય મંડળથી અભ્યંતરાભિમુખ પ્રસ્થાન થાય છે. એજ રીતે નિષ્ક્રમણ સંસ્થિતિ અને પોતાના શિષ્યોને કહેવા.

**પાહુડ - ૧૩ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## પાહુડ-૧૪

[૧૧૦] હે ભગવન્ કયે સમયે ચંદ્રમાનો પ્રકાશ વધારે પ્રમાણમાં પ્રતિપાદિત કરેલ છે ? અર્થાત્ શુકલપક્ષમાં ચંદ્રનો પ્રકાશ વધારે હોય છે. તેમ સ્વશિષ્યોને કહેવું. કૃષ્ણપક્ષ કરતાં શુકલપક્ષમાં વધારે પ્રમાણમાં પ્રકાશ હોય છે. જ્યારે ચંદ્ર કૃષ્ણપક્ષમાંથી શુકલપક્ષમાં પ્રવેશ કરે ત્યારે ચારસો બેંતાલીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા છેંતાલીસભાગ પ્રકાશ ધીરે ધીરે નિરંતર વધતો જાય છે. શુકલપક્ષની એકમ તિથિએ પહેલો પંદરમો ભાગ એટલે કે-બાસઠિયાભાગ સંબંધી ચોથાભાગ પ્રમાણ યાવત્ રાહુ વિમાનથી ચંદ્રમંડળનો આટલો પ્રદેશ પ્રકાશિત થાય છે. બીજના દિવસે બીજો પંદમો યાવત્ પંદરમી પૂર્ણિમા તિથિમાં પંદરમોભાગ રાહુ વિમાનથી ખુલ્લો થાય છે. અર્થાત્ સંપૂર્ણપણાથી પ્રકાશિત થાય છે. પૂર્વ પ્રતિપાદિત પ્રકારથી કૃષ્ણપક્ષ કરતાં શુકલપક્ષમાં વધારે પ્રકાશ હોય છે. તેમ સ્વશિષ્યોને ઉપદેશ કરવો. જ્યોત્સનાનું પ્રમાણ સંખ્યાતીત હોય છે. તેમ પ્રતિપાદિત કરેલ છે. કૃષ્ણપક્ષમાં વધારે પ્રમાણમાં અંધકાર હોય છે. તેમ સ્વશિષ્યોને કહેવું. શુકલપક્ષની અપેક્ષાએ કૃષ્ણપક્ષમાં વધારે પડતો અંધકાર હોય છે. તેમ પ્રતિપાદિત કરેલ છે. શુકલપક્ષ કરતાં કૃષ્ણપક્ષમાં ગમન કરતો ચંદ્ર ચારસો બેંતાલીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા બેંતાલીસભાગોને આટલા મુહૂર્ત પ્રમાણ ચંદ્ર રાહુવિમાનથી ઢંકાઈ જાય છે. અંધકારના વધારે પણાનો ક્રમ આ પ્રમાણે છે. પ્રતિ પદા નામની પહેલી તિથિમાં પહેલો પંદરમો ભાગ ચારસોબેંતાલીસ મુહૂર્ત ભાગ તથા એક મુહૂર્તના બાસઠિયા બેંતાલી સભાગ યાવત્ ચંદ્ર રાહુ વિમાનથી ઢંકાઈ જવાથી એટલા પ્રમાણવાળો ભાગ ચંદ્રનો કૃષ્ણવર્ણવાળો થાય છે. એજ પ્રમાણે બીજની તિથિમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બીજો પંદરમોભાગ યાવત્ ધીરે ધીરે રાહુ વિમાનથી ઢંકાઈ જવાથી ચંદ્રમંડળનો અંધકારવાળો ભાગ વધતો જાય છે. પ્રતિક્ષણે અંધકારની વૃદ્ધિ પ્રાપ્ત કરેલ ચંદ્ર પક્ષના અંતમાં પંદરમી અમાવાસ્યા તિથિને પ્રાપ્ત કરે છે. ત્યારે પુરેપૂરો પંદરમો ભાગ કૃષ્ણવર્ણવાળો થઈ જાય છે. આ પૂર્વ કથિત પ્રકારથી શુકલપક્ષ કરતાં કૃષ્ણપક્ષમાં અંધ કારનું અધિકપણું કહેલ છે. તેમ સ્વશિષ્યોને કહેવું. વિભાગ કરવાને યોગ્ય પરિમિત, નિર્વિભાગ અસંખ્યાત ભાગ કહેલ છે. એ પ્રમાણે સ્વશિષ્યોને કહેવું. શુકલપક્ષની પ્રતિ પદા તિથિમાં જ્યોત્સના પ્રકાશ પરિ ચ્છિન્ન કહેલ છે. તથા કૃષ્ણપક્ષની પ્રતિપદા તિથિમાં અંધકાર પરિચ્છિન્ન હોય છે.

**પાહુડ-૧૪ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પાહુડ-૧૫

[૧૧૧-૧૧૪] હે ભગવન્ ચંદ્ર, સૂર્ય, ગ્રહ નક્ષત્ર અને તારાઓની ગતિમાં કોની ગતિ કોના કરતાં અલ્પ કે અધિક હોય છે ? ચંદ્રગતિ ક્ષેત્ર પરિમાણથી સૂર્યના ગતિ ક્ષેત્ર અધિક હોય છે. સૂર્ય કરતાં ગ્રહો શીઘ્રગતિવાળા હોય છે. ગ્રહોથી નક્ષત્રો શીઘ્ર ગતિવાળા હોય છે. નક્ષત્રોથી પણ તારાઓ શીઘ્રગતિવાળા હોય છે. તેમ પ્રતિપાદિત કરેલ છે. આ રીતે પહેલાં કહેલ ગતિ ક્રમવાળા ચંદ્ર-સૂર્ય-ગ્રહ, નક્ષત્ર અને તારા એ પાંચેમાં સૌથી નજીક હોવાથી સૌથી અલ્પગતિવાળો ચંદ્ર છે તથા સૌથી દૂર હોવાથી બધાથી શીઘ્રગતિવાળા તારાગણ હોય છે ગમન કરતો ચંદ્ર એક એક મુહૂર્તમાં મંડળના કેટલામાં ભાગ ક્ષેત્રોને વ્યાપ્ત કરે છે ? ઉત્તરદિશાથી અથવા દક્ષિણ દિશાથી ગમન કરતો ચંદ્ર જે જે મંડળને પ્રાપ્ત કરીને ગમન કરે છે, તે તે મંડળ સંબંધી પરિધિના ૧૭૬૮ ભાગોને અર્થાત્ આટલા પ્રમાણવાળા અંશ પ્રદેશમાં યાવત્ ગમન કરે છે. તે પછી મંડલ પરિધિને એક લાખ નવહજાર આઠસોથી ભાગ કરીને જેટલો ભાગ આવે એટલા પ્રમાણવાળા ભાગોમાં યાવત્ ચંદ્રગમન કરે છે. ભ્રમણ કરતો સૂર્ય પોતાના મંડળના કેટલા સોભાગો માં એક મુહૂર્તમાં ગમન કરે છે ? સૂર્ય જેજે મંડળોને પ્રાપ્ત કરીને ગમન કરે છે, તેમાં મંડળની પરિધિના ૧૮૩૦ ભાગોમાં ગમન કરે છે. જે જે મંડળ અર્થાત્ પોતાના પરિભોગ કાળ પર્યન્તના પ્રતિનિયત ક્ષેત્રમાં ગમન કરે છે. તે તે પોતાના મંડલ સંબંધી પરિધિના ૧૮૩૫ ભાગોમાં ગમન કરે છે. મંડળને ૧૦૯૮૦૦ છેદીને આ સંખ્યાથી ભાગ કરવો જેથી પૂર્વોક્ત સંખ્યા મળી જાય છે.

જે સમયે ચંદ્રને ગતિપૂર્ણતાવાળો જોઈને સૂર્ય ગતિસમાપન્નક વિવક્ષિત થાય છે, અર્થાત્ ચંદ્રગતિ સાપેક્ષ સૂર્યગતિની અપેક્ષા રહે છે. તે સમયે એ સૂર્યના એક મુહૂર્તગત ગતિ પરિમાણથી કેટલા ભાગો વિશેષિત કરવામાં આવે છે ? અર્થાત્ એક મુહૂર્તમાં ચંદ્રથી આ આ ક્રમિત ભાગોથી કેટલા વધારે ભાગોને સૂર્ય આક્રમિત કરે છે ? કેવળ બાસઠભાગ અધિક પ્રદેશને આક્રમિત કરે છે. જ્યારે ચંદ્રને ગતિસમાપન્નક જોઈને નક્ષત્ર ગતિસમા પન્નક વિવક્ષિત થાય છે. તે સમયે તે નક્ષત્ર મુહૂર્ત ગતગતિ પરિમાણ થી કેટલાં ભાગ વધારે હોય છે ? સડસઠ ભાગ વધારે ગમન કરે છે. જ્યારે સૂર્યને ગતિસમાપન્નક જોઈને નક્ષત્રને ગતિસમાપન્નક વિવક્ષિત કરે છે. સૂર્યથી આક્રમિત ભાગથી નક્ષત્રાક્રમિત ભાગ પાંચ ભાગ વધારે હોય છે. હવે ચંદ્રની સાથે અભિજીત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નક્ષત્રનોયોગ વિચાર કરવામાં આવે છે. જ્યારે ચંદ્રને ગતિયુક્ત જોઈને અભિજીત નક્ષત્રને ગતિસમાપન્ન વિવક્ષિત કરવામાં આવે એ વખતે પ્રથમ અભિજીત નક્ષત્ર મેરૂની પૂર્વદિશાના ભાગથી ચંદ્રમાને પ્રાપ્ત કરે છે. પ્રાપ્ત કરીને નવમુહૂર્ત તથા દસમા મુહૂર્તના સડસઠિયા સત્યા વીસ ભાગોને એટલે કે એટલા ભાગ બરાબરના પ્રદેશમાં ચંદ્રની સાથે યોગ પ્રાપ્ત કરે છે. અંતસમયમાં ચંદ્રની સાથેના યોગને અનુપરિવર્તિત કરે છે, જ્યારે ચંદ્રને ગતિ સમાપન્નક જાણીને શ્રવણ નક્ષત્રને ગતિસમાપન્નક વિવક્ષિત કરે, ત્યારે તે શ્રવણ નક્ષત્ર મેરૂની પૂર્વદિશાથી અર્થાત્ પૂર્વભાગથી પહેલાં ચંદ્રમાને પ્રાપ્ત કરે છે. ચંદ્રને પ્રાપ્ત કરીને તે પછી ચંદ્રની સાથે ત્રીસ મુહૂર્ત પર્યન્ત કાળ સુધી યોગ કરે છે. આટલો સમય ચંદ્રની સાથે યોગ કરીને અંતના સમયે યોગનું અનુપરિવર્તન કરે છે. અર્થાત્ ધનિષ્ઠા નક્ષત્રને યોગ સમર્પિત કરવાનો પ્રારંભ કરે છે. આ પૂર્વકથિત પ્રકારથી એટલેકે નક્ષત્ર યોગાદિના ક્રમથી શતભિષક્ વિગેરે પંદર મુહૂર્તાત્મક નક્ષત્ર તથા જે ધનિષ્ઠા વિગેરે ત્રીસ મુહૂર્ત પરિમાણવાળા નક્ષત્રો તથા ઉત્ત- રાભાદ્રપદા વિગેરે નક્ષત્રો પિસ્તાલીસ મુહૂર્ત પરિમાણવાળા થાય છે. એ બધા નક્ષત્રો પહેલાં કહેલ ક્રમાનુસાર કહી લેવા આ કથન ઉત્તરાષાઢા નક્ષત્ર પર્યન્ત કરવું. જ્યારે ચંદ્રને ગતિસમા પન્નક જાણીને ગ્રહોને ગતિસમાપન્નક વિવક્ષિત કરે તો એ સમયે એ ગ્રહ મેરૂના પૂર્વભાગથી પહેલાં ચંદ્રને પ્રાપ્ત કરે છે. ચંદ્રને પ્રાપ્ત કરીને યથા સંભવ પોતપોતાના ભોગ્યાનુકાળયોગ કરે છે. અર્થાત્ એ નક્ષત્રનો ત્યાગ કરે છે. યથાસંભવ અન્ય ગ્રહોને યોગ આપવાનો આરંભ કરે છે. યોગનું અનુપરિવર્તન કરીને પોતાની સાથેના યોગનો ત્યાગ કરે છે.

આ રીતના ક્રમથી બધા ગ્રહો ચંદ્રની સાથે યોગ વિગેરે કરે છે. જ્યારે સૂર્ય ગતિયુક્ત જોઈને અભિજીત્ નક્ષત્રને ગતિસમાપન્નક વિવક્ષિત કરે ત્યારે અભિજીત નક્ષત્ર પહેલા મેરૂના પૂર્વભાગથી સૂર્યને પ્રાપ્ત કરે છે. સૂર્યને પ્રાપ્ત કરીને પુરેપૂરા ચાર અહોરાત્ર તથા પાંચમી અહોરાત્રીના છ મુહૂર્ત પર્યન્ત સૂર્યની સાથે યોગ કરે છે. આટલા પ્રમાણ કાળ પર્યન્ત યોગ કરીને અંતસમયે શ્રવણ નક્ષત્રને યોગનું સમર્પણ કરવાનો આરંભ કરે છે. પૂર્વ કથિત પ્રકારથી પંદર મુહૂર્તથી શતભિષા વિગેરે નક્ષત્ર છ અહોરાત્ર અને સાતમાં અહો રાત્રના એકવીસ મુહૂર્ત તથા ત્રીસ મુહૂર્તવાળા શ્રવણાદિના તેર અહોરાત્ર તથા ચૌદમી અહોરાત્રના બાર મુહૂર્ત તથા પિસ્તાલીસ મુહૂર્ત પ્રમાણવાળા ઉત્તરાભાદ્રપદાદિથી પુષ્ય પર્યન્તના નક્ષત્રો વીસઅહોરાત્ર તથા એકવીસમા અહોરાત્ર ના ત્રણ મુહૂર્ત આ પ્રમાણેના ક્રમથી બધાનક્ષત્રનો કાળ યાવત્ કહી લેવો એ ઉત્તરાષાઢા નક્ષત્ર આવે ત્યાં સુધીનો કાળમાન કહી લેવો જ્યારે સૂર્યને ગતિયુક્ત જાણીને નક્ષત્રને ગતિસમાપન્ન વિવક્ષિત કરે અથવા ગ્રહોને ગતિયુક્ત વિવક્ષિત કરે તો મેરૂની પૂર્વદિશા થી સૂર્યને પ્રાપ્ત કરે છે. સૂર્યને પ્રાપ્ત કરીને સૂર્યની સાથે યોગ કરે છે. સૂર્યની સાથે યોગ કરીને યોગનું અનુપરિવર્તન કરે છે. એટલે કે નજીકના બીજાને સમર્પિત કરે છે.

એક નાક્ષત્રમાસમાં ચંદ્ર કેટલા મંડળોમાં ગમન કરે છે ? એક નાક્ષત્રમાસમાં ચંદ્ર તેર મંડળ પુરા તથા ચૌદમા મંડળના સડસઠિયા તેર ભાગ યાવત્ પૂરિત કરે છે. એક નાક્ષત્રમાસમાં સૂર્ય તેરમંડળ પુરા તથા ચૌદમા મંડળના સડસઠિયા ચુંમાલીસ ભાગ પોતાની ગતિથી પૂરિત કરે છે. એક નક્ષત્રમાસમાં નક્ષત્ર તેર મંડળ પુરા તથા ચૌદમા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મંડળના સડસઠિયા સાડી છેંતાલીસ ભાગોને યાવત્ નક્ષત્ર પૂરિત કરે છે. પૂર્વકથિત લક્ષણવાળા ચંદ્રમાસમાં ચંદ્ર કેટલા મંડળોને પૂરિત કરે છે ? સવાચૌદમંડળ એટલે કે એકસોચોવીસ ભાગ સંબંધી એકત્રીસ ભાગ પ્રમાણ એકસોચોવીસનો ચોથો ભાગ પંદરમા મંડળના એકસોચોવીસિયા બત્રીસ ભાગમાં સંચરણ કરે છે. આટલા પ્રમાણ વાળા પ્રદેશને પૂરે છે. એક ચાંદ્રમાસમાં સૂર્ય કેટલા મંડળોમાં ગમન કરે છે. ચતુર્ભા ગન્યૂન પંદર મંડળમાં ગમન કરે છે. તથા મંડળના એકસોચોવીસ ભાગોમાં પણ સંચ રણ કરે છે. એક ચાંદ્રમાસમાં નક્ષત્ર ચતુર્ભાગન્યૂન પંદરમંડળ તથા એકસોચોવી સિયા છક્કાભાગ મંડળમાં ગમન કરે છે. એક ઋતુમાસમાં ચંદ્ર કેટલા મંડળમાં ભ્રમણ કરે છે ? ચૌદ મંડળ પુરા તથા પંદરમા મંડળના એકસઠિયા ત્રીસ ભાગ ચંદ્ર ભ્રમણ કરે છે. એક ઋતુમાસમસૂર્ય કેટલા મંડળોમાં ગમન કરે છે ? પંદર મંડળોમાં ગમન કરે છે. હે ભગવન્ ઋતુમાસ નક્ષત્ર કેટલા મંડળમાં ગમન કરે છે ? એક કર્મમાસમાં નક્ષત્ર પંદર મંડલ પુરા તથા સોળમા મંડળના એકસોબાવીસિયા પાંચ ભાગ ગમન કરે છે.

સૌરમાસમાં ચંદ્ર કેટલા મંડળોમાં ગમન કરે છે ? એક સૌરમાસમાં ચંદ્ર ચૌદ મંડળ પુરા તથા પંદરમા મંડળના પંદર ભાગાત્મક અગ્યારમા ભાગ ને પૂરિત કરે છે. સૌર માસમાં સૂર્ય કેટલા મંડળોમાં ગમન કરે છે ? પંદર મંડળ પુરા તથા સોળમાં મંડળના ચોથો ભાગ સૂર્ય ગમન કરે છે. એક આદિત્ય માસમાં નક્ષત્ર કેટલા મંડળોમાં ગમન કરે છે ? પુરેપુરા પંદર મંડળ અને સોળમાં મંડળના એકસોવીસ ભાગવાળા પાંત્રીસભાગ યાવત્ ગમન કરે છે. એક અભિવર્ધિત માસમાં ચંદ્ર કેટલા મંડળોમાં ગમન કરે છે ? અભિવર્ધિતમાસ માં ચંદ્ર પંદર મંડળ પુરા તથા સોળમા મંડળના એકસોછ્યાસીવાળા ત્ર્યાશી ભાગમાં ગમન કરે છે. એક અભિવર્ધિતમાસમાં સૂર્ય કેટલા મંડળોમાં ગમન કરે છે ? ત્રણભાગ ન્યૂન સોળ મંડળમાં સૂર્યગમન કરે છે. મંડળને બસો અડતાલીસથી છેદીને આટલા પ્રમાણ ભાગમાં ગમન કરે છે.એક અભિવર્ધિત માસમાં નક્ષત્ર કેટલા મંડળોમાં ગમન કરે છે ? ચૌદસોઅઠ્યાસીથી મંડળને છેદીને સોળ મંડળ અને સુડતાલીસ ભાગમાં નક્ષત્ર ગમનકરેછે.હેભગવન્ એક એક અહોરાત્રમાં ચંદ્ર કેટલા મંડળોમાં ગમન કરે છે ? એક અહોરાત્રમાં ચંદ્ર નવસો પંદરથી અર્ધમંડળને વિભક્ત કરીને એકત્રીસ ભાગ ન્યૂન એક અર્ધમંડળમાં ગમન કરે છે. એક એક મંડળમાં ચંદ્ર કેટલા અહોરાત્રમાં ગમન કરે છે ? ચારસો બેંતાલીસ અહોરાત્રને વિભક્ત કરીને બે અહોરાત્ર તથા એક અહોરાત્રના એકત્રીસ ભાગથી ચંદ્ર એક મંડળમાં ગમન કરે છે. સૂર્ય એક એક મંડળમાં કેટલા અહોરાત્રીમાં ગમન કરે છે ? બે અહોરાત્રથી એક મંડળમાં ગમન કરે છે. એક એક મંડળમાં નક્ષત્ર કેટલા અહોરાત્રમાં ગમન કરે છે ? બે ભાગ ન્યૂન બે અહોરાત્રમાં નક્ષત્ર એક મંડળમાં ગમન કરે છે. તાવત્ એક યુગમાં ચંદ્ર કેટલા મંડળમાં ગમન કરે છે ? યુગમાં ચંદ્ર આઠસોચોરાશી મંડળોમાં ગમન કરે છે હે ભગવન્ એક યુગમાં સૂર્ય કેટલા મંડળમાં ગમન કરે છે ? નવસોપંદર મંડળ ગમન કરે છે. એક યુગમાં નક્ષત્ર કેટલા મંડળમાં ગમન કરે છે ? અઢારસોપાત્રીસ અર્ધમંડળમાં ભ્રમણ કરે છે. આ પંદરમા પ્રાભૃતમાં આ પૂર્વકથિત પ્રકારથી પૂર્વકથિત મુહૂર્ત ગતિ દરેક મુહૂર્તમાં પરિમાણ તથા નાક્ષત્રમાસ, ચાંદ્રમાસ અને અભિવર્ધિત માસોનું અહોરાત્ર પ્રમાણ તથા યુગને અધિકૃત કરીને મંડળના વિભાગ તથા શીઘ્રગતિરૂપ ગમન પ્રકાર


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પંદરમા પાહુડમાં પ્રતિપાદિત કરેલ છે. આ પ્રમાણે હું કહું છું.

**પાહુડ-૧૫ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પાહુડ-૧૬

[૧૧૫] હે ભગવન્ કયા પ્રકારથી આપે પ્રકાશનું સ્વરૂપ પ્રતિપાદન કરેલ છે ? ચંદ્રલેશ્યા અને જ્યોત્સના એ બે પદોનો આનુપૂર્વીથી અથવા અનાનુપૂર્વીથી વ્યવસ્થિત એકરૂપ અભિન્ન અર્થજ થાય છે. એક અસાધારણ સ્વરૂપવાળું લક્ષણ જેનું હોય તે એક લક્ષણવાળા કહેવાય છે. સૂર્ય લેશ્યા અને આતપ આ બે પદોનો તથા આતપ અને સૂર્યલેશ્યા આ બે શબ્દ ક્રમથી રાખેલ હોય કે વ્યુત્ક્રમથી રાખેલ હોય ગમે તે પ્રમાણે હોય પરંતુ એક સરખોજ બન્નેનો અર્થ થાય છે. એક સ્વરૂપાત્મક અર્થાત્ અભિન્નાર્થ પ્રતિપાદક છાયા અને અંધકારનો એકજ અર્થ થાય છે.

**પાહુડ-૧૬ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## પાહુડ-૧૭

[૧૧૬] હે ભગવન્ ચંદ્રાદીનું ચ્યવન અને ઉપપાત કહો ચંદ્રાદિના ચ્યવન અને ઉપપાત સંબંધી વિચારણામાં આ વક્ષ્યમાણ પ્રકારની પચીસ પ્રતિપત્તિ કહેલ છે. એ પચીસ પરતીર્થિકોમાં પહેલાં પરતીર્થિક કહે છેકે-ચંદ્ર સૂર્ય દરેક ક્ષણમાં પૂર્વોત્પન્ન અર્થાત્ પહેલાં આવેલનું ચ્યવન થાય છે. ચંદ્ર અને સૂર્ય દરેક મુહૂર્તમાં પરિવર્તનશીલ હોય છે. આ પૂર્વકથિત પ્રકારથી જે રીતે પ્રથમોત્પન્ન અર્થાત્ છઠ્ઠા પ્રાભૃતમાં ઓજની સંસ્થિતિ વિચારણામાં જે પ્રમાણે પચીસ પ્રતિપત્તિયો છે. એજ પ્રમાણે અહીંયાં પણ એ તમામ પ્રતિપત્તિયો કહી લેવી. કોઈ એક એ રીતે કહે છે કે-અનુઅવસર્પિણી અને ઉત્સ ર્પિણીમાં ચંદ્રસૂર્ય પૂર્વોત્પનનું ચ્યવન થાય છે અને નવાજ ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે અંતિમ સૂત્રપર્યન્ત કહી લેવું. સુગમ હોવાથી વિશેષરૂપે કહેલ નથી. આ સઘળી પ્રતિપ ત્તિયો ભ્રમોત્પાદક અને મીથ્યારૂપ છે. તેથી આ બધાથી અલગ પોતાના સિદ્ધાંતને શ્રીભગવાન પ્રદર્શિત કરે છે. ઉત્પન્ન થયેલ કેવળજ્ઞાન યુક્ત હું આ વિષયમાં આ પ્રકાર થી કહું છું. ચંદ્ર સૂર્યદેવ મહાન વિમાનાદિ ઋદ્ધિવાળા છે. મહાદ્યુતિ એટલેકે શરીર આભ રણ વિગેરેથી યુક્ત હોય છે. મહાબલ શારીરિક અને માનસિક અધિક બળ જેનું હોય એવા હોય છે. મહાયશવાળા સંપૂર્ણ જગતમાં વિસ્તૃત યશવાળા હોય છે. તથા મહા સૌખ્ય અર્થાત્ ભવનપતિ વ્યંતર દેવથી વધારે સુખ સંપન્ન અને મહાનુભાવ અર્થાત્ વૈક્રિય કરણાદિ સંબંધી અચિંત્ય શક્તિથી યુક્ત હોય છે. વરવ સ્ત્રને ધારણ કરવાવાળા હોય છે. દિશાઓને પ્રકાશિત કરે તેવા વસ્ત્રોને ધારણ કરનારા હોય છે. તથા ઉત્તમ માળાઓને ધારણ કરનારા હોય છે ઉત્તરમ પ્રકારના ગંધને ધારણ કરવાવાળા હોય છે. મહા સુખશાલી હોય છે. ઉત્તમ પ્રકારના અલંકારોને ધારણ કરવા વાળા હોય છે. એવા તે સૂર્ય ચંદ્ર અવ્યવચ્છિન્ન નયાનુસાર પોતપોતાની આયુષ્યનો ક્ષય થાય ત્યારે પૂર્વો-ત્પન્ન ચ્યવિત થાય છે. તથા ઉત્પન્ન ન થયેલા ઉત્પન્ન થાય છે. તેમ સ્વશિષ્યોને કહેવું.

**પાહુડ-૧૭ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પાહુડ-૧૮

[૧૧૭-૧૨૮] હે ભગવન્ આપે ચંદ્રાદિની ભૂમિથી ઉપર કેટલી ઉંચાઈ કહેલ છે ? તે કહો ચંદ્રાદિ ભૂમીની ઉપર ઉંચાઈ સંબંધી વિચારણામાં આ પચીસ પ્રતિપત્તિયો છે. એ પરતીર્થિકોમાં પહેલો પરતીર્થિક આ પ્રમાણે કહે છે-ભૂમિની ઉપર એક હજાર યોજન સૂર્ય સ્થિત રહે છે. તથા દ્વયર્ધ અર્થાત્ બીજાનું અર્ધું એટલે કે દોઢ હજાર યોજન જમીનના ઉપર ચંદ્ર વ્યવસ્થિત રહે છે. બીજા કહે છે- જમીનની ઉપર બેહજાર યોજન સૂર્ય વ્યવ સ્થિત રહે છે. તથા અઢીહજાર યોજન જમીનની ઉપર ઉંચાઈએ ચંદ્ર વ્યવસ્થિત રહે છે. એજ પ્રમાણે બીજા મતવાદિયોના કથન પ્રકારના સૂત્રો ભાવિત કરી લેવા એક એક હજાર યોજનના વધારાથી સૂર્ય સંબંધી અને સૂર્યથી પાંચસો યોજન વધારે ઉપર ચંદ્ર હોય છે. તેમ સમજવું. પચીસમા મતાવલંબીના કહે છે. પચીસહજાર યોજનની ઉંચાઈએ સૂર્ય વ્યવસ્થિત રહે છે તેથી સાડીપચીસહજાર યોજનની ઉંચાઈએ ચંદ્ર વ્યવસ્થિત હોય છે. શ્રીભગવાન્ આ વિષયમાં કહે છે કે આ રત્નપ્રભા પૃથ્વીના અધિક સમતલવાળા ભૂમિ ભાગથી શોભાયમાન જમીનની ઉપરમાં સાતસોનેવું યોજન જઈને ત્યાં નીચેના તારા વિમાનનું મંડળ ગતિથી પરિભ્રમણ કરે છે.આઠસો યોજન ઉંચે જઈને સૂર્ય વિમાન ભ્રમણ કરે છે. આઠસોએંસી યોજન ઉપર જઈને ચંદ્ર વિમાન મંડળ ગતિથી પરિભ્રમણ કરે છે. નવસો યોજનપુરા ઉપર જઈને સર્વોપરિતન તારા વિમાનનું મંડળગતિથી પરિ ભ્રમણ કરે છે. તારા વિમાનની નીચે કેવલ દસ યોજન ઉપર જઈને સૂર્ય વિમાન ભ્રમણ કરે છે. એ સર્વાધસ્તન તારા વિમાનથી એકસોદસ યોજન ઉપર જઈને ત્યાં સર્વોપરિતન તારાવિ માન ભ્રમણ કરે છે. સૂર્ય વિમાનથી ૮૦ યોજન ઉપર જઈને ચંદ્રવિમાન ભ્રમણ કરે છે. એ સૂર્ય વિમાનની ઉપર સો યોજન ઉપર જઈને સર્વોપરિતન તારા રૂપવિમાન જ્યોતિશ્ચકને આશ્રિત કરીને ગમન કરે છે. એ ચંદ્ર વિમાનની ઉપર વીસ યોજન જઈને સર્વોપરિતન તારારૂપ જ્યોતિ શ્ચક ભ્રમણ કરે છે.- પૂર્વ પશ્ચિમમાં વ્યાસ વિસ્તાર એકસો દસ યોજન ભ્રમણ કરે છે.

હે ભગવન્ ચંદ્ર સૂર્ય દેવના ક્ષેત્રની અપેક્ષાથી અધોભાગમાં રહેલ તારાવિમા નના દેવ દ્યુતિ, વિભવ લેશ્યાદિને લક્ષ્ય કરીને કોઈ અણુ હોય છે. એટલે કે કોઈ લઘુ હોય છે. તથા કોઈ તુલ્ય હોય છે, શ્રીભગવાન્ કહે છે.- જે જે પ્રકારે એ દેવોના તારારૂપ વિમાનધિષ્ઠાતા દેવવિશેષોના પૂર્વભવમાં તપ,નિયમ, અને બ્રહ્મચર્યાદિ અધિક પ્રમાણ માં હોય છે, તેમ તેમ એ વિમાનાધિષ્ઠાતા દેવોના એ તારા વિમાનના અધિષ્ઠાતા પણામાં આ પ્રમાણે થાય છે. જે પ્રમાણે કોઈ વસ્તુનું અણુપણુ હોય એજ પ્રમાણે કોઈનું તુલ્યપણું પણ હોય છે. ચંદ્ર સૂર્યના વિમાનાધિષ્ઠાતા દેવોની નીચે તારારૂપ વિમાન પોતપોતાના કરેલ કર્મથી લઘુ પણ હોય છે, તુલ્ય પણ હોય છે. એજ પ્રમાણે ઉપર પણ તારા વિમાનાધિષ્ઠાતા દેવ પણ અણુ પણ હોય છે. અને તુલ્ય પણ હોય છે. અનેક ચંદ્રોમાં દેખાતા એક એક દેવરૂપ ચંદ્રનો ગ્રહપરિવાર કેટલી સંખ્યાવાળો પ્રતિપાદિત કરેલ છે ? તથા એક ચંદ્રનો નક્ષત્ર પરિવાર કેટલો હોય છે ?- દરેક ચંદ્રદેવનો અઠ્યાસી ગ્રહોનો ગ્રહોપ ગ્રહરૂપ પરિવાર હોય છે. તથા ચંદ્રદેવનો અઠ્યાવીસ નક્ષત્ર પરિવાર સમંતતઃ વ્યાપ્ત થઈને પરિવારરૂપે સ્થિત રહે છે. તથા ૬૬૯૦ પનક્ષત્ર પરિવાર તથા કોટી કોટી તારા ગણ સમંતતઃ વ્યાપ્ત થઈને રહે છે. મેરૂની ચારે બાજુ ૧૧૨૧ યોજનને છોડીને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે પછી ચક્રવાલગતિથી જ્યોતિશ્ચક્રમાં ભ્રમણ કરે છે. લોકાન્તની પછીના કેટલા ક્ષેત્રને અબાધાથી અંતર વિના જ્યોતિશ્ચક્ર પ્રજ્ઞપ્ત કરેલ છે ? ૧૧૧૧ યોજનનું અપાન્તરાલ કરીને અર્થાત્ સ્વાતંત્ર્ય રૂપથી જ્યોતિશ્ચક્ર પ્રતિપાદિત કરેલ છે. જંબૂદ્વીપ નામના દ્વીપમાં કેટલા નક્ષત્રો સર્વાભ્યંતર મંડળમાં ગમન કરે છે ? કેટલા નક્ષત્રો સર્વબાહ્ય મંડળમાં ગમન કરે છે ? કેટલા નક્ષત્રો સર્વોપરિતન મંડળમાં ગમન કરે છે ? કેટલા નક્ષત્રો સર્વાધસ્તન મંડળમાં ગમન કરે છે ? અભિજીત્ નક્ષત્ર જંબૂદ્વીપના સર્વાભ્યંતર મંડળમાં ગમન કરે છે. મૂલનક્ષત્ર સર્વબાહ્ય મંડળને અપેક્ષિત કરીને ગમન કરે છે. સ્વાતી નક્ષત્ર જંબૂદ્વીપના સર્વોપરિતન નક્ષત્ર મંડળને અપેક્ષિત કરીને ગમન કરે છે. તથા ભરણી નક્ષત્ર જંબૂદ્વીપના સર્વાધસ્તન નક્ષત્ર મંડળ ને અપેક્ષિત કરીને ગમન કરે છે. ચંદ્ર વિમાન કેવા પ્રકારના સંસ્થાનવાળું થાય છે ? અર્ધા કોંઠાના ફળની સમાન જે સંસ્થાન તેના જેવા આકારવાળું હોય છે. આની અર્થબોધિકી દીપિકા વાતોધ્ધૂત એટલે પવનથી કંપાયમાન જેને સૂચિત કરવાવાળી વૈજયન્તી નામની જે પતાકા અર્થાત્ ધજા અથવા વિજ્યા એ વૈજયન્તીની બાજુની કર્ણિકા હોય છે તે જ્યાં મુખ્ય હોય એવી જે વૈજયન્તી નામની પતાકા તેજ વિજયરહિત વૈજયંતિ તથા છત્રાતિછત્ર ઉંચાઈવાળી એટલા માટેજ આકાશતલને ઓળંગનારૂં શિખર જેનું આવા પ્રકારની ભવનપત્તિમાં લોકમાં પ્રસિદ્ધ એવા રત્નો ને તેના અંતરાસામાં વિશેષ શોભાને માટે જડેલ હોવાથી રત્નોની જાળ જેવું, તથા પાંજરાથી બહાર નીકળતા ન હોય એવા જેમ કોઈ પણ વસ્તુ વાંસ વિગેરેના બનાવેલા ઢાંકણ વિશેષથી બહાર નીકળતી અવિનષ્ટ છાયાની જેમ જે પ્રમાણે શોભે એજ પ્રમાણે એ વિમાન પણ શોભિત થાય છે. તથા મણિકનક સ્તૂપિકા ખીલેલ જે શતપત્ર પુંડરીક દ્વારાદિમાં પ્રતિકૃતિ રૂપે રહે છે. તથા ભીત વિગેરેમાં રત્નમય અર્ધચંદ્ર અને દ્વારાદિમાં ખીલેલા શતપત્રો પુંડરીકો, તિલક અને અર્ધા ચંદ્રના ચિત્રવાળા તથા બહાર અને અંદર શ્લક્ષ્ણ તથા તપનીય સુવર્ણ વિશેષથી અને મણિમય વાલુકા વાળા તથા સુખ સ્પર્શવાળા શુભસ્પર્શવાળા શોભાયમાન નર યુગ્માદિના રૂપવાળા પ્રસન્નતા જનક અત એવ દર્શનીય તથા અસાધારણ રૂપવાળો વિમાનનો આકાર હોય છે.

આ પ્રમાણે ચંદના વિમાનના વર્ણનની જેમજ સૂર્યના વિમાનનો આકાર હોય છે. તેજ પ્રમાણે ગૃહવિમાન નક્ષત્રના વિમાન અને તારા વિમાનોનું વર્ણન પણ કરી લેવું. ચંદ્રનું વિમાન કેટલા પ્રમાણના આયામ વિષ્કંભ એટલેકે કેટલા વ્યાસવાળા કહ્યા છે ? તથા તેનો પરિક્ષેપ એટલેકે પરિધિ કેટલો છે ? તથા તેનું ક્ષેત્રફલ કેટલા પ્રમાણનું પ્રજ્ઞપ્ત કરેલ છે ? ચંદ્ર વિમાનનો વ્યાસ એક યોજનના એકસઠિયા ભાગ અધિક છપ્પન ભાગ યોજન થાય છે. આ વ્યાસને ત્રણ ગણા કરે તો પરિધિ થાય છે. ચંદ્ર વિમાનની આટલી પરિધિ થાય છે. તથા અઠ્યાવીસ યોજન અને એક યોજનના એકસઠ ભાગ જેટલું બાહલ્ય એટલેકે વિસ્તાર હોય છે. આજ પ્રમાણે બધે વિષ્કંભના માપથી ત્રણ ગણું માપ પરિધિનું થાય છે. પરિધિ વ્યાસનો ઘાત ફલ થાય છે. સૂર્ય અડતાલીસ યોજન તથા એક યોજનના એકસઠ ભાગ સૂર્ય વિમાનનો વ્યાસ થાય છે. આનાથી કંઈક વધારે ત્રણ ગણું પરિધિનું પરિમાણ થાય છે. તથા આનું બાહલ્ય ચોવીસ યોજન તથા એક યોજનના એકસઠિયા ભાગ જેટલું હોય છે. નક્ષત્રોના વિમાનનો આયામવિષ્કંભ કેટલો હોય ? તેની પરિધિનું પ્રમાણ કેટલું હોય છે ? તેનું બાહલ્ય કેટલા પરિમાણવાળું હોય છે ? એક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગાઉ આયામ વિષ્કંભથી તેનાથી ત્રણ ગણો પરિધિથી તથા દોઢ ગાઉ બાહલ્યથી કહેલ છે. તારા વિમાનના વિષ્કંભાદિ કેટલા કહેલ છે ? તારા વિમાનના આયામ વિષ્કંભનું પરિમાણ અર્ધા ગાઉનું કહેલ છે. તથા અર્ધુ ગવ્યૂત ઉચ્ચત્વનું પરિમાણ કહેલ છે. એક કોસનો ચોથો ભાગ જેટલી ઉત્કૃષ્ટ સ્થિતિ તારાદેવના વિમાનની હોય છે. તથા જઘન્ય સ્થિતિ વાળા તારા દેવના વિમાનનો આયામ વિષ્કંભનું પરિમાણ પાંચસો ધનુષનું હોય છે ઉચ્ચત્વનું પરિમાણ અઢીસો ધનુષનું કહેલ છે. સૂર્ય અને ચંદ્ર વિમાનને સોળહજાર દેવો વહન કરે છે. આઠહજાર દેવ ગ્રહવિમાનને વહન છે. કરે છે. નક્ષત્ર વિમાનને ચારહજાર દેવ વહન કરે છે તારા વિમાનને બે હજાર દેવો વહન કરે છે.

ચંદ્ર વિમાનને સોળહજાર દેવો વહન કરે છે. પૂર્વદિશામાં સિંહના રૂપ ધારણ કરીને ચારહજાર દેવો વહન કરે છે. દક્ષિણ દિશામાં ગજના રૂપો ધારણ કરીને ચાર હજાર દેવો વહન કરે છે. વૃષભના રૂપો ધારણ કરીને ચાર હજાર દેવો પશ્ચિમ દિશામાં વહન કરે છે. ઉત્તર દિશામાં અશ્વનારૂપો ધારણ કરીને ચાર હજાર દેવો વહન કરે છે. આ રીતે બધાને મેળવવાથી સોળહજાર દેવો ચંદ્ર વિમાનનું વહન કરે છે. ચંદ્ર વિમાનના ક્રમ પ્રમાણે સોળહજાર દેવો સૂર્ય વિમાનનું વહન કરે છે ગ્રહ વિમાનને કેટલા હજાર દેવો ખેંચે છે ? આઠહજાર દેવો વહન કરે છે. જે આ પ્રમાણે છે. પૂર્વદિશામાં સિંહના રૂપોને ધારણ કરીને બેહજાર દેવો વહન કરે છે. એજ પ્રમાણે યાવત્ ઉત્તર દિશામાં અશ્વ-ઘોડાના રૂપોને ધારણ કરીને બેહજાર દેવો વહન કરે છે. નક્ષત્ર વિમાનનું કેટલા હજાર દેવો વહન કરે છે ? નક્ષત્ર વિમાનનું ચારહજાર દેવો વહન કરે છે. પૂર્વદિશામાં સિંહના રૂપોને ધારમ કરવાવાળા એક હજાર દેવો વહન કરે છે. એજ પ્રમાણે યાવત્ ઉત્તર દિશામાં અશ્વરૂપને ધારણ કરીને એક હજાર દેવો વહન કરે છે. તારા વિમાનનું કેટલા હજાર દેવો વહન કરે છે ? બે હજાર દેવો વહન કરે છે. પૂર્વ દિશામાં સિંહના રૂપોને ધારણ કરવાવાળા પાંચસો દેવો તારા વિમાનનું વહન કરે છે. દક્ષિણ દિશામાં ગજના રૂપોને ધારણ કરીને પાંચસો દેવો તારા વિમાનનું વહન કરે છે. અને ઉત્તરદિશામાં ઘોડાનારૂપોને ધારણ કરવાવાળા પાંચસો દેવો તારા વિમાનનું વહન કરે છે. ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારાઓની સ્થિતિ વિશેષવશાત્ ચંદ્રથી સૂર્ય શીઘ્રગમન વાળા હોય છે. સૂર્યથી શીઘ્ર ગતિવાળા ગ્રહો હોય છે. ગ્રહોથી નક્ષત્રો શીઘ્ર ગમનવાળા હોય છે. અને નક્ષત્રોથી તારાઓ શીઘ્રગતિવાળા હોય છે. આ પ્રકારના ક્રમથી સૌથી આદિ સ્થિતિવાળો ચંદ્ર સૌથી અલ્પ ગતિવાળો છે તથા સૌથી અંતિમ સ્થિતિવાળા તારા ગણ સૌથી શીઘ્ર ગતિવાળા હોય છે. સમૃદ્ધિના સંબંધમાં ઉલ્ટી સ્થિતિ હોય છે. જેમકે સૌથી અલ્પ સમૃદ્ધિવાળા તારાગણ હોય છે. તેનાથી અધિક સમૃદ્ધિવાળા નક્ષત્ર હોય છે. નક્ષત્રોથી અધિક સમૃદ્ધિવાળા ગ્રહગણ હોય છે. તેનાથી વધારે સમૃદ્ધિશાલી સૂર્ય હોય છે. અને સૂર્યથી પણ અધિક સમૃદ્ધિ શાલી ચંદ્ર હોય છે. એ પ્રમાણે સ્વશિષ્યોનેઉપદેશ કરવો.

તારા રૂપ વિમાનનું અંતર બે પ્રકારથી પ્રજ્ઞપ્ત કરેલ છે. તેમાં એક પ્રકારનું વ્યાઘાતિમ અંતર કહ્યું છે. પર્વત વિગેરેથી પડવું તેને વ્યાઘાત કહે છે. એ પ્રકારથી વ્યાઘાત જેમાં હોય તે વ્યાઘાતિમ અંતર કહેવાય છે. તથા બીજું વ્યાઘાત વિનાનું અર્થાત્ સ્વાભાવિક આ રીતે બે પ્રકારનું અંતર કહ્યું છે. જે વ્યાઘિતમ અંતરજઘન્યથી બસો બાસઠ યોજનનું હોય છે. જે નિર્વ્યાઘાતિમ- સ્વાભા વિક અંતર હોય છે. તે જઘન્યથી

કેવળ પાંચસો ધનુષ પ્રમાણનું હોય છે. તથા ઉત્કૃષ્ટથી કેવળ અર્ધા-યોજન પરિમિત જ હોય છે. ચંદ્રદેવની અગ્રમહિષીયો ચાર કહેલ છે. તેના નામ આ પ્રમાણે છે. ચંદ્રપ્રભા, જ્યોત્સનાભા અર્ચિમાલિની નામ પ્રભંકરા એક એક પટ્ટરાણીનો ચાર ચાર હજાર દેવિયોનો પરિવાર હોય છે. ચારહજાર દેવિયો પૈકી એક એક દેવી પણ બીજી ચાર ચારહજાર દેવિયોને પોતાની વિકુર્વણા શક્તિથી વિકુર્વિત કરી શકે છે આ પૂર્વકથિત પ્રકારથી ચંદ્રદેવની સોળહજાર દેવિયો થાય છે. આ પ્રમાણેનું ચંદ્રદેવનું અંતઃપુર છે. ચંદ્ર ચંદ્રાવ તંસ વિમાનમાં અર્થાત્ પોતાના સ્થાનથી પણ ઉપરના પ્રદેશના વિમાનમાં જે સુધર્મા નામની સભા હોય છે, એ સુધર્માસભામાં અંતઃપુરની સાથે દિવ્ય અર્થાત્ અલૌ કિક ભોગોને ભોગવવામાં ચંદ્ર સમર્થ હોય છે ? આ અર્થ બરોબર નથી. જ્યોતિષેન્દ્ર જ્યોતિષ્કરાજ ચંદ્રના ચંદ્રાવતંસક વિમાનમાં રહેલ સુધર્મા નામની સભામાં માણવક નામનો ચૈત્ય સ્તંભ રહે છે. એ માણવક ચૈત્યસ્તંભમાં વજ્રમયશિકામાં અર્થાત્ વજ્રમય સ્થાનમાં જે ગોળ આકારનું વીંટળાયેલ સમુદ્ગક છે, તેમાં સંખ્યાતીત જીનસકિથ અર્થાત્ જીનસ્થાનો રહેલ હોય છે. એ જીનસકિથ તથા બીજા સંખ્યાતીત જ્યોતિષ્ક દેવો અને દેવિયોને અર્ચનીય-પુષ્પાદિથી, વંદનીય સ્તોતવ્ય-સત્કારણીય, વસ્ત્રાભરણા દિથી, સમ્માનનીય જીનોચિત આદરભાવથી, કલ્યાણ સ્વરૂપ અર્થાત્ સાર્વત્રિક સુખના હેતુરૂપ, મંગળસ્વરૂપ અર્થાત્સઘળા દુરિતોના ઉપશમ કરવામાં કારણરૂપ, દૈવત-પરમદેવતામય, ચૈત્ય સ્થાનભૂત અતએવ તે પર્યુપાસનીય છે એટલેકે જ્યોતિષેન્દ્રચંદ્ર ચંદ્રાવતંસક વિમાનમાં સુધર્મા સભામાં પોતાના અંતઃપુરની સાથે દિવ્ય ભોગભોગોને ભોગવીને ચંદ્રદેવ રહેવાને સમર્થ હોય છે.

કેવળ પરિવાર ઋદ્ધિથી પોતાની મોટાઈ દેખાડવામાત્રથી એ પોતાના પરિવાર વાળા દેવદેવિયોને ઉત્પન્ન કરે છે. દિવ્ય એવા અલૌકિક ભોગભોગોને ભોગવીને વિચરે છે. જ્યોતિષેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્ર ચંદ્રાવતંસક વિમાનની સુધર્મા સભામાં ચંદ્રનામના સિંહાસનમાં ચારહજાર સામાનિક દેવોથી તથા સપરિવાર ચાર અગ્રમહિષોયથી અભ્યંતર, મધ્ય, અને બાહ્ય એવી ત્રણ પરિષદાઓથી સાત સૈન્યોથી સાત અનીકાધિ પતિયોગી સોલહજાર આત્મરક્ષક દેવોથી તથા અન્ય ઘણા જ્યોતિષ્ક દેવ અને દેવિ યોની સાથે ઘેરાઈને આખ્યાનક નાટ્ય ગીત વાંજિત્ર તે પ્રકારના મહાન્ ધ્વનિથી યુક્ત દિવ્ય અલૌકિક ભોગવવા લાયક જે ભોગો કર્ણેન્દ્રિય તૃપ્તિજનક શબ્દાદિ ભોગ ભોગો ને ભોગવીને વિચારવામાં સમર્થ હોય છે. પરંતુ મૈથુન નિમિત્ત સામાન્ય જન ભોગ્ય સ્પર્શાદિ ભોગોને ભોગવવામાં સમર્થ થતા નથી. જ્યોતિષેન્દ્ર જ્યોતિષરાજ સૂર્યદેવની ચાર અગ્રમહિષીઓ કહેલ છે. સૂર્ય પ્રભા આતપરા અર્ચિમાલી પ્રભંકરા બાકીનું સઘળું કથન ચંદ્રના કથન પ્રમાણે છે. જ્યોતિષ્કદેવ ચંદ્રવિમાનમાં ચંદ્ર સંબંધી અને સૂર્ય વિમાનમાં સૂર્ય સંબંધી અને એ રીતે ગ્રહ-નક્ષત્ર અને તારા વિમાનોમાં પણ તેના તેના સંબંધવાળા જ્યોતિષ્કદેવોની સ્થિતિ સામાન્ય રીતે જઘન્ય સ્થિતિ એટલેકે અલ્પસ્થિતિ એક પલ્યોપમકાળના આઠમા ભાગ જેટલી સ્થિતિ હોય છે. તથા ઉત્કર્ષથી અર્થાત્ અધિકતાથી એક લાખ વર્ષ વધારે એક પલ્યોપમ કાળની સ્થિતિ કહી છે. ત્યાં ત્યાં તે તે વિમાનની અધિષ્ઠાત્રી દેવિયોનો તથા તે તે અગ્રમહિષિયોનો તેમના પરિવારનો સામાનિક અંગરક્ષિકાઓનો જઘન્યતાથી એક પલ્યોપમના આઠમા ભાગ તુલ્યકાળ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય છે. અને ઉત્કૃષ્ટથી અર્ધાપલ્યોપમકાળ પરિમાણ યાવત્ ત્યાં તે તે વિમાનોમાં સ્થિતિ હોય છે.

ચંદ્રવિમાનમાં દેવોની સ્થિતિ કેટલા કાળની કહી છે ? જઘન્યપણાથી એક પલ્યોપમ કાળના ચોથા ભાગ પ્રમાણ કાળની યાવત્ સ્થિતિ હોય છે. તથા ઉત્કૃષ્ટથી એટલે કે સર્વાધિકપણાથી એક પલ્યોપમ કાળની અર્થાત્ એક લાખ વર્ષથી કંઈક વધારે સમય ચંદ્રવિમાનમાં ચંદ્રવિમાનાધિષ્ઠાતા દેવોની અને તેમના સામાનિક અંગરક્ષકો વિગેરેની સ્થિતિ હોય છે. ચંદ્રવિમાનમાં દેવીની કેટલા કાળની સ્થિતિ કહી છે ? જઘન્યથી પલ્યોપમનો ચોથો ભાગ અને ઉત્કૃષ્ટથી અર્ધાપલ્યોપમથી જેટલા કાળથી કંઈક અધિક કાળ પર્યન્તની સ્થિતિ કહી છે. સૂર્ય વિમાનમાં દેવોની સ્થિતિ કેટલા કાળની કહી છે ? જઘન્યથી પલ્યોપમનો ચોથો ભાગ અને સર્વાધિકપણાથી એક પલ્યોપમ અર્થાત્ એક હજાર વર્ષથી કંઈક વધારે સ્થિતિ હોય છે. સૂર્ય વિમાનમાં દેવીયોની સ્થિતિ કેટલાકાળની કહી છે ? સૂર્ય વિમાનની અધિષ્ઠાત્રીદેવિયોની સ્થિતિ જઘન્યથી પલ્યોપમના ચોથા ભાગ જેટલી હોય છે. અને ઉત્કૃષ્ટથી અર્ધા પલ્યોપમ તથા પાંચસો વર્ષથી કંઈક વધારે કાળની હોય છે. ગ્રહવિમાનમાં દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? જઘન્યથી પલ્યોપમના ચોથા ભાગ જેટલી સ્થિતિ હોય છે. અને ઉત્કૃષ્ટથી અર્ધા પલ્યોપમ કાળ જેટલી સ્થિતિ કહેલ છે. ગ્રહવિમાનમાં દેવિયોની સ્થિતિ કેટલા કાળની કહેવામાં આવી છે ? જઘન્યથી પલ્યોપમના ચોથા ભાગ જેટલી અને ઉત્કર્ષથી અર્ધ પલ્યોપમ કાળની સ્થિતિ હોય છે.નક્ષત્ર વિમાનમાં દેવોની કેટલાકાળની સ્થિતિકહી છે ? જઘન્યથી પલ્યોપમના ચોથા ભાગ જેટલી સ્થિતિ હોય છે. અને ઉત્કૃષ્ટથી અર્ધાપલ્યો પમ કાળ જેટલી સ્થિતિ કહેલછે.નક્ષત્રવિમાનમાં તેઓની અધિષ્ઠાત્રી દેવીયોની સ્થિતિ કેટલા કાળની કહી છે ? જઘન્યથી એક પલ્યોપમના આઠમા ભાગ જેટલા કાળની સ્થિતિ હોય છે. અને ઉત્કર્ષથી એક પલ્યોપમના ચોથા ભાગ જેટલા કાળની યાવત્ નક્ષત્ર વિમાનના દેવોની સ્થિતિ હોય છે. તારા વિમાનમાં તેના અધિષ્ઠાતા દેવોની સ્થિતિ કેટલાકાળની પ્રજ્ઞપ્ત કરેલ છે ? જઘન્યથી પલ્યોપમના આઠમા ભાગ જેટલી અને ઉત્કૃષ્ટથી પલ્યોપમના ચોથા ભાગ પર્યન્ત જેટલા કાળની ત્યાં સ્થિતિ રહે છે. તારા વિમાનમાં દેવિયોની સ્થિતિ કેટલા કાળની કહી છે ? જઘન્યથી પલ્યોપમના આઠમા ભાગ જેટલી સ્થિતિ કહી છે અને ઉત્કૃષ્ટથી કંઈક વધારે પલ્યોપમના આઠમા ભાગ જેટલી તારા વિમાનમાં દેવિયોની સ્થિતિ કહેવામાં આવી છે. ચંદ્ર અને સૂર્ય પરસ્પર તુલ્ય હોય છે. અર્થાત્ આકાર, પ્રકાર, પરિમાણ, તેજ, પ્રકાશ, પ્રભાવ પ્રમાણાધિકારાદિમાં સરખા હોય છે. તથા સૌથી ઓછા ગ્રહ, નક્ષત્ર, તારારૂપથી અલ્પ પરિમાણવાળા કહેલા છે. આ પ્રમાણે સ્વશિષ્યોને પ્રતિપાદન કરીને કહેવું. ચંદ્ર-સૂર્ય એ બન્ને બધા વિષયો માં સમાન હોય છે. તેમની અપેક્ષાએ નક્ષત્ર સંખ્યેગણા કહ્યા છે. સંખ્યાતીતગણા હોતા નથી.

**પાહુડ - ૧૮ ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## પાહુડ-૧૯

[૧૨૯-૧૯૩] આ લોકમાં સૂર્યો કેટલા કહ્યા છે ? હે ભગવાન કેટલા અને કેટલા પ્રમાણવાળા ચંદ્ર-સૂર્ય બધા લોકમાં અવભાસિત થાય છે ? સર્વલોક સંબંધી ચંદ્ર સૂર્યના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અસ્તિત્વના સંબંધમાં આ પ્રતિપત્તિયો છે. કોઈ એક કહે છે કે ચંદ્ર એકજ છે, અને તે સર્વજગતને અવભાસિત કરે છે. ઉદ્યોતીત કરે છે. તથા એકજ સૂર્ય સર્વલોકને તાપિત કરે છે. પ્રકાશિત કરે છે એ એક બીજો કહે છે. ત્રણ ચંદ્ર અને ત્રણ સૂર્ય સઘળા જગતને અવભાસિત કરે છે ઉદ્યોતીત કરે છે, તાપિત કરે છે, પ્રભાસિત કરે છે. કોઈ એક ત્રીજો કહે છેકે-સાડા ત્રણ ચંદ્ર સમસ્ત લોકને અવભાસિત કરે છે, ઉદ્યોતીત કરે છે, સાડાત્રણ સૂર્ય સંપૂર્ણ જગતને તાપિત કરે છે. પ્રકાશિત કરે છે. આ પ્રમાણેના અભિલાપ પ્રકારથી કહેવું. હું આ વિષયમાં આ વક્ષ્યમાણ પ્રકારથી મારા મતનું પ્રતિપાદન કરૂં છું. બે સૂર્યોએ તાપિત કરેલ છે. કરે છે અને તાપિત કરશે. છપ્પન નક્ષત્રોએ યોગ કર્યો હતો કરે છે અને કરશે. એકસોછોંતેર ગ્રહો ચાર કરતા હતા, ચાર કરે છે, અને ચાર કરશે, એક લાખ તેત્રીસહજાર નવસોપચાસ તારાગણ શોભા કરતા હતા, શોભા કરે છે, કરશે. બે ચંદ્રો અને બે સૂર્યો તથા છપ્પન નક્ષત્રો હોય છે તથા ગ્રહો એકસોબોંતેર જંબૂદ્વીપમાં વિચરે છે, તથા કોટિકોટિ તારાગણ એક લાખ તેત્રીસહજાર નવસોપચાસ હોય છે, જંબૂદ્વીપમાં લવણનામનો સમુદ્ર વૃત્ત વલયાકાર બધી દિશાઓ અને વિદિશાઓને વીંટળાઇને રહે છે, લવણસમુદ્ર સમચક્રવાલથી સંસ્થિત ચક્રવાલના આકારના જેવા સંસ્થાનવાળો છે.

લવણ સમુદ્ર ચક્રવાલ વિષ્કંભથી કેટલા પરિમાણ વાળો કહેલ છે ? તેની પરિધિ કેટલી હોય છે ? બે લાખ યોજન ચક્રવાલવિષ્કંભથી છે, ૧૫૮૧૧૩૯થી કંઈક વિશેષ ન્યૂન પરિધિવાળો કહેલ છે. લવણ સમુદ્રમાં ચાર ચંદ્રો પ્રભાસિત થતા હતા, થાય છે અને પ્રભાસિત થશે ચાર સૂર્યો તાપિત કરતા હતા, તાપિત કરે છે અને કરશે એકસો બારસો નક્ષત્રો યોગ કરતા હતા, યોગ કરે છે, અને યોગ કરશે ત્રણસોબાવન મહાગ્રહ ચાર કરતા હતા ચાર કરે છે, અને ચાર કરશે. ૨૬૮૯૦૦ તારાગણ કોટિ કોટિ શોભા કરતા હતા, શોભા કરે છે, અને શોભા કરશે. હવે લવણ સમુદ્રના પરિક્ષેપાદિનું ત્રણ ગાથા દ્વારા નિરૂપણ કરવામાં આવે છે.-( પૂર્વોક્ત કથનનેજ સંગ્રહીત કરવાવાળી આ ગાથાઓ છે. તેમાં વિશેષ કંઈજ કહેલ નથી.) લવણ સમુદ્રમાં ધાતકી ખંડ નામનો દ્વીપ વલયાકારથી આવેલ છે. તથા તે સમચક્રવાલ સંસ્થિત છે. ધાતકી ખંડ દ્વીપનો ચક્રવાલ વિષ્કંભ કેટલો છે ? અને તેની પરિધી કેટલા પ્રમાણની છે ? ચારલાખ યોજન ચક્રવાલ વિષ્કંભથી છે. તથા ૪૧૧૦૯૬૧ ધાતકી ખંડની પરિધિ હોય છે. ધાતકીખંડ દ્વીપમાં બાર ચંદ્ર પ્રભાસિત થતા હતા. થાય છે અને થશે. ત્રણસોછત્રીસ નક્ષત્રો ધાતકી ખંડ દ્વીપમાં યોગ કરતા હતા, કરે છે, અને યોગ કરશે. ૧૦૫૬ મહાગ્રહો ચાર કરતા હતા, ચાર કરે છે. અને ચાર કરશે.૮૩૦૭૦૦ તારા ગણ કોટિકોટિ શોભા કરતા હતા શોભા કરે છે અને શોભા કરશે. હવે આ વિષયને ત્રણ ગાથા દ્વારા સ્પષ્ટ કરે છે- (આ સઘળું કથન પહેલા કહેવાઈ ગયેલ છે.)

ધાતકીખંડ દ્વીપમાં ફરતા કાલોદધિ નામનો સમુદ્ર વૃત્તવલયાકાર સંસ્થાનથી સંસ્થિત યાવત્ સમ ચક્રવાલ સંસ્થાનથી સંસ્થિત હોય છે. કાલોદધિ સમુદ્ર આઠલાખ યોજનના ચક્રવાલ વિષ્કંભવાલો પ્રજ્ઞપ્ત કરેલ છે. તથા ૯૧૭૦૬૦૫ યોજનથી કંઈક વધારે પરિધિવાળો કહેલ છે. કાલોદધિ સમુદ્રમાં બેંતાલીસ ચંદ્રોએ પ્રકાશ કર્યો હતો, કરે છે અને કરશે. બેંતાલીસ સૂર્યો ત્યાં આતાપિત થયા હતા થાય છે અને થશે. અગ્યાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સોછોંતેર નક્ષત્રોએ કાલોદધિ સમુદ્રમાં યોગ કર્યો હતો યોગ કરે છે અને યોગ કરશે. ત્રણહજાર છસો છન્નુ મહા ગ્રહોએ સંચરણ કર્યું હતું. કરે છે, અને સંચરણ કરશે. ૨૮૧૨૯૫૦ કોટિકોટિ તારા ગણોએ શોભા કરી હતી શોભા કરે છે અને શોભા કરશે, હવ આનેજ ચાર ગાથાઓ દ્વારા કહે છે. (આ ગાથાઓ મૂળના કથન પ્રમાણેજ છે.) કાલોદધિ સમુદ્ર ફરતો પુષ્કરવર નામનોદ્વીપ વૃત્ત વલયાકાર સંસ્થાનથી યુક્ત થઈને ચારે તરફ વીંટળાઈને રહે છે. પુષ્કરવરદ્વીપ શું સમચક્રવાલ સંસ્થાન વાળો છે ? પુષ્કરવરદ્વીપ સમચક્રવાલ સંસ્થિત હોય છે. સોળહજાર યોજન ચક્રવાલ વિષ્કંભથી કહેલ છે. તથા તેની પરિધિ એક કરોડ બાણુલાખ ઓગણપચાસહજાર યોજન છે. પુષ્કરવરદ્વીપમાં ચુંમાલીસસો ચંદ્રો પ્રભાસિત થયા હતા, થાય છે, અને પ્રભાસિત થશે ? ચુંમાલીસસો સૂર્યો તાપિત થયા હતા તાપિત થાય છે. અને તાપિત થશે. ચારહજાર બત્રીસ નક્ષત્રોએ યોગ કર્યો હતો યોગ કરે છે, અને યોગ કરશે. બારહજાર છસોબોંતેર મહાગ્રહોએ ચાર કર્યો હતો ચાર કરે છે અને ચાર કરશે. ૯૬૪૪૪૦૦ તારાગણ કોટિકોટીએ શોભા કરી હતી, શોભા કરે છે અને શોભા કરશે. હવે આ બધાની ચાર સંગ્રહ ગાથા કહે છે. (આનો અર્થ મૂળના કથન અનુસાર કહેલ છે. )

પુષ્કરવરદ્વીપનો બહુ મધ્ય દેશભાગમાં માનુષોત્તર નામનો પર્વત વલયાર સંસ્થાનથી રહેલ છે. તેથી આ પુષ્કરવરદ્વીપ બે ભાગમાં વહેંચાઈને રહેલ છે. અભ્યંતર અને બાહ્ય આ રીતના બે ભાગથી વહેંચાયેલ છે. તેથી અભ્યંતર પુષ્કરાર્ધ અને બાહ્ય પુષ્કરાર્ધ આ પ્રમાણે કહેવામાં આવે છે. પુષ્કરાર્ધ દ્વીપ સમચક્રવાલથી સંસ્થિત છે. વિષમ ચક્રવાલથી સંસ્થિત નથી. અભ્યંતર પુષ્કરાર્ધ ચક્રવાલ વિષ્કંભથી ૧૪૨૩૦ ૨૪૯ પ્રમાણની પુષ્કરવર દ્વીપની પરિધી કહી છે અભ્યન્તર પુષ્કરાર્ધદ્વીપમાં બોંતેર ચંદ્રો પ્રભાસિત થતા હતા પ્રભાસિત થાય છે અને પ્રભાસિત થશે. તથા બોંતેર સૂર્ય તપતા હતા તપે છે તપશે. બેહજાર સોળ નક્ષત્રોએ યોગ કર્યો હતો યોગ કરે છે અને યોગ કરશે. ૬૩૩૬ મહાગ્રહોએ ચાર કર્યો હતો ચાર કરે છે અને ચાર કરશે. ૪૮૨૨૦૦ તારાગણ કોટિકોટિ શોભા કરતા હતા શોભા કરે છે અને શોભા કરશે. હવે મનુષ્ય ક્ષેત્રના વિષયમાં કથન કથન કરવામાં આવે છે. મનુષ્યક્ષેત્ર પિસ્તાલીસલાખ યોજન આયામ વિષ્કંભથી એક કરોડ યોજન બેંતાલીસલાખ આટલા પ્રમાણની પરિધીવાળું કહેલ છે. એક લાખ જંબૂદ્વીપનું તે પછી લવણસમુદ્રનું પૂર્વનું બેલાખ અને પશ્ચિમનું બેલાખ આ રીતે ચાર લાખ ધાતકીખંડની બન્ને તરફના ચાર ચાર લાખ આ રીતે આઠ લાખ તથા કાલોદધિ સમુદ્રના પૂર્વપશ્ચિમ બન્ને બાજુના મેળવાથી સોળલાખ તથા અભ્યંતર પુષ્કરાર્ધ પૂર્વ પશ્ચિમના આઠ આઠલાખ વિષ્કંભ માનુષક્ષેત્રનો થાય છે. મનુષ્ય ક્ષેત્રમાં પૂર્વપ્રતિપાદિત ક્રમ પ્રમાણે એકસોબત્રીસ ચંદ્ર પ્રભાસિત થતા હતા, પ્રભાસિત થાય છે અને પ્રભાસિત થશે એકસોબત્રીસ સૂર્ય તપતા હતા, તપે છે અને તપશે ? ત્રણ હજાર છસોછન્નુ નક્ષત્રો યોગ કરતા હતા, યોગ કરે છે અને યોગ કરશે.- અગીયાર હજાર છસોસોળ મહાગ્રહો ચાર કરતા હતા, ચાર કરે છે અને ચાર કરશે. અઠ્યાવીશ લાખ ચાલીસહજારને સાતસો તારાગણ કોટિકોટિ શોભા કરા હતા, શોભા કરે છે, અને શોભા કરશે ? અહીં સૂત્રમાં કહેલા તમામ વિષયોને ગાથાઓ દ્વારા આચાર્ય કહે છે. આઠ લાખ યોજન આભ્યંતર પુષ્કરાર્ધનો વિષ્કંભ- છે. મનુષ્ય ક્ષેત્રનો વિષ્કંભ પિસ્તા-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લીસ લાખ યોજનનો થાય છે. ૧૪૨૩૦ થી ૨૪૯ કંઈક વધારે માનુષક્ષેત્રનો પરિધિ થાય છે. બોંતેર ચંદ્ર અને બોંતેર સૂર્ય કહ્યા છે, આ ચંદ્ર સૂર્યો અભ્યંતર પુષ્કરાર્ધમાં વિચરણા કરતા પ્રકાશિત થાય છે. છહજાર ત્રણસોછત્રીસ આભ્યંતર પુષ્કરાર્ધમાં આટલા મહાગ્રહોએ ચાર કર્યો હતો કરે છે, અને કરશે. બેહજારસોળ નક્ષત્રોએ અભ્યંતર પુષ્કરાર્ધમાં યોગ કર્યો હતો યોગ કરે છે અને યોગ કરશે. ૪૮૨૨૨૦૦ તારાગણ કોટિ કોટીએ શોભા કરી હતી શોભા કરે છે અને કરશે. એકસોબત્રીસ ચંદ્રો અને એકસો બત્રીસ સૂર્યો સંપૂર્ણ મનુષ્યલોકને પ્રકાશિત કરીને વિચરણ કરે છે. ૧૧૬૧૬ મહાગ્રહો સમગ્ર મનુષ્યલોકમાં ચાર કરતા હતા, ચાર કરે છે અને ચાર કરશે ૩૬૯૬ થી કંઈક વધારે નક્ષત્રો મનુષ્ય લોકમાં યોગ કરતા હતા, યોગ કરે છે અને યોગ કરશે. ૮૮૪૦ ૭૦૦ આટલા કોટિકોટિ તારા ગણો સંપૂર્ણ મનુષ્ય લોકમાં શોભા કરતા હતા, શોભા કરે છે, અને શોભા કરશે. આ પહેલાં કહેલ ગાથા દ્વારા પ્રતિપાદન કરેલ સંખ્યાવાળા તારાગણો બધા મનુષ્ય લોકમાં કહેલ છે. મનુષ્યલોકની બહાર જે તારાઓ છે તે સર્વજ્ઞ જીન ભગવાને અસંખ્યાત કહ્યા છે. તારાઓ જ્યોતિષ્ક દેવના વિમાનરૂપ કદંબ ના પુષ્પસમાન બધીજ તરફ વિસ્તારવાળું કિંજલ્કોથી વ્યાપ્ત નીચે સંકુચિત ઉપર વિસ્તાર યુક્ત ઉંચુ કરેલ અર્ધા કપિત્થ ફળના જેવા આકાર વાળુ હોય છે.

સૂર્ય- ચંદ્ર-ગ્રહ-નક્ષત્ર અને તારાગણ મનુષ્ય લોકમાં એટલા પ્રમાણના સર્વજ્ઞ ભગવાને કહ્યા છે યથોક્ત સંખ્યાવાળા જે ચંદ્ર-સૂર્ય-ગ્રહ, નક્ષત્ર અને તારાઓના સકલ મનુષ્ય લોક ભાવી નામો અને ગોત્ર યથાયોગ્ય સ્વસિદ્ધાંત પરિભાષાથી યુક્ત કહેલ નામ ગોત્ર કહેવાય છે અહીં બે ચંદ્ર અને બે સૂર્યોનું એક પિટક કહેવાય છે, આ પ્રમાણેના છાસઠ પિટકો ચંદ્ર સૂર્યના સંપૂર્ણ મનુષ્યલોકમાં હોય છે. કારણકે મનુષ્ય લોકમા એકસો બત્રીસ ચંદ્રો અને એકસો બત્રીસ સૂર્યો હોય છે. સંપૂર્ણ મનુષ્યલોકમાં કુલ સંખ્યાથી નક્ષત્રોના પિટકો છાસઠ થાય છે. નક્ષત્રોના પિટકોનું પરિમાણ બે ચંદ્રની નક્ષત્ર સંખ્યા ના પ્રમાણ બરાબર હોય છે. એક એક પિટકમાં છપ્પન નક્ષત્રો હોય છે. સંપૂર્ણ મનુષ્ય લોકમાં છાસઠ પિટકો મહાગ્રહોના હોય છે. ગ્રહના પિટકનું પરિમાણ બે ચંદ્રની ગ્રહ સંખ્યાના પરિમાણ જેટલું હોય છે. એક ગ્રહ પિટકમાં એકસો છોંતેર ગ્રહો હોય છે. મનુષ્યલોકમાં ચંદ્ર સૂર્યની ચાર પંક્તિયો થાય છે. બે પંક્તિ ચંદ્રની તથા બે પંક્તિ સૂર્યની હોય છે. એક એક પંક્તિમાં છાસઠ છાસઠ ચંદ્ર સૂર્ય હોય છે. આ મનુષ્યલોકમાં બધા મળીને છપ્પન નક્ષત્રોની પંક્તિયો હોય છે, એકએક પંક્તિમાં છાસઠ છાસઠ નક્ષત્રહોય છે. મનુષ્યલોકમાં અંગારકાદિ ગ્રહોની કુલ સંખ્યાથી છસોસિત્તેર પંક્તિયો હોય છે. એક એક પંક્તિમાં છાસઠ છાસઠ ગ્રહો હોય છે. મનુષ્યલોકવર્તિ એ બધાજ ચંદ્રો અને બધા સૂર્યો અને બધા ગ્રહગણ અનવસ્થિત એટલેકે ક્રમરહિત યથાયોગથી બીજા નક્ષત્રોની સાથે યોગ કરીને રહે છે. પ્રકર્ષથી બધી દિશાઓ અને વિદિશાઓમાં પરિભ્રમણ કરતાં ચંદ્ર-સૂર્ય-ગ્રહ-નક્ષત્ર અને તારાઓની દક્ષિણદિશામાંજ મેરૂ પર્વત હોય છે. જે મંડળ પરિભ્રમણમાં જે મંડળનું દક્ષિણ આવર્ત હોય એ પ્રદક્ષિણાવર્તમંડળ કહેવાય છે. એ મેરૂને લક્ષ્ય કરીને પરિભ્રમણ કરે છે. નક્ષત્રો અને તારાઓના મંડળ અવસ્થિત હોય છે. એ નક્ષત્રો અને તારાઓ પ્રદક્ષિણાવર્તજ હોય છે. મેરૂને લક્ષ્ય કરીને વિચરણા કરે છે. ચંદ્ર સૂર્યનું ઉપર નીચેનું ગમન થતું નથી. પોતપોતાની સીમાને લક્ષ કરીનેજ સૂર્ય ચંદ્ર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભ્રમણ કરે છે. તે મંડળની બહાર નીકળીને કદાપિ ભ્રમણ કરતા નથી. સાભ્યન્તર બાહ્ય સંક્રમણ થાય છે. ચંદ્ર સૂર્યના તથા નક્ષત્ર અને મહાગ્રહોના ચાર વિશેષથી મનુષ્યોના સુખદુઃખ પ્રકાર થાય છે. પ્રાયઃ શુભ કર્મના શુભદ્રવ્ય ક્ષેત્રાદિ સામગ્રી વિપાક નું કારણ હોય છે. અને અશુભવેદ્ય કર્મના અશુભ દ્રવ્યક્ષેત્ર વિગેરે સામગ્રી હોય છે.

સૂર્ય ચંદ્રના સર્વબાહ્ય મંડળથી અભ્યંતર મંડળમાં પ્રવેશના સમયે તાપક્ષેત્ર દરરોજ ધીરે ધીરે નિયમથી આયામથી વધે છે. તથા જે પ્રકારના ક્રમથી વધે છે, એજ ક્રમથી સૂર્ય ચંદ્રના સર્વાભ્યંતર મંડળથી બહાર નીકળવાને સમયે એજ સૂર્ય ચંદ્રનું તાપક્ષેત્ર ન્યૂન થાય છે. ચંદ્ર સૂર્યના તાપક્ષેત્રનો વધઘટનો ક્રમમાર્ગ આ રીતે હોય છે. કસંબુના પુષ્પના આકારનો એટલેકે નાલિકાના પુષ્પ સરખા આકારનો હોય છે.અંદર સંકુચિત મેરૂની દિશામાં કળીના આકાર જેવો તથા બહાર લવણ સમુદ્રની દિશામાં પુષ્પના આકાર જેવો એજ પ્રમાણે ચોથા પ્રાભૃતમાં કહેલા વિશેષણોવાળા સંસ્થાનની સ્થિતિ સમજી લેવી. શુકલ પક્ષમાં ચંદ્ર કેવી રીતે વધે છે ? તથા કયા કારણથી ચંદ્રનો કૃષ્ણપક્ષમાં ક્ષય થાય છે ? તથા કયા કારણથી ચંદ્રનો એક પક્ષ કૃષ્ણ અને એક પક્ષ શુકલ હોય છે ? આ બધા પ્રશ્નોના ઉત્તર આ જ શાસ્ત્રમાં પૂર્વે કહેવાયા છે મનુષ્યક્ષેત્રમાં પાંચ પ્રકારના જ્યોતિષ્ક હોય છે, જે આ પ્રમાણે છે. ચંદ્ર-સૂર્ય-ગ્રહ નક્ષત્ર અને તારાઓ આ પાંચે સંચરણશીલ હોય છે. આ મનુષ્ય ક્ષેત્રથી પર એટલે કે બહાર જે બાકીના ચંદ્રો-સૂર્યો-ગ્રહો-નક્ષત્રો અને તારાઓની વિમાનો ની ગતિ થતી નથી, અને તેઓ મંડળ ગતિથી પરિભ્રમણ કરતા નથી. જે દ્વીપ સમુદ્રમાં નક્ષત્ર પરિમાણ, ગ્રહ પરિમાણ, તારા પરિમાણને જાણવા ઈચ્છે તો એ દ્વીપના કે સમુદ્રના ચંદ્રના પરિવારરૂપ નક્ષત્ર પરિમાણ, ગ્રહપરિમાણ અને તારા પરિમાણને તેનાથી ગુણા કાર કરવાથી જેટલા થાય તેટલા પ્રમાણના એ દ્વીપમાં કે સમુદ્રમાં નક્ષત્ર પરિમાણ કે ગ્રહ પરિમાણ અથવા તારા પરિમાણ થઈ જાય છે. જેમકે-લવણ સમુદ્રમાં નક્ષત્રનું પરિમાણ જાણવું હોય તો લવણ સમુદ્રમાં ચાર ચંદ્ર હોય છે. એક ચંદ્રના પરિવારરૂપ અઠ્યાવીસ નક્ષત્રો હોય છે, તેનો ચારથી ગુણાકાર કરવો તો એકસો બાર થઈ જાય છે. લવણ સમુદ્રમાં એટલાજ નક્ષત્રો હોય છે, તથા એક ચંદ્રનો ગ્રહપરિવાર અઠ્યાસી હોય છે. લવણ સમુદ્રમાં ચાર ચંદ્ર હોય છે. તેથી અઠ્યાશીનો ચારથી ગુણાકાર કરવો. આ રીતે ત્રણસોબાવન ચાર ચંદ્રનો ગ્રહ પરિવાર થઈ જાય છે. અર્થાત્ લવણ સમુદ્રમાં આટલા ગ્રહો હોય છે, માનુષોત્તર પર્વતની બહાર ચંદ્ર સૂર્યનો પ્રકાશ અવસ્થિત રહે છે, અર્થાત્ એકરૂપ પ્રતિભાસિત થતો રહે છે. સૂર્ય સદાકાળ અનતિ ઉષ્ણ તેજવાળો હોય છે. મનુષ્યલોકની સમાન કદાપિ તેજની ક્ષય વૃદ્ધિ થતી નથી ચંદ્રમા પણ સર્વદા અનતિશીત લેશ્યાવાળો હોય છે મનુષ્યલોકમાં શિશિર કાળની જેમ અત્યંત શીત તેજવાળો હોતો નથી

મનુષ્ય ક્ષેત્રની બહાર બધા ચંદ્ર સર્વદા અભિજીત નક્ષત્રની સાથે યુક્ત રહે છે. તથા સૂર્ય પુષ્ય નક્ષત્રની સાથે વર્તમાન રહે છે. મનુષ્ય ક્ષેત્રની બહાર ચંદ્રથી સૂર્યનું અંતર તથા સૂર્યથી ચંદ્રનું અંતર પુરેપુરૂં પચાસહજાર યોજન હોય છે. માનુષોત્તર પર્વતની બહાર એક સૂર્યથી બીજા સૂર્યનું પરસ્પરનું અંતર તથા એક ચંદ્રથી બીજા ચંદ્રનું પર સ્પરનું અંતર એક લાખ યોજનનું હોય છે. ચંદ્ર સૂર્યનું પરસ્પરનું અંતર પચાસહજાર યોજન હોય છે મનુષ્ય લોકની બહાર પંક્તિમાં રહેલા ચંદ્ર સૂર્ય સૂર્યથી અંતરિત ચંદ્ર હોય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે અને ચંદ્રથી અંતરિત સૂર્ય હોય છે. એ ચંદ્ર સૂર્ય કેવા પ્રકારના હોય છે ? તે માટે કહે છે. અનેક વર્ણથી વર્ણવાળા પ્રકાશરૂપ લેશ્યાવળા ચંદ્ર સૂર્યથી અંતરિત હોવાથી ચિત્ર અંતરવાળા કહ્યા છે. અને સૂર્ય ચંદ્રાન્તરિત હોવાથી ચિત્ર અંતર એમ કહેલ છે. ચંદ્ર શીતલેશ્યાવાળો હોવાથી અને સૂર્ય ઉષ્ણલેશ્યાવાળો હોવાથી ચિત્ર લેશ્યાવાળા કહેવાય છે. ચંદ્રની સુખ લેશ્યા હોય છે. તથા સૂર્યની ચંદ્ર લેશ્યા હોય છે. મનુષ્ય ક્ષેત્રમાં જે ચંદ્ર -સૂર્ય-ગ્રહગણ નક્ષત્ર તારારૂપ દેવો છે તેઓ શું ઉર્ધ્વોપપન્નક હોય છે ? અથવા વિમા નોપપન્નક હોય છે ? અથવા ચારોપપન્નક હોય છે ? અથવા ચાર સ્થિતિક અભાવવાળા હોય છે ? અથવા ગતિરતિક હોય છે ? એ ચંદ્રાદિ દેવો ઉર્ધ્વોપ પન્નક હોતા નથી. અને કલ્પોપપન્નકપણ નથી હોતા. પરંતુ વિમાનોપપન્નક હોય છે. તથા ચારોપપન્નક હોય છે. ચાર સ્થિતિક એટલેકે ગતિરહિત હોતા નથી. તથા સ્વભાવથીજ ગતિરતિક એટલે કે સાક્ષાત્ ગતિયુક્તજ હોય છે. એ ચંદ્રાદિ દેવો ઉપરની તરફ મુખ કરેલ કલંબુકા પુષ્પના જેવા આકારવાળું તથા હજારો યોજન પ્રમાણવાળા તાપક્ષેત્ર સાહસ્રિકોથી અનેક હજાર સંખ્યાવાળા બાહ્યપર્ષદાઓથી વિકુર્વિત અનેકરૂપ ધારિયોથી કરેલ આહત એટલેકે અવિચ્છિન્ન નાટ્યગીત વાજિંત્ર તથા જે તંત્રી તલતાલ અને ત્રુટિત તથા બાકીની તૂર્ય, ઘનમૃદંગ ના તૂમુલ શબ્દો કે જેને નિપુણ પુરૂષોદ્વારા શ્રેષ્ઠ પ્રકારથી વગાડવામાં આવેલ મૃદંગદિની ધ્વનિથી તથા ગતિ રતિવાળા, બાહ્ય પર્ષદની અંતર્ગતના દેવો દ્વારા વેગથી જતા વિમાનોમાં ઉત્કર્ષથી કર વામાં આવેલ સિંહનાદ તથા બોલ કલકલ એટલે કે વ્યાકુલિત શબ્દસમૂહને તેના અવાજથી મેરૂને લક્ષ કરીને પરિભ્રમણ કરે છે. ઈન્દ્રના વિરહકાળમાં ચાર કે પાંચ સામાનિક દેવો એ સ્થાનને પ્રાપ્ત કરીને વિચરે છે. તે વિરહિત ઈન્દ્રસ્થાન જઘન્યથી એક સમય યાવત્ ઉત્કૃષ્ટથી છમાસ પર્યન્ત એ ઈન્દ્ર વિનાના સ્થાનની સામાનિક દેવો રક્ષા કરે છે.

JAINSITE.com જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્

મનુષ્યક્ષેત્રની બહાર રહેલા જે ચંદ્ર સૂર્ય ગ્રહ-નક્ષત્ર અને તારાઓ જ્યોતિષ્ક દેવ છે, એ ઇન્દ્રાદિદેવો ઉર્ધ્વોપપન્નક હોતા નથી. તથા કલ્પોપપન્નક પણ હોતા નથી. પરંતુ વિમાનોપપન્નક હોય છે. તથા ચારોપપન્નક નથી હોતા અર્થાત્ મંડળગતિથી ચાર કરતા નથી. પરંતુ ચાર સ્થિતિક ચાર રહિત હોય છે. તેથીજ તેઓ ગતિરતિક હોતા નથી. તથા ગતિસમાપન્નક પણ હોતા નથી. પાકેલ ઈંટના આકારથી સંસ્થિત થઈને એક લાખ યોજનવાળા તાપક્ષેત્રથી હોય છે. એજ પ્રમાણે મનુષ્ય ક્ષેત્રની બહાર રહેલ એ ચંદ્ર-સૂર્ય-ગ્રહ-નક્ષત્ર અને તારારૂપોનું તાપક્ષેત્ર પણ આયામથી અનેક લાખ યોજન પ્રમાણવાળું અને વિસ્તારથી એક લાખ યોજન પરિમિત હોય છે. શુભલેશ્યાંવાળા અર્થાત્ આનંદદાયક પ્રકાશયુક્ત આ વિશેષણ ચંદ્રમાનું છે. તેથી તે અત્યંત ઠંડા તેજ વાળો નહીં પણ સુખોત્પાદક હેતુભૂત પરમલેશ્યાવાળો, મંદલેશ્યા એટલેકે અનતિ ઉષ્ણ લેશ્યાવાળો નહીં. આ વિશેષણ સૂર્ય સંબંધી છે. તેજ કહે છે. મંદાતપલેશ્યા, અનતિ-ઉષ્ણ સ્વભાવની તડકારૂપ લેશ્યાવાળો, તે ચંદ્ર ચિત્રાન્તર લેશ્યા આ પ્રકારના તે ચંદ્ર સૂર્ય અન્યાન્ય અવગાઢ એટલેકે મળેલી લેશ્યાવાળા હોય છે. ચંદ્રાદિ દેવોનો ઈંદ્ર જ્યારે ચ્યવિત થાય છે, જ્યાં સુધી બીજો ઈન્દ્ર એ સ્થાન પર ન આવે એટલા કાળ પર્યન્ત ચાર કે પાંચ સામાનિક દેવો પરસ્પર મળીને ઈન્દ્ર શૂન્ય એ સ્થાનનું જે પ્રમાણે ઈન્દ્ર પાલન કરતો હોય એજ પ્રમાણે રક્ષણ કરે છે પુષ્કરવર નામનો દ્વીપ અને પુષ્કરોદ નામનો સમુદ્ર વૃત્ત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વલયાકાર સંસ્થાનવાળો અને સર્વતઃ વ્યાપ્ત થઈને રહે છે. પુષ્કરવરોદ સમુદ્રનો ચક્રવાલ વિષ્કંભ કેટલો છે ? અધિકાધિક સંખ્યાવાળા હજારો યોજનના આયામ વિષ્કંભવાળો દીર્ઘ વ્યાસવાળો પ્રજ્ઞપ્ત કરેલ છે. એજ પ્રમાણે અધિ કાધિક સંખ્યાવાળા હજારો યોજન પ્રમાણવાળા વ્યાસ પ્રમાણવાળા પરિક્ષેપથી કહેલ છે. પુષ્કરોદ સમુદ્રમાં સંખ્યેય ચંદ્રો પ્રભાસિત થતા હતા, પ્રભાસિત થાય છે, અને પ્રભાસિત થશે ! યાવત્ સંખ્યેય તારાગણ કોટિકોટિ શોભા કરતા હતા, શોભા કરે છે, અને શોભા કરશે, એજ પ્રમાણે વરૂણવરાદિ દ્વીપમાં અને વરૂણોદાદિ સમુ દ્રનાઅભિલાપો કહી લેવા, હવે કુંડલવરાવભાસ સમુદ્રની સ્થિતિનું વર્ણન કરતાં શ્રીભગ વાન્ કહે છે- કુંડલવરાવભાસ સમુદ્રને રૂચકદ્વીપ કે જે વૃત્ત વલયાકાર સંસ્થાનથી રહેલ છે. તે ચારે બાજુથી વ્યાપ્ત કરીને રહે છે. આ પ્રમાણે કહીને ફરીથી કહે છે. રૂચક નામનો દ્વીપ સમચક્રવાલના આકારથી યુક્ત છે. વિષમચક્રવાલ સંસ્થાનથી યુક્ત નથી. રૂચક દ્વીપ વ્યાસમાન અસંખ્યેય યોજન પરિમિત તથા ત્રણ ગણી વ્યાસની સમીપની પરિધીપણ અસંખ્યેય યોજન પરિમિત કહેલ છે. રૂચકદ્વીપમાં સંખ્યા તીત ચંદ્રો પ્રકાશિત થતા હતા, પ્રકાશિત થાય છે. અને પ્રકાશિત થશે. એજ પ્રમાણે સંખ્યાતીત તારાગણો કોટિકોટિ શોભા કરતા હતા, શોભા કરે છે. અને શોભા કરશે.

હવે પાંચ દેવતાવાળાદ્વીપ સમુદ્રોનું પ્રતિપાદન કરવામાં આવે છે. સૂર્યવરાવ ભાસોદ સમુદ્રમાં દેવ નામનો દ્વીપ વૃત્ત વલયના જેવા આકારવાળો ચારે તરફથી ઘેરીને રહેલ છે. યાવત્ તે વિષમ ચક્રવા લથી સંસ્થિત નથી. દેવનામના વ્યાસમાન અસંખ્યેય યોજન સહસ્ર પરિમિત કહેલ છે. તથા તેની પરિધિ પણ અસંખ્યેય યોજન પરિમિત હોય છે. દેવ નામના દ્વીપમાં અસં ખ્યેય ચંદ્રો પ્રકાશિત થતા હતા, પ્રકાશિત થાય છે, અને પ્રકાશિત થશે, યાવત્ અસંખ્યાત તારાગણ કોટિકોટિએ શોભા કરી હતી શોભા કરે છે, અને શોભા કરશે. દેવદ્વીપના પ્રતિપાદનના પ્રકારથી જ દેવોદ સમુદ્રમાં પણ અસંખ્યેય ચંદ્રો પ્રભાસિત થતા હતા, પ્રભાસિત થાય છે. અને પ્રભાસિત થશે, તથા અસંખ્યેય સૂર્યો તાપિત થતા હતા, તાપિત થાય છે અને તાપિત થશે. આ પ્રમાણેના ક્રમથી નાગ નામનો દ્વીપ દેવોદ સમુદ્રના કથન પ્રમાણે નાગોદ સમુદ્રના સંબંધમાં પણ પ્રતિપાદન કરી લેવું, નાગદ્વીપની સરખો યક્ષ દ્વીપ તથા નાગોદ સમુદ્ર પ્રમાણે યક્ષોદ સમુદ્રનું કથન કહી લેવું, યક્ષ દ્વીપની સમાન ભૂતોદ સમુદ્ર તથા ભૂતદ્વીપ તથા યક્ષોદ સમુદ્રની સમાન ભૂતોદ સમુદ્ર તથા ભૂતદ્વીપની સમાન સ્વયંભૂરમણદ્વીપ તથા ભૂતોદ સમુદ્રની જેમ સ્વયંભૂર મણ સમુદ્ર અર્થાત્ આ દેવાદિ પાંચ દ્વીપો તથા દેવોદાદિ પાંચ સમુદ્રો એક સરખા છે. તેમાં ત્રિપ્રત્યવતારતા હોતી નથી. જમ્બૂદ્વીપ કેટલા કહ્યા છે ? હે ગૌતમ ! અસંખ્યેય જંબૂ દ્વીપો કહ્યા છે. દેવદ્વીપો કેટલા કહ્યા છે ? હે ગૌતમ ! દેવદ્વીપ એકજ હોય છે. તથા દેવ દ્વીપ, દેવસમુદ્ર નાગદ્વીપ, નાગોદસમુદ્ર, યક્ષદ્વીપ યક્ષોદસમુદ્ર, ભૂતદ્વીપ ભૂતોદ સમુદ્ર અને સ્વયંભૂરમણ દ્વીપ અને સ્વયંભૂરમણ સમુદ્ર આ દસે એક આકારવાળા આદિ છે.

**પાહુડ-૧૯ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## પાહુડ-૨૦

[૧૯૭-૨૦૭] હે ભગવન્ ! કયા પ્રકારથી અને કયા આધારથી આપે ચંદ્રાદિનો અનુભાવ કહેલ છે ? શ્રીભગવાન્ કહે છે. ચંદ્રાદિના અનુભાવના સંબંધની બે પ્રતિપ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્તીયો છે પહેલો તીર્થિક પ્રતિપાદન કરે છે. ચંદ્ર સૂર્ય જીવરૂપ નથી પરંતુ અજીવ એટલેકે મનુષ્યાદિ પ્રાણિથી ભિન્ન સ્વરૂપવાળા છે. તથા ઘન-કઠણ નથી પરંતુ સુષિર જાળના જેવા સ્વરૂપવાળા છે. તથા શ્રેષ્ઠ શરીરધારી હોતા નથી પરંતુ કેવળ કલેવર માત્રવાળા હોય છે. એ ચંદ્ર સૂર્યનું ઉર્ધ્વગમન થતું નથી. તથા એ ચંદ્ર સૂર્યોમાં ક્રિયા કરવાનો સ્વભાવ હોતો નથી. પુરૂષકાર પરાક્રમથી તેઓ રહિત હોય છે. વિજળીના જેવો ચમક દાર પદાર્થ પ્રવર્તાવતા નથી ચંદ્ર સૂર્યમાં મેઘધ્વનિનું પ્રવર્તન હોતું નથી. પરંતુ એ ચંદ્ર સૂર્યની નીચેના ભાગમાં બાદર નામનો કોઈ પદાર્થ વાયુરૂપે સમૂચ્છિર્ત થાય છે. એજ નીચેનો વાયુકાયિક બાદર વાયુની સાથે સંમૂર્છિત થઈને વિજળીને પ્રવર્તિત કરે છે. વજ્રપાત પણ કરે છે. મેઘધ્વનિ પણ કરે છે. હવે બીજા મતનું કથન કરે છે. ચંદ્ર સૂર્ય સજીવ અર્થાત્ પ્રાણિ સ્વરૂપ છે. અજીવ નથી, જડ એટલે કે પ્રાણરહિત છે. ઘનરૂપ છે, પણ સુષિર નથી. શ્રેષ્ઠ શરીરવાળા હોય સામાન્ય શરીરના આકારવાળા નથી હોતા. તેઓ ઉર્ધ્વગમન શીલ હોય છે. તેઓ ઉત્ક્ષેપણાવક્ષેપણાદિ કર્મ કરી શકે છે. પ્રાણ પણ હોય છે. આંતરિક ઉત્સાહરૂપ વીર્ય પણ હોય છે. પુરૂષકાર પરાક્રમ પણ હોય છે. ચંદ્ર સૂર્ય સ્વયં વિજળી પ્રવર્તિત કરે છે. વજ્રને પણ પાડે છે. ગર્જના પણ કરે છે. શ્રી ભગવાન્ કહે છે.- સકલશાસ્ત્ર તત્વજ્ઞ કેવળજ્ઞાન દૃષ્ટિથી અવલોકન કરીને આ પ્રમાણે કહું છું. ચંદ્ર-સૂર્ય દેવ સ્વરૂપ છે. મહર્દ્ધિક મહાસમૃદ્ધિશાળી, મહાનુભાવ મહાદ્યુતિવાળા, મહાબળશાળી મહાયશવાળા છે. દ્રવ્યાસ્તિક મતથી ઐશ્વર્ય પૂર્ણ એ દેવો પહેલા ઉત્પન્ન થયેલા અને પોતાના આયુષ્યનો ક્ષય થતાં ચવિત થાય છે.આ રીતે ભ્રમણ પરાયણ તે દેવો એક સ્થાનમાં ક્ષણમાત્ર પણ રહી શકતા નથી. એ સૂર્ય-ચંદ્ર-ગ્રહ નક્ષત્ર અને તારારૂપ વિગેરે બધા દેવો બધાજ ઐશ્વર્યથી પૂર્ણ હોય છે. બધાજ પ્રકારથી સ્વતંત્ર હોય છે. તથા કર્તું અકર્તું અન્યથા કર્તું બધુંજ કરવામાં સમર્થ હોય છે. બીજા વાયુકાયિકાદિના સંઘર્ષથી વિદ્યુદાદિને પ્રવર્તિત કરતા નથી પોતેજ વિજળીને પણ પ્રવર્તિત કરે છે. મેઘગર્જના પણ સ્વયં ઉત્પન્ન કરે છે. અશનિપાત પણ કરે છે. એઓ સર્વથા સ્વાતંત્ર્ય પણાથી ક્ષણક્ષ ણમાં જગતને નવીન કરતા રહે છે.

હે ભગવન્ ! આપે રાહુની ક્રિયા કેવી રીતેની પ્રતિપાદિત કરી છે ? શ્રી ભગવાન્ કહે છે. રાહુની પ્રવૃત્તિની વિષય વિચારણામાં આ બે પ્રતિપત્તિયો છે. પહેલો પરતીર્થિક આ પ્રમાણે કહે છે. રાહુ નામનો કોઈ દેવ વિશેષ છે જે સમયે ચંદ્ર કે સૂર્યને ગ્રસિત કરે છે. બીજો તીર્થાન્તરીય પોતાનો મત પ્રદર્શિત કરે છે કે-એ પ્રમાણેનો રાહુ નામનો કોઈ દેવ વિશેષ છે જ નહીં કે જે સમયે સમયે પર્વના દિવસે ચંદ્રને કે સૂર્યને ગ્રસિત કરે છે. ભગવાન્ કહે છે. રાહુના ભાવાભાવ વિષયના વિચારમાં જે વાદી એમ કહે છે કે-રાહુ નામનો કોઈ દેવ વિશેષ છે, તે ચંદ્ર કે સૂર્યનો ગ્રાસ કરે છે. તેનો કહેવાનો ભાવ એમ છે કે-પોતાના વિમાનમાં ભ્રમણ કરતો રાહુ નામનો દેવ વિશેષ ચંદ્ર કે સૂર્યને ગ્રસિત કરે છે. ગ્રસિત કરીને કોઈવાર અધોભાગથી ગ્રહણ કરીને અધોભાગથી જ ચંદ્ર કે સૂર્યને છોડી દે છે કોઈવાર અધોભાગથીગ્રસિત કરીને ઉપરના ભાગથી છોડી દે છે. કોઈવાર ઉપરના ભાગથી ગ્રસીત કરીને નીચેના ભાગથી છોડી દે છે. અથવા કોઈ સમય ઉપરના ભાગથી ગ્રહણ કરીને ઉપરના ભાગથી છોડે છે. હવે બીજા પ્રકારથી કહે છે.- કોઈવાર એજ રાહુ નામનો દેવ ચંદ્રને અગર સૂર્યને બિમ્બના વામ ભાગથી ગ્રહણ કરીને ડાબા ભાગથીજ

છોડી દે છે. અથવા ડાબા પાર્શ્વથી પકડીને જમણા પાર્શ્વથી છોડે છે. અથવા જમણા ભાગથી ગ્રહણ કરીને ડાબા ભાગથી છોડે છે. અથવા કોઈવાર જમણા ભાગથી ગ્રહણ કરીને જમણા ભાગથીજ છોડી દે છે. એ મતાંતરવાદિયોમાં જે એમ કહે છેકે-રાહુ નામના કોઈ દેવ નથી. કે જે સમયે સમયે ચંદ્રને કે સૂર્યને ગ્રસિત કરે છે. તેનો કહેવાનો ભાવ આ પ્રમાણે છે. આ જગતમાં આ કથ્યમાન પ્રકારના પંદર કાળા વર્ણવાળા પરમાણુ સમૂહ કહેલા છે. સિંહનાદ જટિલ ક્ષર ક્ષત અંજન ખંજન શીતલ હિમ શીતલ કૈલાસ અરૂણાભ પરિજય નભસૂર્ય કપિલ પિંગલ રાહુ કૃષ્ણપક્ષની આ પૂર્વ કથિત પંદર ભેદોવાળા કૃષ્ણવર્ણના પરમાણુ સમૂહ હમેશાં ચંદ્રના કે સૂર્યના બિંબગત પ્રભાનું આરાધન કરનારા હોય છે. ત્યારે મનુષ્યલોકમાં ચર્મચક્ષુવાળા મનુષ્યો ચર્મચક્ષુથી જોઈને આ પ્રમાણે કહે છે કે-રાહુજ ચંદ્ર સૂર્યને ગ્રસિત કરે છે. જ્યારે આ પંદર કૃષ્ણ વર્ણવાળા પુદ્ગલો સદાકાળ ચંદ્ર કે સૂર્યની લેશ્યાનુબંધ અર્થાત્ ચંદ્ર સૂર્યના બિંબની પ્રભાનું અનુચરણ નથી કરતા ત્યારે મનુષ્યલોકના મનુષ્યો આ પ્રમાણે કહેતા નથી કે-રાહુ ચંદ્ર કે સૂર્યને ગ્રસિત કરે છે. અર્થાત્ સમગ્ર બિંબને પુદ્ગલોથી આચ્છાદિત જોઈને રાહુ ગ્રસિત ચંદ્ર સૂર્યને ચંદ્રગ્રહણ અથવા સૂર્યગ્રહણ એ રીતે લોકો કહે છે પરંતુ એક દેશમાં વ્યાપ્ત થયેલ લેશ્યાનુબંધના કારણથી કૃષ્ણ થવા છતા ગ્રહણ કહેતા નથી. પૂર્વકથિત નિયમ રાહુ ચંદ્ર કે સૂર્યને ગ્રસિત કરે છે. આ પ્રમાણેના લૌકિક મતની પ્રતિપત્તિમાં વિશ્વાસ કરવો પણ પૂર્વકથિત પરતીર્થિકના અભિપ્રાયમાં વિશ્વાસ કરવો નહીં પૂર્વ કહેલ અભિપ્રાયથી સંબંધિત પોતાના મતનું સમર્થન કરે છે. એ પ્રમાણે પરતીર્થિકોના અભિપ્રાયનું સારી રીતે કથન કરીને હવે શ્રીભગવાન્ કહે છે. રાહુ દેવ નથી. એમ નથી. પરંતુ તે રાહુદેવ મહાઋદ્ધિવાળો અત્યંત સમૃદ્ધિશાળી, મહાદ્યુતિવાળો મહાબળવાળો, મહાયશવાળો અને સર્વ પ્રકારથી ઉપભોગ્ય સુખસામગ્રીવાળો હોવાથી મહાસૌખ્યસંપન્ન મહાપ્રભાવશાલી, ઉત્તમ વસ્ત્રોને ધારણ કરવાવાળો અનેક પ્રકારના મહા મુલ્યવાન્ રત્નખચિત આભરણોને ધારણ કરવાવાળો ઉત્તમ પુષ્પમાળાઓને ધારણ કરવાવાળો અનેક સામન્તાદિ પરિવારથી યુક્ત દિવ્યભોગોપ ભોગોને ભોગવવાવાળો દેવ વિશેષ રાહુ પોતાના વિમાનથી નિશ્ચિતપણાથી ભ્રમણ કરવાવાળો વિશેષ પ્રકારનો દેવ છે. તથા બીજું પણ કહે છે.- રાહુ દેવના નવનામો છે. જે આ પ્રમાણે છે. સિંહનાદ જટિલ ખરક ક્ષેત્રક ઘદ્ધર મકર મત્સ્ય કચ્છપ કૃષ્ણસર્પ રાહુ દેવના પાંચ વિમાન પાંચ વર્ણના કહેલા છે. રાહુ વિમાનના પાંચ વર્ણના પ્રતિપાદનથી વિમાનોની સંખ્યા પણ પાંચજ હોય છે. તેના વર્ણ આ પ્રમાણે છે.- કૃષ્ણ નીલ લોહિત હારિદ્ર તથા શુકલ પૂર્વોક્ત રાહુવિમાનના વર્ણવનના સંબંધમાં પર્યાયાન્તરથી કહે છે. જે કૃષ્ણ વર્ણવાળું પહેલું રાહુવિમાન કહ્યું છે તે કૃષ્ણ એટલેકે ખંજનના જેવા વર્ણવાળું હોય છે. બીજું જે નીલવર્ણવાળું વિમાન કહ્યું છે તે લીલા તુંબડાના વર્ણના જેવા વર્ણનું કહ્યું છે. લાલ વર્ણવાળું ત્રીજું વિમાન કહ્યું છે તે મજીઠના વર્ણના જેવું લાલ વર્ણનું હોય છે. હરિદ્ર વર્ણનું વિમાન કહ્યું છે, તે હલદરના જેવા વર્ણનું હોય છે. સફેદ વર્ણનું વિમાન કહ્યું છે તે તેજના પુંજ જેવું હોય છે.

જે કોઈ સમયમાં દેવરૂપરાહુ કોઈ સ્થાનથી આવતાં કે કોઈ સ્થાનમાં જતાં અથવા સ્વેચ્છાથી તે તે પ્રકારની વિક્રિયાઓ કરતી વખતે તથા પરિભ્રમણની દૃષ્ટિથી આમ તેમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભ્રમણ કરતી વખતે ચંદ્રની કે સૂર્યની લેશ્યા અર્થાત્ વિમાનમાં રહેલ શ્વેતતાને પૂર્વભાગથી આચ્છાદિત કરીને પાછળના ભાગથી છોડે છે. ત્યારે પૂર્વભાગથી ચંદ્ર કે સૂર્ય આપણને દેખાય છે. અને પશ્ચિમભાગથી રાહુ દેખાય છે. જ્યારે મોક્ષકાળમાં ચંદ્ર કે સૂર્ય પૂર્વદિશામાં પોતાનું પ્રાગટ્ય પ્રાપ્ત કરે છે ત્યારે નીચેના ભાગમાં પશ્ચિમ દિશામાં રાહુ હોય છે એજ પ્રમાણે અન્ય સ્થિતિને બતાવવા કહે છે.- જ્યારે દેવરૂપ રાહુ કોઈ સ્થાનમાંથી આવીને અગર જતાં અથવા સ્વેચ્છાથી તે તે પ્રકારની વિક્રિયા કરતાં અગર પરિચરણની બુદ્ધિથી આમતેમ ભ્રમણ કરતાં ચંદ્રના કે સૂર્યના વિમાનની શ્વેતતાને દક્ષિણ દિશાથી આવૃત્ત કરીને એટલેકે ઢાંકી દઈને ઉત્તર દિશાથી વ્યતિકરણ કરે છે. તે સમયે દક્ષિણદિશાથી ચંદ્ર અથવા સૂર્ય પ્રગટ થાય છે. તથા ઉત્તરભાગમાં રાહુ હોય છે. આ પ્રમાણે પૂર્વકથનાનુસારના અભિલાપ પ્રકારથી પશ્ચિમ દિશાથી આવૃત્ત કરીને પૂર્વદિશાથી છોડે છે. અને ઉત્તર દિશાથી આચ્છાદિત કરીને દક્ષિણ દિશાથી છોડે છે. રાહુની ક્રિયાનું નિરૂપણ કરવા માટે કહે છે કે જ્યારે રાહુદેવ કોઈ સ્થાનથી આવતી વખતે કે જતી વખતે સ્વેચ્છાથી કોઈપણ વિક્રિયા કરીને પરિચારણ બુદ્ધિથી આમતેમ જતી વખતે ચંદ્રની કે સૂર્યની લેશ્યાને દક્ષિણ પૂર્વ તરફના ખૂણાથી ઢાંકી દઈને ફરીને ઉત્તર પશ્ચિમ થી મુક્ત કરે છે. ત્યારે અગ્નિખુણામાંથી ચંદ્ર અથવા સૂર્ય પોતાને પ્રગટ કરે છે. તથા રાહુ વાયવ્ય ખુણામાં સ્થિત રહે છે. અર્થાત્ તેઓ પરસ્પર એકબીજા સન્મુખ થઈ જાય છે. રાહુદેવ જ્યારે દક્ષિણ પશ્ચિમ થી ચંદ્રની અથવા સૂર્યની લેશ્યાને આચ્છા દિત કરે છે, ત્યારે ચંદ્ર કે સૂર્ય નૈઋત્ય ખુણામાંથી પોતાને પ્રગટ કરે છે. અને રાહુ ઈશાન ખુણા માંથી ગમન કરે છે. આ પૂર્વકથિત ભાવના પ્રકારથી રાહુ નામનો દેવ જ્યારે ચંદ્રની અથવા સૂર્યની લેશ્યાને વાયવ્ય ખુણામાંથી આચ્છાદિત કરે છે, અને અગ્નિ ખુણામાંથી છોડે છે, તો આ પરિસ્થિતિમાં વાયવ્ય ખુણામાં ચંદ્ર, સૂર્ય પ્રગટ થયેલ દેખાય છે. અને અગ્નિ ખુણામાં લેશ્યાને છોડતો રાહૂ સ્થિત રહે છે. આ પ્રમાણેજ રાહૂ જ્યારે ચંદ્ર સૂર્યની એક તરફની લેશ્યાને ઈશાન ખુણામાં ઢાંકી દે છે, અને નૈઋત્ય ખુણામાંથી છોડે છે, ત્યારે ઈશાન ખૂણામાં ચંદ્ર કે સૂર્ય પ્રગટ થયેલ દેખાય છે. નૈઋત્ય કોણમાં રાહુ સ્થિત રહે છે.-

જ્યારે રાહુ ચંદ્રની કે સૂર્યની લેશ્યાને આચ્છાદિત કરીને સ્થિત રહે છે, ત્યારે લોકમાં આ પ્રમાણે કહેવામાં આવે છે, કે રાહુથી ચંદ્ર કે સૂર્ય ગ્રસિત થયેલ છે.- જ્યારે રાહૂ લેશ્યાને આચ્છાદિત કરીને પાર્શ્વભાગથી છોડે છે. ત્યારે મનુષ્યો આ પ્રમાણે કહે છે કે-ચંદ્રે કે સૂર્યે રાહુની કુક્ષિને વિદારિત કરેલ છે. જ્યારે રાહૂ ચંદ્ર અને સૂર્યની લેશ્યાને આચ્છા દીપ કરે છે તો લોકો કહે છે કે રાહુ ચંદ્ર કે સૂર્યને ગ્રસિત કરીને મુખમાંથી બહાર કાઢે છે.- જ્યારે ચંદ્ર કે સૂર્યની લેશ્યાને મધ્યભાગથી આચ્છાદિત કરીને રાહુગમન કરે છે ત્યારે મનુષ્યલોકમાં મનુષ્યો આ પ્રમાણે કહે છેકે-ચંદ્ર કે સૂર્યને રાહુએ મધ્યભાગથી વિદારિત કરેલ છે. આ કથન કેવળ જલ્પન માત્રજ છે.- જ્યારે રાહુ ચંદ્ર કે સૂર્યના ગમન કરતી વખતે અથવા આવતી વખતે કે વિકુર્વણા કરતી વખતે અથવા પરિચારણા કરતી વખતે ચંદ્રની કે સૂર્યની લેશ્યાને આચ્છાદિત કરીને નીચે બધા પક્ષમાં અને બધી દિશાઓમાં સ્થિત રહે છે, ત્યારે મનુષ્ય લોકમાં મનુષ્યો કહે છે કે-ચંદ્ર કે સૂર્યને રાહુએ બધી રીતે ગ્રસીત કરેલ છે. રાહુએ ચંદ્રને ગ્રસીત કરેલ છે.

રાહુ કેટલા પ્રકારના કહ્યા છે ? શ્રીભગવાન્ કહે છે.- ધ્રુવરાહુ અને પર્વરાહુ આજ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રમાણે બે રાહુ પ્રજ્ઞપ્ત કરેલા છે.- તેમાં જે ધ્રુવરાહુ છે, તે કૃષ્ણપક્ષની પ્રતિપદાથી આરંભ કરીને પોતાના પંદરમા ભાગથી ચંદ્રની પંદરમા ભાગની લેશ્યાને આચઅછાદિત કરીને રહે છે. અને પૂર્ણિમા અને અમાવાસ્યાના પર્વકાળમાં ક્રમાનુસાર ચંદ્રનો કે સૂર્યનો ગ્રાસ કરે છે, તે પર્વરાહૂ છે. તેમાં જે ધ્રુવરાહૂ છે, તે કૃષ્ણપક્ષની પ્રતિપદાથી આરંભ કરીને દરેક તિથિમાં પોતાના પંદરમા ભાગની ચંદ્ર લેશ્યાને આચ્છાદિત કરીને રહે છે.- અંતની અમાવાસ્યા તિથિમાં ચંદ્ર રાહૂ વિમાનથી સર્વ પ્રકારે આચ્છાદિત થાય છે. બાકિની પ્રતિપદા, દ્વિતીયા, તૃતીયાદિકાળમાં ચંદ્ર કંઈક અંશથી રાહૂ વિમાનથી આચ્છાદિત ન થવાથી પ્રકાશિત રહે છે. શુકલ પક્ષમાં ચંદ્ર ઉપદૃશ્યમાન રહે છે જેમકે-શુકલ પક્ષની પ્રતિપદાથી આરંભ કરીને એક પંદરમા ભાગને એટલેકે દરેક તિથિમાં પંદરમા પંદરમા ભાગને પ્રકાશિત કરે છે. યાવત્ પૂર્ણિમામાં પંદરમાં પંદરભાગને અથવા સંપૂર્ણ ચંદ્રમંડળને પ્રગટ કરે છે. પર્વરાહૂની વિચારણામાં જે આ પર્વરાહૂ કહ્યો છે, તે જઘન્યથી છ ચાંદ્રમા સની પછી ચંદ્રને ગ્રહણ કરે છે. એજ પ્રમાણે કોઈ સમયે સૂર્યનું પણ ગ્રહણ થાય છે. તે પછી છ માસની અંદરજ ફરી સૂર્ય ગ્રહણ માટે પ્રવૃત્ત થાય છે. છ માસની અંદરજ કોઈ પણ સમયે ચંદ્રનું કે સૂર્યનું ગ્રહણ થઈ જાય છે. હે ભગવન્ શા કારણથી ચંદ્ર શશિ આ પ્રમાણે લોકમાં પ્રતિપાદિત કરેલ છે ? જ્યોતિષેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્રના મૃગના ચિન્હવાળા વિમાનના ભ્રમણ માર્ગમાં કમનીય સ્વરૂપવાળા દેવ સ્થિત રહે છે. અને મનોજ્ઞ સ્વરૂપવાળી દેવીયો હોય છે. અને મનોજ્ઞ, મનને અનુકૂળ દર્શનીય એવા આસન શયન, સ્તમ્ભ ભાંડામાત્ર ઉપકરણ અર્થાત્ સર્વ પ્રકારના ભોગોપભોગ્ય એવા ઉપકરણ સાધન સામગ્રી ત્યાં પ્રાપ્ત થાય છે. તથા શ્રીજ્યોતિષેન્દ્ર, જ્યોતિષરાજ ચંદ્રદેવ સ્વતઃ સુરૂપ આકૃતિવાળો હોય છે. કાંતિવાળો હોય છે. લાવણ્યથી યુક્ત હોય છે. સૌભાગ્ય પૂર્ણ હોય છે. સામુદ્રિક શાસ્ત્રોક્ત લક્ષણોવાળો હોય છે. સર્વાવયવ સંપૂર્ણવાળો હોય છે. સૌજનને પ્રિયદર્શનવાળો હોય છે સુંદર આકૃતિવાળો હોય છે, સુરૂપ હોય છે. આ રીતે પૂર્વકથિત સર્વગુણોથી યુક્ત ચંદ્ર વિકાસ-પ્રકાશથી પોતાના વિમાનમાં નિયત રૂપથી ભ્રમણ કરતો વિચરે છે. આ પહેલાં કહેલ કારણોથી ચંદ્ર શશિ છે, ચંદ્ર શશિ છે. આ પ્રમાણે લોકમાં કહેવાય છે.

હે ભગવન્ આપે સૂર્યને આદિત્યના નામથી વ્યવહાર કર્યો છે, અને આદિત્ય પણ સૂર્ય નામથી કહેવાય છે. તેમાં શું કારણ છે ? સૂર જેમાં આદિ હોય તે સૂરાદિ કહેવાય છે. અહોરાત્રાદિ કાળનો જે નિર્વિભાગ ભાગ હોય છે, તે સૂરાદિક કહેવાય છે. સર્વ વ્યાપક હોવાથી સૂર્ય એ પ્રમાણે નામ કહ્યું છે. તેથીજ કહે છેકે- આ પૂર્વકથિત પ્રકારથી સર્વવ્યાપકાદિ દર્શન કારણથી સૂર્ય આદિત્ય છે અને આદિત્ય જ સૂર્ય છે. તેમ કહ્યું છે. આ પ્રમાણે સ્વશિષ્યોને કહેવું સર્વત્ર ગમન કરે તે સૂર્ય, જે પ્રમાણે સૂર્યની સર્વવ્યાપકતા સિદ્ધ થાય છે. એજ પ્રમાણે આદિત્યની પણ સર્વવ્યાપકતા સિદ્ધ થાય છે. જેમકે-આદિમાં જે હોય તે આદિત્ય એજ કારણથી સૂર્ય અને આદિત્યનો અભેદભાવ છે.

જ્યોતિષ્કેન્દ્ર જ્યોતિષ્કરાજ દેવરૂપ ચંદ્રની અગ્રમહિષી અર્થાત્ પટ્ટરાણીયો કેટલી કહેલ છે ? જ્યોતિષેન્દ્ર જ્યોતિષ્કરાજ ચંદ્રની ચાર અગ્ર મહિષિયો કહેવામાં આવેલ છે. આદિ પૂર્વ વત્ જે પ્રમાણે આ મનુષ્ય લોકમાં હોય છે એજ પ્રમાણે યાવત્ કેવળ ભોગદૃષ્ટિથી ભોગોપભોગ થાય છે. ચંદ્ર પ્રકારની જેમ સૂર્યના સંબંધમાં પણ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમજી લેવું. ચંદ્ર સૂર્ય જ્યોતિષ્કરાજ કેવા પ્રકારના કામભોગોનો અનુભવ કરીને વિમાનમાં વિચરે છે ? કોઈ અનિર્દિષ્ટ અજાણ્યા નામવાળો પુરૂષ યૌવનના આરંભ કાળના બળથી યુક્ત હોય, તે યુવાવસ્થાના આરંભકાળની બલવતી પોતાની પત્નિની સાથે કે જેનો વિવાહ થોડા સમય પહેલાંજ થયેલ હોય તથા તેનો પતિ ધનાર્થી હોવાથી ધન પ્રાપ્ત કરીને કૃતકૃત્ય થઈને પોતાનાજ ઘરમાં આવીને સ્નાન અને બલિકર્મ કરીને કૌતુકશાંતી માટે પ્રાયશ્ચિત્ત કરી શુદ્ધ થઈને વેષને યોગ્ય મુલ્યવાન્ વસ્ત્રોને ધારણ કરીને તથા અલ્પ અને બહુમૂલ્ય આભૂષણોથી શરીરને અલંકૃત કરીને તથા મનોજ્ઞ આહારને કરે છે ભોજન કર્યા પછી અંદરના ભાગમાં ચિત્ર કર્મ કરવાથી ચિત્ર વિચિત્ર તથા બહારમાં ધૂપિત એટલેકે ચુનાથી ધોળેલ અને ધૃષ્ટ એટલે પત્થરથી ઘસીને એકદમ લીસુ કરેલ અનેક પ્રકારના ચિત્રવાળા-ચંદરવાથી ચિત્રેલ હોવાથી દેદીપ્યમાન તથા ઘરની મધ્યભાગમાં બહુસમ અત્યંત સરખા અને સુવિભક્ત સમ્યક્ વિભાગ કરેલ ભૂમિભાગ જેનો હોય એવા તથા મણિરત્નાદિના પ્રકાશથી નાશ પામેલ છે અંધકાર જેનો એવું તથા કાલાગુરૂ કુંદુરૂષ્ક, તુરૂષ્કના મઘમઘાટવાળો ગન્ધની જે આમતેમ વિસ્તૃત થવાથી સુગંધદાર અને અત્યંત રમણીય એવા શયનીય ગૃહમાં પાર્શ્વ ભાગમાં ઉન્નત તથા મધ્યમાં નત હોવાથી ગંભીર તથા સહા લિંગન વૃત્તિથી શરીર પ્રમાણના ઉપધાન આસ્તરણ વિશેષથી સુપરિકર્મિત ક્ષૌમિક -રેશમી તથા દુકૂલ કપાસના વસ્ત્ર વિશેષથી ચારે તરફ વીંટાયેલ ચર્મ વિશેષનું વસ્ત્ર તે સ્વભાવથીજ અત્યંત કોમળ હોય છે. તથા પુષ્પના ચૂર્ણની શય્યા જેવા શયનમાં સુગંધવાળા જે ઉત્તમ પુષ્પોના ચૂર્ણ યુક્ત શયનોપચારથી કલિત-યુક્ત તથા કહેવામાં એવા પુણ્યવાનોને યોગ્ય શ્રૃંગાર સમાન આકાર સંનિવેશ વિશેષ જેનો હોય એવા પ્રકારની સુંદર શય્યામાં સંગત-મૈત્રિયુક્ત જે ગમન અર્થાત્ વિલાસપૂર્વક સંક્રમણ અને હસિત ભણિત અર્થાત્ કામોદ્દીપક વિચિત્ર વાક્પટુતા અને ચેષ્ટિત અર્થાત્ સકામ અંગ પ્રત્યંગ અવયવોના પ્રદર્શન પૂર્વક પ્રિયની સન્મુખ આવવું. તથા સંલાપ એટલેકે પ્રિયની સાથે આનંદ પૂર્વક સકામ પરસ્પરનું મિલન આવા પ્રકારના વિલાસથી યુક્ત તથા દેશકાળાનુકૂળ જે ઉપચાર તેમાં કુશળ એવી તથા અનુરક્ત એવી કોઇ પણ સમયે અવિ રક્ત ન હોય તેવી પત્નીની સાથે એકાન્તમાં જે રમણમાં રક્ત અન્યત્ર મન ન કરતો ઈષ્ટ શબ્દ સ્પર્શ રસ, રૂપ, અને ગંધ રૂપ પાંચ પ્રકારના મનુષ્ય ભવસંબંધી કામ ભોગોનો ઉપભોગ કરીને વિચરે છે. એ નામગોત્ર વિનાના પુરૂષના કામભોગનું જે આટલા પર્યન્ત યાવત્ જે વર્ણવેલા છે. તેનાથી પણ અનંત ગણુ વધારે વ્યંતર દેવના કામભોગ હોય છે. વ્યંતર દેવોના કામ ભોગોથી પણ અનંત ગણુ વિશિષ્ટતર કામભોગનું સુખ અસુરેન્દ્રવર્ય દેવોનું હોય છે. તેનાથી પણ અનંતગણુ વિશિષ્ટતર ઈંદ્રરૂપ અસુરકુમાર દેવોના કામ ભોગનું હોય છે. અસુરેન્દ્ર દેવોથી પણ અનંતગણુ વિશિષ્ટતર કામભોગનું સુખ ગ્રહ, નક્ષત્ર, અને તારારૂપ દેવોનું હોય છે. તેનાથી પણ અનંત ગણુ વિશિષ્ટતર ચંદ્ર સૂર્ય દેવોના કામભોગનું હોય છે. જ્યતિષેન્દ્ર જ્યોતિષ્કરાજ ચંદ્ર સૂર્ય દેવ આ પ્રકારના ઉપર વર્ણવેલ કામભોગોને ભોગવીને સુખપૂર્વક પોત પોતાના વિમાનોમાં વિચરે છે.

પહેલાં કરેલ અઠ્યાશી ગ્રહોના કેવળ નામમાત્રનું અહીં પ્રતિપાદન કરેલ છે. અંગારક વિકાલક લોહિત્ય શનૈશ્ચર આધુનિક પ્રાધુનિક કણ કણકણ કણકણક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કણવિતાનક કણસંતાનક સોમ સહિત આશ્વાસન કાયોપગ કર્બટક અજકરક દુંદુભક શંખ શંખનાભ શંખવર્ણાભ કંસ કંસનાભ કંસવર્ણાભ નીલ નીલાવભાસ રૂપ્પી રૂપ્યભાસ ભસ્મ ભસ્મરાશિ તિલ તિલ પુષ્પવર્ણ દક દકવર્ણ કવ્ય વન્ધ્ય ઈન્દ્રાગ્નિ ધૂમકેતુ હરિ પિંગલ બુધ શુક્ર બૃહસ્પતિ રાહુ અગસ્તિ માણવક કામસ્પર્શ ધુર પ્રમુખ વિકટ વિસન્ધિકલ્પ પ્રકલ્પ જટાલ અરૂણ અગ્નિ કાલ મહાકાળ સ્વસ્તિક સૌવસ્તિક વર્ધમાનક પ્રલમ્બ નિત્યાલોક નિત્યદ્યોત સ્વયંપ્રભ અવભાસ શ્રેયસ્કર ક્ષેમંકર આભંકર પ્રભંકર અરજ વિરજા અશોક વીતશોક વિવર્ત વિવસ્ત્ર વિશાલ શાલ સુવ્રત અનિવર્તિ એકજટી દ્વિજટી કટ કટિક રાજ અર્ગલ આ પ્રમાણે અઠ્યાશી સંખ્યાત્મક નામો કહ્યા છે. કનકની જેવા એક દેશથી નામવાળા પૂર્વોક્ત ક્રમથી પાંચ ગ્રહો સમજવા નીલ અને રૂપ્પીના બબ્બે પ્રકારના નામોની સંભાવના હોવાથી ચાર નામો થાય છે. હવે આજ નામોના સુખાવબોધ માટે અહીં સંગ્રહણી ગાથાઓ કહી છે.

### પાહુડ-૨૦ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ

[૨૦૮-૨૧૪] સૂત્રની ફલશ્રુતિરૂપ સમગ્ર શાસ્ત્રના ઉપસંહાર રૂપથી આ છેલ્લું સૂત્ર છ ગાથા દ્વારા કહ્યું છે. ઈત્યાદિ આ પૂર્વકથિત પ્રકારથી પ્રકૃતાર્થ અર્થાત્ જીનવચન તત્ત્વને જાણનારાઓના અભ્યુદય માટે આ પ્રમાણે પ્રકટાર્થ હોવા છતાં પણ અભવ્ય જનોને હૃદયથી એટલે કે વાસ્તવવિકપણાથી દુર્લભ આ પ્રમાણે આ શાસ્ત્ર ઉત્કીર્તિત કરેલ છે, આ ભગવતી અર્થાત્ જ્ઞાનૈશ્વર્ય રૂપ દેવતા જ્યોતિષરાજ પ્રજ્ઞપ્તિ એટલે કે જ્ઞાન વિશેષ રૂપ દેવતાને સ્વયં ગ્રહણ કરીને જેને તેને કહેવું નહીં આ શાસ્ત્ર સ્વયં સમ્યક્ પ્રકારથી જાણીને સ્તબ્ધ-જડ અર્થાત્ ગૌરવશાલી ઋધ્યાદિમદ યુક્ત અચિંત્ય ચિંતા મણિ સમાન આ તથા તેને જાણનારા આચાર્યાદિને અવજ્ઞાથી જુવે છે. તે અવજ્ઞા દુરંત નરકાદિમાં પાડનારી છે, તથી તેના ઉપકાર માટે તેવાઓને આપવું ન જોઈએ. તથા માનિમાન યુક્ત અલ્પશ્રુત એવાઓને કહેવામાં આવે તો પણ રૂચિકર થતું નથી, શ્રવણ માટે ઈચ્છા ધૃતિ-ધૈર્ય આત્મવિશ્વાસ - ઉત્સાહ હોય તો પણ અભાજન- ન હોય તેવાને ઉપદેશ કરવો. ઈત્યાદિ ધર્મોપદેશકારોની કુળથી બહાર તથા ગણિસમૂહથી બહાર કરેલા હોય કારણ કે જ્ઞાન વિનયાદિથી રહિત તથા ભગવાન્ અર્હત્ સ્થવિર ગણધરની મર્યાદાથી એટલે કે ભગવદાદિએ કરેલ વ્યવસ્થાથી વ્યતિક્રાંત-રહિત હોય આ પ્રમાણે આપ્ત વચનવ્યવસ્થિતનું તથા ભગવદર્હદાદિ વ્યવસ્થાનું ઉલ્લંઘન કરવાવાળાને દીર્ઘ સંસારિતા પ્રાપ્ત થાય છે. ધૃતિ ઉત્થાન ઉત્સાહ કર્મ બલવીર્યવાળો પુરૂષ સૂર્યપ્રજ્ઞપ્તિ વિષયક જ્ઞાન પોતે મુમુક્ષુ હોવા છતાં પણ શિખ્યું હોય અગર ઉપદિષ્ટ કરેલ હોય તે નિયમથી આત્મામાં ધારણ કરવું તે કયારેય પણ અવિનીત અને ઉદ્ધતને આપવું નહીં આ સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર મિથિલા નગરીમાં શ્રી ભગવાન્ વર્ધમાન સ્વામીએ સાક્ષાત્ કહી છે, તેથી અર્થ પ્રણેતા હોવાથી તથા વર્તમાન તીર્થાધિપતિ હોવાથી શાસ્ત્રના અંતમાં મંગલ કામના માટે તેમને નમસ્કાર કહેવામાં આવે છે. કલેશાદિ દોષોથી રહિત મહાત્મા સ્વરૂપ શ્રી ભગવાનના સુખ ઉપજાવનારા ચરણકમલ જે મોક્ષને પ્રાપ્ત કરાવનારા હોય છે, એ ચરણોમાં વિનયથી નમ્ર એવો હું વંદના કરૂં છું.

| ૧૬ | સૂરપન્નત્તિ-ગુર્જરછાયા પૂર્ણ |
|---|---|
| | ઉવંગ-૧૬-ગુર્જરછાયા પૂર્ણ |

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

नमो नमो निम्मल दंसणस्स

પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામિને નમઃ

# ૧૭ ચંદપન્નત્તી

ઉવંગ-૧૭-ગુર્જરછાયા

અરિહંતોને નમસ્કાર થાઓ. આ "ચંદપન્નત્તિ" નામનું ઉવાંગ વર્તમાન કાળે જે રીતે પ્રાપ્ત થાય છે. તે રીતે તેના અને "સૂરપન્નત્તિ" ઉવાંગના વિષયવસ્તુમાં કોઈ ભિન્નતા જોવા મળતી નથી. (કિંચિંત્ જ પાઠભેદ નજરે પડેલ છે.) આવા જ કોઈ કારણ-થી પૂજ્ય આગમોદ્ધારક આચાર્ય દેવશ્રી આનંદસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબે પણ આ ઉવાંગની પૂજ્ય શ્રી મલયગિરિ મહારાજા રચિત વૃત્તિને છપાવેલ નથી તેમજ આજપર્યન્ત અન્ય કોઈએ પણ વૃત્તિ છપાવેલ નથી. - મુનિ દીપરત્નસાગર

બંને ઉવાંગોમાં ૨૦-૨૦ પ્રાભૃતો જ છે. ફક્ત 'ચંદપન્નત્તિ' માં આરંભિક ગાથાઓ અતિરિક્ત છે તે સિવાય કોઈ ફેરફાર નથી. આ ગાથાઓનો અત્રે કહી છે.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

### પ્રાભૃત-૧ પ્રાભૃતપ્રાભૃત-૧

[૧] નવનલિન - કવલય, વિકસિત શતપત્ર કમળ જેવા બે નેત્રો જેમના છે, મનો હર ગતિથી યુક્ત એવા ગજેન્દ્ર સમાન ગતિવાળા છે. તેવા વીર ભગવંત જય પામો.

[૨-૩] અસુર-સુર-ગરુડ-ભુજગ આદિ સર્વે દેવોથી વંદન કરાયેલા, જન્મ મરણ આદિ કલેશ રહિત થયેલા એવા અર્હત્, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, અને સર્વ સાધુઓને નમસ્કાર કરીને- સ્ફુટ, ગંભીર, પ્રગટ, પૂર્વરૂપ શ્રુતના સારભૂત, સૂક્ષ્મબુદ્ધિ આચાર્યો દ્વારા ઉપદિષ્ટ જ્યોતિસ્-ગણરાજ પ્રજ્ઞપ્તિને હું કહીશ.

[૪] ઇન્દ્રભૂતિ ગૌતમ મન-વચન-કાયાથી વંદન કરીને શ્રેષ્ઠ જિનવર એવા શ્રી વર્દ્ધમાન સ્વામીને જ્યોતિષરાજ પ્રજ્ઞપ્તિને વિશે પૂછે છે.

(આટલા અતિ રિક્ત શ્લોક પછી સર્વે વિષય વસ્તુ યાવત્ વીસમા પ્રાભૃત પર્યન્ત સમગ્ર ગુર્જરછાયા 'સૂરપન્નત્તિ' અનુસાર જાણી લેવી)

**ચંદપન્નત્તિની મુનિદીપરત્નસાગરે કહેલ ગુર્જરછાયા પૂર્ણ**

| ૧૭ | ચંદપન્નત્તિ-ગુર્જરછાયા પૂર્ણ |
|---|---|
| | ઉવંગ-૬-ગુર્જરછાયા પૂર્ણ |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

नमो नमो निम्मल दंसणस्स

પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામિને નમઃ

# ૧૮ જંબુદ્વીવ-પન્નત્તિ

## ઉવંગ-૭-ગુર્જરછાયા

### -ઃવક્ખારો-૧

[૧] અરિહંત પરમાત્માને નમસ્કાર થાઓ. આ અવસર્પિણીના ચોથા આરામાં જ્યારે ભગવાન્ મહાવીર સ્વામીનો વિહાર થઈ રહ્યો હતો, તે સમયે-મિથિલા નામે એક નગરી હતી. આ નગરીનું વર્ણન ઉવવાઈ સૂત્ર વર્ણિત ચંપાનગરીનાવર્ણન ની જેમ જ છે. આ મિથિલા નગરીની બહાર ઈશાન કોણમાં મણિભદ્રનામનું એક ચૈત્ય હતું. આ નગરીનો રાજા જિતશત્રુ હતો અને તેની પટ્ટરાણીનું નામ ધારિણી હતું તે કાલે અને તે સમયે ત્યાં ભગવાન્ મહાવીર સ્વામી સમવસૃત થયા- નગરથી જનમેદની નીકળી ભગવાને ધર્મની પ્રરૂપણા કરી ધર્મ સાંભળીને તે જનપરિષદ જે દિશા તરફથી આવેલ હતી તે તરફ પાછી જતી રહી.

JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

[૨] તે કાળમાં તે સમયમાં શ્રમણ ભગવાન્ મહાવીરના જ્યેષ્ઠ પ્રધાન અંતેવાસી-શિષ્ય કે જેમનું નામ ઈન્દ્રભૂતિ અણગાર હતું અને જેઓ ગૌતમ ગોત્રમાં ઉત્પન્ન થયેલ હતા તથા જેમની ઊંચાઈ ૭ હાથ જેટલી હતી- સંસ્થાન સમચતુરસ્ત્ર હતું તપસ્યાની આરાધના એઓ કર્મોની નિર્જરા માટે જ કરતા હતા. એમને માટે કહેવામાં આવેલ તપસ્યા બીજા સાધારણ તપસ્વીઓ માટે એકદમ અશક્ય જ હતી. પરીષહ અને ઉપસર્ગથી એઓ વિચલિત થતા નહીં દુશ્ચર એમના વ્રતો હતા. મૂલગુણાદિક જે એમના ગુણો હતા એઓ ચતુર્દશ પૂર્વના પાઠી હતા. અને એની સાથે મતિજ્ઞાન, શ્રુત અવધિ જ્ઞાન અને મનઃ પર્યવજ્ઞાનના ધારી હતા તેમણે પ્રભુને આ પ્રમાણે નિવેદન કર્યું.

[૩] કયા સ્થાન પર જંબૂદ્વીપ નામક દ્વીપ આવેલ છે ? કેટલો વિશાળ છે ? સંસ્થાન કેવું છે ? આકાર-સ્વરૂપ-કેવો ? અને એમાં કઈ કઈ જાતના પદાર્થોછે ? હે ગૌતમ ! આ જે દ્વીપ છે, તેનું નામ જ જંબૂદ્વીપ છે. આ જંબૂદ્વીપ નામક દ્વીપ બધા દ્વીપો તેમજ સમુદ્રોની વચ્ચે અવસ્થિત સૌથી પહેલો દ્વીપ છે. 'આનો આકાર તેલમાં તળેલા પુડલા જેવો છે. પોતાની ૧૬ કળાઓથી પરિપૂર્ણ ચંદ્રમા જેવી આકૃતિ હોય છે તેવી ગોલાકૃતિ છે.આની લંબાઈ, ચોડાઈ એક યોજન જેટલી છે. પરિધીનું પ્રમાણ ૩૩ લાખ ૧૬ હજાર બસો ૩૭ યોજન અને ૩ કોશ ૨૮ ધનુષ ૧૩ા અંગુલ કરતાં કંઈક વધારે છે.

[૪].આ જંબૂદ્વીપ નામક દ્વીપ વજ્રમયી જગતી થી-ચોમેર સારી રીતે આવૃત્ત છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પ્રકાર રૂપ જગતી આઠ યોજન જેટલી ઊંચી છે. મૂલમાં બાર યોજન જેટલી વિષ્કંભ વાળી છે. મધ્યમાં આઠ યોજન જેટલા વિસ્તારવાળી છે, ઉપરમાં આ ચાર યોજન જેટલી વિસ્તારયુક્ત છે આ પ્રમાણે આ મૂલમાં વિસ્તીર્ણ છે, મધ્યમાં સંક્ષિપ્ત અને ઉપરમાં પાતળી છે. એથી આ જગતીનો આકાર ગોપુચ્છના આકાર જેવો થઈ ગયો છે. આ જગતી સર્વાત્મના વજ્ર રત્ની બનેલી છે, તેમજ આ આકાશ અને સ્ફૂટિકમણિ જેવી અતિ સ્વચ્છ છે, શ્લક્ષ્ણ સૂત્ર નિર્મિત પટની જેમ આ શ્લક્ષ્ણ પુદ્ગલ સ્કન્ધથી નિર્મિત થયેલી છે એથી શ્લેષ્ટ-છે તેમજ ઘૂંટેલ વસ્ત્રની જેમ આ સુચિવર્ણ છે. ધાર કાઢવાના પથ્થરથી ઘસેલા પાષાણની જેમ આ ઘૃષ્ટ છે. કોમળ શાણથી ઘસેલા પાષાણ ખંડની જેમ આ મૃષ્ટ છે.નીરજ છે. નિર્મળ છે. નિષ્પંક છે. આવરણ રહિત નિષ્કંટક છાયાવાળી છે. અવ્યાહત પ્રકાશયુક્ત છે, વસ્તુ સમૂહની પ્રકાશિકા છે. નિરંતર દિશાઓમાં અને વિદિશાઓમાં આનો પ્રકાશ વ્યાપ્ત રહે એથી આ સોદ્યોત હૃદયમાં ઉલ્લાસજનક હોવાથી આ પ્રાસાદીય છે. અધિક રમ ણીય હોવાથી આ દર્શનીય છે સર્વથા દર્શકોના નેત્ર અને મનને આકર્ષનારી હોવાથી આ અભિરૂપ છે. અથવા ક્ષણ ક્ષણમાં આનું રૂપ નવનવીત જેવું લાગે છે એથી આ પ્રતિરૂપ છે. તે જગતી એક વિશાળ ગવાક્ષ જાલથી યુક્ત છે. ગવાક્ષ જાલ અર્ધા યોજન જેટલો ઊંચો પાંચસો ધનુષ જેટલો આનો વિસ્તાર છે. આ સર્વાત્મના સર્વરત્નમય છે, અચ્છાથી માંડીને પ્રતિરૂપ સુધીના આ વિશેષણોથી યુક્ત છે. વલયાકારવાળી આ જગતીના ઉપરના ભાગમાં કે જે ચાર યોજન જેટલા વિસ્તારવાળો છે ઠીક મધ્યમાં ૫૦૦ યોજન વિસ્તારવાળા વચ્ચેના ભાગમાં લવણ સમુદ્રની દિશાની તરફ કંઈક કમ બે યોજન અને જંબૂદ્વીપની દિશાની તરફ કંઈક સ્વલ્પ બે યોજન ને બાદ કરતાં શેષ ૫૦૦ યોજન જેટલા વિસ્તારવાળા બહુ મધ્યદેશમાં એક વિશાળ પદ્મવરવેદિકા છે. આ પદ્મવર વેદિકા ઊંચાઈમાં અર્ધયોજન જેટલી છે અને વિસ્તારમાં પાંચસો ધનુષ જેટલી છે. આનો પરિક્ષેપ જગતીના પરિક્ષેપ બરાબર છે. સંપૂર્ણપણે રત્નમયી છે અને અચ્છ વગેરેથી પ્રતિરૂપાત્મક સુધીના વિશેષણોથી યુક્ત છે. આના નેમ ભૂમિ ભાગથી ઉપર ની તરફ નીકળેલા પ્રદેશ વજ્રમણિના બનેલા છે. આ પ્રમાણે આનું વર્ણન જીવા ભિગમ'માં જે રીતે કરવામાં આવ્યું છે, તેમ અહીં પણ સમજવું જોઈએ.

[૫] આ જગતીની ઉપર જે પદ્મવરવેદિકા છે તે પદ્મવરવેદિકાની બહાર એક બહુ જ વિશાળ વનખંડ છે. આનો વિષ્કંભ કંઈક સ્વલ્પ બે યોજન જેટલો છે. આ વનખંડનો પરિક્ષેપ જગતીના પરિક્ષેપ પ્રમાણ જેવું જ છે.

[૬] તે વનખંડના અંદરનો ભૂમિ ભાગ અતીવ સમતલ હોવાથી બહુ જ સુંદર છે મૃદંગના મુખ ઉપરનો ચર્મપુટ જેવો સમતલ હોવાથી સુંદર હોય છે. યાવત્ અનેક જાતના પાંચવર્ણોવાળા રત્નોથી તેમજ તૃણોથી ખચિત છે. તે ઉપશોભિત પાંચ વર્ણો કૃષ્ણ, નીલ, લોહિત, હારિદ્ર, અને શુકલ છે એમના ગંધ, રસ અને સ્પર્શ કેવા પ્રકારના છે ? આ સંબંધમાં રાયપ્પસેણીયં સૂત્ર માં વર્ણન કરવામાં આવ્યું છે. તે જાણી લેવું જોઈએ ! તે બહુ સમરમણીય મધ્યભૂમિભાગમાં ઘણી નાની વાપિકાઓ છે. ઉત્પાત વગેરે પર્વતો છે. કદલી ગૃહો છે. મંડપ-લતાકુંજ-વગેરે છે. પૃથિવી શિલા-પટ્ટકો તે ઉપર ઘણા વાનવ્યંતર દેવ દેવીઓ સુખેથી ઉઠતા બેસતા રહે છે, ભેટતા રહે છે, આરામ કરતા રહે છે, ક્યાંક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ક્યાંક ઊભા રહે છે. પાર્શ્વ પરિવર્તિત કરતાં રહે છે. રતિસુખ ભોગવતાં રહે છે. અનેક પ્રકારની ક્રીડાઓ કરતાં રહે છે. ગીતો ગાતાં રહે છે, પરસ્પર એ બીજાને મુગ્ધ કરતાં રહે છે. ભિન્ન ભિન્ન પ્રકારના વિલાસોથી દેવોના ચિત્તને દેવીઓ લુબ્ધ કરતી રહે છે. આ રીતે આ સર્વ દેવ અને દેવીઓ પૂર્વમાં આચરિત શુભાધ્યવસાયથી સવિધિ શોભન પરાક્રમપૂર્વક ઉલ્લાસની સાથે સેવન કરેલા -એવા શુભકલ્યાણકારી ફળવાળા પુણ્ય કર્મોના કલ્યાણ રૂપ ફળ ને તેમના ઉદય કાળમાં ભોગવતાં પોતાના સમયને પસાર કરે છે. તે જગતીની ઉપર જે પદ્મવરવેદિકા છે તે પદ્મવર વેદિકાની અંદર એક બહુજ વિશાળ વનષંડ કહેવામાં આવેલ છે આ વનષંડ ઈમાં કંઈક સ્વલ્પ બે યોજન જેટલો છે તેમજ આની પરિધિ નો વિસ્તાર વેદિકાની પરિધિ જેટલો જ છે.

[૭] જમ્બૂદ્વીપની દ્વાર સંખ્યાનું વર્ણનઃ- તે દ્વાર ચાર છે વિજય-વૈજયંત-જયંત અને અપરાજિત જેનું વર્ણન જાણી લેવું. આ દ્વારો કયાં કયાં છે ?

[૮] હે ગૌતમ ! જંબૂદ્વીપ નામક આ દ્વીપમાં સ્થિત મન્દર પર્વતની પૂર્વ દિશામાં ૪૫ હજાર યોજન આગળ જવાથી જંબૂદ્વીપની પૂર્વ દિશાને અંતે અને લવણ સમુદ્રથી પૂર્વ દિશાના પશ્ચિમ વિભાગમાં સીતા મહાનદીની ઉપર જંબૂદ્વીપનું વિજય નામક દ્વાર કહેવામાં આવેલ છે. આ દ્વારની ઊંચાઈ આઠ યોજન જેટલી છે તેમજ વિસ્તાર ઊંચાઈ કરતાં અર્ધો છે અને પ્રવેશમાર્ગ ચાર યોજન જેટલો છે. આ દ્વાર ધવલવર્ણવાળું છે અને આનું શિખર ઉત્તમ સ્વર્ણ નિર્મિત છે. આ વિજયદ્વારનું વર્ણન વિજયા નામક રાજધાની સુધીનું જેમ 'જીવાજીવાભિગમ' 'સૂત્ર' મુજબ જાણવું

[૯-૧૦] જંબૂદ્વીપના એક દ્વારથી બીજાદ્વાર સુધીનું અવ્યવહિત અંતર ૭૯ હજાર પર યોજન તેમજ કંઈક સ્વલ્પ અર્ધા યોજન જેટલું છે. જંબૂદ્વીપની પરિધિનું પ્રમાણ ૩૧૫૨૨૭ યોજન ૩ ગાઉ ૧૨૮ ધનુષ અને ૧૩॥ અંગુલ જેટલું છે. આ પ્રમાણમાંથી વિજયાદિ ચારદ્વાર ના ૧૮ યોજનનો જે વિસ્તાર છે તે જુદો જ રાખવો જોઈએ. પૂર્વોક્ત પરિધિના પ્રમાણમાંથી ૧૮ યોજન કમ કરવાથી અવશિષ્ટ ૩૧૬૨૦૯ ને નવ થી ભાજિત કરવાથી પર અધિક ૭૯ હજાર યોજન અને ૧ ગાઉ લબ્ધ થાય છે. એટલે કે ૭૯ હજાર પર યોજન અને ૧ કોશ આવે છે. (એજ વાત ગાથા વડે પ્રકટ કરવામાં આવી છે )

[૧૧] હે ભદન્ત ! જંબૂદ્વીપ નામક દ્વીપમાં ભરત નામક વર્ષ-ક્ષેત્ર-ક્યાં કહેવામાં આવેલ છે ? હે ગૌતમ ! ભરતાદિ ક્ષેત્રોની સીમા કરનાર લઘુ હિમવાન્ પર્વતના દક્ષિણ દિગ્ ભાગમાં દક્ષિણ દિગ્વર્તી લવણ સમુદ્રના ઉત્તરદિગ્ભૂભાગમાં પૂર્વ દિગ્ ભાગવર્તી લવણ સમુદ્રની પશ્ચિમ દિશામાં અને પશ્ચિમ દિગ્ભાગવર્તી લવણ સમુદ્રની પૂર્વ દિશામાં આ જંબૂદ્વીપગત ભરત ક્ષેત્ર છે. આ ભરત ક્ષેત્ર માં કાંટાંવાળા વૃક્ષોની અહીં અધિકતા છે. અહીં ઘણાં સ્થાનો એવાં પણ છે કે ત્યાં પ્રવેશવું અશક્ય છે- ડગલે ને પગલે જ્યાં ખાડાઓ પુષ્કળ છે એવા સ્થાનવાળું છે. ડુંગરો પર ઠેકઠેકાણો ઘણી ગુફાઓ વાળું છે. સ્થાન સ્થાન પર જેમાં નદીઓ છે ઠેકઠેકાણે જ્યાં પ્રાયઃ દ્રહ છે ઘણાં વૃક્ષો છે ઠેકઠેકાણે જ્યાં ગુચ્છાઓ છે ગુલ્મો અધિકાંશ રૂપમાં ઘણા છે એવું આ ક્ષેત્ર છે. જ્યાં લતાઓની હિંસક જાનવરોની તૃણની તસ્કરોની સ્વદેશોત્પન્નજનોથી ઉપદ્રવો પરદેશી રાજાઓના ઉપદ્રવો દુર્ભિક્ષની દુષ્કાલની પાખંડો મિથ્યાવાદીઓની, કૃપણજનોની, યાચકોની અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, મૂષક, શલભ, શુક તેમજ અત્યાસન્ન રાજાઓ જેમાં બહુ

જૈન સાઈટ JAINSITE જૈનાગમ

લતા છે એવા આ ભરત પ્રદેશ છે. મારિ કર્ષક- અનાવૃષ્ટિ અધિપતિત્વ કરનારા રાજા ઓની રોગોની અસમાધીઓની બહુલતા જ્યાં છે એવો આ પ્રદેશ છે. અને નિરંતર જ્યાં પ્રજાજનોના ચિત્તને કષ્ટ આપનારા દંડ જ્યાં વિદ્યમાન છે. એવો આ પ્રદેશ છે. આ ભરર ક્ષેત્ર પૂર્વથી પશ્ચિમ સુધી લાંબુ છે. અને ઉત્તરથી દક્ષિણ સુધી પહોળું છે. આ ભરત ક્ષેત્ર ઉત્તર દિશામાં પલંગનું જેવું સંસ્થાન આકારવાળું છે. દક્ષિણ દિશામાંધનુષ પૃષ્ઠનું જેવું સંસ્થાન હોય છે ભરતક્ષેત્ર ત્રણ રીતે લવણ સમુદ્રને સ્પર્શી રહ્યું છે. ગંગા અને સિંધુ એ બન્ને મહાનદીઓથી અને વિજયાર્ધ પર્વતથી વિભક્ત થઈને છ ખંડોથી યુક્ત થઈ ગયેલ છે.આનો વિસ્તાર ૫૨૬-૬/૧૯યોજન પ્રમાણ છે.જંબૂદ્વીપ કે જેનોવિષ્કંભ ૧ લાખ યોજન જેટલોછે તેના૧૯૦ ભાગ કરવાથી ભરત ક્ષેત્ર નો વિસ્તાર ૧૯૦ મા ભાગ જેટલો થાય છે. વૈતાઢ્ય પર્વત ભરત ક્ષેત્રના એકદમ મધ્યભાગમાં આવેલ છે. આ પર્વતે ભરત ક્ષેત્રનેબેભાગોમાંવિભક્તકરેલછે.બેવિભાગો દક્ષિણાર્દ્ધ ભરત અને ઉત્તરાર્દ્ધ ભરત છે.

[૧૨] હે ભદન્ત જંબૂદ્વીપ નામક આ દ્વીપમાં દક્ષિણાર્દ્ધ ભરત નામક ક્ષેત્ર કયા સ્થળ પર આવેલ છે. હે ગૌતમ ! વૈતાઢ્ય પર્વતની દક્ષિણ દિશામાં દક્ષિણદિગ્વર્તી લવણ સમુદ્રની ઉત્તર દિશામા, પૂર્વવર્તી લવણ સમુદ્રની પશ્ચિમદિશામાં અને પશ્ચિમ દિગ્વર્તી લવણ સમુદ્રની પૂર્વદિશામાંમ જંબૂદ્વીપાન્તર્ગત દક્ષિણાર્દ્ધ ભરત નામે ક્ષેત્ર કહેવાય છે. આ દક્ષિણાર્દ્ધ ભરતક્ષેત્ર પૂર્વથી પશ્ચિમ સુધી લાંબો છે અને ઉત્તરથી દક્ષિણ સુધી પહોળો છે. આનો આકાર અર્દ્ધ ચન્દ્ર જેવો છે. આ ત્રણ બાજુઓથી લવણ સમુદ્રને સ્પર્શે છે. ધનુષના આકારવાળો આ પ્રદેશ છે. ગંગા અને સિંધુ નામક બે મહાનદીઓ વડે આ ત્રણ ભાગોમાં સંવિભક્ત થયેલ છે. આ દક્ષિણાર્દ્ધ ભરતક્ષેત્રનો વિસ્તાર ૨૩૮-૩/૧૯ યોજન જેટલો છે. તે દક્ષિણાર્દ્ધ ભરતની જીવા-જેના ક્ષેત્ર વિભાગવિશેષ બે રીતે લવણ સમુદ્રને સ્પર્શી રહી છે. ૯૭૪૮-૧૨/૧૯ યોજન જેટલું પ્રમાણ જીવાનું લંબાઈની અપેક્ષાએ છે. ધનુષ્પૃષ્ઠનું પ્રમાણ ૯૭૬૬ યોજન અને એક યોજનના ૧૯ ભાગમાંથી કંઈક વધારે એક ભાગ જેટલું છે. આ પરિધિની અપેક્ષાએ છે દક્ષિણાર્દ્ધ ભરતનો ભૂમિ ભાગ બહુસમ હોવાથી રમણીય લાગે છે, તે આલિંગ મૃદંગના મુખ પૃષ્ઠ જેવો બહુ સમ છે. યાવત્ અનેક પ્રકારના પાંચ વર્ણોવાળા મણિઓ તેમજ તૃણોથી ઉપશોભિત કહેવાય છે. મનુષ્યો વજ્ર ઋષભ નારચ વગેરે સંસ્થાનવાળા હોય છે, અનેક પ્રકારની ૫૦૦ ધનુષ આદિ રૂપ શારીરિક ઊંચાઈવાળા હોય છે. અનેક પ્રકારની આયુવાળા હોય છે. કેટલાંક એવાં હોય છે કે જેઓ મૃત્યુ પ્રાપ્ત કરીને નરકમાં જાય છે કેટલાક એવાં હોય છે કે જેઓ મૃત્યુ પ્રાપ્ત કરીને તિર્યંચ ગતિમાં જાય છે, કેટલાંક એવાં હોય છે કે જેઓ મૃત્યુ પ્રાપ્ત કરીને મનુષ્ય ગતિમાં જાય છે અને કેટલાંક એવા હોય છે કે જેઓ મરીને દેવગતિ પામે છે તથા કેટલાંક એવાં પણ હોય છે કે જેઓ સિદ્ધ અવસ્થાને પામે છે એટલે કે કૃત કૃત્ય થઈ જાય છે. બુદ્ધ અવસ્થા પામે છે- સકલ-કર્મકૃત વિકારોથી રહિત થઈ જાય છે. તેથી તેઓ પરિનિર્વાણ પામે છે. સ્વ સ્વરૂપમાં જ સમાહિત થઈ જાય છે. અવ્યાબાધ સુખના ભોક્તા થઈજાયછે.

[૧૩] હે ભદંત ! જંબૂદ્વીપમાં સ્થિત ભરત ક્ષેત્રમાં વૈતાઢ્ય પર્વત ક્યાં આવેલ છે ? હે ગૌતમ ! ઉત્તરાર્ધ ભરત ક્ષેત્રની દક્ષિણ દિશામાં દક્ષિણ ભરત ક્ષેત્રની ઉત્તરદિશામાં પૂર્વ દિગ્વર્તી લવણ સમુદ્રની પશ્ચિમ દિશામાં અને પશ્ચિમ દિગ્વર્તી લવણ સમુદ્રની પૂર્વ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દિશામાં જંબૂદ્વીપસ્થ ભરત ક્ષેત્રમાં વૈતાઢ્ય નામે પર્વત છે. આ વૈતાઢ્ય પર્વત પૂર્વથી પશ્ચિમ સુધી લાંબો છે અને ઉત્તરથી દક્ષિણ સુધી પહોડો છે. બે બાજુથી આ લવણ સમુદ્રને સ્પર્શી રહ્યો છે. ઊંચાઈ ૨૫ યોજન જેટલી છે. આનો ઉદ્વેધ એક ગાઉ અધિક ૬ યોજન જેટલો છે. તેમજ વિસ્તાર ૫૦ યોજન જેટલો છે. આ વૈતાઢ્ય પર્વતની વાહા- દક્ષિણથી ઉત્તર સુધીની આડી આકાશ પ્રદેશ પંક્તિ-પૂર્વ અને પશ્ચિમ દિશામાં ૮૪ યોજન જેટલી છે અને એક યોજનના ૧૯ ભાગોમાંથી ૧૬ાા ભાગ પ્રમાણે છે તે વૈતાઢ્યની જીવા ઉત્તરદિશામાં પૂર્વથી પશ્ચિમદિશા સુધી લાંબી છે તેમજ બે રીતે લવણ સમુદ્રને સ્પર્શ કરે છે. આની લંબાઈ ૧૦૭૨૦ યોજન જેટલી છે અને ૧ યોજનના ૧૯ ભાગોમાંથી ૧૨ ભાગ પ્રમાણ જેટલી છે. તે જીવાના દક્ષિણ દિગ્ભાગમાં વૈતાઢ્ય પર્વતનું ધનુષ્પૃષ્ઠ ૧૦૭૪૩ યોજન જેટલું અને ૧ યોજન ના ૧૯ ભાગોમાંથી ૧૫ ભાગ પ્રમાણ જેટલું છે. તે વૈતાઢ્યનો આકાર રુચક-જેવો છે- આ વૈતાઢ્યપર્વત સર્વાત્મના રજતમય છે અને અચ્છ વિગેરે વિશેષણથી માંડીને પ્રતિરૂપક સુધીના વિશેષણોથી યુક્ત છે. વૈતાઢ્ય પર્વત બન્ને બાજુએથી બે પદ્મવર વેદિકાઓને સ્પર્શી રહેલ છે. બન્ને તરફ બે વનષંડો છે. પદ્મવર વેદિકાઓ મણિમય પદ્મની બનેલી છે તેમજ વનષંડ અનેક જાતીય ઉત્તમ વૃક્ષ સમૂહથી યુક્ત એ પદ્મવર વેદિકાઓ બબ્બે ગાઉ જેટલી ઊંચી છે અને ૫૦૦, ૫૦૦ ધનુષ જેટલી પહોડી છે વૈતાઢ્ય પર્વતની પશ્ચિમ અને પૂર્વ દિશામાં બે ગુફાઓ કહેવાય છે. એ ઉત્તર અને દક્ષિણ સુધી લાંબી છે તેમજ પૂર્વથી પશ્ચિમ સુધી પહોડી છે. એમાંથી દરેકની લંબાઈ ૫૦ યોજન જેટલી છે. અને વિસ્તાર ૧૨ યોજન જેટલો છે. એમાંથી દરેકે દરેકની ઊંચાઈ ૯ યોજન જેટલી છે એ ઓ બન્ને વજ્રમય કપાટોથી આચ્છાદિત રહે છે. ત્યાં પ્રવિષ્ટ થવું બહુજ દુષ્કર કાર્ય છે. એમાં ગાઢ અંધકાર વ્યાપ્ત છે ગ્રહ, ચંદ્ર, સૂર્ય, તેમજ નક્ષત્રોનો ત્યાં પ્રકાશ પહોંચતો નથી. બન્ને ગુફાઓ અચ્છથી માંડીને પ્રતિ રૂપ સુધીના વિશેષણોથી યુક્ત છે. એ ગુફાઓના નામ તમિસ્ર ગુફા અને ખંડ પ્રપાત ગુફા છે.

એમાંથી દરેક ગુફામાં બે દેવો રહે છે. એઓ વિમાન પરિવાર આદિ રૂપથી મહા ઋદ્ધિના સ્વામી છે. મહાદ્યુતિવાળા છે, મહાબળવાન છે. મહાયશવાળા છે. મહાસુખ શાલી છે, મહા પ્રભાવ સંપન્ન છે. આ દેવોનાનામો કૃતમાલક અને નૃત્યમાલક છે. આમાંથી જે કૃતમાલક દેવ છે તે તમિસ્રગુફાનો અધિ પતિ છે. અને નૃત્યમાલક છે. તે ખંડપ્રપાત ગુફાનો અધિપતિ છે. એ વનષંડોનો ભૂમિ ભાગ બહુસમ છે અને ખૂબજ રમણીય છે. વૈતાઢ્ય પર્વતના બન્ને પાર્શ્વભાગોમાં દશ યોજન ઉપર જઈને વિદ્યાધરોની બે શ્રેણી પૂર્વથી પશ્ચિમ સુધી લાંબી છે અને ઉત્તરથી દક્ષિણ સુધી વિસ્તૃત છે. એમાંથી દરેકનો વિસ્તાર દશ દશ યોજન જેટલો છે અને દરેકની લંબાઈ પર્વતની લંબાઈ જેટલી છે. એઓ બન્ને વિદ્યાધર શ્રેણીઓ પોતાના બન્ને પાર્શ્વભાગમાં દક્ષિણથી અને ઉત્તરથી બબ્બે પદ્મવરવેદિકાઓથી અને વનષંડોથી પરિવેષ્ઠિત છે, એ જ પદ્મવર વેદિકાઓ અર્દ્ધા અર્દ્ધા યોજન જેટલી ઊંચાઈ વાળી છે. અને પાંચસો પાંચસો ધનુષની જેટલી વિસ્તાર વાળી છે. તથા આમાંથી દરેકની લંબાઈ પર્વતની લંબાઈ જેટલી છે. વિદ્યાધર શ્રેણીઓનો આકારભાવ પ્રત્યવતાર-સ્વરૂપ વિષે શું કહ્યું છે ? હે ગૌતમ ! વિદ્યાધર શ્રેણીઓનો ભૂમિભાગ બહુસમ-છે.-એથી રમણીય છે. તે મૃદંગના મુખવત બહુસમ છે. યાવત્ તે અનેક જાતના પંચવર્ણોથી યુક્ત મણિઓ તેમજ તૃણોથી ઉપશોભિત છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ મણિ અને તૃણ ત્યાં કૃત્રિમપણ છે અને અકૃત્રિમ પણ છે.

દક્ષિણ વિદ્યાધર શ્રેણીમાં ગગનવલ્લભ વગેરે ૫૦ નગરો છે તેમજ ઉત્તરવિદ્યા ધર શ્રેણીમાં રથનપુર ચક્રવાલ વગેરે ૬૦ નગરો આવેલા છે. આ વિદ્યાધરોની રાજ ધાનીઓ વિભવ, ભવન વગેરેથી ઋદ્ધ છે, સ્વચક્ર અને પરચક્રના ભયથી મુક્ત છે, યાવત્ પ્રતિરૂપ છે વિદ્યાધર શ્રેણિદ્વય નિવાસી મનુષ્યોનું સ્વરૂપ સમચતુરસ્ર આદિ સંસ્થાન વાળા હોય છે. એમના શરીરની ઉંચાઈ પાંચસો ધનુષ વગેરે જેટલી હોય છે. પૂર્વ કોટિ વર્ષશત આદિ જેટલી આયુ હોય છે. યાવત્ અવ્યાબાધ સુખના ભોક્તા છે તે વિદ્યાધર શ્રેણીઓને બહુસમરમણીય ભૂમિભાગથી વૈતાઢ્ય પર્વતના બન્ને પાર્શ્વ ભાગોમાં દશ દશ યોજન ઉપર જઈને બે આભિયોગ્ય શ્રેણિઓ છે શક્ર અને લોકપાલોના કિંકરભૂત જે વ્યંતર દેવ વિશેષ છે, તેમની આ નિવાસભૂત શ્રેણીઓ છે. એઓ બન્ને પૂર્વ પશ્ચિમમાં લાંબી છે ઉત્તર દિશા અને દક્ષિણ દિશામાં ચોડી છે. એમનો વિસ્તાર દશ-દશ યોજન જેટલો છે. તેમજ પર્વતની લંબાઈ જેટલી એમની લંબાઈ છે. હે ગૌતમ ! એ બન્ને શ્રેણી ઓનો ભૂમિભાગ બહુ સમ છે અને એથી જ તે બહુજ રમણીય છે આ પૂર્વોક્ત આભિ-યોગ્ય શ્રેણીઓના સ્થાનોપર અનેક વાનવ્યંતર દેવો દેવીઓ સુખપૂર્વક ઉઠતા-બેસતા રહે છે, યાવત્ શુભ ફળ વિશેષનો ઉપભોગ કરતા રહે છે. તેઓ બન્ને અભિયોગ્ય શ્રેણી ઓમાં દેવેન્દ્ર દેવરાજ શક્રના-જે પૂર્વ દિશાનાં દિક્પાલ સોમ છે. દક્ષિણ દિશાના દિક પાલ યમના પશ્ચિમ દિશાના દિક્પાલ વરુણના અને ઉત્તર દિશાના દિક્પાલ વૈશ્રવણના તેમના અનેક ભવનો કહેવાય છે. તે ભવનો બહારથી ગોળ છે. અને અંદરથી ચતુરસ્ર છે. યાવત્પ્રાસાદીય છે પ્રત્યેક ભવનમાં ૪૮-૪૮ કોઠાઓ બનેલા છે. તેમજ ૪૮-૪૮ વન માળાઓ ગોઠવેલી છે. પરચક્રનો અહીં ભય નથી. તેમજ સ્વચક્રના ભયથી એ રહિત છે. જેમના હાથોમાં દંડ છે એવા કિંકરભૂત દેવોથી એ ભવનો સંરક્ષિત થયેલા છે. ગોમયા દિકના લેપનથી એ ભવનો પરિષ્કૃત છે. ગોશીર્ષચન્દન અને સરસ રક્ત ચંદનના અધિ કાધિક પ્રગાઢલેપાદિના એ ભવનોમાં હાથના થાપાઓ લાગેલા છે. સ્થાન સ્થાન પર ચંદન નિર્મિત કલશો એ ભવનોમાં મૂકેલા છે.

દરેક ભવનના દરેક દ્વાર પર ચન્દન કલશો ના તોરણો બનેલા છે. એ ભવનોમાં જે પુષ્પમાલા છે-વિસ્તીર્ણ છે. તેમજ વૃત્ત-ગોળ આકારવાળા છે. અને લટકતા છે. એ ભવનોમાં યત્ર તત્ર સરસ પંચવ ર્ણોપેત તેમજ સુગંધિત પુષ્પોના સમૂહો વિકીર્ણ થયેલા રહે છે. પ્રજ્વલિત કાલા ગુરુની, પ્રશ્રસ્તર કુન્દરુષ્કન્ધ દ્રવ્ય વિશેષની, લોબાનની અને દશાંગધૂપની મનોજ્ઞગન્ધ સર્વત્ર વ્યાપ્ત છે અપ્સરાઓના સમુદાયો આમથી તેમ હરતા-ફરતા જ રહે છે. દિવ્ય વાજાઓનો નાદ થતો રહે છે. એથી એ મુખરિત રહે છે. એ સર્વાત્મના રત્નમય છે તેમજ અચ્છથી માંડીને પ્રતિરૂપ છે એ બન્ને આભિયોગ્ય શ્રેણી ઓના બહુસમરમણીય ભૂમિભાગથી વૈતાઢ્ય પર્વતની બન્ને બાજુઓમાં પાંચ પાંચ યોજન ઉપર આગળ જવાથી વૈતાઢ્ય પર્વતનું શિખર કહેવાય છે. શિખર પૂર્વથી પશ્ચિમ સુધી લાંબું છે. આનો વિસ્તાર ૧૦ યોજન જેટલો છે. એથી આ લંબાઈની અપેક્ષાએ પર્વ તની બરાબર છે. તે શિખરતલ એક પદ્મવરવેદિકા અને એક વનષંડનથી ચારે તરફથી ઘેરાએલું છે. એઓ બન્નેનીલંબાઈ-ચોડાઈનું પ્રમાણ તેમજ એમના સંબંધનું વર્ણન જંબૂદ્વીપની જગતીની પદ્મવરવેદિકા અને વનષંડના વર્ણન જેવું જ છે. શિખર તલનો જે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભુમિભાગ છે તે સમરમણીય છે. મૃંદગ મુખ પટ જેવું બહુસમ રમણીય હોય છે ઈત્યાદિ રૂપથી તથા યાવત્ નાના પ્રકારના પંચવર્ણોપેત મણિઓથી તે શોભિત છે. હે ભદંત ! જંબૂદ્વીપ નામદ્વીપમાં સ્થિત ભરતક્ષેત્રના મધ્યમાં પડતા વૈતાઢ્ય પર્વતના કેટલા શિખરો છે ! નવ કૂટ-શિખરો છે. સિદ્ધાયતનકૂટ દક્ષિણાર્દ્ધ ભરતકૂટ. ખંડપ્રપાતગુફાકૂટ, માણિભદ્રકૂટ, વૈતાઢ્યકૂટ, પૂર્ણભદ્રકૂટ, તમિસ્રગુહાકૂટ, ઉત્તરાર્ધભરતકૂટ, વૈશ્રવણકૂટ.

[૧૪] જે સિદ્ધાયતન નામક કૂટ છે તે કયા ભાગમાં આવેલ છે ? હે ગૌતમ ! પૂર્વ દિગ્વર્તી લવણ સમુદ્રની પશ્ચિમદિશામાં તેમજ દક્ષિણાર્દ્ધ ભરતકૂટની પૂર્વ દિશામાં જંબૂદ્વીપ સ્થિત ભરતક્ષેત્રના મધ્યમાં આવેલ વૈતાઢ્ય પર્વતની ઉપર સિદ્ધાયતન કૂટ છે. આ સિદ્ધાયતન કૂટ એક ગાઉ ૬ યોજન જેટલો ઊંચો છે. મૂલમાં આનો વિસ્તાર એક ગાઉ સહિત ૬ યોજન જેટલો છે. મધ્યમાં આનો વિસ્તાર કંઈક ન્યુન પાંચયોજન જેટલો છે. ઉર્ધ્વભાગમાં આનો વિસ્તાર ત્રણ યોજન તેમજ કંઈક વધારે અર્ધગાઉ જેટલો છે. મૂલમાં આની પરિધિ કંઈક કમ ૨૨ યોજન જેટલી છે. મધ્યભાગમાં આની પરિધિ કંઈક કમ ૧૫ યોજન જેટલી છે. ઉપરની એની પરિધિ કંઈક વધારે નવ યોજન જેટલી છે. તે સિદ્ધાયતન કૂટની ઉપર બહુસમ રમણીય ભૂમિભાગ છે. તે મૃદંગ મુખવત્ બહુસમ છે. યાવત્ અહીં અનેક વ્યંતર દેવ આદિ પોતાના સમયને આનંદ પૂર્વક પસાર કરે છે. તે બહુસમરમણીય ભૂમિભાગના બરાબર મધ્યમાં એક વિશાળ સિદ્ધાયતન આવેલ છે. સિદ્ધાયતન લંબાઈમાં એક ગાઉ જેટલું છે અને વિસ્તાર માં અર્દ્ધા ગાઉ જેટલુ છે, કંઈક કમ એક ગાઉ જેટલું ઉંચું છે. આ અનેકસો થાંભલાઓની ઉપર સ્થિત છે. દરેક સ્તંભની ઉપર નિપુણ શિલ્પકારો વડે નિર્મિત વજ્ર વેદિકાઓ અને તોરણો છે તથા શ્રેષ્ઠ અને નેત્ર મનને હર્ષિત કરનારી શાલભંજિકાઓ બનેલી છે. સિદ્ધાયતનના વૈડૂર્ય રત્નનિર્મિત સ્તંભો છે. તે સુશ્લિષ્ટ છે. લષ્ટ-સંસ્થિત સુંદર આકાર વાળા છે, તેમજ પ્રશસ્ત છે અને વિમલ નિર્મલ છે. ભૂમિભાગ છે તે અનેક મણિયોથી સ્વર્ણોથી અને રત્નોથી ખચિત છે. એથી તે ઉજ્જવલ છે અને અત્યંત સમ છે. તેમજ અહીં ઈહામૃગ વૃક, વૃષભ, બળદ તુરગ અશ્વ, નર મનુષ્ય, મગર,-પક્ષી,-સર્પ, કિન્નર યાવત્ પદ્માલતા કુમલિની આ સર્વના ચિત્રો બનેલા છે. એથી આ સિદ્ધાયતન અદ્‌ભુત જેવું લાગે છે. કંચન સુવર્ણ મરકત વગેરે મણિ આદિ વૈડૂર્ય આદિ રત્નોથી તેનું શિખર બનેલું છે. દિવાલો -ચૂના વગેરેથી ધોળેલી રહે છે યાવત્ ધ્વજાઓ એની ઉપર લહેરાતી રહે છે. તે સિદ્ધાયતનના ત્રણ દ્વારો ત્રણ દિશાઓમાં આવેલાં છે. એ દ્વારો ૫૦૦ પાંચસો ધનુષ જેટલાં ઉંચાં છે. ૨૫૦ અઢીસો ધનુષ જેટલા વિસ્તાર વાળા છે. તેમજ એટલો એમનો પ્રવેશ છે. એ દ્વારો શ્વેત છે અને એમનાં શિખરો શ્રેષ્ઠ સુવર્ણ નિર્મિત છે. તે સિદ્ધાયતનનો અંદરનો ભૂમિભાગ બહુસમરમણીય છે, તે ભૂમિ ભાગમૃદંગ મુખપુટવત્ બહુસમ છે. તે સિદ્ધાયતન ના બહુમધ્ય દેશભાગમાં એક વિશાળ દેવચ્છંદક છે. આ દેવચ્છંદક ઊંચાઈમાં પાંચસો ધનુષ પ્રમાણ છે તેમજ સર્વાત્મના રત્નમય છે. દેવચ્છંદકમાં જિનોત્સેધ પ્રમાણં પ્રમિત ૧૦૮ જિન-અરિહંતની પ્રતિમાઓ વિરાજમાન છે, આ ૧૦૮ જિન પ્રતિમાઓ નું વર્ણન વગેરે જીવાજીવા ભિગમ સૂત્રાનુ સાર જાણવું.

[૧૫-૧૮] હે ભદંત વૈતાઢ્ય પર્વત પર દક્ષિણાર્દ્ધ ભરત નામે કૂટ કયાસ્થળે આવેલ છે. હે ગૌતમ ! ખંડપ્રપાત કૂટની પૂર્વદિશામાં વૈતાઢ્ય પર્વત સંબંધી દક્ષિણાર્ધ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભરતકૂટ નામે દ્વિતીય આવેલ છે. આ કૂટની ઉંચાઈનું પ્રમાણ સિદ્ધાયતન કૂટની ઉંચાઈ બરાબર કહેવામાં આ દ્વિતીય કૂટની બહુસમરમણીય ભૂમિભાગની બરાબર મધ્યમાં એક વિશાળ પ્રાસાદાવતંસક આવેલ છે. આ પ્રાસાદાવતંસક એક ગાઉ જેટલો ઉંચો છે અર્ધા ગાઉ જેટલો વિસ્તાર વાળો છે પોતાની શ્વેત ઉજ્જવલ પ્રભાથી હસતો હોય તેમ લાગે છે. યાવત્ આ પ્રાસાદીય છે દર્શનીય છે અભિરૂપ છે પ્રતિરૂપ છે. પ્રાસાદાવતંસકના બરાબર મધ્યભાગમાં એક વિશાળ મણિપીઠિકા છે. લંબાઈ ચોડાઈમાં પાંચસો ધનુષ જેટલી છે. સર્વાત્મના રત્નમય છે. આ મણિપીઠિકાની ઉપર એક સિંહાસન "આ સિંહાસન દક્ષિણાર્ધ ભરત કૂટના અધિષ્ઠાયક દેવના જે સામાનિક આદિ દેવો છે તેમના ઉપવેશન માટે યોગ્ય ભદ્રાસનોથી સમાહિત છે." એવું કથન કરવું જોઈએ. આ કૂટનું નામ દક્ષિણાર્ધ ભરત કૂટ એટલા માટે પ્રસિદ્ધ થયું કે આ કૂટ પર દક્ષિણાર્ધ ભરત નામે એક દેવ રહે છે. આ દેવ મહર્દ્ધિક છે યાવત્ પલ્યોપમની સ્થિતિવાળો છે. આ દેવ ત્યાં ચાર હજાર સામાનિક દેવોના ચાર સપરિવાર અગ્રમહિષીઓના ત્રણ પરિષદાઓના સાત સૈન્યોના સાત સેનાપતિઓના સોળ હજાર આત્મરક્ષક દેવોના તેમજ દક્ષિણાર્દ્ધ ભરત કૂટની દક્ષિણાર્ધા રાજધાની નિવાસી અન્ય બીજા ઘણાં દેવ-દેવીઓના આધિપત્ય, પૌરાપત્ય, સ્વામિત્વ, ભર્તૃત્વ મહત્તરકત્વ તેમજ આજ્ઞેશ્વર સૈનાપત્ય કરાવતો પળાવતો તથા ચતુર વાજાઓ વગાડનારા પુરુષોથી જોરથી વગાડેલા વાજીંત્રોથી ગીતો સાંભળીને નાટ્ય કે વાદિત્રોના નાદપૂર્વક દિવ્યભોગ ભોગવતો પોતાનો સમય આનંદપૂર્વક પસાર કરે છે. સુમેરૂ પર્વતની દક્ષિણ દિશામાં તિર્યક અસંખ્યાત દ્વીપસમુદ્રોને પારકરીને અન્યજંબૂદ્વીપનામક દ્વીપમાં દક્ષિણ દિશામાં ૧૨ હજાર યોજન નીચે આગળ જવાથી દક્ષિણાર્ધ ભરત દેવની દક્ષિણાર્ધા નામની રાજધાની આવેલી છે. વિજય દેવની રાજધાની વિષે જે પ્રમાણે કહેવામાં આવ્યું છે, તે પ્રમાણે જ વૈશ્રવણ કૂટ સુધી અને બીજા સર્વ કૂટોનું વર્ણન અહીં સમજવું વૈતાઢ્ય પર્વતના મધ્યમાં વક્ષ્યમાણ એ ત્રણ કૂટો છે. જે સ્વર્ણમય છે. એનાથી બીજા જે પર્વત કૂટો છે તે સર્વે રત્નમય છે. વૈડૂર્ય વગેરે રત્નોના બનેલા છે. એમાં "માણિભદ્ર કૂટ, વૈતાઢ્ય કૂટ અને પૂર્ણભદ્ર એ ત્રણ કૂટો કનકમય છે અને બાકીના ૬ કૂટો રત્નમય છે. એ નવકૂટોમાંથી બે કૂટોના તમિસ્ર ગુફાકૂટ અને ખણ્ડ પ્રપાત ગુફા કૂટના-દેવ વિસદશ નામવાળા છે. એમના નામો ક્રમશઃ કૃતમાલક અને નૃતમાલક છે. શેષ ૬ કૂટોના નામ જેવા જ નામવાળા છે એ દેવોની એક એક પલ્યોપમ જેટલી સ્થિતિ છે. જ્યાં અમે રહીએ છીએ એવા આ જંબૂદ્વીપ નામક દ્વીપમાં જે સુમેરુ પર્વત છે તે પર્વતની દક્ષિણ દિશામાં તિર્યંક અસંખ્યાત દ્વીપ સમુદ્રોને ઓળંગીને ૧૫ યોજન નીચે આગળ વધવાથી તે કૃતમાલાદિક દેવોની રાજધાનીઓ છે. એ સર્વ રાજધાનીઓ વિજ્યા રાજધાની જેવી જ છે.

[૧૯] હે ભદંત ! વૈતાઢ્ય પર્વતનું વૈતાઢ્ય પર્વત નામ થયું તેનું કારણ શું છે ? હે ગૌતમ ! વૈતાઢ્ય પર્વત ભરત ક્ષેત્રને બે વિભાગોમાં વિભક્ત કરે છે. દક્ષિણાર્ધ ભરત અને ઉત્તરાર્ધ ભરત છે. આ વૈતાઢ્ય પર્વત પર વૈતાઢ્ય ગિરિકુમાર નામે એક દેવ રહે છે. આ મહર્દ્ધિક દેવ છે. આની એક પલ્યોમ જેટલી સ્થિતિ છે. આ કારણથી આ પર્વતનું નામ વૈતાઢ્ય એવું મેં કહ્યું છે. અથવા હે ગૌતમ ! વૈતાઢ્ય એવું નામ શાશ્વત છે. કેમકે એવું પણ નથી કે આ વૈતાઢ્ય પર્વત પહેલા હતો નહિ. પરંતુ ખરેખર એ પહેલાં પણ હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વર્તમાનમાં પણ છે. તેમજ ભવિષ્ય કાળમાં પણ વિદ્યમાન રહેવાનો છે. એથી આ ધ્રૂવ છે, નિયત છે, શાશ્વત છે, અક્ષય છે, અવ્યય છે, અવસ્થિત છે અને નિત્ય છે

[૨૦] હે ભદંત ! ઉત્તરાર્ધ ભરત ક્ષેત્ર કયા સ્થળે આવેલ છે ? લઘુહિમવાન વર્ષધર પર્વતની દક્ષિણ દિશામાં અને વૈતાઢ્ય પર્વતની ઉત્તરદિશામાં તથા પૂર્વ દિગ્વર્તી લવણ સમુદ્રની પશ્ચિમ દિશામાં અને પાશ્ચાત્ય લવણ સમુદ્રની પૂર્વ દિશામાં જંબૂદ્વીપ નામક દ્વીપમાં ઉત્તરાર્ધ ભરત ક્ષેત્ર આવેલ છે. આ ક્ષેત્ર પૂર્વ તેમજ પશ્ચિમ દિશામાંલાંબુ છે. ઉત્તર અને દક્ષિણદિશામાં વિસ્તારયુક્ત છે. પર્યંકાસન સંસ્થાનથી કોટિથી પશ્ચિમ લવણ સમુદ્રને આ સ્પર્શી રહેલ છે. ગંગા અને સિન્ધુ એ બે મહાનદીઓ એને ત્રણ વિભાગોમાં વિભક્ત કરેલ છે. સવણસમુદ્રમાં મળનારી મહાનદી ગંગાએ આનો પૂર્વ ભાગ કર્યો છે, સિન્ધુએ આનો પશ્ચિમ ભાગ કર્યો છે. અને ગંગા અને સિન્ધુએ આનો મધ્યભાગ કર્યો છે. આનો વિસ્તાર ૨૩૮/૩/૧૯ યોજન જેટલો છે. આ ઉત્તરાર્ધ ભરતની વાહા- પૂર્વ પશ્ચિમ દિશામાં ૧૮૯૨ યોજન અને એક યોજનના ૧૯માં ભાગમાંથી ૭II ભાગ પ્રમાણ છે. તે ઉત્તરાર્ધ ભરતની જીવા ક્ષુલ્લહિમવાન્ પર્વતની દિશામાં પૂર્વથી પશ્ચિમ સુધી લાંબી છે અને પૂર્વ દિગ્વર્તી કોટિથી પૂર્વ દિગ્વર્તી લવણ સમુદ્રને તેમજ પશ્ચિમ દિગ્વર્તી કોટિથી પશ્ચિમ લવણ સમુદ્રને સ્પર્શે છે. આનો આયામ ૧૪૪૭૧ યોજન અને એક યોજનના ૧૯ ભાગોમાંથી કંઈક કમ ૬ ભાગ પ્રમાણ છે. ઉત્તરાર્ધ ભરતની જીવાનું દક્ષિણદિશામાં દક્ષિણધનુષ્પૃષ્ઠ ક્ષેત્ર વિશેષ-૧૪૫૨૮ યોજન અને એક યોજનના ૧૯ ભાગમાંથી ૧૧ ભાગ પ્રમાણ છે. ઉત્તરાર્ધભરતક્ષેત્રનું સ્વરૂપ આ પ્રમાણે છે. ત્યાંનો ભૂમિભાગ બહુસમ રમણીય છે અને તે આલંગ પુષ્કરના જેવો છે. યાવત્ ત્યાંનો ભૂમિ ભાગ કૃત્રિમ અને અકૃત્રિમ તૃણોથી તેમજ મણિઓથી સુશોભિત છે. ત્યાંના નિવાસી મનુષ્યોના સ્વરૂપો :- વજ્રઋષભનારાચ વગેરે અનેક પ્રકારના સંહનનવાળા હોય છે. યાવત્ એમાંથી કેટલાક તેજ ભવમાં સિદ્ધ થઈ જાય છે. યાવત્ સર્વ દુઃખોને વિનષ્ટ કરે છે.

[૨૧] ઉત્તરાર્ધ ભરત ક્ષેત્રમાં ઋષભકૂટ નામે પર્વત ક્યાં આવેલો છે ? હે ગૌતમ ! હિમવાન પર્વતથી ગંગા મહાનદી જે સ્થાન પરથી નીચે પ્રવાહિત થાય છે, તે ગંગા કુંડની પશ્ચિમદિશામાં અને હિમવાન થી સિન્ધુ મહાનદી જે સ્થાન પરથી નીચે પ્રવાહિત થાય છે તે સિન્ધુકુંડની પૂર્વદિશામાં તથા લઘુહિમવાન વર્ષધર પર્વતની દક્ષિણદિશાના નિતંબ-મેખલા સમીપવર્તી પ્રદેશ-પર જંબૂદ્વીપસ્થિત ઉત્તરાર્ધ ભરતક્ષેત્રમાં ઋષભકૂટ નામે પર્વત આવેલ છે. ઊંચાઈમાં આઠ યોજન જેટલો છે. બે યોજન જેટલો જમીનની અંદર છે. મૂલમાં આનો વિષ્કંભ બાર યોજન છે. મધ્યમાં આઠ યોજન છે. અને ઉપરમાં ચાર યોજન છે. મૂલમાં આની પરિધિ કંઈક અધિક ૨૫ યોજન જેટલી છે. અને ઉપરમાં એની પરિધિ કંઈક અધિક ૧૨ યોજન જેટલી છે. આ મૂલમાં વિસ્તીર્ણ મધ્યમાં સંકુચિત અને ઉપરમાં પાતળો થઈ ગયો છે. એથી ગાયના પૂંછડાનું જેવું સંસ્થાન છે. આ પર્વત સર્વાત્મના જમ્બૂનદ-સ્વર્ણ નિર્મિત છે અચ્છ થી માંડીને પ્રતિરૂપ સુધીના વિશેષણોથી યુક્ત છે. આ ઋષભકૂટ પર્વત ચોમેર એક પદ્મવર વેદિકાથી પરિવેષ્ટિત છે. આનું વિશેષ વર્ણન સિદ્ધાયતન કૂટના જેવું જ છે. તથા ઋષભકૂટ પર્વત એક વનખંડથી ચોમેર ઘેરાએલ છે. મધ્યભાગમાં એક વિશાલ ઋષભ નામના દેવનું ભવન છે. આ ભવનની

લંબાઈ એક ગાઉ અને ચોડાઈ અર્ધા ગાઉ છે. તેમજ કંઈક કમ એક ગાઉ જેટલી એની ઉંચાઇ છે. ઋષભકૂટ નામ આનું યથાર્થ જ છે. આ પર્વતનું જે ઋષભકૂટ નામ કહેવાય છે તેનું કારણ આ છે કે તેની ઉપર ઋષભ નામનો દેવ કે જે મહર્દ્ધિક મહાદ્યુતિક મહાબલ, મહાયશસ્વી, મહાસુખી તેમજ પલ્યોપમની સ્થિતિવાળો છે. ઋષભદેવની ઋષભા નામક રાજધાની ઋષભકૂટની દક્ષિણદિશામાં છે ઈત્યાદિ. પૂર્વવત્.

**વક્ખાર-૧ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

**વક્ખારો-૨**

[૨૨] હે ભદંત ! જંબૂદ્વીપ નામક આ દ્વીપમાં કેટલા પ્રકારનો કાળ કહેવામાં આવેલ છે ? બે પ્રકારનો કાળ કહેવામાં આવેલ છે. એક અવસર્પિણી કાળ અને બીજો ઉત્સર્પિણી કાળ. અવસર્પિણી કાળ ૬ પ્રકારનો કહેવામાં આવેલ છે. જેમ "સુસ્સમદુસ્સ માકાળ, સુસમાકાળ, સુસમદુસ્સમકાળ, દુસ્સમસુસમાકાળ, દુસ્સમાકાળ, દુસ્સમ દુસ્સમાકાળ" સુસમસુષમા કાળ ઉત્સર્પિણી કાળ ૬ પ્રકારનો કહેવામાં આવેલ છે, દુષ્ષમદુષ્ષમાકાળ યાવત્ સુષમસુષમા કાળ હે ભદંત એક એક મુહૂર્તના કેટલા ઉચ્છ્વાસ નિઃશ્વાસ પ્રમિત કાળ વિશેષ કહેવાય છે ? હે ગૌતમ ! આગળ પ્રસિદ્ધ સમયનું સ્વરૂપ કે જેમ શાસ્ત્રકારોએ પટશાટિકાની ફાડવાના દૃષ્ટાંતથી કહેલ છે જે કાલ નું સર્વથી જઘન્ય રૂપ પ્રમાણ છે એવા અસંખ્યાત સમયોના સમુદાય રૂપ એક આવલિકા કહેવામાં આવી છે. ૨૫૬ આવલિકાઓનો એક ક્ષુલ્લક ભવ હોય છે. કંઈક વધારે ૧૭ ક્ષુલ્લકભવોનો એક ઉચ્છ્વાસ નિઃશ્વાસ રૂપ કાળ હોય છે.

[૨૩-૨૫] એવો પુરુષ હોય કે જેને યુવાવસ્થા પ્રાપ્ત હોય અને સમર્થ હોય ગ્લાનિ વર્જિત હોય, સર્વદા વ્યાધિ વિહીન હોય એવા તે નિરોગી મનુષ્યનો જે એક ઉચ્છ્વાસ યુક્ત નિઃશ્વાસ છે તેનું નામ પ્રાણ કહેવામાં આવેલ છે. એવા સાત પ્રાણોનો એક સ્તોક હોય છે. સાત સ્તોકોનો એક લવ હોય છે. ૭૭ લવોનું એક મુહૂર્ત્ત હોય છે. ૩૭૭૩ ઉચ્છ્વાસ-નિઃશ્વાસોનું એક મુહૂર્ત્ત હોય છે. એવા મુહૂર્ત્ત પ્રમાણથી ૩૦ મુહૂર્ત્તનો એક અહોરાત્ર હોય છે. પંદર અહોરાત્રનો એક પક્ષ હોય છે. બે પક્ષનો એક માસ હોય છે. બે માસની એક ઋતુ હોય છે. ત્રણ ઋતુઓનું એક અયન હોય છે. બે અયનો નો એક સ્વંત્સર હોય છે. પાંચ સંવત્સરનો એક યુગ હોય છે. વીસ યુગોના એક સો વર્ષ હોય છે. ૧૦ સો વર્ષોના એક હજાર વર્ષ હોય છે. ૧૦૦ હજાર વર્ષોના એક લાખ વર્ષો હોય છે. ૮૪ લાખ વર્ષોનું એક પૂર્વાંગ હોય છે, ૮૪ લાખ પૂર્વાંગનો એક પૂર્વ હોય છે, પૂર્વવર્ષનું પ્રમાણ આ પ્રમાણે કહેવામાં આવેલ છે. ૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦૦. ૮૪ લાખ પૂર્વનું એક ત્રુટિતાંગ હોય છે ૮૪ લાખ ત્રુટિતાંગ બરાબર એક અડડાંગ હોય છે. ૮૪ લાખ અડડાંગ બરાબર એક અડડ હોય છે. ૮૪ લાખ અડડનું એક અવવાંગ હોય છે. ૮૪ લાખ અવવાંગ બરાબર એક અવવ હોય છે. ૮૪ લાખ અવવનું એક હુહુકાંગ હોય છે. ૮૪ હુહુકાંગ બરાબર એક હુહુક હોય છે, ૮૪ લાખ હુહુક બરાબર એક ઉત્પન્લાંગ હોય છે. ૮૪ લાખ ઉત્પલાંગ બરાબર એક ઉત્પલ હોય છે. ૮૪ લાખ ઉત્પલનું એક પદ્માંગ હોય છે. ૮૪ લાખ પદ્માંગનુ એક પદ્મ હોય છે. ૮૪ લાખ પદ્મનું એક નલિનાંગ હોય છે. ૮૪ લાખ નલિનાંગ બરાબર એક નલિન હોય છે. ૮૪ લાખ નલિનનું એક અર્થનિપૂરાંગ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય છે. ૮૪ લાખ અર્થનિપુરાંગ બરાબર એક અર્થ નિપૂર હોય છે. ૮૪ લાખ અર્થ નિપૂરનું એક અયુતાંગ હોય છે, ૮૪ લાખ અયુતાંગ બરાબર એક અયુત હોય છે, ૮૪ લાખ અયુતનું એક નયુતાંગહોય છે, ૮૪ લાખ નયુતાંગ બરાબર એક નયુત હોય છે. ૮૪ લાખ નયુતનું એક પ્રયુતાંગ હોય છે. ૮૪ લાખ પ્રયુતાંગ બરાબર એક પ્રયુત હોય છે. ૮૪ લાખ પ્રયુતનું એક ચૂલિકાંગ હોય છે, ૮૪ લાખ ચુલિકાંગની એક ચૂલિકા હોય છે, ૮૪ લાખ ચૂલિકાનું એક શીર્ષ પ્રહેલિકાંગ હોય છે અને ૮૪ લાખ શીર્ષ પ્રહેલિકાંગની એક શીર્ષ પ્રહલિકા હોય છે. આ શીર્ષ પ્રહેલિકાની સ્થાપના આ પ્રમાણે છે-૭૫, ૮૨, ૬૩, ૨૫,૩૦૭૩૦૧૦૨૪૧૧૫, ૭૯૭૩૫૬૯૯૭૫૬૯ ૬૮૯૬૨૧૮૯૬૬૮૪૦૮૦૧૮૩ ૯૬ એ સર્વ અંક ૫૪ છે. એમની આગળ ૧૪૦ શૂન્યોની સ્થાપના વધારાની કરવી જોઈએ. આ પ્રમાણે એક શીર્ષ પહેલિકામાં ૧૯૪ અંક સ્થાનો હોય છે. આ પ્રમાણે સમય થી માંડી ને શીર્ષ પ્રહલિકા સુધી કાળ ગણિત છે, સંખ્યાનું સ્થાન છે, અને એજ ગણિતનો વિષય છે. આયુસ્થિતિ આદિરૂપ કાળ છે. શીર્ષપ્રહેલિકા પછી જે જે કાળ છે. તે અનતિશય જ્ઞાનીઓ વડે ગમ્ય થાય તેવો નથી એથી તેને ઔપમિક કહેવામાં આવેલ છે

[૨૭-૨૮] ઔપમિકકાળનું સ્વરૂપ કેવું છે ? હે ગૌતમ ! ઔપમિકના બે પ્રકારો કહેવામાં આવેલ છે. જેમ કે પલ્યોપમ અને સાગરોપમ. હું આગળ પલ્યોપમની પ્રરૂપણા કરવાનો છું. પરમાણુ બે પ્રકારનો હોય છે. પરમાણુ સૂક્ષ્મ અને વ્યાવહારિકના ભેદથી બે પ્રકારનો છે એમાં જે સૂક્ષ્મ પરમાણુ છે તે સ્થાપ્ય છે અનિરૂપણીય છે તે વ્યાવહારિક પરમાણુને ખડ્ગાદિ કાપી શકતા નથી. કોઈ પણ મનુષ્ય સુતીક્ષ્ણ શસ્ત્રથી પણ આ વ્યાવહારિક પરમાણુ ને ખંડિત કરી શકતો નથી, વિદીર્ણ કરી શકતો નથી,

[૨૯] અનંત પરમાણુઓના સંયોગથી જે પરિણામમાત્રા થાય છે તેનું નામ ઉચ્છ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા છે આ ઉચ્છ્લક્ષ્ણશ્લક્ષ્ણિકાઓની એક શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા હોય છે. આ પ્રમાણે ઉત્સેધાંગુલ સુધી કથન જાણવું જોઈએ. આઠ શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકાઓનો એક ઉધ્વરેણુ હોય છે. આઠ ઉધ્વરેણુનો એક ત્રસરેણુ હોય આઠ ત્રસરેણુઓનો એક રથરેણુ હોય છે, આઠ રથરેણુઓનો એક દેવ કુરુ અને ઉત્તર કુરુક્ષેત્ર નિવાસી મનુષ્યનો બાલાગ્ર હોય છે. આઠ બાલાગ્રોનો હરિવર્ષ અને રમ્યક વર્ષના નિવાસી મનુષ્યોનું એક બાલાગ્ર હોય છે. એજ જે આઠ બાલાગ્રો છે તે હેમવત અને હૈરણ્યવત ક્ષેત્ર નિવાસી મનુષ્યોનું એક બાલાગ્ર હોય છે. એમના આઠ બાલાગ્રોનું પૂર્વ વિદેહ અને અપર વિદેહના નિવાસી મનુષ્યોનું એક બાલાગ્ર હોય છે. એમના આઠ બાલાગ્રોની-એક લિક્ષા હોય છે, આઠ લિક્ષાઓની એક યૂકા હોય છે. આઠ યૂકાઓનું એક યવ મધ્ય હોય છે. આઠ યવમધ્યોનો એક અંગૂલ હોય છે. ૬ અંગુલોનો એક પાદ- હોય છે. ૧૨ અંગુલોની એક વિતસ્તિ હોય છે. તેમજ ૨૪ અંગુલોની એક રત્નિ હોય છે. ૪૮ અંગુલોની એક કુક્ષિ હોય ૯૬ અંગુલનો એક અક્ષ હોય છે. ૯૬ અંગુલોનો એક દંડ હોય છે ધનુષ પણ આટ લાજ અંગુલોનું હોય બે હજાર ધનુષનો એક ગવ્યૂત થાય છે. ચાર ગવ્યૂત બરાબર એક યોજન હોય છે. આ યોજન પ્રમાણવાળા પલ્ય-ધાન્ય પાત્રવિશેષના જેવું આ પલ્ય હોય છે. એટલે કે એક યોજન પહોળું અને એક યોજન લાંબુ એવું એક પલ્ય બનવું જોઈએ. આ પલ્યમાં ઓછામાં ઓછા એક દિવસથી માંડીને ત્રણ દિવસ સુધી અને વધારેમાં વધારે સાત દિવસ સુધીના મુંડિત થયેલા શિર પર ઉત્પન્ન બાલાગ્રોની-કે જેઓ દેવકુરુ અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્તર કુરુના માણશોના જ હોય-કોટિઓને એકદમ ઠાંસી ઠાંસીને ભરવામાં આવે કોઈ પણ સ્થાને તલમાત્ર પણ સ્થાન ખાલી હોય નહીં આમ ભર્યાપછી તેમાં વિવર રહેશે નહીં વાયુ પ્રવિષ્ટ થઈ શકશે નહીં નિબિડરૂપમાં હોવાથી અગ્નિ પણ તેમને ભસ્મ કરી શકશે નહીં તે બાલાગ્ર કોટિઓથી તે પલ્ય સારી રીતે અતીવ નિબિડ રૂપમાં પૂરિત થઈ જાય ત્યારે તેમાં સો વર્ષ નીકળી જવા બાદ એક બાલાગ્ર કોટિ બહાર કાઢવી જોઈએ આમ કરતાં કરતાં જેટલા કાળમાં તે પલ્ય તે બાલાગ્ર કોટિઓથી રિક્ત થાય છે. બાલાગ્રનો સ્વલ્પાંશ પણ તેમાં રહે નહીં એટલે તો તેટલા કાળનું નામ પલ્યોપમ કાળ છે. આ પલ્યમાં સંખ્યાત કોટિ કોટિ પ્રમાણ વર્ષ સમાપ્ત થઈ જાય છે. આને બાદર પલ્યોપમ કહેવામાં આવે છે, પૂર્વોક્ત બાલાગ્રોમાં એક એક બાલાગ્રના અસંખ્યાત ખંડો કરી નાખવા જોઈએ અને ત્યાર બાદ તેમના વડે આ પલ્યને પૂરિત કરવું. આ સ્થિતિમાં આ પલ્યની લંબાઈ પહોળાઇ તેમજ અવગાહ ઊત્સેધાંગુલયોજન પ્રમાણ થઇ જશે. હવે દર સો વર્ષે એક બાલાગ્રખંડનો તેમાંથી અપહાર કરવો આ પ્રમાણ જેટલા કાળમાં તે પલ્ય તે બાલાગ્રોના અપહાર થી સર્વથા નિર્લિપ્ત બની જાય. એવો તે અસંખ્યાત કોટી કોટી વર્ષ પ્રમાણ વાળો કાળ સૂક્ષ્મ પલ્યોપમ કાળ કહેવામાં આવે છે.

[૩૦] પલ્યોપમની જે દશ ગુણિત કોટીકોટી તે એક સાગરોપમનું પ્રમાણ.

[૩૧] એવા સાગરોપમ પ્રમાણથી ચાર સાગરોપમ કોટા કોટિનો એક સુષમ સુષમા કાળ હોય છે. એને જ અવસર્પિણી નો પ્રથમ આરક કહેવામાં આવેલ છે. ત્રણ સાગરોપમ કોટા કોટીનો દ્વિતીય કાલ જે સુષમા છે તે હોય છે. બે સાગરોપમ કોટા કોટિનો તૃતીય કાળ જે સુષમ દુષ્મા છે. તે હોય છે. ૪૨ હજાર વર્ષ કમ ૧ કોટા કોટી સાગરોપમનો દુષ્ષમ સુષમાકાળ હોય છે, આ ચોથો કાળ છે. ૨૧ હજાર વર્ષનો દુષ્મા નામે ૫ મો કાળ હોય છે. તથા આટલાજ હજાર વર્ષનો છઠ્ઠો કાળ જે દુષ્ષમ-દુષ્મા દુષ્ષ મા નામે ૫ મો કાળ હોય છે. તથા આટલાજ હજાર વર્ષનો છઠ્ઠો કાળ જે દુષ્ષમ દુષ્મા છે તે હોય છે. આ પ્રમાણે સર્વ સંકલનાથી અવસર્પિણી કાળ ૧૦ કોડા કોડી સાગરોપમનો હોય છે. ઉત્સર્પિણી કાળમાં પ્રથમ કાલ જે દુષ્ષમ દુષ્મા છે તે ૨૧ હજાર વર્ષનો હોય છે. એને જ ઉત્સર્પિણી કાળનો પ્રથમ આરક કહેવામાં આવેલ છે. આ પ્રમાણે ઉત્સર્પિણી કાળના છઠ્ઠા સુષમા સુષમા આરક સુધીનું કથન સમજી લેવું જોઈએ.

[૩૨] હે ભદન્ત ! આ જંબૂદ્વીપ નામના દ્વીપમાં સ્થિત ભરતક્ષેત્રમાં આ અવ સર્પિણી કાળના સુષમ સુષમા નામના પ્રથમ આરક માં જ્યારે તે પોતાની સર્વોત્કૃષ્ટ અવસ્થામાં વર્તી રહ્યો હતો. ભરતક્ષેત્રનો કેવો આકાર ભાવ પ્રત્યવતાર- હતો. હે ગૌતમ ! જ્યારે જંબૂદ્વીપાશ્રિત આ ભરતક્ષેત્રમાં અવસર્પિણી કાળના સમયે પ્રથમ સુષમસુષમા નામક પ્રથમ આરક પોતાની સર્વોત્કૃષ્ટ અવસ્થા પર ચાલી રહ્યો હતો, તે સમયમાં અહીં ભૂમિ ભાગ બહુ સમ રમણીય હતો મૃદંગના મુખ પટ નો આકાર હોય છે. યાવત્ તે અનેક પ્રકારના પાંચ વર્ણવાળા મણિઓ થી તેમ જ તૃણોથી સુશોભિત હતો આ સુષમ સુષમા કાલમાં આ ભરત ક્ષેત્રમાં અનેક ઉદ્દાલ, કુદાલ, મોદ્દાલ, કૃતમાલ' નૃત્તમાલ, દંતમાલ, નાગમાલ, શ્રૃંગમાલ, શંખમાલ અને શ્વેતમાલ નામના પ્રસિદ્ધ ઉત્તમ વૃક્ષ જાતિના ઉત્તમ વૃક્ષ સમૂહો કહેવામાં આવેલ છે. આ સર્વ વૃક્ષો પોત પોતાના મૂળ ભાગોમાં અને શાખાપ્રશાખા આદિના મૂળ સ્થાનોમાં કુશ અને વિકુશબલ્વન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વગેરે તૃણ વિશેષોથી રહિત હોય છે. આ પ્રમાણે આ સર્વ વૃક્ષો પ્રશસ્ત કંદો વાળા છે. યાવત્ વૃક્ષો બહુ જ સુંદર શોભા સંપન્ન દૃષ્ટિ ગત થાય છે. તે કાળમાં ભારતવર્ષમાં ઠેક ઠેકાણે અનેક ભેરુ તાલ-વૃક્ષ વિશેષ-ના વનો હોય છે હેરુતાલના વનો હોય છે, મેરુતાલના વનો હોય છે, પ્રભાતાલના વનો હોય છે. સાલવૃક્ષોના વનો હોય છે, સરલ વૃક્ષોના વનો હોય છે, સપ્તપર્ણોના વનો હોય છે, પૂગફલી-સોપારી-ના વૃક્ષોના વનો હોય છે, ખર્જૂરી-પિંડખજૂરોના વનો હોય છે. અને નારિકેલના વૃક્ષોના વનો હોય છે. આ વનો માં આવેલા વૃક્ષોની નીચેના ભૂમિ ભાગો કુશ-કાશ અને બિલ્વાદિ લતાઓથી સર્વથા રહિત હોય છે. આ વૃક્ષો પણ પ્રશસ્ત મૂળ વાળા હોય છે. પ્રશસ્ત કંદવાળા હોય છે. ઈત્યાદિ તે કાળ ભરત ક્ષેત્રમા ઠેકઠેકાણે ઘણી સેરિકા નામની લતા ઓના સમૂહો હોય છે. નવમાલિકા નામની લતાઓના સમૂહો હોય છે. કોરંટ નામની લતાઓના સમૂહો હોય છે. બન્ધુ જીવક મનોવદ્યગુલ્મો નીલકિંટિકા કુબ્જકના સિંદૂવારના મુદ્ગર વેલી યૂથિકા સ્વર્ણ જુહીના મલ્લિકા લતાના વાસંતિકા લતાના વસ્તુલના ગુલ્મો વસ્તુલ મગદંતિકાના ગુલ્મો હોય છે. ચંપકના ગુલ્મો હોય છે. આ સર્વ ગુલ્મો અતીવ સુંદર હોય છે અને આરોપ યુક્ત મેઘના સમૂહ જેવા હોય છે. તેમજ પાંચ વર્ણવાળા પુષ્પોને ઉત્પન્ન કરતા રહે છે. એ ગુલ્મો ભરત ક્ષેત્રમાં સ્થિત બહુસમરમણીય ભૂમિભાગને વાયુથી કંપિત શાખાઓના અગ્રભાગથી વર્ષેલા પુષ્પોથી અલંકૃત કરે છે. તે કાળમાં ભરત ક્ષેત્રમાં ઠેક ઠેકાણે અનેક પદ્મલતાઓ યાવત્ શ્યામલતા હોય છે. ઠેકઠેકાણે ઘણી વનરાજિઓ હતી એ વનરાજિઓ કૃષ્ણ છે અને કૃષ્ણરૂપથી અવભાસિત થાય છે. યાવત્ એઓ ખૂબજ સોહામણી લાગે છે.

[૩૩] તે સુષમસુષમા નામના આરકમાં ભરતક્ષેત્રમાં ઠેક ઠેકાણે તે સ્થાનોમાં મત્તાંગ નામના કલ્પવૃક્ષો હતા. યાવત્ ચન્દ્રપ્રભા મણિ શિલિકા ઉત્તમમદ્ય તથા વર વારુણી એ સર્વે માદકરસ વિશેષો છે. આ સર્વે સુપરિપાકગત પુષ્પો ફળો તેમજ ચોય નામક ગન્ધ દ્રવ્ય વિશેષના રસોમાંથી બનાવવામાં આવે છે, તથા એમના માં શરીરને પુષ્ટ કરનારા દ્રવ્યોનું સમ્મિશ્રણ રહે છે. આ પ્રમાણે અનેક જાતના આસવો પણ તૈયાર કરવામાં આવે છે. જે આ સર્વ સુરા વિશેષોના વર્ણ ગન્ધ રસ અને સ્પર્શ વિશિષ્ટ પ્રકારના હોય છે. જેમ લોક પ્રસિદ્ધ ચન્દ્રપ્રભા વગેરે સુરાઓ હોય છે. તેમજ મત્તાંગ જાતિના દ્રુમગણ પણ સ્વતઃ સ્વભાવથી અનેક પ્રકારના અમાદક પદાર્થોના રૂપમાં પરિણત થઈ જાય છે. તે પ્રથમ આરકમાં ભરતક્ષેત્રમાં ઠેક ઠેકાણે અનેક ભૃતાંગ નામના કલ્પવૃક્ષો હોય કલ્પવૃક્ષો તે યુગલિકોને અનેક પ્રકારના ભાજનોને પ્રદાન કરતા રહે છે. આ સૂત્રપાઠગત પદોની વ્યાખ્યા જીવાભિગમ સૂત્ર થી જાણી લેવી.

[૩૪] હે ભદંત ! તે સુષમસુષમા આરકના સદ્ભાવમાં ભરતક્ષેત્રમાં યુગલિક મનુષ્યોના સ્વરૂપ કેવું હોય છે ? હે ગૌતમ ! તે સમયે મનુષ્ય યુગલિક સ્ત્રી-પુરુષ જેમનું સંસ્થાન સમીચીન છે એવા તેમજ કચ્છપ જેવા ઉન્નત સુંદર ચરણોવાળા હોય છે. હે ભદન્ત ! તે સુષમસુષમા કાળ ના સમયે ભરત ક્ષેત્રની સ્ત્રીઓના આકાર ભાવ પ્રત્યવતાર-સ્વરૂપ કેવું કહેવામાં આવેલ છે. ગૌતમ ! તે મનુષ્ય સ્ત્રીઓ-સુપ્રમાણમાં ઉત્પન્ન થયેલા મસ્તકાદિ અંગોવાળી હોય છે. તેમજ સુજાત સર્વાંગ યુક્ત હોવાથી તેઓ ખૂબજ સુંદર હોય છે. એમના બન્ને ચરણો અતિકાન્ત-અતિ સુંદર હોય છે, વિશિષ્ટ પ્રમાણોપેત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય છે. પોતપોતાના શરીરના અનુરૂપ પ્રમાણવાળા હોય છે. આ ચરણો અત્યન્ત વધારે સુકોમળ છે. તેમજ જેવું કચ્છપનું સંસ્થાન એમના ચરણોનું હોય છે. એમના ચરણોની આંગળીઓ ઋજુ સરલ હોય છે. રંજિત હોય છે પાતળા હોય છે. મલ વિહીન હોય છે. જંઘાયુગલ રોમરહિત હોય એમનું સુજાનુમંડળ અતીવ સપ્રમાણ હોય છે. ઘુણ વગેરે ઉપદ્રવથી વિહીન દ્યુતફલકની જેમ પ્રષ્ઠ સંસ્થાન યુક્ત શ્રેષ્ઠ આકાર યુક્ત એમનો શ્રોણિ પ્રદેશ હોય છે, એમનો પ્રધાન કટિપૂર્વભાગ એટલે કે જઘન મુખની દ્વાદશ અંગુલ પ્રમાણ લંબાઈ કરતાં બે ગણું હોય છે, એથી તે વિસ્તીર્ણ માંસલ પુષ્ટ અને સુબદ્ધ સુદૃઢ હોય છે. એમનો જે મધ્યભાગ છે તે વજ્રના જેવો મનોહર હોય છે. એમની રોમરાજિ સરળ હોય છે. સ્વભાવતઃ પાતળી હોય છે. કૃષ્ણ વર્ણવાળી હોય છે, એમના ઉદરનો વામ-દક્ષિણ ભાગ અનુદ્ ભટ અસ્પષ્ટ હોય છે. પ્રશસ્ત શ્લાઘ્ય હોય છે. અને પીન સ્થૂલ હોય છે, એમની શરીરયષ્ટિ અકરંડુક માંસલ હોવાથી નુપલક્ષ્યમાણ છે એમના બન્ને પયોધરો સુવર્ણ ઘટના જેવા મનોહર હોય છે. સમ હોય છે પરસ્પરમાં સમાન હોય છે. પરસ્પર મળેલા હોય છે, બન્ને સ્તનોના જે અગ્રભાગ હોય છે. તે બહુજ સુંદર હોય છે, એ બન્ને સ્તનો સમશ્રેણિમાં હોય છે. અને યુગ્મ રૂપ હોય છે. એ બન્નેની આકૃતિ ગોળ હોય છે અને વક્ષસ્થલ પણ આગળ બહુજ સુંદર રીતે ઉંચે ઉઠેલા હોય છે એ સ્થૂલ હોય છે અને પ્રીતિકારક હોય છે તેમજ માંસથી સુપુષ્ટ હોય છે. એમની બન્ને બાજુઓ સર્પની જેમ ક્રમશઃ નીચેની તરફ પાતળી હોય છે એથી તે ગોપુચ્છની જેમ ગોળાકાર હોય છે. એમના નખોનો વર્ણ તામ્ર હોય છે. એમના હાથોના અગ્રભાગ માંસલ-પુષ્ટ હોય છે, એમના કક્ષ પ્રદેશ વક્ષસ્થળ અને -ગુહ્ય પ્રદેશ એ સર્વે પુષ્ટ હો છે, ઉન્નત હોય છે તેમજ પ્રશસ્ત હોય છે. એમના ગાલ અને કંઠ એ બન્ને પ્રતિ પૂર્ણ પરિપુષ્ટ સુંદર હોય છે. એમની જે ગ્રીવા હોય છે તે ચતુરંગુલ પ્રમાણ વાળી હોય છે એમના કપોલના અધોભાગ હનુ માંસલ હોય છે. એમનો જે અધરોષ્ઠ હોય છે તે દાડમના પુષ્પની જેમ પ્રકાશયુક્ત હોય છે. તેમજ ઓષ્ઠ બહુજ સુંદર હોય છે. એમના દાંત દહીં જલકણ ચન્દ્ર કુન્દ પુષ્પ અને વાસન્તીની કળી જેવા અતીવ શ્વેત વર્ણવાળા હોય છે. એમનાં તાલુ અને જિહ્વા રક્તોત્પલનાં પત્રની જેમ રક્ત હોય છે. તેમનાં નેત્રો પત્રલપક્ષ્મલ-શોભન પક્ષ્મથી યુક્ત હોય છે, એમના બન્ને શ્રવણો-કાનો આલીન સંગત હોય છે. એથી તે સપ્રમાણ હોય છે એમનું મસ્તક છત્ર જેવું ઉન્નત હોય છે. એમનાં મસ્તકના વાળ અકપિલ કૃષ્ણ હોય છે. સુસ્નિગ્ધ સ્વભાવતઃ સુચિકવર્ણ હોય છે. શોભન ગંધથી યુક્ત રહે છે હંસના જેવી એમની ગતિ હોય છે, એમના સ્વર-આમ્રની મંજરીના રસાસ્વાદથી ઉત્પન્ન થવાવાળા આનન્દથી મત્ત થએલી કોકિલની વાણી જેવો મધુર હોય છે. એમની ઉંચાઈ માણસોની ઉચાઈ કરતાં સહેજ ઓછી હોય છે. એમના શરીરાવન્તર્વર્તી વાયુનો વેગ સદા અનુકૂલ રહે છે. એમનો પૃષ્ઠભાગ. બન્ને ઉરુઓ પરિનિષ્ઠિત હોય છે. છ હજાર ધનુષ જેટલા એઓ ઉંચા હોય છે. તે મનુષ્યોની ૨૫૬ પાંસળીઓના અસ્થિઓ હોય પદ્મ અને ઉત્પ-લનો જેવો ગંધ હોય છે એ મનુષ્યો પ્રકૃતિથી શાન્ત સ્વભાવવાળા હોય છે. મૃદુ શોભન પરિમાણવાળા પરિમાણ માં સુખકારી એવા માર્દવભાવથી સંપન્ન હોય છે. સર્વ ગુણ સંપન્ન, કલ્યાણ ભાગી હોય એ અલ્પેચ્છ હોય છે. પ્રાસાદ જેવા આકારવાળા વૃક્ષોપર નિવાસ કરે છે તેમ જ યથેષ્ટ શબ્દાદિક ભોગોને ભોગવનાર હોય છે.

જૈન સાઈટ JAINSITE

[૩૫] હે ભદન્ત તે માણસોને કેટલા સમય પછી આહારની અભિલાષા થાય છે. હે ગૌતમ ! અષ્ટમભક્ત પ્રમાણ કાળ પછી એટલે કે ત્રણ દિવસ પછી આહારની અભિલાષા થાય છે. તે મનુષ્યો નિશ્ચયપૂર્વક પૃથિવી, મૃત્તિકા, પુષ્પ અને ફળ કલ્પવૃક્ષોના ફળ-આ સર્વેને આહાર રૂપમાં ગ્રહણ કરે છે. હે ભદન્ત ! તે પૃથિવીનો આસ્વાદ કેવો કહેવામાં આવ્યો છે ? હે ગૌતમ ! જેવો આસ્વાદ ગોળનો હોય છે, ખાંડનો હોય છે, શર્કરાનો હોય છે, મિશ્રીનો હોય છે, લાડવા વિશેષનો હોય છે, મૃણાલનો હોય છે, વિજયનો હોય છે. મહાવિજયાનો હોય છે, આકાશિકાનો આદર્શિકાનો હોય છે, એમનો આસ્વાદ અમૃત જેવો હોય છે. ત્યાંની પૃથિવી પૂર્વોક્ત ગોળ વગેરે પદાર્થો કરતાં પણ ઈષ્તરક છે. અતિશય રૂપથી સકલ ઈન્દ્રિયો માટે સુખજનક છે. હે ભદન્ત ! ત્યાં તે પુષ્પ ફળોના રસો કઈ જાતનાં કહેવામાં આવેલ છે ? હે ગૌતમ ! જેવું ષટ્ખંડાધિપતિ ચક્રવર્તિનરેશનું ભોજન કે જે એક લાખ દીનારના ખર્ચે નિષ્પન્ન થયેલ હોય, કલ્યાણપ્રદ, એકાન્તતઃ સુખજનક હોય છે, અને તે અતિ પ્રશસ્ત વર્ણથી, અતિ પ્રશસ્તરસથી, અતિ પ્રશસ્ત ગન્ધથી અને અતિ પ્રશસ્ત સ્પર્શ થી યુક્ત હોવાથી તે જેમ આસ્વાદનીય હોય છે, ઉત્સાહ વર્ધક હોય છે, મદનીય હોય છે, સર્વ ઈન્દ્રિયોને અને સર્વ શરીરને આનંદ આપનારું હોય છે, એટલે કે ચક્રવર્તિના ભોજન કરતાં પણ ઈષ્ટ તરક યાવત્ આસ્વાદ એ પુષ્પ ફલાદિકનો હોય છે.

[૩૬] હે ભદન્ત ! તે યુગલિકો તે આહારને ગ્રહણ કરીને પછી ક્યાં નિવાસ કરે ? ગૌતમ ! વૃક્ષ રૂપ ગૃહોમાં નિવાસ કરે છે. તે વૃક્ષો કૂટ-શિખર-ના આકાર સદશ આકારવાળા હોય છે. નાટક ગૃહનો જેવો આકાર હોય છે, છત્રનો જેવો આકાર હોય છે. ધ્વજાનો જેવો આકાર હોય છે, સ્તૂપનો તોરણનો ગોપુરનો ઉપવેશન યોગ્ય ભૂમિનો અટારીનો જેવો આકાર હોય છે; તેવા આકારવાળા હોય છે, તે ભરતક્ષેત્રમાં એ પૂર્વોક્ત વૃક્ષોથી ભિન્ન બીજા ઘણા વૃક્ષો એવા પણ છે કે શ્રેષ્ઠગૃહનો જેવો આકાર હોય છે, તેવા આકારવાળા હોય છે. એ સર્વ દ્રુમગણો શુભ-શીતળ છાયાવાળા છે.

[૩૭] હે ભદન્ત ! તે સુષમ સુષમા કાળમાં ભરતક્ષેત્રમાં ઘરો હોય છે. ગૃહ યુક્ત આપણ દુકાનો-હોય છે. બજારો હોય છે. ઉત્તરમાં પ્રભુ કહે છે. કે હે ગૌતમ આ અર્થ સમર્થ નથી કેમકે વૃક્ષ રૂપ ગૃહ જ જેમનું આશ્રય સ્થાન છે. હે ભદન્ત તે સુષમ સુષમા આરકમાં ભરતક્ષેત્રમાં ગ્રામ યાવત્ સન્નિવેશ હોય છે. આ અર્થ સમર્થ નથી કેમકે તે મનુષ્યો યથાભિલષિત સ્થાનો પર અવર જવર કરનાર હોય છે. હે ભદન્ત તે કાળમાં અસિ, મષી, કૃષી, વાણિકકલા ક્રયવિક્રયકલા અને વ્યાપારકલા એ સર્વે જીવનોપાય ભૂત કલાઓ હોય છે ? હે ગૌતમ એ અર્થ સમર્થ નથી હે ભદન્ત તે કાળમાં ભરતક્ષેત્રમાં હિરણ્ય ચાંદી સુવર્ણ હોય છે ? કાંસું હોય છે. દૂષ્ય-વસ્ત્ર હોય છે. મણિ મૌકિતક, શંખઃ શિલા પ્રવાલસ રક્ત રત્ન અને સ્વાપતેય એ સર્વે હોય છે, ઉત્તરમાં પ્રભુ કહે છે. હા, ગૌતમ તે કાળમાં સર્વે હોય છે. પણ એ તે મનુષ્યોના ઉપભોગમાં આવતા નથી. હે ભદન્ત ! સુષમ સુષમા આરકના સમયમાં ભરતક્ષેત્રમાં રાજા, યુવરાજ, ઈશ્વર, તલવર માડંબિક કૌટુંબિક શ્રેષ્ઠી, સેનાપતિ તેમજ સાર્થવાહો એ સર્વે હોય છે ! હે ગૌતમ ! આ અર્થ સમર્થ નથી તે મનુષ્યો વિભવ, ઐશ્વર્ય રૂપ ઋદ્ધિ અને સેવ્યતા રૂપ સત્કારથી રહિત હોય છે. હે ભદન્ત ! તે સુષમ સુષમાકાળના સદભાવમાં આ ભરત ક્ષેત્ર માં શું કોઈ દાસ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય છે ? પ્રેષ્ય-પ્રેષણાર્હ-દૂત વગેરે હોય છે ? ભૃતક - ગૃહ સંબંધી સામાન્ય કાર્ય કરનાર હોય છે ? હે ગૌતમ ! આ અર્થ સમર્થ નથી તે મનુષ્યો કાર્ય કરવા માટે જેમની ઉપરથી પરપ્રેરણા રૂપ અભિયોગ દૂર થઈ ગયો છે, એવા હોય છે. હે ભદન્ત ! તે સુષમ સુષમા કાળમાં ભરત ક્ષેત્રમાં માતા હોય છે ? પિતા હોય છે ? ભાઈ હોય છે ? બહેન હોય છે, પુત્ર હોય છે દુહિતા-પુત્રી-હોય છે ? પુત્ર વધૂ હોય છે ? હા, ગૌતમ ! આ સર્વ સંબંધો તે કાળમાં હોય છે પણ તે માણસોને તે સંબંધોમાં તીવ્ર પ્રેમ ભાવ હોતો નથી. હે ભદન્ત ! તે કાળમાં ભરત ક્ષેત્રમાં શું કોઈ કોઈ નો શત્રુ હોય છે ? કોઈ ઘાતકર્તા બીજા વડે વધકરાવનાર હોય છે શું પોતે કોઈની હત્યા કરનાર હોય છે ? હે ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. કેમકે મનુષ્યો વૈરાનુબન્ધથી પર હોય છે.

હે ભદન્ત ! તે કાળમાં આ ભરત ક્ષેત્રમાં શું કોઈ સ્નેહી હોય છે ? શું કોઈ વયસ્ય હોય છે ? શું કોઈ સ્વજાતીય હોય છે ? અથવા શું કોઈ સંઘટિક હોય છે ? અથવા શું કોઈ સખા હોય છે ? હા ગૌતમ ! આ બધું ત્યાં હોય છે પરસ્પર કોઈ કોઈની સાથે અતિશય -તીવ્ર-પ્રેબન્ધનમાં આબદ્ધ રહેતું નથી હે ભદન્ત ! તે સુષમ સુષમા કાળના સમયમાં આ ભરત ક્ષેત્રમાં આવાહ-વિવાહ પહેલાનો વાગ્દાન રૂપ ઉત્સવ વિશેષ હોય છે ? વિવાહ પરિણયન રૂપ ઉત્સવ વિશેષ હોય છે ? અગ્નિમાં ઘૃતાદિકથી હવન કરવા રૂપ ઉત્સવ વિશેષ હોય છે ? મૃત્યુ પછી પંક્તિભોજન આદિ રૂપ ક્રિયા-હોય છે ? પાક-લોકગમ્ય મૃતક ક્રિયા વિશેષ હોય છે ? તે કાળના મનુષ્યો આવાહ, વિવાહ, યજ્ઞ, શ્રાદ્ધ સ્થાલીપાક અને મૃતપિંડ નિવેદન એ સર્વ ક્રિયાઓથી રહિત હોય છે. હે ભદન્ત ! શું તે સુષમસુષમા કાળના સમયમાં આ ભરતક્ષેત્રમાં ઈન્દ્રના નિમિત્ત ઉત્સવો યોજવામાં આવે છે ? કાર્તિકેયને અનુલક્ષી નાગ કુમારને અનુલક્ષીને યક્ષના નિમિત્તે ભૂતોનાં નિમિત્તે કૂપોના નિમિત્તે તડાગ તળાવો-ના નિમિત્તે દ્રહને, નદીને, વૃક્ષને, પર્વતને, સ્તૂપકોને, સ્મૃતિસ્તંભોને તેમજ ચૈત્યને મૃતક સ્મૃતિચિન્હને અનુલક્ષીને ઉત્સવો યોજવામાં આવે છે હે ગૌતમ આ અર્થ સમર્થ નથી, કેમકે તે કાળમાં મનુષ્યો એવા હોય છે કે દરેક જાતના ઉત્સવો યોજવાની ભાવનાઓથી તેઓ દૂર રહે છે. તે સુષમસુષમા કાળના સમયમાં ભરત ક્ષેત્રમાં શું નટોના ખેલ તમાશાઓને જોવા મનુષ્યોના ટોળાઓ એકત્ર થાય છે ? નાટ્ય-નાટકના અભિનય વિગેરેને જોવા માટે મનુષ્યો એકઠા થાય છે ? જલ્લ-વર્ત પર અનેક જાતનાં ખલ તમાશાઓ મલ્લો વડે કરવામાં આવેલ બાહુ યુદ્ધોને મુષ્ઠિઓ વડે યુદ્ધ કરનારા મલ્લો વિદૂષકોના સુલલિત કથાના વાંચનથી શ્રોતાઓના હૃદયોમાં રસ ઉત્પન્ન કરાવનારા કથક પુરુષ વડે કહેવામાં આવેલ કથાને સાંભળવા માટે માણસો એકત્રિત થાય છે ? હે ગૌતમ ! આ અર્થ સમર્થ નથી, કેમકે જેમના ચિત્તમાંથી આ જાતનાં કૌતુકો જોવાનો ભાવ સંપૂર્ણ રીતે દૂર થઈ ગયો છે

હે ભદન્ત શું તે સુષમ સુષમા કાળના સમયમાં ભરત ક્ષેત્રમાં શકટ સામાન્ય બળદ ગાડીઓ હોય છે ? રથો હોય છે ? યાનો શકૂટ તેમજ રથાતિરિક્ત સવારી ગાડી ઓ હોય છે ? નાની નાની પાલખીઓ હોય છે ? ગિલ્લિઓ હોય છે ? થિલ્લિયો હોય છે ? શિબિકાઓ હોય છે ? સ્યન્દમાનિકાઓ હોય છે ? હે ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. ત્યાંના માણસો પાદચારી જ હોય છે. હે ભદન્ત ! તે કાળમાં ભરત ક્ષેત્રમાં અશ્વ હસ્તી ઉષ્ટ્ર- ગાય, ગવય. રોઝ, અજા એડક. પસય મૃગ વરાહ શરભ-, ચમર- કુરંગ અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગોકર્ણ- એ બધાં પ્રાણીઓ હોય છે ? હા, ગૌતમ ! એ સર્વ જીવો તે કાળમાં હોય છે. તે સમયના માણસોના ઉપયોગમાં કદાપિ આવતા નથી. હે ભદન્ત, તે કાળમા, આ ભરત ક્ષેત્રમાં સિંહ વ્યાઘ્ર, વૃક વરૂ દ્વીપિક વ્યાઘ્ર ચિત્તો, રીછ તરક્ષુ શ્રૃગાળ બિડોલ કૂતરું કોક ન્તિક લોંકડી અને મોટા સૂવરો અથવા વન્ય શ્વાનો હોય છે ? હા ગૌતમ ! એ સર્વ વન્ય પ્રાણીઓ તે કાળમાં આ ભરતક્ષેત્રમાં હોય છે, પણ એ વન્ય પ્રાણીઓ તે માણસોને સહેજ પણ કષ્ટ આપતા નથી, એ શ્વાપદગણો-વન્ય પ્રાણીઓ સ્વભાવતઃ ભદ્ર હોય છે.

ભદન્ત ! શું તે કાળમાં ભરત ક્ષેત્રમાં શાલિ-કલમાદિ ધાન્ય વિશેષ વ્રીહિ-ધાન્ય, ગોધૂમ ગેહું યવ જવ યવયવ જુઆર અથવા વિશેષ પ્રકારનો યવ કલાય વષણા મસૂર મુદ્દ્ગ મગ માષ અડદ તિલ કોદ્રવ ડુંગળી કંગુ મોટી કાંગની વરક ધાન્ય વિશેષ સરસવ અને મૂળક બીજ મૂળીનાં બી એ સર્વ જાતના બીજો હોય છે ? હા, ગૌતમ ! તે કાળમાં ભરતક્ષેત્રમાં એ સર્વ જાતનાં બીજો હોય છે પરંતુ એ સર્વ પ્રકારનાં બીજો તે કાળના મનુષ્યોના ભોગોપભોગના ઉપયોગમાં આવતાં નથી, હે ભદન્ત ! શું તે કાળમાં સુષમ-સુષમા નામના આરામાં આ ભરત ક્ષેત્રમાં ખાડાઓ હોય છે ? દરીકંદરાઓ હોય છે ? અવપાતો ગુપ્ત ખાડાઓ હોય છે ? પ્રપાત ભૃગુ હોય છે ? વિષમસ્થાનો હોય છે ? હે ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. એટલે કે તે કાળમાં ભરતક્ષેત્રમાં એવા સ્થાનો હોતા નથી કેમકે તે તે કાળ તો ભરતક્ષેત્ર બેહુ સમરમણીય ભૂમિભાગથી સુશોભિત હોય છે. હે ભદન્ત ! તે કાળમાં આ ભરતક્ષેત્રમાં શું સ્થાણુઓ શાખાં પત્ર રહિત વૃક્ષો હોય છે ? કાંટાઓ હોય છે ? તૃણ ઘાસ હોય છે અને કાવર કચરો વગેરે હોય છે ? આ અર્થ સમર્થ નથી એટલે સુષમસુષમા નામે કાળ સ્થાણું કંટક તૃણ કચવર વગેરેથી સર્વથા રહિત હોય છે. ભદન્ત ! તે કાળમાં તે ભરતક્ષેત્રમાં દંશ મશક મચ્છર યૂક જૂ લિક્ષા લીખ ઢિંકુણ માંકડ અને પિશુક ડાંસો હોય છે ? હે ગૌતમ ! આ અર્થ સમર્થ નથી તે કાળ જ એવો હોય છે કે જેમાં એ ઊપદ્રવકારી જીવો ભરતક્ષેત્રમાં ઊત્પન્ન જ થતાં નથી. હે ભદન્ત ! તે આરામાં ભરતક્ષેત્રમાં શું સર્પ અને અજગરો હોય છે હા, ગૌતમ ! પણ તે જીવો માણ સોને સહેજ પણ કષ્ટ આપતા નથી કારણ કે એ સર્વ સર્પ વગેરે સ્વભાવતઃ ભદ્ર હોય છે શું તે સુષમસુષમાનામના આરામાં આ ભરતક્ષેત્રમાં -ઊપદ્રવો હોયછે ? ડમરો કલહ બોલ ઈર્ષ્યાભાવ વૈર હિંસ્યહિંસક ભાવ મહાયુદ્ધ મહાસંગ્રામ મહાશસ્ત્રોનું પતન મહાપુરુષોનું પતન હોય છે ? મહારક્તપાત થાય છે ? પ્રવાહરૂપમાં રક્તપાત થાય છે ? આ અર્થ સમર્થ નથી તે કાળના મનુષ્યો વેરભાવથી રહિત હોય છે. હે ભદન્ત ! તે કાળે ભરતક્ષેત્રમાં દુષ્ટભૂતો-ધાન્યાદિને નુકસાન પહોંચાડનારા શલભ વગેરે ઈતિઓ-હોય છે ? કુલરોગો ગ્રામરોગ પોટ્ટરોગ સર્વવેદનાઓ હોય છે ? દાહરોગ અર્શરોગ હરસનો રોગ અજીર્ણ પાંડુરોગ એકાંતરિયો તાવ ઈન્દ્રગ્રહ ધનુર્ગ્રહ સ્કન્દગ્રહ કુમારગ્રહ યક્ષગ્રહ ભૂતગ્રહ એ સર્વ હોય છે ? તેમજ તે મસ્તક શૂળ હૃદયશૂળ ઉદરશૂળ કુક્ષિશૂળ હોય છે ? યોનિશૂળ રોગ વિશેષથી ગ્રામમાં ઘણાં જીવોનું મરણ થાય છે ? હે ગૌતમ ! આ અર્થ સમર્થ નથી કેમકે- સોળ પ્રકારના રોગો અને આતંકોથી તે કાળના લોકો વિહીન હોય છે.

[૩૮] હે ભદન્ત ! તે સુષમ સુષમા કાળમાં ભરત ક્ષેત્રમાં મનુષ્યોની સ્થિતિ કેટલા કાળની હોય છે ? હે ગૌતમ ! તે સુષમ કાળના સમયમાં ભરત ક્ષેત્રના મનુષ્યોનું આયુ જઘન્ય-કંઈક સ્વલ્પ ત્રણ પલ્યોપમ જેટલું હોય છે અને ઉત્કૃષ્ટથી કંઈક કમ ત્રણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પલ્યોપમ જેટલું હોય છે. તે કાળ માં ભરત ક્ષેત્રમાં માણસો જઘન્ય અને ઉત્કૃષ્ટની અપેક્ષાએ ત્રણ ગાઉ જેટલા હતા. તે મનુષ્યો વજ્રઋષભ નારાચ સંહનનવાળા હોય છે. તેમનું શરીર સમતુરસ્રસંસ્થાનવાળું કહેવામાં આવ્યું છે. તેમના પૃષ્ઠ કરંડકો ૨૫૬ હોય છે. જ્યારે એમનું આયુ છ માસ જેટલું બાકી રહે છે ત્યારે એ પરભવના આયુનો બન્ધ કરે છે અને યુગલિકને ઉત્પન્ન કરે છે. યુગલિકની ઉત્પત્તિ પછી એઓ યુગલિકનું ૪૯ રાત દિવસ સુધી ઉચિત ઉપચાર વગેરેથી લાલન પાલન કરે છે, પછી એઓ ઉધરસ ખાઈને, છીંક ખાઈને અને બગાસું ખાઈને વગર કોઈ પણ જાતના કષ્ટે વગર કોઈ પણ જાતના પરિતાપ રહિત કાળ માસમાં મરણ પામીને દેવલોકમાં ભવનપતિથી માંડીને ઈશાન પર્યંત દેવલોકમાં ઉત્પન્ન થાય છે છ પ્રકારના મનુષ્યો તે કાળે ઉત્પન્ન થયા. જેમકે પદ્મગન્ધ મૃગગન્ધ મમત્ત્વહીન મનુષ્યો, તેજપ્રભા અને તલ રૂપ એઓ બન્નેથી સમ્પન્ન મનુષ્યો અને ઔત્સુક્યાભાવથી મંદ-મંદ ગતિથી ચાલનારા મનુષ્યો.

[૩૯] જ્યારે ચાર કોડાકોડી સાગર વ્યતીત થઈ જાય છે ત્યારે દ્વિતીય અવ સર્પિણી કાળ પ્રારંભ થાય છે. અવસર્પિણી કાળમાં ક્રમશઃ આયુ, કાળ વગેરેનો પ્રતિ સમય હ્રાસ થતો જાય છે. એટલા માટે ધીમે ધીમે અનન્ત વર્ણપર્યાયોનો, અનન્તગન્ધ પર્યાયોનો, અનંત રસપર્યાયોનો અનંત સ્પર્શ પર્યાયો હ્રાસ થતાં થતાં જ્યારે ચાર કોડા કોડી પ્રમાણ સમય સમાપ્ત થઈ જાય છે આ પ્રમાણે અનંત સંહનન પર્યાયોના અનંત સંસ્થાન પર્યાયોનો અનેક ઉચ્ચત્વ પર્યા યોનો અનંત આયુપર્યાયોનો અનંત ગુરુ-લઘુ પર્યાયોનો અનંત અગુરૂ લઘુ પર્યાયોનો અનંત ઉત્થાન કર્મબળવીર્ય પુરુષકારપરાક્રમ પર્યાયોનો હ્રાસ થતાં થતાં જ્યારે ૪ કોડાકોડી પ્રથમ આરો અવસર્પિણીનો સમાપ્ત થઈ જાય છે ત્યારે અવસર્પિણી કાળનો દ્વિતીય સુષમા નામક આરો આ ભરતક્ષેત્રમાં પ્રારંભ થઈ જાય છે. એ કાળમાં ભરત ક્ષેત્રનો ભૂમિભાગ બહુસમરમણીય રહે છે, અતીવ સમ અને મનોરમ હોય છે. તે કાળમાં જન્મેલ મનુષ્ય ચાર હજાર ધનુષ જેટલી અવગાહના વાળા હોય છે. એટલે કે બે ગાઉ જેટલા ઉંચા શરીરવાળા હોય છે. ૧૨૮ એમના પૃષ્ઠ કરંડકો હોય છે.બે દિવસો પસાર થાય પછી એમને આહારની અભિલાષા થાય છે એ ઓ પોતાના બાળકોની સંભાળ ૬૪ દિવસ-રાત સુધી કરે છે. એમના આયુષ્યની અવધિ બે પલ્યોપમ પ્રમાણ જેટલી હોય છે એ કાળમાં આ પ્રમાણે ચાર પ્રકારના મનુષ્યો હોય છે- એક શ્રેષ્ઠ, બીજા કાક જ ત્રીજા પુષ્પની જેમ સુકુમાર અને ચોથા સુશમન-

[૪૦] ગૌતમ ! જ્યારે અનંતવર્ણ પર્યાયોનો યાવત્ અનંત પુરુષકાર પરાક્રમ પર્યાયોનો ધીમે ધીમે હ્રાસ થતાં થતાં ત્રણ સાગરોપમ પ્રમાણે સુષમા નામક દ્વિતીય આરક સમાપ્ત થાય છે. ત્યારે આ ભરત ક્ષેત્રમાં સુષમદુષ્ષમા નામક તૃતીય કાળ પ્રારંભ થાય છે. આ તૃતીય કાળને ત્રણ ભાગોમાં વિભક્ત કરવામાં આવેલ છે. એક પ્રથમ ત્રિભાગમાં, દ્વિતીય મધ્યમ ત્રિભાગમાં અને તૃતીય પશ્ચિમ ત્રિભાગમાં આ તૃતીય કાળનો સમય બે કોડા-કોડી સાગરોપમ પ્રમાણે છે. સુષમ દુષ્ષમા કાળના પ્રથમ અને મધ્યના ત્રિભાગોમાં આ ભરતક્ષેત્રનો ભૂમિભાગ બહુ સમરમણીય હોય છે. ઈત્યાદિ રૂપમાં આ સમયનું કથન બધું પૂર્વોક્ત રૂપમાં સમજી લેવું જોઈએ. એટલે કે એમના શરીરની ઊંચાઈ બે હજાર ધનુષ જેટલી અર્થાત્ એક ગાઉ જેટલી હોય છે. એમના પૃષ્ઠ કરંડકો ૬૪ હોય છે. એક દિવસના અંતરે એમને ભૂખ લાગે છે. એમની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્થિતિ એક પલ્યોપમ જેટલી હોય છે. ૭૯ રાત-દિવસ સુધી એ ઓ પોતાના અપત્યોની સંભાળ રાખે છે. યાવત્ પછી એઓ કાલમાસમાં મૃત્યુ પ્રાપ્ત કરીને દેવલોકમાં જન્મ ધારણ કરે છે. આ તૃતીય કાળ રૂપ આરાના પ્રથમ મધ્યમ ત્રિભાગમાં ભિન્ન જાતીના મનુષ્યોની-જાતિ પરંપરા હોતી નથી, કેમકે એ કાળનો સ્વભાવ જ એવો છે. તૃતીય કાળના પ્રથમ ત્રિભાગ અને મધ્યમ ત્રિભાગનું વર્ણન કરીને હવે સૂત્રકાર અંતિમ ત્રિભાગના સંબંધમાં કહે છે. તૃતીય કાળના પશ્ચિમ ત્રિભાગમાં ભરતક્ષેત્રનો ભૂમિ ભાગ બહુસમરમણીય હોય છે યાવત્ આ મણિઓથી ઉપશોભિત હોય છે, શરીરની ઊંચાઈ સેંકડો ધનુષ જેટલી હોય છે, એમના આયુષ્યની અવધિ જઘન્યથી સંખ્યાત વર્ષની અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત વર્ષો જેટલી હોય છે. આયુને ભોગવીને એમાંથી કેટલાક તો નરક ગતિમાં જાય છે, કેટલાક તિર્યંગ ગતિમાં જાય છે, કેટલાક દેવગતિમાં જાય છે અને કેટલાક મનુષ્ય ગતિમાં જાય છે, તેમ જ કેટલાક એવા પણ હોય છે કે જેઓ સિદ્ધ અવસ્થાને પણ પ્રાપ્ત કરે છે.

[૪૧] તે સુષમદુષ્ષમા નામક તૃતીય આરાના અંતિમ ત્રિભાગની સમાપ્તિ થવામાં જ્યારે પલ્યોપમનો આઠમો ભાગ માત્ર બાકી રહે છે ત્યારે સુમતિ પ્રતિશ્રુત સીમંકર, સીમંધર ક્ષેમંકર ક્ષેમંધર વિમલવાહન ચક્ષુષ્માન યશસ્વાન અભિચન્દ્ર ચન્દ્રાભ પ્રસેનજિત્ મરુદેવ નાભિ, અને ઋષભ એ ૧૫ કુલ કરો ઉત્પન્ન થાય છે

[૪૨] એ ૧૫ કુલકરોમાંથી સુમતિ, પ્રતિશ્રુતિ સીમંકર, સીમન્ધર, અને ક્ષેમંકર એ પાંચ કુલકરોના સમયમાં 'હાહાકાર' નામે દણ્ડનીતિ હતી. તે મનુષ્યો જ્યારે હાકાર રૂપ દણ્ડથી જ્યારે આહત થયા, ત્યારે પોતાની જાતને હતના રૂપમાં માનીને પહેલાં તો સામાન્ય રૂપમાં લજ્જા યુક્ત થયા પછી વિશેષ રૂપમાં લજ્જિત થયા. શાસન તેમના માટે દંડાદિ ઘાત કરતાં પણ વધારે મર્મ ઘાતી થઈ પડ્યું. એ પ્રમાણે ભયભીત થઈને તેઓ ચુપ બેસી રહેતા અને પોતાની ભૂલ કબૂલ કરી તેઓ વિનયાવનત થઈ જતા આ હાકાર દંડનીતિ પછી ક્ષેમન્ધર, વિમલવાહન, ચક્ષુષ્માન્, યશસ્વાન્, અને અભિચન્દ્ર એ પાંચ કુલકરોના કાળમાં માકાર નામની દંડનીતિનું પ્રચલન થયું. 'નહિ કરો' આ પ્રકારની જે નિષેધાત્મક નીતિ છે તે જ માકાર.ચન્દ્રાભ, પ્રસેનજિત, મરુદેવ, નાભિ અને ઋષભ એ પાંચ કુલકરોના કાળમાં 'ધિક્કાર' નામક દંડનીતિનું પ્રચલન હતું.

[૪૩] નાભિકુલકરની મરુદેવી ભાર્યાની ઋષભ અર્હન્ત દેવ, મનુષ્ય અને અસુરોથી નમસ્કારણીય આદિનાથ પ્રભુ ઉત્પન્ન થયા. એઓ કૌશલિક હતા, પ્રથમ રાજા હતા, અવસર્પિણી કાળના એઓ સર્વપ્રથમ જિન હતા એઓ પ્રથમ મનઃપર્ય વ જ્ઞાની હતા સર્વપ્રથમ કેવલી થયા છે, આદ્ય સર્વજ્ઞ થયા છે, ચતુર્વિધ સંઘના સ્થાપક થયા છે. ધર્મવર ચાતુરન્ત ચક્રી થયા. જન્મ પછી તે કૌશલિક ઋષભનાથ અર્હન્તે ૨૦ લાખ પૂર્વ કુમારકાળમાં સમાપ્ત કર્યા, પછી તેઓ ૬૩ લાખ પૂર્વો સુધી મહારાજ પદે રહ્યા. ૬૩ લાખ પૂર્વો સુધી મહારાજ પદ પર સમાસીન રહીને તે ઋષભનાથે લેખાદિક કલાઓનો અક્ષર વિન્યાસ આદિ રૂપ વિદ્યાઓનો, ગણિત પ્રધાન રૂપ કલાઓનો, આ રીતે સર્વ ૭૨ કલાઓનો તેમજ ૬૪ સ્ત્રીઓની કલાઓનો, જીવિકાના સાધનભૂત કર્મોના સંદર્ભમાં વિજ્ઞાન શત રૂપ શિલ્પોનો પ્રજાહિત માટે ઉપદેશ કર્યો. એટલે કે એ સર્વ કલાઓનો સર્વ પ્રથમ ઉપદેશ ઋષભદેવે જ કર્યો છે. યુગલિક પુરુષો મન્દ જઠરાગ્નિવાળા થઈ ગયાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યારે તેમણે અપક્વ ઔષધીઓનું સેવન કરવા માંડ્યુ, પરંતુ તે ઔષધીઓને પણ તેઓ પચાવી શક્યા નહિ, એથી તેઓ પ્રાયઃ રુગ્ણ રહેવા લાગ્યા તેઓની આવી દુર્દશા જોઈને ભગવાને દયાર્દ્ર થઈને તે ઔષધીઓને પકવવા માટે પકવવામાં સાધન રૂપ પાત્રો ને બનાવવાની શિલ્પકલાનો ઉપદેશ કર્યો. એમાં સૌથી પહેલાં ઘટ નિર્માણરૂપ શિલ્પ કલાનો ઉપદેશ કર્યો. અનાર્ય લોકોથી પ્રજાની રક્ષા કરવા માટે ક્ષત્રિયો પોત પોતાના હાથોમાં હથિયારો રાખવા લાગ્યા, એના માટે પ્રભુએ લોહ શિલ્પનો ઉપદેશ કર્યો. પ્રભુ એ ચિત્ર શિલ્પનો ઉપદેશ કર્યો. પ્રભુએ તંતુવાય શિલ્પનો ઉપદેશ કર્યો નાપિત શિલ્પનો ઉપદેશ કર્યો. આ પ્રમાણે પ્રભુએ ૭૨ કલાઓનો ૬૪ સ્ત્રીઓની કલાઓના અને શિલ્પશતોને પ્રજાજનો માટે ઉપદેશ કરીને તેમણે ભરત બાહુબલિ વગેરે પોતાના સો પુત્રોને કોસલા તક્ષશિલા વગેરે એકસો રાજ્યો પર અભિષેક કર્યો અભિષેક કરીને આ રીતે ૮૩ લાખ પૂર્વ-સુધી ગૃહસ્થાવસ્થામાં રહ્યા

અહીંઆ ગ્રીષ્મઋતુના પ્રથમ મહીના એટલેકે ચૈત્ર માસમાં કૃષ્ણ પક્ષમાં નવમી તિથિમાં દિવસના પાછલા ભાગમાં -ચાંદીને છોડીને, સોનાને છોડીને, કોઈ ભાણ્ડા ગારને છોડીને, સૈન્યને છોડીને, અશ્વાદિકવાહનોને છોડીને, પુર-નગરને છોડીને, અન્તઃ પુર-રણવાસને છોડીને, પ્રચુર ગવાદિરૂપ ધનને ત્યજીને રત્નોને મણિઓને મુક્તાફળોને રાજપટ્ટાદિરૂપ શિલાઓને, પ્રવાલોને, આ રીતે બધા જ સત્સાર રૂપ દ્રવ્યોને છોડીને એ બધાથી પોતાનો મમત્વભાવ હટાવીને તેમને નિન્દનીય સમજીને તે સમયે યાચકોનો અભાવ હોવાથી દાયાદોમાં એને વહેંચી દઈને સુદર્શના નામની સુન્દર શિબિકામાં તેઓ આરૂઢ થયા સુદર્શના શિબિકામાં બેસીને જ્યારે પ્રભુ ચાલ્યા તો તે સમયે તેમની સાથે મનુષ્યોની પરિષદા કે જેમાં દેવો અને અસુરો સાથે હતા તે બધા સાથે ચાલ્યા. શંખિકોએ, ચક્રિકોએ, લાંગલિકોએ, મુખ મંગલિકોએ, પુષ્યમાણવોએ- વર્ધમાનકોએ આખ્યાયકોએ લંખોએ મંખોએ ઘંટાવગાડનારાઓએ પ્રસિદ્ધ, ઈષ્ટ, કાન્ત, પ્રિય, મનોજ્ઞ, મનભાવિનઉત્કૃષ્ટ, શબ્દાર્થ યુક્ત, કલ્યાણાર્થ સહિત, નિરૂપદ્રવ શબ્દાર્થ દોષ વગરની, પવિત્ર, મંગલકારી, શબ્દાલંકાર અને અર્થાલંકારથી યુક્ત હોવાથી સશ્રીક, અતએવ હૃદય ગમનીય, કાન અને મનને અત્યંત આનંદપ્રદ, સેંકડો અર્થવાળી એવી વાણિયોથી વારંવાર પ્રભુનું અભિનંદન-સત્કાર કર્યું હે નંદ-સમૃદ્ધિશાલિન્ અથવા હે આનંદદાયિન્ આપ અત્યંત જયશાલી થાવ, હે ભદ્ર કલ્યાણશાલિન્ આપ અત્યંત જયશાલી બનો. સાધન ભૂત ધર્મના પ્રભાવથી દેવ, મનુષ્યો અને તિર્યંચો દ્વારા કરવામાં આવેલ પરીષહ અને ઉપસર્ગોથી ભય રહિત-નિડર બનો. ભયંકર જે ઘોર પ્રાણિયો છે તેમનાથી કરવામાં આવેલ ઉપદ્રવોના આપ ક્ષાન્તિક્ષમ-ક્ષમા પૂર્વક સહન કરનાર બનો. ચારિત્ર ધર્મની આરાધનામાં આપને કોઈ પણ પ્રકારનું વિઘ્ન-ન થાવ. આ પ્રમાણે કહીને ફરીથી તેઓએ વારંવાર પ્રભુનું અભિનંદન કર્યું, સત્કાર કર્યો અને પ્રશંસા કરી.

તે પછી તે કૌશલિક ઋષભ અર્હંત નાગરિક જનોનિ હજારો નેત્ર પંક્તિઓથી વારંવાર લક્ષ્ય થતા થતા ઉવવાઈ સૂત્રમાં વર્ણિત કૂણિક રાજાના નિર્ગમનની જેમ વિનીતા નામક રાજધાનીના મધ્યમાં આવેલા માર્ગ પર થઈને પસાર થયા 'યાવત્' જ્યાં અશોક નામક વર પાદપ હતું ત્યાં તેઓ આવ્યા. ત્યાં પહોંચતાં જ તેની નીચે પ્રભુની શિબિકા ઊભી રહી. શિબિકા નીચે મૂકતાં જ પ્રભુ તેમાંથી બહાર આવ્યા. બહાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવતાં જ પ્રભુએ પહેરેલાં આભરણો તેમજ અલંકારોને પોતાના શરીર પરથી ઉતાર્યા અને ત્યાર બાદ તેમણે શ્રદ્ધા પૂર્વકચાર મુષ્ટિઓ વડે કેશ લુંચન કર્યું, પ્રથમ એક મુષ્ટિ વડે મૂછ અને દાઢીના વાળોનું લુંચન કર્યું ત્રણ મુષ્ટિઓ વડે માથાના વાળોનું લુંચન કર્યું. એના પછી બાકીની એક મુષ્ટિ કે જે પવનના ઝોકાથી હાલી રહી હતી. અને કનકના જેવા અવદાત પ્રભુના સ્કંધો પર આળોટી રહી હતી તેમજ જોવામાં જે મરકતમણિ સદૃશ કાંતિવાલી હતી, પરમરમણીય તે દૃશ્યને જોઈને આનંદ રસના પ્રવાહમાં જેનું અન્તઃ કરણ તરબોળ થઈ રહ્યું છે એવા ઈન્દ્રે બન્ને હાથ જોડીને પ્રભુને પ્રાર્થના કરી કે હે ભગવન્ ! મારા ઉપર અનુગ્રહ કરીને આ કેશ મુષ્ટિને આપ હવે રહેવા દો, હવે પ્રભુએ ઈન્દ્રની પ્રાર્થનાને સાંભળીને તે કેશમુષ્ટિને તે પ્રમાણે જ રહેવા દીધી લુંચિત થયેલા તે વાળોને શક્રે હંસ ચિત્રથી ચિત્રિત થયેલા વસ્ત્રમાં મૂકીને ક્ષીર સાગરમાં નિક્ષિપ્ત કરી દીધા. આ પ્રમાણે લુંચન કર્યા બાદ બે ચોવિહાર ઉપવાસો કરેલા. તેમણે ઉત્તરાષાઢાનક્ષત્રની સાથે ચન્દ્રનોયોગ થયો ત્યારે પોતાના વડે આરક્ષક રૂપમાં નિયુક્ત કરવામા આવેલ ઉગ્રોની, ગુરુરૂપમાં વ્યવસ્થાપિત કરવામાં આવેલ ભોગોની, નિમ્નરૂપમાં સ્વીકૃત કરવામાં આવેલ રાજન્યોની અને પ્રજાં જનોની રક્ષા માટે નિયુક્ત કરવામાં આવેલ ક્ષત્રિયોની ચતુઃસહસ્રની સાથે એક દેવદૂષ્યને સ્વીકારીને, મુંડીત થઈને, ઘરનો પરિત્યાગ કરીને, અનગારિતા ધારણ કરી

[૪૪] તે કૌશલિક ઋષભનાથ અરહંત કંઈક વધારે એક વર્ષ પર્યન્ત વસ્ત્રધારી રહ્યા. તે પછી તેઓ અચેલક બની ગયા. જ્યારથી કૌશલિક ઋષભનાથ અર્હત મુંડિત થઈને અગાર અવસ્થાનો ત્યાગ કરી અણગાર અવસ્થામાં આવ્યા. ત્યારથી તેઓએ પોતાના શરીરના સંસ્કાર કરવાનું છોડી દીધું; તેઓ ત્યક્ત દેહ બની ગયા. જે કોઈ ઉપસર્ગ તેમનાં પર આવતો દેવો દ્વારા હોય યાવત્ મનુષ્યકૃત અગર તિર્યંચ દ્વારા કરવામાં આવેલ હોય તે બધાને તેઓ સારી રીતે સહન કરતા હતા. આ ઉપસર્ગ પૈકી જો કોઈ ઉપસર્ગ તેમનાથી વિરૂદ્ધ હોય તો તેને પણ એઓ અત્યંત શાંત ભાવોથી સહન કરતા હતા એ જ પ્રમાણે અનુકૂળ સ્થિતિમાં તેઓ હર્ષાન્વિત થતા ન હતા. પ્રભુ આવા પ્રતિકૂળ અનુકળ પરીષહો અને ઉપસર્ગોને સારી રીતે-સહન કરતા હતા. એ ઋષભ એવા શ્રમણ બન્યા કે ઈર્યાસમિતિના, ભાષાસમિતિ ના, એષણાસમિતિના, આદાન ભાંડમાત્રનિક્ષેપણ સમિતિના અને ઉચ્ચારપ્રસ્રવણખલજલ્લશિંઘાણપ રિષ્ઠા- પનિકા સમિતિના પાલનમાં રાગદ્વેષથી વિહીન પરિણતિથી એઓ પ્રવૃત્ત રહ્યા. મનઃ સમિતિ વચઃ સમિતિ, કાય સમિતિ મનોગુપ્ત ગુપ્ત બ્રહ્મચારી, ક્રોધહીન યાવત્ લોભહીન હતા, શાંત હતા, પ્રશાંત હતા, ઉપશાંત હતા, પરિનિવૃત્ત હતા, શોક વિહીન હતા, ઉપલેપ રહિત હતા, શંખની જેમ નિરંજન હતા, એથી જ શીતલી ભૂત થઈ ગયા હતા. તથા એમનો સંસાર પ્રવાહ સર્વથા છિન્ન છિન્ન થઈ ગયો હતો. દ્રવ્યમલ અને ભાવમલ એ બન્ને પ્રકારના મલોથી વિહીન થઈ ગયા હતા. જીવને મલિન કરનારા અંજનના જેવું કર્મરૂપ મલ જેનાથી દૂર થઇ ગયું છે, વિશુદ્ધ સુવર્ણની જેમ પ્રભુ રાગાદિક કુત્સિત દ્રવ્ય વિહીન હોવા બદલ શુદ્ધસ્વરૂપ યુક્ત હતા. પ્રભુ આદર્શ-દર્પણના પ્રતિબંબની જેમ અનિગૂહિત અભિપ્રાય વાળા હતા. કચ્છપ જેમ પ્રભુ પણ શબ્દાદિ વિષયોમાં આસક્તિ ન થઈ જાય તે ભયથી સદા પોતાની પંચેન્દ્રિયોને તેમના વિષયોથી સંગોપિત-સુરક્ષિત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાખતા હતા. પ્રભુ કમળપત્રની જેમ ઉપલેપથી રહિત હતા. પ્રભુ આકાશની જેમ આલં બન વિહીન હતા. વાયુ જેમ સંચરણશીલ હોવાથી સર્વત્ર વિહરણશીલ હોય છે, તેમજ પ્રભુ પણ અપ્રતિ બન્ધ વિહારી હોવા બદલ સ્થાનના પ્રતિબન્ધથી રહિત હતા, ચન્દ્રવત્ સૌમ્યદર્શનવાળા હતા. સૂર્યની જેમ તેજસ્વી હતા. પક્ષીની જેમ પ્રભુ અપ્રતિબદ્ધગામી હતા. સાગર જેમ અતલ સ્પર્શી એટલે કે ગૂઢ હતા. સર્વ પ્રકારના સ્પર્શો ને સહન કરનાર હતા. જીવની જેમ પ્રભુ અપ્રતિબદ્ધગતિવાળા હતા.

તે ઋષભનાથ ભગવાન કોઈ પણ સ્થાને આ મારું છે. હું એનો છું " જાતનો માનસિક વિકારરૂપ ભાવ ઉત્પન્ન થતો નહોતો દ્રવ્યનેઆશ્રિત કરીને, ક્ષેત્રને આશ્રિત કરીને કાળને આશ્રિત કરીને અને ભાવને આશ્રિત કરીને. પ્રતિબંધ દ્રવ્યની અપેક્ષાએ ન હતો સચિત્તઅચિત્ત અને મિશ્રક એવો આ પ્રતિબન્ધ-મમત્વભાવ-તે પ્રભુમાં ન હતો. ક્ષેત્રની અપેક્ષાએ ગ્રામોમાં, નગરોમાં, વનોમાં, ખેતરોમાં, ખળાઓમાં ઘરોમાં અગર આંગણમાં તે પ્રભુને પ્રતિબન્ધ ન હતો. તે પ્રભુને પ્રાણ કસ્તોક- મુહૂર્ત, અહોરાત,- ઋતુમાં અયનમાં સંવત્સરમાં અથવા બીજા કોઈ પણ દીર્ઘ સમયવાળા વર્ષ શતાદિ રૂપ કાળમાં પ્રતિબન્ધ ન હતો. આ પ્રમાણે જ ભાવની અપેક્ષાએ તે પ્રભુને ક્રોધમાં, યાવત્ હાસ્યમાં પ્રતિ બંધ ન હતો. આ પ્રમાણે પ્રતિબન્ધ રહિત થયેલા તે પ્રભુ ફક્ત વર્ષાકાળના સમયને બાદ કરીને બાકીમાં હેમન્ત અને ગ્રીષ્મ ઋતુમાં ગ્રામમાં એક રાત્ર પર્યંત નિવાસ કરતા હતા. નગરમાં પાંચ રાત પર્યન્ત એ પ્રભુ પૂર્વોક્ત પ્રમાણે નિવાસ કરતા હતા હાસ્ય, શોક, અરતિ માનસિક ઉદ્વેગ, ભય અને પરિ-ત્રાસ-થી સર્વથા રહિત બની ગયા હતા. નિર્મમ નિરહંકાર ઉર્ધ્વગતિક તેથી નિર્ગ્રન્થ અવસ્થા વાળા બનેલા તે પ્રભુને પોતાની ઉપર કુહાડો ચલાવનાર પર પણ કોઈ જાતનો દ્વેષ ભાવ ન હતો અને પોતાના પર ચન્દનનો લેપ કરનારા પ્રત્યે જરા સરખો પણ રાગ ભાવ ન હતો. રાગ દ્વેષ-વિહીન થઈ ગયા હતા. તેઓ ઢેખાળા અને સોનામાં ભેદ બુદ્ધિ વિનાના થઈ ગયા હતા. આ લોકમાં- પરલોકમાં એમની અભિલાષા પૂર્ણતઃ નાશ પામી જીવન અને મરણમાં એઓ આકાંક્ષા રહિત થઇ ગયા હતાં, સંસારથી પાર જવાની કામનાવાળા હતા. એથી જ કર્મોના અનાદિકાલથી જીવ પ્રદેશની સાથે થયેલ સંબંધને સંપૂર્ણતઃ નિર્મૂળ કરવા માટે એઓ એકદમ કટિબદ્ધ થઈ ગયા હતા.

આત્મની પરિણતીમાં એકતાન થઈને વિહાર કરતાં કરતાં પ્રભુને જ્યારે એક હજાર વર્ષો પૂરા થઈ ગયા ત્યારે પુરિમતાલ નગરની બહાર શકટ મુખ નામના ઉદ્યાનમાં ન્યગ્રોધ વૃક્ષની નીચે ધ્યાનાન્તરિકામાં વિરાજમાન થઈ ગયા. ફાલ્ગુન મહીનાના કૃષ્ણપક્ષની એકાદશીના દિવસે પૂર્વાહ્ન કાળના સમયમાં અષ્ટમભક્તથી યુક્તા હતા ત્યારે ચન્દ્રની સાથે ઉત્તરાષાઢા નક્ષત્રના યોગમાં અનુત્તરજ્ઞાનથી ક્ષપકશ્રેણી પર આરૂઢ થયેલા અનુત્તરદર્શનથી અનુત્તર ચારિત્રથી તથા સર્વોત્કૃષ્ટ તપથી, અનુત્તર બળથી, અનુત્તર નિર્દોષા વસતિથી, અનુત્તર-વિહારથી ગોચરી વિગેરમાં દોષ નિવૃત્તિ પૂર્વક વિચરણથી અનુત્તરભાવ નાથી અનુત્તરક્ષાંતિથી અનુત્તર ગુપ્તિથી અનુત્તર મુક્તિથી અનુત્તર સંતોષથી અનુત્તર માયા નિરોધથી અનુત્તર માર્દવથી અનુત્તર લાઘવથી-ક્રિયામાં નિપુણતાથી અનુત્તર સુચરિત નિર્વાણ માર્ગથી પોતેપોતાને ભાવિત કરતા અનંત, અનુત્તર, નિર્વ્યાઘાત, નિરાવરણ કૃત્સ્ન, પ્રતિપૂર્ણ, કેવલવર જ્ઞાનદર્શન

Jainsite.com જૈનમ્ જયતિ શાસનમ્

ઉત્પન્ન થયો. તેથી તેઓશ્રી સર્વજ્ઞ-સર્વદર્શી નૈરયિક તિર્યંચ, નર અને દેવ એમનાથી યુક્ત આ પંચાસ્તિ કાયાત્મક જીવ લોકના અને અલોકના જ્ઞાતા-દૃષ્ટા બની ગયા. આગ મનના, ગમનના, કાયસ્થિતિના, અશિતના, ચૌર્યાદિ કર્મના, મૈથુનાદિ કર્મના, આવિષ્ક ર્મના, પ્રકટ કર્મના અને રહઃકર્મના સાક્ષાત્ જ્ઞાતા દૃષ્ટા બની ગયા. સમસ્ત જીવોના મન-વચન, કાયરૂપયોગોના તેમજ તેમનાથી સંબદ્ધ બીજા પણ સમસ્ત ભાવોના અને અજીવોના સમસ્ત ભાવોને રૂપાદિ અજીવ-ધર્મોના-જ્ઞાતા-દૃષ્ટા બની ગયા. તેમજ રત્ન ત્રય રૂપ મુક્તિ માર્ગના અતિશય વિશુદ્ધિયુક્ત-સકલ કર્મોના ક્ષયમાં કારણભૂત ભાવોના-જ્ઞાના ચાર આદિના જ્ઞાતા-દૃષ્ટા થઈને આ રત્નત્રયાત્મક મુક્તિમાર્ગ નિશ્ચય પૂર્વક મને ઉપદેશક ઋષભને તેમજ મારા સિવાય બીજા ભવ્ય જીવોના માટે હિત-સુખ નિઃશ્રેયસ્કર છે, પરિણામમાં શુભ છે, એથી હિત રૂપ છે. આત્યાન્તિક દુઃખની નિવૃત્તિ રૂપ છે, એથી સુખકર છે અને સકલ કર્મોને ક્ષય કરનારો છે, એથી નિઃશ્રેયસ્કર સર્વદુઃખ વિમોક્ષણ રૂપ અનન્ત સર્વોત્કૃષ્ટ જે સુખ છે, આ પ્રમાણે જ્ઞાતા-દૃષ્ટા બની ગયા.

ત્યાર બાદ તે શ્રમણ ભગવાન ઋષભદેવે શ્રમણ નિર્ગ્રન્થોને તેમજ નિર્ગ્રંથીઓને પાંચ પાંચ ભાવનાઓ સહિત પાંચ મહાવ્રતોનો ષડ્વિધજીવનિકાયોનો- ઉપદેશ આપ્યો. તે સમયે તે કૌશલક ઋષભ પ્રભુને ૮૪ ગણ અને ૮૪ ગણધરો થઈ ગયા, એ પ્રભુને ઋષભસેન વગેરે ૮૪ હજાર શ્રમણો હતા. બ્રાહ્મી સુંદરી વિગેરે ૩ ત્રણ લાખ આર્યાઓ હતી. ત્રણ લાખ પાંચ હજાર શ્રેયાંસ વિગેરે શ્રાવકો હતા. પાંચ લાખ ચોપન હજાર સુભદ્રાદિ શ્રમણોપાસિકાઓ-શ્રાવિકાઓ હતી. સર્વાક્ષર સંયોગજ્ઞાતા, જીનાભિન્ન પણ જીનસરીખા તેમજ જીનની જેમ અવિતથ અર્થની પ્રરૂપણા કરવાવાળા એવા ચૌદપૂર્વને ધારણ કરનારા ૪૭૫૦ નવ હજાર અવધિજ્ઞાનીયો હતા. વીસ હજાર જીનો હતા. વૈક્રિયલબ્ધિ વાળા વીસ હજાર છસો હતા. ૧૨૬૫૦ વિપુલમતિ મનઃપર્યાય જ્ઞાનીયો હતા. અને એટલાજ વાદીયો હતા. એ કૌશલિક ઋષભ અર્હતને અનુત્તરોપ પાતિકોની સંખ્યા ૨૨૯૦૦ હતી. હજાર શ્રમણસિદ્ધોની સંખ્યા હતી. આર્યિકા સિદ્ધોની સંખ્યા ચાળીસ હજારની હતી તેમાં ઋષભભગવાનના અંતેવાસી-શિષ્ય- સકળજનો દ્વારા પૂજ્ય હતા. તેમાં કેટલાક અંતેવાસી એક માસની દીક્ષાવાળા હતા. આ પાઠથી આરંભીને તમામ અગારવર્ણન ઉવવાઈસૂત્રથી સમજી લેવું. આ પ્રમાણે એ સર્વે અનગારો ૧૭ પ્રકારના સંયમથી અને ૧૨ પ્રકારના તપથી પોતાના આત્માને ભાવિત કરતા હતા. તે આદિનાથ પ્રભુને અન્તકર-મોક્ષગામી જીવોને કાળ-બે પ્રકાર નો થયો. એક યુગાન્તકર ભૂમિ અને બીજી. પર્યાયન્તકર એમનામાં જે યુગાન્તકર ભૂમિ છે તે અસંખ્યાત પુરુષ પરંપરા પ્રમિત હોય છે તથા પર્યાયાન્તકર ભૂમિ એવી છે કે ભગવાન ઋષભને કેવળી થવાની પર્યાયનો અન્તર્મુહૂર્ત પ્રમાણે સમય વ્યતીત થઈ જવા બાદ જે જીવે પોતાના ભવનો અન્ત કરી દીધો એવો તે સમય પર્યાયાન્તકર ભૂમિ રૂપ કહેવામાં આવેલ છે.

[૪૫] ઋષભનાથ ભગવાનને પાંચ ઉત્તરાષાઢા નક્ષત્રોમાં થઈ ચ્યવન, જન્મ, રાજ્યાભિષેક, દીક્ષા અને અનુત્તર જ્ઞાન પ્રાપ્તિ તથા અભિજિત્ નામના નક્ષત્રમાં તેઓ નિર્વાણ કલ્યાણવાળા થયા છે. ઋષભનાથ ભગવાન્ સર્વાર્થ સિદ્ધ નામના મહા વિમાનથી ઉત્તરાષાઢા નક્ષત્રમાં નિર્ગત થઈ ને તે ઉત્તરાષાઢા નક્ષત્રમાં જ મરુદેવની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કુક્ષિમાં અવતીર્ણ થયા. ઉત્તરષાઢા નક્ષત્રમાં જ તેઓ રાજ્યપદે અભિષિક્ત થયા. ઉત્તરષાઢા નક્ષત્રમાં જ તેઓ મુંડિત થઈને અગારા વસ્થાથી અનગારાવસ્થામાં પ્રવ્રજિત થયા. અને ઉત્તરાષાઢા નક્ષત્રમાં જ તેમણે અનંત યાવત્ કેવળવરજ્ઞાન દર્શનની પ્રાપ્તિ કરેલી અહીં ઋષભનાથ પ્રભુનું નિર્વાણ અભિજિત્ નામના નક્ષત્રમાં થયું.

[૪૬] કૌશલિક તે ઋષભ અરહંત વજ્રઋષભનારાચ-સંહનનવાળા હતા, તેમનું સંસ્થાન સમચતુરસ્ત્ર હતું. તેમના શરીરની ઉંચાઈ ૫૦૦- ધનુષની હતી. આ ઋષભનાથ જીતેન્દ્ર વીસ લાખ પૂર્વ પર્યન્ત કુમાર અવસ્થામાં રહ્યા. આ પ્રમાણે ૬૩ લાખ પૂર્વ સુધી રાજ પદ પર બિરાજ્યા. ૮૩ લાખ પૂર્વ સુધી તેઓ ગૃહસ્થાવસ્થામાં રહ્યા. ત્યાર બાદ તેઓ મુંડિત થઈને અગારાવસ્થાનો ત્યાગ કરીને અનગર અવસ્થા ધારણ કરી તેઓ આ અવસ્થામાં એક હજાર વર્ષ પર્યન્ત છદ્મસ્થ રહ્યા ૧૦૦૦ વર્ષ ન્યૂન એમણે કેવલિ પર્યાયનું પાલન કર્યુ આ પ્રમાણે પૂરા એક લાખ વર્ષ સુધી સુધી શ્રામણ્ય પર્યાયનું પાલન કરીને એમણે પોતાનું ૮૪ લાખ પૂર્વનું સંપૂર્ણ આયુ સમાપ્ત કરીને પછી હેમન્ત ઋતુના માઘ કૃષ્ણ પક્ષમાં તેરસને દિવસે દસ હજાર મુનિયોથી યુક્ત થઈને અષ્ટાપદ શૈલ શિખરથી નિર્જલ છ ઉપવાસ કરીને પર્યંકાસનથી કાળના સમયે અભિજીત્ નક્ષત્રથી સાથે ચંદ્રમાનો યોગ થયો ત્યારે તેઓ શ્રીમુક્તિગામિ થયા. જ્યારે તેઓ શ્રી મુક્તિ પધાર્યા ત્યારે ચોથા આરાના ત્રણ વર્ષ અને સાડા આઠ માસ બાકી હતા આ પ્રમાણે જન્મ, જરા, મરણ આદિ લક્ષણવાળા સંસારનો પરિત્યાગ કરીને તે પ્રભુ યાવત્ સર્વદુઃખોયી પ્રહીણ થઈ ગયા.

તે કૌશલિક ઋષભ અર્હંત જે સમયે મુક્તિમાં પધાર્યા-એટલે કે કાલગત વગેરે સર્વદુઃખ પ્રહીણાન્ત સુધીના વિશેષણોથી જ્યારે તેઓશ્રી યુક્ત થઈ ચૂક્યા તે સમયે દેવેન્દ્ર દેવરાજ શક્રનું આસન કમ્પાયમાન થયું. શક્રે જ્યારે પોતાના આસનને કમ્પાયમાન થતું જોયું ત્યારે તેજ ક્ષણે તેણે પોતાના અવધિ જ્ઞાનને વ્યાપારિત કર્યું તીર્થંકર પ્રભુને જોઈને તે આ પ્રમાણે કહેવા લાગ્યા. જંબૂદ્વીપનામના દ્વીપમાં આવેલ ભરતક્ષેત્રમાં કૌશલિક ઋષભ અર્હંત પરિનિવૃત્ત થયા છે. તેથી સઘળા, અતીત, અનાગત અને વર્તમાન કાલ સંબંધી ઈંદ્રોનો આ જીત વ્યવહાર છે-તેઓ તીર્થંકર પ્રભુનો નિર્વાણ ગમન મહોત્સવ ઉજવે. તેથી હું પણ ભગવાન્ તીર્થંકર ઋષભદેવનો નિર્વાણ મહોત્સવ કરવા જાઉં આ પ્રમાણે કહીને એ શક્રે પ્રભુને વંદના કરી નમસ્કાર કર્યા પોતાના ૮૪ હજાર સામાનિક દેવોની સાથે ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવોની સાથે યાવત્ સપરિવાર આઠ પોતાની પટ્ટરાણીયો સાથે દરેક દિશાના ૮૪ હજાર ૮૪ હજાર આત્મ રક્ષક દેવોની સાથે અને આ પ્રમાણે બીજા પણ સૌધર્મકલ્પવાસી દેવ-દેવિયોની સાથે તે શક્ર પોતાની ઉત્કૃષ્ટ પ્રશસ્ત વિહાયોગતિમાં પણ શ્રેષ્ઠ દિવ્ય એવી દેવગતિથી ચાલતો ચાલતો તિર્યગ્ અસંખ્યાત્ દ્વીપ સમુદ્રોની બરાબર મધ્યભાગમાં થઈને જ્યાં અષ્ટાપદ પર્વત હતો જ્યાં ભગવાન્ તીર્થંકરનું શરીર હતું ત્યાં ગયા. ત્યાં જઈ ને તે શોકાકુલિત ચિત્તવાળા થઈ ગયા. તેમના ચિત્તમાંથી આનંદ લુપ્ત થઈ ગયો. તેમની આંખો આંસુથી ભીંજાઈ ગઈ તેણે નિષ્પ્રાણ એવા તે તીર્થંકરના શરીરની ત્રણ પ્રદક્ષિણાઓ કરી અને ત્યાર બાદ તે ઉચિત સ્થાન પર બેસી ગયો, તે કાલ અને તે સમયે ઉત્તરાર્ધ લોકના અધિપતિ દેવેન્દ્ર દેવરાજ ઈશાન ઈન્દ્રનું - કે જે ૨૮ લાખ વિમાનોના અધિપતિ છે, હાથમાં જેમના શૂલ છે. વૃષભ જેમનું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાહન છે. આસન કમ્પાયમાન થયું અરજ અમ્બર વસ્ત્ર ધારણ કરે છે. એ નિર્મળ આકાશનો રંગ જેમ સ્વચ્છ હોય છે, તેમજ આ ઈન્દ્રે પહેરેલાં વસ્ત્રોનો વર્ણ પણ સ્વચ્છ-નિર્મલ હોય છે. એ ઈશાન નામક કલ્પમાં ઈશાનાવતંસક વિમાનમાં સુધર્મા નામની સભામાં સ્થિત ઈશાન નામક સિંહાસન પર વિરાજમાન રહેતો. એવો એ ઈશાન્દ્ર ૨૮ લાખ વૈમાનિક દેવો પર, ૮૦ હજાર સામાનિક દેવો પર, ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવો પર, સોમાદિક ચાર લોકપાલો પર, સપરિવાર આઠ અગ્રમહિષીઓ પર, બાહ્ય, મધ્ય અને આભ્યંતર ત્રણ સભાઓ પર, હયાદિ પ્રકારના સાત સૈન્યોપર, તેમના સાત સેનાપતિઓ - પર, ૮૦-૮૦ હજાર ચારે દિશાઓના આત્મરક્ષક દેવોના તેમજ બીજાં અનેક ઈશાનદેવલોકવાસી દેવ-દેવીઓ પર આધિપત્ય, કરતો વિપુલ ભોગ ભોગોનો ઉપભોગ કરતો પોતાનો સમય સુખેથી પસાર કરતો હતો. તે સમયે આ દેવેન્દ્ર દેવરાજ ઈશાન ઈન્દ્રનું આસન કમ્પાયમાન અવધિ જ્ઞાનને ઉપયુક્ત કર્યું તીર્થંકર ભગવાનના તે અવધિજ્ઞાન વડે દર્શન કર્યા શક્રેન્દ્રની જેમ સકળ પરિવાર સહિત અષ્ટાપદ પર્વત પર આવી ગયો. અને ત્યાં આવીને તેણે વન્દન નમસ્કાર પૂર્વક ભગવાનની પર્યુપાસના કરી. આજ પ્રમાણે અચ્યુત દેવ લોકપર્યન્તના સઘળા ઈન્દ્રો પોત પોતાના પરિવાપર સહિત અષ્ટાપદ પર્વત પર આવ્યા એજ પ્રમાણે ભવનવાસીયોના વીસ ઈન્દ્ર, વ્યંતર દેવો ના સોળ કાળ વિગેરે ઈન્દ્ર અને જ્યોતિષ્કોના ચંદ્ર અને સૂર્ય એ બે ઈન્દ્ર પોત પોતાના પરિવાર સાથે આ અષ્ટાપદ પર્વત પર આવ્યા તેઓ સર્વે સવિધિ ભગવાનને નમન કરીને એકદમ તેમની પાસે પણ નહિ તેમ તેમનાથી વધારે દૂર પણ નહિ આ પ્રમાણે યોગ્ય સ્થાને બેસી ગયા. તે સમયે તેમના બન્ને હાથો ભક્તિવશ અંજલિ રૂપે સંયુક્ત હતા તેમની આંખોમાંથી અશ્રુધારાઓ પ્રવાહિત થઈ રહી હતી.

ત્યાર બાદ દેવેન્દ્ર દેવરાજ શક્ર તે ઉપસ્થિત થયેલા સમસ્ત-૬૪, પરિવાર સહિત ભવનપતિઓ વ્યંતરો જ્યોતિષ્કો તેમજ વૈમાનિક દેવેન્દ્રોને. આ પ્રમાણે કહ્યું હે દેવાનુપ્રિયો. તમે સર્વ મળીને શીઘ્ર નન્દન વનમાંથી સરસ ગોશીર્ષચન્દનના લાકડાઓ લાવો અને ત્રણચિત્તાઓ તૈયાર કરો એક અરિહંત માટે એક ગણધર માટે અને એક અવશેષ અનગારો માટે. ત્યાર બાદ દેવેન્દ્ર દેવરાજ શક્રે આભિયોગ્ય જાતિના દેવોને બોલાવ્યા. હે દેવાનુપ્રિયો, તમે શીઘ્ર ક્ષીરોદક સમુદ્ર પર જાઓ અને ત્યાંથી ક્ષીરોદક લઈ આવો ત્યારપછી દેવેન્દ્ર દેવરાજ શક્રે તીર્થંકર ના શરીરને તે ક્ષીરોદકથી સ્નાનકરાવ્યું અને ગોશીર્ષનામના શ્રેષ્ઠનો લેપ કર્યો. હંસના જેવા સફેદ વર્ણવાળ વસ્ત્રથી સુસજ્જીત કર્યું સંઘળા અલંકારોથી શોભાયમાન કર્યું ભગવાનના શરીરને વિભૂષિત કર્યા પછી પછી ભવનપતિથી આરંભીને વૈમાનિક પર્યન્ત ના દેવોએ ગણધરના શરીરોને અને અનગારોના શરીરોને પણ ક્ષીરોદકથી સ્નાન કરાવ્યું તે સર્વને સ્નાન કરાવીને પછી સરલ ગોશીર્ષ નામના ઉત્તમ ચંદનથી લેપકર્યો દેવદૂષ્ય યુગલ તે શરીરોપર પહેરાવ્યા. એ શરીરોને સઘળા પ્રકારના અલંકા રોથી અલંકૃત કર્યા. હે દેવાનુપ્રિયો આપ ઈહામૃગ, વૃષભ, તુરગ યાવત્ વનલતાઓ ના ચિત્રોથી ચિત્રિત એવી ત્રણ શિબિકાઓ અર્થાત્ પાલખીઓની વિકુર્વણા કરાવો તે પૈકી એક ભગવાન્ તીર્થંકરને માટે એક ગણધરો માટે અને એક બાકીના અનગારો આપેલ આજ્ઞાનુસાર એ ભુવનપતિ દેવોથી લઈને વૈમાનિક પર્યન્તના દેવોએ ત્રણ પાલખીઓના વિકુર્વણ કરી. એ દેવેન્દ્ર દેવરાજ શક્ર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિમનસ્ક અને નિરાનંદ બની ને આંસુઓથી ભરેલા નેત્રો વડે ભગવાન્ તીર્થંકર કે જેઓએ જન્મ જરા અને મરણનો વિનાશ કરેલ છે તેમના શરીરને પાલખીમાં પધરાવ્યું; તે ભવનપતિ દેવોથી માંડીને વૈમાનિક સુધીના દેવોએ કે જેમણે જન્મ જરા અને મરણ ને સર્વથા વિનષ્ટ કરી દીધા છે એવા ગણધર અને અનગારોના શરીરોને શિબિકામાં આરોપિત કર્યા અને આરોપિત કરીને પછી તેમણે શરીરોને ચિતા મૂકી દીધાં,બાદ દેવેન્દ્ર દેવરાજ શક્રે અગ્નિકુમાર દેવોને બોલાવ્યા હે દેવાનુપ્રિયો, તમે તીર્થંકરની ચિતામાં યાવત્ ગણધરોની ચિતામાં અને અનગારોની ચિતામાં અગ્નિને કરો, ત્યાર બાદ તે અગ્નિકુમાર દેવોએ ખેદ ખિન્ન ચિત્તવાળા થઈને અને અશ્રુપૂર્ણ નેત્રવાળા થઈ ને તીર્થંકરની ચિતામાં યાવત્ ગણધરોની ચિતામાં અને શેષ અનગારોની ચિતામાં અગ્નિકાયની વિકુર્વણા શક્તિથી ઉત્પત્તિ કરી તે દેવેન્દ્ર દેવરાજે વાયુકુમાર દેવોને બોલાવ્યા બોલાવીને કહ્યું હે દેવાનુપ્રિયો જલ્દીથી તીર્થંકરની ચિતામાં યાવત્ શેષ અનગારોની ચિત્તામવાયુકાયને વિકુર્વિત કરો અગ્નિકાયને પ્રદીપ્ત કરો તીર્થંકરના શરીરને યાવત્ ગણધરોના શરીરને તેમજ શેષ અનગારોના શરીરને અગ્નિસંયુક્ત કરો ત્યાર બાદ તે વાયુકુમાર દેવોએ વિમનસ્ક તેમજ આનંદ વિહીન થઈને તેમજ અશ્રુભીના નેત્રોથી જિનેન્દ્રની ચિતામાં યાવત્ ગણધરોની ચિતામાં તેમજ અનગારોની ચિતામાં અગ્નિકાયની વિકુર્વણા કરી. તેમજ તેને પ્રદીપ્ત તીર્થંકરના શરીરને યાવત્ ગણધરોના શરીરોને અનગારોના શરીરોને અગ્નિ સંયુક્ત કર્યા. આ પ્રમાણે અગ્નિની સાથે જિનાદિકના શરીરો જ્યારે સંયુક્ત થઈ ગયા ત્યારે તે શક્ર સર્વ ભવનપતિઓથી માંડીને વૈમાનિક સુધીના દેવોને આ પ્રમાણે કહ્યું. દેવાનુપ્રિયો તમે એકદમ શીઘ્રતાથી તીર્થંકરની ચિતામાં યાવત્ ગણધરોની ચિતામાં તેમજ શેષ અનગારોની ચિતામાં અગરુ, તુરુષ્ક. ઘૃત અને મધુને નાખવામાટે લાવો. ત્યારે તે ભવનપતિથી માંડીને વૈમાનિક સુધીના સમસ્ત દેવગણોએ તીર્થંકરની ચિતામાં, ગણધરોની ચિતામાં અને શેષ અનગારોની ચિતામાં નાખવા માટે અનેક કુંભ પ્રમાણ અને અનેક ભાર પ્રમાણ અગુરુ. તુરુષ્ક, ઘૃત અને મધુ લઈ આવ્યા. દેવેન્દ્ર દેવરાજ તે શક્રે મેઘકુમાર દેવોને બોલાવ્યા. હે દેવાનુપ્રિયો ! આપ સર્વે શીઘ્ર તીર્થંકર ની ચિતા ને યાવત્ ગણધરોની ચિતાને તેમજ શેષ અનગારોની ચિતાને ક્ષીરસાગર માંથી લઈ આવેલા જલથી શાંત કરો. ત્યારે તે મેઘકુમાર દેવોએ તીર્થંકરની ચિતાને યાવત્ ગણધરોની ચિતાને અને અનગારોની ચિતાને ક્ષીર સાગરમાંથી લઈ આવેલા પાણી વડે શાંત કરી.

ત્યાર બાદ તે દેવેન્દ્ર દેવરાજે ભગવાન્ તીર્થંકરની ઉપરિતન દક્ષિણ અસ્થિને લીધી દેવેન્દ્ર દેવરાજ ઈશાન ઈન્દ્રે ઉપરિતન વામભાગની અસ્થિને લીધા તેમજ અસુરેન્દ્ર અસુરરાજ ચમરે અધસ્તન દક્ષિણ અસ્થિને-લીધી. વૈરૌચનેન્દ્ર વૈરોચન રાજ બલિએ અધસ્તન અસ્થિને-લીધી શેષ-શક્રાદિક સિવાયના ભવનપતિથી માંડીને વૈમાનિક સુધીના દેવોએ યથાયોગ્ય અવશિષ્ટ અંગોના અસ્થિઓને ઉઠાવ્યા એમાંથી કેટલાક દેવોએ જિનેન્દ્રની ભક્તિથી કેટલાંક દેવોએ આ જીતનામક કલ્પ છે આ અભિપ્રાયથી કેટલાક દેવોએ અમારી આ ફરજ છે, આ ખ્યાલથી તે અસ્થિઓને ઉઠાવ્યા. અસ્થિઓના ચયન બાદ દેવેન્દ્ર દેવરાજ શક્રે તે સમસ્ત ભવનપતિઓથી માંડીને વૈમાનિક સુધીના દેવોને યથાયોગ્ય રૂપમાં આ પ્રમાણે કહ્યું- હે દેવાનુપ્રિયો ! તમે સર્વરત્નનિર્મિત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એવા ત્રણ ચૈત્ય સ્તૂપોની-ચિતાત્રય ભૂમિપર રચના કરો એમાં એક ચૈત્યસ્તૂપ તીર્થંકર ભગવાનની ચિતામાં એક ગણધરોની ચિતામાં એક અવશેષ અનગારોની ચિતા માં તૈયાર કરો. ત્યાર બાદ તે ભવનપતિથી માંડીને વૈમાનિક સુધીના દેવોને ત્યાં સર્વ રત્નમય ત્રણ ચૈત્ય સ્તૂપોની રચના કરી. ત્યાર બાદ તે સમસ્ત ભવનપતિથી માંડીને વૈમાનિક સુધીના ચતુર્વિધ નિકાયના દેવોએ તીર્થંકર ભગવાનના નિર્વાણ કલ્યાણની મહિમાની-આયોજના કરી. મોક્ષગમનના ઉત્સવ બાદ તે ચતુર્વિધ નિકાયના દેવો જ્યાં નંદીશ્વર નામે દ્વીપ હતો ત્યાં ગયા ત્યાં જઈને દેવેન્દ્ર દેવરાજ શક્ર પૂર્વ દિશામાં સ્થિત અંજનક પર્વત પર દેવેન્દ્ર દેવરાજ શક્રનાચાર લોકપાલોએ ચાર દધિમુખ પર્વતો પર દેવેન્દ્ર ઈશાને ઉત્તર દિશાના અંજન નામક પર્વત પર દેવેન્દ્ર ઈશાનના ચાર લોકપાલોએ ચાર દધિમુખ પર્વતો પર અષ્ટાહિનક મહોત્સવ કર્યો અસુરેન્દ્ર અસુર રાજ ચમરે દક્ષિણ દિશા ના અંજન પર્વત પર અને તેના લોકપાલોએ દધિમુખ પર્વતો પર વૈરોચનેન્દ્ર વૈરોચન રાજ બલિએ પશ્ચિમ દિશાના અંજન પર્વત પરઅને તેના ચાર લોકપાલોએ દધિમુખ પર્વતોની ઉપર અષ્ટાણ્હિક મહોત્સવ કર્યો. આ પ્રમાણે જ્યારે શક્રથી માંડીને બલિ સુધીના ઈન્દ્રોએ અષ્ટાણ્હિક મહોત્સવનો સમ્પન્ન કર્યા ત્યારે ભવનપતિથી માંડી-ને વૈમાનિક સુધીના સર્વ દેવોએ અષ્ટાણ્હિક મહોત્સવ કર્યા. અષ્ટાણ્હિક મહોત્સવ કરીને પછી તે સર્વ ઈન્દ્રાદિક જ્યાં પોત-પોતાના વિમાનો હતાં જ્યાં પોતપોતાના ભવનો હતાં. જ્યાં પોતપોતાની સુધર્મા સભાઓ હતી અને જ્યાં પોતપોતાના માણવક નામે ચૈત્ય સ્તંભોહતા, ત્યાં ગયા, તેમણે વજ્રમય ગોલવૃત્ત સમુદ્રકોમાં-વર્તુલાકાર ભાજન વિશેષોમાં-તે જિનેન્દ્રની અસ્થિઓને પ્રસ્થાપિત કર્યા. પ્રસ્થાપિત કરીને પછી તેમણે ઉત્તમ કે નવીન શ્રેષ્ઠી મોટી-મોટી માળાઓથી તેમજ ગન્ધ દ્રવ્યોથી તેમની પૂજા કરી. પૂજન કરીને પછી તેઓ સર્વે પોતપોતાના સ્થાનો પર નિવાસ કરતા આનંદપૂર્વક વિપુલ ભોગ ભોગવવા લાગ્યા.

[૪૭] જ્યારે બે કોડા કોડી સાગરોપમ પ્રમાણ તૃતીય કાળ સમાપ્ત થયો. ત્યારે હે શ્રમણ આયુષ્મન્ અનંત શુકલાદિ ગુણ રૂપ પર્યાયોની હીનતા વાળો યાવત્ અનંત ઉત્થાન, બલ, વીર્ય, પુરુષકાર પરાક્રમ રૂપ પર્યાયોની હીનતા વાળો દુષ્ષમ સુષમા નામક ચતુર્થ કાળ પ્રારંભ થયો. હે ભદન્ત ! આ ચતુર્થ કાળમાં ભરત ક્ષેત્રના સ્વરૂપ વિષે શું કહેવામાં આવ્યું છે ? હે ગૌતમ, તે ચતુર્થ કાળમાં તે ભરત ક્ષેત્રની ભૂમિ અત્યંત સમતલ હતી, એથી તે રમણીય સુંદર હતી, પાંચ વર્ણો ના મણિઓથી ઉપશોભિત હતી. હે ભદન્ત તે ચતુર્થ કાળના માણસોનું સ્વરૂપ કેવું કહેવામાં આવ્યું છે. ? હે ગૌતમ ! ચતુર્થ કાળના માણસો ના છ પ્રકારના સંહનન કહેવામાં આવ્યા છે. તેમજ તે અનેક ધનુષો જેટલી ઉંચાઈ ધરાવતા હતા. આ કાળના માણસો નું આયુ જઘન્યથી એક અન્તર્મૂહૂર્તની અને ઉત્કૃષ્ટથી એક પૂર્વ કોટિ જેટલું કહેવામાં આવે છે. આટલું દીર્ઘ આયુ ભોગવીને કેટલાક જીવો નરકગામી હોય છે. કેટલાક જીવો તિર્યંચગગામી હોય છે. કેટલાક જીવો મનુષ્યગામી હોય છે કેટલાક જીવી દેવગામી હોય છે. તેમજ કેટલાક જીવો સિદ્ધિગતિને પ્રાપ્ત કરે છે. કેટલાક જીવી કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે. યાવત્ સકળ કર્મોના બંધનોથી મુક્ત થઈ જાય છે, પારમાર્થિક સુખને પ્રાપ્ત કરે છે. અને સમસ્ત દુઃખોનો અન્ત કરી નાખે છે. તે કાળમાં ત્રણ વંશો ઉત્પન્ન થયા- અર્હદ્ વંશ, ચક્રવર્તિ વંશ દશાર્હ વંશ. તેમજ ૨૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તીર્થંકરો, ૧૨ ચક્રવર્તીઓ, નવ બળદેવો અને નવ વાસુદેવો થયા.

[૪૮] તે કાલે જ્યારે ૪૨ હજાર વર્ષ કમ એક કોટા કોટી સાગરોપમ પ્રમાણવાળો ચતુર્થ કાળ સમાપ્ત થયો ત્યારે ધીમે ધીમે અન્ત રહિત વર્ણપર્યાયોના યાવત્ ગન્ધ પર્યાયોના અનંત બળવીર્ય આ ભરતક્ષેત્રમાં દુષ્ષમા નામના પાંચમાં કાળ નો પ્રારંભ થશે. હે ભદન્ત ! આ પંચમ કાળના સમયમાં ભરતક્ષેત્રના આકાર ભાવ પ્રત્યવતાર સ્વરૂપ-કેવું કહેવામાં આવેલ છે ? હે ગૌતમ તે સમયે આ ભરત ક્ષેત્રનો ભૂ-ભાગ એવો અત્યંત સમતલ, રમણીય થશે જેવો કે વાદ્યવિશેષ મુરજ નો, યાવત્ અનેક પ્રકારના પાંચ વર્ણોવાળા કૃત્રિમ મણિઓ તેમજ અકૃત્રિમ મણિઓથી ઉપશોભિત થશે- તે કાળમાં ભરતક્ષેત્રના મનુષ્યોના આકાર ભાવ-પ્રત્યવતાર-સંહનન, સંસ્થાન શરીરનાં ઉંચાઈ વગેરે કેવા હશે ? હે ગૌતમ ! તે કાળના મનુષ્યોના ૬ પ્રકારના સંહનનો હશે, ૬ પ્રકારના સંસ્થાનો હશે, વગેરે કંઈક વધારે એક સો વર્ષ જેટલું આયુષ્ય ધરાવનારા હશે, આટલું આયુષ્ય ભોગવીને કેટલાક મનુષ્યો નરકગામી થશે. યાવત્ કેટલાક તિર્યગ્ગતિગામી થશે, કેટલાક મનુષ્યગતિ ગામી થશે. કેટલાક દેવગતિગામી થશે તેમજ કેટલાક સિદ્ધપદને પ્રાપ્ત કરશે. કેવળ જ્ઞાનથી ચારચર લોકનું અવલોકન કરશે. સમસ્તકર્મોથી રહિત થઈ જશે. સમસ્ત દુઃખોનો અન્ત કરશે. તે કાળમાં પાશ્ચાત્ય ત્રિભાગમાં અંશાત્ર-ત્રયમાં-ગણધર્મ-સમુદાયધર્મ-નિજજ્ઞાતિધર્મ પાખંડધર્મ- શાક્યા દિધર્મ- નિગ્રહા નિગ્રહાદિરૂપ નૃપધર્મ, જાત તેજ-અગ્નિ, ધર્માચરણ-સંયમરૂપધર્મ અને ગચ્છ વ્યવહાર એ સર્વેછિન્ન-વિચ્છિન્ન થઈ જશે. અગ્નિ જ્યારે રહેશે નહીં ત્યારે અગ્નિ નિમિત્તિક જે રન્ધનાદિ વ્યવહાર છે, તે પણ સંપૂર્ણરૂપમાં છિન્ન-વિચ્છિન્ન થઈ જશે. હા કેટલાક જીવો ને સમ્યકત્વરૂપ ધર્મ થતો રહેશે. પણ બિલોમાં રહેનારાઓ માટે અતિ કિલષ્ટ હોવા બદલ ચારિત્ર હશે નહિ.

જૈનમ્ જયતિ શાસનમ્

[૪૯] અવસર્પિણીનો દુષ્ષમાનામક પાંચમો આરક કે જે ૨૧ હજાર વર્ષ જેટલો કહેવામાં આવેલ છે. જ્યારે વ્યતીત થઈ જશે અને કાલક્રમથી જ્યારે અનંતવર્ણ પર્યાયો અનંત ગન્ધપર્યાયો, અનંતરૂપ પર્યાયો, અનંત સ્પર્શ પર્યાયો અને યાવત્પદ અનંત સંસ્થાન પર્યાયો, અનંત અગુરુલઘુ પર્યાયો અનંત ઉત્થાનકર્મ, બળવીર્ય, પુરુષકાર પરા ક્રમ પર્યાયો અનંત રૂપમાં ઘટિત થતા જશે ત્યારે હે શ્રમણ આયુષ્માન્ ! દુષ્ષમ દુષ્ષમા નામક છઠ્ઠો આરો પ્રારંભ થશે. એ કાળ એવો થશે કે એમાં દુઃખથી સંત્રસ્ત થયેલા લોકો હાહાકાર કરશે ભેરીની જેમ એ કાળ જનક્ષયનો હેતુભૂત હોવા બદલ ભીતરમાં શૂન્ય રહેશે. એ કોલાહલભૂત થશે એવો કઠોરમાં કઠોર હશે, ધૂલિથી માલન હશે. દુઃખથી સહ્ય હશે. વ્યાકુળતા ઉત્પન્ન કરે તેવો હશે, ભયપ્રદ હશે. આ વાયુનું નામ સંવર્તક વાયુ હશે. કેમકે એ તૃણ-કાષ્ઠાદિકોને એક દેશમાંથી દેશાન્તરમાં પહોંચાડનાર હશે. એ દુષ્ષમ દુષ્ષમકાળમાં દિશાઓ સતત ધૂમ-જેવી પ્રતીત થશે અધિકમાત્રામાં ચન્દ્ર હિમ-વર્ષા કરશે. સૂર્ય એટલી બધી માત્રમાં ઉષ્ણતાની વર્ષા કરશે કે તે અસહ્ય થઈ પડશે. ત્યાર બાદ હે ગૌતમ ! વારંવાર સ્વાદુરસ વર્જિત જલવર્ષી મેઘો-ખારમેઘો-અગ્નિમેઘો- વિદ્યુત્મેઘો- વિષમેઘો કુષ્ઠાદિક રોગરૂપ પરિણામોત્પાદકજલયુક્ત મેઘો, કે જેમનું પાણી અરુચિરકારક થશે, એવી અરુચિકારક જલવૃષ્ટિ કરનારા મેઘો, એવી વર્ષા કરશે કે જેમાં વૃષ્ટિધારા પ્રચંડ પવનના આઘાતોથી આમ તેમ વેરાઈ જશે. અને તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લોકો ઉપર તે તીક્ષ્ણ વિશિષ્ટ આઘાતો કરનારી થશે. આ વૃષ્ટિથી ભરતક્ષેત્રમાં સ્થિત વૃષ્ટિત ગ્રામોમાં, આકર સુવર્ણાદિની ખાણોમાં, અષ્ટાદશ કરવર્જિત નગરોમાં, ધૂલિ પ્રાકાર પરક્ષિપ્ત ખેટ ગ્રામોમાં, કુત્સિત નગર રૂપ કર્બટોમાં, અઢી ગાઉનિ અંદર ગ્રામાન્તર રહિત મડંબોમાં, જલીય માર્ગથી યુક્ત જનનિવાસ રૂપ દ્રોણમુખોમાં, સમસ્ત વસ્તુઓની પ્રાપ્તિના સ્થાન ભૂત પત્તનોમાં, જલપત્તનોમાં અને સ્થલ પત્તનોમાં-બન્ને પ્રકારના પત્તનોમાં, પ્રભૂતતર વણિગ્જનોના નિવાસભૂત નિગમોમાં, પહેલાં તાપ સજનો દ્વારા આવાસિત અને તત્પશ્ચાત્ બીજા લોકો જ્યાં આવીને રહેવા લાગ્યા હોય એવા સ્થાન રૂપ આશ્રમોમાં રહેનારા માણસોનો તે મેઘો વિનાશ કરશે

વૈતાઢ્યગિરિ નિવાસી વિદ્યાધરોનો પક્ષી-સમૂહોનો અથવા આકાશચારી પક્ષીઓનો ગ્રામ અને જંગલોમાં વિચરનારા અનેક પ્રકારના ત્રસજીવોના આમ્રાદિક વૃક્ષોનો, શાલ્યાદિરૂપ ઔષધિઓનો તે મેઘો વિનાશ કરશે શાશ્વત પર્વત વૈતાઢ્ય ગિરિને બાદ કરીને ઊર્જયન્ત વૈભાર વગેરે ક્રિડા પર્વતનો. ગોપાલગિરિ ચિત્રકૂટ વગેરે પર્વતનો, શિલા સમૂહ જ્યાં હોય છે અથવા ચોર સમૂહો જેમાં નિવાસ કરે છે એવા પર્વતનો, મોટી-મોટી શિલાઓ વાળા ઉન્નત ટેકરીઓનો, ધૂલિસમૂહ રૂપ ઉન્નત સ્થલોનો અને પાંસુ આદિથી રહિત વિશાળ પઠારોનો તેમજ સમસ્ત સ્થાનોનો નાશ કરશે શાશ્વત નદી ગંગા અને સિન્ધુને બાદ કરીને પૃથ્વી ઉપરના સ્રોતોને, વિષમ ખાડાઓ તે દુષ્ષમા નામના આરામાં ભરતક્ષેત્રના આકારભાવ પ્રત્યાવતાર-સ્વરૂપ કેવું હશે ? હે ગૌતમ ! તે દુષ્ષમ દુષ્ષમાં કાળમાં આ ભૂમિ અંગારભૂત જ્વાલરહિત અગ્નિ પિંડ જેવી મુર્મુર રૂપ તુષાગ્નિ જેવી ક્ષારિકભૂત ગર્મ ભસ્મ જેવી, તપ્તકટાહ જેવી સંપૂર્ણ દેશમાં સમાન જ્વાલા વાળી અગ્નિ જેવી થશે પ્રચુર પાંશુવાળી થશે. પ્રચુરરેણુ વાળી થશે, પ્રચુરપંક વાળી થશે. પ્રચુર પનક-પાતળા કાદવવાળી થશે, તે દુષ્ષમાકાળના મનુષ્યો અશોભન રૂપવાળા, અશોભન આકૃતિવાળા, દુષ્ટવર્ણવાળા, દુષ્ટગન્ધવાળા દુર્ગન્ધયુક્ત શરીર વાળા, દુષ્ટરસયુક્તશરીરવાળા અને દુષ્ટ સ્પર્શયુક્ત શરીરવાળા થશે. અનભિલષ ણીય -થશે. અકમનીય થશે. અપ્રીતિના સ્થાન ભૂત થશે. કેમકે અમનોજ્ઞ થશે. એમના અંગોપાંગો પૂર્ણ થશે નહિ. એમના માથાના વાળ સંસ્કાર રહિત હોવાથી મોટા રહેશે. અને મૂછોના વાળ પણ આવશ્યકતા કરતાં વધારે મોટા રહેશે. એઓ વર્ણમાં સાવ કાળા થશે, ક્રૂર થશે, શરીરનો સ્પર્શ કઠોર થશે શ્યામવર્ણનીલરંગ એમના શરીરનો થશે. એમની આકૃતિ દુર્દર્શનીય રહશે. એમનું અંગ રેખાત્મક કરચલી ઓથી વ્યાપ્ત રહેશે, એમનું મુખ એનાથી એવું લાગશે કે જાણે તે ઘડાનું જ વિકૃત મુખ છે. એમના બન્ને નેત્રો અતુલ્ય હશે અને એમનું નાક કુટિલ હશે એમનું મુખ કરચલીઓથી વિકૃત તેમજ કુટિલ હોવાથી જોવામાં ભયંકર લાગશે એમના શરીરનું ચામડું, દદ્રુ, કિટિભ-ખાજ, સિધમ વિગેરે વિકારોથી વ્યાપ્ત થશે, એથી કંડુરોગથી વ્યાપ્ત રહેશે એમની ચાલ ઉષ્ટ્રાદિકની જેવી થશે. એમના શરીરની અસ્થિઓ ઉત્કંટુકયથાસ્થાનની સ્થિતિથી રહિત થશે, ખરાબ-ગંદી જગ્યામાં ઉઠશે બેસશે. એમની શય્યા કુત્સિત હશે એમના શરીરનો દરેકે દરેક અવયવ રોગોથી ગ્રસિત હશે.એમનામાં કોઈ પણ જાતનો ઉત્સાહ નહિ હશે આત્મબળથી એઓ રહિત હશે. એમની ચેષ્ટા નષ્ટ થઈ જશે. એમને ક્રોધ, માન, માયા અને લોભ એ કષાયો પ્રચુર માત્રામાં રહેશે. મોહ મમતા એમનામાં



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બહુ જ વધારે પ્રમાણમાં થશે, શુભકર્મોથી એઓ રહિત હશે એઓ પ્રાયઃ ધર્મ, શ્રદ્ધા અને સમ્યકત્વથી પરિભ્રષ્ટ હશે,

એમના શરીરની ઉંચાઇ ઉત્કૃષ્ટથી ૨૪ અંગુલ પ્રમાણ એક હાથ જેટલી હશે એમની ઉત્કૃષ્ટ આયુ ૧૬ વર્ષથી માંડીને ૨૦ વર્ષ સુધી હશે અનેક પુત્ર અને પૌત્રરૂપ પરિવારમાં પ્રચુર પ્રણય-સ્નેહથી એઓ યૌવનાવસ્થા સમ્પન્ન થઈ એઓ ગંગા અને સિંધુ તેમજ વૈતાઢ્ય પર્વતના આધારે રહેલ. બિલવાસી મનુષ્યો હશે. એમનાથી ફરી ભવિષ્યત્ મનુષ્યોના કુટુંબોની સૃષ્ટિ થશે. દુષ્ષમદુષ્ષમકાળમાં પદથી માંડીને આ અંતિમ વિશેષણ રૂપ પદો સુધીના પદો વડે અમોએ છઠ્ઠા આરાના વખતના મનુષ્યોનું વર્ણન કર્યું છે. તે કાળમાં અને તે સમયમાં ગંગા અને સિંધુ નામે બે નદીઓ હશે એ બન્ને નદીઓ રથના ગમન માર્ગનું સિન્ધુ નામે બે નદીઓ હશે એ બન્ને નદીઓ રથના ગમન માર્ગનું જેટલું પ્રમાણ હોય છે, તેટલા પ્રમાણ જેટલા વિસ્તારવાળી હશે, બન્ને નદીઓમાં રથના ચન્દ્રન છિદ્ર તુલ્ય જેની અવગાહનાનું પ્રમાણ હશે, તેટલું પાણી વહેતું રહેશે. તેમાં પણ અનેક મત્સ્યો અને કચ્છપો રહેશે. એ પાણીમાં સમજાતીય અપ્કાયના જીવો નહિ થશે. બિલવાસી મનુષ્યો જ્યારે સૂર્યોદય થવાનો સમય થશે ત્યારે અને જ્યારે સૂર્યાસ્ત થવાનો સમય હશે ત્યારે પોત-પોતાના બિલોમાંથી બહાર નીકળશે અને બિલોમાંથી વેગ પૂર્વક નીકળીને તેઓ મત્સ્યો અને કચ્છપોને પાણીમાંથી, પકડશે અને પકડીને એઓ તે મચ્છ કચ્છપોને રાત્રીશીતમાં અને દિવસમાં તડકામાં સૂકવશે. તેમનાથી પોતાની બુભુક્ષા મટાડશે આ પ્રમાણે આ આરાની સ્થિતિ ૨૧ હજાર વર્ષ જેટલી છે ત્યાં સુધી એઓ તેમ કરતા રહેશે. એ છઠ્ઠા આરામાં ઉત્પન્ન થયેલા મનુષ્યોકે જેઓ શીલ વર્જિત દુરાચારી થશે મહાવ્રતોથી હીન થશે-અનુવ્રતો અને મૂળગુણોથી રહિત હશે. ઉત્તમ ગુણોથી રહિત હશે, કુલાદિ મર્યાદા થી પરિવર્જિત હશે પૌરુષિ વગેરે નિયમો અને અષ્ટમી વગેરે પર્વ સંબંધી ઉપવાસોના આચરણથી રહિત થશે. પ્રાયઃ માંસાહારી થશે, તુચ્છ આહાર કરશે દુર્ગન્ધ આહાર ભક્ષી થશે. કાળ માસમાં મરણ પ્રાપ્ત કરીને એઓ નરકગતિ અને તિર્યંચ ગતિમાં જશે અને ત્યાં જ ઉત્પન્ન થશે. સર્વે પૂર્વોક્ત માંસા-હારાદિ વિશેષણો વાળા સિંહ, વાઘ વગેરે પ્રાણીઓ ઘણું કરીને નરક ગતિ અથવા તો તિર્યગ્ગતિમાં મરણ પ્રાપ્ત કરીને જશે કાક વિશેષ, કંક વૃક્ષ ફોડ પક્ષી મદ્રક જલ કૌઆ અને શિખી-મયૂર એ જીવો પ્રાયઃ નરક અને તિર્યગ્ યોનિકોમાં યાવત જશે. અને ત્યાંજ ઉત્પન્ન થશે,

[૫૦] તે અવસર્પિણીના અવયવ રૂપ દુષ્ષમા નામક આરાની ૨૧ હજાર વર્ષરૂપ સ્થિતિ જ્યારે સમ્પૂર્ણ થઈ જશે એટલે કે ૨૧ હજાર વર્ષનો પંચમકાળ નીકળી જશે ત્યારે આગળ આવનારા ઉત્સર્પિણી કાળમાં-શ્રાવણ માસની કૃષ્ણપક્ષની પ્રતિપદા તિથિમાં પૂર્વ અવસર્પિણી કાળના અષાઢ માસની પૂર્ણિમા તિથિ રૂપ અંતિમ સમયની સમાપ્તિ થઈ જશે. બાલવ નામના કરણમાં ચન્દ્રની સાથે અભિજિત્ નક્ષત્રનો યોગ થશે ત્યારે ચતુર્દશ કાળોનો જે ઉચ્છ્વસ કે નિઃશ્વાસ રૂપ પ્રથમ સમય છે તે સમયે અનંતવર્ણ પર્યાયોથી, અનંત ગન્ધ પર્યાયોથી, અનંતરસ પર્યાયોથી અનંત સ્પર્શ પર્યાયોથી, અનંત સંહનન પર્યાયોથી, અનંત સંસ્થાન પર્યાયોથી, અનંત ઉચ્ચત્વ પર્યાયોથી અનંત આયુષ્ક પર્યાયોથી અનંત અગુરુલઘુ પર્યાયોથી, અનંત ઉત્થાન, કર્મ, બળ-વીર્ય પુરુષકાર

JAINSITE

પર્યાયોથી, અનંત ગુણ વૃદ્ધિયુક્ત થતો આ દુષ્ષમ દુષ્ષમા નામનો કાળ પ્રારંભ થશે. હે ભદન્ત ! આ ઉત્સર્પિણી કાળના પ્રથમ આરામાં ભરતક્ષેત્રનો કેવો આકાર ભાવ પ્રત્યવતાર એટલે કે સ્વરૂપ થશે. પ્રભુ કહે છે- એ કાળ એવો થશે કે જેવો અવ સર્પિણી કાળના વર્ણનમાં છઠ્ઠા આરાનું વર્ણન તેવું જ વર્ણન આ પ્રસંગે અહીં પણ જાણી લેવું જોઈએ. જ્યારે ઉત્સર્પિણીનો આ દુષ્ષમ દુષ્ષમા નામનો પ્રથમકાળ કે જે ૨૧ હજાર વર્ષ જેટલો છે. સમાપ્ત થઈ જશે ત્યારે ત્યારે ધીમે ધીમે કાળના પ્રભાવથી અનંત શુકલાદિ વર્ણ પર્યાયોથી યાવત્-અનંત રસ આદિ પૂર્વોક્ત પર્યાયોથી અનંત ગુણ પરિવર્દ્ધિત, થતો બીજો દુષ્ષમા નામક આરાનો પ્રારંભ થશે.

[૫૧] આ ઉત્સર્પિણીના દ્વિતીય આરક રૂપ દુષ્ષમકાળમાં-આ કાળના પ્રથમ સમયમાં પુષ્કલ સંવર્તક નામક મહામેઘ, પ્રકટ થશે. આ પુષ્કલસંવર્તક મહામેઘનું પ્રમાણ ભરતક્ષેત્રના પ્રમાણ જેટલું થશે. તેમજ ભરતક્ષેત્રનો જેટલો વિષ્કંભ અને સ્થૌલ્ય છે તેટલા જ પ્રમાણ જેટલો આનો વિષ્કંભ અને સ્થૌલ્ય થશે. ત્યાર બાદ તે પુષ્કલ સંવર્તક પર્જન્યાદિ ત્રણ મેઘોની અપેક્ષાએ વિશાલતાવાળો મહામેઘ અતીવ શીઘ્રતાથી ગર્જના કરશે. ગર્જના કરીને પછી તે શીઘ્ર વિદ્યુતોથી યુક્ત થશે પછી તે મહામેઘ યૂકા પ્રમાણ, મૂસલ પ્રમાણ તથા મુષ્ટિ પ્રમાણ જેવી ધારાઓથી સાત દિવસ સુધી કે જેમાં સામાન્ય રૂપથી મેઘનો સદ્ભાવ રહેશે વર્ષા કરતો રહેશે આ મેઘ ભરતક્ષેત્રના ભૂમીપ્રદેશને કે જે અંગાર જેવો તેમજ તુષાગ્નિ જેવો થઈ રહ્યો છે અને ભસ્મીભૂત થઈ ચૂક્યો હતો તેને સમ્પૂર્ણતઃ શાન્ત કરશે. શીતલ કરશે. સાત દિવસ-રાત્રિ સુધી સતત વરસશે ત્યાર બાદ અહીં ક્ષીરમેઘ નામક મહામેઘ પ્રકટ થશે એની લંબાઈ પણ ભરતક્ષેત્રના પ્રમાણ જેટલી થશે અને ભરતક્ષેત્ર પ્રમાણે જ એનો વિષ્કંભ અને બાહલ્ય થશે. તે ક્ષીર નામનો મહામેઘ બહુ જ શીઘ્ર ગર્જના કરશે. વીજળીઓ ચમકાવશે સાત દિવસ-રાત્રિ સુધી વર્ષા કરતો રહેશે. એથી તે ક્ષીરમેઘ ભરતક્ષેત્રની ભૂમિના વર્ણ, ગન્ધ, રસ અને સ્પર્શને શુભ બનાવી દેશે ત્યારબાદ અહીં ઘૃતમેઘ નામક મહામેઘ પ્રકટ થશે. આ મેઘ પણ ભરતક્ષેત્ર પ્રમાણ જેટલી ચોડાઈ વાળો અને વિશાળ હશે. પ્રકટ થવાબાદ તે ઘૃતમેઘ ગર્જના કરશે. યાવત્ વર્ષા કરશે. આથી ભરતક્ષેત્રની ભૂમિમાં સ્નેહભાવ-સ્નિગ્ધતા થઈ જશે. ત્યારબાદ અહીં અમૃત મેઘ નામક મહામેઘ પ્રકટ થશે. આ મેઘ લંબાઈ પહોળાઈ અને સ્થૂલતામાં ભરતક્ષેત્ર જેટલી લંબાઈ, પહોળાઈ અને સ્થૂલવાળો થશે. આ પણ સાત દિવસ અને રાત સુધી અમૃતની વર્ષા કરશે. આ મેઘ ભરત ક્ષેત્રમાં વૃક્ષોને, ગુચ્છોને, સ્કંધરહિત વનસ્પતિ વિશેષોને લતાઓને, વલ્લિઓને અશીરાદિક તૃણોને, પર્વજ ઈક્ષુ આદિ કોને અંકુરોને ઇત્યાદિ બાદરવનસ્પતિકાયિકોને ઉત્પન્ન કરશે. અહીં એક બીજો મહામેઘ પ્રકટ થશે.જેનુંનામ રસમેઘ હશે.આ રસમેઘ પણ લંબાઈ, પહોળાઈ અને સ્થૂલતામાં ભરતક્ષેત્રના પ્રમાણ જેટલો હશે. સાત દિવસ અને રાત સુધી સતત વર્ષતો રહેશે. એ રસમેઘ અનેકવૃક્ષોમાં,ગુચ્છોમાં,ગુલ્મોમાં,લતાઓમાં,અને અંકુરાદિ કોમાં તિક્ત, કટુક, કષાયલા, આમ્લ અને મધુર એ પાંચ પ્રકારના રસવિશેષો ને ઉત્પન્ન કરશે. ત્યાર બાદ જેમાં વૃક્ષથી માંડીને હરિત ઔષધી સુધી વનસ્પતિઓ ઉત્પન્ન થઈ ચુકી છે એવું ભરતક્ષેત્ર વર્ષ થઈ જશે તેમજ પરિપુષ્ટ વલ્કલો પાંદડાઓ, કિસલયો, અંકુરાં, વ્રીહિ વગેરેના, બીજોના અગ્ર-ભાગોપુષ્પો અને ફૂલ વિગેરેથી વ્યાપ્ત થઈને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેમાં ત્વક પત્રાદિકોનો ઉપભોગ અનાયાસ રૂપમાં થઈ શકશે એવું તે ભરતવર્ષ થશે.

[૫૨] ભરતક્ષેત્રમાં સ્થિત થઈને તત્કાલીન તે મનુષ્યો ભરતક્ષેત્ર પ્રરૂઢ ગુચ્છો વાળું પ્રરૂઢગુલ્મોવાળું, પ્રરૂઢ લતાઓ અને યાવત્ ઉપચિત થયેલ ફલોવાળું એથી તે મનુષ્ય જોશે કે આ ક્ષેત્ર સુખોપભોગ્ય થઈ ચુક્યું છે તો આ રીતે ખ્યાલ કરીને તેઓ પોતપોતાના બિલોમાંથી બહાર નીકળી આવશે અને બહાર નિકળીને પછી તેઓ બહુજ આનંદિત અને સંતુષ્ટ થયેલાં તેઓ પરસ્પર એક-બીજાની સાથે વિચાર વિનિમય કરશે હે દેવાનુપ્રિયો ભારતક્ષેત્ર યાવત્ સુખોપભોગ્ય બની ગયું છે. આ પ્રમાણે નિશ્ચય કરીને તેઓ વ્યવસ્થા કરશે. પછી તે આ ભરત ક્ષેત્રમાં બહું જ આનંદપૂર્વક બાધા રહિતથઈને વિવિધ પ્રકારની ક્રીડાઓ કરતાં પોતાના સમયને વ્યતીત કરશે

[૫૩] હે ભદન્ત ઉત્સર્પિણી સંબંધી એ દુષ્ષમા કાળમાં ભરત ક્ષેત્રના આકાર ભાવના પ્રત્યવતાર એટલે કે સ્વરૂપ કેવું હશે ? હે ગૌતમ ! એ કાળમાં ભરત ક્ષેત્રનો ભૂમિભાગ બહુસમરણીય થશે યાવત્ તે કૃત્રિમ અકૃત્રિમ મણિઓથી સુશોભિત થશે. તે મનુષ્યોને છ પ્રકારનું તો સંહનન થશે, છ પ્રકારનું સંસ્થાન થશે અને શરીરની ઊંચાઈ અનેક હસ્ત પ્રમાણ જેટલી હશે. એમની આયુષ્યનું પ્રમાણ જઘન્યથી એક અંતર્મુહૂર્તનું અને ઉત્કૃષ્ટ કંઈક વધારે ૧૦૦ વર્ષ જેટલું હશે. આયુષ્યની સમાપ્તિ પછી નરક ગતિમાં યાવત્ તિર્યગ્ ગતિ અને દેવગતિમાં જશે પણ સિદ્ધગતિ કોઈ મેળવી શકશે નહિ. તે ઉત્સર્પિણીમાં ૨૧ હજાર વર્ષ પ્રમાણવાળો જ્યારે એ દુષ્ષમ નામક દ્વિતીયકાળ સમાપ્ત થઈ જશે ત્યારે અનંત વર્ણ પર્યાયોથી યાવત્ અનંત ગંધ આદિ પર્યાયોથી વૃદ્ધિગત થયો આ ભરતક્ષેત્રમાં દુષ્ષમ સુષમાનામક તૃતીય આરક પ્રાપ્ત થશે. એ આરામાં ભરત ક્ષેત્રનો ભૂમિભાગ બહુ સમરમણીય થશે. યાવત્ અકૃત્રિમ પાંચ વર્ણોના મણિઓથી તે ઉપશોભિત થશે ઉત્સર્પિણીના દુષ્ષમા સુષમા કાળના ભાવી મનુષ્યોના ૬ પ્રકારના સંહનનો થશે, ૬ પ્રકારના સંસ્થાનો થશે તેમ જ એમના શરીરની ઊંચાઈ અનેક ધનુષ પ્રમાણ જેટલી હશે. એમનું આયુષ્ય જઘન્યથી એક અન્તર્મુહૂર્ત જેટલું અને ઉત્કૃષ્ટથી એક પૂર્વકોટિ સુધી હશે. આટલું દીર્ઘઆયુષ્ય ભોગવીને જ્યારે એઓ મરણ પામશે ત્યારે એમનામાંથી કેટલાંક મનુષ્યો તો નરકમાં જશે યાવત્ સમસ્ત શારીરિક અને માનસિક દુઃખોનો વિનાશ કરશે. તે ઉત્સર્પિણી કાળના એ તૃતીય આરકમાં ત્રણ વંશો ઉત્પન્ન થશે અર્હત્ વંશ, ચક્રવર્તીવંશ અને દશાર્હવંશ યદુવંશ. તે ઉત્સર્પિણી કાળના એ તૃતીય આરામાં ૨૩ તીર્થંકરો, ૧૧ ચક્રવર્તીઓ, નવ બળદેવો અને નવ વાસુદેવો ઉત્પન્ન થશે. હે આયુષ્મન શ્રમણ ! ઉત્સર્પિનીના ૪૨ હજાર વર્ષ કમ ૧ સાગરોપમ કોટાકોટિ પ્રમાણવાળા આ તૃતીય આરકની જ્યારે પરિસમાપ્તિ થઈ જશે ત્યારે અનંતવર્ણ પર્યાયોથી યાવત્ અનંત ગણી વૃદ્ધિથી વર્ધમાન એ ભરત ક્ષેત્રમાં સુષમદુષ્ષમાનામક ચતુર્થ આરક લાગશે. એ આરકના ત્રણ ભાગો થશે. એમાં એક પ્રથમ ત્રિભાગ થશે. દ્વિતીય મધ્યમત્રિભાગથશે અને તૃતીય પશ્ચિમત્રિભાગ થશે એમાંથી જે પ્રથમ ત્રિભાગ-માં ભરતક્ષેત્રનો ભૂમિભાગ બહુસમરમણીય થશે. યાવત્ અવસર્પિણી સંબંધી સુષમ દુષ્ષમના પશ્ચિમ ત્રિભાગમાં જેવું મનુષ્યોનું વર્ણન કરવામાં આવ્યું છે, તેવું જ વર્ણન જાણવું ફક્ત કુલકરના તેમજ ઋષભ સ્વામીના વર્ણનને બાદ કરીને અહીં પણ સમજવું જોઈએ. ભદ્રકૃતનામક તીર્થંકરનો અભિલાપ કહેવો. આ કથનનું તાત્પર્ય આ પ્રમાણે છે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કે ઉત્સર્પિણીના ૨૪ મા તીર્થંકરનો અભિલાપ પ્રાપ્ત કરીને અવસર્પિણીમાં ઉત્પન્ન થયેલ પ્રથમ તીર્થંકરના જેવો જ અભિલાપ કહેવો જોઈએ. કારણ કે એઓ બન્નેમાં ઘણું કરીને સમાનશીલતા છે, ઉત્સર્પિણી સંબંધી સુષમ દુષ્ષમના પ્રથમત્રિભાગમાં એ ૧૫ કુલકર ઉત્પન્ન થશે. જેમ કે સુમતિ યાવત્ નાભિ તથા એ ૧૫ કુલકરોમાંથી ૫, ૫ કુલકરો વડે જે-જે દંડનીતિ ચાલૂ કરવામાં આવે છે, તે પણ પહેલાં પ્રકટ કરવામાં આવી છે. ધીમે-ધીમે જેમ-જેમ કાળ વ્યતીત થતો જશે તેમ-તેમ સર્વ મનુષ્યો અહમિન્દ્રત્વને પ્રાપ્ત કરતા જશે, એમાં સર્વાન્તિમ કુલકર થશે, એ કાળમાં અંતિમ તીર્થંકર ભદ્રકૃત નામે થશે. અવસર્પિણી કાળના એ આરામાં જેમ ૨૪ તીર્થંકરોથયાથી અહીં તેમજ ૨૪ તીર્થંકરો અહીં પણ થશે. એ આ કાળમાં ૮૯ પક્ષ પ્રમાણ જ્યારે આ કાળ વ્યતીત થઈ જશે. ત્યારે થશે. આમ આગમનું વચન છે. અવસર્પિણી કાળમાં જે પ્રથમ તીર્થંકર છે, તેના સ્થાને ઉત્સર્પિણી કાળમાં ૨૪ તીર્થંકર હોય છે. ઉત્સર્પિણીના એ ચતુર્થ આરકમાં પ્રથમ ત્રિભાગમાં રાજધર્મ યાવત્ ગુણધર્મ, પાખંડધર્મ નાશ પામશે. એ આરકના મધ્યમ અને પશ્ચિમ ભાગની વક્તવ્યતા અવસર્પિણીના ચતુર્થઆરકના પ્રથમ અને મધ્યમના ત્રિભાગ જેવી છે. સુષમા અને સુષમા સુષમા કાળની વક્તવ્યતા જે પ્રમાણે અવસર્પિણી કાળની પ્રરૂપણા કરતાં કહેવામાં આવી છે. તેવી જ છે.

**વક્ખારો-૨ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## વક્ખારો-૩

[૫૪] હે ભદન્ત ! આ ભરતક્ષેત્રનું નામ ભરતક્ષેત્ર એ રીતે શા કારણથી પ્રસિદ્ધ થયું છે ? હે ગૌતમ ! ભરતક્ષેત્રના વૈતાઢ્ય પર્વતના દક્ષિણભાગથી ૧૧૪-૧૧/૧૯ યોજનાના અંતરાલથી તેમજ દક્ષિણ લવણ સમુદ્રના ઉત્તરભાગમાં ૧૧૪-૧૧/૧૧૯ યોજનના અંતરાલથી ગંગા મહાનદીની પશ્ચિમ દિશામાં સિંધુ નદીની પૂર્વ દિશામાં અને દક્ષિણાર્ધ ભરતના મધ્યતૃતીય ભાગના બહુ મધ્યપ્રદેશ ભાગમાં વિનીતા નામક એક રાજધાની કહેવામાં આવેલ છે. પૂર્વથી પશ્ચિમ સુધી લાંબી અને ઉત્તરથી દક્ષિણ સુધી પહોળી છે. આ પ્રમાણે એની લંબાઈ ૧૨ યોજન જેટલી છે. અને નવ યોજન જેટલી એની પહોળાઈ છે. ઉત્તર દિશાના અધિપતિ કુબેરે એની રચના કરી છે. સ્વર્ણમય પ્રાકારથી એ યુક્ત છે. પાંચ વર્ણવાળા અનેક મણિઓથી એના કાંગરાઓ બનેલા છે. જોવામાં એ ખૂબ જ સુંદર લાગે છે. અહીં રહેનારા સર્વદા પ્રસન્નચિત્ત રહે છે પ્રમુદિત્ત અને પ્રકીડિત રહે છે, જોનારાઓ માટે એ નગરી સાક્ષાત્ દેવલોક જેવી લાગે છે, એ નગરી વિભવ, ભવન આદિ વડે સમૃદ્ધિ સમ્પન્ન થઈ યાવત એ નગરી પ્રતિ રૂપ છે,

[૫૫] તે વિનીતા નામક રાજધાનીમાં ભરત નામે એક ચતુરન્ત ચકવતી રાજા ઉત્પન્ન થયો. એ ચાતુરન્ત ચક્રવર્તી ભરત રાજા હિમવાન્ પર્વતના, મલય પર્વતના, મંદર પર્વતના અને મહેન્દ્ર પર્વતનાં જેવું વિશિષ્ટ અન્તર્બળ ધરાવતો હતો તે વિનીતા નગરીમાં અસંખ્ય કાળ પછી જેની વડે આ ક્ષેત્રનું નામ ભરત આ નામે પ્રખ્યાત થયું, એવો તે ભરત ચક્રવર્તી રાજા ઉત્પન્ન થાય છે. એ ભરત ચક્રવર્તી યશસ્વી-કીર્તિ સંપન્ન હોય છે, શ્રેષ્ઠ હોય છે તેમજ અભિજાત કુલીન હોય છે. કેમકે એમાં સત્ત્વ-સાહસ વીર્ય-પરાક્રમ એ સર્વે ગુણ હોય છે અન્ય રાજાઓની અપેક્ષા એનો વર્ણદેહકાંતિ, સ્વર-સાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શુભ પુદ્ગલોપચય જન્ય ધાતુ વિશેષ, સંહનન તનુ-શરીર, ધારણા શક્તિ-મેધા બુદ્ધિસંસ્થાન શીલ પ્રકૃતિ એ સર્વે તત્કાલવર્તી મનુષ્યોની અપેક્ષા શ્લાઘનીય હોય છે. ગૌરવ- શરીર શોભા અને ગતિ એ સર્વે એમાં અસાધારણ હોય છે. શ્રેષ્ઠ વક્તા હોય છે. આયુ, બળ અને વીર્યથી એ યુક્ત હોય છે. ઉપહત-વીર્યવાળો થતો નથી વજ્રઋષભ, નારાચ સંહનનવાળો દેહ હોય છે. એમની હથેળીઓમાં અને પગના તળીયામાં એક હજાર પ્રશસ્ત તેમજ વિભક્ત રૂપમાં રહેલા સુલક્ષણો હોય છે. એમનું વક્ષસ્થળ વિપુલ હોય છે. અને તે ઉર્ધ્વમુખવાળા તેમજ નવનીત પિંડાદિના જેમ મૃદુતાવાળા અને દક્ષિણા વર્ત્તવાળા એવા પ્રશસ્ત હોય છે. તે કાળમાં એવાસુંદર આકારવાળો દેહ કોઈનેય હોતો નથી. એમના શરીરની કાંતિ તરુણ રવિથી નીકળતાં સૂર્યના કિરણોથી વિકસિત કમલ-ના ગર્ભના વર્ણ જેવી હોય છે. એમનો જે ગુદાભાગ હોય છે. તે ઘોડાના ગુદાભાગની જેમ પુરિષથી અલિપ્ત રહે છે. એમના શરીરની ગંધ પદ્મ, ઉત્પલ, આદિ મુજબ કસ્તુરીની જેવી ગંધ હોય છે, તેવી હોય છે. અધિક પ્રશસ્ત પાર્થિવગુણોથી એઓ સંપન્ન હોય છે. એમનો માતૃ-પિતૃપક્ષ જગતમાં વિખ્યાત હોય છે. એથી એઓ પોતાના કલંકહીન કુલ રૂપ ગગનમંડળમાં મૃદુસ્વભાવને લીધે પૂર્ણ ચન્દ્ર મંડળની જેમ નેત્ર અને મનને આનંદ આપનાર હોય છે. નિર્ભય હોય છે, ક્ષીરસમુદ્ર વગેરેની જેમ એઓ ચિન્તારૂપ કલ્લોલોથી વર્જિત રહે છે. કુબેરની જેમ એઓ ભોગોના સમુદાયમાં પોતાના વિદ્યમાન દ્રવ્યોને ખર્ચ કરતા હોય છે. રણાંગણમાં એઓ અપરાજિત હોય છે. તેમનું રૂપ શક્ર જેવું અતીવ સુંદર હોય છે. આવો ભરત ચક્રવર્તી એ ભરતક્ષેત્રનું શાસન કરે છે. તે સમયે એમને કોઈ પણ શત્રુ પ્રતિપક્ષી રહેતો નથી. એથી હે ગૌતમ ! આ ક્ષેત્રનું નામ ભરત ક્ષેત્ર કહેવામાં આવ્યું છે.

[૫૬-૬૦] તે ભરતની કોઈ એક સમયે જ્યારે માંડલિકત્વ પદ પર સમાસીન રહેતાં એક હજાર વર્ષ વ્યતીત થઈ ગયા ત્યારે શસ્ત્રગારશાળામાં દિવ્ય ચક્રરત્ન ઉત્પન્ન થયું. જ્યારે આયુધ શાળાના રક્ષકે ભરતની આયુધશાળામાં દિવ્ય ચક્રરત્ન ઉત્પન્ન થયેલું જોયું તો જોઈને તે હૃષ્ટ-તુષ્ટ અત્યંત તુષ્ટ થયો અને ચિત્તમાં આનંદિત થયો. મેં અપૂર્વ વસ્તુ જ જોઈ છે. એ વિચારથી વિસ્મિત પણ થયો તે પરમ સૌમનસ્યિત થયો- અને પછી તે જ્યાં તે દિવ્ય ચક્રરત્ન હતું ત્યાં ગયો. ત્યાં જઈને તેણે ત્રણ વાર પ્રદક્ષિણા કરી ત્રણ પ્રદક્ષિણાઓ કરીને પછી તેણે કરતલ યાવત્ કરીને ચક્રરત્નને પ્રણામ કર્યા પ્રણામ કરીને પછી તે આયુધ શાળામાંથી બહાર નીકળ્યો જ્યાં બહાર ઉપસ્થાન શાળા હતી અને તેમાં જ્યાં ભરત રાજા બેઠા હતા. ત્યાં ગયો. ત્યાં જઈને જય-વિજય શબ્દો ઉચ્ચરતા તેણે તેમને વધામણી આપી. હે દેવાનુપ્રિય ! તમારી આયુધશાળામાં આજે દિવ્ય ચક્રરત્ન ઉત્પન્ન થયું છે. તો હે દેવાનુપ્રિય ! હું તમારી પાસે એ ઈષ્ટ અર્થ વિષે નિવેદન કરવા આવ્યો છું. મારા વડે નિવેદિત એ અર્થ તમને પ્રિય થાઓ. આ પ્રમાણે તે આયુધશાળાના માણસ ના વચન સાંભળીને અને તેને હૃદયમાં ધારણ કરીને તે ભરત રાજા હૃષ્ટ યાવત સૌમન સ્યિત થયો. તેના બન્ને સુંદર નેત્રો અને મુખ શ્રેષ્ઠ કમળની જેમ વિકસિત થઈ ગયાં ચક રત્નની ઉત્પત્તિજનિત અત્યંત સંભ્રમના વંશથી હાથોના શ્રેષ્ઠ કટક, ત્રુટિક-બાહુરક્ષક, મુકુટ અને કુંડળો ચંચળ થઈ ગયા. વક્ષસ્થળ-સ્થિર હાર હાલવા લાગ્યો. ગળામાં લટકતી લાંબી-લાંબી પુષ્પ માળાઓ ચંચળ થઈ ગઈ એકદમ ઉતાવળથી પોતાના કાર્યની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સિદ્ધિમાં ચંચળ જેવો થઈને તે ભરત રાજા સિંહાસન ઉપરથી ઊભો થયો. પાદપીઠ ઉપર પગ મૂકીને નીચે ઉતર્યો. પહેરેલી પાદુકાઓ ઉતારી નાખી. ઉત્તરાસંગ ધારણ કર્યું પછી તેણે પોતાના બન્ને હાથોને કુડ્મલાકારે કરીને અને ચક્રરત્ન તરફ ઉન્મુખ થઈને તે સાત-આઠ ડગલા આગળ વધ્યો તેણે પોતાની ડાબી જાનુ ને ઊંચે કરીને પછી તેણે પોતાની જમણી જાનુ ને પૃથ્વી પર મૂકી અને કરતલ પરિગૃહીતવાળી, દશનખોને પર સ્પર જોડનારી એવી અંજલિકરીને ત્રણવાર આદક્ષિણ પ્રદક્ષિણા કરતાં ચક્રરત્નને વંદન કર્યાં. પછી તે ભરત રાજાએ તે આયુધ ગૃહિકાને પોતાના મુકુટ સિવાય ધારણ કરેલાં બધાં આભૂષણો ઉતારીને આપી દીધાં અને ભવિષ્યમાં તેની આજિવિકા ચાલતી રહે તે પ્રમાણે વિપુલ પ્રમાણમાં પ્રીતિદાન આપ્યું તેનું વસ્ત્રાદિકે વડે સન્માન કર્યું, બહુમાન કર્યું. પછી તેણે તેને વિસર્જિત કરી દીધો. પછી તે પોતાના શ્રેષ્ઠ સિંહાસન ઉપર પૂર્વ દિશા તરફ મુખ કરીને સારી રીતે બેસી ગયો.

ત્યાર બાદ તે ભરત રાજાએ પોતાના કૌટુમ્બિક માણસોને બોલાવ્યાં આ પ્રમાણે કહ્યું, હે દેવાનુપ્રિયો ! તમે સૌ શીઘ્ર વિનીતા રાજધાની ને અંદર અને બહારથી એકદમ સ્વચ્છ કરો, સુગંધિત પાણીથી સિંચિત કરો, સાવરણીથી કચરો સાફ કરો, જેથી રાજમાર્ગો અને અવાન્તરમાર્ગો સારી રીતે સ્વચ્છ થઈ જાએ. દર્શકોને બેસવા માટે મંચોની ઉપર મંચોને સુસજ્જીત કરો. અનેક જાતના રંગોથી રંગાએલા વસ્ત્રોની ધ્વજા ઓથી જેની અંદર સિંહ, ગરુડ વગેરેના ચિહ્નો હોય તેમજ અતિ પતાકાઓથી- લાંબી પતાકાઓથી-વિનીતા નગરીને મંડિત કરો. જેમની નીચેની ભૂમિ છાણ વગેરેથી લિપ્ત હોય અને ચૂનાની કલઈથી જેમની દીવાલો લીપેલી હોય એવા પ્રાસાદિકોવાળી તે નગ રીને બનાવીને શોભા-નિમિત્ત દરેક દ્વાર પર એવા કળશો મૂકો કે જેઓ ગોશીર્ષ ચન્દન અને રક્ત ચંદનથી ઉપલિપ્ત હોય. દરેક દ્વાર પર ચંદનના કળશોનેતોરણના આકારમાં સ્થાપિત કરો. તમે સૌ મળીને એ કામ જાતે કરો તથા બીજાઓ પાસેથી પણ કરાવો. આ પ્રમાણે પોતાના અધિપતિ ભરત રાજા દ્વારા આજ્ઞાપિત થયેલા તે કૌટુમ્બિક પુરૂષો બહુજ પ્રમુદિત પોતાના સ્વામીએ આપેલી આજ્ઞા સવિનય સ્વીકારી. પછી તેમણે ભરત રાજાએ જે રીતે આદેશ આપેલો તે મુજબ વિનીતા રાજધાનીને સારી રીતે સુસજ્જ કરીને અને કરાવીને તેમજ કામ સંપૂર્ણ થવાની ખબર ભરત મહારાજ પાસે પહોંચાડી તે ભરત મહારાજ સ્નાનશાળા તરફ ગયા. ત્યાં જઈને તેઓ તે સ્નાનગૃહમાં પ્રવિષ્ટ થયા. પ્રવિષ્ટ થઈને તે મુક્તાજાલથી વ્યાપ્ત ગવાક્ષોવાળા તેમજ અનેક મણિઓ અને રત્નોથી ખચિત કુટ્ટિમતલવાળા મંડપમાં મૂકેલા સ્નાન પીઠ પર કે જે અનેક પ્રકારના મણિઓ અને રત્નો દ્વારા કુતચિત્રોથી વિચિત્ર છે. આનંદ પૂર્વક વિરાજમાન થઈ ગયા. ત્યાં તેમણે શુભોદકથી-તીર્થોદકથી શીતલ પાણીથી. ગન્ધોદકોથી ચન્દનાદિ મિશ્રિત પાણીથી, પુષ્પોદકોથી પુષ્પસુવાસિત પાણીથી અને શુદ્ધોદકથી સ્વચ્છ પવિત્રજલથી પૂર્ણ કલ્યાણ કારી પ્રવર મજ્જનવિધિપૂર્વક અન્તઃપુરની વૃદ્ધાસ્ત્રીઓએ સ્નાન કરાવ્યું. ત્યાં સ્નાન કરવાના અવસરમાં કૌતૂહલિક જનોએઅનેક પ્રકારના કૌતુકોબતાવ્યા.જ્યારે કલ્યાણ-કરક સુન્દર શ્રેષ્ઠ-સ્નાનક્રિયા પૂરી થઈ ચૂકી ત્યારે તેમનો દેહ પક્ષ્મમલ રુવાવાળા સુકુમાર સુગંધિત ટુવાલથી લુછવામાં આવ્યો અને ત્યાર બાદ ગોશીર્ષ ચન્દનનો લેપ કરવામાં આવ્યો. ત્યાર બાદ મલ બહુમૂલ્ય દૂષ્યરત્ન પ્રધાન -વસ્ત્રો તેને પહેરાવ્યા, શ્રેષ્ઠ

પવિત્ર માલાઓથી ને મંડનકારી કુંકુમ આદિ વિલેપનોથી તે યુક્ત કરવામાં આવ્યા. મણિ અને સુવર્ણ નિર્મિત આભૂષણો તેને પહેરાવ્યાં. આભૂષ ણોમાં હાર-અઢાર સેરનો હાર નવ સેરનો અર્દ્ધહાર અને ત્રિસરિક હાર એ બધા તેને યથા સ્થાન પહેરાવવામાં આવ્યા. તેથી તેની શોભા ચાર ગણી વધી ગઈ. કંઠાભરણો પહેરાવવામાં આવ્યા, આંગળીઓમાં મુદ્રિકાઓ પહેરાવી તેમજ સુકુમાર મસ્તકાદિ ઉપર શોભા સંપન્ન વાળોના આભરણ રૂપ પુષ્પાદિકો ધારણ કરાવ્યાં. અનેક મણિઓથી નિર્મિત કટક અને ત્રુટિત તેની ભુજાઓમાં પહેરાવ્યા. આ પ્રમાણે સજાવટથી તેની શોભી ઘણી વધી ગઈ. તેનું મુખમંડળ કુંડલોની મનોહર કાંતિથી પ્રકાશિત થઈ ગયું. મુગુટની ઝળહળતી દીપ્તિથી તેમનું મસ્તક ચમકવા લાગ્યું. હારથી આચ્છાદિત થયેલું તેનું વક્ષસ્થળ દર્શકો માટે આનંદ પ્રદ બની ગયું. જે મુદ્રિકાઓ અંગુઠીઓ તેની આંગળીઓમાં પહેરાવામાં આવી હતી તેથી બધી આંગળીઓ પીતવર્ણવાળી દેખાતી હતી.

આ પ્રમાણે તે નરેન્દ્ર મુગુટ વગેરેથી અલંકૃત થયો અને વસ્ત્રાભરણાદિકોથી ભૂષિત થયો તે કલ્પવૃક્ષની જેમ શોભવા લાગ્યો. તેને જોતાં જ લોકો 'જય થાઓ, જય થાઓ' આ પ્રમાણે માંગલિક શબ્દોના ઉચ્ચારણો કરવા લાગ્યા. અનેક ગણનાયકોથી, અનેક દંડ નાયકોથી યાવત્ અનેક ઈશ્વરોથી, યુવરાજોથી અથવા અણિમાદિ રૂપ એશ્વર્યોથી યુક્ત ધની પુરુષોથી, અનેક તલવારોથી પરિતુષ્ટ થયેલા નૃપ વડે પ્રદત્ત પટ્ટબન્ધ થી વિભૂષિત થયેલા રજા જેવા પુરુષોથી, યાવત્ રાજાદેશ નિવેદકોથી તેમજ અનેક સંધિપાલોથી રાજ્યસંધિરક્ષકોથી વીંટળાયેલો તેનૃપતિ મજ્જન ગૃહ થી બહાર આવ્યો. તે સમયે તે જોવામાં એવો પ્રિય લાગતો હતો કે જેવો ધવલ મહોમેઘથી નિર્ગત્ ચન્દ્ર જોવામાં પ્રિય લાગે છે. મજ્જનગૃહમાંથી નીકળીને તે જ્યાં તેમની આયુધશાળા હતી, અને તેમાં પણ જ્યાં ચક્રરત્ન હતું. તે તરફ તે ભરત રાજા ચાલવા લાગ્યો તે સમયે અનેક ઈશ્વર આદિ તલવરોથી માંડીને સંધિપાલ સુધીના સર્વ મનુષ્યો તે ભરત રાજાની પાછળ-પાછળ ચાલવા લાગ્યા. એ મનુષ્યોમાંથી કેટલાક મનુષ્યોના હાથોમાં પદ્મો હતાં. કેટલાક મનુષ્યોના હાથોમાં ઉત્પલ હતાં. એ સર્વે સામન્ત નૃપોની પાછળ આ પ્રમાણે અઢાર દેશની દાસીઓ ચાલવા લાગી. એ દાસીઓમાંથી કેટલીક દાસીઓના હાથોમાં મંગળ કળશો હતા, કેટલીક દાસીઓના હાથોમાં ફૂલની નાની છાબડીઓ હતી અને તેમાં અનેક જાતના પુષ્પો હતા. કેટલીક દાસીઓના હાથોમાં, ભૃંગારકો હતા, કેટ લીક દાસીઓના હાથોમાં-આદર્શ હતાં. યાવત્ કેટલીક દાસીઓ એવી હતી કે જેમના હાથોમાં આબદ્ધ મયૂર પિચ્છોની પોટલીઓ હતી. કેટલીક દાસીઓના હાથોમાં તાલ વૃત્રો-પંખાઓ-હતા. અને કેટલીક દાસીઓના હાથમાં ધૂપ મૂકવાની કડછીઓ હતી. એ સર્વે દાસી પણ ભરત રાજાની પાછળ પાછળ ચાલી રહી હતી. આ જાતના ઠાઠમાઠથી ચાલતો તે ભરત રાજા જ્યાં આયુધ શાળા હતી, ત્યાં ગયો. તે સમયે તે ભરત રાજા સર્વ અલંકારોથી વિભૂષિત હતો. એથી તે સમ્પૂર્ણ દીપ્તિથી પ્રકાશિત થઈ રહ્યો હતો. સમ્પૂર્ણ સૈન્ય તેની સાથે-સાથે ચાલી રહ્યું હતું તેનો સમગ્ર પરિવાર તેની સાથે સાથે ચાલતો હતો. તેના હૃદયમાં ચક્રરત્ન પ્રત્યે અતીવ ભક્તિ તેમજ બહુમાન ઉત્પન્ન થયાં.

આ પ્રમાણે તે ભરત રાજા પોતાની સમસ્ત રાજ્ય વિભૂતિની સાથે આયુધશાળા તરફ જઈ રહ્યો હતો. ત્યાં પહોંચીને તેણે તે ચક્રરત્નને જોઇને પ્રણામ કર્યા. કેમકે તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેવાધિષ્ઠિત હતું, પ્રણામ કરીને પછી તે જ્યાં ચક્રરત્ન હતું ત્યાં ગયો. ત્યાં જઈને તેણે મયુરચ્છિન નિર્મિત પ્રમાર્જનીને હાથમાં લીધી અને તેના વડે તેણે ચક્રરત્નની સફાઈ કરી સફાઈ કરીને પછી તેણે તેની ઉપર નિર્મળ જળધારા છોડી ગોશીર્ષ ચન્દનનું લેપન કર્યું. તેની પૂજા કરી. પછી તેણે તેની ઉપર પુષ્પો ચઢાવ્યાં, માળાઓ ધારણ કરાવી ગન્ધ દ્રવ્યો ચઢાવ્યાં, સુગન્ધિત ચૂર્ણ ચઢાવ્યું, વસ્ત્ર ચઢાવ્યું અને આભરણો ચઢાવ્યાં. પુષ્પ વગેરે ચઢાવીને તેણે તે ચક્રરત્નની સામે સ્વચ્છ, સ્નિગ્ધ, શ્વેત એવાં રજતમય સ્વચ્છ સરસ તંદુલોથી આઠ આઠ મંગળ દ્રવ્યો આલેખ્યા. તે મંગળ દ્રવ્યોના નામો આ પ્રમાણે છે- સ્વસ્તિક, શ્રીવત્સ, નન્દ્યાવર્ત્ત , વર્દ્ધમાનક, ભદ્રાસન, મત્સ્ય, કળશ અને દર્પણ, એ આઠ મંગળ દ્રવ્યોને આલેખીને તેમજ તેમની અંદર અકારાદિ વર્ણોને લખીને આ પ્રમાણે તેમનો ઉપચાર કર્યો પુષ્પોને પાંચે આંગળીઓથી પકડીને તે લિખિત વર્ણાદિકની ઉપર ચઢાવ્યાં તે પુષ્પો પાંચ વર્ણોના હતાં. એ પુષ્પોને તેણે ત્યાં આટલી બધી માત્રામાં ચઢાવ્યાં કે ત્યાં તેમની ઉંચાઈ જાનુના પ્રમાણ સુધી એટલેકે ૨૮ અંગુલ પ્રમાણ થઇ ગઈ, ત્યાર બાદ ચન્દ્રકાંત મણિઓના હીરાના તેમજ વૈડૂર્યમણિઓના જેવા વિમળદંડવાળા અથવા એ મણિઓથી નિર્મિત દંડવાળા તેમજ કાંચન અને મણિરત્નોથી જેમાં અનેક પ્રકારના ચિત્રોની રચના થઈ રહી વૈડૂર્યમણિનિર્મિત ધૂપદહન પાત્રને હાથમાં લઈને બહુજ સાવધાની પૂર્વક તેમજ આદર પૂર્વક તેણે ધૂપને તેમાં સળગાવ્યો. ચક્રરત્નની આશાતના ન થાય એ વિચારથી તે ધૂપ સળગાવીને પછી સાત-આઠ પગલાં ત્યાંથી દૂર ખસી ગયો. ત્યાંથી સાત-આઠ પગલાં પાછા ખસીને તેણે પોતાના ડાબા ઘૂંટણને ઉપર ઉઠાવ્યો. યાવત્ પ્રણામ કર્યાં, પ્રણામ કરીને ત્યાર બાદ તે આયુધશાળામાંથી બહાર નીકળી ગયો. બહાર નીકળીને પછી તે જ્યાં બાહ્ય ઉપસ્થાનશાળા બેસવાની જગ્યા હતી અને તેમાં પણ જ્યાં સિંહાસન હતું ત્યાં આવ્યો.

ત્યાં આવીને તે પૂર્વદિશા તરફ મુખ કરીને તે સિંહાસન ઉપર બેસી ગયો. બેસીને તેણે અષ્ટાદશ શ્રેણી-પ્રશ્રેણિના પ્રજાજનોને બોલાવ્યા. બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું હે દેવાનુપ્રિયો ! તમે અષ્ટાહ્નિકામહોત્સવ ઉજવો તેમાં વિક્રેય વસ્તુ પર જે રાજ્ય કર લે છે. તેને માફ કરી દો. ગાય વગેરે ઉપર જે દર, રાજદેય દ્રવ્ય લેવામાં આવે છે તેને પણ માફ કરી દો. લભ્ય વસ્તુને ગ્રહણ કરવા માટે જે ભૂમિ વગેરેને ખેડવામાં આવે છે, તેને પણ આઠ દિવસ માટે બંધ કરી દો. તથા જેના ઉપર જે કંઈ પણ લેણ દેણ હોય તે પણ બંધ કરી છે અથવા તો આ મહોત્સવ થાય ત્યાં સુધી કોઈ પણ જાતનો વેપાર વગેરે થાય નહિ એવી રાજાજ્ઞાની ઘોષણા કરી દરેક વિનીતાવાસીજન એ ઉત્સવમાં મુદિત મનવાળો થઈને કોશલદેશવાસીઓની સાથે સાથે અનેકવિધ ક્રીડાઓ કરે. આ પ્રમાણે અષ્ટા-હ્નિકા મહોત્સવથી એ આયુધ રત્નની સારી રીતે આરાધના કરવા માટે આયોજન કરો. આ પ્રમાણે ભરત રાજા વડે આજ્ઞાપિત થએલા તે શ્રેણિ પ્રશ્રેણિ રૂપ પ્રજાજન હર્ષથિ અત્યધિક આનંદિત થયા, સંતુષ્ટ થયા અને ભરત રાજાની આજ્ઞાનો સ્વીકાર કરીને પછી તેઓ સર્વે ભરત રાજા પાસેથી પાછા પોત-પોતાના સ્થાન પર આવી ગયા. પાછા ફરીને તેમણે ભરતરાજાની આજ્ઞા મુજબ નગરીમાં અષ્ટાહ્નિકા મહોત્સવ ઊજવ્યો. એ ઉત્સવને ઊજવાવી ને પછી જ્યાં તે ભરત રાજા હતો ત્યાં આવ્યા આપી કે હે રાજા મહોત્સવ ઊજવવાની જેવી આજ્ઞા આપશ્રીએ આપી હતી તે મુજબ અમે તે મહોત્સવ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઊજવ્યો છે.

[૬૧] ત્યાર બાદ તે ચક્રરત્ન જ્યારે અષ્ટાહ્નિકા મહોત્સવ સારી રીતે સમ્પન્ન થઈ ચૂક્યો આયુધ ગૃહશાળાથી નીકળ્યું નીકળીને તે અંતરીક્ષ આકાશમાં અદ્ધર ચાલવા લાગ્યું તે એક હજાર યક્ષો-દેવોથી પરિવૃત્ત હતું, તે વખતે અંબર તળ દિવ્ય વાજાઓના નિનાદ અને પ્રતિનિનાદોથી ગુંજિત થઈ રહ્યું હતું આ પ્રમાણે આકાશમાં અદ્ધર ચાલતું તે ચક્રરત્ન વિનીતા રાજધાનીની ઠીક વચ્ચે થઈને પસાર થયું. પસાર થઈને તે ગંગા મહાનદીની દક્ષિણ દિશા-તરફના કિનારાથી પસાર થતું પૂર્વ દિશા તરફના માગધ તીર્થ તરફ ચાલવા લાગ્યું. ભરત રાજાએ જ્યારે તે દિવ્ય ચક્રરત્નને ગંગા મહાનદીના દક્ષિણ દિશાના તટથી પૂર્વ દિશાના તરફ વર્તમાન માગધ તીર્થ તરફ જતું જોયું તો જોઈને તે હૃષ્ટ અને તુષ્ટ થયો. ચિત્તમાં આનંદિત તેમજ પરમ સૌમનસ્યિત થઈને, હર્ષાવિષ્ટ થઈને કૌટુંબિક પુરુષોને બોલાવ્યાં બોલાવીને તેણે આ પ્રમાણે કહ્યું હે દેવાનુપ્રિયો ! તમે યથા શીઘ્ર અભિષેક યોગ્ય પ્રધાન હાથીને સુસજ્જ કરો. તેમજ હય-ગજ-રથ-પ્રવર યોદ્ધા ઓથી યુક્ત ચતુરંગિણી સેનાને સુસજ્જ કરો. ભરત રાજા વડે આ પ્રમાણે અજ્ઞાપ્ત થયેલા તે કૌટુંબિક જનો હૃષ્ટ-તુષ્ટ થયા અને ચિત્તમાં આનંદિત થયા અને રાજા ભરતે જે પ્રમાણે કરવાનો તેમને આદેશ આપ્યો હતો, તે બધું સમ્પન્ન કરીને તેમણે નિવેદન કર્યું પછી ભરત રાજા જ્યાં સ્નાન ગૃહ હતું, ત્યાં જઈને તે મજ્જન ગૃહમાં પ્રવિષ્ટ થયા. પ્રવિષ્ટ થઈને તે જેની બારીઓ મુક્તાફળોથી ખચિત છે અને એથી જ જે અતીવ મનોરમ લાગે છે તેમજ યાવત્ પદાનુસાર જે વિચિત્ર મણિરત્નોની ભૂમિવાળું છે એવા. મંડપમાં મૂકેલા નાના મણિઓથી ખચિત સ્નાન પીઠ ઉપર સુખપૂર્વક બેસી ગયો. ત્યાં તે રાજાને સારી રીતે સ્નાન કરાવામાં આવ્યું. સ્નાન કરાવ્યા બાદ તે ભરત રાજા ધવસ મહામેઘ-સ્વચ્છ શરત્ કાલીન મેઘથી નિર્ગત શશી-ચંદ્ર-ની જેમ તે મજ્જનગૃહમાંથી બહાર નીકળ્યા.

તે સમયે તેએ જોવામાં અતીવ સોહામણા લાગતા હતા. તે ભરત રાજા કે જેમની કીર્તિ હય-ગજ રથ-શ્રેષ્ઠ વાહન અને યોદ્ધાઓના વિસ્તૃત વૃન્દથી વ્યાપ્ત સેના સાથે વિખ્યાત છે-તે જ્યાં બાહ્ય ઉપસ્થાન શાળા હતી અને તેમાં પણ જ્યાં અભિષેક યોગ્ય હસ્તિરત્ન હતું. ત્યાં આવ્યાં ત્યાં આવીને તે નરપતિ અંજન ગિરિનાં કટક-ભાગ-જેવા ગજપતિ ઉપર સમારૂઢ થઈ ગયા. તે ભારતાધિપતિ નરેન્દ્ર કે જેમનું વક્ષસ્થળ હારથી વ્યાપ્ત થઈ રહ્યું છે, એથી જે બહુ જ સોહામણું લાગી રહ્યું છે, મુખમંડળ જેમના બન્ને કર્ણના કુંડળોથી ઉદ્યોતિત થઈ રહ્યું છે, મુકુટથી જેમનું મસ્તક ચમકી રહ્યું છે, શૂરવીર હોવાથી જે મનુષ્યોમાં સિંહવત પ્રતીત થઈ રહ્યા છે, સ્વામી હોવાથી જે નર સમાજ માટે પ્રતિ-પાલક રૂપ છે. પરમ ઐશ્વર્યના યોગથી જે મનુષ્યોમાં ઈન્દ્ર તુલ્ય ગણાય છે, સ્વકૃત કૃત્યના સમ્પાદક હોવાથી જે નર-વૃષભ તરીકે પ્રખ્યાત છે, વ્યન્તરાદિક દેવોના ઈન્દ્રોની વચ્ચે જે મુખ્ય જેવા છે. અત્યધિક રાજ તેજની લક્ષ્મીથી જે તેજસ્વી થઈ રહ્યા છે. બન્દિજનો વડે ઉચ્ચારિત સહસ્ત્રાધિક મંગળ વાચક શબ્દોથી જે સંસ્તુત થઈ રહ્યા છે, તેમજ 'તમારી જય થાઓ, જય થાઓ' આ પ્રમાણે જેમના દર્શન થતાં જ જે લોકો વડે મંગળ શબ્દોથી પુરસ્કૃત થઈ રહ્યા છે પોતાના પટ્ટ હાથી ઉપર બેઠાલા જ્યા તે માગધ-તીર્થ હતું, ત્યાં આવ્યા તે સમયે તેમની ઉપર સકોરંટ- માળાથી યુક્ત છત્ર છત્રધારી-ઓએ તાણી રાખ્યું હતું. એની ઉપર ચમર ઢોળનારાઓ વારંવાર શ્વેત-શ્રેષ્ઠ ચામર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઢોળી રહ્યા હતા. બે હજાર દેવોથી તેઓ આવૃત હતા કુબેર જેવા એઓ ધનસ્વામી હતા અને ઇંદ્રની જેવી ઋદ્ધિથી એઓ વિસ્તૃત કીર્તિવાળા હતા. એઓ મહાનદી ગંગાના દાક્ષિણાત્ય કૂલથી પૂર્વ દિગ્વર્તી માગધ તીર્થ તરફ રવાના થયા.

તે સમયે એઓ વૃત્તિ વેષ્ટિત ગ્રામોથી, સુવર્ણ રત્નાદિકના ઉત્પત્તિ સ્થાન રૂપ આકરોથી, નગરોથી, ધૂલિના પ્રાકારોથી પરિવેષ્ટિત ખેટોથી, ક્ષુદ્ર પ્રાકારવેષ્ટિત કર્બટોથી, અઢી ગાઉ સુધી ગામાન્તર-રહિત મડંબોથી, જલમાર્ગ અને સ્થળમાર્ગથી યુક્ત જનનિવાસ રૂપ દ્રોણ મુખોથી, સમસ્ત વસ્તુઓના પ્રાપ્તિ સ્થાન રૂપ પત્તનોથી અથવા શકટાદિથી અથવા નૌકાઓથી ગમ્ય રૂપ પત્તનોથી, ફક્ત નૌકાઓથી જ ગમ્યરૂપ પટ્ટનોથી, તાપસી જનો વડે આવાસિત તેમ જ અપર જનો વડે પણ નિવાસ યોગ્ય એવા આશ્રમોથી, કૃષકો વડે ધાન્યરક્ષાર્થ નિર્મિત દુર્ગભૂમિ રૂપ સંવાહોથી અથવા પર્વત શિખર સ્થિત જન નિવાસ રૂપ અથવા સમાગત પ્રભૂત પથિક જન નિવાસ રૂપ સહોથી મંડિત એવી સ્થિર પ્રજાવાળી વસુધાને, તેમની પાસેથી નજરાણાના રૂપમાં ઉત્કૃષ્ટ રત્નોને- સ્વીકારતાં તેમજ ચક્રરત્ન દ્વારા પ્રદર્શિત માર્ગથી ચાલતા અને એક એક યોજન ઉપર પોતાનો પડાવ નાખતા. જ્યાં માગધ તીર્થ હતું, ત્યાં ગયા. ત્યાં આવીને તેમણે તે માગધ તીર્થની ઉચિત સ્થાનમાં પોતાના નવ યોજન વિસ્તાર વાળા અને બાર યોજન લંબાઈ વાળા કટક-સૈન્ય-નું નિવાસ સ્થાન બનાવ્યું પછી તેણે સૂત્રધારોના મુખિયા ને બોલાવ્યો. આ પ્રમાણે કહ્યું- હે દેવાનુપ્રિય ! તમે શીઘ્ર મારા માટે એક નિવાસ સ્થાન અને પૌષધશાળાનું નિર્માણ કરો. આ પ્રમાણે ભરત રાજા વડે આજ્ઞપ્ત તે વાર્દ્ધકિરત્ન હૃષ્ટ-તુષ્ટ થતો પોતાના ચિત્તમાં આનંદિત થયો. તેના મનમાં પ્રીતિ ઉત્પન્ન થઈ, યાવત્ અંજલિ જોડીને પછી તેણે આ પ્રમાણે કહ્યું-હે સ્વામિન્ ! જે પ્રમાણે આપશ્રીએ આજ્ઞા કરી છે, તે મુજબ કામ સમ્પન્ન થશે અને પૌષધશાળાનું નિર્માણ કર્યું. તે અંગેની ખબર રાજા પાસે પહોંચાડી. વાત સાંભળીને જ્યાં પૌષધશાળા હતી તે તરફ રવાના થયા ત્યાં આવીને પૌષધશાળાનું પ્રમાર્જન કર્યું. પછી તેમણે ત્યાં અઢી હાથ પ્રમાણ જેટલું દર્ભાસન પાથર્યું. પછી તેઓ તે આસન ઉપર બેસી ગયા. ત્યાં બેસીને તેમણે માગધતીર્થ કુમારની સાધના માટે ત્રણ ઉપવાસો ધારણ કર્યા. તેઓ પૌષધશાળાં બ્રહ્મચારી અને ઉન્મુક્તમણિ સુવર્ણાભરણવાળા થઈ યથાવિધિ પૌષધનું પાલન કર્યું. પૌષધશાળા માંથી બહાર આવીને પછી તેઓ જ્યાં બાહ્ય ઉપસ્થાન શાળા હતી ત્યાં આવ્યા, ત્યાં આવીને તેમણે કૌટુંબિક પુરૂષોને બોલાવ્યા. બોલાવીને તેમણે આ પ્રમાણે કહ્યું. હે દેવાનુપ્રિયો ! તમે શીઘ્રમેવ હય ગજ, રથ તેમજ વીર શ્રેષ્ઠ યોદ્ધાઓથી યુક્ત સેના તૈયાર કરો. તેમજ જેમાં ચાર ઘંટાઓ લટકી રહ્યા હોય, એવા રથને અશ્વોથી ચલાવવામાં આવે એવા રથ ને સજ્જિત કરો, આ પ્રમાણે કહીને તે સ્નાન ગૃહમાં પ્રવિષ્ટ થયા. ત્યાં જઇને તે પૂર્વોક્ત મુક્તાજલ ફળ આદિ વિશેષણોથી અભિરામ સ્નાનમંડપમાં મૂકેલા પૂર્વોક્ત વિશેષણોવાળા સ્નાન પીઠ ઉપર આનંદ પૂર્વક બેસી ગયા. ત્યાં તેમને સ્નાન કરાવવામાં આવ્યું. સ્ના કર્યા પછી તેઓ ધવલ મેઘથી નિર્ગત ચન્દ્ર મંડલની જેમ તે સ્નાનગૃહમાંથી બહાર નીકળ્યા. અશ્વરથ પાસે પહોંચીને તેઓ તેની ઉપર સવાર થયા.

[૬૨-૬૭] ત્યાર બાદ તે ભરત રાજા ચારઘંડાઓથી યુક્ત અશ્વરથ ઉપર આસીન થઇને લવણ સમુદ્રમાં પ્રવિષ્ટ થયા. તે સમયે તેની સાથે સેના હતી. તે સેનામાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હય ઘોડા ગજ- રથ અને શ્રેષ્ઠ યોદ્ધાઓ હતા. એ સર્વથી આવૃત્ત થયેલો તે મહા સંગ્રામા ભિલાષી યોદ્ધાઓનો પરિકર તેની સાથે- ચાલી રહ્યો હતો. ગન્તવ્ય સ્થાનનો માર્ગ તે ચક્રરત્ન બતાવતું હતું અનેક મુકુટધારી હજારો શ્રેષ્ઠ રાજાઓ તેની પાછળ પાછળ ચાલી રહ્યા હતા. ઉત્કૃષ્ટ સિંહનાદ જેવા અવાજના કલ-કલ શબ્દથી એવી પ્રતીતિ થઈ રહી હતી કે જાણે સમુદ્ર પોતાની કલ્લોલ, માળાઓથી ક્ષુભિત ન થઈ રહ્યો હોય એ તે ક્ષુબ્ધ સમુદ્રની ગર્જનાનો જ શબ્દ છે. એથી આકાશ મંડળ ગુંજી રહ્યું હતું. જ્યારે તે લવણ સમુદ્રમાં પ્રવિષ્ટ થયો ત્યારે તે આટલો જ ઊંડો હતો કે તેનાથી તેના રથના ચક્રોના અવયવો જ ભીના થઈ શક્યા. ભરત રાજાએ પોતાના રથના ઘોડાઓ રોકી દીધા. તરત જ ભરત રાજાએ પોતાના ધનુષ્યને ઉઠાવ્યું. તેનો આકાર અચિરોદ્‌ગત બાળચંદ્ર જેવો તેમજ ઈન્દ્ર ધનુષ જેવો હતો. નીલી ગુટિક જેવી કાળી કાંતિવાળા તેજ થી જાજવલ્યમાન, તથા નિર્મલ પૃષ્ઠભાગવાળા નિપુણ શિલ્પિઓ વડે ઉજ્વલિત કરવામાં આવી એથી દેદીપ્યમાન એવી મણિરત્ન ઘંટિકાઓના સમૂહોથી વેષ્ઠિત વિદ્યુત જેવા નવીન કિરણો- વાળા સુવર્ણથી નિર્મત જેમાં ચિહ્નો છે. દર્દર અને મલયગિરિના શિખરના સિંહ સ્કન્ધ ચિકુર, ચામર-બાલચમર, ગોપુચ્છચિકુર તેમજ અર્દ્ધ ચન્દ્ર એ ચિન્હો જેમાં ચિન્હ રૂપે અંકિત છે. કાલાદિ વર્ણ યુક્ત સ્નાયુઓથી નિર્મિત જેવા પ્રત્યંચા આબદ્ધ છે. જે શત્રુ- ઓના જીવન નો અન્તકર છે તેમજ જેની પ્રત્યંચા ચંચળ છે, એવા ધનુષને હાથમાં લઈને તે ભરત રાજાએ તે બાણને ધનુષ ઉપર ચઢાવ્યું અને કાન સુધી બહુજ સાવધાની પૂર્વક ખેંચીને આ પ્રમાણે વચનો કહ્યાં- મારાવડે પ્રયુક્ત ક્ષેત્ર ના બહિર્ભાગમાં રહેનારા જે અધિષ્ઠાયક દેવો છે તે સાંભળો. હું નાગકુમાર, અસુર કુમાર, સુવર્ણ કુમાર એ સર્વ માટે નમસ્કાર કરું છું. આ પ્રમાણે કહીને તેણે બાણ છોડી દીધું.

જે પ્રમાણે અખાડામાં ઉતરતી વખતે પહેલવાન કછોટો બાંધે છે, તેમજ માગધ તીર્થેશને સાધવા માટે ધનુષ ઉપર બાણ ચઢાવીને છોડતી વખતે તે ભરત રાજાએ પણ પોતાના ધોતીની કાંછને બાંધી લીધી. એથી તેના શરીરનો મધ્યભાગ એટલે કે કટિ ભાગ સુદૃઢ બન્ધનથી આબદ્ધ થઈ જવા બદલ બહુજ મજબૂત થઈ ગયો એણે જે કૌશેય વસ્ત્ર વિશેષ ધારણ કરેલું હતું, તે સમુદ્રના પવનથી ધીમે-ધીમે તે વખતે હાલી રહ્યું હતું એથી ડાબા હાથમાં ધનુષ ધારણ કરેલ તે ભરત રાજા પ્રત્યક્ષ ઈન્દ્ર જેવો લાગતો હતો. તથા વામહસ્તમાં જે પૂર્વક્ત રૂપમાં વર્ણિત ધનુષ હતું. તે વિદ્યુતની જેમ ચમકી રહ્યું હતું તેમજ શુકલપક્ષની પંચમી તિથિના ચન્દ્ર જેવું લાગતું હતું, જ્યારે ભરત રાજાએ બાણ છોડ્યું તો છૂટતા જ ૧૨ યોજન સુધી જઈને માગધ તીર્થના અધિપતિ દેવના ભવનમાં પડ્યું. તે માગધ તીર્થાધિપતિ દેવે જ્યારે પોતાના ભવનમાં પડેલું બાણ જોયું તો તે ક્રોધથી રક્ત થઈ ગયો. એથી તેના રૂપમાં રૌદ્રભાવ ઝળકવા લાગ્યો અને ક્રોધવશવર્તી થઈને તે દાંત પીસવા લાગ્યો અને હોઠ કરડવા લાગ્યો તે વખતે તેની ભૃકુટિ ત્રિવાલ યુક્ત થઈ ગઈ લલાટ ઉપર ચઢી ગઈ વક્ર થઈ ગઈ. અરે ! આ કોણ અપ્રાર્થિત પ્રાર્થીમણા- ભિલાષી થયો છે. અને પોતાના અકાલ મૃત્યુને બોલાવી રહ્યો છે. મને લાગે છે કે તે કુલક્ષણી છે, હીનપુણ્ય ચાતુર્દશ છે- તેમજ તે શ્રી-હ્રી થી રહિત છે. મને લાગે છે કે તે અલ્પોત્સુક છે, પ્રાણત્રાણના ઉત્સાહથી વર્જિત થઈ ચૂક્યો છે, નહીંતર તે મારી ઉપર બાણ છોડવાનું સાહસ જ કેવી રીતે કરી શકે ? આ પ્રમાણે વિચાર કરીને તે તરત જ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સિંહાસન ઉપરથી ઊભો થઈ ગયો. અને ઉભો થઈને તે જ્યાં તે નામાંકિત બાણ પડેલું હતું ત્યાં ગયો. ત્યાં જઈને તેણે તે નામાંકિત બાણને પોતાના હાથમાં લીધું અને નામના અક્ષરો વાંચ્યા, નામાંકિત અક્ષરો વાંચીને તેને એવો આધ્યાત્મિક ચિંતિત, પ્રાર્થિત કલ્પિત, મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો. ઓહ ! જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં ચાતુરન્ત ચક્ર વર્તી ભરત નામે રાજા ઉત્પન્ન થયો છે એથી અતીત પ્રત્યુત્પન્ન માગધ તીર્થના અધિ પતિ કુમારોનો આ જીત-પરંપરાગત વ્યવહાર-છે કે તેઓ તેને નજરાણું કરે. તો હવે હું જઉં અને જઈને ભરત રાજાને નજરાણું ઉપસ્થિત કરૂં

સારી રીતે વિચાર કરીને તેણે હાર, મુગટ, કુંડળ, કટક, ત્રુટિત-બાહુના આભરણ વિશેષ નાનામણિ રત્નાદિકથી ખચિત પહેરવા યોગ્ય વસ્ત્રો ભરતના નામથી અંકિત બાણ તેમ જ માગધતીર્થનું રાજ્યાભિષેક યોગ્ય ઉદક એ બધી વસ્તુઓ લીધી. સર્વે ઉપહાર યોગ્ય વસ્તુઓ લઈ ને તે ઉત્કૃષ્ટ, ત્વરિત, ચપળ અતિ મહાન્ વેગથી ઉદ્ધત દિવ્ય દેવગતિથી ચાલતો-ચાલતો જ્યાં ભરતરાજ હતો, ત્યાં આવ્યો. આવીને તેણે ક્ષુદ્રઘંટિકા ઓથી યુક્ત એવા પાંચવર્ણોવાળાં વસ્ત્રો પહેરીને આકાશમાં જ ઊભા રહીને દસનખો જેમાં સંયુક્ત થઈ જાય એવી અંજલી બનાવીને અને તેને મસ્તક ઉપર મૂકીને ભરત રાજાને જય-વિજય શબ્દો સાથે અભિનંદન વધામણી આપ્યા. પછી તેણે આ પ્રમાણે કહ્યું- આપ દેવાનુપ્રિય વડે કેવલ કલ્પ-સમસ્ત-ભરતક્ષેત્ર પૂર્વદિશામાં દેશાનો માગધ તીર્થ સુધી સારીરીતે જીતી લેવામાં આવ્યું છે. હું આપ દેવાનુપ્રિય વડે વિજિત દેશાનો નિવાસી છું. હું આપશ્રીનો આજ્ઞપ્તિ કિંકર છું. હું આપ દેવાનુપ્રિયનો પૂર્વ દિશાનો અંતપાલ છું આપ દેવાનુપ્રિય મારા આ પ્રીતિદાનનો-ભેટનો સ્વીકાર કરો ભરત રાજાએ પણ માગધ તીર્થકુમાર દેવના આ જાતના એ પ્રીતિદાન નો સ્વીકાર કર્યો. ભેટનો સ્વીકાર કરીને પછી તે ભરત રાજાએ તે માગધ તીર્થ કુમારનો અનુગમનાદિ દ્વારા સત્કાર કર્યો અને મધુર વચનાદિ દ્વારા તેનું સન્માન કર્યું. સત્કાર અને સન્માન કરીને પછી તેને વિદાય આપી. ત્યાર બાદ તે ભરત રાજાએ પોતાના રથને પાછો વાળ્યો. અને પાછો વાળીને માત્રધ તીર્થમાંથી પસાર થઈ ને તે લવણ સમુદ્ર તરફથી પાછો ભરત ક્ષેત્ર તરફ આવી ગયો. અને આવીને તે જ્યાં વિજય સ્કંધાવારનિવેશ હતો અને તેમાં પણ જ્યાં બાહ્ય ઉપસ્થાન શાળા હતી ત્યાં આવ્યો ત્યાં આવીને તણે ઘોડાઓને ઉભા રાખ્યા. પછી જ્યાં સ્નાનગૃહ હતું-ત્યાં ગયો ત્યાં આવીને તે સ્નાનગૃહમાં પ્રવિષ્ટ થયો ત્યાં પ્રવિષ્ટ થઈને તેણે પૂર્વવત્ સ્નાન કર્યું, સ્નાન કરીને પછી ધવલમહામેઘથી નિષ્પન્ન ચન્દ્ર જે પ્રિયદર્શી તે ભરત રાજા તે સુધાધવલીકૃત સ્નાનગૃહમાંથી બહાર આવ્યો. પછી તે જ્યાં ભોજનશાળા હતી ત્યાં ગયો. ત્યાં આવીને તે ભોજન મંડપમાં સુખાસન ઉપર બેઠો અને ત્યાર બાદ તેણે અષ્ટમ ભક્તની પારણા કરી. પારણા કરીને પછી ભોજન શાળામાંથી બહાર આવ્યો. બહાર આવીને પછી તે જ્યાં બાહ્ય ઉપસ્થાનશાળા હતી અને તેમાં પણ જ્યાં સિંહાસન હતું ત્યાં આવ્યો. ત્યાં આવીને તે પૂર્વ દિશા તરફ મુખ કરીને સિંહાસન ઉપર બેસી ગયો. બેસીને પછી તેણે ૧૮ શ્રેણિ-પ્રશ્રેણિના લોકોને બોલાવીને કહ્યું-

હે દેવાનુપ્રિયો ! તમે સૌ મળીને માગધ તીર્થ કુમાર ઉપર વિજય મેળવ્યો તે ઉપલક્ષ્યમાં આઠ દિવસ સુધી બહુ જ ઠાઠ-માઠથી ઉત્સવ કરો. આ પ્રમાણે ભરત રાજા વડે આજ્ઞપ્ત થયેલા તે અષ્ટાદશ શ્રેણિ-પ્રશ્રેણિ જનો બહુ જ હર્ષિત તેમજ જ તુષ્ટચિત્ત·

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થયા. તેઓ રાજોદિત આઠ દિવસ સુધીના મહા મહોત્સવની વ્યવસ્થામાં તલ્લીન થઈ ગયા. ત્યાર બાદ તે ચક્રરત્ન કે જેનું અરક-નિવેશ સ્થાન વજ્રમય છે, આયુધશાળામાંથી બહાર નીકળ્યું. હવે તે ચક્રરત્ન કેવું હતું. એના જે અરકો હતા તે લો હિતાક્ષરત્નોના હતા. એની નેમિ-ચકધારા-જંબૂનદ સુવર્ણની બનેલી હતી. તે અનેક મણિઓથી નિર્મિત અન્તઃ પરિધિ રૂપ સ્થાલથી યુક્ત હતું મણિ અને મુક્તાજાલોથી પરિભૂષિત હતું દ્વાદશ પ્રકારના ભમ્ભા મૃદંગ વગેરે તૂર્ય-સમૂહ નો જેવો એનો અવાજ હતો. ક્ષુદ્રઘંટિકાઓથી એ વિરાજિત હતું. એ દિવ્ય અતિશયરૂપમાં પ્રશસ્ત હતું મધ્યાહ્ન ના સૂર્યની જેમ એ ચક્રરત્ન પણ તેજોવિશેષથી સમન્વિત હતું. એ ગોળ આકારવાળું હતું, અનેક મણિઓ તેમજ રત્નોથી ઘટિકાઓના સમૂહથી એ ચારે બાજુઓથી વ્યાપ્ત હતું, સર્વ ઋતુઓના સુરચિત કુસુમોની માળાઓથી એ સુશોભિત હતું. એ આકાશમાં અવસ્થિત હતું પરિવૃત્ત હતું. દિવ્યતૂર્ય વાદ્ય વિશેષોના શબ્દથી તેમજ તેમની સંગત ધ્વનિઓથી તે અંબરતલને પૂરિત કરતું હતું એવું એ ભરત ચક્રવર્તીનું પ્રથમ-આદ્ય તેમજ સર્વરત્નોમાં શ્રેષ્ઠ, વૈરિઓ ઉપર વિજય મેળવવામાં સર્વત્ર અમોઘ શક્તિ ધરાવનાર હોવાથી એ પ્રધાન ચક્રરત્ન હતું એવું આ ચક્રરત્ન જ્યારે માગધતીર્થકુમારને ભરત ચક્રવર્તીએ પોતાના વશમાં કરી લીધો. ત્યાર બાદ તે આનંદના ઉપલક્ષ્યમાં આઠ દિવસનો મહા મહોત્સવ સમ્પન્ન કરવામાં આવ્યો, એના પછી તે ફરી આયુધશાળા ગૃહમાંથી બહાર નીકળ્યું, નીકળીને તે -નૈઋત્યકોણને આશ્રિત કરીને વરદામ તીર્થ તરફ ચાલવા લાગ્યું.

[૬૮-૭૩] ત્યાર બાદ ભરત રાજાએ જ્યારે ચક્રરત્નને નૈઋત્ય કોણ તરફ વરદામ તીર્થ તરફ જતાં જોયું ત્યારે જોઈને તેણે પોતાના કૌટુંબિક પુરુષોને, પ્રધાન રાજ સેવકોને બોલાવ્યા. આ પ્રમાણે કહ્યું- હે દેવાનુપ્રિયો ! તમે યથા શીઘ્ર ચાતુરંગિણી સેના સુસજ્જિત કરો. તે ભરત ચક્રવર્તી પૂર્વોક્ત સ્નાનાધિકાર સૂત્ર પરિપાટી મુજબ સ્નાનાદિક વિધિને બતાવીને યાવત્ ધવલ મહામેઘથી વિનિર્ગત ચન્દ્રની જેમ ધવલી કૃત તે મજ્જન ગૃહમાંથી બહારન નીકળ્યો અને નીકળીને પછી તે ગજપતિ ઉપર આરૂઢ થયો. જ્યારે તે ગજપતિ ઉપર બેસી ગયો ત્યારે તેની ઉપર છત્રધારકોએ કોરંટ પુષ્પોની માળાઓથી યુક્ત છત્રો તાણ્યાં. તેમજ આગળ-પાછળ અને બન્ને પાર્શ્વભાગ તરફ ચામર ઢોળનારાઓએ શ્વેત શ્રેષ્ઠ ચામરો ઢોળવા માંડ્યા. તે ભરતચક્રી કેવો હતો ? જેમણે પોત-પોતાના હાથોમાં ઢાલો લઈ રાખી છે, શ્રેષ્ઠ કમરબંધથી જેમનો કટિ ભાગ બહુ જ કસીને બાંધવામાં આવ્યો છે. તેમજ વંશની શલાકાઓથી નિર્મિત જેમના ખેટકો બાણો છે-તેમજ જે મજબૂત કવચથી સુસજ્જિત છે. એવા સહસ્ત્રો યોદ્ધાઓથી તે ભરતચક્રી યુક્ત હતો. ઉન્નત તેમજ પ્રવર શ્રેષ્ઠ મુગુટ-રાજચિન્હ વિશેષિત શિરોભૂષણ કિરીટ-સદશ શિરોભૂષણ પતાકા લઘુપતાકાઓ, વિશાળ પતાકાઓ વૈજયંતી નાની બે પતાકાઓથી યુક્ત પતાકાઓ ચામર તેમજ છત્ર એ સર્વની છાયાથી તે યુક્ત અસિ-તલવર ક્ષેપણી ગોફૂણ, ખડ્ગ-સામાન્ય તલવાર ચાપ-ધનુષ્ય, નારાચ-આખું લોખંડું બનેલું બાણ, કણક-બાણ ધનુષ- બાણાસન તૂણ-શર- એ સર્વ પ્રહરણોથી કે જે કાળા, નીલા, લાલ, પીળા અને શ્વેત રંગોમાં અનેક સહસ્ત્રો ચિહ્નોથી યુક્ત હતાં. એ સહસ્ત્રોની સંખ્યામાં હતાં એવાં શસ્ત્રોથી તે ભરત ચક્રી યુક્ત હતો.

જ્યારે ભરત ચક્રી આ બધી યુદ્ધ-સામગ્રીથી સુસજ્જ થઈને જઈ રહ્યો હતો, તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમયે તેની સાથેના કેટલાક યોદ્ધાઓ ભુજાઓ ઠોકતા કેટલાક યોદ્ધાઓ સિંહ જેવી ગર્જના કરતા ચાલી રહ્યા હતા, કેટલાક યોદ્ધાઓ હર્ષાવિષ્ટ થઈને સત્કાર શબ્દ કરતા કરતા આગળ ધપી રહ્યા હતા. ઘોડાઓના હણહણાટથી દિશાઓ વ્યાપ્ત થઈ રહી હતી. એકી સાથે વગાડવામાં આવેલા ભંભા-ઢક્કા, હોરંભા-મહાઢક્કા, કુણિત- ખર-મુહી વચ્ચક વંશ વાંસળી વેણુ મહતી તંબૂરો, રિગસિરિકા તલ કાંસ્યતાલ એ સર્વથી ઉત્પન્ન થયેલા શબ્દોનો ધ્વનિ અને પ્રતિધ્વનિ શબ્દ થઈ રહ્યો હતો. એથી તે ભરત ચક્રી સકલ જીવલોકને વ્યાપ્ત કરી રહ્યો હતો, તથા બલચતુરંગ સૈન્ય અને વાહન - શિબિ-કાઓ વગેરેના સમુદાયથી તે ભરત ચક્રી યુક્ત હતો એથી સહસ્ર યક્ષોથી પરિવૃત્ત થયેલો તે રાજા ધનપતિ જેવો સમ્પત્તિશાલી લાગતો હતો, કેમકે ચક્રવર્તીનું શરીર બે હજાર વ્યન્તર દેવોથી અધિષ્ઠિત હોય છે. આ પ્રમાણે સુસજ્જ થઈને તે ભરત ચક્રી દિવ્ય ચક્રરત્નની પાછળ-પાછળ ચાલતો ચાલતો તથા એક યોજનના અંતરાલથી પડાવ નાખતો નાખતો જ્યાં વરદામ તીર્થ હતું ત્યાં આવ્યો. આવા વિસ્તીર્ણ સ્કન્ધાવારનો પડાવ નાખી ને પછી તેણે પોતાના વાર્દ્ધકી રત્નને બોલાવ્યો. તેને બોલાવીને પછી રાજાએ આ પ્રમાણે કહ્યું હે દેવાનુપ્રિયો ! તમે યથા શીઘ્ર મારા માટે એક આવાસ ને એક પૌષધશાળા બનાવડાવો અને પછી મને સૂચના આપો. તે વાર્દ્ધકીરત્ન આશ્રમ દ્રોણ મુખ ગ્રામ, પત્તન, પુરવર, સ્કન્ધાવાર, ગૃહાપણ એ સર્વની વિભાગ રૂપમાં રચના કરવામાં નિપુણ હતો અથવા તેમજ ૮૧ વિભાગ વિભક્તવ્ય વાસ્તુક્ષેત્ર ખંડવાળી એવી ગૃહ ભૂમિકાઓમાં તથા એજ પ્રકારની ૬૪ ખંડવાળી અને ૧૦૦ પદ ખંડવાળી ગૃહ ભૂમિકાઓના અનેક ગુણ તેમજ દોષોનો તે જ્ઞાતા હતો સદ્ અસદ્ વિવેક કરનારી બુદ્ધિરૂપ પંડાથી તે યુક્ત હતો ૪૫ દેવતાઓને યોગ્ય સ્થાને બેસાડવા વગેરે વિધિનો તે જ્ઞાતા હતો. વાસ્તુ પરીક્ષામાં વિધિજ્ઞ હતો. એ પૂર્વોક્ત પ્રકાર મુજબ અનેક ગુણ સમ્પન્ન તે ભરતચક્રી-સ્થપિતરત્ન-વર્દ્ધકિરત્ન કે જેને ભરતચક્રીએ તપ તેમજ સંયમથી પ્રાપ્ત કરેલ તે છે-

તે વર્ધકીરત્ન કહેવા લાગ્યો-બોલો હું શું કરું ? અને તેણે પોતાની ચિંતિતમાત્ર કાર્ય કરવાની દૈવી શક્તિ મુજબ નરેન્દ્ર માટે પ્રાસાદ અને બીજાઓ માટે ભવનો એક મુહૂર્ત્તમાં જ નિર્મિત કરી દીધાં. એ બધું કામ એકજ મુહૂર્ત્તમાં નિષ્પન્ન કરીને પછી તેણે એક સુંદર પૌષધશાલા તૈયાર કરી દીધી. યાવત્ તે ભરતચક્રી પોતાની બાહ્ય ઉપસ્થાન શાળામાં જ્યાં ચાતુર્ઘંટ અશ્વરથ હતો ત્યાં આવ્યો ત્યાં આવીને તે વર પુરુષ ભરત ચક્રી તે વર મહારથ ઉપર સવાર થયો. કે તે મહારથ કેવો હતો. તે પૃથિવીતલ ઉપર શીઘ્ર ગતિથી ચાલનાર હતો. તે યુક્ત હતો. હિમવાન્ પર્વતના વાયુરહિત અંદરના કંદરા પ્રદેશોમાં સંવર્દ્ધિત થયેલા વિવિધ રથરચનાત્મક તિનિશ વૃક્ષવિશેષરૂપ કાષ્ઠથી તે બનેલો હતો. જંબૂનદ નામક સુવર્ણ નિર્મિત એ રથની ધૂસરી હતી. એના અરકો કનકમય લઘુદંડ રૂપમાં હતા. પુલક, વરેન્દ્રનીલમાણ, સાચક, પ્રવાલ, સ્ફટિકમણિ, આદિ મણિ તેમજ વિદ્રુમ એ સર્વ પ્રકારના રત્નાદિકોથી તે વિભૂષિત હતો. દરેક દિશામાં ૧૨-૧૨ આમ બધા મળીને ૪૮ એમાં અરક હતા. રક્ત સ્વર્ણમય પટ્ટકોથી મહલુઓથી-દૃઢીકૃત તેમજ ઉચિત એના બન્ને તુંબા હતા. વિશિષ્ટ-લષ્ટ-અતિ મનોહર નવી નલોખંડથી તેમાં કામ કરેલું હતું. તેમજ નવીન ચર્મની રજ્જુઓથી આબદ્ધ હતા. એના બન્ને પૈડાઓ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાસુદેવના ચક્રરત્ન જેવા ગોળ હતા. એમાં જે જાલ સમૂહ હતો તે કર્કેતન ચન્દ્રાકાંતાદિ, મણિઓથી ઈન્દ્રની સુંદર આકારવાળો હતો. એની ધુરા પ્રશસ્ત હતી, વિસ્તીર્ણ હતી અને સમ-વક્રતા રહિત હતી. શ્રેષ્ઠ પુરિની જેમ એ સુરક્ષિત હતો. બળદોના ગળામાં નાખેલી રાશ સુષ્ઠ કિરણવાળા તપનીય સુવર્ણની બનેલી હતી. કંકટક-સન્નાહ કવચોની એમાં રચના થઈ રહી હતી. પ્રહરણોથી-અસ્ત્ર-શસ્વ આદિ કોથી પરિપૂરિત હતો. એમાં જે ચિત્રો બનેલાં હતાં, તે કનક અને રત્નનિર્મિત હોવાથી અત્યંત રમણીય લાગતા હતા. એમાં જે ઘોડાઓ જોતરેલા હતા, તે હલીમુખ, બગલા, ગજદન્ત, મુક્તા હાર વિશેષ એ સર્વ પદાર્થો જેવા ઉજ્જવળતા વાળા હતાં. જેવી દેવોની, મનની, વાયુની ગતિ હોય છે, તેમની ગતિ ને પણ પરાસ્ત કરનારી એમની ચપળતાભરી શીઘ્ર ગતિ હતી. તે ચાર ચમરોથી તેમજ કનકોથી એમના અંગો વિભૂ ષિત હતા. એવા વિશેષણ વિશિષ્ટ ઘોડાઓથી તે રથ યુક્ત હતો. એ રથ છત્ર સહિત હતો, ધ્વજા સહિત હતો, ઘંટાઓથી યુક્ત હતો. પતાકાઓથી મંડિત હતો, એમાં સંધિ ઓની યોજના સરસરીતે કરવામાં આવી હતી. જેવો ઘોષ યથોચિત્ સ્થાન-વિશેષમાં નિયોજિત સંગ્રામવાદ્ય વિશેષનો હોય છે, તે જ પ્રમાણેનો એનો ગંભીર ઘોષ હતો. સુંદર ચક્રયુક્ત એનું નેમી મંડળ હતું. એના યુગના બન્ને ખૂણાઓ અતીવ સુંદર હતા. એના બન્ને તુંબ શ્રેષ્ઠવજ્ર રત્નથી આબદ્ધ હતા. એ રથ શ્રેષ્ઠ સુવર્ણથી ભૂષિત હતો. એ શ્રેષ્ઠ શિલ્પી દ્વારા નિર્મિત હતો. શ્રેષ્ઠ ઘોડાઓ એમાં જોતરેલ હતા. શ્રેષ્ઠ નિપુણ સારથિ હતો.

તે શ્રેષ્ઠ મહારથ ઉપર તે સુરાજા છ ખંડાધિપતિ ભરત સવાર થયો.સર્વાવયવ યુક્ત એવા તે ચાર ઘંટાઓથી મંડિત રથ ઉપર સવાર થયો. એ પૂર્વ કથિત પાઠ મુજબ દક્ષિણ દિશા તરફ મુખ કરીને વરદામ નામક અવતરણ માર્ગથી પસાર થઈને લવણ-સમુદ્રમાં પ્રવિષ્ટ થયા. યાવત્ તેમના રથના કૂર્પરાકારવાળા રથાવયવોજ ભીના થયા યાવત્ ત્યાં તેમણે વરદામ તીર્થાધિપ દેવનું પ્રીતિપાદન સ્વીકાર કરેલ છે. યાવત્ તે સર્વ શ્રેણિપ્રશ્રેણિ જનો વરદામતીર્થાધિપ દેવના વિજયોપલક્ષ્યમાં આઠ દિવસનો મહોત્સવ કરે છે. તે આઠ દિવસનો મહોત્સવ સમાપ્ત થયો ત્યારે તે દિવ્ય ચક્રરત્ન આયુધ ગૃહશાળામાંથી બહાર નીકળે છે. ત્યાંથી બહાર નીકળીને તે આકાશતલમાં યાવત્ સ્થિત રહીને જ દિવ્ય ત્રુટિત વાદ્યવિશેષના શબ્દ શન્નિનાદથી અમ્બર તલને સમ્પૂરિત કરતું ઉત્તર પાશ્ચાત્યાદિશા તરફ એટલે કે વાયવ્ય દિશા તરફ આવેલા પ્રભાસતીર્થ તરફ ચાલવા લાગે છે. ત્યાર બાદ તે ભરતચક્રી જ્યારે પોતાના દિવ્ય ચક્રરત્નને ઉત્તર પાશ્ચાત્યદિશા તરફ એટલે કે પ્રભાસતીર્થ તરફ પ્રયાણ કરતું જુવે છે ત્યારે પહેલાં કહ્યું છે તે પ્રમાણે જ તે સર્વકાર્ય સમ્પન્ન કરે છે અને પશ્ચિમ દિશા તરફ સન્મુખ થઈને તે પ્રભાસતીર્થથી લવણ સમુદ્રમાં પ્રવેશ કરે છે ત્યાં પહોંચીને તે પોતાના ઘોડાઓને થોભાવે છે રથ ઊભો રાખીને તરત જ તે પોતાના હાથમાં ધનુષ લે છે અને તે ધનુષ ઉપર બાણનું આરોપણ કરે છે અને ત્યાર બાદ બાણ લક્ષ્ય તરફ છોડે છે. તે બાણ પ્રભાસ તીર્થાધિપદેવકુમારના ભવનમાં પડે છે. જેમ પહેલાં કહેવામાં આવ્યું છે બધું સમજી લેવું ત્યાર બાદ ભરતચક્રી ત્યાંથી પોતાના રથને પાછો વાળીને સેનાનો પડાવ હતો ત્યાં આવ્યો ઈત્યાદિ સર્વ કથન જેવું માગધતીર્થદિવના પ્રકરણમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે તેવું જ અત્રે જાણી લેવું જોઈએ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૭૪-૭૫] આ પ્રમાણે તે દિવ્ય ચક્રરત્ન પ્રભાસતીર્થકુમારના વિજયોપલક્ષ્યમાં આયોજિત આઠ દિવસનો મહોત્સવ સમાપ્ત થઈ ગયો ત્યારે આયુધ ગૃહશાળામાંથી બહાર નીકળ્યું. નીકળીને તે યાવત્ દિવ્ય ત્રુટિત નામક વાદ્યવિશેષના શબ્દ સન્નિનાદ વડે ગગનતલને સમ્પૂરિત કરતું સિન્ધુ મહાનદીના દક્ષિણ કુલથી પસાર થઈને પૂર્વ દિશામાં સિન્ધુ દેવીનાં ભવન તરફ ચાલ્યું. જ્યારે ભરત રાજાએ તે દિવ્ય ચક્રરત્નને સિંધુ મહાનદીના દક્ષિણ તટ ઉપર થઈને પૂર્વદિશામાં સિન્ધુ દેવીના ભવન તરફ જતું જોયું તો તે જોઈને તે રાજા અતીવ આનંદિત તેમજ સંતુષ્ટ ચિત્તવાળો થયો. અહીં તે ભરતચક્રી જ્યાં સિન્ધુદેવીનું ભવન હતું-નિવાસસ્થાન હતું ત્યાં આવ્યો. ત્યાં આવીને તેણે સિન્ધુ દેવીના ભવનની પાસે જ યથોચિત સ્થાનમાં પોતાનો ૧૨ યોજન લાંબો અને ૯ યોજન પહોળો શ્રેષ્ઠ નગર જેવો વિજય સ્કન્ધાવાર નિવેશ કર્યો- પૌષધશાળામાં બેસીને ભરત રાજાએ સિન્ધુદેવીને પોતાના વશમાં કરવા માટે ત્રણ ઉપવાસો કર્યા ત્રણ ઉપવાસ લઈ ને તે પૌષધ વ્રતવાળો એથી બ્રહ્મચારી ભરતચક્રી અઢી હાથ પ્રમાણ દર્ભાસન ઉપર પૂર્વોક્ત મણિ સુવર્ણાદિ સર્વનો પરિત્યાગ કરીને બેસી ગયો અને સિન્ધુ દેવીનું મનમાં ધ્યાન કરવા લાગ્યો. જ્યારે તે ભરત રાજાની અષ્ટમ ભક્તની તપસ્યા સમાપ્ત થવા આવી કે તેજ સમયે દેવીનું આસન કંપાયમાન થયું. સિંધુ દેવીએ પોતાના અવધિજ્ઞાનને જોડ્યું ભરતરાજાને જોઈને તેના મનમાં આધ્યાત્મિક, ચિંતિત, પ્રાર્થિત મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો. જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભરતક્ષેત્રમાં ભરત નામે રાજા ઉત્પન્ન થયો છે. અતીત અનાગત તેમજ વર્તમાન સિન્ધુદેવીઓનો એ કુલપરંપરાગત આચાર છે કે તેઓ તે ભરતના ચક્રવર્તિઓને નજરાણું પ્રદાન કરે. માટે હું જાઉં અને હું પણ તે ભરત રાજાને નજરાણું પ્રદાન કરું

આમ વિચાર કરીને તેણે ૧૦૦૮ કુંભો અને અનેક મણિઓ તેમજ કનક, રત્ની રચનાથી જેમાં અનેક ચિત્રો મંડિત છે એવા ઉત્તમ ભદ્રાસનો તેમજ કટક- ત્રુટિત- સર્વ આભૂષણોને લઈને તે ઉત્કૃષ્ટ વિશેષણોવાળી ગતિથી ચાલતી-ચાલતી જ્યાં ભરત રાજા હતો, ત્યાં આવી. ત્યાં આવીને તે આકાશ માર્ગમાં જ અવસ્થિત રહી. નીચે ઉતરી નહીં. ત્યાં ઊભી રહીને જ તેણે બન્ને હાથોની અંજલિ મસ્તક પર મૂકીને સર્વ પ્રથમ ભરત રાજાને જય-વિજય શબ્દોથી વધામણી આપી. દેવાનુપ્રિયે કેવલકલ્પ સંપૂર્ણ ભરતક્ષેત્ર જીતું લીધું છે. હું પણ આપ દેવાનુપ્રિયના દેશમાં જ રહેનારી છું. એથી આપ દેવાનુ પ્રિયની જ હું આજ્ઞા કિંકરી છું- એથી આપ દેવાનુપ્રિય મારા વડે આપવામાં આવેલા આ પ્રીતિદાનને ગ્રહણ કરો. આમ સિન્ધુ દેવી દ્વારા પ્રદત્ત સર્વ નજરાણું ભરતચક્રીએ ગ્રહણ કરી લીધું અને પછી સમ્માન અને સત્કાર સાથે તેણે સિંધુદેવીને વિસર્જિત કરી દીધી. ત્યાર બાદ ભરતચક્રી પૌષધશાળામાંથી બહાર આવ્યા. અને બહાર આવીને જ્યાં સ્નાન ગૃહ હતું ત્યાં ગયા. સ્નાન કરીને બલિકર્મ કર્યું ભોજન મંડપમાં આવ્યા. અષ્ટમ ભક્તની પારણા કરી. પછી તે યાવત્ પૂર્વદિશા તરફ મુખ કરીને સિંહાસન ઉપર બેસી ગયા. સિંહાસન ઉપર બેસીને પછી તેમણે ૧૮ શ્રેણિ પ્રશ્રેણિજનોને બોલાવ્યા. બોલાવીને યાવત્ તે શ્રેણિ પ્રશ્રેણિજનોએ આઠ દિવસનો મહામહોત્સવ કર્યો. અને મહા મહોત્સવ સમ્પન્ન થઈ જવાની સૂચના રાજાને આપી. ત્યાર બાદ તે દિવ્ય ચક્રરત્ન પહેલાંની જેમ જ આયુધગૃહશાળામાંથી બહાર નીકળ્યો અને નીકળીને યાવત્ અનેક વાદ્ય



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિશેષોના ધ્વનિ પ્રતિધ્વનિ રૂપ શબ્દો દ્વારા ગગનતલને સમ્પૂરિત કરતું ઉત્તર પૂર્વ દિશામાં-સ્થિત વૈતાઢ્ય પર્વતની તરફ ચાલ્યું. સિન્ધુ દેવીના ભવનથી વૈતાઢ્ય સુર સાધન માટે વૈતાઢ્યસુરાવાસભૂત વૈતાઢ્યકૂટ તરફ પ્રયાણ કરતાં ચક્રરત્ન ને ઈશાન દિશામાં જ સરલતા થઈ. એથી જ તે આ માર્ગથી ગયું. ત્યારબાદ તે ભરતચક્રી યાવત્ જ્યાં વૈતાઢ્ય પર્વતનો દક્ષિણાર્દ્ધ ભરતનો પાર્શ્વવર્તી નિતમ્બ-મૂળભાગ હતો ત્યાં આવ્યો. પડાવ નાખીને યાવત્ તેણે વૈતાઢ્યગિરિ કુમારદેવની સાધના માટે અષ્ટમભક્ત વ્રત ધારણ કર્યું. અષ્ટભક્ત ધારણ કરીને પૌષધશાળામાં પૌષધવ્રતવાળા એથી બ્રહ્મ ચારી તેમજ દર્ભના સંથારા ઉપર સમાસીન ૨।। હાથ પ્રમાણ દર્ભાસન ઉપર સ્થિત. મણિમુક્તા આદિ અલંકારોથી વિહીન થયેલા એવા તે ભરતચક્રી પૂર્વમાં કહ્યાં મુજબ જ વૈતાઢ્યગિરિ કુમારદેવના ધ્યાનમાં એકચિત્ત થઈ ગયા. ત્યારે વૈતાઢ્યગિરિ કુમાર દેવનું આસન કંપાયમાન થયું.

ત્યાર બાદ જે પ્રમાણે સિન્ધુ દેવીના પ્રકરણમાં કહેવામાં આવ્યું છે. તે પ્રમાણે જ અહીં પણ સમજવું.જ્યારે વૈતાઢ્યગિરિ કુમાર દેવના વિજયોપલક્ષ્યમાં ૮ દિવસનો મહા મહોત્સવ સમ્પન્ન થઈ ચુક્યો ત્યારે તે દિવ્ય ચક્રરત્ન પશ્ચિમ દિશામાં વર્તમાન તિમિસ્ત્રા ગુહાની તરફ પ્રસ્થિત થયું જ્યારે ભરત રાજાએ તે દિવ્ય ચક્રરત્નને યાવત્ પશ્ચિમ દિશામાં તમિસ્ત્રા ગુહા તરફ જતું જોયું જોઈને તે હર્ષિત તેમજ સંતોષિત ચિત્ત થયેલો યાવત્ તેણે તમિસ્રા ગુહાની પાસે જ તેનાથી વધારે દૂર પણ નહિ અને અધિક નિકટ પણ નહિ પણ સમુચિત સ્થાનમાં પડાવ નાખ્યો. યાવત્ કૃતમાલદેવને સાધવા માટે તેણે અષ્ટમભક્તની તપસ્યા સ્વીકાર કરી કૃતમાલદેવનું આસન કંપાયમાન થયું. અહીં વૈતાઢ્યગિરિ કુમારદેવના પ્રકરણમાં જે પ્રમાણે કથન કહેવામાં આવ્યું છે, અહીં સમજી લેવું જોઇએ. પ્રીતિદાનમાં તેણે ભરત રાજાને આપવા માટે સ્ત્રીરત્ન માટે રત્નમય ૧૪ લલાટ-આભરણો જેમાં છે એવા અલંકાર ભાંડ-આભરણ કરંડક, કટકો, યાવત્ આભ રણો લીધાં.એ સર્વ આભરણોને લઇને તે કૃતમાલદેવ તે દેવપ્રસિદ્ધ ઉત્કૃષ્ટ આદિ વિશેષણોવાળી ગતિથી ચાલતો ચાલતો તે ભરત રાજા પાસે આવ્યો. ઈત્યાદિ સર્વકથન જાણી લેવું જોઈએ.

[૭૬] કૃતમાલદેવને સાધ્યા પછી ભરત મહારાજાએ શ્રેણી પ્રશ્રેણીજનોને આઠ દિવસનો મહામહોત્સવ આયોજિત કરવાની આજ્ઞા આપી. ભરત મહારાજની આજ્ઞા મુજબ મહામહોત્સવ સમ્પૂર્ણ થઈ જવાની રાજાને ખબર આપી ત્યારે ભરત રાજાએ સુષેણ નામક સેનાપતિને બોલાવ્યો. અને બોલાવીને તેને કહ્યું. હે દેવાનુપ્રિય ! તમે સિન્ધુ મહાનદીના પશ્ચિમ દિગ્વર્તી ભરતક્ષેત્ર ખંડરૂપ નિષ્કુટ પ્રદેશનો કે જે પૂર્વમાં અને દક્ષિણમાં સિન્ધુ મહાનદી વડે પશ્ચિમ દિશામાં પશ્ચિમ સમુદ્ર વડે અને ઉત્તર દિશામાં વૈતાઢ્ય નામક ગિરિ વડે વિભક્ત છે, તેમજ ત્યાંના બીજા સમ-વિષમરૂપ અવાન્તર ક્ષેત્રોને અમારે અધિન કરો. અમારી આજ્ઞા વશવર્તી બનાવીને ત્યાંથી તમે નવીન રત્નોને દરેક પ્રકારની ઉત્કૃષ્ટતમ્ વસ્તુઓને ગ્રહણ કરો આ પ્રમાણે ભરત દ્વારા આજ્ઞપ્ત થયેલો તે સેનાપતિ સુષેણ કે જેનો યશ ભરતક્ષેત્રમાં પ્રખ્યાત છે એના જેના પ્રતાપથી ભરતની સેના પરાક્રમશાલી માનવામાં આવે છે. જે સ્વયં તેજસ્વી છે, જેનો સ્વભાવ ઉદાત્ત છે. વિપુલ આશયવાળો છે, શરીર સંબંધી તેજથી તેમજ સત્યાદિ લક્ષણોથી જે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંપન્ન છે. મ્લેચ્છ ભાષાઓ ફારસી, ચરબી વગેરે ભાષાઓનો જે વિશિષ્ટ જ્ઞાતા છે. એથી જ જે વિવિધ પ્રકારની ભાષાઓને સુંદર ઢંગથી બોલી શકે છે. જે ભરત ક્ષેત્રમાં અવાન્તર ક્ષેત્ર ખંડરૂપ નિષ્કુટો કે જેમાં દરેક કોઇ પ્રવેશી શકે નહિ, એવાં ગંભીર સ્થાનો, દુર્ગમ સ્થાનો કે જેમાં પ્રવેશ કરવું અતીવ દુષ્કર કાર્ય છે. તેવા સ્થાનોનો વિજ્ઞાપક છે. વિશેષ રુપથી જાણકાર છે. અસ્ત્ર શસ્ત્ર સંચાલનમાં બાણાદિ રૂપ શાસ્ત્ર તેમજ ખડગા દિરૂપ શાસ્ત્ર વડે પ્રહાર કરવામાં જે કુશળ અથવા અર્થશાસ્ત્રમાં નિપુણ છે, તેથી જ તેને સેનાપતિરત્ન કહેવામાં આવેલ છે. એવા તે સેનાપતિરત્ન સુષેણને પોતાના સ્વામીની વાતને સાંભળીને ખૂબજ હર્ષિત તેમજ સંતુષ્ટ ચિત્ત થયો ત્યાંથી આવીને તે સુષેણે પોતાના કૌટુંબિક પુરુષોને બોલાવ્યા બોલાવીને પછી તે સુષેણે કહ્યું

હે દેવાનુ પ્રિય ! તમે લોકો એકદમ શીઘ્ર અભિષેક યોગ્ય પ્રધાન હસ્તિને સુષ-જ્જિત કરો. તેમજ ચતુરંગીણી સેના સુસજ્જીત કરો પોતાના કૌટુંબિક પુરુષોને એવો આદેશ આપીને તે જ્યાં સ્નાન ગૃહ હતું ત્યાં આવી ગયો. ત્યાં આવીને તેણે સ્નાન કર્યું અને બલિકર્મ કર્યું કાક વગેરે માટે અન્નનું વિતરણ કર્યું કૌતૂહલથી મંગળ અને દુસ્વપ્ન શાન્ત્યર્થ પ્રાયશ્ચિત કર્યું શરીર પર આરોપણ કરીને વર્મિત લોખંડના મોટા મોટા તારોથી નિર્મિત કવચને બન્ધનથી આબદ્ધ કર્યું ધનુષ્ય ઉપર ખૂબજ મજબૂતીથી પ્રત્યંચાનું આરોપણ કર્યું. ગળામાં હાર ધારણ કર્યો મસ્તક ઉપર સારી રીતે ગાંઠ બાધીને વિમલવર ચિન્હ પટ્ટ - વીરાતિવીરતા સૂચક વસ્ત્ર વિશેષ બાંધ્યું. હાથમાં આયુધ અને પ્રહરણો લીધાં તે સમયે એ અનેક ગણ નાયકોથી-મલ્લાદિગણ મુખ્ય જનોથી, અનેક દંડ નાયકોથી, અનેક તન્ત્રપાલોથી, યાવત્ પદ ગૃહીત, અનેક ઈશ્વરોથી, અનેક તલવરોથી, અનેક માડંબિકોથી, અનેક કૌટુંબિકોથી, અનેક મંત્રીઓથી અનેક મહામંત્રિઓથી, અનેક ગણકોશી, દૌવારિકોથી, અનેક અમાત્યોથી, અનેક ચેટોથી, અનેક પીઠમર્દકોથી, અનેક નગર નિગમના શ્રેષ્ઠિઓથી, અનેક સેનાપતિઓથી, અનેક સાર્થવાહોથી અને અનેક સંધિપાળોથી યુક્ત થઈ ગયો હતો. કોરંટ પુષ્પની માળાથી છત્રથી એ સુશોભિત થઈ રહ્યો હતો. એને જોતાં જ લોકો મંગલકારી જય-જય શબ્દો ચ્ચાર કરવા લાગતા એવો સુષેણ સેનાપતિરત્ન સ્નાન ગૃહમાંથી બહાર નીકળ્યો. બહાર નીકળીને એ ઉપસ્થાનશાળામાં આવ્યો. આવીને પછી એ જ્યાં આભિષેક્ય હસ્તિરત્ન હતું ત્યાં આવ્યો. ત્યાં જઈને એ આભિષેક્ય હસ્તિરત્ન ઉપર સવાર થઇ ગયો. એના પછી તે સુષેણ સેનાપતિ હાથીના સ્કન્ધ ઉપર સારી રીતે બેઠેલો સુશોભિત થયેલો તેમજ-હય, ગજ, રથ, તેમજ પ્રવર યોદ્ધાઓથી યુક્ત ચતુરંગિણી સેનાથી પરિવૃત્ત થયેલો. વિપુલ યોદ્ધાઓના વિસ્તૃતવૃન્દથી યુક્ત થયેલો, જ્યાં સિન્ધુ નદી હતી, ત્યાં આવ્યો.

ત્યાં પહોંચીને તેણે ચર્મરત્નનો સ્પર્શ કર્યો. તે ચર્મરત્ન શ્રીવત્સ જેવા આકાર વાળું હતું એના બળથી ચક્રવર્તીનું સમસ્ત કટક નદીઓને અને સાગરો ને, સમુદ્રોને પાર કરી જાય છે. એ દેવકૃત પરિહાર્ય રૂપ હોય છે. દેવકૃત સ્તુતિ સમ્પન્ન હોય છે અન્નજળ વગેરેથી એનો ઉપઘાત થઈ શકતો નથી. ચર્મોમાં પ્રધાન હોવાથી ચર્મરત્ન કહેવામાં આવ્યું છે. એના વડે વપિત શણ અને ૧૭ પ્રકારના ધાન્યો એક દિવસમાં જ ઉત્પન્ન થઇ જાય છે- તે દિવ્ય ચર્મરત્ન સુષેણ સેનાપતિ વડે સ્પૃષ્ટ થતાં જ એકદમ નૌકા રૂપ થઇ ગયું. એના શિબિકાદિરૂપ વાહનથી યુક્ત થયેલો નૌકા રૂપ તે ચર્મરત્ન ઉપર સવાર થઈ ગયો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે નૌકા ઉપર સવાર થઈને સિંધૂ મહાનદીને પોતાના બળ અને વાહન સાથે પાર કરીને જેની આજ્ઞા અખંડિત છે, એવો તે સેનાપતિ ક્યાંક ગ્રામ, નગર પર્વતોને, ક્યાંક ખેટકર્બટ, મડંબોને ક્યાંક પટ્ટનોને તેમજ સિંહલકોને- બર્બરોને-મ્લેચ્છ જાતીયલોકોના આશ્રય ભૂત તેમજ પ્રવરમણિરત્ન તથા કનકના ભંડારો અતએવ પરમ રમ્ય એવા અંગ લોકોને, બલાવ લોકને તેમજ યવનદ્વીપને આરબકોને- રોમકોને અને અલસંડદેશ નિવાસઓને તથા પિક્ખુરોને, કાલમુખે ને જોનકોને- તથા ઉત્તર વૈતાઢ્યમાં સંશ્રિત-મ્લેચ્છ જાતિઓને તેમજ નૈઋત્ય કોણથી માંડીને સિંધુ નદી જ્યાં સાગરમાં મળે છે ત્યાં સુધીના સર્વ પ્રદેશને અને સર્વશ્રેષ્ટ કચ્છ દેશને પોતાના વશમાં કરીને તે પાછો આવી ગયો.

વિનય સહિત જેણે પોતાના હૃદયની અંદર સ્વામિન ભક્તિ ધારણ કરી રાખી છે. એવા તે સુષેણ સેનાપતિએ ભેંટમાં પ્રાપ્ત કરેલા સર્વ પ્રભુતોને આભરણોને ભૂષણોને તેમજ રત્નોને લઈને તે સિંધૂ નદીને પાર કરી એ સુષેણ સેનાપતિ અક્ષત્ત શાસન તેમજ અક્ષત બળ સમ્પન્ન હતો. સેનાપતિએ જે ક્રમથી વિજય પ્રાપ્ત કર્યો હતો. તે ક્રમથી બધા સમાચારો વિગતવાર રાજાને કહ્યા. સર્વ સમાચારો કહીને અને ભેટમાં પ્રાપ્ત સર્વ વસ્તુઓ કહીને અને ભરત રાજાને આપી ને તથા તેમના વડે પ્રચુર દ્રવ્યાદિથી સત્કૃત થઈને બહુમાન સૂચક શબ્દોથી અને વસ્ત્રાદિકોથી સન્મા નિત થઈને તે સુષેણ સેનાપતિ હર્ષસહિત રાજા પાસેથી વિસર્જિત થઈને પોતાના મંડપમાં આવી ગયો. ત્યાં આવીને તે સુષેણ સેનાપતિએ સ્નાન કર્યું. બલિકર્મ કર્યું કૌતુક મંગળ અને પ્રાયશ્ચિત્ત કર્યાં ત્યાર બાદ રાજવિધિ મુજબ ભોજન કર્યું જ્યારે સુષેણ સેનાપતિ ભોજનાદિ કાર્યથી નિવૃત્ત થઈ ગયો-ત્યારે તેના શારીરિક અવયવો ઉપર સરસ ગોશીર્ષ ચંદન છાંટવામાં આવ્યું ત્યાર બાદ તે પોતાના શ્રેષ્ઠ પ્રાસાદ માં ગયો ત્યાં તેણે પાંચ પ્રકારના મનુષ્ય સંબંધી કામ ભોગોને ભોગવ્યા એવો જે સમયે તે પોતાના શ્રેષ્ઠ પ્રાસાદ ઉપર પહોંચ્યો તે વખતે ત્યાં મૃદંગો વગાડવામાં આવી રહ્યાં હતાં તેના માટે ૩૨ પ્રકારના અભિનયોથી યુક્ત નાટકો વિવિધ પાત્રો વડે ભજવવામાં આવી રહ્યાં હતાં. સુંદર તરુણ સ્ત્રીઓ તેમાં નૃત્ય કરી રહી હતી. જે વાતને એ સેનાપતિ ઈચ્છતો તે મુજબ જ તે સ્ત્રિઓ નૃત્યાદિ ક્રિયાઓ વડે તેના મનને રંજિત કરતી હતી. તે સુષેણ સેનાપતિ પોતાની ઈચ્છામુજબ પાંચ પ્રકારના શબ્દો સ્પર્શ, રસ, રૂપ અને ગંધથી સંબંધિત કામ ભોગો ભોગવવા લાગ્યો.

[૭૭] એકદા ભરત રાજાએ સુષેણ સેનાપતિને બોલાવ્યો બોલાવીને તેને આ પ્રમાણે કહ્યું હે દેવાનુપ્રિય ! તમે શીઘ્ર જાવ અને તમિસ્ત્રાગુહાના દક્ષિણ ભાગના દ્વારના કમાડોને ઉદ્‌ઘાટિત કરીને પછી મને ખબર આપો. આ પ્રમાણે પોતાના સ્વામી ભરત રાજા વડે આજ્ઞપ્ત થયેલો તે સુષેણ સેનાપતિ હૃષ્ટ-તુષ્ટ તેમજ ચિત્તમાં આનંદિત થયો. યાવત્-હે સ્વામિન્ આપશ્રીએ મને જે આદેશ આપ્યો છે, હું તે આદેશનું યથાવત્ પાલન કરીશ આ પ્રમાણે કહીને તેણે પ્રભુની આજ્ઞા વિનયપૂર્વક સ્વીકારી લીધી તરત જ બહાર આવી ગયો બહાર આવીને તે જ્યાં પોતાનો આવાસ અને જ્યાં પૌષધશાળા હતી ત્યાં આવ્યો ત્યાં આવીને તેણે ૨ા હાથ પ્રમાણે દર્ભાસન પાથર્યું યાવત્ કૃતમાલ દેવને વશમાં કરવા માટે તેણે અષ્ટમ ભક્તની તપસ્યા ધારણ કરી લીધી. અષ્ટમ ભક્તની તપસ્યા ધારણ કરીને પૌષધશાળામાં પૌષધવૃત વાળો તે બ્રહ્મચારી યાવત્ મણિમુક્તાદિ અલંકારોથી રહિત બનેલો તે મનમાં કૃતમાલ દેવનું ધ્યાન કરવા લાગ્યો અહીં જે પ્રમાણે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૂર્વપ્રકરણમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે તે પ્રમાણેનું કથન ગ્રહણ કરવું જોઈએ. તે પૌષધશાળામાંથી બહાર નીકળ્યો. બહાર આવી તે જ્યાં તિમિસ્ત્રાગુહાના દક્ષિણ ભાગવર્તી દ્વારના કપાટો હતા તે તરફ રવાના થયો. તે સમયે તે સુષેણ સેનાપતિના અનેક રાજેશ્વરો, તલવારો, માંડલિકો યાવત્ સર્થવાહ વગેરે લોકો જે સુષેણ સેનાપતિની પાછળ-પાછળ યાવત્ ઉત્પલો લઈને ચાલી રહ્યા હતા. આ પ્રમાણે તે સુષેણ સેનાપતિ પોતાની સમસ્ત ઋદ્ધિ અને સમસ્તદ્યુતિથી યુક્ત થયેલે યાવત્ વાદ્યોના ધ્વનિ સાથે જ્યાં તિમિસ્ત્રા ગુહાના દક્ષિણ દ્વારના કમાડ હતા ત્યાં આવી પહોંચ્યા. ત્યાં આવીને તેણે તે કમાડોને જોઈને પ્રણામ કર્યાં પ્રણામ કરીને પછી તેણે લોમ હસ્તક પ્રમાર્જનિકા હાથમાં લીધી. હાથમાં લઈને તેણે તિમિસ્રા ગુહાના દક્ષિણ દિગ્વર્તી દ્વારના કપાટોને સાફ કર્યાં સાફ કરીને પછી તેણે તેમની ઉપર દિવ્ય ઉદક ધાર છોડી ઉદક ધારાના છાંટા દઈને પછી તેણે સરસ ગોશીર્ષ ચન્દન થી ગોરોચર મિશ્રિત ચન્દનથી અનુલિપ્ત પંચાંગુલિતલ એટલે કે ગોશીર્ષ ચંદનના ત્યાં હાથના થાપાઓ લગાવ્યા. ત્યાર બાદ તે સુષેણ સેનાપતિએ કપાટોની અભિનવ શ્રેષ્ઠ ગન્ધોથી અને માળાઓથી પૂજા કરી પૂજા કરીને તેણે તેમની ઉપર પુષ્પોનું આરોહણ યાવત્ વસ્ત્રોનું આરોપણ કર્યું પછી તેણે તેમની ઉપર એક વિસ્તૃત, તેમજ ગોળ ચંદરવો બાંધ્યો

તે ચંદરવાની નીચેનો ભાગ ચાકચિક્યથી યુક્ત હતો. તેમજ જે રીતે તે ચંદરવાના સૌન્દર્યમાં અભિવૃદ્ધિ થાય તે રીતે તેને સુસજ્જિત કરવામાં આવ્યો હતો. ચંદરવાને કપાટોની ઉપર બાંધીને પછી તેણે સ્વચ્છ ઝીણા ચાંદીના ચોખાથી કે જે ચોખાઓમાં સ્વચ્છતાને લીધે પાસે મૂકેલી વસ્તુઓનું પ્રતિબિંબ પડી રહ્યું હતું તિમિસ્ત્ર ગુહાના દક્ષિણ દ્વારવર્તી તે કપાટોની સામે આઠ આઠ મંગલ દ્રવ્યોનું આલેખન કર્યું. એક એક-મંગળ દ્રવ્યને આઠ આઠ રૂપમાં લખીને તેણે તેમની ઉપર રંગ ભર્યો. રંગ ભરીને પછી તે તેણે તે સર્વનો આ પ્રમાણે ઉપચાર કર્યો. પુષ્પો કે જેઓ અતીવ સુગંધિત હોય છે. તેમની ઉપર ચડાવ્યાં. પછી જેમની દાંડી ચન્દ્રકાન્ત, વજ્ર તેમજ વૈડૂર્યથી નિર્મિત થયેલી છે તેમજ યાવત્ પદ ગૃહીત જેમાં કાંચન મણી અને રત્નોથી વિવિધ પ્રકારનાં ચિત્રો તૈયાર કરવામાં આવ્યાં છે એવા ધૂપકટાહ-ધૂપદાનીને હાથમાં લઈને ખૂબજ સાવધાની થી તે ધૂપ કટાહમાં ધૂપ સળગાવ્યો. ધૂપ સળગાવીને પછી તેણે પોતાના વામ ઘૂંટણને જમીન ઉપર સ્થાપિત કર્યો. અને અંજલીને મસ્તક ઉપર મૂકી અને બંને કપાટોને પ્રણામ કર્યાં. પ્રણામ કરીને તેણ દંડ રત્નને ઉઠાવ્યું એ દંડના અવયવો પંચલતિકા- રૂપ હતા. એ દંડ રત્ન વજ્રના સારથી બનેલૂં હતું. સર્વ શત્રુઓ તેમજ તેમની સેનાઓને તે વિનષ્ટ કરનાર હતું રાજાના સૈન્ય સમૂહને સન્નિવેશમાં પડાવમાં ખાડાઓને દરિઓને કંદરા ઓને ઉંચા નીચે પર્વતોને યાત્રા કરતી વખતે રાજાઓની સેના જેમના ઉપરથી લપસી પડે એવા પાષાણોને એ સમ કરી નાખે છે. તેમજ એ શાંતિકર હોય છે. ઉપદ્રવોનું ઉપશ મન કરે છે એ ચક્રરત્ન શુભકર-કલ્યાણ કર હોય છે. તેમજ હિતકર હોય છે. ચક્રવર્તીના હૃદયમાં વિદ્યમાન ઈચ્છિત મનોરથનું એ પૂરક હોય છે. યક્ષસહસ્ત્રોથી એ અધિષ્ઠિત હોવા બદલ દિવ્ય કહેવામાં આવે છે કોઈ પણ સ્થાને પ્રતિઘાત દશાને પામતું નથી. દંડરત્નને હાથનાં લઈને તે સુષેણ સેનાપતિ સાત આઠ ડગલાં પાછો ખસ્યો. તે સુષેણ સેનાપતિએ તિમિસ્ત્ર ગુહાના દક્ષિણ દિગ્વર્તી દ્વારના કપાટોને દંડ રત્નથી ત્રણવાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તાડિત કર્યા. આ પ્રમાણે તિમિસ્ત્રા ગુફાના દક્ષિણ દિગ્વર્તી દ્વારના કમાડો કે જેમને સુષેણ સેનાપતિએ ત્રણ વાર દંડ રત્નના જોર જોરથી શબ્દ થાય તેમ પ્રતાડિત કર્યા દીર્ઘતર અવાજ કરનારા ક્રૌંચ પક્ષિની જેમ અવાજ કરતા તથા સર સર આ પ્રમાણે શબ્દ કરતા પોતાના સ્થાનથી વિચલિત થઈ ગયા ત્યારબાદ તે સેનાપતિએ તિમિસ્ર ગુફાના દક્ષિણ દિગ્વર્તી કમાડો;ને ઉદ્‌ઘાટન કર્યાં કમાડોને ઉદ્‌ઘાટિત કરીને પછી તે સુષેણ સેનાપતિ જ્યાં ભરત રાજા હતો ત્યાં ગયો યાવત્ નિવેદન કર્યું હે દેવાનુપ્રિયો ! તિમિસ્ત્ર ગુહાના દક્ષિણ દિગ્વર્તી દ્વારનાં કમાડો ઉદ્‌ઘાટિત થઈ ગયાં છે. ત્યાર બાદ ભરત રાજાએ સુષેણ સેનાપતિના મુખથી સ્વાભિષ્ટ અર્થ સંપાદિત થવા સંબંધી વાત સાંભળી અને તે પછી તેવાત હૃદયમાં નિશ્ચિત કરીને તે રાજા હૃષ્ટ-તુષ્ટ આનંદિત થયો યાવત્ તેનું સુષેણ સેનાપતિનો બહુમૂલ્ય દ્રવ્ય આદિપ્રદન કરીને સત્કાર કર્યો અને પ્રિયવચનોથી તેનું સન્માન કર્યું. પછી તેણે કૌટુંબિક પુરુષોને બોલાવ્ય આ પ્રમાણે કહ્યું હે દેવાનુપ્રિયો તમે કહ્યું શીઘ્ર આભિષેક્ય હસ્ત રત્નને સુસજ્જિત કરો. ત્યાર બાદ હય, ગજ, રથ, પ્રવર યાવત્ અંજન ગિરિના કૂટ જેવા શ્રેષ્ટ હસ્તી ઉપર ભરતરાજા આરૂઢ થયો.

[૭૮] જ્યારે ભરત રાજા ગજ શ્રેષ્ટ હસ્તી રત્ન પર આરૂઢ થઈ ગયો ત્યાર બાદ તેણે મણિરત્નનો સ્પર્શ કર્યો. એ મણિરત્ન તોત હતું ચાર અંગુલ જેટલું હતું બે અંગુલ પ્રમાણ મોટું હતું અનર્ઘ્ય હતું. અમુલ્ય હતું આકારમાં એ ત્રિકોણ હતું એ વૈડૂર્ય જાતિનું હતું એ સર્વ ભૂતકાન્ત હતું સમસ્ત પ્રાણીઓની ચાહના યોગ્ય હતું. એ રત્નને મસ્તક ઉપર ધારણ કરવાથી ધારણ કર્તા ને કોઈ પણ જાતની તકલીફ કે ચિંતા થતી નથી. એ મણિ રત્નને ધારણ કરનાર ઉપર કોઈ પણ સમયે તિર્યંચ. દેવ અને મનુષ્યકૃત ઉપ-સર્ગોની અસર થતી નથી. સંગ્રામમાં પણ ભયંકરમાં ભયંકર યુદ્ધ માં પણ એ રત્નને ધારણ કરનાર મનુષ્ય શસ્ત્ર વડે પણ વધ્ય થઈ શકતો નથી. ધારણ કરનારનું યૌવન સદા કાળ સ્થિર રહે છે. તેના નખ અને વાળ વધતા નથી તે સર્વ પ્રકારના ભયોથી મુક્ત રહે છે. આ પ્રમાણે તે પૂર્વોક્ત વિશેષણો વાળા મણિરત્નને લઈને તે નરપતિએ હસ્તી રત્નના દક્ષિણ તરફના કુંભ સ્થળમાં બાંધી દીધું ગ્રીવામાં જેણે મુક્તાદિનો હાર ધારણ કર્યો છે તેમજ ૬૪ લડીના હારથી જેનું વક્ષસ્થળ પ્રમોદજનક થઈ રહ્યું છે. યાવત્ અમરપતિ જેવી ઋદ્ધિથી જેની કીર્તી વિખ્યાત થઈ રહી છે. આભરણાદિકાંતિથી જેની ચારે બાજુએ પ્રકાશ વ્યાપ્ત થાય છે. જેનો ગન્તવ્ય માર્ગ ચક્ર નિર્દિષ્ટ કરી રહેલ છે જેની પાછળ પાછળ રાજાઓ ચાલી રહ્યા છે જેના સૈન્યના પ્રયાણથી સમુદ્ર તેમજ સિંહનાદ જેવા અવાજથી દિગ્ મંડળ વ્યાપ્ત થઈ રહ્યું છે એવો તે ભરત રાજા જ્યાં તિમિસ્ત્રા ગુહાનું દક્ષિણ દિગ્વર્તીય દ્વાર હતું ત્યાં આવ્યો. ત્યાં આવીને તે જેમ ચન્દ્ર મેઘજનિત અંધકારમાં પ્રવેશે છે તેમજ તે તિમિસ્રા ગુહામાં દક્ષિણ દ્વારથી પ્રવિષ્ટ થયો.

ત્યાર બાદ ભરત રાજાએ ૬ તલ વાળા ૧૨ કોટીવાળા આઠ ખુણાવાળા તે પિંડી જેવા આકારવાળા આઠ સુવર્ણનું જેટલું વજન હોય છે. તેટલા વજન વળા એવા કાકણી રત્નને 'ઉઠાવ્યું એ રત્નની જે ૧૨ કોટીઓ હતી. તે દરેકે ૪-૪ અંગુલ જેટલી હતી. કાકણી રત્ન સમચતુરસ્ત્ર હતું. એનું વજન આઠ સુવર્ણ ના વજન જેટલું હતું તેમજ એ જંગમાદિ નખ-દાંતોના વિષને દૂર કરનાર હતું એના જેવું બીજું કોઈ રત્ન હતું જ નહી. એ સમતલ વાળું હતું. એ રત્નથી જ જગતમાં તે વખતે માન અને ઉન્માનના વ્યવહારો સમ્પન્ન થતા

JAINSITE
જૈન સાઈટ
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતા. જે જનતાને માન્ય હતા. જે ગિરિગુહાના અંધકારને ચન્દ્ર સૂર્ય અગ્નિ કે અન્ય બીજા મણિઓના પ્રકાશ નષ્ટ કરી શકતા નહી. એ અંધકારને એ પ્રભાવશાળી કાકિણી રત્ન નષ્ટ કરતું હતું એ કાકણી રત્નની પ્રભા ૧૨ યોજન પ્રમાણ વિસ્તારવાળા ક્ષેત્રને પ્રકાશિત કરતી હતી. એ રત્ન ચક્રવર્તીના સૈન્યમાં રાત્રીમાં દિવસ જેટલો જ પ્રકાશ આપતું હતું ઉત્તર ભારતને વશમાં કરવા માટે એના પ્રકાશમાંજ ચક્રવર્તી તમિસ્ત્ર ગુહામાં સૈન્યસહિત પ્રવેશ કરે છે એવા પૂર્વોક્ત વિશેષણો વાળા કાકણીરત્નને લઈને ચક્રવર્તીને તિમિસ્ત્ર ગુહાના પૂર્વ અને પશ્ચિમ દિગ્વર્તી કમાડોની દિવાલમાં એક એક અન્તરાલને અને ૫૦૦ ધનુષ્યનો વિસ્તારને ત્યજીને ૪૯ મંડળો લખ્યા એ મંડલો એક-એક યોજન જેટલી ભૂમીને પ્રકાશિત કરે છે. એ મંડળોનો આકાર ચક્રનેમિ જેવો તેમજ ભાસ્વર હોવાથી ચન્દ્રમંડળ જેવો હતો. આ જાતના મંડળોનું આલેખન કરતો કરતો તે ભરતચક્રી ગુહામાં પ્રવિષ્ટ થયો. આ પ્રમાણે તે તિમસ્ત્ર ગુહા એક યોજનના અંતરાલથી બનાવવામાં આવેલા યાવત્ એક યોજન સુધી પ્રકાશ પાથરનાર તે ૪૯ મંડળોથી આલોકિત થઈ ગઈ. અને જાણે કે તેમાં દિવસનો પ્રકાશ થઈ ગયો હોય તેમ પ્રકાશિત થઈ ગઈ તિમિસ્ત્ર ગુફા અતીવ શીઘ્ર આલોક ભૂત અને દિવસના જેવી થઈ પ્રકાશિત થઈ ગઈ

[૭૯] તે તિમિસ્ત્ર ગુફાના બહુ મધ્ય દેશમાં ઉન્મગ્ના અને નિમગ્ના નામે બે મહાનદીઓ છે. એ બે નદીઓ દક્ષિણ દ્વારના તોફકથી ૨૧ યોજન આગળ અને ઉત્તર દ્વારના તોફકથી ૨૧ યોજન પહેલાં છે. તિમિસ્ત્ર ગુફાના પૌરસ્ત્યભિત્તિ કટકથી નીકળીને એ નદીઓ પાશ્ચાત્ય ભિત્તિ પ્રદેશમાં થઈ તે સિંધુ મહાનદીમાં પ્રવેશ કરે છે. ઉન્મગ્ન મહાનદીમાં તૃણ, પત્ર, કાષ્ઠ, પત્થરના કકડા, અશ્વ, હાથી, યોદ્ધા અથવા સામાન્ય કોઈ પણ મનુષ્ય નાખવામાં આવે તો તે ઉન્મગ્ના નદી તેમને આમ-તેમ ફેરવી -દૂર કોઈ સ્થળમાં-નિર્જળ પ્રદેશમાંનાખી દે છે.એથી જ હે ગૌતમ ! એ નદીનું નામ ઉન્મગ્ના કહેવામાં આવ્યું છે. જે કારણથી નિમગ્ન મહાનદીમાં તૃણ, પત્ર, કાષ્ઠ, પથ્થર ના નાના-નાના કકડા અશ્વ, હાથી યોદ્ધા અથવા સામાન્ય કોઈપણ મનુષ્ય નાખવામાં આવે તો નિમગ્ન નામક મહાનદી ત્રણ વખત તેમને આમ-તેમ ફેરવીને પોતાની અંદર જ સમાવી લે છે. એથી જ એ મહાનદીનું નામ નિમગ્ન કહેવામાં આવ્યું છે. એ બન્ને નદીઓ ત્રણ યોજન જેટલી વિસ્તારવાળી છે. ગુફાના આયામ અને વિસ્તાર જેવા જ એમના વિસ્તાર અને આયામ છે. તેમજ એ મહાનદીઓ બે યોજન જેટલા અંતરવાળી છે. ગુફાના મધ્યદેશમાં એ મહાનદીઓ છે. જ્યારે ભરતરાજાએ બન્ને નદીઓને દૂરાવગાહ જાણી ત્યારે ચક્રરત્નથી જેને માર્ગ બતાવવામાં આવી રહ્યો છે અને જેની પાછળ-પાછળ હજારો રાજા-મહારાજાઓ ચાલી રહ્યા છે, એવો તે ભરત સેના તેમજ રાજા મહારાજાઓની તીવ્ર ચાલથી થતા સિંહનાદ જેવા અવ્યક્ત ધ્વનિથી તથા કલરવથી સમુદ્રની જેવા ધ્વનિને પ્રાપ્ત થયેલ ન હોય એવી ગુફાને મુખરિત- કરતો સિંધુ મહાનદીના પૂર્વ તટ ઉપર કે જ્યાં ઉન્મગ્ના નદી હતી ત્યાં આવ્યો. ત્યાં આવીને તેણે વર્દ્ધકિરત્નને બોલાવ્યો. વર્દ્ધકિરત્નને બોલાવીને કહ્યું તમે શીઘ્ર ઉન્મગ્ના અને નિમગ્ના નદીની ઉપર અનેક હજારો સ્તંભોવાળા. અચલ અકંપ તેમજ દૃઢ કવચની જેમ અભેદ્ય એવા બે પુલો તૈયાર કરો એ પુલોના ઉભયપાર્શ્વોમાં આલંબનો હોય કે જેથી તેમની ઉપર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થઈને પસાર થનાર કોઈપણ તે મહાનદીઓમાં પડે નહિ. એ બન્ને પુલો સર્વાત્માના રત્નમય હોય અથવા સરવ જાતિના રત્નો દ્વારા નિર્મિત હોય કે જેથી તેમની ઉપરથી સુખ પૂર્વક ગમન-આગમન થઈ શકે. વર્દ્ધકિરત્ને સ્વામીની આજ્ઞા સાંભળી તો તે અતીવ હર્ષિત તેમજ ચિત્તમાં આનંદિત થયો. યાવત્ અતીવ વિનમ્રતાથી તેણે પોતાના સ્વામી ની આજ્ઞા સ્વીકારી લીધી. તરત જ ઉન્મગ્ના અને નિમગ્ના નદીની ઉપર હજારો સ્તંભો વગેરેથી પૂર્વોક્ત વિશેષણથી યુક્ત એ બે રમણીય પુલો બનાવ્યા. ત્યાર બાદ ભરત રાજા પોતાના સંપૂર્ણ સૈન્યની સાથે ઉન્મગ્ના અને નિમગ્ના નદીઓને તેમના અનેક સ્તંભોવાળા પુલો ઉપર થઈને આનંદપૂર્વક પાર કરી ગયો. નદીઓને પાર કરીને પછી ગુહાની સમીપ આવ્યા ત્યાર તે તિમિસ્ત્ર ગુફાના ઉત્તર દિશાના દ્વારો પોતાની મેળે જ પોતાના સ્થાન પરથી સરકી ગયા

[૮૦] તે કાળમાં અને તે સમયમાં ઉત્તરાર્ધ ભરત ક્ષેત્રમાં અનેક આપાત નામક કિરાતો રહેતા હતા. એ કિરાત લોકો અનેક વિસ્તીર્ણ ભવનોવાળા હતા. અનેક વિસ્તૃત શયનો અને આસનોવાળા હતાં મોટા રથોના એઓ અધિપતિ હતા. અને અનેક ઉત્તમોત્તમ જાતિના મોટા-મોટા ઘોડાઓ એમની પાસે હતા. ગણિમ, ધરિમ, મેય અને પરિચ્છેદના ભેદથી ચાર પ્રકારના ધનથી તેઓ યુક્ત હતા, શ્રેષ્ઠ સુવર્ણ તેમજ ચાંદીના એ માલિક હતા. આયોગમાં ધનસંપત્તિ વગેરેની વૃદ્ધિમાં તેમજ અનેક કળાઓમાં એ લોકો વિશેષ પટુ હતા. એમને ત્યાં એટલા બધાં લોકો ભોજન કરતા હતા કે તેમના ઉચ્છિષ્ટમાં પ્રચુર માત્રામાં ભક્તપાન વધતું હતું. એમની પાસે ઘેર કામ કરનારાઓમાં અનેક દાસો તેમજ અનેક દાસીઓ હતી. અનેક ગાયો, મહીષીઓ એટલે ભેંસો હતી. અને ઘેટાઓ હતા. અનેક લોકો મળીને પણ એમને હરાવી શકતા નહોતા. એવા એ લોકો બળવાળા હતા. શૂર વીર વિક્રાંત સમર્થ હતા. એમની સેના અને ગવાદિ રૂપ બલવાહન દુઃખથી અનાકુળ હોવાથી અતિવિપુલ હતા. અતિ ભયાનક સંગ્રામોમાં, એમના હાથો પોતાના લક્ષ્ય પરથી કદાપિ વિચલિત થતા નહિ. એક વખતની વાત છે કે તે આપાત કિરાતોના દેશમાં ચક્રવર્તિના આગમન પહેલાં હજારો અશુભસૂચક નિમિત્ત પ્રકટ થવા લાગ્યા. અકાલ મેઘગર્જના થવી વિજળીઓ ચમકવી વૃક્ષો પુષ્પિત થવા, વારંવાર ભૂત-પ્રેતોનું નર્તન થવું જ્યારે તે આપાત કિરાતોએ પોતાના દેશમાં એ અનેક જાતના અશુભ સૂચક ઉત્પાતો થતા જોયા તો જોઈને તેમણે એક બીજાને બોલાવ્યા અને બોલાવીને પરસ્પર એવી રીતે કહેવા લાગ્યા કે હે દેવાનુપ્રિયો ! જુઓ, અમારા દેશમાં અનેક સૈંકડો ઉત્પાતો પ્રકટ થયા છે. કંઈ પણ ખબર નથી પડતી કે અમારા દેશમાં કઈ જાતનો ઉપદ્રવ થવાનો છે. આ પ્રમાણે કહીને તેઓ સર્વે અપહત મનઃ સંકલ્પવાળા થઈ ને વિમનસ્ક બની ગયા. અને રાજ્ય ભ્રંશ અને ધનાપહાર આદિની ચિંતાથી આકુલિત થઈને શોક સાગરમાં નિમગ્ન થઈ ગયા. તેમજ આર્તધ્યાન થઈ યુક્ત થઈને તેઓ પોત પોતાની હથેળીઓ ઉપર મોં રાખીને બેસી ગયા

ત્યાર બાદ તે ભરત રાજા કે જેનો આગળનો માર્ગ ચક્રરત્ન નિર્દિષ્ટ કરતું જાય છે યાવત્ જેની પાછળ પાછળ હજારો રાજાઓ ચાલી રહ્યા છે. તે તમિસ્ત્રા ગુફાના ઉત્તર દિશાના દ્વારથી મેઘકૃત અંધકારના સમૂહમાંથી ચન્દ્રમાની જેમ નીકળ્યો. તે આપાત કિરાતોએ ભરત રાજાની અગ્રાનીકને સૈન્યાગ્રભાગ ને - આવતો જોયો. જોઈને તેઓ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તરતજ ક્રુદ્ધ થઇ ગયા, રુષ્ટ તોષરહિત થઇ ગયા રોષથી યુક્ત થઈ ગયા. અને ક્રોધાવિષ્ટ થઈને લાલ પીળા થઇ ગયા. હે દેવાનુપ્રિયો એ અજ્ઞાતનામ ધારી કોઈ પુરુષ કે જે પોતાના મૃત્યુને આમંત્રી રહેલ છે દુરંત પ્રાન્ત લક્ષણોવાળો છે અને જેનો જન્મ હીન પુણ્યવાળી કૃષ્ણ પક્ષની ચતુર્દશીના દિવસે થયેલ છે તથા જે લજ્જા અને લક્ષ્મી થઈ હીન છે- પોતાના મૃત્યુની ચાહના કરી રહ્યો છે. અમે આવું કરીએ કે જેથી એની સેના દિશાઓમાં અદૃશ્ય થઈ જાય તેથી એ અમારા દેશ ઉપર આક્રમણ કરી શકે નહિ તેઓ સર્વે કવચો પહેરીને તૈયાર થઇ ગયા અને પોતપોતાના હાથોમાં તેમણે જ્યાનું આરોપણ કરીને ધનુષો હાથમાં લીધા ગ્રીવામાં ગ્રીવારક્ષક ગ્રૈવેયક પહેરી લીધું વીરાતિવીરતા સૂચક વિમલવર ચિહ્ન પટ મસ્તક પર ધારણ કર્યું તેમણે પોતાના હાથોમાં આયુધો અને પ્રહરણો લીધાં જ્યાં ભરત રાજાનો સૈન્યાગ્રભાગ હતો ત્યાં પહોંચીને તેમણે ભરતરાજાના અગ્રાનીક સાથે યુદ્ધ કરવાની શરૂઆત કરી. તે યુદ્ધમાં તેમણે ભરતનરેશની અગ્રાનીકના કેટલાક શ્રેષ્ઠ વીરોને મારી નાખ્યા. કેટલાક વીર યોદ્ધાઓ ઘવાયા અને કેટલાક વીર યોદ્ધાઓને આઘાત યુક્ત કરી દીધા તેમજ તેમની પ્રધાન ગરુડ ચિહ્નવાળી ધ્વજાઓ અને તેનાથી ભિન્ન સામાન્ય ધ્વજાઓને નષ્ટ કરી દીધી.

[૮૧-૮૩] જ્યારે સેનારૂપ બળના નેતા સુષેણ સેનાપતિએ ભરત રાજાના અગ્રાનીકને આપાત કિરાતો વડે હતમથિત પ્રવર વીર યુક્ત કે જેમાં અનેક યોદ્ધાઓ ઘવાયા છે- તેમ જોયું તે એકદમ ક્રુદ્ધ થઈ ગયો. તેને થોડો પણ સંતોષ રહ્યો નહિ. તેના સ્વભાવમાં રોષ ભરાઈ ગયો. આ પ્રમાણે તે કુપિત અને ક્રોધના અતિશય આવેશથી પ્રજ્વલિત થતો કમલામેલ નામક અશ્વરત્ન ઉપર સવાર થયો. એ શ્રેષ્ઠ એંસી અંગુલ ઊંચો હતો. એ અશ્વરત્નની મધ્ય પરિધિ નવ્વાણુ અંગુલ પ્રમાણવાળી હતી. એક સો આઠ અંગુલ જેટલી એમની લંબાઈ હતી. બત્રીસ અંગુલ પ્રમાણ એ અશ્વરત્નનું મસ્તક હતું. ચાર અંગુલ પ્રમાણ એના કર્ણ હતા. એની બાહા વીસ અંગુલ પ્રમાણ હતી. ચાર અંગુલ પ્રમાણ એનો જાનુભાગ હતો- સોળ અંગુલ પ્રમાણ એની જંઘા હતી ચાર અંગુલ ઉંચી એની ખરીઓ મુક્તોલએવી કોષ્ઠિકા જેવો એનો સારીરીતે ગોળ તેમ જ વલિત- એનો મધ્યભાગ હતો. તે અશ્વનો પૃષ્ઠભાગ હરિણીની જંઘાઓની જેમ ઉન્નત હતો અને બન્ને પાર્શ્વભાગોમાં વિસ્તૃત હતો તેમ જ ચરમ ભાગમાં સ્તબ્ધ હતો, સુદૃઢ હતો. એની ચાલ, એની ઉપર સવાર થયેલા ચક્રવર્તીના મન મુજબ જ થતી હતી. એના મુખની જે લગામ હતી તે સુવર્ણ નિર્મિત સ્થાસકોથી દર્પણાકારના અલંકારોથી યુક્ત હતી. એની તંગ રૂપ જે રાશ હતી તે રત્નમય હતી તેમજ વર કનકમય સુંદર પુષ્પોથી તથા સ્થાસકોથી અલંકાર વિશેષોથી વિચિત્ર હતી. કાંચન યુત મણિમય અને ફક્ત કનકમય એવાં પત્રકોના અનેક આભૂષણો મધ્યમાં જેમનામાં જડિત છે, એવા અનેક પ્રકારના ઘંટિકા જાલોથી તેમજ મૌક્તિક જાલોથી પરિમંડિત સુંદર પૃષ્ઠથી જે સુશોભિત છે. રત્નોમાં જેના અનેક મુખમંડલો પ્રતિબિંબિત થઈ રહ્યા છે, એથી તે અતીવ સોહામણો લાગી રહ્યો છે. કનકમય પદ્મથી જેના મુખ ઉપર સારી રીતે તિલક કરવામાં આવેલ છે. શ્રેષ્ઠ અશ્વ અનબ્રચારી હતો. એની બન્ને આંખો અસંકુચિત હતી. લક્ષ્મીના અભિષે કનું શારીરિક લક્ષણ એની નાસિકા ઉપર હતું. એના શરીરનો દરેકે દરેક અવયવ લાવણ્યના બિંદુઓથી યુક્ત હતો. સ્વામીના કાર્યમાં એ અશ્વ ચાંચલ્ય રહિત હતો, સ્થિર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતો તે ચાલતી વખતે પાણીમાં પણ ડૂબતો ન હતો અને કમળનાલ તંતુ તેની ગતિથી છિન્ન વિછિન્ન પણ થતા ન હોતા. પ્રશસ્ત દ્વાદશ આવર્તો થી એ યુક્ત હતો. તેમજ અશ્વશાસ્ત્ર પ્રસિદ્ધ વિશુદ્ધ લક્ષણોથી એ સહિત હતો સુંદર ચાલ ચાલતો હતો પોતાના વેગની અધિકતાથી એ અમર-દેવ, મન, પવન અને ગરુડના ગમન વેગને પણ જીતી લેતો હતો. આમ એ ચપળ અને શીઘ્રગામી હતો. ક્રોધના અભાવરૂપ ક્ષમાથી એ ઋષિવત્ હતો. એ કોઈને પણ લાત નહિ મારતો હતો અને મુખથી પણ કોઈને કરડતો ન હતો. તેમ જ પૂછથી પણ કોઈને એ મારતો ન હતો. એ અચંડપાતી હતો-દંડપાતી હતો, પ્રતિપક્ષીની સેના ઉપર દંડની જેમ આક્રમણ કરવાના સ્વભાવવાળો હતો એ અનશ્રુ પાતી હતો. દુર્દાંત શત્રુસેનાને જોઈને પણ એ કદાપિ રડતો ન હતો. અથવા માર્ગા-દિચલન જન્ય શ્રમથી પીડિત થઈને એ કદાપિ વ્યાકુળ થઈને રડતો ન હતો.

એનો તાલુભાગ કૃષ્ણતાથી વર્જિત હતો. એ સમયાનુસાર જ હણહણાટ કરતો હતો. એટલે કે એ નિદ્રાવિજિત નહોતો, પણ એણે જ નિદ્રાને આલસ્યને પોતાના વશમાં કરી લીધાં હતાં. એણે નિદ્રા જીતી લીધી હતી. શીત, આતપ વગેરે જન્ય કલેશોને એ તુચ્છ સમજતો હતો. મોગરાના પુષ્પ જેવી એના નાસિકા હતી. શુકના પાંખ જેવો એનો સોહામણો વર્ણ હતો. એ શરીરથી સુકોમળ હતો-તેમજ એ મનોભિરામ હતો.

એવા કમલા મેલક નામક અશ્વરત્ન ઉપર તે સુષેણ સેનાપતિ સવાર થયો. ઘોડા ઉપર સવાર થઈ ને સુષેણ સેનાપતિ નરપતિના હાથમાંથી અસિરત્નને લઈને જ્યાં આપાતકિરાતો હતા ત્યાં આવ્યો. અસિરત્નને સુષેણ સેનાપતિએ નરપતિના હાથ માંથી લીધું તે અસિરત્ન નીલોત્પલદલના જેવું શ્યામ હતું તેમજ જ્યારે તે ફેરવવામાં આવતું ત્યારે તે પોતાનાં વર્તુલિત તેજથી તે ચંદ્રમંડલના આકારની જેમ લાગતું હતું. એ અસિરત્ન શત્રુજનનું વિઘાતકહતું. એની મુંઠ કનકરત્નની બનેલી હતી. નવમલ્લિકાના પુષ્પ જેવી એની સુરભિસુસ હતી. એમાં અનેક મણિઓથી નિર્મિત લતાઓના ચિત્રો બનેલા હતાં. એથી એ સર્વને આશ્ચર્ય ચકિત કરતું હતું. એની ધાર શાણ ઉપર તેજ કરવામાં આવી હતી એથી એ ઘણી તીક્ષ્ણ અ ચમકદાર હતી. કેમકે શાણની રગડથી કિટ્ટિમા સાફ થઇ ગઈ હતી. એવું તે દિવ્ય અસિરત્ન હતું. સંસારમાં એક અનુપમેય માનવામાં આવેલ એ વંશ-વાંસ રૂકખ-વૃક્ષ, શ્રૃંગ-મહિષાદિકોના શિંગ, અસ્થિ-હાથી વગેરેના દાંત, કાલા યસ-ઈસ્પાત જેવું લોખંડ અને વરવજ એ સર્વેનું ભેદન કરે છે. યાવત્ એ સર્વત્ર અપ્રતિહત હોય છે. એની શક્તિ જ્યારે અમોઘ હોય છે. તો પછી જંગમ જીવો ની દેહોને વિદીર્ણ કરવામાં તો વાત જ શી કહેવી. એ તો તેમને સહેજમાંજ કાપી નાખે છે એ અસિરત્ન પચાસ અંગુલ લાંબુ હોય છે. અને ૧૬ અંગુલ જેટલું પહોળું હોય છે. તથા અર્ધા અંગુલ જેટલી એની જાડાઈ હોય છે આ પ્રમાણે એ પ્રમાણ ઉત્કૃષ્ટ રૂપથી અસિ તલવારત્નના સંબંધમાં કહેવામાં આવેલ છે. એવા એ અસિરત્નને નરપતિના હાથમાંથી લઈને તે સુષેણ સેનાપતિ જ્યાં આપાત કિરાતો હતા ત્યાં ગયો. ત્યાં જઈને તેણે આપાત કિરાતો સાથે યુદ્ધનો આરંભ કર્યો. યુદ્ધ આરંભ થયા બાદ તે સુષેણ સેના પતિએ તે આપાત કિરાતોને-કે જેમના અનેક પ્રવરવીર યોદ્ધાઓ હત-મથિત અને ઘાતિત થઈ ગયા છે, તેમજ જેમની ગરુડ વગેરેના ચિહ્નવાળી ધ્વજાઓ અને પતાકાઓ પૃથ્વી ઉપર પડી ગયાં છે અને જેમણે બહુ જ મુશ્કેલીથી પોતાના પ્રાણોની સ્વરક્ષા કરી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે-એક દિશામાંથી બીજી દિશામાં નસાડી મૂક્યા-

[૮૪] ત્યાર બાદ તે આપાત કિરાતો કે જેઓ સુષેણ સેનાપતિ થી ઘણાજ હત, મથિત, ઘાતિ પ્રવર યોધાઓ વાળા થઈ ચુક્યા હતા અને યુદ્ધ સ્થળ છોડીને પોતાના પ્રાણોની રક્ષા માટે નાસી ગયા હતા, એવા તેઓ ભયત્રસ્ત થઈ ગયા હતા. પ્રબળ આઘાતથી વ્યાપ્ત થઈ જવાથી સેનાપતિના પ્રબળ પરાક્રમને જોવાથી-ત્રસ્ત થઈ ગયા હતા. કાતર થઈ ગયા હતા. પ્રત્યંગમાં ઘાના પ્રહારો વ્યાપ્ત હતાં તેથી તેઓ પ્રહારો દ્વારા વ્યથિત થઈ ચૂક્યા હતા. હવે અમે એની સાથે યુદ્ધ નહિ કરીએ. આ જાતના નિશ્ચયવાળા થઈ જવાથી તેઓ ઉદ્વિગ્ન બની ગયા હતા, તેમની શારીરિક શક્તિ સંપૂર્ણપણે નાશ પામી હતી, એથી તેમનામાથી આત્મસમુત્પન્ન ઉલ્લાસ સમાપ્ત થઈ ચૂક્યો હતો. તેઓ પુરુષકાર અને પરાક્રમથી સાવ રહિત થઈ ચૂક્યો હતા. પરબળ સામે લડવું હવે સર્વથા અશક્ય છે એ વિચારથી તેઓ અનેક યોજનો સુધી દૂર નાસી ગયા નાસીને પછી તેઓ એક સ્થાને એકત્ર થઈ ગયા. અને એકત્ર થઈને પછી તેઓ સર્વે જ્યાં સિન્ધુ મહાનદી હતી ત્યાં આવ્યા. વાલુકાયમ સંસ્તારકોને બતાવીને પછી તેઓ સર્વે પોતપોતાના વાલુકામય સંસ્તારકો ઉપર બેસી ગયા. બેસીને ત્યાં તેમણે અષ્ટમ ભક્તની તપસ્યા ધારણા કરી. તે અષ્ટમભક્તની તપસ્યા ધારણ કરતા ત્રણ દિવસ સુધી અનાહાર અવસ્થામાં રહ્યા. અને તે તપસ્યામાં તેમણે જે તેમના મેઘમુખનામે કુળ દેવતા હતા તેમનું ધ્યાન કર્યું. ત્યારે તે મેઘમુખનામક નાગકુમાર દેવોના આસનો કંપાયમાન થયાં પોત પોતાનું અવધિજ્ઞાન સંપ્રયુક્ત કર્યું. અવધિજ્ઞાનથી આપાતકિરાતા ને જોયા. જોઈને તેમણે પછી પરસ્પર એક-બીજાને બોલાવ્યા. હે દેવાનુપ્રિયો ! સાંભળો, સર્વે તે આપાતકિરાતો પાસે જઈએ આ પ્રમાણે નિશ્ચય કરીને પછી તેઓ સર્વે ઉત્કૃષ્ટ ત્વરિત યાવત્ દિવ્ય દેવગતિથી ચાલતા-ચાલતા જ્યાં જંબૂદ્વીપ હતો અને તેમાં પણ જ્યાં ઉત્તરાર્દ્ધ ભરતક્ષેત્ર હતું અને તેમાં પણ જ્યાં સિંધુ નામક મહાનદી હતી ત્યાં આવ્યા. ત્યાં પહોંચીને આપાત કિરાતો ને આ પ્રમાણે કહ્યું-

અમે તમારા કુલદેવતા મેઘમુખ નામક નાગકુમાર દેવો તમારી સામે પ્રકટ થયા છીએ, બોલો, અમે તમારા માટે શું કરીએ. તમારો મનોરથ શો છે ? આ પ્રમાણેનું કથન આપાત કિરાતોએ મેઘમુખ નામક નાગકુમાર દેવોના મુખની સાંભળીને અને તે સંબંધમાં સારી રીતે નિશ્ચય કરીને તેઓ સર્વે અતીવ હર્ષિત તેમજ સંતુષ્ઠ થયા યાવત્ તેમનાં હૃદયો હર્ષાવેશથી ઉછળવા લાગ્યાં હે દેવાનુપ્રિયો ! એ કોણ છે ? કે જે અમારા વતન ઉપર બલાત્ આક્રમણ કરીને વગર મૃત્યુઓ પોતાને મૃત્યને આમંત્રણ આપી રહ્યા છે. આને તમે એવી રીતે દૂર નસાડી મૂકો કે જેથી એ અમારા વતન ઉપર ફરીથી બલાત્ આક્રમણ કરી શકે નહીં. મેઘમુખ નામક નાગકુમાર દેવોએ તેમને આ પ્રમાણે કહ્યું હે દેવાનુપ્રિયો ! એ ભરત નામે રાજા છે. એ પૂર્વ અપર અને દક્ષિણ એ ત્રણે સમુદ્રોને અને ચતુર્થ હિમવાન ને એ ચાર સીમા રૂપ અન્તોને વશમાં કરનાર છે. એથી એને ચાતુરન્ત ચક્રવર્તી કહેવામાં આવેલ છે. એની નિધાન આદિ રૂપ ઋદ્ધિ અતીવ વિપુળ છે. યાવત્ એ મહાસૌખ્ય ભોકતા છે. છતાંએ અમે તમારી પ્રીતિને વશ થઈને ભરત રાજાને ઉપસર્ગાન્વિત કરીશું. ત્યાં જઈને તેમણે વૈક્રિય સમુદ્ઘાત વડે પોતાના આત્મ પ્રદેશોને શરીરમાંથી બહાર કાઢ્યા. શરીરમાંથી બહાર કાઢીને પ્રસૃત કરેલા તે આત્મ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રદેશો વડે ગૃહીત પુદ્ગલોથી તેમણે અભ્રપટલની વિકુર્વણા કરી વિકુર્વણા કરીને પછી તેઓ જ્યાં ભરતનરેશનો સ્કન્ધાવાર નિવેશ હતો ત્યાં પહોંચ્યા. ત્યાં જઈને વિજય સ્કન્ધાવારના નિવેશની ઉપર ધીમેધીમે ગર્જના કરવા લાગ્યા. અને શીઘ્રતાથી ચમકવા લાગ્યા. વિદ્યુતની જેમ આચ રણ કરવા લાગ્યા. પછી તેઓ વિદ્યુતો ચમકાવી ને એકદમ શીઘ્રતાથી યુગ-મુસલ, તેમજ મુષ્ટિ પ્રમાણ પરિમિત ધારાઓથી સાત-દિવસ રાત સુધી પુષ્કલ પ્રમાણથી સંવર્તક મેઘાદિકોને વરસાવતા રહ્યા.

[૮૫-૮૯] જ્યારે ભરતરાજા એ પોતાના વિજય સ્કન્ધાવારના નિવેશ ઉપર, મુશલ તેમજ મુષ્ટિ પ્રમાણ પરિમિત ધારાઓથી સાત-દિવસ રાત સુધી વરસતા મેઘો ને જોયા તો જોઈને તેણે ચર્મરત્નને ઉપાડ્યું તેણે તે ચર્મરત્નને કંઈક અધિક બાર યોજન સુધી ત્રાંસા રૂપમાં વિસ્તૃત કરી દીધું ત્યારબાદ ભરતરાજા પોતાના સ્કન્ધાવાર રૂપ બલ સહિત તે ચર્મરત્ન ઉપર ચઢી ગયા અને ચઢીને પછી તેણે છત્રરત્નને ઉઠાવ્યું, એ છત્રરત્ન નવ્વાણુ હજાર કાંચના શલાકાઓથી પરિમંડિત હતું બહુ મુલ્યવાન હતું, એને જોયા બાદ વિપક્ષના ભટોના શસ્ત્રો ઉઠતા નથી. એવું એ અયોધ્ય હતું, નિર્વ્રણ હતું છિદ્રાદિ દોષોથી એ રહિત હતું સમસ્ત લક્ષણોથી યુક્ત હોવા બદલ એ સુપ્રશસ્ત હતું. વિશિષ્ટ લષ્ટ મનોહર હતું અથવા આટલું વિશાલ છત્ર દુર્વહ થઈ જવાથી એક દંડ દ્વારા ધારણ યોગ્ય ન હોતું એથી એ અનેક દંડવાળું હોવાથી એ વિશિષ્ટ લષ્ટ હતું. એમાં જે દંડો હતા અતિ સુપુષ્ટ હતા. અને સુવર્ણ નિર્મિત હતા. એ છત્ર ઉન્નત અને ગોળ હતું. એથી એનો આકાર ચાંદીથી નિર્મિત મૃદુગોળ કમળની કર્ણિકા જેવો હતો. એ વસ્તિ પ્રદેશોમાં જેમાં દંડ પરોવવામાં આવે છે. તે વસ્તિ પ્રદેશમાં અનેક શલાકાઓથી યુક્ત હોવાથી પાંજરા જેવું લાગતું હતું. એ છત્રમાં અનેક પ્રકારના ચિત્રોની રચના કરવામાં આવી હતી. એથી એ અતીવ સોહામણું લાગતું હતું. એમાં પૂર્ણ કળશાદિ રૂપ મંગળ વસ્તુઓના જે આકારો બનેલા છે તે ચંદ્રકાન્ત વગેરે મણિઓથી મુક્તાઓથી, પ્રવાલોથી, તપ્ત સંચામાંથી બહાર કાઢેલા સુવર્ણથી તેમજ શુકલ નીલ આદિ પાંચ વર્ણોથી તેમજ શાણ ઉપર ઘસીને દીપ્તિ શાલી બનાવેલા રત્નોથી બનાવેલા હતા. એમાં રત્નોની કિરણોની રચના કરવામાં કુશળ પુરુષોથી સ્થાન-સ્થાન ઉપર ક્રમશઃ રંગ ભરેલી હતો. રાજલક્ષ્મીના એની ઉપર ચિહ્નો અંકિત હતાં. આ પ્રમાણે એ ચારે ચાર ખૂણાઓમાં રક્ત-સુવર્ણ પટ્ટથી નિયોજિત કરવામાં આવેલું હતું. એથી એ અતીવ સૌન્દર્ય યુક્ત બનેલું હતું. શરત્કાલી વિમલ પ્રતિપૂર્ણ ચન્દ્રમંડળ જેવું એનું રૂપ હતું એનો સ્વાભાવિક વિસ્તાર નરેન્દ્રભરત વડે પ્રસૂત બન્ને હાથોની બરાબર હતો. સાધિક દ્વાદશયોજનનુ જે પ્રમાણ છત્રરત્ન વિષેકથન કરવામાં આવેલ છે તે કુમુદવન જેવું એ ધવલ હતું. સૂર્યતાપ, વાત અને વૃષ્ટિના દોષોનું એ વિનાશ કરનાર હતું ભરતે એને પૂર્વજન્મમાં આચરિત કરવામાં આવેલા તપોગુણના પ્રભાવથી ઉપલબ્ધ કરેલું છે. એને ધારણ કરનારને શીતકાળમાં ઉષ્ણ ઋતુની જેમ અને ઉષ્ણ ઋતુમાં શીત ઋતુની જેમ સુખ પ્રાપ્ત થાય છે, એવું એ પ્રધાન છત્રરત્ન અલ્પ પુણ્યોદય વાળા જીવાત્માઓને પ્રાપ્ત થતું નથી.એવું એ છત્રરત્ન વિમાનોમાં વાસ કરનાર દેવોને પણ અત્યંત દુર્લભ કહેવામાં આવેલ છે.

છત્રરત્નની રક્ષા કરનારા એક હજાર દેવો હોય છે. ભરત રાજાએ એ છત્રનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્પર્શ કર્યો કે તરત જ એ કંઈક વધારે ૧૨ યોજન સુધી વકાકારકમાં વિસ્તૃત થઈ ગયું આ પ્રમાણે ભરત રાજાએ જ્યારે પોતાના સ્કંધાવારની ઉપર છત્રરત્ન તાણી લીધું ત્યારે તેણે મણિરત્ન ને ઉઠાવ્યું. સંપૂર્ણ મણિરત્નને ઉઠાવીને તેણે તે મણિરત્નને વસ્તિ ભાગમાં-શલાકાઓના મધ્યમાં મૂકી દીધું. કેમકે ચર્મરત્ન અને છત્રરત્નને પરસ્પર મળવાથી તે સમયે સૂર્ય અને ચન્દ્રનો પ્રકાશ રોકાઈ ગયો હતો. ચક્રવર્તીની પાસે એક ગૃહપતિરત્ન હોય છે અને એ રત્નજ ચક્રવર્તીના વિશાળ સૈન્ય માટે ભોજ નાદિની સુવ્યવસ્થિત રીતે વ્યવસ્થા કરે છે. ગૃહપતિરત્ન અનતિવર હોય છે એના જેવું બીજું કોઈ પણ શ્રેષ્ઠ હોતું નથી એ રૂપમાં પણ અતીવ સુંદર હોય છે. એ અનેક જાતના અન્નેને પકાવે છે-ઉત્પન્ન કરે છે. જેમકે એ આ પ્રમાણે રત્નની એ વિશેષતા છે કે સવારે એ ચર્મરત્ન ઉપર અન્ન વાવવામાં આવે છે અને સંધ્યાકાળે તેની લણણી કરવામાં આવે છે અને તે ભોજન યોગ્ય થઈ જાય છે. જ્યારે ચર્મરત્ન અને છત્રરત્ન એ બન્ને રત્નોનું મિલાન થઇ ગયું ત્યારે તે ગૃહપતિરત્ને ભરત રાજા માંટે તે જ દિવસે વાવેલ અને તે જ દિવસે પકવીને તૈયાર થયેલા તેમજ લણણી કરવામાં આવેલા, સકલ ધાન્યોના હજારો કુંભો અર્પણ કરી દીધાં કુંભ ભોજન માટે સૈન્ય ને બીજી પણ જે વસ્તુઓ જોઈતી હતી તે વસ્તુઓને એ આપતું હતું. આ પ્રમાણે તે ભરત નરેશ તે વર્ષાના સમયમાં ચર્મરત્ન ઉપર બેઠેલો અને છત્રરત્નથી સુરક્ષિત થયેલો મણિરત્ન દ્વારા પ્રદત્ત ઉદ્યોતમાં સુખપૂર્વક સાત-દિવસ રાત્રિ સુધી રહ્યો. આટલા સમય સુધી ભરતને ન બુભુક્ષા એ સતાવ્યો, ન દીનતાએ સતાવ્યો; ન ભયે સતાવ્યો અને ન દુઃખે સતાવ્યો. અને એ પ્રમાણે ભરતની સેનાની પણ સ્થિતિ રહી.

[૯૦-૯૫] જ્યારે ભરત રાજાને ત્યાં રહેતાં-રહેતાં સાત દિવસ-અને રાત્રિઓ પૂરી થઈ ત્યારે તને એવો મનોગત સંકલ્પ ઉદ્દ્ભવ્યો. અરે ! એ કોણ પોતાની અકાળ મૃત્યુની ઈચ્છા કરનાર તેમજ દુરંત પ્રાન્ત લક્ષણો વાળો યાવત્ નિર્લજ્જ શોભા હીન માણસ છે કે જે મારી આ કુલ પરંપરાગત દિવ્ય દેવર્ધિ દિવ્ય દેવદ્યુતિ તેમજ દિવ્ય દેવાનુભાવ હોવા છતાં એ, મારી સેના ઉપર યુગ; મુસળ તેમજ મુષ્ટિ પ્રમાણ જળધારા ઓથી યાવત્ વૃષ્ટિ કરી રહેલ છે. આ જાતના મનોગત ઉદ્દ્ભુત થયેલા ભરત નરેશના સંકલ્પ ને જાણી ને ૧૬ હજાર દેવો-સંગ્રામ કરવા ઉદ્યત થઈ ગયા. ત્યારે તે દેવો સન્નદ્ધ બદ્ધવર્મિત કવચ યાવત્-ગૃહીત આયુધ પ્રહરણ વાળા થઈને જ્યાં તે મેઘમુખ નામે નાગ કુમાર દેવો હતા ત્યાં પહોંચ્યાં. ત્યાં પહોંચીને કહ્યું- હે મેઘમુખ નામિક નાગકુમાર દેવો ! અમને ખબર છે કે તમે હવે અલ્પકાળમાં જ મરણ પામશો. તમારા સર્વના આ લક્ષણો અભીષ્ટાર્થક સાધન નથી આમ સર્વથા તુચ્છ છે. આ પ્રમાણે આ જગતમાં અજેય તે ભરત રાજા ને જાણવા છતાંએ તમે તે રાજાની સેના ઉપર વૃષ્ટિ વરસાવી રહ્યા છો. તમે આ કામ વગર વિચાર્યે જ કર્યું છે. અમે તમને કેટલા પ્રમાણમાં તિરસ્કૃત કરીએ. હવે તમારી ભલાઈ એમાં જ છે કે તમે સર્વે આ સ્થાનથી પોતાના અપરાધની પશ્ચાત્તાપ પૂર્વક ક્ષમાયાચના કરતાં યથાશીઘ્ર અહીંથી પલાયન થઈ જાઓ. આ પ્રમાણે તે ૧૬ હજાર દેવો વડે ધિક્કૃત થયેલા તે મેઘમુખ નામક નાગકુમાર દેવો અતીવ ભય સંત્રસ્ત થઈ ગયા, વ્યથિ થઈ ગયા, અને સંજાતભય વાળા બની ગયા. એથી તેજ ક્ષણે તેમણે ઘન ઘટાઓને અપહૃત કરી લીધી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અપહૃત કરીને પછી તેઓ જ્યાં આપાત કિરાતો હતા ત્યાં ગયા. ત્યાં જઈને તેમણે આપાત કિરાતોને આ પ્રમાણે કહ્યું. હે દેવાનુપ્રિયો ! એ ભરત રાજા છે. એ મહર્દ્ધિક છે યાવત્ મહાસૌખ્ય સમ્પન્ન છે, એ ચાતુરન્ત ચક્રવર્તી છે. એ કોઈ પણ દેવ વડે યાવત્ કોઈ પણ દાનવ વડે અથવા શસ્ત્ર પ્રયોગ થી કે અગ્નિ પ્રયોગથી યાવત્ મન્ત્ર પ્રયોગથી એ ઉપદ્રવિત કરવામાં આવી શકતો નથી તેમજ એ નરેશને તમારા દેશ પરથી આક્રમણ કરતાં હઠાવી પણ શકાય નહિ અસાધ્ય હોવા છતાંએ અમે એ ભરત નરેશ ઉપર ઉપદ્રવ કર્યો તો હવે હે દેવાનુપ્રિયો ! તમે જાઓ અને સ્નાન કરો, બલિકર્મ સમ્પન્ન કરો તેમજ કૌતુક મંગળ પ્રાયશ્ચિત કરો. બહુમૂલ્ય શ્રેષ્ઠ રત્નોને લઇ ને તેમજ હાથ જોડીને ભરત રાજાની શરણમાં જાઓ. ત્યાં જઈને તમે સર્વ તેના પગોમાં પડી જાઓ. તે આપાત કિરાતો પોતાની મેળે ઉભા થયા. અને ઉભા થઇ ને તેમણે સ્નાન કર્યું. બલિકર્મ કર્યું અને કૌતુક મંગળ, પ્રાયશ્ચિત્ત કર્યા અને પછી તેઓ સર્વે જેમના અગ્રભાગોથી પાણી ટપકી રહ્યું છે એવાં અધોવસ્ત્ર પહેરીને જ, બહુ મૂલ્ય શ્રેષ્ઠ રત્નોને લઈ ને જ્યાં ભરત નરેશ હતો, ત્યાં આવ્યા. ત્યાં પહોંચીને તેમણે બન્ને હાથ જોડી ને અને તે હાથોની અંજલિને મસ્તક ઉપર ફેરવી ને જય વિજય શબ્દો વડે તેને વધામણિ આપી, અને વધામણી આપીને તેમણે બહુમૂલ્ય શ્રેષ્ઠ રત્નો ભેટના રૂપમાં તેની સમક્ષ મૂકી દીધાં. પછી તેમણે આ પ્રમાણે કહ્યું- હે વસુધર-ષટ્ખંડ વર્તિ દ્રવ્યતે જ ! અથવા હે તેજોધર ! હે ગુણધર ! ઔદાર્યશૌર્યાદિ ગુણધારક ! હે જયધર ! શત્રુઓવડે અધર્ષણીય ! શત્રુ વિજય કારક ! હે હ્રી, શ્રી-લક્ષ્મી, ધૃતિ સંતોષ, કીર્તિ યશના ધારક ! હે નરેન્દ્ર લક્ષણ સહસ્ત્ર ધારક ! -વિદ્યા, ધન, વગેરેની હજારો રેખાઓ ચિન્હોને ધારણા કરનાર ! આપશ્રી અમારા એ રાજ્યનું ચિરકાળ સુધી પાલન કરો, હે હયપતે ! હે ગજપતે ! હે નવનિધિપતે ! હે ભરત ક્ષેત્ર પ્રથમપતે ! હે દ્વાત્રિંશજજન પદ સહસ્ત્ર નરપતિ સ્વામિન્ ! આપશ્રી ચિરકાળ સુધી આ ધરાધામ ઉપર જીવિત રહો. હે પ્રથમ નરેશ્વર ! હે ઈશ્વર ઐશ્વર્યધર ! હે ચતુષ્ષષ્ઠી સહસ્ત્ર નારી હૃદયેશ્વર ! હે રત્નાધિષ્ઠાયક, માગધતીર્થાદિપાદિ દેવલક્ષેશ્વર ! હે ચતુર્દશ રત્નાધિપતે હે યશશ્વિન્ આપશ્રીએ પૂર્વ, પશ્ચિમ. દક્ષિણ સમુદ્ર સુધીના તેમજ ક્ષુદ્ર હિમાચલ સુધીના ઉત્તરાર્દ્ધ ભરતને-પરિપૂર્ણ ભરત ક્ષેત્ર ને-ભાવીમાં ભૂતવદુપચારનાં અપેક્ષાએ પોતાના વશમાં કરી લીધું છે. એથી હવે અમે સર્વે આપ દેવાનુપ્રિયના જ દેશવાસી થઇ ગયા. અમે આપશ્રીની પ્રજા થઈ ગયા છીએ. આપ દેવાનુપ્રિયની ૠદ્ધિ સમ્પત્, દ્યુતિ, પ્રભા-યશ-કીર્તિ, બળ, શારીરિક શક્તિ, વીર્ય આત્મશક્તિ, પુરૂષકાર પૌરૂષ અને પરાક્રમ વિક્રમ એ સર્વે અતીવ આશ્ચર્ય કારક છે. જેવો આપશ્રીનો પ્રભાવ છે. એ બધું આપશ્રીએ દેવધર્મના પ્રસાદ થી જ મેળવ્યું છે, પ્રાપ્ત કર્યું છે અને અભિ સમન્વાગત કર્યું છે. 'બીજાઓના મુખથી ગુણાતિશયની વાત સાંભળવાથી આશ્ચર્ય થાય છે પણ જ્યારે તે ગુણોના આગાર ને આંખો થી જોઈ એ ત્યારે અસીમ આશ્ચર્ય થાય છે. હે દેવાનુપ્રિય ! અમારા થયેલ અપરાધ બદલ અમે સર્વ આપ શ્રી પાસેથી ક્ષમા યાચીએ છીએ. અમને ભારે પશ્ચાત્તાપ થઈ રહ્યો છે. અમારી બાળ ચેષ્ટાઓને આપ દેવાનુપ્રિય ક્ષમા કરો આપ દેવાનુપ્રિય ! અમને ક્ષમા કરવા યોગ્ય છો. હવે પછી ભવિષ્યમાં અમે આમ નહિ કરીએ હે દેવાનુપ્રિયો ! હવે તમે સર્વ પોત-પોતાના સ્થાને પ્રયાણ કરો. તમે બધા મારી બાહુ છાયાથી પરિગૃહીત થઇ ચૂક્યા છો. હવે નિર્ભય થઈને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમ જ ઉદ્વેગ રહિત થઇને સુખપૂર્વક રહો. તમને હવે કોઈનો પણ ભય નથી. ત્યાર બાદ ભરત રાજાએ સુષેણ સેનાપતિ ને બોલાવીને આ પ્રમાણે કહ્યું- હે દેવાનુપ્રિય ! હવે તમે પૂર્વસાધિત નિષ્કુટની અપેક્ષા દ્વિતીય સિન્ધુ મહાનદીના પશ્ચિમભાગવર્તી કોણમાં સ્થિત ભરતક્ષેત્રમાં જાઓ. એ ક્ષેત્ર સિંધુ નદી પશ્ચિમ દિગ્વર્તી સમુદ્ર તથા ઉત્તરમાં ક્ષુલ્લક હિમવંત ગિરિ અને દક્ષિણમાં વૈતાઢ્ય ગિરિ એમનાથી સંવિભક્ત થયેલ છે. અને ત્યાં સમભૂમિભાગવર્તી તેમજ દુર્ગભૂમિ ભાગવર્તી જે અવાન્તર ક્ષેત્ર ખંડરૂપ નિષ્કુટ છે ત્યાં વિજય પ્રાપ્ત કરી અમારી આજ્ઞા ત્યાં સ્થાપિત કરો. આમ કરીને બહુમૂલ્ય શ્રેષ્ઠ રત્નોને-પોતપોતાની જાતિમાં શ્રેષ્ઠ-ઉત્કૃષ્ટ વસ્તુઓને ભેટ રૂપમાં સ્વી કાર કરો.

[૯૬-૧૦૦] આ પ્રમાણે ઉત્તર દિગ્વર્તી નિષ્કુટો ઉપર વિજય મેળવ્યા બાદ દિવ્ય ચક્રરત્ન કોઇ એક વખતે આયુધ ગૃહશાળામાંથી બહાર નીકળ્યું અને બહાર નીકળીને તે આકાશ પ્રદેશથી જ એટલે કે અદ્ધર રહીને જ યાવત્ ઉત્તર-પૂર્વ દિશામાં-ઈશાન વિદિશામાં-ક્ષુદ્ર હિમવત્ પર્વતની તરફ ચાલ્યું. ક્ષુદ્ર હિમવંત પર્વત તરફ પ્રયાણ કરતાં તે દિવ્યચક્રરત્નને જોઇને ભરત રાજાએ કૌટુંબિક પુરૂષોને બોલાવ્યા અને તેમને આજ્ઞા આપી-તમે હસ્તિરત્નને તૈયાર કરો સેના તૈયાર કરો, ઈત્યાદિ બધું કથન જાણી લેવું જોઈએ. ભરત નરેશ ઉત્તર દિશા તરફ પ્રયાણ કરતો જ્યાં ક્ષુદ્ર હિમવાત્ પર્વત હતો ત્યાં પહોંચ્યો. અશ્વરથનો અગ્ર ભાગ જ્યારે ક્ષુદ્ર હિમવત્પર્વતને ત્રણ વાર અથડાયો ત્યારે તેણે વેગથી ચાલતા ત્યારે ઘોડાઓનેરોક્યા.ચારેઘોડાઓને થંભાવીને માગધતીર્થાધિકારમાં કહ્યા મુજબ તેણે પોતાના ધનુષ ને હાથમાં લીધું. બાણ હાથમાં લીધું, બાણ ને ધનુષ ઉપર સ્થાપિત કર્યું અને પછી ધનુષ ઉપર આરોપિત કરીને તે ઉદાર ઉદ્ભટ ધનુષ કાન સુધી ખેંચી આમ કરીને તેણે પોતાના બાણને ઉપર આકાશમાં છોડ્યું કેમકે ત્યાંજ ક્ષુદ્ર હિમવદ્ગિરિ કુમારનો આવાસ હતો. જે સમયે ભરત રાજાએ બાણ છોડ્યું તે સમયે તેણે મલ્લ ની જેમ પોતાની કચ્છા ને સારી રીતે બાંધી લીધી. કમરને પણ સારી રીતે કસીને બાંધી લીધી તેણે કૌશેય વસ્ત્ર ધારણ કરેલું હતું. તે વસ્ત્ર સમુદ્રમાંથી પ્રવાહિત થતા વાયુથી મંદ-મંદ રૂપે કંપિત થઈ રહ્યું હતું. એથી ધનુષધારી તે રાજા, એમ લાગતો હતો કે જાણે સાક્ષાત્ ઈન્દ્ર જ ત્યાં ઉપસ્થિત થયો ન હોય ઉપર આકાશમાં ભરત રાજા વડે મુક્ત તે બાણ શીઘ્ર ૭૨ યોજન સુધી જઈને ક્ષુદ્ર હિમવન્ત કુમાર દેવના સ્થાનની સીમામાં પડ્યુ. જ્યારે તે ક્ષુદ્ર હિમવન્ત ગિરિ કુમારે બાણ ને પોતાની સીમામાં પડેલું જોયું તો તે એકદમ ક્રોધથી રાતો ચોળ થઈ ગયો. રુષ્ટ થઈ ગયો. યાવત્ શબ્દ બાણ ઉપર લખેલા નામને તેણે વાંચ્યું. ત્યારબાદ તેણે ભરતરાજા ને ભેંટમાં અર્પિત કરવા માટે સર્વૌષધિઓને ફળપાકાન્ત વનસ્પતિ વિશેષોને કે જે રાજ્યાભિષે કાદિ વિધિઓ માટે આવશ્યક હોય છે. કલ્પવૃક્ષના પુષ્પોની માળાને, ગોશીર્ષ ચન્દનને, કટકોને, યાવત્ પદ્હદના જળ ને સાથે લીધાં. અને લઇ ને તે પોતાની સુપ્રસિદ્ધ દેવ ગતિથી ભરત રાજા પાસે જવા રવાના થયો. યાવત્ સત્કાર તથા સન્માન કરીને તે ભરતેન્દ્ર. રાજા તેને વિસર્જિત કરી દે છે.

ભરત મહારાજાએ ઘોડાઓ ને ઊભા રાખ્યાં. દક્ષિણ પાર્શ્વસ્થ ઘોડાઓને ખેંચ્યા અને વામપાર્શ્વસ્થ ઘોડાઓને આગળ કર્યાં. આ પ્રમાણે કરીને તેણે રથને પાછો ફેરવ્યો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રથને પાછો ફેરવીને તે ભરત નરેશ જ્યાં ઋષભકૂટ હતો ત્યાં ગયો. ત્યાં પહોંચીને તેણે ઋષભકૂટ પર્વતનો રથના અગ્ર ભાગથી ત્રણ વખત સ્પર્શ કર્યો ત્રણ વખત સ્પર્શ કરીને પછી તેણે ઘોડાઓને ઊભા રાખ્યા. રથ ઊભો રાખીને તેણે કાકણી રત્નને હાથમાં લીધું.વિશિષ્ટ કાકણી રત્નને લઈને તેણે ઋષભકૂટ પર્વતના પૂર્વભાગવર્તી કટક ઉપર મધ્ય ભાગમાં-પોતાનું નામ લખ્યું- એ અવસર્પિણી કાળના તૃતીય આરકના પશ્ચિમ ભાગમાં હું ભરત નામે ચક્રવર્તી થયો છું. અને હું જ અહીં ભરતક્ષેત્રમાં કર્મભૂમિના પ્રારંભમાં સર્વપ્રથમ રાજા થયો છું, સામન્ત વગેરેમાં હું ઈન્દ્ર જેવો છું, મારો કોઈ શત્રુ નથી, ષટ્ ખંડ મંડિત આ ભરતક્ષેત્રમાં મારૂં અખંડ સામ્રાજ્ય સ્થપાઈ ચૂક્યું છે. આ પ્રમાણે તેણે પરિચયાત્મક પોતાનું નામ લખ્યું. નામ લખીને પછી તેણે ત્યાંથી પોતાના રથને પાછો વાળ્યો. રથને પાછો વાળીને પછી તે જ્યાં વિજય સ્કંધાવારનો પડાવ હતો અને તેમાં પણ જ્યાં બાહ્ય ઉપસ્થાનશાળા હતી ત્યાં આવ્યો. ત્યાં આવીને તેણે યાવત્ ક્ષુદ્ર હિમવંત ગિરિકુમાર નામક દેવના વિજયોપલક્ષ્યમાં આઠ દિવસ સુધી મહા મહોત્સવ ઉજવ્યો. જ્યારે આઠ દિવસનો મહામહોત્સવ સમાપ્ત થઈ ગયો ત્યારે તે ચક્રરત્ન આયુધ શાળામાંથી બહાર નીકળ્યું અહીં તે ચક્રરત્ન દક્ષિણ દિશા તરફ વૈતાઢ્ય તરફ રવાના થયું.

[૧૦૧-૧૦૩] ત્યાર બાદ જ્યારે ભરત રાજાએ તે દિવ્ય ચક્રરત્નને યાવત્ દક્ષિણ દિશામાં વૈતાઢ્ય ગિરિ તરફ જતું જોયું તો જોઈને તે બહુ જ હૃષ્ટ તેમજ તુષ્ટ ચિત્તવાળો થયો. ત્યાર બાદ જ્યાં વૈતાઢ્ય પર્વતનો ઉત્તર દિશા તરફ નો નિતંબ હતો-અધો ભાગ હતો, ત્યાં તે આવ્યો. ત્યાં આવીને તેણે વૈતાઢ્ય પર્વતના ઉત્તર દિગ્વર્તી નિતંબ ઉપર ગિરિ સમીપ-અધઃ પ્રાન્ત માં-દ્વાદશયોજન જેટલી લંબાઈ વાળા અને નવયોજન પ્રમાણ-વાળા શ્રેષ્ટ નગર જેવા પોતાના સ્કન્ધાવારનો પડાવ નાખ્યો પછી પૌષધશાળામાં શ્રી મહારાજ ભરત નરેશે કર્યો. પૌષધશાળામાં પ્રવિષ્ટ થઈ ને તે ભરત રાજાએ શ્રીઋષભ દેવસ્વામીના મહાસામન્ત કચ્છના પુત્ર તેમજ વિદ્યાધરોના રાજા એવા નમિ અને વિનમિને પોતાના વશમાં કરવા માટે અષ્ટમભક્તની તપસ્યા ધારણ કરી. અષ્ટમ ભક્તની તપસ્યા ધારણ કરીને પૌષધશાળામાં યાવત્ પદ ગૃહીત પદ ગૃહીત તે ભરત રાજા કુશના આસન ઉપર ઉપવિષ્ટ થઈ ગયા સમસ્ત ભૂષણ અને અલંકારોનો તેમણે પરિત્યાગ કર્યો. તેઓ બ્રહ્મચારી બની ગયા ઈત્યાદિ પૂર્વોક્ત સમસ્ત વિશેષણોથી વિશિષ્ટ થયેલા તે ભરત રાજાએ નમિ- વિનમિ રાજાઓને કે જેઓ વિદ્યાધરોના સ્વામી હતા તેમને કેવી રીતે વશમાં કરી શકાય ? કેમ કે તેમની ઉપર બાણ વગેરે શસ્ત્રોનો પ્રયોગ કરી તેમને હણવા, તે ક્ષત્રિયો ચિત ધર્મ નથી એથી સિન્ધુ વગેરે દેવીઓની જેમજ એ બન્ને ને પોતાના વશમાં કરવા માટે જે સાધનોનો ઉપયોગ થઈ શકે તેમાં પ્રવૃત્ત થયા. શ્રીભરતમહારાજાની અષ્ટમ ભક્ત ની તપસ્યા જ્યારે પૂરી. થવા આવી ત્યારે નમિ અને વિનમિ બન્ને વિદ્યાધર રાજાઓ દિવ્યાનુભાવજનિત હોવાથી દિવ્ય એવા પોતાના જ્ઞાન વડે પ્રેરિત થઈ ને પરસ્પર એક-બીજાની પાસે આવ્યા. હે દેવાનુપ્રિયો ! જંબૂદ્વીપ નામક દ્વીપમાં ભરતક્ષેત્રમાં ચાતુરન્ત ચક્રવર્તી ભરત નામે, રાજા ઉત્પન્ન થાય છે તો આપણો એ આચાર છે અતીત, વર્તમાન અને અનાગત વિદ્યાધર રાજાઓનો કે તેઓ ચક્રવર્તીઓ માટે ભેટ રૂપમાં રત્નાદિક પ્રદાન કરે તો હે દેવાનુપ્રિય, ચાલો, અમે લોકો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ ભરત મહારાજા માટે ભેટ અર્પિએ.

આ પ્રમાણે પરસ્પર વિચારવિનિમય કરીને ઉત્તર શ્રેણીના અધિપતિ વિનમીએ સુભદ્રા નામક સ્ત્રીરત્ન પ્રદાન કર્યું અને દક્ષિણ શ્રેણીના અધિપતિ નમિએ રત્નના કટક અને ત્રુટિકો પ્રદાન કર્યાં તે સુભદ્રા નામક સ્ત્રી-રત્ન માન ઉન્માન અને પ્રમાણથી યુક્ત હતું. તેમજ તે સુભદ્રા સ્ત્રી- રત્ન તેજસ્વી હતું તે વિલક્ષણ તેજથી સમ્પન્ન હતું. છત્રાદિ પ્રશસ્તલક્ષણોથી તે યુક્ત હતું. સ્થિર યૌવનવાળું હતું. વાળની જેમ એના નખો અવ ર્ધિષ્ણુ હતાં એના સ્પર્શમાત્રથી જ સમસ્ત રોગો નાશ પામતા હતા. તે બળબુદ્ધિ કરનાર હતું, બીજી સ્ત્રીઓની જેમ તે સુભદ્રા પોતાના ઉપભોક્તા પુરૂષના બળને ક્ષય કરનાર ન હોતી. શીત કાળમાં તે સુભદ્રારત્ન ઉષ્ણ સ્પર્શવાળું રહેતું હતું અને ઉષ્ણકાળમાં એ શીતસ્પર્શ વાળું થઇ જતું હતું. તેમજ મધ્યમ ૠતુમાં એ મધ્યમ સ્પર્શવાળું થઇ જતું. સુભદ્રા સ્ત્રી રત્ન મધ્યમાં-કટિ ભાગમાં ઉદરમાં અને શરીરમાં એ ત્રણ સ્થાનો માં કૃશ હતું. ત્રણ સ્થાનોમાં નેત્રના પ્રાન્ત ભાગોમાં, અધરોષ્ઠમો તેમજ યોનિસ્થાનમાં એ લાલ હતું. તે ત્રિવલિ યુક્ત હતું. ત્રણ સ્થાનોમાં-સ્તન જઘન અને યોનિ રૂપ સ્થાનોમાં તે ઉન્નત હતું. ત્રણ સ્થાનોમાં નાભિમાં સત્ત્વમાં અને સ્વરમાં એ ગંભીર હતું. ત્રણ સ્થાનોમાં રોમારાજી, ચુચુક અને કનીનિકામાં એ કૃષ્ણવર્ણોપેત હતું, ત્રણ સ્થાનોમાં દન્ત, સ્મિત અને ચક્ષુ રૂપ સ્થાનોમાં એ શ્વેતવર્ણોપેત હતું. ત્રણ સ્થાનોમાં વેણી, બાહુલતા અને લોચન રૂપ સ્થાનોમાં એ લંબાઇ યુક્ત હતું. તેમજ ત્રણ સ્થાનો માં શ્રેણિચક્ર જઘનસ્થલી અને નિતંબ એ સ્થાનોમાં એ પહોળાઇયુક્ત હતું. સમચતુરસ્ત્ર વાળું હોવાથી એ સુભદ્રારત્ન સમશરીર વાળું હતું.

ભરત ક્ષેત્રમાં એ રત્ન સમસ્ત મહિલાઓની વચ્ચે પ્રધાન રત્ન હતું. એના સ્તનો, જઘન અને કરદ્વય એ સર્વે સુંદર હતાં. બન્ને ચરણો ખૂબજ મનોજ્ઞ હતા. બન્ને નેત્રો અતીવ આકર્ષક હતા. મસ્તકના વાળ અને દંત પંકિત દૃષ્ટ પુરુષના ચિત્તને આનંદ આપનારાં હતાં. આ પ્રમાણે એ સુભદ્રારત્ન અતીવ મનોહર હતું. એનો સુંદર વેષ પ્રથમ રસ રૂપ શ્રૃંગારનું ઘર હતું યાવત્ સંગત લોક વ્યવહારમાં એ સુભદ્રારત્ન અતીવ કુશળતા પૂર્ણ હતું. એ સુભદ્રા સ્ત્રીરત્ન રૂપમાં દેવાંગનાઓના સૌંદર્યનું અનુકરણ કરનાર હતું. એવા વિશેષણોથી વિશિષ્ટ તેમજ ભદ્ર-કલ્યાણકારી યૌવનમાં સ્થિત એવા સ્ત્રી-રત્નરૂપ સુભદ્રારત્નને વિનમિએ સાથે લીધું અને નમિએ અંક રત્નોને, કટકોને અને ત્રુટિકોને લીધાં. લઈને પછી તેઓ જ્યાં ભરત રાજા હતા પહોંચીને તેઓ નીચે ઉતર્યા નહીં પણ આકાશમાં જ સ્થિર રહ્યાં. ભરત મહારાજાને જય-વિજય શબ્દોથી વધામણી આવી. હે દેવાનુપ્રિય ! આપ શ્રીએ વિજય પ્રાપ્ત કર્યો છે. વિનમિએ સ્ત્રી-રત્ન અને નમિએ રત્નાદિકો ભરત રાજા ને ભેટમાં આપ્યાં. ભેટ આપવાની સાથે-સાથે તેમણે "અમે બન્ને ક્ષુદ્રહિમવત્પર્વતની સીમામાં આવેલા ઉત્તર શ્રેણિના અધિપતિ વિનમિ અને નમિ વિદ્યાધરાધિપતિઓ છીએ અને હવે અમે આપશ્રીના દેશના જ નિવાસીઓ થઇ ગયા છીએ. "આ પ્રમાણે પોતાની ઓળખાણ આ પ્રમાણે તેમના વડે ભેટમાં સ્ત્રીરત્ન તેમજ રત્નાદિક ને સ્વીકારી ને ભરત મહારાજાએ તેઓ બન્નેનો સત્કાર કર્યો અને તેઓ બન્નેનું સન્માન કર્યું. ત્યાર બાદ બન્નેને પોત-પોતાના સ્થાને જવાનો રાજા એ આદેશ આપ્યો. ભરત રાજા પૌષધ શાળા માંથી બહાર નીકળ્યો. બહાર નીકળી ને તે


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજા સ્નાન ઘરમાં ગયો. ત્યાં પહોંચીને તેમણે સ્નાન કર્યું. ભોજન મંડપમાં ગયા. ત્યાં તેમણે પારણા કર્યા. નમિ વિનમિ વિદ્યાધર રાજાઓ ઉપર વિજય મેળવ્યો તે વિજ્યોપલક્ષ્યમાં આઠ દિવસ સુધી ઠાઠ માઠથી મહોત્સવ કર્યો અને તે મહોત્સવ પૂર્ણ રૂપે સંપાદિત થયો છે એની સૂચના રાજાને આપી ત્યાર બાદ તે ચક્રરત્ન આયુધગૃહ શાળામાંથી બહાર નીકળ્યું. અને યાવત્ તે ઈશાન દિશામાં ગંગા દેવીના ભવનની તરફ રવાના થયું જોઈએ. ગંગાદેવીએ ભરત નરેશ માટે ભેટમાં ૧૦૦૮ કુંભો જેઓ રત્નોની વિચિત્ર પ્રતીત થતા હતા, આવ્યા તેમજ અનેક માણિઓથી, કનક તથા રત્નોથી જેમનામાં રચના થઈ રહી છે, એવા બે કનક સિંહાસનો આવ્યાં. શેષ સર્વ કથન પ્રાભૃત (ભેટ) સ્વીકાર કરવી, સન્માન કરવું વગેરે છે તે સર્વ આઠ દિવસ મહોત્સવ સુધીનું કથન પહેલાં પ્રકટ કરવામાં આવ્યું છે અહીં પણ તે પ્રમાણે જ સમજી લેવું જોઈએ.

[૧૦૪] જ્યારે ગંગાદેવીના વિજ્યોપલક્ષ્યમાં આયોજિત આઠ દિવસ નો મહોત્સવ સમાપ્ત થઈ ચૂક્યો ત્યારે તે દિવ્ય ચક્રરત્ન બહાર નીકળ્યું. અને નીકળીને તે યાવત્ ગંગા મહાનદીના પશ્ચિમ કૂલ પર થઈ ને દક્ષિણ દિશામાં ખંડ પ્રપાત ગુહા તરફ ચાલવા લાગ્યું. જ્યારે ભરત રાજાએ ચક્રરત્નને ખંડ પ્રપાત ગુહા તરફ જતું જોયું તો તે પણ જ્યાં ખંડ પ્રપાત નામક ગુફા હતી તે તરફ પહોંચ્યો. ત્યાં પહોંચીને તેણે જે કાર્યો ત્યાં કર્યા તે વિષે કૃતમાલક દેવની વક્તવ્યતમાં જેમ વર્ણવવામાં આવેલ છે. તેમ અહીં પણ જાણી લેવું જોઈએ. જ્યારે નટ્ય માલક દેવના વિજ્યોપલક્ષ્યમાં આયોજિત આઠ દિવસ સુધીનો મહોત્સવ સંપૂર્ણ થઈ ચૂક્યો ત્યારે ભરત રાજાએ પોતાના સુષેણ નામક સેનાપતિ ને બોલાવ્યો. બોલાવી ને તેણે જે કંઈ તે સેનાપતિ ને કહ્યું તે બધું સિંધુ નદીના પ્રકરણમાં જેમ કહેવામાં આવ્યું છે તેવું જ અત્રે પણ સમજવું ગંગાના નિષ્કુટને જીત્યા પછી કોઈ એક વખતે ભરત મહારાજાએ સુષેણ સેનાપતિને બોલાવ્યો. બોલાવીને તેને આ પ્રમાણે હે દેવાનુપ્રિય ! તમે ત્વરાથી જાઓ અને ખંડપ્રપાત ગુહાના ઉત્તર દિગ્વર્તી દ્વારના કમાડો ખોલો. જેવું કથન તમિસ્ત્રા ગુફાના સંબંધમાં કહેવામાં આવ્યું છે, તેવું જ કથન અત્રે ખંડપ્રપાત ગુફાના સંબંધમાં પણ તમારું કલ્યાણ થાઓ અહીં સુધી સમજી લેવું જોઈએ. તે ખંડ પ્રપાત ગુફાના બહુ મધ્ય દેશ ભાગમાં યાવત્-બરાબર એ જ સ્થાન પર ઉન્મગ્ના અને નિમગ્ના નામક બે મહાનદીઓ વહે છે. એ નદીઓનું સ્વરૂપ તમિસ્ત્રા એ જ નામની નદીઓ જેવું જ છે. એ બન્ને નદીઓના આયામ-વિસ્તાર, ઉદ્વેધ અન્તર વગેરે સર્વ કથન તમિસ્ત્રા ગુહાગત પૂર્વોક્ત નદી દ્વય જેવું જ છે. ત્યારબાદ ચક્ર રત્ન જેને ગન્તવ્ય માર્ગ પ્રકટ કરી રહ્યું છે. એવોતે ભરત નરેશ યાવત્ ખંડ પ્રપાત ગુફાના દક્ષિણ દ્વારાથી પસાર થઈને ચન્દ્રની જેમ અંધકાર સમૂહમાંથી નીકળ્યો.

[૧૦૫-૧૨૦] ગુફામાંથી નીકળ્યા બાદ ભરતરાજાએ ગંગા મહાનદીના પશ્ચિમ દિગ્વર્તી તટ પર બાર યોજન પ્રમાણ લાંબી અને ૯ યોજન પ્રમાણ પહોળી એથી જ એક સુંદર નગર જેવી સુશોભિત દેખાતી વિજય સેનાનો નિવાસ પડાવ નાખ્યો. અહીંથી આગળનું બધું કથન જેમ માગધતીર્થના પ્રકરણમાં સ્પષ્ટ કરવામાં આવેલ છે, તેવું જ પૌષધશાળામાં દર્ભના આસન ઉપર બેસવા સુધીનું અહીં જાણી લેવું જોઈએ. તે અષ્ટમભક્ત તપસ્યામાં તે ભરત નરેશે ૯ નિધિઓનું અને ૧૪ રત્નોનું પોતાના મનમાં ધ્યાન શરૂ કર્યું આજ અહીં તે ભરત મહારાજાની પામે અપરિમિત રક્તવર્ણના, કૃષ્ણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વર્ણના, નીલવર્ણના, પીતવર્ણના, શુક્લ વર્ણના અને હરિત વર્ણના વગેરે અનેક વર્ણના રત્નોવાળી તેમજ જેમનો યશ લોકમાં વ્યાપ્ત થઈ રહ્યો છે એવા ૯ નિધિઓ પોત પોતાના અધિષ્ઠાયક દેવો સહિત ઉપસ્થિત થયા. તે નવ નિધિઓ ના નામો આ પ્રમાણે છે નૈસર્પિનિધિ- પાંડુનિધિ પિંગલક નિધિ સર્વરત્નનિધિ મહાપદ્મનિધિ કાલનિધિ મહા કાલ નિધિ માણવકનિધિ શંખનિધિ, નૈસર્પ નામક નિધિમાં ગ્રામ આકર, નગર, પટ્ટણ, દ્રોણમુખ, મડંબ, સ્કન્ધાવરા, આપણ અને ભવન એમની સ્થાપના વિધિ રહે છે સંખ્યા પ્રધાન હોવાથી વ્યવહર્તવ્ય દીનાર વગેરેનું અથવા નારિકેલ વગેરેનું તેમજ પરીક્ષ્ય મૌક્તિકાદિનું કથન તેમજ માન-સેતિકા આદિ રૂપ તોલનું તેમજ એ તોલના વિષયભૂત પદાર્થનું ઉન્માન, તુલા કર્ષ-તોલા એમનું અને એમના વડે જે તોલવામાં આવે છે એવા જે પદાર્થો છે તેમનું તથા ધાન્ય શાલિ વગેરે અને બીજનું આ પ્રમાણે એ સર્વની માપવા તોલવાની વિધિનું પરિમાણ બીજા નિધિમાં રહે છે. સર્વ પ્રકારના પુરુષોનાસ્ત્રીઓના, ઘોડાઓના અને હાથીઓના આભરણોની વિધિ એ ત્રીજી પિંગલ નિધિમાં રહેલી છે. સર્વ રત્ન નામક નીધીમાં ચતુર્દશરત્નો કે જે ચક્રવર્તી ને પ્રાપ્ત હોય છે તે ઉત્પન્ન થાય

એ ૧૪ રત્નોમાં સાત રત્નો-ચક્રરત્ન, દંડરત્ન, અસિરત્ન, છત્રરત્ન, ચર્મરત્ન, મણિરત્ન અને કાકણી રત્ન એ બધા રત્નો એકેન્દ્રિય હોય છે. અને એમના, સિવાય સેનાપતિ ગાથાપતિ, વર્દ્ધકી, પુરોહિત, અશ્વ, હસ્તિ અને સ્ત્રી એ સાત રત્નો પંચેન્દ્રિય હોય છે. એ મહાપદ્મનામક પાંચમી નિધિમાં સર્વ પ્રકારના વસ્ત્રોની ઉત્પત્તિ તેમજ વસ્ત્રગત સમસ્ત રચનાઓની રંગોની અને વસ્ત્રોવિગેરેને ધોવાની વિધિ નિષ્પન્ન હોય છે. કેમ કે એ મહાપદ્મનિધિ શુકલ-રક્ત વગેરે ગુણોથી યુક્ત હોય છે. એથી આ નિધિ વસ્ત્રોને ભિન્નભિન્ન પ્રકારના રંગોથી રંગવા તેમજ તેમને પ્રક્ષાલિત કરવાં ૮૪ લાખહાથી ઓના અને ઘોડાઓના તથા ૯૬ કરોડ મનુષ્યોના વસ્ત્રને બનાવીને તેમને અર્પવા, એ બધું કામ એ નિધિનું છે. એ કાલ નામક છટ્ઠી નિધિમાં સમસ્ત જ્યોતિષઃ-શાસ્ત્રાનુબન્ધી જ્ઞાન તીર્થંકર ભગવાનનો વંશ, ચક્રવર્તી વંશ અને બલદેવ-વાસુદેવ એ ત્રણ વંશોમાં જે શુભાશુભ થઇ ચૂક્યું છે થવાનું છે. થઈ રહ્યું છે તે બધુ રહે છે એ મહાકાલ નામક નિધિમાં અનેક પ્રકારના લોખંડની ઉત્પત્તિ બતાવવામાં આવી છે. તેમ ચાંદી, સોનામણિ, મુક્તાશિલા સ્ફટિકા વગેરે તેમજ પ્રવાલ-મૂંગા વગેરેનીખાણોની ઉત્પત્તિ બતાવવામા આવી છે. એ માણવક નામક આઠમી નિધિમાં યોદ્ધાઓની, કાયરોની-આવરણોની શરીર રક્ષક કવચાદિ વસ્તુઓની સમસ્ત પ્રકારના નીતિની તેમજ સામ, દામ દણ્ડ અને ભેદ એ ચાર પ્રકારની નીતિઓની ઉત્પત્તિ કહેવામાં આવે છે એ શંખ નામક નિધિમાં નાટ્યનિધિની ૩૨ સહસ્ત્ર નાટકભિનય રૂપ અંગ સંચાલન કરવાના પ્રકારોની નાટ્ય વિધિ ૩૨ પ્રકારના નૃત્ય-ગીતવાદ્યોની અભિનય વસ્તુઓથી સંબદ્ધ પ્રદર્શનના પ્રકારની તેમજ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ પુરુષાર્થોનું પ્રતિપાદન કરા નારા નિષ્પત્તિ હોય છે. એમાંથી દરેક નિધિનું અવસ્થાન આઠ-આઠ ચક્રની ઉપર રહે છે. જ્યાં જ્યાં એ નિધિઓ લઈ જવામાં આવે છે ત્યાં-ત્યાં તેઓ આઠચક્રોની ઉપર પ્રતિ ષ્ઠિત થઈને જ જાય છે. એમની ઉંચાઇ આઠ આઠ યોજન જેટલી હોય છે, એમનો વિસ્તાર ૯ યોજન જેટલો હોય છે. ૧૨ યોજન જેટલી એમની લંબાઈ હોય છે. તેમજ એમનો આકાર મંજૂષા જેવો હોય છે. જ્યાંથી ગંગા સમુદ્રમાં પ્રવેશ કરે છે ત્યા એ નવનિધિઓ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રહે છે.

એમના કમાડો વૈડૂર્યમણિના બનેલા હોય છે. એ સ્વર્ણમય હોય છે. અનેક રત્નોથી એ પ્રતિપૂર્ણ હોય છે. એમનામાં જે ચિહ્નો હોય છે તે શશી, સૂર્ય અને ચક્કાર હોય છે. એમના દ્વારોની રચના અનુરૂપ અને સમ-અવિષમ હોય છે. પ્રત્યેક નિધિના રક્ષક દેવની સ્થિતિ એક પલ્યોપમ જેટલી હોય છે. જે નામ નિધિનું છે તે જ નામ થી તેના રક્ષક દેવો પણ સંબોધાય છે. એ દેવો તે નિધિઓનાં સહારે જ રહે છે, એ નવનિધિઓના પ્રભાવથી એમના અધિપતિને અપરિમિત ધન-રત્નાદિ રૂપ સમૃદ્ધિનું સંચયન થતું રહે છે. એ ભરતક્ષેત્રમાં ૬ ખંડો ઉપર વિજય મેળવનારા ચક્રવર્તીઓના વશમાં જ રહે છે. જ્યારે ભરતનરેશની અષ્ટમભક્તની તપસ્યા પરિપૂર્ણ થઈ ગઈ ત્યારે તે પૌષધશાળા માંથી બહાર નીકળ્યા. અને નીકળીને સ્નાનઘરમાં ગયા. ત્યાં તેણે સારીરીતે સ્નાન કર્યું પછી ત્યાંથી નીકળી તને તે ભોજનશાળામાં ગયા ઈત્યાદિ રૂપથી બધું કથનપૂર્વોક્ત જેવું જ અહીં પણ અધ્યાહૃત કરી લેવું જોઈએ, હે દેવાનુપ્રિય સુષેણ સેનાપતે તમે ગંગા નદીના પૂર્વભા ગવર્તી ભરતક્ષેત્ર ખંડરૂપ નિષ્કુટ પ્રદેશમાં-કે જે પશ્ચિમ દિશામાં ગંગાથી, પૂર્વદિશામાં બે સાગરોથી, અને ઉત્તર દિશામાં ગિરિ વૈતાઢ્યથી, વિભક્ત થયેલ છે જાવો. તથા ત્યાંના જે સમ-વિષમ અવાન્તર ક્ષેત્ર રૂપ નિષ્કુટ પ્રદેશો છે તે પ્રદેશોને તમે પોતાના વશમાં કરો. ત્યાં તમે પોતાની આજ્ઞા પ્રચલિત કરો ત્યારે તે સુષેણ સેનાપતિએ તે નિષ્કુટ પ્રદેશને પોતાના વશમાં કરી લીધો, વગેરે જે વર્ણન પહેલાં કરવામાં આવ્યું છે. તેવું જ બધું વર્ણન અહીં પણ સમજવું જોઈએ. ગંગાનદીના દક્ષિણ નિષ્કુટ-પ્રદેશોને જ્યારે જીતી લીધા ત્યાર બાદ તે દિવ્ય ચક્રરત્ન કોઈ સમયે આયુધગૃહશાળામાંથી બહાર નીકળ્યું અને નીકળીને આકાશમાર્ગથી પ્રયાણ કરતું તે ચક્રરત્ન કે જે એક સહસ્ર યક્ષોથી સુરક્ષિત હતું-દિવ્ય-ત્રુટિત યાવત્ રવથી આકાશ મંડળ ને વ્યાપ્ત કરતું વિજય સ્કંધાવાર નિવેશની ઠીક મધ્યમાંથી પસાર થઈ ને નીકળ્યું. અને નૈઋત્ય દિશા તરફ વિનીતા નામક રાજધાની છે, તે તરફ રવાના થયું. ભરત નરેશે વિનીતા રાજધાની તરફ ચક્રરત્ન જતું જોયું જોઈને તેઓ પરમ હર્ષિત થયા તેમણે તરતજ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા અને બોલાવીને તેમને તે ભરત નરેશે આ પ્રમાણે કહ્યું. હે દેવાનુપ્રિયો તમે શીઘ્ર આભિષકેય હસ્તીરત્નને તેમજ સેનાને સુસજ્જિત કરો, યાવત્ ભરત નરેશની પાસે તેમની આજ્ઞા પૂરી થઈ ચૂકી છે, તે અંગેની સૂચના મોકલી

[૧૨૧] પોતાના બાહુબળથી રાજ્યોપાર્જિત કર્યું છે અને શત્રુઓને જેણે પરાસ્ત કર્યા છે અને પોતાના વશમાં કર્યાં છે, એવા તે ભરત મહારાજાએ. કે જેના સમસ્ત રત્નોમાં એક ચક્રરત્નની પ્રધાનતા છે. તથા જે નવનિધિઓનો અધિપતિ થઈ ચૂક્યો છે, કોષ્ઠ ભાણ્ડાગાર જેનો પર્યાપ્ત-સમ્પન્ન છે. ૩૨ હજાર મુકુટ બદ્ધ રાજવંશીરાજા જેની પાછળ-પાછળ ચાલે છે. ૬૦ હજાર વર્ષ સુધી વિજય યાત્રા કરીને સંપૂર્ણ એ ભરતક્ષેત્રને ને પોતાના વશમાં કર્યું. આ પ્રમાણે સંપૂર્ણ ભારતને સાધીને-પોતાના વશમા કરીને ભરત રાજાએ પોતાના કૌટુંબિક પુરુષોને બોલાવ્યા. હે દેવાનુપ્રિયો તમે યથાશીઘ્ર આભિષેક્ય હસ્તિ રત્ન ને અને હય ગજ રથ તેમજ પ્રબલ સૈન્યને સુસજ્જ કરો. જ્યારે હસ્તિરત્ન ઉપર સમારૂઢ થયેલા ભરત મહારાજા ચાલવા પ્રસ્તુત થયા તો તેમની આગળ આઠ-આઠની સંખ્યામાં આઠ મંગળ દ્રવ્યો સર્વપ્રથમ પ્રસ્થિત થયાં. તે આઠ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મંગલ-દ્રવ્યો ના નામો સ્વસ્તિક, શ્રીવત્સ નન્દિ કાવર્ત્ત વર્દ્ધમાનક, ભદ્રાસન, મત્સ્ય કળશ અને દર્પણ ત્યારબાદ પૂર્ણ કળશ જળ સંપૂરિત કળશ ભૃંગાર ઝારી તેમજ દિવ્ય પ્રધાન છત્રયુત પતાકાઓ યાવત્ પ્રસ્થિત થઈ. ત્યાર બાદ વૈડૂર્યમણિ નિર્મિત વિમલ દંડયુક્ત છત્ર પ્રસ્થિત થયું. ત્યાર બાદ સાત એકેન્દ્રિ યરત્ન-એ સર્વરત્નો યથાનુપૂર્વી ચાલ્યાં ત્યારબાદ પાતાળ માર્ગથી થઈને નવ મહાનિધિઓ પ્રસ્થિત થયા. ત્યારબાદ સોળ હજાર, દેવો યથાનુપૂર્વી ચાલ્યા. ત્યાર બાદ ૩ર હજાર મુકુટબદ્ધ રાજાઓ ચાલ્યાં ત્યારબાદ સેના પતિ રત્ન પ્રસ્થિત થયું. ત્યારબાદ ગાથાપતિરત્ન એનાં પછી વર્દ્ધકિ રત્ન, એના પછી પુરોહિતરત્ન એ ત્રણ રત્નો ચાલ્યા. એ પુરોહિતરત્ન શાંતિ કર્મકારક હોય છે. સંગ્રામ માં પ્રહાર આદિથી પીડિત થયેલા સૈનિકોની મણિરત્નના જળના છાંટા થી એ રત્ન વેદનાને શાન્તિ કરે છે. હસ્તિરત્ન અને અશ્વરત્ન, સેનાની સાથે જ ચાલ્યાં. એથી એમના ગમનનું કથન અત્રે કરવામાં આવ્યું નથી. ત્યાર બાદ સ્ત્રી રત્ન ચાલ્યું.

ત્યાર બાદ ૩ર હજાર ઋતુકલ્યાણકારિણિઓ-રાજકુલોત્પન્ન કન્યાઓ ચાલી. જેમનો સ્પર્શ ઋતુ વિપરીત-શીતકાળમાં ઉષ્ણ સ્પર્શરૂપ અને ઉષ્ણકાળમાં શીત-સ્પર્શરૂપ થઇ જાય છે-ચાલી. એ સર્વકન્યાઓમાં એ ગુણજન્માન્તરોપચિતપ્રકૃષ્ટ પુણ્ય પ્રકૃતિના મહિ માંથી જેમ.રાજકુળમાં ઉત્પત્તિ થઈ છે તેમજ ઉત્પન્ન થઈ જાય છે, ત્યાર બાદ ૩ર હજાર જનપદ કલ્યાણ કારિણીઓ ચાલી. ત્યાર બાદ ૩ર-૩ર પાત્રોથી આબદ્ધ ૩ર હજાર નાટકો ચાલ્યા. એ ૩ર હજાર રાજાઓ વડે પોતાની કન્યાઓના પાણિગ્રહણમહોત્સવમાં કરમોચનના સમયમાં ચક્રવર્તીને એક-એક નાટક આપવામાં આવે છે. એ નાટકો પછી ૩૬૦ સૂપકારો પાચકજનો-પ્રસ્થિત થયા. ત્યાર બાદ ૧૮ શ્રેણિ-પ્રશ્રેણિજનો પ્રસ્થિત થયા. ૧૮ પ્રશ્રે ણિઓ આ પ્રમાણે કુંભકાર-, પટેલ- સુવર્ણ કાર- સૂપકાર ગંધર્વ, નાપિત માળી કચ્છકર તાંબૂલિક ચર્મકાર યન્ત્ર પીલક તેલી ગ્રન્થિક છિંપક કંશકર સીવક-દર્જી ગોપાલ ભરવાડ ભિલ્લ ધીવર એ ૯ પ્રકારના નારુકો કહેવામાં આવ્યા છે. ત્યારબાદ ૮૪ લાખ ઘોડાઓ પ્રસ્થિત થયા. ત્યારબાદ ૯૬ કરોડ જેટલી માનવ મેદિની પદાતીઓની ચાલી. એ જનસમૂહ પછી અનેક રાજાઓ માંડ લિકજનો, ઈશ્વર યુવરાજ તલવર, નગર રક્ષક યાવત્ સાર્થવાહ વગેરે લોકો ત્યાર બાદ અનેક અસિ તલવાર ગ્રાહીજનો, અનેક યષ્ટિગ્રાહીજનો, અનેક મલ્લધારીજનો અનેક ધનુર્ધારીજનો, અનેક ધ્વજોપકરણધારીજનો અનેક કભલગ્રાહીજનો, અનેક પરશુ ગ્રાહી જનો, અનેક શુભાશુભ પરિજ્ઞાનને જાણવામાટે પુસ્તકોને લઈ ને ચાલનારાજનો, અનેક વીણા ધારીજનો અનેક તેલ આદિના કુતુપો લઈને ચાલનારા જનો અનેક સોપારી વગેરે રૂપ પાનની સામગ્રી ભરીને ડબ્બાઓ લઈને ચાલનાર જનો તેમજ અનેક દીવાઓ ને લઈ ને ચાલનારા જનો કે જેઓ પોત-પોતાના કાર્ય ને અનુરૂપ વેશભૂષાથી સુસજ્જ હતા અને પોતાના નિયોગ માં અશૂન્ય હતા-ચાલ્યા. ત્યારબાદ અનેક દંડધારી જનો, અનેક મુંડી જનો અનેક શિખંડીઓ અનેક જટાધારી જનો, અનેક મયૂર વગેરેના પિચ્છોને ધારણ કરનાર લોકો અનેક હસાવનારા લોકો અનેક દ્યૂત આદિમાં પ્રવૃત્તિ કરનારા લોકો અનેક ચાટુકારી ખુશામદ કરનારા લોકો અનેક કામકથા કરનારા, લોકો, અનેક કૌત્કુચ્ય-કાયાની કુચેષ્ઠા કરનારા-ભાંડજનો, અનેક વાચાલ જનો, મનોજ્ઞવેષ વગેરેથી પોતાની જાતને અને બીજાઓને સુસજ્જિત કરતા, તથા જય જય શબ્દોને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉચ્ચારતા પ્રસ્થિત થયા.

વિનીતા રાજધાની પાસે પહોંચીને તે રાજા એ પોતાની સેનાનો ૪૮ ગાઉ લાંબો અને ૩૬ ગાઉ પહેળો પડાવ નાખ્યો. એ પડાવ વિનીતા નગરીની પાસે જ હતો. એ પડાવ દર્શકજનોને એક શ્રેષ્ઠ નગર જેવોજ પ્રતીત થતો હતો. સેનાનો પડાવ નાખીને પછી ભરત નરેશે પોતાના વર્દ્ધકિરત્નને બોલાવ્યો. અને બોલાવીને તેને પૌષધશાલા નિર્માણ કરવાની આજ્ઞા આપી. આજ્ઞા મુજબ તે વર્દ્ધકીરત્ને પૌષધશાલા બનાવી ભરતનરેશ તે પૌષધશાલામાં જતો રહ્યો. ત્યાં પહોંચીને ભરત નરેશે વિનીતા નગરીના અધિષ્ઠાયક દેવને વશમા કરવા માટે અષ્ટમ ભક્તની તપસ્યા ધારણ કરી. અને ધારણ કરીને યાવત્ તે તેમાં સારી રીતે સાવધાન થઈ ગયો ત્યાર બાદ તે ભરત રાજા અષ્ટમ ભક્તની તપસ્યા પૂરી થઈ તે પછી પૌષધશાલામાંથી બહાર નીકળ્યો અને બહાર નીકળીને તેણે પોતાના કૌટુંબિક પુરૂષોને બોલાવ્યા. હે દેવાનુપ્રિયો તમે આભિષેક્ય હસ્તિરત્નને સજ્જિત કરો વગેરે સર્વકથન પહેલાં મુજબજ અત્રે પણ સમજવું. પ્રવેશ કરતી વખતે આટલી વાત વિશેષ થઈ કે વિનીતા રાજધાનીમાં મહાનિધિઓએ પ્રવેશ કર્યો નહીં. કેમકે એક-એક મહાનિધિનું પ્રમાણ વિનિતા રાજધાનીની બરાબર હતું. આ પ્રમાણે ચાર પ્રકારની સેના પણ તેમાં પ્રવિષ્ટ થઈ નથી. શેષ બધું કથન અહિં પૂર્વ પાઠવત્ સમજવું જોઈએ તે ભરત નરેશ વિનીતા રાજધાની વચ્ચે થઈ ને જ્યાં પોતાનું ભવન હતું. રાજ ભવન હતું. અને તેમાં પણ જ્યાં પ્રાસાદવતંસકદ્વાર હતું તે તરફ રવાના થયો. ભરત ચક્રવર્તીએ જ્યારે પ્રવેશ દ્વારમાં પ્રવેશ મેળવ્યો તે વખતે આભિયોગિક દેવોએ તે વિનીતા રાજધાનીને અંદર અને બહાર જલસિંચિત કરી તરબોળ કરી દીધી હતી. કચરાને સાવરણીથી સાફ કર્યો અને ગોમયાદિથી લિપ્ત કરીને રાજધાનીને સ્વચ્છ બનાવી દીધી હતી. કેટલાક આભિયોગિક દેવોએ તે વિનીતા રાજધાનીને મંચાતિમંચોથી યુક્ત બનાવી દીધી હતી. જેથી પોતાના પ્રિય નરેશના દર્શન માટે ઉપસ્થિત થયેલી જન મંડલીએ મંચો ઉપર બેસીને વિશ્રામ લઈ શકે. આ પ્રમાણે જ ત્રિક ચતુષ્ક ચત્વર અને મહાપથ સહિત રાજધાનીના સમસ્ત રસ્તાંઓમાં સ્વચ્છતા વગેરેનું કામ સંપન્ન કરીને આભિયોગિક દેવોએ તે સ્થાનો ઉપર પણ મંચાતિમંચો બનાવી દીધા.

કેટલાક દેવોએ તે રાજધાનીને અનેક રંગોના વસ્ત્રોથી નિર્મિત ઊંચી ધ્વજાઓથી અને પતાકાઓથી વિભૂષિત ભૂમિવાળા બનાવી દીધી. તેમજ કેટલાક દેવો એ સ્થાન સ્થાન ઉપર ચંદરવાઓ તાણીને તે ભૂમિને સુસજ્જિત કરી દીધી. અથવા લીપીને અને પછી ચુનાથી ધોળી ને પ્રાસાદાદિકોની ભીતોને અતિ પ્રશસ્ત કરી દીધી. કેટલાક દેવોએ તે ભૂમિને ગંધની વર્તી જેવી બનાવી દીધી ગોશીર્ષ ચન્દન થી ઉપલિપ્ત સરસરક્ત ચંદનના કળશો રાજદ્વાર ઊપર કેટલાક દેવોએ મૂકી દીધા હતા. કેટલાક દેવોએ તે વિનીતા નગરીમાં રજત ચાંદીની વર્ષા કરી. કેટલાક દેવે એ સુવર્ણ, રત્ન વજ્ર, અને આભરણોની વર્ષા કરી, અઢાર લડીવાલા હારોની, નવ લડીવાલા હારોની, અને ત્રણ લડીવાલા હારોની, તથા અન્ય પણ આભરણોની-અભૂષણોની વર્ષા જ્યારે ભરત રાજાએ વિનીતા રાજધાનીના મધ્યમાર્ગમાં પ્રવેશ કર્યો ત્યારે ત્યાંના ત્રિક, ચતુષ્ક વગેરે મહાપથના માર્ગોમાં અનેક અર્થાભિલાષી જનોએ, અનેક ભોગાભિલાષી જનોએ અનેક કામાર્થી જનોએ, અનેક લાભાર્થી જનોએ, અનેક ગવાદિની સંપત્તિ મેળવવાની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અભિલાષા રાખનારા જનોએ, અનેક કિલ્બિષિક-ભાંડઆદિ જનોએ, અનેક કારોટિક તાંબૂલ સમુદ્ગગવાહિક જનોએ અનેક કારવાહિક-જનોએ, અનેક શાંખિક જનોએ, અનેક ચાક્રિક ભિક્ષુક જનોએ, અનેક લાંગલિકોએ અવલંબન ભૂત કાષ્ઠના જેવા અસ્ત્રધારણ કરનારા સુભટોએ, અનેક મુખમાંગલિકો ચારણાદિકોએ, અનેક શકુન શાસ્ત્રજ્ઞોએ, અનેક વર્દ્ધમાનકોએ મંગલ ઘટારકોએ, ઉદાર, ઈષ્ટ કાંત, મનોહર પ્રીતિયુક્ત મનોહર તેમજ વાંરવાર યાદ કરવાયોગ્ય-એવી વાણીઓ વડે-વચનો વડે કે જે કલ્યાણ યુક્ત હતી મંગલયુક્ત હતી લાલિત્ય, ઔદાર્ય, આદિ ગુણોથી સુશોભિત તેમજ હ્રદયને પ્રમુદિત કરનારી હતી. વગર વિરામ લીધાં જ સતત અભિનન્દન કરતાં, અભિષ્ટુતિ-સ્તુતિ કરતાં આ પ્રમાણે કહ્યું

હેનન્દ ! આનંદ સ્વરૂપ ચક્રવર્તી ! તમારો જય થાઓ, તમે અજીત શત્રુઓ ઉપર વિજય મેળવો. હે ભદ્ર, કલ્યાણ સ્વરૂપ ભરત ! તમારો વારંવાર જય થાઓ. તમારું કલ્યાણ થાઓ. જેને બીજો વીર હરાવી શકે નહિ એવા શત્રુ ને તમે પરાસ્ત કરો. જેવો તમારી આજ્ઞાનું પાલનકરે છે તેમની તમે રક્ષા કરો. અનેક લાખ પૂર્વ સુધી અનેક કોટી કોટી પૂર્વ સુધી વિનીતા રાજધાની ની પ્રજાનું પાલન કરતાં વારંવાર હજારો વચનમાલી ઓથી સ્તુતિ કરતા આ પ્રમાણે તે ભરત રાજા હજારો નેત્ર પંક્તિઓ વડે વારંવાર દૃશ્યમાન થતા વારંવાર હજારો વચનાવળીઓ થી સંસ્તૂયમા ન થતા. હજારો દર્શક જનોના હૃદયોમાં સંપૂર્ણ પણે પોતાનું સ્થાન બનાવતા, પ્રજાના હજારો મનોરથો વડે વિશેષ રૂપમાં સ્પષ્ટ થતા, કાંતિ, રૂપ અને સૌભાગ્ય ગુણોને લઈને પ્રજા વડે સાશ્ચર્ય દૃષ્ટિથી જોવાયેલ, હજારો આંગળીઓ વડે વારંવાર નિર્દિષ્ટ કરાયેલ પોતાના જમણા હાથથી હજારો નર-નારીઓ વડે જે અંજલિઓ બનાવવામાં આવી છે, તેનો વારંવાર સ્વીકાર કરતો, હજારો ભવનોની રમણીયશ્રેણી ઓને પાર કરતો ગીતોમાં વાગતા, તન્ત્રી, તલ ત્રુટિત-વાદ્યવિશેષ-એ સર્વના તુમુલ ગડગડાહટ યુક્ત શબ્દ સાથે તેમજ મધુર, મનોહર, અત્યંત કર્ણપ્રિય ઘોષમાં તલ્લીન હોવાથી બીજા કોઈપણ વસ્તુ તરફ જેનું ધ્યાન નથી એવા તે ભરત નરેશ જ્યાં પૈતૃક રાજભવન હતું અને તેમાં પણ જ્યાં જગદ્વતી વાસ ગૃહોમાં મુકુટરૂપ પોતાનું નિવાસસ્થાન હતું, તેના દ્વારે પહોંચ્યા. ત્યાં આવીને તેમણે પોતાના આભિષેક્ય હસ્તિરાજ ને ઉભો રાખીને પછી તેઓ નીચે ઉતર્યા. સોળહજાર દેવોનો અનુગમનાદિ વડે સત્કાર કર્યો અને સન્માન કર્યું પછી તેમણે ૩૨ હજાર રાજાઓ નો, પોતાના સેનાપતિ નો, ગાથાપતિ રત્નનો, વર્ધકિરત્નનો અને પુરોહિત રત્ન નો સત્કાર અને સન્માન કર્યું. ત્યાર બાદ તે ભરત નરેશે ત્રણસો સાઈઠ રસવતીકારકોનો- અઢાર શ્રેણિ પ્રશ્રેણિજનોનો સત્કાર કર્યો અને તેમનું સન્માન કર્યું પછી ચક્રવર્તી શ્રી ભરત રાજાએ એ બીજા પણ અનેક રાજેશ્વર આદિથી માંડી ને સાર્થ વાહો સુધીના જન સમૂહોનો સત્કાર કર્યો અને તેમનું સન્માન કર્યું સર્વને સત્કૃત તેમજ સમ્માનિત કરીને શ્રીભરત રાજાએ તેમને પોતાપોતાના સ્થાન ઉપર જવાની આજ્ઞા આપી. ત્યાર બાદ સુભદ્રા નામક સ્ત્રી રત્નથી, ૩૨ હજાર ઋતુકલ્યાણિકાઓથી ૩૨ હજાર જનપદાગ્રણીઓની કન્યાઓથી તેમજ ૩૨-૩૨ પાત્રોથી સંબદ્ધ ૩૨ હજાર નાટ કોથી સમન્વિત થયેલો અને કુબેર જેવો લાગતો તે ભરત રાજા કૈલાસ ગિરિના શિખર તુલ્ય પોતાના શ્રેષ્ઠ ભવનાવતંસકની અંદર પોતાના પ્રધાન રાજભવ નની અંદર પ્રવિષ્ટ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થયો. ત્યાં પહોંચીને તે ભરત રાજાએ પોતાના મિત્રજનોની સ્વજનોની પરિજનોની કુશ લતા પૂછી સર્વની સાથે સંભાષણ કર્યા બાદ યાવત્ સ્નાન ઘરથી બહાર આવી ને જ્યાં ભોજન મંડપ હતો, ત્યાં ગયા. ત્યાં જઈને તે એક શ્રેષ્ટ સુખાસન ઉપર બેસી ગયા અને તેણે પોતાની વડે ગૃહીત અષ્ટમ તપસ્યાના પારણા કર્યા પારણા કરીને પછી તે ભરત મહારાજા પોતાના શ્રેષ્ઠ પ્રાસાદની અંદર ગયા. યાવત્ ભોગભોગો ભોગવવા લાગ્યા

[૧૨૨] એક દિવસની વાત છે કે જ્યારે મહારાજા પોતાના રાજ્ય શાસન ચલા-વવાનાસંબંધમાં વિચારમગ્ન હતા. ત્યારે તેમના અન્તઃકરણમાં એ જાતનો સંકલ્પ ઉદ્ભ-ભવ્યો.મેં પોતાના બલથી શારીરિક શક્તિથીઅનેવીર્યથીઆત્મબલથી તેમજ પુરુષકાર પરાક્રમથી શત્રુઓને પરાજિત કરવાની શક્તિથી ઉત્તરદિશામાં જેની મર્યાદા રૂપ ક્ષુદ્રહિમવત્ ઉભો છે. અને ત્રણ દિશાઓમાં સમુદ્ર છે. એવા આ સંપૂર્ણ ભરત ક્ષેત્રને પોતાના વશમાં કર લીધું છે. એથી હવે મારા માટે એજ યોગ્ય છે કે હું રાજ્ય પર મારો અભિષેક કરાવડાવું, કાલે પ્રભાત થશે અને સૂર્યના કિરણો ચોમેર પ્રસરી જશે ત્યારે આ રાજ્યાભિષેકનું કાર્ય પ્રારંભ કરાવીશ બીજા દિવસે તે ભરત રાજા જ્યાં સ્નાન ગૃહ હતું ત્યાં ગયા. ત્યાં જઈને તેણે સારી રીતે સ્નાન કર્યું. બહાર આવી ને બાહ્ય ઊપસ્થાન શાલા હતી અને જ્યાં સિંહાસન હતું ત્યાં ગયા. ત્યાં જઈને તે પૂર્વ દિશા તરફ મુખ કરીને બેસી ગયા. બેસીને તેમણે ૧૬ હજાર દેવોને, ૩૨ હજાર શ્રેષ્ઠ રાજાઓને, સેનાપતિ, રત્નોને, યાવત્ ગાથાપતિ રત્નને બીજા અનેક ને બોલાવ્યા. તેમને આ પ્રમાણે કહ્યું. હે દેવાનુ પ્રિયો ! મેં સ્વબલવીર્ય તેમજ પુરુષકાર પરાક્રમથી આ સમ્પૂર્ણ ભરત ખંડને વશમાં કરી લીધો છે. એથી હે દેવાનુપ્રિયો ! તમે સર્વે ખૂબજ ઠાઠ-માઠથી મારો રાજ્યાભિષેક કરો. ત્યાર બાદ ભરત મહારાજા જ્યાં પૌષધશાળા હતી ત્યાં ગયા. આવીને તે અષ્ટમ ભક્તિ થઈ ગયા અને સાવધાની પૂર્વક ગૃહીત વ્રતની આરાધના કરવા લાગ્યા ત્યાર બાદ ભરત મહારાજાએ જ્યારે અષ્ટમભક્તની તપસ્યા પૂરી થઈ ત્યારે આભિયોગિક દેવો ને બોલાવ્યા. હે દેવાનુપ્રિયો ! તમે અતીવ શીઘ્ર વિનીતા રાજધાની ના ઈશાન કોણમાં એક વિશાલ અભિષેક મંડપ નિર્મિત કરો.ભરત રાજાની આજ્ઞા શિરોધાર્ય કરીને તેઓ બધાં વિનીતા રાજધાની ના ઈશાન કોણમાં જતા રહ્યા ત્યાં જઈને તેમણે વૈક્રિય સમુદ્-ઘાતદ્વારા પોતાના આત્મ પ્રદેશોનેબહાર કાઢ્યાતેપ્રદેશોનેબહારકાઢીને તેમને સંખ્યાત યોજનો સુધી દંડાકારમાં પરિણત કર્યા અને તેમના વડે તેમણે રત્નો યાવત્ રિષ્ટો રત્નવિશેષોથી સમ્બદ્ધ જે અસાર બાદર પુદ્ગલો હતા તેમને છોડ્યા યાવત્ તેમને છોડીને તેમણે યથા સૂક્ષ્મસાર પુદ્ગલોને ગ્રહણ કરી લીધા. સાર પુદ્ગ લોને ગ્રહણ કરીને તેમણે ચિકીર્ષિત મંડપના નિર્માણ માટે બીજી વખતપણ વૈક્રિય સમુદ્ઘાત કર્યો. બીજી વખત સમુદ્ઘાત કરીને તેમણે બહુસમરમણીય ભૂમિભાગની વિકુર્વણા કરી.

તે બહુસમરમણીય ભૂમિ ભાગ આલિંગ પુષ્કર જેવો પ્રતીત થતો હતો. તે બહુસમરમણીય ભૂમિભાગના ઠીક મધ્યભાગમાં એક વિશાળ અભિષેક મંડપની તેમણે વિકુર્વણા કરી. એ મંડપ હજારો થાંભલાઓથી યુક્ત હતો. યાવત્ સુગંધિત ધૂપવર્તિકાઓથી એ મહેકી રહ્યો અભિષેક મંડપના એકદમ મધ્યભાગમાં એક વિશાળ અભિષેકપીઠની તેમણે વિકુર્વણા કરી. એ અભિષેક પીઠ અચ્છ-ધૂલિ વિહીન હતું અને સૂક્ષ્મ પુદ્ગલોથી નિર્મિત હોવા બદલ શ્લક્ષ્ણ હતું. તે અભિષેક પીઠની ત્રણ દિશા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઓમાં તેમણે ત્રણ ત્રિસોપાન પ્રતિરૂપકો વિકુર્વિત કર્યા. વિજયદેવના સિંહાસનનું જે પ્રમાણે વર્ણન કરવામાં આવેલું છે તેમજ 'દામ' સુધીનું વર્ણન અહીં પણ ગ્રહણકરવું જોઈએ. શ્રી ભરત મહારાજાએ જ્યારે આભિયોક દેવો પાસેથી એ સમાચાર સાંભળ્યા તો તે અતીવ હર્ષિત તેમજ સંતુષ્ટ ચિત્તવાળો થયો. અને પૌષધશાળામાંથી બહાર આવ્યો અહીં કૌટુંબિક પુરુષોને બોલાવ્યા. બોલાવીને તે પુરુષોને તેણે આ પ્રમાણે કહ્યું હે દેવાનુપ્રિયો ! તમે શીઘ્રાતિ શીઘ્ર આભિષેક્ય હસ્તિરત્ન ને સુસજ્જિત કરો. સજ્જિત કરીને હય-ગજ તેમજ પ્રવર યોદ્ધાઓથી કલિત ચતુરંગિણી સેનાને પણ સજ્જિત કરો તે ભરત નરેશ સ્નાન ઘર તરફ ગયા. યાવત્ ત્યાં જઈને સ્નાન કર્યું અને પછી તે મજ્જન ગૃહમાંથી બહાર આવ્યા. બહાર આવીને તે નરપતિ અંજનગિરિ સદશ ગજપતિ ઉપર આરૂઢ થઈ ગયા. જ્યારે શ્રી ભરતરાજા આભિષેક્ય હસ્તિરત્ન ઉપર આરૂઢ થઈ રહ્યા હતા, તે સમયયે તેમની આગળ સર્વ પ્રથમ આઠ આઠની સંખ્યામાં આઠ મંગલ દ્રવ્યો પ્રસ્થિત થયા આરીતે જેવો પાઠ વિનીતા રાજધાની થી ભરત મહારાજા નીકળ્યા તે પ્રકરણમાં આવેલ છે. આ પ્રમાણે ઠાઠ-માઠથી ભરત નરેશ વિનીતા રાજધાની ના ઠીક મધ્યમાં આવેલા માર્ગમાં થઈને નીકળ્યા. બહાર નીકળીને તેઓ વિનીતા રાજધાની ના ઈશાન કોણમાં કે જ્યાં આભિષેક મંડળ હતો, ત્યાં પહોંચ્યા. અભિષેક્ય હસ્તિરત્નને ઊભુ રાખ્યું. ઊભુ રાખીને તે રાજાને આભિષેક્ય હસ્તિરત્ન ઉપર થી નીચે ઉતર્યા.

નીચે ઉતરીને સ્ત્રી રત્ન સુભદ્રા, અને ૩૨ હજાર ઋતુ કલ્યાણિકા રાજ કન્યાઓ ૩૨ હજાર જનપદના મુખી ઓની કલ્યાણકારિણી કન્યાઓ અને ૩૨-૩૨ પાત્રોથી બદ્ધ ૩૨ હજાર નાટકો થી પરિવેષ્ટિત થયેલાતે ભરત રાજા અભિષેક મંડપમાં પ્રવિષ્ટ થયા પછી તેઓ જ્યાં અભિષેક પીઠ હતું ત્યાં પહોંચ્યા. અભિષેક પીઠની ત્રણ પ્રદક્ષિણાઓ કરી. તેઓ પૂર્વ ભાગાવસ્થિત ત્રિસોપાન પ્રતિરૂપકો ઉપર આરૂઢ થઈ ને તે પીઠ ઉપર ચઢી ગયા. ત્યાં ચઢીને તેઓ જ્યાં સિંહાસન હતું. ત્યાં આવ્યાં. તેઓ પૂર્વ દિશા તરફ મુખ કરીને સિંહાસન ઉપર સારી રીતે બેસી ગયા. ત્યાર બાદ તે ભરત મહા રાજાના ૩૨ હજાર રાજાઓ જ્યાં આભિષેક મંડપ હતો ત્યાં આવ્યા. યાવત્ સેનાપતિરત્ન સુષેણ સાર્થવાહ વગેરે પૂર્વવત્ અભિષેક મંડપમાં આવ્યા. ત્યાર બાદર ભરત રાજાએ આભિયોગિક દેવોને બોલાવીને કહ્યું દેવાનુપ્રિયો ! તમે લોકો શીઘ્ર મણી રત્નાદિ રૂપ પદાર્થો જેમાં સમ્મિલિત હોય, તથા જેમાં આવેલ સર્વ વસ્તુઓ મૂલ્યવાન્ હોય, તેમજ જેમાં ઉત્સવ યોગ્ય વાદ્ય વિશેષ હોય એવી મહારાજ્યાભિષેક માટે યોગ્ય સામગ્રીની વ્યવસ્થા કરો. આ પ્રમાણે ભરત મહારાજા વડે આજ્ઞાપ્તથયેલા તે આભિયોગિક દેવો ખૂબ અધિક હર્ષિત તેમજ સંતુષ્ટ ચિત્ત થયા યાવત્ તેઓ ઈશાન કોણ તરફ જતાં રહ્યા. જંબૂદ્વીપના વિજયદ્વારના અધિપતિ દેવ-વિજયના પ્રકરણમાં તૃતીય ઉપાંગમાં અભિષેક સૂત્ર કહેવામાં આવેલ છે તે પ્રમાણે જ અહીં પણ અભિષેક સૂત્ર યાવત્ તે સર્વ પંડકવનમાં એકત્ર થઈ જાય છે. અહીં સુધી પાઠ ગ્રહણ કરવો જોઈએ તેઓ સર્વે દેવો જ્યાં વિનીતા રાજધાની હતી ત્યાં આવ્યા. ત્યાં આવીને તેમણે ત્રણ પ્રદક્ષિણાઓ કરી. ત્યાર બાદ જ્યાં અભિષેક મંડપ અને તેમાં પણ જ્યાં ભરત રાજા હતા ત્યાં આવ્યાં. ત્યાં આવીને તેમણે તે મહાર્થ, મહાર્ઘ અને મહારાજ્યાભિષેકની સમસ્ત સામગ્રીને રાજાની સામે મૂકી દીધી. જે રીતે જંબુદ્વીપના દ્વારના અધિપતિ વિજય દેવનો થયો. એ અભિષેક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નું વર્ણન 'જીવાભિગમ ઉપાંગમાં કરવામાં આવેલું છે. ભરત રાજાનો અભિષેક કરીને પછી દરેકે-યાવત્ અંજલિ બના વીને તે-તે ઈષ્ટ-કાન્ત યાવત્ વચનો વડે તેમનું અભિનંદન તેમજ સ્તવન કરતાં કરતાં આ પ્રમાણે કહ્યું- હે નન્દ ! આનંદ સ્વરૂપ મહારાજા ભરત તમારો જય થાઓ, જય થાઓ હે ભદ્ર ! કલ્યાણ સ્વરૂપ ભરત ! તમારો વારંવાર જય થાઓ, જય થાઓ હે ભદ્ર ! કલ્યાણ સ્વરૂપ ભરત ! તમારો વારંવાર જય થાઓ.

ત્યારબાદ ભરત રાજા સેનાપતિ રત્ને યાવત્ પુરોહિતરત્નથી માંડીને સાર્થવાહ આદિ જનો એ આ પ્રમાણે જ અભિષેક કર્યો. સંસ્ત વન કર્યું. કે ભરત નરેશના શરીરનું તેમણે પ્રોચ્છન- કર્યું અને મસ્તકની ઉપર મુકુટ મૂક્યો. અહીં શરીર ઉપર ગોશીર્ષ ચંદનનું લેપન કર્યું. લેપન કરીને પછી તેમણે દેવદૂષ્ય યુગલ ધારણ કરાવ્યું. એ સર્વ આભૂષણો વડે ભરતચક્રીના શરીરને સમલંકૃત કરીને પછી તે દેવો એ તેમના શરીર પર ચંદન-વૃક્ષ આદિની સુગંધિ જેમાં સમ્મિલિત છે એવા કાશ્મીર કેશર કર્પૂર અને કસ્તૂરી વગેરે સુગંધિત દ્રવ્યો છાંટ્યા. પછી પુષ્પોની માળાઓ તે રાજાને ધારણ કરાવવામાં આવી જ્યારે ભરત નરેશ પૂર્વોક્ત પ્રકારથી રાજ્યાભિષેકની સર્વ સામગ્રી વડે અભિ-ષિક્ત થઈ ચૂક્યા ત્યારે તેમણે કૌટુંબિક પુરુષોને બોલાવ્યા. અને બોલાવીને આ પ્રમાણે કહ્યું. હે દેવાનુપ્રિયો ! તમે વિનીતા રાજધાનીમાં એવી ઘોષણા કરો સર્વજનો ! મારા ૧૨ વર્ષ સુધી ઉત્સવ કરે. તે ઉત્સવમાં વિક્રેય વસ્તુ ઉપર જે રાજા તરફથી કર લેવામાં આવે છે. તે માફ કરવામાં આવેલ છે. પશુઓકર સરકારીકર તે પણ માફ કરવામાં આવે છે. જે વસ્તુ બહારથી આવે તે વસ્તુ તેજ કિંમતમાં વેચવામાં આવે. એમાં ક્ષતિ પૂર્તિ રાજા તરફથી કરવામાં આવશે. યાવત્ આનંદ પૂર્વક ભિન્ન ભિન્ન પ્રકારની ક્રીડાઓથી-એ ઉત્સવને સફળ બનાવે. ઠેક-ઠેકાણે એ ઉત્સવની આરાધનામાં વિજયવૈજયન્તીઓ. લહેરાવવામાં આવે. રાજાને યોગ્ય એવી અભિષેક વિધિથી ભરત રાજાનો રાજ્યા ભિષેક થઈ ગયો ત્યારે તેઓ સિંહાસન ઉપરથી ઊભા થયા અને ઉભા થઈને સ્ત્રી-રત્નની સાથે-સાથે યાવત્ હજારો નાટકોની સાથે-સાથે તેઓ તે અભિષેક પીઠ ઉપરથી નીચે ઉતર્યા. અભિષેક મંડપમાંથી બહાર આવ્યા. હસ્તિરત્ન ઊભું હતું ત્યાં આવ્યા. યાવત્ આરૂઢ થયા-બેસી ગયા. ભરતના અયોધ્યા પ્રવેશ અંગેનો પાઠ જેવો પાઠ કુબેરની ઉપમા સુધી કહેવામાં આવેલ છે, તેવોજ પાઠ અત્રે પણ સમજવો. પોતાના ભવનાવ-તંસક સ્વરાજભવનમાં આવ્યા. અને ત્યાં આવીને તેઓ વાગતા મૃદંગાદિકોના તુમુલ ધ્વનિ સાથે સાંસારિક વિવિધ પ્રકારના કામભોગોને, સુખોને ભોગવતાર પોતાનો સમય પસાર કરવાલાગ્યા. જ્યારે ૧૨ વર્ષ સુધી યોજવામાં આવેલ ઉત્સવ સમાપ્ત થઈ ગયો ત્યારે તે ભરત મહારાજા એ સર્વે દેવો, રાજા, સેનાપતિ રત્ન યાવત્ સર્વેનું સત્કાર-સન્માન કરીને વિસર્જિત કર્યા.

[૧૨૩-૧૨૬] ભરત ચક્રવર્તીના ચક્રરત્ન દંડરત્ન અસ્તિરત્ન અને છત્રરત્ન એ ચાર રત્નો કે જે એકેન્દ્રિય રત્નો છે, આયુધ ગૃહશાલામાં ઉત્પન્ન થયા છે. ચર્મરત્ન, મણિરત્ન, કાકણિરત્ન તથા નવ મહાનિધિઓ એ સર્વે શ્રીગૃહમાં-ભાડાંગાર માં ઉત્પન્ન થયા છે. સેનાપતિરત્ન, ગાથાપતિરત્ન વર્ધકિરત્ન અને પુરોહિતરત્ન એ ચાર મનુષ્યરત્નો વિનીતા રાજધાનીમાં ઉત્પન્ન થયા છે. અશ્વરત્ન અને હસ્તિરત્ન એ બે પંચેન્દ્રિય તિર્યગ્રત્ન વૈતાઢ્ય ગિરિની તળેટીમાં ઉત્પન્ન થયા છે. તથા સુભદ્રા નામક જે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્ત્રી રત્ન છે તે ઉત્તર વિદ્યાધર શ્રેણીમાં ઉત્પન્ન થયેલ છે. ષટ્ ખંડાત્મક ભરતક્ષેત્રને સાધન રૂપ બનાવ્યા બાદ તે ભરત ચક્રવર્તી ચતુર્દશરત્નો, નવ મહાનિધિઓ, સોળ સહસ્ત્ર દેવો, ૩૨ સહસ્ત્ર રાજાઓ, ૩૨ સહસ્ત્ર ઋતુકલ્યાણકારિણી કન્યાઓ, ૩૨ સહસ્ત્ર જનપદાગ્રણીઓની કન્યાઓ, ૩૨-૩૨ પાત્ર બદ્ધ ૩૨ સહસ્ત્ર નાટકો ૩૬૦ સૂપકારો ૧૮ શ્રેણી-પ્રશ્રેણી જનો. ૮૪ લાખ ઘોડાઓ ૮૪ લાખ હાથીઓ, ૮૪ લાખ રથો, ૯૬ કરોડ મનુષ્યો, ૭૨ હજાર પુરવરો, ૩૨ હજાર જનપદો, ૯૬ કરોડ ગ્રામો, ૯૯ હજાર દ્રોણમુખો, ૮૪ હજાર, પટ્ટણો, ૨૪ હજાર કર્બટો ૨૪, હજાર મડંબો. ૨૦ સહસ્ત્ર આકરો, ૬ હજાર ખેટકો, ૧૪ હજાર સંવાહો, ૫૬ અંતરોદકો, ૪૯ કુરાજ્યો, વિનીતા રાજધાની તેમજ ઉત્તર દિશામાં ક્ષુદ્ર હિમવદ્ ગિરિ અને પૂર્વાદિ દિશાત્રયમાં સમુદ્ર મર્યાદાવાળું સંપૂર્ણ ભરત ક્ષેત્ર તેમજ બીજા પણ અનેક રાજેશ્વર તલવરથી માંડીને સાર્થવાહ સુધીના લોકો ઉપર આધિપત્ય કરતાં, અગ્રગામિત્વ કરતાં, ભર્તૃત્વકરતાં, સેનાપત્ય કરતાં અને પોતાના આદેશનું સર્વને પાલન કરાવતાં મનુષ્યભવ સંબંધી સુખોને ભોગતા પોતાનો સમય શાન્તિપૂર્વક વ્યતીત કરવા લાગ્યા. એમને જે ઈચ્છા મુજબ સતત મનુષ્યભવ સંબંધી ભોગોની પ્રાપ્તિ થયેલી, તે એમના વડે પૂર્વભવમાં સંપાદિત તપના પ્રભાવનું નિકાચિત રૂપ ફળ છે એ ભરત રાજા ભોગભૂમિની પરિસમાપ્તિ થઈ તે પછી સર્વ પ્રથમ જ ભરતક્ષેત્રના ચક્રવર્તી થયા છે

એક સહસ્ર વર્ષ કમ ૬ લાખ પૂર્વ સુધી સામ્રાજ્ય પદ ભોગવ્યા બાદ તે ભરત રાજા જ્યાં સ્નાન ગૃહ હતું ત્યાં ગયા. ત્યાં જઈને શશી જેવા પ્રિયદર્શી તે ભરત રાજા મજ્જન ગૃહમાંથી પાછા બહાર નીકળ્યા. જ્યાં આદર્શ ગૃહ હતું અને તેમાં પણ જ્યાં સિંહાસન હતું ત્યાં આવ્યા. ત્યાં જઈને તેઓ પૂર્વ દિશા તરફ મુખ કરીને સિંહાસન ઉપર સમાસીન થઈ ગયા. ત્યાં બેસીને પોતાના પ્રતિબિંબને જોતાં જોતાં તેમની દૃષ્ટિ પોતાની આંગળીથી સરી પડેલી મુદ્રિકામાં પડી તેને જોઈને તેમણે પોતાની આંગળીને દિવસમાં જ્યોત્સ્ના રહિત શશિકલાની જેમ કાંતિહીન જોઈ તેરીતે જોઈને તેમણે વિચાર કર્યો અરે ! આંગળી અંગુઠીથી વિરહિત થઈને શોભા વિહીન થઈ ગઈ છે. ત્યારબાદ તેમણે પોતાના સમસ્ત અંગો ઉપરથી આભૂષણો ઉતારી લીધાં. ત્યારે તેમના અંતરમાં એવી શુભભાવના ઉદ્ભવી કે આ શરીર એમાં શોભા જેવી વસ્તુ કઈ છે ? તેમજ પ્રતિક્ષણ વિશુદ્ધ થતી લેશ્યાઓથી યોગની પ્રવૃત્તિઓથી-નિરાવરણ શરીરની વિરૂપતા વિષયક ઈહા, અપોહ માર્ગણ અને ગવેષણ કરતા કરતાં તદાવરણીય કર્મોના ક્ષયથી કર્મરજને વિકીર્ણ કરનારા અપૂર્વ કરણ રૂપ શુક્લધ્યાનમાં તે ભરત નૃપતિ મહારાજ મગ્ન થઈ ગયા. અને તેજ ક્ષણે તેમના અનંત અનન્તર વ્યાઘાત રહિત નિરાવરણ, કૃત્સ્ન તેમજ પરિપૂર્ણ એવા કેવળજ્ઞાન અને કેવળ દર્શન ઉત્પન્ન થયાં. ત્યારબાદ તે ભરત કેવલી એ પોતાની મેળે જ અવશિષ્ટ માલ્યાદિ રૂપ આભરણો તેમ જ વસ્ત્રાદિકોને પણ ત્યજી દીધાં. ત્યજીને પછી તેમણે પંચમુષ્ટિક કેશલુંચન કર્યું. પંચમુષ્ટિક કેશલુંચન કરીને સન્નિહિત નિકટ મૂકેલા દેવ દ્વારા અર્પિત સાધુલિંગને ગ્રહણ કરીને- તેઓ આદર્શ ભવનમાંથી બહાર નીકળી ગયાં. પોતાના અંતપુરની વચ્ચે થઈને રાજભવનમાંથી બહાર નીકળી ગયા. દસહજાર રાજાઓને પ્રતિબોધિત કરીને તેઓ ને દીક્ષા આપી તે પછી તેમના સાથે વિહાર કરીને લાખ પૂર્વ પર્યન્ત સંયમનું પાલન કર્યું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિહાર કરીને એ અષ્ટાપદ પર્વતની પાસે આવ્યા. ત્યાં આવીને એ તેની ઉપર સાવધાની પૂર્વક ચઢ્યા. ચઢી ને એમને પૃથિવી શિલાપટ્ટની કે જે સાન્દ્ર જલધરવત્ શ્યામ હતું અને રમ્ય હોવાથી જ્યાં દેવ ગણો આવ્યા કરતા હતા-પ્રતિલેખના કરી. સારી રીતે દર્શન રૂપ પ્રતિ લેખના કરીને એઓ તેની ઉપર ચઢી ગયા. અને કાય તેમજ કષાય જેના વડે કૃશ કરવામાં આવે છે, એવી સંલેખનાને એમણે ખૂબ જ આદરપૂર્વક ધારણ કરી અને ભક્ત પાનનું પ્રત્યાખ્યાન કર્યું. તેમજ પાદપોપગમન સન્થારો અંગીકૃત કર્યો. ૭૦ લાખ પુર્વ સુધી કુમાર કાળમાં રહ્યાં. એક લાખ પૂર્વ સુધી માંડલિક રાજા રહ્યાં. ૧ હજાર વર્ષ કમ ૬ લાખ પૂર્વ સુધી મહારાજ પદમાં ચક્રવર્તી પદે રહ્યા. અને ૨૩ લાખ પૂર્વ સુધી ગૃહસ્થાવસ્થામાં રહ્યાં. કંઈક કમ એટલે કે અંતર્મુહૂર્તકમ એક લાખ પૂર્વ સુધી તેઓ કેવલિ પર્યાયમાં રહ્યા. પૂરા એક લાખ વર્ષ સુધી શ્રામણ્ય પર્યાયમાં રહ્યા. આ પ્રમાણે પોતાની સંપૂર્ણ ૮૪ લાખ પૂર્વના આયુષ્યને ભોગવીને તે ભરત કેવલી એક માસના પૂરા સંથારાથી -શ્રવણ નક્ષત્રની સાથે યોગ પ્રાપ્ત ચન્દ્રના સમયમાં વેદનીય, આયુ, નામ, ગોત્ર એ ચાર-ભવોપગ્રાહી કર્મો જ્યારે ક્ષય થઈ ગયા ત્યારે કાલગત થયા. એટલે કે સિદ્ધાવસ્થા યુક્ત બની ગયા-મોક્ષમાં વિરાજમાન થઇ ગયા. જાતિ, જરા અને મરણના બંધનથી રહિત થઈ ગયા. સિદ્ધ થઈ ગયા. હે ભદંત આ ક્ષેત્રનું નામ ભરત એવું શા કારણ થી પડ્યું તો એના ઉત્તરમાં એવું કથન સૂત્રો દ્વારા કર્યું છે. એટલે કે ભરત રાજા આ ક્ષેત્ર ના અધિપતિ હતા એથી આ ક્ષેત્રનું નામ ભરત ક્ષેત્ર પડ્યું છે.એ ભરત ક્ષેત્રમાં ભરત નામક દેવ કે જે મહતી વિભવાદિ રૂપ સમ્પત્તિથી યુક્ત યાવત્ જેની પલ્યોપમની સ્થિતિ છે- એથી હે ગૌતમ ! ભરત ક્ષેત્ર એવું નામ મેં આ ક્ષેત્રનું કહ્યું છે હે ગૌતમ ! ભરતક્ષેત્ર એવું નામ શાશ્વત છે. કેમકે એવું આનું નામ રહ્યું છે. અને ભવિષ્યમાં પણ રહેશે. કે આ ભરતક્ષેત્ર ધ્રુવ છે, શાસ્વત છે, અક્ષય છે, અવ્યય રૂપ છે, અવસ્થિત છે અને નિત્ય છે.

જૈન સાહિત્ય JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**વક્ખારો-૩-ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## વક્ખારો-૪

[૧૨૭] હે ભદંત જમ્બૂદ્વીપ નામક દ્વીપમાં ક્ષુદ્ર હિમવાન નામક વર્ષધર પર્વત ક્યાં આવેલ છે ? હે ગૌતમ ! ભરતક્ષેત્રની ઉત્તર દિશામાં અને હૈમવત ક્ષેત્રની દક્ષિણ દિશામાં તથા પૂર્વ દિગ્વર્તી લવણ સમુદ્રની પશ્ચિમ દિશામાં તેમજ પશ્ચિમ દિગ્વર્તી લવણસમુદ્રની પૂર્વ દિશામાં આવેલ છે. એ પર્વત પૂર્વથી પશ્ચિમ સુધી લાંબો છે અને ઉત્તરથી દક્ષિણ સુધી વિસ્તીર્ણ છે. એ પોતાના બન્ને છેડાઓથી લવણસમુદ્રને સ્પર્શી રહ્યો છે. પૂર્વ કોટિથી પૂર્વ લવણસમુદ્રને એ સ્પર્શી રહ્યો છે. પશ્ચિમ કોટિથી પશ્ચિમ લવણસમુદ્રને એ સ્પર્શી રહેલ છે, એની ઊંચાઇ ૧ સો યોજન જેટલી છે. એ પર્વત જમીનની અંદર ૨૫ યોજન સુધી પહોંચેલો છે. આનો વિસ્તાર ૧૦૫૨-૧૨/ ૧૯ યોજન પ્રમાણે છે. ભરતક્ષેત્રનું પ્રમાણ ૫૨૬-૬ /૧૯ યોજન જેટલું છે. એના કરતાં બમણું આ હિમવાન્ પર્વતનું પ્રમાણ છે. એ પર્વતની પૂર્વપશ્ચિમની બન્ને ભુજાઓ લંબાઈમાં ૫૩૫૦ યોજન જેટલી છે તેમજ એક યોજનના ૧૯ ભાગોમાં ૧૫-૧ ૨/ ભાગ પ્રમાણ છે. આ ક્ષુદ્ર હિમવાન્ પર્વતની ઉત્તર દિશાગત જીવા- ૨૪૯૩૨ યોજન અને એક યોજન અર્ધ ભાગ કરતા કંઇક અલ્પ લાંબી છે. પર્વતની જીવાનો ધનુપૃષ્ઠ દક્ષિણ બાજુએ ૨૫૨૩૦-૪/ ૧૯

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યોજન જેટલો છે તે પરિધિની અપેક્ષાએ કહેલ છે. એ ક્ષુદ્ર હિમવત્ પર્વનું સંસ્થાન રુચક ના જેવું સંસ્થાન હોય છે, તેવું જ છે. એ પર્વત સ્વભાવતઃ અચ્છ-સ્વચ્છ અને શ્લક્ષ્ણ છે, યાવત્ પ્રતિરૂપ છે. પર્વત બન્ને તરફ બે પદ્મવર વેદિકાઓથી અને બે વનખંડોથી આવૃત્ત છે. એ ક્ષુદ્ર હિમવત્ વર્ષધર પર્વતના ઉપરનો ભૂમિ ભાગ બહુસમ રમણીય છે અને તેનું-મૃદંગનું મુખ હોય છે. યાવત્ અહીં અનેક વાનવ્યંતર દેવો અને દેવીઓ ઉઠે છે-બેસે છે. એ અંગેનું વિવરણ ષષ્ઠ સૂત્રમાં આપવામાં આવેલ છે.

[૧૨૮] તે ક્ષુલ્લક હિમવંત પર્વતના બહુસમરમણીય ભૂમિભાગની ઠીક વચ્ચે એક વિશાળ પદ્મદ્રહ નામક દ્રહ છે. એ દ્રહ પૂર્વથી પશ્ચિમ સુધી લાંબુ છે ઉત્તરથી દક્ષિણ સુધી વિસ્તીર્ણ છે. એક 'સહસ્ર યોજન જેટલી એ દ્રહની લંબાઈ છે. એ આકાશ અને સ્ફટિકના જેવો અચ્છ-નિર્મળ છે, શ્લક્ષ્ણ છે-ચિક્કણ છે. આખો તટ રજતમય છે. પદ્મદ્રહ ચોમેર એક પદ્મવર વેદિકાથી અને એક વનખંડથી પરિક્ષિપ્ત છે- તે પદ્મદ્રહની ચોમેર સુંદર-સુંદર ત્રિસોપાનત્રયો છે. એ ત્રિસોપાન પ્રતિરૂપકોના જે નેમો-દ્વારભૂમિ ભાગથી ઉપરની તરફ ઉત્થિત પ્રદેશો છે તે વજ્રમય છે. એમનું પ્રતિષ્ઠાન-મૂલપાદ-રિષ્ટરત્નમય છે. સ્તંભવૈડૂર્ય રત્નમય છે. ફલક એના સુવર્ણમય અને રૂપ્યમય છે એની સંધી વજ્રમય છે. સૂચિઓ લોહિતાક્ષ રત્નમય છે. એની અવલંબન વાહાઓ અવલંબન ભિત્તિઓ અનેક પ્રકારના મણિઓથી નિર્મિત છે. દરેક સોપાનત્રયની આગળ તોરણો છે. એ તોરણો અનેક મણિઓથી નિર્મિત છે. એ પદ્મદ્રહની ઠીક વચ્ચે એક વિશાળ પદ્મ છે. એ પદ્મની લંબાઈ અને પહોળાઈ એક યોજન જેટલી અને જાડાઈ અડધા યોજન જેટલી અને એનો ઉદ્વેધ દશ યોજન જેટલો છે. એ જ લાન્તથી બે ગાઉ ઉપર ઉઠેલું છે. આ પ્રમાણે આનો કુળ વિસ્તાર ૧૦ યોજન કરતાં કંઈક અધિક છે. તે કમળ પ્રાકાર રૂપ એક જગતીથી ચોમેર આવૃત્ત છે. એ પદ્મપરિવેષ્ટન રૂપ જગતી જંબૂદ્વીપ જગતીની બરાબર છે.આનો આકાર ગોપુચ્છ જેવો થઈ ગયો છે. એ જગતીમાં જે ગવાક્ષ કટક જાલક સમૂહ છે-તે પણ ઊંચાઈમાં અડધા યોજન જેટલો છે. અને વિષ્કંભમાં ૫૦૦ ધનુષ જેટલો છે. એ પદ્મની મૂળો કન્દથી નીચે ત્રાસા બહિઃ નિસૃત જટાજૂટ રૂપ અવયવ વિશેષ-રિષ્ટ રત્નમય છે. એનું કન્દ- વૈડૂર્ય-રત્નમય છે. નાલ-વૈડૂર્યરત્નમય છે. એના બાહ્યપત્રો પણ વૈડૂર્યરત્ન મય છે. અને શેષ પત્રો રક્ત સુવર્ણમય છે. એનાં કેશરો રક્ત સુવર્ણમય છે. એના કમળ બીજા વિભાગો અનેકવિધ મણિમયોથી નિર્મિત છે. આની કર્ણિકા સુવર્ણમય છે. આયામ એક ગાવ જેટલી છે. એ સર્વાત્માના સુવર્ણમયી છે તેમજ આકાશ અને અને સ્ફટિકમણિ જેવી એ નિર્મળ છે. એ કર્ણિકાની ઉપરનો ભૂમિભાગબહુસમરમણીય આલિંગ પુષ્કર-મૃદંગ-મુખના જેવો હોય છે. ઈત્યાદિ

એ બહુસમરમણીય ભૂમિભાગની એકદમ વચ્ચે એક સુવિશાળ ભવન આવેલ છે. એ ભવન આયામની અપેક્ષાએ એક ગાઉ જેટલું, વિષ્કંભની અપેક્ષાએ અડધા ગાઉ જેટલું અને ઊંચાઈની અપેક્ષાએ કંઈક કમ એક ગાઉ જેટલું છે. એ ભવન સેંકડો સ્તંભો ઉપર ઊભું છે. તેમજ એ પ્રસાદીય અને દર્શનીય એ ભવનની ત્રણ દિશાઓમાં ત્રણ દ્વારો આવેલા છે. એ દ્વાર ૫૦૦ ધનુષ જેટલા ઊંચા છે અને ૨૫૦ ધનુષ જેટલા પહોળા છે. તેમજ તેમની અંદર પ્રવિષ્ટ થવાનો માર્ગ પણ આટલો જ પહોળો છે. દ્વારો પ્રાયઃ અંકરત્નોથી નિર્મિત છે. એમની ઉપર જે સ્તૂપિકાઓ છે- તે ઉત્તમ સ્વર્ણ નિર્મિત છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એમની ચોમેર વનમાળાઓ છે. તે ભવનની અંદરનો જે ભૂમિભાગ છે, તે બહુસમ રમણીય છે. એકદમ વચ્ચે એક સુવિશાળ મણિમયી પીઠિકા કહેવાય છે. આ મણિ પીઠિકા આયામ અને વિષ્કંભની અપેક્ષા પાંચસો ધનુષ જેટલી છે. તેમજ જાડાઈની અપેક્ષા ૨૫૦ ધનુષ જેટલી છે. એ સર્વાત્મના મણિમયી છે. અને આકાશ તેમજ સ્ફટિક જેવી. નિર્મળ છે. અહીં મણિપીઠિકાની ઉપર એક સુવિશાળ શયનીય છે. તે દેવશયની-યનો પ્રતિપાદો અનેક મણિઓથી નિર્મિત હતા. એના મૂળપદો સુવર્ણ નિર્મિત હોય છે. એના ગાત્રો-ઈષત્ જમ્બૂનદ-સ્વર્ણ વિશેષના બનેલા છે. એની સંધિઓ વજ્ર રત્નની બનેલી છે. એની ઉપર જે તૂલી-પાથરેલા છે તે રજતમય છે. એની ઉપર જે ઉપધાનક મૂકવામાં આવ્યાં છે, તે લોહિતાક્ષ રત્નથી બનેલાં છે. તેમજ ગાલની નીચે જે નાનું ઓશીકું મૂકવામાં આવેલ છે તે સ્વર્ણ વિશેષથી નિર્મિત છે. એ શયનીય પુરુષ પ્રમાણ ઉપધાનથી યુક્ત છે. એ શય્યા મધ્ય ભાગમાં નિમ્ન અને ગંભીર છે. અતિ મૃદુ હોવા બદલ એ શય્યા ગંગાના વાલુકામય તટની જેમ નર્મ છે, સુકોમળ છે. વિશિષ્ટ સંસ્કાર થી-કસબ વગેરેથી યુક્ત છે.રેશમી વસ્ત્રથી તેમજ કપાસ અથવા અળસીથી નિર્મિત વસ્ત્રથી એ આચ્છાદિત છે. છર્મમય વસ્ત્ર વિશેષ રૂપ આજિનકની જેમ નવનીત માખણની જેમ તેમજ અર્કતૂલની જેમ આનો સ્પર્શ કોમળ છે. એની ઉપર ધૂળ પડે નહિ એ માટે એક આચ્છાદન વિશેષ છે. એ સુરમ્ય છે- પ્રાસાદીય છે.

પૂર્વોક્ત કમળ બીજા અન્ય ૧૦૮ કમળોથી કે જેમનું પ્રમાણ એ પ્રધાન કમળ કરતાં અડધું હતું ચોમેરથી આવૃત્ત હતું. એમાંથી દરેકે દરેકે કમળ આયામ અને વિષ્કંભની અપેક્ષાએ બે ગાઉ જેટલાં છે. જાડાઈની અપેક્ષાએ એ એક એક ગાવ જેટલાં છે. ઉદ્વેધ-ની દૃષ્ટિએ એ ૧૦ યોજન જેટલાં છે-અને ઉંચાઈની અપેક્ષાએ એ કમળો એક ગાઉ જેટલાં છે પાણીથી એ કમળો કંઈક અધિક ૧૦ યોજન ઉપર ઉઠેલાં છે. એ બધાં કમળોના મૂળ વજ્રમય છે. યાવત્ એ કમળોની કર્ણિકાઓ કનક સુવર્ણમયી છે. તે કર્ણિકા આયામની અપેક્ષાએ એક ગાઉ જેટલી છે. જાડાઈની અપેક્ષાએ એક ગાઉ જેટલી છે. એ સર્વાત્મના કનકમયી છે. તે મૂળ પદ્મની વાયવ્ય દિશામાં, ઉત્તર દિશામાં અને ઈશાન વિદિશામાં શ્રી દેવીના ચાર સહસ્ર સામાનિક દેવોના ચાર હજાર પદ્મો છે. તે મૂળ પદ્મની પૂર્વ દિશીમાં શ્રી દેવીની ચાર મહત્તરિકાઓના ચાર પદ્મો છે. તે પદ્મની દક્ષિણ પૌરસ્ય દિશા રૂપ આગ્નેય કોણમાં શ્રી દેવીના આભ્યંતર પરિષદાના આઠ હજાર દેવોના આઠ હજાર પદ્મો છે દક્ષિણ દિગ્ભાગમાં મધ્યમ પરિષદાના દશ સહસ્ર દેવોના દશ હજાર પદ્મો છે. દક્ષિણ પશ્ચિમ દિગ્ભાગમાં નૈઋત્ય કોણમાં બાહ્ય પરિષદના ૧૨ હજાર દેવોના ૧૨ હજાર પદ્મો છે. પશ્ચિમ દિશામાં સાત અનીકાધિ પતિઓના સાત પદ્મો છે. તે મૂળ પદ્મની ચોમેર શ્રી દેવીના સોળ હજાર આત્મરક્ષક દેવોના ૧૬ હજાર પદ્મો છે. એ આત્મરક્ષક દેવો દરેક દિશામાં ૪-૪ હજાર જેટલી સંખ્યામાં રહે છે. એ મૂળ પદ્મ એ કથિત પદ્મ પરિક્ષેપોથી ચોમેર ઘેરાયેલ છે. પ્રથમ આભ્યંતરિક પદ્મ પરિક્ષેપ બીજું માધ્યમિક પદ્મ પરિક્ષેપ અને તૃતીય બાહ્ય પદ્મ પરિક્ષેપ એ સર્વમાં જે આભ્યંતરિક પદ્મ પરિક્ષેપ છે તેમાં ૩૨ લાખ પદ્મો છે. મધ્યનું જે પદ્મ પરિક્ષેપ છે તેમાં ચાલીસ લાખ પદ્મો છે. તેમજ જે બાહ્ય પદ્મ પરિક્ષેપ છે. તેમાં ૪૮ લાખ પદ્મો છે. એ પદ્મ પરિક્ષેપ ત્રય આભિયોગિક દેવ સંબંધી છે. એ પ્રમાણે એ પદ્મપરિક્ષેપ ત્રયોની સંખ્યાનું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રમાણ એક કરોડ ૨૦ લાખ હોય છે. શ્રી દેવીના નિવાસસ્થાન રૂપ પદ્મ એક છે. તેમજ શ્રી દેવીના નિવાસભૂત પદ્મની ચોમેર ચારે દિશાઓમાં જે પદ્મો છે તે ૧૦૮ છે. ચાર સહસ્ર સામાનિક દેવોના નિવાસસ્થાન રૂપ પદ્મો ચાર સહસ્ર છે ચાર મહત્તરિકાઓના નિવાસ ભૂત પદ્મો ૪ છે. આભ્યંતર પરિષદાવર્તી ૮ હજાર દેવોના નિવાસ ભૂત પદ્મો ૮ સહસ્ર છે. મધ્ય પરિષદાવર્તી ૧૦ સહસ્ર દેવોના નિવાસભૂત પદ્મો ૧૦ સહસ્ર છે. મધ્યમપરિષદાવર્તી ૧૨ સહસ્ર દેવોના નિવાસસ્થાન રૂપ પદ્મો ૧૨ હજાર છે. સાત અનીકાધિપતિઓના નિવાસ સ્થાન ભૂત પદ્મો ૭ છે, ૧૬ હજાર આત્મરક્ષક દેવોના નિવાસ ભૂત પદ્મો ૧૬ હજાર છે. આ પ્રમાણે સપરિવાર શ્રી દેવીના નિવાસભૂત સર્વ પદ્મોની સંખ્યાનો સરવાળો ૫૦૧૨૦ થાય છે. આભ્યંતર મધ્યમ તેમજ બાહ્યપદ્મ પરિક્ષેપ પદ્મ સંખ્યા ૨૨૦૫૦૧૨૦ સમસ્ત પદ્મો થાય છે. હે ગૌતમ ! પદ્મહ્દમાં ઠેક-ઠેકાણે અનેક કમળો છે યાવત્ શત સહસ્ર પાંદડાવાળા પદ્મો છે. તે પદ્મહ્દયમાં વનસ્પતિકાયિક કમળો પણ અનેક છે. તેમજ પૂર્વોક્ત પ્રમાણવાળા જે કમળો-પદ્મો-છે તેઓ શાશ્વત છે અને પૃથ્વીકાયિક છે. આ પ્રમાણે પદ્મહ્દના આકારવાળા અને પદ્મદ્રહના વર્ણ જેવા પ્રતિભાસવાળા પદ્મોને પદ્મદ્રહ કહેવામાં આવેલ છે. 'પદ્મ' એવું જે નામ રાખવામાં આવેલ છે અનાદિ કાળથી ચાલતું આવી રહ્યું છે. પદ્મદ્રહયમાં શ્રી દેવી રહે છે અને તે કમળમાં નિવાસ કરે છે. એથી શ્રી નિવાસ યોગ્ય પદ્મનું આશ્રયભૂત હોવાથી એ જલાશયનું નામ પદ્મદ્રહ છે. શ્રી દેવી મહર્દ્ધિક છે યાવત્ એની ઉંમર એક પલ્યોપમ જેટલી છે. આનું આ પ્રમાણેનું નામ હતું આપ્રમાણે નામ અત્યારે પણ છે અને ભવિષ્યત્ કાળમાં પણ એવું જ રહેશે

[૧૨૯] તે પદ્મહ્દના પૂર્વ દિગ્વર્તી તોરણથી ગંગા મહા નદી પોતાના જ પરિવાર ભૂત ૧૪ હજાર નદીઓ રૂપી સંપત્તિથી યુક્ત હોવા બદલ તેમજ સ્વતંત્ર રૂપથી સમુદ્રગામિની હોવા બદલ પ્રકૃષ્ટ નદી છે. સિંધુ આદિ નદીઓમાં પણ આ પ્રમાણે જ પ્રકૃષ્ટતા જાણવી જોઈએ. એ ગંગા મહાનદી પૂર્વાભિમુખ થઈને પાંચસો યોજન સુધી તેજ પર્વત ઉપર પ્રવાહિત થતી ગંગાવર્ત નામકકૂટ સુધી નહિ પહોંચીને પરંતુ તેની પાસેથી પાછી ફરીને ૫૨૩ -૩ /૧૯ યોજન સુધી દક્ષિણ દિશા તરફ તે પર્વત પાસેથી પાછી ફરે છે. અને ખૂબજ પ્રચંડ વેગથી અને પ્રચંડ સ્વર સાથે ઘડાના મુખમાંથી નિસૃત શબ્દમાન જલ પ્રવાહ તુલ્ય તેમજ મુક્તાવલિ નિર્મિત હાર જેવા સંસ્થાનવાળા એકસો યોજન કરતા પણ કંઈક અધિક પ્રમાણોપેત પ્રવાહથી પ્રપાત કુંડમાં પડે છે. ગંગા મહાનદી જે સ્થાન ઉપરથી પ્રપાત કુંડમાં પડે છે. ત્યાં એક વિશાળ જિહ્વા જેવી આકૃતિ ધરાવતી પ્રણાલી છે. એ પ્રણાલી આયામની અપેક્ષાએ અર્ધા યોજન જેટલી છે અને વિષ્કંભની અપેક્ષાએ એક ગાઉ સહિત ૬ યોજન જેટલી છે. તેમજ એની મોટાઈ અર્ધા ગાઉ જેટલી છે. એ સર્વાત્મના રત્નમયી છે. -આકાશ અને સ્ફટિક જેવી એ તદ્દન નિર્મળ અને સ્નિગ્ધ છે. ગંગા મહાનદી જ્યાં પડે છે ત્યાં એક વિશાળ ગંગા પ્રપાત કુંડ નામક કુંડ છે. આયામ અને વિષ્કંભની અપેક્ષાએ એ ૬૦ યોજન જેટલું પ્રમાણ ધરાવે છે. કંઈક વિશેષાધિક ૧૯૦ યોજન પ્રમાણ આનો પરિક્ષેપ છે. ૧૦ યોજન જેટલી આની ઉંડાઈ છે. એ આકાશ અને સ્ફટિક મણિવત્ નિર્મળ છે. તેમજ સ્નિગ્ધ છે એનો કિનારો રજતમય છે. અને તે સમ છે. નીચો ઊંચો નથી વજ્રમય એના પાષાણો છે. એનો તલ ભાગ વજ્રમય છે. એમાં જે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાલુકા સમૂહો છે તે સુવર્ણની અને શુભ્ર રજતની વાલુકા ઓથી યુક્ત છે. એના તટના આસન્નવર્તી જે ઉન્નત પ્રદેશ છે તે વૈડૂર્ય અને સ્ફટિકના પટલથી નિર્મિત છે. એમાં પ્રવેશ કરવા માટે અને બહાર નીકળવા માટે જે માર્ગ છે તે સુખકર છે. એના ઘાટો અનેક મણિઓ દ્વારા સુબદ્ધ છે,

એ પ્રફુલ્લિત ઉત્પલોની, કુમુદોની, નલિનોની, સુભગોની, સૌગંધિકોની, પુંડરીકોની, મહાપુંડરીકોની, શતપત્ર વાળા કમળોની, કિંજલ્કોથી ઉપશોભિત છે એના કમળો ઉપર ભ્રમરો બેસીને તેમના કિંજલ્કનું પાન કરતા રહે છે. એનું જળ આકાશ અને સ્ફટિકની જેમ અત્યંત નિર્મળ છે. એ સર્વદા જળથી પરિપૂર્ણ રહે છે. એમાં આમતેમ અનેક મચ્છ કચ્છપો ફરતા રહે છે. અનેક જાતિઓના પક્ષીઓના જોડા અહીં બેસીને અનેક પ્રકારના મધુર સ્વરોથી શબ્દો કરતાં રહે છે, એ કુંડ પ્રાસાદીય છે, દર્શનીય છે, અભિરૂપ છે અને પ્રતિરૂપ છે. એ કુંડ એક પદ્મવર વેદિકાથી અને એક વનખંડથી ચોમેર આવૃત્ત છે. તે ગંગા પ્રપાત કુંડની ત્રણ દિશાઓમાં ત્રણ ત્રિસોપાન પ્રતિ રૂપકો છે એક ત્રિસોપાન પ્રતિરૂપક પૂર્વ દિશામાં છે એક ત્રિસોપાન પ્રતિરૂપક દક્ષિણ દિશામાં છે, એક ત્રિસોપાન પ્રતિરૂપક પશ્ચિમ દિશામાં છે એ ત્રિસોપાન એના ભૂભાગથી ઉપર નીકળેલા પ્રદેશરૂપ અને વજ્રરત્ન નિર્મિત છે. પ્રતિષ્ઠાના-ત્રિસોપાનના મૂલ પ્રદેશો રિષ્ટ-રત્ન-નિર્મિત છે. યાવત્ એ ત્રિસોપાન પ્રતિકરૂપોમાંથી પ્રત્યેક ત્રિસોપાન પ્રતિરૂપકની આગળ-આગળ તોરણો છે. એ તોરણો અનેક વિધમણિઓથી નિર્મિત છે. તેમજ અનેક મણિમય સ્તંભોની ઉપર એ તોરણો સંનિવિષ્ટ છે. એમના દરેકે દરેક સ્તંભમાં વજ્રમય વેદિકાઓ ઉત્કીર્ણ કરવામાં આવેલી છે. વિદ્યાધરોના ચિત્રિત યમોલો સમશ્રેણિક યુગલોથી તે એવી રીતે લાગતા હતા કે જાણે એઓ સંચરિષ્ણુ પુરુષની પ્રતિમાદ્વયથી જ યુક્ત ન હોય હજારો કિરણો વડે એઓ પ્રકાશિત થતા રહે છે. એમનો સ્પર્શ સુખકારક છે. એ સશ્રીક રૂપવાળા છે. એમની ઉપર જે ઘંટાવલિ નિક્ષિપ્ત છે તે જ્યારે પવનના સ્પર્શથી હાલે છે ત્યારે તેમાંથી જે મધુર-મનોહર રણકાર નીકળે છે. એ તોરણોની આગળ ઘણા આઠ આઠ મંગલક દ્રવ્યો છે.એ સર્વ મંગલક દ્રવ્યો પ્રાસાદીય છે, દર્શનીય છે, અભિરૂપ છે અને પ્રતિરૂપ છે

તે તોરણો ઉપર અનેક કૃષ્ણવર્ણની ધ્વજાઓ કે જેઓ ચામરોથી અલંકૃત છે- એ સર્વે ધ્વજાઓ અચ્છ છે ચિક્કણ પુદ્ગલોના સ્કંધથી નિર્મિત છે, રજતમય પટ્ટોથી શોભિત છે. વજ્રમય દંડોવાળી છે. કમળો જેવી ગંધવાળી છે, અતિ મનોહર છે. પ્રાસાદીય છે દર્શનીય છે. અભિરૂપ છે અને પ્રતિરૂપ છે. તે ગંગા પ્રપાત કુંડની ઠીક મધ્ય ભાગમાં એક સુવિશાળ ગંગાદ્વીપ નામક દ્વીપ કહેવામાં આવે છે. આયામ અને વિષ્કંભની અપેક્ષાએ એ દ્વીપ આઠ યોજન પ્રમાણ કહેવામાં આવેલ છે. એ દ્વીપનો પરિક્ષેપ કંઈક વધારે ૨૫ યોજન જેટલો છે. પાણીની ઉપર એ બે ગાઉ સુધી ઉપર ઉઠેલો છે. એ સર્વાત્મના વજ્રરત્ન નિર્મિત છે એ અચ્છ અને શ્લક્ષ્ણ છે. એ ગંગાદ્વીપ નામક દ્વીપ એક પદ્મવર વેદિકાથી અને એક વનખંડથી ચોમેર આવૃત્ત છે. ગંગાદ્વીપ નામકદ્વીપની ઉપર નો ભૂમિભાગ બહુસ મરણીય કહેવામાં આવેલ છે. તે બહુસમરણીય ભૂમિભાગના ઠીક મધ્યભાગમાં એક અતીવ વિશાળ ગંગાદેવીનું ભવન કહેવામાં આવેલ છે. એ ભવન આયામની અપેક્ષાએ એક ગાઉ જેટલું છે અને વિષ્કંભની અપેક્ષાએ અર્ધા ગાઉ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેટલું છે. તેમજ ઊંચાઈની અપેક્ષાએ ભવન કંઈક અલ્પ અર્ધા ગાઉ જેટલું છે. અનેક શત સ્તંભોની ઉપર એ ભવન સ્થિત છે. યાવત્ એની ઠીક મધ્ય ભાગમાં એક મણિપીઠિકા છે, હે ભદંત એ દ્વીપનું નામ ગંગાદ્વીપ કયા કારણથી પ્રસિદ્ધ થયું. પ્રભુ કહે છે. એ ગત પદોની વ્યાખ્યા પદ્મહૃદ પ્રકરણમાં કથિપદોની વ્યાખ્યા મુજબ છે. તે ગંગા પ્રપાત કુંડના દક્ષિણ દિગ્ભાગ્વર્તી તોરણોથી ગંગા નામે મહાનદી નીકળી છે. એ ગંગા મહાનદી ઉત્તરાર્દ્ધ ભરત તરફ પ્રવાહિત થતી તેમજ સાત હજાર નદીઓના પાણીથી પ્રપૂરિત થતી ખંડ પ્રપાત ગુહાના નીચેના ભાગમાંથી પસાર થઈને દક્ષિણાર્દ્ધ ભરત તરફ પ્રવાહિત થઈ છે. ત્યાં જે મધ્યભાગમાં વૈતાઢ્ય પર્વત ઊભો છે, તેની મધ્યમાંથી પ્રવાહિત થઈને પૂર્વાભિમુખ થઈને તેમજ ૧૪ હજાર નદીઓના પરિવારથી પરિપૂર્ણ થતી પૂર્વદિગ્ સમુદ્રમાં જઈને મળી ગઈ છે. પૂર્વ દિગ્સમુદ્રમાં પૂર્વ દિગ્વર્તિ લવણસમુદ્રમાં મળવા જતી વખતે આ નદીએ ત્યાંની જે જંબૂદ્વીપની જગતી છે તેને વિદીર્ણ કરી દીધી છે. એ ગંગા નામક મહાનદી જે સ્થાન ઉપરથી નીકળીને વહેવા લાગે છે તે પદ્મદ્રહના તોરણથી એનું નિર્ગમન સ્થાન-એક ગાઉ અધિક ૬ યોજન પ્રમાણ વિષ્કંભની અપેક્ષાએ છે ઊંડાઈ-અર્ધા ગાઉ જેટલી છે. ત્યાર બાદ ગંગા પ્રપાત કુંડમાંથી નીકળીને પછી તે મહા નદી ગંગા અનુક્રમે પશ્ચિમાધેમાંપ-૫ ધનુષ જેટલી વૃદદ્ધિકરતી એટલે કે બન્ને પાર્શ્વોમાં ૧૦ ધનુષ જેટલી વૃદ્ધિ કરતી જ્યાં તે સમુદ્રમાં પ્રવેશે છે, તે સ્થાન વિષ્કંભની અપેક્ષાએ ૬૨॥ યોજન પ્રમાણ થઈ જાય છે અને ૧। યોજન જેટલો તે સ્થાનનો ઉદ્વેધ થઈ જાય છે. એ ગંગા પોતાના બન્ને કિનારાઓ ઉપર બે પદ્મવર વેદિકાઓથી અને બે વનખંડોથી પરિક્ષિપ્ત છે.

ગંગા મહાનદીના આયામ વગેરેની જેમ સિન્ધુ મહાનદીના આયામાદિકો વિષે પણ જાણી લેવું જોઈએ. યાવત્ એ સિંધુ મહા, નદી તે પદ્મહ્દના પશ્ચિમ દિગ્વર્તી તોરણોથી યાવત્ પદના કથન મુજબ નીકળે છે. અને પશ્ચિમ દિશા તરફ પ્રવાહિત થાય છે. જ્યાંથી એ નદી નીકળે છે ત્યાંથી પાંચસો યોજન સુધી તે પર્વત ઉપર પ્રવાહિત થઈને એ સિન્ધવાવર્ત કૂટમાં પાછી ફરીને ૫૨૩ -૩ /૧૯ યોજન સુધી તે પર્વત ઉપર જ દક્ષિણ દિશા તરફ જઈને પ્રચંડ વેગથી ઘડાના મુખમાંથી નિકળતા જલ પ્રવાહ જેમ પોતાના જલપ્રવાહ સાથે પડે છે. એ સિંધુ મહાનદી જે સ્થાનમાંથી સિન્ધ્વાવર્ત કૂટમાં પડે છે તે એક સુવિશાળ જિહ્વિકા છે. બાકી ગંગાનદી મુજબ જાણવું.

[૧૩૦] હે ભદંત ક્ષુદ્ર હિમવત્ વર્ષધર પર્વત ઉપર કેટલા કૂટો કહેવામાં આવેલા છે ? હે ગૌતમ ! ૧૧ કૂટો કહેવામાં આવેલ છે. સિદ્ધાયતન કૂટ, ક્ષુદ્રહિમવત્ કૂટ, ભરત કૂટ, ઈલાદેવી કૂટ, ગંગા-દેવીકૂટ, શ્રી કૂટ, રોહિતાંશા કૂટ, સિન્ધુદેવી કૂટ, સૂરદેવી કૂટ હૈમવંત કૂટ, અને વૈશ્રમણકૂટ હે ભદંત ! ક્ષુદ્રહિમવત્ વર્ષધર પર્વત ઉપર સિદ્ધાયતન નામે જે કૂટ છે તે ક્યાં આવેલો છે ? હે ગૌતમ ! પૂર્વ દિગ્વર્તી લવણ સમુદ્રની પશ્ચિમ દિશામાં તેમજ ક્ષુદ્ર હિમવત કૂટની પૂર્વદિશામાં સિદ્ધાયતન કૂટ નામક કૂટ આવેલ છે- એ સિદ્ધાયતન કૂટ ૫૦૦ યોજન જેટલો ઊંચો છે. મૂલમા ૫૦૦ યોજન જેટલો અને મધ્યમાં ૩૭૫ યોજન જેટલો ઉપરમાં ૨૫૦ યોજન જેટલો વિસ્તાર છે. મૂળમાં આનો પરિક્ષેપ ૧૫૮૧ યોજન કરતાં કંઈક વધારે છે. મધ્યમાં આનો પરિક્ષેપે ૧૧૮૬ યોજન કરતાં કંઈક કમ છે. ઉપરમાં આનો પરિક્ષેપ ૭૯૧ યોજન કરતાં કંઈક અલ્પ છે. એ સિદ્ધાયતન કૂટ એક પદ્મવર વેદિકાથી તેમજ એક વનખંડથી ચોમેર આવૃત્ત છે કે સિદ્ધાયતન કૂટના ઉપરનો


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાગ બહુસમરમણીય કહેવામાં આવેલ છે. યાવત્ એ સિદ્ધાયતનના બહુસમ રમણીય ભૂમિભાગના ઠીક મધ્યમાં એક વિશાળ સિદ્ધાયતન છે. એ સિદ્ધાયતન કૂટ આયામની અપેક્ષાએ ૫૦ યોજન કહેવામાં આવેલ છે. ભરત કૂટના પૂર્વમાં અને સિદ્ધાયતન કૂટનાં પશ્ચિમમાં ક્ષુદ્ર હિમવત્ પર્વત ઉપર ક્ષુદ્ર હિમવત્ કૂટ નામક કૂટ આવેલા છે. આ પ્રમાણે સિદ્ધાયતન કૂટની જેટલી ઊંચાઈ કહેવામાં આવેલી છે, જે પ્રમાણમાં વિષ્કંભ કહેવામાં આવેલ છે અને જે પ્રમાણમાં પરિક્ષેપ કહેવામાં આવેલ છે, તેટલી જ ઊંચાઈ, તેટલો જ વિષ્કંભ અને પરિક્ષેપ એ કૂટનો પણ જાણવો. એ મધ્યભાગમાં વિશાળ પ્રાસાદાવતંસક કહેવામાં આવેલ છે એ પ્રાસાદવંતસક ઊંચાઈમાં ૬૨ા યોજન છે. આનો વિષ્કંભ ૩૧ યોજન અને એક ગાઉ જેટલો છે. એ સમચતુસ્ર છે એ પ્રાસાદાવતંસક ઉપર વાયુથી આંદોલિત થતી વિજય વૈજયન્તીઓ ફરકી રહે છે. પતાકાઓથી અને છત્રાતિછત્રોથી એ કલિત છે. એ અતીવ ઊંચો છે. એના શિખરો આકાશને સ્પર્શી રહ્યા છે. એના બાહ્યભાગમાં જે ગવાક્ષો છે તે રત્નજટિત છે તેમજ એ પ્રાસાદાવતંસક એવો સુંદર નવીન બનેલા જેવો લાગે છે કે જાણે એ અત્યારે જ વંશાદિ નિર્મિત છેદન વિશેષથી બહાર કાઢવામાં આવેલ ન હોય. તે તદ્દન સ્વચ્છ અને અવિનષ્ટ કાંતિવાળા પ્રતીત થાય છે. જે સ્તૂપિકાઓ છે તે મણિઓ અને રત્નોથી નિર્મિત છે. એ સુખકારી સ્પર્શવાળો છે. શોભા સમ્પન્ન આકારવાળો છે અને પ્રાસાદીય છે. યાવત્ પ્રતિરૂપક છે. એ પ્રાસાદવંતસકનો ભીતરી ભાગ બહુસમરમણીય કહેવામાં આવેલ છે. ત્યાં સપરિવાર સિંહાસનનું વર્ણન કરી લેવું જોઈએ.

એ કૂટ ઉપર ક્ષુદ્ર હિમન્વત નામક દેવકુમાર રહે છે. એ મહર્દ્ધિક વગેરે વિશેષણો વાળો છે. આ કારણથી મે ક્ષુલ્લમહિમવન્ત કૂટ એ નામથી સંબોધિત કરેલ છે. ક્ષુદ્રહિમવન્ત કૂટની દક્ષિણ દિશામાં તિર્યગ્ લોક સંબંધી અસંખ્યાત દ્વીપ સમુદ્રોને પાર કરીને અન્ય જંબૂદ્વીપ નામક દ્વીપમાં દક્ષિણ દિશા તરફ ૧૨ યોજન આગળ જઈને જે સ્થાન આવે તે જ સ્થાનમાં ક્ષુલ્લકહિમવંત ગિરિકુમાર દેવની ક્ષુદ્ર હિમવતી નામક રાજધાની છે. એ આયામ અને વિષ્કંભની અપેક્ષા ૧૨ હજાર યોજન જેટલી છે. શેષ સર્વ કથન એના સંબંધમાં વિજય રાજધાની જેવું જ છે. આ પ્રમાણે હિમવંત કૂટના વર્ણનની પદ્ધતિ મુજબ જ ભરત કૂટ વગેરે કૂટોની વક્તવ્યતા સમજી લેવી જોઈએ ક્ષુદ્રહિમવન્ત હેમવંત કૂટ ઉપર, ભરત કૂટ ઉપર, હેમવંતક કૂટ ઉપર, વૈશ્રવણ કૂટઉપર એ ચાર કૂટો ઉપર દેવો રહે છે. તેમજ શેષ કૂટો ઉપર દેવીઓ રહે છે. મહાહિમવન્ત વર્ષધર પર્વતની અપેક્ષાએ તેના આયામ, ઉચ્ચત્વ, ઉદ્વેધ વિષ્કંભ, પરિક્ષેપોને આશ્રિત કરીને ક્ષુદ્ર હિમવત્ પર્વતનો આયામ વગેરે વિસ્તાર અલ્પ છે. લઘુતર છે. મહાહિમવાનના ઉદ્વેધ ની અપેક્ષાએ આનો ઉદ્વેધઅતિહ્રસ્વ છે. મહાહિમવન્તના ઉચ્ચત્વની અપેક્ષાએ એ પર્વતની ઉંચાઈ ઓછી છે. તથા ક્ષુદ્ર હિમવાન નામક દેવ એ ક્ષુદ્ર હિમવાન્ વર્ષધર પર્વત ઉપર રહે છે. એ ક્ષુદ્રહિમવાન નામક દેવ મહર્દ્ધિક છે અને યાવત્ એક પલ્યોપમ જેટલી સ્થિતિ ધરાવે છે. આ કારણથી હે ગૌતમ ! એ વર્ષધર પર્વતનું નામ ક્ષુદ્ર હિમવાન્ વર્ષધર એવું કહ્યું છે. અથવા ક્ષુદ્ર હિમવન્ પર્વતનું 'ક્ષુદ્રહિમવાન્' એવું નામ જે કહેવામાં આવેલું તે તો શાશ્વત છે.

[૧૩૧] હે ભદંત ! ક્ષુદ્ર હિમવાન્ વર્ષધર પર્વથી વિભક્ત હેમવત ક્ષેત્ર આ

જંબૂદ્વીપ નામક દ્વીપમાં કયા સ્થળે આવેલ છે ? હે ગૌતમ ! મહા હિમવાન્ વર્ષધર પર્વતની દક્ષિણ દિશામાં ક્ષુદ્ર હિમવાન્ પર્વતની ઉત્તર દિશામાં પૂર્વદિગ્વર્તી લવણ સમુદ્રની પૂર્વ દિશામાં જમ્બૂદ્વીપ નામક દ્વીપમાં હૈમવત ક્ષેત્ર આવેલ છે. એ હૈમવત ક્ષેત્ર પૂર્વથી પશ્ચિમ સુધી લાંબું છે. તેમજ ઉત્તરથી દક્ષિણ સુધી પહોળું છે. આ હૈમવત ક્ષેત્રનો આકાર પર્યંકનો જેવો છે. ક્ષુદ્ર હિમવત્ પર્વતના વિષ્કંભથી આનો વિષ્કંભ દ્વિગુણ છે. એ બન્ને તરફથી લવણસમુદ્રને સ્પર્શી રહ્યો છે. પૂર્વ કોટિથી પૂર્વ લવણસમુદ્રને અને પશ્ચિમ દિગ્વર્તી લવણસમુદ્રને સ્પર્શી રહ્યો છે. આનો વિસ્તાર ૨૧૦૫-૩ /૧૯ યોજન જેટલો છે. એની વાહા-પૂર્વ પશ્ચિમમાં લંબાઈની અપેક્ષાએ ૬૭૫૫-૫/ ૧૯ યોજન જેટલી છે. એની જીવા ઉત્તર દિશામાં પૂર્વથી પશ્ચિમ સુધી આયત લાંબી છે. એ બન્ને તરફથી લવણ સમુદ્રને સ્પર્શી રહી છે. પૂર્વની કોટીથી પૂર્વ દિગ્વર્તી લવણ સમુદ્રને સ્પર્શી રહી છે અને પશ્ચિમ દિગ્વર્તી કોટીથી પશ્ચિમ દિગ્વર્તી સમુદ્રને સ્પર્શી રહી છે. એ આયામની અપેક્ષાએ કંઈક કમ ૩૭૬૭૪ -૧૦/ ૧૯ યોજન જેટલી છે. આનું ધનુઃપૃષ્ઠ પરિક્ષેપની અપેક્ષાએ ૩૮૭૪૦ -૧૬/૧૯ યોજન જેટલો છે. અહીંનો ભૂમિભાગ બહુ સમરમણીય છે. અહીં સર્વદા તૃતીયકાળ સુષમ દુષ્ષમારકની રચના રહે છે.

[૧૩૨-૧૩૩] હે ભદંત ! હૈમવત્ ક્ષેત્રના જે 'શબ્દાપાતી' નામક વૃત્તવૈતાઢ્ય પર્વત કહેવામાં આવેલ છે, તે કયા સ્થળે આવેલ છે ? હે ગૌતમ ! રોહિતા મહાનદીની પશ્ચિમ દિશામાં અને રોહિતાંશા મહાનદીની પૂર્વ દિશામાં આ 'શબ્દાપાતી' નામક વૃત્ત વૈતાઢ્ય પર્વત આવેલ છે. એ પર્વત હૈમવત ક્ષેત્રના ઠીક મધ્ય ભાગમાં છે. એની ઊંચાઈ એક હજાર યોજન જેટલી છે. ૨૫૦ યોજન જેટલો આનો ઉદ્વેધ છે. એ સર્વત્ર સમાન છે. પલંગનો જેમ આયત ચતુરસ્ર આકાર હોય છે, તેવો જ આકાર આ પર્વતનો પણ છે. આનો આયામ અને વિષ્કંભ ૧ હજાર યોજન જેટલો છે. તેમજ આનો પરિક્ષેપ કંઈક વધારે ૩૧૫૨ યોજન જેટલો છે. એ સર્વાત્મના રત્નમય છે. અને આકાશ તેમજ સ્ફટિક મણિવત નિર્મળ છે. આ એક પદ્મવરવેદિકા અને વનખંડથી ચોમેર આવૃત્ત છે. શબ્દાપાતી વૃતવૈતાઢ્ય પર્વતના ઉપરનો ભૂમિભાગ બહુસમરમણીય છે. તે બહુસમરમણીય ભૂમિભાગના ઠીક મધ્યભાગમાં એક વિશાળ પ્રાસાદા વતંસક છે. એ ૬૨ા યોજન જેટલો ઊંચો છે. ૩૧ા યોજન જેટલો આનો આયામ અને વિષ્કંભ છે. યાવત્ એમાં સપરિવાર સિંહાસન છે. શબ્દાપાતી વૃત્ત વૈતાઢ્ય પર્વત ઉપર નાની-મોટી વાપિકાઓથી યાવત્ બિલપંક્તિઓમાં અનેક ઉત્પલ-પદ્મોની કે જેમની પ્રભા શબ્દાપાતી જેવી છે, જેમનો વર્ણ શબ્દાપાતી જેવો છે. તેમજ અહીં શબ્દાપાતી નામક મહર્દ્ધિ યાવત્ મહાનુભાવશાલી દેવ કે જેની એક પલ્યોપમન જેટલી સ્થિતિ છે રહે છે. એથી આ પર્વતનું નામ 'શબ્દાપાતી' આ પ્રમાણે કહેવામાં આવેલ છે.

એ દેવ ત્યાં પોતાના ચાર હજાર સામાનિક દેવો યાવત્ ચાર સપરિવાર અગ્રમહિષીઓ, ત્રણ પરિષદાઓ ઉપર, સાત અનીકો ઉપર સાત અનીકાધિપતિઓ ઉપર, ૧૬ હજાર આત્મરક્ષક દેવો અને દેવીઓ ઉપર આધિપત્ય, પૌરપત્ય, સ્વામિત્વ, ભર્તૃત્વ, મહત્તકત્વ તેમજ આજ્ઞેશ્વર સેનાપત્ય ધરાવતો તેની પાલ ના કરાવતો, દિવ્ય ભોગો ભોગવતો રહે છે. હે ગૌતમ ! આ ક્ષેત્ર ક્ષુદ્રહિમવત્ પર્વત અને મહાહિમવત્ પર્વત એ બન્ને વર્ષધર પર્વતોના મધ્યભાગમાં છે. એથી મહાહિમવત્ પર્વતની દક્ષિણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દિશામાં અને ક્ષુદ્રહિમવત્ પર્વતની ઉત્તર દિશામાં હોવા બદલ આ ક્ષેત્ર તેમના વડે સીમા નિર્ધારિત હોવાથી તેની સાથે સંબંધ ધરાવે છે. એવા વિચારથી હૈમવત્ આ પ્રકારના સાર્થક નામવાળો કહેવામાં આવેલ છે. તેમજ ત્યાંના જે યુગલ મનુષ્યો છે તેઓ બેસવા વગેરે માટે હેમમય શિલાપટ્ટકોનો ઉપયોગ કરે છે, તેમજ યુગલ મનુષ્યોને સુવર્ણ આપીને તે તેજ સુવર્ણનો પ્રકાશ કરે છે, સુવર્ણ શિલાપટ્ટકાદિ રૂપમાં પ્રદર્શન કરે છે આમ પરિસ્થિતિઓને અનુલક્ષીને પણ એનું નામ 'હૈમવત' એવું કહેવામાં આવેલ છે. હૈમવત નામક દેવ એમાં રહે છે-એ હૈમવત દેવ મહર્દ્ધિક દેવ છે અને પલ્યોપમ જેટલી એની સ્થિતિ છે. એ કારણથી પણ 'હૈમવત' એવું કહેવામાં આવેલ છે.

[૧૩૪] હે ભદન્ત ! એ જમ્બૂદ્વીપ નામક દ્વીપમાં મહાહિમવત્ નામક વર્ષધર પર્વત કયા સ્થળે આવેલ છે ? હે ગૌતમ ! હરિવર્ષની દક્ષિણ દિશામાં અને હૈમવત્ ક્ષેત્રની ઉત્તર દિશામાં તેમજ પૂર્વ દિગ્વર્તી લવણ સમુદ્રની પશ્ચિમ દિશામાં અને પશ્ચિમ દિગ્વર્તી લવણ સમુદ્રની પૂર્વદિશામાં એ જંબૂદ્વીપ નામક દ્વીપમાં મહાહિમવન્ત નામક વર્ષધર પર્વત આવેલ છે. એ પર્વત પૂર્વથી પશ્ચિમ સુધી લાંબો છે. તેમજ ઉત્તરથી દક્ષિણ સુધી વિસ્તૃત છે. પર્યંકનો જેવો આકાર છે, એ પોતાની પૂર્વ અને પશ્ચિમ દિગ્વર્તી બન્ને કોટીઓથી ક્રમશઃ પૂર્વ દિગ્વર્તી લવણ સમુદ્રને સ્પર્શી રહ્યો છે. એની ઊંચાઇ બસો યોજન જેટલી છે. તેમજ એની ઊંડાઇ ૫૦ યોજન જેટલી છે. આનો વિષ્કંભ ૪૨૧૦-૧૦/૧૯ યોજન જેટલો છે. કેમકે હૈમવત ક્ષેત્રની અપેક્ષાએ દ્વિગુણિત છે. એની વાહા આયામની અપેક્ષાએ પૂર્વ પશ્ચિમમાં ૯૨૭૨-૯ /૧૯ યોજન તેમજ અર્ધા યોજન જેટલી છે. એની જીવા ઉત્તરમાં પૂર્વથી પશ્ચિમ સુધી લાંબી છે. પૂર્વ દિશામાં તે જીવ પૂર્વ દિગ્વર્તી લવણ સમુદ્રને સ્પર્શી રહી છે. તથા પશ્ચિમ દિગ્વર્તી તે જીવા પશ્ચિમ દિગ્વર્તી લવણ સમુદ્રને સ્પર્શી રહી છે. એ જીવા આયામની અપેક્ષાએ કંઇક વધારે ૫૩૯૩૧-૬ /૧૯ યોજન જેટલી છે. એનુ ધનુઃ પૃષ્ઠ દક્ષિણ દિશામાં પરિક્ષે પની અપેક્ષાએ ૫૭૨૯૩ -૧૦/ ૧૯ યોજન પ્રમાણે છે. રુચકને સંસ્થાન-છે .એ સર્વાત્મના રત્નમય છે. નિર્મળ છે. એની બન્ને તરફ પદ્મવર વેદિકાઓ છે અને બબ્બે વનખંડો છે. મહાહિમવાન્ વર્ષધર પર્વતના ઉપરનો જે ભૂમિભાગ છે તે બહુસમરમણીય છે. યાવત્ એ અનેક પ્રકારના પાંચ વર્ણોવાળા મણિઓથી અને તૃણોથી ઉપશોભિત છે.

[૧૩૫] મહાહિમવન્ત પર્વતના ઠીક મધ્ય ભાગમાં મહા પદ્મદહ આવેલ છે. આનો આયામ બે હજાર યોજન જેટલો છે, અને એક હજાર યોનજન જેટલો એનો વિષ્કંભ છે. ઊંડાઈ એની દશ યોજન જેટલી છે. એ આકાશ અને સ્ફટિકવત્ નિર્મળ છે. એનો કૂલરજતમય છે.શેષ બધી વક્તવ્યતા અહીં પદ્મદ્રહની વક્તવ્યતા જેવી જ છે,એની મધ્ય ભાગમાં જે કમળ છે તે બે યોજન જેટલું છે. મહાપદ્મહ્રદના વર્ણ જેવા અનેક પદ્મો વગેરે અહીં છે. અહીં હ્રી નામક દેવી રહે છે, યાવત્ એની એક પલ્યોપમ જેટલી સ્થિતિ છે. મહા પદ્મદ્રહ એવું જે આ દ્રહનું નામ છે તે શાશ્વત જ છે, એ મહાપદ્મહ્રદની દક્ષિણ દિગ્વર્તી તોરણોથી રોહિતા નામે મહા નદી નીકળી છે અને મહાહિમવંત પર્વતની ઉપર તે ૧૬૦૫-૫/૧૯ યોજન સુધી દક્ષિણાભિમુખી થઈ ને વહે છે એ પોતાના ઘટમુખ પ્રવૃત્તિક તેમજ મુક્તાવલિહાર તુલ્ય પ્રવાહથી પર્વતની નીચે આવેલા રોહિત નામક પ્રપાત કુંડમાં પડે છે. પર્વત ઉપરથી નીચે સુધી પડનાર તે પ્રવાહ પ્રમાણમાં કંઈક વધારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બસો યોજન જેટલો છે. રોહિતા નદી જે સ્થાન ઉપરથી તે પ્રપાત કુંડમાં પડે છે. તે સ્થાન એક વિશાળ જિહ્વિકા રૂપમાં છે. એ જિહ્વિકા આયામ-લંબાઈ-માં એક યોજન જેટલી છે તેમજ એક ગાઉ જેટલી એની મોટાઈ છે એનો આકાર ખુલ્લા મગરના મુખ જેવો છે. એ સર્વાત્મના વજ્રરત્નમયી છે તેમજ આકાશ અને સ્ફટિક જેવી નિર્મળ છે. એ રોહિતા નામક મહાનદી જ્યાં પડે છે ત્યાં એક વિશાળ પ્રપાત કુંડ છે. એનું નામ રોહિત પ્રપાત કુંડ છે. આ રોહિત પ્રપાતકુંડ આયામ અને વિષ્કંભની અપેક્ષાએ ૧૨૦ યોજન જેટલો છે. આનો પરિક્ષેપ કંઈક કમ ૩૮૦ યોજન જેટલો છે. એની ઊંડાઈ ૧૦ યોજન જેટલી છે. એનો તલભાગ વજ્રરત્ન નિર્મિત છે. એ ગોળ છે. એનો તીર ભાગસમ છે,

તે રોહિત પ્રપાત કુંડના ઠીક મધ્યભાગમાં એક સુવિશાળ રોહિત દ્વીપ નામક દ્વીપ આવેલ છે. એ દ્વીપ આયામ અને વિષ્કંભની અપેક્ષાએ ૧૬ યોજન જેટલો છે. કંઈક અધિક ૫૦ યોજન જેટલો આનો પરિક્ષેપ છે. એ પાણીથી બે ગાઉ ઉપર ઉઠેલો છે. એ સર્વાત્મના વજ્રમય છે. આકાશ અને સ્ફટિક જેવો એ નિર્મળ છે. એ એક પદ્મવર વેદિકાથી અને એક વનખંડથી ચોમેર સારી રીતે પરિવૃત્ત છે. આ રોહિત દ્વીપની ઉપરનો જે ભૂમિભાગ છે તે બહુસમરમણીય છે તેની ઠીક મધ્યભાગમાં એક વિશાળ ભવન આવેલ છે. એ આયામની અપેક્ષાએ એક ગાઉ જેટલું છે. એ વિસ્તારની અપેક્ષાએ એ ભવન અર્ધા ગાઉ જેટલું છે. કંઈક કમ એક ગાઉ જેટલી એની એની ઊંચાઈ છે વગેરે રૂપમાં અહીં શેષ બધું વર્ણન સમજી લેવું જોઈએ. રોહિત પ્રપાત કુંડની દક્ષીણ દિશાના તોરણોથી રોહિત નામક મહા નદી નીકળે છે. તે નદી હૈમવત ક્ષેત્ર તરફ પ્રવાહિત થતી શબ્દાપાતી વૃત્ત વૈતાઢ્ય પર્વતથી બે ગાઉ દૂર રહીને પછી ત્યાંથી તે પૂર્વ દિશા તરફ પાછી ફરે છે અને તે હૈમવત ક્ષેત્રને બે વિભાગોમાં વિભક્ત કરતી ૨૮ હજાર પરિવાર ભૂત નદીઓથી યુક્ત થઈને જંબૂદ્વીપની જગતીને દિત કરતી પૂર્વ લવણ સમુદ્રમાં મળે છે. રોહિતાંશા મહાનદીના વર્ણન જેવું જ એ મહા નદીના આયામ વગેરેનું વર્ણન છે.

તે મહા પદ્મદ્રહ ઉત્તરદિગ્વર્તી તોરણ દ્વારથી હરિકાન્તા નામક મહાનદી નીકળે છે. એ નદી ૧૬૦૫-૫ /૧૯ યોજન પર્વત ઉપરથી ઉત્તરની તરફ જઈને ખૂબ જ વેગ સાથે પોતાના ઘટમુખથી વિનિર્ગત જલ પ્રવાહ તુલ્ય જ પ્રવાહથી-કે જેનો આકાર મુક્તાવ લિના હાર જેવો હોય છે અને જે કંઈક અધિક બસો યોજન પ્રમાણ પરિમિત છે. હરિકાન્ત પપ્રાત કુંડમાં પડે છે. જે જિહ્વિકા આયામની અપેક્ષાએ બે યોજન જેટલી છે અને વિષ્કંભની અપેક્ષાએ ૨૫ યોજન જેટલી છે. એનો બાહલ્ય બે ગાઉ જેટલો છે. ખુલ્લા મુખવાળા મગરનો જેવો આકાર છે. એ સર્વાત્મના રત્નમયી છે તેમજ આકાશ અને સ્ફટિકવત્ એની નિર્મળકાંતિ છે. હરિકાન્ત નામક એ મહાનદી જ્યાં પડે છે ત્યાં એક વિશાળ હરિકાન્ત પ્રપાત કુંડ નામક કુંડ છે. એ કુંડ આકાશ અને સ્ફટિકવત્ એકદમ નિર્મળ છે. અહીં કુંડ સંબંધી પૂરી વક્તવ્યતા તોરણોના કથન સુધીની અધ્યાહૃત કરી લેવી જોઈએ. તે હરિકાંત પ્રપાત કુંડના ઠીક મધ્ય ભાગમાં એક વિશાળ હરિકાન્ત દ્વીપ નામક દ્વીપ આવેલ છે. એ દ્વીપ આયામ અને વિષ્કંભની અપેક્ષાએ ૩૨ યોજન જેટલો છે. ૧૦૧ યોજન જેટલો આનો પરિક્ષેપ છે તેમજ એ પાણીની ઉપરથી બસો ગાઉ ઊંચો છે. એ સર્વાત્મના રત્નમય છે અને આકાશ તેમજ સ્ફટિક જેવી એની નિર્મળ કાન્તિ છે. એ એક પદ્મવર વેદિકાથી અને એક વનખંડથી ચોમેર આવેષ્ટિત છે. તેમજ હરિકાન્ત-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દ્વીપનું પ્રમાણ શયનીય તેમજ આ પ્રમાણે જ એનું નામ કરણ વિષે પણ અહી સ્પષ્ટતા કરી લેવી જોઈએ. તે હરિકાન્ત પ્રપાત કુંડના ઉત્તર દિગ્વર્તી તોરણ દ્વારથી યાવત્ નીકળતી એ મહાનદી હરિવર્ષ ક્ષેત્રમાં પ્રવાહિત થતી વિકટાપાતી વૃત્ત વૈતાઢ્ય પર્વતને એક યોજન દૂર છોડીને ત્યાંથી પશ્ચિમ તરફ વળીને હરિવર્ષ ક્ષેત્રને બે વિભાગોમાં વિભક્ત કરીને ૫૬ હજાર નદીઓના પરિવાર સાથે જંબૂદ્વીપની જગતીને દીવાલને નીચેથી ધ્વસ્ત કરીને પશ્ચિમ દિગવર્તી લવણસમુદ્રમાં પ્રવિષ્ટ થાય છે. હરિકાન્તા મહા નદી પ્રવાહ દ્રહનિર્ગમમાં વિષ્કંભની અપેક્ષાએ ૨૫ યોજન જેટલી ઊંડાઇ ની અપેક્ષાએ અર્ધા યોજન જેટલી એટલે કે બે ગાઉ છે. ત્યાર બાદ ક્રમશઃ પ્રતિપાર્શ્વમાં ૨૦, ૨૦, ધનુષ જેટલી અભિવર્ધિત થતી સમુદ્ર પ્રવેશ સ્થાનમાં અઢીસો યોજન પ્રમાણ વિષ્કંભવાળી અને ૫ યોજન પ્રમાણ ઉદ્વેધવાળી થઇ જાય છે. એના બન્ને પાર્શ્વ ભાગોમાં બે પદ્મવર વેદિકાઓ અને બે વનખંડો છે. તેમનાથી એ સંપરિક્ષિપ્ત છે.

[૧૩૬] હે ભદંત ! મહાહિમવાન્ પર્વત ઉપર કેટલા કૂટો આવેલા હે ગૌતમ ! મહા હિમવાન્ પર્વત છે. હે ગૌતમ ! મહાહિમવાન્ પર્વત ઉપર આઠ કૂટો છે. તેમના નામો આ પ્રમણે છે સિદ્ધાયતન કૂટ, મહાહિમવત્ કૂટ, હૈમવત્કૂટ, રોહિત કૂટ, હ્રી કૂટ, હરિકાન્ત કૂટ, હરિ વર્ષ કૂટ તેમજ વૈડૂર્ય કૂટ. ક્ષુદ્ર હિમવત્ પર્વત સંબંધી કૂટોની જેમ આ કૂટો વિશે જાણવું એ વર્ષધર પર્વતનું જે મહાહિમવાન્ એવું નામ કહેવામાં આવેલ છે તેનું કારણ 'ક્ષુદ્રીહ મવાન્ વર્ષધર પર્વતની અપેક્ષાએ એનો આયામ એની ઊંચાઇ એનો વિષ્કંભ અને એનો પરિક્ષેપ એ બધું મહાન્ છે, અધિક છે, દીર્ઘતર છે.' એ વર્ષધરનું જે એવું નામ પ્રસિદ્ધ થયું છે તેનું કારણ આ પણ છે કે એમાં મહાહિમવાન્ નામે એક દેવ રહે છે. આ દેવ મહર્દ્ધિક વગેરે વિશેષણો વાળો છે યાવત્ એનું એક પલ્યોપમ જેટલું આયુ છે.

[૧૩૭] હે ભદન્ત ! એ જંબૂદ્વીપ નામક દ્વીપમાં હરિવર્ષ નામક ક્ષેત્ર કયા સ્થળે આવેલ છે ? હે ગૌતમ ! નિષધવર્ષધર પર્વતની દક્ષિણ દિશામાં તેમજ મહાહિમવાન્ પર્વતની ઉત્તર દિશામાં તેમજ પૂર્વદિગ્વર્તી લવણસમુદ્રની પશ્ચિમદિશામાં તથા પશ્ચિમ દિગ્વર્તી લવણસમુદ્રની પૂર્વદિશામાં જંબૂદ્વીપ ની અંદર હરિવર્ષ નામક ક્ષેત્ર આવેલ છે. આ પ્રમાણે યાવત્ આ ક્ષેત્ર પશ્ચિમ દિગ્વર્તી કોટીથી પશ્ચિમદશા સંબંધી લવણસમુદ્રને સ્પર્શે છે. આનો વિષ્કંભ ૮૪૨૧-૫/૧૯ યોજન જેટલો છે. એની વાહા પૂર્વ પશ્ચિમમાં આયામની અપેક્ષાએ ૧૩૩૬૧ યોજન જેટલી છે. અને એક યોજનના ૧૯ ભાગોમાં ૬ ભાગ પ્રમાણ અને અર્ધ ભાગ પ્રમાણે છે. એની જીવા ઉત્તરદિશામાં પૂર્વથી પશ્ચિમ સુધી લાંબી છે. એ પૂર્વ દિશા સંબંધી કોટીથી પૂર્વદિક્ સંબંધી લવણ સમુદ્રને સ્પર્શે છે અને પશ્ચિમદિશા સંબંધિ કોટિથી પશ્ચિમ દિક્વર્તી લવણ સમુદ્રનો સ્પર્શ કરે છે. એ જીવા આયામની અપેક્ષાએ ૭૩૯૦૧-૫/૧૯ યોજન અને અર્દ્ધભાગ પ્રમાણ છે. ધનુપૃષ્ઠ પરિક્ષેપની અપેક્ષાએ દક્ષિણ દિશામાં ૮૪૦૧૬-૪ /૧૯ યોજન જેટલો છે. હે ગૌતમ ! હરિવર્ષ ક્ષેત્રનો ભૂમિભાગ બહુસમરમણીય કહેવામાં આવેલ છે. યાવત્ તે મણિઓથી અને તૃણોથી ઉપશોભિત છે. હરિવર્ષ ક્ષેત્રમાં સ્થાન-સ્થાન ઉપર ઘણી નાની-મોટી વાપિકાઓ છે, પુષ્કરિણીઓ છે, દીર્ઘિકાઓ છે, ગુંજાલિકાઓ છે, સરો છે અને સરપંક્તિઓ છે એ ક્ષેત્રમાં જે અવસર્પિણી નામક દ્વિતીય આરક સુષમા નામક છે, તેનો જ પ્રભાવ રહે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હે ભદંત ! હરિવર્ષ ક્ષેત્રમાં વિકટાપતિ નામક એક વૃત્તવૈતાઢ્ય પર્વત ક્યાં આવેલ છે ? હરિત નામક મહાનદીની પશ્ચિમ દિશામાં અને હરિકાન્ત મહાનદીની પૂર્વ દિશામાં એ હરિવર્ષ ક્ષેત્રના બહુ મધ્ય ભાગમાં છે. ત્યાં જ વિકટાપાતી વૃત્તવૈતાઢ્ય પર્વત આવેલ છે. તેના વિષ્કંભ ઉચ્ચતા, ઉદ્વેધ, પરિક્ષેપ અને સંસ્થાન વગેરેનું સર્વે શબ્દાપાતી વૃત્તવૈતાઢ્ય પર્વતના જ વિષ્કંભ આદિના વર્ણન જેવું છે. પરંતુ એ વિકટાપાતી વૃત્તવૈતાઢ્ય પર્વતની ઉપર અરુણ નામે દેવ રહે છે. હે ભદન્ત ! આપ એ પ્રમાણે શા કારણથી કહો છો કે આ ક્ષેત્ર હરિવર્ષ છે ? હે ગૌતમ ! હરિવર્ષ ક્ષેત્રમાં કેટલાક માણસો અરુણ વર્ણવાળા છે અને અરુણ જેવું જ તેમનું પ્રતિભાસન હોય છે, તેમજ કેટલાક માણસો શંખના ખંડ જેવા શ્વેત વર્ણવાળા છે એથી એમના યોગથી આ ક્ષેત્રનું નામ 'હરિવર્ષ' આવું કહેવામાં આવેલ છે. અહીં 'હરિ' શબ્દ સૂર્ય અને ચંદ્ર એ બન્નેને સૂચિત કરે છે. એથી કેટલાક મનુષ્યો અહીં સૂર્ય જેવા અરુણ અને કેટલાક ચન્દ્ર જેવા શ્વેત મનુષ્યો અહીં વસે છે.

[૧૩૮] હે ભદંત ! આ જંબૂદ્વીપમાં નિષધ નામક વર્ષધર પર્વત કયા સ્થળે આવેલ છે ? હે ગૌતમ ! મહાવિદેહની દક્ષિણ દિશામાં અને હરિવર્ષ ઉત્તર દિશામાં પૂર્વદિગ્વર્તી લવણ સમુદ્રની દક્ષિણ દિશામાં તેમજ પશ્ચિમ દિગ્વર્તી લવણ સમુદ્રની પૂર્વદિશામાં જંબૂદ્વીપની અંદર નિષધ નામક વર્ષધર પર્વત આવેલ છે. એ પર્વત પૂર્વથી પશ્ચિમ સુધી લાંબો છે. તેમજ ઉત્તરથી દક્ષિણ સુધી વિસ્તૃત છે. એ પોતાની બન્ને કોટિઓથી લવણ સમુદ્રને સ્પર્શી રહેલ છે. પૂર્વદિગ્વર્તી લવણસમુદ્રને અને પશ્ચિમ દિગ્વતી કોટિથી પશ્ચિમ દિગ્વર્તી લવણસમુદ્રને સ્પર્શી રહેલ છે. એની ઊંચાઈ ૪૦૦ યોજન જેટલી છે. એનો ઉદ્વેધ ૪૮૦ ગાઉ જેટલો છે, તેમજ વિષ્કંભ ૧૬૮૪૨-૨/૧૯ યોજન જેટલો છે. તેમજ એની વાહા -પૂર્વ પશ્ચિમમાં આયામથી અપેક્ષાએ ૨૦૧૭૫ -૨ /૯૧ યોજન તેમજ અર્ધ ભાગ પ્રમાણ છે. તેમજ એની ઉત્તર જીવા આયામની અપેક્ષા ૯૪૧૫૬-૨/૧૯ યોજન છે. એના ધનુપૃષ્ઠનું પ્રમાણ પરિક્ષેપની અપેક્ષાએ દક્ષિણ દિશામાં ૧૨૪૩૬૪ -૯ /૧૯ યોજન જેટલું છે એનું સંસ્થાન રુચકના સંસ્થાન જેવું છે એ સર્વાત્મના તપ્તસુવર્ણમય છે. આકાશ અને સ્ફટિકની જેમ એ તદ્દન નિર્મળ છે. એના બન્ને દક્ષિણ ઉત્તરના પાર્શ્વભાગો માં બે પદ્મવર વેદિકાઓ છે અને બે વનખંડો છે. તેનાથી એ ચોમેરથી સંપૂર્ણ રૂપમાં પરિવૃત્ત છે. એ વર્ષધર પર્વતના બહુસમરમણીય ભૂમિભાગના ઠીક મધ્યમાં એક વિશાળ તિગિંચ્છિ દ્રહ આવેલ છે. એ દ્રહ પૂર્વથી પશ્ચિમ સુધી લાંબો છે અને ઉત્તર દક્ષિણ દિશા માં વિસ્તૃત છે. એનો આયામ ચાર હજાર યોજન જેટલો છે અને વિષ્કંભ બે હજાર યોજન જેટલો છે. એનો ઉદ્વેધ દશ યોજન જેટલો છે. એ આકાશ અને સ્ફટિક જેવો નિર્મળ છે અને એ ચીકણો છે. એના તટો રજતમય છે. તે તિગિંછિ દ્રહની ચોમેર ત્રિસોપાન પ્રતિરૂપકો છે. અહીં મહર્દ્ધિક યાવત્ એક પલ્યોપમ જેટલી સ્થિતિ વાળી ધૃતિ નામક દેવી રહે છે.

[૧૩૯] તિગિંછિદ્રહના દક્ષિણ દિગ્વર્તી તોરણ દ્વારથી હરિત નામની મહાનદી નીકળે છે અને નીકળીને તે ૭૪૨૧-૧/૧૯ યોજન સુધી તે જ પર્વત ઉપર દક્ષિણ દિશા તરફ પ્રવાહિત થઈ છે, અને ઘટના મુખમાંથી અતીવ વેગ સાથે નીકળતા મુક્તા વલિહારના જેવા નિર્મળ એવા પોતાના પ્રવાહથી કે જેનું પ્રમાણ કંઈક વધારે ચાર હજાર યોજન જેટલું છે-તિગિંછિ પ્રપાત કુંડમાં પડે છે. આ પ્રમાણે જે હરિકાન્ત મહાનદીની વક્તવ્યતા છે મુજબ હરિત મહાનદી જાણવી એ મહાનદી પર્વતની ઉપર ૭૪૨૧ -૧/૧૯

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યોજન સુધી પ્રવાહિત થતી કહેવામાં આવેલ છે. તે તિગિંછિ હ્રદના ઉત્તર દિગ્વર્તી તોરણોથી સીતોદા નામે મહાનદી નીકળે છે. એ મહા નદી પર્વતની ઉપર ૭૪૨૧-૧/ ૧૯ યોજન સુધી ઉત્તર દિશા તરફ પ્રવાહિત થઈને પછી એ ઘટના મુખમાંથી નીકળતા જલપ્રવાહની જેમ વેગશાલી પોતાના વિશાલ પ્રવાહથી પ્રપાત કુંડમાં પડે છે. એનું પ્રવાહ પ્રમાણ કંઈક વધારે ૧૦૦ યોજન જેટલું કહેવામાં આવેલ છે. એ સીતોદા મહાનદી જ્યાંથી પ્રપાત કુંડમાં પડે છે ત્યાં એક વિશાળ જિહ્વિકા છે. એનું આયામની અપેક્ષાએ પ્રમાણ ૪ યોજન જેટલું અને વિષ્કંભની અપેક્ષાએ ૫૦ યોજન જેટલું છે. તેમજ એક યોજન જેટલા પ્રમાણનું આનું બાહલ્ય છે. એનો આકાર મગરના ખુલા મુખના જેવો છે તેમજ એ સર્વાત્મના વજ્રમયી છે, અને સર્વથા નિર્મળ છે. સીતોદા મહા નદી જ્યાં પડે છે ત્યાં એક સીતોદા પ્રપાત નામક કુંડ આવેલ છે. ૪૮૦ યોજન પ્રમાણ એનો આયામ એને વિષ્કંભ છે તેમજ કંઈક કમ ૧૫૧૮ યોજન જેટલો એનો પરિક્ષેપ છે. એ સર્વથા સ્વચ્છ છે. આ પ્રમાણે અહીં કુંડ સંબંધી વક્તવ્યતા સમજી લેવી જોઈએ. એ સીતોદા પ્રપાત કુંડના ઠીક મધ્ય ભાગમાં એક સીતોદ દ્વીપ નામક દ્વીપ છે. એનો આયામ અને વિષ્કંભ ૬૪ યોજન જેટલો છે. તેમજ ૨૦૨ યોજન જેટલો એનો પરિક્ષેપ છે. એ પાણી ઉપર બે ગાઉ સુધી ઉપર ઉઠેલ છે. એ દ્વીપ સર્વાત્મના રત્નમય છે અને સર્વથા નિર્મલ છે. ગંગાદ્વીપ પ્રકરણમાં જેવી પદ્મવરવેદિકા, વનખંડ, ભૂમિભાગ, ભવન, શયનીય અને ત્યાં તેમના નામ વિષે જે કારણો સ્પષ્ટ કરવામાં આવેલાં છે તેવું જ સર્વ કથન અહીં પણ પ્રકરણાનુસાર જાણી લેવું જોઈએ.

તે સીતોદા પ્રપાત કુંડના ઉત્તરદિગ્વર્તી તોરણ દ્વારથી સીતોદા મહાનદી નીકળે છે, અને નીકળીનવે તે દેવ કુરુક્ષેત્રમાં પ્રવાહિત થતી થતી પૂર્વ અને અપર તટવર્તી ચિત્ર-વિચિત્ર કૂટોને પર્વતોને નિષધ, દેવકુરૂ સૂર સુલસ તેમજ વિદ્યુત્પ્રભ એ સમશ્રેણિ વર્તી પાંચ દ્રહોને વિભક્ત કરતી તેમની મધ્યમાં થઈને પ્રવાહિત થાય છે. તે સંબંધમાં વિભાગક્રમ આ પ્રમાણે છે ચિત્ર-વિચિત્ર પર્વતોની વચ્ચે પ્રવાહિત થાય છે તેથી ચિત્રકૂટ પર્વતને પૂર્વમાં રાખીને અને વિચિત્ર કૂટ પર્વતોની પશ્ચિમમાં રાખીને આ નદી દેવકુરુમાં પ્રવાહિત થાય છે. સમ શ્રેણિવર્તી પાંચે પાંચ દ્રહને આ વિભક્ત કરે છે અને તેમની અંદરથી પ્રવાહિત થાય છે. એ સમયમાં જ એ દેવકુરુવર્તી ૮૪ હજાર નદીઓથી યુક્ત થઈ જાય છે અને પ્રપૂરિત થઈ જાય છે. અને પછી મેરુનું જે પ્રથમ વન ભદ્રશાલ વન છે ત્યાં જાય છે. જતાં જતાં એ મેરુને એ ૨ યોજન દૂર મૂકી દે છે. આ પ્રમાણે શીતોદા અને મેરુ વચ્ચેનો અન્તરાલ આઠ ગાઉનો થઈ જાય છે. એ પશ્ચિમ તરફ જઈને અધો ભાગવર્તી વિદ્યુત્પ્રભનામક વક્ષસ્કાર પર્વત નૈઋત્ય દિગ્વર્તી, કુરુગોપક પર્વતને વિભક્ત કરતી મંદર પર્વતની પશ્ચિમ દિશામાં વિદ્યમાન અપર વિદેહ ક્ષેત્રમાં અને પશ્ચિમ વિદેહ ક્ષેત્રમાં વહે છે. ત્યાં એમાં એક-એક ચક્રવર્તી વિજયથી આવી આવીને ૨૮-૨૮ હજાર બીજી નદીઓ મળે છે. ચક્રવર્તી વિજયો ૧૬ છે. એ ૧૬ ચક્રવર્તી વિજયોની ૨૮-૨૮ સહસ્ર નદીઓના હિસાબથી ૪૪૮૦૦૦ જેટલી નદીઓની સંખ્યા થઈ જાય છે. તેમજ એ સંખ્યામાં દેવકુરુગત ૮૪૦૦૦ નદીઓની સંખ્યા જોડીએ તો એ સર્વ નદીઓનો પરિવાર-૫૩૨૦૦૦ થઈ જાય છે.

આ સીતોદા મહાનદી નિર્ગમન સ્થાનમાં હરિત નદીના પ્રવાહની અપેક્ષાએ તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દ્વિગુણિત છે તેથી પચાસ યોજન જેટલા વિસ્તારવાળી છે. એક યોજન જેટલો એનો ઉદ્વેધ છે. ત્યાર બાદ એ ક્રમશ અભિવર્ધિત થથી પ્રતિયોજન બન્ને પાર્શ્વભાગમાં ૮૦ ધનુષ્ય જેટલી વૃદ્ધિ પામતી એટલે કે એક પાર્શ્વમાં ૪૦ ધનુષ જેટલી વર્ધિત થતી મુખમૂલમાં -સાગરમાં પ્રવિષ્ટ થાય તે સ્થાનમાં એ પાંચસો યોજન સુધીના મુખમૂલ વિષ્કંભવાળી થઈ જાય છે કેમકે પ્રવાહ વિષ્કંભની અપેક્ષા મુખમૂળનો વિષ્કંભ દ્વિગુણિત થઈ જાય છે. એ બન્ને પાર્શ્વભાગ બે પદ્મવરવેદિકાઓથી અને બે વનષંડોથી સંપરિક્ષિપ્ત છે. નિષધ નામક વર્ષધર પર્વત ઉપર કેટલા કૂટો છે ? નવ કૂટો છે. સિદ્ધાયતન કૂટ, નિષધ કૂટ, હરિવર્ષ કૂટ, પૂર્વ વિદેહ કૂટ, હરિ કૂટ, ધૃતિ કૂટ, સીતોદા કૂટ, અપર વિદેહ કૂટ અને રુચક કૂટ એમાં જે અરિહંતના ગૃહ રૂપ કૂટ છે, તે સિદ્ધાયતન કૂટ છે. નિષધ વર્ષધર પર્વતના અધિપતિનો જે કૂટ છે તે હરિવર્ષ કૂટ છે. પૂર્વવિદેહના અધિપતિનો જે કૂટ છે તે પૂર્વવિદેહ કૂટ છે. હરિ-સલિલા નદીની દેવીનો જે કૂટ છે તે હરિકૂટ છે. તિગિંછ દ્રહની અધિષ્ઠાત્રી દેવીનો જે કૂટ છે તે ધૃતિ કૂટ છે શીતોદા નદીની દેવીનો જે કૂટ છે તે સીતોદા કૂટ છે અપર વિદેહાધિપતિનો જે કૂટ છે તે અપરવિદેહ કૂટ છે. ચક્રવાલ પર્વત વિશેષના અધિપતિનો જે કૂટ છે તે રુચક કૂટ છે. પહેલા જે ક્ષુદ્રહિમવત્ પર્વતના નવ કૂટોની ઉચ્ચતા, વિષ્કંભ અને પરિક્ષેપનું પ્રમાણ કહેવામાં આવેલ છે તેજ પ્રમાણ આ કૂટોની ઉચ્ચતા, વિષ્કંભ અને પરિક્ષેપનું સમજવું. હે ભદન્ત ! 'નિષધ' એવું નામ શા કારણથી કહ્યું છે ? હે ગૌતમ ! એ નિષધ વર્ષધર પર્વતની ઉપર અનેક કૂટો નિષધના સંસ્થાન જેવા-વૃષભ આકારના જેવા છે તેમજ એ વર્ષધર પર્વત ઉપર નિષધ નામક મહર્દ્ધિક યાવત્ એક પલ્યોમપ જેટલા આયુષ્યવાળો દેવ રહે છે. એ કારણે મેં એ વર્ષધર પર્વતનું નામ 'નિષધ' કહ્યું છે.

[૧૪૦-૧૪૧] હે ભદંત ! આ જંબૂદ્વીપ નામક દ્વીપમાં મહાવિદેહ નામક દ્વીપ કયા સ્થળે આવેલ છે ? હે ગૌતમ ! નીલવાન્ વર્ષધર પર્વતની-દક્ષિણ દિશામાં તથા નિષધ વર્ષધર પર્વતની ઉત્તર દિશામાં તેમજ પૂર્વ દિગ્વર્તી લવણ સમુદ્રની પશ્ચિમ દિશામાં અને પશ્ચિમ દિગ્વર્તી લવણ સમુદ્રની પૂર્વ દિશામાં એ જંબૂદ્વીપ નામક દ્વીપમાં મહાવિદેહ નામક ક્ષેત્ર આવેલ છે. આ ક્ષેત્ર પૂર્વથી પશ્ચિમ સુધી લાંબું છે. અને ઉત્તરથી દક્ષિણમાં વિસ્તાર સંસ્થાને છે. પલ્યંક એ પોતાની પૂર્વ પશ્ચિમની કોટિથી-ક્રમશઃ પૂર્વ દિગ્વર્તી લવણ સમુદ્રને સ્પર્શે છે. આ ક્ષેત્રનો વિસ્તાર ૩૩૬૮૪-૪/૧૯ મધ્ય ભાગમાં એની જીવા પૂર્વ પશ્ચિમ તરફ દીર્ઘ છે. એ પોતાની પૂર્વકોટિથી પૂર્વદિગ્વર્તી લવણ સમુદ્રને અને પશ્ચિમ કોટિથી પશ્ચિમ દિગ્વર્તી લવણ સમુદ્રને સ્પર્શી રહી છે. એની દીર્ઘતાનું પ્રમાણ ૧ એક લાખ યોજન જેટલું છે. આ મહાવિદેહ ક્ષેત્રનું ધનુઃપૃષ્ઠ પરિક્ષેપની અપેક્ષાએ બન્ને પાર્શ્વભાગોમાં ઉત્તર દક્ષિણમાં ૧૫૮૧૧૩ યોજન અને એક યોજનના ૧૯ ભાગોમાંથી કંઈક વધારે ૧૬ ભાગ પ્રમાણ છે આ મહા વિદેહ ક્ષેત્ર ચાર ભેદ યુક્ત છે. જેમકે પૂર્વવિદેહ, પશ્ચિમવિદેહ, દેવકુરુ અને ઉત્તર કુરુ. મેરુની પૂર્વ દિશા નો જે વિદેહ છે તે પૂર્વ વિદેહ છે અને મેરૂની પશ્ચિમ દિશાનો જે વિદેહ છે તે અપર વિદેહ છે. મેરુની દક્ષિણ દિશાનો જે વિદેહ છે તે દેવ કુરુ છે અને મેરુની ઉત્તર દિશાનો જે વિદેહ છે તે ઉત્તર કુરુ છે. હે ભદંત ! મહાવિદેહ ક્ષેત્રનો આકાર, ભાવ, પ્રત્યવતાર એટલે કે સ્વરૂપ કેવું કહેવામાં આવેલ છે ? હે ગૌતમ ! ત્યાંનો ભૂમિભાગ બહુ સમરમણીય કહેવામાં આવેલ છે. યાવત્ કૃત્રિમ તેમજ અકૃત્રિમ નાનાવિધ પંચવર્ણોવાળા મણિઓથી અને તૃણોથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપશોભિત છે. સંસ્થાન પણ ત્યાં ૬ પ્રકારનું હોય છે.-પરિમંડલ સંસ્થાન, વૃત્ત સંસ્થાન, ત્રંસ સંસ્થાન, ચતુરંસ સંસ્થાન, આયત સંસ્થાન, અને ઈત્થંસ્થ સંસ્થાન.

આ મહાવિદેહ ક્ષેત્રોના મનુષ્યોના શરીર ઊંચાઈમાં ૫૦૦ ધનુષ જેટલા કહેવામા આવેલ છે. એમનું આયુ જઘન્યથી એક અન્તર્મુહૂર્ત જેટલું હોય છે. ૮૪ અને લાખ પૂર્વાંગોનો એક પૂર્વ હોય છે. એવા ૧ પૂર્વ કોટિ જેટલું ત્યાં ઉત્કૃષ્ટ આયુ કહેવામાં આવેલ છે. આટલું આયુ પસાર કરીને ત્યાંના કેટલાંક જીવો તો નરક ગામી હોય છે યાવત્ કેટલાંક જીવો મનુષ્ય-સિદ્ધ ગતિ ગામી પણ હોય છે. તેઓ બુદ્ધ થઈ જાય છે, મુક્ત થઈ જાય છે. પરિનિર્વાત થઈ જાય છે. તેમજ તેઓ સમસ્ત દુઃખોનો અંત કરે છે. મહાવિદેહ ક્ષેત્ર, ભરત ક્ષેત્ર, ઐરવત ક્ષેત્ર, હેમવતક્ષેત્ર અને રમ્યક ક્ષેત્રોની અપેક્ષા આયામ વિષ્કંભ, સંસ્થાન પરિક્ષેપકોને લઈને જોઈએ તો વિસ્તીર્ણ તર છે, વિપુલતર છે, મહત્તર છે તથા સુપ્રમાણતરક છે એટલે કે એક લક્ષ પ્રમાણ જીવાવાળું હોવાથી આયામની અપેક્ષાએ મહત્તર છે. કંઈક આધિક ૮૪૬૩૩ યોજન પ્રમાણ યુક્ત હોવાથી એ વિસ્તીર્ણ તરક જ છે. પલ્યંક રૂપ સંસ્થાનથી યુક્ત હોવા બદલ એ વિપુલ તરક વિજયોમાં સર્વદા ૫૦૦ ધનુષની ઊંચાઈવાળું શરીર હોય છે, તેમજ દેવકુરુ અને ઉત્તર કુરુમાં ત્રણ ગાઉ જેટલું ઉંચું શરીર હોય છે. આ મહાવિદેહતાને લઈને અકર્મ ભૂમિ રૂપ પણ દેવકુરુ અને ઉત્તરકુરુ એ ક્ષેત્રોને મહાવિદેહના ભેદ રૂપથી પરિગણિત કરવામાં આવેલ છે. આ મહેવિદેહતાથી યુક્ત મનુષ્યો અહીં રહે છે અને એ મનુષ્યોના સંબંધથી આ ક્ષેત્રને મહાવિદેહ કહેવામાં આવેલ છે. તેમજ મહાવિદેહ નામક દેવ અહીં રહે છે. આ દેવ મહર્દ્ધિક યાવત્ એક પલ્યોપમ જેટલું એથી ઉપર્યુક્ત સર્વ કારણોને લઈને આ ક્ષેત્રનું નામ 'મહાવિદેહ' એવું રાખવામાં આવ્યું છે. અથવા 'મહા વિદેહ' એવું આ ક્ષેત્રનું નામ અનાદિકાલિક છે.

જૈનમ્ જયતિ શાસનમ્

હે ભદંત !મહાવિદેહ ક્ષેત્રમાં ગંધ. માદન નામક વક્ષસ્કાર પર્વત ક્યા સ્થળે આવેલ છે ? હે ગૌતમ ! નીલવાન્ વર્ષધર પર્વતની દક્ષિણ દિશામા, મન્દર પર્વતના વાયવ્ય કોણમાં, શીતોદા મહાનદીની દિશા માં આવેલ અષ્ટમ વિજય રૂપ ગંધિલાવતી વિજયની પૂર્વ દિશામાં તેમજ ઉત્તર કુરુ રૂપ સર્વોત્કૃષ્ટ ભૂમિક્ષેત્રની પશ્ચિમ દિશામાં મહાવિદેહ ક્ષેત્રમાં ગન્ધમાદન નામક વક્ષસ્કાર પર્વત આવેલ છે-કે જે બે પર્વતો મળીને પોતાના વક્ષસ-મધ્યમાં ક્ષેત્રને છુપાવી લે છે, તેનું નામ વક્ષસ્કાર પર્વત છે. ગંધમાદન વક્ષસ્કાર પર્વત ઉત્તરથી દક્ષિણ સુધી લાંબો છે તેમજ પૂર્વથી પશ્ચિમ સુધી વિસ્તીર્ણ છે. એનો આયામ ૩૦૨૯૦-૬ /૧૯ યોજન જેટલો છે. એ વક્ષસ્કાર નીલવાન વર્ષધર પર્વતની પાસે ૪૮૦ યોજન જેટલી ઊંચાઈવાળો છે. આનો ઉદ્વેધ ૪૦૦ ગાઉ જેટલો છે તેમજ વિષ્કંભમાં એ ૫૦૦ યોજન જેટલો છે. ત્યાર બાદ એ અનુક્રમે ઊંચાઈમાં અને ઉદ્વેધમાં વધતો જાય છે અને વિષ્કંભમાં ઓછો થતો જાય છે. આ પ્રમાણે મંદર પર્વતની પાસે પાંચસો યોજન જેટલી એની ઊંચાઈ થઈ જાય છે. અને ૫૦૦ ગાઉ જેટલો એનો ઉદ્વેધ થઈ જાય છે. તેમજ અંગુલના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ એનો વિષ્કંભ રહી જાય છે. એ પર્વત ગજદંતનું જેવું સંસ્થાન હોય છે તેવાજ સંસ્થાનવાળો છે. તેમજ સર્વાત્મક રત્નમય છે અને આકાશ તેમજ સ્ફટિકની જેમ નિર્મળ છે. એ બન્ને પાર્શ્વ ભાગોમાં બે પદ્મવર વેદિકાઓથી અને બે વનખંડોથી સારી રીતે ચોમેરથી પરિવૃત છે.આ ગંધમાદન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વક્ષસ્કાર પર્વતનો ઉપરનો ભૂમિભાગ ભૂમિરૂપ ભાગ બહુ સમરમણીય કહેવામાં આવેલ છે. યાવત્ અહીં અનેક દેવો અને દેવીઓ ઉઠતી-બેસતી રહે છે તેમજ આરામ-વિશ્રામ-શયન કરતી રહે છે. એ પર્વત ઉપર સાત કૂટો આવેલા છે. સિદ્ધાયતન કૂટ, ગંધમાદન કૂટ, ગંધિલાવતી કૂટ, ઉત્તરકુરુ કૂટ, સ્ફટિક કૂટ, ગંધમાદન કૂટ, લોહિતાક્ષ કૂટ, અને આનંદ કૂટ. મંદરપર્વતના વાયવ્ય કોણમાં ગંધમાદન કૂડના આગ્નેય કોણમાં સિદ્ધાયતન નામક કૂટ ઉપર કહેવામાં આવેલ છે. જે પ્રમાણ ક્ષુદ્રહિમવાન્ પર્વત ઉપર સિદ્ધાયતનકૂટ-માટે કહેવામાં આવેલ છે, સિદ્ધાયતન વગેરે બધા સાતે કૂટો માટે પણ આ મુજબ જ પ્રમાણ સમજવું. આ પ્રમાણે જ સિદ્ધાયતન કૂટના કથન મુજબ જ ત્રણ વિદિશાઓમાં વાયવ્ય કોણમાં ત્રણ સિદ્ધાયતન વગેરે કૂટો કહેવા જોઈએ. ૬ કૂટોની ઉપર જ પ્રાસાદવંતસક છે. તત્ તત્ કૂટના અધિષ્ઠાયક દેવોના નિવાસ માટે યોગ્ય ઉત્તમ પ્રાસાદો છે, તેમજ તત્ તત્ દેવોની રાજધાનીઓ અસંખ્યાતમા ભાગ પ્રમાણ જંબૂદ્વીપમાં વાયવ્ય કોણમાં છે. આ ગન્ધમાદન નામક વક્ષસ્કાર પર્વતનો ગન્ધ દળતાં, કૂટતા, વિકીર્ણ થયેલાં વગેરે રૂપમાં પરિણત થયેલા કોષ્ઠ પુટોનો યાવત્ તગર પુટાદિક સુગંધિત દ્રવ્યોનો ગન્ધ હોય છે, તેવા પ્રકારનો છે. તે જેવો ઉદાર, મનોજ્ઞ વગેરે વિશેષણોવાળો હોય છે તેવોજ ગંધ આ વક્ષસ્કારમાંથી સર્વદા નીકળતો રહે છે. એથી હે ગૌતમ ! મેં આ પર્વતનું નામ ગન્ધમાદન વક્ષસ્કાર પર્વત એવું કહ્યું છે અહીં વિપુલ ભવન પરિવાર આદિ રૂપ ઋદ્ધિથી યુક્ત હોવા બદલ મહર્દ્ધિક વગેરે વિશેષણોવાળો ગંધમાદન નામક એક વ્યંતર દેવ રહે છે. એથી એના સંબંધથી એનું નામ 'ગન્ધમાદન' એવું પ્રસિદ્ધ થઈ ગયું છે.

[૧૪૨]મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્તરકુરુનામક ક્ષેત્ર કયા સ્થળે આવેલ છે?હે ગૌતમ ! મંદર પર્વતની ઉત્તર દિશામાં નીલવંત વર્ષધર પર્વતની દક્ષિણ દિશામાં, ગન્ધમાદન વક્ષસ્કાર પર્વતની પશ્ચિમ દિશામાં ઉત્તરકુરુ નામક ક્ષેત્ર-આવેલ છે. એ પૂર્વથી પશ્ચિમ સુધી લાંબો છે અને ઉત્તરથી દક્ષિણ સુધી વિસ્તીર્ણ છે. એનો આકાર અર્દ્ધ ચંદ્રાકાર જેવો છે. એનો વિષ્કંભ ૧૧૮૪૨-૨/૧૯ યોજન પ્રમાણ છે. આ ઉત્તર કુરુ ક્ષેત્રની જીવા પ્રત્યંચા-ઉત્તર દિશામાં પૂર્વ પશ્ચિમમાં દીર્ઘ છે. એ પૂર્વ દિગ્વર્તી કોટિથી પૂર્વ દિગ્વર્તી વક્ષસ્કાર પર્વતને સ્પર્શે છે અને પશ્ચિમ દિગ્વર્તી કોટિથી પશ્ચિમ દિગ્વર્તી વક્ષસ્કારને સ્પર્શી રહેલ છે. આ પ્રત્યંચાનું ધનુઃ પૃષ્ઠ આયામની અપેક્ષાએ દક્ષિણ દિશામાં મેરુની પાસે ૬૦૪૧૮-૧૨/૧૯ યોજન જેટલું છે. આ પ્રમાણે પૂર્વવર્ણિત સુષમસુષમા નામક આરાની જે વક્તવ્યતા છે તેજ વક્તવ્યતા અત્રે જાણવી જોઈએ. યાવત્ ત્યાંના મનુષ્યો પદ્મ જેવી ગંધવાળા છે. કસ્તૂરી વાળા મૃગની જેવા ગંધ વાળા છે, મમતા રહિત છે, કાર્ય કરવામાં સક્ષક છે. વિશિષ્ટ પુણ્યશાલી છે. અને ધીમી ધીમી ચાલથી ચાલનારા છે.

[૧૪૩-૧૪૬] હે ભગવન્ ઉત્તરકુરમાં યમક નામ વાળા બે પર્વતો ક્યાં આવેલા છે ? હે ગૌતમ ! નીલવંત વર્ષધર પર્વતની દક્ષિણ દિશાના ચરમાન્તથી લઈને આઠ સો ચોત્રીસ યોજન એક યોજનના ચાર સપ્તમાંશ અબાધા-અન્તરાલ વિના સીતા નામની મહાનદીના પૂર્વ પશ્ચિમ કિનારા પર પર એ રીતે યમક નામના બે પર્વતો કહેલા છે. એક હજાર યોજન ઉપરની તરફ ઊંચા છે. તેમજ અઢીસો યોજન જમીનની અંદર રહેલ છે. મૂલ ભાગમાં એક હજાર યોજનના મધ્યમાં સાડા સાતસો યોજનના લંબાઈ પહોળાઈ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાળા ઉપરના ભાગમાં પાંચસો યોજન લંબાઈ પહોળાઈવાળા મૂલમાં ૩૧૬૨ યોજનથી કંઈક વધારે પરિધિવાળા મધ્યભાગમાં બે હજાર યોજન ત્રણસો બૉંતેર યોજનથી કંઈક વધારે પરિધિવાળા શિખરની ઉપરના ભાગમાં ૧૫૮૧ યોજનથી કંઈક વધારે પરિક્ષેપ વાળા આ યમક પર્વત છે. આ પર્વત મૂળમાં વિસ્તારવાળા મધ્ય ભાગમાં કંઈક સંકોચ યુક્ત તથા ઉપરના ભાગમાં તેનું નામ અલ્પતર આયામ વિષ્કંભવાળા છે. તથા અન્યો ન્ય સમાન સંસ્થાનવાળા આ યમક પર્વતો છે. તેમનું સંસ્થાન મૂળથી શિખર સુધી ઉંચુ કરવામાં આવેલ ગાયના પૂંછડાના આકાર જેવા આકારવાળાઆ યમક પર્વત છે. સર્વા ત્મના સોનાના છે. અચ્છ અને શ્લક્ષ્ણ છે. પ્રત્યેક અલગ અલગ રહેલા છે. પદ્મવર વેદિકાથી વીંટાયેલા છે. દરેક વનખંડથી વીંટાયેલા છે.

પદ્મવરવેદિકા બે ગવ્યૂત ઉંચી છે. પાંચસો ધનુષ જેટલો તેનો વિસ્તાર છે. વેદિકા અને વનષંડના વર્ણનવાળા વિશેષણ અહિંયા કહી લેવા જોઈએ. તે યમક પર્વતની ઉપર ના શિખરમાં અત્યંત સમતળ હોવાથી રમણીય ભૂમિભાગ કહેલ છે. યોજન ઉંચા છે. એકત્રીસ યોજન અને એક ગાઉના આયામ વિષ્કંભવાળા કહેવામાં આવેલ છે ભૂમિ ભાગ ઉપર મધ્યભાગ માં બે પ્રાસાદ છે જે ૬૨ા પ્રાસાદોની અંદર રહેલા સિંહાસનોની ઉપર યમક નામના દેવના સોળ હજાર આત્મરક્ષક દેવોના સોળ હજાર ભદ્રાસનો કહે વામાં આવેલા છે. હે ભગવન્ શા કારણથી એમ કહેવામાં આવે છે. કે- આ યમક નામના પર્વત છે ? હે ગૌતમ ! યમક નામક પર્વતના તે તે દેશ અને પ્રદેશમાં નાની નાની વાવોમાં યાવત્ પુષ્કરણિયોમાં, દીર્ઘિકાઓમાં, ગુંજાલિ કાઓમાં, સરપંક્તિયોમાં, સરઃ સર પંક્તિયોમાં બિલપંક્તિઓમાં અનેક ઉત્પલ યાવત્ કુમુદ, નલિન, સુભગ, સૌગન્ધિક, પુંડરીક, મહાપુંડરીક, શતપત્ર સહસ્ર પત્ર શતસ હસ્ત્ર પત્ર ખીલેલ કેસરવાળા પદ્મો યમકની પ્રભાવાળા યમક વર્ણવાળા હોય છે. તેથી અથવા યમક નામ મહર્દ્ધિક બે દેવો અહિંયા નિવાસ કરે છે. એ કારણથી આ પર્વતનું નામ યમક પર્વત એ પ્રમાણે કહેવામાં આવે છે એય મક નામવાળા દેવ એ યમક પર્વતની સહિત ચાર હજાર અગ્રમહિષિયોનું, ત્રણ પરિષદાઓનું. સાત સેનાઓનું, સાત સેનાધિપતિયોનું, ૧૬૦૦૦ આત્મરક્ષક દેવોનું યમકા રાજધાનીનું તથા તે સિવાય અન્ય ઘણા એવા યમક રાજધાનીમાં વસ-નારા દેવ અને દેવિયોનું આધિપત્યપૌરપત્ય, સ્વામિત્વ, ભર્તૃત્વ, આજ્ઞેશ્વર સેનાપત્ય-ત્વ કરતો તેઓનું પાલન કરતો જોર જોરથી તાડન કરાયેલ નાટ્ય, ગીત, વાદિત્ર, તંત્રી, તલ, તાલ, ત્રુટિત, ઘનમૃંદગના ચતુર પુરૂષોએ વગાડેલ શબ્દોના શ્રવણ પૂર્વક દિવ્ય ભોગોપભોગોને ભોગવતા થકા નિવાસ કરે છે. એ કારણથી હે ગૌતમ ! એમ કહેવામાં આવેલ છે. આ પર્વતનું નામ યમક પર્વત છે. અને આ નામ શાશ્વત કહેલ છે.

હે ભગવન્ યમક નામના દેવની યમિકા નામની રાજધાની ક્યાં આવેલ છે ? હે ગૌતમ ! જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતની ઉત્તર દિશામા બાર હજાર યોજન જવાથી ત્યાં આગળ યમક દેવની નામની બે રાજધાનીયો કહેવામાં આવેલ છે. બાર હજાર યોજન તેનો આયમ વિષ્કંભ લંબાઈ પહોળાઈ છે. ૩૭૯૪૮ યોજનથી કંઈક વધારે તેનો પરિક્ષેપ ઘેરાવો છે. બન્ને રાજધાની પ્રાકાર-મહેલથી વીંટાયેલ છે. યમિક નામની બેઉ રાજધાનીને વીંટાયેલ મહેલો સાડત્રીસ અને અર્ધ યોજન-બે ગાઉ ઉપરની તરફ ઉંચા છે. મૂલ ભાગમાં સાડા બાર યોજનનો તેનો વિષ્કંભ છે. મધ્ય ભાગમાં તેનો

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિષ્કંભ છ યોજન અને એક ગાઉનો છે. ઉપરના ભાગમાં તેનો વિષ્કંભ ત્રણ યોજન અને દોઢ ગાઉનો છે. આ પ્રકારનો વિષ્કંભ હોવાથી તે યમક પર્વત મૂલ ભાગમાં વિસ્તાર વાળો મધ્યભાગે સાંકડો છે. ઉપરનો ભાગ થોડા વિસ્તારવાળો છે. આ પ્રાકાર બહારથી વર્તુલાકાર છે. મધ્ય ભાગમાં ચોરસ આકારવાળા છે. સ્વચ્છ સ્ફટિકના જેવા છે. પહેલા કહેવાઈ ગયેલા અનેક પ્રકારના પદ્મરાગાદિ પાંચ પ્રકારના મણિયોથી કપિશીર્ષના આકારવાળા પ્રાકારના અગ્રભાગથી શોભાયમાન્ છે. તે કપિશીર્ષક પ્રાસાદગ્રભાગ અર્ધા ગાઉના આયામવાળા છે. અર્ધા ગાઉ ઉપરની બાજુ ઉંચા છે. પાંચસો ધનુષ જેટલી બાહલ્ય વાળા કહેલ છે. આકાશ અને સ્ફટિક જેવા નિર્મળ કહેલ છે.

યમિક રાજધાનીના દરેક પડખામાં પચીસ પચીસ અધિક એવા સો દ્વારો કહ્યા છે. સાડા બાસઠ યોજન ઉપર તરફ ઉંચાઈવાળા એકત્રીસ યોજન અને એક ગાઉ જેટલા વિષ્કંભવાળા કહેલ છે. એકત્રીસ યોજન અને એક કોસ ભૂમિની અંદર કહેલ છે. સફેદ ઉત્તમ સુવર્ણમય નાના નાના શિખરોથી યુક્ત એ રીતના સૂર્યાભ નામના વિમાનમાં વર્ણનમાં દ્વારોના વર્ણન કરનારા પદો જે કહ્યા છે, તે બધા અહીંયાં પણ સમજી લેવાં. યમિકા રાજધાનીની ચારે દિશામાં પાંચસો પાંચસો યોજનના વ્યવધાન વાળા ચાર વનષંડ કહેલા છે. તેની પૂર્વમાં અશોકવન સપ્તવર્ણ વન દક્ષિણ દિશામાં છે ચંપકવન, પશ્ચિમમાં છે. આમ્રવન ઉત્તર દિશામાં છે. એ વનષંડ કંઈક વધારે બાર હજાર યોજનની લંબાઈવાળા કહેલા છે. પાંચસો યોજનનો તેમનો વિષ્કંભ-પહોળાઈ કહેલ છે. દરેક વનષંડ પ્રાકારથી વીંટાળાયેલ છે. કૃષ્ણ-કૃષ્ણ વર્ણવાળા છે. દરેક યમિક રાજધાનીના મધ્ય ભાગમાં અત્યંત સમ અને રમણીય એવો ભૂમિભાગ કહેલ છે. બહુસમરમણીય ભૂમિ ભાગના બરોબર મધ્ય ભાગમાં અહિંયાં બે ઉપકારિકાલયન અર્થાત્ પ્રાસાદાવં તસક પીઠિકા છે. બારસો યોજન જેટલા લાંબા પહોળા છે. ૩૭૯૫ યોજન તેનો પરિક્ષેપ કહેલ છે. અર્ધા ગાઉ જેટલી તેની જાડાઈ છે. સર્વ રીતે જંબૂનદ નામના ઉત્તમ સુવર્ણમય છે. આકાશ સ્ફટિક સરખા નિર્મલ છે. દરેક એટલે કે બેઉ ઉપકારિકા લયન પદ્મવર વેદિકાથી વીંટળાયેલ છે. ઉતરવા ચડવાને અનુકૂળ એવા સુંદર ત્રણ માર્ગ કહેલા છે. ચારે દરવાજાની ચારે દિશામાં તોરણ કહેલા છે.

ઉપકારિકાલયનના બરોબર મધ્ય ભાગમાં ત્યાં આગળ એક પ્રાસાદવતંસક છે. સાડી બાસઠ યોજનની તેની ઉંચાઈ છે. એકત્રીસ યોજન અને એક ગાઉ જેટલી તેની લંબાઈ પહોળાઈ કહેલ છે. તે મૂળ પ્રાસાદાવતંસક બીજા તેનાથી અર્ધિ ઉંચાઈ વાળા ચાર પ્રાસાદાવંતસકોથી ચારેય દિશામાં વીંટળાયેલ કહ્યા છે. તે પ્રાસા દાવતંસકો એકત્રીસ યોજન અને એક ગાઉ જેટલા ઉંચા કહ્યા છે. કંઈક વધારે સાડા પંદર યોજનની તેની લંબાઈ પહોળાઈ છે. પહેલી પ્રાસાદ પંક્તિમાં કહેલ ચારે પ્રાસાદવતંસક બીજા તેનાથી અર્દ્ધિ ઉંચાઈવાળા મૂલ પ્રાસાદથી અર્ધા આયામ વિષ્કંભ અને ઉત્સેધ વાળા મૂલ પ્રાસાદના કરતાં ચતુર્ભાગ પ્રમાણવાળા ચાર પ્રાસાદો થઈ જાય છે. એ પ્રાસાદાવંતસક અર્ધો ગાઉ અધિક સાડાપંદર યોજન ઉંચા કહેલ છે. પા ગાઉ અધિક સાડા સાત યોજન જેટલી તેની લંબાઈ પહોળાઈ કહેલ છે. બીજી પરિધિગત સોળ પ્રાસાદાવતંસકો દરેક બીજા તેનાથી અર્ધિ ઉંચાઈવાળા એવા ચાર પ્રાસાદાવતંસકો કે જે મૂલ પ્રાસાદના કરતાં આઠમાં ભાગ જેટલા પ્રમાણના આયામ અને વિષ્કંભવાળાઓથી ચારે બાજુ વીંટાયેલ કહ્યા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. આ રીતે ત્રીજી પંક્તિના ચોસઠ પ્રાસાદો થાય છે. એ ૬૪ પ્રાસાદાવતંસકો અર્ધા ગાઉ અધિક સાડા સાત યોજન જેટલા ઉંચા કહેલ છે. કંઈક વધુ સાડા સાત યોજન જેટલા આયામ વિષ્કંભવાળા કહેલ છે. બધાના વર્ણન દર્શક પદો પરિવાર સાથે સિંહાસન પહેલાં વર્ણન કરેલ પ્રકારથી વર્ણન કરી લેવું

એ મૂલ પ્રાસાદા વંતસકની ઈશાન દિશાની તરફ અહીં આગળ યમક દેવની સુધર્મા નામની બે સભાઓ દરેકની એક એકના ક્રમથી કહેલ છે. તેનો આયામ-લંબાઈ સાડા બાર યોજનની છે. તેની પહોળાઈ એક ગાઉ અધિક છ યોજનની છે. નવ યોજન જેટલા તે ઉંચા છે. અનેક સેંકડો સ્તંભોથી વીંટળાયેલ ઈત્યાદિ એ સુધર્મ સભાની ત્રણે દિશાઓમાં ત્રણ દરવાજાઓ કહેલા છે. તે દ્વારો બે યોજન જેટલા ઉંચા છે એક યોજન જેટલો તેનો વિસ્તાર છે. એટલો જ એનો પ્રવેશ કહેલ છે. એ ત્રણેય દ્વારો ધોળા રંગના હોવાનું કહ્યું છે, ત્રણ દ્વારોની આગળ દરેકના ત્રણ મુખ મંડપ છે. તે મુખમંડપો સાડા બાર યોજન જેટલાં લાંબા છે. એક કોસ સાથે છ યોજનના વિષ્કંભ યુક્ત છે. કંઈક વધારે બે યોજનની તેની ઉંચાઈ કહી છે. ભૂમિભાગના વર્ણન પર્યન્ત એ વર્ણન ગ્રહણ કરી લેવું. પ્રેક્ષાગૃહ-નાયક શાળાના મંડપોનું મુખ મંડપ જેટલું પ્રમાણ કહેલ છે. દ્વારથી લઈ ને ભૂમિભાગ પર્યન્ત સઘળું. વર્ણન કરી લેવું,

ચાર ખુણાવાળા અસ્ત્રાકાર મણિપીઠિકાના આધાર વિશેષને કહે છે. એ મણિપીઠિકા એક યોજન જેટલી લાંબી પહોળી છે. અર્ધા યોજનના વિસ્તાર વાળી છે સર્વ રીતે સ્ફટિક, મરકત વિગેરે મણિમય છે. અહિંયાં સિંહા સનોનું કથન કરી લેવું. એ નાટ્યશાળાની આગળ મણિપીઠિકા કહેલ છે. એ મણિ પીઠિકાઓ બે યોજન જેટલી આયામ વિષ્કંભ વાળી છે. એક યોજન જેટલી વિસ્તૃત છે. સર્વ રીતે મણિમય છે. એ મણિપીઠિકાની ઉપર પ્રત્યેકના ત્રણ સ્તંભો કહેલા છે, એ સ્તંભો બે યોજન જેટલો તેનો આયામવિષ્કંભ છે. બે યોજન જેટલા ઊંચા છે. સફેદ છે. એ સ્તૂપની ચારે બાજુ ચાર મણિપીઠિકાઓ છે. મણિ પીઠિકાઓ એક એક યોજન જેટલી લાંબી અને પહોળી છે. અર્ધા યોજન જેટલી વિસ્તૃત છે, એ મણિપીઠિકામાં જીન- અરિહંત ની પ્રતિમાઓ કહેલ છે. ત્યાં ઋષભ ચંદ્રાનન વર્ધમાન વારિષેણ એન નામના ચાર શાશ્વત અરિહંત પ્રતિ-માઓ જાણવી. ચૈત્યવૃક્ષની મણિપીઠિકાનો આયામ વિષ્કંભ લંબાઈ પહોળાઈ બે યોજનની છે. તથા એક યોજનના વિસ્તારવાળી છે. અહીંયાં સંપૂર્ણ ચૈત્યવૃક્ષનું વર્ણન કરી લેવું જોઈએ.એ ચૈત્યવૃક્ષોની આગળ એ પૂર્વોક્ત મણિપીઠિકા કહેલ છે. એ પૂર્વોક્ત મણિપીઠિકાઓનો આયામ અને વિષ્કંભ એક યોજન જેટલો કહેલ છે. તેમજ અર્ધા યોજન જેટલા વિસ્તારવાળી કહેલ છે. એ મણિપીઠિકાની દરેકની ઉપર મહેન્દ્ર ધજાઓ કહેલ છે. એ મહેન્દ્ર ધજાઓ સાડા સાત અર્ધા કોસ જેટલી ઉંચી છે. વજ્રમય વૃત્ત વિગેરે શબ્દોવાળું તેનું વર્ણક સૂત્ર અહીંયા કહી લેવું

સુધર્મ સભામાં છ હજાર મનોગુલિકા અર્થાત્ પીઠિકા કહેલ છે. તે આ પ્રમાણે છે. પૂર્વ દિશામાં બે હજાર પશ્ચિમ દિશામાં બે હજાર દક્ષિણ દિશામાં એક હજાર ઉત્તર દિશામાં એક હજાર યાવત્ પુષ્પમાલાઓ રાખેલ છે. એ સુધર્મસભાની મધ્યમાં અત્યન્ત સમતલ યુક્ત હોવાથી રમણીય ભૂમિભાગ કહેલ છે. એ સુધર્મસભાના મધ્ય ભાગમાં મણિમય આસન વિશેષ દરેકમાં કહેવા જોઈએ તેની બે યોજનની લંબાઈ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પહોળાઈ કહી છે. એક યોજન જેટલી મોટી છે. એ મણિપીઠિકાની ઉપર માણાવક નામ નો ચૈત્ય સ્તંભ મહેન્દ્ર ધ્વજના સરખા પ્રમાણવાળો અર્થાત્ સાડા સાત યોજન જેટલા પ્રમાણવાળો વિગેરે મહેન્દ્રધ્વજના વર્ણન પ્રમાણે સમજવું. ઉપરના છ કોસને છોડીને નીચેના છ કોસ છોડીને વચલા સાડા બાર યોજનમાં જીનસકિથ છે. એ માણવક ચૈત્ય સ્તંભની ઉપરના છ કોસ તથા નીચેના છ કોસને છોડીને વચલા સાડા ચાર યોજન પર અનેક સુવર્ણ રૂપ્યમય ફલકો-પાટિયા કહ્યા છે. તેમા અનેક વજ્રમય ખીલાઓ કહેલ છે, તેમાં અનેક રજતમય શીકાઓ કહેલ છે. તેમાં અનેક ગોળ વર્તુલ સમુદ્ગકસુગન્ધિ દ્રવ્ય વિશેષના સંપુટો કહેલ છે, તેમાં અનેક જીનસકિથ-જીનના હાડકાઓ રાખેલ છે. જે યમક દેવના તેમજ બીજા અનેક વાનવ્યનતરજાતના દેવ તથા દેવિયોના અર્ચનીય વંદ-નીય, પૂજનીય, મંગલસ્વરૂપ, ચૈત્યસ્વરૂપ ઉપાસનીય છે. તેમની આશાતના થવાના ભય થી જ ત્યાં દેવો દેવિયોની સાથે સંભોગાદિનું આચરણ કરતા નથી મિત્રરૂપ દેવાદિ હાસ્ય રૂપ ક્રીડા વિગેરે પણ કરતા નથી,માણવક ચૈત્યસ્તંભની પૂર્વદિશાએ સુધર્મ સભામાં પરિવાર સહિત ભદ્રાસનાદિ પરિવાર સાથે સિંહાસનો કહેલા છે. પશ્ચિમ દિશામાં શય્યાસ્થાન છે.

એ સુધર્મ સભાના ઈશાન કોણમાં બે સિદ્ધાયતનો કહેલા છે. એજ સુધર્મ સભા માં કહેલ સઘળો પાઠ જીનગ્રહ અર્થાત્ ચૈત્યનો પણ કહી લેવો એ સિદ્ધાયતન સાડા બાર યોજનના આયામવાળું છે. એક કોસ અને છ યોજનના વિષ્કંભવાળું છે, નવ યોજન ઉંચું છે. અનેક સેંકડો સ્તંભોથી યુક્ત છે. જે રીતે સુધર્મસભાના પૂર્વ, દક્ષિણ, અને ઉત્તર દિશામાં ત્રણ દરવાજાઓ છે. તેની આગળ મુખ મંડપ તેની આગળ પ્રેક્ષા મંડપ તેની આગળ સ્તૂપ તેની આગળ ચૈત્ય વૃક્ષ તેની આગળ મેહન્દ્રધ્વજ તેની આગળ નંદા પુષ્કરિણી કહેલ છે. તે પછી સભામાં છ હજાર મનોગુલિકા છ હજાર ગોમાનસી કહેલ છે. એજ પ્રમાણે અહીં જીનગૃહમાં પણ એ તમામનું વર્ણન કરી લેવું. અહિંયા કેવળ સુધર્મસભાથી એટલી જ ભિન્નતા છે. એ જીન ગૃહોની બરોબર મધ્ય ભાગમાં એક એક ગૃહમાં મણિમય આસન વિશેષ કહેલા છે. એ મણિપીઠિકાનું પ્રમાણ આ પ્રમાણે કહેલ છે. તેનો વિસ્તાર બે યોજનો કહેલ છે. તેનું બાહલ્ય એક યોજનનું કહેલ છે. એ મણિપીઠિકાના ઉપરના ભાગમાં દરેકમાં જીન દેવના આસન કહેલ છે. એ આસનની લંબાઈ પહોળાઈ બે યોજનની કહેલ છે. કંઈક વધારે બે યોજન જેટલો ઉંચો છે. એ ખાસ સર્વાત્મના રત્નમય કહેલા છે. જીન અર્થાત્ અરિહંત પ્રતિમા કહેલ છે. સુધર્મસભાથી અન્ય ઉપપાતાદિસભાનું વર્ણન પણ સમજી લેવું. એ વર્ણન યાવત્ ઉપપાતસભા દેવોત્પત્યુપલક્ષિત સભામાં શયનીય ગૃહ પર્યન્ત આ વર્ણન કહી લેવું,

તે પછી અભિષેક સભામાં નવા ઉત્પન્ન થયેલ દેવાભિષેક સ્થાન રૂપ અનેક અભિષેક યોગ્ય પાત્રો કહ્યા છે, અભિષેક કરાયેલ દેવના આભૂષણ ધારણ કરવાના સ્થાન રૂપ અનેક અલંકાર યોગ્ય પાત્રો રાકેલા છે. અલંકાર ધારણ કરેલ દેવોના શુભ અધ્યવસાયનું ચિન્તન કરવાના સ્થાન રૂપ ઉત્તમ પુસ્તકરત્ન બે નંદા પુષ્કરિણી વાવ બે બલિપીઠ છે.એ બલીપીઠ બે યોજન જેટલી લાંબી પહોળી છે. અર્ચનિકા કાલ પછી નવા ઉત્પન્ન થયેલ દેવના બલિ રાખવાના પીઠ છે. તથા એ એક યોજન જેટલા વિસ્તારવાળું છે.અહીં યાવત્પદથી સર્વરત્નમય.અચ્છ,પ્રાસાદીય,દર્શનીય,અભિરૂપ એ વિશેષણો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગ્રહણ થયેલા છે. જેવું સુધર્મસભાની ઈશાન દિશામાં સિદ્ધાયતન કહેલ છે. એજ રીતે સિદ્ધાયતનની ઈશાન દિશામાં ઉપપાત સભા આવેલ છે. યમિક નામવાળા દેવની ઉત્પત્તિ કહેવી તે પછી ઉત્પન્ન થયેલ દેવના શુભાધ્ય વસાયના ચિન્તન રૂપ સંકલ્પ, તે પછી ઈન્દ્રે કરેલ અભિષેક સહિત અલંકાર સભામાં અલંકારોથી શરીરનેશોભાવવું અને પુસ્તકરત્નના ખોલવા રૂપ વ્યવસાય, તે પછી સિદ્ધાયતન વિગેરેની અર્ચાસહિત સુધર્મા સભામાં જવું હવે યમિકા રાજધાની અને દ્રહયનું અંતર કેટલું છે તેના નિર્ણય માટે સૂત્ર કાર કહેછેજેટલા પ્રમાણનુંમાપનીલવંતપર્વતનુંછેયમકપર્વતનુંપણતેટલુંઅંતર છે. યમક દ્રહનું અને બીજા દ્રહોનું અંતર સમાન છે. એટલે કે તે અંતર ૮૩૪ યોજન ૪ /૭ સમજવું

[૧૪૭-૧૫૦] હે ભગવન્ ઉત્તર કુરૂમાં નીલવંત દ્રહ ક્યાં કહેલ છે ? હે ગૌતમ ! યમકની દક્ષિણ દિશાના ચરમાન્તથી ૮૩૪-૪ /૭ યોજનનો ભાગ અપાન્તરાલને છોડીને સીતા નામની મહાનદીનો બરોબર મધ્યભાગ છે. ત્યાં નીલવંત નામનું દ્રહ કહેલ છે, તે દ્રહ દક્ષિણ ઉત્તર દિશામાં લાંબું છે. પૂર્વ પશ્ચિમ દિશા તરફ વિસ્તારવાળું છે. તે દ્રહનું વર્ણન પદ્મદ્રહના વર્ણન સરખું છે. જે વિશેષતા છે તે આ પ્રમાણેની છે. એ દ્રહ બે પદ્મવર વેદિકા અને બે વનષંડથી વીંટળાયેલ છે. નીલવાન્ નામના નાગકુમાર દેવ છે.નીલવંત દ્રહના પૂર્વ અને પશ્ચિમ બાજુ એ દસ દસ યોજનની આબાધાથી અર્થાત્ અપાન્તરાલમાં છોડીને ત્યાં આગળ દક્ષી ણોત્તર શ્રેણીથી પરસ્પર સંબદ્ધ અન્યથા સો યોજન વિસ્તારવાળા અને હજાર યોજનના માપમાં દ્રહનો આયામ-લંબાઈના અવકાશ નો અસમ્ભવ થાત, વીસ કાંચનપર્વત કહેલ છે. એ પર્વત એક સો યોજન જેટલો ઉંચો છે. મૂલ ભાગમાં સો યોજન સત્તાવન યોજન મધ્ય ભાગમાં શિખરના ભાગમાં કાંચન પર્વત પચાસ યોજનનો થાય છે. મૂળમાં ત્રણ સો સોળ યોજન મધ્યમાંબસો સાડત્રીસ યોજન ઉપરના ભાગમાં અઠ્ઠાવન સો અર્થાત્ પરિધિ ઘેરાવો છે. પહેલું નીલવંત દ્રહ છે. બીજો ઉત્તર કુરૂ કહેલ છે. ચંદ્રદ્રહ ત્રીજો કહેલ છે. ઐરાવત ચોથો છે. માલ્યવાન્ દ્રહ પાંચમું છે નીલવંત દ્રહ ના કથન પ્રમાણે ઉત્તર કુરૂ આદિ દ્રહા દીનું વર્ણન કરી લેવું.

[૧૫૧-૧૫૩] હે ભગવત્ ઉત્તર કુરૂમાં જંબૂ પીઠ નામનું પીઠ ક્યાં કહેલ છે ? હે ગૌતમ ! નીલવંત વર્ષધર પર્વતની દક્ષિણ દિશામાં મંદર પર્વતની ઉત્તર દિશાની તરફ માલ્યવાન્ વક્ષસ્કાર પર્વતની પશ્ચિમ દિશામાં સીતા મહાનદીના પૂર્વ કિનારે તેના પણ મધ્ય ભાગમાં ત્યાં ઉત્તરકુરૂનું જંબૂપીઠ નામનું પીઠ કહેલ છે. તે પીઠ પાંચસો યોજન વિસ્તારવાળું છે. તથા ૧૫૮૧ યોજનથી કંઈક વિશેષાધિક પરિક્ષેપ છે. તે પીઠ બરોબર મધ્ય ભાગમાં બાર યોજન જેટલું જાડું છે. તે પછી કંઈક પ્રદેશનો હ્રાસ થવાથી નાનો થતાં થતાં બધાથી છેલ્લા ભાગમાં અર્થાત્ મધ્યભાગમાં અઢિ સો યોજન જવાથી ચાર ગાઉ જેટલી મોટાઈ યુક્ત કહેલ છે. સર્વ પ્રકારથી જંબૂનદ નામના સુવર્ણમય છે આકાશ અને સ્ફટિકના સમાન અત્યંત નિર્મળ છે. એક પદ્મવર વેદિકા તેમજ એક વનષંડથી ચારે તરફથી વ્યાપ્ત રહે છે. એ પૂર્વોક્ત જંબૂપીઠની ચારે દિશામાં આ ચાર સુંદર પગથિયાઓ કહેલ છે. તેનું સંપૂર્ણ વર્ણન અહીંયાં કરી લેવું.

એ જંબૂપીઠના બરોબર વચલા ભાગમાં મણિપીઠિકા કહેલ છે. તે જંબૂપીઠની મણિપીઠિકાની લંબાઈ પહોળાઈ આઠ યોજન જેટલી છે. તેની જાડાઈ ચાર યોજન જેટલી છે. તે પૂર્વોક્ત મણિપીઠિકાની ઉપરના ભાગમાં જંબૂ સુદર્શના નામની મણિપીઠિકા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહેલ છે. તે પીઠિકા આઠ યોજન જેટલી ઉંચી છે. અર્ધા યોજન જેટલો તેનો ઉદ્વેધ છે. એ મણિપીઠિકાનો સ્કન્ધ સ્કંધથી ઉપરની શાખાનું ઉદ્દગમસ્થાન સુધીનો ભાગ બે યોજન જેટલી ઉંચાઈવાળો અને અર્ધા યોજન જેટલો જાડો કહ્યો છે. તે પૂર્વોક્ત મણિપીઠિકાની શાખાઓ છ યોજન જેટલી ઉંચી છે. આઠ યોજન જેટલી લંબાઈ પહોળાઈ કહેલ છે. એ શાખાઓના બરોબર મધ્યભાગમાં આઠ યોજન જેટલી તેની લંબાઈ અને પહોળાઈ કહેલ છે. સર્વાત્મના સ્કંદ-સ્કંધ શાખાઓનું માપ મેળવવાથી કંઈક વધારે આઠ યોજન જેટલી જંબૂ સુદર્શના કહેલ છે. એ જંબૂસુદર્શનનો મૂળ ભાગ વજ્ર રત્નમય છે રજતમય સુપ્રતિષ્ઠિત વિડિમા-શાખાઓ છે. યાવત્ ચૈત્ય વૃક્ષના વર્ણન પ્રમાણે બધું જ વર્ણન અહીંયાં કરી લેવું.

જંબૂ સુદર્શનાની ચારે દિશામાં ચાર શાખાઓ કહેલ છે. એ શાખાઓનો જે બરોબર વચલો ભાગ છે. ત્યાં આગળ એક સિદ્ધાયતન કહેલ છે. એ સિદ્ધાયતન- અરિહંતોનું ચૈત્ય વૈતાઢ્ય ગિરિના સિદ્ધ કૂટમાં કહેલ સિદ્ધાયતનના જેવું સમજવું. એક ગાઉ જેટલો તેનો આયામ- અર્ધા ગાઉ જેટલો તેનો વિસ્તાર છે. કંઈક ઓછા એક ગાઉ જેટલી તેની ઉંચાઈ છે. તથા અનેક સેંકડો સ્તંભોથી સન્નિવિષ્ટ અહીંથી આરંભીને યાવત્ દ્વાર સુધીનું વર્ણન અહીંયાં સમજી લેવું. એ દ્વારો પાંચસો ધનુષ જેટલા ઉંચા કહેલ છે. યાવત્ વનમાળાના વર્ણન પર્યન્તનું વર્ણન અહીંયાં સમજી લેવું. મણિપીઠિકાનો પાંચસો ધનુષ તેનો આયામ વિષ્કંભ છે. અઢી સો ધનુષ જેટલી તેની જાડાઈ કહેલ છે. મણિપીઠિકાની ઉપર દેવોને બેસવાના આસન કહેલ છે. તે આસન પાંચસો ધનુષ જેટલું ઉંચું છે. અહીંયાં અરિહંતોની જીન પ્રતિમાનું વર્ણન કરી લેવું. એ ચાર શાખાઓમાં જે પૂર્વ દિશા તરફ ગયેલ શાખા છે. ત્યાં એક ભવન કહેલ છે. તેનું માન એક ગાઉ જેટલો તેનો આયામ કહેલ છે ભવનના કથન પ્રમાણે જ તેનું વર્ણન સમજવું. દરેક દિશામાં એક એકના ક્રમથી ત્રણે દિશાની ત્રણ શાખાઓ થાય છે. પ્રાસાદાવતંસક ભદ્રાસનાદિ પરિવાર સહિત સિંહાસનો કહી લેવા. પ્રાસાદો કંઈક ઓછા એક ગાઉ જેટલાં ઉંચા છે. તેમજ અર્ધા કોસનો તેનો વિસ્તાર છે. પરિપૂર્ણ એક ગાઉ જેટલા લાંબા છે. જંબૂદ્વીપ બાર પ્રાકાર વિશેષરૂપ પદ્મવર વેદિકાથી સર્વતઃ ચારે બાજુથી વીંટાયેલ છે.

જંબૂબીજા એકસો આઠ જંબૂ વૃક્ષોથી કે જે મૂળ જંબૂથી અડધી ઉંચાઈવાળા ચારે બાજુથી વીંટળાઈને રહેલ છે. મૂળમાં જંબૂથી અર્ધા પ્રમાણનો ઉદ્વેધ આયામ વિષ્કંભ વાળા તે એક સો આઠ જંબૂ દરેક ચાર યોજન જેટલા ઉંચા છે. તથા એક ગાઉ જેટલો તેનો અવગાહ કહેલ છે. એક યોજન જેટલી ઉંચાઈવાળા સ્કંધ અને ત્રણ યોજન ઉંચાઈવાળી શાખા ડાળો છે. સર્વાત્મના ઉંચાઈ કંઈક વધારે ચાર યોજનની છે. તેમાં એક શાખા દોઢ યોજન જેટલી લાંબી છે. સ્કંધની જાડાઈ એક કોસ જેટલી છે. આ જંબૂમાં અનાદૃત દેવના આભરણાદિ રહે છે.આજંબૂવૃક્ષ છ પદ્મવર વેદિકાથી ઘેરાયેલ છે. જંબૂ, સુદર્શનની ઈશાન દિશામાં ઉત્તર દિશામાં વાયવ્ય દિશામાં અનાદૃત નામના દેવના ચાર હજાર સામાનિક દેવોના ચાર હજાર જંબૂ વૃક્ષો કહ્યા છે. એ જંબૂસુદર્શનાની પૂર્વદિશામાં ચાર અગ્રમહિષિયોના ચાર જંબૂ વૃક્ષો કહેલા છે. આગ્નેય કોણમાં, દક્ષિણ દિશામાં, નૈઋત્ય દિશામાં આ ત્રણે દિશામાં ક્રમશઃ આઠ, દસ, બાર, હજાર જંબૂવૃક્ષો હોય છે. સાત સેનાપતિઓના પશ્ચિમ દિશામાં સાત જંબૂવૃક્ષો હોય છે. આત્મરક્ષક દેવોના સામાનિકોથી



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચાર ગણા હોવાથી સોળ હજાર પૂર્વાદિ ચારે દિશામાં સોળ હજાર જંબૂવૃક્ષો હોય છે.

[૧૫૪-૧૬૨] જંબૂ ત્રણસો યોજન પ્રમાણવાળા વનષંડોથી ચારે દિશામાં વ્યાપ્ત થઈને રહેલ છે. એ ત્રણે વનષંડ આ પ્રમાણે છે.- આભ્યંતર, મધ્યમ અને બાહ્ય. સપરિવાર જંબૂના પૂર્વ દિશાની તરફ પચાસ યોજન પર પહેલા વનષંડમાં પ્રવેશ કરીને ત્યાં ભવનો આવેલા છે. એ ભવનો એક ગાઉ જેટલા લાંબા છે. મૂળ જંબૂના વર્ણનમાં પૂર્વ શાખામાં કહેલ ભવન સંબંધી સઘળું વર્ણન અહીંયાં સમજી લેવું. જંબૂની ઈશાન દિશા માં પહેલા વનષંડમાં પચાસ યોજન પ્રવેશ કરવાથી ચાર વાવો આવેલ છે. પદ્મા પદ્મ પ્રભા કુમુદા કુમુદપ્રભા પૂર્વાદિ દિશાના ક્રમથી પોતાનાથી વિદિશામાં આવેલ પ્રાસાદોને ચારે તરફથી ઘેરીને રહે છે. એ પુષ્કરિણીયો એક ગાઉ જેટલી લાંબી કહેલ છે અર્ધા ગાઉ જેટલો તેનો વિષ્કંભ વિસ્તાર કહેલ છે. પાંચસો ધનુષ જેટલો તેનો ઉદ્વેધ-ઉંડાઈ કહી છે. નું સંપૂર્ણ વર્ણન પૂર્વવત્ સમજી લેવું. એ ચારે વાવોની મધ્યે પ્રાસાદાવતસંક કહ્યા છે, એ પ્રાસાદો એક ગાઉ જેટલા લાંબા છે, અર્ધા ગાઉ જેટલો તેનો વિષ્કંભ કહેલ છે. કાંઈક ઓછા એક ગાઉ જેટલા ઉંચા છે. ઈશાનાદિ વિદિશા અને પૂર્વાદિ દિશામાં કહેલ વાવોના ક્રમથી નામ પદ્મા, પદ્મપ્રભા કુમુદા, કુમુદપ્રભા, ઉત્પલગુલ્મ, નલિના, ઉત્પલા, ઉત્પલોજ્વલા, ભૃંગ, ભૃંગપ્રભા, અંજના, કજ્જલપ્રભા, શ્રીકાન્તા, શ્રીમહિતા, શ્રીચંદ્રા, શ્રીનિલયાએ પ્રમાણે છે. જંબૂદર્શનાના આ વનષંડમાં પૂર્વ દિશામાં આવેલ ભવનોની ઉત્તર દિશામાં ઈશાન દિશામા આવેલા ઉત્તમ પ્રાસાદ-મહેલના દક્ષિણ દિશામાં આ સ્થળે શિખરો કહેલા છે.

આ શિખરો આઠ યોજન જેટલા ઉંચા છે. બે યોજન જેટલો ઉદ્વેધ છે.- વૃત્ત-વર્તુલ હોવાથી જેટલો તેનો આ આયામ છે. એટલોજ તેને વિષ્કંભ-પહોળાઈ છે. તે આયામ વિષ્કંભ મૂલ ભાગમાં આઠ યોજન મધ્ય ભાગમાં જમીનથી ચાર યોજન ઉંચાઈ પર છ યોજન જેટલો આયામ વિષ્કંભ છે. શિખરનાં ચાર યોજન આયામ વિષ્કંભ કહેલ છે. આ પ્રાસાદાવંત સકોના મૂલભાગમાં પચ્ચીસ યોજનથી કંઈક વધારે પરિધિ-વર્તુલતા કહેલ છે. મધ્ય ભાગમાં અઢાર યોજનથી કંઈક વધારે પરિધી કહેલ છે. અંતે બાર યોજનથી કંઈક વધારે પરિધિ છે એ રીતે એ કૂટ મૂલભાગમાં વિસ્તારવાળો મધ્યમાં સંકુચિત શિખરના ભાગમાં મૂળ ભાગ અને મધ્યભાગની અપેક્ષાથી પાતળો છે. તથા એ કૂટ સર્વાત્મના રત્નમય, આકાશ અને સ્ફટિકની જેવા નિર્મળ એજ પ્રમાણે બાકીના સાત કૂટોના સંબંધમાં પણ સમજી લેવું.

જંબૂસુદર્શનાના બાર નામો કહેલા છે. સુદર્શના અમોઘા સુપ્રબુદ્ધ યશોધરા વિદેહ જંબૂ સૌમનસ્યા નિયતા નિત્યમંડિતા સુભદ્રા વિશાલા સુજાતા સુમના તેના બાર નામો બીજી રીતે છે- સુદર્શના સફલા, સુપ્રબુદ્ધા યશોધરા વિદેહજંબૂ સૌમનસ્ય નિયતા, નિત્યમંડિતા સુભદ્રા વિશાલા સુજાત સુમના જંબૂસુદર્શનમાં આઠ આઠ મંગલક કહેલા છે. સ્વસ્તિક ૧, શ્રીવત્સ ૨, નંદીકાવર્ત ૩, વર્ધમાનક ૪, ભદ્રાસન ૫, કલશ ૬, મત્સ્ય ૭, દર્પણ ૮, જંબૂ સુદર્શનમાં અનાદૃત નામધારી દેવ, જંબૂદ્વીપ નામના દ્વીપના અધિપતિ નિવાસ કરે છે. મહર્દ્ધિક છે, મહાદ્યુતિવાળા, મહાબલશાલી; મહાનયશવાળા, મહાસુખ વાળા, મહાનુભાવ, એક પલ્યોપમની સ્થિતિવાળા છે, ચાર હજાર સામાનિક દેવોનું યાવત્ જંબૂદ્વીપ નામના દ્વીપનું, તથા જંબૂ સુદર્શનાનું, તથા અનાદૃત નામની રાજધાનીનું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે સિવાય અનેક દેવ દેવિયોનું અધિપતિત્વ, કરતા દિવ્ય એવા ભોગોપભોગોને ભોગ વતા થકા વિચરે છે. હે ગૌતમ ! પૂર્વોક્ત કારણોને લઈને એ પ્રમાણે કહેવામાં આવે છે. જંબૂસુદર્શના જંબૂસુદર્શના. જંબૂદર્શના યાવત્ શાશ્વત નામ કહેલ છે. અવસ્થિત છે. જંબૂ દ્વીપમાં મંદર નામના પર્વતની ઉત્તર દિશામાં યમિકા નામની રાજધાની સરખા પ્રમાણ વાળી રાજધાની આવેલ છે.

[૧૬૩-૧૬૬] ઉત્તરકુરા એ પ્રમાણે શા કારણથી કહેવામાં આવે છે ? હે ગૌતમ ! ઉત્તરકુરૂમાં ઉત્તરકુરૂ એ નામધારી દેવ નિવાસ કરે છે. તે દેવ મહર્દ્ધિક યાવત્ એક પલ્યોપમની સ્થિતિવાળો છે. એ કારણથી ઉત્તરકુર- એ પ્રમાણે કહે છે. તેનાથી બીજું તે યાવત્ શાશ્વત છે. હે ભગવન્ મહાવિદેહ વર્ષમાં ક્યાં આગળ માલ્યવંત નામનો વક્ષ-સ્કાર પર્વત કહેલ છે ? હે ગૌતમ ! મંદર નામના પર્વતની ઈશાન કોણમાં નીલવાન્ નામ ના વર્ષધર પર્વતની દક્ષિણ દિશામાં ઉત્તર કુરૂથી પૂર્વ દિશામાં કચ્છ નામના ચક્રવર્તી વિજયના પશ્ચિમ દિશામાં મહાવિદેહનામના ક્ષેત્ર માલ્યવાન્ નામના સીમા કરી પર્વત કહેલ છે. તે પર્વત ઉત્તર દક્ષિણમાં લાંબો છે. પૂર્વ પશ્ચિમ દિશા તરફ વિસ્તારવાળો છે. જે ગંધમાદન વક્ષસ્કારનું પ્રમાણ વિષ્કંભ ત્યાં જે કહેલ છે. એજ પ્રમાણ અને એજ વિષ્કંભ આનો પણ સમજી લેવો. વિશેષતા છે, આ પર્વત સર્વાત્મના વૈડૂર્ય રત્નમય છે. યાવત્ હે ગૌતમ ! નવ કૂટો કહેલા છે. હે ભગવન્ માલ્યવન્ત વક્ષસ્કાર પર્વતમાં સિદ્ધાય તન નામનો કૂટ ક્યાં આવેલો છે ? હે ગૌતમ ! મંદર નામના પર્વતના ઈશાન કોણમાં માલ્ય વાન્ કૂટના નૈઋત્યદિશામાં નિશ્ચયથી સિદ્ધાયતન કૂડ કહેલ છે. પાંચસો યોજન જેટલો ઉપરની તરફ ઉંચો છે. બાકીનું કથન ગંધમાદન અને સિદ્ધાયતન કૂટની જેમજ કહેલ છે.

સિદ્ધાયતન કૂટના કથન પ્રમાણે માલ્યવાન્ નામના કૂટના ઉત્તર કુરૂ દેવ કૂટના કચ્છ વિજયાધિપતિના કૂટના આયામ વિષ્કંભાદિ કહી લેવા. કચ્છ કૂટની ઈશાન દિશામાં રજત કૂટની દક્ષિણ દિશામાં સાગર કૂટ નામનો કૂટ કહેલ છે. પાંચસો યોજન ઉંચો છે બાકીના મૂળ વિષ્કંભ વિગેરે કથન ગંધમાદન વક્ષસ્કાર પર્વતના કથન પ્રમાણે જ કહેલ છે. અધોલોકમાં વસનારી દિકકુમારી સુભોગા અહીંની દેવી છે. અહીંની રાજધાની ઈશાન કોણમાં કહેલ છે. હવે સાતમા કૂટથી લઈને નવમાં કૂટ સુધીના કૂટોનું કથન કરે છે બાકીના સીતાદિ ત્રણ કૂટ ઉત્તર દક્ષિણમાં સમજી લેવા. પૂર્ણભદ્ર કૂટની ઉત્તર દિશામાં નીલવાન્ પર્વતની દક્ષિણ દિશામાં અહીંયાં હરિસ્સહ કૂટ નામનો કૂટ કહેલ છે. એ કૂટ એક હજાર યોજન ઉપરની બાજુ ઉંચો છે. બાકીનું આયામ વિષ્કંભ વિગેરે યમક નામના પર્વતના આયામ વિષ્કંભની સરખું સમજી લેવું, એની રાજધાની હરિસ્સહા નામની ઉત્તર દિશામાં અસંખ્યાત દ્વીપોને અવગાહિત કરીને મન્દર પર્વતની ઉત્તર દિશામાં તિર્છાઅસંખ્યાત દ્વીપ સમુદ્રોને ઓળંગીને બીજા જંબૂદ્વીપ નામના દ્વીપમાં ઉત્તર દિશામાં બાર હજાર યોજન પ્રવેશ કરીને અહીંયાં નિશ્ચયથી હરિસ્સહ નામના દેવની હરિસ્સહા નામની રાજધાની કહેલ છે. ચોર્યાશીહજાર યોજન તેની લંબાઈ પહોળાઈ કહેલી છે. યોજન તેનો પરિક્ષેપ કહેલ છે. બાકીનું સમગ્ર કથન ચમર ચંચા નામની રાજધાનીનું કહેલ છે. એજ પ્રમાણે પ્રાસાદિકનું માપ કરી લેવું જોઈએ.

આ રાજધાનીમાં હરિસ્સહ નામના દેવ છે. તે દેવ મહાઋદ્ધિ સંપન્ન તેમજ મહાદ્યુતિવાળા છે. યાવત્ તે દેવ એક પલ્યોપમની સ્થિતિ વાળા છે તે નિવાસ કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હરિસ્સહ કૂટમાં ઘણા ઉત્પલો અને ઘણા પદ્મો હરિસ્સહ કૂટના સરખા વર્ણવાળા છે, યાવત્ હરિસ્સહ નામના દેવ કે જે મહર્દ્ધિક વિગેરે વિશેષણ વાળા ત્યાં ત્યાં નિવાસ કરે છે. એ કારણથી આ કૂટનું નામ હરિસ્સહ એવું પડેલ છે. તે સિવાય હે ગૌતમ ! એ નામ શાશ્વત નામ છે. હે ભગવન્ શા કારણથી એવું કહેવામાં આવે છે કે- આ માલ્યવંત નામનો વક્ષસ્કાર પર્વત છે ? માલ્યવાન્ નામના વક્ષસ્કાર પર્વતમાં તે તે સ્થાનમાં સ્થાનના એક ભાગમાં અનેક સરિકા નામના પુષ્પ વલ્લી વિશેષના સમૂહ નવ માલિકા નામની પુષ્પલતા વિશેષના સમૂહ યાવત્ માગ દંતિકા નામની પુષ્પલતાના સમૂહ છે. એ સમૂહ કૃષ્ણ, નીલ, લોહિત, હરિદ્ર, અને શુકલ એમ પાંચ રંગવાળા પુષ્પોને ઉત્પન્ન કરે છે. જે લતાસમૂહ માલ્યવાન્ નામના વક્ષસ્કાર પર્વતના અત્યંત સમતલ હોવાથી રમણીય એવા ભૂમિભાગને પવનથી કંપાયમાન અગ્રભાગવાળી શાખાઓથી ખરેલા પુષ્પ સમૂહ રૂપી શોભાથી યુક્ત કરે છે. માલ્યવાન્ નામના દેવ ત્યાં નિવાસ કરે છે. મહર્દ્ધિક યાવત્ એક પલ્યોપમની સ્થિતિવાળા છે. એ કારણથી હે ગૌતમ ! આ માલ્યવાન્ પર્વત છે, એમ કહેવામાં આવે છે. તે સિવાય પણ યાવત્ આ માલ્યવાન્ એવું નામ નિત્ય છે.

[૧૬૭-૧૬૯] હે ભગવન્ જંબૂદ્વીપ નામના દ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં કચ્છ નામનું વિજય ચક્રવર્તિ દ્વારા જીતવાને યોગ્ય ભૂમિભાગ રૂપ કહેલ છે ? હે ગૌતમ ! સીતા મહાનદીની ઉત્તરદિશામાં, નીલવાનુવર્ષધર પર્વતની દક્ષિણદિશામાં, ચિત્રકૂટ નામના વક્ષસ્કાર પર્વતની પૂર્વ દિશામાં જંબૂદ્વીપ નામના દ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં કચ્છ નામનું વિજય કહેલ છે. તે ઉત્તર દક્ષિણ દિશામાં છે. પૂર્વ પશ્ચિમ દિશામાં વિસ્તૃત છે. તથા પર્યંકાકાર રીતે સ્થિત છે. લાંબુ અને ચતુષ્કોણ હોવાથી ગંગા અને સિંધુ નામની મહાનદીથી તથા વૈતાઢ્ય નામના પર્વતથી છ ભાગમાં અલગ થાય છે આ જ રીતે બીજા વિજયોના સંબંધમાં પણ સમજી લેવું. પરંતુ સીતા મહાનદીની ઉત્તર દિશામાં કચ્છાદિ વિજય, શીતોદાની દક્ષિણ દિશાના પક્ષ્માદિ, ગંગા અને સિંધુ મહાનદી દ્વારા છ પ્રકારથી અલગ થાય છે. સીતા મહાનદીની દક્ષિણ તરફના વચ્છાદિ તથા શીતોદાની ઉત્તર દિશામાં વપ્રાદિ રક્ત અને રક્તવતી નદી દ્વારા છ ભાગમાં અલગ થાય છે. ૧૬૫૯૨-૨/૧૯ લંબાઈ થાય છે. કમ વિષ્કંભ કહેલ છે. કચ્છ વિજયના બરોબર મધ્ય ભાગમાં અહીંયાં વૈતાઢ્ય નામનો પર્વત કહેલ છે. કે જે કચ્છ વિજયને બે ભાગમાં વહેંચીને સ્થિત છે. દક્ષિણાર્ધ કચ્છ અને ઉત્તરાર્ધ કચ્છ.

હે ભગવન્ કયા આગળ દક્ષિણાર્ધ કચ્છ નામનું વિજય કહેલ છે ? હે ગૌતમ ! વૈતાઢ્ય પર્વતની દક્ષિણ દિશામાં સીતા મહાનદીની ઉત્તર દિશામાં ચિત્રકૂટ નામના વક્ષસ્કાર પર્વતની પશ્ચિમ દિશામાં અહીંયાં જંબૂદ્વીપ નામના દ્વીપના મહાવિદેહક્ષેત્રમાં દક્ષિણાર્ધ કચ્છ નામનું વિજય કહેલ છે, તે વિજય ઉત્તર દક્ષિણ દિશામાં લાંબું છે. પૂર્વ પશ્ચિમ દિશામાં વિસ્તૃત છે. ૮૨૭૧-૧/૧૯ યોજનના લંબાઈથી ૨૨૧૩ યોજનથી કંઈક વિસ્તારથી પર્યંકાકારથી સ્થિત છે. આ દક્ષિણાર્ધ કચ્છ વિજયનો અત્યંત સમહોવાથી રમણીય એવો ભૂમિભાગ કહેલ છે. હે ગૌતમ ! એ દક્ષિણાર્ધ વિજયમાં ઉત્પન્ન થયેલા મનુષ્યોના છ પ્રકારના સંહનન છે. પાંચસો ધનુષ જેટલા ઉંચા છે. જઘન્યથી અન્ત-મુહૂર્તની અને ઉત્કૃષ્ટથી પૂર્વ કોટિનું આયુષ્ય છે. આયુનો ક્ષય થવાથી કેટલાક મોક્ષ ગામી થાય છે. યાવત્ કેટલાક સિદ્ધ, બુદ્ધ, અને મુક્ત થઈને પરિનિર્વાણને પ્રાપ્ત કરીને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સઘળા દુઃખોનો અંત-પાર કરે છે.

હવે સીમાકારી વૈતાઢ્ય પર્વત ક્યાં આવેલ છે ? હે ગૌતમ ! દક્ષિણાર્ધ કચ્છ વિજયની દક્ષિણ દિશામાં ચિત્રકૂટ પર્વતની પશ્ચિમ દિશામાં માલ્યવાન્ નામના વક્ષ-સ્કાર પર્વતની પૂર્વ દિશામાં ત્યાં આગળ કચ્છ વિજયમાં વૈતાઢ્ય નામનો પર્વત કહેલ છે. તે પર્વત પૂર્વ અને પશ્ચિમ દિશામાં લાંબો અને ઉત્તર અને દક્ષિણ દિશામાં વિસ્તારવાળો છે. બન્ને વક્ષસ્કાર પર્વત સ્પર્શેલ છે પૂર્વ દિશા સંબંધી કોડીથી યાવત્ પૂર્વ દિશાના વક્ષસ્કાર પર્વતને પશ્ચિમ દિશા સંબંધી કોટીથી પશ્ચિમ દિશાના વક્ષસ્કાર પર્વતને એ રીતે એ પૂર્વ પશ્ચિમ બન્ને કોટિથી અર્થાત્ ચિત્રકૂટ અને માલ્યવાન્ વક્ષસ્કાર પર્વતને સ્પર્શેલ છે. આ રીતે તે ભરત વૈતાઢ્ય પર્વતો સરખો છે. કેવળ બે વાહા જીવા ધનુષ્પૃષ્ટ આ ત્રણે ન કહેવા આભિયોગ્ય શ્રેણીમાં સીતા મહાનદીના ઉત્તર દિશાની શ્રેણીયો ઈશાનદેવની, બાકીની સીતા મહાનદીની દક્ષિણ દિશાની શ્રેણી શક્રેન્દ્રની કહેલ છે. ત્યાં સિદ્ધાયતન કૂટ પૂર્વ દિશામાં છે. કચ્છ દક્ષિણ કચ્છાર્ધ કૂટ, ખંડકપ્રપાત ગુહાકૂટ, મણિ-ભદ્ર, વૈતાઢ્ય, પૂર્ણભદ્ર, કૂટ, તિમિસ્ત્રગુહા, કચ્છકૂટ, વૈશ્રવણ એ નવ કૂટ વૈતાઢ્ય પર્વતમાં હોય છે.

હે ભગવન્ ! જંબૂદ્વીપ નામના દ્વીપમાં મહાવિદેહવર્ષમાં ઉત્તરાર્ધ કચ્છ નામનું વિજય કહેલ છે ? હે ગૌતમ ! વૈતાઢ્ય પર્વતની ઉત્તર દિશામાં નીલવાન્ વર્ષધર પર્વતની દક્ષિણ દિશામાં માલ્યવાન્ વક્ષસ્કાર પર્વતની પૂર્વ દિશામાં ચિત્રકૂટ નામના વક્ષસ્કાર પર્વતની પશ્ચિમ દિશામાં અહીં આગળ જંબૂદ્વીપ નામના દ્વીપમાં યાવત્ સિદ્ધ થાય છે. માલ્યવાન્ નામના વક્ષસ્કાર પર્વતની પૂર્વ દિશામાં ઋષભ કૂટ નામના વક્ષસ્કાર પર્વતની પશ્ચિમ દિશામાં નીલવંત વર્ષધર પર્વતની દક્ષિણ દિશાના મધ્ય ભાગમાં-મેખલા રૂપમાં અહીં આગળ જંબૂદ્વીપ નામના દ્વીપમાં મહાવિદેહ વર્ષમાં ઉત્તરાર્ધ કચ્છ વિજયમાં સિંધુકુંડ નામનો કુંડ કહેલ છે. સિંધુકુંડ સાઈઠ યોજન લંબાઈ પહોળાઈથી કહેલ છે. યાવત્ ભવનના વર્ણન પર્યંતનું વર્ણન કરી લેવું. સિંધુ કુંડની દક્ષિણ દિશાના બહિર્દ્વારથી સિંધુ મહાનદી નીકળીને ઉત્તરાર્ધ કચ્છ વિજયને સ્પર્શતી સાત હજાર નદીઓ વારંવાર ભરતી થકી અધો ભાગમા તિમિસ્રગુહામાં વૈતાઢ્ય પર્વતને પાર કરીને દક્ષિણ દિશાના કચ્છ વિજયને સ્વર્શતી ચૌદ હજાર નદીયોથી ભરાતી ભરાતી દક્ષિણ દિશામાં સીતા મહાનદીને પ્રાપ્ત કરે છે. સમુદ્ર પ્રવેશ મૂળમાં એટલે કે ઉત્પત્તિ સ્થાનમાં અને ભરત વર્ષમાં આવેલ સિંધુ મહાનદીના જેવી આયામ વિષ્કંભાદિ પ્રમાણથી અહીંથી આરં-ભીને યાવત્ બે વનષંડોથી વીંટળાતો આ કથન પર્યન્તનું પુરેપુરૂં વર્ણન સમજી લેવું.

હે ભગવન્ ક્યાં આગળ ઉત્તરાર્ધ કચ્છ વિજયમાં ઋષભ કૂટ નામનો પર્વત કહેલ છે ? હે ગૌતમ ! સિંધુ કુંડની પૂર્વ દિશામાં ગંગા કુંડની પશ્ચિમ દિશામાં નીલવાન્ વર્ષધર પર્વતની દક્ષિણ ભાગના મધ્ય ભાગમાં અહીં આગળ ઉત્તરાર્ધ કચ્છ વિજયમાં ઋષભ કૂટ નામનો પર્વત કહેલ છે. એ પર્વત આઠ યોજન ઉપરની બાજુ ઉંચો છે ઉત્તરાર્ધ ભરત વર્ષવર્તિ ઋષભ કૂટ પર્વતના કથન પ્રમાણેનું ઉચ્ચત્વ, ઉદ્વેધ, વિગેરે માપ સમજી લેવું. ઉત્તરાર્ધ કચ્છ વિજયમાં ગંગાકુંડ નામનો કુંડ કહેલ છે ? હે ગૌતમ ! ચિત્રકૂટ વૃક્ષસ્કાર પર્વતની પશ્ચિમ દિશામાં ઋષભ કૂટ પર્વતની પૂર્વ દિશામાં નીલવાન્ વર્ષધર પર્વતની દક્ષિણ દિશાના મધ્યભાગમાં અહીંયાં ઉત્તરાર્ધ કચ્છનો ગંગાકૂટ નામનો કુંડ કહેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ કુંડ સાઈઠ યોજન લંબાઈ પહોળાઇ વાળો કહેલ છે. યાવત્ વનષંડથી વ્યાપ્ત ત્યાં સિંધુ પ્રપાત કુંડનું વર્ણન ગંગા પ્રપાતકુંડના સરખું જ કરેલ છે. ભગવન્ શા કારણથી એમ કહેવામાં આનું નામ કચ્છ વિજય કહેલ છે ? હે ગૌતમ ! કચ્છ વિજય વૈતાઢ્ય પર્વતની દક્ષિણ દિશામાં સીતા મહાનદીની ઉત્તર દિશામાં ગંગા મહા નદીની પશ્ચિમ દિશામાં સિંધુ મહાનદીનાપૂર્વ દિશામાં દક્ષિણાર્ધ કચ્છ વિજયની બહુ મધ્ય દેશભાગમાં અહીંયાં ક્ષેમા નામની રાજધાની કહેલ છે. એ રાજધાની વિનીતા રાજધાનીની સરખી કહેવી જોઈએ. ત્યાં આગળ ક્ષેમા નામની રાજધાનીમાં કચ્છ નામધારી ચક્રવર્તી રાજા ષટખંડૈશ્વર્યનો ભોગવનાર થશે. તે રાજા કેવો છે ? તે બતાવવા માટે કહે છે. મહા હિમવન્મલય મંદર મહેન્દ્રના જેવો સારવાળો મહાહિમવાન્-હૈમવતક્ષેત્રની ઉત્તરમાં સીમાકારી વર્ષધર પર્વત. મલય-પર્વત વિશેષ; મન્દર-મેરુ મહેન્દ્ર-પર્વત વિશેષ આ બધાની સરખો પ્રધાન યાવત્ સઘળું ભરત ક્ષેત્રના સ્વાધીન કરણથી લઈને નિષ્ક્રમણ પ્રતિપાદક વર્ણન સિવાય સંઘળું વર્ણન કહી લેવું. યાવત્ મનુષ્યભવ સંબંધી સુખો ભોગવે છે. કચ્છ વિજય એ નામ થવાનું આ એક કારણ છે. કચ્છવિજયમાં કચ્છ દેવ રહે છે. મહર્દ્ધિક યાવત્ એક પલ્યોપમની સ્થિતિવાળો નિવાસ કરે છે. કચ્છ વિજયને એ કારણથી એમ કહેવામાં આવે છે. આ કચ્છ વિજય છે. યાવત્ તે નિત્ય છે.

[૧૭૦-૧૭૩] હે ભદંત ! જંબુદ્વીપ નામક દ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં ચિત્રકૂટ નામક વક્ષસ્કાર પર્વત ક્યા સ્થળે આવેલ છે ? હે ગૌતમ ! સીતા મહાનદીની ઉત્તર દિશામાં નીલવન્ત વર્ષધર પર્વતની દક્ષિણ દિશામાં કચ્છ વિજયની પૂર્વ દિશામાં અને સુકચ્છ વિજયની પશ્ચિમ દિશામાં જંબૂદ્વીપ નામક દ્વીપની અંદર વર્તમાન મહાવિદેહ ક્ષેત્રમાં ચિત્રકૂટ નામક વક્ષસ્કાર પર્વત આવેલ છે. આ પર્વત ઉત્તરથી દક્ષિણ સુધી દીર્ઘ છે તેમજ પૂર્વ-પશ્ચિમ દિશામાં વિસ્તીર્ણ છે. એનો આયામ ૧૬૫૯૨-૨/૧૯ યોજન જેટલો છે અને ૫૦૦ યોજન જેટલો એનો વિષ્કંભ છે. નીલવન્ત વર્ષધર પર્વતનીપાસે એ ચારસો યોજન જેટલી ઊંચાઈવાળો છે તેમજ આનો ઉદ્વેધ ચારસો ગાઉ જેટલો છે. એનો વિષ્કંભ પાંચસો યોજન જેટલો કહેવામાં આવેલ છે પછી એ ચિત્રકૂટ વક્ષસ્કાર પર્વત નીલવન્ત વર્ષધરની પાસેથી ક્રમશ ઉત્સેધ અને ઉદ્વેધની પરિવૃદ્ધિ કરતો-કરતો સીતા મહા નદીની પાસે પાંચસો યોજન જેટલો ઊંચો થઈ જાય છે, અને આનો ઉદ્વેધ ૫૦૦ ગાઉ જટલો થઇ જાય છે. એનો આકાર ઘોડા જેવો છે. એ સર્વાત્મના રત્નમય છે અને આકાશ તેમજ સ્ફટિકની જેમ એ નિર્મળ છે. શ્લક્ષ્ણ યાવત્ પ્રતિરૂપ છે. એ પર્વત બન્ને પાર્શ્વ ભાગો તરફ બે પદ્મવર વેદિકાઓથી તેમજ બે વનખંડોથી સારી રીતે પરિવૃત છે. ચિત્રકૂટ નામક વક્ષસ્કાર પર્વતની ઉપરની ભૂમિકાનો જે ભાગ બહુ સમરમણીય છે યાવત્ અનેક દેવ-દેવીઓ આરામ કરતી રહે છે તેમજ સૂતી, ઉઠતી-બેસતી રહે છે.

આ ચિત્રકૂટ વક્ષસ્કાર પર્વત ઉપર કેટલા કૂટો આવેલા છે ? હે ગૌતમ ! ચાર કૂટો આવેલા છે. સિદ્ધાયતન કૂટ ચિત્રકૂટની દક્ષિણ દિશામાં છે. ચિત્રકૂટ - કચ્છકૂટ અને ચતુર્થ સુકચ્છ કૂટ પ્રથમ જે સિદ્ધાયતન કૂટ છે, તે સીતા મહાનદીની ઉત્તર દિશામાં આવેલ છે, તેમજ ચતુર્થ જે સુકચ્છ કૂટ છે તે નીલવન્ત વર્ષધર પર્વતની દક્ષિણ દિશા માં-દ્વિતીય ચિત્રકૂટ સૂત્રોક્ત ક્રમના બળથી સિદ્ધાયતન કૂટ પછી આવેલ છે. ત્રીજો કચ્છ કૂટ છે તે સુકચ્છ કૂટની પહેલાં છે. ચિત્રકૂટ એવું નામ જે એનું સુપ્રસિદ્ધ થયું છે તેનું કારણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અહીં ચિત્રકૂટ નામક મહર્દ્ધિક યાવત્ એક પલ્યોપમ જેટલી સ્થિતિવાળો દેવ રહે છે. હે ભદંત ! એ જંબૂદ્વીપ નામક દ્વીપમાં જે મહાવિદેહ ક્ષેત્ર છે, તેમાં સુકચ્છ નામક વિજય કયા સ્થળે આવેલ છે ? હે ગૌતમ ! સીતા મહાનદીની ઉત્તર દિશામાં નીલવંત વર્ષધર પર્વતની દક્ષિણ દિશામાં ગાહાવતી મહાનદીની પશ્ચિમ દિશામાં તેમજ ચિત્રકૂટ વક્ષસ્કાર પર્વતની પૂર્વ દિશામાં, જમ્બૂદ્વીપ નામક દ્વીપની અંદર વર્તમાન મહાવિદેહ ક્ષેત્રમાં સુકચ્છ નામક વિજય આવેલ છે. આ સુકચ્છ નામક વિજય ઉત્તરથી દક્ષિણ દિશા સુધી આયત દીર્ઘ છે ને પૂર્વથી પશ્ચિમ સુધી વિસ્તીર્ણ છે. પણ અહીં ક્ષેમપુરા નામક રાજધાની છે તેમાં સુકચ્છ નામક ચક્રવર્તી રાજા શાસન કરે છે,

સુકચ્છ વિજયની પૂર્વ દિશામાં મહાકચ્છ વિજયની પશ્ચિમ દિશામાં નીલવન્ત વર્ષધર પર્વતની દક્ષિણ દિશામાં વર્તમાન નિતંબની ઉપર ઠીક મધ્યભાગની ઉપર જમ્બૂદ્વીપ નામક દ્વીપમાં વર્તમાન મહાવિદેહ ક્ષેત્રમાં ગ્રાહાવતી કુંડ નામક કુંડ આવેલ છે. રોહિતાંશા કુંડની જેમ એનો આયામ અને વિષ્કંભ ૧૨૦ યોજન જેટલો છે. એનો પરિક્ષેપ કંઈક અલ્પ ૩૮૦ યોજન જેટલો છે. ૧૦ યોજન જેટલો એનો ઉદ્વેધ છે. તે ગાહાવતી કુંડની દક્ષિણે આવેલા તોરણ થી ગાહાવતી નામક નદી નીકળી છે, અને સુકચ્છ અને મહાકચ્છ વિજયોને વિભક્ત કરતી એ ૨૮ હજાર નદીઓથી પરિપૂર્ણ થઈને દક્ષિણ ભાગથી સીતા મહાનદીમાં પ્રવિષ્ટ થઈ ગઈ છે. એ ગાહાવતી મહાનદી પ્રવાહ માં-તેમજ સીતા નદીમાં જ્યાંથી પ્રવેશ કરે છે તે સ્થાનમાં-સર્વત્ર સમાન છે. આનો વિષ્કંભ ૧૨૫ યોજન જેટલો છે અને ઉદ્વેધ ૨ા યોજન જેટલો છે. મહાવિદેહ ક્ષેત્રમાં મેરુ ભદ્રશાલવિજય વક્ષસ્કાર મુખવન સિવાય બધે જ અન્તર્નદીયો કહેલી છે. તે નદીયો પૂર્વપશ્ચિમમાં વિસ્તારવાળી છે. અને તે સમાન વિસ્તારવાળી છે.

હે ભદંત ! મહાવિદેહ ક્ષેત્રમાં મહાકચ્છ નામક વિજય કયા સ્થળે આવેલ છે. હે ગૌતમ ! નીલવન્ત વર્ષધર પર્વતની દક્ષિણ દિશામાં સીતા મહાનદીની ઉત્તર દિશામાં પદ્મકૂટ વક્ષસ્કાર પર્વતની પશ્ચિમ દિશામાં તેમજ ગ્રાહાવતી મહાનદીની પૂર્વ દિશામાં મહાવિદેહ ક્ષેત્રની અંદર મહા કચ્છ નામે વિજય આવેલ છે. ત્યાં અરિષ્ટા નામની રાજધાની છે. મહા કચ્છનામક ચક્રવર્તી રાજા તેનો શાસન કર્તા છે. એ મહાહિમવંત ભવ સંબંધી સુખોનો ભોક્તા છે, પણ તેણે પોતાના જીવનમાં સકલ સંયમ ધારણ કર્યું નથી નીલવન્ત પર્વતની દક્ષિણ દિશામાં સીતા મહાનદીની ઉત્તર દિશામાં, મહાકચ્છ વિજયની પૂર્વ દિશામાં તેમજ કચ્છાવતીની પશ્ચિમદિશામાં મહાવિદેહની અંદર પદ્મકૂટ નામક વક્ષસ્કાર પર્વત આવેલ છે. એ પદ્મકૂટ નામક વક્ષસ્કારપર્વત ઉત્તરથી દક્ષિણ સુધી લાંબો છે તેમજ પૂર્વથી પશ્ચિમ સુધી વિસ્તીર્ણ છે. પદ્મકૂટની ઉપર ચાર કૂટો કહેવામાં આવેલ છે. સિદ્ધાયતન કૂટ, પદ્મકૂટ, મહાકચ્છ કૂટ અને કચ્છાવતી કૂટ

હે ભદન્ત ! મહા વિદેહ ક્ષેત્રમાં કચ્છકાવતી નામક વિજય ક્યાં સ્થળે આવેલ છે ? હે ગૌતમ ! નીલવન્તની દક્ષિણ દિશામાં, સીતા મહાનદીની ઉત્તર દિશામાં, હ્દાવતી મહાનદીની પશ્ચિમ દિશામાં તેમજ પદ્મકૂટની પૂર્વ દિશામાં મહાવિદેહ ક્ષેત્રની અંદર કચ્છકાવતી નામક વિજય આવેલ છે. દિશા તરફ દીર્ઘ એટલે કે લાંબો છે, અને પૂર્વ અને પશ્ચિમ તરફ વિસ્તીર્ણ છે. શેષ બધું કથન કચ્છવિજયના વર્ણન મુજબ જાણી લેવું જોઇએ. યાવત્ કચ્છકાવતી નામક દેવ અહીં રહે છે. હે ભદન્ત મહાવિદેહ ક્ષેત્રમાં દ્રહા-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વતી નામક કુંડ કયા સ્થળે આવેલ છે ? ઉત્તર દક્ષિણ હે ગૌતમ ! નીલવન્તની દક્ષિણ દિશામાં, સીતા મહાનદીની ઉત્તર દિશામાં, હ્રદાવતી મહાનદીની પશ્ચિમ દિશામાં તેમજ પદ્મકૂટની પૂર્વ દિશામાં મહાવિદેહ ક્ષેત્રની અંદર કચ્છાવતી નામક વિજય આવેલ છે. એ વિજય ઉત્તર દક્ષિણ દિશા તરફ દીર્ઘ એટલે કે લાંબો છે, અને પૂર્વ પશ્ચિમ તરફ વિસ્તીર્ણ છે. શેષ બધું કથન કચ્છવિજયના વર્ણન મુજબ જાણી લેવું જોઈએ. યાવત્ કચ્છકાવતી નામક દેવ અહીં રહે છે.

હે ભદંત ! મહાવિદેહ ક્ષેત્રમાં આવર્ત વિજય નામક વિજય કયા સ્થળે આવેલ છે ? હે ગૌતમ ! નીલવન્ત વર્ષ ધર પર્વતની દક્ષિણ દિશામાં સીતા મહા નદીની ઉત્તર દિશામાં નલિન કુંડ વક્ષસ્કાર પર્વતની પશ્ચિમ દિશામાં દ્રહા વતી મહાનદીની પૂર્વ-દિશામાં મહાવિદેહ ક્ષેત્રની અંદર આવર્તનામક વિજય આવેલ છે. નીલવન્ત પર્વતની દક્ષિણ દિશામાં સીતા મહા નદીની ઉત્તર દિશામાં મંગલાવતી વિજયની પશ્ચિમ દિશા-માં અને આવર્ત વિજયની પૂર્વ દિશામાં મહાવિદેહ ક્ષેત્રની અંદર નલિન કૂટ નામે વક્ષ-સ્કાર પર્વત આવેલ છે. આ નલિન કૂટ નામક વક્ષસ્કાર પર્વત ઉત્તર અને દક્ષિણમાં આયત-દીર્ઘ-લાંબો છે. તેમજ પૂર્વ પશ્ચિમમાં વિસ્તીર્ણ છે. નલિન કૂટ ઉપર ચાર કૂટો આવેલા છે. સિદ્ધાયતનકૂટ, નલિન કૂટ, આવર્ત કૂટ અને મંગલાવર્ત કૂટ. અહીં રાજ-ધાનીઓ ઉત્તર દિશામાં કહી છે.

હે ભદન્ત ! મહાવિદેહ ક્ષેત્રમાં મંગલાવર્ત નામક વિજય કયા સ્થળે આવેલ છે ? હે ગૌતમ ! નીલવન્ત પર્વતની દક્ષિણ દિશામાં, સીતા મહાનદીની ઉત્તર દિશામાં નલિન કૂટની પૂર્વ દિશામાં તેમજ પંકાવતીની પશ્ચિમ દિશામાં મહાવિદેહ ક્ષેત્રની અંદર મંગલાવર્ત્ત નામે વિજય આવેલ છે. આ મંગલાવર્ત વિજયનું વર્ણન કચ્છવિજયના વર્ણન જેવું છે, મંગલાવર્ત વિજયની પૂર્વદિશામાં પુષ્કલ વિજયની પશ્ચિમ દિશામાં તેમજ નીલવંત પર્વતનાં દક્ષિણ દિગ્વર્તી નિતંબ ઉપર પંકાવતી નામક કુંડ આવેલ છે. એનું પ્રમાણ ગ્રાહાવતી કુંડ જેવું જ છે. યાવત્ આ કુંડમાંથી પંકાવતી નામે એક અંતર નદી નીકળી છે અને એણે મંગલાવર્ત અને પુષ્કલાવર્ત વિજયને વિભાજિત કર્યાં છે.

ભદંત ! મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કલાવર્ત નામક વિજય કયા સ્થળે આવેલ છે ? હે ગૌતમ ! નીલવાન વર્ષધર પર્વતની દક્ષિણ દિશામાં સીતા મહાનદીની ઉત્તર દિશામાં તેમજ પંકાવતી મહાનદીની પૂર્વ દિશામાં તથા એકશૈલ નામક વક્ષસ્કાર પર્વતની પશ્ચિમ દિશામાં મહાવિદેહ ક્ષેત્રની અંદર પુષ્કલાવર્ત નામે વિજય આવેલ છે. યાવત્ અહીં પુષ્કલ નામે મહર્દ્ધિક અને એક પલ્યોપમ જેટલી સ્થિતિવાળો દેવ રહે છે. એથી જ મેં હે ગૌતમ ! એનું નામ પુષ્કલ વિજય એવું રાખ્યું છે. પુષ્કલાવર્ત ચક્રવર્તી વિજયની પૂર્વ દિશામાં પુષ્કલાવતી ચક્રવર્તી વિજયની પશ્ચિમ દિશામાં તેમજ સીતા નદીની ઉત્તર દિશામાં એકશૈલ નામે વક્ષસ્કાર પર્વત આવેલ છે. એની ઉપર ચાર કૂટો આવેલા છે. પ્રથમ સિદ્ધાયતન કૂટ, દ્વિતીય એકશૈલ કૂટ, પુષ્કલાવર્ત કૂટ પુષ્કલાવતી કૂટ. યાવત્ ત્યાં એકશૈલ નામ મહર્દ્ધિક દેવ રહે છે. એથી એનું નામ "એકશેલ" રાખવામાં આવેલ છે.

હે ભદંત ! મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કલાવતી નામે ચક્રવર્તી વિજય કયા સ્થળે આવેલ છે ? હે ગૌતમ , નીલવન્ત પર્વતની દક્ષિણ દિશામાં, સીતા નદીની ઉત્તર દિશામાં ઉત્તર દિગ્વર્તી સીતા મુખ વનની પશ્ચિમ દક્ષિણ દિશામાં, સીતા નદીની ઉત્તર દિશામાન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્તર દિગ્વર્તી સીતા મુખ વનની પશ્ચિમ દિશામાં એકશૈલ નામક વક્ષસ્કાર પર્વતની પૂર્વ દિશામાં મહાવિદેહ ક્ષેત્રની અંદર પુષ્કલાવર્તી નામક વિજય આવેલ છે. એ ઉત્તરથી દક્ષિણ સુધી આયત-દીર્ઘ છે તેમજ પૂર્વથી પશ્ચિમ સુધી વિસ્તૃત છે.

[૧૭૪-૧૭૭] હે ભદંત ! મહાવિદેહ ક્ષેત્રમાં સીતા મહાનદીની ઉત્તર દિશામાં આવેલ સીતામુખ વન નામે વન કયા સ્થળે આવેલ છે ? હે ગૌતમ ! નીલવન્ત પર્વતની દક્ષિણ દિશામાં, સીતા નદીની ઉત્તર દિશામાં, પૂર્વ દિગ્વર્તી લવણ સમુદ્રની પશ્ચિમ દિશામાં તેમજ પુષ્કલાવતી નામક ચક્રવર્તી વિજયની પૂર્વ દિશાનાં, સીતા મુખવન નામે વન આવેલું છે. એ વન ઉત્તરથી દક્ષિણ દિશા સુધી દીર્ઘ છે અને પૂર્વથી પશ્ચિમ સુધી વિસ્તીર્ણ છે. એનો આયામ ૧૬૫૯૨-૨/૧૯ યોજન જેટલો છે. સીતા નદીની નદીની પાસે એનો વિષ્કંભ ૨૯૨૨ યોજન જેટલો છે. પછી એ ક્રમશઃ ઘટતો અને નીલવન્ત વર્ષધર પર્વતની પાસે એનો વિષ્કંભ ૧/૧૯ ભાગ પ્રમાણ રહી ગયો છે. આ સીતા મહાનદીનું ઉત્તર મુખવન એક પદ્મવર વેદિકાથી અને એક વનખંડથી સંપરિક્ષિપ્ત છે-હવે સૂત્રકાર દરેક દરેક વિજયમાં જે-જે રાજધાની છે, તેનું નામ નિર્દેશ કરતા કહે છે - ક્ષેમા ૧, ક્ષેમપુરા ૨, અરિષ્ઠા-૩, અરિષ્ઠપુરા-૪, ખડ્ગી ૫, મંજૂષા-૬, ઔષધી ૭ અને પુંડરી કિણી ૮. એ આઠ રાજધાનીઓ કચ્છાદિ વિજયમાં યથાક્રમે છે. એ ૮ રાજધાની ઓ શીતા મહાનદીની ઉત્તર દિશામાં આવેલા વિજયોના દક્ષિણાર્દ્ધ મધ્યમાં ખંડમાં છે. એ પૂર્વોક્ત કચ્છાદિ વિજયોમાં પ્રતિ વૈતાઢ્ય પર્વતની ઉપર બે શ્રેણીઓના સદ્દ્ભાવથી તેમજ એટલી જ આભિયોગ્ય શ્રેણીઓના સદ્દ્ભાવથી સોળ વિદ્યાધર શ્રેણીઓ અને સોળ આભિયોગ શ્રેણીઓ ઈશાનેન્દ્રની છે. સર્વે વિજયોની વક્તવ્યતા કચ્છવિજય સમાન જાણવી. તેમજ તે વિજયોના જેવાં નામો છે, તે નામ અનુસાર જ ત્યાં ચક્રવર્તી રાજાઓના નામો છે.

તેમજ કુલ ૧૬ વક્ષસ્કાર પર્વતો થાય છે. તે સર્વ વક્ષસ્કાર પર્વત વિષેની વક્તવ્યતા ચિત્રકૂટ વક્ષસ્કાર પર્વતની વક્તવ્યતા જેવી છે દરેક વક્ષસ્કાર પર્વત ઉપર ચાર-ચાર કૂટો પ્રકટ કરવામાં આવેલા છે. તેમજ ૧૨ અંતર નદીઓની વક્તવ્યતા ગ્રાહાવતી નદીના બન્ને પાર્શ્વભાગોમાં બે પદ્મવરવેદિકા અને બે વનખંડો સુધી વક્તવ્યતા જેવી છે હે ભદંત ! એક લાખ યોજન વિસ્તારવાળા જંબૂદ્વીપ નામક આ દ્વીપના મહા વિદેહ ક્ષેત્રમાં સીતા મહાનદીના દક્ષિણ ભાગ સીતામુખવન નામે વન ક્યા સ્થળે આવેલ છે ? હે ગૌતમ ! જેવું કથન સીતા મહાનદીના ઉત્તર દિગ્વર્તી સીતા મુખવન નામક વન વિષે સ્પષ્ટ કરવામાં આવેલ છે, તેવું જ કથન આ દક્ષિણ દિગ્વર્તી સીતા મુખવન નામક વનવિષે પણ જાણી લેવું જોઈએ. પણ ઉત્તરદિગ્વર્તી સીતા મુખવનની અપેક્ષાએ જે આ વનના કથનમાં વિશેષતા છે તે આ પ્રમાણે છે કે આ દક્ષિણ દિગ્વર્તી સીતા મુખવન નિષધ વર્ષધર પર્વતની ઉત્તર દિશામાં સીતા મહાનદીની દક્ષિણ-દિશામાં, પૂર્વ દિગ્વર્તી લવણ સમુદ્રની પશ્ચિમ દિશામાં અને વિદેહના દ્વિતીય ભાગમાં આવેલ વત્સ નામક પ્રથમ વિજયની પૂર્વ દિશા તરફ જંબૂદ્વીપવિદેહમાં છે. આ વન ઉત્તરથી દક્ષિણ સુધી દીર્ઘ છે, વગેરે

હે ભદંત ! જંબૂદ્વીપમાં, મહાવિદેહ ક્ષેત્રમાં વત્સ નામક વિજય ક્યા સ્થળે આવેલ છે ? હે ગૌતમ ! નિષધ વર્ષધર પર્વતની ઉત્તર દિશામાં, સીતા મહાનદીની દક્ષિણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દિશામાં, દક્ષિણ દિગ્વર્તી સીતા મુખવનની પશ્ચિમ દિશામાં, ત્રિકૂટ વક્ષસ્કાર પર્વતની પૂર્વદિશામાં, જંબૂદ્વીપ નામક દ્વીપમાં વર્તમાન વિદેહ ક્ષેત્ર-મહાવિદેહની અંદર વત્સ નામક વિજય આવેલ છે. અહીં સુસીમા નામે રાજધાની છે. અહીં ચિત્ર કૂટ નામે વક્ષ-સ્કાર પર્વત છે અને સુવત્સ વિજય છે અહીં કુંડલા નામક રાજધાની છે અને તપ્તજલા નામક નદી છે. મહાવત્સ નામક વિજય છે અને અપરાજિતા નામક રાજધાની છે. વૈશ્રવણ કૂટ નામક વક્ષસ્કાર પર્વત છે. વત્સાવતી વિજય છે અને એમાં પ્રભંકરા નામક રાજધાની છે. મત્તજલા નામે નદી છે. રમ્ય નામક વિજય છે, અંકાવતી નામે એમાં રાજધાની છે. અંજન નામક વક્ષસ્કાર પર્વત છે. રમ્યક નામે વિજય છે. પક્ષ્માવતી રાજધાની છે. અને ઉન્મત્ત જલા નામક નદી છે. રમણીય નામક વિજય છે. શુભા નામક રાજધાની છે અને માતંજન નામક વક્ષસ્કાર પર્વત છે. મંગલાવતી વિજય છે. રત્ન સંચયા નામક રાજધાની છે. એ સર્વ રાજધાનીઓ શીતા મહાનદીની દક્ષિણ દિશામાં છે એથી એ વિજયોના ઉત્તરાર્ધ મધ્ય ખંડોમાં વ્યવસ્થિત છે. આ પ્રમાણે જેમ સીતાના ઉત્તર દિગ્વર્તી પાર્શ્વભાગ વિષે વર્ણન કરવામાં આવેલું છે, તેવું આ સીતા નદીના દક્ષિણ દિગ્વર્તી પશ્ચિમ ભાગ પણ કહેવામાં આવેલ છે. જે પ્રમાણે પ્રથમ વિભાગના પ્રારંભમાં કચ્છ વિજય વિષે કહેવામાં આવેલું છે તે પ્રમાણે આ દ્વિતીય વિભાગના પ્રારંભમાં દક્ષિણદિગ્વર્તી સીતામુખ વન વિષે પણ સમજવું જોઈએ.

આ વક્ષસ્કાર પર્વતો છે. જેમ કે વૈશ્રમણ કૂટ, અંજન કૂટ અને માયંજન કૂટ તપ્તજલા ૧, મત્તજલા, ૨, અને ઉન્મત્તજલા એ બધી નદીઓ છે. આ વિજયો છે - વત્સ, સુવત્સ, મહાવત્સ, વત્સકાવતી, રમ્ય, રમ્યક, રમણીય અને મંગલાવતી. આ રાજધા નીઓ છે સુસીમા, કુંડલા, અપરાજિતા, પ્રભંકરા, અંકાવતી, પક્ષ્માવતી, શુભા અને રત્નસંચયા વત્સવિજયની દક્ષિણ દિશામાં નિષધ પર્વત છે અને ઉત્તર દિશામાં સીતા મહાનદી છે તેમજ પૂર્વ દિશામાં સીતા મુખવન છે અને પશ્ચિમ દિશામાં ત્રિકુટ વક્ષસ્કાર પર્વત છે. સુસીમા અહીં રાજધાની છે. એનું પ્રમાણ અયોધ્યા જેવું છે. વત્સ વિજય પછી જ ત્રિકૂટ નામક વક્ષસ્કાર પર્વત છે અને આ પશ્ચિમ દિશામાં છે. ત્રિકૂટ વક્ષસ્કાર પર્વત પછી સુવત્સ નામક વિજય છે. આ અનંતરોક્ત ક્રમ મુજબ તપ્ત જલા નામે નદી છે. ત્યાર બાદ મહાવત્સ નામક વિજય છે. ત્યાર બાદ વૈશ્રમણ કૂટ છે. પછી વત્સાવતી વિજય છે. ત્યાર બાદ મત્તજલા નામક નદી છે. ઈત્યાદિ રૂપમાં શેષ કથન સમજી લેવું જોઈએ.

[૧૭૮-૧૮૦] હે ભદન્ત ! કયા સ્થળે આ જંબૂદ્વીપની અંદર મહાવિદેહ ક્ષેત્રમાં સૌમનસ નામ વક્ષસ્કાર પર્વત કહેવામાં આવેલ છે ? હે ગૌતમ ! નિષધ વર્ષધર પર્વતની ઉત્તર દિશામાં મંદર પર્વતની આગ્નેય વિદિશામાં-મંગલાવતી વિજયની પશ્ચિમદિશા-માં તેમજ દેવકુરુક્ષેત્રની પૂર્વદિશામાં જંબૂદ્વીપ નામક દ્વીપની અંદર વર્તમાન મહાવિદેહ ક્ષેત્રમાં સૌમનસ નામક અતિરમણીય વક્ષસ્કાર પર્વત આવેલ છે. આ વક્ષસ્કાર ઉત્તર થી દક્ષિણ સુધી દીર્ઘ છે, અને પૂર્વથી પશ્ચિમ સુધી વિસ્તીર્ણ છે. જે પ્રમાણે માલ્યવાન્ પર્વતના વર્ણન વિષે કથન કરવામાં આવેલું છે. તેવું જ વર્ણન આ પર્વતનું છે, પણ આ સૌમનસ નામક વક્ષસ્કાર પર્વત સર્વાત્મના રત્નમય છે. આકાશ અને સ્ફટિકની જેમ નિર્મળ યાવત્ પ્રતિરૂપ છે. સૌમનસ નામક વક્ષસ્કાર પર્વત નિષધ વર્ષધર પર્વતની પાસે આવેલ છે અને તે ચારસો યોજન જેટલો ઊંચો છે. અને ચારસો ગાઉ જેટલો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રમાણમાં ઉદ્વેધવાળો છે શેષ બધું વિષ્કંભ વગેરેના સંબંધમાં કથન માલ્યવાન વક્ષસ્કાર પર્વતના પ્રકરણ જેવું જ છે. અહીં અનેક દેવ-દેવીઓ આવીને વિશ્રામ કરે છે, આરામ કરે છે. એ દેવ દેવીઓ સરલ સ્વભાવવાળાં હોય છે. અને શુભ ભાવનાવાળાં હોય છે તેમજ સૌમનસ નામક દેવ કે જે મહર્દ્ધિક વગેરે વિશેષણો વાળોછેઅહીં રહે છે.એથીહે ગૌતમ ! એનું નામ એવું રાખવામાં આવ્યું છે. અહીં સાત કૂટો આવેલા છે. સિદ્ધાયતન કૂટ ૧, સૌમનસ કૂટ ૨, મંગલાવતી કૂટ ૩, દેવકુરું કૂટ ૪, વિમલ કૂટ ૫, કંચન કૂટ ૬ અને વશિષ્ઠ કૂટ ૭ આ પ્રમાણે પ્રારંભથી માંડીને સૌમનસ પર્વત સુધીના જેટલા કૂટો કહેવામાં આવેલા છે, તે બધા પાંચસો યોજન પ્રમાણવાળા છે.

હે ભદંત ! સૌમનસ વક્ષસ્કાર પર્વત ઉપર સિદ્ધાયતન નામનો કૂટ કયા સ્થળે આવેલ છે ? મેરુગિરિની પાસે તેની દક્ષિણ પૂર્વ દિશાના અન્તરાલમાં સિદ્ધાયતન કૂટ છે. તે કૂટની દક્ષિણ પૂર્વ દિશાના અંતરાલમાં દ્વિતીય સૌમનસ કૂટ આવેલ છે. અને તેની પણ દક્ષિણ પૂર્વ દિશાના અંતરાલામાં તૃતીય મંગલાવતી કૂટ આવેલ છે. એ ત્રણ કૂટો વિદિગ્ભાવી છે. મંગલાવતી કૂટની દક્ષિણ પૂર્વ દિશામાં અંતરાલમાં અને પંચમ વિમળ કૂટની ઉત્તરદિશામાં ચતુર્થ દેવકુરુ નામક કૂટ આવેલ છે. દેવકુરુ કૂટની દક્ષિણ દિશામાં પંચમ વિમળ કૂટ આવેલ છે. વિમળ કૂટની દક્ષિણ દિશામાં ષષ્ઠ કાંચન કૂટ આવેલ છે. એ બધા કૂટો સર્વાત્મના રત્નમય છે. પરિણામમાં એ બધા હિમવતના કૂટો તુલ્ય છે. અહીં પ્રાસાદાદિક બધું તે પ્રમાણે જ છે. વિમળ કૂટ ઉપર અને કાંચન કૂટ ઉપર ફક્ત સુવત્સા અને વત્સમિત્રા એ બે દેવીઓ રહે છે અને શેષ કૂટો ઉપર એટલે કે પાંચ કૂટો ઉપર કૂટ સદૃશ નામવાળા દેવો રહે છે.એમની રાજધાનીઓ મેરુની દક્ષિણ દિશામાં છે. હે ભદંત ! મહાવિદેહમાં દેવકુરુ કયા સ્થળે આવેલ છે ? હે ગૌતમ ! મન્દર પર્વતની દક્ષિણ દિશામાં, નિષધ વર્ષધર પર્વતની ઉત્તર દિશામાં, વિદ્યુત્પ્રભ વક્ષસ્કાર પર્વતની પૂર્વ દિશામાં તેમજ સૌમનસ વક્ષસ્કાર પર્વતની પશ્ચિમ દિશામાં મહાવિદેહ ક્ષેત્રની અંદર દેવકુરુ નામે કુરુ આવેલ છે. એ કુરુઓ પૂર્વથી પશ્ચિમ સુધી દીર્ઘ છે અને ઉત્તરથી દક્ષિણ સુધી વિસ્તીર્ણ છે. એમનો વિસ્તાર ૧૧૮૪૨-૨/૧૯ યોજન પ્રમાણ છે એમનું શેષ બધું વર્ણન ઉત્તરકુરુના વર્ણન જેવું છે. એજ કે એમની વંશપરંપરાનો ત્રિકાલમાં પણ વિચ્છેદ શક્ય નથી. એમના શરીરનો ગંધ પદ્મના ગંધ જેવો છે. વગેરે પહેલાં કહેવાઇ ગયું છે.

[૧૮૧-૧૮૬] હે ભદંત ! દેવકુરુમાં ચિત્ર અને વિચિત્ર નામક એ બે પર્વતો કયા સ્થળે આવેલા છે ? હે ગૌતમ ! નિષધ વર્ષધર પર્વતના ઉત્તર દિગ્વર્તી ચરમાન્તથી ૮૩૪-૪/૭ યોજન એટલે દૂર સીતોદા મહાનદીની પૂર્વ- પશ્ચિમ દિશાના અન્તરાલમાં બન્ને કિનારાઓ ઉપર એ ચિત્રવિચિત્ર નામે બે પર્વતો આવેલા છે. જે વર્ણન યમક પર્વતોના સંદર્ભમાં કરવામાં આવેલું છે. તે ચિત્રવિચિત્ર પર્વતના ઉત્તરદિગ્વર્તી ચર-માન્તથી ૮૩૪-૪/૭ યોજન જેટલે દૂર સીતોદા મહાનદીના ઠીક મધ્યભાગમાં નિષધ નામે દ્રહ છે જે વક્તવ્યતા ઉત્તરકુરુમાં નીલવંત, ઉત્તરકુરું, ચન્દ્ર, ઐરાવત અને માલવન્ત એ પાંચ દ્રહો વિષે કહેવામાં આવેલી છે, તેજ વક્તવ્યતા, નિષધ, દેવકુરુ, સૂર, સુલસ અને વિદ્યુત્પ્રભ એ પાંચ દ્રહોની પણ કહેવામાં આવેલી છે. એવું જાણી લેવું જોઈએ.

હે ભગવન્ દેવકુરુ નામના કુરુમાં કૂટ શાલ્મલીપીઠ ક્યાં આવેલ છે ? હે ગૌતમ ! મન્દર પર્વતના નૈઋત્ય કોણમાં. નિષધવર્ષધર પર્વતની ઉત્તર દિશામાં, વિદ્યુત્પ્રભ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વક્ષસ્કાર પર્વતની પૂર્વ દિશામાં અને શીતોદા મહાનદીની પશ્ચિમ દિશામાં, દેવકુરુના પશ્ચિમાર્દ્ધના-બહુમધ્ય દેશભાગમાં, દેવકુરુ ક્ષેત્રમાં કૂટ શાલ્મલીપીઠ આવેલ છે. જે વક્તવ્યતા જમ્બૂ નામક સુદર્શનાની છે તેજ વક્તવ્યતા આ શાલ્મલીપીઠની પણ છે. અહીં ગરુડ દેવ રહે છે. અને ત્યાં અનાદૃત દેવ રહે છે. એની રાજધાની મેરુની દક્ષિણ દિશામાં છે પ્રાસાદ ભગવનાદિક વિષેનું કથન જમ્બૂસુદર્શનના પ્રકરણમાં જે પ્રમાણે કહેવામાં આવ્યું છે તેવું જ અહીં પણ સમજવું જોઈએ. યાવત્ દેવકુરુ નામક દેવ અહીં રહે છે. એની એક પલ્યોપમ જેટલી સ્થિતિ છે.

વર્તમાન મહાવિદેહ ક્ષેત્રમાં વિદ્યુત્પ્રભ નામક વક્ષસ્કાર પર્વત કયા સ્થળે આવેલ છે ? નિષધ વર્ષધર પર્વતની ઉત્તર દિશામાં, મેરુ પર્વતના દક્ષિણ પશ્ચિમના કોણમાં, દેવકુરુની પશ્ચિમ દિશામાં અને પદ્મ વિજયની પૂર્વ દિશામાં જંબૂદ્વીપની અંદર વર્તમાન મહાવિદેહ ક્ષેત્રમાં વિદ્યુત્પ્રભ નામે વક્ષસ્કાર પર્વત આવેલા છે. આ વક્ષસ્કાર પર્વત ઉત્તરથી દક્ષિણ સુધી દીર્ઘ છે. આ પ્રમાણે માલ્યવન્તપર્વતના જેવુંજ કથન અહીં પણ સમજવું જોઈએ. આ પર્વત સર્વાત્મના તપનીયમય છે. આકાશ અને સ્ફટિકવત નિર્મળ છે. યાવત્ એની ઉપર ઘણાં વ્યન્તર દેવ અને દેવીઓ આવીને વિશ્રામ કરે છે અને આરામ કરે છે. હે ભદન્ત ! વિદ્યુત્પ્રભ વક્ષસ્કાર પર્વત ઉપર કેટલા કૂટો આવેલા છે ? હે ગૌતમ ! નવ કૂટો આવેલા છે. સિદ્ધાયતન કૂટ, વિદ્યાત્પ્રભ કૂટ, દેવકુરુ કૂટ, પદ્મકૂટ, કનક કૂટ, સ્વસ્તિક કૂટ, સીતોદા કૂટ, શતજ્વલ કૂટ અને હરિ કૂટ. એમાં જે વિદ્યુત્પ્રભ વક્ષસ્કાર પર્વત વિશેષ જેવા નામવાળો કૂટ છે, તેનું નામ વિદ્યુત્પ્રભ કૂટ છે. દેવકુરુ જેવા નામવાળો દેવકુરુ કૂટ છે. પક્ષ્મ નામક વિજયના જેવા નામવાળો પક્ષ્મ કૂટ છે. દક્ષિણ શ્રેણીનો જે અધિપતિ વિદ્યુત્કુમારેન્દ્ર છે, તેનો જે કૂટ છે તે હરિકૂટ છે. એ નવ કૂટોનો આ સિદ્ધ આદિ ગાથા વડે સંગ્રહ કરવામાં આવેલ છે.

JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

એમાં હરિકૂટને બાદ કરી શેષ જે આઠ કૂટો છે તે દરેક દરેક પાંચસો યોજન જેટલા છે. હરિકૂટનું પ્રમાણ એક હજાર યોજન જેટલું છે. હે ભદંત ! વિદ્યુત્પ્રભ વક્ષસ્કાર પર્વત ઉપર સિદ્ધાયતન કૂટ ક્યાં સ્થળે આવેલ છે ? હે ગૌતમ ! મેરુના દક્ષિણા-પશ્ચિમ કોણમાં મેરુ સમીપવર્તી પ્રથમ સિદ્ધાયતન કૂટ આવેલ છે. સિદ્ધાયતન કૂટની નૈઋત્ય વિદિશામાં વિદ્યુત્પ્રભ આવેલા વિદ્યુત્પ્રભ કૂટની નૈઋત્ય વિદિશામાં દેવકુરુ કૂટ આવેલ છે. દેવકુરુની નૈઋત્ય વિદિશામાં પક્ષ્મકૂટ આવેલ છે. પક્ષ્મ કૂટની નૈઋત્ય વિદિશામાં અને સ્વસ્તિક કૂટની ઉત્તર દિશામાં પાંચમો કનકકૂટ નામનો કૂટ આવેલ છે. કનકકૂટની દક્ષિણ દિશા-માં સ્વસ્તિક કૂટ નામનો છઠ્ઠો કૂટ આવેલ છે. સ્વસ્તિક કૂટની દક્ષિણ દિશામાં શતજ્વલ નામક અષ્ટમ કૂટ આવેલ છે. નવમો જે હરિકૂટ છે તે શીતોદા કૂટની દક્ષિણ દિશામાં નિષધ પર્વતની પાસે આવેલ છે. જેવો માલ્યવન્ત વક્ષસ્કાર પર્વતનો હરિસ્સહ નામક કૂટ છે તેવો જ આ હરિકૂટ પણ છે. જે પ્રમાણે દક્ષિણ દિશામાં ચમરચંચા નામે રાજધાની આવેલી છે તેવું જ વર્ણન અહીંની રાજધાનીનું પણ છે.

હરિકૂટની રાજધાની પણ મેરુની દક્ષિણ દિશામાં છે. કનક કૂટ અને સૌવસ્તિક કૂટ એ બે કૂટો ઉપર વારિસેણા એક બલાહકા એ બે દિક્કુમારિકાઓ રહે છે. અવ શિષ્ટ વિદ્યુત્પ્રભ વગેરે કૂટો ઉપર કૂટના જેવા નામવાળા દેવો કહે છે. એમની રાજધાનીઓ મેરુની દક્ષિણ દિશામાં આવેલી છે. આ વિદ્યુત્પ્રભ નામક વક્ષસ્કાર પર્વત વિદ્યુતની જેમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રક્તવર્ણ હોવાથી દિશાઓ અને વિદિશાઓમાં ચમકતો રહે છે. એથી લોકોને એવું લાગે છે કે એ વિદ્યુતનો પ્રકાશ જ છે. ભાસ્વર હોવાથી એ પોતાના નિકટવર્તી પદાર્થોને પણ પ્રકાશયુક્ત કરે છે અને સ્વયં પણ પ્રકાશિત થાય છે. એથી જ હે ગૌતમ ! મેં એનું નામ વિદ્યુત્પ્રભ એવું કહ્યું છે. બીજી વાત એ છે કે અહીં વિદ્યુત્પ્રભ નામે દેવ રહે છે. એની એક પલ્યોપમ જેટલી સ્થિતિ છે. વિદ્યુત જેવી આભાવાળા હોવાથી તેમજ વિદ્યુત્પ્રભ દેવનું નિવાસ સ્થાન હોવા બદલ આ પર્વતને વિદ્યુત્પ્રભા નામથી સંબોધમાં આવે છે.

[૧૮૭-૧૯૩] આ પ્રમાણે પક્ષ્મ નામક વિજય છે. તેમાં અશ્વપુરી નામક રાજધાની છે. અને અંકાવતી નામક વક્ષસ્કાર પર્વત છે. સુપક્ષ્મ નામક વિજય છે. સીંહપુરી નામક રાજધાની છે. ક્ષીરોદા નામક એમાં મહાનદી છે. મહાપક્ષ્મ નામક વિજય છે. એમાં મહાપુરી નામક રાજધાની છે અને પક્ષ્માવતી નામક વક્ષસ્કાર પર્વત છે. પક્ષ્માવતી નામક વિજય છે. એમાં વિજયપુરી નામક રાજધાની છે. શીતસ્ત્રોત નામક મહા નદી છે. શંખ નામક વિજય છે. એમાં અપરાજિતા નામક રાજધાની છે અને આશીવિષ નામક વક્ષસ્કાર પર્વત છે. કુમુદ નામક વિજય છે. એમાં અરજા નામક રાજધાની છે. અને અન્તર્વાહિની નામક મહાનદી છે. નલિન નામે વિજય છે. એમાં અશોકા નામક રાજધાની છે અને સુખાવહ નામક વક્ષસ્કાર પર્વત છે. નલિનાવતી વિજય છે એમાં વીતશોકા નામક રાજધાની છે અને દક્ષિણ દિશામાં આવેલ શીતોદામુખ વનખંડ છે. દાક્ષિણાત્ય શીતા મુખવનના કથન પ્રમાણે જ ઉત્તર દિગ્ભાવી શીતોદા મુખવનખંડમાં પણ એવું જ કથન સમજી લેવું જોઈએ.

શીતા મહાનદીના ઉત્તર દિગ્વર્તી મુખવનખંડમાં વપ્ર નામક વિજય છે. વિજયા નામે રાજધાની છે. અને ચન્દ્ર નામક વક્ષસ્કાર પર્વત છે. સુવપ્ર નામક વિજય છે. વૈજયન્તી નામે રાજધાની છે અને ઉર્મિમાલિની નામની નદી છે. મહાવપ્ર નામક વિજય છે. જયન્તી નામક રાજધાની છે અને સૂર નામે વક્ષસ્કાર પર્વત છે. વપ્રાવતી નામક વિજય છે. અપરાજિતા નામે રાજધાની છે અને ફેનમાલિની નામક નદી છે. વલ્ગુ નામે વિજય છે, ચક્રપુરી નામક રાજધાની છે અને નાગ નામક વક્ષસ્કાર પર્વત છે. સુવલ્ગુ નામે વિજય છે. એમાં ખડ્ગ પુરી નામક રાજધાની છે અને ગંભીર માલિની નામક અન્તર નદી છે. ગંધિલ્લ નામક વિજય છે. અવધ્યા નામક રાજધાની છે અને દેવ નામે વક્ષસ્કાર પર્વત છે. આઠમો વિજય ગંધિલાવતી નામે છે. એમાં અયોધ્યા નામક રાજધાની છે. આ પ્રમાણે મંદર પર્વતના પશ્ચિમ દિગ્વર્તી પાર્શ્વભાગ વિષે પણ વર્ણન સમજી લેવું જોઈએ ત્યાં શીતોદા મહાનદીના દક્ષિણ દિગ્વર્તી કૂલ પર એ વિજયો આવેલા છે તેમના નામો આ પ્રમાણે પક્ષ્મ, સુપક્ષ્મ, મહાપક્ષ્મ, પક્ષ્મકાવતી, શંખ, કુમુદ, નલિન અને નલિનાવતી. ત્યાં આ પ્રમાણે રાજધાનીઓ છે અશ્વપુરી, સિંહપુરી, મહાપુરી, વિજયપુરી, અપરાજિતા. અરજા અશોક, અને વીત શોકા આ પ્રમાણે ત્યાં વક્ષસ્કાર પર્વતો આવેલા છે. અંક, અંકાવતી, પક્ષ્માવતી, આશીવિષ અને સુખાવહ આ પરિપાટી રૂપ વિસ્તાર ક્રમમાં કૂટ જેવા નામવાળા બબ્બે વિજયો આવેલા છે,

ચિત્ર કૂટ નામક વક્ષસ્કાર ગિરિની ઉપર ચાર કૂટો આવેલા છે. તેમાં કચ્છકૂટ અને સુકુચ્છકૂટ એ કૂટો ત્રીજા અને ચોથા સ્થાન ઉપર આવેલા છે. અને એમના નામ જેવા જ કચ્છવિજય અને સુકચ્છ વિજય આવેલ છે. શીતોદા મહાનદીનું દક્ષિણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દિગ્વર્તી અને ઉત્તર દિગ્વર્તિ મુખવન વિષે પણ કહી લેવું જોઇએ. ઉત્તર દિગ્વર્તી પાર્શ્વભાગમાં એ વિજયો આવેલા છે. વિજયોના નામો આ પ્રમાણે છે- વપ્ર, સુવપ્ર, મહાવપ્ર, વપ્રાકાવતી, વલ્ગૂ, સુવલ્ગૂ, ગન્ધિલ અને ગન્ધિલાવતી. રાજધાનીઓ અને તેમના નામો આ પ્રમાણે છે વિજ્યા, વૈજયન્તી જયન્તી, અપરાજિતા, ચક્કપુરી, ખડ્ગ પુરી, અવન્ધ્યા અને અયોધ્યા. વક્ષસ્કાર પર્વતો છે. તેમના નામો પ્રમાણે છે-ચન્દ્ર પર્વત, સૂર્ય પર્વત અને નાગ પર્વત. આ નદીઓ છે-કે જેઓ સીતોદા મહા નદીના દક્ષિણ દિગ્વર્તી કૂલ ઉપર છે-એક ક્ષીરોદા અને બીજી શીતસ્રોતા. હવે સીતોદા મહાનદીની ઉત્તર દિગ્વર્તી તટ પર આવેલા વપ્ર, સુવપ્ર, મહાવપ્ર તેમજ વપ્રાવતી વિજ્યોની જે અન્તર નદીઓ છે-તેમના નામો બતાવવામાં આવે છે. ઉર્મિલાનિની, ફેન માલિની, ગંભીર માલિની. વક્ષસ્કારોની આનુપૂર્વીમાં બબ્બે કૂટો પોત-પોતાના વિજયના જેવા નામવાળા જાણવા.

[૧૯૪-૧૯૬] હે ભદન્ત ! આ જંબૂદ્વીપ નામક દ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં મંદર નામક પર્વત ક્યા સ્થળે આવેલ છે ? હે ગૌતમ ! ઉત્તર કુરુની દક્ષિણ દિશામાં દેવકુરુની ઉત્તર દિશામા પૂર્વ વિદેહ ક્ષેત્રની પશ્ચિમ દિશામાં, તેમજ અપરવિદેહ ક્ષેત્રની પૂર્વ દિશામાં જંબૂદ્વીપની અંદર ઠીક તેના મધ્યભાગમાં મન્દર નામક પર્વત આવેલ છે. આ પર્વતની ઊંચાઈ ૯૯ હજાર યોજન જેટલી છે. એક હજાર જેટલો એનો ઉદ્વેધ છે. ૧૦૦૯૦-૧૦/૧૧ યોજન મૂળમાં એનો વિસ્તાર છે. પૃથ્વી ઉપર એનો વિસ્તાર ૧૦ હજાર યોજન જેટલો છે. ત્યાર બાદ અનુક્રમે ક્ષીણ થતો-થતો ઉપર એનો વિસ્તાર ૧ હજાર યોજન જેટલો રહી ગયો છે. મૂલમાં એનો પરિક્ષેપ ૩૧૯૧૦-૩/૧૧ યોજન જેટલો છે અને ઉપરના ભાગમાં એનો પરિક્ષેપ કંઈક વધારે ૩૧૬૨ જેટલો છે. આમ આ મૂળમાં વિસ્તીર્ણ થઈ ગયો છે, મધ્યમાં સંક્ષિપ્ત થઈ ગયો છે. અને ઉપરના ભાગમાં પાતળો થઈ ગયો છે. એથી એનો આકાર ગાયના પૂંછના આકાર જેવો થઈ ગયો છે. એ સર્વાત્મના રત્નમય છે, આકાશ અને સ્ફટિક જેવો એ નિર્મળ તેમજ શ્લક્ષ્ણ વગેરે વિશેષ ણોથી યુક્ત છે. પદ્મવર વેદિકાથી અને એક વનખંડથી ચોમેર સારી રીતે વીંટળાયેલું છે.

હે ભદંત ! મન્દર પર્વત ઉપર કેટલા વનો આવેલા છે ? હે ગૌતમ ! ચાર વનો કહેવામાં આવેલા છે. ભદ્રશાલવન, નંદનવન, સૌમનસવન અને પંડકવન. આ પૃથ્વી ઉપર વર્તમાન સુમેરુ પર્વતની ઉપર ભદ્રશાલ વન આવેલું છે. આ વન પૂર્વથી પશ્ચિમ સુધી દીર્ઘ છે. અને ઉત્તરથી દક્ષિણ સુધી વિસ્તીર્ણ છે. આ વન સૌમનસ, વિદ્યુત્પ્રભ, ગંધમાદન અને માલ્યવાન એ વક્ષસ્કાર પર્વતોથી તેમજ સીતા સીતોદા મહાનદીઓથી આઠ વિભાગ રૂપમાં વિભક્ત કરવામાં આવેલ છે. તેમજ ઉત્તર દક્ષિણ દિશામાં એનો વિષ્કંભ ૨૫૦-૨૫૦ યોજન જેટલો છે. તે ભદ્રશાલવન એક પદ્મવરવેદિકા અને એક વનખંડથી ચોમેર સારી રીતે વીંટળાયેલું છે. મંદર પર્વતની પૂર્વ દિશામાં ભદ્રશાલ વન આવેલું છે. એનાથી ૫૦ યોજન આગળ જતાં ઉપર એક અતીવ વિશાળ સિદ્ધાયતન આવેલું છે. આ સિદ્ધાયતન આયામની અપેક્ષાએ ૫૦ યોજન જેટલું છે. અને વિષ્કંભની અપેક્ષાએ એ ૨૫ યોજન જેટલું છે. એની ઊંચાઈ ૩૬ યોજન જેટલી છે. સહસ્ત્રો સ્તંભો ઉપર ઊભું છે. આ સિદ્ધાયતનની ત્રણ દિશાઓમાં ત્રણ દરવાજાઓ આવેલા છે. એ દ્વારો આઠ યોજન જેટલા ઊંચા છે. ચાર યોજન જેટલા એ દ્વારોનો વિષ્કંભ છે, અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આટલો જ એમનો પ્રવેશ છે. એ દ્વારો શ્વેત વર્ણવાળાં છે. એમના જે શિખરો છે તે સુંદર સુવર્ણ નિર્મિત છે. તે ભૂમીભાગના ઠીક મધ્ય ભાગમાં એક વિશાળ મણિપીઠિકા આવેલી છે. તેનો આયામ-વિષ્કંભ આઠ યોજન જેટલો છે. એનો બાહલ્ય એટલે કે મોટાઈ ચાર યોજન જેટલી છે. આ સર્વાત્મના રત્નમયી છે, અને આકાશ તેમજ સ્ફટિક મણિવત્ નિર્મળ છે. મણિપીઠિકાની ઉપર એક દેવચ્છન્દ એટલે કે દેવોને બેસવા માટેનું આસન છે તે આસનનો આયામ-વિષ્કંભ આઠ યોજન જેટલો છે અને તેની ઊંચાઈ પણ કંઈક વધારે આઠ યોજન જેટલી છે. યાવત્ ત્યાં જિન પ્રતિમાઓ છે. અહીં જિન પ્રતિમા ઓથી અરિહંત પ્રતિમાજ સમજાવી આ દેવચ્છંદ સર્વાત્મના રત્નમય છે. યાવત્ અહીં ૧૦૮ ધૂપ કટાહો છે.

મંદર પર્વતની દક્ષિણ દિશામાં ભદ્રશાલ વનમાં ૫૦ યોજન આગળ જવાથી ઉપર ભદ્રશાલવનમાં ૫૦ યોજન પ્રવિષ્ટ થયા પછી મન્દર પર્વતની ચોમેર, ભદ્રશાલ વનમાં ચાર સિદ્ધાયતનો આવેલા છે. મન્દર પર્વતના ઈશાન કોણમાં ભદ્રશાલવનને ૫૦ યોજન વટાવી જઈએ ત્યારબાદ જે સ્થાન આવે છે ત્યાં નન્દા નામક ચાર શાશ્વત પુષ્કરિણીઓ છે તેમના નામો આ પ્રમાણે છે પદ્મા, પદ્મપ્રભ, કુમુદા અને કુમુદપ્રભા. પુષ્કરિણીઓ આયામની અપેક્ષાએ ૫૦ યોજન જેટલી છે. અને વિષ્કંભની અપેક્ષાએ ૨૫ યોજન જેટલી છે. તેમજ એમની ગંભીરતા ૧૦ યોજન-જેટલી છે. ચારે દિશાઓમાં તોરણ-બહિર્દ્વાર છે. પુષ્કરણીના મધ્ય ભાગમાં આવેલ પ્રાસાદાવતંસક ઊંચાઈમાં ૫ યોજન જેટલો છે. ૨૫૦ યોજન જેટલો એનો વિષ્કંભક છે. આ પ્રમાણે જ મન્દર મેરુના ભદ્રશાલવનની અંદર ૫૦ યોજન ગયા પછી આગ્નેય કોણમાં ચાર પુષ્કરિણીઓ છે. તેમના નામો આ પ્રમાણે છે. ઉત્પલગુલ્મા-૧, નલિના-૨, ઉત્પલા-૩, અને ઉત્પલોજ્જ વલા ૪. એ પુષ્કરિણીઓના પણ ઠીક મધ્યભાગમાં એક પ્રાસાદાવતંસક છે. એનું પ્રમાણ પણ ઈશાન કોણગત પ્રાસાદાવતંસક જેટલું જ છે. આ પ્રાસાદાવંતસક દેવેન્દ્ર દેવરાજનો છે. અહીં શક્રેન્દ્ર પોતાના પરિવાર સાથે રહે છે. આ પ્રમાણે નૈઋત્ય કોણમાં પણ ચાર પુષ્પરિણીઓ છે. તેમના નામો આ પ્રમાણેછે ભૃંગા-૧, ભૃંગનિભા-૨, અંજના ૩, અને અંજનપ્રભા ૪. આ પુષ્કરિણીઓના ઠીક મધ્યભાગમાં પ્રાસાદાવંતસક છે. આ પ્રાસાદાવંતસક પણ શક્રેન્દ્ર વડે અધિષ્ઠિત છે. આ પ્રમાણે વાયવ્ય કોણમાં પણ પુષ્કરિણીઓ છે. તેમના નામો આ પ્રમાણે શ્રી કાન્તા, શ્રી ચન્દ્રા, શ્રી મહિતા અને શ્રી નિલયા. એમના મધ્ય ભાગમાં પણ પ્રાસાદાવતંસક આવેલા છે. એ પ્રાસાદાવંતસક ઈશાનેન્દ્રનો છે.

આ મંદર પર્વતવર્તી ભદ્રશાલ વનમાં કેટલા દિગ્હસ્તિ કૂટો આવેલા છે એ કૂટો ઈશાન વગેરે વિદિશાઓમાં તેમજ પૂર્વાદિ દિશાઓમાં હોય છે. અને આકાર એમનો હસ્તિક જેવો હોય છે. એથી જ એ હસ્તિકૂટ કહેવામાં આવેલ છે. તે આ પ્રમાણે છે- પદ્મો ત્તર-૧, નીલવાનૂ-૨, સુહસ્તિ ૩, અંજનગિરિ-૪, કુમુદ-૫, પલાશ-૬, વંતસ-૭, અને રોચનાગિરિ કે રોહણાગિરિ. મંદર પર્વત ઉપર વર્તમાન ભદ્રશાલવનમાં પદ્મોત્તર નામક દિગ્હસ્તિ કૂટ ક્યા સ્થળે આવેલ છે ? હે ગૌતમ ! મંદર પર્વતની ઉત્તર દિશા અને પૂર્વ દિશાના અંતરાલમાં-તેમજ પૂર્વ દિગ્વર્તી શીતા મહા નદીની ઉત્તર દિશામાં પદ્મોત્તર નામક દિગ્હસ્તિ કૂટ આવેલ છે આ કૂટ પાંચસો યોજન જેટલી ઊંચાઈવાળો છે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમજ જમીનની અંદર પણ પાંચસો ગાઉ સુધી નીચે ગયેલો છે. મૂલમાં એનો વિષ્કંભ ૫૦૦ યોજન જેટલો છે. મધ્યમાં એનો વિસ્તાર ૩૭૫ યોજન જેટલો છે અને ઉપર એનો વિસ્તાર ૨૫૦ યોજન જેટલો છે એને પરિક્ષેપ ૧૫૮૧ યોજન જેટલો છે. મધ્યમાં એનો પરિક્ષેપ કંઈક કમ ૧૧૮૬ યોજનનો છે, અને ઉપર તેનો પરિક્ષેપ ૭૯૧ જેટલો છે. આ પદ્મોત્તર દિગ્હસ્તિ કૂટનો અધિપતિ પદ્મોત્તર નામક દેવ છે. એની રાજધાની ઈશાન કોણમાં આવેલી છે.

આ પ્રમાણે જ નીલવન્ત દિગ્હસ્તિ કૂટ મન્દર પર્વતના અગ્નિ કોણમાં તેમજ પૂર્વ દિગ્વર્તી સીતા મહાનદીની દક્ષિણ દિશામાં આવેલ છે. આ નીલવન્ત નામક દિગ્હસ્તિ કૂટનો અધિપતિ એ જ નામનો છે. એની રાજધાની આ દિગ્હસ્તિ કૂટના આગ્નેય કોણમાં આવેલી સુહસ્તિ નામક દિગ્હસ્તિ કૂટ પણ મંદર પર્વતની આગ્નેય વિદિશામાં આવેલ છે તથા દક્ષિણ દિગ્વર્તી સીતોદા નદીની પૂર્વ દિશામાં આવેલ છે. આ કૂટનો અધિપતિ પણ સુહસ્તી નામક દેવ છે અને એની રાજધાની આગ્નેય કોણમાં આવેલી છે. અંજનગિરિ નામે જે દિગ્હસ્તિ કૂટ છે. તે મન્દર પર્વતની નૈઋત્ય દિશામાં છે તથા દક્ષિણ દિશા તરફ પ્રવાહિત થતી સીતોદા નામની મહાનદીની પશ્ચિમ દિશામાં છે એ કૂટ ઉપર એજ નામનો દેવ રહે છે એની રાજધાની એજ કૂટના નૈઋત્ય કોણમાં આવેલી છે. કુમુદ નામે જે દિગ્હસ્તિ કૂટ છે તે મન્દર પર્વતના નૈઋત્ય કોણમાં આવેલ છે તથા પશ્ચિમ દિશા-તરફ પ્રવાહિત થતી શીતોદા મહાનદીની દક્ષિણ દિશામાં આવેલ છે. આ કૂટનાઅધિપતિનું નામ કુમુદ છે.એનીરાજધાની આકૂટના નૈઋત્ય રૂપ દિશામાં આવેલી આ પ્રમાણે પલાશ નામક દિગ્હસ્તિ કૂટ છે, આ કૂટ પણ મન્દર પર્વતની વાયવ્ય-કોણ રૂપ વિદિશામાં આવેલ છે. તેમજ પશ્ચિમ દિશા તરફ પ્રવાહિત થતી શીતોદા મહાનદીની ઉત્તર દિશામાં આવેલ છે. આ કૂટનો દેવ પલાશ નામથી જ સુપ્રસિદ્ધ છે અને એની રાજ-ધાની વાયવ્ય કોણમાં આવેલી છે. વતંસાનામક જે દિગ્હસ્તિ કૂટ છે તે મંદર પર્વતની વાયવ્ય-વિદિશામાં આવેલ છે તેમજ ઉત્તર દિશા તરફ પ્રવાહિત થતી સીતા મહાનદીની પશ્ચિમ દિશામાં છે. આ કૂટના અધિપતિ દેવનું નામ વતંસ છે. એની રાજધાની વાયવ્ય કોણમાં આવેલી છે. રોચનાગિરિ નામક જે દિગ્હસ્તિ કૂટ છે, તે મન્દર પર્વતની ઈશાન વિદિશામાં આવેલ છે તથા ઉત્તર દિશા તરફ પ્રવાહિત થતી સીતા નદીની પૂર્વ દિશામાં આવેલ છે. કૂટના અધિપતિનું નામ રોચનાગિરિ છે. એની રાજધાની ઈશાન કોણમાં આવેલી છે.

[૧૯૭] હે ભદંત ! મંદર પર્વતમાં નંદન વન નામે વન કયા સ્થળે આવેલ છે ? હે ગૌતમ ! ભદ્રશાલ વનના બહુસમરમણીય ભૂમિ ભાગથી પાંચસો યોજન ઉપર જવા બાદ જે સ્થાન આવે છે, ઠીક તે સ્થાન ઉપર મંદર પર્વતની ઉપર નંદનવન નામક વન આવે છે. આ વન ચક્રવાલ વિષ્કંભની અપેક્ષાએ પાંચસો યોજન જેટલું છે. વૃત્ત છે, આ નંદનવન સુમેરુ પર્વતથી ચોમેર આવૃત છે. સુમેરુ પર્વતનો બાહ્ય વિષ્કંભ ૯૯૫૪-૬/૧૧ યોજન છે. આ ગિરિનો બાહ્ય પરિક્ષેપ કંઈક અધિક ૩૧૪૧૯ યોજન જેટલો છે અને ભીતરી વિસ્તાર એનો ૮૯૫૪-૬/૧૧ યોજન છે. તેમજ આ ગિરિનો અંદરનો પરિક્ષેપ ૨૮૩૧૬-૮/૧૧ યોજન છે. આ નન્દન વન એક પદ્મવર વેદિકાથી અને એક વનખંડથી ચોમેર આવૃત છે. આ મંદર પર્વતની પૂર્વ દિશામાં એક વિશાળ સિદ્ધાયતન આવેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મેરુ પર્વતની પૂર્વ દિશામાં જેવું સિદ્ધાયતન કહેવામાં આવેલ છે. આ પ્રમાણે પૂર્વ વગેરે ચારેચાર દિશાઓમાં એક-એક સિદ્ધાયતન છે તેથી કુલ ચાર સિદ્ધાયતનો થયાં તેમજ આ કથન મુજબ વિદિશાઓમાં ઈશાન વગેરે કોણોમાં પુષ્કરિણીઓ પ્રતિપાદિક થઈ છે. એ પુષ્કરિણીઓના વિષ્કંભાદિના પ્રમાણ ભદ્રશાલવનની પુષ્કરિણીયોના વિષ્કંભાદિના પ્રમાણ જેવું જ છે. સિદ્ધાયતનોના વિષ્કંભાદિ પ્રમાણ પણ ભદ્રશાલના પ્રકરણમાં કથિત સિદ્ધાયતનોના પ્રમાણવત્ જ છે. પુષ્કરિણીઓના બહુમધ્ય દેશવર્તિ પ્રાસાદાવતંસકો પણ ભદ્રશાલવનવર્તી નન્દા પુષ્કરિણિગત પ્રાસાદાવતંસકો જેવો જ છે.

હે ભદંત! નન્દનવનમાં કેટલા કૂટો કહેવામાં આવેલા છે? હે ગૌતમ! ત્યાં નવ કૂટો આવેલા છે. નન્દનવન કૂટ, મંદરકૂટ, નિષધકૂટ, હિમવત્ કૂટ, રજત કૂટ, રુચક કૂટ, સાગર ચિત્રકૂટ, વનકૂટ અને બલકૂટ. હે ગૌતમ! મન્દર પર્વતની પૂર્વ દિશામાં આવેલા સિદ્ધાયતનની ઉત્તર દિશામાં તેમજ ઈશાન કોણવર્તી પ્રાસાદાવંતસની દક્ષિણ દિશામાં નન્દન વનમાં નન્દનવન નામે કૂટ આવેલ છે. અહીં પણ મેરુને પચાસ યોજન પાર કરીને જ ક્ષેત્રનો નિયમ કહેવાએલો જાણવો જોઈએ. જે પ્રમાણે વિદિગ્ હસ્તિકૂટના પ્રકરણમાં ઉચ્ચતા, વ્યાસ, વિષ્કંભ પરિધિ-પરિક્ષેપ વર્ણ, સંસ્થાન દેવ રાજધાની દિશા વિગેરેના દ્વારોથી માંડીને કૂટો વિષે વર્ણન કરવામાં આવેલું છે, તે પ્રમાણે જ અહીં પણ એ કૂટોનું વર્ણન સમજી લેવું. પૂર્વ દિગ્વર્તી ભવનની દક્ષિણ દિશામાં તેમજ આગ્નેય કોણવર્તી પ્રાસાદાવતંસકની ઉત્તર દિશામાં વર્તમાન મંદર નામક કૂટ ઉપર મેઘવતી નામક રાજધાની છે. આ રાજધાની કૂટની પૂર્વ દિશામાં આવેલી છે. દક્ષિણ દિગ્વર્તી ભવનની પૂર્વ દિશામાં તેમજ આગ્નેય કોણવર્તી પ્રાસાદાવતંસકની પશ્ચિમ દિશામાં નિષધ નામક કૂટ આવેલ છે. એની અધિષ્ઠાત્રી સુમેધા નામક દેવી છે. એની રાજધાની કૂટની દક્ષિણ દિશામાં આવેલી છે. દક્ષિણ દિગ્વર્તી ભવનની પશ્ચિમ દિશામાં તેમજ નૈઋત્ય કોણવર્તી પ્રાસાદાવતંસકની પૂર્વદિશામાં હૈમવત નામક કૂટ આવેલ છે. એ કૂટની અધિષ્ઠાત્રી હેમમાલિની નામક દેવી છે અને એની રાજધાની કૂટની દક્ષિણ દિશામાં આવેલી છે. પશ્ચિમ દિગ્વર્તી ભવનની દક્ષિણ દિશામાં તેમજ નૈઋત્યકોણવર્તી પ્રાસાદાવતંસની ઉત્તર દિશામાં રજત નામક કૂટ આવેલ છે. એ કૂટની અધિષ્ઠાત્રી દેવી સુવત્સા છે. એની રાજધાની કૂટની પશ્ચિમ દિશામાં છે.

પશ્ચિમ દિગવર્તી ભવનની ઉત્તર દિશામાં તેમજ ઉત્તર પશ્ચિમ દિગ્વર્તી વાયવ્ય કોણવર્તી પ્રાસાદાવતંસકની દક્ષિણ દિશામાં રુચક નામક કૂટ આવેલ છે. અહીંની અધિષ્ઠાત્રી દેવી વત્સમિત્રા નામે છે. એની રાજધાની એ કૂટની પશ્ચિમ દિશામાં આવેલી છે. ઉત્તર દિગ્વર્તી ભવનની પશ્ચિમ દિશામાં તેમજ વાયવ્ય કોણવર્તી પ્રાસાદાવતંસકની પૂર્વ દિશામાં સાગરચિત્ર નામક કૂટ આવેલ છે. વજ્રસેના નામે ત્યાં અધિષ્ઠાત્રી દેવી છે. એની રાજધાની એ કૂટની ઉત્તર દિશામાં આવેલી છે. ઉત્તરદિગ્વર્તી ભવનની પૂર્વ દિશામાં તેમજ ઈશાન કોણવર્તી પ્રાસાદાવતંસકની પશ્ચિમ દિશામાં વજ્ર કૂટ નામક કૂટ આવેલ છે. એ કૂટની અધિષ્ઠાત્રી દેવી બલાહિક છે. એની રાજધાની કૂટની ઉત્તર દિશામાં આવેલી છે. મન્દર પર્વતની ઈશાન વિદિશામાં નન્દનવનમાં બલ કૂટ નામક કૂટ આવેલ છે. એ કૂટ સહસાંક કૂટ નામથી પણ સુપ્રસિદ્ધ છે. તેના પણ ઈશાન કોણમાં આ બલકૂટ નામક કૂટ છે. અહીં એ કૂટની જે આધારભૂત વિદિશા છે તે


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિશાલતમ પ્રમાણવાળી છે. આ પ્રમાણે નવમ હરિસ્સહ કૂટની હરિસ્સહા નામે જે રાજધાની છે અહીં બલ નામક દેવ એનો અધિષ્ઠાતા છે. એ બલદેવની રાજધાની એ કૂટની ઈશાન વિદિશામાં આવેલી છે. આ પ્રમાણે મન્દર ગિરિવર્તી જે નન્દન વન છે

[૧૯૮] હે ભદન્ત ! મંદર પર્વત ઉપર સૌમનસ નામક વન કયા સ્થળે આવેલ છે ? હે ગૌતમ ! નંદન વનના બહુ સમરમણીય ભૂમિ ભાગથી ૬૨ાા હજાર યોજન ઉપર ગયા બાદ મંદર પર્વતની ઉપર સૌમનસવન નામે વન આવેલ છે. આ સૌમનસ વન પાંચસો યોજન જેટલા મંડળાકાર રૂપ વિસ્તારથી યુક્ત છે. એનો આકાર ગોળ વલય જેવો છે. મંદર પર્વતની ચોમેર આ સૌમનસવન વીંટળાયેલું છે. એનો બાહ્ય વિસ્તાર ૪૨૭૨ ૮/૧૧ યોજન છે. એ સૌમનસ વનમાં ઈશાનાદિ કોણક્રમથી ૧ સુમના, ૨ સૌમનસા, ૩ સૌમનાંસા તેમજ જ મનોરમા એ ઈશાન દિશામાં ૪ વાપિકાઓ છે. ઉત્તરકુરુ-૧, દેવકુરુ-૨ વારિષેણા ૩, અને સરસ્વતી ૪ અને ૪ વાપિકાઓ આગ્નેય દિશામાં આવેલી છે. વિશાલ ૧, માઘ ભદ્રા ૨, અભયસેના ૩ અને રોહિણી ૪ એ વાર વાપિકાઓ નૈૠત્ય કોણમાં આવેલી છે. તથા ભદ્રોત્તરા, ભદ્રા, સુભદ્રા, ભદ્રાવતી એ ચાર વાપિકાઓ વાયવ્ય દિશામાં આવેલી છે.

[૧૯૯-૨૦૦] હે ભદંત ! મંદર પર્વત ઉપર પણ્ડકવન નામક વન કયા સ્થળે આવેલ છે ? હે ગૌતમ ! સૌમનવનના બહુ સમરમણીય ભૂમિભાગથી ૩૬ હજાર યોજન ઉપર ગયા પછી જે સ્થાન આવે છે તે સ્થાન પર મંદર પર્વતના શિખર પ્રદેશ ઉપર આ પણ્ડકવન નામક વન આવેલું છે. આ સમચક્રવાલ વિષ્કંભની અપેક્ષાએ ૪૯૪ યોજન પ્રમાણ છે. તેનો આકાર ગોળાકાર વલય જેવો છે. જેમ વલય પોતાના મધ્યમાં ખાલી રહે છે તેમજ આ વન પણ પોતાના મધ્યભાગમાં તરુ-લતા ગુલ્મ વગેરેથી રહિત છે. આ પણ્ડક વન મંદર પર્વતની ચૂલિકાને ચોમેરથી આવૃત્ત કરીને અવસ્થિત છે. આને પરિક્ષેપ કંઈક અધિક ૧૧૬૨ યોજન જેટલો છે. આ પણ્ડક વન એક પદ્માવર વેદિકાથી અને એક વનખંડથી ચોમેરથી આવૃત્ત છે. યાવત્ વનખંડ કૃષ્ણ છે. વાનવ્યંતર દેવો અહીં આરામ-વિશ્રામ કરે છે. આ પણ્ડક વનના બહુ મધ્યભાગમાં એક મંદર ચૂલિકા નામક ચૂલિકા છે. આ ચૂલિકા ૪૦ યોજન પ્રમાણ ઊંચી છે. મૂલ દેશમાં આનો વિસ્તાર-૧૨ યોજન જેટલો છે. મધ્યભાગમાં આઠ યોજન. શિખર ભાગમાં ચાર યોજન જેટલો છે. મૂલ ભાગમાં આનો પરિક્ષેપ કંઈક અધિક ૩૭ યોજન જેટલો. તથા મધ્ય ભાગમાં આનો પરિક્ષેપ કંઈક અધિક ૨૫ યોજન જેટલો છે. ઉપરિભાગમાં આનો પરિક્ષેપ કંઈક અધિક ૧૨ યોજન જેટલો છે. આ પ્રમાણે આ મૂલમાં વિસ્તીર્ણ, મધ્યમાં સંક્ષિપ્ત અને ઉપરિ ભાગમાં પાતળી થઈ ગઈ છે. એથી આનો આકાર ગાયના ઉર્ધ્વીકૃત પૂંછ જેવો થઈ ગયો છે. આ સર્વાત્મના વજ્રમય અને આકાશ તેમજ સ્ફટિક જેવી નિર્મળ છે.

આ મંદર ચૂલિકા એક પદ્માવર વેદિકા અને એક વનખંડથી આવૃત્ત છે. તે ભૂમિ ભાગમાં એક સિદ્ધાયતન આવેલું છે. આ સિદ્ધાયતન આયામમાં એક ગાઉ જેટલું છે. તથા વિસ્તારમાં અર્ધાગાઉ જેટલું છે. તથા ઊંચાઈમાં આ કંઈક કમ એક ગાઉ જેટલું છે. આ સિદ્ધાયતન હજારો સ્તંભો ઉપર અવસ્થિત છે. આ સિદ્ધાયતનના બહુ મધ્ય દેશ ભાગમાં એક વિશાળ મણિપીઠિકા આવેલી છે. એ મણિપીઠિકાની ઉપર એક દેવચ્છંદ નામક સ્થાન આવેલું છે. અહીં જિન અર્થાત્ અરિહંતની પ્રતિમાઓ આવેલી છે. એની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આગળ ૧૦૮ ઘંટો, ૧૦૮ ચંદન કળશો, ૧૦૮ ભૃંગારકો, ૧૦૮ દર્પણો, ૧૦૮ મોટા-મોટા થાળો, ૧૦૮ પાત્રીઓ, ઈત્યાદિ રૂપમાં અહીં બધું કથન ૧૦૮ ધૂપ કટાહો મૂકેલા છે. અહીં સુધી જાણી લેવું.

આ મંદર ચૂલિકાની પૂર્વ દિશામાં પંડકવન છે. આ પણ્ડક વનમાં ૫૦ પચાસ યોજન આગળ ગયા પછી એક વિશાળ સિદ્ધાયતન આવેલું છે. આ પ્રમાણે જ પુષ્કરિણીઓ અને પ્રાસાદાવતંસકો વિષે પણ કહેવામાં આવેલું છે. આ બધાં વિષે સૌમનસ વનના વર્ણનમાં જે પ્રમાણે કહેવામાં આવેલું છે તેવું જ અત્રે પણ સમજી લેવું જોઈએ. યાવત્ તત્ તત્પુષ્કરિણી મધ્યવર્તી પ્રાસાદાવતંસકો અને ઈશાનવતંસકેન્દ્ર સંબંધી છે.

હે ભદંત ! પડંક વનમાં જિન જન્મ સમયમાં જિનેન્દ્રને સ્થાપિત કરીને અભિષેક કરવામાં આવે છે, એવી અભિષેક શિલાઓ કેટલી કહેવામાં આવેલી હે ગૌતમ ! ત્યાં ચાર અભિષેક શિલાઓ કહેવામાં આવેલી છે. પંડુશિલા, પંડુકંબલશિલા, રક્તશિલા અને રક્તકંબલ શિલા. મંદર ચૂલિકાની પૂર્વ દિશામાં તથ પંડકવનની પૂર્વ સીમાના અંતમાં પંડકવનમાં પાંડુ શિલા નામક શિલા આવેલી છે. આ શિલા ઉત્તરથી દક્ષિણ સુધી લાંબી છે અને પૂર્વથી પશ્ચિમ સુધી વિસ્તીર્ણ છે. એનો આકાર અર્ધ ચંદ્રના આકાર જેવો છે. ૫૦૦ યોજન જેટલો એનો આયામ છે તથા ૨૫૦ યોજન જેટલો આનો વિષ્કંભ છે. બાહુલ્ય ચાર યોજન જેટલું છે. આ સર્વાત્મના સુવર્ણમય છે અને આકાશ તથા સ્ફટિક જેવી નિર્મળ છે. ચોમેરથી આ પદ્મવરવેદિકા અને વનખંડથી આવૃત છે. એ પાંડુ શિલાની ચોમેર ચાર ત્રિસોપાન પ્રતિ રૂપકો છે. તે પાંડુ શિલાની ઉપરનો ભાગ બહુ સમરમણીય કહેવામાં આવેલો છે. યાવત્ અહીં આગળ વ્યંતર દેવો આવે છે અને આરામ વિશ્રામ કરે છે.

તે બહુ સમરમણીય ભૂમિ ભાગના એકદમ મધ્યમાં ઉત્તર દક્ષિણ દિશાઓ તરફ એટલે કે ઉત્તર દિશા અને દક્ષિણ દિશામાં એક-એક સિંહાસન આવેલું છે. આ સિંહાસન આયામ અને વિષ્કંભની અપેક્ષાએ ૫૦૦ ધનષ જેટલું છે. તેમજ બાહલ્ય મોટાઈ-ની અપેક્ષાએ ૨૫૦ ધનુષ જેટલું છે. તે બે સિંહાસનોના મધ્યમાં જે ઉત્તર દિગ્વર્તી સિંહાસન છે, તેની ઉપર અનેક ભવનપતિ, વાનવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવો અને દેવીઓ વડે કચ્છાદિ વિજયાષ્ટકોમાં ઉત્પન્ન થયેલા તીર્થંકરોને સ્થાપિત કરીને જન્મોત્સવના અભિષેકથી અભિષિક્ત કરવામાં આવે છે. તેમજ જે દક્ષિણ દિગ્વર્તી સિંહાસનો છે તેની ઉપર વત્સાદિ વિજયોમાં ઉત્પન્ન થયેલા તીર્થંકરોને અનેક ભવનપતિ, વાનવ્યંતર, જ્યોતિષ્ક તેમજ વૈમાનિક દેવો વડે જન્માભિષેકના અભિષેકથી અભિષિક્ત કરવામાં આવે છે. આ પાંડુશિલા પૂર્વાભિમુખવાળી છે અને તેની જ સામે પૂર્વ મહાવિદેહ નામક ક્ષેત્ર આવેલું છે. ત્યાં એકીસાથે બે તીર્થંકરો ઉત્પન્ન થાય છે. એમાં શીતા મહા નદીના ઉત્તર દિગ્વર્તી કચ્છાદિ વિજયાષ્ટકમાં ઉત્પન્ન થયેલા તીર્થંકરો છે. એમનો અભિષેક ઉત્તર દિગ્વર્તી સિંહાસન ઉપર થાય છે અને શીતા મહાનદીના દક્ષિણ દિગ્વર્તી વત્સાદિ વિજયોમાં ઉત્પન્ન થયેલા તીર્થંકરોનો અભિષેક દક્ષિણ દિગ્વર્તી સિંહાસન ઉપર થાય છે.

મન્દર ચૂલિકાની દક્ષિણ દિશામાં અને પંડકવનની દક્ષિણ સીમાના અન્ત ભાગમાં પંડકવનમાં પંડુકંબલ શિલા નામે શિલા આવેલી છે. આ શિલા પૂર્વથી પશ્ચિમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સુધી લાંબી છે. અને ઉત્તરથી દક્ષિણ સુધી વિસ્તૃત છે. એના પંચ શત યોજન પ્રમાણ આયામાદિ પ્રમાણ વિશે પૂર્વોક્ત અભિલાપ મુજબ સમજી લેવું જોઈએ. યાવત્ તેના બહુ મધ્યદેશમાં એક સિંહાસન છે, આ સિંહાસન આયામ અને વિષ્કંભની અપેક્ષાએ ૫૦૦ ધનુષ જેટલું છે, તથા ૨૫૦ ધનુષ જેટલી એની મોટાઈ છે. સિંહાસનની ઉપર ભરતક્ષેત્ર સંબંધી તીર્થંકરને સ્થાપિત કરીને અનેક ભવનપતિ, વાનવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવ અને દેવીઓ તેમનો જન્માભિષેક કરે છે. આ શિલા દક્ષિણ દિગાભિમુખ વાળી છે. આ તરફ જ ભરતક્ષેત્ર છે. ભરત ક્ષેત્રમાં એક કાળમાં એક જ તીર્થંકર ઉત્પન્ન થાય છે. તે એક તીર્થંકરના જન્માભિષેક માટે એક જ સિંહાસન પર્યાપ્ત છે.

રક્ત શિલા નામે આ તૃતીય શિલા મંદર ચૂલિકાની પશ્ચિમ દિશામાં અને પંડક-વનની પશ્ચિમ દિશાની અંતિમ સીમાના અંતમાં પંડક વનમાં આવેલી છે. આ શિલા સર્વાત્મના સુવર્ણમયી છે અને આકાશ તેમજ સ્ફટિક મણિ જેવી નિર્મળ છે. આ ઉત્તરથી દક્ષિણ સુધી લાંબી છે અને પૂર્વ-પશ્ચિમ દિશામાં વિસ્તીર્ણ છે યાવત્ એનું પ્રમાણ પણ આ પ્રમાણે છે કે ૫૦૦ યોજન જેટલી એની લંબાઈ છે અને ૨૫૦ યોજન જેટલી એની પહોળાઈ છે તેમજ અનો આકાર અર્ધ ચન્દ્રમા જેવો છે. એની મોટાઈ ચાર યોજન જેટલી છે. આ શિલા સર્વાત્મના તપનીય સુવર્ણમયી છે અને આકાશ તેમજ સ્ફટિક જેવી નિર્મળ છે. આ શિલાની ઉત્તર દક્ષિણ દિશામાં બે સિંહાસનો આવેલા છે. એમાં જે દક્ષિણ દિગ્વર્તી સિંહાસન છે તેની ઉપર દેવ-દેવીઓ પ્રભુનો જન્માભિ ષેક કરે છે. એટલે કે પશ્ચિમ મહાવિદેહ નામક જે ક્ષેત્ર છે કે જેના શિતોદા મહાનદી વડે દક્ષિણ અને ઉત્તર ભાગ રૂપ બે ભાગો થઈ ગયા છે અને જેના દરેક ભાગમાં એક-એક જિનેન્દ્રની એકી સાથે ઉત્પત્તિ થાય છે. તેના દક્ષિણ ભાગમાં આઠ પક્ષ્માદિ વિજયો આવેલ છે. ઉત્તર ભાગનાં આઠ વપ્રાદિ વિજયો આવેલા છે. એમાં દક્ષિણ ભાગ ગત આઠ પક્ષ્માદિ વિજયોમાં ઉત્પન્ન થયેલા તીર્થંકરનો જન્માભિષેક તો દક્ષિણ દિગ્ભાવર્તી સિંહાસન ઉપર હોય છે. જે ઉત્તર દિગ્વર્તી સિંહાસન છે તેની ઉપર આઠ વપ્રાદિ વિજય ગત તીર્થંકરનો જન્માભિષેક હોય છે.

મંદર ચૂલિકાની ઉત્તર દિશામાં તેમજ પંડક વનની ઉત્તર સીમાના અંતમાં પંડક વનમાં રક્ત કંબલ શિલા નામે શિલા આવેલી છે. આ શિલા પૂર્વથી પશ્ચિમ સુધી લાંબી છે અને ઉત્તર-દક્ષિણમાં વિસ્તીર્ણ છે. આ શિલા સર્વાત્મના તપ્ત સુવર્ણમયી છે. આકાશ તેમજ સ્ફટિક મણિ જેવી નિર્મળ છે. એના મધ્ય ભાગમાં એક સિંહાસન આવેલું છે. એની ઉપર ઐરાવત ક્ષેત્રની અંદર ઉત્પન્ન થયેલા તીર્થંકરનો જન્માભિષેક કરવામાં આવે છે. ઐરાવત ક્ષેત્રમાં પણ એક કાલમાં એક જ તીર્થંકરનો જન્મ થાય છે. એથી તેમના અભિષેક માટે આ શિલાનો ઉપયોગ થાય છે.

[૨૦૧-૨૦૮] હે ભદંત ! મંદર પર્વતના કેટલા કાંડો-વિભાગો આવેલા છે ? ૧ અધસ્તનકાંડ, ૨ મધ્યકાંડ ઉપરિતનકાંડ. હે ગૌતમ ! અધસ્તન કાંડ ચાર પ્રકારનો કહેવામાં આવેલ છે. જેમકે એક પૃથ્વી રૂપ, બીજો ઉપલ રૂપ. ત્રીજો વજ્ર રૂપ ને ચોથો શર્કરા એટલે કે કાંકરા રૂપ. મધ્યમ કાંડ ચાર પ્રકારના કહેવામાં આવેલ છે. અંક રત્ન રૂપ, સ્ફટિક રૂપ, જાત રૂપ અને સુવર્ણ રૂપ. એ ઉપરિતન કાંડ એક જ પ્રકારનો કહેવામાં આવેલ છે. અને આ સર્વાત્મના જંબૂનમય-રક્ત સુવર્ણમય છે. અધસ્તન કાંડની ઊંચાઈ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક હજાર યોજન છે. મધ્યમ કાંડની ઊંચાઈ ૬૩ હજાર યોજન છે. આ કથનથી ભદ્રશાલવન, નંદનવન, સૌમનસવન, અને બે અન્તર એ બધા મન્દર પર્વતના મધ્યકાંડમાં અન્તર્ભૂત થઈ જાય છે. ઉપરિતન કાંડની ઊંચાઈ ૩૬ હજાર યોજન છે. આ પ્રમાણે આ મંદર પર્વતનું કુલ પ્રમાણ એક લાખ યોજન છે.

હે ભદંત ! મંદર પર્વતના કેટલા નામો કહેવામાં આવેલા છે ? ૧૬ નામો છે. મન્દર મેરુ મતોરામ સુદર્શન સ્વયંપ્રભ ગિરિરાજ રત્નોચ્ચય શિલોચ્ચય મધ્યલોક નાભિ અચ્છ સૂર્યાવર્ત સૂર્યાવરણ ઉત્તમ 'દિગાદિ' હે ભદંત ! આ પર્વતનું મન્દર એવું નામ આપશ્રીએ શા કારણથી કહ્યું છે ? હે ગૌતમ ! મન્દર પર્વત ઉપર મન્દર નામક દેવ રહે છે. તે મહર્દ્ધિક વગેરે વિશેષણો વાળો છે. તથા એક પલ્યોપમ જેટલી એની સ્થિતિ છે. એથી આનું નામ મન્દર પર્વત એવું કહેવામાં આવેલું છે. અથવા આનું આવું નામ અનાદિ નિષ્પન્ન છે.

હે ભદંત ! આ જંબૂદ્વીપ નામક દ્વીપમાં નીલવાન્ નામે વર્ષધર પર્વત કયા સ્થળે આવેલો છે ? હે ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રની ઉત્તર દિશામાં તેમજ રમ્યક ક્ષેત્રની દક્ષિણ દિશામાં અને પૂર્વ દિગ્વર્તી લવણ સમુદ્રની પશ્ચિમ દિશામાં અને પશ્ચિમદિગ્વર્તી લવણ સમુદ્રની પૂર્વ દિશામાં જંબૂદ્વીપ નામક દ્વીપમાં નીલવાન નામે વર્ષધર પર્વત આવેલ છે. આ વર્ષધર પર્વત પૂર્વથી પશ્ચિમ સુધી લાંબો છે અને ઉત્તરથી દક્ષિણ સુધી વિસ્તીર્ણ છે. જેવી વક્તવ્યતા નિષધ વર્ષધર પર્વતના સમ્બન્ધમાં કહેવામાં આવેલી છે, તેવી જ છે. એની જીવા દક્ષિણ દિશામાં આવેલી છે અને ધનુષ્પૃષ્ઠ ઉત્તર દિશામાં આવેલું છે. આ વર્ષધર પર્વત ઉપર કેશરી દ્રહ છે. એના દક્ષિણ તોરણ દ્વારથી સીતા મહાનદી નીકળી છે. અને ઉત્તર કુરુમાં પ્રવાહિત થતી યમક પર્વતો તેમજ નીલવાન્ ઉત્તર કુરુ, ચન્દ્ર, ઐરાવત અને માલ્યવાન્ એ પાંચ દ્રહોને વિભક્ત કરતી-કરતી ૮૪ હજાર નદીઓથી સંયુક્ત થઈને આગળ પ્રવાહિત થતી તે મહાનદી મન્દર પર્વતને બે યોજન દૂર મૂકીને પૂર્વાભિમુખ થઈને પાછી ફરે છે અને નીચેની તરફ માલ્યવાન વક્ષસ્કાર પર્વતને મૂકીને તે મન્દર પર્વતની પૂર્વ દિશા તરફ થઈને, પૂર્વ વિદેહ વાસને બે ભાગોમાં વિભક્ત કરી નાખે છે. પછી ત્યાંથી એક-એક ચક્રવર્તી વિજયમાંથી ૨૮-૨૮ હજાર નદીઓ વડે સમ્પૂરિત થઈને કુલ ૫૩૨૦૦૦ નદીઓથી યુક્ત થઈને તે વિજય દ્વારની જગતીને નીચેથી વિદીર્ણ કરીને પૂર્વ દિશા તરફ વર્તમાન લવણ સમુદ્રમાં પ્રવેશ કરે છે. શેષ બધું શીતોદા નદીના પ્રકરણ મુજબ જ સમજી લેવું જોઈએ. એજ નીલવાન્ પર્વતમાંથી નારી કાન્તા નામે નદી પણ ઉત્તરાભિમુખી થઈને નીકળે છે. જે ગંધાપાતિ વૃતવૈતાઢ્ય પર્વત છે, તેને ૧ યોજન દૂર મૂકીદે છે અને પશ્ચિમ દિશા તરફ વળી જાય છે. અહીંથી આગળનું બધું કથન હરિકાન્તા નદીના પ્રકરણમાં કહ્યાં મુજબ જ છે.

હે ભદંત ! નીલવાન્ વર્ષધર પર્વત ઉપર કેટલા કૂટો આવેલા છે ? હે ગૌતમ ! નીલવાન્ ! વર્ષધર પર્વત ઉપર નવ કૂટો આવેલા છે. સિદ્ધાયતન કૂટ, નીલવત્કૂટ, પૂર્વ વિદેહ, સીતા કૂટ, કીર્તિકૂટ, નારીકૂટ, અપરવિદેહ, રમ્યકકૂટ, ઉપદર્શનકૂટ, એ બધા કૂટો હિમવત્ કૂટની જેમ ૫૦૦ યોજન જેટલા છે. એથી એમના વિશેની વક્તવ્યતા પણ હિમવત્કૂટ જેવી જ સમજવી જોઈએ. નીલવાન્ નામક દેવીની અને કૂટોના અધિપતિ ઓની રાજધાનીઓ મેરુની ઉત્તર દિશામાં આવેલી છે. એ નીલવાન્ પર્વત નીલવર્ણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાળો છે. અને એથી જ એનો પ્રકાશ નીલવર્ણનો હોય છે. નીલવર્ણના યોગથી આને 'નીલવાન્' નામથી સંબોધવામાં આવેલો છે. પર્વતનો અધિપતિ નીલવાન્ દેવ છે. તે અહીં રહે છે. આ મહર્દ્ધિક દેવ છે. યાવત્ એક પલ્યોપમ જેટલું એનું આયુષ્ય છે. એથી હે ગૌતમ ! મેં આ વર્ષધરનું નામ 'નીલવાન્' એવું કહ્યું છે. અથવા આ પર્વત સર્વાત્મના વૈડૂર્ય રત્નમય છે એથી વૈડૂર્ય રત્ન સમાનાર્થક નીલ મણિના યોગથી આને નીલવાન્ કહેવામાં આવેલો છે. આ નીલવાન્ પર્વત યાવત્ નિત્ય છે.

[૨૦૯-૨૧૧] હે ભદંત ! આ જંબૂદ્વીપ નામક દ્વીપમાં રમ્યક નામે ક્ષેત્ર કયા સ્થળે આવેલું છે. હે ગૌતમ ! નીલવન્ત પર્વતની ઉત્તર દિશામાં તેમજ રુકિમ પર્વતની દક્ષિણ દિશામાં, પૂર્વ દિગ્વર્તી લવણ સમુદ્રની પશ્ચિમ દિશામાં તથા પશ્ચિમ દિગ્વર્તી લવણ સમુદ્રની પૂર્વ દિશામાં હરિવર્ષ ક્ષેત્ર જેવું રમ્યક્ ક્ષેત્ર આવેલું છે. પરંતુ હરિવર્ષ ક્ષેત્રની અપેક્ષાએ આ ક્ષેત્રમાં જે વિશેષતા છે તે આ છે કે એની જીવા દક્ષિણ દિશામાં છે અને ધનુષ્પૃષ્ઠ ઉત્તર દિશામાં છે નરકાન્તા નદીની પશ્ચિમ દિશામાં તેમજ નારી કાન્તા નદીની પૂર્વ દિશામાં રમ્યક ક્ષેત્રમાં તને બહુમધ્ય ભાગમાં આ ગન્ધાપાતી નામે વૃત્ત વૈતાઢ્ય પર્વત આવેલો છે. આનું વર્ણન વિકટાપાતિ વૃત્તવૈતાઢય પર્વત જેવું જ જાણવું ગન્ધાપાતી વૃત્ત વૈતાઢયની અપેક્ષાએ જે વિશેષતા છે, તેને સૂત્રકારે પ્રકટ કરી છે. અહીં જે ઉત્પલ વગેરેથી શત સહસ્ત્ર પત્ર સુધીના કમળો છે તે બધાં ગન્ધાપાતિ નામે જે તૃતીય વૈતાઢય પર્વત છે, તેના જેવા વર્ણવાળા છે. અને તેના જેવી પ્રભાવાળા છે તથા તેના જેવા આકારવાળા છે.એથી આનું નામ ગન્ધાપાતિ વૃત વૈતાઢય પર્વત એવું કહેવામાં આવેલું છે. બીજી વાત આમ છે કે અહીં પદ્મનામે એક મહર્દ્ધિક દેવ રહે છે. એની સ્થિતિ એક પલ્યોપમ જેટલી છે. આ પદ્મદેવની રાજધાની ઉત્તર દિશામાં આવેલી છે. અહીં અનેક પ્રકારના કલ્પવૃક્ષો છે અને સ્વર્ણમણિ ખચિત અનેક પ્રકારના પ્રદેશો છે. આથી આ ક્ષેત્ર રમણીય થઈ ગયું છે. એટલા માટે જ આ ક્ષેત્રનું નામ રમ્યક્ એવું પ્રસિદ્ધ થઈ ગયું છે. આ રમ્યક ક્ષેત્રમાં રમ્યક નામે દેવ રહે છે. એથી આ મહર્દ્ધિક દેવ વગેરેના સંબંધથી પણ આ ક્ષેત્રનું નામ રમ્યક એવું કહેવામાં આવ્યું છે.

હે ભદંત ! આ જમ્બૂદ્વીપ નામક દ્વીપમાં રુક્મિ નામે વર્ષધર પર્વત ક્યા સ્થળે આવેલો છે ? હે ગૌતમ ! રમ્યક ક્ષેત્રની દક્ષિણ ઉત્તર દિશામાં તેમજ હૈરણ્યવત ક્ષેત્રની દિશામાં પૂર્વ દિગ્વર્તી લવણ સમુદ્રની પશ્ચિમ દિશામાં તથા પશ્ચિમ દિગવર્તી લવણ સમુદ્રની પૂર્વ દિશામાં જંબૂદ્વીપ નામક દ્વીપમાં રુક્મિ નામે વર્ષધર પર્વત આવેલો છે. આ પર્વત પૂર્વથી પશ્ચિમ સુધી લાંબો છે અને ઉત્તરથી દક્ષિણ સુધી પહોળો છે. મહા હિમ વાન્ પર્વતની જેમ બધું જાણવું. એની જીવા-પ્રત્યંચાકાર પ્રદેશ દક્ષિણ દિશામાં છે અને ધનુષ્પૃષ્ઠ ઉત્તર દિશામાં છે. આ પર્વત ઉપર મહા પુંડરીક નામે દ્રહ છે. એમાંથી નરકાન્તા નામે મહાનદી દક્ષિણ તોરણ દ્વારથી નીકળી છે. અને આ પૂર્વદિગ્વર્તી લવણ સમુદ્રમાં જઈને મળે છે. આ નરકાન્તા નદીની વક્તવ્યતા રોહિતા નદીની જેમ છે. આ રુક્મીવર્તી મહા પુંડરીક દ્રહથી ઉત્તર તોરણ દ્વારથી-રુપ્યકૂલા નામે મહા નદી પણ નીકળી છે. અને આ હરિકાન્તા નદીની જેમ પશ્ચિમ દિગ્વર્તી લવણ સમુદ્રમાં જઈને મળે છે હરિકાન્તા નામે મહાનદી હરિવર્ષ ક્ષેત્રમાં વહે છે. શેષ કથન પોત-પોતાના ક્ષેત્રવર્તી નદીના પ્રકરણમાં જે પ્રમાણે કહેવામાં આવ્યું છે તે પ્રમાણે જ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હે ભદંત ! રુક્મી નામના આ વર્ષધર પર્વત ઉપર કેટલા કૂટો આવેલા છે ? હે ગૌતમ ! આઠ કૂટો આવેલા છે. સિદ્ધાયતન કૂટ, રુક્મીકૂટ. રમ્યકકૂટ નરકાન્તાકૂટ બુદ્ધિ-કૂટ રુપ્યકૂલાકૂટ હૈરણ્યવતકૂટ મણિકંચનકૂટ આ પ્રમાણે એ આઠ કૂટો છે. એ બધા કૂટો ૫૦૦, ૫૦૦ યોજન જેટલા વિસ્તારવાળા છે. તથા એ કૂટોના જે અધિપતિ દેવો છે તે બધાની રાજધાનીઓ પોતપોતાના કૂટોની ઉત્તર દિશામાં આવેલી છે. આ પર્વત રજત મય-છે તેમજ રજતમય આનો પ્રકાશ હોય છે, તેમજ આ સર્વાત્મના રજતમય છે. આથી આ વર્ષધર પર્વતનું નામ રુક્મી એવું છે. તેમજ અહીં રુક્મી નામે દેવ રહે છે. આ દેવ મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ જેટલી સ્થિતિવાળો છે.

હે ભદંત ! હૈરણ્યવત નામક ક્ષેત્ર આ જંબૂદ્વીપ નામક દ્વીપમાં કયા સ્થળે આવેલું છે ? હે ગૌતમ ! રુક્મી નામક વર્ષધર પર્વતની ઉત્તર દિશામાં તેમજ શિખરી નામક વર્ષધર પર્વતની દક્ષિણ દિશામાં, પૂર્વ દિગ્વર્તી લવણ સમુદ્રની પશ્ચિમ દિશામાં તેમજ પશ્ચિમ દિગ્વર્તી લવણ સમુદ્રની પૂર્વ દિશામાં આ જંબૂદ્વીપ નામક દ્વીપમાં હૈરણ્યવત નામક ક્ષેત્ર આવેલું છે. આ પ્રમાણે દક્ષિણ દિગ્વર્તી હૈમવત ક્ષેત્રની જેમજ આ ઉત્તર દિગ્વર્તી હૈરણ્યવત ક્ષેત્રની જાણવું. પરંતુ વિશેષતા આટલી જ છે કે એની જીવા-ધનુઃ પ્રત્યંચાકાર પ્રદેશ-દક્ષિણ દિશામાં છે અને ધનુપૃષ્ઠ એનું ઉત્તર દિશામાં છે. હે ભદન્ત ! હૈરણ્ય ક્ષેત્રમાં માલ્યવત્ પર્યાય નામે વૃત્તવૈતાઢ્ય પર્વત કયા સ્થળે આવેલો છે ? હે ગૌતમ ! સુવર્ણ કૂલા મહાનદીની પશ્ચિમ દિશામાં તથા રુપ્ય કૂલા મહાનદીની પૂર્વ દિશા-માં, હૈરણ્યવત ક્ષેત્રના બહુ મધ્ય દેશમાં માલ્યવન્ત પર્યાય નામક વૃત્તવૈતાઢ્ય પર્વત આવેલો છે. આનું વર્ણન શબ્દાપાતી નામક વૃત્ત વૈતાઢ્ય પર્વત જેવું જ છે. એનું જે માલ્ય-વન્ત પર્યાય એવું જે નામ કહેવામાં આવેલું છે, તેનું કારણ એ છે કે અહીંના ઉત્પલો અને કમળોની પ્રભા માલ્યવંત જેવી વર્ણવાળી પણ છે. તેમજ અહીં પ્રભાસ નામક દેવ રહે છે. તે દેવ મહર્દ્ધિક યાવત્ એક પલ્યોપમ જેટલી સ્થિતિવાળો છે. એથી હે ગૌતમ ! એનું નામ માલ્યવંત પર્યાય એવું રાખવામાં આવ્યું છે. આ દેવની રાજધાની આ પર્વતની ઉત્તર દિશામાં આવેલી છે.

હે ભદંત ! આપશ્રીએ શા કારણથી હૈરણ્ય વંત ક્ષેત્ર એવું નામ કહ્યું છે ? હૈરણ્યવત ક્ષેત્ર દક્ષિણ અને ઉત્તર પાર્શ્વભાગોમાં રુક્મી અને શિખરી એ બે વર્ષધર પર્વતોથી આવૃત છે. એ કારણથી જ એનું નામ હૈરણ્યવત ક્ષેત્ર એવું પ્રસિદ્ધ થયું છે. તેમજ અહીં હૈરણ્યવત નામક દેવ રહે છે. આ દેવ મહર્દ્ધિક યાવત્ એક પલ્યોપમ જેટલી સ્થિતિવાળો છે. એથી પણ આનું નામ હૈરણ્યવત ક્ષેત્ર એવું કહેવામાં આવેલું છે.

હે ભદંત ! આ જંબૂદ્વીપ નામક દ્વીપમાં શિખરી નામક વર્ષધર પર્વત કયા સ્થળે આવેલો છે ? હે ગૌતમ ! હૈરણ્યવત ક્ષેત્રની ઉત્તર દિશામાં તથા ઐરવત ક્ષેત્રની દક્ષિણ દિશામાં પૂર્વદિગ્વર્તી લવણસમુદ્રની પશ્ચિમ દિશામાં અને પશ્ચિમ દિગ્વર્તી લવણ સમુદ્ર ની પૂર્વ દિશામાં ક્ષુદ્રહિમવાન્ પર્વત જેવો આ છઠો શિખરી વર્ષધર પર્વત કહેવામાં આવેલો છે. જે પ્રમાણે ક્ષુદ્ર હિમવાન્ પર્વતનું વર્ણન પહેલાં કરવામાં આવેલું છે, તેવું જ વર્ણન શિખરી પર્વતનું પણ સમજવું. પરંતુ આ કથન મુજબ એની જીવા દક્ષિણ દિશામાં છે અને ધનુષ્પૃષ્ઠ ઉત્તર દિશામાં છે. શેષ બધું કથન પ્રથમ વર્ષધર પર્વત જેવું જ છે. એની ઉપર પુંડરીક નામે દ્રહ છે. એના દક્ષિણ તોરણ દ્વારથી સુવર્ણ કૂલા નામે મહાનદી નીકળી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. આ નદી પૂર્વ દિશા તરફ પ્રવાહિત થઈને પૂર્વ લવણ સમુદ્રમાં પ્રવેશે છે. જે પ્રમાણે ગંગા અને સિંધુ એ બે મહાનદીઓનું વર્ણન કરવામાં આવેલું છે. તે પ્રમાણે રક્તા અને રક્તાવતી નદીઓનું વર્ણન પણ સમજી લેવું. એમાં પૂર્વ દિશા તરફ રક્તા નામક મહા નદી વહે છે અને પશ્ચિમ દિશા તરફ રક્તવતી નામની મહાનદી વહે છે, રક્તા નદી પૂર્વ લવણસમુદ્રમાં અનેરક્તાવતી પશ્ચિમલવણસુમદ્રમાં પ્રવેશે છે. એમ જાણી લેવું જોઇએ.

હે ભદન્ત!આ શિખરી નામક વર્ષધર પર્વત ઉપર કેટલા કૂટો કહેવામાંઆવ્યાછે ? ૧૧ કૂટો આવેલા છે. સિદ્ધાયતન કૂટ, શિખરી કૂટ, હૈરણ્યવત કૂટ, સુવર્ણકૂલા કૂટ, સુરાદેવી કૂટ, રક્તાદેવી કૂટ, લક્ષ્મી કૂટ, રક્તાવતી કૂટ, ઈલાદેવી કૂટ, ઐરવત કૂટ, અને તિગિચ્છ કૂટ એ બધા કૂટો કૂટો ૫૦૦, ૫૦૦ યોજન પ્રમાણવાળા છે. એમના દેવોની રાજધાનીઓ પોત-પોતાના કૂટોની ઉત્તર દિશામાં આવેલી છે. આ શિખરી નામક વર્ષધર પર્વત ઉપર સિદ્ધાયતન વગેરે સિવાય અન્ય કેટલાક વૃક્ષોના આકાર જેવા કૂટો છે. સર્વાત્મના રત્નમય છે. એથી એનું નામ 'શિખરી' એવું પડ્યું છે. અથવા શિખરી નામક દેવ અહીં રહે છે. આ દેવ મહર્દ્ધિક વગેરે વિશેષણો વાળો છે તથા એનું આયુષ્ય એક પલ્યોપમ જેટલું છે. એ બધાં કારણોને લીધે એનું નામ 'શિખરી' એવું કહેવામાં આવેલું છે.

હે ભદંત !આ જંબૂદ્વીપ નામક દ્વીપમાં ઐરાવત નામક ક્ષેત્ર કયા સ્થળે આવેલુંછે ? હે ગૌતમ ! શિખરી વર્ષધર પર્વતની ઉત્તર દિશામાં તથા ઉત્તર દિગ્વર્તી લવણ સમુદ્રની દક્ષિણ દિશામાં, પૂર્વ દિગ્વર્તી લવણ સમુદ્રની પશ્ચિમ દિશામાં તેમજ પશ્ચિમ દિગ્વર્તી લવણ સમુદ્રની પૂર્વ દિશામાં આ જંબૂદ્વીપ નામક દ્વીપમાં ઐરવત નામક ક્ષેત્ર આવેલું છે. આ ક્ષેત્ર સ્થાણુ બહુલ છે. કંટક બહુલ છે. ઈત્યાદિ ભરતક્ષેત્ર ગુજબ જાણવું ઐરવત ક્ષેત્ર પણ ૬ ખંડોથી મંડિત છે.અહીં પણ ઐરવત નામક ચક્રવર્તી અહીંના ૬ ખંડો ઉપર શાસન કરે છે. ઐરવત ચક્રવર્તી પણ સકલ સંયમ ધારણ કરીને મુક્તિ રમાનું વરણ કરે છે. આ ઐરવત ચક્રવર્તી તેનો સ્વામી હોવાથી તથા ઐરવત નામક મહર્દ્ધિક દેવ આ ક્ષેત્રમાં નિવાસ કરે છે, એથી આ ક્ષેત્રનું નામ ઐરવત એવું કહેવામાં આવેલું છે.

**વક્ખારો-૪ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## વક્ષસ્કાર-૫

[૨૧૨-૨૧૪] જ્યારે એક-એક ચક્રવર્તી દ્વારા વિજેતવ્ય ક્ષેત્ર ખંડ રૂપ ભગવંત તીર્થંકર ઉત્પન્ન થાય તે કાળે. તે સમયે અધોલોકમાં વસનારી આઠ મહત્તરિકા દિક્કુમારિકાઓમાંથી દરેકે-દરેકના આસનો ચલાયમાન થવા લાગ્યા. ત્યારે તેમણે પોતાના અવધિજ્ઞાનનો વ્યાવૃત કર્યું. તેનાથી ભગવાન તીર્થંકરને જોયા. જોઇને પછી તેમણે એક બીજાને બોલાવ્યા આ પ્રમાણે વાતચીત કરી. જંબૂદ્વીપ નામક દ્વીપમાં ભગવાન્ તીર્થંકર ઉત્પન્ન થયા છે. તો અતીત, વર્તમાન તેમજ અનાગત મહત્તરિકા આઠ દિક્કુમારિકાઓનો એ આચાર છે કે તેઓ ભગવાન્ તીર્થંકરનો જન્મ મહોત્સવ કરે. એવો નિર્ણય કરીને પછી તેઓમાંથી દરેકે પોત-પોતાના આભિયોગિક દેવોને બોલાવ્યા. આ પ્રમાણે કહ્યું હે દેવાનુપ્રિયો ! તમે લોકો શીઘ્ર હજારો સ્તંભોવાળા તેમજ જેમનામાં લીલા કરતી સ્થિતિમાં અને પુત્તલિકાઓ શોભા માટે બનાવવામાં આવી છે એવા પૂર્વ વિમાન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વર્ણકમાં વર્ણવ્યા મુજબ' વર્ણનવાળા યાવત્ એક યોજન જેટલા વિસ્તારવાળા દિવ્ય યાન વિમાનની વિકુર્વણા કરીને પછી અમારી આ આજ્ઞાનું પાલન કરવામાં આવેલ છે. એવી અમને સૂચના આપો. ખબર મળતાં જ તે અધોલોક વાસ્તવ્ય આઠ દિક્કુમારીકાઓ હર્ષિત તેમજ તુષ્ટ આદિ વિશેષણોવાળી થઈને ચાર હજાર સામાનિક દેવો, ચાર મહત્તરિકાઓ યાવત્ અન્ય ઘણાં દેવ-દેવીઓની સાથે વિકુર્વિત તે એક-એક યોજન જેટલા વિસ્તારવાળા યાન-વિમાનો ઉપર આરૂઢ થઈ ગયા. તે વિમાનો ઉપર આરૂઢ થઈને તે સર્વે આઠ મહત્તરિક દિક્કુમારીઓ પોતાની પૂર્ણ સંપત્તિ, પૂર્ણદ્યુતિ, પૂર્ણકાંતિથી યુક્ત થતી, મેઘના આકાર જેવા મૃદંગ અને પટહ વગેરે વાદ્યોના ગડગડાહટ સાથે પોતાની ઉત્કૃષ્ટ વગેરે વિશેષણોવાળી દેવગતિથી ચાલતી ચાલતી જ્યાં ભગવાન્ તીર્થંકરની જન્મ નગરી હતી અને તેમાં પણ જ્યાં તે તીર્થંકર પ્રભુનું જન્મ ભવન હતું ત્યાં ગઈ.

ત્યાં જઈને તેમણે તે વિમાનો વડે ભગવાન તીર્થંકરના જન્મભવનની ત્રણ પ્રદક્ષિણાઓ કરી. પોત-પોતાના યાન વિમાનોને ઈશાન દિશામાં જ અવસ્થિત કર્યા દરેકે દરેક પોત-પોતાના ચાર હજાર સામાનિક દેવ વગેરેની સાથે-સાથે તે દિવ્ય યાન-વિમાનોમાંથી નીચે ઉતરી, પોતાની સમસ્ત ઋદ્ધિ વગેરે સહિત જ્યાં ભગવાન્ તીર્થંકર અને તીર્થંકરના માતા હતા ત્યાં ગઈ. ત્યાં જઈને તેમણે તીર્થંકર અને તીર્થંકરના માતાશ્રીની ત્રણ પ્રદક્ષિણાઓ કરી. ત્રણ પ્રદક્ષિણાઓ કરીને પછી તેઓમાંથી દરેક દિશાકુમારીકાઓએ પોતાના હાથોની અંજલિ કરી હે રત્નકુક્ષિધારિકે ! તીર્થંકર માતા ! આપશ્રીને અમારા નસ્કાર હો. હે જગત્ પ્રદીપદીપિકે, જગવર્તી સમસ્તજન તેમજ સમસ્ત પદાર્થોના પ્રકાશક હોવા બદલ દીપક જેવા પ્રભુને પ્રકાશિત કરનારી હે માતા ! આપશ્રીને અમારા નમસ્કાર હો. તે તીર્થંકર મંગલભૂત ચક્ષુ જેવા છે. તેઓશ્રી મૂર્ત છે. ચક્ષુ ગ્રાહ્ય છે. તે પ્રભુ મુક્તિ કાન્તાના પતિ ભવિષ્યત્કાલમાં થવાના છે. સમસ્ત કર્મોનો સમૂલ વિનાશ કરીને તેઓશ્રી નિર્વાણ પ્રાપ્ત કરશે, નિરાકુલ પરિણતકારી મુક્તિનો જ માર્ગ છે. મુક્તિના માર્ગની દેશના પ્રભુએ પોતાની વાણી દ્વારા આપી છે. પ્રભૂની વાણી એવી થાય છે કે જે કોઈ જીવ તેને સાંભળે છે. તે તેની ભાષામાં પરિણત થઈ જાય છે. તેમણે રાગ-દ્વેષ રૂપી અન્તરંગ શત્રુઓ ઉપર વિજય મેળવ્યો છે. એથી જ તેઓશ્રીને જિન કહેવામાં આવે છે. તેઓ ધર્મના નાયક છે મોક્ષ માર્ગના નેતા છે. બુદ્ધ, બોધ, નાથ નિર્મ-મત્વ, પ્રવર કુલ સમુદ્ભૂત જાત્યા ક્ષત્રિય આ પ્રકારના વિખ્યાત ગુણ સંપન્ન લોકોત્તમ તીર્થંકરની આપશ્રી જન્મદાત્રી જનની છો એથી તમે ધન્ય છો. પુણ્યવતી છો, અને કૃતાર્થા છો.

હે દેવાનુપ્રિયો ! અમે અધોલોક નિવાસની આઠ મહત્તરિકા દિક્કુમારીકાઓ છીએ. ભગવાન્ તીર્થ કરના જન્મ મહોત્સવને ઉજવવા માટે અમે અત્રે આવેલી છીએ, એથી તમે ભયભીત થાઓ નહિ. આમ કહીને તેઓ ઈશાન કોણ તરફ જતી રહી. ત્યાં જઈને તેમણે વૈક્રિય સમુદ્ઘાત વડે પોતાના આત્મ પ્રદેશોને શરીરમાંથી બહાર કાઢ્યા. તે આત્મ પ્રદેશોને તેમણે સંખ્યાત યોજનો સુધી દંડાકારમાં પરિણત કર્યા. યાવત્ બીજીવાર પણ વૈક્રિય સમુદ્ઘાત કર્યો અને તેથી સંવર્તક વાયુકાયની વિકુર્વણા કરી. તે વાયુકાય શિવ કલ્યાણ રૂપ હતું. મૃદુક હતું, ભૂમિ ઉપર જ પ્રવાહિત થતું હતું તેથી અનુદ્ધત હતું. અનૂર્ધ્વગામી હતું, એ ભૂમિતલ સાફ કરનાર હતું તેથી મનોરંજક હતું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સર્વ ઋતુઓના પુષ્પોની ગંધથી તે આવાસિત હતું. તેની ગંધ પિંડરૂપ થઈને દૂરદૂર સુધી જતો હતો, એથી તે બલશાલી હતું અને વક્રગતિથી ચાલતું હતું એવા વાયુકાય વડે હે ભગવાન્ તીર્થંકરના જન્મ ભવનના ચોમેરથી સારી રીતે તે આઠ મહત્તરિકા દિક્કુમારિકાઓએ કર્મદારકની જેમ સમાર્જના કરી સફાઈ કરી. ત્યાં તૃણ, પાંદડા લાકડા, કચરો, અશુચિ પદાર્થ, મલિન પદાર્થ, દુરભિ ગન્ધવાળો પદાર્થ જે કંઈ હતું તેને ઉઠાવી-ઉઠાવીને, તે એક યોજન પરિમિત વૃત્ત સ્થાનથી બીજા સ્થળે નાખી દીધું. સંતર્વક વાયુને શાંત કરી પછી તે બધી દિક્કુમારિકાઓ જ્યાં તીર્થંકર અને તીર્થંકરના માતુશ્રી હતાં ત્યાં આવી. ત્યાં જઈને તેઓ પોત-પોતાના ઉચિત સ્થાન ઉપર બેસી ગઈ અને પહેલાં ધીમા-ધીમા સ્વરે અને ત્યાર પછી જોર-જોરથી ગાવા લાગી.

[૨૧૫-૨૨૬] તે કાળ અને તે સમયમાં ઉર્ધ્વલોક વાસિની આઠ મહત્તરિકા દરેક દિક્કુમારિકાઓ પોત-પોતાના કૂટોમાં, પોત-પોતાના ભવનોમાં, પોત-પોતાના પ્રાસાદાવતંસકોમાં જે પ્રમાણે પ્રથમ સૂત્રમાં કહેવામાં આવ્યું છે તે પ્રમાણે પોત-પોતાના ચાર હજાર સામાનિક દેવો વગેરેની સાથે પરિવૃત થઈ ને ભોગો ભોગવી રહી હતી, તેમના નામો આ પ્રમાણે છે. મેઘંકરા, મેઘવતી, સમેઘા, મેઘમાલિની, સુવત્સા, વત્સ મિત્રા, વારિસેણા અને બલાહકા. આ આઠ મહત્તરિક દિક્કુમારિકાઓમાં જે ઉર્ધ્વ લોકવાસિતા છે તે આ સમતલ ભૂતલથી ૫૦૦ યોજન ઊંચાઈ વાળા નન્દનવનમાં આવેલા પંચશતિક આઠ કૂટોમાં રહેવાસી છે. જ્યારે તીર્થંકર પ્રભુને જન્મ થઈ ગયો, ત્યારે એ ઉર્ધ્વલોકવાસિની આઠ દિક્કુમારિકાઓએ પોતપોતાના આસનો કંપિત થતાં જોયાં યાવત્ હે દેવાનુપ્રિયે અમે સૌકો ઉર્ધ્વલોકવાસિની આઠ દિક્કુમારિકા મહત્તરિકાઓ છીએ. અમે ભગવાન્ તીર્થંકરનો જન્મ મહોત્સવ ઉજવીશું. આ પ્રમાણે કહીને તેઓ ઈશાન કોણ તરફ જતી રહી. ત્યાં જઈને તેમણે યાવત્ આકાશમાં પોતાની વિક્રિયા શક્તિ વડે મેઘોની વિકુર્વણા કરી. તેમણે વૈક્રિયશક્તિથી મેઘો ઉત્પન્ન કર્યા અને તે મેઘોએ તે ભગવાન્ તીર્થંકરના જન્મ ભવનની ચોમેરની એક યોજન જેટલી ભૂમિને નિહત રજ વાળી, નષ્ટ રજવાળી ભ્રષ્ટ રજવાળી, પ્રશાંત રજવાળી અને ઉપશાંત રજવાળી બનાવી દીધી. પૂર્વોક્ત વિશેષણો વાળો તે કર્મારદારક એક બહુ મોટા પાણીથી ભરેલા માટીના કલશને અથવા પાણીના કુંભને અથવા પાણીથી પાણીથી ભરેલા થાળને અથવા પાણી-થી ભરેલા ઘટને અથવા પાણીથી ભરેલા ભૃંગારને લઈને રાજાંગણને યાવત્ ઉદ્યાનને ચોમેરથી સારી રીતે અભિસિંચિત કરે છે,

આ પ્રમાણે જ તેમણે પુષ્પ વરસાવનારા મેઘોના રૂપમાં પોતાની વિકુર્વણા કરી. અને એક યોજન પરિમિત ભૂમિ ઉપર પુષ્પોની વર્ષા કરી. પુષ્પોની વર્ષા કરીને તેમણે તે એક યોજન પરિમિત ક્ષેત્રને યાવત્ કાલા ગુરૂની, પ્રવર કુંદરકની તેમજ તુરુષ્ક લોબાનનો ધૂપ સળગાવીને સુગંધિત કરી દીધું તે સમસ્ત એક યોજન પરિમિત ભૂભાગને તેમણે સુરવર ઈન્દ્રનાં માટે અવ તરણ યોગ્ય બનાવી દીધો. બનાવીને પછી તેઓ સર્વે જ્યાં ભગવાન્ તીર્થંકર અને તીર્થંકર જનની હતાં ત્યાં ગઈ. ત્યાં જઈને તેઓ પોતાના ઉચિત સ્થાને બેસી ગઈ અને પહેલા ધીમે-ધીમે અને ત્યાર બાદ જોરજોરથી માંગલિક જન્મો-ત્સવ ગીતો-ગાવા લાગી.

તે કાળે અને તે સમયે પૂર્વ દિગ્ભાગવર્તિ રુચક કૂટ વાસિની આઠ દિક્કુમારી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહત્તરિકાઓ પોતપોતાના કૂટોમાં તે પ્રમાણે જ યાવત્ ભોગોભોગવી રહી હતી, તે દિક્કુમારિકાઓના નામો પ્રમાણે છે નન્દોત્તરા, નન્દા, આનન્દા, નન્દિવર્ધના, વિજ્યા, વૈજયન્તી, જયન્તી અને અપરાજિતા. અહીં શેષ કથન પૂર્વવત્ સમજી લેવું તેઓ સર્વે પૂર્વદિગ્ભાવર્તી રુચક કૂટ વાસિની આઠ દિક્કુમારિકાઓ ભગવાન્ તીર્થંકર અને તીર્થ કરના માતુશ્રી પાસે જઈને સમુચિત સ્થાન ઉપર હાથમાં દર્પણ લઈને ઊભી રહી. અને પહેલાં ધીમા સ્વરમાં અને ત્યાર બાદ જોર-જોરથી જન્મોત્સવના માંગલિક ગીતો ગાવા લાગી. તેમના હાથમાં દર્પણ એટલા માટે હતું કે જિન અને તેમનાં માતુશ્રી શૃંગારાદિ જોવા માટે એને પોતાના કામમાં લાવે.

તે કાળમાં અને તે સમયમાં દક્ષિણ દિગ્ભાગવર્તી રુચક કૂટ વાસિની આઠ દિક્કુ-મારિ મહત્તરિકાઓ પોતપોતાનાકૂટોમાં-યાવત્ ભોગોનો ઉપભોગ કરતી હતી. અહીં તે પછીનું બધું કથન જે પ્રમાણે પહેલાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે, તેવું જ છે. તે આઠ દક્ષિણ રુચકસ્થ દિક્કુમારિકાઓના નામો આ પ્રમાણે છે સમાહારા-૧, સુપ્રદત્તા ૨, સુપ્રબુદ્ધા ૩, યશોધરા ૪, લક્ષ્મીવતી ૫, શેષવતી ૬, ચિત્રગુપ્તા ૭ અને વસુંધરા-૮ અહીં શેષ બધું કથન-પ્રથમ સૂત્રમાં પ્રકટ કરવામાં આવ્યું છે, તે પ્રમાણે જ છે જ્યાં તીર્થંકર અને તીર્થ કરના માતુશ્રી હતાં ત્યાં આવીને તેમની દક્ષિણ દિશા તરફ સમુચિત સ્થાન ઉપર ઊભી રહી તેમના હાથોમાં ઝારીયો હતી ઊભી-ઊભી ત્યાં તેઓ પહેલાં તો ધીમા સ્વરથી અને પછી જોર-જોરથી જન્મોત્સવના માંગલિક ગીતો ગાવા લાગી.

તે કાળમાં અને તે સમયમાં પશ્ચિમ દિગ્ભાવર્તી રુચક કૂટ વાસિની આઠ દિક્કુ-મારી મહત્તરિકાઓ પોત-પોતાના કૂટ આદિકોમાં યાવત્ ભોગોનો ઉપભોગ કરી રહી હતી, એમના નામો આ પ્રમાણે છે- ઈલાદેવી ૧, સુરાદેવી, પૃથિવી, પદ્માવતી, એકનાસા, નવમિકા, ભદ્રા અને સીતા. જ્યાં તીર્થંકર અને તીર્થંકરના માતા હતાં ત્યાં ગઈ. ત્યાં જઈને તેમણે પશ્ચિમ દિગ્ભાગથી આવવાના કારણે પશ્ચિમ દિગ્ભાગ તરફ ઊભી થઈ ગઈ. તેમનામાંથી દરેકે દરેકના હાથમાં પંખાઓ હતા. ત્યાં સમુચિત સ્થાન ઉપર ઊભી થયેલી તેઓ પ્રથમ ધીમા સ્વરે અને ત્યાર બાદ જોરજોરથી જન્મોત્સવના માંગલિક ગીતો ગાવા લાગી.

તે કાળે અને તે સમયે ઉત્તર દિગ્વર્તી રુચક કૂટ નિવાસિની યાવત્ આઠ દિક્કુમા-રિકાઓ પોત-પોતાના કૂટાદિકોમાં ભોગો ભોગવવામાં તલ્લીન હતી. અહીં શેષ બધું પૂર્વવત્ સમજી લેવું રુચક કૂટવાસિની દિક્કુમારિકાઓના નામો આ પ્રમાણે છે અલં-બુસા, મિશ્રકેશી, પુંડરીકા, વારુણી, હાસા સર્વપ્રભા, શ્રી અને હ્રીં કૂટ. યાવત્ તેઓ વંદન કરીને ભગવાન્ તીર્થંકર અને તીર્થંકરના માતા પાસે ઉચિત સ્થાનમાં ઉત્તર દિશા તરફ ઊભી થઈ ગઈ. તેમાંની દરેકે દરેકના હાથમાં તે સમયે ચામરો હતા. ત્યાં ઊભી થઈ ને પ્રથમ તો તેમણે ધીમા સ્વરે અને ત્યાર બાદ જોર-જોરથી જન્મોત્સવના માંગલિક ગીતો ગાવા લાગી.

તે કાળે અને તે સમયે રુચક કૂટની ચાર વિદિશાઓમાં રહેનારી ચાર દિશાકુમારી મહત્તરિકાઓ યાવત્ ભોગોભોગવવામાં તલ્લીન હતી, તે રુચક પર્વતની ઉપર ચાર હજાર યોજન ઉપર ચાર વિદિશાઓમાં એક-એક કૂટ આવેલો છે. એ ચાર દિશાકુમારી મહત્તરિકાઓ ત્યાં જ એક કૂટમાં રહે છે. એમના નામો આ પ્રમાણે છે-ચિત્રા, ચિત્રનાકા,

શતેરા અને સૌદા મિની. યાવત્ ભગવન્ તીર્થંકર માતાની ચારે વિદિશાઓમાં ઊભી થઈ ગઈ. તે સર્વના હાથોમાં દીપક હતા. ત્યાં ઊભી થઈને તેઓ પહેલાં ધીમા સ્વરે અને ત્યાર બાદ જોર-જોરથી જન્મોત્સવના માંગલિક ગીતો ગાવા લાગી.

તે કાળે અને તે સમયે મધ્યમ રુચક કૂટની નિવાસિની ચાર દિશાકુમારી મહત્ત-રિકાઓ પોત-પોતાના કૂટોમાં ભોગો ભોગવવામાં તલ્લીન હતી. તે દિક્કુમારિકાઓના નામો આ પ્રમાણે છે રૂપા, રૂપાસિકા, સુરૂપા અને રૂપકાવતી. પહેલાંની જેમ જ યાવત્ તમે શંકાથી આકુલિત થાઓ નહિ આ પ્રમાણે કહીને તેમણે તીર્થંકર પ્રભુના નાભિ-નાલને ચાર અંગુલ મૂકીને કાપી નાખ્યો નાલને કાપીને પછી તેમણે ભૂમિમાં ખાડો ખોદ્યો અને તે ખાડામાં તે નાભિનાળને દાટી દીધો દાટીને પછી તે ખાડાને તેમણે રત્નો અને વજ્રોથી પૂરિ કરી દીધો. પૂરિત કરીને પછી તેમણે લીલી દુર્વાથી તેની પીઠ બાંધી. પછી તેમણે તે ખાડાની ત્રણે દિશાઓમાં પશ્ચિમ દિશાને છોડીને પૂર્વ, ઉત્તર અને દક્ષિણ દિશામાં ત્રણ કદલી ગૃહોની વિકુર્વણા કરી પછી તે ત્રણ કદલી ગૃહોના ઠીક મધ્ય ભાગ માં તેમણે ત્રણ ચતુઃશાલાઓની વિકુર્વણા કરી ત્યાર બાદ તેમણે તે ચતુઃશાલાઓના ઠીક મધ્યભાગમાં ત્રણ સિંહાસનોની વિકુર્વણા કરી. ત્યાર બાદ તે રુચક મધ્યવાસિની ચારે દિક્કુમારિકાઓ જ્યાં ભગવાન્ તીર્થંકર અને તીર્થંકરના માતા હતાં ત્યાં ગઈ. ત્યાં જઈને તેમણે બન્ને હાથો વડે ભગવાન્ તીર્થંકરના માતાશ્રીને હાથોમાં પકડ્યા. અને પકડીને જ્યાં દક્ષિણ દિગ્વર્તી કદલી ગૃહ હતું અને તેમાં પણ જ્યાં ચતુઃશાલા હતી, અને તેમાં પણ જ્યાં સિંહાસન હતું ત્યાં તે આવી. ત્યાં આવીને તેમણે ભગવાન્ તીર્થંકર અને તીર્થંકરના માતાને સિંહાસન ઉપર બેસાડ્યાં બેસાડીને પછી તેમણે શતપાક અને સહસ્ર પાક તેલથી તેમના શરીર ઉપર માલિસ કરી. માલિસ કરીને પછી તેમણે સુગંધિત ઉપરણાથી-ગંધ ચૂર્ણથી મિશ્રિત ઘઉંના ભીના આટાના પિંડથી તેમના શરીર ઉપર માલિસ વખતે ચોપડેલા તેલને દૂર કર્યું. તેલને દૂર કરીને, ઉબટન કરીને પછી તેમણે તીર્થંકરને બન્ને હાથોથી ઉઠાવ્યા. અને તીર્થંકરના માતાશ્રીને હાથોથી પકડ્યા. પકડીને પછી તે જ્યાં પૂર્વ દિગ્વર્તી કદલીગૃહ હતું અને તેમાં પણ જ્યાં ચતુઃશાલા હતી અને તે ચતુઃશાલામાં પણ જ્યાં સિંહાસન હતું ત્યાં આવી. ત્યાં આવીને તેમણે ભગવાન્ તીર્થ કરને અને તીર્થંકરના માતાને સિંહાસન ઉપર બેસાડ્યા. બેસાડી પછી તેમણે તીર્થંકરને તેમજ તીર્થંકરના માતાશ્રીને ત્રણ પ્રકારના પાણીથી સ્નાન કરાવ્યું તે ત્રણ પ્રકારનું પાણી આ પ્રમાણે છે-પ્રથમ ગંધોદક-દ્વિતીય પુષ્પોદક અને તૃતીય શુદ્ધોદક.

પછી સર્વ પ્રકારના અલંકારોથી વિભૂષિત કર્યા, પછી તેમણે તેમણે ભગવાન્ તીર્થંકરને અને તીર્થંકરના માતાને ક્રમશઃ કરતલપુટથી ઉપાડ્યા અને હાથોથી પકડ્યા. ઉત્તર દિશા તરફના કદલી ગૃહમાં જ્યાં ચતુઃશાળા હતી અને તેમાં પણ જ્યાં સિંહાસન હતું ત્યાં તેઓ ગઈ ભગવાન્ તીર્થંકરને અને તીર્થંકરની માતાજીને સિંહાસનપર બેસા-ડ્યા પોતપોતાના આભિયોગિક દેવોને બોલાવ્યા. આ પ્રમાણે કહ્યું હે દેવાનુપ્રિયો ! તમે લોકો શીઘ્ર ક્ષુદ્રહિમવત્પર્વતથી ગોશીર્ષ ચન્દનના લાકડાઓ લઈ આવો. તે આભિયો-ગિક દેવો ક્ષુદ્ર હિમવત્ પર્વની ઉપર ગયા અને ત્યાંથી ગોશીર્ષ સરસ ચંદનના લાકડા ઓ લઈ આવ્યા. ત્યારબાદ તે ચાર મધ્ય રુચક વાસિની મહત્તરિક દિક્કુમારીઓએ અગ્નિને ઉત્પન્ન કરનાર શરક નામક કાષ્ઠ વિશેષ તૈયાર કર્યું. તેને તૈયાર કરીને તેની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાથે અરણિકાષ્ઠને સંયોજિત કર્યું. સંયોજિત કરીને પછી બન્ને તેમણે ઘસ્યાં ઘસીને તેમણેઅગ્નિને સળગાવ્યો. સળગાવીને તે ગોશીર્ષ ચન્દનના લાકડાઓને તેમાં નાખ્યા. અગ્નિને પ્રજ્વલિત કર્યા. સમિત્ કાષ્ઠો નાખ્યાં. તેમાં ઈંધન નાખ્યા. પછી તેમણે ભૂતિ કર્મ કર્યું. તેમણે રાખની પોટ્ટલિકા બનાવી જિન અને જિનજનની ની શાકિની વગેરે દુષ્ટ દેવીઓથી તેમજ દૃષ્ટિ દોષથી રક્ષા કરનારી તૈયાર કરી અને પછી તે પોટ્ટલિકા તે તેમના ગળામાં બાંધી દીધી.

બાંધ્યા બાદ તેમણે અનેક મણિઓ અને રત્નોની જેમાં રચના થઈ રહી છે અને એનાથી જ જે વિચિત્ર પ્રકારના છે, એવા બે ગોળ પાષાણો-ઉઠાવીને તેમણે ભગવાન્ તીર્થંકરના કર્ણમૂલ ઉપર લઈ જઈને વગાડ્યા. આપ ભગવાન્ પર્વત બરાબર આયુષ્ય વાળા થાઓ.

આ પ્રમાણે આશીર્વાદ આપ્યા બાદ તે રુચક મધ્યવાસિની ચાર મહત્તરિક દિક્કુ-મારીઓએ ભગવાન્ તીર્થંકરને બન્ને હાથોમાં ઉઠાવ્યા. અને તીર્થંકરના માતાના બન્ને બાહુઓ પકડ્યા. પકડીને પછી જ્યાં ભગવાન્ તીર્થંકરનું જન્મ ભવન હતું ત્યાં તેઓ આવી. ત્યાં-આવીને તેમણે તીર્થંકરના માતાને શય્યા ઉપર બેસાડ્યા. બેસાડીને પછી તેમણે ભગવાન્ તીર્થંકરને તેમની માતાની પાસે મૂકીને પછી તેઓ પોતાના સમુચિત સ્થાને ઊભી થઈ ગઇ અને પહેલાં ધીમા-ધીમા સ્વરથી અને ત્યાર બાદ જોર-જોરથી જન્મોત્સવના માંગલિક ગીતો ગાવા લાગી.

[૨૨૭] તે કાળે અને તે સમયે દેવોનો ઈન્દ્ર દેવરાજ શક્ર દિવ્ય ભોગોનો ઉપભોગ કરી રહ્યો હતો વજ્ર પાણિ પુરંદર શતુક્રતુ સહસ્ત્રાક્ષ મઘવાન્ પાકશાસન આ દક્ષિ-ણાર્ધ લોકનો અધિપતિ છે. ૩૨ લાખ વિમાનો એના અધિકારમાં રહે છે. સુરોનો સ્વામી અરજોમ્બર વસ્ત્રધર યથા સ્થાન જેની ઉપર માળાઓ મૂકાય છે એવા મુકૂટને મસ્તક ઉપર ધારણ કરીને રહે છે. નવીન હેમ સુવર્ણથી નિર્મિત કુંડળ પહેરેલ ચિત્તની જેમ ચંચળ થતા એથી જ એના બન્ને ગાલો તે કુંડળોથી ઘસાતા રહે છે. એનું શરીર સદા દીપ્ત રહે છે. એની વનમાલા બહુ લાંબી રહે છે. એની વિમાનાદિ સમ્પત્ ઘણી વધારે હોય છે. એના આભરણાદિકોની દ્યુતિ બહુ જ ઊંચી હોય છે. એ અતિશય બલશાલી છે. એની કીર્તિ વિશાળ છે, એનો પ્રભાવ વિશિષ્ટ છે. એ વિશિષ્ટ સુખોનો ભોક્તા છે. એવા એ વિશેષણોવાળો તે શક્ર સૌધર્મકલ્પમાં સૌ ધર્માવતંસક વિમાનમાં સુધર્માનામક સભામાં શક્રનામક સિંહાસન ઉપર સમાસીન હતો તે ઈન્દ્ર પોતાના સૌધર્મ દેવલોકમાં રહીને ૩૨ લાખ વિમાનો, ૮૪ હજાર સામાનિકો દેવો, ૩૩ ત્રાયસ્ત્રિંશ-દેવો, ચાર લોક-પાલો, સપરિવાર આઠ અગ્રમહિષીઓ, ત્રણ પરિષદાઓ, સાત સૈન્યો, સાત અનીકા-ધિપતિઓ, ૩૩૬૦૦૦ આત્મરક્ષક દેવો, તથા અનેક સૌધર્મ કલ્પવાસી વૈમાનિક દેવો અને દેવીઓ ઉપર આધિપત્ય, પૌરપત્ય સ્વામિત્વ, ભર્તૃત્વ, મહત્તકત્વ અને આજ્ઞેશ્વર સેનાપતિત્વ કરતો, તેમને પોતાના શાસનમાં રાખતો. નાટ્યગીત વગેરેમાં વગાડવામાં આવેલાં તંત્રી-તાલ વગેરે અનેક વાદ્યોના મધુર સ્વરોને સાંભળતો દિવ્ય ભોગોનો ઉપભોગ કરતો રહેતો હતો.

આટલામાં તે દેવેન્દ્ર દેવરાજનું આસન કંપાયમાન થયું. તે શક્રે પોતાના અવધિ-જ્ઞાનને વ્યાવૃત કર્યું. તીર્થંકરને જોયા. હૃષ્ટ-તુષ્ટ અને ચિત્તમાં આનંદ યુક્ત થયો, તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રીતિયુક્ત મનવાળો થયો. તે પરમ સૌમનસ્યિત થયો, હર્ષવિશથી જેનું હૃદય ઉછળવા લાગ્યું છે, એવો તે થયો, મેઘધારાથી આહત કદંબ પુષ્પની જેમ તેના રોમકૂપો ઊર્ધ્વમુખ થઈને વિકસિત થઈ ગયા. નેત્ર અને મુખ તેના વિકસિત કમળવત્ થઈ ગયાં. તેના શ્રેષ્ઠ કટક, ત્રુટિત, કેયૂર અને મુકુટ ચંચળ થઈ ગયાં. કાનોના કુંડળોથી તેમજ કંઠગત હારથી તેનું વક્ષસ્થળ શોભિત થવા લાગ્યું. તેના કાનોના ઝૂમખાઓ લાંબા હતા, એથી તેણે કંઠમાં જે ભૂષણો ધારણ કરી રાખ્યાં હતાં તેમનાથી તે ઘર્ષિત થવા લાગ્યા. ખૂબજ આદર સાથે ઉત્કંઠિત થઈને પોતાના સિંહાસન ઉપરથી ઊભો થયો. અને ઊભો થઈને પાદ પીઠ ઉપર થઈને નીચે ઉતર્યા. નીચે ઉતરીને નિપુણ શિલ્પિઓ વડે વૈડૂર્ય વરિષ્ઠ રિષ્ટ તથા અંજન નામક રત્ન વિશેષોથી નિર્મિત અને દેદીપ્યમાન મણિરત્નોથી મંડિત થયેલી એવી બન્ને પાવડી ઓને તેણે પોતાના પગોમાંથી ઉતારી નાખી. પાવડીઓને ઉતારીને પછી તેણે દુપટ્ટાનો ઉત્તરાસંગ કર્યો પછી તેણે પોતાના બન્ને હાથોને જોડીને જે દિશામાં તીર્થંકર પ્રભુ હતા, તે તરફ સાત-આઠ પગલાં આગળ ગયો. આગળ જઈને તેણે પોતાના વામ ઘૂંટણને ઉપર ઉઠાવ્યો અને ઉઠાવીને જમણા ઘૂંટણને ભૂમિ ઉપર જમાવ્યો. ત્રણ વાર પોતાના મસ્તને જમીન તરફ નમિત કર્યું. અને પોતે પણ થોડોક નિમિત થયો. નીચે થોડો નમિત થઈને તેણે કટકોને અને બાહુઓના આભૂષણોને સંભાળતાં બન્ને હાથો જોડ્યા. જોડીને અને અંજલી કરી બોલ્યો.

હું એવા અર્હંત ભગવન્તને નમસ્કાર કરું છું. જે જેઓ પોતાના શાસનની અપેક્ષા એ ધર્મના અધિકારી છે, તીર્થંકર છે, સ્વયં સંબુદ્ધ છે, પુરુષોત્તમ છે, પુરુષ સિંહ છે, પુરુષવર પુંડરીક છે, પુરુષવ ગંધ હસ્તી છે, લોકોત્તમ છે. લોકનાથ છે, લોકહીત છે, લોક પ્રદીપ છે, લોક પ્રદ્યોત કર છે, અભયદાયક છે, ચક્ષુદાયક છે, માર્ગદાયક છે, શરણદાયક છે, જીવદાયક છે, સંયમ રૂપી જીવનને આપનારા છે, બોધ દાયક છે, ધર્મદાયક છે, ધર્મદેશક છે, ધર્મનાયક છે, ધર્મસારથિ છે, ધર્મવર ચાતુરન્ત ચક્રવર્તી છે. અહીં રહેલો હું ત્યાં બિરાજમાન ભગવાનને વન્દના અને નમસ્કાર કરું છું. ત્યાં બિરાજમાન આપ ભગવાન્ અહીં રહેલા મને જુઓ. આમ કહીને તેણે વન્દના કરી અને નમસ્કાર કર્યા. પછી આવીને તે પોતાના સિંહાસન ઉપર પૂર્વ દિશા તરફ મુખ કરીને બેસી ગયો.

ત્યાર બાદ તે દેવેન્દ્ર દેવરાજ શક્રને આ જાતનો યાવત્ સંકલ્પ ઉદ્ભવ્યો. જમ્બૂદ્વીપ નામક દ્વીપમાં ભગવાન્ તીર્થંકરનો જન્મ થઈ ચુક્યો છે. પ્રત્યુપન્ન, અતીત તેમજ અનાગત દેવેન્દર, દેવરાજ શક્રોનો પરંપરાગત આ આચાર છે કે તેઓ તીર્થંક રોનો જન્મોત્સવ ઉજવે. એથી હું ત્યાં જાઉં અને ભગવાન તીર્થંકરના જન્મનો મહિમા કરું. આ પ્રમાણે વિચાર કરીને તેણે હરિનેગમેષી-નામક દેવને કે જે પદાત્યનીકનો અધિપતિ હોય છે. તેને આ પ્રમાણે કહ્યું હે દેવાનુપ્રિય ! તમે શીઘ્ર સુધર્મા સભામાં મેઘ-સમૂહના જેવી ધ્વનિ કરનારી, ગંભીર મધુરતર શબ્દવાળી તેમજ સારા સ્વરવાળી એવી સુઘોષા ઘંટાને કે જેની ગોળાઈ એક યોજન જેટલી છે, ત્રણ વાર વગાડી વગાડીને એવી વારંવાર જોર જોરથી ઘોષણા કરતાં કહો કે હે દેવો ! દેવેન્દ્ર દેવરાજ શક્ર તમને આજ્ઞા કરે છે કે હું દેવેન્દ્ર દેવરાજ શક્ર જમ્બૂદ્વીપ નામક દ્વીપમાં ભગવાન તીર્થંકરના જન્મનો મહિમા કરવા માટે જઇ રહ્યો છું.તો એટલા માટે હે દેવાનુપ્રિયો તમે બધાં પોત પોતાની સમસ્ત ઋદ્ધિથી, પોતપોતાની સમસ્ત દ્યુતિથી, સમસ્ત સેનાથી, પોત-પોતાના સમસ્ત સમુદાયથી, સમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્ત પ્રકારના આદર ભાવથી, સમસ્ત પ્રકારની વિભૂતિઓથી, સમસ્ત પ્રકારની વિભૂષાથી તેમજ સમસ્ત પ્રકારના નાટકોથી યુક્ત થઈને ઈન્દ્રની પાસે આવી પહોંચો કોઈ પણ જાતની બાધા પણ હોય તો તે તરફ લક્ષ્ય રાખવું નહિ અને તુરંત ઈન્દ્ર પાસે પહોંચી જવું.

જે દેવ જે પ્રકારનાં સુગંધિત પુષ્પોની માળા પહેરે છે, જે દેવ જે પ્રકારનાં અલંકારો પહેરે છે, તે દેવ તે પ્રકારની માળાઓ તેમજ અલંકારોથી સુશોભિત થઈને આવે હાથોમાં કટકો, ભુજાઓમાં ત્રુટિત-ભુજ બંધો પહેરીને આવે. આવતા સમયે તેઓ દિવ્ય વાદ્યોના તુમુલ ધ્વનિ સાથે આવે. તેઓ પોત-પોતાની ઈષ્ટ મંડળી સહિત તેમજ પોતાના પરિવાર સહિત અહીં આવે અને ત્વરિત ગતિથી આવે આવતી વખતે તેઓ બધાં પોતપોતાના યાન-વિમાનોનો ઉપયોગ કરે. શક્રની પાસે ઉપસ્થિત થઈ જાય. આ પ્રમાણે તે હરિણેગમેષી પદાત્યનીકાધિપતિ દેવ જ્યારે પોતાના સ્વામી શક્ર વડે આજ્ઞાપિત થયો તો તે હૃષ્ટ-તુષ્ટ યાવત્ થઈને કહેવા 'હે દેવ ! તમારી આજ્ઞા અમારા માટે પ્રમાણ છે. પ્રભુની આજ્ઞાના વચનો સ્વીકારી લીધી અને સ્વીકા રીને તે ઈન્દ્રની પાસેથી રવાના થયો. રવાના થઈને તે જ્યાં સુધર્માસભામાં મેઘોના સમૂહ જેવી ગંભીર, મધુરતર શબ્દવાળી તેમજ એક યોજન. પરિમંડળવાળી સુઘોષા નામની ઘંટા હતી, ત્યાં આવ્યો. મેઘોના રસિત જેવી ગંભીર, મધુરતર શબ્દવાળી તેમજ એક યોજન પરિમંડળવાળી સુઘોષા ઘંટાને ત્રણ વાર તાડિત કરી સૌધર્મ કલ્પમાં એક કમ ૩૨ લાખ વિમાનોમાં, ૧ કમ ૩૨ લાખ બીજી ઘંટાઓ એકી સાથે રણકી ઉઠી.

આ પ્રમાણે સૌધર્મ કલ્પ પ્રાસાદોમાં તેમજ વિમાનોના નિષ્કુટોમાં, ગંભીર પ્રદેશોમાં આ પ્રતિ શબ્દ વર્ગણા રૂપ પુદ્ગલોથી ઉત્પન્ન થયેલા લાખો ઘંટાઓના ધ્વનિઓના ગણ ગણાટથી તે સકલ ભૂભાગ બધિર જેવો બની ગયો. તે આ પ્રમાણે જ્યારે સૌધર્મ કલ્પ શબ્દમય બની ગયો ત્યારે તે ઘણા સૌધર્મ કલ્પવાસી દેવ અને દેવીઓને કે જેઓ એકાન્ત રતિક્રિયાઓમાં તલ્લીન હતા અને એથી જ જેઓ વિષય સુખમાં એકદમ આકંઠ ડૂબી રહ્યા હતાં. તે સર્વને જ્યારે સુસ્વર ઘંટા-સુઘોષ ઘંટાના-તે સકલ સૌધર્મ દેવલોક કુક્ષિભરી કોલાહલથી પરિપૂર્ણ સસંભ્રમ સ્થિતિમાં પ્રતિબોધિત કર્યાં તેમજ ઘોષણા જન્ય કૌતૂહલથી જેમણે તે ઘોષણાને સાંભળવામાં પોતાના કાનો લગાવ્યા છે તે ઘંટારવ પૂર્ણ રૂપમાં શાન્ત-પ્રશાન્ત થઈ ગયો ત્યારે તે સ્થાનો ઉપર જોર-જોરથી ઘોષણા કરતાં કહ્યું હે સૌધર્મ કલ્પવાસી દેવ અને દેવીઓ આપ સર્વે અતીવ આનંદ પૂર્વક સૌધર્મ કલ્પતિમાં હિતસુખાર્થ મારા આ વચનો સાંભળો શબ્દ હર્ષ ઘોતક છે. આ વચન જન્માન્તરમાં પણ કલ્યાણ કારી છે એથી હિત સ્વરૂપ છે અને આ ભવમાં સુખદાયક છે, એથી સુખાર્થ રૂપ છે આપ સર્વ શીઘ્ર યાવત્ શક્રની પાસે ઉપસ્થિત થાઓ. 'અહીં સુધીની આજ્ઞાને ઘોષણાના રૂપમાં સંભળાવી દીધી. ત્યાર બાદ તે દેવ અને દેવીઓ અને વાતને સાંભળીને હૃષ્ટ-તુષ્ટ યાવત્ હર્ષથી જેમના હૃદયો ઉછળી રહ્યા છે એવાં થઈ ગયાં. એ સર્વમાંથી કેટલાક દેવ-દેવીઓ આ અભિપ્રાયથી શક્ર-ઈન્દ્રની પાસે આવ્યાં કે અહીં અમે ત્રિભુવન ભટ્ટારક ને, પ્રશસ્ત કાય, વાઙ્ મનની પ્રવૃત્તિ રૂપ અભિવાદન કરીશું. કેટલાંક દેવ-દેવીઓ આ અભિપ્રાયથી ઈન્દ્રની પાસે આવ્યાં કે ત્યાં જઈને અમે ગન્ધ, માલ્યાદિકનું અર્પણ કરીને પ્રભુને અન્તઃકરણ પૂર્વક નમસ્કાર કરીશું. કેટલાંક દેવ-દેવીઓ એ અભિપ્રાયથી શક્ર પાસે આવ્યા કે ત્યાં જઈને પ્રભુની સ્તુતિ વગેરે દ્વારા અમે પ્રભુની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગુણોન્નતિ કરીશું. કેટલાંક દેવ-દેવીઓ એ અભિપ્રાયથી શક્ર પાસે આવ્યા કે ત્યાં જઈને અમે પ્રભુની સામે પ્રભુની સામે ઊભા થઈને હાથ જોડી શું. કેટલાંક દેવ-દેવીઓ આ અભિપ્રાયથી શક્ર પાસે આવ્યા કે ત્યાં જઈને અમે ચરમ તીર્થંકરના દર્શન કરીશું. કેટલાંક દેવ-દેવીઓ જિનેન્દ્રની ભક્તિના અનુરાગથી અને કેટલાંક દેવ-દેવીઓ જિન જન્મના ઉત્સવમાં જવું આ અમારો આચાર છે. વગેરે- વગેરે ભિન્ન ભિન્ન અભિપ્રાયોથી પ્રેરિત થઈને શક્રની પાસે આવ્યાં.

દેવેન્દ્ર દેવરાજ શક્રે વિના વિલંબે તેમની પાસે આવેલાં તે દેવ-દેવીઓને જોયાં. તે સર્વને જોઈને હર્ષિત થઈને પાલક નામક આભિયોગિક દેવને બોલાવ્યો. બોલાવીને તે શક્રે કહ્યું હે દેવાનુપ્રિય ! તમે શીઘ્ર એક દિવ્ય યાનની વિકુર્વણા કરો આ યાન-વિમાન હજારો સ્તંભોવાળું હોય,તથા લીલા કરતીઅનેક પુત્તલિકાઓથીતેસુશોભિત હોય, ઈહા મૃગ, વૃષભ, તુરગ, નર, મકર, વિહગ, વ્યાલ, કિન્નર, રૂરૂ-મૃગ એ બધાનાં ચિત્રોની રચ નાથી એ આશ્ચર્ય પ્રદ હોય, એના દરેક સ્તંભમાં વજ્રની વેદિકા હોય આને જે ૧ હજાર યોજનજેટલુંવિસ્તીર્ણકહેવામાંઆવેલુંછે,તેયોજનપ્રમાણાંગુલથીનિષ્પન્ન થયેલો યોજન જ ગૃહીત થયેલો છે. એ વાયાન-વિમાનની વિકુર્વણા કરીને અમને તરત ખબર આપો.

[૨૨૮] દેવેન્દ્ર દેવરાજ શક્ર વડે આ પ્રમાણે આજ્ઞપ્ત થયેલા તે પાલક દેવે હૃષ્ટ તુષ્ટ યાવત્ થયેલા તે પાલક દેવે વૈક્રિય સમુદ્‌ઘાત કરીને આજ્ઞા મુજબ જ યાન વિમાનની વિકુર્વણા કરી. તેણે તે દિવ્ય યાન-વિમાનની ત્રણ દિશાઓમાં ત્રણ સોપાન પ્રતિરૂપકની વિકુર્વણા કરી. તે યાન વિમાનની અંદરનો ભૂમિભાગ બહુ સમરમણીય હતો. તે અંદર નો ભૂમિ ભાગ મૃદંગ મુખ યાવત્ ચિત્તાના ચર્મ જેવો બહુ સમરમણીય હતો. તે યાન વિમાનને હજારો કીલો અને શત્રુઓના આક્રમણો સામે ટકી શકે તે રીતે મજબૂત કર વામાં આવેલું હતું. ભાગમાં તેણે એક વજ્રમય અંકુશની વિકુર્વણા કરી. અહીં ફરી તેણે કુમ્ભપ્રમાણ એક વિશાળ મુક્તામાળાની વિકુર્વણા કરી આ મુક્તમાળા અન્ય મુક્તા માળાવાળી હતી. ચોમેર સારી રીતે પરિવૃત હતી. એ માળાઓ તપનીય સુવર્ણ નિર્મિત કન્દુક જેવાં આભરણ વિશેષોથી સમલંકૃત હતી. સુવર્ણના પત્રોથી મંડિત હતી વિવિધ મણિઓથી, વિવિધહારોથી, અર્દ્ધહારોથી ઉપશોભિત હતી. સારા ઉદયવાળી હતી, સુંદર રીતે તૈયાર કરવામાં આવી હતી અને પરસ્પર એક બીજી માળાથી પરોવાઈ સંઘ ટ્ટિત થઈને મંદ-મંદ રૂપમાં હાલી રહી હતી. એમની પરસ્પર સંઘટ્ટનાથી જે શબ્દ નીક ળતો હતો તે અતીવ કર્ણ મધુર લાગતો હતો. એ માળાઓ પોતાના આસ-પાસના પ્રદે શોને સુગંધિત કરતી હતી. એ પ્રમાણે એ માળાઓ ત્યાં હતી.

તે સિંહાસનના વાયવ્ય કોણમાં, ઉત્તર દિશામાં, ઈશાન દિશામાં શક્રના ૮૪ હજાર સામાનિક દેવોના ૮૪ હજાર ભદ્રાસનો પૂર્વ દિશામાં, આઠ અગ્રમહિષીઓના આઠ ભદ્રાસનો અગ્નિકોણમાં આભ્યંતર પરિષદાના ૧૨ હજાર દેવોના ૧૨ હજાર ભદ્રાસનો દક્ષિણ દિશામાં મધ્ય પરિષદાના ૧૪ હજાર દેવોના ૧૪ હજાર ભદ્રાસનો અને નૈઋત્ત કોણમાં બાહ્ય પરિષદાના ૧૬ હજાર દેવોના ૧૬ હજાર ભદ્રાસનો તથા પશ્ચિમ દિશામાં સાત અનિકાધિપતિઓના સાત ભદ્રાસનો સ્થાપિત કર્યાં. તેણે તે સિંહા સનની ચોમેર ૮૪-૮૪ હજાર આત્મરક્ષક દેવોના ૮૪-૮૪ હજાર ભદ્રાસનો પોતાની વિકુર્વણા શક્તિથી સ્થાપિત કર્યાં તે દિવ્ય યાન-વિમાનનો વર્ણ પ્રમાણે તત્કાલ ઉદિત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થયેલા શિશિર કાળના બાલ સૂર્યનો કે રાત્રિમાં પ્રજ્વલિત ખદિરના અંગારાનો કે ચોમેરથી કુસુમિત થયેલા જપાવાનનો કે કિંશુક વનનો કે કલ્પ દ્રુમોના વનનો વર્ણ હોય છે તેવો જ આનો વર્ણ હતો. વિકુર્વણા કરીને તે પાલક દેવ જ્યાં દેવેન્દ્ર દેવરાજ શક્ર હતો ત્યાં ગયો અને ત્યાં જઈને તેણે બન્ને હાથોને જોડીને વિનયપૂર્વક શક્રને જય-વિજય શબ્દથી વધામણી આપતાં યાનવિમાન પૂર્ણ રૂપમાં નિષ્પન્ન થયું છે, એવી ખબર આપી.

[૨૨૯] પાલક દેવ દ્વારા દિવ્ય યાન-વિમાનની આજ્ઞા મુજબ નિષ્પત્તિ થઈ જવાની ખબર સાંભળીને હર્ષિત હૃદય થઈને દિવ્ય જિનેન્દ્રની સામે જવા યોગ્ય એવાં સર્વ અલંકારોથી વિભૂષિત ઉત્તર વૈક્રિય રૂપની વિકુર્વણા કરી. પછી તે આઠ અગ્રમહિષી ઓની સાથે તેમજ તે અગ્રમહિષીઓના પરિવાર ભૂત ૧૬-૧૬ હજાર દેવીઓની સાથે નાટ્યાનીક તેમજ ગંધાર્વાનીક સાથે તે દિવ્ય યાન-વિમાનની ત્રણ પ્રદક્ષિણાઓ કરીને પૂર્વ દિગ્વર્તી ત્રિ-સોપાન ઉપર થઈને તેની ઉપર આરૂઢ થયો. તે પૂર્વ દિશા તરફ મુક કરીને સિંહાસન ઉપર બેસી ગયો. યાવત્ તેની સામે પ્રત્યેક-પ્રત્યેક આઠ આઠની સંખ્યામાં મંગલ દ્રવ્યો ક્રમશઃ પ્રસ્થિત કરવામાં આવ્યાં. ત્યાર બાદ પૂર્ણ કળશ, ભૃંગા-રક, ઝારી, દિવ્ય છત્ર, ચામર સહિત પતાકાઓ-આગળ-આગળ ચાલી. ત્યાર બાદ વાયુથી વિકંપિત થતી વિજય વૈજયંતીઓ ચાલી. વિજય વૈજયંતીઓ અતીવ ઊંચી હતી અને તેમનો અગ્રભાગ આકાશ તળીને સ્પર્શી રહ્યો હતો. ત્યાર બાદ છત્ર, ભૃંગાર એ સર્વના પ્રસ્થાન પછી મહેન્દ્રધ્વજ પ્રસ્થિત થયો. આ મહેન્દ્રધ્વજ રત્નમય હતો, એનો આકાર વૃત્ત ગોળ તેમજ લષ્ટ-મનોજ્ઞ હતો. એ સુશ્લિષ્ટ-મસૃણ સુચિક્કણ હતો. ખર સાણથી ઘસવામાં આવેલી પ્રસ્તર પ્રતિમાની જેમ એ પરિમૃષ્ટ હતો. સુકુમાર શાણ ઉપર ઘસવામાં આવેલી પાષાણ પ્રતિમાની જેમ આ મૃષ્ટ હતો, સુપ્રતિષ્ઠિત હતો. એથી જ આ શેષ ધ્વજોની અપેક્ષાએ વિશિષ્ટ હતો. તેમજ અનેક પાંચ રંગો વાળીકુડભિ-ઓના-લઘુ પતાકાઓના સમુહોથી એ અલંકૃત હતો. હવાથી કંપિત વિજયવૈજયંતીથી તેમજ પતાકાતિપાતાકા ઓથી તથા છત્રાતિછત્રોથી એ કલિત હતો. એ તુંગ ઊંચો હતો. એનો અગ્રભાગ આકાશ તલને સ્પર્શી રહ્યો હતો.

ત્યાર બાદ જેમણે પોતાના કર્મ અનુરૂપ વેષ પહેરી રાખ્યો છે, એવી પાંચ સેના ઓ તેમજ પૂર્ણ સામગ્રી યુક્ત સુસજ્જિત થઈને જેમણે સમસ્ત અલંકારો ધારણ કર્યા છે એવા પાંચ અનીકાધિ- પતિઓ યથાક્રમથી સંપ્રસ્થિત થયા. ત્યાર બાદ અનેક આભિ યોગિક દેવો અને દેવીઓ સંપ્રસ્થિત થયાં એ બધાં દેવ-દેવીઓ પોત-પોતાના રૂપોથી, પોત-પોતાના કર્તવ્ય મુજબ ઉપસ્થિત વૈક્રિય સ્વરૂપોથી યાવત્ પોત-પોતાના વૈભવથી, પોત-પોતાના નિયોગથી યુક્ત થયેલાં દેવેન્દ્ર દેવરાજ શક્રની આગળ-પાછળ અને ડાબી જમણી તરફ યથા ક્રમે પ્રસ્થિત થયા. ત્યાર બાદ અનેક સૌધર્મ કલ્પવાસી દેવ અને દેવીઓ પોતપોતાની સમસ્ત ઋદ્ધિથી સમ્પન્ન થઈને-યાન-વિમાનાદિ રૂપ સંપત્તિથી યુક્ત થઈને પોતપોતાના વિમાનો ઉપર ચઢીને દેવેન્દ્ર દેવરાજ શક્રની આગળ-પાછળ અને ડાબી અને જમણી તરફ ચાલવા લાગ્યાં. આ પ્રમાણે તે શક્ર તે પાંચ પ્રકારની સેનાથી પરિવેષ્ટિત થયેલો યાવત્ જ્યાં સૌધર્મ કલ્પનો ઉત્તર દિગ્વર્તી નિર્યાણ માર્ગ હતો ત્યાં આવ્યો ત્યાં આવીને તે એક લાખ યોજન પ્રમાણ પગલાઓ ભરતો ભરતો તે પ્રસિદ્ધ ઉત્કૃષ્ટ યાવત્ દેવગતિથી તિર્યગ લોક સંબંધી અસંખ્યાત દ્વીપ સમુદ્રોના ઠીક મધ્ય



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાગમાં થતો જ્યાં આગ્નેય કોણમાં રતિકર પર્વત હતો, ત્યાં આવ્યો. ઇત્યાદિ સૂર્યાભ-દેવની વક્તવ્યતા મુજબ જાણવું.

દિવ્ય યાન-વિમાન રૂપ જે પાલક નામક વિમાન હતું, તેને સંકુચિત કરવા માટે તેણે તેના વિસ્તારને કે જે જમ્બૂ દ્વીપ જેટલો હતો, કમ કરી નાખ્યો. આ પ્રમાણે સર્વ રીતે સંકોચ કરતો કરતો યાવત્ તે જ્યાં જમ્બૂદ્વીપ નામક દ્વીપ હતો અને તેમાં પણ જ્યાં ભરત ક્ષેત્ર હતું, અને તેમાં પણ જ્યાં ભગવાનનો જન્મ થયો તે નગર હતું. અને તેમાં પણ જ્યાં ભગવાન તીર્થંકરનું જન્મ ભવન હતું ત્યાં ગયો તે શક્રે ભગવાન તીર્થંકરના જન્મભવનની ત્રણ વાર તે દિવ્ય વિમાનથી પ્રદક્ષિણા કરી. પછી તે શક્રે ભગવાન તીર્થંકરના જન્મ ભવનના ઈશાન કોણમાં ચાર અંગુલ અદ્ધર જમીન ઉપર તે દિવ્ય યાન-વિમાનને સ્થાપિત કર્યું. સ્થાપિત કર્યાં બાદ તે શક્ર પોતાની આઠ અગ્રમહિષીઓ તેમજ બે અનીકો ગન્ધર્વાનીક અને નાટ્યાનીક-ની સાથે તે દિવ્ય યાન-વિમાનના પૂર્વ તરફના ત્રિસોપાન પ્રતિરૂપકો ઉપર થઈને નીચે ઉતર્યો. તે દેવેન્દ્ર દેવરાજ શક્ર જ્યારે ઉતરી ગયો ત્યારે તેના ૮૪ હજાર સામાનિક દેવો તે દિવ્ય યાન-વિમાનમાંથી તેની ઉત્તર દિશાના ત્રિસોપાન પ્રતિરૂપકો ઉપર થઈને નીચે ઉતર્યા. શેષ દેવ અને દેવીઓ તે દિવ્ય યાન-વિમાનમાંથી તેની દક્ષિણ દિશા તરફના ત્રિસોપાન પ્રતિરૂપકો ઉપર થઈને નીચે ઉતર્યા. ત્યાર પછી તે દેવેન્દ્ર દેવરાજ શક્ર ૮૪ હજાર સામાનિક દેવોની સાથે તેમજ આઠ અગ્ર મહિષીઓની તથા અનેક દેવ-દેવીઓની સાથે સાથે, પોતાની ઋદ્ધિ ધુતિ વગેરેથી યુક્ત થઈને દુંદુભિના નિર્ઘોષ સાથે જ્યાં ભગવાન તીર્થંકર અને તેમના માતાબિરાજતા હતા ત્યાં ગયા.

ત્યાં જઈને તેણે પ્રભુને જોતાં જ પ્રભુને અને તેમના માતાશ્રીને પ્રણામ કર્યા પ્રણામ કરીને પછી તેણે તીર્થંકર અને તેમના માતાશ્રીની ત્રણ વાર પ્રદક્ષિણા કરી. પ્રદક્ષિણા કરીને પછી તેણે બન્ને હાથોને અંજલિ કરી હે રત્નકુક્ષિધારિકે ! હે રત્ન રૂપ તીર્થંકરને પોતાના ઉદરમાં ધારણ કરનારી હે માતા ! તમને મારા નમસ્કાર હો. આમ જે પ્રમાણે દિક્કુમારિકાઓએ સ્તુતિના રૂપમાં પહેલાં કહ્યું છે, તેવું જ અહીં ઈંદ્રે સ્તુતિના રૂપમાં કહ્યું. આમ કહીને તેણે માતાને નિદ્રામાં મગ્ન કરી દીધી. નિદ્રા મગ્ન કરીને પછી તેણે જિન સદૃશ રૂપની વિકુર્વણા કરી વિકુર્વણા કરીને તે શિશુને તીર્થંકર માતાની પાસે મૂકી દીધો. ત્યાર બાદ તે પોતે પાંચ રૂપવાળો બની ગયો. એક શક્રની રૂપે ભગવાન તીર્થંકરને પોતાના કરતલ પુટમાં ઉપાડ્યા એક શક્રે ભગવાનની ઉપર છત્ર આચ્છાદિત કર્યું. બે શક્રોએ ભગવાનની બન્ને તરફ ઊભા રહીને તેમની ઉપર ચમર ઢોળવા લાગ્યા. તથા એક શક્ર હાથમાં વજ્ર લઈને ભગવાનની આગળ આગળ ચાલવા લાગ્યો. ત્યાર બાદ તે દેવેન્દ્ર દેવરાજ શક્ર અન્ય અનેક ભવનપતિ, વાનવ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોથી તેમજ દેવીઓથી યુક્ત થયેલો તે પોતાની સમસ્ત ઋદ્ધિ મુજબ ખૂબજ માંગલિક વાદ્ય-નૃત્યાદિકો સાથે-સાથે તે પોતાની ઉત્કૃષ્ટ ગતિથી ચાલતો ચાલતો જ્યાં મન્દર પર્વત હતો અને તેમાં પણ જ્યાં પંડકવન હતું અને તેમાં પણ જ્યાં અભિષેક શિલા હતી. તેમજ અભિષેક સિંહાસન હતું ત્યાં ગયો. ત્યાં જઈને તે પૂર્વ દિશા તરફ મુખ કરીને સિંહાસન ઉપર બેસી ગયો.

[૨૩૦-૨૩૫] તે કાળે તે સમયે દેવેન્દ્ર દેવરાજ ઈશાન કે જેના હાથમાં ત્રિશૂલ છે. વાહન જેનું વૃષભ છે. સુરોને જે ઈન્દ્ર છે, ઉત્તરાર્દ્ધલોકનો જે અધિપતિ છે, અઠ્ઠાવીસ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લાખ વિમાન જેના અધિપતિત્વમાં છે. નિર્મળ અંબર વસ્ત્રોને-ધારણ કરીને તે સુમેરૂ પર્વત પર આવ્યો. જે પ્રમાણે શક્ર સૌધર્મેન્દ્ર ઠાઠ-માઠ સાથે આવ્યો હતો તેવાજ ઠાઠ માઠ સાથે તે પણ આવ્યો. શક્રના પ્રકરણની અપેક્ષાએ આ પ્રકરણમાં આટલો જ તફાવત છે કે એ ઈશાનની મહાઘોષા નામક ઘંટા છે. લઘુ પરાક્રમ નામક પદાત્યનીકાધિપતિ છે. પુષ્પક નામક વિમાન છે. દક્ષિણ દિશા તરફ તેના નિર્ગમન માટેની ભૂમિ છે. ઉત્તર પૂર્વ દિશાવર્તી રતિકર પર્વત આવેલ છે. આ પ્રમાણે વૈમાનિક દેવોના અવશિષ્ટ ઈન્દ્રો પણ આવ્યા, અને એ ઈન્દ્રો પણ અહીં અચ્યુતેન્દ્ર સુધીના અહીં આવ્યા.

સૌધર્મેન્દ્રના ૮૪ હજાર સામાનિક દેવો છે. ઈશાનને ૮૦ હજાર સામાનિક દેવો છે. સનત્કુમારોન્દ્રને ૭૨ હજાર સામાનિક દેવો છે. માહેન્દ્રની ૭૦ હજાર સામાનિક દેવો છે. બ્રહ્મેન્દ્રને ૬૦ હજાર સામાનિક દેવો છે. લાન્તકેન્દ્રને ૫૦ હજાર સામાનિક દેવો છે. શક્રેન્દ્રને ૪૦ હજાર સામાનિક દેવો છે. સહસ્સારેન્દ્રને ૩૦ હજાર સામાનિક દેવો છે. આનત પ્રાણત કલ્પ દ્વિકેન્દ્રને ૨૦ હજાર સામાનિક દેવો છે. આરણ અચ્યુત કલ્પ દ્વિકેન્દ્રને ૧૦ હજાર સામાનિક દેવો છે. સૌધર્મેન્દ્ર શક્રને ૩૨ લાખ વિમાનો છે. ઈશાનને ૨૮ લાખ વિમાનો છે. સનત્કુમારેન્દ્રના ૧૨ લાખ વિમાનો છે. માહેન્દ્રને ૮ લાખ વિમાનો છે. બ્રહ્મલોકેન્દ્રને ૪ લાખ વિમાનો છે. લાન્તકેન્દ્રને ૫૦ હજાર વિમાનો છે. શુક્રેન્દ્રને ૪૦ હજાર વિમાનો છે. સહસ્રારેન્દ્રને ૬ હજાર વિમાનો છે. આનત-પ્રાણત એ બે કલ્પોના ઈન્દ્રને ૪૦૦ વિમાનો છે અને આરણ અચ્યુત એ કલ્પોના ઈન્દ્રને ૩૦૦ વિમાનો છે. યાન-વિમાનની વિકુર્વણા કરનારા દેવોના નામો અનુક્રમે આ પ્રમાણે છે-(૧) પાલક, (૨) પુષ્પક, (૩) સૌમનસ (૪) શ્રીવત્સ, નન્દાવર્ત, (૫) કામગમ, (૬) પ્રીતિ ગમ, (૭) મનોરમ (૮) વિમલ અને સર્વતોભદ્ર.

સૌધર્મેન્દ્રોની, સનત્કુમારેન્દ્રોની બ્રહ્મલોકન્દ્રોની મહાશુક્રેન્દ્રોની અને પ્રાણ-તેન્દ્રોની સુઘોષા ઘંટા, હરિનેગમેષી પદાત્યનીકાધિપતિ ઔત્તરહા, નિર્યાણ ભૂમિ દક્ષિણ પૌરસ્ત્ય રતિકર પર્વત એ ચાર વાતોને લઈને પરસ્પર સમાનતા છે. અહીં ઈશા-નેન્દ્રોની, માહેન્દ્રોની, લાંતકન્દ્રોની, સહસ્ત્રારેન્દ્રોની અને અચ્યુતકેન્દ્રોની મહાઘોષા-ઘંટા, લઘુ પરાક્રમ પદાત્યનીકાધિપતિ, દક્ષિણ નિર્યાણ માર્ગ, ઉત્તરપૌષસ્ત્વ રતિકર પર્વત, એ ચાર વાતોમાં પરસ્પર સમાનતા છે. એમની પરિષદના સંબંધમાં જીવાભિ-ગમ સૂત્રાનુસાર કથન જાણવું. એ બધા ઈન્દ્રોના યાન-વિમાનો ૧ લાખ યોજન વિસ્તાર-વાળાં છે. તથા એમની ઊંચાઈ પોત-પોતાના વિમાનના પ્રમાણ મુજબ હોય શક્રોને બાદ કરીને એ બધા માહેન્દ્ર પર્વત ઉપર આવ્યાં. યાવત્ તેઓ ત્યાં પર્યુપાસના કરવા લાગ્યા.

[૨૩૬-૨૩૯] તે કાળે અને તે સમયે અસુરેન્દ્ર અસુરરાજ ચમર પોતાની ચમર ચંચા નામક રાજધાનીમાં સુધર્મા સભામાં ચમર નામક સિંહાસન ઉપર ૬૪ હજાર સામાનિક દેવોથી, ૩૩ ત્રાયસ્ત્રિંશ દેવોથી ચાર લોક પાલોથી પોત-પોતાના પરિવાર સાથે પાંચ અગ્રમહિષીઓથી ત્રણ પરિષદાઓથી સાત અનીકસૈન્યોથી સાત અનીકા-ધિપતિઓથી, ૨૫૬૦૦૦ આત્મરક્ષક દેવોથી તથા ચામરચંચા રાજધાનીમાં રહેનારા અનેક અસુરકુમાર દેવો અને દેવીઓથી યુક્ત થઈને બેઠો હતો તે પણ સૌધર્મેન્દ્રની જેમ યાવત મન્દર પર્વત ઉપર આવ્યો. આટલો જ તફાવત છે કે આની પદાત્ય નીકાધિપતિ દ્રુમ નામ વાળો હતો એની ઘંટાનું નામ ઓઘસ્વરા હતું. એનું યાન-વિમાન ૫૦ હજાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યોજન જેટલા વિસ્તારવાળું હતું આની મહેન્દ્રધ્વજા ૫૦૦ યોજન જેટલી ઊંચી હતી. આ વિમાનકારી આભિયોગિક દેવ હતો. શેષ બધું કથન જે પ્રમાણે શક્રના અધિ કારમાં કહેવામાં આવ્યું છે, તેવું જ છે. આનો રતિકર પર્વત દક્ષિણ દિગ્વર્તી હોય છે કે જ્યાં આવીને તે ત્યાંથી ચાલે છે. ત્યાં મન્દર ઉપર આવીને તેણે પ્રભુની પર્યુપાસના કરી.

તે કાળે અને તે સમયે, જ્યારે પ્રભુનો જન્મ થયો અને જ્યારે ૫૬ દિક્કુમારિકાઓ આદર્શ પ્રદર્શનાદિ રૂપ કાર્ય સંપાદન કરી ચૂકી ત્યારે અસુરેન્દ્ર અસુરકુમારાજ બલી પણ ચમરની જેમ જ મન્દર પર્વત ઉપર આવ્યા અને તેણે પણ પ્રભુની પર્યુપાસના કરી. ૫દથી આ તફાવત પ્રકટ કરવામાં આવ્યો છે કે એને ૬૦ હજાર સામાનિક દેવો હતા અને સામાનિક દેવો કરતાં ચોગણાં આત્મરક્ષક દેવો હતા. સેનાપતિ મહાદ્રુમ નામક દેવ હતો. મહૌઘસ્વરા નામક એની ઘંટા હતી. શેષ બધું યાન-વિમાનાદિક વિસ્તારનું કથન ચમરના પ્રકરણના કથન જેવું જ છે. એની ત્રણ પરિષદાઓનું વર્ણન જે પ્રમાણે જીવાભિગમ સૂત્રમાં કહેવામાં આવેલું તેવું જ અહીં પણ સમજવું. એની રાજધાનીનું નામ બલિચંચા છે. આનો નીકળવાનો માર્ગ દક્ષિણ દિશા તરફ હોય છે. આનો રતિકર પર્વત ઉત્તર-પશ્ચિમ દિગ્વર્તી હોય છે. તે કાળે અને તે સમયે ધરણ પણ ખૂબ ઠાઠ-માઠ સાથે ચમરની જેમ મંદર પર્વત આવ્યો. પણ તે ૬ હજાર સામાનિક દેવોથી ૬ અગ્રમહિષીઓથી તેમજ સામાનિક દેવોની અપેક્ષાએ ચાર ગુણા આત્મરક્ષક દેવોથી યુક્ત થઈને આવ્યો. એની મેઘસ્વર નામની ઘંટા હતી. પદાત્યનીકાધિપતિનું નામ ભદ્રસેન હતું. ૨૫ હજાર યોજન પ્રમાણ વિસ્તારવાળું એનું યાન-વિમાન હતું. આની મહેન્દ્ર ધ્વજા ૨૫૦ યોજન જેટલી ઊંચી હતી.

આ પ્રમાણે જ ધરણેન્દ્રની વક્તવ્યતા મુજબ અસુરેન્દ્રો ચમર અને બલીન્દ્રોને બાદ કરીને ભવન વાસીન્દ્રોના-ભૂતાનન્દાદિકોના વિશેની વક્તવ્યતા જાણવી જોઈએ. તફાવત ફક્ત આટલો જ છે કે અસુરકુમારોની ઘંટા ઓઘસ્વરા નામક છે અને નાગકુમારાની ઘંટા મેઘસ્વરા નામક છે. સુપર્ણકુમારોની ઘંટા હંસસ્વરા નામક છે. વિદ્યુત્કુમારોની ઘંટા ક્રૌંચસ્વરા નામક છે. અગ્નિકુમારોની ઘંટા મંજુસ્વરા નામક છે. દિક્કુમારોની ઘંટા મંજુઘોષા છે. ઉદધિકુમારોની ઘંટા સુસ્વરા નામક છે. દ્વીપકુમારોની ઘંટા મધુરસ્વરા નામક છે. વાયુકુમારોનીઘંટા નંદિઘોષા નામક છે. ચમરના સામાનિક દેવોની સંખ્યા૬૪હજારછે.બલીન્દ્રનાસામાનિકદેવોનીસંખ્યા ૬૦ હજાર છે. ધરણેન્દ્રના સામાનિક દેવોની સંખ્યા ૬ હજાર છે. આ પ્રમાણે ૬ હજાર અસુરવર્જ ધરણેન્દ્રાદિ ૧૮ ભવન વાસીન્દ્રોના સામાનિક દેવો છે તેમજ એમના આત્મરક્ષક દેવો સામાનિક દેવો કરતાં ચારગણાછે.દક્ષિણદિગ્વર્તીચમરેન્દ્ર વર્જિત ભવનપતીન્દ્રોનો પદાત્યનીકાધિ પતિ ભદ્ર સેન છે. તથા ઉત્તર દિગ્વર્તી બલિ વર્જિત ભવનપતીન્દ્રોનો પદાત્યનીકાધિપતિ દક્ષ છે.

એજ પ્રમાણે આ પૂર્વમાં ભવનવાસિયોના સંબંધમાં કથન પ્રગટ કરવામાં આવેલું છે તે પ્રમાણે જ વાનવ્યંતરો તેમજ જ્યોતિષ્ક દેવોના સંબંધમાં પણ કથન સમજી લેવું જોઈએ. સામાનિક દેવોની સંખ્યા ચાર હજારો છે. એમની પટ્ટ દેવીઓ ચાર હોય છે. એમના આત્મરક્ષક દેવો ૧૬ હજાર હોય છે. એમના યાન-વિમાનો એક હજાર યોજન જેટલા લાંબા-ચોડા હોય છે. મહેન્દ્ર ધ્વજની ઊંચાઈ ૧૨૫ યોજન જેટલી છે. દક્ષિણ દિગ્વર્તી વ્યાન્તરોની ઘંટાઓ મંજુસ્વરા નામની છે અને ઉત્તર દિગ્વર્તી વાનવ્યતરોની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મંજુઘોષી નામક હોય છે. એમના પદાત્યનીકાધિપતિ અને વિમાનકારી આભિયોગિક દેવો હોય છે. વ્યંતરોના આ પૂર્વોક્ત કથન મુજબ જ જ્યોતિષ્ક દેવોનું કથન પણ જાણવું જોઈએ. પરંતુ જ્યોતિષ્કોના કથનમાં જે બાબતમાં તફાવત છે તે આ પ્રમાણે છે- સમસ્ત ચન્દ્રોની ઘંટાઓ સુસ્વર નામક છે. સમસ્ત સૂર્યોની ઘંટાઓ સુસ્વર નિર્ઘોષ નામક છે. એ બધા મંદર પર્વત ઉપર આવ્યાં. ત્યાં આવીને બધા દેવોએ પ્રભુની પર્યુપાસના કરી.

ત્યાર બાદ તે પૂર્વ વર્ણિત દેવેન્દ્ર દેવરાજ અચ્યુત-દ્વાદશ દેવલોકના અધિપતિએ કે જે ૬૪ ઈન્દ્રોમાં મહાન્ લબ્ધ પ્રતિષ્ઠિત છે,-આભિયોગિક દેવોને બોલાવ્યા. હે દેવાનુ પ્રિયો ! તમે લોકો યથા શીઘ્ર તીર્થંકરના અભિષેકની સામગ્રી ઉપસ્થિત કરો. આ સામગ્રી મહાર્થવાળી હોય, જેમાં મણિ કનક રત્ન વગેરે પદાર્થો સમ્મિ લિત હોય, મહાર્ઘ હોય, વિશિષ્ટ મૂલ્યવાળી હોય. મહાર્હ હોય-ઉત્સવ લાયક હોય, વિપુલ હોય-માત્રામાં ખૂબ વધારે હોય આ પ્રમાણે પોતાના સ્વામીની આજ્ઞા સાંભળીને તે આભિયોગિક દેવો હર્ષાવેશમાં ત્યાંથી ઈશાન કોણ તરફ રવાના થયા. ઈશાન કોણ તરફ જઈને ત્યાં તેમણે વૈક્રિય સમુદ્ઘાત કર્યો. વૈક્રિય સમુદ્ઘાત કરીને પછી તેમણે ૧૦૦૮ સુવર્ણ કળશોની, ૧૦૦૮ રૂપ્યમય કળશોની ૧૦૦૮ મણિમય કળશોની, ૧૦૦૮ સુવર્ણ રૂપ્યમય કળશોની ૧૦૦૮ સુવર્ણ મણિમય કળશોની, ૧૦૦૮ રૂપ્ય મણિમય કળશો, ૧૦૦૮ સુવર્ણરૂપ્ય મણિમય કળશોની ૧૦૦૮ માટીના કળશોની ૧૦૦૮ ચંદનના કળશોની ૧૦૦૮ ઝારી ઓની, ૧૦૦૮ દર્પણોની, ૧૦૦૮ થાળોની ૧૦૦૮ પાત્રીઓની, ૧૦૦૮ સુપ્રતિષ્ઠકોની, ૧૦૦૮ ચિત્રોની, ૧૦૦૮ રત્ન કરંડકોની ૧૦૦૮ વાત કરંડકોની ૧૦૦૮ પુષ્પ ચંગેરિકા ઓની વિકુર્વણા કરી. જે પ્રમાણે રાજપ્રશ્નીય સૂત્રમાં ઈન્દ્રાભિષેક વખતે સૂર્યાભ દેવના પ્રકરણમાં સમસ્ત ચંગેરીકાઓની સમસ્ત પુષ્પ પટલોની વિકુર્વણા કરવામાં આવી હતી, તે પ્રમાણે જ અહીં પણ એ બધી અભિષેક યોગ્ય સામગ્રીની અતિ વિશિષ્ટ રૂપમાં વિકુર્વણા કરવામાં આવી હતી, એવું સમજવું.

આ પ્રમાણે તે દેવોએ ૧૦૦૮ સિંહાસનોની, ૧૦૦૮ છત્રોની, ૧૦૦૮ ચામરોની, ૧૦૦૮ તેલ સમુદ્ગકોની યાવત્ એટલા જ કોષ્ઠ સમુદ્ગકોની, સર્ષવ સમુદ્ગકોની, તાલ વૃન્તોની યાવત્ ૧૦૦૮ ધૂપ કડુચ્છકોની પછી તે દેવલોકમાં, દેવલોકની જેમ સ્વયંસિદ્ધ શાશ્વત કળશોને તેમજ વિક્રિયાથી નિષ્પાદિત કળશોને યાવત્ ભૃંગારથી માંડીને વ્યંજનાન્તની વસ્તુઓને અને ધૂપકડુચ્છુકોને લઈને જ્યાં ક્ષીરોદ-સમુદ્ર હતો. ત્યાં આવ્યા. ત્યાં આવીને તેમણે તેમાંથી ક્ષીરોદક કળશોમાં ભર્યું. ક્ષીરોદક ભરીને પછી તેમણે ત્યાં જેટલા ઉત્પલો હતાં, પદ્મો હતાં, યાવત્ સહસ્ર પત્રવાળાં કમળો હતાં. તે બધાને લીધાં અહીં પુષ્કરોદક નામક તૃતીય સમુદ્રમાંથી તેમણે ઉદકાધિક લીધાં. પછી મનુષ્ય ક્ષેત્ર સ્થિત પુષ્કરવર દ્વીપાર્ધના ભરત ઐરવતના માગધાદિક તીર્થોમાં આવીને તેમણે ત્યાંથી પાણી અને મૃત્તિકા લીધાં. ત્યાંથી પાણી અને મૃત્તિકા લઈને પછી તેમણે ત્યાંની ગંગા વગેરે મહા નદીઓનું પાણી યાવત્ ઉદક ઉભય તટની મૃત્તિકા લીધી. તથા ક્ષુદ્ર હિમવાન્ પર્વતથી સમસ્ત આમલક આદિ કષાય દ્રવ્યોને, ભિન્ન-ભિન્ન જાતિના પુષ્પોને, સમસ્ત ગન્ધ દ્રવ્યોને ગ્રથિતાદિ ભેદવાળી માળાઓને, રાજહંસી વગેરે મહૌ-ષધિઓને અને સર્ષપોને લીધાં. પદ્મદ્રહથી દ્રહોદક અને ઉત્પલાદિ લીધાં.

એજ કુલ પર્વતમાંથી, વૃત્ત વૈતાઢ્યોમાંથી તેમજ સર્વ મહા સમુદ્રોમાંથી સમસ્ત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભરતાદિ ક્ષેત્રો- માંથી, સમસ્ત ચક્રવર્તી વિજયોમાંથી વક્ષસ્કાર પર્વતોમાંથી અન્તર નદીઓમાંથી, જલાદિકો લીધા. યાવત્ ઉત્તર કુરૂ આદિ ક્ષેત્રોમાંથી તેમજ દ્રહ દશકો- માંથી યથા સંભવ વસ્તુઓ લીધી. આ પ્રમાણે જમ્બુ દ્વીપસ્થ પૂર્વાર્દ્ધ મેરુમાં સ્થિત ભદ્ર- શાલ વનમાંથી નન્દનવનમાંથી, સૌમનસવનમાંથી અને પંડકવનમાંથી સમસ્ત તુવ- રાદિ પદાર્થો લીધાં. યાવત્ સિદ્ધાર્થ, સરસ ગોશીર્ષ ચન્દન અને દિવ્ય પુષ્પમાળાઓ લીધાંઆ પ્રમાણે જ ધાતકી ખંડસ્થમેરુના ભદ્રશાલ વનમાંથી, સર્વતુવર પદાર્થોને યાવત્ સિદ્ધાર્થોને લીધાં. આ પ્રમાણે જ એના નન્દન વનમાંથી સમસ્ત તુવર પદાર્થોને યાવત્ સિદ્ધાર્થોને લીધા. સરસ ગોશીર્ષ ચન્દન લીધું. દિવ્ય સુમનો દામો લીધાં. આ પ્રમાણે સૌમનસવનમાંથી, પંડકવનમાંથી, સર્વ તુવરો ઔષધિઓને યાવત્ સુમનોદામોને, દર્દુર તેમજ મલયજ સુગંધિત ચન્દન લીધાં.

[૨૪૦-૨૪૩] ત્યાર બાદ જ્યારે અભિષેક યોગ્ય બધી સામગ્રી ઉપસ્થિત થઈ ગઈ ત્યારે તે દેવેન્દ્ર દેવરાજ અચ્યુતે પોતાના ૧૦ હજાર સામાનિક દેવોની સાથે ૩૩ ત્રાયસ્ત્રિંશ દેવોની સાથે ચાર લોકપાલોની સાથે, ત્રણપરિષદાઓની સાથે તથા સાત અનીકો સાથે સાત અનીકાધિપતિઓની સાથે ૪૦ આત્મરક્ષક દેવોની સાથે આવૃત થઈને તે સ્વાભાવિક અને વિકુર્વિત તેમજ લાવીને સુન્દર કમળોની ઉપર મૂકવામાં આવેલા સુગંધિત, સુંદર નિર્મળ જળથી પૂરિત, ચન્દનથી ચર્ચિત થયેલા, માળાથી કંઠમાં આબદ્ધ થયેલા, પદ્મ અને ઉત્પલ રૂપ ઢાંકણથી આચ્છાદિત થયેલા તેમજ સુન્દર સુકુ- માર કરતલોમાં ધારણ કરવામાં આવેલા, ૧૦૦૮ સુવર્ણના કળશોથી યાવત્ ૧૦૦૮ માટીના કળશોથી આમ બધા થઈને ૮૦૬૪ કળશોથી યાવત્ ભૃંગારકાદિકોથી તેમજ સમસ્ત તીર્થોમાંથી લાવવામાં આવેલા જળથી, સમસ્ત તુવર પદાર્થોથી, યાવત્ સમસ્ત પુષ્પોથી, સર્વૌષધિઓથી તેમજ સમસ્ત સર્ષપોથી, પોતાની સમસ્તઋદ્ધિ તેમજ દ્યુતિ વગેરે વૈભવથી યુક્ત થઈને મંગળ વાદ્યોના ધ્વનિ સાથે તીર્થંકર પ્રભુનો અભિષેક કર્યો.

જે વખતે અચ્યુતેન્દ્ર ભારે ઠાઠ માઠ સાથે પ્રભુનો અભિષેક કરી રહ્યો હતો, તે વખતે બીજા જે ઈન્દ્રાદિક દેવો હતા, તેઓ એ પોતપોતાના હાથોમાં કોઈએ છત્ર લઈ રાખ્યું હતું, કોઈએ ચામર લઈ રાખ્યો હતા, કોઇએ ધૂપ કટાહ લઇ રાખ્યો હતો, કોઇએ પુષ્પો લઇ રાખ્યાં હતાં. કોઈએ ગંધ દ્રવ્યો લઇ રાખ્યાં હતાં,. યાવત્ કોઇએ માળાઓ લઈ રાખી હતી. તેમજ કોઇએ ચૂર્ણ લઈ રાખ્યું હતું. બધા ઈન્દ્રાદિક દેવો હર્ષ અને સંતોષથી વિભોર થઈને હાથ જોડીને પ્રભુની સામે ઊભા હતા. એમાંથી કેટલાક વજ્ર લઈને ઊભા હતા અને કેટલાક બીજા શસ્ત્રો લઈને ઉભા હતા. કેટલાક દેવોએ ત્યાં હિરણ્ય-રુપ્યની વર્ષા કરી. કેટલાક દેવોએ ત્યાં સુવર્ણની, રત્નોની, વજ્રોની, આભર ણોની, પત્રોની, પુષ્પોની, ફળોની, બીજોની, સિદ્ધાર્થાદિકોની, માલ્યોની, ગંધવાસોની, તેમજ હિંગુલક વગેરે વર્ણની વર્ષા કરી કેટલાક દેવોએ ત્યાં અન્ય દેવોના માટે હિરણ્ય વિધિ રૂપ મંગળ પ્રકારો આપ્યા. આ પ્રમાણે યાવત્ કેટલાક દેવોએ દેવોએ ચૂર્ણ વિધિ રૂપ મંગળ પ્રકારો બીજા દેવોને આપ્યા.

કેટલાક દેવોએ ત્યાં ચાર પ્રકારના-તત વિતત, ઘન, અને શુષિર આ ચાર પ્રકાર ના વાદ્યો વગાડ્યા. કેટલાક દેવો ત્યાં ચાર પ્રકારના ગીતો ગાવા લાગ્યાં. તે ચાર પ્રકાર ના ગીતો આ પ્રમાણે ઉત્ક્ષિપ્ત ૧, પાદાન્ત ૨, મંદાય ૩, અને રોચિતાવસાન ૪, કેટલાક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેવોએ ચાર પ્રકારનું નાટ્ય-નર્તન કર્યું. નાટકોના તે ચાર પ્રકારો આ પ્રમાણે અંચિત ૧, દ્રુત ૨, આરભટ ૩, અને ભસોલ ૪. કેટલાક દેવોએ ચારે પ્રકારનો અભિનય કર્યો. તે ચાર પ્રકારનો અભિનય આ પ્રમાણે છે. દૃષ્ટાન્તિક, પ્રાતિશ્રુતિક, સામાન્યતો વિનિપાતિક તેમજ લોક મધ્યાવસાનિક કેટલાક દેવોએ ૩ર પ્રકારની દિવ્ય નાટ્ય વિધિઓનું પ્રદર્શન કર્યું. કેટલાક દેવોએ ત્યાં તાંડવ નામક નાટક કર્યું. કેટલાક દેવોએ રાસ લીલા કરી. કેટલાક દેવોએ પોતાની જાતને અતીવ સ્થૂળ રૂપમાં પ્રદર્શિત કરવા રૂપ અભિનય કર્યો, કેટલાક દેવોએ ક્રમશઃ પીનત્વાદિ બધા કાર્યો કર્યા. કેટલાક દેવોએ ઘોડાઓની જેમ હણ હણવાનો આ પ્રમાણે કેટલાક દેવોએ હાથીની જેમ ચિંઘાડવાની-ચીસો પાડવાની શરૂઆત કરી. કેટલાક દેવોએ રથોની જેમ પરસ્પરમાં સંઘટ્ટન કર્યું આ પ્રમાણે વિજયના પ્રકરણમાં કહ્યાં મુજબ દેવો ચોમેરથી સારી રીતે અલ્પ-અલ્પ પ્રમાણમાં અને પ્રકર્ષ રૂપમાં દોડ્યા.

ત્યાર બાદ સપરિવાર અચ્યુતેન્દ્ર તીર્થંકરનો તે વિશાળ અભિષેકની સામગ્રીથી અભિષેક કર્યો. આનીત પવિત્ર ઉદકથી પ્રભુને સ્નાન કરાવ્યું. સ્નાન કરાવીને પછી તેણે પ્રભુને બન્ને હાથોની અંજલિ બનાવીને નમસ્કાર કર્યા અને જય-વિજય શબ્દો વડે તેઓ શ્રીને અભિનંદિત કર્યા. યાવત્ કાન્ત, પ્રિય, મનોજ્ઞ, વચનોથી જય-જય શબ્દોનો પુનઃ પ્રયોગ કર્યો. પ્રભુના શરીરનું પક્ષ્મલ, સુકુમાર, સુગંધિત વસ્ત્રથી પ્રોચ્છન કર્યું. પ્રભુને વસ્ત્ર અને અલંકારોથી વિભૂષિત કર્યા. એથી પ્રભુ તે વખતે સાક્ષાત્ કલ્પ વૃક્ષ જેવા લાગવા માંડ્યા. પાંચ વર્ણોથી યુક્ત પુષ્પો વડે પૂજા કરી. તે પૂજામાં જાનૂત્સેધ પ્રમાણ પુષ્પોનો ઢગલો કર્યો. આ પ્રમાણે જાનૂત્સેધ પ્રમાણ પુષ્પોની ઊંચી રાશી કરી તેણે ચન્દ્ર-કાન્ત કર્કેતનાદિ રત્ન, વજ્ર અને વૈડૂર્ય એમનાથી જેનો વિમલ દંડ બનાવવામાં આવ્યો ગન્ધોત્તમ ધૂપથી તે યુક્ત છે, તેમજ જેમાંથી ધૂપ-શ્રેણીઓ નીકળી રહી છે, એવા ધૂપ કડુચ્છુકધૂપ સળગાવવાના કટાહ કે જે વૈડૂર્ય રત્નથી નિર્મિત હતો લઈને ખૂબ જ સાવ-ધાની પૂર્વક તેમાં ધૂપ સળગાવ્યો. ધૂપ સળગાવીને પછી તેણે જિનવરેન્દ્રની સાત-આઠ ડગલા આગળ વધીને દશે આંગળીઓ જેમાં પરસ્પર સંયુક્ત થયેલી છે, એવી અંજલિ બનાવીને ૧૦૮ વિશુદ્ધ પાઠોથી યુક્ત એવા મહા કાવ્યોથી કે જેઓ અર્થ યુક્ત હતા, ચમત્કારી વ્યંગ્યોથી યુક્ત હતા. તેમજ અપુનરુક્ત હતા-તેણે સ્તુતિ કરી.

સ્તુતિ કરીને પછી તેણે પોતાના વામ જાનુને ઊંચો કર્યો. ઉંચો કરીને યાવત્ બન્ને હાથ જોડીને, મસ્તક ઉપર અંજલિ બનાવીને સ્તુતિ કરી. હે સિદ્ધ ! હે નીરજ ! કર્મરજ રહિત ! હે શ્રમણ ! હે સમાહિત ! અનાકુલ ચિત્ત, કૃત કૃત્ય હોવાથી અથવા અવિસંવા-દિત વચનોવાળા હોવાથી, હે સમાપ્ત!હે નિર્ભય ! હે-નીરાગદ્વેષ ! હે નિર્મમ ! હે નિસ્સંગ ! હે નિઃશલ્ય ! હે માન મૂરણ ! હે માન મર્દન ! હે ગુણ રત્ન શીલ સાગર ! હે અનંત ! હે અપ્રમેય ! હે ભવ્ય-મુક્તિ ગમન યોગ્ય, હે ધર્મવર ! ચાતુરન્તર ચક્રવર્તિન્ ! અરિહંત ! જગત્પૂજ્ય એવા આપને મારા નમસ્કાર છે. વન્દના તેમજ નમસ્કાર કરીને પછી તે પોતા ના યથોચિત સ્થાન ઉપર ધર્મ સાંભળવાની અભિલાષાવાળો થઈને યાવત્ પર્યુપાસના કરવા લાગ્યો. જે પ્રમાણે આ પૂર્વોક્ત પદ્ધતિ મુજબ અત્યુતેન્દ્રના અભિષેક કૃત્ય સ્પષ્ટ કપવામાં આવ્યું છે તે પ્રમાણે જ પ્રાણાતેન્દ્ર યાવત્ ઈશાનેન્દ્રનું પણ અભિષેક-કૃત્ય કહી લેવું જોઈએ. આ પ્રમાણે ભવનપતિ વાનવ્યંતર તેમજ જ્યોતિષ્કના ઈન્દ્ર, ચન્દ્ર, સૂર્ય એ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બધા ઈન્દ્રોએ પણ પોત-પોતાના પરિવાર સાથે પ્રભુનો અભિષેક કર્યો.

ત્યાર બાદ ઈશાનેન્દ્રે પાંચ ઈશાનેન્દ્રોની વિકુર્વણા કરી. એમાંથી એક ઈશાનેન્દ્રે ભગવાન તીર્થંકરને પોતાના કરતલ સંપુટમાં ઉઠાવ્યા. અને પકડીને પૂર્વદિશા તરફ મુખ રાખીને સિંહાસન પર બેસાર્યા બીજા ઈશાનેન્દ્રે પાછળ ઊભા રહીને પ્રભુ ઉપર છત્ર તાણ્યું. બે ઈશાનેન્દ્રોએ બન્ને તરફ ઊભા રહીને પ્રભુ ઉપર ચામર ઢોળાવની શરુઆત કરી. એક ઈશાનેન્દ્ર હાથમાં શૂલ લઈને પ્રભુની સામે ઊભો રહ્યો. ત્યારબાદ દેવેન્દ્ર દેવરાજ શક્રે પોતાના આભિયોગિક દેવોને બોલાવ્યા અને બોલાવીને તેણે પણ અચ્યુતેન્દ્રની જેમ તે બધાને અભિષેક યોગ્ય સામગ્રી એકત્ર કરવાની આજ્ઞા કરી. ત્યાર બાદ દેવેન્દ્ર દેવરાજ શક્રે ભગવાન તીર્થંકરની ચારે દિશાઓમાં ચાર સફેદ વૃષભોની વિકુર્વણા કરી. એ ચાર વૃષભો શંખના ચૂર્ણ જેવા અતિનિર્મળ દધિના ફીણ જેવા, ગો-ક્ષીર જેવા, તેમજ રજત સમૂહ જેવાં શ્વેતવર્ણવાળા હતાં. પ્રાસાદીય-મનને પ્રસન્ન કરનાર હતા, દર્શનીય-દર્શન યોગ્ય હતા, અભિરૂપ અને પ્રતિરૂપ હતા. આ ચારે વૃષભોના આઠ શૃંગોથી આઠ જળ ધારાઓ નીકળી રહી હતી. એ આઠ જળ ધારાઓ ઉપર આકાશ તરફ જઈ રહી હતી-ઉછળી રહી હતી. અને ઉછળીને એકત્ર થઈ જતી હતી. પછી તે ભગવાન તીર્થંકરના મસ્તક ઉપર પડતી હતી. ત્યાર બાદ દેવેન્દ્ર દેવરાજ શક્રે પોતાના ૮૪ હજાર સામાનિક દેવો તેમજ ૩૩ ત્રાયસ્ત્રિંશ દેવો આદિથી આવૃત્ત થઈને તે સ્વાભાવિક તેમજ વિકુર્વિત કળશો વડે ખૂબજ ઠાઠ-માઠથી તીર્થંકર પ્રભુનો અભિષેક કર્યો. અભિષેક બાદ શક્રે પણ અચ્યુતેન્દ્રની જેમ પ્રભુની પૂર્વોક્ત સિદ્ધ-બુદ્ધ આદિ પદો વડે સ્તુતિ કરતાં તેમની વંદના કરી. અને નમસ્કાર કર્યા. ત્યાર બાદ તે તેઓશ્રીની સેવા કરવાની ભાવનાથી પોતાના યથોચિત સ્થાને આવીને ઊભો રહ્યો.

[૨૪૪] ત્યાર બાદ તે દેવેન્દ્ર દેવરાજ શક્રે પાંચ શક્રોની વિકુર્વણા કરી. એમાંથી એક શક્રના રૂપે ભગવાન્ તીર્થંકરને પોતાના કરતલ પુટમાં ઉપાડ્યા એક બીજા શક્ર રૂપે પાછળ ઊભી રહીને તેમની ઉપર છત્ર તાણ્યું. બે શક્રોના રૂપોએ ભગવાનના બન્ને પાર્શ્વભાગમાં ઊભા રહીને તેમની ઉપર ચમર ઢોળ્યા. એક શક્રના રૂપે હાથમાં વજ્ર ધારણ કરીને તે તેમની સામે ઉભો રહ્યો. ત્યાર બાદ તે શક્ર ૮૪ હજાર સામાનિક દેવોથી તેમજ યાવત્અન્ય ભવનપતિ વાનવ્યંતર તથા જ્યોતિષ્ક દેવોથી અને દેવીઓથી આવૃત થઈને પોતાની પૂર્ણ ઋદ્ધિની સાથે-સાથે યાવત્ વાદ્યોની તુમુલ ધ્વનિ યુક્ત તે ઉત્કૃષ્ટાદિ વિશેષણોવાળી ગતિથી ચાલતો-ચાલતો જ્યાં ભગવાન્ તીર્થંકરનું જન્મ નગર હતું અને તેમાં પણ જ્યાં તીર્થંકરના માતાશ્રી હતાં ત્યાં આવ્યો. આવીને તેણે ભગવાન્ તીર્થંકરને માતાની પાસે મૂકી દીધા અને જે તીર્થંકરના અનુરૂપ બીજું રૂપ બનાવીને તેમની પાસે મૂક્યું હતું તેનું પ્રતિસંહરણ કરી લીધું જિન પ્રતિકૃતિને પ્રતિસં હરિત કરીને માતાની નિદ્રાને પણ પ્રતિસંહરિત કરી દીધી. નિદ્રાને પ્રતિસંહરિત કરીને પછી તેણે ભગવાન તીર્થંકરના ઓશિકા તરફ એક ક્ષોમ યુગલ અને કુંડળ યુગલ મૂકી દીધાં.

ત્યાર બાદ તેણે એક શ્રી દામકાંડ કે જે તપનીય સુવર્ણના ઝુમન કથી યુક્ત હતું સુવર્ણના વર્કોથી મંડિત હતું એવું અનેક મણિઓથી તેમજ રત્નોથી નિર્મિત વિવિધ હારોથી, અર્ધહારોથી, ઉપશોભિત સમુદાય યુક્ત હતું તેને ભગવાન તીર્થંકરની ઉપર તાણવામાં આવેલા ચંદરવામાં લટકાવી દીધું. ભગવાન્ તીર્થંકર તે ઝુંબનક યુક્ત શ્રી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દામ ખંડને અનિમિષ દૃષ્ટિથી જોતાં-જોતાં સુખ પૂર્વક આનંદ સાથે રમતા રહેતા. ત્યાર બાદ દેવેન્દ્ર દેવરાજ શક્રે વૈશ્રમણ કુબેરને બોલાવ્યો. અને બોલાવીને તેને આ પ્રમાણે કહ્યું હે દેવાનુપ્રિય ! તમે શીઘ્ર ૩૨ હિરણ્યકોટિઓને, ૩૨ સુવર્ણ કોટિઓને, ૩૨ નન્દોને-વૃત્ત લોહાસનોને તેમજ ૩૨ ભદ્રાસનોને કે જેઓ અતીવ સુંદર અને ચમકતા હોય, ભગવાન તીર્થંકરના જન્મભવનમાં લાવો-સ્થાપિત કરો. અને એ સર્વની સ્થાપના કરીને આજ્ઞા પૂરી કરવામાં આવી છે એની મને ખબર આપો. ત્યાર બાદ વૈશ્રમણ વડે કહેવા-માં આવેલા તે જંભૃક દેવો બહુજ અધિક હર્ષિત તેમજ સંતુષ્ટ ચિત્તવાળા થયા અને યાવત્ તેમણે બહુજ શીઘ્ર ૩૨ હિરણ્ય કોટિઓ વગેરેને ભગવાન્ તીર્થંકરના જન્મ ભવનમાં સ્થાપિત કર્યા. તત્પાશ્ચાત્ તે વૈશ્રમણ દેવ જ્યાં દેવેન્દ્ર દેવરાજ બિરાજમાન હતો ત્યાં આવીને તેમને કાર્ય પૂર્ણ કર્યાની ખબર આપી.

ત્યાર બાદ તે દેવેન્દ્ર દેવરાજ શક્રે આભિયોગિક દેવોને બોલાવ્યા. દેવાનુપ્રિયો ! તમે શીઘ્ર ભગવાન્ તીર્થંકરના જન્મનગરમાં જે શ્રૃંગાટકો વગેરે મહાપથો છે ત્યાં જઇને જોર-શોરથી ઘોષણા કરીને આ પ્રમાણે કહો તમે બધાં ભવનપતિ વાનવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવ અને દેવીઓ સાંભળો કે જે દેવાનુપ્રિય તીર્થંકર કે તીર્થંકરના માતાના સંબંધમાં અશુભ સંકલ્પ કરશે તેનું મસ્તક આર્યક વનસ્પતિ વિશેષની મંજરિકાની જેમ સો-સો કકડાના રૂપમાં થઈ જશે. આ પ્રમાણે શક્ર વડે આજ્ઞપ્ત થયેલા તે આભિયોગિક દેવોએ આજ્ઞાને હે સ્વામિન્ ! એવી જ ઘોષણા અમે કરીશું. પોતાના સ્વામી દેવેન્દ્ર દેવ-રાજ શક્રની આજ્ઞાનો સ્વીકાર કરીને પછી તેઓ ત્યાંથી આવતા રહ્યા. આવીને પછી અતીવ શીઘ્ર ભગવાન્ તીર્થંકરના જન્મ નગર સ્થાન શ્રૃંગાટક, ત્રિક, ચતુષ્ક વગેરે માર્ગો ઉપર તેઓ પહોંચી ગયા અને ત્યાં આ જાતની ઘોષમા કરવા લાગ્યા-આપ સર્વ ભવનપતિ, વાનવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવ તેમજ દેવીઓ સાંભળો. જે કોઈ તીર્થંકરના માતાના સંબંધમાં દુષ્ટ સંકલ્પ કરશે. તેનું માથું આજઓ નામક વનસ્પતિ વિશેષની મંજરિકાની જેમ સો-સો કકડાવાળું થઈ જશે. ત્યાર બાદ તે બધા ભવનપતિ વાનવ્યંતર જ્યોતિષ્ક તેમજ વૈમાનિક દેવોએ ભગવાન્ તીર્થંકરના જન્મનો મહિમા કર્યો. જન્મનો મહિમા કરીને પછી તેઓ જ્યાં નંદીશ્વર દ્વીપ હતો, ત્યાં આવ્યા. ત્યાં આવીને તેમણે અષ્ટાહ્નિકા મહોત્સવ સંપન્ન કર્યો.

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**વક્ષસ્કાર-૫-ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરાછાયા પૂર્ણ**

## વક્ષસ્કાર ૬

[૨૪૫-૨૪૯] હે ભદન્ત ! જમ્બૂદ્વીપ નામક દ્વીપના પ્રદેશો શું લવણ સમુદ્રને સ્પર્શે છે ? હા ગૌતમ ! જંબુદ્વીપના જે ચરમ પ્રદેશો લવણસમુદ્રાભિમુખ છે. તે લવણ સમુદ્રને સ્પર્શે છે. હે ભદંત ! લવણસમુદ્રને સ્પર્શનારા જે જમ્બૂદ્વીપના ચરમપ્રદેશો છે તે શું જંબૂદ્વીપના જ કહેવાશે ? હે ગૌતમ ! તે જંબૂદ્વીપના ચરમપ્રદેશો કે જેઓ લવણસમુદ્રને સ્પર્શી રહ્યા છે, તેઓ પરંતુ જંબુદ્વીપના જ કહેવાશે. આ પ્રમાણે લવણસમુદ્રના ચરસ પ્રદેશો કે જેઓ જંબૂદ્વીપને સ્પર્શે છે તે પણ આ પ્રમાણે જ સમજી લેવા જોઈએ. હે ભદન્ત ! જંબૂદ્વીપમાં આવેલા જીવો પોતપોતાના આયુષ્યના અંતમાં મરણ પામીને શું લવણ સમુદ્રમાં ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! કેટલાક જીવો એવા છે કે જેઓ જંબૂદ્વીપમાં મરીને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લવણસમુદ્રમાં જન્મ લે છે. અને કેટલાક જીવો એવા પણ છે કે જેઓ જંબૂદ્વીપમાં મૃત્યુ પામીને લવણસમુદ્રમાં જન્મ ગ્રહણકરતાનથી.આ પ્રમાણે લવણસમુદ્રમાં મૃત્યુ પામેલા કેટલાક જીવોની ઉત્પત્તિ જંબૂદ્વીપમાં હોય છે અને કેટલાક જીવોની ઉત્પત્તિ હોતી નથી. ખંડદ્વારથી, યોજનદ્વારથી, ભરતાદિ રૂપ વર્ષદ્વારથી, મન્દરાદિ રૂપ પર્વતદ્વારથી, તીર શિખર રૂપ કૂટદ્વારથી, મગધાદિ રૂપ તીર્થદ્વારથી, વિદ્યાધરોથી શ્રેણીદ્વારથી ચક્રવર્તિ ઓના વિજયદ્વારથી, હ્રદયદ્વારથી તેમજ નદી રૂપ સલિલદ્વારથી-'આ છઠ્ઠા વક્ષસ્કારમાં એ દશ પદાર્થોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

એક લાખ યોજન વિસ્તારવાળા જમ્બૂદ્વીપના ખંડગણિત મુજબ ભરતક્ષેત્ર પ્રમાણ ખંડો કરીએ તો ૧૯૦ ખંડો થશે. ૫૨૬-૬/૧૯ ને ૧૯૦ વખત એકત્ર કરવાથી જંબૂદ્વીપનો એક લાખ યોજન પ્રમાણ વિસ્તાર થઈ જાય છે. દક્ષિણ અને ઉત્તરના ખંડોની જોડ પહેલાં ભરતના અધિકારમાં કહેવામાં આવી છે એથી હવે તે વિશે અહીં સ્પષ્ટતા કરવામા આવશે નહિ. હે ગૌતમ ! ૭૯૦૫૬૯૪૧૫૦ યોજન જેટલું જંબૂદ્વીપનું ક્ષેત્રફળ છે. જંબૂદ્વીપનું ક્ષેત્રફળ ૧ ગવ્યૂત ૧૫૧૫ ધનુષ ૬૦ અંગુલ જેટલું છે. જંબૂદ્વીપની પરિ-ધિનું પ્રમાણ ૩૧૬૨૨૭ યોજન જેટલું છે.

હે ગૌતમ ! આ જંબૂદ્વીપ નામક દ્વીપમાં સાત ક્ષેત્રો કહેવામાં આવેલા છે. તેમના નામો આ પ્રમાણેછે ભરતક્ષેત્ર, ઐરવતક્ષેત્ર, હૈમવતક્ષેત્ર, હિરણ્યવર્ષ, હરિવર્ષ રમ્યક-વર્ષ અને મહાવિદેહ. હે ગૌતમ ! જંબૂદ્વીપમાં ૬ વર્ષધર પર્વતો આવેલા છે. એ ક્ષુલ્લ હિમવંત વગેરે નામવાળો છે. એમને વર્ષધર એટલા માટે કહેવામાં આવેલા છે કે એમના વડે ક્ષેત્રોનું વિભાજન કરવામાં આવ્યું છે. એક મંદરપર્વત કહેવામાં આવેલ છે અને એ પર્વત શરીરમાં નાભિની જેમ ઠીક જંબૂદ્વીપના મધ્ય ભાગમાં અવસ્થિત છે. એક ચિત્રકૂટ કહેવામાં આવેલ છે. એક વિચિત્ર કૂટ પર્વત કહેવામાં આવેલા છે. બે યમકપર્વતો કહે વામાં આવેલા છે. એ યમકપર્વતો ઉત્તર કુરુક્ષેત્રમાં છે. બસો કાંચનપર્વતો કહેવામાં આવેલા છે. દેવકુરુ અને ઉત્તરકુરુમાં જે ૧૦ દ્રહો છે. તેમના બન્ને કિનારાઓ ઉપર દરેક તટ પર ૧૦-૧૦ કાંચનપર્વતો છે. ૨૦ વક્ષસ્કાર પર્વતો છે. એમાં ગજદન્તના આકાર વાળા ગન્ધમાદન વગેરે ચાર તથા ચાર પ્રકારના મહાવિદેહમાં દરેકમાં ચારના સદ્-ભાવથી ૧૬ ચિત્રકૂટાદિક એ બધા મળીને ૨૦ વક્ષસ્કાર પર્વતો છે. ૩૪ દીર્ઘ વૈતાઢ્ય પર્વતો છે. એ વિજયોમાં અને ભરત ઐરવત એ બે ક્ષેત્રોમાં દરેકમાં એક-એક દીર્ઘ વૈતા-ઢ્ય છે. ચાર ગોળ આકારવાળા વૃત્તવૈતાઢ્ય પર્વતો છે. હૈમવત્ વગેરે ક્ષેત્રોમાં એક-એક વૃત્તવૈતાઢ્ય પર્વત છે. એથી એ બધા ચાર પર્વતો છે. આ પ્રમાણે જંબૂદ્વીપમાં એ બધા પર્વતોની કુલ સંખ્યા ૨૬૯ થાય છે એવું મેં મહાવીરેતેમજ બીજા તીર્થંકરોએ કહ્યું છે.

હે ગૌતમ ! જંબૂદ્વીપ નામક દ્વીપમાં ૫૬ વર્ષધર કૂટો આવેલા છે. તે આ પ્રમાણે છે-ક્ષુદ્ર હિમવાન્ પર્વત અને શિખરી એ બે પર્વતોમાંથી દરેક પર્વતમાં ૧૧-૧૧ કૂટો આવેલા છે. મહાહિમવન અને રુક્મી એ બે પર્વતોમાંથી દરેક પર્વતમાં ૯-૯ કૂટો આવેલા છે. આ પ્રમાણે મળીને બધા ૫૬ વર્ષધર કૂટો છે. ૯૬ વક્ષસ્કાર કૂટો આ જંબૂદ્વીપમાં છે. ૩૦૬ વૈતાઢ્ય કૂટો છે. મેરુપર્વત પર નવ કૂટો આવેલા છે. આ પ્રમાણે આ બધા કૂટો મળીને ૪૬૭ થાય છે. હે ગૌતમ ! ત્રણ તીર્થો કહેવામાં આવેલા છે. જેમકે માગધ, વરદામ અને પ્રભાસ હે ગૌતમ ! ઐરવત ક્ષેત્રમાં ત્રણ તીર્થો છે. તે આ પ્રમાણે માગધ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વરદામ અને પ્રભાસ હે ગૌતમ ! ચક્રવર્તી વિજયમાં ત્રણ તીર્થો છે. માગધ, વરદામ અને પ્રભાસ આ પ્રમાણે જંબૂદ્વીપમાં કુલ મળીને ૧૦૨ તીર્થો થઈ જાય છે. એવું મેં અને બીજા તીર્થંકરોએ કહ્યું છે. હે ગૌતમ ! જંબૂદ્વીપ નામક દ્વીપમાં ૬૮ વિદ્યાધર શ્રેણીઓ કહેવામાં આવેલી છે. ૩૪ વૈતાઢ્યોમાં દક્ષિણમાં અને ઉત્તરમાં એક-એક શ્રેણી છે. આ પ્રમાણે આભિયોગ્ય શ્રેણીઓ પણ ૬૮ છે. આ પ્રમાણે જમ્બૂ દ્વીપમાં બધી શ્રેણીઓ મળીને ૧૩૬ થાય છે. એવું તીર્થંકર પ્રભુનું કથન છે. હે ગૌતમ ! જંબુદ્વપનામક દ્વીપમાં ૩૪ ચક્રવર્તી વિજયો આવેલા છે. ૩૪ રાજધાનીઓ છે. ૩૪ તમિસ્ત્રા ગુફાઓ છે ૩૪ ખંડ-પ્રપાત ગુફાઓ છે. ૩૪ કૃતમાલક દેવો છે. ૩૪ નક્ર માલક દેવો છે અને ૩૪ ઋષભકૂટ નામક પર્વતો છે. હે ગૌતમ ! અહીં ૧૬ મહાદ્રહો કહેવામાં આવેલા છે. એમાં ૬ મહાદ્રહો ૬ વર્ષધર પર્વતોના અને શીતા તેમજ શીતોદા મહા નદીઓના દરેકના ૫-૫ આમ બધા મળીને એ મહાદ્રહો ૧૬ થઈ જાય છે.

હે ગૌતમ ! આ જંબૂદ્વીપમાં જે વર્ષધર પર્વસ્થ દ્રહોથી મહાનદીઓ નીકળી છે, એવી તે મહાનદીઓ ૧૪ છે. તેમજ જે મહાનદીઓ કુંડોમાંથી નીકળી છે તે ૭૬ છે. ૧૪ મહાનદીઓના નામો ગંગા સિંધુ વગેરે છે. દરેક ક્ષેત્રમાં એ મહાનદીઓ બબ્બે વહે છે. આ પ્રમાણે આ જંબૂદ્વીપ નામક દ્વીપમાં બધી મળીને ૯૦ મહાનદીઓ આવેલી છે. હે ગૌતમ ! ચાર મહાનદીઓ છે. તે આ પ્રમાણે છે. ગંગા, સિન્ધુ, રક્તા અને રક્તાવતી. એમાં એક-એક મહાનદી ૧૪, ૧૪ હજાર અવાન્તર નદીઓના પરિવારવાળી છે તેમજ પૂર્વસમુદ્ર અને પશ્ચિમ લવણસમુદ્રમાં જઈને મળે છે. આ પ્રમાણે જંબૂદ્વીપ નામક દ્વીપમાં ભરતક્ષેત્ર અને ઐરવતક્ષેત્રની બધી નદીઓ મળીને ૫૬ હજાર અવાન્તર નદીઓ છે. હે ગૌતમ ! એમાં ચાર મહાનદીઓ આવેલી છે. નદીઓના નામો આ પ્રમાણે છે. રોહિતા, રોહિતાંસા સુવર્ણકૂલા અને રૂપ્યકૂલા. એક-એક મહાનદીની પરિવારભૂતા અવાન્તર નદીઓ ૨૮ હજાર ૨૮ હજાર છે. એમાં જે હેમવતક્ષેત્રમાં રોહિંતા નામક મહાનદી છે તે પોતાની પરિવારભૂતા ૨૮ હજાર અવાન્તર નદીઓની સાથે પૂર્વ લવણસમુદ્રમાં જઈને મળે છે અને રોહિતાશા મહાનદી પોતાની પરિવારભૂતા ૨૮ હજાર નદીઓની સાથે પશ્ચિમ લવણસમુદ્રમાં જઈને મળી છે. આ પ્રમાણે હૈરણ્યવત ક્ષેત્રમાં જે સુવર્ણકૂલા મહા નદી છે તે પોતાની પરિવારભૂતા ૨૮ હજાર અવાન્તર નદીઓની સાથે પૂર્વલ વણમાં જઈને મળી છે અને રૂપ્યકૂલા મહાનદી પોતાની પરિવારભૂતા ૨૮ હજાર નદી ઓની સાથે પશ્ચિમ લવણસમુદ્રમાં મળી છે. આ પ્રમાણે જંબૂદ્વીપમાં હૈમવત અને હૈરણ્યવત એ બે ક્ષેત્રોની પોત-પોતાની પરિવારભૂત નદીઓની અપેક્ષાએ એક લાખ ૧૨ હજાર નદીઓ છે. એવું મેં અને બીજા તીર્થંકરોએ કહ્યું છે.

હે ગૌતમ ! ચાર મહાનદીઓ કહેવામાં આવેલી તેમના નામો આ પ્રમાણે હરી, હરીકાંતા, નરકાંતા અને નારીકાંતા. એમાં એક મહાનદીની પરિવારભૂતા અવાન્તર નદીઓ ૫૬, ૫૬ હજાર છે અને એ પૂર્વ અને પશ્ચિમ લવણસમુદ્રમાં જઈને મળી છે. આ પ્રમાણે એ ચાર નદીઓની પરિવારભૂતા નદીઓ મળીને જંબૂદ્વીપમાં ૨ લાખ ૨૪ હજાર નદીઓ છે. હે ગૌતમ ! બે મહાનદીઓ કહેવામાં આવેલી છે. તેમના નામો આ પ્રમાણે છે. એક સીતા અને બીજી સીતોદા. એમાં એક-એક મહાનદીની પરિવારભૂતા અવાન્તર નદીઓ ૫ લાખ ૩૨ હજાર છે અને બધી પૂર્વ અને પશ્ચિમ લવણસમુદ્રમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જઈને મળે છે. આ પ્રમાણે જંબૂદ્વીપ નામક દ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં ૧૦ લાખ ૬૪ હજાર અવાન્તર નદીઓ છે. આ પ્રમાણે તીર્થંકરોએ કહ્યું છે. હે ગૌતમ ! ૧ લાખ ૯૬ હજાર પૂર્વ-પશ્ચિમદિશાઓ તરફ વહેતી નદીઓ લવણસમુદ્રમાં મળે છે. એ નદીઓ સુમેરુ પર્વતની દક્ષિણદિશા તરફ આવેલી છે. હે ગૌતમ ! એક લાખ ૯૬ હજાર અવાન્તર નદીઓ પૂર્વ પશ્ચિમ તરફ વહેતી લવણસમુદ્રમાં મળે છે. એ બધી નદીઓ સુમેરુ પર્વતની ઉત્તરદિશામાં આવેલી છે. હે ગૌતમ ! સાત લાખ ૨૮ હજાર નદીઓ પૂર્વદિશા તરફ વહેતી લવણસમુદ્રમાં મળે છે હે ગૌતમ ! ૭ લાખ ૨૮ હજાર નદીઓ પશ્ચિમ તરફ પ્રવાહિત થતી લવણસમુદ્રમાં પ્રવિષ્ટ થાય છે. આ પ્રમાણે જંબૂદ્વીપમાં ૧૪ લાખ ૫૬ હજાર નદીઓ છે. એવું કથન તીર્થંકરોનું છે. તાત્પર્ય આ પ્રમાણે છે કે પૂર્વ સમુદ્રગામિની તેમજ પશ્ચિમ સમુદ્રગામિની નદીઓની સંખ્યા જંબૂદ્વીપમાં ૧૪ લાખ ૫૬ હજાર છે. જંબૂદ્વીપનો વ્યાસ એક લાખ ૫૬ હજાર જેટલો છે.

**વક્ષસ્કાર - ૬ - ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## વક્ષસ્કાર-૭

[૨૫૦-૨૫૬] હે ભદંત ! આ જંબૂદ્વીપ નામક મધ્ય દ્વીપમાં કેટલા ચંદ્રો પહેલાં ભૂતકાળમાં ઉદ્યોત આપનારા થયા છે ! વર્તમાનકાળમાં કેટલા ચન્દ્રમાઓ ઉદ્યોત આપે છે ? અને ભવિષ્યત્ કાલમાં કેટલા ચન્દ્રો ઉદ્યોત આપશે ? કેટલા સૂર્યો ભૂતકાળમાં આતપપ્રદાન કરનારા થયા છે ? વર્તમાનકાળમાં કેટલા સૂર્યો આતપપ્રદાન કરે છે ? અને ભવિષ્યકાળમાં કેટલા સૂર્યો આતપપ્રદાન કરશે ? વગેરે હે ગૌતમ ! જંબુદ્વીપ નામક આ મધ્ય દ્વીપમાં પૂર્વકાળમાં બે ચન્દ્રમાઓએ પ્રકાશ આપેલો છે. આપી રહ્યા છે. અને આપશે, બે સૂર્યોએ તાપ પ્રદાન કર્યું છે. કરે છે અને કરશે. ૫૬ નક્ષત્રોએ અહીં પૂર્વકાળ માં યોગ પ્રાપ્ત કરેલ છે, પ્રાપ્ત કરે છે અને પ્રાપ્ત કરશે. આ પ્રમાણે ૧૭૬ મહાગ્રહોએ અહીં પૂર્વકાળમાં ગતિ કરી છે, ગતિ કરે છે. અને કરતા રહેશે. ૧૩૩૯૫૦ તારાગણોની કોટાકોટીએ પૂર્વકાળમાં અહીં શોભા કરી છે, શોભિત થઈ રહ્યા છે અને શોભિત થશે.

હે ભદંત ! સૂર્યમંડળો કેટલા કહેવામાં આવેલા છે ? હે ગૌતમ ! ૧૮૪ સૂર્યમંડળ કહેવામાં આવેલા છે. હે ભદંત ! જંબૂદ્વીપ નામક દ્વીપમાં કેટલા ક્ષેત્રને અવ ગાહિત કરીને કેટલા સૂર્યમંડળો કહેવામાં આવેલા છે ? હે ગૌતમ ! જંબૂદ્વીપ નામક દ્વીપમાં ૧૮૦ યોજન ક્ષેત્રને અવગાહિત કરીને આગત ક્ષેત્રમાં ૬૫ સૂર્યમંડળો કહેવામાં આવેલા છે. લવણસમુદ્રમાં ૩૩૦૪૮ /૬૧ યોજન પ્રમાણ ક્ષેત્રને અવગાહિત કરીને આવેલ સ્થાનમાં ૧૧૯ સૂર્યમંડળો આવેલા છે. આ પ્રમાણે જંબૂદ્વીપગત સૂર્યમંડળ ૬૫ અને લવણસમુદ્ર ગત ૧૧૯ મંડળો જોડવાથી ૧૮૪ સૂર્યમંડળો થઈ જાય છે. હે ગૌતમ ! ૫૧૦ યોજનના અંતરથી સર્વ બાહ્ય સૂર્યમંડળ કહેવામાં આવેલું છે. હે ગૌતમ ! એક સૂર્યમંડળથી બીજા સૂર્યમંઢળનું અંતર અવ્યવધાનની અપેક્ષાએ બે યોજન જેટલું કહેવામાં આવેલું છે. હે ગૌતમ ! એક યોજનના ૬૧ ભાગ કરવાથી તેમાંથી ૪૮ ભાગ પ્રમાણ એક સૂર્યમંડળના આયામ-વિષ્કંભો છે. તથા ૪૮ ને ત્રણ ગણા કરવાથી ૧૪૪ ભાગ યોજન પ્રમાણ વધે છે. એમાં ૨ યોજન અને ૨૨ ભાગ શેષ રહે છે. તો આ પ્રમાણે કંઈક વધારે ૨ -૨૨ /૬૧ યોજન જેટલો પરિક્ષેપ કહેવામાં આવેલ છે. તેમજ આની ઉચ્ચતા એક યોજનના ૬૧

ભાગોમાંથી કંઈક અધિક ૨૪ ભાગ પ્રમાણ કહેવામાં આવેલ છે.

હે ગૌતમ ! અબાધાની અપેક્ષાએ સર્વાભ્યંતર સૂર્યમંડળ ૪૪૮૨૦ યોજન કહેવામાં આવેલ છે. હે ગૌતમ ! ૪૪૮૨૨ યોજન અને એક એક યોજનના ૬૧ ભાગો માંથી ૪૮ ભાગ પ્રમાણ દૂર પ્રથમ સર્વાભ્યંતર સૂર્યમંડળથી અનંતર દ્વિતીય સૂર્યમંડળ કહેવામાં આવેલ છે. હે ગૌતમ ! આ જંબૂદ્વીપ નામક દ્વીપમાં સ્થિત સુમેરુપર્વતથી ૪૪૮૨૫ યોજન તેમજ એક યોજનના ૬૧ ભાગોમાંથી ૪૮ ભાગ પ્રમાણ દૂર તૃતીય સૂર્યમંડળ સર્વાભ્યંતર સૂર્ય મંડળથી સ્થિત કહેવામાં આવેલ છે. હે ગૌતમ ! ૪૫૩૩૦ યોજન જેટલે દૂર સર્વ બાહ્ય સૂર્યમંડળ કહેવામાં આવેલ છે. આ પ્રમાણે સર્વ બાહ્ય સૂર્ય-મંડળનું કથન છે. હે ગૌતમ ! ૪૫૩૨૭ યોજન અને એક યોજન ૬૧ ભાગોમાંથી ૧૩ ભાગ પ્રમાણ દૂર સર્વ બાહ્ય સૂર્યમંડળ કહેવામાં આવેલ છે. હે ગૌતમ ! ૪૫૩૨૪ યોજન અને એક યોજનના ૬૧ ભાગોમાંથી ૨૬ ભાગ પ્રમાણની દૂર પર બાહ્ય તૃતીય સૂર્યમંડળ પશ્ચાદાનુપૂર્વી મુજબ કહેવામાં આવેલા છે. પૂર્વોક્તરીતિ મુજબ આ ઉપાયથી અહોરાત્ર મંડળના પરિત્યાગ રૂપ ઉપાયથી જંબૂદ્વીપમાં પ્રવિષ્ટ થતો સૂર્ય તદનંતર મંડળથી તદનં-તર મંડળ પર સંક્રમણ કરતો કરતો બે યોજન અને એક યોજનના ૬૧ ભાગોમાંથી ૪૮ ભાગ પ્રમાણ એક-એક મંડળ પર અબાધની બુદ્ધિને અલ્પ-અલ્પ કરતો સર્વાભ્યંતર મંડપ પર પહોંચીને ગતિ કરે છે.

[૨૫૭-૨૫૮] હે ભદંત ! આ જંબૂદ્વીપ નામક દ્વીપમાં સર્વાભ્યંતર સૂર્યમંડળ આ-યામ અને વિષ્કંભની અપેક્ષાએ કેટલા આયામ અને વિષ્કંભવાળો કહેવામાં આવ્યો છે. તેમજ પરિક્ષેપની અપેક્ષાએ તે કેટલા પરિક્ષેપવાળો કહેવામાં આવેલ છે ! હે ગૌતમ ! જંબૂદ્વીપ નામક દ્વીપમાં સર્વાભ્યંતર મંડળ ૯૯૬૪૦ યોજન પ્રમાણ આયામ વિષ્કંભ વાળો કહેવામાં આવેલ છે. તેમજ ૩૧૫૦૮૯ યોજન કરતાં કંઈક વિશેષાધિક પરિક્ષેપ વાળો કહેવામાં આવેલ છે. હે ગૌતમ ! દ્વિતીય અભ્યંતરાનન્તર સૂર્યમંડળ આયામ અને વિષ્કંભની અપેક્ષાએ ૯૯૬૪૫-૩૫ ૬૧ યોજન જેટલો છે. અને આની પરિધિનું પ્રમાણ ૩ ૧૫૧૦૭ યોજન જેટલું છે. હે ગૌતમ ! આભ્યંતર તૃતીય સૂર્યમંડળના આયામ વિષ્કંભ ૯૯૬૫૧ યોજન અને એક યોજનના ૬૧ ભાગોમાંથી ૯ ભાગ પ્રમાણ છે. તેમજ આની પરિધિકાનું પ્રમાણ ૩ ૧૫૧૨૫ યોજન જેટલું છે. આ પ્રમાણે મંડળ ત્રયના સંબંધમાં પ્રદર્શિત રીત મુજબ ઉપાયથી નીકળતો સૂર્ય તદનંતર મંડળથી દૂર જતાં જતાં પાંચ-પાંચ યોજન અને એક યોજનના ૬૧ ભાગોમાંથી ૩૫ પ્રમાણની એક-એક મંડળ પર વિષ્કંભ-ની વૃદ્ધિ કરતો-કરતો અને પ્રતિમંડળ પર ૧૮-૧૮ યોજન જેટલી પરિક્ષેપ વૃદ્ધિને અધિ કાધિક બનાવતો સર્વ બાહ્ય મંડળોને પ્રાપ્ત કરીને ગતિ કરે છે-

હવે પ્રકારાન્તરથી કથન કરે છે હે ગૌતમ ! સર્વ બાહ્ય સૂર્યમંડળ એક લાખ ૬ સો ૬૦ યોજન જેટલો લાંબો અને પહોળો છે. આમ આ જંબૂદ્વીપ એક લાખ યોજન જેટલો છે. એની બન્ને તરફ ૩૩૦ યોજન ૩૩૦ યોજન સ્થાન છોડીને આગળ લવણસમુદ્ર આવેલ છે. આ પ્રમાણે આના યથોક્ત આયામ અને વિષ્કંભનું ૧૦૦૬૬૦ યોજન જેટલું પ્રમાણ થઈ જાય છે. તેમજ ૩ ૧૮ ૩ ૧૫ યોજન જેટલો આનો પરિક્ષેપ છે. હે ગૌતમ ! સર્વ બાહ્ય સૂર્ય પછી જે દ્વિતીય સૂર્યમંડળ છે તેના આયામ વિષ્કંભો ૧ લાખ છ સો ૪૮-૫૨ /૬૧ યોજન જેટલા છે. તેમજ આનો પરિક્ષેપ પ્રમાણ ૩ ૧૮૨૭૯ યોજન જેટલું છે. આ પૂર્વોક્ત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કથિત પદ્ધતિ મુજબ પ્રવેશ કરતો સૂર્ય તદનંતર મંડળથી તદનંતર મંડળ પર જતો-જતો પાંચ-પાંચ યોજન અને એક-એક યોજનના ૬૧ ભાગોમાંથી ૩૫ ભાગ પ્રમાણ એક-એક મંડલમાં વિષ્કંભ બુદ્ધિનો પરિત્યાગ કરતો-કરતો તેમજ ૧૮-૧૮ યોજનની પરિક્ષેપ બુદ્ધિનો પરિત્યાગ કરતો કરતો સર્વાભ્યતર મંડલ પર પહોંચીને પોતાની ગતિ કરે છે.

[૨૫૯-૨૬૨] હે ભદંત ! જ્યારે સૂર્ય સર્વાભ્યન્તર સર્વ મંડળની અપેક્ષા આભ્યંતર મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે, એ સમયે એક-એક મુહૂર્તમાં કેટલા પ્રમાણવાળા ક્ષેત્રમાં ગતિ કરે છે ? હે ગૌતમ ! ૫૨૫૧ યોજન દરેક મુહૂર્તમાં જાય છે. એક યોજનની ૨૯/૬૦ ભાગ એક એક મુહૂર્તમાં જાય છે.માટે

હવે નિષ્ક્રમણ કરતો સૂર્ય અભ્યંતર મંડળમાંથી નીકળીને જંબૂદ્વીપની અંદર પ્રવેશ કરવામાં એક લાખ એંસી યોજન પ્રમાણવાળા ક્ષેત્રમાં અન્તિમ આકાશ પ્રદેશનો સ્પર્શ કરવાથી સૂર્ય નવા આગામી કાળ સંબંધી સંવત્સર ને કરતો સૂર્ય સૌથી પહેલા અહોરાત્રમાં સર્વાભ્યંતર મંડળથી બીજા મંડળને પ્રાપ્ત થઈને ગતિ કરે છે. આ અહોરાત્ર દક્ષિણાયન સંવત્સરનો પહેલો દિવસ છે. હે ગૌતમ ! ૫૨૫૧-૪૭/૬૦ યોજન એક મુહૂર્તમાં ગમન કરે છે. જ્યારે સર્વાભ્યન્તરના બીજા મંડળમાં સૂર્ય ગતિ કરે છે. એ સમયમાં આ મનુષ્યલોકમાં રહેનારા મનુષ્યોને સુડતાલીસ હજાર યોજન ઓગણાએ સીસો યોજન અર્થાત્ એકસો ઓગણ યાસી યોજન એક યોજનનો સાઠિયા સત્તાવનમો ભાગ એક યોજનના સાઠમા ભાગને એકસઠથી છેદીને અર્થાત્ એકસઠ ભાગ કરીને આ એકસઠમાં ભાગને ઓગણીસ ચૂર્ણિકા ભાગથી અર્થાત્ એક યોજનનો જે સાઠમો ભાગ તેના એક ભાગનો જે ઓગણી સમો ભાગ તે ભાગથી સૂર્ય નેત્રના વિષયને શીઘ્ર પ્રાપ્ત થાય છે. બીજા મંડળની ગતિ સમાપ્ત થઈ ગયા પછી ગમન કરતો સૂર્ય બીજા અહોરાત્ર માં અર્થાત્ પ્રસ્તુત અયનની અપેક્ષાથી બીજા મંડળમાં આભ્યન્તરના ત્રીજા મંડળમાં જઈને ગતિ કરે છે.

હે ગૌતમ ! પાંચ પાંચ હજાર યોજન બસો બાવન યોજન યોજનનો પાંસઠમો ભાગ એક મુહૂર્તમાં જાય છે. ઉપરોક્ત સંખ્યાથી એક એક મુહૂર્તમાં ગમન કરે ત્યારે આ ભરતક્ષેત્રમાં રહેવા વાળા મનુષ્યોને સુડતાલીસ હજાર યોજનથી છન્નુ યોજનથી યોજનનો સાઠિયા તેત્રી સમો ભાગ સાઈઠ ભાગને એકસાઈઠથી છેદીને બે ચૂર્ણિકા ભાગથી સૂર્ય શીઘ્ર ચક્ષુ ગોચર થાય છે. આ ઉપાયથી ધીરે ધીરે તેને બહારના મંડલની સન્મુખ ગમનરૂપ ગતિ કરતો સૂર્ય ત્રીજા ચોથા આદિમંડળથી પછીના જે મંડળથી ગતિ કરે છે, તેનાથી બીજા મંડળમાં જતાં જતાં એક યોજનના સાઠિયા પૂરા અઢાર ભાગ વ્યવહારનયની અપેક્ષાથી અને નિશ્ચયનયની અપેક્ષાથી કંઈક ઓછા એક એક મંડળમાં મુહૂર્ત ગતિને વધતા વધતા ક્રમથી અધિકાધિક કરતાં કરતાં ચોરાસીસો યોજનથી કંઈક ઓછા પુરૂષ છાયાને વધારતા વધારતા અને ઓછા કરતાં કરતાં સર્વ બાહ્ય મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે. હે ગૌતમ ! ૫૩૦૫ ૧૫ /૬૦ એક એક મુહૂર્તમાં જાય છે.

પ્રમાણે કેવી રીતે થાય છે ? આ સર્વબાહ્ય મડંળમાં પરિધિનું પ્રમાણ ૩૧૮૩૧૫ છે. તેમાં પહેલાં કહેલ યુક્તિ પ્રમાણે સાઈઠની સંખ્યાથી ભાગવાથી આ મંડળમાં યથોક્ત મુહૂર્ત પરિમાણ પ્રાપ્ત થઈ જાય છે. ત્યારે આ ભરતક્ષેત્રમાં રહેલા મનુષ્યોને એકત્રીસ હજાર યોજન એક યોજન સાઠિયા ત્રીસ ભાગથી સૂર્ય તુરત જ દૃષ્ટિગોચર થાય છે. આ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દક્ષિણાયન સંબંધી એકસો બ્યાસી દિવસ રૂપરાશિ પહેલા છ માસ અયનરૂપ કાળ વિશેષ છ માસનો સમૂહ ષટ્‌માસ છે. આ પહેલાં છ માસ દક્ષિણ યાનના અન્તરૂપ છે. સર્વબાહ્ય ગતિની પછી સૂર્ય બીજા છ માસ ગમન કરતાં ઉત્તરા યણના પહેલા અહોરાત્ર માં બાહ્યાનન્તર બીજા મંડળમાં પ્રાપ્ત થઈને ગતિ કરે છે.

હે ભગવન્‌ ! જ્યારે સૂર્ય સર્વ બાહ્ય મંડળની અપેક્ષાથી બીજા મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે. બીજા મંડળના સંક્રમણ કાળમાં એક એક મુહૂર્તમાં કેટલા પ્રમાણવાળા ક્ષેત્રમાં જાય છે ? હે ગૌતમ ! એક મુહૂર્તમાં ૫૩૦૪ -૫૭/૬૦ જાય ત્યારે આ ભરતક્ષેત્રમાં રહેલા મનુષ્યો એકત્રીસ હજાર યોજનથી નવસોસોળ યોજન સાઠિયા ઓગણચાલી સમો ભાગ એક યોજનના સાઠ ભાગને એકસઠથી છેદીને સાઠ ચૂર્ણિક ભાગથી (૩૧૯૧૬-૩૯/૬૦ -૬૦/૬૧ તરત જ સૂર્ય દૃષ્ટિગોચર થઈ જાય છે.

બીજા મંડળમાં પ્રવેશ કર્યા પછી જંબૂદ્વીપની સન્મુખ ગમન કરતો સૂર્ય બીજા અહોરાત્રમાં બાહ્ય ત્રીજા મંડળમાં ગતિ કરે છે, એનાથી શું થાય છે ? હે ભગવન્‌ ! જ્યારે સૂર્ય બાહ્ય ત્રીજા મંડળમાં જઈને ગતિ કરે છે. ત્યારે ત્રીજા મંડળના સંક્રમણ કાળમાં એક એક મુહૂર્તમાં કેટલા પ્રમાણવાળા ક્ષેત્રમાં ગમન કરે છે ? પ્રભુશ્રી કહે છે પાંચ હજાર યોજન ત્રણસો ચાર યોજન એક યોજનનો સાઠિયા ઓગણચાળીસમો ભાગ એક મુહૂર્તમાં જાય છે. આ પ્રમાણે આ બાહ્ય ત્રીજા મંડળમાં પરિધિનું પરિમાણ ત્રણ લાખ અઢાર હજાર બસો અગણ્યાસી છે. તેને સાઠની સંખ્યાથી ભાગવાથી પૂર્વોક્ત યથા કથિત મુહૂર્તગતિનું પ્રમાણ આ મંડળનું મળી આવે છે. તે સમયે આ ભરતક્ષેત્રમાં રહેલા મનુષ્યોને બત્રીસ હજાર ને એક યોજન એક યોજનનો સાઠિયા ઓગણપચાસમો ભાગ એક સાઠના ભાગને સાઠથી છેદીને તેવીસ ચૂર્ણિકા ભાગ કરવાથી સૂર્ય શીઘ્ર ચક્ષુ ગોચર થઈ જાય છે.

જૈનમ્ જયતિ શાસનમ્

ઉક્ત પ્રકારથી આ ઉપાયથી ક્રમપૂર્વક તદનંતર અભ્યન્તર મંડલાભિમુખ ગમનરૂપ પ્રવેશ કરતો સૂર્ય તદનન્તર એટલે કે જે મંડળમાં હોય તેનાથી બીજા મંડળથી બીજા મંડળમાં જતાં જતાં એક યોજન સાઠિયા અઢાર અઢાર ભાગ એક એક મંડળમાં મુહૂર્ત ગતિને કમ કરતાં કરતાં કંઈક કમ પંચાસી પંચાસી યોજન પુરૂષ છાયાને વધારતા વધારતા સર્વાભ્યંતરમંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે. આ ઉત્તરાયણરૂપ બીજા છ માસ રૂપ ઉત્તરાયણનો છેલ્લો દિવસ છે. અર્થાત્‌ એકસોત્ર્યાસીમાં અહોરાત્ર હોવાથી તે છેલ્લો દિવસ કહેવામાં આવેલ છે. આ સૂર્ય સંવત્સર છે. આદિત્ય સંવત્સરના છેલ્લા અયનનો છેલ્લો દિવસ હોવાથી પર્યવસાનરૂપ કહેલ છે.

હે ભદંત ! સૂર્ય જે સમયે સર્વાભ્યન્તર મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે. તે વખતે દિવસ કેટલો લાંબો હોય છે ? રાત કેટલી લાંબી હોય છે ? પ્રભુ કહે છે- હે ગૌતમ ! તે કાળમાં ઉત્તમ અવસ્થા પ્રાપ્ત થયેલ આદિત્ય સંવત્સર સંબંધી ૩૬૩ દિવસોની વચ્ચે જેમાં બીજો કોઈ દિવસ લાંબો થતો નથી એવો લાંબો દિન ૧૮ મુહૂર્તનો થાય છે. તેમજ સર્વથી જઘન્ય ૧૨ મુહૂર્તની રાત હોય છે. જે સ્થાને સ્થિત થઈને સૂર્ય સર્વોત્કૃષ્ટ દિવસ બનાવ્યો છે, તે સ્થાન પરથી ઉદિત થયેલો તે સૂર્ય નવીન-પૂર્વસંવત્સરની અપેક્ષાએ દ્વિતીય સંવત્સર વર્ષને પ્રાપ્ત થઈને પ્રથમ અહોરાત્રમાં અભ્યંતર મંડળ પછી દ્વિતીય મંડળ પર આવીને ગતિ કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હે ભદંત ! જે કાળમાં સૂર્ય અભ્યંતરમંડળ પછી દ્વિતીયમંડળ પર પહોંચીને ગતિ કરે છે- ત્યારે તે સૂર્ય વડે કેટલા ક્ષેત્રો વ્યાપ્ત થાય છે એટલે કે તે વખતે કેટલો લાંબો દિવસ હોય છે અને કેટલી લાંબી રાત હોયં છે ? હે ગૌતમ ! ત્યારે ૧૮ મુહૂર્ત્તમાંથી ૧ મુહૂર્ત્તના ૬૧ ભાગો માંથી ૨ ભાગ કમ દિવસ થાય છે. આ પ્રમાણે આ દિવસ પૂરા ૧૮ મુહૂર્તનો થતો નથી પણ એક મુહૂર્ત્તના ૬૧ ભાગમાંથી ૨ ભાગ કમનો હોય છે. તેમજ તે સમયે જે રાત હોય છે તેનું પ્રમાણ ૧૨-૨/૬૧ મુહૂર્ત જેટલું થાય છે. જે ૬૧ ભાગોમાંથી ૨ ભાગ દિન પ્રમાણ માં કમ થયા છે તેઓ અહીં રાત્રિમાં આવી જાય છે. એથી રાત્રિનું પ્રમાણ ૧૨ મુહૂર્ત કરતાં અધિક પ્રકટ કરવામાં આવેલ છે.

હે ભદંત ! દ્વિતીયમંડળથી નીકળતો સૂર્ય જ્યારે અભ્યંતર તૃતીયમંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે ત્યારે તે વખતે કેટલો લાંબો દિવસ હોય છે અને કેટલી લાંબી રાત હોય છે ? પ્રભુ કહે છે હે ગૌતમ ! જે કાળમાં સર્વાભ્યંતર તૃતીયમંડની અપેક્ષાએ સૂર્ય ગતિ કરે છે, તે કાળમાં ૧૮ મુહૂર્તનો દિવસ હોય છે પરંતુ એક મુહૂર્તના કૃત ૬૧ ભાગોમાંથી ૪ ભાગ કમ હોય છે. તથા ૪/૬૧ ભાગો કરતાં અધિક ૧૨ મુહૂર્તની રાત્રિ હોય છે. દિવસ અને રાત્રિની હાનિ તેમજ વૃદ્ધિનું કથન કરવા માટે પ્રદર્શિત પદ્ધતિ મુજબ પ્રતિમંડળ પર દિવસ તેમજ રાત્રિ સંબંધી ૨/૬૧ ભાગદ્વયથી કે જે એક સ્થાને દિવસમાં હાનિરૂપ છે અને રાત્રિમાં વૃદ્ધિરૂપ છે, આ પ્રમાણે હાનિ-વૃદ્ધિ કરતો દક્ષિણ તરફ ગમન કરે છે. ત્યાં દિવસનું પ્રમાણ ૨/૬૧ ભાગ ૨/૬૧ ભાગ રૂપ કરતાં અલ્પ-અલ્પ દરેક મંડળ પર થઈ જાય છે. તેમજ પ્રતિમંડળમાં રાત્રિનું પ્રમાણ ૨/૬૧ ભાગ ૨/૬૧ ભાગ વધી જાય છે, આ પ્રમાણેસૂર્યઆભ્યંતરમાંથીનીકળતોસર્વબાહ્યમંડળોપરપહોંચીનેપોતાની ગતિ કરે છે.

જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડળમાંથી સર્વબાહ્ય મંડળ પર આવીને ગતિ કરે છે. તે વખતે તે સર્વાભ્યંતર મંડળની મર્યાદા બનાવીને ત્યાર બાદ દ્વિતીય મંડળની મર્યાદા કરીને ૧૮૩ રાત-દિવસોના ૩૬૬ મુહૂર્ત ૨/૬૧ ભાગ વગેરે થાય છે. હે ભદંત ! જે સમયે સૂર્ય સર્વબાહ્યમંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે ત્યારે તે વખતે કેટલો લાંબો દિવસ હોય છે અને કેટલી લાંબી રાત હોય છે ? હે ગૌતમ ! તે વખતે સૌથી વધારે પ્રમાણવાળી જેનાથી વધારે પ્રમાણવાળી બીજી કોઈ રાત હોતી નથી એવી રાત્રિ ૧૮ મુહૂર્તની હોય છે. રાત અને દિવસનું-બન્નેનું કાલપ્રમાણ ૩૦ મુહૂર્ત જેટલું હોય છે. તો દિવસનું પ્રમાણ જઘન્ય થાય છે. એટલે કે ૧૨ મૂહૂર્તનો જ્યારે દક્ષિણાયનકાળમાં દિવસ હોય છે. આ દિવસ રાત દક્ષિણાયનનો અંતિમ હોય છે. એજ વાત આ દક્ષિણાયનના પ્રથમ ૬ માસ છે. અને અહીં પ્રથમ ૬ માસનું પર્યવસાન થાય છે.

ત્યાર પછી બીજા મંડળમાં પ્રવેશ કરતો સૂર્ય જ્યારે દ્વિતીય ૬ માસ પર પહોંચી જાય છે તો પ્રથમ અહોરાતમાં દ્વિતીય સર્વ બાહ્યમંડળને પ્રાપ્ત કરીને તે પોતાની ગતિ કરે છે. હે ભદંત ! જ્યારે સૂર્ય દ્વિતીય બાહ્યમંડળને પ્રાપ્ત કરીને પોતાની ગતિ કરે છે તો તે સમયે દિવસ અને રાતનું કેટલું પ્રમાણ હોય છે ? હે ગૌતમ ! તે સમયે ૧૮ મુહૂર્તની રાત હોય છે પરંતુ એક મુહૂર્તના ૬૧ ભાગોમાંથી ૨ ભાગ કમ જેટલી આ હોય છે. તેમજ ૨/૬૧ ભાગ અધિક ૧૨ મુહૂર્તનો દિવસ થાય છે.

હે ભદંત ! દ્વિતીય અહોરાત્રમાં પ્રવિષ્ટ થતો સૂર્ય બાહ્ય તૃતીયમંડળને પ્રાપ્ત કરીને જ્યારે ગતિ કરે છે. ત્યારે દિવસ કેટલો લાંબો હોય છે. રાત કેટલી લાંબી હોય છે ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હે ગૌતમ ! તે સમયે ૧૮મુહૂર્તનીરાત હોય છે. પરંતુ આ રાત એક મુહૂર્તના કૃત ૬૧ ભાગો માંથી ૪ ભાગ કમ હોય છે. અહીં પૂર્વમંડળના બે અને પ્રસ્તુતમંડળના બે આ પ્રમાણેએ ચાર ભાગો ગૃહીત થાય છે. એટલે તે પૂર્વમંડળના એક મુહૂર્તના ૬૧ ભાગોમાંથી ૨ ભાગ અને આ પ્રમાણે ૪ ભાગો ગૃહીત થયા છે. તથા ૧૨-૪ /૬૧ મુહૂર્તનો દિવસ હોય છે. એટલે કે ૪/૬૧ ભાગ જે રાત્રિના પ્રમાણમાં કમ થયોછે, તે અહીં વધી જાય છે. આ પ્રમાણે અનંતર વર્ણિત આ ઉપાય મુજબ પ્રતિમંડળ દિવસ અને રજની સંબંધી મુહૂર્તૈક ષષ્ટિ ભાદ્વયની વૃદ્ધિ અને હાનિ મુજબ જમ્બૂદ્વીપોમાં મંડળોને કરતો સૂર્ય તદનંતર મંડળથી તદનંતર મંડળ પર એક મંડળથી બીજા મંડળ પર ગમન કરતો, બે-બે મુહૂર્તૈક ષષ્ટિભા ગોને પ્રતિમંડળ પર રજનીક્ષેત્રને અત્યલ્પ કરતો કરતો તેમજ દિવસ ક્ષેત્રને વૃદ્ધિગત કરતો-કરતો અધિક-અધિક કરતો સર્વાભ્યંતરમંડળ પર પહોંચીને ગતિ કરે છે.

જે કાળે સૂર્ય સર્વ બાહ્યમંડળથી સર્વાભ્યંતરમંડળ પર પહોંચી જાય છે. ત્યારે સર્વ બાહ્યમંડળની મર્યાદા કરીને ૧૮૩ રાત-દિવસોમાં ૩૬૬ અને એક મુહૂર્તના ૬૧ ભાગો સુધીની રાતના ક્ષેત્રમાં ન્યૂનતા કરતો અને દિવસના ક્ષેત્રમાં વૃદ્ધિ કરતો આ સૂર્ય ગતિ કરે છે. આ દ્વિતીય ષટ્ માસ છે. એટલે કે ઉત્તરાયણનો ચરમ માસ છે. અહીં ઉત્તરાયણની પરિસમાપ્તિ થઇ જાય છે. આ આદિત્ય સંવત્સર છે. અને અહીં આદિત્યના સંવત્સરની વર્ષની-સમાપ્તિ થઇ જાય છે.

હે ભદંત ! જ્યારે સૂર્ય સર્વાભ્યંતરમંડળ પર પહોંચીને ગતિ કરે છે. એટલે કે ઉત્તરાયણથી દક્ષિણાયન તરફ ગતિ કરે છે. તે સમયે તાપક્ષેત્રની સૂર્યના પ્રકાશથી પ્રકાશિત થયેલા ગગનખંડની શી વ્યવસ્થા હોય છે ? હે ગૌતમ ! ઉપરની તરફ મુખવાળા કદંબ પુષ્પનો જેવો આકાર હોય છે, તેવો જ આકાર વ્યવસ્થા સૂર્યના પ્રકાશથી પ્રકાશિત થયેલા ગગનખંડનો થાય છે. તે એક-એક તાપક્ષેત્ર સંસ્થિતિની બે બાહાઓ અનવ સ્થિત છે. તે નિયત પરિમાણવાળી નથી. તે બે બાહાઓ આ પ્રમાણે છે-એક સર્વાભ્ય-ન્તર બાહા અને બીજી સર્વ બાહ્ય બાહા. એમાં જે એક એક તાપક્ષેત્ર સંસ્થિતિની સર્વાભ્યંતર બાહા છે, તે મંદરપર્વતના અંતમાં મેરુગિરિની પાસે ૯૮૬-૯/૧૦ યોજન જેટલી પરિક્ષેપવાળી છે.

હે ગૌતમ ! મંદરપર્વતનો જે પરિક્ષેપ છે, તેને ત્રણથી ગુણિત કરો અને પછી તે ગુણનફળમાં દશનો ભાગાકાર કરો તેથી આના પરિક્ષેપનું પ્રમાણ નીકળી આવશે. આ પ્રમાણે શિષ્યોને સમજાવવા જોઈએ. તે તાપક્ષેત્ર સંસ્થિતિની જે સર્વ બાહ્ય બાહા છે તે લવણસમુદ્રના અંતમાં ૯૪૮૬૦ ૪ ૧૦ યોજન જેટલા પરિક્ષેપવાળી છે. હે ગૌતમ ! જંબૂદ્વીપનો જે પરિક્ષેપ છે. તેને ત્રણ વડે ગુણિત કરો, અને ગુણિત કરીને આગત રાશિના ૧૦ છેદ કરો. એટલે કે ૧૦ થી ભાગાકાર કરો ત્યારે આ પૂર્વોક્ત પરિક્ષેપનું પ્રમાણ નીકળી આવે છે. હે ગૌતમ ! તાપક્ષેત્ર આયામની અપાક્ષાએ ૭૮૩૩૩-૧/૩ યોજન પ્રમાણ છે. એમાં ૪૫ હજાર યોજન તો દ્વીપગત છે અને શેષ ૩૩૩૩૩-૧/૩ લવણસમુદ્ર-ગત છે. એ બન્નેને એકત્ર કરીએ તો ૭૮૩૩૩ -૧/૩ યોજન થાય છે.

આનો ભાવ આ પ્રમાણે છે કે મંદરપર્વતથી સૂર્ય પ્રકાશ પ્રતિહન્યમાન થાય છે. આવો કેટલાકનો મત છે. અને કેટલાક આ પ્રમાણે પણ વિચારે છે કે મેરુથી સૂર્યપ્રકાશ પ્રતિહન્યમાન થતો નથી, હવે પ્રથમ મત મુજબ -કે મેરુપર્વતથી માંડીને જંબૂદ્વીપ સુધી


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૪૫ હજાર યોજન વિસ્તાર થાય છે અને લવણસમુદ્રનો વિસ્તાર બે લાખ યોજન જેટલો છે. એ બન્નેનો ષષ્ઠમાંશ ૩૩૩૩૩-૪/૩ યોજન છે. બન્ને પરિમાણોનો સરવાળો કર વાથી ૭૮૩૩૩ -૧/૩ યોજન જેટલું આયામ પરિમાણ આવી જાય છે. હે ભદંત ! સર્વાભ્યં તર મંડળમાં સંચરણ સમયે કર્ક સંક્રાતિના દિવસે કયા આકારના સંસ્થાનવાળી અંધકારની સંસ્થિતિ કહેવામાં આવી છે ? આમ કહેવું બરાબર નથી કેમકે અંધકાર અભાવરૂપ પદાર્થ નથી. પરંતુ પ્રકાશની જેમ તે પણ એક ભાવરૂપ પદાર્થ છે. હે ગૌતમ ! અંધકારનું સંસ્થાન જેમ ઉર્ધ્વમુખના રૂપમાં મૂકવામાં આવેલ કદંબ પુષ્પનું સંસ્થાન હોય છે, તેવું જ કહેવામાં આવેલું છે. એથી આ સંસ્થાન આનું શકટ ધુરાવત્ થઈ જાય છે. આ પ્રમાણે આનું અન્તઃ સંસ્થાન સંકુચિત હોય છે અને બહારમાં તે વિસ્તૃત હોય છે. એટલા માટે તાપસંસ્થિતિના પ્રકરણમાં જે પ્રમાણે પહેલાં કહેવામાં આવેલું છે, તેવું જ આ બધું પ્રકરણ અહીં પણ 'તેની બે અનવસ્થિત બાહાઓ છે, સુધી ગ્રહણ કરી લેવું.

મંદરપર્વતના અંતે પરિધિની અપેક્ષાએ મેરુપર્વતની પાસે મેરુપર્વતની દિશામાં ૬૩૨૪ -૬/૧૦ હે ગૌતમ ! મંદરપર્વતનો જે પરિક્ષેપ એટલે કે પરિધિનું પ્રમાણ ૩૧૬૨૩ યોજન કહેવામાં આવેલા છે. તે પરિમાણને બે સંખ્યા વડે ગુણિત કરીને-કેમકે સર્વાભ્યં-તર મંડલસ્થ સૂર્ય જ્યારે થાય ત્યારે તાપક્ષેત્ર સંબંધી ત્રણેના મધ્યભાગમાં રજનીક્ષેત્રનું પ્રમાણ હોય છે-પછી તે ગુણિત રાશિમાં ૧૦ નો ભાગાકાર કરીને એટલે કે દશ-છેદ કરીને આ પૂર્વોક્ત ૬૩૨૪-૬ /૧૦ પ્રમાણ પરિધિની અપેક્ષાએ અંધકાર સંસ્થિતિનું આવી જાય છે. સર્વાભ્યન્તર અંધકાર બાહાની પરિધિ પ્રકટ કરીને તેજ અંધકાર સંસ્થિતિની જે સર્વબાહ્ય બાહા છે, તેના પરિક્ષેપ વિશેષને પ્રકટ કરવા માટે સૂત્રકાર કહે છે- તે અંધકાર સંસ્થિતિની સર્વબાહ્ય બાહા લવણસમુદ્રના અંતમાં લવણ સમુદ્રની પાસે તેની દિશામાં છે અને આના પરિક્ષેપનું પરિમાણ ૬૩૨૪૫-૬/૧૦ યોજન જેટલું છે. આ અંધકાર સંસ્થિતિની સર્વબાહ્ય બાહા પૂર્વથી પશ્ચિમ સુધી છે અને આની પરિધિનું પ્રમાણ પૂર્વોક્ત છે

હે ગૌતમ ! જંબૂદ્વીપનો જે પરિક્ષેપ ૩૧૬૨૨૮ યોજન જેટલો કહેવામાં આવેલો છે-તેને દ્વિગુણિત કરીને તેમાં ૧૦નો ભાગાકાર કરવો જોઈએ. આ પ્રમાણે અંધકાર સંસ્થિતિની સર્વબાહ્ય બાહાનો પરિક્ષેપ નીકળી આવશે. હે ગૌતમ ! ૭૮૩૩૩ -૧/૩ યોજન જેટલો છે. અવસ્થિત તાપક્ષેત્રની સંસ્થિતિના આયામની જેમ અહીં પણ પણ આયામ જાણવો જોઈએ. હે ગૌતમ ! ઊર્ધ્વમુખી થયેલ કદંબ પુષ્પનો જે પ્રમાણે આકાર હોય છે, તેવો જ આકાર તાપક્ષેત્રની સંસ્થિતિનો હોય છે. તાત્પર્ય આ પ્રમાણે છે કે સર્વાભ્યંતર મંડળમાં સંક્રમણ કાળમાં જેવું તાપક્ષેત્ર વગેરેનું સંસ્થાન કહેવામાં આવેલું છે. પૂર્વાનુપૂર્વી મુજબ જે અંધકાર સંસ્થિતિનું પ્રમાણ ૬૩૨૪૫-૧/૬ વર્ણિત કરવામા આવેલું છે તે આ પશ્ચાનુપૂર્વી મુજબ વ્યાખ્યાન કરવાથી તાપક્ષેત્ર સંસ્થિતિનું પ્રમાણ જાણીલેવુંજોઈએ.તેમજજે પ્રમાણ સર્વાભ્યંતર મંડળમાં સંચરણ કાળમાં તાપક્ષેત્ર સંસ્થિતિનું પહેલાં વર્ણિત થયેલું ૬૪૮૬૮-૪/૧૦ છે. તે અંધકાર સંસ્થિતિનું જાણવું જોઈએ.

[૨૬૩-૨૬૮] હે ભદંત ! જંબૂદ્વીપનામક આ દ્વીપમાં વર્તમાન બે સૂર્યો ઉદય વખતે ઉદયકાળથી ઉપલક્ષિત મુહૂર્તરૂપ સમયમાં દૃષ્ટાના સ્થાનની અપેક્ષાએ દૂર વ્યવ-હિત રહેવા છતાંએ મૂલ દૃષ્ટાની પ્રતીતિની અપેક્ષાએ સમીપમાં જોવા મળે છે. તથાપિ તે

તેને આસન્ન-સમીપતર માને છે, દૂર રહેવાં છતાં એ-'આ દૂર છે' એવું માનતા નથી. જવાબમાં પ્રભુ ગૌતમને કહે છે અહીં જેવું તમે અમને આ પ્રશ્નો દ્વારા પૂછ્યું છે તે બધું જ છે. આ જંબૂદ્વીપનામક દ્વીપમાં બે સૂર્યો છે અને તેઓ ઉદયના સમયમાં દર્શકોના સ્થાનની અપેક્ષાએ દૂર વ્યવહિત હોય છે, પરંતુ દૃષ્ટાની પ્રતીતિની અપેક્ષાએ તેઓ પાસે રહેલા જોવામાં આવે છે. મધ્યાહ્નકાળમાં દર્શકો વડે પોતાના સ્થાનની અપેક્ષાએ આસન્ન દેશમાં રહેલા તે સૂર્યો દૃષ્ટાજનની પ્રતીતિની અપેક્ષાએ દૂર દેશમાં રહેલા છે, એવી રીતે જોવામાં આવે છે. આ પ્રમાણે અસ્તમનના સમયે તેઓ દૂર દેશમાં રહેવા છતાંએ સમીપ જોવામાં આવે છે. હે ભદંત ! આ જંબૂદ્વીપનામક દ્વીપમાં બે સૂર્યો ઉદય કાળમાં અને અસ્તકાળમાં આ પ્રમાણે ત્રણે કાળોમાં ઉચ્ચતાની અપેક્ષાએ સમાન છે-સમાન પ્રમાણવાળા છે ? અથવા વિષમ પ્રમાણવાળા છે ? હા ગૌતમ ! ઉદયકાળમાં, મધ્યાહ્ન કાળમાં અને અસ્તકાળમાં બન્ને સૂર્યો ઉચ્ચતાની અપેક્ષાએ સમાન પ્રમાણ વાળા છે-વિષમ પ્રમાણવાળા નથી.સમભૂતલની અપેક્ષાએ તેઓઆઠ-આઠસો યોજન જેટલે દૂર છે. આપ્રમાણે અમે અબાધિતલોક પ્રતીતિનો આલાપ કરતા નથી. હે ગૌતમ ! સૂર્યમંડળગત તેજના પ્રતિઘાતથી ઉદય પ્રદેશ દૂરતર હોવાથી તેજની અવ્યાપ્તિથી ઉદયકાળમાં તે સ્વભાવતઃ દૂર હોય છે પરંતુ લેશ્યાના પ્રતિઘાતના કારણે સુખદૃશ્ય હોવાથી તે પાસે છે એવું દેખાય છે. અને જ્યારે સૂર્યમંડળગત તેજ પ્રચંડ થઈ જાય છે તેમજ સર્વત્ર વ્યાપ્ત થઈ જાય છે ત્યારે તે મધ્યાહ્નકાળમાં સ્વભાવતા પાસે રહેવા છતાંએ દૂર જોવામાં આવે છે

હે ગૌતમ ! જંબૂદ્વીપસ્થ બે સૂર્યો અતીત ક્ષેત્ર પર સંચરણ કરતા નથી. તે બે સૂર્યો વર્તમાનકાલિક ક્ષેત્ર પર સંચરણ કરે છે તે બે સૂર્યો અનાગત ક્ષેત્ર પર સંચરણ કરતા નથી. હે ગૌતમ ! તે ગમ્યમાન ક્ષેત્રને સ્પર્શતા ચાલે છે, સ્પર્શ કર્યા વગર ચાલતા નથી. જે ગમ્યમાન ક્ષેત્રને એઓ સ્પર્શ કરતાં ચાલે છે તે ક્ષેત્ર ઓગાઢ-સૂર્યબિંબ વડે આશ્રયીકૃત હોય છે અથવા અનવગાઢ આશ્રયીકૃત હોતા નથી-અનધિષ્ઠિત હોય છે ? હે ગૌતમ ! તે સૂર્યો અવગાઢ ક્ષેત્ર પર જ ચાલે છે, અનવગાઢ ક્ષેત્ર પર ચાલતા નથી. કેમકે આશ્રિત ક્ષેત્રનો જ ત્યાગ સંભવે છે. અનાશ્રિત ક્ષેત્રનો નહિ. હે ગૌતમ ! તે ક્ષેત્ર વ્યવ ધાન વગરનું હોય છે. વ્યવધાન સહિત થતું નથી. તાત્પર્ય આ પ્રમાણે છે કે જે આકાશ ખંડમાં જે સૂર્યમંડલાવયવ અવ્યવધાનથી અવગાઢ છે તે સૂર્યમંડલાવયવ તેજ આકાશ ખંડમાં ચાલે છે. અવર મંડલાવગાઢ આકાશખંડમાં ચાલતો નથી. હે ગૌતમ ! તે અણુરૂપ અનંત રાવગાઢ ક્ષેત્ર ઉપર ચાલે છે અને બાદરરૂપ અનંતરાવગાઢ ક્ષેત્ર ઉપર પણ ચાલે છે. અનંતરાવગાઢ ક્ષેત્રમાં જે અણુના પ્રતિપાદિત થઈ છે તે સર્વાભ્યંતર સૂર્યમંડળની અપે ક્ષાએ પ્રતિપાદિત થયેલી છે અને બાદરતા સર્વ બાહ્યમંડળની અપેક્ષાએ પ્રતિપાદિક થયેલી છે. સૂર્યોનું ગમન તત્ તત્ ચક્રવાલ ક્ષેત્રો મુજબ હોય છે.

હે ગૌતમ ! તેઓ ઉર્ધ્વક્ષેત્રમાં પણ ગમન કરે છે, અધઃક્ષેત્રમાં પણ ગમન કરે છે અને તિર્યંગ ક્ષેત્રમાં પણ ગમન કરે છે. ક્ષેત્રમાં ઉર્ધ્વતા, અધસ્તા અને તિર્યકતા યોજનના ૬૧ ભાગોમાંથી ૨૪ ભાગ પ્રમાણ ઉત્સેધની અપેક્ષાએ હોય છે. હે ગૌતમ ! તે સૂર્યો તે કાળના પ્રારંભમાં પણ તે ક્ષેત્ર ઉપર ચાલે છે મધ્યમાં પણ તે ક્ષેત્ર ઉપર ચાલે છે અને અંતમાં પણ તે ક્ષેત્ર ઉપર ચાલે છે. હે ગૌતમ ! તેઓ સ્વવિષય ક્ષેત્ર ઉપર ચાલે છે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અવિષય ક્ષેત્ર ઉપર ચાલતા નથી. એટલે કે જે ક્ષેત્ર સ્પૃષ્ટ અવગાઢ તેમજ નિરંતરાવગાઢ હોય છે, તેજ ક્ષેત્ર એમનો સ્વવિષય હોય છે અને એનાથી ભિન્ન અસ્પૃષ્ટ અનવગાઢ તેમજ પરંપરાવગાઢરૂપ છે, તેની ઉપર એઓ ચાલતા નથી.

હે ગૌતમ ! એ બન્ને સૂર્યો આનુપૂર્વીથી આસન્ન થયેલા ક્ષેત્ર ઉપર જ ચાલે છે, અનાનુપૂર્વથી અનાસન્ન ક્ષેત્ર ઉપર ચાલતા નથી. હે ગૌતમ ! એ બન્ને સૂર્યો નિયમપૂર્વક ૬ દિશાવિષયક ક્ષેત્રમાં ચાલે છે. પૂર્વાદિ દિશાઓમાં તેમજ તિર્યક્ વગેરે દિશાઓમાં ઉદિત સૂર્ય સ્ફુટ રૂપમાં ચાલતો જોવા મળે છે. તેમજ ઉર્ધ્વદિશા, અધોદિશામાં સૂર્યનું ગમન જેવું હોય છે તેવું જ તે અમોએ પહેલા પ્રકટ કરેલું છે. હે ગૌતમ ! તે બન્ને સૂર્યો પોતાના તેજથી વ્યાપ્ત થયેલા તે ક્ષેત્રરૂપ વસ્તુનું પ્રકાશન કરે છે પોતાના તેજથી અવ્યાપ્ત થયેલી વસ્તુનું પ્રકાશન કરતા નથી. હે ગૌતમ ! તે બે સૂર્યો વડે જે અવભાસનાદિ ક્રિયા કરવામાં આવે છે તે અતીત ક્ષેત્રમાં કરવામાં આવતી નથી, પ્રત્યુત્પન્ન વર્તમાન-ક્ષેત્રમાં જ કરવામાં આવે છે. અનાગત ક્ષેત્રમાં તે ક્રિયા કરવામા આવતી નથી હે ગૌતમ ! તે ક્રિયા ત્યાં સૂર્ય તેજથી સ્પૃષ્ટ થયેલી જ કરવામાં આવે છે. સૂર્ય તેજથી સ્પૃષ્ટ થયેલી તે કરવામા આવતી નથી. હે ગૌતમ ! તે ક્રિયા ત્યાં અવગાઢ થયેલી કરવામા આવે છે. અનવાગાઢ થયેલી કરવામાં આવતી નથી. હે ગૌતમ ! તે ક્રિયા ત્યાં અનંતરાવગાઢ રૂપ માં ત્યાં કરવામાં આવે છે. પરંપરાવગાઢ રૂપમાં ત્યાં તે ક્રિયા કરવામા આવતી નથી. હે ગૌતમ ! તે અવભાસ નાદિરૂપ ક્રિયા ષષ્ઠિ મુહૂર્ત પ્રમાણમંડળ સંક્રમણકાળના પ્રારંભમાં કરવામાં આવે છે. મધ્યમાં પણ કરવામા આવે છે અને અંતમાં પણ કરવામાં આવે છે.

હે ગૌતમ ! ઉર્ધ્વમાં તેઓ એકસો યોજન પ્રમાણવાળા ક્ષેત્રને પોતાના તેજથી વ્યાપ્ત કરે છે કેમકે સૂર્ય વિમાનની ઉપર એકસો યોજન પ્રમાણવાળું ક્ષેત્ર જ તાપક્ષેત્ર માનવામાં આવેલું છે. તેમજ અધોભાગમાં તેઓ પોતાના તેજથી ૧૮ હજાર યોજન પ્રમાણવાળા ક્ષેત્રને તપ્ત કરે છે-વ્યાપ્ત આઠ, યોજન નીચે સુધી ભૂતલ છે. એથી ૧ હજાર યોજનમાં નીચે ગ્રામ છે. તો એ બે સૂર્યો ત્યાં સુધીના પ્રદેશને પોતાના તેજથી વ્યાપ્ત કરે છે. તેમજ તિર્યગ દિશામાં એ બે સૂર્યો ૪૭૨૬૩-૨૧/૬૦ યોજન પ્રમાણ ક્ષેત્રને પોતાના તેજથી વ્યાપ્ત કરે છે.

હે ગૌતમ ! માનુષોત્તર પર્વત સંબંધી ચન્દ્ર, સૂર્ય, યાવત્ તારાઓ એ બધાં દેવો છે ને એ બધાં ઉર્ધ્વોપપન્નક નથી તેમજ કલ્પોપપન્નક પણ નથી. પરંતુ એ બધાં જ્યોતિષ્ક વિમાનોપપન્નક છે. ચન્દ્ર-સૂર્ય જ્યોતિ વગેરેથી સમ્બદ્ધ વિમાનોમાં ઉત્પન્ન થયેલાં છે. તેમજ ચારોપપન્નક છે. મંડળગતિથી પરિભ્રમણ કરનારા છે. એથી એઓ ચાર સ્થિતિક નથી. પરંતુ ગતિશીલ છે. એથી જ એમને ગતિરતિક અને ગતિ સમાપન્નક કહેવામાં આવેલ છે. કદંબ પુષ્પને ઉર્ધ્વમુખ રાખીને સ્થાપિત કરવામાં આવે તેવા આકારવાળા અનેક હજાર યોજન પ્રમાણવાળા ક્ષેત્રને એઓ પોતાના તાપથી તપ્ત કરે છે-પ્રકાશિત કરે છે. એઓ અનવરત ૧૧૨૧ યોજન ત્યજીને સુમેરુપર્વતની પ્રદક્ષિણા કરતા રહે. અનેક હજાર યોજન પ્રમાણવાળા તાપક્ષેત્રને એઓ તપ્ત કરે છે-પ્રકાશિત કરે છે-એવું જે કહેવામાં આવેલું છે તે ચન્દ્ર સૂર્યોની અપેક્ષાએ કહેવામાં આવેલું છે.

એ ચન્દ્ર -સૂર્ય વગેરે જ્યોતિષ્ક દેવોને જ્યારે ઈન્દ્ર ચ્યુત થાય છે. ત્યારે તેઓ તે સમયે શું કરે છે ? હે ગૌતમ ! તે સમયે ચાર કે પાંચ સામાનિક દેવો એક સંમતિથી મળીને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે ચ્યુત થયેલા ઈન્દ્રના સ્થાનનીપૂર્તિ કરે છે. પછી ત્યાં કોઇ બીજો ઈન્દ્ર ઉત્પન્ન થઈ જાય છે. હે ગૌતમ ! ઈન્દ્રનું સ્થાન ઈન્દ્રના ઉત્પાદનથી ઓછામાં ઓછું એક સમય સુધી અને વધારેમાં વધારે ૬ માસ સુધી રિક્ત રહે છે. એના પછી તો ચોક્કસ બીજો ઈન્દ્ર ત્યાં ઉત્પન્ન થઈ જાય છે.

હે ગૌતમ ! માનુષોત્તર પર્વતની બહારના જે જ્યોતિષી દેવો છે તેઓ ઉર્ધ્વો-પન્નક નથી તથા કલ્પોપપન્નક પણ નથી પરંતુ વિમાનોપ પન્નક છે. એ ચારોપપપન્નક પણ નથી પરંતુ ચારસ્થિતિક છે, ગતિવર્જીત છે એથી એઓ ગતિરતિક પણ નથી અને ગતિસમાપન્નક પણ નથી. એ જ્યોતિષ્ક દેવો પક્વ ઈંટ જેવા સંસ્થાનવાળા, એવા એક લાખ યોજન પ્રમિત તાપક્ષેત્ર નેઅવભાસિત કરે છે. પક્વ ઈંટનું સંસ્થાન આયામની અપેક્ષાએ સ્તોક-કમ-હોય છે, તેમજ ચતુષ્કોણમાં યુક્ત હોય છે. આ પ્રમાણે મનુષ્ય ક્ષેત્ર વર્તી ચન્દ્ર સૂર્યના તાપક્ષેત્ર આયામની અપેક્ષાએ અનેક યોજન લક્ષ પ્રમાણ દીર્ઘ હોય છે-અને વિષ્કંભની અપેક્ષાએ તેઓ એક લાખ યોજન જેટલા પ્રમાણવાળા હોય છે. પર સ્પરમાં મિલિત પ્રકાશવાળા એ ચન્દ્ર અને સૂર્યકૂટ પર્વતાગ્રસ્થિત શિખરોની જેમ સર્વદા એકત્ર પોત-પોતાના સ્થાન ઉપર સ્થિત છે. એટલે કે ચલન ક્રિયાથી રહિત છે. ચન્દ્ર અને સૂર્યોનો પ્રકાશ એકલાખ યોજન સુધી વિસ્તૃત વિસ્તારવાળો કહેવામાં આવેલો છે.

હે ભદન્ત ! મનુષ્ય ક્ષેત્ર બહિર્વર્તી એ જ્યોતિષ્ક દેવોનો ઈન્દ્ર જ્યારે પોત-પોતાના સ્થાન પરથી ચ્યુત થાય છે- પોતાના સ્થાન પરથી પરિભ્રષ્ટ થાય છે. તો તે જ્યોતિષી દેવો ઈન્દ્રાદિકના અભાવમાં પોતાની વ્યવસ્થા કેવી રીતે કરે છે ? હે ગૌતમ ! તે સમયે ચાર કે પાંચ સામાનિક દેવો તે સ્થાન પર ઉપસ્થિત રહીને ત્યાંની વ્યવસ્થા કરે છે. ઈન્દ્ર-વિરહિત ઈન્દ્રનું સ્થાન ઓછામાં ઓછું એક સમય સુધી રહે છે અને વધારેમાં વધારે ૬ માસ સુધી રહે છે.

જૈનમ્ જયતિ શાસનમ્

[૨૬૯-૨૭૫] હે ભદંત ! ચન્દ્રમંડળ કેટલા કહેવામાં આવેલા છે ? હે ગૌતમ ! ૧૫ ચન્દ્રમંડળો કહેવામાં આવેલા છે. હે ગૌતમ ! આ જંબૂદ્વીપમાં ૧૮૦ યોજન ક્ષેત્રને અવગાહિત કરીને પાંચ ચન્દ્રમંડળો કહેવામાં આવ્યા છે. હે ગૌતમ ! લવણસમુદ્રમાં ૩૩૦ યોજન અવગાહિત કરીને આગત સ્થાન પર દશ ચંદ્રમંડળો કહેવામાં આવેલો છે. આ પ્રમાણે બધા ચંદ્રમંડળો મળીને ૧૫ થઈ જાય છે. એવો આદેશ શ્રી આદિનાથ તીર્થંકરથી માંડીને મારા સુધી અનંત કેવળીઓનો છે. હે ગૌતમ ! સર્વાભ્યંતર ચંદ્રમંડળ થી સર્વ બાહ્ય ચન્દ્રમંડળ ૫૧૦ યોજન જેટલે દૂર આવેલ છે. હે ગૌતમ ! ૩૫, ૩૫ યોજનના તથા એક યોજનના ૬૧ ભાગોમાંથી ૩૫ ભાગ પ્રમાણ અંતર કહેવામાં આવેલ છે. એક ચંદ્રમંડળનું બીજા ચંદ્રમંડળથી અંતર કથન સ્પષ્ટ થઈ જાય છે. આનો સમુદિતાર્થ આ પ્રમાણે થઇ જાય છે કે એક ચંદ્રમંડળનો બીજા ચંદ્રમંડળથી ૩૫-૩૫/૬૧ યોજનનો અને ૬૧ યોજન ભાગોમાંથી ૧ ભાગના ૭ ભાગો કરવાથી ૪ ભાગ પ્રમાણ અંતર છે. હે ગૌ-તમ ! એક યોજનના ૬૧ ભાગો કરવાથી જે તેના એક-એક ભાગ પ્રમાણ આવે છે, તેટલા ૫૬ ભાગ પ્રમાણ એનો આયામ અને વિસ્તાર છે. એ ૫૬ ભાગોને ત્રણગણા કરવાથી જે પ્રમાણ આવે છે, તે પ્રમાણ કરતાં કંઈક વધારે પ્રમાણ જેટલી આની પરિધિ છે.

હે ભદંત ! જંબૂદ્વીપ નામક દ્વીપમાં સર્વ દ્વીપ મધ્યગત જંબૂદ્વીપમાં સ્થિત જે સુમેરુપર્વત છે તેનાથી કેટલે દૂર સર્વાભ્યંતર ચન્દ્રમંડળ કહેવામાં આવેલ છે ? હે ગૌતમ !

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સુમેરુપર્વતથી સર્વાભ્યંતર ચંદ્રમંડળ ૪૪૮૩૦ યોજન જેટલે દૂર આવેલું છે. હે ગૌતમ ! સુમેરુપર્વતથી અભ્યન્તરાનન્તર દ્વિતીય ચંદ્રમંડળ ૪૪૮૫૬-૨૫/૬૧ યોજન જેટલે દૂર કહેવામાં આવેલ છે. તેમજ યોજનના ૬૧ મા ભાગોને ૭ વડે વિભક્ત કરીને તેને ૪ ભાગ પ્રમાણ દૂરમાં જોડવા જોઈએ.ત્યારે દ્વિતીય ચંદ્રમંડળના અંતરનું સમ્પૂર્ણ પ્રમાણ આવે છે

હે ગૌતમ ! સુમેરુપર્વતથી તૃતીય અભ્યંતર ચન્દ્રમંડલ ૪૪૮૯૨ -૫૧ /૬૧ યોજન જેટલું દૂર છે તેમજ એક યોજનના ૬૧ મા ભાગને ૭ થી વિભક્ત કરીને તેના એક ચૂર્ણિકા ભાગ પ્રમાણ વધારે દૂર છે. એજ પૂર્વોક્ત રીતિ મુજબ મંડલત્રયમાં પ્રદર્શિત પદ્ધતિ મુજબ અહોરાત્રમાં એક-એક મંડલના પરિ ત્યાગથી લવણસમુદ્રની તરફ મંડળ કરતો ચંદ વિવક્ષિત પૂર્વમંડળથી વિવક્ષિત આગળના મંડળ પર સંક્રમણ કરતો કરતો ૨૬ -૨૫ /૬૧ યોજન તેમજ ૬૧ મા ભાગને ૭ થી વિભક્ત કરીને તેને ૪ ચૂર્ણિકા ભાગ પ્રમાણ એક-એક મંડળમાં દૂરીની વૃદ્ધિ કરતો રહે છે. આ પ્રમાણે દૂરીની વૃદ્ધિ કરતો તે ચન્દ્ર સર્વબાહ્યમંડળ ઉપર પ્રાપ્ત થઈને ગતિ કરે છે. આ પ્રમાણે દૂરનું પ્રમાણ એક મંડળથી બીજા મંડળ સુધી પૂર્વાનુપૂર્વી દ્વારા પ્રકટ કરવામાં આવેલું છે.

હે ગૌતમ ! મેરુપર્વતથી સર્વબાહ્ય ચન્દ્રમંડળમા ૪૫૩૩૦ યોજન દૂર કહેવામાં આવેલ છે. હે ગૌતમ ! સુમેરુપર્વતથી દ્વિતીય સર્વબાહ્ય ચન્દ્રમંડળ ૪૫૨૯૩ યોજન તેમજ એક યોજનના ૬૧ ભાગમાંથી ૩૫ ભાગ પ્રમાણ દૂર છે આમાં ૬૧મા ભાગને ૭ સાથે વિભક્ત કરીને તેના ત્રણ ભાગોને આ દૂરીમાં જોડી દેવા જોઈએ. આ પ્રમાણે ૪૫૨૯૩ -૩૫ /૬૧ યોજન તેમજ એક ભાગના ૭ ભાગોમાંથી ૪ ભાગ પ્રમાણ અંતર છે હે ગૌતમ ! મંદરપર્વતથી તૃતીય સર્વબાહ્યમંડળ ૪૫૨૫૭ -૯ /૬૧ યોજન દૂર છે. તેમજ ૬૧ ભાગમાંના એક ભાગને ૭ થી વિભાજિત કરીને તેના ૬ ભાગ પ્રમાણ છે. એ ત્રણ સર્વબાહ્યમંડળોમાં પ્રદર્શિત પદ્ધતિ મુજબ પ્રતિ અહોરાત એક-એક મંડળને અભિવર્દ્ધિત કરતો ચન્દ્ર તદનંતરમંડળથી વિવક્ષિત પૂર્વમંડળથી વિવક્ષિત ઉત્તર મંડળની સન્મુખ મંડળોને કરીને ૩૬ યોજનોની તેમજ એક યોજન ના ૬૧ ભાગોમાંથી ૨૫ ભાગ તેમજ ૬૧ ભાગોમાંથી કોઈ એક ભાગને ૭ થી વિભક્ત કરીને તેને ૪ ભાગ પ્રમાણ જેટલી એક એક મંડળમાં દૂરી જેટલી વૃદ્ધિને છોડીને સર્વાભ્યંતરમાં પહોંચીને પોતાની ગતિ કરે છે.

હે ગૌતમ ! સર્વાભ્યંતર જે ચન્દ્રમંડળ છે તે ૯૯૬૪૦ યોજન જેટલી લંબાઈ તેમજ પહોળાઈવાળો છે, તેમજ ૩૧૫૦૮૯ યોજન કરતાં કંઈક અધિક પરિધિવાળો છે. હે ગૌતમ ! ૯૯૭૧૨ યોજનના અને એક યોજનના ૬૧ ભાગોમાંથી ૫૧ ભાગ પ્રમાણના તેમજ ૬૧ ભાગોમાંથી કોઈ એક ભાગના કરવામાં આવેલા ૭ ખંડમાંથી એક ખંડ જેટલા પ્રમાણનો દ્વિતીય ચંદ્રમંડળનો આયામ-વિષ્કંભ છે. તેમજ પરિક્ષેપનું પ્રમાણ ૩૧૫૩૧૯ યોજન કરતાં કંઈક વિશેષ થઈ જાય છે. હે ગૌતમ ! તૃતીય અભ્યંતર ચંદ્રમંડળનો આયામ વિષ્કંભ ૯૯૭૮૫ ૪૧ ૬૧ ૨ ૭ યોજન જેટલો છે. દ્વિતીય મંડળની આયામ વિષ્કંભની રાશિ પ્રમાણમાં ૭૨ યોજનને તેમજ ૫૦ /૬૧ અને એક ચુર્ણિકા ભાગને પ્રક્ષિપ્ત કરીને આ પૂર્વોકૃત તૃતીયમંડળના આયામ-વિષ્કંભનું પ્રમાણ નીકળી આવે છે. આના પરિક્ષે-પનું પ્રમાણ ૩૧૫૫૪૯ યોજન કરતાં કંઈક વધારે છે. આ પ્રમાણ પૂર્વમંડળના પરિક્ષેપ પ્રમાણમાં ૨૩૦ યોજન પ્રક્ષિપ્ત કરવાથી આવી જાય છે. ત્રણ આભ્યંતર ચન્દ્રમંડળોમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રદર્શિત પદ્ધતિ મુજબ યાવત્ તદનંતરમંડળમાંથી નીકળીને તદનંતર મંડળ ઉપર ગતિ કરતો ચન્દ્ર ૭૨ -૫૧ /૬૧ યોજન જેટલી તેમજ એક ભાગના ૭ ભાગો માંથી ૧ ચૂર્ણિકા ભાગની એક-એક મંડળ ઉપર વિષ્કંભ વૃદ્ધિ કરતો તેમજ ૨૩૦ યોજનના પરિક્ષેપમાં વૃદ્ધિ કરતો સર્વબાહ્ય મંડળ ઉપર પહોંચીને પોતાની ગતિ આગળ ધપાવે છે.

હે ભદંત ! પશ્ચાનુપૂર્વી મુજબ સર્વબાહ્ય ચન્દ્રમંડળનો આયામ અને વિષ્કંભ કેટલો છે અને પરિક્ષેપ કેટલો છે ? એના જવાબમાં પ્રભુ કહે છે- હે ગૌતમ ! સર્વબાહ્ય ચન્દ્રમંડળના આયામ વિષ્કંભો ૧ લાખ ૬ સો ૬૦ યોજન જેટલો છે. હે ગૌતમ ! ૧૦૦૫૮૭ -૯ /૬૧ યોજનનો તેમજ એક ભાગના ૭ ભોગોમાંથી ૬ ભાગોનો દ્વિતીય ચંદ્રમંડળનો આયામ-વિષ્કંભ છે. તેમજ ૩૧૮૦૮૫ યોજન જેટલો આનો પરિક્ષેપ છે. હે ગૌતમ ! આનો એક લાખ પાંચસો ચૌદ યોજન તેમજ એક યોજનના ૧ ભાગોમાંથી ૧૯ ભાગો અને એક ભાગના સાત ભોગમાંથી ૫ ચૂર્ણિકા આટલું એના આયામ-વિષ્કંભનું પ્રમાણ છે. આ પ્રમાણે આ સંખ્યા ૧૦૦૫૧૪ - ૧૯ /૬૧-૫૭ અંકોમાં લખી શકાય છે. આ તૃતીય બાહ્ય ચન્દ્રમંડળનો ૩૧૭૮૫૫ યોજન જેટલો આનો પરિક્ષેપ છે. આ પ્રમાણે પ્રદર્શિત પદ્ધતિ મુજબ અભ્યંતર ચંદ્રમંડળ તરફ પ્રયાણ કરતો ચન્દ્ર તદનંતર મંડળથી તદનંતર મંડળ તરફ ગતિ કરીને ૭૨-૫૧/૬૧ યોજન જેટલી તેમજ ૧ ભાગના કૃત ૭ ભાગોમાંથી એક ચૂર્ણિકારૂપ ભાગના મંડળ પર વિષ્કંભ વૃદ્ધિને મૂકતો-મૂકતો તેમજ ૨૩૦ યોજનની પરિચય-પરિક્ષેપની વૃદ્ધિને મૂકતો સર્વાભ્યંતરમંડળ ઉપર પ્રાપ્ત થઈને પોતાની ગતિ કરે છે.

હે ભદન્ત ! જ્યારે ચન્દ્ર સર્વાભ્યંતર મંડળ પર ગમન ક્ષેત્ર પર પહોંચીને ગતિ કરે છે ત્યારે તે એક એક મૂહૂર્તમાં કેટલા ક્ષેત્રને પાર કરે છે ? હે ગૌતમ ! તે સમયે તે ૪૦૭૩ યોજન અને ૭૭૪૪ ભાગ સુધી જાય છે. સર્વાભ્યંતરમંડળને ૧૩૭૨૫ ભાગોમાં વિભક્ત કરીને આ ભાગોને લેવામાં આવ્યા છે. જ્યારે ચન્દ્ર સર્વાભ્યંતરમંડળ ઉપર ગતિ કરે છે ત્યારે આ ભરતાર્દ્ધ ક્ષેત્રમાં રહેનારા મનુષ્યોને તે ૪૭૨૬૩ ૨૧ /૬૧ યોજન દૂરથી જ દૃષ્ટિપથમાં આવી જાય છે હે ગૌતમ ! તે સમયે તે ૫૦૭૭ યોજન ૩૬૭૪ ભાગો સુધી જાય છે.

હે ભદંત ! જ્યારે ચન્દ્ર સર્વાભ્યંતર તૃતીયમંડળને પ્રાપ્ત કરીને પોતાની ગતિ કરે છે. ત્યારે તે કેટલા ક્ષેત્ર સુધી એક મુહૂર્તમાં ગતિ કરે છે ? હે ગૌતમ ! તે સમયે તે ચન્દ્ર એક મુહૂર્ત્તમાં ૫૦૮૦ યોજન અને ૧૩૩૨૯ ભાગ સુધી ગમન કરે છે. આ પ્રમાણે પૂર્વના કથન મુજબ એક મંડળથી બીજા મંડળ પર ગતિ કરતો ચન્દ્ર એટલે કે તદનંતરમંડળથી તદનંતરમંડળ પર સંક્રમણ કરતો ૩ યોજન ૯૬૫૫/૧૩૭૨૫ ભાગો સુધીની એક-એક મંડળ ઉપર મુહૂર્ત્તગતિ જેટલી વૃદ્ધિ કરતો કરતો સર્વબાહ્યમંડળ પર પહોંચીને પોતાની ગતિ કરે છે.

હે ભદંત ! જ્યારે ચન્દ્ર સર્વબાહ્યમંડળને પ્રાપ્ત કરીને પોતાની ગતિ કરે છે ત્યારે તે એક મુહૂર્તમાં કેટલા ક્ષેત્ર ઉપર પહોંચી જાય છે ? હે ગૌતમ ! ત્યારે તે ૫૧૨૫ યોજન તેમજ ૬૯૯૦ ભાગ સુધી ક્ષેત્રમાં એક મુહૂર્તમાં જાય છે. તેમજ સર્વબાહ્યમંડળની જેટલી પરિધિ હોય તેમાં ૨૩૦ ને ગુણિત કરીને આગતરાશિમાં ૧૩૭૨૫ નો ભાગાકાર કરવો જોઈએ. આ પ્રમાણે તે ૫૧૨૫ -૬૯૯૦ /૧૩૭૨૫ યોજન સુધી આવી જાય છે ત્યારે તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચન્દ્ર અહીંના મનુષ્યો વડે ૩૧૮૩૧ યોજન જેટલે દૂરથી દેખાય છે. હે ગૌતમ ! ત્યારે તે ૫૧૨૧ યોજન ૧૧૬૦ ભાગ પર્યન્ત જાય છે. તથા તેને ૧૩૭૨૫ થી વિભક્ત કરીને એમ કહેવું જોઈએ. કે ૫૧૨૧ -૧૧૬૦/ ૧૩૭૨૫ યોજન સુધી એ મંડલ પર જાય છે.

એનું ચાર ક્ષેત્ર કેવી રીતે થાય છે ? તો આ વિષયમાં સઘળું કથન સૂર્યપ્રકરણમાં જોઈ લેવું જોઈએ. હે ભદંત ! જ્યારે ચન્દ્ર સર્વબાહ્ય તૃતીયમંડળ ઉપર પહોંચીને પોતાની ગતિ-ક્રિયા કરે છે ત્યારે તે એક મુહૂર્તમાં કેટલા ક્ષેત્રને પાર કરે છે ? હે ગૌતમ ! તે વખતે તે ૫૧૧૮ યોજન તેમજ ૧૪૯૫ ભાગ સુધી જાય છે. એ ભાગો ૧૩૭૨૫ થી મંડળની પરિધિને વિભક્ત કર્યા બાદ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે એ પૂર્વોક્ત ત્રણ મંડળોમાં પ્રદર્શિત રીત મુજબ મેરુની સન્મુખ જતો ચન્દ્ર તદનંતર મંડળથી તદનંતર મંડળ પર સંક્રમણ કરતો-કરતો ત્રણ-ત્રણ યોજન તેમજ ૯૬૫૫ ભાગો સુધી એક-એક મંડળ ઉપર મુહૂર્ત ગતિને અલ્પ-અલ્પ કરતો સર્વાભ્યંતર મંડળ પર આવીને પોતાની ગતિ કરે છે.

[૨૭૬-૨૭૭] આ નક્ષત્રાધિકારમાં ૮ દ્વારો છે- (૧) મંડળ સંખ્યા પ્રરૂપણા. (૨) મંડળ ચાર ક્ષેત્ર પ્રરૂપણા. (૩) અભ્યંતર આદિ મંડળોમાં ૨૮ નક્ષત્રોની પારસ્પરિક અંતર પ્રરૂપણા. (૪) નક્ષત્ર વિમાનોની આયામાદિ પ્રરૂપણા. (૫) નક્ષત્રમંડળોની મેરુથી અબાધા નિરૂપણા. (૬) તેમના આયામાદિની પ્રરૂપણા. (૭) મુહૂર્ત ગતિ પ્રમાણ નિરૂપણા તેમજ (૮) નક્ષત્રમંડળોની સાથે સમવતાર પ્રરૂપણા. હે ગૌતમ ! નક્ષત્રમંડળો આઠ કહેવામાં આવેલા છે. આ જંબૂદ્વીપ નામક દ્વીપમાં ૧૮૦ યોજન પ્રમાણ ક્ષેત્રને અવગાહિત કરીને બે નક્ષત્રમંડળો કહેવામાં આવેલા છે હે ગૌતમ ! લવણ સમુદ્રમાં ત્રણસો ત્રીસ યોજન પ્રમાણ ક્ષેત્રને અવગાહિત કરીને ૬ નક્ષત્ર મંડળો કહેવામાં આવેલા છે. આ પ્રમાણે બધા મળીને નક્ષત્ર મંડળો ૮ થઈ જાય છે. આમ મેં અને બીજા તીર્થંકરોએ કહ્યું છે. હે ગૌતમ ! સર્વાભ્યંતર નક્ષત્ર મંડળથી સર્વબાહ્ય નક્ષત્ર મંડળ ૧૧૫ યોજન દૂર કહેવામાં આવેલ છે. એક નક્ષત્ર વિમાનનું બીજા નક્ષત્ર વિમાનથી વગર વ્યવધાને બે યોજન જેટલું અંતર છે. હે ગૌતમ ! નક્ષત્રમંડળના આયામ વિષ્કંભનું પ્રમાણ બે ગાઉ જેટલું છે. એના પરિક્ષેપનું પ્રમાણ એના આયામ-વિષ્કંભના પ્રમાણ કરતાં કંઈ વધારે છે. તેમજ આની ઊંચાઈ એક ગાઉ જેટલી છે. હે ગૌતમ ! સુમેરુથી ૪૪ ૮૨૦ યોજન દૂર સર્વાભ્યંતર નક્ષત્રમંડળ છે. હે ગૌતમ ! સુમે રુપર્વતથી સર્વબાહ્ય નક્ષત્રમંડળ ૪૫૩૩૦ યોજન દૂર કહેવામાં આવેલ છે.

હે ભદંત ! સર્વાભ્યંતર નક્ષત્ર મંડળ કેટલા આયામ અને વિષ્કંભવાળું કહેવામાં આવેલુ છે ? તેમજ તેની પરિધિનું પ્રમાણ કેટલું કહેવામાં આવેલું છે ? હે ગૌતમ ! ૯૯૬૪૦ યોજન જેટલો એનો આયામવિષ્કંભ કહેવામાં આવેલો છે અને ૩ લાખ ૧૫ હજાર ૮૯ યોજન કરતાં કંઈક અધિક આની પરિધિ કહેવામાં આવેલી છે. હે ભદંત ! સર્વબાહ્ય નક્ષત્રમંડળ આયામ અને નિષ્કંભની અપેક્ષાએ કેટલું વિસ્તૃત કહેવામાં આવેલું છે ? અને તેની પરિધિનું પ્રમાણ કેટલું કહેવામાં આવેલુ હે ગૌતમ ! સર્વબાહ્ય નક્ષત્રમંડળ આયામ અને વિષ્કંભની અપેક્ષાએ ૧ લાખ ૬ સો ૬૦ યોજન જેટલું કહેવામાં આવેલું છે અને ૩ લાખ ૧૮ હજાર ૩ સો ૧૫ યોજન જેટલી પરિધિવાળું કહેવામાં આવેલું છે.

હે ભદંત ! જે સમયે નક્ષત્રો સર્વાભ્યંતર મંડળમાં પ્રાપ્ત થઈને તે પોતાની ગતિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ક્રિયા કરે છે. તે સમયે તેઓ એક એક મુહૂર્ત્તમાં કેટલા ક્ષેત્રો ઉપર ગતિ કરે છે?હે ગૌતમ ! તે સમયે તેઓ ૫૨૬૫ યોજન ક્ષેત્ર સુધી ગતિ કરે છે. અને ૧૮૨૬૩ ભાગ સુધી આગળ ગતિ કરતા જ રહે છે. હે ભદંત ! જે કાળમાં અભિજિત વગેરે નક્ષત્રો સર્વબાહ્ય મંડળને પ્રાપ્ત કરીને ગતિ ક્રિયા કરે છે. ત્યારે એક-એક મુહૂર્તમાં તેઓ તેઓ કેટલા ક્ષેત્રો સુધી જાય છે ? હે ગૌતમ ! ત્યારે તેઓ ૫૩૧૯ યોજન તેમજ ત્રણસો પાંસઠ ભાગ સુધી જાય છે. સર્વબાહ્યમંડળમાં નક્ષત્રની પરિધિ ૩૧૮૩૧૫ છે. આ પરિધિને ૩૬૭ સાથે ગુણિત કરવાથી ૧૧૬૮૨૧૬૦૫ રાશિ આવે છે. આમાં ૨૧૯૬૦ મુહૂર્ત થાય છે.

હે ભદંત ! એક-એક મુહૂર્તમાં ચન્દ્ર કેટલા સો ભાગ સુધી જાય છે એટલે કે કેટલા સો ભાગ સુધી ગતિ કરે છે ! હે ગૌતમ ! જે જે મંડળ પર પહોંચીને ચંદ્ર પોતાની ગતિ ક્રિયા તત્ તત્ મંડળની પરિધિના ૧૭૬૮ ભાગો સુધી દરેક મુહૂર્તમાં તે જાય છે. તેમજ ૧ લાખ ૯૮ હજાર ભાગોને વિભક્ત કરીને પ્રતિમુહૂર્તમાં તે ગતિ કરે હે ભદંત ! એ ઉપયુક્ત આઠ નક્ષત્રમંડળો કેટલા ચન્દ્રમંડળોમાં અવતરિત હોય છે અન્તભૂર્ત હોય છે ? હે ગૌતમ ! એ આઠ ચન્દ્ર મંડળોમાં અંતર્ભૂત હોય છે. પ્રથમ ચંદ્રમંડળમાં પ્રથમ નક્ષત્રમંડળ અંતર્ભૂત થાય છે. તૃતીય ચન્દ્રમંડળમાં દ્વિતીય નક્ષત્રમંડળનો અન્તર્ભાવ થાય છે. એ બે નક્ષત્ર મંડળો જંબૂદ્વીપમાં છે. લવણસમુદ્રમાં ભાવી છઠ્ઠા ચન્દ્રમંડળમાં તૃતીય નક્ષત્રમંડળ અન્તર્ભૂત થાય છે. લવણસમુદ્ર ભાવી સપ્તમ ચન્દ્રમંડળમાં ચતુર્થ અન્તર્ભૂત થાય છે. અષ્ટમ ચન્દ્રમંડળમાં પંચમ નક્ષત્રમંડળ અન્તર્ભૂત થાય છે. દશમ ચન્દ્રમંડળમાં ષષ્ઠ નક્ષત્રમંડળ અંતભૂર્ત છે.

હે ભદંત ! એક મુહૂર્તમાં સૂર્ય કેટલા સો ભાગ સુધી જાય છે ? હે ગૌતમ ! સૂર્ય જે જે મંડળને પ્રાપ્ત કરીને પોતાની ગતિ કરે છે તે તત્ તત્ મંડળ પરિક્ષેપના ૧૮૩૦ ભાગો સુધી ગતિ કરે છે હે ભદંત ! નક્ષત્ર એક મુહૂર્તમાં મંડળના કેટલા સો ભાગો સુધી ગતિ કરે છે ? હે ગૌતમ ! નક્ષત્ર જે જે મંડળને પ્રાપ્ત કરીને પોતાની ગતિ કરે છે તે તત્ મંડળ પરિક્ષેપના ૧૮૩૫ ભાગો સુધી ગતિ કરે છે. અહીં જે એક મંડળના ૧૮૩૫ ભાગો કહેવામાં આવેલા છે તે સમસ્ત મંડળોના ૧ લાખ ૯ હજાર ૮ સો ભાગોને વિભક્ત કરીને કહેવામાં આવેલા છે.

હે ભદંત ! જ્યારે ઉત્તરાર્દ્ધમાં દિવસ હોય છે. ત્યારે શું આ જંબૂદ્વીપ નામક દ્વીપમા, મંદરપર્વતની પૂર્વ-પશ્ચિમદિશામાં રાત્રિ હોય છે ? હાં, ગૌતમ ! જ્યારે જંબૂદ્વીપ નામક દ્વીપમાં દક્ષિણાર્દ્ધમાં દિવસ હોય છે ત્યારે ઉત્તરાર્દ્ધમાં પણ દિવસ હોય છે અને જ્યારે ઉત્તરાર્દ્ધમાં દિવસ હોય છે, ત્યારે મંદરપર્વતની પૂર્વ અને પશ્ચિમદિશામાં રાત્રિ હોય છે. હે ભદંત ! જંબૂદ્વીપ નામક દ્વીપમાં સ્થિત મંદરપર્વતની પૂર્વદિશામાં દિવસ હોય છે ત્યારે શું પશ્ચિમદિશામાં પણ દિવસ હોય છે ? જ્યારે પશ્ચિમદિશામાં દિવસ થાય છે ત્યારે શું જમ્બૂદ્વીપ નામક દ્વીપમાં મંદરપર્વતની ઉત્તર અને દક્ષિણદિશામાં રાત હોયછે ! હા, ગૌતમ ! આ પ્રમાણે જ હોય છે.

હે ભદંત ! આ જંબૂદ્વીપ નામક દ્વીપમાં દક્ષિણ દિગ્ભાવમાં ઉત્કૃષ્ટ રૂપથી ૧૮ મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે ઉત્તરાર્દ્ધમાં પણ ઉત્કૃષ્ટ રૂપથી ૧૮ મુહૂર્તનો દિવસ હોય છે અને દિવસ ૧૮ મુહૂર્તનો થાય છે ત્યારે શું જંબૂદ્વીપ નામક દ્વીપમાં મંદરપર્વતની પૂર્વ-પશ્ચિમદિશામાં જઘન્ય ૧૨ મુહૂર્તની રાત્રિ હોય છે ? હા, ગૌતમ ! આમ જ થાય છે. હે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભદંત ! જ્યારે જંબૂદ્વીપ નામક દ્વીપમાં મંદરપર્વતની પૂર્વદિશામાં ઉત્કૃષ્ટ ૧૮ મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે પશ્ચિમદિશામાં પણ ૧૮ મુહૂર્તનો ઉત્કૃષ્ટ દિવસ હોય છે અને જ્યારે પશ્ચિમદિશામાં ૧૮ મુહૂર્તનો ઉત્કૃષ્ટ દિવસ હોય છે ત્યારે જંબૂદ્વીપ નામક દ્વીપમાં સ્થિત સુમેરુપર્વતની ઉત્તર અને દક્ષિણદિશામાં ૧૨ મુહૂર્ત પ્રમાણવાળી જઘન્ય રાત્રિ હોય છે. હા તેમજ હોય છે. હે ભદંત ! જ્યારે જંબૂદ્વીપ નામક આ દ્વીપમાં મંદરપર્વતની પૂર્વદિશામાં કંઈક કમ ૧૮ મુહૂર્તનો દિવસ થાય છે ત્યારે મંદરપર્વતની પશ્ચિમદિશામાં પણ કંઈક કમ ૧૮ મુહૂર્તનો દિવસ થાય છે. ત્યારે આ જંબૂદ્વીપ નામક દ્વીપમાં મંદરપર્વતની ઉત્તરદિશામાં અને દક્ષિણ દિશામાં કંઈક અધિક ૧૨ મુહૂર્ત જેટલી રાત્રિ હોય છે કેમકે જેટલા જેટલા ભાગથી હીન દિવસ થવા માંડે છે તેટલા-તેટલા ભાગથી અધિક રાત્રિ થતી જાય છે. કેમકે અહોરાતનું પ્રમાણ તો ૩૦ મુહૂર્ત જેટલું જ છે. જ્યારે જંબૂદ્વીપ નામક દ્વીપમાં મંદરપર્વતની દક્ષિણદિશામાં કંઈક અધિક ૧૨ મૂહૂર્ત જેટલી રાત્રી થવા લાગે છે ત્યારે દિનમાનમાં હ્સ્વતા આવવા માંડે છે. અને રાત્રિ માનમાં વૃદ્ધિ થવા માંડે છે.જ્યારે સર્વાભ્યંતરમંડળથી અનંત મંડળને લઈને ૩૧ મા મંડલાર્દ્ધમાં સૂર્ય હોય છે તે સમયે ૧૭ મુહૂર્તનો દિવસ હોય છે. ૧૩ મુહૂર્તની રાત્રિ હોય છે. ? આ પ્રમાણે દિવસ-રાતનું પ્રમાણ ૩૦ મુહૂર્ત ઉચિત રૂપમાં સિદ્ધ થઈ જાય છે. હા, ગૌતમ ! આમ જ થાય છે એટલે કે જ્યારે આ જંબૂદ્વીપ નામક દ્વીપમાં મંદરપર્વતની પૂર્વદિશામાં જઘન્યથી ૧૨ મુહૂર્તનો દિવસ હોય છે. તે વખતે જંબૂદ્વીપ નામક દ્વીપમાં મંદરપર્વતની ઉત્તર અને દક્ષિણ દિશામાં ૧૮ મુહૂર્તની રાત્રિ હોય છે.

જ્યારે જંબૂદ્વીપ નામક દ્વીપમાં, મંદરપર્વતના દક્ષિણભાગમાં વર્ષાકાળનો પ્રથમ સમય હોય છે ત્યારે ઉત્તરભાગમાં પણ વર્ષાકાળનો પ્રથમ ભાગ હોય છે અને જ્યારે ઉત્તરભાગમાં વર્ષાકાળનો પ્રથમ સમય હોય છે ત્યારે મંદરપર્વતની પૂર્વ અને પશ્ચિમ-દિશામાં અનંતર પુરસ્કૃત સમયમાંઅવ્યવહિત રૂપથી આગળ આવનારા ભવિષ્યત્કા-ળમાં વર્ષાકાળનો પ્રથમ સમય હોય છે. જ્યારે જંબૂદ્વીપ નામક દ્વીપમાં મંદરપર્વતની વર્ષાકાળનો પ્રથમ સમય હોય છે. ત્યારે જંબૂદ્વીપ નામક દ્વીપમાં મંદરપર્વતની પશ્ચિમ દિશામાં પણ વર્ષાકાળનો પ્રથમ સમય હોય છે. અને જ્યારે પશ્ચિમદિશમાં વર્ષાકાળનો પ્રથમ સમય હોય છે. ત્યારે યાવત્ મંદરપર્વતની ઉત્તર-દક્ષિણદિશામાં અનંતર પશ્ચાત-કૃત સમયમાં અવ્યવહિત રૂપથી વ્યતીત થયેલા સમયમાં-વર્ષાકાળનો પ્રથમ સમય હોય છે ? હે ગૌતમ ! જે પ્રમાણે તમે પ્રશ્ન કર્યો છે, તે પ્રમાણે જ ત્યાં હોય છે.

હે ભદંત ! જ્યારે જંબૂદ્વીપ નામક દ્વીપમાં મંદરપર્વતના દક્ષિણાર્દ્ધમાં પ્રથમ ઉત્સ-ર્પિણી હોય છે. ત્યારે મંદરપર્વતના ઉત્તરાર્દ્ધમાં પણ પ્રથમ ઉત્સર્પિણી હોય છે અને હે ભદંત ! જ્યારે મંદરપર્વતની ઉત્તરદિશામાં પ્રથમ ઉત્સર્પિણી હોય છે ત્યારે જંબૂદ્વીપ નામક દ્વીપમાં મંદરપર્વતની પૂર્વ અને પશ્ચિમદિશામાં શું પ્રથમ અવસર્પિણી હોય છે ? હે ગૌતમ ! જંબૂદ્વીપના મંદરપર્વતની પૂર્વદિશામાં અને પશ્ચિમદિશામાં ન ઉત્સર્પિણી હોય છે અને ન અવસર્પિણી હોય છે. કેમકે ત્યાં કાળ અવસ્થિત કહેવામાં આવેલો છે.

હે ભદંત ! જંબૂદ્વીપ નામક દ્વીપમાં જે બે ચન્દ્રમાઓ કહેવામાં આવેલા છે, તેઓ ઈશાનકોણમાં ઉદિત થઈને તે પછી શું આગ્નેયકોણમાં આવે આ પ્રમાણે સૂર્ય વક્તવ્યતાની જેમ આગ્નેયકોણમાં ઉદિત થઈને શું દક્ષિણ પશ્ચિમ કોણમાં આવે છે ? દક્ષિણ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પશ્ચિમનાકોણમાં ઉદિત થઈને શું પશ્ચિમ-ઉત્તરના કોણમાં આવે છે ? અને પશ્ચિમ ઉત્તરના કોણમાં ઉદિત થઈને શું તેઓ ઉત્તર તેમજ પૂર્વના કોણમાં આવે છે ? એના જવાબમાં પ્રભુ કહે છે-હે ગૌતમ ! ભગવતી સૂત્રના પાંચમા શતકના ૧૦ મા ઉદ્દેશકમાં કે જેનું નામ ચન્દ્ર ઉદ્દેશક છે એમાં બધા ચન્દ્ર વિષયક પ્રશ્નોના ઉત્તરો આપવામાં આવેલા છે. તો તે પ્રમાણે જ અહીં પણ જવાબો સમજી લેવા.

[૨૭૮-૨૮૮] હે ભદંત ! સંવત્સર કેટલા પ્રકારના છે ? હે ગૌતમ ! સંવત્સર પાંચ યુગ સંવત્સર, પ્રમાણ સંવત્સર, લક્ષણ સંવત્સર, પ્રમાણ સંવત્સર, લક્ષણ સંવત્સર, અને પંચમ શનૈશ્ચર સંવત્સર નક્ષત્ર સંવત્સર બાર પ્રકારના છે. જેમકે શ્રાવણ, ભાદ્રપદ, અશ્વિન, કાર્તિક, માર્ગશીર્ષ, પૌષ, માઘ, ફાલ્ગુન, ચૈત્ર, વૈશાખ, જ્યેષ્ઠ અને આષાઢ હે ભદંત ! યુગ સંવત્સર કેટલા પ્રકારનો આવેલો છે ? ૧ચાન્દ્ર ૨ચન્દ્ર ૩અભિવર્દ્ધિત ૪ ચન્દ્ર ૫અભિવર્દ્ધિત ચન્દ્રમાસનો વિશ્લેષ કરવાથી જે શેષ રહે છે તે પણ ઉપચારથી વિશ્લેષ જ માની લેવામાં આવે છે. વિશ્લેષ જ્યારે ૩૦ વડે ગુણિત થાય છે ત્યારે એક અધિક માસ હોય છે. સૂર્ય માસનું પરિણામ ૩૦‖ અહોરાત્રનું ઉપર પ્રકટ કરવામાં આવેલું છે. આની અપેક્ષાએ ચન્દ્રમાસનું પરિમાણ ૨૯ દિવસ અને એક દિવસના ૬૨ ભાગોમાંથી ૩૨ ભાગ પ્રમાણ છે. ચન્દ્રમાસનું એજ પરિમાણ છે. સૂર્ય સંવત્સર સંબંધી ૩૦ માસોના અતિક્રમ બાદ એક અધિક માસ હોય છે. એક યુગમાં ૬૨ સૂર્ય માસો હોય છે પુનઃ સૂર્ય સંબંધી ૩૦ માસોના અતિક્રમથી દ્વિતીય અધિકમાસ હોય છે. પાંચ પ્રમાણવાળા એક યુગમાં ૬૦ પક્ષો વ્યતીત થઈ જાય ત્યારે એક અધિકમાસ હોય છે.

હે ગૌતમ ! પ્રથમ ચન્દ્રસંવત્સરમાં ૨૪ પક્ષો હોય છે. કેમકે દરેક માસમાં બે પક્ષો હોય છે અને એક વર્ષમાં ૧૨ માસ હોય છે. એથી ૧ વર્ષમાં ૨૪ પર્વો હોય છે. હે ગૌતમ ! દ્વિતીય ચંદ્રસંવત્સરના ૨૪ પક્ષો હોય છે. હે ગૌતમ ! અભિવર્દ્ધિત નામક તૃતીય સંવત્સરમાં ૨૬ પક્ષો હોય છે. ૨ પક્ષો અત્રે અધિકમાસના ગૃહીત થયા છે. ચતુર્થ ચન્દ્રસંવત્સરના ૨૪ પક્ષો હોય છે. પાંચમો જે અભિવર્દ્ધિત સંવત્સર છે, તેના ૨૬ પક્ષો હોય છે. આ પ્રમાણે આ પાંચ સંવત્સરાત્મક યુગમાં-બધા થઈને ૧૨૪ પર્વ પક્ષો હોય છે. આ પ્રકારનો આ યુગ સંવત્સરના સંબંધમાં વિચાર કરવામાં આવેલ છે.

પ્રમાણ સંવત્સર કેટલા પ્રકારનો કહેવામાં આવેલો છે ? પ્રમાણ સંવત્સર પાંચ પ્રકારનો કહેવામાં આવેલ છે. નક્ષત્રપ્રમાણસંવત્સર ચન્દ્રપ્રમાણસંવત્સર, ઋતુપ્રમાણ સંવત્સર, આદિત્ય પ્રમાણસંવત્સર અને અભિવર્દ્ધિતપ્રમાણસંવત્સર પ્રથમ ચન્દ્રસંવત્સરરૂપ, દ્વિતીય ચન્દ્રસંવત્સરરૂપ અને પંચમ અભિવર્દ્ધિત સંવત્સરરૂપ યુગ સંવત્સરમાં રાત્રિ દિવસ ની રાશિનું પ્રમાણ ૧૮૩૦ હોય છે. અભિવર્દ્ધિત સંવત્સરના ૧૩ ચન્દ્રમાસોના દિવસો નું પ્રમાણ ૩૮૩ -૪૪ /૬૨ ભાગ હોય છે. એટલે કે ૧૩ ચન્દ્ર માસોનું ૩૮૩ દિવસ અને ૧ દિવસના ૬૨ ભાગોમાંથી ૪૪ ભાગો થાય છે. આ પ્રમાણે આ રીતે નીકળે છે. ચન્દ્રમાસમાં દિવસનું પ્રમાણ ૨૯ -૩૩ /૬૨ મૂહૂર્ત જેટલું પ્રકટ કરવામાં આવેલું છે. આ પ્રમાણમાં ૧૩ ને ગુણિત કરવાથી ૩૭૭ દિવસોનું પ્રમાણ નીકળી આવે છે. તેમજ ૪૧૬ અંશોનું પ્રમાણ નીકળી આવે છે. આદિત્યાદિ વર્ષોના મધ્યમાં કર્મ સંવત્સર સંબંધી માસ, ઋતુમાસ નિરંશ હોવાને લીધે પૂર્ણ ૩૦ અહોરાતનો હોવાથી લોકમાં વ્યવહારનો પ્રયોજક હોય છે. શેષ જે સૂર્યાદિકમાસો છે. તે વ્યવહારમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગૃહીત હોવા બદલ દુષ્કર છે. કેમકે તેઓ સાંશ છે. એથી તેઓ વ્યવહારના કામમાં આવતા નથી.

હે ભદંત ! લક્ષણ સંવત્સરે કેટલા પ્રકારનું કહે છે- હે ગૌતમ ! પાંચ પ્રકારનું કહેવામાં આવેલું છે જે કૃત્તિકા વગેરે નક્ષત્રો વિષમ રૂપમાં નહિ પરંતુ સમરૂપથી જ કાર્તિકી પૂર્ણમાસી વગેરે તિથિઓની સાથે સંબંધ કરે છે. એટલે કે જે નક્ષત્ર જે તિથિઓમાં સ્વભાવતઃ હોય છે તે સમક નક્ષત્રો છે જેમકે-કાર્તિકી પૂર્ણમાસીનું કૃત્તિકા નક્ષત્ર એ નક્ષત્ર તેજ તિથિઓમાં હોય છે.- જ્યેષ્ઠા મૂલનક્ષત્રની સાથે, શ્રવણ ધનિષ્ઠા ની સાથે, મૃગ શીર્ષ આર્દ્રાની સાથે, આ પ્રકારનો આ કારિકાગત પ્રથમ ચરણનો અર્થ છે. આ દ્વિતીય પાદનો આ પ્રમાણે અર્થ છે. જેમાં ઋતુઓ વિષમરૂપમાં નહિ પરંતુ સમરૂપ માં પરિણમિત થાય છે. જેમ કાર્તિકમાસની પુનમની અનંતર હેમન્તઋતુ હોય છે, પૌષ ની પૂર્ણિમાં પછી શિશિરઋતુ હોય છે. આ જાતના સમરૂપથી જ જે ઋતુઓમાં પરિણ મન થતું રહે છે, તે પણ સમકનક્ષત્ર છે. જે સંવત્સર અતિઉષ્ણ હોતું નથી તેમજ અતિ શીત પણ હોતું નથી પરંતુ જળરાશિ સમ્પન્ન હોય છે, તે સંવત્સર લક્ષણથી નિષ્પન્ન હોય છે આથી નક્ષત્રોના ચાર રૂપ લક્ષણથી લક્ષિત હોવાને લીધે નક્ષત્ર સંવત્સર કહેવામાં આવે છે.

ચન્દ્રની સાથે યોગ-સંબંધ-ને પ્રાપ્ત થયેલા વિષમચારી નક્ષત્ર-માસથી વિસદૃશ નામવાળા નક્ષત્રો-તત્ તત્ માસાન્તની તિથિને જે સંવત્સરમાં સમાપ્ત કરે છે, તેમજ જે સંવત્સર કટુક હોય છે-શીત, આતપ, રોગ, વગેરેની પ્રધાનતાને લીધે પરિણામમાં દુઃખદાયક હોય છે, તેમજ પ્રભૂત જળરાશિથી સમ્પન્ન હોય છે, એવા સંવત્સરની ઋષિ-જનો ચાન્દ્ર, સંવત્સર કહે છે, કેમકે ત્યાંજ માસોની પરિસમાપ્તિ હોય છે. મહર્ષિજનો તે સંવત્સરને કર્મ સંવત્સર કહે છે કે જે સંવત્સરમાં વૃક્ષો, ફળ, પુષ્પ આપવાના કાળથી ભિન્નકાળમાં પણ ફળ-પુષ્પો આપે છે. પ્રવાલ અંકુલ વગેરેથી યુક્ત થતા નથી, જે સંવત્સરમાં આદિત્ય પૃથિવીને, ઉદકને અને ફળ પુષ્પોને રસ આપે છે, તે સંવત્સરનું નામ આદિત્ય સંવત્સર છે. આ સંવત્સરમાં મામૂલી વર્ષાથી પણ અનાજ ઉત્પન્ન લઈ જાય છે. જે સંવત્સરમાં સૂર્યના પ્રચંડ તાપથી ક્ષણ, લવ, અને દિવસ તપ્ત રહે છે અને જેમાં નિમ્ન સ્થળો જળથી પરિપૂર્ણ રહે છે. એવા સંવત્સરને મહર્ષિઓ અભિવર્દ્ધિત સંવત્સર કહે છે. હે ભદંત ! શનિશ્ચર સંવત્સર કેટલા પ્રકારનો કહેવામાં આવેલો છે ?

હે ગૌતમ ! શનૈશ્ચર સંવત્સર ૨૮ પ્રકારનો કહેવામાં આવેલો છે. અભિ જિત્ શનૈશ્ચરસંવત્સર, શ્રવણશનૈશ્ચરસંવત્સર,ધનિષ્ઠાશનૈશ્ચરસંવત્સર,અને ઉત્તરભાદ્રપ-દશનૈશ્ચરસંવત્સર, રેવતીશનૈશ્ચરસંવત્સર અશ્વિનીશનૈશ્ચચરસંવત્સર ભરિણીશનૈશ્ચ-ચરસંવત્સર, કૃતિકા શનૈશ્ચરસંવત્સર રોહિણીસંવત્સર યાવત્ ઉત્તરા ષાઢા શનૈશ્ચર સંવત્સર અથવા શનૈશ્ચર મહાગ્રહ છે. આ ૩૦ વર્ષોમાં સમસ્ત અભિ જિતથી માંડીને ઉત્તરાષા ઢાન્ત સુધીના નક્ષત્ર મંડળોને સમાપ્ત કરી નાંખે છે. આ પ્રમાણે એના કાળનું પ્રમાણ ૩૦ વર્ષ જેટલું છે.

હે ભદંત !એક-એક સંવત્સરના ચન્દ્રાદિ વર્ષો કેટલા માસના હોય છે?હે ગૌતમ ! એક-એક સંવત્સરના ૧૨-૧૨ માસો થાય છે. એ મહીનાઓના નામો બે પ્રકારના કહેવામાં આવેલા છે. લૌકિક અને લોકોત્તરિક લૌકિક નામો આ છે- જેમકે શ્રાવણ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાદ્રપદ, યાવત્ આષાઢ લોકોત્તરિક નામ આ પ્રમાણે છે. જેમકે (૧) અભિનંદિત, (૨) પ્રતિષ્ઠિત (૩) વિજય (૪) પ્રીતિવર્દ્ધન, (૫) શ્રેયાન્ (૬) શિવ (૭) શિશિર (૮) હિમવાન્ (૯) વસંતમાસ, (૧૦) કુસુમ સંભવ, (૧૧) નિદાઘ અને (૧૨) વનવિરોહ એ ૧૨ નામો લોકોત્તરિક છે.

[૨૮૯-૨૯૮] હે ભદંત ! એક-એક માસના કેટકેટલા પક્ષો હોય છે ? હે ગૌતમ ! એકમાસના બે પક્ષો હોય છે. કૃષ્ણપક્ષ અને શુકલપક્ષ જે એક-એક પક્ષના ૧૫ દિવસો હોય છે. તે આ પ્રમાણે પ્રતિપદાદિવસ, દ્વિતીયાદિવસ યાવત્ પઞ્ચદશીદિવસ પ્રતિપદા એ માસનો પ્રથમ દિવસ છે. દ્વિતીયા આ માસનો બીજો દિવસ છે. અંતિમ દિવસનું નામ પંચદશી છે. આ એક પક્ષનો ૧૫ મો દિવસ છે. હે ભદંત ! એ ૧૫ દિવસોના લોકોત્તર શાસ્ત્રમાં કેટકેટલા નામો કહેવામાં આવેલ છે ? હે ગૌતમ ! એ પંદર દિવસના શાસ્ત્રમાં ૧૫ નામો કહેવામાં આવેલા છે. પૂર્વાંગ, સિદ્ધમનોરમ, મનોહર, યશોભદ્ર, યશોધર, સર્વકામસમૃદ્ધ, ઈન્દ્ર મૂર્ધાભિષિક્ત, સૌમનસ, ધનંજય, અર્થસિદ્ધ, અભિજાત, અત્યશન, શતંજય અગ્નિવેશ્મ તેમજ ઉપશમ. હે ભદંત ! એ ૧૫ દિવસોની કેટલી તિથિઓ કહેવામાં આવી છે ? હે ગૌતમ ! ૧૫ તિથિઓ હોય છે. નંદા પ્રથમા, ભદ્રા દ્વિતીયા, જયા તૃતીયા. તુચ્છા ચતુર્થી, પૂર્ણા પુનઃ નન્દા, ભદ્રા સપ્તમી, જયા અષ્ટમી, તુચ્છા નવમી, પૂર્ણદશમી, નન્દા, ભદ્રા દ્વાદશી, જયા ત્રયોદશી, તુચ્છા પૂર્ણા આ પ્રમાણે એ પાંચ નંદાદિક તિથિઓ ત્રિગુણિત થઈને ૧૫ દિવસોની થઈ જાય છે.

હે ભદંત ! એક-એક પક્ષમાં કેટલી રાત્રિઓ કહેવામાં આવેલી છે. હે ગૌતમ ! એક-એક પક્ષમાં ૧૫-૧૫ રાત્રિઓ કહેવામાં આવેલી છે. પ્રતિપદ રાત્રિ યાવત્ પંચ દશીરાત્રિ ભદંત ! એ ૧૫ રાત્રિઓના કેટલા નામો કહેવામાં આવેલા છે ? હે ગૌતમ ! ૧૫ નામો કહેવામાં આવેલા છે. ઉત્તમા, સુનક્ષત્રા, એલાપત્યા યશોધરા સૌમનસા શ્રી સંભૂતા વિજયા વૈજયન્તી જયંતન્તી અપરાજિતા ઈચ્છા સમાહારા તેજા અતિતેજા અને દેવાનંદા પંચદશીની રાત્રિનું નામ છે. હે ભદંત ! એ ઉત્તમાદિ ૧૫ રાત્રિઓની કેટલી તિથિઓ કહેવામાં આવેલી છે ? હે ગૌતમ ! એ ઉત્તમાદિ ૧૫ રાત્રિઓની તિથિઓ ૧૫ કહેવામાં આવેલી છે. જેમકે ઉગ્રવતી ભોગવતી યશોમતી સર્વસિદ્ધા શુભનામા ઉગ્રવતી ભોગવતી યશોમતી સર્વસિદ્ધા શુભનામા ઉગ્રવતી ભોગવતી યશોમતી સર્વસિદ્ધા શુભનામા ૧૫મી પૂર્ણતિથિની રાત્રિનું નામ છે. હે ભદંત ! એક અહોરાતના કેટલા મુહૂર્તો થાય છે ? હે ગૌતમ ! એક અહોરાતના ૩૦ મુહૂર્તો થાય રૂદ્રમુહૂર્ત, શ્રેયાનૂમુહૂર્ત, મિત્રમુહૂર્ત, વાયુમુહૂર્ત, સુપ્રીતમુહૂર્ત, અભિ ચન્દ્રમુહૂર્ત, માહેન્દ્રમુહૂર્ત, બલવંતમુહૂર્ત, બ્રહ્મમુહૂર્ત, બહુસત્વમુહૂર્ત, ઈશાનમુહૂર્ત, ત્વષ્ટામુહૂર્ત, ભાવિતાત્મ મુહૂર્ત, વૈશ્રમણમુહૂર્ત, વારુણમુહૂર્ત, આનંદમુહૂર્ત, વિજય મુહૂર્ત, વિશ્વસેનમુહૂર્ત, પ્રાજાપત્યમૂહૂર્ત, ઉપશમમુહૂર્ત, ગન્ધર્વમુહૂર્ત, અગ્નિવેશ મુહૂર્ત, શતવૃશભમુહૂર્ત, આતપ વાન અમમ ઋણવાનૂ, ભૌમ વૃષભ, સર્વાર્થ, તેમજ રાક્ષસ

[૨૯૯] હે ભદંત ! જ્યોતિષ્શાસ્ત્રની પરિભાષા વિશેષરૂપ કરણો કેટલા કહેવા માં આવેલા હે ગૌતમ ! કરણ ૧૧ છે. બવકરણ, બાલવકરણ, કૌલવકરણ, સ્ત્રી તૈતિલ-કરણ, ગરાદિકરણ વણિજકરણ, વિષ્ટિકરણ, શકુનિકરણ ચતુષ્પદકરણ, નાગ કરણ કિંસ્તુઘ્નકરણ હે ગૌતમ ! સાત કરણ ચર છે અને ચારકરણ સ્થિર છે. બવકરણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાલવકરણ, કૌલવકરણ ગરકરણ સ્ત્રીવિલોચનકરણ, વણિજકરણ અને વિષ્ટીકરણ આ સાત કરણો ચર છે અને તથા આ સિવાયના ચાર કરણ છે તે સ્થિરકરણ છે. શકુનિ કરણ, ચતુષ્પદકરણ, નાગકરણ અને કિંસ્તુગ્ઘનકરણ હે ભદંત ! આ ત્રણ કયા કાળમાં ચર અને કયા કાળમાં સ્થિર થાય છે ? હે ગૌતમ ! શુકલપક્ષના પડવાની રાત્રિએ બવ દ્વિતીયાતિથિમાં બાલવકરણ દ્વિતીયાતિથિની રાત્રિમાં કૌલવ તૃતીયાતિથિના દિવસ માં સ્ત્રી વિલોચનકરણ તૃતીયાતિથિની રાત્રિમાં ગરાદિકરણ ચતુર્થીતિથિના દિવસમાં વણિજ અને રાત્રિમાં વિષ્ટિ પંચમીતિથિના દિવસમાં બવ છે અને બાલવ રાત્રિએ ષષ્ઠીના દિવસે કૌલવ રાત્રિએ સ્ત્રીવિલોચન સાતમના દિવસે ગરાદિકરણ અને રાત્રે વણિજકરણ આઠમતિથિએ દિવસે વિષ્ટિકરણ અને રાત્રે બવ નોમના દિવસે બાલવ રાત્રિએ કોલવ દશમના રોજ દિવસમાં સ્ત્રીવિલોચન અને રાત્રિમાં ગર એકાદશીએ દિવસમાં રાત્રિમાં વિષ્ટિકરણ બારશતિથિએ દિવસમાં બવ અને રાત્રે બાલવ તેરશ તિથિએ દિવસમાં કૌલવ અને રાત્રે સ્ત્રીવિલોચન ચૌદશની તિથિએ દિવસમાં ગરાઈ અને રાત્રે વણિજ પૂર્ણિમાના દિવસે વિષ્ટિ રાત્રે બવ કરણ થાય છે.

કૃષ્ણ પક્ષની એકમે દિવસમાં બાલવ રાત્રે કૌલવ બીજની તિથિએ દિવસમાં સ્ત્રીવિલોચન રાત્રે ગરાઈ ત્રીજની તિથિએ દિવસમાં વણિજ અને રાત્રે વિષ્ટિ ચોથની તિથિએ દિવસમાં બવ અને રાત્રે બાલવ પાંચમની તિથિએ દિવસમાં કૌલવ અને રાત્રે સ્ત્રીવિલોચન છઠની તિથિએ દિવસમાં ગરાઈ અને રાત્રે વણિજ સાતમની તિથિએ દિવસમાં વિષ્ટિ અને રાત્રે બવ આઠમની તિથિએ દિવસમાં બાલવ અને રાત્રે કૌલવ નવમી તિથિએ દિવસમાં સ્ત્રીવિ લોચન રાત્રે ગરાઈ દશમની તિથિએ દિવસમાં વણિજ અને રાત્રે વિષ્ટિ અગ્યારશની તિથિએ દિવસમાં બવ અને રાત્રે બાલવ બારશની તિથિએ દિવસમાં કૌલવ અને રાત્રે સ્ત્રીવીલોચન તેરસના રોજ દિવસમાં ગર અને રાત્રિમાં વણિજ ચૌદશના રોજ દિવસમાં વિષ્ટિ અને રાત્રિ શકુનિ અમાવસ્યાતિથિએ દિવસમાં ચતુષ્પદ અને રાત્રિમાં નાગ નામનું કરણ થાય છે. શુકલપક્ષની પ્રતિપદાતિ-થિમાં દિવસમાં કિંસ્તુગ્ઘન નામનું કરણ થાય છે. કૃષ્ણપક્ષની ચૌદશના રોજ રાત્રિમાં શકુનિકરણ અને અમાવસ્યામાં દિવસમાં ચતુષ્પદકરણ રાત્રે નાગ નામનું કરણ, શુકલ પક્ષના પડવાના દિવસે દિવસમાં કિંસ્તુગ્ઘનકરણ આ ચાર કરણ સ્થિર આ તિથિઓ માં જ થાય છે.

[૩૦૦-૩૦૧] હે ભદંત ! સંવત્સર શું આદિવાળા છે ? આદિવાળા છે ? માસ શું આદિવાળા છે ? સમસ્ત સંવત્સરોમાં સહુથી પ્રથમ સંવત્સર ચન્દ્ર સંવત્સર છે. અયનોમાં સૌથી પ્રથમ અયન દક્ષિણાયન હોય છે. પ્રાવૃટ્ આદિ છ ઋતુઓ કહેવામાં આવી છે એમાં અષાઢ શ્રાવણ બે માસ રૂપ પ્રવૃટ્ ઋતુ હોય છે. બધાં માસોમાં યુગા-રમ્ભમાં શ્રાવણ માસ જ હોય છે. યુગના આર્મ્ભમાં સર્વ પ્રથમ કૃષ્ણપક્ષ જ પ્રવૃત્ત થાય છે રાત-દિવસમાં યુગના આરમ્ભમાં દતિવસ જ સર્વ પ્રથમ પ્રવૃત્ત થાય ૩૦ મુહૂર્ત્તોમાં સર્વ પ્રથમ મુહૂર્ત્ત યુગની આદિમાં રુદ્ર હોય છે કારણોમાં સર્વ પ્રથમ કારણ બાલવ જ હોય છે. નક્ષત્રોમાં સર્વ પ્રથમ કરણ બાલવ જ હોય છે. નક્ષત્રોમાં સર્વ પ્રથમ નક્ષત્ર અભિજિત્ હોય છે. હે ગૌતમ ! પાંચ સંવત્સરોવાળા એક યુગમાં દશ અયન હોય છે ઋતુઓ ૩૦ હોય છે એક યુગમાં ૬૦ માસ હોય છે એક યુગમાં ૧૨૦ પક્ષ હોય છે. એક યુગમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૮૩૦ અહોરાત હોય છે અહોરાતનાં ૫૪૯૦૦ મુહૂર્ત થાય છે.

[૩૦૨-૩૨૮]પ્રસ્તુત પ્રકરણમાં જે દશઅધિકારદ્વાર છે તે પ્રકટ કરવામાં આવ્યા છે. આમાં પ્રથમ યોગદ્વાર પછી ક્ષેત્ર દેવતાદ્વાર, તારાગ્રદ્વાર, ગૌત્રદ્વાર, સંસ્થાન દ્વાર, ચન્દ્રરવિયોગદ્વાર, કુળદ્વારા, પૂર્ણિમા તથા અમાવસ્યાદ્વાર, સન્નિપાતદ્વાર, નેતાદ્વાર,

હે ભદન્ત ! નક્ષત્ર કેટલા કહેવામાં આવ્યા છે ? હે ગૌતમ ! નક્ષત્ર ૨૮ કહેવામાં આવ્યા છે અભિજિતનક્ષત્ર શ્રવણ ધનિષ્ઠા શતભિષક્ પૂર્વભા દ્રપદા ઉત્તરભાદ્રપદા રેવતી અશ્વિની ભરણી કૃત્તિકા રોહિણી મૃગશિરા આર્દ્રા પુનર્વસુ અશ્લેષા મઘા પૂર્વ ફાલ્ગુણી ઉત્તરફાલ્ગુણી હસ્ત ચિત્રા સ્વાતિ વિશાખા અનુરાધા જ્યેષ્ઠા મૂલ પૂર્વાષાઢા ઉત્તરાષાઢા. હે ગૌતમ ! આ જે અઠ્યાવીસ નક્ષત્ર છે આ અઠ્યાવીસ નક્ષત્રોની વચમાં જે નક્ષત્ર સદા ચન્દ્રની દક્ષિણદિશામાં ચન્દ્રની સાથે યોગ કરે છે એવા તે છ નક્ષત્ર છે મૃગશીર્ષ આર્દ્રા પુષ્ય અશ્લેષા હસ્ત મૂળ એ છ નક્ષત્ર ચન્દ્ર સમ્બન્ધી જે ૧૫ મંડળ છે તેમની બહાર રહીને જ યોગ કરે છે. આ મૃગશિરા વગેરે ૬ નક્ષત્ર દક્ષિણદિશામાં વ્યવસ્થિત છે અને ચન્દ્ર દ્વીપથી મંડળોમાં ગતિ કરતાં તે નક્ષત્રોની ઉત્તરદિશામાં અવ સ્થિત થઇ જાય છે આ રીતે દક્ષિણદિગ્યોગ બની જાય છે. જે નક્ષત્ર સદા ચન્દ્રની ઉત્તર દિશામાં જ રહે છે. એવા નક્ષત્ર ૧૨ તે આ પ્રમાણે અભિજિત્ શ્રવણ ધિષ્ઠા પૂર્વભાદ્રપદા ઉત્તરભાદ્રપદા રેવતી અશ્વિની ભરણિ પૂર્વાફાલ્ગુની ઉત્તરાફાલ્ગુની અને સ્વાતિ જે નક્ષત્ર સદા ચન્દ્રની દક્ષિણદિશામાં અને ઉત્તરદિશામાં એ બે દિશાઓમાં વ્યવસ્થિત થતાં પ્રમર્દ યોગ-નક્ષત્ર વિમાનોને ભેદીને વચમાં ગમનરૂપ યોગને-સમ્બન્ધને કરે છે એવા સાત નક્ષત્ર તે નામ આ પ્રમાણે છે- કૃત્તિકા રોહિણી, પુનર્વસુ, મઘા, ચિત્રા, વિશાખા અને અનુરાધા અઠ્યાવીશ નક્ષત્રોમાંથી જે બે નક્ષત્ર સદા ચન્દ્રની દક્ષિણ દિશામાં વર્ત્તમાન રહીને પ્રમર્દયોગ પણ કરે છે. તે પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા તેઓ સદા ચન્દ્રનીદક્ષિણદિશામાં વ્યવસ્થિત રહે છે.આ બંને નક્ષત્રોએ સર્વબાહ્ય ચન્દ્રમંડળ માં પ્રથમ સબન્ધ કર્યો છે અત્યારે પણ તેઓ કરે છે અને ભવિષ્યમાં પણ કરતા રહેશે તે અઠ્યાવીશ નક્ષત્રોની વચ્ચે જે નક્ષત્ર સદા ચન્દ્રની સાથે કેવળ એક પ્રમર્દ યોગને જ કરે છે. એવું તે નક્ષત્ર એક જેષ્ઠા જ છે.

હે ભદંત ! આપે જે ૨૮ નક્ષત્ર કહેલા છે તેમાંથી જે પહેલું અભિજિત્ નામનું નક્ષત્ર છે તે નક્ષત્રના સ્વામીદેવતા કોણ છે ? હે ગૌતમ ! અભિજિત્ નક્ષત્રના સ્વામી બ્રહ્મ નામના દેવ વિશેષ છે શ્રવણ નક્ષત્રના સ્વામી વિષ્ણુ ધનિષ્ઠા નક્ષત્રના સ્વામી વસુ દેવતા છે આજ ક્રમથી-બ્રહ્મ, વિષ્ણુ, વસુ, વરૂણ, અજ, અભિવૃદ્ધિપૂષા અશ્વ, યમ, અગ્નિ પ્રજાપતિ, સોમ, રુદ્ર, અદિતિ, બૃહસ્પતિ, સર્પ, પિતૃ, ભગ અર્યમા સવિતા ત્વાષ્ટ્રા, વાયુ, ઈન્દ્રાગ્મનિ, મિત્ર, ઈન્દ્ર, નૈઋત, આપ, અને વિશ્વા અન્તિમ નક્ષત્ર ઉત્તરાષાઢા છે તેના સ્વામી વિશ્વે દેવતા છે.

હે ભદન્ત ! આ પ્રદર્શિત ૨૮ નક્ષત્રોમાં જે અભિજિત નક્ષત્ર છે તે કેટલા તારા વાળું છે ? હે ગૌતમ ! અભિજિત્ નક્ષત્ર ત્રણ તારાવાળું છે. અભિજિત્ નક્ષત્રમાં પ્રતિ પાદિત પદ્ધતિ અનુસાર જે નક્ષત્રના જેટલા તારા છે તે નક્ષત્ર જ તે તારાઓના અધિપતિ છે એમ જાણવું જોઇએ અભિજિત નક્ષત્રના ત્રણ તારા શ્રવણ નક્ષત્રના પણ ત્રણ તારા ધનિષ્ઠા નક્ષત્રના પાંચ તારા છે. શતભિષક નક્ષત્રના એકસો તારા પૂર્વભદ્રપદા નક્ષત્ર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ના બે તારા ઉત્તરભાદ્રપદા નક્ષત્રના બે તારા રેવતી નક્ષત્રના ૩૨ તારા છે. અશ્વિની નક્ષત્રના ૩ તારા છે. ભરણી નક્ષત્રના ૩ તારા છે. કૃતિકા નક્ષત્રના છ તારા છે રોહિણી નક્ષત્રના ૫ તારા છે. મૃગશિરા નક્ષત્રના ત્રણ તારા છે. આર્દ્રા નક્ષત્રનો એક તારો છે. પુનર્વસુ નક્ષત્રના પાંચ તારા પુષ્ય નક્ષત્રના ૩ તારા છે અશ્લેષા નક્ષત્રના ૬ તારા મઘા નક્ષત્રના સાત તારા છે. પૂર્વફાલ્ગુની નક્ષત્રના બે તારા છે, ઉત્તરાફાલ્ગુની નક્ષત્રના પણ બે તારા છે. હસ્ત નક્ષત્રના પાંચ તારા છે ચિત્રા નક્ષત્રનું એક જ તારા વિમાન છે એજ રીતે સ્વાતિ નક્ષત્રનું પણ એક જ તારાવિમાન છે. વિશાખા નક્ષત્રના ૫ તારા છે અનુ રાધા નક્ષત્રના ચાર તારા છે. જ્યેષ્ઠા નક્ષત્રના ૩ તારા છે. મૂળ નક્ષત્રના ૧૧ તારા વિમાન છે, પૂર્વાષાઢા નક્ષત્રના ચાર તારા છે, ઉત્તરાષાઢા નક્ષત્રના પણ ચાર તારા છે.

હે ભદન્ત ! આ અઠ્યાવીસ નક્ષત્રોની મધ્યે જે અભિજિત્ નક્ષત્ર છે તેનું ગોત્ર કયું કહેવામાં આવ્યું છે ? હે ગૌતમ ! અભિજિત્ નક્ષત્રનું ગોત્ર મૌદગલ્ય છે શ્રવણ નક્ષત્રનું ગોત્ર સાંખ્યાયન છે. ધનિષ્ઠા નક્ષત્રનું ગોત્ર અગ્રભાવ સત્તિભિષક નક્ષત્રનું નામ ગોત્ર કણિલ્લ છે. પૂર્વભાદ્રપદા નક્ષત્રનું ગોત્ર જાતુકર્ણ છે, ઉત્તરાભાદ્રપદા નક્ષત્રનું ગોત્ર ધનંજય છે. રેવતી નક્ષત્રનું ગોત્ર પુષ્પાયન છે. અશ્વિની નક્ષત્રનું ગોત્ર આશ્વાયન છે. ભરણીનક્ષત્રનું ગોત્ર ભાર્ગવંશ છે કૃત્તિકાનક્ષત્રનું ગોત્ર અગ્નિવેશ્ય રોહિણી નક્ષત્રનું ગોત્ર ગૌતમ છે. મૃગશિરા નક્ષત્રનું ભારદ્વાજ ગોત્ર છે. આર્દ્રાનક્ષત્રનું લોહિ ત્યાયન ગોત્ર છે પુનર્વસુનક્ષત્રનું વસિષ્ઠ ગોત્ર છે પુષ્યનક્ષત્રનું અવમજ્જાયણ ગોત્ર છે. અશ્લેષાનક્ષત્રનું માંડવ્યાયન ગોત્ર છે. મઘાનક્ષત્રનું પિંગાયન ગોત્ર છે પૂર્વફાલ્ગુની ક્ષેત્રનું ગોવાલ્લાયણ ગોત્ર છે ઉત્તરફાલ્ગુની નક્ષત્રનું કાશ્યપ ગોત્ર છે. હસ્તનક્ષેત્રનું કૌશિક ગોત્ર છે. મિત્રાનક્ષત્રનું દાર્ભાયન ગોત્ર છે. સ્વાતિનક્ષત્રનું ચામરચ્છાયન ગોત્ર છે. વિશાખાનક્ષત્રનું શુંગાયન ગોત્ર છે. અનુરાધાનક્ષત્રનું ગોવાલ્યાયન ગોત્ર છે જ્યેષ્ઠાનક્ષત્રનું ચિકિત્સાયન ગોત્ર છે. મૂળનક્ષત્રનું કાત્યાયન ગોત્ર છે. ઉત્તરભાદ્ર પદાનક્ષત્રનું બાભ્રવ્યયાન ગોત્ર છે. ઉત્તરાષાઢા નક્ષત્રનું વ્યાઘ્રાપત્ય ગોત્ર છે.

હે ભદન્ત ! આ અઠ્યાવીસ નક્ષત્રોની વચમાં અભિજિત્ નામનું નક્ષત્ર છે તેનું સંસ્થાન-આકાર કેવું કહેવામાં આવ્યું છે હે ગૌતમ ! ગાયોના મસ્તકની જે આવલિ છે. મસ્તકના પુદ્‌ગલોની દીર્ઘરૂપ જે શ્રેણી છે-તેના જેવો આકાર અભિજિત્ નક્ષત્રનો કહેવામાં આવ્યો છે. અભિજિત્ નક્ષત્રનું સંસ્થાન કાસાર-તળાવ ધનિષ્ઠા નક્ષત્રનો આકાર શકુની પક્ષી-જેવો છે. શતભિષક્ નક્ષત્રનું પુષ્પોપચાર જેવું પૂર્વભાદ્ર પદા નક્ષત્ર નો અર્ધવાવ જેવો છે. ઉત્તરભાદ્રપદા અર્ધવાવ રેવતીનક્ષત્રનો નૌકા જેવો અશ્વિની ઘોડાની ખાંધ જેવો છે. ભરણી ભગ જેવું કૃત્તિકાનક્ષત્રનું ક્ષુરાનીધારા જેવું છે. રોહિણી ગાડાની ધરી જેવો છે. મૃગશિર હરણના મસ્તક જેવો છે. આર્દ્રા રુધિરના બિન્દુ જેવો પુનર્વસુ ત્રાજવાનો જેવો પુષ્યનક્ષત્રનું વર્દ્ધમાનની જેવી અશ્લેષા ધ્વજાના જેવું મઘા નક્ષત્રનું પ્રાકારનું જેવું પૂર્વફાલ્ગુની અર્ધપલંગ જેવી હોય છ આજ પ્રકારનો આકાર ઉત્તરફાલ્ગુની હસ્ત હાથના જેવી મિત્રા મુખના મંડનભૂત સુવર્ણપુષ્પના સોનાજુઈના જેવો સ્વાતિ મુખના મંડનભૂત સુવર્ણપુષ્પના સોનાજુઈના જેવો સ્વાતિ કીલાકની જેવી વિશાખા ઢોર બાંધવાના દોરડાનો જેવો અનુરાધા એકાવલી નામના હારનો જેવો. જ્યેષ્ઠા હાથીના દાંતનો જેવો મૂલ વિંછીના પૂંછડીનો પૂર્વાષાઢા હાથીના પગનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્તરાષાઢા સિંહના આકાર જેવી આ રીતે આ ઉપર કહેલાનક્ષત્રો આકાર હોય છે.

હે ભદન્ત ! અઠ્યાવીસ નક્ષત્રોમાંથી જે અભિજિત્ નામનું નક્ષત્ર છે તેનો ચન્દ્રની સાથે કેટલા મુહૂર્ત સુધી સમ્બન્ધ રહે છે ? હે ગૌતમ ! અભિજિત્ નક્ષત્રનો ચન્દ્ર સાથે યોગ થવાનો કાળ ૯-૨૭ /૬૭ મુહૂર્ત્તનો છે શતભિષક, ભરણી, આર્દ્રા, અશ્લેષા, સ્વાતિ તેમજ જ્યેષ્ઠા આ છ નક્ષત્ર ચન્દ્રમાની સાથે ૧૫ મુહૂર્ત સુધી યોગ કરે છે. ઉત્તરફાલ્ગુની, ઉત્તરષાઢા, ઉત્તરભાદ્રપદા આ ત્રણ નક્ષત્ર તથા પુનર્વસુ રોહિણી અને વિશાખા આ છ નક્ષત્ર ૪૫ મુહૂર્ત સુધી ચન્દ્રમાની સાથે સંબંધ રાખે છે, બાકી રહેલા નક્ષત્ર-શ્રવણ, ધનિષ્ઠા, પૂર્વભદ્રપદા, રેવતી, અશ્વિની, કૃત્તિકા મૃગશિરા, પુષ્પ, મઘા, પૂર્વાફાલ્ગુની, હસ્ત, ચિત્રા, અનુરાધા, મૂલ અને પૂર્વાષાઢા એ પંદર નક્ષત્ર-૩૦ મુહૂર્ત સુધી ચન્દ્રમાંની સાથે સંબંધ રાખે છે.

હે ભદન્ત ! આ અઠ્યાવીસ નક્ષત્રોમાં જે અભિજિત્ નામનું પ્રથમ નક્ષત્ર છે તેનો સૂર્યની સાથે કેટલા અહોરાત સુધી સંબંધ બન્યો રહે છે ? ૪ અહોરાત્રિ અને ૬ મુહૂર્ત સુધી અભિજિત્ નક્ષત્રોનો યોગ સૂર્યની સાથે રહે છે શતભિષકનક્ષત્ર, ભરણીનક્ષત્ર, આર્દ્રાનક્ષત્ર, આશ્લેષાનક્ષત્ર, સ્વાતિનક્ષત્ર ને જ્યેષ્ઠા નક્ષત્ર એ ૬ નક્ષત્રોનો રવિની સાથે યોગકાળ ૨૧ મુહૂર્તનો છે અને છ અહોરાત્રિનો છે, ઉત્તરભાદ્રપદા, ઉત્તરફાલ્ગુની. ઉત્તરાષાઢા, પુનર્વસુ, રોહિણી અને વિશાખા આ છ નક્ષત્ર સૂર્યની સાથે ત્રણ મુહૂર્ત અને વીસ દિવસ રાત સુધી જોડાયેલા રહે છે. બાકીના જે ૧૫ નક્ષત્ર વધ્યા છે-શ્રવણ, ધનિષ્ટી, પૂર્વભાદ્રપદા, રેવતી, અશ્વિની, કૃત્તિકા, મૃગશિરા, પુષ્પ, મઘા, પૂર્વફાલ્ગુની, ઉત્તરફાલ્ગુની ચિત્રા, અનુરાધા, મૂલ તેમજ પૂર્વાષાઢા આ સઘળા નક્ષત્ર સૂર્યની સાથે ૧૨ મુહૂર્ત-૧૩ દિવસ રહે છે.

જૈનમ્ જયતિ શાસનમ્

[૩૨૯-૩૩૧] હે ભદન્ત ! કુલ સંજ્ઞક નક્ષત્ર કેટલા કહેવામાં આવ્યા ઉપકુલ સંજ્ઞક નક્ષત્ર કેટલાં કહેવામાં આવ્યા છે ?કેટલાં નક્ષત્ર કુલોપકુલ સંજ્ઞક કહેવામાં આવ્યા છે ? ૧૨ નક્ષત્ર કુલ સંજ્ઞક છે, ૧૨ નક્ષત્ર ઉપકુલ સંજ્ઞક છે અને ૪ નક્ષત્ર કુલોપુકલ સંજ્ઞક છે જે કુલ સંજ્ઞક નક્ષત્ર છે તે આ પ્રમાણે ધનિષ્ઠા ઉત્તરભાદ્રપદા અશ્વિનીનક્ષત્રકુલ કૃત્તિકા મૃગશિરા પુષ્પ મઘા ઉત્તરફાલ્ગુની ચિત્રા વિશાખા મૂલ ઉત્તરાષાઢા જે નક્ષત્રો કુલ સંજ્ઞક નક્ષત્રોની પાસે હોય છે-તે નક્ષત્રો ઉપચારથી ઉપકુલ સંજ્ઞક છે અને આ શ્રવણ આદિ નક્ષત્રો છે જે નક્ષત્ર ઉપકુલ સંજ્ઞક નક્ષત્રોની નીચે રહે છે તેઓ કુલોપકુલ સંજ્ઞક નક્ષત્ર છે. આવા તે અભિજિત્, શતભિષક્, આર્દ્રા અને અનુરાધા આ નક્ષત્રો છે. શ્રવણ પૂર્વભાદ્રપદી રેવતી, ભરણી રોહિણી પુનર્વસુ અશ્લેષા પૂર્વાફાલ્ગુની હસ્ત જ્યેષ્ઠા પૂર્વાષાઢા નક્ષત્ર ઉપકુલ સંજ્ઞક નક્ષત્ર છે.

હે ભદન્ત ! પૂર્ણિમા અને અમાવસ્યા કેટલી કહેવામાં આવી છે ? હે ગૌતમ ! ૧૨ પૂર્ણમાઓ અને ૧૨ અમાવાસ્યાઓ કહેવામાં આવેલ છે. તે બંનેના ૧૨ પ્રકાર આ પ્રમાણે છે શ્રાવિષ્ઠી પ્રોષ્ઠપદા આશ્વયુજી કાર્તિકી માર્ગશીર્ષી પૌષી માઘી ફાલ્ગુની ચૈત્રી વૈશાખી જ્યેષ્ઠામૂલી આષાઢી.

હે ભદન્ત ! શ્રાવિષ્ઠી પૂર્ણિમાને પૂર્ણ માસને-કેટલા નક્ષત્ર ચન્દ્રની સાથે સમ્બન્ધિત થઈને સમાપ્ત કરે છે ? હે ગૌતમ ! ત્રણ નક્ષત્ર ચન્દ્રનસાથે સમ્બન્ધિત થઈને પૂર્ણિમાને સમાપ્ત કરે છે આ ત્રણ નક્ષત્ર આ છે અભિજિત્ શ્રવણ અને ધનિષ્ઠા જે અમા



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વસ્યાને આ યુગમાં જાણવા ઈચ્છતા હોય કે કયા નક્ષત્રમાં વર્તમાન અમાવાસ્યા પરિસમાપ્ત થાય છે તો આ માટે જેટલા રૂપોથી જેટલી અમાવસ્યાઓ નિકળી ગઈ હોય તેટલી સંખ્યાને સ્થાપિત કરી લેવી જોઈએ. ૬૬ મુહૂર્ત અને એક મુહૂર્તના પાંચ પરિપૂર્ણ બાસઠ ભાગ અને એક ૬૨ ભાગનો એકસઠમો ભાગ આવે છે. આ પ્રમાણે અવધાર્યરાશિનું પ્રમાણ કહેવામાં આવ્યું છે. ૨૨ મુહૂર્તના ૪૬ બાસઠ ભાગ રૂપ આ પુનર્વસુ નક્ષત્રનું આટલું પ્રમાણશોધન યોગ્ય પૂર્ણ થાય છે. ઉત્તરફાલ્ગુની સુધીના નક્ષત્ર પુનર્વસુ નક્ષત્ર થી લઈને ૧૦૨ થી શોધવામાં આવે છે, વિશાખા સુધીના નક્ષત્ર ૨૯૨ થી શોધાય છે અને ઉત્તરાષાઢા સુધીના નક્ષત્ર ૪૪૨ થી શોધાય છે જેવી રીતે પૂર્વે અમાવસ્યા અને ચન્દ્ર નક્ષત્રના પરિજ્ઞાનના નિમિત્ત અવધાર્ય રાશિ કહેવામાં આવી છે એવી જ અવધાર્ય રાશિ અહીં પણ પૌર્ણમાસી અને ચન્દ્રનક્ષત્રની પરિજ્ઞાન વિધિમાં પણ જાણવી જોઈએ.

હે ભદન્ત ! પ્રૌષ્ઠપદી પૂર્ણિમા તિથિની સાથે કેટલા નક્ષત્ર સમ્બન્ધ કરે છે ? હે ગૌતમ!ત્રણ નક્ષત્ર યોગ કરે છેશતભિષક્ પૂર્વભાદ્રપદા અને ઉત્તરભાદ્રપદા, હે ભદન્ત ! આશ્વયુજી પૂર્ણિમાની સાથે કેટલા નક્ષત્ર યોગ કરે છે ? હે ગૌતમ ! બે નક્ષત્ર સમ્બન્ધ કરે છે રેવતીનક્ષત્ર ને અશ્વિની કાર્તિકી પૂર્ણિમાને બે નક્ષત્ર સમાપ્ત કરે છે- છે-ભરણી નક્ષત્ર અને કૃત્તિકા, માર્ગશીર્ષી પૂર્ણિમાને બે નક્ષત્ર સમાપ્ત કરે છે રોહિણી અને મૃગશિરા છે. પૌષી પૂર્ણિમાઓને આર્દ્રા,પુનર્વસુ અને પુષ્ય એ ત્રણ નક્ષત્ર સમાપ્ત કરે છે. માઘી પૂર્ણિમાને બે નક્ષત્ર પરિસમાપ્ત કરે છે એક અશ્લેષા નક્ષત્ર અને બીજું મઘા નક્ષત્ર, ફાલ્ગુની પૂર્ણિમાને બે નક્ષત્ર સમાપ્ત કરે છે- પૂર્વાફાલ્ગુની અને ઉત્તરાફાલ્ગુની ચૈત્રી પૂર્ણિમાને હસ્ત અને ચિત્રા આ બે નક્ષત્રોમાંથી કોઈ એક નક્ષત્ર સમાપ્ત કરે છે વૈશાખી પૂર્ણિમાને સ્વાતી અને વિશાખા નક્ષત્રોમાંથી કોઇ એક નક્ષત્ર પરિસમાપ્ત કરે છે. જ્યેષ્ઠામૂલી પૂર્ણિમાને- અનુરાધા જ્યેષ્ઠા અને મૂલ નક્ષત્રોમાંથી-કોઈ એક નક્ષત્ર પરિસમાપ્ત કરે આષાઢી પૂર્ણિમાને પૂર્વાષાઢા નક્ષત્ર અને ઉત્તરષાઢા નક્ષત્રોમાંથી કોઇ એક નક્ષત્ર પરિસમાપ્ત કરે છે.

હે ગૌતમ ! શ્રાવણમાસ ભાવિની પૂર્ણિમાની સાથે કુલસંજ્ઞક નક્ષત્રોનો પણ યોગ રહે છે, ઉપકુલ સંજ્ઞક નક્ષત્રોનો પણ યોગ રહે છે અને કુલોપકુલસંજ્ઞક નક્ષત્રોનો પણ યોગ રહે જ્યારે શ્રાવિષ્ઠી પૂર્ણિમાની સાથે કુલસંજ્ઞક નક્ષત્રોને યોગ રહે છે ત્યારે તેમાં ધનિષ્ઠા નક્ષત્રનો યોગ રહે છે. અને જ્યારે ઉપકુલસંજ્ઞક નક્ષત્રોનો યોગ થાય છે ત્યારે શ્રવણ નક્ષત્રનો યોગ થાય છે કુલોપકુલસંજ્ઞક નક્ષત્રનોજ્યારે યોગ થાય છે ત્યારે અભિજિત્ નક્ષત્રનો યોગ થાય છે, શ્રાવિષ્ઠી પૂર્ણિમાની સાથે કુલસંજ્ઞક નક્ષત્ર યાવત્- ઉપકુલસંજ્ઞક નક્ષત્ર તેમજ કુલોપકુલસંજ્ઞક નક્ષત્ર યોગ કરે છે આથી જ તે શ્રાવિષ્ઠી પૂર્ણિમા કુલસંજ્ઞક નક્ષત્રથી ઉપકુલસંજ્ઞક નક્ષત્રથી તેમજ કુલોપકુલસંજ્ઞક નક્ષત્રથી યુક્ત કહેવામાં આવી છે. હે ગૌતમ ! પ્રૌષ્ઠપદી પૂર્ણિમાની સાથે કુલસંજ્ઞક નક્ષત્ર પણ યોગ કરે છે, ઉપકુલ સંજ્ઞક નક્ષત્ર પણ યોગ કરે છે અને કુલોપકુલસંજ્ઞક નક્ષત્ર પણ યોગ કરે છે જ્યારે આની સાથે કુલસંજ્ઞક નક્ષત્ર યોગ કરે છે ત્યારે તેમાંથી ઉત્તરભાદ્રપદા નક્ષત્ર યોગ કરે છે જ્યારે ઉપકુલસંજ્ઞક નક્ષત્ર યોગ કરે છે ત્યારે તેમાં પૂર્વભાદ્રપદા નક્ષત્ર યોગ કરે છે અને જ્યારે કુલોપકુલ સંજ્ઞક નક્ષત્ર યોગ કરે છે ત્યારે તેમનામાંથી શતભિષક્ નક્ષત્ર યોગ કરે છે. આશ્વયુજી પૂર્ણિમા કુલસંજ્ઞક નક્ષત્રથી અને ઉપકુલસંજ્ઞક નક્ષત્રથી યુક્ત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય છે પરંતુ કુલોપકુલ સંજ્ઞક નક્ષત્રથી યુક્ત હોતી નથી. જ્યારે તે કુલસંજ્ઞક નક્ષત્રથી યુક્ત હોય છે ત્યારે અશ્વિની નક્ષત્રથી યુક્ત હોય છે અને જ્યારે તે ઉપકુલસંજ્ઞક નક્ષત્રથી યુક્ત હોય છે ત્યારે રેવતી નક્ષત્રથી યુક્ત હોય છે કાર્તિકી પૂર્ણિમા કુલસંજ્ઞક નક્ષત્રોથી યુક્ત હોય છે અને ઉપકુલસંજ્ઞક નક્ષત્રોથી યુક્ત હોય છે પરન્તુ તે કુલોપકુલ સંજ્ઞક નક્ષત્રોથી યુક્ત હોતી નથી. જ્યારે તે કુલસંજ્ઞક નક્ષત્રથી યુક્ત હોય છે ત્યારે તે કૃત્તિકા નક્ષત્રથી યુક્ત હોય છે અને જ્યારે ઉપકુલસંજ્ઞક નક્ષત્રથી યુક્ત હોય છે ત્યારે ભરણી નક્ષત્રથી સંલગ્ન હોય છે. માર્ગશીર્ષી પૂર્ણિમાને કુલસંજ્ઞક નક્ષત્ર યુક્ત કરે છે, ઉપકુલ સંજ્ઞક નક્ષત્ર યુક્ત કરે છે, પણ કુલોપકુલસંજ્ઞક નક્ષત્ર યુક્ત કરતાં નથી. જ્યારે કુલ સંજ્ઞક નક્ષત્ર તેને યુક્ત કરે છે ત્યારે તેમનામાંથી મૃગશિરા નક્ષત્ર તેને યુક્ત કરે છે અને જ્યારે ઉપકુલસંજ્ઞક નક્ષત્ર તેને યુક્ત કરે છે ત્યારે તેને રોહિણી નક્ષત્ર યુક્ત કરે છે. એવી જ રીતે માર્ગશીર્ષી પૂર્ણિમાન્ત સુધી કહેલા પ્રકાર અનુસાર-ઉક્તથી અવશિષ્ટ પૌષી પૂર્ણિમાથી લઈને અષાઢી પૂર્ણિમાઓના સમ્બન્ધમાં કહી લેવું જોઈએ.

હે ભદન્ત ! જે શ્રાવિષ્ઠી અમાવાસ્યા છે-તેને કેટલાં નક્ષત્ર વ્યાપ્ત કરે છે ? હે ગૌતમ ! શ્રાવિષ્ઠી અમાવાસ્યાને બે નક્ષત્ર પરિસમાપ્ત કરે છે આ બે નક્ષત્રો આ છે. એક અશ્લેષા નક્ષત્રને બીજું મઘા નક્ષત્ર ભાદ્રપદમાસ ભાવિની અમાવસ્યાને પૂર્વા ફાલ્ગુની નક્ષત્ર અને ઉત્તર ફાલ્ગુની નક્ષત્ર આ બે નક્ષત્ર પરિસમાપ્ત કરે છે. અશ્વયુજી અમાવાસ્યાને હસ્ત નક્ષત્ર અને ચિત્રા નક્ષત્ર આ બે નક્ષત્ર પરિસમાપ્ત કરે છે. કાર્તિકી અમાવાસ્યાને સ્વાતિ નક્ષત્ર અને વિશાખા નક્ષત્ર પરિસમાપ્ત કરે છે. માર્ગશીર્ષી અમા વાસ્યાને ત્રણ નક્ષત્રો સમાપ્ત કરે છે અનુરાધા નક્ષત્ર, જ્યેષ્ઠાનક્ષત્ર અને મૂલ નક્ષત્ર છે. પૌષી અમાવસ્યાને પૂર્વાષાઢા નક્ષત્ર અને ઉત્તરાષાઢા નક્ષત્ર પરિસમાપ્ત કરે માઘી અમા વસ્યાને અભિજિત્ નક્ષત્ર શ્રવણનક્ષત્ર અને ધનિષ્ઠા નક્ષત્ર પરિસમાપ્ત કરે છે ફાલ્ગુની અમાવાસ્યાને શતભિષક્ નક્ષત્ર, પૂર્વભાદ્રપદા નક્ષત્રઅને ઉત્તરભાદ્રદા નક્ષત્ર પરિસમાપ્ત કરે છે ચૈત્રી અમાવાસ્યાને રેવતી અને અશ્વિની પરિસમાપ્ત કરે છે. વૈશાખી જે અમાવસ્યાઓ છે તેમની પરિસમાપ્તિ ભરણી અને કૃત્તિકાઓ બે નક્ષત્રો માંથી કોઈ એક નક્ષત્ર દ્વારા થાય છે. જ્યેષ્ઠમાસ ભાવિની અમાવાસ્યાની પરિસમાપ્તિ રોહિણી નક્ષત્ર અને મૃગશિર નક્ષત્ર એ બે નક્ષત્રો દ્વારા થાય છે આષાઢી અમાવસ્યાને આર્દ્રાનક્ષત્ર પુનર્વસુ નક્ષત્ર અને પુષ્ય નક્ષત્ર પરિસમાપ્ત કરે છે.

શ્રાવિષ્ઠી અમાવસ્યાની સાથે કુલસંજ્ઞક નક્ષત્ર પણ હોય છે, ઉપકુલસંજ્ઞક નક્ષત્ર પણ યુક્ત હોય છે પરન્તુ કુલોપકુલસંજ્ઞક નક્ષત્ર યુક્ત હોતાં નથી શ્રાવિષ્ઠી અમાવસ્યા જ્યારે કુલસંજ્ઞક નક્ષત્રની સાથે યોગ કરે છે ત્યારે તે મઘાનક્ષત્રની સાથે યોગ કરે છે અને જ્યારે ઉપકુલસંજ્ઞક નક્ષત્રની સાથે યોગ કરે છે ત્યારે તે અશ્લેષા નક્ષત્રની સાથે યોગ કરે છે પ્રૌષ્ઠપદી અમાવાસ્યાને કુલસંજ્ઞક નક્ષત્ર અને ઉપકુલસંજ્ઞક નક્ષત્ર એ બે નક્ષત્ર યુક્ત કરે છે જ્યારે કુલસંજ્ઞક નક્ષત્ર યુક્ત કરે છે ત્યારે તેમનામાંથી ઉત્તરફાલ્ગુની નક્ષત્ર યુક્ત કરે છે અને જ્યાર ઉપકુલસંજ્ઞક નક્ષત્ર પોતાનાથી તેને યુક્ત કરે છે-ત્યારે તેમના-માંથી પૂર્વફાલ્ગુની નક્ષત્ર તેને પોતાની સાથે યુક્ત કરે છે. માર્ગશીર્ષી અમાવાસ્યાને કુલ સંજ્ઞક નક્ષત્ર યુક્ત કરે છે, ઉપકુલસંજ્ઞક નક્ષત્ર પણ યુક્ત કરે છે તેમજ કુલોપકુલસંજ્ઞક નક્ષત્ર પણ યુક્ત કરે છે. જ્યારે કુલસંજ્ઞક નક્ષત્ર યુક્ત કરે છે ત્યારે તેમનામાંથી એક મૂલ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નક્ષત્ર તેનો યોગ કરે છે અને જ્યારે ઉપકુલસંજ્ઞક નક્ષત્ર તેને યુક્ત કરે છે ત્યારે તેમાં જ્યેષ્ઠા નક્ષત્ર તેને યુક્ત કરે છે તથા જ્યારે કુલોપકુલસંજ્ઞક નક્ષત્ર યુક્ત કરે છે ત્યારે તેમાં અનુરાધા નક્ષત્ર જોડાય છે. આ જ પૂર્વોક્ત કથન અનુસાર માઘ માસભાવિની અમાવાસ્યાને,ફાલ્ગુનમાસભાવિનીઅમાવાસ્યાનેઅનેઅષાઢ માસ ભાવિની અમાવાસ્યાને કુલસંજ્ઞક નક્ષત્ર ઉપકુલ સંજ્ઞક નક્ષત્ર અને કુલોપકુલસંજ્ઞક નક્ષત્ર વ્યાપ્ત કરે છે એમ કહેવું જોઈએ. તથા બાકીની પૌષી અમાવાસ્યાને ચૈત્ર માસની અમાવાસ્યાને, જ્યેષ્ઠ માસની અમાવાસ્યાને કુલસંજ્ઞક અને ઉપકુલસંજ્ઞક નક્ષત્ર એ બે નક્ષત્ર જ વ્યાપ્તકરે છે.

હે ભદન્ત ! જે સમયે મઘા નક્ષત્રથી યુક્ત પૂર્ણિમા હોય છે ત્યારે પશ્ચાત્ કાલભાવિની અમાવાસ્યા શ્રાવિષ્ઠા નક્ષત્રથી યુક્ત હોય છે શું ? હા, ગૌતમ જ્યારે શ્રાવિષ્ઠી પૂર્ણિમા નક્ષત્રથી યુક્ત પૂર્ણિમા હોય છે ત્યારે તેની પછી આવતી અમાવાસ્યા મઘા નક્ષત્રથી યુક્ત હોય છે. જ્યારે મઘા નક્ષત્રથી યુક્ત પૂર્ણિમા હોય છે ત્યારે પાશ્ચાત્ય અમાવાસ્યા શ્રવણનક્ષત્રથી યુક્ત હોય છે જે કાળમાં ઉત્તર ભાદ્રપદ નક્ષત્રથી યુક્ત પૂર્ણિમા હોય છે તે સમયે પાશ્ચાત્ય અમાવાસ્યા ઉત્તરફાલ્ગુની નક્ષત્રથી યુક્ત હોય છે અને જ્યારે ઉત્તરફાલ્ગુની નક્ષત્રથી યુક્ત પૌર્ણમાસી હોય છે ત્યારે અમાવાસ્યા પ્રૌષ્ઠપદી-ઉત્તરભાદ્રપદા નક્ષત્રથી યુક્ત હોય છે આજ પૂર્વોક્ત કથન પદ્ધતિ અનુસાર પૂર્ણિમાઓને અને અમાવાસ્યાઓને પણ જાણી લેવી જોઈએ. અશ્વિની પૂર્ણિમા, ચૈત્રી અમાવાસ્યા કાર્તિકી પૂર્ણિમા, વૈશાખી અમાવાસ્યા માર્ગશીર્ષી પૂર્ણિમા જ્યેષ્ઠા મૂલી અમાવાસ્યા, પૌષીપૂર્ણિમા અને અષાઢી અમાવસ્યા.

[૩૩૩-૩૩૫] હે ભદન્ત ! ચાર માસનો જે વર્ષાકાળ છે તે વર્ષાકાળના શ્રાવણ માસ રૂપ પ્રથમ માસના ક્રમશઃ પરિસમાપક સ્વયં અસ્તગમન દ્વારા કેટલા નક્ષત્ર છે ? હે ગૌતમ ! આ ચાર નક્ષત્ર ઉત્તરાષાઢા, અભિજિત્ શ્રવણ અને ધનિષ્ઠા ઉત્તરાષાઢા નક્ષત્ર શ્રાવણમાસના પ્રથમના ૧૪ અહોરાતની પરિસમાપ્તિ કરે છે. અભિજિત્નક્ષત્ર ૭ અહોરાતની પરિસમાપ્તિ કરે છે. શ્રવણ નક્ષત્ર આઠ અહોરાતની પરિસમાપ્તિ કરે છે, અને ધનિષ્ઠા નક્ષત્ર એક રાત-દિવસની પરિસમાપ્તિ કરે છે. શ્રાવણમાસમાં અન્તના દિવસે ચાર આંગળથી અધિક પૌરૂષીરૂપ છાયાથી યુક્ત સૂર્ય પરિભ્રમણ કરે છે. માસના અન્તિમ દિવસમાં બે પદવાળી અને ચાર આંગળવાળી પૌરૂષી હોય છે ચાર નક્ષત્ર વર્ષાકાળના ભાદ્રપદ માસના પરિસમાપક હોય છે. ધનિષ્ઠા, શતભિષક્ પૂર્વભાદ્રપદા અને ઉત્તરભાદ્રપદા, જે ધનિષ્ઠા નક્ષત્ર છે તે ૧૪ અહોરાત્રિનું પરિસમાપક હોય છે શતભિષક્ નક્ષત્ર સાત અહોરાત્રિનું પરિસ માપક છે. પૂર્વભાદ્રપદા આઠ અહોરાત્રિઓના પરિસ માપક-છે. અને ઉત્તરભાદ્રપદા એક અહોરાત્રિનું પરિસમાપક હોય છે. આ મહિનામાં આઠ આંગળ અધિક પૌરૂષી રૂપ છાયાથી યુક્ત થયેલો સૂર્ય પરિભ્રમણ કરે તે મહિનાના છેલ્લા દિવસે બે પદોવાળી તેમજ આઠ આંગળવાળી પૌરૂષી હોય છે. આશ્વિન માસને ત્રણ નક્ષત્ર પરિસમાપ્ત કરે છે. ઉત્તરભાદ્રપદા રેવતી અને અશ્વિની આસો માસની ૧૪ અહોરાત્રિઓને સમાપ્ત કરે છે. રેવતી નક્ષત્ર ૧૫ અહોરાત્રિઓને સમાપ્ત કરે છે. અશ્વિન નક્ષત્ર અશ્વિન માસના ૧ દિવસ રાતને સમાપ્ત કરે છે. આ અશ્વિનમાસમાં બાર આંગળ અધિક પૌરૂષીરૂપ છાયાથી યુક્ત થયેલ સૂર્ય પરિભ્રમણ કરે છે. આ અશ્વિનમાસના અંતિમ દિવસે ત્રણ ત્રણ પદોવાળી પરિપૂર્ણ ત્રણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પદ પ્રમાણ પૌરૂષી હોય છે.

ત્રણ નક્ષત્ર કાર્તિકમાસને સમાપ્ત કરે છે અશ્વિની, ભરણી અને કૃત્તિકા એમાં અશ્વિની નક્ષત્ર કાર્તિકમાસના ૧૪ દિવસ-રાત્રિને ભરણી નક્ષત્ર ૧૫ દિવસ-રાતોને જ્યારે કૃત્તિકા નક્ષત્ર માત્ર એક દિવસ-રાત્રિને સમાપ્ત કરે છે. તે કાર્તિકમાસમાં સોળ આંગળ અધિક પૌરૂષી રૂપ છાયાવાળો સૂર્ય પરિભ્રમણ કરે છે. કાર્તિકમાસના છેલ્લા દિવસે ચાર આંગળ અધિક ત્રિપદા પૌરૂષી હોય છે. કૃત્તિકા, રોહિણી અને મૃગશિરા એ ત્રણ નક્ષત્ર પોતાના અસ્તગમન દ્વારા માર્ગશીર્ષ માસને પરિસમાપ્ત કરે છે આમાં કૃત્તિકા નક્ષત્ર માગશર માસના ૧૪ દિવસ-રાતને, રોહિણી ૧૫ દિવસ-રાતોને અને મૃગશિરા નક્ષત્ર ૧ દિવસ-રાતને પરિસમાપ્ત કરે છે. આ માગશર માસમાં ૨૦ આંગળ અધિક પૌરૂષીરૂપ છાયાથી વ્યાપ્ત સૂર્ય પરિભ્રમણ કરે છે. આ અગહનમાસ નો જે અંતિમ દિવસ હોય છે તે દિવસે આઠ આંગળ અધિક ત્રિપદા પૌરૂષિ હોય છે. પોષ માસને ચાર નક્ષત્ર સમાપ્ત કરે છે મૃગશિર આર્દ્રા, પુનર્વસુ અને પુષ્ય મૃગશિર નક્ષત્ર પોષમાસની ૧૪ અહોરાતોને, આર્દ્રા નક્ષત્ર પોષમાસના આઠ દિવસોને, પુનર્વસુ નક્ષત્ર પોષમાસના સાત દિવસ રાતોને સમાપ્ત કરે છે. આ પોષમાસના અન્તિમ દિવસે ચોવીસ આંગળ અધિક પૌરૂષીરૂપ છાયાથી યુક્ત થયેલ સૂર્ય પરિભ્રમણ કરે છે. અંતિમ દિવસે પરિપૂર્ણ ચાર પાદ પ્રમાણે પૌરૂષી હોય છે. ત્રણ નક્ષત્ર માહ માસના પરિસમાપક હોય છે આ ત્રણ નક્ષત્ર પુષ્ય, અશ્લેષા અને મઘા છે એમાં પુષ્ય નક્ષત્ર માહ માસના ૧૪ દિવસોને અશ્લેષા નક્ષત્ર મહામાસના ૧૫ દિવસોને મઘા નક્ષત્ર મહા માસના ૧ દિવસ-રાતને સમાપ્ત કરે છે. આ મહામાસના છેલ્લા દિવસે ૨૦ આંગળ અધિક પૌરૂષીરૂપ છાયાથી યુક્ત થયેલ સૂર્ય પરિભ્રમણ કરે છે.

ત્રણ નક્ષત્ર ફાલ્ગુનમાસને સમાપ્ત કરે છે. મઘાપૂર્વાફાલ્ગુની અને ઉત્તરા-ફાલ્ગુની એમાં મઘા જે નક્ષત્ર છે તે ફાગણમાસના ૧૪ દિવસ-રાતોને પૂર્વાફાલ્ગુની ૧૫ અહોરાતોને અને ઉત્તરાફાલ્ગુની એક દિવસરાતને સમાપ્ત કરે છે ફાગણમાસના છેલ્લા દિવસે સોળ આંગળ અધિક પૌરૂષીરૂપ છાયાથી યુક્ત થયેલ સૂર્ય પરિભ્રમણ કરે છે. ચૈત્રમાસને ત્રણ નક્ષત્ર સમાપ્ત કરે છે. ઉત્તરફાલ્ગુની હસ્ત અને ચિત્રા એમાં ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર ગ્રીષ્મકાળના પ્રથમ માસ ચૈત્રમાસની ચૌદ અહોરાતોને હસ્ત નક્ષત્ર ચૈત્ર માસની ૧૫ અહોરાત્રિઓને અને ચિત્રા નક્ષત્ર ચૈત્રમાસના એક દિવસરાતને સમાપ્ત કરે છે. આ ચૈત્રમાસનો જે અંતિમ દિવસ હોય છે તે દિવસે ૧૨ આંગળ અધિક પૌરૂષીરૂપ છાયાથી યુક્ત થયેલ સૂર્ય પરિભ્રમણ કરે છે. વૈશાખમાસને ત્રણ નક્ષત્ર સમાપ્ત કરે છે. ચિત્રા સ્વાતિ અને વિશાખા, એમાં ચિત્રા નક્ષત્ર ગ્રીષ્મકાળના વૈશાખ માસના પ્રાથમિક ૧૪ રાતદિવસોને સ્વાતિ નક્ષત્ર વૈશાખના માધ્યમિક ૧૫ દિવસોને અને વિશાખા નક્ષત્ર અન્તના એક દિવસરાતને સમાપ્ત કરે છે.વૈશાખમાસના અન્તિમ દિવસે આઠ આંગળ અધિક પૌરૂષીરૂપ છાયાથી યુક્ત થયેલ સૂર્ય પરિભ્રમણ કરે છે. ચાર નક્ષત્ર જેઠમાસને પરિસમાપ્ત કરે વિશાખા અનુરાધા જ્યેષ્ઠા અને મૂળ, વિશાખા જેઠમાસના પ્રાથમિક ૧૪ દિવસરાતોને અનુરાધા આઠ દિવસ રાતોને જ્યેષ્ઠા સાત દિવસ રાતોને મૂલ નક્ષત્ર જ્યેષ્ઠમાસના છેલ્લા એક દિવસ રાતને સમાપ્ત કરે છે. આ જેઠમાસ અન્તિમ દિવસે ચાર આંગળ અધિક પૌરૂષીથી યુક્ત થયેલ સૂર્ય પરિભ્રમણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરે છે. અષાઢમાસને ત્રણ નક્ષત્ર પોતાના ઉદયના અસ્તગમન દ્વારા પરિસમાપ્ત કરે છે, મૂલ નક્ષત્ર પૂર્વાષાઢા નક્ષત્ર અને ઉત્તરાષાઢા નક્ષત્ર, મૂલ જે નક્ષત્ર છે તે અષાઢ માસના પ્રાથમિક ૧૪ રાત દિવસોને પૂર્વાષાઢા માધ્યમિક ૧૫ રાત દિવસોને ઉત્તરાષાઢા છેલ્લા એક દિવસ રાતને સમાપ્ત કરે છે. અષાઢમાસના અન્તના દિવસે સમચતુરસ્ર સંસ્થાનથી યુક્ત ગોળાકારવાળી-અને ન્યગ્રોધ પરિમંડળવાળી જે પ્રકાશ્ય વસ્તુ છે અથવા બીજી પણ કોઈ સંસ્થાનવાળી જે પ્રકાશ્ય વસ્તુ છે તે વસ્તુની અનુરૂપ છાયાથી યુક્ત થયેલ સૂર્ય પરિભ્રમણ કરે છે, તે ગ્રીષ્મકાળના ચોથા માસના અન્તિમ દિવસે પૂર્ણરૂપથી દ્વિપદા પૌરૂષી હોય છે.

[૩૩૬-૩૪૩] હે ભદન્ત ! ચન્દ્ર અને સૂર્ય આદિ દેવોના, ક્ષેત્રની અપેક્ષા નીચે વર્તમાન તારા વિમાનોના કેટલા અધિષ્ઠાયક દેવ, શું દ્યુતિવિભવાદિકની અપેક્ષાહીન પણ હોય છે ? તથા કેટલાક દ્યુતિવિભવાદિકનઅપેક્ષા સદૃશ પણ હોય છે ? તથા ચન્દ્રાદિ વિમાનોની સમયશ્રેણીમાં સ્થિત તારાવિમાનોના અધિષ્ઠાયક દેવ ચન્દ્ર સૂર્યાદિક દેવોની દ્યુતિ ને વૈભવ આદિની અપેક્ષા શું હીન પણ છે ? અને તુલ્ય પણ હોય છે ? તથા ચન્દ્રાદિક વિમાનોના ક્ષેત્રની અપેક્ષા ઉપર-ઉપરિતન ભાગમાં સ્થિત-તારાવિમાનોના અધિષ્ઠાયક દેવ ચન્દ્ર સૂર્ય દેવોની દ્યુતિ અને વૈભવ આદિની અપેક્ષા શું હીન તેમજ સમાન પણ હોય છે ? હા, ગૌતમ ! આવા જ હોય છે. જેવું જેવું તે દેવોના પૂર્વભવમાં તપ નિયમ, બ્રહ્મચર્ય અધિક રૂપથી સેવાય છે- તેવા તેવા તે દેવોને એવું કહેવામાં આવે છે કે તે ચન્દ્રાદિક દેવોના વિભવાદિકની અપેક્ષા હીન વિભવાદિવાળા છે તથા જે તારાવિમાન અધિષ્ઠાયક દેવો દ્વારા તપોનું નિયમોનું બ્રહ્મચર્યનું પૂર્વ ભવમાં સેવન કરાતું નથી એવા તે દેવ આભિનિયોગક કર્મોદયથી અતિનિકૃષ્ઠ હોય છે. આથી તે દેવોના સંબંધમાં અણુત્વ અને તુલ્યત્વનો વિચાર જ થતો નથી.

જૈનમ્ જયતિ શાસનમ્

હે ભદન્ત ! એક એક ચન્દ્રના પરિવાર રૂપ ભૌમાદિક મહાગ્રહ કેટલા છે ? તથા કેટલા પરિવારભૂત નક્ષત્ર છે ? હે ગૌતમ ! એક એક ચન્દ્રના પરિવારરૂપ ભૌમાદિક મહા- ગ્રહ ૮૮ છે તથા અભિજિત્ આદિ ૨૮ નક્ષત્ર પરિવાર રૂપ છે તથા ૬૬૯૭૫ તારા- ગણોની કોટાકોટપરિવારભૂત કહેવામાં આવેલ છે. હે ભદન્ત ! જ્યોતિષી દેવ સુમેરૂ પર્વતને કેટલો દૂર છોડીને ગતિ કરે છે ? હે ગૌતમ ! જ્યોતિષી દેવ સુમેરૂ પર્વતને ૧૧૨૧ યોજન દૂર છોડીને ગતિ કરે છે. હે ભદન્ત ! લોકના અન્તથી-અલોકની પહેલા કેટલી અબાધાથી જ્યોતિશ્ચક સ્થિર કહેવામાં આવ્યું છે ? હે ગૌતમ ! લોકના અન્તથી અલોક ની પહેલાં પહેલાં જ્યોતિશ્ચક ૧૧૧૧ યોજન છોડીને સ્થિર કહેવામાં આવ્યું છે.

હે ભદન્ત ! આ ધરણિતળથી સમતલભૂભાગથી કેટલી ઉંચાઈ પર અધસ્તક જ્યોતિષ તારાપટલ ગતિ કરે છે ? હે ગૌતમ ! આ સમતલભૂમિભાગથી ૭૯૦ યોજનની ઉંચાઈ પર જ્યોતિશ્ચક ગતિ કરે છે. તેમાં આ સમતલ ભૂમિભાગથી ૮૦૦ યોજનની ઉંચાઈ પર સૂર્યવિમાન ગતિ કરે છે. ત્યાંથી ૮૮૦ યોજનની ઉંચાઈ ચન્દ્રવિમાન ગતિ કરે છે, ત્યાંથી ૯૦૦ યોજનની ઉંચાઈ પર તારા રૂપ-ગ્રહ-નક્ષત્ર અને પ્રકીર્ણ તારા ગતિ કરે છે આ રીતે મેરૂના સમતલ ભૂભાગથી ૭૯૦ યોજનની ઉંચાઈ પર જ્યોતિશ્ચકના ક્ષેત્રનો પ્રારંભ થવાનું કહેવામાં આવ્યું છે. આ એમનું ચાર ક્ષેત્ર ઉંચાઈમાં ત્યાંથી ૧૧૦ યોજન પરિમાણ હોય છે. હે ગૌતમ ! ત્યાંથી ૭૯૦ યોજન ચાર ક્ષેત્રથી આગળ ૧૦ યોજનની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઊંચાઈ પર સૂર્યવિમાન ગતિ કરે છે. એવી જ રીતે સમતલભૂમિભાગથી ૯૦ યોજનની ઊંચાઈ પર ચન્દ્રવિમાન ગતિ કરે છે. તથા-સમતલભૂમભાગથી ૧૧૦ યોજનની ઊંચાઈ પર તારારૂપ જ્યોતિશ્ચક્ર ગતિ કરે છે. આ પ્રકારે સૂર્યવિમાનથી ચન્દ્રવિમાનનું અંતર ૮૦ યોજન છે અને સૂર્યવિમાનથી આટલું દૂર રહેલ ચન્દ્રવિમાન ગતિ કરે છે. આજ રીતે આલાપક્રમ આગળ માટે પણ સમજી લેવો.

હે ભદન્ત ! આ જંબૂદ્વીપ નામક દ્વીપમાં ૨૮ નક્ષત્રોમાંથી કયા નક્ષત્ર સર્વાભ્યન્તર ગતિ કરે છે. કયા નક્ષત્ર સર્વબાહ્ય ગતિ કરે છે ? પ્રભુ કહે છે- ૨૮ નક્ષત્રોમાંથી જે અભિજિત્ નક્ષત્ર છે તે સર્વ નક્ષત્ર મંડળની અંદર થઈને ગતિ કરે છે. જો કે સર્વાભ્યન્તર મંડળ ચારી અભિજીત આદિ ૧૨ નક્ષત્ર છે તો પણ આ અભિજિત નક્ષત્ર બાકીનાં ૧૧ નક્ષત્રોની અપેક્ષા મેરૂ દિશામાં સ્થિત થઈને ગતિ કરે છે આથી જ તેને સર્વાભ્યન્તરચારી કહેવામાં આવ્યું છે તથા મૂલ નક્ષત્ર સર્વનક્ષત્ર મંડળની બહાર થઈને ગતિ કરે છે. જો કે પંદર મંડળથી બહિશ્ચારી મૃગશિર આદિ છ નક્ષત્ર અને પૂર્વાષાઢા અને ઉત્તરષાઢા એ બે નક્ષત્રોના ચાર તારકોની વચ્ચે બબ્બે તારા કહેવામાં આવ્યા છે તો પણ આ મૂલ નક્ષત્ર ઉપર બહિશ્ચારી નક્ષત્રની અપેક્ષા લવણ સમુદ્રની દિશામાં વ્યવસ્થિત થઈને ગતિ કરે છે. આથી જ મૂલ નક્ષત્ર સર્વ થા બહિશ્ચારી છે એમ કહેવામાં આવ્યું છે ભરણી નક્ષત્ર સર્વનક્ષત્ર મંડળથી અધશ્ચારી થઈને ગતિ કરે છે. તથા સ્વાતિ નક્ષત્ર સર્વનક્ષત્રમંડળની ઉપર થઈને ગતિ કરે છે.

હે ભદન્ત ! ચન્દ્રવિમાન નો આકાર કેવો છે ? હે ગૌતમ ! કપિત્થના અડધા ભાગનો કે જેને ઉપરની તરફ મુખ કરીને રાખવામાં આવ્યું હોય એનો જેવો આકાર હોય તેવો જ આકાર ચન્દ્રવિમાનનો છે હે ભદન્ત ! ચન્દ્રવિમાનની લંબાઈ પહોળાઈ કેટલી છે ? ઊંચાઈ કેટલી છે ? હે ગૌતમ એક પ્રમાણ આંગળ યોજનના ૬૧ ભાગોમાંથી ૫૬ ભાગ પ્રમાણ ચન્દ્રવિમાનનો વિસ્તાર છે-અને સમુદિત ૫૬ ભાગોનું જેટલું પ્રમાણ હોય છે તેટલો વિસ્તાર એક ચન્દ્રવિમાનનો છે. ચન્દ્ર વિમાનનું બાહલ્ય-ઊંચાઈ-૨૮ ભાગ પ્રમાણ છે ૪૮ ભાગ પ્રમાણ વિસ્તાર સૂર્ય મંડળો અને ૨૪ ભાગ પ્રમાણ એની ઊંચાઈ છે, ગ્રહવિમાનોની ઊંચાઈ બે કોશની-છે. નક્ષત્ર વિમાનોની ઊંચાઈ એક ગાઉની છે તારા ઓના વિમાનોનો વિસ્તાર અડધા ગાઉનો છે, ગ્રહાદિ વિમાનોમાં જે વિમાનનો જે વ્યાસ છે તે વ્યાસથીઅડધી તે વિમાનની ઊંચાઈ હોય છે જેમકે-ગ્રહ વિમાનની ઊંચાઈ એક ગાઉની છે, નક્ષત્ર વિમાનોની ઊંચાઈ અડધા ગાઉની છે અને ગાઉના ચોથા ભાગ પ્રમાણ ઊંચાઈ તારા વિમાનની છે.

[૩૪૪-૩૪૭] હે ભદન્ત ! જે ચન્દ્રવિમાન છે તેને કેટલા હજાર દેવ-લઈને ચાલે છે ? હે ગૌતમ ! ચન્દ્રના વિમાનને સોળ હજાર દેવ લઈને ચાલે છે. ચન્દ્રવિમાનની પૂર્વ-દિશામાં રહી પૂર્વભાગને જે આભિયોગિક દેવ ખેંચે છે-તેઓ સિંહરૂપધારી હોય છે અને તેમની સંખ્યા ચાર હજારની છે. તેમનું રૂપ શ્વેતવર્ણ વિશિષ્ટ હોય છે તેઓ જનપ્રિય હોય છે. તેમની દીપ્તિ શોભના હોય છે, ચન્દ્રવિમાનની દક્ષિણદિશાએ રહેલી દક્ષિણવાહાને જે દેવ ખેંચે છે તેઓ ગજરૂપધારી હોય છે, ચન્દ્રવિમાનની પશ્ચિમદિશામાં રહેલા વૃષભ રૂપધારી દેવ પશ્ચિમદિગ્વર્તી વાહાને ખેંચે છે ચન્દ્રવિમાનની ઉત્તરદિશામાં જે હયરૂપ-ધારી ચાર હજાર દેવ-ઉત્તરવાહાને ખેંચે છે ચન્દ્રમા અને સૂર્યના વિમાનોના વાહક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સોળ-સોળ હજાર દેવ છે, એક એક ગ્રહમાં આઠ હજાર જ દેવવાહક છે. એક એક નક્ષત્રમાં ચાર ચાર હજાર દેવવાહક છે. એક એક તારારૂપમાં બે જ હજાર દેવવાહક છે.

[૩૪૮-૩૫૯] હે ભદન્ત ! આ ચન્દ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારારૂપ જ્યોતિષ્કની વચમાં કોણ કોનાથી શીઘ્રગતિવાળા છે ? હે ગૌતમ ! ચન્દ્રમાઓની અપેક્ષા સૂર્યોની શીઘ્રગતિ છે સૂર્યોની અપેક્ષા ગ્રહોની શીઘ્રગતિ છે. ગ્રહોની અપેક્ષા નક્ષત્રોની શીઘ્ર-ગતિ છે. નક્ષત્રોની અપેક્ષા તારારૂપોની શીઘ્રગતિ છે સર્વથી અલ્પગતિ ચન્દ્રમાઓની છે અને સર્વની અપેક્ષા શીઘ્રગતિવાળા તારારૂપ છે. હે ભદન્ત ! આ ચન્દ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્રઅને તારારૂપોમાંથી કોણ સર્વમહર્દ્ધિકછે ? હે ગૌતમ ! તારારૂપોની અપેક્ષા નક્ષત્ર મહતી ઋદ્ધિવાળા છે, નક્ષત્રોની અપેક્ષા ગ્રહ- મહતી ઋદ્ધિવાળા છે. ગ્રહોની અપેક્ષા સૂર્ય મહાઋદ્ધિવાળા છે. અને સૂર્યોની અપેક્ષા ચન્દ મહાઋદ્ધિવાળા છે. આવી રીતે સૌથી ઓછી ઋદ્ધિવાળા તારારૂપ છે અને સહૂથી અધિક ઋદ્ધિવાળા ચન્દ છે.

હે ભદન્ત ! જમ્બૂદ્વીપ નામના દ્વીપમાં એક તારાથી બીજા તારા નું કેટલું અન્તર અબાધાથી કહેવામાં આવ્યું છે ? હે ગૌતમ ! અન્તર વ્યાઘાતિક અને નિર્વ્યાઘાતિકના ભેદથી બે પ્રકારનું કહેવામાં આવેલ છે. જે અન્તરમાં પર્વતાદિકોનું પડી જવાનું થાય છે તે વ્યાઘાતિક અન્તર અને જે અન્તર આ વ્યાઘાતથી રહિત હોય છે- તે નિર્વ્યાઘાતિક અન્તર છે આમાં જે વ્યાઘાત વગરનું અન્તર છે તે ઓછામાં ઓછું પાંચસો ધનુષ્યનું છે અને વધુમાં વધુ બે ગવ્યૂતનું છે. આ વ્યાઘાતિક જે અન્તર છે તે ૨૬૬ યોજનનું છે અને ઉત્કૃષ્ટથી અન્તર ૧૨૨૪૨ યોજનનું છે.

હે ભદન્ત!જ્યોતિષ્ક ચન્દ્રજ્યોતિષ્કરાજ ચન્દ્રદેવની કેટલી અગ્રમહિષિઓ-છે ? હે ગૌતમ ! ચન્દ્રદેવની અગ્રમહિષ્યાઓ ચાર કહેલી છે.ચન્દ્રપ્રભા જ્યોત્સનાભા, અર્ચિ-માલી અને પ્રભંકરા. એક-એક પટ્ટદેવીનો પરિવાર ચાર ચાર હજાર દેવિઓનો છે. તે ચારે પટ્ટદેવીઓમાં એવી શક્તિ છે કે પોતાની વિકુર્વણા શક્તિથી પોતાના જેવા રૂપ વાળી એક હજાર દેવીઓની, પરિચારણના સમયે જ્યોતિષ્કારજ ચન્દ્રની ઈચ્છાને પ્રાપ્ત કરીને વિકુર્વણા કરી શકે. આ રીતે ચાર-ચાર હજાર દેવીઓની એક-એક પટ્ટરાણી અગ્ર મહિષી-સ્વામિની હોય છે આ કારણે ચારે પટ્ટરાણીઓની ૧૬ હજાર દેવીઓ થઈ જાય છે હે ભદન્ત ! જ્યોતિષ્કેન્દ્ર, જ્યોતિષ્કરાજ ચન્દ્ર પોતાના ચન્દ્રાવતંસક વિમાનમાં ચન્દ્ર નામની રાજધાનીમાં સુધર્માસભામાં અન્તઃપુરની સાથે દિવ્યભોગોને ભોગવી શકેછે ? વિષય સેવન કરી શકે છે ? હે ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. હે ગૌતમ ! જ્યોતિષ્કેન્દ્ર જ્યોતિષ્કરાજ ચન્દ્રની ચન્દ્રા રાજધાનીમાં સુધર્માસ ભામાં માણવક નામનો એક ચૈત્ય સ્તમ્ભ છે. તેની ઉપર વજ્રમય ગોળવૃત્ત સમુદ્ગકોમાં જિનેન્દ્ર દેવના હાડકાઓ રાખેલા છે. તે હાડકાં ચન્દ્ર અને અન્ય દેવદેવીઓ દ્વારા અર્ચનીય યાવત્ પર્યુપાસનીય છે. આ કારણે હે ગૌતમ ! મેં એવું કહ્યું છે કે જ્યોતિષ્કેન્દ્ર જ્યોતિષ્કરાજ ચન્દ્ર સુધર્માસભામાં અન્તઃપુરની સાથે દિવ્ય ભોગભોગને ભોગવી શકવા સમર્થ નથી. હા, તે આ રૂપથી આ મારો પરિકર છે, આ તેની સમ્પત્તી છે, એ પ્રકારે ત્યાં પોતાનો પ્રભાવ પ્રકટ કરી શકે છે. પરન્તુ તે ત્યાં મૈથુન સેવન કરી શકતો નથી,

હે ગૌતમ ! સૂર્યની ચાર અગ્રમહિષિઓ કહેવામાં આવી છે. સૂર્યપ્રભા (૧) આત્મપ્રભા (૨) અર્ચિમાલી (૩) અને પ્રભંકરા. આ સમ્બન્ધમાં બાકીનું બધું કથન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચન્દ્ર પ્રકરણમાં કહેવામાં આવ્યું છે તે પ્રમાણે જ જાણવું. સમસ્ત ગ્રહાદિકોની વિજય વૈજ- યન્તિ, જયન્તી અને અપરાજિતા એ નામની ચાર પટ્ટરાણીઓ છે. જંબૂદ્વીપવર્ત્તી ચન્દ્ર- દ્વયના પરિવાર ભૂત ૧૭૬-ગ્રહોની વિજયાદિક ૪ અગ્રમહિષિઓ જે કહેવામાં આવી છે તે ૧૭૬ ગ્રહ આ મુજબ છે. વિકાલક લોહિતાંક શનૈશ્ચર આધુનિક પ્રાધુનિક કણ કણક કણકણક કણવિતનાક કણસંતાનક આ રીતે ઉપરના ૬ ગ્રહ અને ૫ મળીને ૧૧ ગ્રહોના નામ પ્રકટ કરવામાં આવ્યા છે. સોમ સહિત આશ્વાસન કાર્યોપગ કર્બુરક અજકરક દુન્દુભક શંખ શંખનામ શંખવર્ણાભ ભાવકેતુની અગ્રમહિષી સુધી આ પ્રમાણે જ કહેવાનું ચાલુ રાખવું નક્ષત્રોના નામ આ પ્રમાણે છે બ્રહ્મા અભિજિ ત્વિષ્ણુ શ્રમણ વસુ-ધનિષ્ઠા વરૂણ-શતભિષક્ અજપૂર્વભાદ્રપદા વૃદ્ધિ-ઉત્તરાભાદ્રપદા પુષા-રેવતી,અશ્વ-અશ્વિની, યમો-ભરણી અગ્નિ-કૃત્તિકા, પ્રજાપતિ-રોહિણી, સોમ મૃગશિર, રૂદ્ર-આર્દ્રા, અદિતિ-પુનર્વસુ, બૃહસ્પતિ-પુષ્પ, સર્પ-અશ્લેષા, ચિત્તા-મઘા, ભગપૂર્વા ફાલ્ગુની, અર્યમા-ઉત્તરફાલ્ગુની, સવિતા-હસ્ત, ત્વષ્ટા-ચિત્રા, વાયુ-સ્વાતી, ઈન્દ્રાગ્ની વિશાખા,ચિત્ર-અનુરાધા ઈન્દ્ર-જયેષ્ઠા, નિર્ઋતિમૂલ, આપ-પૂર્વાષાઢા અને વિશ્વ- ઉત્તર ષાઢા, (આ નક્ષત્રોના નામ તેમના અધિપતિ દેવતાઓ અનુસાર બંને ગાથાઓમાં કહે-વામાં આવ્યા છે-)

હે ભદન્ત ! ચંદ્રવિમાનમાં દેવોની સ્થિતિ કેટલા કાળની કહેવામાં આવી છે ? હે ગૌતમ ! ચન્દ્રવિમાનમાં દેવોની સ્થિતિ જઘન્યથી એક પલ્યોપમના ચતુર્થ- ભાગ પ્રમાણ છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક લાખ વર્ષ અધિક એક પલ્યોપમની છે. ચન્દ્ર વિમાનમાં દેવીઓની સ્થિતિ જઘન્યથી એક પલ્યના ચતુર્થભાગ પ્રમાણ છે. ઉત્કૃષ્ટ સ્થિતિ ૫૦ હજાર વર્ષ અધિક અર્દ્ધપલ્યોપમની છે સૂર્યવિમાનમાં રહેનારા દેવોની જઘન્ય સ્થિતિ એક પલ્યોપમનાં ચતુર્થભાગ પ્રમાણ છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક હજાર વર્ષ અધિક એક પલ્યોપમની છે. સૂર્યવિમાનમાં વસનારી દેવીઓની સ્થિતિ એક પલ્યના ચતુર્થભાગ પ્રમાણ છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ પાંચસો વર્ષ અધિક અર્ધપલ્યોપમની છે. ગ્રહવિમાનમાં રહેનારા દેવોની જઘન્ય સ્થિતિ તો એક પલ્યો પમના ચતુર્થભાગ પ્રમાણ છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ પૂર્ણ એક પલ્યોપમની છે. નક્ષત્ર વિમાનમાં રહેનારા દેવોની જઘન્ય સ્થિતિ તો એક પલ્યોપમના ચતુર્થભાગ પ્રમાણ છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ અર્ધપલ્યોપમ પ્રમાણ છે. નક્ષત્રવિમાનમાં રહેનારી દેવીઓની જઘન્યસ્થિતિ એક પલ્યોપમના ચતુર્થભાગ પ્રમાણ છે અને ઉત્કૃષ્ટસ્થિતિ એક પલ્યોપમનો કાંઈક વધારે ચતુર્થભાગ પ્રમાણ છે. તારા વિમાનમાં રહેનારા દેવોની જઘન્યસ્થિતિ એક પલ્યોપમના આઠમા ભાગ પ્રમાણ છે અને ઉત્કૃષ્ટસ્થિતિ એક પલ્યોપમના ચતુર્થભાગ પ્રમાણ છે. તારાવિમાનમાં રહેનારી દેવીયોની જઘન્યસ્થિતિ એક પલ્યના આઠમા ભાગ પ્રમાણ છે અને ઉત્કૃષ્ટસ્થિતિ એક પલ્યના કંઈક અધિક આઠમાં ભાગ પ્રમાણ છે.

[૩૫૯-૩૬૪] હે ભદન્ત ! આ ચન્દ્ર સૂર્ય ગ્રહનક્ષત્ર અને તારારૂપોની વચમાં કોણ કોની અપેક્ષાએ અલ્પ છે ? કોણ કોની અપેક્ષાએ અધિક છે અને કોણ કોની અપેક્ષાએ તુલ્ય છે ? અને કોણ કોની અપેક્ષાએ વિશેષાધિક છે ? હે ગૌતમ ! ચન્દ્ર અને સૂર્ય એ બંને પરસ્પરમાં સમાન છે તથા ગ્રહાદિકોથી આ બધાં ચન્દ્ર અને સૂર્ય સ્તોક-ઓછાં હોય છે નક્ષત્રોની અપેક્ષાગ્રહ સંખ્યાતગણા વધારે હોય છે ગ્રહોની અપેક્ષા તારારૂપ સંખ્યા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગણાં અધિત છે.

હે ભદન્ત ! આ જમ્બૂદ્વીપ નામના દ્વીપમાં સૌથી ઓછા અને સૌથી અધિક સર્વાગ્રરૂપથી કેટલાં તીર્થંકર હોય છે ? હે ગૌતમ ! જઘન્ય પદમાં ચાર તીર્થંકર હોય છે તથા ઉત્કૃષ્ટ પદમાં ૩૪ તીર્થંકર હોય છે.

હે ભદન્ત ! આ જંબૂદ્વીપ નામના દ્વીપમાં જઘન્ય રૂપથી કેટલા ચક્રવર્તી રહે છે અને ઉત્કૃષ્ટ રૂપથી કેટલાં ચક્રવર્તી રહે છે ? હે ગૌતમ ! ઓછામાં ઓછા ચાર રહે છે ઉત્કૃષ્ટ પદમાં ૩૦ ચક્રવર્તી રહેવાનું કહેવામાં આવ્યું છે જેટલાં ચક્રવર્તી હોય છે તેટલાં જ બળદેવ હોય છે અર્થાત્ જઘન્યપદમાં ચાર બળદેવ હોય છે અને ઉત્કૃષ્ટ પદમાં ૩૦ બળદેવ હોય છે.વાસુદેવ પણઆપ્રકારેજહોય છે, કારણ કે આ વાસુદેવ બળદેવના સહચારી હોય છે.

હે ભદન્ત ! જમ્બૂદ્વીપ નામના દ્વીપમાં નિધાન કેટલાં કહેવામાં આવ્યા છે ? જમ્બૂદ્વીપ નામના દ્વીપમાં કુલ નિધાનોની સંખ્યા ૩૦૬ હોય છે, કેમકે નિધાન નવ હોય છે તેને ૩૪ થી ગુણીએ તો ૩૦૬ થઈ જાય છે. હે ગૌતમ ! આ નિધાનોમાંથી ઓછામાં ઓછા ૩૬ નિધાન અને વધુમાં વધુ ૨૭૦ નિધાન ચક્રવર્તી આદિકોના કામમાં આવે છે સમસ્ત પંચેન્દ્રિય રત્ન ૨૧૦ કહેવામાં આવ્યા છે કારણ કે ઉત્કૃષ્ટ પદભાવી ૩૦ ચક્ર-વર્તીઓમાંથી પ્રત્યેક ચક્રવર્તીના ૭-૭ પંચેન્દ્રિય સેનાપતિ આદિ રત્ન હોય છે જઘન્ય પદમાં ૨૮ પંચેન્દ્રિય રત્ન પ્રયોજન ઉત્પન્ન થયેથી કામમાં લાવવામાં આવે છે કારણ કે જઘન્ય પદમાં એક સમયમાં ચાર જ ચક્રવર્તીઓનો સદ્ભાવ છે. હે ગૌતમ ! સર્વ- સંખ્યા થી ચક્રવર્તીઓના એકેન્દ્રિય રત્ન ૨૧૦ કહેવામાં આવ્યા છે, જઘન્ય પદમાં વર્તમાન ચક્રવર્તીઓ દ્વારા ૨૮ એકેન્દ્રિય રત્ન પ્રયોજન ઉપસ્થિત થવાથી કામમાં લાવવામાં આવે છે.

જૈનમ્ જયતિ શાસનમ્

હે ગૌતમ ! જમ્બૂદ્વીપ નામનો જે આ દ્વીપ છે તેના આયામ તથા વિષ્કમ્ભ એક લાખ યોજનનું છે એનો પરિક્ષેપ ૩ ત્રણ લાખ ૧૬ હજાર બસો ૨૭ યોજન ૩ કોશ ૨૮૦૦ ધનુષ ૧૩ા આંગળથી કંઇ વિશેષાધિક છે એનો ઉદ્વેધ-જમીનની અંદર રહેવું તે-એક હજાર યોજનનું છે- એથી ઊંચાઇ કંઈક અધિક ૯૯ હજાર યોજનની છે. આ રીતે એનું સર્વાગ્રપ્રમાણ એક લાખ યોજનથી કંઈક અધિક છે, હે ગૌતમ ! જમ્બૂદ્વીપ કથંચિત્ શાશ્વત છેઅને કથંચિત્ અશાશ્વત છે. જમ્બૂદ્વીપને જે શાશ્વત કહેવામા આવ્યો છે તે દ્રવ્યાર્થિ- કનયની અપેક્ષા લઈને કહેવામાં આવ્યો છે જમ્બૂદ્વીપ વર્ણ, ગંધ, રસ, અને સ્પર્શ પર્યાયોની અપેક્ષા અશાશ્વત છે. કારણ કે દ્રવ્યાશ્રિત રૂપાદિ પર્યાયોમાં પ્રતિક્ષણે પરિણમન થતું જ રહે છે, આ જમ્બૂદ્વીપ પૂર્વકાળમાં ક્યારે પણ હતો નહીં એવી કોઈ વાત નથી પરન્તુ તે પૂર્વકાળે પણ હયાત હતો. તે આ સમયે ઉપલબ્ધ થાય છે સર્વદા જ આ એવો જ રહેશે. આથી તે ધ્રુવ નિયત શાશ્વત અવ્યય છ અવસ્થિત નિત્ય વિશેષણવાળો છે હે ગૌતમ ! આ જમ્બૂદ્વીપ પૃથ્વિના પરિણામરૂપ પણ છે. પાણીના પરિણામરૂપ પણ છે. જીવપરિણામરૂપ પણ છે. પુદ્ગલના પરિણામરૂપ પણ છે.

હે ભદન્ત ! આ જમ્બૂદ્વીપ નામના દ્વીપમાં સમસ્ત પ્રાણ-બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌ-રિન્દ્રિ જીવ, સમસ્ત જીવ-પંચેન્દ્રિયજીવ, સમસ્ત ભૂત-વૃક્ષ, અને સમસ્ત સત્ત્વપૃથ્વિ, પાણી, અગ્નિ અને વાયુકાયિક આ બધાં પૃથ્વિકાયિકરૂપથી, અપ્કાયિકરૂપથી તેજસ્કા-યિકરૂપથી વાયુકાયિકરૂપથી અને વનસ્પતિકાયિકરૂપથી પૂર્વે ઉત્પન્ન થઇ ચૂક્યાં છે શું ?

હા, ગૌતમ ! એવું જ છે. હે ભદન્ત ! આપ એવું શા કારણે કહો છો કે આ જંબૂદ્વીપ નામનો દ્વીપ છે ? હે ગૌતમ ! આ જમ્બૂદ્વીપ નામના દ્વીપમાં તે તે દેશમાં તે તે પ્રદેશમાં અનેક જમ્બૂવૃક્ષ આ નામના વનસ્પતિ વિશેષ, અનેક જમ્બૂવૃક્ષોની પાસે પાસે રહેલા સમૂહરૂપ વન તથા વિજાતીય વૃક્ષસમૂહથી સંમિલિત જમ્બૂવૃક્ષોના છે, આ રીતે જમ્બૂવૃક્ષોની અધિકતાવળો હોવાના કારણે આ દ્વીપનું નામ જંબૂદ્વીપ એ પ્રમાણે કહેવામાં આવ્યું છે અથવા સુદર્શના નામના જમ્બૂવૃક્ષ ઉપર અનાઢય નામનો મહર્દ્ધિક યાવત્ એક પલ્યો-પમની સ્થિતિવાળો દેવ રહે છે આ કારણે આ અનાઢય દેવના આશ્રયભૂત હોવાથી હે ગૌતમ ! આ દ્વીપનું નામ જમ્બૂદ્વીપ એવું પડ્યું અથવા હે ગૌતમ ! જંબૂદ્વીપનું ‘જંબૂદ્વીપ’ એવું નામ શાશ્વત છે, પહેલાં પણ એનું નામ આ જ હતું, આજે પણ તેનું એજ નામ છે અને ભવિષ્યમાં આજ નામ રહેશે, કારણ કે આ દ્વીપ ‘ધ્રૂવ છે, નિયત અવસ્થિત છે, અવ્યય છે તેમજ નિત્ય છે.

[૩૬૫] આ જંબૂદ્વીપ શાશ્વત અને અશાશ્વત ધર્મોપેત હોવાથી સત્પદાર્થરૂપ છે જ્ઞાનીજન સત્પદાર્થનો અપલાપ કરતાં નથી કારણ કે યથાવસ્થિત પદાર્થના સ્વરૂપના નિરૂપક હોય છે. આંથી શ્રમણપરિત્યક્ત બાહ્ય આભ્યન્તર પરિગ્રહવાળા-સકળ પદાર્થા વબોધક કેવળજ્ઞાન સહિત ભગવાન મહાવીરે સંસારમાં પરિભ્રમણના કારણ-ભૂત રાગદ્વેષાદિ વિભાવ ભાવોનો નાશ કરવાના સાધનભૂત હોવાથી સાર્થક નામ-વાળી મિથિલાનગરીમાં જ્યાં મણિભદ્ર નામનું વ્યન્તરાયતન હતું ત્યાં અનેક શ્રમણજ-નોની, અનેક શ્રમણિઓની, અનેક શ્રાવકોની અનેક શ્રાવિકાઓની અનેક દેવોની તથા અનેક દેવિઓની વચમાં બેસીને સામાન્ય રૂપથી પ્રતિપાદન કર્યુ છે, વિશેષ રૂપથી પ્રતિપાદન કર્યું છે, ભિન્ન ભિન્ન સ્વરૂપે સારીપેઠે સમજાવ્યું છે અને હેતુ દૃષ્ટાંત આદિ દ્વારા પોતાના કથનનું સમર્થન કર્યુ છે. (જમ્બૂસ્વામીને ઉદ્દેશીને કરેલું સુધર્મસ્વામીનું સંબોધન વાક્ય છે કે) આ જમ્બૂદ્વીપ પ્રજ્ઞપ્તિ નામનું શાસ્ત્ર છે આ પ્રકૃત જમ્બૂદ્વીપ પ્રજ્ઞપ્તિ નામના સ્વતંત્ર અધ્યયનમાં, શસ્ત્રપરિજ્ઞાદિની જેમ શ્રુતસ્કન્ધ આદિના અન્ત ર્ગત અધ્યયનમાંનહીં,અર્થને-પ્રતિપાદ્યવિષયને-હેતુને,હેતુનિમિત્તને, પ્રશ્નને, વ્યાકરણને પદાર્થપ્રતિ પાદનને, વારંવાર વિસ્મરણશીલ શ્રોતાના અનુગ્રહ માટે પુનઃ પુનઃ પ્રકાશન દ્વારા અથવા પ્રતિવસ્તુના નામાર્થ પ્રકાશન દ્વારા બતાવ્યું છે, કહેવામાં આવ્યું છે,

**વક્ષસ્કારો - ૭ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

| ૧૮ | જંબુદ્વીપપન્નત્તિ - ગુર્જરછાયા પૂર્ણ |
|---|---|
| | ઉવંગ - ૧૮ ગુર્જરછાયા પૂર્ણ |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નમો નમો નિમ્મલ દંસણસ્સ

પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામિને નમઃ

# ૧૯ નિરયાવલિયાણં

ઉવંગ-૮-ગુર્જરછાયા

## -: અધ્યયન-૧-કાલી :-

[૧] શ્રુતદેવતાને નમસ્કાર થાઓ. તે કાલે તે સમયે રાજગૃહ નામનું ઋધિમંત નગર હતું. તે રાજગૃહનગરની બહાર ઈશાનખૂણામાં ગુણશીલ નામનું ચૈત્ય હતું. ત્યાં એક અશોક નામનું શ્રેષ્ઠ વૃક્ષ હતું. તેની નીચે પૃથ્વીશિલાપટ્ટક હતું.

[૨]તે કાલે તે સમયે શ્રમણ ભગવાન મહાવીરસ્વામીના શિષ્ય આર્યસુધર્મા નામના અનગાર જાતિયુક્ત કેશી ગણધરની જેવા. પાંચશો અનગારની સાથે એક ગામથી બીજે ગામ અનુક્રમે વિચરતા રાજગૃહનગર આવ્યા, યાવત્ યથાયોગ્ય અવ-ગ્રહને ગ્રહણ કરી સંયમવડે યાવત્ આત્માને ભાવતા રહ્યા. પર્ષદા વાંદવા માટે નીકળી. ધર્મ કહ્યો. પર્ષદા પાછી ગઈ.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

[૩]તે કાલે તે સમયે આર્યસુધર્મા અનગારના શિષ્ય જંબૂ નામના અનગાર સમચતુરસ્ર સંસ્થાનમાં રહેલા યાવત્ જેમણે વિપુલ તેજોલેશ્યાનો સંક્ષેપ કર્યો છે એવા તે આર્ય સુધર્મા અનગારની અતિ દૂર નહીં તેમ જ અતિ સમીપે નહીં એવા સ્થાનમાં ઉંચા ઢીંચણ રાખીને યાવત્ રહ્યા હતા-બેઠા હતા.

[૪]ત્યારપછી તે ભગવાન જંબૂસ્વામી પૂછવાની શ્રદ્ધાવાળા યાવત્ સેવા કરતા સતા આ પ્રમાણે બોલ્યા કે-હે ભગવાન ! શ્રમણ ભગવાન યાવત્ મોક્ષને પામેલાશ્રી મહાવીરસ્વામીએ ઉપાંગોનો શો અર્થ કહ્યો છે ? નિશ્ચે હે જંબૂ ! શ્રમણ ભગવાન યાવત્ સિદ્ધિપદને પામેલા શ્રી મહાવીર સ્વામીએ ઉપાંગોના પાંચ વર્ગ કહ્યા છે, નિરયાવ-લિકા, કલ્પાવતંસિકા, પુષ્પિકા, પુષ્પચૂલિકા વહ્નિદશા.

[૫]હે ભગવાન ! જો શ્રમણ ભગવાન યાવત્ સિદ્ધિપદને પામેલા શ્રી મહાવીર સ્વામીએ ઉપાંગોના પાંચ વર્ગો કહેલા છે, નિરયાવલિકા યાવત્ વહ્નિદશા. તો હે ભગવાન ! પહેલા વર્ગરુપ નિરયાવલિકા ઉપાંગના કેટલાં અધ્યયનો કહ્યાં છે ? આ પ્રમાણે નિશ્ચે હે જંબૂ ! શ્રમણ ભગવાન યાવત્ સિદ્ધિપદને પામેલા શ્રીમહાવીરસ્વામીએ પહેલા વર્ગરુપ નિરયાવલિકા ઉપાંગના દશ અધ્યયનો કહેલાં છે. કાલ ૧, સુકાલ ૨, મહાકાલ ૩, કૃષ્ણ ૪, સુકૃષ્ણ ૫, મહાકૃષ્ણ ૬, વીરકૃષ્ણ ૭, રામકૃષ્ણ ૮, પિતૃસેનકૃષ્ણ ૯, મહાસેન કૃષ્ણ ૧૦, હે ભગવાન ! જો શ્રમણ ભગ વાન યાવત્ સિદ્ધિપદને પામેલા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રીમહાવીરસ્વામીએ નિરયાવલિકા ઉપાંગના પહેલા વર્ગના દશ અધ્યયનો કહ્યાં છે, તો હે ભગવાન ! નિરયાવલિકાના પહેલા અધ્યયનનો કયો અર્થ કહ્યો છે ? આ પ્રમાણે નિશ્ચે હે જંબૂ ! તે કાલે તે સમયે આ જ જંબૂદ્વીપ નામના દ્વીપને વિશે ભરત ક્ષેત્રમાં ચંપા નામની નગરી હતી. તે ઋદ્ધિવાળી હતી. ત્યાં પૂર્ણભદ્ર નામનું ચૈત્ય હતું.તે ચંપાનગરીમાં શ્રેણિક રાજાનો પુત્ર અને ચેલ્લણા દેવીનો આત્મજ કોણીક નામનો રાજા હતો. તે મોટો વિગેરે વિશેષણવાળો હતો. તે કોણીક રાજાને પદ્માવતી નામની દેવી (રાણી) હતી. તે સુકુમાલ હતી ઈત્યાદિ કહેવું. તે સુખે સુખે વિચરતી હતી. તે ચંપાનગરીમાં શ્રેણીક રાજાની ભાર્યા અને કોણીક રાજાની નાની માતા કાલી નામની દેવી હતી. તેના હાથ પગ કોમલ હતા યાવત્ તે સુંદર રુપવાળી હતી.

[૬]તે કાલીદેવીનો પુત્ર કાલ નામનો કુમાર હતો, તે કોમલ હાથપગવાળો યાવત્ સારા રુપવાળો હતો. ત્યારપછી તે કાલકુમાર એકદા કદાચિત્ ત્રણ હજાર હાથી, ત્રણ હજાર રથ, ત્રણ હજાર અશ્વ અને ત્રણ કરોડ મનુષ્ય વડે ગરુડવ્યૂહ રચીને પોતાના અગ્યારમા ભાગના સૈન્યવડે કૂણિક રાજાની સાથે રથમુશલ સંગ્રામમાં ઉતર્યો.

[૭] અહીં ચંપાનગરીમાં રહેલી કાલકુમારની માતા કાલીદેવી એકદા કદાચિત્ કુટુંબજાગરણવડે જાગતી હતી તે વખતે તેણીને આ આવા પ્રકારનો આધ્યાત્મિક (વિચાર) યાવત્ ઉત્પન્ન થયો કે-આ પ્રમાણે નિશ્ચે મારો પુત્ર કાલ કુમાર યાવત્ યુદ્ધમાં ઉતર્યો છે, તો હું માનું છું કે-શું તે જીતશે એટલે જયની શ્લાઘા પામશે કે નહીં જીતે ? જીવશે કે નહીં જીવે ? પરસૈન્યનો પરાભવ કરશે કે નહીં કરે ? કાલ નામના કુમારને હું જીવતો જોઈશ કે નહીં જોઉં ? આ પ્રમાણે વિચરતાં તેણીના મનનો સંકલ્પ એટલે યુક્ત અયુક્તનો વિવેક હણાઈ ગયો, યાવત્ તે ધ્યાન કરવા લાગી.તે કાલે તે સમયે શ્રમણ ભગવાન મહાવીરસ્વામી ત્યાં સમવસર્યા. તેમને વાંદવા માટે નગરીમાંથી પર્ષદા નીકલી. તે વખતે કાલીદેવીએઆવાતજાણી ત્યારે આ આવા પ્રકારનો આધ્યાત્મિક એટલે આત્મા ના વિષયવાળો યાવત્ વિચાર ઉત્પન્ન થયો- 'નિશ્ચે શ્રમણ ભગવાન મહાવીરસ્વામી પૂર્વાનુપૂર્વીએ- વિહાર કરતા અહીં પધાર્યા છે યાવત્ નગર બહાર રહેલા છે. તો તેવા પ્રકારના ભગ વાનનું નામ શ્રવણ કરવાથી પણ મહાફલ છે તો પછી યાવત્ તેમની પાસેથી વિપુલ અર્થને ગ્રહણ કરવાથી મહાફલ થાય તેમાં શું કહેવું ? તેથી કરીને હું તે શ્રમણ ભગવાન પાસે જઈ તેમને વાંદી યાવત્ તેમની પર્યુપાસના કરું, અને આ આવા પ્રકારના મારા પ્રશ્નને હું પૂછું.' એ પ્રમાણે વિચાર કર્યો. વિચાર કરીને તેણે કૌટુંબિક પુરુષોને, બોલાવીને આ પ્રમાણે કહ્યું-

હે દેવાનુપ્રિયો ! અશ્વ જોડેલું શ્રેષ્ઠ ધર્મ સંબંધી વાહન શીઘ્ર પણે લાવો. લાવીને યાવત્ મારી આજ્ઞા પાછી આપો. તેઓએ પણ તેમ કર્યું. ત્યારપછી તે કાલી દેવીએ સ્નાન કર્યું. સ્નાન કર્યા પછી બલિકર્મ કર્યું. યાવત્ થોડા અને મોટા મૂલ્યવાળા અલંકરો વડે શરીરને અલંકૃત કર્યું. પછી ઘણી કુબડી દાસીઓ વડે યાવત્ મહત્તરાના સમૂહવડે પરિવરી અંતઃપુરથી બહાર નીકળી; જ્યાં બહારની ઉપસ્થાનશાલા હતી અને જ્યાં શ્રેષ્ઠ ધાર્મિક યાન હતું ત્યાં આવી; આવીને તે શ્રેષ્ઠ ધાર્મિક યાન ઉપર આરુઢ થઈ, આરુઢ થઈને પોતાના પરિવાર વડે પરિવરેલી તે ચંપાનગરીના મધ્યભાગે થઈને નીકલી જ્યાં પૂર્ણભદ્ર ચૈત્ય હતું ત્યાં આવીને ભગવાનના છત્રાદિક યાવત્ અતિશયો દેખીને તે શ્રેષ્ઠ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધાર્મિક યાનને ત્યાં સ્થાપન કર્યું, નીચે ઉતરીને વળી કુબ્જા વિગેરે યાવત્ દાસીના સમૂહવડે પરિવરેલી તે જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતા ત્યાં આવી, આવીને શ્રમણ ભગવાન મહાવીરસ્વામીને ત્રણ વાર પ્રદક્ષિણા આપી, વંદના કરી અને પ્રણામ કર્યા. વંદના અને પ્રણામ કરી પરિવાર સહિત ઉભી રહીને જ ધર્મ સાંભળવાની ઈચ્છાથી નમસ્કાર કરતી સન્મુખ વિનયવડે બે હાથ જોડી સેવા કરવા લાગી.ત્યારપછી શ્રમણ ભગવાન મહાવીરસ્વામીએ યાવત્ કાલીદેવી અને તે મોટી પર્ષદાની આગળ ધર્મકથા કહી. યાવત્ શ્રાવક અથવા શ્રાવિકા તે પ્રમાણે વિચરતા જિનેશ્વરની આજ્ઞાના આરાધક થાય છે.

ત્યારપછી તે કાલીદેવી શ્રમણ ભગવાન મહાવીરસ્વામીની પાસે ધર્મ સાંભળીને હૃદયમાં ધારીને યાવત્ હર્ષિત થઈને શ્રમણ ભગવાન મહાવીરસ્વામીને ત્રણવાર વાંદીને યાવત્ આ પ્રમાણે બોલી કે- "નિશ્ચે હે ભગવાન ! મારો પુત્ર કાલકુમાર હે રથમુશલ સંગ્રામમાં ઉતર્યો છે. તો ભગવાન ! શું જય પામશે ? કે નહીં જય પામે ? યાવત્ કાલ કુમારને હું જીવતો જોઈશ ? હે કાલી ! એમ કહીને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ કાલીદેવીને આ પ્રમાણે કહ્યું-"નિશ્ચે હે કાલી ! તારો પુત્ર કાલકુમાર ત્રણ હજાર હાથીવડે યાવત્ કૂણિક રાજા સહિત રથમુશલ નામના સંગ્રામમાં ઉતર્યો ત્યારે તે હત થયો, મથિત થયો, તેના વીર-સુભટો હણાયા, તેના ચિહ્નવાળી ધ્વજાપતાકા પડી ગઈ, એટલે તે આલોક રહિત દિશાઓને કરતો ચેટકરાજાનો પ્રતિપક્ષ થઈ તેની સન્મુખ આવ્યો તેના રથની સન્મુખ રથને કરી તેની પાસે જલ્દી આવ્યો. તે વખતે તે ચેટકરાજાએ કાલકુમારને આવતો જોયો. કાલકુમારને આવતો જોઈને તત્કાલ ક્રોધ પામ્યો, યાવત્ ક્રોધની જ્વાલા વડે જાજ્વલ્યમાન થયો. પછી તેણે ધનુષ ગ્રહણ કર્યું, બાણ લીધું, વૈશાખસ્થાને રહી બાણને કર્ણ સુધી આકર્ષણ કર્યું, આકર્ષણ કરીને કાલકુમારને એક જ પ્રહારથી કૂટના પ્રહારની જેમ હણીને જીવીતથી રહીત કર્યો. તેથી હે કાલી ! કાલકુમાર કાલધર્મને પામ્યો છે. તેથી તું તે કાલકુમારને જીવતો જોઈશ નહીં.

ત્યારપછી તે કાલી દેવી શ્રમણ ભગવાન મહાવીરસ્વામીની પાસે આ અર્થને સાંભળીને હૃદયમાં ધારીને પુત્રના મોટા શોકે કરીને વ્યાપ્ત થઈ કુહાડાથી કાપેલી ચંપકલતાની જેમ ધસ દઈને પૃથ્વીતલને વિષે સર્વ અંગોએ કરીને પડી ગઈ. એક મુહૂર્ત પછી તે સ્વસ્થ થઈ ઉભી થઈ, શ્રમણ ભગવાન મહાવીરસ્વામીને વંદના કરી, નમસ્કાર કર્યા. આ પ્રમાણે તે બોલી- "હે ભગવાન ! આ તમે કહ્યું તે એમ જ છે, હે ભગવાન ! તે જ પ્રકારે છે, હે ભગવાન ! તમારું કહેવું સત્ય છે, હે ભગવાન ! તમારા વચનમાં કાંઇ પણ સંદેહ નથી, આ અર્થ સત્ય છે, કે જે તમે કહ્યો છે." આ પ્રકારે કહીને શ્રમણ ભગવાન મહાવીરસ્વામીને વંદના કરી, નમસ્કાર કર્યા.ધર્મસંબંધી વાહનપર આરુઢ થઈ, જે દિશામાંથી આવી હતી, તે જ દિશામાં પાછી ગઈ.

[૮] હે ભગવાન ! એમ કહીને ભગવાને ગૌતમસ્વામીએ વંદના કરી, નમસ્કાર કર્યા. વંદના નમસ્કાર કરી આ પ્રમાણે કહ્યું - "હે ભગવાન કાલકુમાર, યાવત્ રથમુશળ નામના સંગ્રામમાં યુદ્ધ કરવા ઉતર્યા, ત્યારે ચેટકરાજાએ કુટના પ્રહારની જેમ એક પ્રહારથી હણીને જીવિતથી દૂર કર્યા તે કાળ સમયે કાળ કરીને ક્યાં ગયો ?

શ્રમણ ભગવાન મહાવીરસ્વામીએ ગૌતમ સ્વામીને આ પ્રમાણે કહ્યું કે-"આ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રમાણે નિશ્ચે હે ગૌતમ ! કાલકુમાર યાવત્ ચેટકરાજાએ જીવિતથી દૂર કર્યો તે કાળ સમયે કાળ કરીને ચોથી પંકપ્રભા નામની પૃથ્વીમાં હેમાભ નામના નરકાવાસાને વિષે દશ સાગરોપમની સ્થિતિવાળા નારકીપણે ઉત્પન્ન થયો છે.

[૯] હે ભગવાન્ ! કાલકુમાર કેવા આરંભ વડે, કેવા સમારંભવડે, કેવા આરંભ સમારંભ વડે,કેવા ભોગવડે,કેવા સંભોગવડે,કેવા ભોગસંભોગવડે, અથવા કેવા અશુભ કરેલા કર્મના સમૂહવડે કાળ સમયે કાળ કરીને ચોથી પંકપ્રભા પૃથ્વીમાં યાવત્ નારકી પણે ઉત્પન્ન થયો ? હે ગૌતમ ! તે કાળે તે સમયે રાજગૃહ નામે નગર હતુ. તે ઋદ્ધિવાળું, ભય રહિત અને સમૃદ્ધિવાળું હતું. તે રાજ ગૃહનગરમાં શ્રેણિક નામે રાજા હતો. તે મોટા હિમવંત પર્વત જેવો સારવાળો વિગેરે વિશેષણવાળો હતો. તે શ્રેણિકરાજાને નંદા નામની દેવી (રાણી) હતી. તે કોમળ હાથ પગવાળી યાવત્ રહેલી હતી. તે શ્રેણિકરાજાનો પુત્ર અને નંદાદેવીનો આત્મજ અભય નામનો કુમાર હતો. તે કોમળ હાથપગવાળો યાવત્ સારા રૂપવાળો, સામ, દામ, ભેદ અને દંડએ ચાર પ્રકારની રાજનીતિમાં ચિત્ર પ્રધાનની જેવો કુશળ હતો, યાવત્ રાજ્યની ધુરાનો ચિંતક હતો. તે શ્રેણિકરાજાને ચેલણા નામની દેવી (રાણી)હતી. તે સુકુમાર હાથપગવાળી યાવત્ સુખમાં રહેલી હતી. ત્યારપછી તે ચેલણા દેવી અન્યદા તે તેવા પ્રકારના વાસગૃહને વિષે સુતી હતી, યાવત્ સિંહને સ્વપ્રમાં જોઈને જાગી ગઈ. અહીં પ્રભાવતીની જેમ સર્વ વૃત્તાંત કહેવો, યાવત્ ચેલણા (શ્રેણિક રાજા પાસે ગઈ અને) તેનું વચન અંગીકાર કરી જ્યાં પોતાનું ભવન-વાસગૃહ હતું ત્યાં ગઈ.

[૧૦] ત્યારપછી તે ચેલાદેવીને એકદા કદાચિત્ ગર્ભના ત્રણ માસ બરાબર પૂર્ણ થયા ત્યારે આવા પ્રકારનો દોહલો ઉત્પન્ન થયો કે-ધન્ય છે તે માતાઓને યાવત્ તેણીના જન્મ અને જીવિત સફળ છે કે જેઓ શ્રેણિકરાજાના ઉદરનું માંસ પકવીને, તેલમાં તળીને તથા ભુંજીને તથા મદિરાને અને પ્રસન્ન એટલે દ્રાક્ષ વિગેરે વસ્તુથી ઉત્પન્ન થયેલી મનને પ્રસન્ન કરે તેવી મદિરા વિશેષને આસ્વાદ કરતી યાવત્ પરસ્પર એક બીજીને આપતી દોહલાને પૂર્ણ કરે છે.

ત્યાર પછી તે ચેલણાદેવી તે દોહલો પૂર્ણ નહીં થવાથી રુધિરના ક્ષયને લીધે શુષ્ક જેવી થઈ, ભોજન નહીં કરવાથી ભૂખી જેવી થઈ, માંસની વૃદ્ધિ નહીં થવાથી માંસ રહિત થઈ, તેણીના મનની વૃત્તિ ભગ્ન થઈ, તેણીનું શરીર ભાંગવા લાગ્યું, કાંતિ રહિત થઈ, દીન અને કરમાઈ ગયેલા મુખવાળી થઈ, તેણીનું મુખ પાંડુર થયું, તેણીએ નેત્ર અને મુખકમલ નીચું કર્યું, યથાયોગ્ય પુષ્પ, વસ્ત્ર, ગંધ, માળા અને અલંકાર વિગેરેના ઉપભોગનો ત્યાગ કર્યો, હસ્તતલવડે મસળેલી કમળની માળા ની જેમ તેણીના મનનો સંકલ્પ હણાઈ ગયો એટલે યુક્તાયુક્તના વિચાર રહિત થઈ. યાવત્ (આર્ત્ત) ધ્યાન કરવા લાગી. ત્યાર પછી તે ચેલણાદેવીની અંગપરિચારિકા એ ચેલણાદેવીને સુકી, ભૂખી યાવત્ ધ્યાન કરતી જોઈને જ્યાં શ્રેણિક રાજા હતા ત્યાં આવી. આવીને બન્ને કરતલ ભેગા કરવાવડે દશ નખોને એકઠા કરી પોતાના મસ્તક પર ફેરવી પછી બન્ને હાથની અંજલી મસ્તકે રાખી શ્રેણિકરાજાને આ પ્રમાણે કહ્યું-"આ પ્રમાણે નિશ્ચે હે સ્વામી ! અમે જાણતી નથી કે ચેલણાદેવી કયા કારણે સુકી, ભૂખી થઈ થકી યાવત્ ધ્યાન કરે છે." ત્યારપછી તે શ્રેણિક રાજા તે અંગપરિચારિકાઓની પાસેથી આ અર્થ સાંભળીને મનમાં ધારી ને તે જ પ્રમાણે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંભ્રાત થઈ જ્યાં ચેલણાદેવી હતી ત્યાં આવ્યા. આવીને ચેલણા દેવીને સુકી, ભૂખી યાવત્ ધ્યાન કરતી જોઈને આ પ્રમાણે બોલ્યા :-

"હે દેવાનુપ્રિયા ! કેમ તું સુકી, ભૂખી થઈ સતી યાવત્ ધ્યાન કરે છે ?" ત્યારપછી તે ચેલણાદેવીએ શ્રેણિક રાજા ના આ અર્થને આદર ન આપ્યો, જાણ્યો પણ નહીં અને મૌન જ રહી. ત્યાર પછી તે શ્રેણિકરાજાએ ચેલણાદેવીને બે વાર ત્રણ વાર આ પ્રમાણે કહ્યું કે-"હે દેવાનુપ્રિયા ! શું હું આ તારા અર્થને સાંભળવા લાયક પણ નથી ? કે જેથી તું આ અર્થને ગોપવે છે ? ત્યારપછી તે ચેલણાદેવી શ્રેણીક રાજાએ બે વાર ત્રણ વાર આ પ્રમાણે કહેવા લાગી-"હે સ્વામી ! એવો કોઈ પણ અર્થ નથી કે જે સાંભળવાને તમે અયોગ્ય હો, તો આ અર્થને તો સાંભળવામાં તમે અયોગ્ય છો જ નહીં. આ પ્રમાણે નિશ્ચે હે સ્વામી ! મને તે ઉદાર યાવત્ મહાસ્વપ્ન આવ્યા પછી ત્રણ માસ બરાબર પૂર્ણ થયા ત્યારે આ આવા પ્રકારનો દોહલો ઉત્પન્ન થયો છે કે-તે માતાઓને ધન્ય છે કે જેઓ તમારા ઉદરના માંસને પકાવી યાવત્ પોતાના દોહલાને પરિપૂર્ણ કરે છે. તેથી કરીને હું હે સ્વામી !તે દોહલો પરિપૂર્ણ ન થવાથી સુકી, ભૂખી થઈ યાવત્ ધ્યાન કરું છું.

ત્યારપછી તે શ્રેણીકરાજાએ ચેલણાદેવીને આ પ્રમાણે કહ્યું-" હે દેવાનુપ્રિયા ! હણાયો છે મનનો સંકલ્પ જેનો એવી તું યાવત્ એવું ધ્યાન કર નહીં. હું તે પ્રમાણે યત્ન કરીશ, કે જે પ્રકારે તારા દોહદની પ્રાપ્તિ થશે. " એમ કહીને ચેલણાદેવીને તેવા પ્રકારની ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ, મનને સુખકારક, ઉદાર કલ્યાણકારક, શિવ ધનને આપનાર, મંગલકારક, પરિમિત, મધુર અને શોભાવાળી વાણીવડે આશ્વાસન કર્યું. પછી ચેલણા દેવીની પાસેથી નીકળ્યા. નીકળીને જ્યાં બહારની ઉપસ્થાનશાલા હતી, ત્યાં આવ્યા. આવીને શ્રેષ્ઠ સિંહાસન ઉપર પૂર્વાભિમુખે બેઠા, બેસીને તે દોહલાની પ્રાપ્તિ ને ઘણા આય, ઉપાય, ઔત્પત્તિકી બુદ્ધિ, વૈનયિકી બુદ્ધિ, કાર્મિકી બુદ્ધિ અને પારિણામિકી બુદ્ધિ વડે વિચાર કરતા વિચાર કરતા સતા તે દોહ લાના આયને, ઉપાયને કે સ્થિતિને-સ્થાનને નહીં પામતા તે રાજાના મનનો સંકલ્પ હણાઈ ગયો, યાવત્ તે ધ્યાનમાં-વિચારમાં નિમગ્ન થઈ ગયા.

આ વખતે અભયકુમારે સ્નાન કર્યું, યાવત્ શરીરે વિભૂષિત થઈ પોતાના ઘરથી નીકળ્યો.નીકળીને જ્યાં બહાર ની ઉપસ્થાનશાલાહતીઅને જ્યાં શ્રેણીકરાજા બેઠા હતા, ત્યાં આવ્યો. આવીને હણાઈ ગયેલા મનના સંકલ્પવાળા શ્રેણીકરાજાને યાવત્ ધ્યાન કરતા જોયા. જોઈને તે આ પ્રમાણે બોલ્યોઃ- હે પિતા ! બીજે વખતે તો તમે મને જોઈને હર્ષ પામતા યાવત્ ચિત્તમાં આનંદ પામતા હતા અને આજે કેમ તમે હણાઈ ગયેલા મનના સંકલ્પવાળા થઈને યાવત્ કાંઈક ધ્યાન કરો છો ? તો હે પિતા ! જો હું આ અર્થને શ્રવણ કરવા લાયક હોઉં તો તમે મને આ અર્થ જેવો હોય એવો, સાચો અને સંદેહરહિત કહો, કે જેથી હું તે અર્થનો પાર પામવાનો યત્ન કરું. ત્યારપછી તે શ્રેણીકરાજાએ અભયકુમારને આ પ્રમાણે કહ્યું-" હે પુત્ર ! તેવો કોઈ પણ અર્થ નથી કે જેને શ્રવણ કરવામાં તું અયોગ્ય હોય. આ પ્રમાણે નિશ્ચે હે પુત્ર ! તારી નાની માતા ચેલણાદેવીને તે ઉદાર યાવત્ મહાસ્વપ્ન આવ્યા પછી ત્રણ માસ બરાબર પૂર્ણ થયા ત્યારે યાવત્ જે માતાઓ મારા ઉદરના માંસ પકાવીને યાવત્ દોહલાને દૂર કરે છે. તેને ધન્ય છે. તેથી તે ચેલણા દેવી તે દોહલો પૂર્ણ નહીં થવાથી શુષ્ક થઈને યાવત્ ધ્યાન કરે છે, તેથી હું હે પુત્ર ! તે દોહલાની પ્રાપ્તિ ને નિમિત્તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઘણા આયને યાવત્ સ્થિતિને નહીં પામવાથી હણાઈ ગયેલા મનના સંકલ્પવાળો થઈને યાવત્ ધ્યાન કરું છું."

ત્યારપછી તે અભયકુમારે શ્રેણીકરાજાને આ પ્રમાણે કહ્યું-!" હે પિતા ! તમે હણાયેલા મનના સંકલ્પવાળા થઈ યાવત્ ધ્યાન ન કરો. હું તે પ્રમાણે યત્ન કરીશ કે જે પ્રકારે મારી લઘુમાતા ચેલણાદેવીને તે દોહલાની પ્રાપ્તિ થાય." એમ કહીને શ્રેણીક રાજાને તે ઈષ્ટ યાવત્ વાણીવડે આશ્વાસન કર્યું. તે જ્યાં પોતાનું ઘર હતું ત્યાં આવ્યો. આવીનેઆભ્યંતરના ગુપ્ત કાર્ય કરનારા સ્થાનિક પુરુષોને બોલાવીને આ પ્રમાણે કહ્યું- "હે દેવાનુપ્રિયો ! તમે જાઓ, અને કસાઈખાનેથી લીલું-તાજું માંસ, રુધિર અને બસ્તિ પુટક ગ્રહણ કરો-લાવો. ત્યારપછી તે સ્થાનિક પુરુષો અભયકુમારે આ પ્રમાણે કહ્યું ત્યારે હૃષ્ટ તુષ્ટ થઈ બે હાથ જોડી મસ્તકે રાખી યાવત્ તેનું વચન અંગીકાર કરીને અભય કુમારની પાસેથી નીકળ્યા.યાવત્ આવીને બે હાથ જોડી તે તાજું માંસ, રુધિર અને બસ્તિપુટક તેને આપ્યાં. ત્યાર પછી તે અભયકુમારે તે તાજા માંસ અને રુધિરને કાપણી વડે કાપ્યું સરખું કર્યું. કરીનેજ્યાંશ્રેણીકરાજા હતા ત્યાં આવ્યો.આવીને શ્રેણીકરાજાને એકાંત ગુપ્ત સ્થાને શય્યામાં ચીતા સુવાડ્યા. સુવાડીને શ્રેણીકરાજાના ઉદર ઉપર તે તાજું માંસ અને રુધિર મૂક્યું. મૂકીને તેને બસ્તિપુટવડે વીંટ્યું. વીંટીને તે રાજાગાઢ આક્રંદ કરે તેમ કર્યું.

ચેલણાદેવીને પ્રાસાદની ઉપર શ્રેણીકરાજાને બરાબર જોઈ શકે તેમ રાખી. રાખીને ચેલણાદેવીની નીચે સપક્ષ સપ્રતિદિક્ શ્રેણીકરાજાને શય્યામાં ચીતા સુવાડ્યા. સુવાડીને શ્રેણીક રાજાના ઉદરપર રહેલા માંસને કાપણી વડે કાપ્યું તે માંસને એક પાત્રમાં નાંખ્યું. તે વખતે શ્રેણીકરાજાએ મિથ્યા મૂર્છા આવ્યા નો દેખાવ કર્યો. કરીને મુહૂર્ત પછી એક બીજાની સાથે પ્રથમની જેમ વાત કરવા લાગ્યા. ત્યારપછી તે અભય-કુમારે શ્રેણીકરાજાનું તે ઉદરનું માંસ ગ્રહણ કર્યું. ગ્રહણ કરીને જ્યાં ચેલણાદેવી હતી ત્યાં આવ્યો. આવીને ચેલણાદેવીને તે આપ્યું. ત્યારપછી તે ચેલણા દેવીએ શ્રેણીક રાજાના તે ઉદરમાંસને યાવત્ પોતાના દોહલાને દૂર કર્યો-પૂર્ણ કર્યો. ત્યારપછી તે ચેલણા દેવી સંપૂર્ણ દોહલાવાળી એ જ પ્રમાણે સન્માનિત દોહલાવાળી અને જેના દોહલાનો વિચ્છેદ થયો છે એવી થઈ તે ગર્ભને સુખે સુખે વહન કરવા લાગી.

[૧૧]ત્યારપછી તે ચેલણાદેવીને એકદા કદાચિત્ પૂર્વરાત્રિ અને અપરરાત્રિના સમયે આવા પ્રકારનો વિચાર ઉત્પન્ન થયો કે-" જો પ્રથમ આ બાલક ગર્ભમાં આવ્યો કે તરત જ તેણે પોતાના પિતાના ઉદરનું માંસ ખાધું, તો મારા આ ગર્ભનું સાતન કરવું, પાડી નાંખવું, રુધિ રાદિકપણે ગાળી નાંખવું કે વિધ્વંસ કરવો, તે શ્રેષ્ઠ છે." આ પ્રમાણે તેણીએ વિચાર કર્યો. વિચાર કરીને તે ગર્ભને ઘણા ગર્ભસાતનવડે, ગર્ભપાત નવડે, ગર્ભગાલનવડે અને ગર્ભવિધ્વંસનવડે સાતન કરવા, પાતન કરવા, ગાલન કરવા અને વિધ્વંસ કરવાની ઈચ્છા કરી. પરંતુ તે ગર્ભનું સાતન,પાતન,ગાલન કે વિધ્વંસન થયું નહીં.ત્યારપછી તે ચેલણાદેવી જ્યારે તે ગર્ભને ઘણા ગર્ભસાતનવડે યાવત્ વિધ્વંસન વડે સાતન કરવા યાવત્ વિધ્વંસ કરવા શક્તિમાન ન થઈ, ત્યારે તે શ્રાંત, તાંત, પરિતાંત એટલે ખેદવાળી થઈ, નિર્વેદ પામી, ઈચ્છા રહિત, પરાધીન તથા આર્તધ્યાનને વશ થઈ દુઃખાર્ત થઈ તે ગર્ભને વહન કરવા લાગી.


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૧૨]ત્યારપછી તે ચેલણાદેવીએ નવ માસ બરાબર પૂર્ણ થયા ત્યારે યાવત્ સુકોમલ અને સુરુપ બાલકને જન્મ આપ્યો. ત્યારપછી તે ચેલણાદેવીને આ આવા પ્રકારનો યાવત્ વિચાર ઉત્પન્ન થયો કે-" જો પ્રથમ આ બાલકે ગર્ભમાં રહીને જ પોતાના પિતાના ઉદરનું માંસ ખાધું, તો હું નથી જાણતી કે આ બાલક વૃદ્ધિ પામીને અમારા કુલનો અંત કરનાર થશે,તેથી આ બાલકને એકાંતે ઉકરડામાંત્યાગ કરવો એ જ કલ્યાણ કારક છે." આ પ્રમાણે તેણીએ વિચાર કર્યો, દાસીને બોલાવી, આ પ્રમાણે કહ્યું-" કે દેવાનુપ્રિયા ! આ બાલકને એકાંતે ઉકરડામાં ત્યાગ કર." ત્યાર પછી તે દાસીએ ચેલણાદેવીના આ પ્રમાણે કહેવાથી બે હાથ જોડી યાવત્ મસ્તકે અંજલિ કરી ચેલણાદેવીના આ અર્થને વિનયવડે અંગીકાર કર્યો. અંગીકાર કરીને તે બાલકને હસ્તતલના પુટવડે ગ્રહણ કર્યો. જ્યાં અશોકવન હતું ત્યાં આવી. આવીને તે બાલકનો એકાંતે ઉકરડામાં ત્યાગ કર્યો.

ત્યારપછી તે શ્રેણીકરાજાએ આ કથાનો અર્થ પ્રાપ્ત કર્યો ત્યારે તે જ્યાં અશોક વનિકા હતી ત્યાં આવ્યા. આવીને તે બાલકને એકાંતે ઉકરડામાં ત્યાગ કરેલો જોયો. જોઈને તે તત્કાલ ક્રોધ પામ્યા, યાવત્ ક્રોધની જ્વાલાવડે દેદીપ્યમાન થઈ તે બાલકને હસ્તતલના પુટવડે ગ્રહણ કર્યો. જ્યાં ચેલણાદેવી હતી, ત્યાં આવ્યા. આવીને ચેલણા દેવીને ઊંચા નીચા આક્રોશવડે આક્રોશ કર્યો, ઉંચી નીચી નિર્ભત્સનાવડે નિર્ભત્સના કરી, ઉંચી નીચી ઉદ્ધર્ષણાવડે ઉદ્ધર્ષણા કરી, ઉદ્ધર્ષણા કરીને આ પ્રમાણે કહ્યું-" તેં મારા પુત્રને એકાંતે ઉકરડામાં કેમત્યાગકરાવ્યો ? "આ પ્રમાણે કહી ચેલણા દેવીને ઉંચા નીચા શપથ -સોગન આપ્યા. સોગન આપીને આ પ્રમાણે કહ્યું-" હે દેવાનુપ્રિયા ! તું આ બાલક ને અનુક્રમે રક્ષણ કરતી અને ગોપાવતી વૃદ્ધિ પમાડ."ત્યારપછી તે ચેલણાદેવી શ્રેણીક રાજાએ આ પ્રમાણે કહ્યું ત્યારે લજ્જા પામી, શરમાઈ ગઈ બે હાથ જોડી મસ્તકે અંજલિ કરી શ્રેણીકરાજાના આ અર્થને વિનયવડે અંગીકાર કર્યો. અંગી કાર કરી તે બાલકને અનુક્રમે રક્ષણ કરતી અને ગોપવતી વૃદ્ધિ પમાડવા લાગી.

[૧૩]ત્યારપછી તે બાલકને ઉકરડામાં ત્યાગ કર્યો હતો, તે વખતે તેની અંગુલિનો અગ્રભાગ કુકડાના પીંછાથી દુભાયો હતો અને તેમાંથી વારંવાર પરુ અને લોહી નીકળતું હતું, તેથી તે બાલક વેદનાથી પીડા પામતો મોટા મોટા શબ્દવડે રુદન કરતો હતો. ત્યારપછીશ્રેણીકરાજાતેબાલકનારુદનનાશબ્દનેસાંભળી હૃદયમાં ધારી જ્યાં તે બાલક હતો, ત્યાં આવ્યા.આવીને તે બાલકને હસ્તતલના પુટવડે ગ્રહણ કર્યો.ગ્રહણ કરી ને તે અંગુલિના અગ્રભાગને પોતાના મુખમાં નાંખ્યો. નાંખીને તેનું પરુ અને લોહીને પોતાના મુખવડે ચૂસી લીધું. ત્યારપછી તે બાલક સમાધિ પામ્યો, વેદના રહિત થયો અને ચૂપ થઈને રહ્યો. પછી જ્યારે તે બાલક વેદનાએ પરાભવ પામી મોટા મોટા શબ્દવડે રોતો હતો, ત્યારે પણ શ્રેણીકરાજા આવીને તે બાલકને બે હાથ વડે ગ્રહણ કરતા હતા અને તે જ પ્રમાણે પરુ ને રુધિર ચૂસી લેતા હતા. એ રીતે કરવાથી યાવત્ તે વેદનારહિત થઈને ચૂપ રહેતો હતો.

ત્યારપછી તે બાલકને તેના માતા-પિતાએ ત્રીજે દિવસે ચંદ્ર-સૂર્યનું દર્શન કરાવ્યું, યાવત્ બારમો દિવસ પ્રાપ્ત થયો ત્યારે આ આવા પ્રકારનું ગુણથી પ્રાપ્ત થયેલું નામ પાડ્યું કે-આ અમારા બાલકને એકાંતે ઉકરડામાં ત્યાગ કર્યો હતો તે વખતે તેની આંગલી કુકડાના પીંછાથી વિંધાણી હતી, તેથી આ અમારા બાલકનું નામ કૂર્ણિક હો. એમ કહી

સર્વની સંમતિથી માતાપિતાએ તે બાલકનું કૂણિક એવું નામ પાડ્યું. ત્યાર પછી અનુક્રમે તે કૂણિકની સ્થિતિપતિતા એટલે કુલક્રમથી આવેલ પુત્રજન્મની સર્વ ક્રિયા મેઘકુમારની જેમ કહેવી, યાવત્ તે શ્રેષ્ઠ પ્રાસાદ ઉપર રહી વિચરવા લાગ્યો. અહીં આઠ આઠનો દાયજો જાણવો એટલે કે તેને આઠ કન્યાઓ પરણાવી વિગેરે.

[૧૪] ત્યારપછી તે કૂણિકકુમારને એકદા મધ્યરાત્રિએ યાવત્ વિચાર ઉત્પન્ન થયો કે-" આ પ્રમાણે નિશ્ચે શ્રેણીકરાજાના વ્યાઘાતને લીધે હું પોતાની મેળે રાજ્ય લક્ષ્મીને કરતો અને પાળતો વિચરવાને શક્તિમાન નથી, તેથી મારેશ્રેણીકરાજાને બેડીનું બંધન કરીને પોતાને મોટા મોટા રાજ્યા ભિષેકવડે અભિષેક કરાવવો શ્રેયકારક છે." એ પ્રમાણે વિચાર કરીને તે શ્રેણીકરાજાના આંતરાને એટલે અવસરને, અલ્પ પરિવારાદિક છિદ્રને અને વિરહને શોધવા લાગ્યો.

ત્યારપછી તે કૂણિકકુમારે શ્રેણીકરાજાનું આંતરું યાવત્ મર્મ નહીં પામ વાથી એકદા કાલ વિગેરે દશ કુમારોને પોતાને ઘેર બોલાવ્યા. બોલાવીને આ પ્રમાણે કહ્યું-" નિશ્ચે હે દેવાનુપ્રિયો ! આપણે શ્રેણીકરાજાના વ્યાઘાતને લીધે પોતે જ રાજ્ય લક્ષ્મીને કરતા અને પાળતા વિચરવાને શક્તિમાન નથી, તેથી હે દેવાનુપ્રિયો ! આપણે શ્રેણીક રાજાને બેડીનું બંધન કરીને, રાજ્ય, રાષ્ટ્ર, સૈન્ય, વાહન, કોશ, કોઠાર અને દેશ, એ સર્વના અગ્યાર ભાગ કરીને આપણે પોતે જ રાજ્યલક્ષ્મીને કરતા અને પાળતા વિચરીએ તે કલ્યાણકારી છે." તે કાલાદિક દશ કુમારોએ કૂણિકકુમારના આ અર્થને વિનયવડે અંગીકાર કર્યો. તે કૂણીકકુમારે એકદા શ્રેણીક રાજાનું આંતરું જાણ્યું. જાણીને શ્રેણીક રાજાને બેડીનું બંધન કર્યું,કરીને પોતાને મોટા મોટારાજ્યાભિષેકવડે અભિષેક કરાવ્યો. ત્યારપછી તે કૂણિકકુમાર મોટા હિમવંત પર્વત જેવો યાવત્ રાજા થયો. ત્યારપછી તે કૂણિકરાજા એકદા કદાચિત્ સ્નાન કરી યાવત્ સર્વ અલંકારવડેવિભૂષિત થઈ ચેલણા દેવીના પાદને વંદન કરવા શીઘ્રપણે ગયો.

[૧૫] ત્યારપછી તે કૂણિકરાજાએ ચેલણાદેવીને હણાયેલા મનના સંકલ્પવાળી યાવત્ ધ્યાન કરતી જોઈ. જોઈને ચેલણાદેવીના પાદ ગ્રહણ કર્યા. કરીને ચેલણાદેવીને આ પ્રમાણે કહ્યું-" હે માતા ! કેમ તમને તુષ્ટિ નથી ? કેમ ઉત્સવ નથી ? કેમ હર્ષ નથી ? અથવા કેમ આનંદ નથી આવતો ? કે જેથી હું પોતે જ રાજ્યલક્ષ્મીને ભોગવતો યાવત્ વિચરું છું." ત્યારપછી તે ચેલણાદેવીએ કૂણિકરાજાને આ પ્રમાણે કહ્યું-" હે પુત્ર ! કેમ મને તુષ્ટિ, ઉત્સવ, હર્ષ કે આનંદ થાય ? કે જેથી તે તારા પિતા, દેવ સમાન, ગુરુજન સમાન અને તારા પર અત્યંત સ્નેહ અને અનુરાગવડે રક્ત એવા શ્રેણીકરાજાને બેડીનું બંધન કરીને તેં પોતાને મોટા રાજ્યાભિષેકવડે અભિષેક કરાવ્યો છે ?" ત્યારપછી તે કુણિકરાજાએ ચેલણાદેલીને આ પ્રમાણે કહ્યું-" હે માતા ! શ્રેણીકરાજા મારો ઘાત કરવાની ઈચ્છાવાળા હતા. એ જ પ્રમાણે હે માતા ! મને મારવાની, બાંધવાની અને નિચ્છુભણા કરવાની ઈચ્છા વાળા હતા. તો હે માતા ! શ્રેણીકરાજા કેવી રીતે મારાપર અત્યંત સ્નેહ અને અનુરાગવડે રક્ત હોય ?" ત્યારપછી તે ચેલણાદેવીએ કૂણિકકુમારને આ પ્રમાણે કહ્યું-" નિશ્ચે હે પુત્ર ! તું મારા ગર્ભમાં આવ્યે ત્રણ માસ બરાબર પૂર્ણ થયા ત્યારે મને આ આવા પ્રકારનો દોહલો ઉત્પન્ન થયો હતો કે-તે માતાઓને ધન્ય છે યાવત્ જ્યારે તું વેદનાવડે પરાભવ પામી મોટેથી રોતો હતો ત્યારે તે તારી આંગલી મોઢામાં રાખતા હતા એટલે તું રોતો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બંધ થઈને ચુપ રહેતો હતો. આ પ્રમાણે નિશ્ચે હે પુત્ર ! શ્રેણીકરાજા તારા પર અત્યંત સ્નેહ અને અનુરાગવડે રક્ત હતા.

ત્યારપછી તે કૂણીકરાજાએ ચેલણા દેવીની પાસે આ અર્થ સાંભળીને હૃદયમાં ધારીને ચેલણાદેવીને આ પ્રમાણે કહ્યું-" હે માતા ! દેવ સમાન, ગુરુજન સમાન અને અત્યંત સ્નેહ અને અનુરાગવડે રક્ત એવા મારા પિતા શ્રેણીકરાજાને બેડીનું બંધન કરવાથી મેં ઘણું દુષ્ટ કામ કર્યું છે, તેથી હું જાઉં છું અને હું પોતે જ શ્રેણીકરાજાની બેડીને છેદી નાંખું છું " આ પ્રમાણે કહીને હાથમાં કુહાડો લઈને જ્યાં કેદખાનું હતું ત્યાં શીઘ્ર જવા નીકળ્યો.શ્રેણીકરાજાએ કૂણીક કુમારને હાથમાં કુહાડો લઈ આવતો જોયો. જોઈને આ પ્રમાણે બોલ્યા-"આ કૂણિકકુમાર અપ્રાર્થિતની પ્રાર્થના કરનાર યાવત્ લક્ષ્મી અને લજ્જાએ કરીને રહિત થયેલો હાથમાં કુહાડો લઈ અહીં શીઘ્રપણે આવે છે,તો હું નથી જાણતો કે તે મને કેવા ખરાબ મારવડે મારશે ?" એમ વિચારી ભય પામેલા એવા તેણે તાલપુટ નામનું વિષ પોતાના મુખમાં નાંખ્યું. ત્યારપછી તે શ્રેણીકરાજા તાલપુટવિષ એક મુહૂર્તમાં પરિણમવાથી પ્રાણ રહિત, ચેષ્ટા રહિત અને જીવ રહિત થઈ પૃથ્વીપર પડી ગયા. ત્યારપછી તે કૂણીકકુમાર જ્યાં કેદખાનું હતું ત્યાં આવ્યો. આવીને શ્રેણીકરાજાને પ્રાણ રહિત, ચેષ્ટા રહિત અને જીવ રહિત થઈ પૃથ્વીપર પડેલા જોયા. જોઈને પિતા-સંબંધી મોટા શોકે કરીને વ્યાપ્ત થઈ કુહાડાથી કાપેલા શ્રેષ્ઠ ચંપક વૃક્ષની જેમ ધસ દઈને પૃથ્વીતલને વિષે સર્વ અંગોવડે પડી ગયો.

ત્યારપછી તે કૂણીક કુમાર મુહૂર્ત પછી સાવધાન થયો રુદન કરતો, આક્રંદ કરતો, શોક કરતો અને વિલાપ કરતો આ પ્રમાણે બોલવા લાગ્યો-"અહો ! હું અધન્ય છું, અપુણ્ય છું, પૂર્વ જન્મમાં મેં સારું કર્મ કર્યું નથી, મેં ઘણું દુષ્ટ કામ કર્યું કે જે મેં મારા પિતા, દેવ સમાન, ગુરુસમાન, મારાપર અત્યંત સ્નેહ અને અનુરાગવડે રક્ત એવા શ્રેણીક રાજાને બેડીનું બંધન કર્યું. મારા નિમિત્તે જ શ્રેણીકરાજા કાલધર્મ પામ્યા." આ પ્રમાણે કહી ઈશ્વર, તલવર યાવત્ સંધિપાલની સાથે પરિવરેલા તેણે રુદન કરતાં, આક્રંદ કરતાં, શોક કરતાં અને વિલાપ કરતાં મોટી ઋદ્ધિ અને સત્કારના સમુદાયવડે શ્રેણીકરાજાનું નીહરણ કર્યું. તથા ઘણાં લૌકિક મૃતકાર્ય કર્યાં. ત્યારપછી તે કૂણિકકુમાર મનમાં ઉત્પન્ન થયેલા તથા વચનવડે પ્રકાશ નહીં કરવાથી મનમાં જ વર્તતા દુઃખ વડે પરાભવ પામી એકદા કદાચિત્ અંતઃપુરના પરિવાર સહિત, ભાંડોપકરણ વસ્ત્ર પાત્રાદિક સહિત રાજ ગૃહનગરમાંથી નીકળ્યો. નીકળીને જ્યાં ચંપાનગરી હતી ત્યાં આવ્યો.ત્યાં પણ વિપુલ ભોગના સમૂહને પામી કેટલેક કાલે શોક રહિત થયો.

[૧૬] ત્યારપછી તે કૂણિક રાજાએ એકદા કદાચિત્ કાલાદિક દશ કુમારોને બોલાવ્યા. બોલાવીને રાજ્યના યાવત્ જનપદના અગ્યાર ભાગ કરી વહેંચી આપ્યા. વહેંચી આપીને પોતે જ રાજ્યલક્ષ્મીને કરતો અને પાળતો રહેવા લાગ્યો.

[૧૭]તે ચંપાનગરીમાં શ્રેણીકરાજાનો પુત્ર અને ચેલણાદેવીનો આત્મજ કૂણિક રાજાનો સહોદર નાનો ભાઈ વિહલ્લ નામનો કુમાર હતો. તે કોમલ યાવત્ સુરુપ હતો. હવે તે વિહલ્લ કુમાર ને શ્રેણિકરાજાએ જીવતાં જ સેચનક નામનો ગંધહસ્તી અને અઢાર સરનો હાર પ્રથમ દીધા હતા, તેથી તે વિહલ્લકુમાર સેચનક નામના ગંધહસ્તી ઉપર બેસીને અંતઃપુરના પરિવારસહિત ચંપાનગરીના મધ્યે ભાગે થઈને નીકળતો હતો, નીક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ળીને વારંવાર ગંગા નામની મોટી નદીમાં સ્નાન કરવા ઉતરતો હતો. ત્યાર પછી તે સેચનક ગંધહસ્તી તેની રાણીઓને પોતાની સૂંઢવડે ગ્રહણ કરતો હતો. ગ્રહણ કરીને કેટલીકને પોતાની પુંઠે સ્થાપના કરતો હતો, કેટલીકને ખાંધ ઉપર સ્થાપના કરતો હતો, એ જ પ્રમાણે કેટલીકને કુંભસ્થલ ઉપર સ્થાપના કરતો હતો, કેટલીકને દંતમુશળ ઉપર સ્થાપના કરતો હતો, કેટલીકને સૂંઢવડે ગ્રહણ કરીને ઉંચે આકાશમાં ઉછાળતો હતો, કેટલીકને સૂંઢમાં રાખીને હીંચકા ખવરાવતો હતો, કેટલીકને દાંતની વચ્ચે થઈને કાઢતો હતો, કેટલીકને સૂંઢમાં પાણી ભરીને તે વડે સ્નાન કરાવતો હતો અને કેટલીકને અનેક પ્રકારની ક્રીડાવડે ક્રીડા કરાવતો હતો.

ત્યારપછી ચંપાનગરીને વિષે શીંગોડાના આકાર વાળા માર્ગમાં, ત્રિક-ત્રણ રસ્તા ભેગા થાય એવા માર્ગમાં, ચતુષ્ક-ચાર રસ્તા ભેગા થાય એવા માર્ગમાં, ચત્વર-ચૌટામાં અને મોટા માર્ગ વિગેરે દરકે માર્ગમાં ઘણા લોકો પરસ્પર આ પ્રમાણે કહેવા લાગ્યા યાવત્ પ્રરુપણા કરવા લાગ્યા-"આ પ્રમાણે નિશ્ચે હે દેવાનુ પ્રિયો ! વિહલ્લકુમાર સેચનક નામના ગંધહસ્તી પર અંતઃપુર સહિત થઈને નીકળે છે એ સર્વ ઉપર પ્રમાણે કહેવું યાવત્ અનેક પ્રકારની ક્રીડાઓવડે ક્રીડા કરાવે છે. તેથી આ વિહલ્લકુમાર જ રાજ્યલક્ષ્મીના ફળને અનુભવતો વિચરે છે,પણ કૂણિકરાજા અનુભવતો નથી." ત્યાર પછી તે પદ્માવતી દેવી (રાણી) ને આ વાત સાંભળી ત્યારે આવા પ્રકારનો યાવત્ વિચાર ઉત્પન્ન થયો કે-"આ પ્રમાણે નિશ્ચે વિહલ્લકુમાર સેચનક નામના ગંધહસ્તી ઉપર અંતઃપુર સહિત આરુઢ થઈને નીકળે છે, યાવત્ અનેક પ્રકારની ક્રીડાવડે ક્રીડા કરાવે છે, તેથી આ વિહલ્લકુમાર જ રાજ્યલક્ષ્મીના ફળને અનુભવતા વિચરે છે, કૂણિકરાજા અનુભવતા નથી, તો અમારે આ રાજ્યવડે યાવત્ જનપદવડે કરીને પણ શું વિશેષ છે ? જો અમારે સેચનક ગંધહસ્તી નથી ?તેથી કરીને મારે આ અર્થ કૂણિકરાજાને જણાવવો શ્રેયસ્કર છે." આ પ્રમાણે વિચાર કર્યો, વિચાર કરીને જ્યાં કૂણિકરાજા હતા ત્યાં તે આવી, આવીને બે હાથ મસ્તકે જોડી યાવત્ આ પ્રમાણે બોલી-"આ પ્રમાણે નિશ્ચે હે સ્વામી ! વિહલ્લકુમાર સેચનક હાથીપર અંતઃપુર સહિત આરુઢ થઈને નીકળે છે યાવત્ અનેક પ્રકારની ક્રીડાવડે ક્રીડા કરાવે છે. તો હે સ્વામી ! જો આપણી પાસે સેચનક ગંધહસ્તી નથી તો પછી આપણા રાજ્યવડે યાવત્ જનપદવડે કરીને પણ શું?"ત્યારપછી કૂણિક રાજાએ પદ્માવતી દેવીના આ અર્થનો આદર કર્યો નહીં, મનમાં પણ સારો માન્યો નહીં. મૌન જ રહ્યો.

ત્યારપછી તે પદ્માવતીદેવીએ વારંવાર કૂણિકરાજાને આ અર્થ જણાવ્યા કર્યો. ત્યાર પછી તે કૂણિકરાજાને પદ્માવતીદેવીએ વાંરવાર આ અર્થની વિનંતિ કરી ત્યારે એકદા કદાચિત્ તેણે વિહલ્લકુમારને બોલાવ્યો, બોલાવીને સેચનક નામના ગંધહસ્તી ની અને અઢાર સરના હારની માગણી કરી. ત્યારે તે વિહલ્લકુમારે કૂણિકરાજાને આ પ્રમાણે કહ્યું કે-"આ પ્રમાણે નિશ્ચે હે સ્વામી ! શ્રેણિકરાજાએ જીવતાં જ મને સેચનક નામનો ગંધહસ્તી અને અઢાર સરનો હાર આપ્યો છે, તેથી હે સ્વામી ! જો તમે મને રાજ્યનો અર્ધ ભાગ આપો તો હું તમને સેચનક હાથી અને અઢાર સરનો હાર આપું. ત્યારપછી તે કૂણિકરાજાએ વિહલ્લકુમારના આ અર્થનો આદર ન કર્યો, તેને મનમાં જાણ્યો પણ નહીં ત્યારપછી તે વિહલ્લકુમારને (વિચાર થયો કે) કૂણિકરાજા વારંવાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સેચનક ગંધહસ્તીને અને અઢાર સરના હારને આ પ્રમાણે ઝુંટવી લેવાની ઈચ્છા કરે છે, ગ્રહણ કરવાની ઈચ્છા કરે છે અને ખેંચી લેવાને ઈચ્છે છે, તો તે કૂણિકરાજા મારા સેચનક ગંધહસ્તીને અને અઢાર સરના હારને એ જ પ્રમાણે યાવત્ ન ખેંચી લે તેટલામાં મારે સેચનક ગંધહસ્તીને અને અઢાર સરના હારને ગ્રહણ કરી અંતઃ પુરના પરિવાર તથા ભાંડ, પાત્ર, ઉપકરણ વિગેરે સહિત (લઈને) ચંપાનગરીથી બહાર નીકળીને વૈશાલી નગરીમાં આર્યક ચેટક રાજા પાસે જઈને રહેવું યોગ્ય છે. એ પ્રમાણે વિચાર કર્યો. વિચાર કરીને કૂણિકરાજાના અંતરને જોતો રહ્યો. ત્યારપછી તે વિહલ્લકુમારે એકદા કદાચિત્ કુણિકરાજાનું આંતરું જાણ્યું, તે સેચનક ગંધહસ્તીને અને અઢારસરના હારને ગ્રહણ કરી અંતઃપુરના પરિવારથી પરિવરી ભાંડ, પાત્ર, ઉપકરણ વિગેરે સહિત ચંપાનગરીથી નીકળ્યો, નીકળીને જ્યાં વૈશાલી નગરી હતી ત્યાં આવ્યો. આવીને વૈશાલીનગરીમાં આર્યક ચેટક રાજા પાસે જઈને રહ્યો. ત્યારપછી તે કૂણિકરાજાએ આ વાત જાણી વિચાર કર્યો કે-"આ પ્રમાણે નિશ્ચે વિહલ્લકુમાર મારા જાણવામાં ન આવે તેમ સેચનક ગંધ હસ્તીને અને અઢાર સરના હારને લઈને અંતઃપુરના પરિવારથી પરિવરી યાવત્ આર્યક ચેટકરાજા પાસે જઈને રહ્યો છે, તેથી નિશ્ચે મારે સેચનક ગંધહસ્તી અને અઢાર સરના હારને માટે દૂતને મોકલવો શ્રેયકારક છે."

તેણે દૂતને બોલાવીને કહ્યું- તું વૈશાલી નગરીમાં જા. ત્યાં આર્યક ચેટકરાજાને બે હાથ જોડી વધાવીને આ પ્રમાણે કહે કે-નિશ્ચે હે સ્વામી ! કૂણિકરાજા વિજ્ઞપ્તિ કરે છે કે-આ વિહલ્લકુમાર કૂણિકરાજાને જણાવ્યા વિના સેચનક ગંધહસ્તીને અને અઢાર સરના હારને લઈને શીઘ્ર અહીં આવ્યો છે. તેથી હે સ્વામી ! તમે કૂણિકરાજા ઉપર અનુ ગ્રહ કરી સેચનક ગંધહસ્તી અને અઢારસરો હાર કૂણિક રાજાને આપો અને વિહલ્લ કુમારને પણ પાછો મોકલો." ત્યારપછી તે ચેટકરાજાએ તે દૂતને આ પ્રમાણે કહ્યું-"હે દેવાનુપ્રિય ! જેમ કૂણિકરાજા શ્રેણિકરાજાનો પુત્ર, ચેલણાદેવીનો આત્મજ અને મારો દૌહિત છે, તેમ જ વિહલ્લકુમાર પણ શ્રેણિકરાજાનો પુત્ર, ચેલણા દેવીનો આત્મજ અને મારો દૌહિત છે. શ્રેણિકરાજાએ જીવતાં જ વિહલ્લકુમારને સેચનક ગંધહસ્તી અને અઢારસરનો હાર પ્રથમથી જ આપ્યો છે. તેથી જો કૂણિકરાજા વિહલ્લકુમારને રાજ્ય વિગેરેનો અર્ધ ભાગ આપે તો હું સેચનક હાથી અને અઢાર સરનો હાર કૂણિકરાજાને અપાવું અને વિહલ્લ-કુમારને મોકલું." આ પ્રમાણે કહીને દૂતનો સત્કાર કર્યો, સન્માન કર્યું અને વિદાય કર્યો.

ત્યારપછી તે દૂત કૂણિક રાજાની આ આજ્ઞાને બે હાથ જોડી યાવત્ અંગીકાર કરી જ્યાં પોતાનું ઘર હતું ત્યાં આવ્યો. આવીને ચિત્ર દૂતની જેમ યાવત્ (ચેટક રાજા પાસે જઈ તેને)વધાવીને આ પ્રમાણે બોલ્યો- "નિશ્ચે હે સ્વામી ! કૂણિકરાજા વિજ્ઞપ્તિ કરે છે કે- આ વિહલ્લકુમાર મને જણાવ્યા વિના અહીં આવ્યો છે વિગેરે તે જ પ્રમાણે (ઉપર પ્રમાણે) કહેવું યાવત્ (ગંધહસ્તી ને હાર આપો અને)વિહલ્લકુમારને પાછો મોકલો."

ત્યારપછી તે દૂત ચેટકરાજાએ વિદાય કર્યો જ્યાં ચતુર્ઘંટ એટલે ચાર દિશા માં ચાર ઘંટાઓ જે રથને બાંધેલી છે એવો અશ્વરથ હતો ત્યાં આવ્યો. આવીને ચતુર્ઘંટ અશ્વ રથ ઉપર આરૂઢ થયો. વૈશાલીનગરી ના મધ્ય મધ્ય ભાગે કરીને નીકળ્યો. નીકળીને માર્ગ માં શુભ વસતિ વડે અને પ્રાતરાશ વડે યાવત્ વધાવીને આ પ્રમાણે બોલ્યો- "આ પ્રમાણે નિશ્ચે હે સ્વામી ! ચેટકરાજા આજ્ઞા કરે છે કે-જેમ કૂણિકરાજા શ્રેણિકરાજાનો પુત્ર,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચેલણાદેવીનો આત્મજ અને મારો દૌહિત્ર છે, તે જ પ્રમાણે વિહલ્લકુમાર પણ છે વિગેરે સર્વ કહેવું યાવત્ વિહલ્લકુમારને હું મોકલું. તો હે સ્વામી ! ચેટકરાજા સેચનક ગંધહસ્તી ને અને અઢાર સરના હારને આપતા નથી તથા વિહલ્લકુમારને મોકલતા નથી. અહીં વસતિ એટલે માર્ગમાં વિશ્રાંતિ લેવાનું સ્થાન અને પ્રાતરાશ એટલે સૂર્યોદયથી આરંભી ને બે પહોર સુધીમાં ભોજન કરવાનો સમય, સુખકારક આ બે વડે (વિશ્રાંતિ લેતો ને ભોજન કરતો ચંપા) નગરીમાં આવ્યો, કૂણિકરાજાને જોયો, તેને જય અને વિજયવડે વધાવી તે દૂત જે બોલ્યો, તે બતાવે છે-

આ પ્રમાણે નિશ્ચે હે સ્વામી ! વિગેરે પૂર્વવત્ ત્યારપછી તે કૂણિકરાજાએ બીજા દૂતને બોલાવી આ પ્રમાણે કહ્યું- "હે દેવાનુ પ્રિય ! તું વૈશાલીનગરીએ જા. ત્યાં તું મારા માતામહ ચેટકરાજાને યાવત્ આ પ્રમાણે કહેજે કે-નિશ્ચે હે સ્વામી ! કૂણિકરાજા આપને વિજ્ઞપ્તિ કરે છે કે-જે કોઈ રત્નો ઉત્પન્ન થાય તે સર્વ રાજકુળમાં જ રહેનારાં હોય છે, તો શ્રેણિકરાજા રાજ્યલક્ષ્મીને કરતા અને પાળતા હતા ત્યારે તેને બે રત્ન ઉત્પન્ન થયાં હતાં, તે આ પ્રમાણે-સેચનક નામનો ગંધહસ્તી અને અઢાર સરનો હાર. તો હે સ્વામી ! તમે રાજકુલની પરંપરાથી ચાલી આવતી સ્થિતિનો લોપ કર્યા વિના સેચનક ગંધહસ્તી અને અઢાર સરનો હાર કૂણિક રાજાને પાછો સોંપો અને વિહલ્લકુમારને મોકલો. ત્યારપછી તે દૂત કૂણિક રાજાની આજ્ઞાથી તે જ પ્રમાણે જઈ યાવત્ વધાવીને આ પ્રમાણે બોલ્યો- "નિશ્ચે હે સ્વામી ! કૂણિક રાજા વિજ્ઞપ્તિ કરે છે કે-જે કોઈ રત્નો યાવત્ વિહલ્લકુમારને મોકલો."ત્યારપછી તે ચેટકરાજાએ તે દૂતને આ પ્રમાણે કહ્યું- "હે દેવાનુપ્રિય ! જેમ કૂણિકરાજા શ્રેણિકરાજાનો પુત્ર અને ચેલણાદેવીનો આત્મજ(તેમ જ વિહલ્લકુમાર પણ) છે વિગેરે પ્રથમની જેમ કહેવું.

ત્યારપછી તે કૂણિક રાજા તે દૂતની પાસે આ અર્થ સાંભળીને હૃદયમાં ધારીને તત્કાળ ક્રોધ પામ્યો. યાવત્ ક્રોધની જ્વાળાવડે દેદીપ્યમાન થઈ તેણે ત્રીજા દૂતને બોલાવ્યો. બોલાવીને આ પ્રમાણે કહ્યું - હે દેવાનુપ્રિય ! તું વૈશાલી નગરીમાં જા. ત્યાં ડાબા પગવડે ચેટકરાજાના પાદપીઠ ને આક્રમણ કર, ભાલાના અગ્રભાગ વડે લેખને આપજે. આપીને તત્કાળ ક્રોધ પામી યાવત્ ક્રોધની જ્વાળાવડે દેદીપ્યમાન થઈ ત્રણ વળીયાવાળી ભ્રૂકુટિને કપાળમાં ચડાવી ચેટકરાજાને આ પ્રમાણે કહેજે-હે ચેટકરાજા ! મૃત્યુની પ્રાર્થના કરનાર ! ખરાબ લક્ષણવાલા ! યાવત્ લજ્જા રહિત ! આ કૂણિકરાજા આજ્ઞા કરે છે કે - કૂણિકરાજાને સેચનક ગંધહસ્તી અને અઢાર સરનો હાર આપ અને વિહલ્લકુમારને મોકલ.અથવા યુદ્ધ કરવા તૈયાર થઈને રહે. આ કૂણિકરાજા સૈન્ય સહિત, વાહન સહિત અને સ્કંધાવાર સહિત યુદ્ધમાં સજ્જ થઈ અહીં શીઘ્રપણે આવે છે. ત્યારપછી તે દૂત બે હાથ જોડી તે જ પ્રકારે યાવત્ જ્યાં ચેટકરાજા હતા ત્યાં આવ્યો. આવીને બે હાથ જોડી યાવત્ વધાવ્યા. વધાવીને આ પ્રમાણે બોલ્યો-"હે સ્વામી ! આ મારી વિનયની પ્રતિપત્તિ છે. હવે કૂણિકરાજાની આજ્ઞા પ્રમાણે કરું છું." એમ કહી ડાબા પગ વડે ચેટકરાજાના પાદપીઠને દબાવ્યું, દબાવીને તત્કાલ ક્રોધ પામી ભાલાના અગ્રભાગવડે લેખ આપ્યો. અને તે જ પ્રમાણે કહ્યું યાવત્ કૂણિકરાજા બલ, બાહન અને સ્કંધાવાર સહિત અહીં શીઘ્ર આવે છે.

ત્યારપછી તે ચેટકરાજાએ તે દૂતની પાસેથી આ અર્થ સાંભળીને હૃદયમાં ધારીને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તત્કાલ ક્રોધ પામી યાવત્ ભૃકુટિ ચડાવી આ પ્રમાણે કહ્યું-" કૂણક રાજાને સેચનક ગંધહસ્તી અને અઢાર સરનો હાર હું નહીં આપું, તેમ જ વિહલ્લકુમારને નહીં મોકલું. આ હું યુદ્ધ કરવા સજ્જ થઈને રહ્યો છું. " એમ કહી તે દૂતને સત્કાર કર્યા વિના સન્માન કર્યા વિના પાછળના દ્વાર માર્ગે કાઢી મૂકાવ્યો.

[૧૮] ત્યારપછી તે કૂણિકરાજાએ તે દૂતની પાસે આ અર્થ સાંભળી હૃદયમાં ધારી તત્કાલક્રોધપામી કાલાદિક દશ કુમારોને બોલાવ્યા,બોલાવીને આ પ્રમાણે કહ્યું-" નિશ્ચે હે દેવાનુપ્રિયો!વિહલ્લકુમાર મારા અજાણતાં જ સેચનક ગંધહસ્તી, અઢાર સરનો હાર,અંતઃપુરનોપરિવારઅને ભાંડ પાત્ર વિગેરે ઉપકરણ લઈને ચંપાનગરીથી નીકળ્યો. નીકળીને વૈશાલી નગરીમાં આર્યક ચેટકરાજા પાસે યાવત્ જઈને રહ્યો છે. ત્યારપછી તે સેચનક ગંધહસ્તી અને અઢાર સરના હાર માટે બે દૂતો મોકલ્યા. તેમનો ચેટકરાજાએ આ કારણે કરીને નિષેધ કર્યો. ત્યારપછી મેં ત્રીજો દૂત મોકલ્યો. તેને સત્કાર સન્માન કર્યા વિના પાછલા દ્વારવડે કાઢી મૂક્યો. તેથી હે દેવાનુપ્રિયો ! આપણે ચેટકરાજાની યાત્રા ગ્રહણ કરવી-એની પાસે જવું તે શ્રેયકારક છે. અર્થાત્ તેની સાથે યુદ્ધ કરવું તે જ કલ્યાણકારક છે."

ત્યારપછી કાલાદિક દશ કુમારોએ કૂણિકરાજાના આ અર્થને વિનય વડે અંગી કાર કર્યો.ત્યારપછી તે કૂણિકરાજાએ કાલાદિક દશ કુમારોને આ પ્રમાણેકહ્યું-"હે દેવાનુ પ્રિયો ! તમે પોતપોતાના રાજ્યમાં જાઓ. અને સ્નાન વિગેરે યાવત્ પ્રાય શ્ચિત કરી શ્રેષ્ઠ હસ્તીના સ્કંધપર આરુઢ થઈ તમે દરેક દરેક ત્રણ હજાર હાથી, ત્રણ હજાર રથ, ત્રણ હજાર અશ્વ અને ત્રણ કરોડ મનુષ્ય સાથે પરિવર્યા સતા સર્વ સમૃદ્ધિવડે યાવત્ વાજિત્ર ના શબ્દવડે પોતપોતાના નગરમાંથી નીકળો, નીકળીને મારી પાસે પ્રગટ થાઓ-આવો.

ત્યારપછી તે કાલાદિક દશ કુમારો કૂણિકરાજાના આ અર્થને સાંભળી પોત પોતાના રાજ્યને વિષે જઈ તે દરેકે દરેકે સ્નાનવિગેરે કર્યું યાવત્ ત્રણ કોટિ મનુષ્યની સાથે પરિવર્યા સતા સર્વ સમૃદ્ધિવડે યાવત્ વાજિત્રના શબ્દવડે પોતપોતાના નગરો માંથી નીકળ્યા.નીકળીને જ્યાં અંગદેશ હતો,જ્યાં ચંપાનગરી હતીઅને જ્યાંકૂણિક રાજા હતો, ત્યાં આવ્યા, અને બે હાથ મસ્તકે જોડી કૂણિકરાજાને વધાવ્યો. ત્યારપછી તે કૂણિક રાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીનેઆપ્રમાણેકહ્યું-"હે દેવાનુપ્રિયો ! શીઘ્ર પણે અભિષેક કરાયેલા હસ્તીરત્નને લાવો. અશ્વ, હાથી અને રથ વિગેરે ચતુરંગી સેના ને તૈયાર કરો. કરીને આ મારી આજ્ઞાને પાછી સોંપો." તે સાંભળી તેમણે તેમ કર્યું યાવત્ તેની આજ્ઞા પાછી સોંપી.

ત્યારપછી તે કૂણિકરાજા જ્યાં સ્નાન કરવાનું ઘર હતું ત્યાં આવ્યો. યાવત્ ત્યાંથી નીકળીને જ્યાં બહારની ઉપસ્થાનશાળા હતી ત્યાં આવી યાવત્ તે રાજા હસ્તીરત્ન ઉપર આરુઢ થયો. ત્યારપછી તે કૂણીકરાજા ત્રણ હજાર હાથી ઓ સહિત યાવત્ વાજિત્રના શબ્દસહિત ચંપાનગરીના મધ્યભાગે કરીને નીકળ્યો, નીકળીને જ્યાં કાલાદિક દશ-કુમારો હતા ત્યાં આવ્યો, આવીને કાલાદિક દશ કુમારોની સાથે એકત્ર મળ્યો. ત્યાર પછી તે કૂણિકરાજા તેત્રીશ હજાર હાથી, તેત્રીશ હજાર અશ્વ, તેત્રીશ હજાર રથઅને તેત્રીશ કોટિ મનુષ્યની સાથે પરિવર્યો સતો સર્વ સમૃદ્ધિવડે યાવત્ વાજિત્રના શબ્દવડે સહિત શુભ એવા નિવાસસ્થાન અને ભોજન કરીને તેમ જ દુઃખ ઉપજે તેવા મોટા પ્રમાણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રહિત વચ્ચે વચ્ચે નિવાસ કરતો કરતો અંગદેશની મધ્યે થઈને જ્યાં વિદેહ દેશ હતો અને જ્યાં વૈશાલી નગરી હતી ત્યાં જવાને નીકળ્યો-ગયો.

ત્યાર પછી તે ચેટકરાજાએ આ કથાનો અર્થ પ્રાપ્ત કર્યો ત્યારે નવ મલ્લકી જાતિના અને નવ લેચ્છ કી જાતિના કાશીદેશ અને કોશલદેશના અઢારે ગણરાજાઓને બોલા વ્યા. બોલાવીને આ પ્રમાણે કહ્યું:-" નિશ્ચે હે દેવાનુપ્રિયો ! વિહલ્લકુમાર કૂણિકરાજાને જણાવ્યા વિના સેચનક ગંધહસ્તીને અને અઢાર સરના હારને લઈને અહીં શીઘ્ર આવ્યો છે. ત્યારપછી કૂણિકરાજાએ સેચનક ગંધહસ્તી અને અઢાર સરના હારને માટે મારી પાસે ત્રણ દૂતો મોકલ્યા. તેઓને મેં આ કારણે એટલે તુલ્ય નાત્રકના સંબંધને કારણે નિષેધ કર્યો છે. તેથી તે કૂણિકરાજા મારા આ અર્થને અંગીકાર નહીં કરીને ચતુરંગી સેનાની સાથે પરિ વર્યો સતો યુદ્ધ કરવા સજ્જ થઈ અહીં શીઘ્રપણે આવે છે. તો શું હે દેવાનુપ્રિયો ! સેચનક ગંધહસ્તી અને અઢાર સરનો હાર આપણે કૂણિકરાજાને પાછો આપશું ? અને વિહલ્લ કુમારને મોકલશું ? કે તેની સાથે યુદ્ધ કરશું ?"

ત્યારપછી નવ મલ્લકી જાતિના અને નવ લેચ્છકી જાતિના કાશીદેશના અને કોશલ દેશના અઢાર ગણરાજાઓએ ચેટકરાજાને આ પ્રમાણે કહ્યું કે-" હે સ્વામી ! આ વાત યુક્ત નથી, પ્રતીતિવાળી નથી અને રાજાનેસદેશ પણ નથી કે સેચનક ગંધહસ્તી અને અઢાર સરનો હાર કૂણિકરાજાને મોકલવો, અને શરણે આવેલા વિહલ્લકુમારને મોકલવો. તો જો કૂણિકરાજા ચતુરંગી સેના સાથે પરિ વર્યો સતો યુદ્ધ કરવા સજ્જ થઈ અહીં શીઘ્રપણે આવે છે તો અમે કૂણિકરાજાની સાથે યુદ્ધ કરશું. ત્યારપછી તે ચેટક રાજાએ તે નવ મલ્લકી જાતિના અને નવ લેચ્છકી જાતિના કાશી અને કોશલ દેશના અઢારે ગણરાજાઓને આ પ્રમાણે કહ્યું-" જો હે દેવાનુપ્રિયો ! તમે કૂણિકરાજાની સાથે યુદ્ધ કરવાના હો તો હે દેવાનુપ્રિયો ! તમે તમારા પોતપોતાના રાજ્યમાં જાઓ, અને સ્નાન વિગેરે કરી કાલાદિક કુમારો જેમ કૂણિકરાજા પાસે ગયા તેમ તમે મારી પાસે તૈયાર થઈને આવો." ત્યારે તેઓએ પણ તે જ પ્રમાણે આવી યાવત્ ચેટકરાજાને જય અને વિજયવડે વધાવ્યા.

ત્યારપછી તે ચેટકરાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું-અભિષેક કરેલા હાથીને તૈયાર કરીને લાવો વિગેરે સર્વ કૂણિકની જેમ કહેવું. યાવત્ તે હાથીપર ચડ્યા. ત્યારપછી તે ચેટકરાજા ત્રણ હજાર હાથી સહિત કૂણિકની જેમ યાવત્ વૈશાલીનગરીના મધ્ય ભાગે થઈને નીકળ્યા; નીકળીને જ્યાં તે નવ મલ્લકી જાતિ ના અને નવ લેચ્છકી જાતિના કાશી અને કોશલ દેશ ના અઢારે ગણરાજાઓ હતા ત્યાં આવ્યા. ત્યારપછી તે ચેટકરાજા સત્તાવન હજાર હાથી, સત્તાવન હજાર ઘોડા, સત્તાવન હજાર રથ અને સત્તાવન કોટિ મનુષ્યની સાથે પરિવર્યા સતા સર્વ સમૃદ્ધવડે યાવત્ વાજિત્રના શબ્દવડે શુભ એવા નિવાસસ્થાન અને ભોજન કરતા કરતા ઘણા લાંબા પ્રયાણ વિના આંતરે આંતરે નિવાસ કરતા કરતા વિદેહ દેશના મધ્ય ભાગે થઈને જ્યાં દેશનો છેડોહતો ત્યાંઆવ્યા.આવીને સ્કંધાવાર સ્થાપન કર્યો. કરીને કૂણિકરાજાની રાહ જોતા યુદ્ધમાં સજ્જ થઈને રહ્યા.

ત્યારપછી તે કૂણિકરાજા સર્વ સમૃદ્ધિ સહિત યાવત્ વાજિત્રના શબ્દ સહિત જ્યાં તેના દેશનો છેડો હતો ત્યાં આવ્યો. આવીને ચેટકરાજાથી એક યોજન દૂર સ્કંધાવારનું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્થાપન કર્યું. ત્યારપછી તે બન્ને રાજાએ રણભૂમિને સજ્જ કરાવી, સજ્જ કરાવીને રણભૂમિમાં ગયા.ત્યારપછી તે કૂણિકરાજાએ તેત્રીશ હજાર હાથીવિગેરે યાવત્ તેત્રીશ કોટિ મનુષ્યોનું ગરુડવ્યૂહ રચ્યું. રચીને તે ગરુડવ્યૂહવડે રથમુશલ સંગ્રામમાં ઉતર્યો-આવ્યો. ત્યાર પછી તે ચેટકરાજાએ સત્તાવન હજાર હાથી વિગેરે યાવત્ સત્તાવન કોટિ મનુષ્યોવડે શકટવ્યૂહ રચ્યું. રચૂને શકટવ્યૂહવડે રથમુશલ સંગ્રામમાં આવ્યા. ત્યાર પછી તે બન્ને રાજાના સૈનિકો બખ્તર પહેરી તૈયાર થયા, યાવત્ તેઓએ આયુધ અને પ્રહરણ ગ્રહણ કર્યા, ફલાંને હસ્તપાશરુપ કર્યા, ખડ્ગને મ્યાનમાંથી બહાર ખેંચ્યાં, ભાથા ને ખભાઉપર લટકાવ્યાં, ધનુષને પ્રત્યંચા સહિત કર્યા, બાણોને ભાથામાંથી બહાર ખંચ્યાં, બરછી વિગેરેને ઉછાલવા લાગ્યા, સાથળે બાંધેલા ઘુઘરાને દૂર કર્યા, શીઘ્રપણે વાજિંત્રોને વગાડવા લાગ્યા, મોટા ઉત્કૃષ્ટ સિંહનાદ જેવા શબ્દો અને કલકલ શબ્દો કરવા લાગ્યા તેથી જાણે કે તેઓ સમુદ્રની જેવી ગર્જના કરતા હોય તેમ સર્વ સમૃદ્ધિ સહિત યાવત્ વાજિંત્રના શબ્દ સહિત અશ્વવારો સાથે, હાથીના સ્વારોની સાથે, રથિકો રથિકોની સાથે અને પત્તિઓની સાથે એમ પરસ્પર એક બીજા સાથે યુદ્ધ કરવા લાગ્યા.

ત્યારપછી તે બન્ને રાજાના સૈનિકો પોતાના સ્વામીની આજ્ઞામાં રક્ત હોવાથી મોટા જનક્ષયને કરતા, જનોના વધને કરતા, જનોના મર્દનને કરતા, લોકોના સંવર્તક વાયુની જેમ એટલે સંવર્તક વાયુ જેમ ચોતરફથી વસ્તુને એકત્ર કરે તેમ લોકોને ઉપરા ઉપરિ એકત્ર કરતા, નૃત્ય કરતા કબંધ વડે અને હાથમાંથી પડી ગયેલા વાર વડે રણભૂમિને ભયંકર કરતા તથા રુધિરના કાદવને કરતા સતા પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. ત્યાર પછી તે કાલકુમાર ત્રણ હજાર હાથી સહિત યાવત્ ત્રણ કોટિ મનુષ્ય સહિત ગરુડવ્યૂહ વડે પોતાના અગ્યારમા ભાગના સૈન્યવડે કૂણિકરાજાની સાથે રહીને રથમુ શલ સંગ્રામ માં યુદ્ધ કરતો હણાયો, મથન કરાયો, જેમ ભગવાને કાલીદેવીને કહ્યું હતું તેમ સર્વ કહેવું યાવત્ તે જીવિતથી દૂર થયો. તો આ પ્રમાણે નિશ્ચે હે ગૌતમ ! કાલ કુમાર આવા પ્રકારના આરંભે કરીને યાવત્ આવા પ્રકારના અશુભ એવા કરેલા કર્મના સમૂહે કરીને કાલ સમયે મરણ પામીને ચોથી પંકપ્રભા નામની નરકની પૃથ્વીમાં હેમાભ નામના નરકા વાસમાં નારકીપણે ઉત્પન્ન થયો.

[૧૯] "હે ભગવાન ! કાલકુમાર ચોથી પૃથ્વીથી આંતરા રહિત ઉદ્ધરીને નીકળીને ક્યાં જશે ? અને ક્યાં ઉત્પન્ન થશે ? "-" હે ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રમાં જે ઉંચા ધનાઢ્યનાં કુળો છે ત્યાં ઉત્પન્ન થશે વિગેરે દઢપ્રતિજ્ઞની જેમ કહેવું. યાવત્ દીક્ષા લઈને સિદ્ધ થશે, બૂદ્ધ થશે. યાવત્ સર્વ દુઃખોનો અંત કરશે.

**અધ્યયન :૧ ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## અધ્યયન-૨-સુકાલ

[૨૦]"જો હે ભગવાન ! શ્રમણ ભગવાન યાવત્ મોક્ષને પામેલા શ્રી મહાવીર સ્વીમીએ નિરયાવલિકાના પ્રથમ અધ્યયનનો આ અર્થ કહ્યો છે, તો હે ભગવાન ! બીજા અધ્યયનનો ક્યો અર્થ કહ્યો છે ? "આ પ્રમાણે નિશ્ચે હે જંબૂ ! તે કાલે તે સમયે ચંપા નામની નગરી હતી. પૂર્ણભદ્ર નામનું ચૈત્ય હતું. કૂણિક નામે રાજા હતો. તેને પદ્માવતી નામની દેવી હતી. તે ચંપાનગરીમાં શ્રેણીકરાજાની ભાર્યા કૂણિકરાજાની માતા સુકાલી નામની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેવી અતિ કોમલ અંગવાળી હતી. તે સુકાલી દેવીનો પુત્ર સુકાલ નામનો કુમાર હતો. તે અતિ કોમલ અંગવાળો હતો. ત્યારપછી તે સુકાલ કુમાર એકદા કદાચિત્ ત્રણ હજાર હાથીઓ વિગેરે સહિત કાલકુમારની જેમ સમગ્ર વૃત્તાંત તે જ પ્રમાણે કહેવો યાવત્ મહાવિદેહ ક્ષેત્રમાં સર્વ દુઃખનો અંત કરશે. ૨.

**અધ્યયન-૨ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

**અધ્યયન ૩થી૧૦**

[૨૧] એ પ્રમાણે બાકીના પણ આઠ અધ્યયનનો જાણવા. વિશેષ એકે કુમારના સરખા નામવાળી તેમની માતાઓ જાણવી.

**અધ્યયન ૩થી૧૦ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

| ૧૯ | નિરયાવલિયાણં ગુર્જરછાયપૂર્ણ |
|---|---|
| | ઉવંગ-૮ની ગુર્જરછાયા પૂર્ણ |

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

नमो नमो निम्मल दंसणस्स

પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામિને નમઃ

# ૨૦ કપ્પવડિંસિયાણં

ઉવંગ-૨-ગુર્જરછાયા

## -: અધ્યયન-૧-પદ્મ :-

[૧] જો હે ભગવાન ! યાવત્ મોક્ષને પામેલા શ્રીમહાવીરસ્વામીએ ઉપાંગને વિષે નિરયાવલિકા નામના પ્રથમ વર્ગનો આ તમે કહ્યો તે અર્થ કહ્યો છે, તો હે ભગવાન ! કલ્પાવતંસિકા નામના બીજા વર્ગના શ્રમણ ભગવાન યાવત્ મોક્ષને પામેલા શ્રીમહાવીરસ્વામીએ કેટલાં અધ્યયન કહ્યાં છે ? ભગવંતે દશ અધ્યયન કહ્યા છે.

તે આ પ્રમાણે-પદ્મ ૧, મહાપદ્મ ૨, ભદ્ર ૩, સુભદ્ર ૪, પદ્મભદ્ર ૫, પદ્મસેન ૬, પદ્મગુલ્મ ૭, નલિનીગુલ્મ ૮, આનંદ ૯ અને નંદન ૧૦, જો હે ભગવાન ! શ્રમણ ભગવાન યાવત્ સિદ્ધિપદને પામેલા શ્રીમહાવીરસ્વામીએ કલ્પાવતંસિકાના દશ અધ્યયનનો કહ્યાં છે, તો હે ભગવાન ! કલ્પાવતંસિકાના પહેલા અધ્યયનનો શ્રમણ ભગવાન યાવત્ સિદ્ધિપદને પામેલા શ્રીમહાવીરસ્વામીએ કયો અર્થ કહ્યો છે !

આ પ્રમાણે નિશ્ચે હે જંબૂ ! તે કાલે તે સમયે ચંપા નામની નગરી હતી. પૂર્ણભદ્ર નામનું ચૈત્ય હતું. કૂણિક નામે રાજા હતો. તેને પદ્માવતી નામની દેવી હતી. તે ચંપાનગરીમાં શ્રેણીકરાજાની ભાર્યા કૂણિક રાજાની લઘુમાતા કાલી નામની દેવી હતી. તે કાલી દેવીનો પુત્ર કાલ નામનો કુમાર અતિ કોમલ અંગવાળો હતો. તે કાલકુમારને પદ્માવતી નામની દેવી હતી. તે અતિ કોમલ અંગવાળી યાવત્ વિચરતી હતી. ત્યારપછી તે પદ્માવતી દેવી એકદા કદાચિત્ તે તેવા પ્રકારના અંદરના ભાગમાં વિચિત્ર પ્રકારના ચિત્રવાળા વાસગૃહમાં સુખે સુતી સતી યાવત્ સ્વપ્રમાં સિંહને જોઈ ગઈ. એ જ પ્રમાણે મહાબલની જેમ જન્મ પર્યંત કહેવું, યાવત્ તેણીએ પુત્ર પ્રસવ્યો તે બાલકનું આ પ્રમાણે નામ પાડ્યું.-જે કારણ માટે અમારો આ બાલક કાલકુમારનો પુત્ર અને પદ્માવતી દેવીનો આત્મજ છે તેથી અમારા આ બાલકનું નામ પદ્મકુમાર હો. બાકીનો સર્વ અધિકાર મહાબલની જેમ કહેવો. તેને આઠ કન્યાઓ પરણાવી, આઠ આઠનો દાયજો આપ્યો,યાવત્ તે શ્રેષ્ઠ પ્રાસાદની ઉપલી ભૂમિ પર રહીને વિચરવા લાગ્યો.

એકદા શ્રીમહાવીરસ્વામી ત્યાં સમવસર્યા. તેને વાંદવા માટે નગરીમાંથી પર્ષદા નીકળી. કૂણિકરાજા નીકળ્યો. પદ્મકુમાર પણ મહાબલની જેમ નીકળ્યો. દેશના સાંભળીને તે જ પ્રમાણે માતાપિતાની રજા લીધી. યાવત્ પ્રવ્રજ્યા લઈ અનગાર થયો. યાવત્ ગુપ્ત બ્રહ્મચારી થયો. ત્યારપછી તે પદ્મ અનગાર શ્રમણ ભગવાન શ્રીમહાવીરસ્વામીના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેવી પ્રકારના સ્થવિર સાધુની પાસે સામાયિક આદિ અગ્યાર અંગને ભણ્યા. ભણીને ઘણા ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ વિગેરે તપ કરતા યાવત્ વિચરવા લાગ્યા. ત્યારપછી તે પદ્મ અનગાર તે ઉદાર તપવડે મેઘકુમાર અનગારની જેમ શરીરે કૃશ થયા, તે જ પ્રમાણે ધર્મજાગરિકા કરતા તેને વિચાર થયો. તેથી મેઘની જેમ તે જ પ્રમાણે શ્રમણ ભગવાન શ્રીમહાવીરસ્વામીનીરજા લઈને વિપુલાચલ પર્વત ઉપર યાવત્ પાદપોપગમન નામનું અનશન કર્યું. આ પદ્મ અનગાર તેવા પ્રકારના સ્થવિર મુનિ ઓની પાસે સામાયિક આદિ અગ્યાર અંગ ભણ્યા હતા. બરાબર પરિપૂર્ણ પાંચ વર્ષ સુધી ચારિત્રપર્યાય પાળ્યો હતો. એક માસની સંલેખનાવડે એટલે સાઠ ભક્તના ત્યાગ વડે અનુક્રમે તે કાલધર્મ પામ્યા.પછી સ્થવિરમુનિઓ પર્વતપરથી નીચે ઉતર્યા.

ભગવાન ને ગૌતમસ્વામીએ પૂછ્યું. ત્યારે મહાવીરસ્વામીએ કહ્યું કે-યાવત્ સાઠ ભક્તનો અન શનવડે છેદ કરી આલોચના પ્રતિક્રમણ કરી ઉપર ચંદ્ર સૂર્યના વિમાન ને ઓળંગી સૌધર્મકલ્પ નામના પ્રથમ દેવલોકમાં બે સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિવાળો તે દેવપણે ઉત્પન્ન થયો છે. હે ભગવાન્ ! તે પદ્મ તે દેવલોકથકી આયુષ્યનો ક્ષય થયે ક્યાં જશે ? એમ પૂછ્યું. ત્યારે પ્રભુ ઉત્તર આપે છે કે- હે ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ દ્રઢપ્રતિ જ્ઞની જેમ સિદ્ધિપદને પામશે યાવત્ સર્વ દુઃખનો અંત કરશે. તે આ પ્રમાણે નિશ્ચે હે જંબૂ ! શ્રમણ ભગવાન યાવત્ સિદ્ધિપદને પામેલા શ્રીમહાવીરસ્વામીએ કલ્પા વતંસિકાના પહેલા અધ્યયનનો આ પ્રમાણે અર્થ કહ્યો છે, એ મેં તમને કહ્યો.

**અધ્યયનઃ૧ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## અધ્યયનઃ૨ મહાપદ્મ

[૨] હે ભગવાન્ ! જો શ્રમણ ભગવાન યાવત્ સિદ્ધિપદને પામેલા શ્રીમહાવીર સ્વામીએ કલ્પાવતંસિકાના પહેલા અધ્યયનનો આ અર્થ કહ્યો છે, તો હે ભગવાન ! બીજા અધ્યયનનો શો અર્થ કહ્યો છે ? આ પ્રમાણે નિશ્ચે હે જંબૂ ! તે કાલે તે સમયે ચંપા નામની નગરી હતી. પૂર્ણભદ્ર નામનું ચૈત્ય હતું. કૂણિક નામે રાજા હતો. તેને પદ્માવતી નામની દેવી હતી. તે ચંપાનગરીમાં શ્રેણીકરાજાની ભાર્યા કૂણિકરાજાની લઘુમાતા સુકાલી નામની દેવી હતી. તે સુકાલીનો પુત્ર સુકાલ નામનો કુમાર હતો. તે સુકાલ કુમારને મહાપદ્મા નામની દેવી હતી. તે અતિ કોમળ અંગવાળી હતી. ત્યારપછી તે મહા પદ્મા દેવી એકદા કદાચિત્ તે તેવા પ્રકારના વાસગૃહમાં સુતી હતી વિગેરે એ જ પ્રમાણે સર્વ કહેવું યાવત્ મહાપદ્મ નામના બાલકને જન્મ આપ્યો, યાવત્ તે સિદ્ધિપદને પામશે.

વિશેષ એ કે ઈશાન કલ્પ નામના બીજા દેવલોકમાં તે ઉત્કૃષ્ટ સ્થિતિવાળો દેવ થયો છે. તે આ પ્રમાણે નિશ્ચે હે જંબૂ શ્રમણ ભગવાન્ યાવત્ સિદ્ધિપદને પામેલા શ્રીમહાવીર સ્વામીએ કલ્પાવસંતિકાના બીજા અધ્યયનનો આ અર્થ કહ્યો છે, તે મેં તમને કહ્યો.

**અધ્યયનઃ૨ મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## અધ્યયનઃ૩થી૧૦

એ જ પ્રમાણે બાકીના પણ આઠ અધ્યયનો જાણવા. તેમની માતાઓ પોતાના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નામ સમાન નામવાળી જાણવી. કાલાદિક દશેના પુત્રોનો અનુક્રમે ચારિત્રપર્યાય આ પ્રમાણે- પહેલા બેનો પાંચ વર્ષ, પછીના ત્રણનો ચાર વર્ષ, પછીના ત્રણનો ત્રણ વર્ષ અને છેલ્લા બેનો બે વર્ષ. આ પ્રમાણે શ્રેણીકરાજાના પૌત્રોનો ચારિત્રપર્યાય જાણવો.

તે દશેના ઉપપાત અનુક્રમે આ પ્રમાણે-પહેલો સૌધર્મ દેવલોકમાં, બીજો ઈશાન દેવ લોકમાં, ત્રીજો સનત્કુમાર દેવલોકમાં, ચોથો માહેંદ્ર દેવલોકમાં, પાંચમો બ્રહ્મલોક માં, છઠ્ઠો લાંતકમાં, સાતમો મહાશુક્ર નામના દેવલોકમાં, આઠમો સહસ્રારમાં, નવમો પ્રાણત નામના દશમા દેવલોકમાં અને દશમો અચ્યુત નામના બારમા દેવલોકમાં ઉપજ્યા છે. સર્વત્ર ઉત્કૃષ્ટ સ્થિતિ કહેવી. તે સર્વે ત્યાથી ચવી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મી સિદ્ધિપદને પામશે.

**અધ્યયન-૩ થી ૧૦ મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

| ૨૦ | કપ્પવડિંસિયાણં-ગુર્જરછાયાપૂર્ણ |
|---|---|
| | ઉવંગ-૯ ગુર્જરછાયાપૂર્ણ |

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

નમો નમો નિમ્મલ દંસણસ્સ

પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામિને નમઃ

# ૨૧ પુપ્ફિયાણં

ઉવંગ-૧૦-ગુર્જરછાયા

## -:અધ્યયન-૧-ચંદ્ર:-

[૧] જો હે ભગવાન્ ! શ્રમણ ભગવાન યાવત્ સિદ્ધિપદને પામેલા શ્રીમહાવીર સ્વામીએ કલ્પાવતંસિકા નામના બીજા વર્ગનો આ અર્થ કહ્યો છે, તો હે ભગવાન ! ત્રીજા વર્ગનો એટલે પુષ્પિકા નામના ઉપાંગનો કયો અર્થ કહ્યો છે ? આ પ્રમાણે નિશ્ચે હે જંબૂ ! શ્રમણ ભગવાન યાવતૂ સિદ્ધિગતિને પામેલા શ્રી મહાવીરસ્વામીએ ત્રીજા વર્ગના એટલે પુષ્પિક નામના ઉપાંગના દશ અધ્યયનો કહ્યાં છે.

[૨] ચંદ્ર ૧, સૂર્ય ૨, શુક્ર ૩, બહુપુત્રિકા ૪, પૂર્ણભદ્ર ૫, માણિભદ્ર ૬, દત્ત ૭, શિવ ૮, બલ ૯, અને અણાઢિય ૧૦ એ નામનાં અધ્યયનો જાણવાં.

[૩] હે ભગવાન ! જો શ્રમણ ભગવાન યાવત્ સિદ્ધિપદને પામેલા શ્રીમહાવીર સ્વામીએ પુષ્પિકા નામના ઉપાંગનાં દશ અધ્યયનો કહ્યાં છે, તો હે ભગવાન ! પુષ્પિકા ઉપાંગના પહેલા અધ્યયનનો ક્યો અર્થ કહ્યો છે ? આ પ્રમાણે નિશ્ચે હે જંબૂ ! તે કાળે તે સમયે રાજગૃહ નામનું નગર હતું. તેની બહાર ગુણશીલ નામનું ચૈત્ય હતું. તેમાં શ્રેણિક નામે રાજા હતા. તે કાળે તે સમયે શ્રી મહાવીરસ્વામી ત્યાં સમયસર્યા. તેમને વાંદવા માટે નગરમાંથી પર્ષદા નીકળી. તે કાળે તે સમયે ચંદ્ર નામનો જ્યોતિષીન્દ્ર જ્યોતિષનો રાજા ચંદ્રાવતંસક નામ ના વિમાનમાં સુધર્મા નામની સભામાં ચંદ્ર નામના સિંહાસન ઉપર ચાર હજાર સામા નિક દેવોથી પરિવરેલો યાવત્ વિચરે છે. તે વખતે આ સંપૂર્ણ જંબૂદ્વીપને અવધિજ્ઞાનવડે જોવા લાગ્યો. જોઈને શ્રમણ ભગવાન શ્રીમહાવીરસ્વામીને જોયા. જોઈને સૂર્યાભદેવીની જેમ તેણે પોતાના આભિયોગિક દેવોને બોલાવીને સુરેંન્દ્રને જવા યોગ્ય વિમાન રચવા કહ્યું યાવત્ તેઓએ સુરેંન્દ્રને જવા યોગ્ય વિમાન રચીને તેની આજ્ઞા તેને પાછી આપી. સુસ્વરા નામની ઘંટા વગાડી સર્વને તે વાત વિદિત કરી, યાવત્ પ્રભુ પાસે આવી દેવ દેવીની વિકૂર્વણા કરી. વિશેષ એ કે (તેનું પ્રયાણ કરવાનું વિમાન) હજાર યોજન વિસ્તાર વાળું અને સાડી બાસઠ યોજન ઉંચું વિકુર્વ્યુ, તથા પચીશ યોજન ઉંચો મહેંદ્રધ્વજ વિકુર્વ્યો. હે ભગવાન ! એમ સંબોધન આપીને ભગવાન ગૌતમસ્વામી એ શ્રમણ ભગવાન મહાવીરને પૂછયું કે - હે ભગવાન ! (ચંદ્ર દેવ આવ્યા ત્યારે આટલી બધી ઋષિ જણાતી હતી તે ક્યાંથી આવી ? અને પાછી ક્યાં ગઈ ?) ત્યાર ભગવાને ઉત્તર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આપ્યો કે - કૂટાગારશાળાની જેમ તે દેવના શરીરમાં સમાઈ ગઈ. ગૌતમ સ્વામીએ ચંદ્રદેવનો પૂર્વભવ પૂછ્યો. હે ગૌતમ તે કાળે અને તે સમયે શ્રાવસ્તિ નગરી હતી. કોષ્ઠક ચૈત્ય હતું. અંગતિ ગાથાપતિ હતો યાવત્ આનંદ શ્રાવક જેવો હતો.

તે કાળે તે સમયે શ્રીપાર્શ્વનાથ અરિહંત,પુરુષોને વિષે આદાન નામકર્મવાળા, તીર્થની આદિને કરનારા, નવહાથ ઉંચાઈવાળા, ૧૬૦૦૦ સાધુઓ અને ૩૮૦૦૦ સાધ્વીઓથી પરિવરેલા યાવત્ કોષ્ઠક નામના ચૈત્યમાં સમવસર્યા. તેમને વાંદવા માટે પર્ષદા નીકળી. ત્યારપછી તે અંગતી ગાથાપતિએ આ વાત જાણી ત્યારે તે હર્ષ પામ્યો, તુષ્ટ થયો, હૃદયમાં આનંદ પામ્યો. યાવત્ ભગવાનની પર્યુપાસના કરવા લાગ્યો. ભગવાનની પાસે ધર્મ સાંભળી હૃદયમાં ધારી હર્ષ પામી તે બોલ્યો કે -

હે દેવાનુપ્રિય હું ઘરે જઈ મારા મોટા પુત્રને કુટુંબના સ્વામી તરીકે સ્થાપના કરું. પછી હું દેવાનુપ્રિય એવા આપની પાસે આવી યાવત્ પ્રવજ્યા ગ્રહણ કરું એમ કહી ગંગ દપત્તીની જેમ તેણે પ્રવજ્યા અંગીકાર કરી યાવત્ ગુપ્ત બ્રહ્મચારી થયા. ત્યાર પછી તે અંગતી અનગારે શ્રીપાર્શ્વનાથ અરિહંતના સ્થવિરસાધુઓની પાસે સામાયિક વિગેરે અગ્યાર અંગનો અભ્યાસ કર્યો, ઘણા ચોથ ભક્ત વિગેરે વડે યાવત્ પોતાના આત્માને ભાવતા તેણે ઘણા વર્ષ સુધી ચારિત્રપર્યાય પાળ્યો. પાળીને અર્ધ માસની સંલેખનાવડે ત્રીસ ભક્તને અનશનવડે છેદીને ચારિત્રની વિરાધના કરેલી હોવાથી મૃત્ય સમયે મૃત્ય પામીને ચંદ્રાવતંસક વિમાનમાં ઉપાપત સભામાં દેવનીશય્યામાં દેવદૂષ્યની મધ્યે ચંદ્ર નામના જ્યોતિષેંદ્રપણે ઉત્પન્ન થયો. પાંચ પર્યાપ્તિ વડે પર્યાપ્ત થયો. આહાર યાવત્ મનઃ પર્યાપ્તિ હે ભગવન્ ! જ્યોતિષનો ઈંદ્ર જ્યોતિષનો રાજા ચંદ્ર તે દેવલોકથી આયુષ્યના ક્ષયે ચવીને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ? હે ગૌતમ ! એક લાખ વર્ષ અધિક પલ્યોપમની સ્થિતિ ભોગવીને દીવ્ય દેવર્ધિને પૂર્ણ કરીને મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ, દીક્ષા ગ્રહણ કરી સિદ્ધિપદને પામશે. આ પ્રમાણે નિશ્ચે હે જંબૂ ! શ્રમણ ભગવન મહાવીરે પુષ્પિકા ઉપાંગના પહેલાં અધ્યયનો આ નિક્ષેપ કહ્યો છે.

**અધ્યયન-૧-ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## અધ્યયન-૨-સૂર્ય

[૪] હે ભગવન ! જો શ્રમણ ભગવાન મહાવીરસ્વામીએ યાવત્ પુષ્પિકા ઉપાંગ ના પહેલા અધ્યનનો યાવત્ આ અર્થ કહ્યો, તો હે ભગવન્ ! પુષ્પિકા ઉપાંગના બીજા અધ્યયનનો ક્યો અર્થ કહ્યો છે ? આ પ્રમાણે નિશ્ચે હે જંબૂ ! કાળે તે સમયે રાજગૃહ નામનું નગર હતું. તેની બહાર ગુણશીલ નામનું ચૈત્ય હતું. તે નગરમાં શ્રેણિક નામે રાજા હતા. એકદા તે ચૈત્યમાં મહાવીરસ્વામી સમવસર્યા. ત્યાં ચંદ્રની જેમ સૂર્યદેવ પણ આવ્યો, યાવત્ નૃત્યવિધિને દેખાડીને તે પાછો પોતાને સ્થાને ગયો. પછી ગૌતમસ્વામીએ તેના પૂર્વ ભવનો પ્રશ્ન કર્યો. ત્યારે ભગવાન બોલ્યા કે-શ્રાવસ્તિ નામની નગરી હતી. તેમાં સુપ્રતિષ્ઠ નામનો ગાથાપતિ હતો. તે ઋદ્ધિવાળો હતો અને અંગતિની જેમ વિચરતો હતો. એકદા શ્રીપાર્શ્વનાથસ્વામી ત્યાં સમવસર્યા. તેમની પાસે તે સુપ્રતિષ્ઠિત ગાથા પતિએ અંગતિની જેમ પ્રવજ્યા ગ્રહણ કરી. તે જ પ્રમાણે ચારિત્રની વિરાધના કરી સૂર્યપણે ઉત્પન્ન થયો. ત્યાંથી ચવી યાવત્ મહાવિદેહ ક્ષેત્રમાં જન્મી ચારિત્ર ગ્રહણ કરી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સિદ્ધિપદને પામશે યાવત્ સર્વ દુઃખનો અંત કરશે. આ પ્રમાણે નિશ્ચે હે જંબૂ ! યાવત્ બીજા અધ્યયનનો નિક્ષેપ આ પ્રમાણે કહ્યો છે.

**અધ્યયન-૨-ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## અધ્યયન-૩-શુક્ર

[૫] હે ભગવન્ ! જો શ્રમણ ભગવન યાવત્ સિદ્ધિપદને પામેલા વિગેરે ઉત્ક્ષેપ કહેવો. રાજગૃહ નગર હતું. તેની બહાર ગુણશીલ નામે ચૈત્ય હતું. તે નગરમાં શ્રેણીક રાજા હતા.એકદા મહાવીરસ્વામી ત્યાં સમવસર્યા.તેમનેવાંદવામાટે નગરમાંથી પર્ષદા નીકળી. તે કાલે તે સમયે શુક્ર નામનો મહાગ્રહ શુક્રાવતંસક નામના વિમાનમાં શુક્ર નામ ના સિંહાસન ઉપર ચાર હજાર સામાયિક દેવ વિગેરે સહિત બેઠો હતો. તે પણ ચંદ્રની જેમ પ્રભુપાસે આવ્યો અને નાટ્યવિધિ દેખાડીને પાછો પોતાને સ્થાને ગયો. ત્યારપછી ગૌતમસ્વામીએ હે ભગવાન ! એમ સંબોધીને આપીને ભગવાનને પૂછ્યું ત્યારે ભગ વાને કૂટાકારશાળાનું દ્રષ્ટાંત આપ્યું. ફરીથી ગૌતમસ્વામીએ તેનો પૂર્વભવ પૂછ્યો ત્યારે ભગવાન બોલ્યા કે-આ પ્રમાણે નિશ્ચે હે ગૌતમ ! તે કાલે તે સમયે વારાણસી નામની નગરી હતી. તે વારાણસી નગરીમાં સોમિલ નામનો બ્રાહ્મણ રહેતો હતો. તે ઋદ્ધિવાળો યાવત્ બીજાથી પરાભવ ન પામે તેવો હતો. તથા ઋગ્વેદ વિગેરેમાં યાવત્ સુપરિનિષ્ઠિત એટલે વિદ્વાન હતો.

એકદા ત્યાં પાર્શ્વનાથસ્વામી સમવસર્યા. તે વખતે નગરમાંથી પર્ષદા નીકળીને ભગવાન ની સેવા કરવા લાગી. તે વખતે તે સોમિલ બ્રાહ્મણે આ કથાનો અર્થ પ્રાપ્ત કર્યો ત્યારે તેને આ આવા પ્રકારનો આત્માને વિષે વિચાર ઉત્પન્ન થયો કે-આ પ્રમાણે પુરુ ષોને વિષે આદાનનામકર્મવાળા પાર્શ્વનાથ અરિહંત એક ગામથી બીજે ગામ વિહાર કરતા અનુ ક્રમે યાવત્ અહીં આમ્રશાલ નામના ઉદ્યાનમાં આવીને રહ્યા છે. તો હું પણ ત્યાં જાઉં અને પાર્શ્વનાથ અરિહંતની પાસે પ્રગટ થાઉં. તથા આ આવા પ્રકારના અર્થોને, હેતુને વિગેરેને પૂછું, પછી તે સોમિલ બ્રાહ્મણ વિદ્યાર્થી રહિત એકલો જ નીકળ્યો. યાવત્ ભગવાન પાસે જઈ આ પ્રમાણે બોલ્યો.

હે ભગવાન ! તમારે યાત્રા છે ? તમારે યાપનીય છે ? વળી પૂછ્યું કે-સરિસવયા, માસા, કુલત્થા ભક્ષ્ય છે ? તમે એક છો ? વિગેરે પ્રશ્નોના ઉત્તર સાંભળી યાવત્ તે બોધ પામ્યો. એટલે શ્રાવકધર્મ અંગી કાર કરી પોતાને ઘેર ગયો. ત્યારપછી તે પાર્શ્વનાથ અરિહંત એકદા કદાચિત્ વાણારસી નગરીના આમ્રશાલ નામના ચૈત્યથી બહાર નીકળ્યા. નીકળીને બહારના દેશોમાં વિચ રવા લાગ્યા. ત્યારપછી તે સોમિલ બ્રાહ્મણને એકદા કદાચિત્ સાધુના દર્શન નહીં થવાથી અને સાધુની પર્યુપાસના નહીં થવાથી મિથ્યાત્વના પર્યાયો વૃદ્ધિ પામવા લાગ્યા અને સમકિતના પર્યાયો હાનિ પામવા લાગ્યા. તેથી તે મિથ્યાત્વને પામ્યો. ત્યારપછી તે સોમિલ બ્રાહ્મણ એકદા કદાચિત્ રાત્રિના પૂર્વ અને અપર ભાગની વચ્ચે એટલે મધ્ય રાત્રિને સમયે કુટુંબ જાગરીકાએ જાગતો હતો એટલે કુટુંબ સંબંધી ચિંતા-વિચાર કરતો હતો. તે વખતે તેને આ આવા પ્રકારનો આધ્યાત્મિક એટલે આત્માને વિષે યાવત્ વિચાર ઉત્પન્ન થયો કે-

આ પ્રમાણે નિશ્ચે હું વારાણસી નગરીમાં સોમિલ નામનો બ્રાહ્મણ મોટા


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બ્રાહ્મણના કુલમાં ઉત્પન્ન થયો છું. તેથી મેં વ્રતો આચર્યા છે, વેદનો અભ્યાસ કર્યો છે, સ્ત્રીઓનું પાણિગ્રહણ કર્યું છે, પુત્રો ઉત્પન્ન કર્યા છે, ઘણી સમૃદ્ધિ ઉપાર્જન કરી છે, પશુઓના વધ કર્યા છે, યજ્ઞો કર્યા છે, દક્ષિણા આપી છે, અતિથિઓને પૂજ્યા છે, અગ્નિ હોત્ર કર્યા છે અને યજ્ઞસ્તંભ નાંખ્યાં છે. તેથી હવે મારે કાલે યાવત્ સૂર્ય દેદીપ્યમાન થાય ત્યારે વાણારસી નગરીની બહાર ઘણા આંબાનાં વનો રોપવા, એ જ પ્રમાણે બીજોરાના, બિલાના, કોઠાના અને આંબલીના વનો તથા પુષ્પના બગીચાઓ રોપવા એ શ્રેયકારક છે. આ પ્રમાણે તેણે વિચાર કર્યો. વિચાર કરીને કાલે યાવત્ સૂર્ય દેદીપ્યમાન થયો ત્યારે વાણારસી નગરીની બહાર આંબાના વનો યાવત્ પુષ્પના બગીચા તેણે રોપ્યા-વાવ્યા. ત્યારપછી તે ઘણા આમ્રના આરામો યાવત્ પુષ્પના આરામો અનુક્રમે જીવાદિકના ભયથી રક્ષણ કરાતા, વાયરાદિકથી ગુપ્ત કરાતા અને પાણી છાંટવાવડે વૃદ્ધિ પમાડાતા સતા મોટા બગીચા થયા, તે કૃષ્ણ વર્ણવાળા, કૃષ્ણવર્ણના આભાસવાળા યાવત્ રમ ણીય, મોટા મેઘના સમૂહ જેવા ઘટટોપ થયેલા, પત્રવાળા, પુષ્પવાળા, ફલવાળા, લીલા ઘાસે કરીને શોભાયમાન લક્ષ્મીવાળા તે આરામો અત્યંત અત્યંત શોભતા રહેલા છે.

ત્યારપછી તે સોમિલ બ્રાહ્મણને એકદા મધ્યરાત્રિને સમયે કુટુંબ જાગરિકાએ જાગતા આ આવા પ્રકારનો આત્માને વિષે યાવત્ વિચાર ઉત્પન્ન થયો તે- આ પ્રમાણે નિશ્ચે હું વાણારસી નગરીમાં સોમિલ નામનો બ્રાહ્મણ ઉત્તમ બ્રાહ્મણ કુલમાં ઉત્પન્ન થયેલો છું. ત્યારપછી મેં વ્રતો આચરણ કર્યા છે યાવત્ યજ્ઞસ્તંભ રોપ્યા છે. ત્યારપછી મેં વાણારસી નગરીની બહાર ઘણા આમ્રના આરામો યાવત્ પુષ્પના આરા મો રોપ્યા છે. તેથી હવે મારે આ પ્રમાણે કરવું કલ્યાણકારક છે કે-કાલે પ્રાતઃકાલે યાવત્ સૂર્ય દેદીપ્ય માન થાય ત્યારે લોહના કડાહ અને કડછી તથા તાંબાના તાપસના ભાંડો પગરણને ઘડાવી, વિપુલ એવા અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ એ ચાર પ્રકારના આહારને તૈયાર કરાવી, મિત્ર, જ્ઞાતિવિગેરેને આમંત્રણ કરી, તે મિત્ર, જ્ઞાતિ, નિજક વિગેરેને વિપુલ એવા અશનાદિકવડે યાવત્ સન્માન કરી, તે જ મિત્ર, જ્ઞાતિવિગેરેની સમક્ષ યાવત્ મોટા પુત્રને કુટુંબને વિષે સ્થાપન કરી, તે મિત્ર, જ્ઞાતિવિગેરેની યાવત્ રજા લઈ ઘણા લોહના કડાહ અને કડછી તથા તાંબાના તાપસના ભાંડોપગરણને ગ્રહણ કરી જે આ ગંગાનદીને કાંઠે રહેલા વાનપ્રસ્થ તાપસો છે, હોત્તિયા, પોત્તિયા, કોત્તિયા, જંનતી, સઢ્ઢતી, ઘાલતી, હુંડિકાશ્રમણા, દંતુખ્ખલિયા, ઉમ્મજ્જગા, સંમજ્જગા, નિમજ્જગા, સંપક્ખાલગા, દક્ખિણકૂલા, ઉત્તરકૂલા, સંખધમા, એ જ રીતે કૂલધમા, મૃગને મારીને જેઓ તેનું માંસ ખાય છે, જેઓ હસ્તીને મારીને તેના માંસવડે ભોજન કરી ઘણો કાલ નિર્ગમન કરે છે, ઉંચો દંડ રાખીને ચાલે છે, જેઓ દિશાઓમાં જલ છાંટીને ફલ-પુષ્પાદિક ગ્રહણ કરે છે, જેઓ છાલના વસ્ત્ર પહેરે છે, જેઓ બિલમાં નિવાસ કરે છે, જલવાસિઓ, જેઓ વૃક્ષના મૂળમાં જ નિવાસ કરે છે, જેઓ જલનું જ ભક્ષણ કરનારા છે, એ જ રીતે વાયુનું જ ભક્ષણ કર નારા, સેવાળનું ભક્ષણ કરનારા, મૂળીયાનો આહાર કરનારા, કંદનો આહાર કરનારા, છાલનો આહાર કરનારા, પત્રનો આહાર કરનારા, પુષ્પનો આહાર કરનારા, ફલનો આ હાર કરનારા, બીજનો આહાર કરનારા, સડી ગયેલા કંદ, મૂળ, છાલ, પત્ર, પુષ્પ અને ફલનો આહાર કરનારા, જેઓ સ્નાન કરીને જમતા નથી, અથવા જલના સ્નાનવડે જેમનું શરીર કઠણ થયું છે, આતાપનાવડે અને પંચાગ્નિના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તાપવડે જાણે અગારાથી પક્ત થયેલ હોય અને કંદુ નામના ભાજનવિશેષવડે પક્વ થયેલ હોય એવા પોતાના શરીરને કરતા વિચરે છે. તેમાં જે તે દિશાપ્રોક્ષિત તાપસો છે, તેમની પાસે દિશાપ્રોક્ષિતપણે દીક્ષા લઉં,

તે દીક્ષાને પામીને હું આ આવા પ્રકારના અભિગ્રહને ગ્રહણ કરીશ- મારે જાવ જીવ પર્યંત આંતરા રહિત છઠ્ઠ છઠ્ઠવડે દિશાચક્ર વાલ નામનું તપકર્મ કરી બે હાથને ઉંચા રાખી રાખીને સૂર્યની સન્મુખ મુખ રાખીને આતાપના લેવાની ભૂમિમાં આતાપતા લેવા પૂર્વક વિચરવું-રહેવું કલ્પે. આ પ્રમાણે તેણે વિચાર કર્યો. વિચાર કરીને કાલે યાવત્ સૂર્ય દેદીપ્યમાન થયો ત્યારે ઘણા લોઢાના કડાહ વિગેરે ઉપગરણ યાવત્ ગ્રહણ કરી દિશા પ્રોક્ષિત તાપસપણે પ્રવજ્યા ગ્રહણ કરી. પ્રવજ્યાને પામીને આ આવા પ્રકારના અભિ ગ્રહને યાવત્ ગ્રહણ કરીને પ્રથમ છઠ્ઠતપને અંગીકાર કરી વિચરવા લાગ્યો. ત્યારપછી તે સોમિલ બ્રાહ્મણ ઋષિ પહેલા છઠ્ઠ ઉપવાસને પારણે આતાપનાની ભૂમિથી ઉતર્યો, ઉતરીને વલ્કલના વસ્ત્ર પહેરી જ્યાં પોતાની ઝૂંપડી હતી ત્યાં આવ્યો. આવીને તેણે વાંસની કાવડ ગ્રહણ કરી. ગ્રહણ કરીને પૂર્વ દિશાનું પ્રોક્ષણ કર્યું. 'તે પૂર્વ દિશામાં સોમ નામનો મહારાજા છે. તે પ્રસ્થાનને માર્ગે ચાલેલા સોમિલ બ્રાહ્મણ ઋષિનું રક્ષણ કરો.' એમ તેણે વારંવાર પ્રાર્થના કરી. તથા 'ત્યાં પૂર્વ દિશામાં જે કંદ, મૂળ, છાલ, પર્ણ, બીજ અને હરિતતૃણ હોય તે લેવાની આજ્ઞા આપો. ' એમ કહીને તે પૂર્વ દિશામાં ચાલ્યો. ત્યાં જે કંદ વિગેરે યાવત્ હરિતતૃણ હતાં તે ગ્રહણ કર્યાં. તેનાવડે તે વાંસની કાવડ ભરી. ભરીને ડાભ, કુશ, પત્રાભોડ, સમિધ અને કાષ્ઠ ગ્રહણ કર્યાં. ગ્રહણ કરીને જ્યાં પોતાની ઝુંપડી હતી ત્યાં આવ્યો. આવીને વાંસની કાવડ સ્થાપન કરી સ્થાપન કરીને વેદિકા બનાવી. બનાવીને તેને છાણવડે લીંપી ઉપર સંભાર્જન કર્યું. કરીને હાથમાં દર્ભ અને કળશીયો લીધા અને જ્યાં ગંગા મહાનદી હતી ત્યાં ગયો. જઈને ગંગા મહાનદીમાં પ્રવેશ કર્યો. પ્રવેશ કરીને જલમજ્જન કર્યું, કરીને જલક્રીડા કરી, કરીને જલાભિષેક કર્યો. કરીને આચમન કર્યું, ચોખ્ખો થયો, અત્યંત પવિત્ર થયો. પછી દેવ અને પિતૃનું કાર્ય કર્યું. પછી દર્ભ અને કળશીયો હાથમાં રાખી ગંગા મહાનદીથી બહાર નીકળ્યો. બહાર નીકળીને જ્યાં પોતાની ઝુંપડી હતી ત્યાં પાછો આવ્યો. આવીને દર્ભ, કુશ અને માટીવડે વેદિકા કરી, કરીને સરક કર્યું, કરીને અરણી કરી, કરીને સરકવડે અરણીનું મથન કર્યું, મથન કરીને અગ્નિ પાડ્યો. પાડીને અગ્નિને પ્રદીપ્ત કર્યો, પ્રદીપ્ત કરીને તેમાં સમિધનાં લાકડાં નાંખ્યાં, નાંખીને અગ્નને દેદીપ્યમાન કર્યો, દેદીપ્યમાન કરીને-"અગ્નિની જમણી બાજુએ સાત અંગને સ્થાપન કરી. " તે સાત અંગ આ પ્રમાણે-

[૬]સકથ૧,વલ્કલ૨,સ્થાન૩,શય્યાભાંડ ૪,કમંડલ ૫,દંડદારુ૬,અનેઆત્મા ૭.

[૭]પછી મધ, ઘી અન ચોખાવડે અગ્નિમાં હોમ કર્યો અને ચરુ સાધ્યો. સાધીને તે બલિવડે વૈશ્વદેવ કર્યો. કરીને અતિથિની ભાજનાદિકવડે પૂજા કરી. કરીને ત્યારપછી પોતે આહાર કર્યો. ત્યારપછી તે સોમિલ મહાઋષિ બીજા છઠ્ઠ ઉપવાસને પારણે તે જ સર્વ ઉપર પ્રમાણે કહેવું યાવત્ આહારને કરે. વિશેષમાં આ પ્રમાણે ફેરફાર જાણવો. -દક્ષિણ દિશામાં યમ નામે મહારાજા છે તે પરલોક સાધવાના માર્ગમાં ચાલેલા સોમિલ મહર્ષિનું રક્ષણ કરો. એમ કહીને ત્યાં જે કંદ વિગેરે હોય તે લેવાની અનુજ્ઞા આપો એમ કહીને તે દક્ષિણ દિશામાં ચાલ્યો. એ જ પ્રમાણે પશ્ચિમ દિશામાં વરુણ નામે મહારાજા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે, યાવત્ પશ્ચિમ દિશામાં ચાલ્યો. ઉત્તર દિશામાં વૈશ્રમણ મહા રાજા છે, યાવત્ ઉત્તર દિશામાં ચાલ્યો. એ રીતે પૂર્વ દિશાના આલાવાવડે ચારે દિશાઓ કહેવી, યાવત્ તે આહાર કરતો હતો. ત્યારપછી તે સોમિલ બ્રાહ્મણ ઋષિ એકદા કદા ચિત્ મધ્ય રાત્રિએ અનિત્ય ભાવનાએ જાગતો હતો, તે વખતે તેને આ આવા પ્રકારનો આધ્યાત્મિક યાવત્ વિચાર ઉત્પન્ન થયો. -આ પ્રમાણે નિશ્ચે હું વાણારસી નગરીમાં સોમિલ નામનો બ્રાહ્મણ ઋષિ અત્યંત પવિત્ર એવા બ્રાહ્મણકુળમાં ઉત્પન્ન થયો છું. તેથી મેં વ્રતો આચર્યા છે, યાવત્ યૂપ રોપ્યા છે. ત્યારપછી મેં વાણારસી નગરીની બહાર યાવત્ પુષ્પના આરામ વિગેરે યાવત્ રોપ્યા છે. ત્યારપછી મેં ઘણા લોઢાની કડાઈ વિગેરે યાવત્ ઘડાવીને યાવત્ મોટા પુત્રને મારા પદ ઉપર સ્થાપન કરી યાવત્ મોટા પુત્રની રજા લઈ ઘણા લોઢાની કડાઈ વિગેરે યાવત્ ગ્રહણ કરી મુંડ થઈ યાવત્ પ્રવ્રજિત થયો સતો હું છઠ્ઠ છઠ્ઠનો તપ કરી યાવત્ વિચરું છું.

તે કારણ માટે મારે હવે આ પ્રમાણે કરવું શ્રેયકારક છે કે-કાલે પ્રાતઃકાલે યાવત્ સૂર્ય દેદીપ્યમાન થાય ત્યારે ઘણા જોયેલા તથા વાતચીતના પ્રસંગમાં આવેલા તાપસોને તથા પૂર્વના સંબંધવાળા તથા પછીના સંબંધવાળા એ સર્વને પૂછીને એટલે તેમની રજા લઈને તથા આશ્રમના આશ્રયે રહેલા ઘણા સેંકડો મૃગાદિક સત્વોનું સન્માન કરીને એટલે તેમની સાથે વચનવડે વાત કરીને વલ્કલ વસ્ત્રને પહેરીને વાંસની કાવડ તથા ભંડોપગરણને ગ્રહણ કરીને કાષ્ઠમુદ્રાવડે મુખને બાંધીને ઉત્તર દિશામાં ઉત્તર તરફ મુખ રાખીને મહાપ્રસ્થાનમાર્ગે મારે ચાલવું યોગ્ય છે. એમ તેણે વિચાર કર્યો. વિચાર કરીને કાલે એટલે બીજે દિવસે પ્રાતઃકાલે યાવત્ સૂર્ય દેદીપ્યમાન થયો ત્યારે ઘણા જોયેલા તથા વાતચીતના પ્રસંગમાં આવેલા તાપસોને તથા પૂર્વે સંબંધમાં આવેલા વિગેરે સર્વને પૂછી યાવત્ કાષ્ઠમુદ્રાવડે મુખને બાંધ્યું. બાંધીને આ આવા પ્રકારનો અભિગ્રહ ગ્રહણ કર્યો કે-હું જે ઠેકાણે એટલે કે જલને વિષે, સ્થળને વિષે, દુર્ગને વિષે, નિમ્ન પ્રદેશને વિષે, પર્વત ઉપર, વિષમ સ્થાનમાં, ખાડામાં કે દરીમાં જે કોઈ પણ ઠેકાણે સ્ખલના પામું અથવા પડી જાઉં, તો પણ મારે ત્યાંથી ઉભા થવું કલ્પે નહીં. આ પ્રમાણે કહીને તેણે આવા પ્રકારનો અભિગ્રહ ગ્રહણ કર્યો. પછી ઉત્તર દિશામાં ઉત્તર તરફ મુખ રાખી પ્રસ્થાન માર્ગે ચાલ્યો એવો તે સોમિલ બ્રાહ્મણ ઋષિ પૂર્વાપરાહ્નને સમયે જ્યાં શ્રેષ્ઠ અશોક વૃક્ષ હતું ત્યાં આવ્યો. તે શ્રેષ્ઠ અશોક વૃક્ષની નીચે વાંસની કાવડ સ્થાન કરી. સ્થાપન કરીને વેદિકા રચી. રચીને તેને છાણથી લીંપી જળવડે સંમાર્જન કર્યું. કરીને દર્ભ અને કળશ હાથમાં રાખી જ્યાં ગંગા નામની મોટી નદી હતી ત્યાં આવ્યો. .યાવત્ ભગવતી સૂત્રમાં કહેલા શિવરાજ ઋષિની જેમ સર્વ ક્રિયા કરી. યાવત્ ગંગા નદીની બહાર નીકળ્યો. અને જ્યાં શ્રેષ્ઠ અશોક વૃક્ષ હતું ત્યાં આવ્યો. આવીને દર્ભ, કુશ અને માટીવડે વેદિકા કરી. કરીને શરક કર્યું. કરીને યાવત્ બલિ સાધીને વૈશ્વદેવ કર્યો. કરીને કાષ્ઠમુદ્રાવડે મુખને બાંધી મૌનપણે રહ્યો.

ત્યારપછી મધ્યરાત્રિને વખતે તે સોમિલ બ્રાહ્મણ ઋષિની પાસે એક દેવ પ્રગટ થયો. તે વખતે તે દેવે સોમિલ બ્રાહ્મણને આ પ્રમાણે કહ્યું કે-હે સોમિલ બ્રાહ્મણ ! તારી પ્રવ્રજ્યા દુષ્ટ પ્રવ્રજ્યા છે. ત્યારપછી તે સોમિલે તે દેવના બે વાર ત્રણ વાર કહેલા આ અર્થને-વચનને આદર આપ્યો નહીં, જાણ્યો પણ નહીં, યાવત્ મુંગો રહ્યો. ત્યારપછી તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેવ સોમિલ નામના બ્રાહ્મણ ઋષિથી અનાદર કરાયો સતો જે દિશામાં પ્રગટ થયો હતો, તે જ દિશામાં પાછો ગયો. ત્યારપછી તે સોમિલે કાલે એટલે બીજે દિવસે પ્રાતઃકાલે યાવત્ સૂર્ય દેદીપ્યમાન થયો ત્યારે વલ્કલના વસ્ત્ર પહેરી, વાંસની કાવડ લઈને, અગ્નિ-હોત્રના ભાંડોપકરણને ગ્રહણ કરીને કાષ્ઠમુદ્રાથી મુખ બાંધ્યું. બાંધીને ઉત્તર દિશા સન્મુખ ચાલ્યો. ત્યારપછી તે સોમિલ બીજે દિવસે મધ્યાન્હ સમયે જ્યાં સપ્તપર્ણ વૃક્ષ હતો તેની નીચે વાંસની કાવડ સ્થાપન કરી. સ્થાપન કરીને વેદિકા રચી. રચીને જેમ અશોક નામના શ્રેષ્ઠ વૃક્ષની નીચે કર્યું હતું તેમ યાવત્ અગ્નિમાં હોમ કર્યો, કાષ્ઠમુદ્રાવડે મુખ બાંધ્યું અને મૌનપણે રહ્યો. ત્યારપછી તે સોમિલની પાસે મધ્ય રાત્રિએ એક દેવ પ્રગટ થયો. ત્યારપછી તે દેવ આકાશમાં જ રહ્યો સતો જેમ અશોક વૃક્ષને સ્થાનકે બોલ્યો હતો તેમ બોલીને તે દેવ યાવત્ પાછો ગયો. ત્યારપછી તે સોમિલે કાલે એટલે બીજે દિવસે યાવત્ સૂર્ય દેદીપ્યમાન થયો ત્યારે વલ્કલ વસ્ત્ર પહેરીને વાંસની કાવડ ગ્રહણ કરી. ગ્રહણ કરીને કાષ્ઠમુદ્રાવડે મુખ બાંધ્યું. બાંધીને ઉત્તર દિશામાં ઉત્તર દિશા તરફ મુખ રાખીને ચાલ્યો. ત્યારપછી તે સોમિલ ત્રીજે દિવસે મધ્યાન્હ સમયે જ્યાં શ્રેષ્ઠ અશોક વૃક્ષ હતો ત્યાં આવ્યો. આવીને શ્રેષ્ઠ અશોક વૃક્ષની નીચે વાંસની કાવડ સ્થાપર કરી. સ્થાપન કરીને વેદિકા બાંધી. યાવત્ ગંગા નામની મોટી નદીમાં ઉતર્યો એટલે સ્નાન કર્યું, સ્નાન કરીને જ્યાં શ્રેષ્ઠ અશોક વૃક્ષ હતો ત્યાં આવ્યો. આવીને વેદિકા રચી. રચીને કાષ્ઠમુદ્રાવડે મુખ બાંધ્યું. બાંધીને મૌન રહ્યો. ત્યારપછી તે સોમિલની પાસે મધ્ય રાત્રિને સમયે એક દેવ પ્રગટ થયો. અને તે જ રીતે પ્રથમની જેમ બોલ્યો યાવત્ પાછો પોતાને સ્થાને ગયો.

ત્યારપછી તે સોમિલે યાવત્ સૂર્ય દેદીપ્યમાન થયો ત્યારે વલ્કલ વસ્ત્ર પહેરી વાંસની કાવડ લઈ યાવત્ કાષ્ઠમુદ્રાવડે મુખ બાંધ્યું. બાંધીને ઉત્તર દિશામાં ઉત્તર સન્મુખ ચાલ્યો. ત્યારપછી તે સોમિલ ચોથે દિવસે મધ્યાન્હ સમયે જ્યાં વટવૃક્ષ હતો, ત્યાં આવ્યો. વટવૃક્ષની નીચે વાંસની કાવડ સ્થાપન કરી. સ્થાપન કરીને વેદિકા કરી. તેને લીંપી સંમાર્જન કર્યું. યાવત્ કાષ્ઠમુદ્રાવડે મુખ બાંધ્યું અને મૌનપણે રહયો. ત્યારપછી તે સોમિલની પાસે મધ્યરાત્રીને સમયે એક દેવ પ્રગટ થયો. તેણે તે જ પ્રમાણે કહ્યું યાવત્ તે પાછો ગયો. ત્યારપછી તે સોમિલે યાવત્ સૂર્ય દેદીપ્યમાન થયો ત્યારે વલ્કલ વસ્ત્ર પહેરીને વાંસની કાવડ લઈને યાવત્ કાષ્ઠમુદ્રાએ મુખ બાંધ્યું. બાંધીને ઉત્તર દિશામાં ઉત્તર સન્મુખ ચાલ્યો. ત્યારપછી તે સોમિલ પાંચમે દિવસે પૂર્વાપરાહ્નકાલ સમયે એટલે મધ્યાન્હ સમયે જ્યાં ઉંબર વૃક્ષ હતો ત્યાં આવ્યો. ઉંબર વૃક્ષની નીચે વાંસની વાવડ સ્થાપન કરી. વેદિકા રચી, યાવત્ કાષ્ઠમુદ્રાવડે મુખને બાંધ્યું, યાવત્ મૌનમણે રહ્યો.

ત્યારપછી તે સોમિલ બ્રાહ્મણની પાસે મધ્યરાત્રિને સમયે એક દેવ પ્રગટ થઈ યાવત્ આ પ્રમાણે બોલ્યો-" હે સોમિલ ! તારી પ્રવ્રજ્યા દુષ્પ્રવ્રજ્યા છે. " આ પ્રમાણે પ્રથમ કહ્યું ત્યારે તે સોમિલ તે જ પ્રમાણે મૌનપણે રહ્યો. ત્યારે દેવ બીજી વાર ત્રીજી વાર પણ બોલ્યો કે-" હે સોમિલ ! તારી પ્રવ્રજ્યા દુષ્પ્રવ્રજ્યા છે. " ત્યારપછી તે સોમિલે તે દેવે બે વાર ત્રણ વાર આ પ્રમાણે કહ્યું ત્યારે તે દેવને આ પ્રમાણે કહ્યું કે- " હે દેવાનુપ્રિય !મારી પ્રવ્રજ્યા દુષ્પ્રવ્રજ્યા કેવી રીતે છે ? ત્યારપછી તે દેવે સોમિલ બ્રાહ્મણને આ પ્રમાણે કહ્યું-" આ પ્રમાણે હે દેવાનુપ્રિય ! પુરુષોને વિષે આદાન નામકર્મવાળા પાર્શ્વનાથ અરિહંતની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાસે તેં પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત એમ બાર પ્રકારનો શ્રાવક ધર્મ અંગીકાર કર્યો હતો. ત્યારપછી એકદા કોઈ વખત તેવા પ્રકારના સાધુ સમાગમના અભાવે સમ્યક્ત્વની હાનિ થવાથી તેં મધ્યરાત્રિને સમયે કુટુંબની ચિંતા કરતાં તને આંબા વિગેરે રોપવાનો વિચાર થયો. " વિગેરે પૂર્વે તેની ચિંતવેલી સર્વ હકિકત દેવે કહી આપી, યાવત્ જ્યાં શ્રેષ્ઠ અશોક વૃક્ષ હતો ત્યાં તું આવ્યો. આવીને વાંસની કાવડ મૂકી. યાવત્ તું મૌન પણે રહ્યો. ઈત્યાદિ કહીને પછી ફરીથી દેવે તેને કહ્યું કે - "ત્યાર પછી મધ્યરાત્રીને સમયે હું તારી પાસે પ્રગટ થયો અને બોલ્યો કે-અહો ! સોમિલ ! તારી પ્રવ્રજ્યા દુષ્ટ છે." આ પ્રમાણે દેવે પોતાનું કહેલું વચન કહી આપ્યું. યાવત્ પાંચમે દિવસે મધ્યાન્હે સમયે જ્યાં શ્રેષ્ઠ ઉંવર વૃક્ષ હતો ત્યાં તું આવ્યો, વાંસની કાવડ મૂકી, વેદીકા રચી, છાણનું લીંપન કર્યું, પ્રમાર્જન કર્યું, કરીને કાષ્ઠમુદ્રાવડે મુખને બાંધ્યું. બાંધીને મૌનપણે રહ્યો હતો." આ પ્રમાણે નિશ્ચે હે દેવાનુપ્રિય ! સોમિલ ! તારી પ્રવ્રજ્યા દુષ્પ્રવ્રજ્યા છે.

ત્યારપછી તે સોમિલે તે દેવને આ પ્રમાણે કહ્યું કે - (હે દેવાનુપ્રિય!કેવી રીતે મારી સારી પ્રવ્રજ્યા થાય ? જો તું હે દેવાનુપ્રિય ! હમણાં પૂર્વે અંગીકાર કરેલા પાંચ અણુવ્રતોને પોતે જ સ્વીકાર કરીને વિચરે, તો હમણાં તારી સારી પ્રવ્રજ્યા થાય." આ પ્રમાણે કહીને તે દેવે સોમિલને વંદના કરી, નમસ્કાર કર્યા. વાંદી નમસ્કાર કરી જે દિશામાં પ્રગટ થયો હતો યાવત્ તે જ દિશામાં પાછો ગયો, ત્યારપછી તે સોમિલ બ્રાહ્મણઋષિ તે દેવે આ પ્રમાણે કહ્યું ત્યારે પૂર્વે અંગીકાર કરેલાં પાંચ અણુવ્રતોને પોતા ની મેળે સ્વીકાર કરીને વિચરવા લાગ્યો. ત્યારપછી તે સોમિલે ઘણા ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ યાવત્ માસક્ષપણ અર્ધમાસક્ષપણ વિગેરે વિચિત્ર પ્રકારના તપને ધારણ કરવાવડે આત્માને ભાવતા સતા ઘણા વર્ષો સુધી શ્રાવકના પર્યાયનું સેવન કર્યું. સેવન કરીને અર્ધમાસની સંલેખનાએ કરીને આત્માનું શોષણ કર્યું. શોષણ કરીને ત્રીસ ભક્ત ને અનશનવડે છેદ્યા. છેદીને તે મિથ્યાત્વાના સ્થાનની આલોચના અને પ્રતિક્રમણ કર્યા વિના વિરાધ્યું છે સમકિત જેણે એવો તે કાળ કરીને શુક્રાવતંસક નામના વિમાનમાં ઉપપાત સભામાં રહેલી દેવશય્યાને વિષે યાવત્ અવગાહનાએ કરીને શુક્ર નામના મહાગ્રહપણે એટલે દેવપણે ઉત્પન્ન થયો. યાવત્ ભાષા અને મન પર્યાપ્તિએ કરીને પર્યાપ્ત થયો. આ પ્રમાણે નિશ્ચે હે ગૌતમ ! શુક્ર નામના મહાગ્રહે તેવી દિવ્ય સમૃદ્ધિ યાવત્ પ્રાપ્ત કરી છે. તેની એક પલ્યોપમની સ્થિતિ છે. હે ભગવાન ! તે શુક્ર મહાગ્રહ તે દેવલોકથી આયુષ્યને ક્ષયે ચ્યવીને ક્યાં જશે ? હે ગૌતમ ! ત્યાંથી ચ્યવી મહાવિદેહમાં મનુષ્યપણે ઉત્પન્ન થઈ દીક્ષા ગ્રહણ કરી સિદ્ધિપદને પામશે. આ પ્રમાણે નિશ્ચે હે જંબૂ ! શ્રમણ ભગવાન મહાવીરસ્વામીએ ત્રીજા અધ્યયનનો નિક્ષેપ કહ્યો છે.

**અધ્યયન-૩-ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## અધ્યયન-૪-બહુ પુત્રિકા

[૮] તે કાલે તે સમયે રાજગૃહ નામે નગર હતું, તે નગરની બહાર ગુણશીલ નામનું ચૈત્ય હતું, તે નગરમાં શ્રેણીક નામે રાજા હતા. એકદા તે ચૈત્યમાં શ્રીમહાવીર સ્વામી સમવસર્યા. તેમને વાંદવા માટે નગરમાંથી પર્ષદા નીકળી. તે કાલે તે સમયે બહુપુત્રિકા નામની દેવી સૌધર્મકલ્પ નામના પહેલા દેવલોકમાં બહુપુત્રિક નામના

Jain Site .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરતો હતો. તે નગરથી કાંઈક દૂર દક્ષિણ અને પૂર્વ દિશાની વચ્ચે વિજયવર્ધમાન નામનું એક ખેટ હતું તે ઋદ્ધિ સમૃદ્ધિ આદિથી પરિપૂર્ણ હતું. તે વિજય વર્ધમાન ખેટની અધીન તામાં પાંચસો ગામો હતાં. તેમાં 'એકાદિ' નામનો એક રાષ્ટ્રકૂટ-પ્રતિનિધિ - હતો, કે જે મહાઅધર્મી અને દુષ્પ્રત્યાનન્દી -પરમ અસન્તોષી, સાધુજન -વિદ્વેષી અથવા દુષ્કૃત કરવામાંજ સદા આનન્દ માનવા વાળો હતો. તે એકાદિ વિજયવર્ધમાન ખેટના પાંચસો ગામોનું આધિપત્ય, શાસન અને પાલન કરતો થકો જીવન વ્યતીત કરી રહ્યો હતો.

ત્યાર પછી તે એકાદિ નામનો રાષ્ટ્રકૂટ વિજયવર્ધમાન ખેટના પાંચસો ગામોને, કરમહેસૂલોથી, કર-સમૂહોથી, ખેડૂત આદિનો આપેલા ધાન્ય આદિના દ્વિગુણ આદિને ગ્રહણ કરવાથી, અધિક વ્યાજથી, લાંચથી તિરસ્કાર કરીને, હત્યા આદિનો અપરાધ લગાવી ગ્રામજનો પાસેથી ધન લેવાથી, ધન માટે કોઈને યન્ત્રણા આપવાથી, ચોરો આદિના પોષણથી, ગામ આદિને બાળવાથી અને પથિકોનો ઘાત કરવાથી, લોકોને પોતાના આચારથી ભ્રષ્ટ કરતો તથા જનતાને દુઃખિત, તિરસ્કૃત, તાડિત અને નિર્ધન કરતો જીવન વ્યતીત કરી રહ્યો હતો. ત્યાર પછી રાષ્ટ્રકૂટ એકાદિ વિજયવર્ધમાન ખેટના અનેક રાજા, માંડલિક, ઈશ્વર, યુવરાજ, તલવર, રાજાના કૃપાપાત્ર અથવા જેઓએ રાજા તરફથી ઉચ્ચ આસન પ્રાપ્ત કર્યું હોય એવા નાગરિક લોકો તથા માંડલિક - મંડલના અધિપતિઓ, કૌટુમ્બિક-કુટુમ્બોના સ્વામી, શ્રેષ્ઠી અને સાર્થવાહ - સાર્થ નાયક તથા અન્ય અનેક ગ્રામીણ પુરુષોના કાર્યોમાં, કાર ણોમાં, ગુપ્ત મંત્રણાઓ, નિશ્ચયો અને વિવાહ સમ્બન્ધી નિર્ણયો અથવા વ્યાવહારિક વાતોમાં સાંભળતો થકો પણ એમ કહે છે કે મેં સાંભળ્યું નથી, જોયું નથી, હું બોલ્યો નથી, મેં ગ્રહણ કર્યું નથી અને મેં જાણ્યું નથી અને તેથી વિપરીત નહિ જોયેલો, નહિ બોલેલા, નહિ ગ્રહણ કરેલા અને નહિ જાણેલા વિષયોના સમ્બન્ધમાં કહે છે કે - મેં જોયુ છે ઈત્યાદિ આ પ્રકારના વંચનામય વ્યવહારને તેણે પોતાનું કર્તવ્ય સમજી લીધું હતું. માયાચાર કરવો તે જ તેના જીવનનું પ્રધાન કાર્ય હતું અને પ્રજાને વ્યાકુળ કરવી તે જ તેનું વિજ્ઞાન હતું. તદુપરાન્ત તેના મતમાં મનનું ધાર્યું કરવું એજ એક સર્વોત્તમ આચરણ હતું. તે એકાદિ રાષ્ટ્રકૂટ કલુષ-દુઃખના હેતુભૂત અત્યન્ત મલીન પાપકર્મોનું, ઉપાર્જ ન કરતો થકો જીવન વ્યતીત કરી રહ્યો હતો. ત્યાર પછી કોઈ વખતે તેના શરીરમાં એક સાથે સોળ પ્રકારનાં રોગાતંક -

[૮] શ્વાસ, કાસ, જવર, દાહ, કુક્ષિશૂળ, ભગન્દર, અર્શ, અજીર્ણ, દૃષ્ટિશૂળ, મસ્તકશૂળ, અરુચિ, અક્ષિવેદના, કર્ણવેદના, કુંડ-ખુજલી ઉદરરોગ અને કુષ્ઠોરોગ.

[૯] તે એકાદિ રાષ્ટ્રકૂટ સોળ રોગાતંકોથી અત્યન્ત દુઃખી થઈ કૌટુમ્બિક પુરુષો - સેવકોને બોલાવે છે, બોલાવીને તેને એમ કહે છે કે - હે દેવાનુપ્રિયો ! તમે જાઓ અને વિજયવર્ધમાન ખેટના શ્રૃંગાટક આદિ માર્ગો પર જઈને ઘણા ઉંચા - સ્વરથી આ રીતે ઘોષણા કરો કે - હે મહાનુભાવો ! એકાદિ રાષ્ટ્રકૂટના શરીરમાં ૧૬ ભયં કર રોગો ઉત્પન્ન થયા છે, જો કોઈ વૈદ્ય, વૈદ્યપુત્ર, જ્ઞાયક અથવા જ્ઞાયકપુત્ર, ચિકિત્સક યા ચિકિત્સકપુત્ર કોઈ એક રોગાતંકને પણ ઉપશાન્ત કરશે તેને એકાદિ રાષ્ટ્રકૂટ ઘણું ધન આપશે.

ત્યાર પછી વિજયવર્ધમાન ખેટમાં આવા પ્રકારની ઉદ્‌ઘોષણા સાંભળીને અનેક વૈદ્ય આદિ. હાથમાં શસ્ત્રોની પેટીઓ લઈને પોતપોતાના ઘરોમાંથી નીકળી પડે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાયગુપ્તિ વાળા, ઈંદ્રિયોને ગોપવનારા, ગુપ્ત બ્રહ્મચર્યવાળા, બહુશ્રુતથયેલા, ઘણા વર્ષના ચારિત્ર પર્યાયવાળા હતા, તે અનુક્રમે વિહાર કરતા એક ગામથી બીજે ગામ રહેતા જ્યાં વારાણસી નગરી હતી, ત્યાં આવ્યા. આવીને યથાયોગ્ય અવગ્રહને માગીને ત્યાં સંયમ અને તપનું સેવન-પાલન કરતા રહ્યા. ત્યારપછી તે સુવ્રતા આર્યાના એક સંઘાટક વારા ણસી નગરીમાં ઉંચ, નીચ અને મધ્યમ કુળોમાં જૂદા જૂદા ઘરની ભિક્ષા લેવા માટે ભિક્ષા ચર્યામાં અટન કરતા ભદ્ર સાર્થવાહના ઘરમાં પેઠા. ત્યારપછી તે સુભદ્રા સાર્થ વાહીએ તે આર્યાઓને આવતા જોયા. જોઈને હૃષ્ટ તુષ્ટ થઈને તે તત્કાળ આસન ઉપરથી ઉભી થઈ. ઉભી થઈને સાત આઠ પગલાં તેમની સન્મુખ ગઈ. સન્મુખ જઈને તેમને વંદના કરી, નમસ્કાર કર્યા. વંદના નમસ્કાર કરી ઘણા અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ એ ચાર પ્રકારના આહારવડે પ્રતિલાભીને આ પ્રમાને બોલી.- આ પ્રમાણે નિશ્ચે હે આર્યા ઓ ! હું ભદ્રસાર્થવાહની સાથે મોટા સમૃદ્ધિવાળા શબ્દાદિક કામભોગને ભોગવતી રહું છું. તોપણ મને પુત્ર કે પુત્રી કાંઈપણ થયું નથી. તેથી તે માતાઓને ધન્ય છે યાવત્ એમાંના એક બાળકને પણ હું પામી નથી. તેથી હે આર્યાઓ ! તમે ઘણું જાણો છો, ઘણું ભણ્યા છો, ઘણાં ગામ નગર યાવત્ સંનિવેશમાં વિચરો છો, ઘણા રાજા, ઈશ્વર, તલવર યાવત્ સાર્થવાહ વિગેરેના ગૃહોમાં પ્રવેશ કરો છો. તો તેવા પ્રકારનો કોઈ વિદ્યાપ્રયોગ, મંત્ર પ્રયોગ, વમન, વિરેચન, બસ્તિકર્મ, ઔષધ કે ભેષક કાંઈપણ તમને પ્રાપ્ત થયું છે જાણ વામાં છે કે જેનાથી હું પુત્ર કે પુત્રીને પ્રસવી શકું ?

ત્યારપછી તે આર્યાઓએ સુભદ્રા સાર્થવાહીને આ પ્રમાણે કહ્યું-"હે દેવાનુપ્રિયા! અમે સાધ્વીઓ નિર્ગ્રંથીનીઓ ઈર્યા સમિતિવાળી યાવત્ ગુપ્ત બ્રહ્મચર્યવાળી છીએ. અમારે આ અર્થ કાનવડે સાંભળવો પણ કલ્પે નહીં, તો પછી તેને કહેવાને કે આચરણ કરવાને તો શાનો જ કલ્પે ? પરંતુ હે દેવાનુપ્રિયો !અમે તો તને કેવળી ભગવાને પ્રરુપેલો ધર્મ જ કહીએ છીએ.

ત્યારપછી તે સુભદ્રા સાર્થવાહીએ તે આર્યાઓની પાસે ધર્મ સાંભળી હૃદયમાં ધારી હૃષ્ટ તુષ્ટ થઈ તે આર્યાઓને ત્રણ વાર વંદના કરી,કાયાવડે નમસ્કાર કર્યા અને આ પ્રમાણે તે બોલી-" હે આર્યાઓ ! હું નિર્ગંથ પ્રવચન ઉપર શ્રદ્ધા કરું છું, તેની પ્રતીતિ કરું છું તથા તે મને રુચે છે. હે નિર્ગંથિની આર્યાઓ ! આ તમે કહો છો તે તેમ જ છે, તે તથાપ્રકારે જ છે, તે અવિતથ એટલે સત્ય જ છે, યાવત્ શ્રાવકધર્મ અંગીકાર કર્યો. ત્યારે આર્યાઓ બોલી કે-"હે દેવાનુપ્રિયા ! જેમ તને સુખ ઉપજે તેમ કર. આ અર્થમાં તું પ્રતિબંધ ન કર ત્યારપછી તે સુભદ્રા સાર્થવાહીએ તે આર્યાઓની પાસે યાવત્ શ્રાવકધર્મ અંગીકાર કર્યો. તે આર્યાઓને વંદના કરી, નમસ્કાર કર્યા. ત્યારપછી તે સુભદ્રા સાર્થવાહી શ્રમણો પાસિકા થઈ યાવત્ વિચરવા લાગી. ત્યારપછી તે સુભદ્રા સાર્થવાહીને અન્યદા કદાચિત્ પૂર્વરાત્રિ અને અપર રાત્રિના કાળ સમયે એટલે મધ્યરાત્રિએ કુટુંબજાગરણ પ્રત્યે જાગતી હતી ત્યારે આવા પ્રકારનો યાવત્ સંકલ્પ ઉત્પન્ન થયો કે-" આ પ્રમાણે નિશ્ચે હું ભદ્ર સાર્થવાહની સાથે વિસ્તારવાળા કામભોગને ભોગવતી સતી યાવત્ રહું છું, તોપણ મેં એક પણ પુત્ર કે પુત્રી ઉત્પન્ન કરી નથી. તેથી હવે મારે એ જ શ્રેયકારક છે કે-કાલે પ્રભાત સમયે સૂર્ય જાજ્વલ્યમાન થાય ત્યારે ભદ્ર સાર્થવાહની રજા લઈને સુવ્રતા નામની આર્યાની પાસે યાવત્ પ્રવ્રજિત થાઉં."

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પ્રમાણે તેણીએ વિચાર કર્યો. વિચાર કરીને કાલે પ્રભાતે જ્યાં ભદ્ર સાર્થવાહ હતો ત્યાં તે આવી. આવીને બે હાથ જોડી આ પ્રમાણે બોલી- આ પ્રમાણે નિશ્ચે હે દેવાનુ પ્રિય ! હું તમારી સાથે ઘણા વર્ષ સુધી વિસ્તારવાળા કામભોગને ભોગવતી યાવત્ રહું છું. પરંતુ મેં એક પણ પુત્ર કે પુત્રીને પ્રાપ્ત ન કરી. તેથી હે દેવાનુપ્રિય ! હું તમારી આજ્ઞા પામી સતી સુવ્રતા આર્યાની પાસે યાવત્ પ્રવ્રજિત થવાને ઈચ્છું છું. ત્યારપછી તે ભદ્ર સાર્થવાહે સુભદ્રા સાર્થવાહીને આ પ્રમાણે કહ્યું કે-" હે દેવાનુપ્રિયા ! હમણાં તું મુંડ થઈને યાવત્ પ્રવ્રજિત ન થા. પ્રથમ-હાલ તો હે દેવાનુપ્રિયા !મારી સાથે તું વિસ્તારવાળા કામભોગને ભોગવ. ત્યારપછી તું સુવ્રતા આર્યાની પાસે યાવત્ પ્રવ્રજ્યા લેજે. ત્યારે તે સુભદ્રા સાર્થવાહીએ ભદ્ર સાર્થવાહના આ અર્થનો આદર ન કર્યો, તેને સારો ન માન્યો, તેથી તેણીએ બે વાર ત્રણ વાર ભદ્ર સાર્થવાહને આ પ્રમાણે કહ્યું કે-" હે દેવાનુ પ્રિય ! તમારી આજ્ઞા પામી સતી હું યાવત્ પ્રવ્રજ્યા લેવાને ઈચ્છું છું. ત્યારપછી તે ભદ્ર સાર્થવાહ જ્યારે ઘણા સામાન્ય વચનોવડે, વિશેષ વચનોવડે, બોધના વચનોવડે અને પ્રેમપૂર્વક પ્રાર્થનાના વચનોવડે તેણાને સામાન્ય કહેવાને યાવત્ અને પ્રેમપૂર્વક પ્રાર્થના વડે વિનવ વાને માટે સમર્થ થયો નહીં, ત્યારે અનિચ્છાથી જ સુભદ્રાના નિષ્ક્રમણને -દિક્ષાના ઉત્સ વને તેણે માન્યો.

ત્યારપછી તે ભદ્ર સાર્થવાહે વિસ્તારવાળા અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ તૈયાર કરાવ્યા. મિત્ર, જ્ઞાતિ, વિગેરેને નિમંત્રણ કર્યું. પછી ભોજ નની વેળાએ યાવત્ મિત્ર, જ્ઞાતિ વિગેરેને ભોજન કરાવી તેમનો સત્કાર કર્યો, સન્માન કર્યું. પછી સુભદ્રા સાર્થવાહીને સ્નાન કરાવી યાવત્ પ્રાયશ્ચિત્તાદિક કરાવી સર્વ અલં કારોવડે વિભૂષિત કરી હજાર પુરુષોએ ઉપાડેલી શિબિકા ઉપર ચડાવી. ત્યારપછી તે સુભદ્રા સાર્થવાહી મિત્ર, જ્ઞાતિ, યાવત્ સંબંધી જનોએ પરિવરી સતી સર્વ સમૃદ્ધિએ કરી યાવત્ વાજિત્રના શબ્દે કરીને વારાણસી નગરીની મધ્યે મધ્યે થઈને જ્યાં સુવ્રતા આર્યાનો ઉપાશ્રય હતો ત્યાં આવી. આવીન હજાર પુરુષોએ વહન કરેલી શિબિકાને સ્થાપન કરી. પછી સુભદ્રા સાર્થવાહી શિબિકાથી ઉતરી. ત્યારપછી તે ભદ્ર સાર્થવાહ સુભદ્રા સાર્થવાહીને આગળ કરીને જ્યાં સુવ્રતા આર્યા હતા ત્યાં આવ્યો. આવીને તેણે સુવ્રતા આર્યાને વંદના કરી, નમસ્કાર કર્યા. વંદના નમસ્કાર કરી આ પ્રમાણે કહ્યું કે-'આ પ્રમાણે નિશ્ચેહે દેવાનુપ્રિયા ! આ સુભદ્રા સાર્થવાહી મારી ભાર્યા મને ઈષ્ટ છે, કાંત છે, યાવત્ રખે તેને વાત સંબંધી, પિત્ત સંબંધી, કફ સંબંધી અને સંનિપાત સંબંધી વિવિધ પ્રકારના રોગોતંકનો સ્પર્શ થાય. હાલમાં હે દેવાનુપ્રિયા ! આ સંસારના ભયથી તે ઉદ્વેગ પામી છે, જરા અને મરણ થી ભય પામી છે, તેથી દેવાનુપ્રિયા એવા તમારી પાસે મુંડ થઈને યાવત્ પ્રવ્રજ્યા ગ્રહણ કરવા ઈચ્છે છે, તેથી આને હું દેવાનુપ્રિયા એવા તમને શિષ્યારુપ ભિક્ષા આપું છું. તે શિષ્યારુપ ભિક્ષાને હે દેવાનુપ્રિયા ! તમે ગ્રહણ કરો. " આર્યાએ ઉત્તર આપ્યો કે-" હે દેવાનુપ્રિય !જેમ સુખ ઉપજે તેમ કરો. આ કાર્યમાં પ્રતિબંધ-વિલંબ ન કરો."

ત્યારપછી તે સુભદ્રા સાર્થવાહીએ સુવ્રતા આર્યાએ આ પ્રમાણે કહી સતી હૃષ્ટ તુષ્ટ થઈને યાવત્ પોતાની મેળે જ આભરણ, માલ્ય અને અલંકાર મૂકી દીધા. મૂકીને પોતાની મેળે જ પંચમુષ્ટિ લોચ કર્યો. કરીને જ્યાં સુવ્રતા આર્યા હતા ત્યાં આવી. આવીને સુવ્રતા આર્યાને ત્રણ વાર પ્રદક્ષિણા કરી વંદના કરી નમસ્કાર કર્યા. આ પ્રમાણે બોલી.


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"હે પૂજ્ય !આ સંસારમાં ભાવ અગ્નિ સળગી રહ્યો છે. યાવત્ તે આર્યા થઈ. યાવત્ ગુપ્ત બ્રહ્મચર્યવાળી થઈ. ત્યારપછી તે સુભદ્રા આર્યા એકદા કદાચિત્ ઘણા માણસોના બાળકો ઉપર મૂર્છાવાળી થઈ યાવત્ આસક્ત થઈ. તેથી તે અભ્યંગન, ઉદ્વર્તન, પ્રાસુક પાણી, અલ્કતાનો રંગ, કંકણ, અંજન, વર્ણક, ચૂર્ણક, ખેલ્લક, ખજ્જલ્લક, ક્ષીર અને પુષ્પ વિગેરેની ગણેષણા કરવા લાગી. ગવેષણા કરીને ઘણા લોકોના દારક અને દારિકા ઓને, કુમાર અને કુમારીઓને તથા ડિંભ અને ડિંભિકાઓને કેટલાકને અભ્યંગન કરવા લાગી, કેટલાકને ઉદ્વર્તન કરવા લાગી, કેટલાકને પ્રાસુક પાણીથી સ્નાન કરાવવા લાગી, કેટલાકના પગ અલ્કતાવડે રંગવા લાગી, કેટલાક ના ઓષ્ઠ રંગવા લાગી, કેટલાકની આંખો આંજવા લાગી, કેટલાકને ઉત્સંગમાં બેસા ડવા લાગી, કેટલાકને તિલક કરવા લાગી, કેટલાકને હીંચોળવા લાગી, કેટલાકને પંક્તિ માં બેસાડવા લાગી, કેટલાકના મુખ ધોવા લાગી, કેટલાકને હરિતાલ વિગેરે વર્ણકવડે રંગવા લાગી, કેટલાકને કોષ્ઠપુટાદિક સુગંધી ચૂર્ણ લગાડવા લાગી,કેટલાકને રમકડાં આપવા લાગી, કેટલાકને ખાજા ખવરા વવા લાગી, કેટલાકને ક્ષીરનું ભોજન કરાવવા લાગી, કેટલાકને પુષ્પ સુંઘાડવા લાગી, કેટલાકને પગ ઉપર સ્થાપર કરવા લાગી, કેટલાકને જંઘા ઉપર બેસાડવા લાગી, એ જ પ્રમાણે સાથળ ઉપર, ખોળામાં, કેડ ઉપર, પીઠ ઉપર, છાતી ઉપર અને મસ્તક ઉપર બેસાડવા લાગી, કેટલાકને કરતલના સંપુટવડે ગ્રહણ કરીને ઉછાળતી, ગીત ગાતી તથા બીજા પાસે ગીત ગવરાવતી ગવરાવતી પુત્રની પિપાસાને અનુભવવા લાગી.

ત્યારે તે સુવ્રતા આર્યાએ સુભદ્રા આર્યાને આ પ્રમાણે કહ્યું-" હે દેવાનુપ્રિયા ! આપણે શ્રમણી, નિર્ગ્રંથીઓ, ઈર્યાસમિતિવાળી યાવત્ ગુપ્ત બ્રહ્મચર્યવાળી છીએ. તેથી આપણને જાતકનું કર્મ કરવું કલ્પે નહીં, છતાં હે દેવાનુપ્રિયા ! તું તો ઘણા માણસોના બાળકોમાં મૂર્છિત થઈ છે યાવત્ આસક્ત થઈ છે. અને તેથી કરીને તું તેમને અભ્યંગન વિગેરે કરે છે યાવત્ પૌત્રીની પિપા સાને અનુભવતી રહે છે. તેથી હે દેવાનુપ્રિયા ! તું આ સ્થાનની આલોચના કર યાવત્ પ્રાયશ્ચિત્ત અંગીકાર કર." ત્યારપછી તે સુભદ્રા આર્યા એ સુવ્રતા આર્યાના આ અર્થનો આદર કર્યો નહીં તથા તેને સારો માન્યો નહીં. ત્યારપછી તે શ્રમણી નિર્ગ્રંથીઓ સુભદ્રા આર્યાની હીલના, નિંદા, ખિંસા અને ગર્હા કરવા લાગી અને વારંવાર આ અર્થનું નિવારણ કરવા લાગી. ત્યાર પછી તે સુભદ્રા આર્યાને શ્રમણી નિર્ગ્રંથીઓએ હીલના પમાડી યાવત્ વારંવાર આ અર્થ પ્રત્યે નિવારી ત્યારે તેને આવા પ્રકારનો અધ્યવસાય યાવત્ ઉત્પન્ન થયો કે-" જ્યારે હું ગૃહસ્થાવાસમાં વસતી હતી ત્યારે હું આત્મવશ હતી, અને જ્યારથી હું મુંડ થઈને ગૃહ વાસથી અનગારપણા પ્રત્યે નીકળી ત્યારથી જ હું પરવશ થઈ છું. વળી પહેલાં તો શ્રમણી નિર્ગ્રંથીઓ મારો આદર કરતી હતી અને મને સારી માનતી હતી, પણ હવે આદર કરતી નથી અને મને સારી માનતી નથી. તેથી હવે મારે એ જ શ્રેયકારક છે કે-કાલે પ્રાતઃકાલે યાવત્ સૂર્ય દેદીપ્યમાન થાય ત્યારે સુવ્રતા આર્યાની પાસેથી નીકળીને જૂદો અવગ્રહ ગ્રહણ કરીને વિચરવું."

આ પ્રમાણે વિચાર કર્યો. વિચાર કરીને કાલે પ્રાતઃકાલે સૂર્ય દેદીપ્યમાન થયો ત્યારે સુવ્રતા આર્યાની પાસેથી તે નીકળી ગઈ. નીકળીને જૂદો અવગ્રહ ગ્રહણ કરીને રહેવા લાગી. ત્યારપછી તે સુભદ્રા આર્યા બીજી આર્યાઓએનહીં નિવારેલી એ જ કારણ માટે સ્વચ્છંદ મતિવાળી થઈ ઘણા માણસોના બાળકો ઉપર મૂર્છા પામી યાવત્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અભ્યંગન વિગેરે કરતી સતી યાવત્ પૌત્રીની પિપાસાને અનુભવતી વિચરવા લાગી રહેવા લાગી. ત્યારપછી તે સુભદ્રા આર્યાએ પાસત્થા એટલે શિથિલ આચારવાળી, પાસત્થ વિહારવાળી,એજ પ્રમાણે ઓસન્ના એટલે સંયમ પાળવામાં કાયર, ઓસન્ન વિહારવાળી, કુશીલા એટલે દુરાચારવાળી, કુશીલ વિહારવાળી, સંસક્ત એટલે જ્ઞાના દિકની વિરાધના કરવાવાળી, સંસક્ત વિહારવાળી, યથાચ્છંદા એટલે ઈચ્છા પ્રમાણે વર્તવાવાળી અને યથાચ્છંદ વિહારવાળી થઈ ઘણા વર્ષો સુધી ચારિત્ર પર્યાય પાળ્યો, પાળીને અર્ધ માસની સંલેખના વડે છેદીને તે અનાચારના સ્થાનકની આલો ચના અને પ્રતિક્રમણ કર્યા વિના કાળસમયે કાળ કરીને સૌધર્મકલ્પ નામના પહેલા દેવલોકમાં બહુપુત્રિકા નામના વિનામમાં ઉપપાતસભામાં દેવશય્યાને વિષે દેવદૂષ્ય વસ્ત્રની અંદર અંગુલના અસંખ્યાતા ભાગમાત્રની અવગાહનાએ બહુપુત્રિકાદેવીપણે ઉત્પન્ન થઈ. પાંચ પ્રકારની પર્યાપ્તિએ યાવત્ ભાષાપર્યાપ્તિ અને મનપર્યાપ્તિવડે પરિપૂર્ણ થઈ. આ પ્રમાણે નિશ્ચે હે ગૌતમ ! બહુપુત્રિકા દેવીને તે દિવ્ય દેવઋદ્ધિ યાવત્ પ્રાપ્ત થઈ છે.

ગૌતમસ્વામી પૂછે છે તે-" હે ભગવાન !ક્યા અર્થે કરીને આ પ્રમાણે બહુપુત્રિકા દેવી બહુપુત્રિકા દેવી નામે કહેવાય છે ? હે ગૌતમ ! બહુપુત્રિકા દેવી જ્યારે જ્યારે શક્ર દેવેંદ્ર દેવરાજની સભામાં નાટક કરાવા જાય છે ત્યારે ત્યારે તે ઘણા દારક, દારિકા, ડિંભ અને ડિંભકાઓને વિકુર્વે છે. વિકુર્વીને જ્યાં શક્ર દેવેંદ્ર દેવરાજ હોય છે ત્યાં આવે છે. આવીને શક્ર દેવેંદ્ર દેવરાજને તે દિવ્ય દેવઋદ્ધિને, દિવ્ય દેવદ્યુતિને અને દિવ્ય દેવપ્રભાવને દેખાડે છે, તેથી તે અર્થે કરીને હે ગૌતમ ! આ પ્રમાણે બહુપુત્રિકા દેવી બહુપુત્રિકા નામની જ દેવી કહેવાય છે. હે ભગવાન ! બહુપુત્રિકા દેવીની કેટલો કાલ સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! ચાર પલ્યોપમની સ્થિતિ કહી છે. હે ભગવાન !બહુપુત્રિકા દેવી તે દેવલોકથી આયુષ્યને ક્ષયે, સ્થિતિને ક્ષયે અને ભવને ક્ષયે તરત જ ચ્યવીને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ? હે ગૌતમ ! આ જ જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભરતક્ષેત્રને વિષે વિંધ્ય પર્વતના મૂળ માં વિભેલ નામના ગામમાં બ્રાહ્મણના કુળમાં પુત્રીપણે ઉત્પન્ન થશે. ત્યારપછી તે પુત્રી ના માતાપિતા અગ્યાર દિવસ વીતી જશે,યાવત્ બાર દિવસ વીતી જશે ત્યારે આવા પ્રકારનું તેણીનું નામ પાડશે કે-અમારી આ પુત્રીનું સોમા એવું નામ હો.

ત્યારપછી તેણીના માતાપિતા બાલ્યપણાથી મુક્ત થયેલી; પરિણતમાત્ર ઉપ ભોગના જ્ઞાનવાળી અને યૌવન અવસ્થાને પામેલી તે સોમા પુત્રને પ્રતિકૂજિત શુલ્કે કરીને એટલે કહેલા દ્રવ્યે કરીને અર્થાત્ ઘણું એવું પણ વાંછિત દ્રવ્ય આપીને અને ઘણા આભરણાદિકથી ભૂષિત કરીને તથા પ્રતિરુપે કરીને એટલે આ મારી પત્રી પ્રિયભાષ પણાએ કરીને તમારે, યોગ્ય છે ઈત્યાદિક અનુકૂલ વિનયે કરીને પોતાના ભાણેજ રાષ્ટ્રકૂટને ભાર્યાપણે આપશે. તે તેની ભાર્યા થશે. કેવી ? ઈષ્ટા-વહાલી, કમનીયપણું હોવાથી કાંતા, યાવત્ ગ્રહણ કરવા લાયક હોવાથી આભરણના કરંડીયા સમાન, તૈલકેલ એટલે સૌરાષ્ટ્ર દેશમાં પ્રસિદ્ધ એવું તેલ ભરવાનું માટીનું વાસણ, તેને ભાંગી જવાના ભયથી અને લોટવાના ભયથી સારી રીતે રક્ષણ કરવામાં આવે છે તેની જેવી આ પણ રક્ષણ કરાશે, વસ્ત્રની પેટીની જેમ સારાં સારાં વસ્ત્રોથી શોભિત રહેશે, ઈંદ્રનીલાદિક રત્નના કરંડીયાની જેમ સારી રીતે રક્ષણ કરાશે અને આને શીત વિગેરે યાવત્ વિવિધ પ્રકારના રોગાતંકો સ્પર્શ કરો એમ ધારીને સારી રીતે સંગોપિત કરશે. ત્યારપછી તે સોમા

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બ્રાહ્મણી રાષ્ટ્રકૂટની સાથે વિસ્તારવાળા કામભોગને ભોગવતી સતી વરસે વરસે પુત્ર પુત્રીના યુગલને ઉત્પન્ન કરતી સતી સોળ વરસે કરીને બત્રીસ પુત્ર પુત્રીને પ્રસવશે - ઉત્પન્ન કરશે. ત્યારપછી તે સોમા બ્રાહ્મણી તે ઘણા દારક, કુમાર, કુમારિકા, ડિંભ અને ડિંભ અને ડિંભિકાઓમાંના કેટલાકને ચિતા સુખાવાવડે, કેટલાકને સ્તનપાન કરાવવા વડે, કેટલાકને સ્તનપર રાખવાવડે, કેટલાકના નાચવાવડે, મારવાવડે, કેટલાકની સ્ખલનાવડે, કેટલાકના સ્તન માગાવાવડે, કેટલાકના દૂધ માગવા વડે, કેટલાકના રમકડા માગવા વડે, કેટલાકના ખાજાં માગવાવડે, કેટલાકના પાણી માગવાવડે, એ જ રીતે હસવા વડે, રોષવડે, આક્રોશવડે,અત્યંત આક્રોશવડે, મારવા વડે, ભાગી જવાવડે, પાછળ પકડવા જવાવડે, રોવાવડે, આક્રંદવડે, વિલાપવડે, મોટા શબ્દથી પોકાર કરવાવડે, ઉંચા શબ્દ કરવાવડે, નિદ્રા પામવાવડે, પ્રલાપ કરવાવડે, દાઝવાવડે, વમન કરવાવડે, વિષ્ટા કરવાવડે, મૂત્ર કરવાવડે, અત્યંત વ્યાકુળ થશે અને તેમના મૂત્ર, વિષ્ટા અને વમન વિગેરે વડે અત્યંત લીંપાયેલી રહેશે, વસ્ત્ર અત્યંત મલિન રહેશે, શરીરે અતિ દુર્બળ થશે યાવત્ થશે અત્યંત બીભત્સ અને દુર્ગંધવાળી થવાથી રાષ્ટ્રકૂટની સાથે વિસ્તારવાળા કામ ભોગ ભોગવીને વિચરવાને માટે શક્તિમાન થશે નહીં.

ત્યારપછી તે સોમા બ્રાહ્મણી એકદા એટલે રાત્રિના પાછલા ભાગે કુટુંબ જાગરણ પ્રત્યે જાગતી એટલે કુટુંબની કરતી સતી તેણીને આવા પ્રકારનો યાવત્ અધ્યવસાય-ઉત્પન્ન થશે કે-હું આ ઘણા દારક યાવત્ ડિંભિકાઓમાંના કેટલાકને ચીતા સુવાવડવાડે યાવત્ કેટલાક ના મૂત્રવડે, દુષ્ટ બાળકોવડે, દુષ્ટ જન્મવડે હત, વિપ્રહત અને ભગ્ન થયેલી હોવાથી એક પ્રહારથી પડી જવાય એવી તથા મૂત્ર, વિષ્ટા અને વમનથી લીંપાયેલી અતિ લીંપાયેલી યાવત્ અતંયત દુર્ગંધ વાળી હું રાષ્ટ્રકૂટની સાથે યાવત્ ભોગ ભોગવતી વિચરવાને માટે શક્તિમાન નથી. તેથી કરીને તે માતાઓને ધન્ય છે યાવત્ તેમનું જીવિત સફળ છે કે જેઓ વંધ્યા છે, જેઓને પ્રસૂતિ થઇ નથી, જેઓ જાનુ અને કોંણીની જ માતા છે, જેઓ મનોહર સુંગધી પદાર્થના ગંધવાળી છે અને તેથી કરીને જ વિસ્તારવાળા મનુષ્ય સંબંધી કામભોગને ભોગવતી વિચરે છે. પરંતુ હું તો અધન્ય છું, પુણ્યરહિત છું, મેં પુણ્ય કર્યું નથી, કે જેથી રાષ્ટ્રકૂટની સાથે વિસ્તારવાળા યાવત્ કામ ભોગને ભોગવતી સતી વિચર વાને શક્તિમાન થતી નથી.

તે કાળે તે સમયે સુવ્રતા નામની આર્યા ઈર્યાસમિતિવાળી યાવત્ ઘણા પરિવાર વાળી અનુક્રમે વિહાર કરતી જ્યાં વિભેલ નામનું ગામ હતું ત્યાં આવી યથાયોગ્ય અવગ્રહ ગ્રહણ કરીને યાવત્ વિચરશે-રહેશે. ત્યારપછી તે સુવ્રતા આર્યાનો એક સંઘાટક (સાધ્વીનું યુગલ)વિભેલ ગામમાં ઉંચ નીચ ઘરમાં યાવત્ ગોચરીને માટે અટન કરતો રાષ્ટ્રકૂટને ઘેર પ્રવેશ કરશે. ત્યારપછી તે સોમા બ્રાહ્મણી તે આર્યાઓને આવતી જોશે. જોઇને હૃષ્ટ તુષ્ટ થઇ શીઘ્રપણે જ આસનથી ઉભી થશે. ઉભી થઇને સાત આઠ પગલાં સન્મુખ જશે. સન્મુખ જઇને તેમને વાંદશે, નમસ્કાર કરશે, વાંદી નમસ્કાર કરી વિસ્તારવાળા અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ એ ચાર પ્રકારના આહારને પ્રતિલાભી આ પ્રમાણે બોલશે-આ પ્રમાણે નિશ્ચે હે આર્યાઓ ! રાષ્ટ્રકૂટની સાથે વિસ્તારવાળા ભોગ ભોગવતાં મેં વરસે વરસે બબે બાળકને પ્રસવ્યા, અને સોળ વરસે કરીને બત્રીશ પુત્ર પુત્રીઓને પ્રસવ્યા છે. તેથી હું તે ઘણા દારક યાવત્ ડિંભિકા ઓમાંના કેટલાકને ચિતા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સુવાડવાવડે યાવત્ તેમના મૂત્રવડે યાવત્ દુષ્ટ પ્રસૂતિવડે યાવત્ મલિન શરીરવાળી થયેલી હોવાથી ભોગ ભોગવવા સમર્થ થતી નથી. તેથી હે આર્યાઓ ! તમારી પાસે હું ધર્મ સાંભળવા ઈચ્છું છું.

ત્યારપછી તે આર્યાઓ સોમા બ્રાહ્મણીને વિચિત્ર પ્રકારનો યાવત્ કેવળી ભગવાને પ્રરૂપેલો ધર્મ કહેશે. ત્યારપછી તે સોમા બ્રાહ્મણી તે આર્યાઓની પાસે ધર્મ સાંભળી હૃદયમાં ધારી હૃષ્ટ તુષ્ટ યાવત્ હૃદયમાં આનંદ પામી તે આર્યાઓને વંદના કરશે, નમસ્કાર કરશે. વંદના નમસ્કાર કરી તે આ પ્રમાણે બોલશે- “હે આર્યાઓ ! તે એમ જ છે યાવત્ જે આ ધર્મ તમે કહો છો તે તેમ જ છે. વિશેષ એ કે હે આર્યાઓ ! હું રાષ્ટ્રકૂટની રજા લઉં. ત્યારપછી હું દેવાનુપ્રિય એવી તમારી પાસે મુંડિત થઈને યાવત્ પ્રવ્રજિત થાઉં. આર્યાઓ કહેશે કે-હે દેવાનુપ્રિયા ! તને જેમ સુખ ઉપજે તેમ કર. આ ધર્મના કાર્યમા પ્રતિબંધ ન કર. ત્યારપછી તે સોમા બ્રાહ્મણી તે આર્યાઓને વંદના કરશે, નમસ્કાર કરશે, ત્યારપછી તે સોમા બ્રાહ્મણી જ્યાં રાષ્ટ્રકૂટ હશે ત્યાં આવશે. તેને બે હાથ જોડી આ પ્રમાણે કહેશે-આ પ્રમાણે નિશ્ચે હે દેવાનુપ્રિય ! મેં આર્યાઓની પાસે ધર્મ સાંભળ્યો છે. તે ધર્મ મને ઈષ્ટ છે યાવતૂ રુચે છે. તેથી હું હે દેવાનુપ્રિય ! તમોએ આજ્ઞા આપી સતી સુવ્રતા આર્યાની સમીપે પ્રવ્રજિત થવાને-દીક્ષૂ લેવાને ઈચ્છું છું. ત્યારપછી તે રાષ્ટ્રકૂટ સોમા બ્રાહ્મણીને આ પ્રમાણે કહેશે-હે દેવાનુપ્રિય ! તું હમણાં મુંડ થઈને યાવતૂ પ્રવ્રજ્યા ગ્રહણ ન કર. હાલ તો પ્રથમ હે દેવાનુપ્રિયા ! મારી સાથે વિસ્તાર વાળા કામભોગને ભોગવે. ત્યારપછી ભોગ ભોગવીને સુવ્રતા આર્યાની પાસે મુંડ થઈને યાવતૂ પ્રવ્રજ્યા લેજે. ત્યાર પછી તે સોમા બ્રાહ્મણી રાષ્ટ્રકૂટના આ અર્થને અંગીકાર કરશે. ત્યારપછી તે સોમા બ્રાહ્મણી સ્નાન કરી યાવતૂ શરીરની વિભૂષા કરી દાસી ઓના સમૂહથી પરિવરી સતી પોતાના ઘરથી નીકળશે. નીકળીને વિભેલ ગામની મધ્યે થઈને જ્યાં સુવ્રતા આર્યાનો ઉપાશ્રય હશે ત્યાં આવશે. આવીને સુવ્રતા આર્યાને વંદના કરશે, નમસ્કાર કરશે, તેમની પર્યુપાસના-સેવા કરશે. ત્યારપછી તે સુવ્રતા આર્યા સોમા બ્રાહ્મણીને વિચિત્ર પ્રકારનો કેવલી ભગવાને પ્રરુપેલો ધર્મ કહેશે કે જે પ્રકારે જીવો કર્મને બાંધે છે વિગેરે.

ત્યારપછી તે સોમા બ્રાહ્મણી સુવ્રતા આર્યા પાસે યાવત્ બાર પ્રકારના શ્રાવક ધર્મને અંગીકાર કરશે. સુવ્રતા આર્યાને વંદન નમસ્કાર કરીનેપોતાને ઘેર જશે. ત્યાર પછીને સોમા બ્રાહ્મણી શ્રાવિકા થઇ જીવાજીવના સ્વરૂપને જાણીને યાવત્ પોતાના આત્માને ભાવિત કરતી વિચરશે.

ત્યારપછી તે સુવ્રતા એકદા કદાચિત્ અનુક્રમે વિહાર કરતી સતી ફરીથી યાવત્ વિભેલ ગામમાં આવશે. ત્યારપછી તે સોમા બ્રાહ્મણી આ કથાનો અર્થ પામી સતી હૃષ્ટ તુષ્ટ થઇ સ્નાન કરી યાવત્ તે જ પ્રમાણે નીકળશે. યાવત્ તેને વંદના કરશે નમસ્કાર કરશે. વાંદી નમસ્કાર કરી ધર્મ સાંભળી યાવત્ કે હું રાષ્ટ્રકૂટની રજા લઉં. પછી તમારી પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરું. ત્યારે આર્યા કહેશે કે-જેમ સુખ ઉપજે તેમ કર. ત્યારપછી તે સોમા બ્રાહ્મણી સુવ્રતા આર્યાને વંદના કરશે નમસ્કાર કરશે. નીકળીને જ્યાં પોતાનું ઘર હશે અને રાષ્ટ્રકૂટ હશે ત્યાં આવશે. આવીને બે હાથ જોડી તે જ પ્રમાણે રજા માગશે યાવત્ હું પ્રવ્રજ્યા લેવા ઈચ્છું છું એમ કહેશે. તે સાંભળી રાષ્ટ્રકૂટ કહેશે કે -હે દેવાનુપ્રિયા ! જેમ તને સુખ ઉપજે તેમ કર. વિલંબ ન કર. ત્યાર પછી તે રાષ્ટ્રકૂટ વિસ્તારવાળું અશન તે જ પ્રકારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તૈયાર કરાવશે. વિગેરે યાવત્ પૂર્વભવમાં સુભદ્રાની જેમ યાવત્ તે સોમા આર્યા થશે. તે ઈર્યાસમિતિવાળી યાવત્ ગુપ્ત બ્રહ્મચર્યા વાળી થશે. ત્યાર પછી સામાયિકાદિક અગ્યાર અંગ ભણશે. ભણીને ઘણા છઠ્ઠ, અઠ્ઠમ, દશમ, દ્વાદશમ વિગેરે તપવડે યાવત્ આત્માને ભાવતી ઘણા વર્ષો ચારિત્રપર્યાયને પાળશે. પાળીને એક માસની સંલેખનાવડે આલોચના અને પ્રતિક્રમણ કરીને સમાધિને પામી કાળસમયે કાળ કરીને શક્ર દેવેંદ્ર દેવરાજાના સામાનિક દેવપણે ઉત્પન્ન થશે.ત્યાં સોમ દેવની બે સાગરોપમની સ્થિતિકહી છે. ગૌતમ સ્વામી પૂછે છે-હે ભગવાન ! તે સોમ દેવ તે દેવલોકથી આયુષ્યના ક્ષયે યાવત્ ચવીને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ? હે ગૌતમ ! તે સોમ દેવ મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્તમ થઈ ચારિત્ર ગ્રહણ કરી યાવત્ સંસારનો અંત કરશે. આ પ્રમાણે નિશ્ચે હે જંબુ ! શ્રમણ ભગવાન્ યાવત્ સિદ્ધિ ગતિને પામેલ મહાવીર સ્વામીએ આ અર્થ કહ્યો છે.તે મેં તમને કહ્યો.

**અધ્યયનઃ ૪ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## અધ્યયનઃ ૫ - પૂર્ણભદ્ર

[૯] હે ભગવાન ! જો શ્રમણ ભગવાન મહાવીરસ્વામીએ ચોથા અધ્યયનનો આ અર્થ કહ્યો છે, તો પાંચમા અધ્યયનનો શ્રમણ ભગવાન મહાવીરસ્વામીએ ક્યો અર્થ કહ્યો છે ? - આ પ્રમાણે નિશ્ચે હે જંબૂ ! તે કાળે તે સમયે રાજગૃહ નામે નગર હતું. તેની બહાર ગુણશીલ નામનું ચૈત્ય હતું. તે નગરમાં શ્રેણિક નામે રાજા હતા. એકદા શ્રીવર્ધમાનસ્વામી ગુણ શીલ ચૈત્યમાં સમવસર્યા તેમને વાંદવા માટે નગરમાંથી પર્ષદા નીકળી. તે કાળે તે સમયે પૂર્ણભદ્ર નામનો દેવ સૌધર્મકલ્પ નામના પહેલા દેવલોકમાં પૂર્ણભદ્ર નામના વિમાનમાં સુધર્મા નામની સભામાં પૂર્ણભદ્ર નામના સિંહાસન ઉપર ચાર હજાર સામાનિક દેવોના પરિવારવાળો હતો. તે સૂર્યાભ દેવની જેમ યાવત્ ભગવાન પાસે બત્રીસ પ્રકારની નાટયવિધિને દેખાડીને જે દિશામાંથી પ્રગટ થયો હતો. તે જ દિશાએ પાછો ગયો. અહીં ગૌતમસ્વામીના પ્રશ્નથી ભગવાને કૂટાકારશાળાનું દ્દષ્ટાંત કહ્યું. ગૌતમસ્વામીએ પૂર્વભવ પૂછયો. શ્રીમહાવીરસ્વામી ઉત્તર આપે છે-આ પ્રમાણે નિશ્ચે હે ગૌતમ ! તે કાળે સમયે આ જ જંબૂદ્વીપ નામના દ્વીપને વિષે ભરત નામના ક્ષેત્રને વિષે મણિવતી નામની નગરી છે. તે સમૃદ્ધિવાળી છે. તેની બહાર ચંદ્રોત્તરાયણ નામનું ચૈત્ય છે. તે મણિવતી નગરીમાં પૂર્ણભદ્ર નામનો ગાથાપતિ વસતો હતો. તે આઢય વિગેરે વિશેષણવાળો હતો. તે કાળે તે સમયે સ્થવિર ભગવાન જાતિ સંપન્ન યાવત્ જીવવાની આશા અને મરણના ભયથી રહિત, બહુશ્રુત અને બહુ પરિવાર વાળા અનુક્રમે વિચરતા સતા યાવત્ ત્યાં સમવસર્યા. તેમને વાંદવા માટે પર્ષદા નીકળી. ત્યારપછી તે પૂર્ણભદ્ર ગાથાપતિ આ કથાનો અર્થ પામ્યો હૃષ્ટ તુષ્ટ થઈ યાવત્ પ્રજ્ઞપ્તિમાં વર્ણવેલા ગંગદત્તની જેમ વાંદવા નીકળ્યો. યાવત્ દીક્ષા ગ્રહણ કરી. ત્યારપછી તે પૂર્ણ ભદ્ર અનગાર પૂજ્ય ગુરુની પાસે સામાયિ કાદિક અગ્યાર અંગ ભણ્યો. ભણીને ઘણા ચોથભક્ત, છઠ્ઠ, અઠ્ઠમ વિગેરે તપ કરી યાવત્ આત્માને ભાવી ઘણા વર્ષો તેણે ચારિત્રપર્યાય પાળ્યો. પાળીને એક માસની સંલે ખનાવડે સાઠ ભક્તને અનશનવડે છેદીને આલોચના અને પ્રતિક્રમણ કરીને સમાધિને પામીને કાળ સમયે કાળ પામીને સૌધર્મકલ્પ નામના પહેલા દેવલોકમાં પૂર્ણભદ્ર નામના વિમાનમાં ઉપપાતસભામાં દેવ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ની શય્યામાં યાવત્ ભાષા અને મનપર્યાપ્તિવડે પર્યાપ્ત થઈ દેવપણે ઉપજ્યા. આ પ્રમાણે નિશ્ચે હે ગૌતમ ! પૂર્ણભદ્ર દેવે તે દિવ્ય દેવર્દ્ધિ યાવત્ પ્રાપ્ત કરી છે. હે ભગવાન ! પૂર્ણભદ્ર દેવની કેટલો કાળ સ્થિતિ કહી છે?હે ગૌતમ!તેની બે સાગરોપમનીસ્થિતિકહીછે.હે ભગવાન ! પૂર્ણભદ્ર દેવ તે દેવલોકથી ચવીને યાવત્ ક્યાં જશે ? હે ગૌતમ ! ત્યાંથી ચવીને મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યપણે ઉત્પન્ન થઈ યાવત્ ચારિત્રગ્રહણ કરી સિદ્ધ થશે. યાવત્ સંસારનો અંત કરશે. સુધર્માસ્વામી કહે છે-આ પ્રમાણે નિશ્ચે હે જંબૂ ! શ્રમણ ભગવાન યાવત્ સિદ્ધિપદને પામેલા શ્રીમહાવીરસ્વામીએ પાંચમા અધ્યયનનો આ નિક્ષેપકહ્યો છે.

**અધ્યયનઃ ૫ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## અધ્યયનઃ ૬ માણિભદ્ર

[૧૦] હે ભગવાન ! જો શ્રમણ ભગવાન યાવત્ સિદ્ધિપદને પામેલા શ્રીમહાવીરસ્વામીએ પાંચમા અધ્યયનનો નિક્ષેપ પ્રમાણે કહ્યો છે તો છટ્ઠા અધ્યયનનો ઉત્ક્ષેપ શો કહ્યો છે ? એમ જંબૂસ્વામીએ સુધર્માસ્વામીને પૂછ્યું ત્યારે તે બોલ્યા. આ પ્રમાણે નિશ્ચે હે જંબૂ ! તે કાળે સમયે રાજગૃહ નગર હતું. તેની બહાર ગુણશીલ ચૈત્ય હતું. તે નગરમાં શ્રેણિક રાજા હતા. ત્યાં એકદા શ્રીમહાવીરસ્વામી સમવર્યા તે કાલે તે સમયે માણિભદ્ર નામનો દેવ સુધર્મા સભામાં માણિભદ્ર નામક સિંહાસન ઉપર ૪૦૦૦ સામાનિક દેવોથી પરિવરેલો હતો. તે પૂર્ણભદ્રની જેમ આવ્યો. ભગવાન પાસે આવી નાટ્યવિધિ પાછો દેખાડી પાછો ગયો. પછી ગૌતમસ્વામીએ તેનો પૂર્વ પૂછ્યો.

મણિવતી નગરી, માણિભદ્ર ગાથાપિત, તેણે સ્થવિર મુનિ પાસે પ્રવ્રજ્યા લીધી, અગ્યાર અંગનો અભ્યાસ કર્યો. ઘણા વર્ષો ચારિત્ર પર્યાય પાળ્યો.એક માસની સંલેખના કરી. સાઠ ભક્તનો અનશનવડે વિચ્છેદ કર્યો. કાળ કરી માણિભદ્ર વિમાનમાં ઉત્પન્ન થયા. ત્યાં બે સાગરોપમની સ્થિતિ છે. ત્યાંથી ચવી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મી દીક્ષા લઈ સિદ્ધિપદને પામશે, આ પ્રમાણે નિશ્ચે હે જંબૂ ! છટ્ઠા અધ્યયનનો નિક્ષેપ થયો.

**અધ્યયનઃ ૬ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## અધ્યયનઃ ૭થી ૧૦

[૧૧] એ જ પ્રમાણે દત્ત ૭, શિવ ૮, વળ ૯ અને અણાઢિય ૧૦ આ ચારે દેવના ચાર અધ્યયનો જાણવાં. તે પૂર્ણભદ્ર દેવની જેમ કહેવા. સર્વે બે સાગરોપમની સ્થિતિ વાળા. તેમના વિમાનો તેમનો તેમના નામ સદૃશ નામવાળા. પૂર્વભવમાં દત્ત ચંદના નગરીમાં, શિવ મિથિલ નગરીમાં, બળ હસ્તિનાપુર નગરમાં અને અણાઢિય કાકંદી નગરીમાં ઉત્પન્ન થયા હતા. ચૈત્યનાં નામ સંગ્રહણીમાં કહ્યા પ્રમાણે જાણવાં.

**અધ્યયનઃ ૭થી ૧૦ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

| ૨૧ | પુપ્ફિયાણં - ગુર્જરછાયા પૂર્ણ |
|---|---|
| | ઉવંગ-૧૦ની ગુર્જરછાયાપૂર્ણ |

नमो नमो निम्मल दंसणस्स

પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામિને નમઃ

# ૨૨ પુપ્ફચૂલિયાણં

## ઉવંગ-૧૧-ગુર્જરછાયા

### -ઃઅધ્યયન-૧ થી ૧૦ઃ-

[૧]હે ભગવાન ! શ્રમણ ભગવાન મહાવીરસ્વામીએ પુષ્પચૂલિકા નામના ચોથા વર્ગનો શો ઉત્ક્ષેપ કર્યો છે ? એ ચોથા પુષ્પચૂલા નામના વર્ગના શ્રમણ ભગવંત મહાવીરે યાવત્ દશ અધ્યયનો કહ્યાં છે.

[૨] શ્રી ૧, હ્રી ૨, ધૃતિ ૩, કીર્ત્તિ ૪, બુદ્ધિ ૫, લક્ષ્મી ૬, ઈલાદેવી ૭, સુરાદેવી ૮, રસદેવી ૯, અને ગંધદેવી ૧૦ એ નામનાં અધ્યયનો જાણવાં.

[૩] હે ભગવાન ! જો શ્રમણ ભગવાન યાવત્ સિદ્ધિપદને પામેલા શ્રીમહાવીર સ્વામીએ નિરયાવલિકા ઉપાંગના ચોથા વર્ગ દશ અધ્યયનો કહ્યા છે, તો હે ભગવન ! પહેલા અધ્યયનો ઉત્ક્ષેપ શું કહો. આ પ્રમાણે નિશ્ચે હે જંબૂ !

તે કાળે તે સમયે રાજગૃહ નામનું નગર હતું. તેની બહાર ગુણશીલ નામનું ચૈત્ય હતું. શ્રેણિક રાજા હતો. પ્રભુ મહાવીર સમવસર્યા તેમને વાંદવા માટે નગરમાંથી પર્ષદા નીકળી. તે કાળે તે સમયે શ્રી દેવી સૌધર્મકલ્પ નામના પહેલા દેવલોકમાં શ્રીવર્ડિંકસક નામના વિમાનમાં સુધર્માનામની સભામાં શ્રી નામના સિંહાસન ઉપર ચાર હજાર સામાનિક દેવ, ચાર મહત્તરિકા વિગેરે પરિવાર સહિત હતી. તે બહુપુત્રિકા દેવીની જેમ ભ ાવાન પાસે આવી, નાટ્યવિધિ દેખાડીને પાછી ગઈ. વિશેષ એ કે આ શ્રીદેવીને દારિકાઓ ન કહેવી. માત્ર દારકો જ વિકુર્વ્યા-ગૌતમ સ્વામીએ પૂર્વભવ પૂછયો. ભગવંતે કહ્યું. ગૌતમ ! તે કાળે તે સમયે રાજગૃહ નામે નગર હતું. ગુણશીલ નામનું ચૈત્ય હતું. જિતશત્રુ નામે રાજા હતા. સુદર્શન નામે ગાથાપતિ રહેતો હતો. તેને પ્રિયા નામે ભાર્યા હતી.તે સુદર્શન ગાથાપતિની પુત્રી પ્રિયા નામની ગાથાપતિની આત્મજા ભૂતા નામની દારિકા હતી. તે વૃદ્ધ થઈ હતી, વૃદ્ધ છતાં કુમારી જ હતી, જીર્ણ શરીરવાળી હતી, જીર્ણ થયા છતાં કુમારી હતી, તેણીના સ્તન શિથિલ અને પડી ગયેલા એટલે લટકતા હતા, તેમ જ વર વડે રહિત હતી. તે કાળે તે સમયે શ્રીપાર્શ્વનાથ અર્હન્ પુરુષોમાં પ્રધાન યાવત્ નવ હાથ ઉંચા શરીરવાળા વિગેરે તે જ વર્ણન કહેવું. એકદા ત્યાં તેમનું સમવસરણ થયું. તેમને વાંદવા માટે પર્ષદા નગરમાંથી નીકળી. ત્યારપછી ભૂતા દારિક આ કથાના અર્થને પામી સતી હૃષ્ટ તુષ્ટ થઈ સતી જ્યાં માતાપિતા હતા ત્યાં આવી. હે માતાપિતા !

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રીપાર્શ્વનાથ પુરુષોમાં પ્રધાન અનુક્રમ વિચરતા યાવત્ દેવોના સમૂહે પરિવરેલા સતા અહીં પધાર્યા છે. તો હે માતાપિતા ! તમારી આજ્ઞા પામી સતી હું શ્રી પાર્શ્વનાથ અર્હન પુરુષાદાનીયના પાદવંદન કરવા માટે જવા ઈચ્છું છું. માતાપિતાએ કહ્યું-હે દેવાનુપ્રિયા ! ઈચ્છા પ્રમાણે કર. વિલંબ ન કર. ત્યારપછી તે ભૂતા દારિકા પોતાના પરિવારવડે પરી-વરીને રાજગૃહ નગરની મધ્યે થઈને નીકળી. નીકળીને જ્યાં ગુણશીલ ચૈત્ય હતું ત્યાં આવી. આવીને તેણીએ છત્રાદિક તીર્થંકરના અતિશય જોયા. જોઈને ધાર્મિક શ્રેષ્ઠ ત્યાર પછી તે ભૂતાદારિકા શ્રીપાર્શ્વનાથ અર્હને પ્રમાણે કહ્યું ત્યારે હર્ષ પામી યાનથી નીચે ઉતરીને દાસીઓના સમૂહથી પરિવરી જ્યાં શ્રીપાર્શ્વનાથ અર્હત પુરુષાદાનીય ત્યાં આવી. આવીને તેમને ત્રણ વાર પ્રદક્ષિણા કરી યાવત્ પર્યુપાસના કરવા લાગી. ત્યારપછી શ્રીપાર્શ્વનાથ અર્હન પુરુષાદાનીએ તે ભૂતાદારિક તથા તે મોટી પર્ષદા આગળ ધર્મકથા કહી. તે ધર્મકથા સાંભળીને હૃદયમાં ધારીને હૃષ્ટતુષ્ટ થઈ ભગવાનને વંદના કરી, નમ સ્કાર કર્યા. આ પ્રમાણે બોલી-હે ભગવાન ! હું આ નિર્ગ્રંથ પ્રવચન ઉપર શ્રદ્ધા કરું છું યાવત્ હે ભગવાન ! હું નિર્ગંથ પ્રવચનમાં સાવધાન થઈ છું. જે પ્રમાણે તમો કહો છો તે તેમ જ છે. પણ વિશેષ એ કે-હે દેવાનુપ્રિય ! હું મારા માતાપિતાની રજા લઉં. ત્યારપછી હું યાવત્ પ્રવ્રજ્યા લેવા ઈચ્છું. ત્યારે ભગવાન બોલ્યા કે-હે દેવાનુપ્રિયા ! જેમ યોગ્ય લાગે તેમ કર. પ્રતિબંધ ન કર.

ત્યારપછી તે ભૂતાદારિક તે જ પોતાના ધાર્મિક શ્રેષ્ઠ વાહન ઉપર યાવત્ આરુઢ થઈ. આરુઢ થઈને જ્યાં રાજગૃહ નગર હતું, ત્યાં આવી. સતી રાજગૃહ નગરની મધ્યે મધ્યે થઈને જ્યાં પોતાનું ઘર હતું ત્યાં આવી. રથમાંથી નીચે ઉતરી જ્યાં માતાપિતા હતા ત્યાં આવી. જમાલિની જેમ બે હાથ જોડી દીક્ષા લેવાની રજા માગી. ત્યારે માતાપિતા બોલ્યા કે-હે દેવાનુપ્રિયા ! જેમ તને સુખ ઉપજે તેમ કર. ત્યારપછી તે સુદર્શન ગાથા પતિએ વિસ્તારવાળું અશન, પાન, ખાદિમ એ ચાર પ્રકારનું ભોજન તૈયાર કરાવ્યું. તૈયાર કરાવીને મિત્ર, જ્ઞાતિ વિગેરેને આમંત્રણ કર્યું. આમંત્રણ કરીને યાવત્ તેમને જમાડયા. ભોજન કર્યા પછી તેમની દીક્ષાને માટે અનુમતિ લઈને કૌટુંબિક પુરુષોને બોલાવ્યા. બોલાવીને આ પ્રમાણે કહ્યું-હે દેવાનુપ્રિયો ! શીઘ્રપણે ભૂતા દારિક માટે હજાર પુરુષોએ વહન કરવા લાયક શિબિકાને લાવો. લાવીને યાવત્ આ મારી આજ્ઞા પાછી સોંપો. ત્યારપછી તે સુદર્શન ગાથાપતિએ ભૂતા દારિકને સ્નાન કરેલી યાવત્ શરીરે વિભૂષિત થયેલીને હજાર પુરુષોથી વહન થતી શિબિકા ઉપર ચડાવીને મિત્ર, જ્ઞાતિ વિગેરે પરિવાર સહિત યાવત્ વાજિત્રના શબ્દ સહિત રાજગૃહ નગરની મધ્યે મધ્યે થઈને જ્યાં ગુણશીલ ચૈત્ય હતું, ત્યાં આવ્યો. આવીને તીર્થંકરના છત્રાદિક અતિ શયો જોયા. જોઈને શિબિકાને સ્થાપના કરી. સ્થાપન કરી. સ્થાપન કરીને ભૂતા દારિકને શિબિકા ઉપરથી નીચે ઉતારી.

ત્યારપછી તે ભૂતાદારિકને તેના માતાપિતા આગળ કરીને જ્યાં શ્રીપાર્શ્વનાથ અર્હન પુરુષાદાનીય હતા ત્યાં આવ્યા. આવીને ત્રણવાર વંદના કરી, નમસ્કાર કર્યા. વંદના નમસ્કાર કરી આ પ્રમાણે બોલ્યા-આ પ્રમાણે નિશ્ચે હે દેવાનુપ્રિય ! આ ભૂતા દારિક અમારે એક જ પુત્રી છે. તે આ હે દેવાનુપ્રિય ! સંસારના ભયથી ઉદ્વેગ પામી છે, ભય પામી છે, ભય પામી છે, તેથી યાવત્ દેવાનુપ્રિય એવા આપની પાસે મુંડ થઈ યાવત્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રવ્રજ્યા લેવા ઈચ્છે છે. તો હે દેવાનુપ્રિય ! આને અમે શિષ્યારુપ ભિક્ષા તરિકે આપને આપીએ છીએ. તેથી હે દેવાનુપ્રિય ! આ શિષ્યારુપ ભિક્ષાને આપ અંગીકાર કરો. ત્યારે ભગવાન બોલ્યા-હે દેવાનુપ્રિયો ! જેમ તમને સુખ ઉપજે તેમ થાઓ. ત્યારપછી તે ભૂતા દારિકા હર્ષ પામી યાવત્ ઈશાન દિશામાં જઈ પોતાની મેળે આભરણ, પુષ્પમાળા અને અલંકાર પોતાના શરીર પરથી ઉતાર્યા. દેવાનંદાની તેણીએ આર્યા પુષ્પ ચૂલા પાસે દીક્ષા ગ્રહણ કરી યાવત્ ગુપ્ત બ્રહ્મચર્યવાળી થઈ. ત્યારપછી તે ભૂતા આર્યા એકદા કદાચિત્ શરીરની શુશ્રૂષા કરનારી થઈ. તેથી તે વારંવાર હાથ ધોવા લાગી, પગ ધોવા લાગી. એ જ પ્રમાણે મસ્તક ધોવા લાગી, મુખ ધોવા લાગી, સ્તનના મધ્યભાગને ધોવા લાગી, કક્ષાની મધ્યે ધોવા લાગી. ગુહ્ય સ્થાનના મધ્યને ધોવા લાગી, તે જ્યાં જ્યાં સ્થાનને, શય્યાને કે આસનને કરતી હતી, ત્યાં ત્યાં પ્રથમ તે પાણીવડે તે સ્થાનને છાંટતી હતી અને ત્યારપછી ત્યાં સ્થાનને, શય્યાને કે આસનને કરતી હતી. ત્યારે પુષ્પચૂલા આર્યાએ કહ્યું કે હે દેવાનુપ્રિયા ! આપણે સાધ્વીઓ ઈર્યા સમિતિ વાળી યાવત્ ગુપ્ત બંભચારી છીએ. આ શરીર શુશ્રુષા આપણને ન કલ્પે. માટે આલોચના કર. શેષ અધિકાર સુભદ્રા પ્રમાણે જાણવો. ત્યાર પછી તે ભૂતા આર્યા અટકાયત વિનાની, સ્વચંદમતિવાળી થઈ અલગ રહેવા લાગી યાવત્ પાણી છાંટીને આસન કરવા લાગી ત્યારપછી તે ભૂતા આર્યા ઘણા ચોથભક્ત, છઠ્ઠ, અઠ્ઠમ વિગેરે તપ કરી ઘણા વર્ષો ચારિત્રપર્યાયને પાળી તે સ્થાનની આલોચના અને પ્રતિક્રમણ કર્યા વિના કાળસમયે કાળધર્મ પામીને સૌધર્મકલ્પમાં શ્રીવર્તંસક વિમાનમાં ઉપપાત સભામાં દેવશય્યામાં યાવત્ અવગાહ વડે શ્રીદેવીપણે ઉત્પન્ન થઈ આહાર આદિ છ પ્રકારની પર્યાપ્તિ વડે પર્યાપ્ત પર્યાપ્તિવાળી થઈ. આ પ્રમાણે નિશ્ચે હે ગૌતમ ! શ્રીદેવીને આ દિવ્ય દેવી સંબંધી ઋષિ મળી છે, પ્રાપ્ત થઈ છે, તેની સ્થિતિ એક પલ્યોપમની છે. હે ભગવાન ! શ્રીદેવીને ત્યાંથી ચવીને યાવત્ ક્યાં જશે ? હે ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ દીક્ષા લઈ સિદ્ધિપદને પામશે. એ જ પ્રમાણે નિશ્ચે હે જંબૂ ! પ્રથમ અધ્યયનનો નિક્ષેપ જાણવો. એ જ પ્રમાણે શેષ નવ અધ્યયનો કહેવાં. તેના નામ નામવાળા વિમાનો, સૌધર્મકલ્પમાં ઉત્પત્તિ, પૂર્વભવે નગર, ચૈત્ય, માતાપિતા વિગેરે તથા પોતાનાં નામ વિગેરે જાણવું. સર્વે શ્રીપાર્શ્વનાથની પાસે દીક્ષિત થઈ. તેઓ સર્વે પુષ્પચૂલા આર્યાની શિષ્યાઓ થઈ. શરીરની શુશ્રૂષા કરનારી થઈ. સર્વે આંતરા રહિત ચવીને મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ દીક્ષા લઈ સિદ્ધિપદને પામશે.

**અધ્યયનઃ ૧ થી ૧૦ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

| ૨૨ | પુપ્ફચૂલિયાણં ગુર્જરછાયાપૂર્ણ |
|---|---|
| | ઉવંગ-૧૧ ગુર્જરછાયાપૂર્ણ |

જૈન સાહિત્ય JAINSITE જૈનમ જયતિ શાસનમ

નમો નમો નિમ્મલ દંસણસ્સ

પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામિને નમઃ

# ૨૩ વણ્હિદસાણં

ઉવંગ-૧૨-ગુર્જરછાયા

## -ઃઅધ્યયન-૧-નિષધઃ-

[૧] શ્રમણ ભગવાન શ્રીમહાવીરસ્વામીએ નિરયાવલિકા ઉપાંગ ના ચોથા વર્ગ પુષ્પચૂલાનો આ અર્થ કહ્યો છે તો હે પૂજ્ય ! એ ઉપાંગના પાંચમા વર્ગ વહ્નિદશાનો શો અર્થ કહ્યો છે ? આ પ્રમાણે નિશ્ચે હે જંબૂ ! શ્રમણ ભગવાન શ્રીમહાવીરે યાવત્ પાંચમા વર્ગના બાર અધ્યયનો કહ્યાં છે.

[૨] નિષધ ૧, અનિય ૨, વહ ૩, વેહલ ૪, પ્રગતિ ૫, જુત્તિ ૬, દશરથ ૮, મહાધનુ ૯, સમધનુ ૧૦, દશધનુ ૧૧ અને શતધનુ ૧૨. આ બાર કુમારના નામના બાર અધ્યયનો છે.

[૩] હે પૂજ્ય ! જો શ્રમણ ભગવાને યાવત્ બાર અધ્યયનો કહ્યાં છે, તો પ્રથમ અધ્યયનનો શો ઉત્ક્ષેપ-અર્થ કહ્યો છે ? આ પ્રમાણે નિશ્ચે હે જંબૂ ! તે કાળે તે સમયે દ્વારવતી નામની નગરી હતી, તે બાર યોજન વિસ્તારવાળી, યાવત્ પ્રત્યક્ષ દેવલોક જેવી, પ્રાસાદીયા એટલે ચિત્તને પ્રસન્ન કરનારી, દર્શનીયા એટલે જોતાં નેત્રને શ્રમ ન લાગે તેવી, અભિરુપા એટલે મનોહર રુપાવાળી અને પ્રતિરુપા એટલે દરેક જોનાર મનુષ્યને સુંદર લાગે તેવી હતી.

તે દ્વારવતી નગરીની બહાર ઈશાન ખૂણાની દિશાના ભાગમાં રૈવત નામનો પર્વત છે. તે ઉંચો છે, તેના શિખર આકાશતળને સ્પર્શ કરે છે, વિવિધ પ્રકારના આમ્રાદિક વૃક્ષો, ચંપકાદિક ગુચ્છો, ચંપેલી આદિક લતા અને તુવેર આદિક વલ્લીવડે પરિવરેલ હોવાથી અભિરામ-મનોહર છે, હંસ, મૃગ, મયૂર. ક્રૌંચ, સારસ, કાક, મેના, સાલુંકી અને કોયલ વિગેરે પક્ષીના સમૂહે કરીને સહિત છે, તટ,કટક, વિવર, નિર્ઝરણાં, પ્રાપ્ત અને શિખરોવડે વ્યાપ્ત છે, અપ્સરાઓના સમૂહ, દેવોના સમૂહ અને વિદ્યાધરોના મિથુનોવડે સહિત છે, દશ દશાર, શ્રેષ્ઠ વીરપુરુષો અને ત્રણ લોકને વિષે બળવાન એવા બળરામ, કૃષ્ણા અને નેમિનાથ વિગેરેનો નિરંતર ઉત્સવરુપ તે પર્વત છે. તેમ જ તે પર્વત સૌમ્ય, સુભગ, પ્રિયદર્શનવાળો, સુરુપ, પ્રાસા દીય યાવત્ પ્રતિરુપ છે.

તે રૈવત પર્વતની અતિ દૂર કે નજિક નહીં એવે ઠેકાણે નંદનવન નામનું ઉદ્યાન છે. તે સર્વ ઋતુના પુષ્પ સહિત યાવત્ દર્શનીય-જોવા લાયક છે. તે નંદન વન ઉદ્યાનમાં

જૈન સાઈટ JAINSITE.com

સુરપ્રિય યક્ષનું યક્ષાયતન છે. તે ઘણા કાળનું સ્થાપિત છે. યાવત્ ત્યાં ઘણા માણસો આવીને હંમેશાં તે સુરપ્રિય યક્ષાયતનની પૂજા કરે છે. તે સુરપ્રિય યક્ષા યતન એક મોટા વનખંડ વડે સર્વ દિશાએ ચોતરફથી પરિવરેલું છે. તેનું વર્ણન પૂર્ણભદ્ર યક્ષાયતનની જેમ યાવત્ પૃથ્વીશિલાપટ્ટ સુધી જાણવું.

ત્યાં દ્વારવતી નગરીમાં કૃષ્ણ નામના વાસુદેવ રાજા હતા. યાવત્ રાજ્યને શાસન કરતા વિચરતા હતા-રહ્યા હતા.

તે કૃષ્ણ રાજા ત્યાં સમુદ્રવિજય વિગેરે દશ દશાર્હો, બળદેવ વિગેરે પાંચ મહા વીરો, ઉગ્રસેન વિગેરે સોળ હજાર રાજાઓ, પ્રદ્યુમ્ન વિગેરે સાડા ત્રણ કરોડ કુમારો, સાંબ વિગેરે સાઠ હજાર દુર્દાંત કુમારો, વીરસેન વિગેરે એકવીસ હજાર વીરો, રુક્મિણી વિગેરે સોળ હજાર રાણીઓ, અનંગસેના વિગેરે અનેક હજાર ગણિકાઓ તથા બીજા ઘણા રાજા, ઈશ્વર યાવત્ સાર્થવાહ વિગેરે પરિવાર સહિત ઉત્તરમાં વૈતાઢ્ય ગિરિ અને બીજી ત્રણ દિશાએ સમુદ્રની મર્યાદાવાળા દક્ષિણાર્ધ ભરતક્ષેત્રના આધિ પત્યને ભોગવતા રહેલા હતા. તે દ્વારવતી નગરીમાં બળદેવ નામે રાજા હતા, તે મોટા એટલે હિમવંત, મલય, મંદર અને મહેંદ્ર પર્વત જેવા સારવાળા યાવત્ રાજ્યને પાળતા રહ્યા હતા.

તે બળદેવ રાજાને રેવતી નામની રાણી હતી. તે સુકોમળ હતી યાવત્ સુખેસુખે વિચરતી હતી. ત્યારપછી તે રેવતી રાણી એકદા તે પ્રકારના શયનને વિષે સુતી સતી યાવત્ સ્વપ્રમાં સિંહને જોઈને જાગી ગઈ અને જે પ્રમાણે સ્વપ્ર જોયું તે પ્રમાણે રાજાને કહ્યું વિગેરે. તે રાણીએ પુત્ર પ્રસવ્યો અને તે કાળમાં મહાબલ કુમાર જેવો થયો. વિશેષ એ કે-પચાસનો દાયજો આપ્યો. પચાસ રાજકન્યાઓનું એક દિવસે પાણિગ્રહણ કરાવ્યું.

તે નિષધ નામનો કુમાર યાવત્ પ્રાસાદની ઉપર ક્રીડા કરતો વિચરતો હતો. તે કાળે તે સમયે અર્હન્ અરિષ્ટનેમિ ધર્મની આદિને કરનારા, દશ ધનુષ ઉંચા શરીરવાળા, તેનું વર્ણન કહેવું. યાવત્ નંદનવદન ઉદ્યાનમાં સમવસર્યા. તેમને વાંદવા માટે પર્ષદા નીકળી. ત્યારપછી કૃષ્ણવાસુદેવે આ કથાનો અર્થ પામ્યા હૃષ્ટ તુષ્ટ થઈ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા. આ પ્રમાણે કહ્યું-શીઘ્રપણે હે દેવાનુપ્રિયો ! સુધર્મા સભામાં સામુદાનિક ભેરી ને વગાડો. ત્યારપછી તે કૌટુંબિક પુરુષો યાવત્ કૃષ્ણ વાસુદેવની આજ્ઞા અંગીકાર કરીને જ્યાં સુધર્મા સભામાં સામુદાનિક ભેરી હતી ત્યાં આવ્યા. તે સામુદાનિક ભેરીને મોટા મોટા શબ્દવડે વગાડી.

ત્યારપછી તે સામુદાનિક ભેરી મોટા મોટા શબ્દે વગાડી ત્યારે તેનો પ્રતિચ્છંદ સાંભળીને સમુદ્રવિજય વિગેરે દશ દશારો તથા દેવીઓ-રાણીઓ પણ કહેવી યાવત્ અનંગસેના વિગેરે અનેક હજાર ગણિકાઓ તથા બીજા ઘણા રાજા, ઈશ્વર યાવત્ સાર્થવાહ વિગેરે સ્નાન કરી યાવત્ પ્રાયશ્ચિત્ત કરી સર્વ અલંકારથી વિભૂષિત થઈ, પોતપોતાના યથાયોગ્ય વૈભવ, ઋદ્ધિ અને સત્કારના સમુદાયવડે કેટલાક અશ્વપર આરુઢ થઈને યાવત્ પુરુષોના સમૂહે પરિવર્યા અનેજ્યાં કૃષ્ણ વાસુદેવ હતા ત્યાં આવ્યા. આવીને બે હાથ જોડી કૃષ્ણ વાસુદેવને જયવડે વિજયવડે વધાવતા હતા- વધાવ્યા. ત્યારપછી તે કૃષ્ણ વાસુદેવ કૌટુંબિક પુરુષોને આ પ્રમાણે કહ્યું - શીઘ્રપણે હે દેવાનુપ્રિયો ! અભિષેક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હસ્તીને તૈયાર કરી લાવો, તથા શ્રેષ્ઠ એવા અશ્વ, ગજ, રથ, વિગેરે પણ તૈયાર કરી લાવો, ત્યારે તેઓએ પણ યાવત્ તેમ કરીને આજ્ઞા પાછી સોંપી.

ત્યારપછી તે કૃષ્ણ વાસુદેવ સ્નાન કરવાના ગૃહમાં યાવત્ આરુઢ થયા. આઠ મંગલ આગળ ચાલ્યા. કૂણિકની જેમ સર્વ કહેવું. શ્વેત શ્રેષ્ઠ ચામરો વીંઝાતા સમુદ્રવિજય વિગેરે દશ દશાર સહિત યાવત્ સાર્થવાહ વિગેરે સહિત પરિવર્યા સર્વ સમૃદ્ધિવડે યાવત્ વાજિત્રના શબ્દવડે દ્વારવતી નગરી ની મધ્યે થઈને નીકળ્યા. શેષ સર્વ અધિકાર કૂણિકની જેમ જાણવો યાવત્ ભગવાન અર્હન શ્રી અરિષ્ટનેમિની પર્યુપાસના કરવા લાગ્યા. ત્યારપછી તે નિષધ કુમાર શ્રેષ્ઠ પ્રાસાદપર રહેલો હતો, તેણે મોટો લોકરશબ્દ સાંભળીને જમાલિની જેમ ભગવાન પાસે આવી, ધર્મ સાંભળી, હૃદયમાં ધારી, વંદના કરી, નમસ્કાર કર્યા. વંદના નમસ્કાર કરી આ પ્રમાણે કહ્યું-હે ભગવાન ! હું નિર્ગ્રંથ પ્રવચનની કરું છું. વિગેરે કહી ચિત્રની જેમ યાવત્ શ્રાવક ધર્મ અંગીકાર કર્યો. અંગીકાર કરી પાછો પોતાને ઘેર ગયો.

તે કાળે તે સમયે અર્હન્ શ્રીઅરિષ્ટનેમિના શિષ્ય વરદત્ત નામના અનગાર ઉદાર એવા યાવત્ વિચરતા હતા. ત્યારપછી તે વરદત્ત અનગારે નિષધ કુમારને જોયો. જોઈને તેનાપર શ્રદ્ધા થઈ યાવત્ ભગવાનની પાસે આવી તેની પર્યુપાસના કરતા આ પ્રમાણે કહ્યું-અહો ભગવાન ! નિષધ કુમાર ઈષ્ટ, ઈષ્ટરૂપવાળો, કાંત, કાંતરૂપ વાળો, એજ પ્રમાણે પ્રિય, મનોજ્ઞ, મનને ગમતો, મનને ગમતા રૂપવાળો, સૌમ્ય, સૌમ્ય રૂપવાળો; પ્રિયદર્શન અને સારારૂપવાળો છે. તો હે ભગવાન ! નિષધ કુમારે આ આવા પ્રકારની મનુષ્યઋદ્ધિ શી રીતે મેળવી ? શી રીતે પ્રાપ્ત કરી ? એમ સૂર્યાભની જેવી પૃચ્છા કરી.

આ પ્રમાણે નિશ્ચે હે વરદત્ત ! તે કાળે તે સમયે આજ જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભરતક્ષેત્રમાં રોહિડ નામનું નગર હતું. તે ઋદ્ધિમાન વિગેરે વિશેષણવાળું હતું. તેની બહાર ઈશાન વિદિશાને વિષે મેઘવર્ણ નામે ઉદ્યાન હતું. તેમાં મણિદત્ત નામના યક્ષનું યક્ષાયતન હતું. તે રોહિડ નગરમાં મહાબળ નામે રાજા હતો. તેને પદ્માવતી નામે રાણી હતી. તેણીએ એકદા કદાચિત્ તે તેવા પ્રકારના શયનને વિષે સુતી સતી સ્વપ્નમાં સિંહ જોયો. એ પ્રમાણે તેના જન્મ પર્યંત સર્વ વૃત્તાંત મહાબલ કુમારની જેમ કહેવો. વિશેષ એ કે-તેનું વીરંગદત્ત નામ આપ્યું. તેને બત્રીશનો દાયજો આપી એક જ દિવસે રાજાઓની બત્રીશ શ્રેષ્ઠ કન્યાઓ સાથે પાણિગ્રહણ કરાવ્યું.યાવત્સંગીતગાતોપ્રાવૃટ્જેઠ, અષાડ, વર્ષારાત્ર, શરદ, હેમંત, ગ્રીષ્મ અને વસંત, એ છએ ઋતુને ઉચિત વૈભવ પ્રમાણે ભોગ ભોગવતો કાળને નિર્ગમના કરતો ઈષ્ટ એવા શબ્દાદિક ભોગ ભોગવતો યાવત્ રહ્યો.

તે કાળે તે સમયે સિદ્ધાર્થ નામના આચાર્ય જાતિસંપન્ન વિગેરે કેશી ગણધરની જેવા વિશેષણવાળા, વિશેષ એ કે બહુશ્રુતવાળા ઘણા પરિવારવાળા જ્યાં રોહિડ નગર હતું, જ્યાં મેઘવર્ણ ઉદ્યાન હતું, જ્યાં મણિદત્ત યક્ષનું યક્ષાયતન હતું ત્યાં આવ્યા અને આવીને યથાયોગ્ય યાવત્ અવગ્રહ યાચીને વિહર્યા રહ્યા. તેમને વાંદવા માટે નગરમાંથી પર્ષદા નીકળી.

તે વખતે તે વીરંગદત્ત કુમાર શ્રેષ્ઠ પ્રસાદની ઉપર ક્રીડા કરતો રહેલો હતો, તે આવા પ્રકારના મોટા જનશબ્દને સાંભળી જમાલિની જેમ વાંદવા નીકળ્યો. અને ધર્મ સાંભળી પ્રતિબોધ પામ્યો. વિશેષએ કે હે દેવાનુપ્રિયો ! હું મારા માતાપિતાની રજા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લઈને આવું. (એમ કહી ઘેર આવી ભણ્યા માતાપિતાની રજા લઇ) જેમ જમાલિ તેમ નીકળ્યો યાવત્ અનગાર થયો યાવત્ ગુપ્ત બ્રહ્મચારી થયો.

ત્યારપછી તે વીરંગદત્ત અનગાર સિદ્ધાર્થ આચાર્યની સામાયિકા દિક યાવત્ અગ્યાર અંગ જાણવા, ભણીને ઘણા ઉપ વાસ, છઠ્ઠ અઠ્ઠમ વિગેરે તપવડે યાવત્ આત્મા ને ભાવતા પરિપૂર્ણ પીસ્તાળીશ વર્ષ સુધી ચારિત્રપર્યાય પાળીને બે માસની સંલેખના વડે આત્માને શુષ્ક કરી એકસો ને વીશ ભક્ત અનશનવડે છેદીને આલોચના અને પ્રતિ ક્રમણ કરી સમાધિપૂર્વક કાળ સમયે કાળ કરી બ્રહ્મલોકકલ્પ નામના પાંચમા દેવલોકમાં મનોરમ નામના વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાં કેટલાક દેવોની દશ સાગરોપમની સ્થિતિ કહેલી છે. ત્યાં વીરંગદત્ત દેવની પણ દશ સાગરોપમની સ્થિતિ કહી છે.

તે વીરંગદત્ત દેવ તે દેવલોકથી આયુષ્યને ક્ષયે યાવત્ આંતરા રહિત ચવીને આ જ દ્વારવતી નગરીમાં બળદેવ રાજાની રેવતી રાણીની કુક્ષિને વિષે પુત્રવણે ઉત્પન્ન થયો છે. ત્યારપછી તે રેવતી રાણી તે તેવા પ્રકારના શયનને વિષે સિંહનું સ્વપ્ન જોઈને જાગી યાવત્ તેણીએ પુત્ર પ્રસવ્યો. તેનું નામ નિષધ પાડ્યું; તે શ્રેષ્ઠ પ્રાસાદની ઉપર રહ્યો વિચરે છે-ક્રીડા કરે છે.

તે આ પ્રમાણે નિશ્ચે હે વરદત્ત મુનિ ! નિષધ કુમાર આ આવા પ્રકારની ઉદાર મનુષ્યઋદ્ધિ પ્રાપ્ત કરી છે. હે ભગવાન ! તે નિષધ કુમાર આપ દેવાનુપ્રિયની પાસે મુંડ થઈ યાવત્ પ્રવ્રજ્યા લેવાને સમર્થ થશે ? હા, સમર્થ થશે. હે ભગવાન ! તે એ જ પ્રમાણે હો, હે ભગવાન ! તે એ જ પ્રમાણે હો. એ પ્રમાણે કહી ભગવાનનું વચન અંગીકાર કરી વરદત્ત અનગાર યાવત્ આત્માને ભાવતા એવા વિચરવા લાગ્યા.

ત્યારપછી અર્હન્ શ્રી અરિષ્ટનેમિ ભગવાન એકદા કદાચિત્ દ્વારવતી નગરીથી નીકળી યાવત્ બહાર જનપદ વિગેરેમાં વિહાર કરવા લાગ્યા. તથા નિષધ કુમાર પણ શ્રમણોપાસક થઇ જીવ અજીવ વિગેરે તત્ત્વનો જાણકાર એવો યાવત્ વર્તવા લાગ્યો. ત્યારપછી તે નિષધ કુમાર એકદા કદાચિત્ જ્યાં પૌષધશાળા હતી ત્યાં આવ્યો. આવીને યાવત્ દર્ભના સંથારાપર રહેલો વિચરતો હતો-રહ્યો હતો.

ત્યારપછી તે નિષધ કુમાર પૂર્વરાત્રિ અને અપરરાત્રિ ને સમયે ધર્મજાગરિકા પ્રત્યે જાગતો હતો તે વખતે તેને આવા પ્રકારનો અધ્યવસાય (વિચાર) યાવત્ ઉત્પન્ન થયો-ધન્ય છે તે ગામ, આકર, યાવત્ સંનિવેશને કે જ્યાં અર્હન્ શ્રીઅરિષ્ટ નેમિ ભગ વાન વિચરે છે. ધન્ય છે તે રાજા, ઈશ્વર, યાવત્ સાર્થવાહ વિગેરેને કે જેઓ શ્રીઅરિષ્ટ નેમિ ભગવાને વાંદે છે, નમસ્કાર કરે છે, યાવત્ તેમની પર્યુપાસના કરે છે. જો અર્હન્ શ્રી-અરિષ્ટનેમિ ભગવાન પૂર્વાનુપૂર્વીએ વિચરતા અહીં નંદનવનમાં પધારે તો હું અર્હન્ શ્રી અરિષ્ટનેમિભગવાનને વંદના કરું યાવત્ પર્યુપાસના કરું.

ત્યારપછી અર્હન્ અરિષ્ટ નેમિ ભગવાન નિષધ કુમારના આ આવા પ્રકારના અધ્યવસાય યાવત્ જાણીને અઢાર હજાર સાધુ વિગેરે સહિત યાવત્ નંદનવન ઉદ્યાનમાં પધાર્યા તેમને વાંદવા માટે નગરી માંથી પર્ષદા નીકળી. ત્યારપછી તે નિષધકુમાર આ કથાનો અર્થ જાણીને હૃષ્ટતુષ્ટ થઇ ચાર ઘંટાવાળા અશ્વ જોડેલા રથવડે નીકળ્યો. જમા-લિની જેમ ભગવાન પાસે આવ્યો. યાવત્ માતાપિતા નીરજા લઇ પ્રવજિતથયો. અન-ગાર થયો, યાવત્ ગુપ્ત બ્રહ્મચર્યવાળો થયો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યારપછી તે નિષધ અનગાર અર્હન્ શ્રીઅરિષ્ટનેમિ ભગવાનના તથા પ્રકારના સ્થવિરમુનિની પાસે સામાયિકાદિક અગ્યાર અંગને ભણ્યા. ભણીને ઘણા ઉપવાસ, છઠ, અઠમ વિગેરે યાવત્ વિચિત્ર પ્રકારના તપકર્મવડે આત્માને ભાવતા પરિપૂર્ણ નવ વર્ષ સુધી ચારિત્રપર્યાયને પાળી બેંતાળીશ ભક્તને અનશનવડે છેદી આલોચના પ્રતિ ક્રમણ કરી સમાધિને પામીને અનુક્રમે કાળધર્મ પામ્યા.

ત્યારપછી તે વરદત્ત અનગાર નિષધ અનગારને કાળધર્મ પામેલા જાણીને જ્યાં અર્હન્ શ્રીઅરિષ્ટનેમિ ભગવાન હતા ત્યાં આવ્યા. આવીને યાવત્ આ પ્રમાણે બોલ્યા - હે ભગવાન ! આ પ્રમાણે નિશ્ચે આપ દેવાનુપ્રિયના શિષ્ય નિષધ નામના અનગાર પ્રકૃતિથી ભદ્રક યાવત્ વિનયવાળા હતા. તે નિષધ અનગાર હે ભગવાન ! કાળ સમયે કાળ કરીને ક્યાં ગયા ? ક્યાં ઉત્પન્ન થયા ? વરદત્તાદિક સર્વને ઉદેશીને અર્હન્ શ્રી અરિષ્ટનેમિ ભગવાન વરદત્ત અનગારને આ પ્રમાણે કહેતા હતા-

આ પ્રમાણે નિશ્ચે હે વરદત્ત ! મારો શિષ્ય નિષધ નામનો અનગાર પ્રકૃતિથી ભદ્રક યાવત્ વિનયવાળો હતો, તે મારા તથાપ્રકારના સ્થવિર સાધુની પાસે સામાયિ-કાદિક અગ્યાર અંગ ભણીને પરિપૂર્ણ નવ વર્ષ સુધી ચારિત્ર પર્યાય પાળીને બેંતાળીશ ભક્તને અનશનવડે છેદીને આલોચના પ્રતિક્રમણ કરીને સમાધિ પામીને કાળસમયે કાળધર્મ પામીને ઉંચે ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારાઓના વિમાનોના ઓળંગી, સૌધર્મ, ઈશાન વિગેરે યાવત્ અચ્યુત નામના બારમા દેવલોકને ઓળંગી, તે ઉપર નવ ગ્રૈવેયકના ત્રણસો ને અઢાર વિમાનોને ઓળંગીને સર્વાર્થસિદ્ધ નામના વિમાન માં દેવપણે ઉત્પન્ન થયો છે. ત્યાં દેવોની તેત્રીસ સાગરોપમની સ્થિતિ કહેલી છે.

હે ભગવાન ! તે નિષધ દેવ તે દેવલોકથકી આયુષ્યના ક્ષયે કરીને એટલે આયુ કર્મના દળીયાની નિર્જરણાવડે કરીને, ભવના ક્ષયે કરીને એટલે દેવગતિ વિગેરેના કારણ ભૂત કર્મની નિર્જરાવડે કરીને, સ્થિતિના ક્ષયે કરીને એટલે આયુકર્મની સ્થિતિના પૂર્ણ વેદનાએ કરીને આંતરા રહિત ચયને એટલે દેવભવ સંબંધી શરીરને તજીને અથવા ચ્યવનને કરીને ક્યાં જશે ? જઈને પણ ક્યાં ઉત્પન્ન થશે ? હે વરદત્ત મુનિ ! આ જ જંબૂદ્વીપ નામના દ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં ઉન્નતનામના નગરમાં વિશુદ્ધ માતાપિતાના વંશમાં રાજાના કુળમાં પુત્રપણે ઉત્પન્ન થશે.

ત્યારપછી તે બાલ્યપણાથી મુક્ત થઈ, વિજ્ઞાન અવસ્થાને પ્રાપ્ત થઈ યૌવનને પામ્યો સતો તથાપ્રકારના સ્થવિર સાધુની પાસે કેવળ બોધીને પામીને અગારવાસથી અનગારપણાને પામશે. તે ત્યાં અનગાર થશે. તે ઈર્યાસમિતિવાળા યાવત્ ગુપ્ત બ્રહ્મ ચારી થશે.

તે ત્યાં ઘણા ઉપવાસ, છઠ, અઠમ, દશમ, દ્વાદશમ વિગેરે તથા માસક્ષપણ અર્ધ માસક્ષપણ વિગેરે વિચિત્ર પ્રકારના તપકર્મવડે આત્માને ભાવતા ઘણા વર્ષ સુધી ચારિત્રપર્યાય પાળશે. એક માસની સંલેખનાવડે આત્માને ક્ષીણ કરશે, ક્ષીણ કરીને સાઠ ભક્તને અનશનવડે છેદશે. જે અર્થને માટે નગ્નપણું અંગીકાર કર્યું, મુંડપણું કર્યું, સ્નાનનો અભાવ, યાવત્ દાંત સાફ ન કરવા, છત્ર રહિતપણું, મોજડી રહિતપણું, પાટીયા પર શયન, કાષ્ઠપર શયન, કેશનો લોચ, બ્રહ્મચર્ય વાસ, આહારપાણી માટે પરઘરમાં પ્રવેશ, આહારની પ્રાપ્તિ અને અપ્રાપ્તિમાં સમભાવ તથા ઉંચા નીચા ગ્રામકંટક સમાન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લોકોના આક્રોશ વચનનું શ્રમણ એ સર્વ સહન કરશે, તે અર્થને આરાધશે. આરાધીને છેલ્લા ઉચ્છ્વાસનિશ્વાસે કરીને કાર્યની સમાપ્તિને લીધે સિદ્ધ થશે, કેવળજ્ઞાને કરીને બુદ્ધ થશે, યાવત્ (સર્વ કર્મના અંશોવડે મૂકાશે, સમગ્ર કર્મે કરેલા વિકારવડે રહિત થવાથી સ્વસ્થ થશે,) તથા સર્વ દુઃખનો અંત કરશે.

**અધ્યયનઃ ૧-ની મુનિ દીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

**(અધ્યયન-૨ થી ૧૨)**

[૪] આ પ્રમાણે નિશ્ચે હે જંબૂ ! શ્રમણ ભગવાન મહાવીરસ્વામીએ યાવત્ વહ્નિ દશા પાંચમા વર્ગના પહેલા અધ્યયનનો આ નિક્ષેપ કહ્યો છે. એ જ પ્રમાણે બાકીના અગ્યાર અધ્યયનો જાણવાં.

**અધ્યયનઃ ૨ થી ૧૨ની મુનિ દીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયા**

નિરયાવલિકા શ્રુતસ્કંધ સમાપ્ત થયો. સર્વ ઉપાંગો સમાપ્ત થયા. નિરયાવલિકા ઉપાંગમાં એક શ્રુતસ્કંધ છે તેના પાંચ વર્ગોનો પાંચ દિવસોવડે ઉદ્દેશો થાય છે. તેમાં ચાર વર્ગમાં બાર ઉદ્દેશા છે.

| ૨૩ | વણ્હિદસાણં - ગુર્જરછાયાપૂર્ણ |
| --- | --- |
| | ઉવંગ-૧૨ ગુર્જરછાયાપૂર્ણ |

જૈનમ્ જયતિ શાસનમ્

ज्योतिषाचार्य
मुनिराज श्री जयप्रभविजयजी 'श्रमण'
श्री मोहनखेडा तीर्थ
पोस्ट : राजगढ़ (धार) पिन : 454116 (म.प्र.)

ॐ नमो अभिनव नाणस्स

આ આગમ સંપુટના મુખ્ય દ્રવ્યસહાયક

**શ્રી પાર્શ્વ પદ્માવતી જૈન સંઘ**

પારૂલનગર, ભૂયંગદેવ, અમદાવાદ

## આગમ દીપ પ્રકાશન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com